


"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)
વા. લવાજમ
રૂા. ૧૫

વીર સંવત
૨૦૩૧
વિક્રમ સંવત
૨૫૦૧
પોષ વદિ ૬
તારીખ
૧-૨-૭૫
શનિવાર

વર્ષ ૭૨ ] સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ [ અંક ૫

# એક ઉપયોગી સૂચન

પચાસ વર્ષની ઉંમરના ફાધર વાલેસ મૂળ સ્પેનના વતની અને ખ્રિસ્તીધર્મના ધર્મગુરુ–પાદરી છે, તથા છેલ્લાં સત્તાવીશ વર્ષથી ભારતમાં જ વસે છે. તેઓનું જીવન વિદ્યાવ્યાસંગી હોવાને કારણે વ્યવસાયે તેઓ પ્રાધ્યાપક (પ્રોફેસર) છે. ગણિતશાસ્ત્ર એ એમના અધ્યયન–અધ્યાપનનો મુખ્ય વિષય છે; ગણિતનો વિષય લઈને તેઓએ મદ્રાસ વિશ્વવિદ્યાલયની એમ. એસસી.ની ડિગ્રી મેળવી હતી. વળી, તેઓ સાહિત્ય તથા સંગીત તરફ પણ ઘણી રુચિ ધરાવે છે.

અને આ બધાયથી ચડી જાય એવી એમની માનવતાલક્ષી, નીતિસદાચારલક્ષી અને સર્વધર્મ સહિષ્ણુતાલક્ષી વૃત્તિ અને પ્રવૃત્તિ છે. પોતે એક ધર્મના ધર્મગુરુ હોવા છતાં તેઓએ બીજા ધર્મો અને એના અભ્યાસ પ્રત્યે જે સમભાવ, આદર અને મમભાવ કેળવ્યા છે, તે વિરલ અને દાખલારૂપ બની રહે એવા છે.

પોતે વિદેશી હોવા છતાં તેઓએ ભારતીય સંસ્કૃતિ, ભારતની કેટલીક ભાષાઓ અને વિશેષે કરીને ગુજરાતી ભાષા તથા સાહિત્યને લગતી જાણકારીની બાબતમાં જે નિપુણતા પ્રાપ્ત કરી છે અને ગુજરાતી સાહિત્યના સર્જન ઉપર જે પ્રભુત્વ મેળવ્યું છે તે ખરેખર, હેરત પમાડે એવું છે. નીતિ–સદાચાર, સંસ્કારિતા અને માનવતા–ધાર્મિકતા જેવા કંઈક ઓછા રસદાયક અને લુખ્ખા ગણી શકાય એવા અનેક વિષયોને અનુલક્ષીને તેઓએ કરેલ નાનાં–મોટાં સંખ્યાબંધ પુસ્તકોએ, છેલ્લાં બાર–પંદર વર્ષ જેટલા પ્રમાણમાં ટૂંકો કહી શકાય એટલા ગાળામાં, જે લોકપ્રિયતા હાંસલ કરી છે તે પણ નવાઈ



> ગુરુ એ જ શ્રેષ્ઠ દેવ છે એમ માનતાં, માનતાં, જ્યારે ભક્ત એમ પણ માનવા લાગે કે, દેવ જેમ પાષાણનો કે ચિત્રનો બનેલો છે અને તેથી એની જેવી ઇચ્છા હોય તેવી પુજા કરી શકાય, તેમ ગુરુને પણ સચેતન પાષાણ માની એવી જ રીતે પુજા કરવી જોઇએ —તો એ ગુરુની પુજા નહીં પણ વિડંબના કહેવાય.
>
> —શ્રી કિશોરલાલ મશરૂવાળા જીવનશોધન)

ઉપજાવે એવી છે. સ્વનામધન્ય કાકા સાહેબ કાલેલકરની જેમ, જનસમુદાયમાં રુક્ષ અને કઠિન ગણાતા વિષય ઉપર પણ સર્જક પોતાની આગવી સર્જક-શૈલીથી કેવું સુંદર, રોચક, વાચનક્ષમ સરળ અને અસરકારક સર્જન કરી શકે છે એ ફાધર વાલેસની અનેક કૃતિઓ ઉપરથી જાણી શકાય છે. ફાધર વાલેસે, એક ધર્મગુરુને છાજે એવી ઉદાર, સત્યશોધક અને ગુણગ્રાહક દૃષ્ટિ અપનાવીને અને પોતાની ભાષા અને લેખનશૈલીમાં પણ એવી વ્યાપક દૃષ્ટિને સ્થાન આપીને, પોતાનો એક વિશાળ વાચક વર્ગ ઊભો કર્યો છે એમ કહેવું જોઇએ. એમનાં પુસ્તકોની અનેક આવૃત્તિઓ પ્રગટ થતી રહે છે તે આ કારણે જ.

ત્રણેક વર્ષ પહેલાં ફાધર વાલેસ વ્યાખ્યાનો આપવા (લેકચર ટૂર) માટે યુરોપમાં ગયા હતા. પોતાની વ્યાખ્યાનમાળા દરમ્યાન તેઓએ જૈન ધર્મના વિષય ઉપર પણ વ્યાખ્યાન આપ્યું હતું. જૈનધર્મના સિદ્ધાંતોને સમજવાની લોકોની જિજ્ઞાસા જોઇને તેઓને જેમ આનંદ થયો હતો તેમ વિદેશની સામાન્ય જનતા સુધી જૈન ધર્મ અને ભગવાન મહાવીરનું નામ અને કામ પહોંચતું કરવાની બાબતમાં સેવવામાં આવતી ઉપેક્ષા જોઇને તેઓએ દુઃખ પણ વ્યકત કર્યું છે. પોતાની આ લાગણીઓ તેઓએ, સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના મુંબઈથી ગુજરાતી ભાષામાં પ્રગટ થતા સાપ્તાહિક મુખપત્ર "જૈન પ્રકાશ"ના "ભગવાન મહાવીર ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ વિશેષાંક'માં પ્રગટ થયેલ" એક અવસર એક ફરજ નામે લેખમાં પ્રગટ કરી છે. અને વિશેષમાં ભગવાન મહાવીરના પચીસસોમાં નિર્વાણ કલ્યાણક મહોત્સવની ઉજવણી નિમિત્તે જૈન ધર્મ અને સંસ્કૃતિની પ્રભાવના કરવાનો જે અવસર મળ્યો છે, તેને ફરજરૂપે વધાવી લઈને એ દિશામાં સક્રિય બનવાનું સૂચન કર્યું છે.

ફાધર વાલેસનો આ મુદાસરનો લેખ જૈન સંઘે વાંચવા અને વિચારવા જેવો હોવાથી અહીં સાભાર રજૂ કરીએ છીએ.

પોતાના વ્યાખ્યાન-પ્રવાસ દરમ્યાન લોકોની જૈન ધર્મ અંગેની બિન જાણકારી તથા એ માટેની જિજ્ઞાસાની વિગતો આપતાં; લેખની શરૂઆતમાં જ, ફાધર વાલેસ કહે છે કે—

"ત્રણ વર્ષ પહેલાંનો અનુભવ છે. હું યુરોપમાં એક વ્યાખ્યાન-યાત્રા (લેકચર-ટૂર) માટે ગયો હતો. વ્યાખ્યાનોનો વિષય ભારતીય સંસ્કૃતિ હતો, ને એમાં મેં જૈન ધર્મ વિષે પણ એક વ્યાખ્યાનનો સમાવેશ કર્યો હતો. જૈન ધર્મનો મારો વિશેષ અભ્યાસ નથી, પણ ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનો ફાળો મોટો છે એટલે એની વાત વ્યાખ્યાનમાળામાં આવવી જ જોઇએ એમ મને લાગ્યું હતું અને ગુજરાતમાં હું આવ્યો ત્યારથી સદ્ભાગ્યે જૈનોના સંપર્કમાં આવ્યો છું અને થોડું જૈન સાહિત્ય પણ વાંચ્યું હતું, એ ખ્યાલો અને એ અનુભવો લઈને મેં એક વ્યાખ્યાન તૈયાર કર્યું અને સમય આવ્યે આપ્યું પણ ખરું.

"વ્યાખ્યાનમાં કોઈ ખાસ મોટી વાત તો ન હતી. પાંચ મહાવ્રત, કર્મનો સિદ્ધાંત, અનેકાંતવાદ, દીક્ષાનો પ્રસંગ મેં જોયો હતો એનું વર્ણન અને કેટલાક સાધુઓની સાથે વાતચીત થઈ હતી એનો સાર. ભારતમાં એવું વ્યાખ્યાન આપીએ તો એમાં કંઈ નવું ન લાગે, પણ ત્યાં મને જુદો અનુભવ થયો. પહેલીવાર એ વ્યાખ્યાનમાળા આપી ત્યારે લોકોને સૌથી વધારે ગમ્યું તે એ જૈન ધર્મ વિશેનું વ્યાખ્યાન. અને જ્યાં જ્યાં એ વ્યાખ્યાનમાળા ચાલી ત્યાં એ જ અનુભવ થયો. પ્રશ્નોત્તરીમાં એના પ્રશ્નો વધારે આવે અને અખબારોમાં એના અવલોકનો વિશેષ આવે. લોકોને બધું નવું લાગે અને આકર્ષક લાગે. એક પ્રાચીન, વિશિષ્ટ, સુવ્યવસ્થિત, સંગઠિત, ત્યાગપ્રધાન અને ચિંતન સમૃદ્ધ ધર્મ આજે પણ અસ્તિત્વમાં છે એનો ખ્યાલ ઘણાને ન હતો, અરે એનું નામ પણ ઘણાખરાએ સાંભળ્યું ન હતું. પછી ઘણા પ્રશ્નો પૂછે. વિગતો માગે, કેટલાક ખાનગીમાં મળીને પણ વધારે માહિતી અને જૈન ધર્મનું સાહિત્ય પણ માગે. એક અખબારમાં એ વ્યાખ્યાનના અહેવાલને અંતે સમીક્ષકે લખ્યું: આપણા શહેરમાં આ પહેલી જ વાર તે જૈન ધર્મ વિશે આવું વ્યાખ્યાન અપાય એ વાતને હું આપણા શહેરનાં બૌદ્ધિક જીવનની એક મહત્ત્વની ઘટના લેખું છું."

આ પછી બૌદ્ધધર્મ સંબંધી જાણકારી દુનિયામાં સારા પ્રમાણમાં હોવા છતાં જૈનધર્મ અને ભગવાન મહાવીરનું નામ સુદ્ધાં લોકો જાણતા ન હોય એ અંગે દુઃખ વ્યકત કરતાં તથા દુનિયામાં વિકસી રહેલી ઉદારતાનો લાભ લેવાનું સૂચન કરતાં તેઓ કહે છે કે—

"મનમાં એક પ્રશ્ન જુદા જુદા સ્વરૂપે અનેકવાર આવ્યા કરતો. યુરોપમાં બૌદ્ધ ધર્મ વિશે સૌ કોઈ જાણે છે, તો પછી જૈન ધર્મ સમકાલીન, અમુક અંશે સમાન, અને આજે આટલો જ જીવંત હોવા છતાં કેમ એના વિશે કોઈ જાણતું નથી? યુરોપમાં બૌદ્ધ આશ્રમો છે, 'ઝેન' સાધનાનાં કેન્દ્રો છે, ભગવાન મહાવીરનું નામ સુદ્ધાં ભાગ્યે જ કોઈએ સાંભળ્યું હોય. એ દુઃખદ પરિસ્થિતિ છે.

"દુઃખ વિશેષ તો એટલા માટે કહું છું કે જૈન ધર્મથી આજની દુનિયાને સારો લાભ મળી શકે; પણ આ અજ્ઞાનને લીધે તે એનાથી વંચિત રહે છે. યુરોપ–અમેરિકામાં આજે ઘણા લોકો બૌદ્ધ ધર્મની પાસેથી સારો એવો લાભ મેળવી રહ્યા છે. 'ઝેન' ચિંતન પદ્ધતિથી ઘણાને શાંતિ મળે અને બૌદ્ધ ઉપદેશથી ઘણાને પ્રેરણા મળે. કોઈ સારા પુસ્તકાલયમાં કે શિષ્ટ પુસ્તકોની દુકાનમાં જોઈએ તો એમાં બૌદ્ધ ધર્મનાં પુસ્તકો મળવાનાં જ. આ આધુનિક ઉદાર મનોવૃત્તિનું એક શુભ લક્ષણ છે કે પૂર્વગ્રહો ભુલાવી દઈને દરેક ધર્મવાળાઓ બીજા ધર્મની પાસેથી શીખવા જેવું લાગે એ બધું શીખી શકે, અપનાવી શકે અને બીજા ધર્મના સંસ્કારોથી પોતાનું ધાર્મિક જીવન સમૃદ્ધ બનાવી શકે. આજે એ ઉદારતા દુનિયામાં છે અને એનો લાભ ઠીક ઉઠાવાય છે ગમે તે ધર્મવાળો ધ્યાનયોગ શીખી શકે, ગમે તે ધર્મવાળો બીજા ધર્મની સમૂહ પ્રાર્થનામાં બેસી શકે. એ પરિસ્થિતિમાં દરેક માણસની ફરજ છે કે બીજાઓના ધર્મો પાસેથી જેટલું શીખી શકે તેટલું શીખે અને દરેક ધર્મની ફરજ છે કે દુનિયાને (ને એમાં બીજા ધર્મવાળાઓને પણ) જેટલું આપી શકે તેટલું આપે.

છેવટે જૈનધર્મ અને એના સિદ્ધાંતો અત્યારે દુનિયાને કેવા ઉપયોગી થઈ શકે એમ છે અને એના પ્રસાર માટે પચીસસોમાં નિર્વાણ કલ્યાણકનો અવસર કેટલો મહત્વનો છે અને એનો લાભ લેવાની કેટલી જરૂર છે, એ અંગે લખતાં ફાધર વાલેસ કહે છે કે—

"અને જૈન ધર્મ તો આજની દુનિયાને ખપ લાગે એવું ઘણું ઘણું આપી શકે. એટલે સુધી કહી શકાય કે આજની દુનિયાના જે સૌથી અગત્યના પ્રશ્નો છે એ દરેકના ઉકેલ માટે જૈન ધર્મ

વિશેષ ફાળો આપી શકે તેમ છે. આજની દુનિયાના મુખ્ય પ્રશ્નો હિંસા, ભેદભાવ અને ભોગવિલાસ છે. હવે હિંસા સામે અહિંસાનો સિદ્ધાંત, ભાવના, તાત્ત્વિક પાયો અને વ્યવહારુ આચરણ કોઈ ધર્મે વિકસાવ્યાં હોય તો એ જૈન ધર્મ જ છે. અહિંસાનું ધ્યેય એ જૈન ધર્મે કરેલું વિશેષ યોગદાન છે, અને આજની દુનીઆને તો એની તાત્કાલિક અને ઊંડી જરૂર છે. ભેદભાવ પણ આધુનિક સમાજનો જીવલેણ રોગ છે. અને તે હિંસક વૃત્તિના મૂળમાં હોય છે. તો એ ભેદભાવની સામે જૈન દર્શનમાં અનેકાંતવાદનો સિદ્ધાંત છે. એનો અભ્યાસ અને આચરણ થાય તો મનમાં સમભાવ આવે અને વર્તમાનમાં સૌને માટે આદર અને સહિષ્ણુતા આવે, એટલે દુનિયાના સંઘર્ષો ઓછા થાય અને છેલ્લે આજનો અને હંમેશનો માનવજીવનનો પ્રશ્ન ભોગવિલાસનો છે. આજના ભોગપ્રધાન વાતાવરણમાં નીતિ અને ધર્મ, સત્ય અને સંયમ નાશ પામે છે. ભોગની સામે ત્યાગનો ઉપદેશ તો દરેક વિચારસરણીમાં વત્તોઓછે અંશે હોય છે, પણ ત્યાગનો મહિમા, આદર્શ, અમલ અને આગ્રહ જેવા જૈન ધર્મમાં છે તેવા બીજે ક્યાંય નથી. એમ આજના ત્રણ મહારોગ માટે જૈન ધર્મમાં ઔષધ છે. તો એનો લાભ દુનિયાને મળે એ માટે સૌએ પ્રયત્ન કરવાનો છે.

"અને એની ઉત્તમ તક તો આ ઊભી છે. આખી દુનિયા ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ ઉજવવાની તૈયારીમાં છે. ભારતમાં જાતજાતનાં કાર્યક્રમો યોજાશે એનો સીધો ફાયદો આપણને થશે. તો પરદેશમાં પણ ઠેકાણે ઠેકાણે એવા કાર્યક્રમો યોજાય અને તે દ્વારા આ મંગળ અને વિરલ પ્રસંગે આખી દુનિયાને અણીને વખતે જૈન ધર્મના અહિંસક, ત્યાગપ્રધાન, સહિષ્ણુ સંસ્કારોનો પૂરો લાભ મળે એ સૌ દિલથી ઈચ્છીએ."

ફાધર વાલેસે જે વાત અને વિચારો પોતાના લેખમાં કહ્યાં છે, તે એવાં સ્પષ્ટ છે કે એ અંગે વિશેષ વિવેચન કરવાની જરૂર નથી. વળી ભગવાન મહાવીરના પચીસસોમાં નિર્વાણ કલ્યાણકની વ્યાપક ઉજવણી કરવાની ભાવના અને પ્રવૃત્તિ પણ આપણા દેશમાં ઠેરઠેર મોટા પ્રમાણમાં અને બહારના દેશોમાં પણ કેટલાક પ્રમાણમાં જોવા મળે છે. આ એક આવકારદાયક ચિહ્ન છે. આ અપૂર્વ અવસર નિમિત્તે જૈન ધર્મ અને સંસ્કૃતિની વિદેશોમાં કાયમને માટે પ્રભાવના થતી રહે એવું કંઈક વ્યવસ્થિત અને શક્તિશાળી તંત્ર ઊભું કરી શકીએ તો જ આવી ઉત્તમ તકનો ચિરંજીવી અને સાચો લાભ લીધો કહેવાય. આ માટે બધાય ફિરકાના જૈન સંઘો જાગ્રત અને પ્રયત્નશીલ બને એ જ આ કથનનો હેતુ છે.

---

## સામયિક સ્ફુરણ

### ચિતાના અંગારા ઠરવા હજી બાકી છે!

પરમાત્મા મહાવીરદેવના પચીસસોમા નિર્વાણ કલ્યાણક જેવા વિશિષ્ટ અને ધન્ય પ્રસંગની રાષ્ટ્રીય ઉજવણીના વિરોધના નામે અને બહાને, તપગચ્છ સંઘના અમુક વર્ગે, પોતાના નર્યા અહંભાવ અને મમતને પરવશ થઈને, પોતાના જ ગચ્છમાં તેજોદ્વેષ વ્યક્તિદ્વેષ અને ક્લેશકંકાસનો હુતાશન પ્રગટાવીને એને પ્રજ્વળતો રાખવાનો જે વ્યવસાય, શાસન રક્ષાના મોહક નામે, શરૂ કર્યો હતો અને જે માટે લાખો રૂપિયાની બરબાદી હોંશે હોંશે કરી હતી, એ વિરોધની ચિતા તો, ગત દિવાળીના પુણ્ય પર્વથી આ અપૂર્વ પ્રસંગની ઉજવણી રાષ્ટ્રીય, બિનરાષ્ટ્રીય તેમ જ સંઘના ધોરણે દેશભરમાં ઠેરઠેર તેમ જ વિદેશોમાં પણ ક્યાંક ક્યાંક ઉત્સાહથી શરૂ થઈ ત્યારથી, શાંત થતી જતી હોય એમ લાગે છે. આ એક આવકાર પાત્ર એંધાણ છે, અને મોડે મોડે પણ આ ચિતાને શાંત કરવાનો પ્રયાસ કરનાર તેમ જ પોતાની મેળે શાંતિનો માર્ગ સ્વીકારનાર સહુ કોઈને ધન્યવાદ ઘટે છે.

પણ વિરોધના મોટા હુતાશનની ચિતાને આ રીતે શાંત થતી જોઈને રખે આપણે માની લઈએ કે હવે વેર-ઝેર-વિરોધની એ ચિતા શાંત પડી ગઈ છે અને તપગચ્છ સંઘમાં શાંતિ-એખલાસના શાતાદાયક સમીર વાવા લાગવાના છે! આ બાબતમાં હજી પણ ચિંતાકારક અને સંઘહિતનાં ઘાતક કેટલાંક એંધાણ એવાં જોવામાં આવે છે કે જેથી એક ભુલાઈ ગયેલ અને ભૂલી જવા જેવી વાત અંગે ફરી લખવાની અમને ફરજ પડી છે.

પહેલી વાત તો, 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી?' એ લોકોક્તિ પ્રમાણે, કોઈક કોઈક વ્યક્તિ તરફથી, પત્રિકારૂપે કે વર્તમાનપત્રોમાં જાહેરાત તરીકે, ક્યારેક ક્યારેક, વિરોધનો સૂર પ્રગટ થતો રહે છે, એ છે. કદાચ આ વાત વિશેષ ચિંતા કરવા જેવી ન પણ હોય અને સમયના વહેવા સાથે એનો વેગ પણ કદાચ નામશેષ થઈ જાય. એ જે હોય તે!

આમાં વિશેષ ચિંતા ઉપજાવે એવી કે ધ્યાનમાં લેવી પડે એવી બીજી વાત એ છે કે આ પુણ્ય અવસરની રાષ્ટ્રીય ધોરણે કરવામાં આવતી ઉજવણીથી કેન્દ્ર સરકારને રોકવા માટે જે કેટલીક રીટ-અરજીઓ કરવામાં આવી છે તે પાછી ખેંચી લેવાનું શાણપણ આ વિરોધના પુરસ્કર્તાઓના અંતરમાં હજી પ્રગટયું નથી અને એ માટે હજારો રૂપિયાનું ખર્ચ, લેશ પણ શરમ કે સંકોચ વગર, અત્યારે પણ કરવામાં આવી રહ્યું છે! ભડભડતી ચિતા શાંત થયેલી લાગવા છતાં એના દાહક અંગારા હજી એવા ને એવા ઝગી રહ્યા છે, તે આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે.

શ્રીસંઘના યોગ-ક્ષેમની દૃષ્ટિએ આ બાબત ચિંતા ઉપજાવે એવી છે; અને તેથી, ઉપર ઉપરની શાંતિથી રખે આપણે છેતરાઈ જઈએ. એ માટે આપણે જાગતાં રહેવાની ખાસ જરૂર છે. ચિતાના દાહક અવશેષરૂપ આ અંગારા શાંત ન થાય ત્યાં સુધી સંઘમાં શાંતિ કેવી રીતે પ્રવર્તવાની છે?

### કશું પણ નહીં કરીએ?

નીતિ શાસ્ત્રકારે કહ્યું છે કે "કેવળ જન્મ ધારણ કરવાથી કંઈ પુત્ર પંડિત બની જતો નથી." અર્થાત્ પુત્રને પંડિત, ગુણવાન કે કોઈપણ વિષયમાં નિપુણ બનાવવો હોય તો એ માટે એના વડીલોએ ખાસ પ્રયત્ન કરવાનો હોય છે.

જે વાત, પોતાનાં સંતાનોની કેળવણીને માટે, સંસારીઓને ઉદ્દેશીને કહેવામાં આવી છે, એ ત્યાગધર્મની દીક્ષા આપનાર વડીલ ત્યાગીઓએ પણ, નવદીક્ષિત સાધુ-સાધ્વીજીઓને કેળવવાની જરૂર અંગે, વિશેષપણે ધ્યાનમાં લેવા જેવી છે.

જૈન સંઘમાં દર વર્ષે અનેક ભાઈઓ તથા બહેનો ત્યાગધર્મની દીક્ષા ગ્રહણ કરે છે. અને તેથી આપણા ત્યાગીવર્ગની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જ થતો રહે છે. જેમ ત્યાગીઓની સંખ્યામાં વધારો થતો રહે છે તેમ ત્યાગીવર્ગની ગુણવત્તામાં વધારો થતો રહેવો જોઈએ. એમ થાય તો જ આપણો સંઘ તેજસ્વી, શક્તિવાન અને પ્રભાવશાળી બની શકે. નહીં તો, ત્યાગધર્મનો રાજમાર્ગ વીસરાઈ જાય અને આખો સંઘ નાની નાની, નમાલી અને નજીવી બાબતોને, કાગનો વાઘ બનાવવાની જેમ, મોટું બિહામણું રૂપ આપીને ખોટી હુંસાતૂંસી અને મમત-કદાગ્રહના કલેશ-દ્વેષમાં ઘેરાઈ જાય. આજે આપણો સંઘ કંઈક આવી જ શોચનીય સ્થિતિમાં મુકાઈ ગયો છે.

આમાંથી બચવાનો મુખ્ય ઉપાય દીક્ષા લેવા ઈચ્છનાર વ્યક્તિને દીક્ષા લીધા પહેલાં અમુક વખત માટે અને દીક્ષા લીધા પછી આઠ-દસ વર્ષ માટે કેળવણી આપવામાં આવે અને એમના સમુચિત અધ્યયનની ગોઠવણ કરવામાં આવે એ જ છે. શું આ બાબતમાં આપણે હજી પણ ઉદાસીન રહીને કશું પણ નહીં કરીએ?

## મુંબઈથી અમદાવાદ

પં. શ્રી કસ્તુરવિજયજી આદિએ મુંબઈ-કોલાબામાં ભ૰ મહાવીર કલ્યા૰ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ઠાઠથી ઉજવી, મુંબઈથી અમદાવાદ તરફ વિહાર કર્યો છે. મહા સુદ ૧૫ સુધીમાં અમદાવાદ પ્રાયઃ પહોંચશે.

# પં. શ્રી હેમચંદ્રવિજયજી ગણીવરને ભાયખલા (મુંબઇ)માં

# ઉપાધ્યાયપદ-પ્રદાન

વિ. સં ૧૯૯૩ની સાલમાં, ભરૂચ જિલ્લાના જંબુસર પાસેના અણખી ગામમાં પોષ મહિનાની પૂનમે એક બાળકનો જન્મ થયો. જે કુટુંબમાં જન્મ થયો તે કુટુંબ અત્યંત શ્રદ્ધાળુ અને ધર્મ સંસ્કારથી વાસિત હતું. આખા કુટુંબનાં સંસ્કાર-આચાર ઘડતરનો, ખરે ! ભવિષ્યનો પણ આધાર માતા ઉપર છે. કોઈ કુટુંબનું વર્તમાન ચિત્ર અને ભાવિફળ જાણવું હોય તો તે પરિવારની માતા સંબંધી પ્રશ્નો પૂછશો તો બધું જાણવા મળી જશે. અહીં પણ માતા આદર્શ માતા હતા. તેથી આખા પરિવારમાં ધર્મના સંસ્કાર સહજરૂપે વણાઇ ગયા હતા.



પં. શ્રી હેમચંદ્રવિજયજીગણી

પિતાનું નામ હીરાભાઇ, માતાનું નામ પ્રભાવતી બેન, વતન તો અણખી પણ વ્યાપારાર્થે સાબરમતી (અમદાવાદ) રહેતા હતા, ત્રણભાઇ અને બે બહેનો.

દેવ-દર્શન – ગુરૂવંદન – વ્યાખ્યાન શ્રવણ વગેરે ધર્મક્રિયા અનાયાસે થઈ શકે તે હેતુથી ઘર, દેરાસરની પાસે જ રાખ્યું હતું.

વિ. સં. ૨૦૦૩ની સાલ શાસનસમ્રાટશ્રી વિશાળ શિષ્ય સમૂહ સાથે ચાતુર્માસ વિરાજમાન હતા. ગુરુવંદન અને ગૌચરીના લાભ માટે નિયમિત ગુરુ મહારાજના પરિચયમાં આવવાનું થયું. ૧૦વર્ષના હસમુખકુમારનું મન જે ઝંખતું હતું તે તેને મળી ગયું. દિવસ અને રાત ઉપાશ્રયમાં વીતવા લાગ્યા, જમવાનું જ ઘેર.

વિ. સં. ૨૦૦૪નું ચોમાસુ પૂજ્યપાદ આચાર્ય મ૦શ્રી અમૃતસૂરીશ્વરજી મ૦નું થયું. બીલવાયું હતું તેનું સિંચન થયું. અભ્યાસ લગનીથી થવા લાગ્યો. હસમુખ શરીરથી બાળ હતો પણ તેનો વર્તાવ ઠરેલ સમજુમાણસનો દેખાય તેવો સ્થિર અને ગંભીર હતો. પંચપ્રતિક્રમણ કંઠસ્થ થઈ ગયા. બે- સમયનું પ્રતિક્રમણ પણ કરવા લાગ્યા. ચોમાસા દરમ્યાન મુનિરાજશ્રી મેરુવિજયજી મ૦ અને મુનિરાજશ્રી દેવવિજયજી મ૦ ના પરિચય-સિંચનથી ત્યાગભાવનાને પોષણ મળ્યું. નિશાળ છોડી.

ચોમાસુ પુરૂં થયે વિહાર થયો. તે વિહારમાં સાથે રહ્યા. કોઠ (ગાંગડ) પહોંચ્યા સારા મુહૂર્તે વિ. સં. ૨૦૦૫ના મહા વદિ પાંચમે-ખૂબ ઉલ્લાસ પૂર્વક દીક્ષા લીધી અને મુનિરાજશ્રી દેવવિજયજીના શિષ્ય મુનિ શ્રી હેમચન્દ્રવિજયજી બન્યા. હવે અભ્યાસમાં ગતિ આવી. બાળવય સુલભ ચંચળતા તેમનામાં હતી જ નહીં. તીક્ષ્ણ બુદ્ધિ હતી. સ્થિરતા દાખલારૂપ હતી. કલાકો સુધી એક આસને બેસીને ગોખવું સહજ હતું. જ્ઞાનાવરણીયકર્મનો સુંદર ક્ષયોપશમ જોઈ પૂજ્ય મુનિરાજશ્રી મેરુવિજયજી મ૦, પૂજ્ય મુનિરાજ શ્રી દેવવિજયજી મહારાજે શાસ્ત્રીજી પાસે પાણિની વ્યાકરણનો અભ્યાસ શરૂ કરાવ્યો. અને થતો અભ્યાસ પાકો થાય તે ઇરાદાથી 'બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ'ની પરીક્ષા અપાવવી શરૂ કરી. વ્યાકરણ, તે પછી મહાભાષ્ય, પ્રૌઢ મનોરમા, લઘુમંજૂષ લઘુ શબ્દેન્દુશેખર, વાક્યપદીપ ગ્રંથ વગેરે પ્રૌઢ ગ્રંથેનો અભ્યાસ-બાર વર્ષ સુધી કર્યો. અને 'શાસ્ત્રીય' 'મધ્યમાં' અને અંતે 'આચાર્ય'ની પરીક્ષા આપી, બધામાં સારા માર્કે ઊત્તીર્ણ થયા; અને વ્યાકરણાચાર્ય થયા. નવ્યન્યાયને:

પણ સુંદર અભ્યાસ કર્યો. મુક્તાવલી સિદ્ધાંતલક્ષણ. સામાન્ય નિરુક્તિ, વ્યુત્પત્તિવાદ વગેરેનો અભ્યાસ કર્યો. કલકત્તાની ન્યાયતીર્થની પ્રથમા અને મધ્યમા પરીક્ષા આપી. સાથે સાથે આગળ પ્રકરણનો અભ્યાસ પણ ચાલુ જ રહ્યો. ત્યાગ-તપસ્યા, વિનયભર્યો વર્તાવ, ગાંભીર્ય આ બધા ગુણોની સુવાસ સ્વ અને પર સમુદાયમાં પ્રસરી રહી. આ બધી યોગ્યતા જોઈ પૂજ્ય-પાદ આ૦ મ૦ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં વિ. સં. ૨૦૨૩ના વર્ષે. સૂરત મુકામે શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહન પૂર્વક ગણિપદ અર્પણ થયું, તથા વિ. સં. ૨૦૨૪માં પાલિતાણા મુકામે પૂ૦ આચાર્ય મ૦ શ્રીવિજયોદયસૂરીશ્વરજી મહારાજ આદિના વરદહસ્તે પંન્યાસપદ આપવામાં આવ્યું.

તેઓની દીક્ષા પછી વિ. સં. ૨૦૦૯માં સાદડી (રાજ.) મુકામે તેઓશ્રીના બહેન હંસાબેનની વૈરાગ્ય-ભાવના વધવાના કારણે દીક્ષા થઇ અને સાધ્વીશ્રી હેમલતાશ્રીજી નામ રાખ્યું. ત્યારબાદ વિ. સં. ૨૦૧૨માં અમદાવાદ મુકામે તેઓશ્રીના માતા પ્રભા-વતીબેનની પણ દીક્ષા થઇ. સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજી નામ રાખ્યું. જેઓ ખૂબ ઊંચી કોટીના આરાધક આત્મા છે. તાજેતરમાં તેઓને શ્રી વર્ધમાનતપની ૭૬મી ઓળી ચાલે છે. ૭૪મી ઓળી તો સંપૂર્ણ મૌન સાથે કરી હતી. પછી પં. શ્રી હેમચન્દ્રવિજયજીના નાનાભાઈ રવિણભાઇની દીક્ષા વિ. સં. ૨૦૧૭ના માગસર માસે સૂરત મુકામે થઇ. તે તેઓના શિષ્ય બન્યા અને મુનિ પ્રદ્યુમ્નવિજય નામ રાખ્યું. ત્યાર પછી તેઓના પિતાજીની વિ. સં. ૨૦૧૭ના જેઠ માસમાં અમદાવાદમાં દીક્ષા થઈ. મુનિશ્રી હીરવિજયજી નામ રાખ્યું. આમ તેઓના પગલે-પગલે બીજા ચારની પણ દીક્ષા થઈ. પોતે પણ આ માર્ગે આવ્યા અને બીજાને પણ લાવ્યા. તેઓને ચાર શિષ્યો છે.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી રચિત સર્વજ્ઞસિધ્ધિ પ્રકરણ ગ્રન્થનું અનુવાદ સાથેનું સંપાદન તેઓશ્રીએ કર્યું છે. સંસ્કૃત ભાષામાં શ્લોકોની રચના કરવી એ તો એમને રમત છે. ભાષા પર પ્રભુત્વ પણ તેટલું જ છે.

પં. શ્રી હેમચન્દ્રવિજયજી મ૦નું છેલ્લું વિ. સં. ૨૦૩૦નું ચોમાસુ માટુંગા (મુંબઈ) મુકામે થયું. તેમાં અનેકરીતે શાસનપ્રભાવના થઈ. અત્યારે પણ તેઓશ્રીને ઉપવાસથી શ્રી વીસસ્થાનક તપની આરાધના ચાલુ છે. તેઓને પોષ વદિ સાતમ ને રવિવાર, તા. ૨-૨-૭૫ના રોજ ભાયખલા મુકામે- પુજ્યપાદ આચાર્ય મ૦ શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મ૦ની આજ્ઞાથી ઉપાધ્યાયપદની યોગ્યતા જોઇ પુજ્ય આચાર્ય મ૦શ્રી વિજયમેરુપ્રભસૂરિજી મહારાજ તથા પુજ્ય આચાર્ય મ૦ શ્રી વિજયદેવસૂરિજી મહારાજના વરદ હસ્તે, ઉપાધ્યાયપદ અર્પણ કરવાનું નક્કી થયું છે.

અને આ પ્રસંગની વિશેષતા તો એ છે કે ભાય-ખલા મુકામે પુજ્ય આચાર્ય મ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ તથા પુજ્ય પંન્યાસજી શ્રી હેમચન્દ્રવિજયજી મ૦ તથા મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મ૦ની નિશ્રામાં ઉપધાન તપની આરાધના ચાલે છે. ૧૩૫ માળ છે. તેની સાથે આ પ્રસંગ અનેરા ઉમંગ- ઉલ્લાસથી ઉજવાશે.

---


卐 પિંડવાડાનગરે ઉપધાનતપ માટે ભાવભર્યું આમંત્રણ 卐

**શુભ નિશ્રા :** પ. પૂ૦ મુનિરાજશ્રી જીતેન્દ્રવિજયજી મ. અને મુનિશ્રી ગુણરત્નવિજયજી મહારાજ

**પ્રથમ મુહુર્ત** – મહા સુદ ૧૩ તા. ૨૪-૨-૭૫ **બીજું મુહુર્ત** : ફાગણ વદ ૩ (ગુજરાતી મહા વદ ૩) તા. ૨૮-૨-૭૫

**પ્રવેશ અધિકારી**—આ ઉપધાનતપ મોટા પાયા પર થવાના છે. માટે રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે ભારતના સમસ્ત પ્રાંતોના આરાધકો પહેલું. બીજું કે ત્રીજું ઉપધાન કરવા માટે પ્રવેશ મેળવી શકશે. પોતાનું નામ અને ઉપધાન મહા સુદ ૩ તા. ૧૪-૨-૭૫ સુધી નીચેના સરનામે જણાવવું.

શ્રી ઉપધાન તપ સમિતિ, સ્ટેશન સિરોહી રોડ, મું. પિંડવાડા, (રાજસ્થાન)

અમદાવાદ–શાહપુર, પાંચપોળ જૈન ઉપાશ્રયમાં આ૦શ્રી વિજયપ્રિયંકરસૂરિજી મ૦ના વરદ હસ્તે આ. વદ ૪ના મુનિશ્રી નંદિષેણુવિજયજીને વડીદીક્ષા આપવામાં આવી છે. મુનિશ્રીના સંસારી પિતાશ્રી રતિલાલ ગીરધરભાઈએ આ પ્રસંગે સજોડે બ્રહ્મચર્યવ્રત સ્વીકારેલ. અન્ય આચાર્યાદિ મુનિવરો પધારેલ અંતે પ્રભાવના થઈ હતી. કા. સુદ ૧૫ના ચાતુર્માસ પરિવર્તનનો લાભ શાહપુર, શાહ કોલોનીના સંઘે લીધો હતો. એકંદર ચોમાસામાં જ્ઞાનધ્યાન–તપ અને ધર્મારાધના સારી રીતે થઈ હતી. મુનિશ્રી પ્રકાશચંદ્રવિજયજીના પેટના આંતરડાનું ઓપરેશન કરવામાં આવેલ. તબીયત હવે સારી છે.


## પધારો.........શ્રી ભીલડીયાજી તીર્થના દર્શનાર્થે...........પધારો

હજારો વરસ પહેલાનું આ ચમત્કારિક તીર્થ છે. ગત વરસમાં જેઠ સુદ ૧૦ના નુતન બંધાએલ દેરાસરમાં પાર્શ્વનાથ ભગવાનની ઘણી જ ધામધુમથી પ્રતિષ્ઠા કરવામાં આવી છે. બનાસકાંઠાનું આ એકમાત્ર તીર્થ છે. હંમેશા સેંકડો જાત્રાળુ આવે છે અને દર્શન–પુજનનો લાભ લે છે ધર્મશાળા તથા ભોજનશાળાની સુંદર અને અદ્યતન સગવડતા છે. પાલનપુર–ડીસાથી કલાકે કલાકે બસ મળે છે તેમ જ રાણીવાડા જવાની અને ગાંધીધામ જવાની રેલ્વેના દરેક ટાઈમે કારખાનાથી બળદગાડી સ્ટેશને લેવા આવે છે. દર મહિનાની પુનમે પાલનપુરથી સ્પેશ્યલ ટ્રેન ૮॥ વાગે ભીલડી આવવા ઉપડે છે તો આ પ્રાચીન, ભવ્ય અને ચમત્કારીક તીર્થના દર્શનનો લાભ લેવા દરેક ભાગ્યશાળીઓને વિનંતી છે.

**લિ. શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ તીર્થ કમિટી, મુ. ભીલડી** [ બનાસકાંઠા ]

મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ

## યાત્રાએ પધારી જીવન સાર્થક કરો

ભારતભરમાં એક જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. ચોમાસાના કારણે, બસ સર્વીસ બંધ હતી તે ફરી શરૂ થયેલ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

**:— નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતી છે:—**

**શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી** (જિ. ઝાલાવાડ) સ્ટે. ચોમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

**શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી,** પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર, મુંબઈ–૭૭

**શ્રી ઈશ્વરલાલ વાડીલાલ** ૧૦૧/૧૦૩, ધનજીસ્ટ્રીટ, મુંબઈ–૩, આણંદજી ક. પેઢી, ઝવેરીવાડ, અમદાવાદ

મહાપ્રભાવિક ૨૫૦૦વર્ષ પ્રાચીન બાવન જિનાલય

## અજારી તીર્થની યાત્રાએ પધારો !

પિંડવાડા ( રાજસ્થાન ) સીરોહીરોડ સ્ટેશનથી બે માઈલ આબુરોડ તરફ હાઈવે રોડપરથી ૧ માઈલ દુર અજારી તીર્થ સંપ્રતિ મહારાજાએ બંધાવેલું છે અને ૧૪મા સૈકામાં શેઠ ધરણશાએ જીર્ણોદ્ધાર કરાવેલ હતો. પૂ. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને સરસ્વતી પ્રસન્ન થઈ હતી. સરસ્વતીદેવીનું સુંદર મંદિર પણ છે. છેલ્લો જીર્ણોદ્ધાર સ્વર્ગસ્થ પૂ. આ૦દેવ શ્રી વિજય પ્રેમસુરીશ્વરજી મહારાજના ઉપદેશથી સં. ૨૦૧૮થી ચાલુ કરાવી સં. ૨૦૨૭માં પૂ. આ૦દેવ શ્રી વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ છે. સુંદર ધર્મશાળામાં રહેવા તથા જમવાની સગવડ છે. તો તીર્થમાં એકથી એક ચમત્કારિક જિનબિમ્બો તથા મુળનાયકજી શ્રી મહાવીરસ્વામીજીના દર્શન કરી જીવન સફળ કરો. તા. ક. ઘોડાગાડીની વ્યવસ્થા જવા માટે મળી રહેશે.

વ્યવસ્થાપક : શેઠ કલ્યાણજી સૌભાગચંદ જૈન પેઢી, પીંડવાડા (રાજસ્થાન)

## લેખ પ્રતિયોગિતા

ભ૦ મહાવીર ૨૫૦૦મી નિર્વાણ મહોત્સવ મહાસમિતિ (૧૦, દીનદયાલ ઉપાધ્યાય માર્ગ, નવી દિલ્હી-૧) દ્વારા 'ભગવાન મહાવીરનું જીવન અને ઉપદેશ' વિષય પર અખિલ ભારતીય લેખ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ છે લેખ મોકલવાની તારીખ હવે ૧૫-૨-૭૫ સુધી લંબાવવામાં આવી છે. લેખ હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં મોકલવો.

### મંડયા (કર્ણાટક)

મંડય શ્રીસંઘની વિનતિ સ્વીકારી મુનિરાજશ્રી અશોકવિજયજી આદિ ઠા.૫ ચિત્રદુર્ગથી પો. સુદ ૧૦ના વિહાર કરી ને અત્રે પોષ વદ ૧૦ના લગભગ પધારશે. તેઓશ્રીની નિશ્રામાં મહા સુદ ૧૦ ના નૂતન જિનાલયના ખાતમુહૂર્ત નિમિત્તે મહા સુદ ૩થી શ્રી શાંતિસ્નાત્ર સહ અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાશે.

### જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ-અમદાવાદ

મુનિરાજશ્રી કલ્યાણપ્રભવિજયજી મ૦ના ગઇ સાલ પોષ વદ ૫ના થયેલ સ્વર્ગવાસ નિમિત્તે તેઓશ્રીના સંસારીપણે બંધુ શ્રી ચીનુભાઇ કેશવલાલ કડીઆ તરફથી, પોષ વદ ૨થી વદ ૭ સુધીના પાંચ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ શ્રી વાસુપૂજ્યસ્વામીજી દેરાસર (શેખનો પાડો)માં ઉજવાશે. વદ ૭ના સિદ્ધચક્રપૂજન ભણાવવામાં આવશે.

### શંખેશ્વરમાં ઉજવાયેલ દીક્ષા મહોત્સવ

રાધનપુરવાળા મુંબઇ (ગોરેગાંવ) નિવાસી દોશી શાંતિલાલ પ્રેમચંદની સુપુત્રી કુ. તરલિકાએને શંખેશ્વર તીર્થમાં, મુનિશ્રી હેમપ્રભવિજયજી આદિની નિશ્રામાં અને ચતુર્વિધ શ્રી સંઘની વિશાળ હાજરીમાં પોષ સુદ ૧૪. ૨૬-૧-૭૫ના રોજ દીક્ષા અંગીકાર કરી છે. દીક્ષા નિમિત્તે સિદ્ધચક્ર મહાપૂજન સહ ત્રણ દિવસનો મહોત્સવ દીક્ષાર્થિના કુટુંબ તરફથી ઉજવાયેલ.


# શ્રી જિનપ્રતિમાજીઓ મળશે

અખિલ ભારતવર્ષના શ્વે. મુ. જૈન સંઘોને અમારી નમ્ર વિનંતી છે કે આપના શ્રી જિનમંદિરોમાં આરસના કે ધાતુનાં જિનપ્રતિમાઓની જરૂરત હોય તો, અમો અમારા ખર્ચે સુંદર જિનપ્રતિમાઓ બનાવરાવી અને અંજનશલાકા કરાવીને સબહુમાન અર્પણ કરશું. અમોને લાભ આપવા કૃપા કરશોજી. જેમને પ્રતિમાજી જોઇએ તેમણે પોષ વદી ૩ સુધીમાં જણાવવા વિનંતી છે. અંજનશલાકા વિ. સં. ૨૦૩૧ના મહા વદ ત્રીજ શુક્રવાર તા. ૨૮-૨-૧૯૭૫ ના દિવસે પ. પુ. આ. કૈલાસસાગરસુરીશ્વરજી મ૦ સા૦ ની શુભનિશ્રામાં થશે. જેમને પોતાના પ્રતિમાજી અંજન કરાવવા હોય તે પણ મોકલવા કૃપા કરશોજી.

## શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ શ્વે. મુ. જૈન સંઘ

[ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. A ૨૩૦૫. અમદાવાદ તા. ૬-૧૦-૬૯.]

દેવકીનંદન સોસાયટી પાસે, રૂપક સો. સામે, સેન્ટ ઝેવીયર્સ હાઇસ્કુલ રોડ, અમદાવાદ-૯

## બાગરા (મારવાડ)માં નિર્વાણોત્સવની ભવ્ય ઉજવણી

અત્રે ભ૦ મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ કલ્યાણકનો મહોત્સવ ખૂબ ધામધુમથી ઉજવવામાં આવ્યો. ગામબહાર શ્રી મહાવીર દેરાસરના પ્રાંગણમાં ભ૦ મહાવીરના જીવન પ્રસંગોના ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. સાથે દક્ષિણભારતની જૈનધર્મ આરાધક સમિતિ દ્વારા પ્રકાશિત જૈન મહાપુરુષોના ચિત્રો અને નરક ચિત્રાવલીઓ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા. આ પ્રદર્શન આખું વર્ષ જોવા માટે ખુલ્લું રહેશે.

આ દેરાસરના પ્રાંગણમાં ભ૦ મહાવીરના જીવનપ્રસંગો આલેખતો આરસપહાણ ઉપર એક વિશાળ અને વિવિધ રંગી ચિત્રપટ બનાવવામાં આવેલ છે.

ધનતેરશથી જ્ઞાનપંચમી સુધી નિત્ય પૂજા, સ્નાત્રપૂજા, પ્રભાતફેરી ભાવનાદિ પૂર્વક અષ્ટાહ્નિકા મહોત્સવ મનાવવામાં આવેલ. જ્ઞાનપંચમીના દિવસે એક વિશાળ સરઘસ નીકળતા દરેક ધર્મના લોકો જોડાયા. ગામના જૈન–અજૈન બધા જ ઘરોમાં ગોળની લ્હાણી કરી હતી.

આ ૨૫૦૦મા નિર્વાણોત્સવની સ્મૃતિમાં ગામના મુખ્ય ચોકમાં 'શ્રી વર્ધમાન મહાવીર રાજેન્દ્ર તપ ભવન' અને 'શ્રી મહાવીર પરબ'નું નિર્માણ કરેલ છે.

---

# જૈસલમેર પંચતીર્થીની યાત્રાકરી દુર્લભ માનવજીવન સફળ કરો

**પંચતીર્થી :** જૈસલમેર પંચતીર્થીમાં જૈસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર તથા પોકરણના જીનાલય છે. તેમાં ૬૦૦૦ પ્રતિમાજીઓ બિરાજમાન છે. આ અંગે શ્રીસમયસુંદરજી મ૦ કહે છેઃ ' જૈસલમેર જુહારિયે, દુઃખ વારિયે એ, અરિહંત બિંબ અનેક, તીર્થ તે નમુ એ.'

જૈન જગતમાં જૈસલમેર અનેક વિશેષતાઓથી પ્રસિદ્ધ છે. **વિશેષતાઓ :** (૧) પ્રાચિન ભવ્ય–કલાત્મક જિનાલય તથા પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ (૨) શ્રી જિનભદ્રસુરિજ્ઞાન ભંડાર, તાડપત્રીય ગ્રંથ, (૩) પ્રથમ દાદાગુરૂ આ. શ્રી જિનદત્તસુરિજી મ. ની પછેડી, ચોલપટ્ટો અને મુહપત્તિ; જે અગ્નિ–સંસ્કાર પછી અક્ષુણ્ણ રહ્યા છે. (૪) ચૌદમી સદીમાં મંત્રિત [illegible] અને ત્રાંબાની કલશ લગાડેલ શ્રી જિનવર્ધનસુરિજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ જિનપ્રતિમાજી તથા ભૈરવજીની મૂર્તિ (૫) દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ટાયકદેવના દેવસ્થાનો તથા પટવાની હવેલીઓ, (૬) લોદ્રવપુરના અધિષ્ટાયકદેવ મહા ચમત્કારિક છે. ભાગ્યશાળીઓને કોઈવાર દર્શન આપે છે.

**સુવિધાઓ :** યાત્રિકો તથા શ્રીસંઘોને રહેવાની પુરી સગવડ છે. રાજસ્થાનની મરૂભુમિમાં આ સ્થળ હોવા છતાં અહીં પાણી અને લાઇટની પુર્ણ વ્યવસ્થા છે. ઉપરાંત, શ્રદ્ધાળુ દાનવીરો દ્વારા કાયમી તિથીના સહયોગથી પ્રતિદિન ભોજનશાળા ચાલે છે.

**જવા–આવવાના સાધનો :** જૈસલમેર પહોંચવા જોધપુરથી દિવસના બે વખત બસ જાય છે અને રાત્રે ૧૦–વાગે ટ્રેઇન ઉપડે છે, જે સવારે ૮ વાગે જૈસલમેર પહોંચાડે છે. અમરસાગર, લોદ્રવપુર તથા બ્રહ્મસર જવા માટે નિયમિત બસની સગવડતા મળે છે.

**નોંધ :** જિર્ણોદ્ધાર સમિતિના પ્રયાસોના ફળસ્વરૂપે જૈસલમેર પંચતીર્થીમાં આવેલ દરેક જિનાલયોનાં જિર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ કરવાના ઠરાવ મુજબ શ્રી જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર દહેરાસર ટ્રસ્ટ દ્વારા નક્કી થયેલ છે. વર્તમાનમાં લોદ્રવપુરના જિર્ણોધ્ધારનું કાર્ય ચાલે છે.

આ પુન્યક્ષેત્રની પંચતીર્થીની યાત્રા કરી અને ભંડારોના દર્શન કરી દુર્લભ માનવજીવન સફળ કરો.

નિવેદક : નેમચંદ જૈન ( પ્રચારમંત્રી, જૈન ટ્રસ્ટ ) C/o મે. જૈન્સ કું. ૧૦૧, યશવંતપ્લેઇસ, ચાણક્યપુરી,નવીદિલ્હી–૧૧ (ફોન : ઘર-૨૬૨૦૩૬, દુકાન-૬૭૧૩૭૬.)

નિવેદક : માનમલ ચોરડીયા (વ્યવસ્થાપક) શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન દેરાસર

## કટકથી વિહાર : વસમી વિદાય

પૂ૦ ગણીવરશ્રી ભુવનવિજયજી તથા મુનિશ્રી યશોવિજયજી કટક ક્ષેત્રમાં ઉપરા–ઉપરી બે ચાતુર્માસ પૂર્ણ કરી પો. સુદ ૩ના નાગપુર તરફ વિહાર કરતા શ્રીસંઘે વસમી ભાવભરી વિદાઈ આપી હતી. કેટલાક ભાવિકોની તો આંખો છલકાઈ ગઈ હતી. ઓરિસ્સા રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી અને અત્રેના લોકપ્રિય 'સમાજ' પત્રના સંપાદક શ્રી રાધાનાથરથજી પણ થોડે સુધી વિહારયાત્રામાં જોડાયા હતા. તેઓ અવારનવાર પૂ૦ ગણીવરનાં વ્યાખ્યાનો સાંભળવાનો તેમજ 'સમાજ'માં પ્રકાશિત કરવાનો લાભ લેતા. છેલ્લી વંદના કરી વિખુટા પડતા તેમની આંખો અશ્રુથી ભરાઈ પડી હતી. શ્રીસંઘનો મોટો સમૂહ, સ્થાનકવાસી અને તેરાપંથી જૈનો તેમજ જૈનેતરો પણ વિહારયાત્રામાં જોડાએલ. ઘણા ભાવિકો નવ કીલોમીટર દૂરના પ્રથમ મુકામ કોકાકોલા કંપની સુધી જોડાયાં હતાં. ત્યાં વ્યાખ્યાન તથા સાધર્મિક ભક્તિ થયેલ.

કાર્તિક પૂનમના દિવસે શેઠ નોતમલાલ અમૃતલાલના ઘરે ઠાણાઓઠાણા કર્યા તેના આગલા દિવસે નાગપુરસંઘના આગેવાનોએ અત્રે આવી ચાતુર્માસની વિનતિ કરી હતી. ગણીવર્યશ્રી લિખિત 'મહાવીર–દર્શન' નામે હિન્દી પુસ્તિકાનું પ્રકાશન માગ. વદ અમાસના સમારોહ યોજી કરવામાં આવ્યું હતું. અમદાવાદ–નાગજીભૂદરની પોળથી નીકળેલો સમેતશિખર આદિ તીર્થયાત્રાનો સંઘ પો. સુદ ૧ના અત્રે દર્શનાર્થે આવેલ. કટક શ્રીસંઘે યાત્રિકોની ભક્તિનો સુંદર લાભ લીધો હતો. આવા અનેકાનેક લાભો પૂ૦ ગણીવરશ્રીના વિહારથી અલભ્ય બનતા, કટક શ્રીસંઘને ગણીવર્યશ્રીની વિદાય વસમી બની હતી

---

ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ નિમિત્તે પ્રાચિન ઐતિહાસિક કલ્યાણભૂમિ :

## અલ્હાબાદ (પુરિમતાલ) માં અનેરો પ્રતિષ્ઠા મહોત્સવ

આપને જાણીને આનંદ થશે કે પ્રથમ ધર્મ અને પ્રથમ તીર્થ પ્રવર્તક શ્રી ઋષભદેવને કેવળજ્ઞાન અને માતા મરુદેવીને મોક્ષસ્થાન પ્રાપ્ત થનાર આ પ્રાચીન તીર્થ સ્થળ આપણા માટે ઉત્તમ અને પુજનીય છે. સમાજના ભાગ્ય અને શાસનની ઉન્નતિનો સમય પરિપક્વ થતાં શ્રી જૈન શ્વેતામ્બર મહાસભા ઉત્તર પ્રદેશના કાર્યકર્તાઓએ તકલીફો પસાર કરી મંદિરનો કબ્જો મેળવી જીર્ણોદ્ધારનું કાર્ય શરુ કરાવ્યું; અને પ્રતિષ્ઠા દિવસ ૨૧–૨–૧૯૭૫ મહા શુદ ૧૦ શુક્રવારનો નિશ્ચિત પણ થઈ ગયો. પ્રતિષ્ઠાની નીચે મુજબની બોલિઓ આજ સુધી પ્રાપ્ત થયેલ છે, અને બોલીઓ આગળ શરૂ છે.

| | |
|---|---|
| ૧. મુળનાયક આદિનાથપ્રભુને ગાદિએ બિરાજમાન કરવાના | રૂા ૭૧૦૧–૦૦ |
| ૨. મુળનાયક એક બાજુના શ્રી મહાવીરસ્વામીની પ્રતિષ્ઠાના | રૂા ૩૦૦૧–૦૦ |
| ૩. મુળનાયક બીજી બાજુ શ્રી શીતલપ્રભુની પ્રતિષ્ઠાના | રૂા ૧૫૦૧–૦૦ |
| ૪. ધ્વજદંડ ચડાવવાના | રૂા ૪૧૦૧–૦૦ |
| ૫. કળશ ચઢાવવાના | રૂા ૧૪૦૧–૦૦ |
| ૬. અધિષ્ટાયક દેવયક્ષ ગોમુખજીની પ્રતિષ્ઠા | રૂા ૫૦૧–૦૦ |
| ૭. અધિષ્ટાયક દેવી યક્ષિણી શ્રી ચક્રેશ્વરીની પ્રતિષ્ઠા | રૂા ૧૫૦૧–૦૦ |
| ૮. અધિષ્ટાયક દેવશ્રી મણિભદ્રદેવની પ્રતિષ્ઠા | રૂા ૮૦૧–૦૦ |
| ૯. ચરણ પાદુકા આ૦શ્રી હેમચંદ્રસુરીશ્વરજીની પ્રતિષ્ઠા | ૫૦૧–૦૦ |
| ૧૦. ચરણ પાદુકા આ૦શ્રી જિનદત્તસુરીશ્વરજીની બોલી | રૂા ૧૫૦૧–૦૦ |
| ૧૧. ચરણ પાદુકા આ૦શ્રી વિજયાનંદસુરીશ્વરજીની બોલી | રૂા ૫૦૧–૦૦ |

ઉપરોક્ત બોલીઓ ગાદીનશીન કરવાની છે. તુરત જ અમોને બોલીમાં વધારે કરીને જણાવી શાસનની પ્રભાવના અને ધર્મની ઉન્નતિમાં લાભ લેશો.

卐

સ્થાન :–

**શ્રી જુગમંદિરદાસ જૈન**
૨૨૦૭, કુચા આલમચંદ,
કીનારીબજાર દિલ્હી–૬

卐

**ખૈરાતીલાલ જૈન**
મંત્રી–શ્રી જૈન શ્વેતામ્બર
મહાસભા ઉ૦ પ્રદેશ
હસ્તિનાપુર (મેરઠ)

## કોઈમ્બતુરમાં યાત્રાસંઘનું આગમન

શ્રી મહાવીર જૈન સંયુક્ત મંડલ–મુંબઈ દ્વારા યોજીત દક્ષિણભારત યાત્રાપ્રવાસ રૂપે. ટ્રેઈન તા. ૨૯–૧૨–૭૪ના ૪૫૦ યાત્રાળુઓ સાથે કોઈમ્બતુર આવતા અત્રેના ધર્મશ્રેષ્ઠિ શેઠશ્રી શાંતિલાલભાઈએ મંડલના પ્રમુખ શ્રી હિંમતલાલ વનેચંદભાઈ આદિનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. શ્રી વિમલનાથ દેરાસરને ધ્વજા-પતાકાથી શણગારી પાઠશાળાની બાલિકાઓએ પણ ફુલોથી વધાવી સંઘનું સ્વાગત કરેલ.

સ્વ. શેઠશ્રી ઉત્તમચંદ વન્દ્રાવનદાસ ( ટી. વી. બધસંવાળા ) તરફથી ચા–નાસ્તો, જમણ આદિ તથા શેઠ સમરથમલ મોતીચંદજી આહોરવાળા તરફથી સાંજનું જમણ અપાયેલ. સ્વદેશી ગ્લાસ હાઉસ, મુથા ભંવરલાલ બાફના, શા ગણેશમલ પ્રાગચંદ તથા શેઠ ઉકચંદ વિમળચંદ તરફથી દરેક યાત્રાળુઓને એકેક રૂા. ની પ્રભાવના થયેલ. વાત્રિક મંડળે પૂજા–ભાવનામાં ભકિતની ધુન જગાવી હતી. યાત્રાળુઓ તરફથી ત્રણે જિનાલયો અને અન્ય સંસ્થાઓમાં સારી રકમો ભરાવેલ. તેમજ ઘરદીઠ બબ્બે રૂા. ની પ્રભાવના કરેલ. અહીંના શ્રી મહાવીર સેવા મંડળે તથા પેઢીના મુનીમ શ્રી જયંતીલાલ મોદી ( રાધનપુરવાળા ) એ સુંદર સેવા આપી હતી.

## સિરસા [હરિયાણા]

પંજાબકેશરી વિજયવલ્લભસૂરિજી મ૦ના સમુદાયના આ૦શ્રી વિજયેન્દ્રદિન્નસૂરિજી આદિ દિલ્લીથી રોહતક, હાંસી, હિસાર આદિ ગામોમાં ધર્મપ્રભાવના પ્રસરાવતા તા.૫–૧–૭૫ના સિરસા પધાર્યા છે. અહીંના ચારે ફિરકાના જૈનોએ મળી ધામધુમથી નગરપ્રવેશ કરાવ્યો હતો. નિત્ય અપાતા વ્યાખ્યાનનો પણ બધા લાભ લે છે. તા. ૧૬ના ધર્મચક્ર પ્રભાયાત્રાનો દબદબાભર્યો વરઘોડો ચઢતા બધા જ ફીરકાનો તેમ જ જૈનેતરો અને રાજકર્મચારીઓ તેમાં જોડાયાં હતાં. આ જ રાત્રે શ્રી મહાવીરપ્રસાદ જૈન એડવોકેટના પ્રમુખસ્થાને અને સતગુરુ જગજીતસિંહજી અતિથિવિશેષપદે મળેલ વિરાટ જાહેરસભાના કાર્યક્રમનું ચૌધરી દલવીરસિંહજી (મંત્રી) એ ઉદ્‌ઘાટન કર્યું હતું. આચાર્યશ્રીએ ભ૦મહાવીરના મુખ્ય પાંચ સિદ્ધાંતોનું મહત્વ સમજાવ્યું હતું. અનેક વિદ્વાનોના પ્રવચનો થયેલ.

આચાર્યશ્રી સિરસાથી વિહાર કરી ભટીંડા, મોઘા, કપૂરથલા આદિ થઈ જીરા પધારશે.

### લવાજમ............અને............મનીઓર્ડર

અમારા "જૈન" સાપ્તાહિકના ગ્રાહકોને અમોએ આપેલ સુચના મુજબ લવાજમનું મનીઓર્ડર હજુ સુધી કર્યું ન હોય તો આજે જ કરી દેવા વિનંતિ. –વ્યવસ્થાપક "જૈન"

ખસ, ખરજવા, દાદર માટે.
મોતીલાલ પ્રેમચંદ એન્ડ કું. મુંબઈ-૨.

ચાંદીના વરખ...
પુસ્તક ભંડાર
મુંબઈ-૨

**શ્રી સિકંદ્રાબાદ–શિખરજી મહાતીર્થ છ'રી પાલિત યાત્રા સંઘ**

## અનુમોદના સમિતિ

| | | |
|---|---|---|
| **શેઠશ્રી માણેકચંદજી બેતાળા** | **રાજેન્દ્ર એ. દલાલ** | **શ્રી તારાચંદજી ચોરડીયા** |
| પ્રમુખ : | સેક્રેટરી : | ખજાનચી : |

## સહર્ષ પ્રકાશિત કરેલ......૭૫૦ પાનાનો દળદાર

# "સ્મૃતિ ગ્રંથ"

**ઉદ્‌ઘાટન —શ્રી બકુભાઈ ( રમણિકલાલ ) ભોગીભાઈ ભાવનગરના શુભહસ્તે...**

## આ ગ્રંથ મેળવનારને નમ્ર વિનતિ :—

- ઉદ્‌ઘાટન સમયસર કરવા માટે કાર્ય જલ્દી કરેલ છે. માટે આજની તારીખથી લઈને દોઢ માસ સુધીમાં 'સ્મૃતિ ગ્રંથ'ની કોપી દાતાઓને કે પોતાને ન મળે તો જ અમારી સાથે પત્રવ્યવહાર કરે.
- દરેક દાતાઓને દોઢ માસ સુધીમાં કોપી મોકલવા માટે અમે પ્રબંધ કરાવેલ છે
- જે ગ્રાહકોએ રૂા. ૨૧–૦૦ પહેલેથી ભર્યા છે, તેઓને રૂા. ૫ તથા પોસ્ટેજ (રજીસ્ટર્ડ એ. ડી. સાથેના કાપી બાકીની રકમ પાછી મોકલવાની છે. તો તેઓએ તુરત જ પત્ર લખવો.
- કોપીઓ બહુ જ ઓછી હોવાથી કોઈને પણ (દાતા સિવાય) ભેટ આપી શકાય તેમ નથી. તો તે માટે કોઈએ પણ પત્રવ્યવહાર કરવો નહિ.
- આ સ્મૃતિ ગ્રંથના ઉદ્‌ઘાટન નિમિત્તે બે પુસ્તકો "જૈન ધર્મની રૂપરેખા" લેખકઃ મુનિશ્રી રાજ્યશવિજયજી મ. તેમ જ...."યાત્રા સંઘ"—સંકલ્પ-સાધના અને સિદ્ધિ–લેખકઃ મુનિશ્રી યશોવર્મવિજયજી મ. જેની હજારો નકલો જૈન-જૈનેતરોને જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતો માટે વિતરિત કરાઈ છે. આ પુસ્તિકાઓમાં બન્ને સંઘયાત્રાનો ટૂંક અહેવાલ આપવામાં આવ્યો છે, તેમ જ તીર્થપ્રભાવક પૂજ્ય આચાર્યદેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ. નું એક પ્રેરક પ્રવચન પણ સમાયેલું છે. આ પુસ્તિકાઓ ૦–૪૦ પૈસાના પોસ્ટલ સ્ટાપ મોકલી આપનારને વિના મૂલ્યે મળશે.

સંપર્ક સ્થાન...............

સ્મૃતિ ગ્રંથ અંગે વધુ માહિતી માટે :–
સંયોજકઃ રાજેન્દ્ર એ. દલાલ
૪૦/બી, રાજગોપાલપેઠ, સીકંદ્રાબાદ (એ.પી.)

જૈનધર્મની રૂપરેખા અને યાત્રા સંઘ પુસ્તિકા માટે–
નરેન્દ્રકુમાર C/o નવલચંદ પી. શાહ
એમ. હીરાલાલ બાવચંદની કું.
દાણાપીઠ, ભાવનગર ( ટે. નં. ૪૫૨૮ )

## આચાર્યશ્રી વિજયસમુદ્રસુરિજી મ.ના ૮૪મા જન્મદિન પ્રસંગે

# દિલ્હીમાં મનાવાયેલ અભિવાદન સમારોહ

### આચાર્ય મહારાજશ્રીને અર્પણ કરવામાં આવેલ 'જૈન શાસનરત્ન'નું બિરૂદ

### યુવકોએ એકત્ર કરેલ રૂા. ૮૪૦૦૦નો નીધી વલ્લભસ્મારકને અર્પણ કર્યો

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર શાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજના ૮૪મા વર્ષના પ્રારંભ પ્રસંગ નિમિત્તે દિલ્હીમાં એક અભિનંદન સમારોહની સાથે ઉત્તરભારતના યુવકોએ "યુવાચેતના દિન" શ્રી આત્માનંદ જૈન મહાસભાના ઉપક્રમે તા. ૨૫-૧૨-૭૪ના દિવસે મનાવ્યો હતો.

મંગળવાર, તા. ૨૪-૧૨-૭૪ના રાતે હંસરાજ કોલેજહોલમાં સંગીત પ્રતિયોગીતાનો કાર્યક્રમ યોજેલ, જેમાં વિજેતા બનેલાઓને દિલ્હીના મેયરશ્રી કેદારનાથ સહાનીના વરદહસ્તે ઇનામો આપ્યા હતા.



પ. પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી

બુધવાર તા. ૨૫ના સવારે ૧૦કલાકે હંસરાજ કોલેજના પટાંગણમાં આચાર્યશ્રીનું અભિવાદન કરવા માટે દશહજારની માનવમેદની એકત્ર થઈ હતી. આ પ્રસંગે ઉપાધ્યાયશ્રી વિદ્યાનંદજી, મુનિશ્રી સુશીલકુમારજી, મુનિશ્રી રાકેશકુમારજી, મુનિશ્રી જનકવિજયજી, સાધ્વી શ્રી વિચક્ષણાશ્રીજી, સાધ્વીશ્રી પ્રિતીસુધાશ્રીજી, સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી આદિએ શાંતમૂર્તિ આચાર્ય ભગવંતનું અભિવાદન કરતા પ્રવચનો કર્યાં હતાં. તેમ જ રાષ્ટ્રને વફાદાર રહેવા યુવકોને અપીલ કરી હતી.

કેન્દ્રના પ્રસારણ મંત્રી ઈન્દ્રકુમાર ગુજરાલ, ઉપસંચાર મંત્રી જગન્નાથ પહાડિયા, મેયર શ્રી કેદારનાથ સહાની, હરિયાણાના પૂર્વ વિત્તમંત્રી ઓમપ્રકાશ જૈન અને જૈનસમાજના ચ રેયફિરકાના આગેવાનોએ ઉપસ્થિત રહી આચાર્યશ્રીનું દીર્ઘાયુ ઈચ્છી રાષ્ટ્રને આવા સંતોની વિશેષ જરૂર હોવાનું જણાવ્યું હતું.

શ્રી આત્માનંદ જૈન મહાસભાના પ્રમુખશ્રી ધર્મપાલજી ઓસવાલે આચાર્યશ્રીનું અભિવાદન કરી સૌનું સ્વાગત કરતાં જણાવેલ કે— એ ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ કલ્યાણક મહોત્સવની રાષ્ટ્રીય સમિતિના અતિ-વિશેષ તરીકે આ૦ શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ દિલ્હી પધાર્યા છે. તેઓશ્રીએ ગુરુદેવ વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ના માર્ગ પર ચાલી દેશભરમાં ધર્મ અને માનવસેવાના અનેક કાર્યો કર્યાં છે. આચાર્યશ્રી રાષ્ટ્રભક્તિથી રંગાયેલા છે. તેઓશ્રી ખાદીપહેરે છે. ચીન આક્રમણ તથા ભારત-પાકિસ્તાનના યુદ્ધ સમયે દેશવાસીઓને તન-મન-ધન અર્પણ કરવાની ઘોષણા કરી હતી અને દેશના જવાનો માટે રક્તદાન આપવાની પોતાની ભાવના વ્યક્ત કરતા સાથે જૈન સમાજને રક્તદાન આપવા માટે અપીલ કરી હતી. આચાર્યશ્રીજીની સરલતા અને નિરાભિમાનતા વિરલ છે. સમાજઉત્કર્ષ માટે હંમેશા કાર્યરત રહેતા આચાર્યશ્રી ૮૪ વર્ષની ઉંમરે પણ સમાજ સેવા અને એકતાના કામો કરી રહ્યા છે. આવા મહાન સંતને માટે દીર્ઘાયુ ઇચ્છું છું.

આ પ્રસંગે શ્રી મહાવીર જૈન યુવકસંઘ ઉત્તર ભારતના પ્રમુખશ્રી નિર્મલકુમારજી જૈને આચાર્યશ્રી-જીની શાસનસેવાને અનુરૂપ "જૈન શાસનરત્ન" ની પદવી જૈન સંઘ તરફથી આપવાની જાહેરાત કરવા સાથે સન્માન સૂચક શાલ વહોરાવી હતી.

રૂા. ૮૪૦૦૦ની થેલી

અભિવાદન સમારોહ પ્રસંગને અનુરૂપ યુવકોએ રૂા. ૧૦૧-૧૦૧ના એકત્ર કરેલ રકમથી જે રૂા. ૮૪૦૦૦ થયેલ, તે રકમની થેલી શ્રી મહાવીર જૈન યુવક સંઘ ઉત્તર ભારતે શ્રી ધર્મપાલ ઓસવાલને દિલ્હીમાં ગુરુ વલ્લભ સ્મારક બની રહેલ છે, તેમાં અર્પણ કરેલ હતાં.

પંચસૂત્રી સંકલ્પ

આચાર્યશ્રીજીના ૮૪મા જન્મદિવસ સમારંભમાં ઉત્તરભારતના ૪૦૦ ઉપરાંત યુવકો જુદા જુદા ગામો-માંથી ઉપસ્થિત રહ્યાં હતાં અને તેઓએ નીચે પ્રમાણે પંચ સૂત્રી સંકલ્પ-પ્રતિજ્ઞા લીધી હતી.

૧. ભગવાન મહાવીર શાસનના અનુગામી ગુરૂ આત્મારામજી મહારાજ તથા ગુરુ વલ્લભસૂરિજી મહારાજ દ્વારા નિર્દિષ્ટ સેવા, સાદગી, શુદ્ધ ખાનપાન અને આચાર-વિચાર ને જીવનમાં ઉતારી દેશ, સમાજ અને ધર્મ પ્રત્યેનું કર્તવ્ય બજાવીશું.

૨. જીવનને સહિષ્ણુ, પરોપકારમય, અહિંસક અને અનુશાસનયુક્ત બનાવીશું.

૩. સમાજના નૈતિક ઉત્થાન માટે હંમેશ જાગૃત રહીશું.

૪. સંગ્રહ, શોષણ તથા દુર્વ્યસનથી દૂર રહી જીવનને સંયમિત અને મર્યાદિત બનાવવા પ્રયત્ન કરીશું.

૫. બૌધિક વિકાસ માટે સારા પુસ્તકોના વાંચન અને સ્વાધ્યાય દ્વારા આધ્યાત્મિક વિકાસ સાધીશું.

ઉપરની પાંચ પ્રતિજ્ઞાઓ જાહેર કરી તેને અનુ-રૂપ જીવન જીવવાની દ્રઢતા જાહેર કરી હતી.

પ્રેરક સંદેશા

આ પ્રસંગે રાષ્ટ્રપતિ શ્રી ફકરૂદ્દીન અલીઅહમદ, ઉપરાષ્ટ્રપતિ શ્રી જત્તી, સંરક્ષણ મંત્રીશ્રી સ્વર્ણસિંહ, કેન્દ્રીય મંત્રી શ્રી શંકરદયાળ શર્મા, મુંબઈ બિરાજતા અનેકાનેક આચાર્યો આદિ શ્રમણ ભગવંતો, ગુરુભક્તો તેમ જ પંજાબ, રાજસ્થાન, ગુજરાત આદિ રાજ્યો-માંથી આવેલા અનેક સંદેશાઓ યુવકસંઘના મંત્રી મહેન્દ્રકુમાર 'મસ્ત' વાંચી સંભળાવ્યાં હતાં.

આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે પોતાની મંગલવાણીમાં જણાવેલ કે-આપણા યુવાનો દેશનું અમૂલું ધન છે. દેશમાં આજે ખાણી-પીણી અને પહેરવેશ ઝડપથી બદલાઈ રહ્યાં છે. ભારતીય સંસ્કૃતિને અનુરૂપ આચાર-વિચારનું ઘડતર આજના યુવાનો પોતામાં કરે-તેમ જ ગામે-ગામ અને ઘરેઘરે તેઓ પ્રચારનું કાર્ય કરે તો જ આપણી સંસ્કૃતિ જળવાશે. હિંસા અને દારૂના પ્રચારને અટકાવવા યુવકોએ આગળ આવવું જોઈએ. સરકારને જાગૃત કરવાનું ભગિરથ કાર્ય યુવાનો જ કરી શકશે. તમે સૌ મારું જે અભિવાદન કરો છો તે મારું નહી પણ જૈન શાસનનું છે. હું તો એક પથિક છું. આપણે સૌ સક્રિય કાર્ય દ્વારા જૈન શાસન સંઘ અને સમા-જનો ઉત્કર્ષ કરીએ એ જ અભિલાષા છે.

આ સમારંભ બપોરના ૨-૩૦વાગે પૂરો થયો હતો,

દિલ્હીથી વિહાર

પૂજ્ય આચાર્યશ્રી આદિ તા. ૨૬-૧૨-૭૪ના દિલ્લીથી વિહાર કરી સોનીપત થઈ તા. ૧૪-૧-૭૫ના પંજાબ અંબાલા શહેરમાં પધાર્યાં છે. સંક્રાંતિ મહો-ત્સવ અંબાલામાં મનાવવામાં આવ્યો છે.

## વલભીપુર પધાર્યા

ઉપા૦ શ્રી ભાસ્કરવિજયજી આદિ પાલિતાણાથી વિહાર કરી ૫૦૦ આયંબિલના પારણા નિમિત્તના શ્રી સિદ્ધચક્રપૂજન મહોત્સવ પ્રસંગે પધાર્યા છે. વિધિ શ્રી જયંતીભાઈ મોટી ટોળીવાળાએ કરાવેલ.

## ગુરુભક્તિનો લ્હાવો-પાલિતાણા

આ૦દેવશ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ૦, આ૦ દેવશ્રી વિજયનીતિપ્રભસૂરિજી મ૦ આદિ ભાવનગર અંજનશલાકા મહોત્સવ પ્રસંગે પાલિતાણાથી તા.૧૯-૧-૭૫ના વિહાર કરતાં, શ્રી પરમાણંદ જાદવજી વોરા અને શ્રી ધરમશી જાદવજી વોરા સપરિવારે, પારસ સોસાયટીના પોતાના નિવાસસ્થાને પગલાં કરાવી ગુરુ-ભક્તિનો સુંદર લ્હાવો લીધો હતો.

### બનકોડા (રાજસ્થાન)

મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મ૦ આદિ મા. વદ ૭ના અત્રે પધારતાં શ્રીસંઘે ઠાઠમાઠથી નગરપ્રવેશ કરાવ્યો હતો. અનેક ગહુંલીઓ થઈ હતી. વ્યાખ્યાનનો લાભ જૈનો તેમ જ જૈનેતરોએ પણ લીધેલ. પોષદસમીની આરાધના પણ પૂજ્યશ્રીની નિશ્રામાં ઉત્સાહભેર થઈ હતી. પૂજ્યશ્રીના વ્યાખ્યાનનો પ્રભાવ સારો પડેલ. માંસ–મંદિરા ત્યાગની કેટલાએ પ્રતિજ્ઞા લીધેલ.

## મુંબઈમાં દીક્ષા મહોત્સવ

ભાયખલામાં આ૦દેવશ્રી વિજયરામસૂરીશ્વરજી મ૦ ડહેલાવાળા આદિની નિશ્રામાં પાટણનિવાસી શાહ રમણલાલ કચરાચંદ તથા તેમના ધર્મપત્ની ચંદ્રાવતીબહેને પો. સુદ ૬ના સાનંદ દીક્ષા અંગીકાર કરી છે.

દીક્ષા નિમિત્તે બૃહદ્ શાંતિસ્નાત્ર સહ નવ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવેલ. પો. સુદ ૪ના રથયાત્રાનો વિશાળ વરઘોડો ચઢેલ અને સુદ ૬ના સાધર્મિકવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગ સાથે સાથે ઘાણેરાવનિવાસી શ્રી કુલચંદભાઈએ પણ દીક્ષા અંગીકાર કરી છે.

ચારિત્ર ગ્રહણ કર્યા બાદ શ્રી રમણભાઈને મુનિશ્રી રાજચંદ્રવિજયજીના નામે અને શ્રી કુલચંદભાઈને મુનિશ્રી ધર્મરત્નવિજયજીના નામે જાહેર કરી આચાર્યશ્રીના શિષ્યો બનાવવામાં આવ્યા છે. ચંદ્રાબહેનને સાધ્વી શ્રી ચારુશીલાશ્રીજી નામ આપી સાધ્વીશ્રી કનકપ્રભાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. બાલમુનિશ્રી હેમચંદ્રવિજયજી મ૦ને આ અવસરે વડીદીક્ષા આપવામાં આવેલ.

આ મંગલ અવસરે આ૦દેવ શ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મ૦, આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦, આ૦ શ્રી વિજયભુવનચંદ્રસૂરિજી મ૦ આદિ શ્રમણ ભગવંતો વિશાળ સંખ્યામાં પધાર્યા હતા.

### પાલિતાણામાં પારિતોષિક અને પ્રમાણપત્ર વિતરણ અંગેનો સમારંભ

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમના ઉપક્રમે શ્રાવિકાશ્રમ, સિદ્ધક્ષેત્ર મોટી ટોળી, વિજયનીતિસૂરિજી પાઠશાળા, સિદ્ધક્ષેત્ર બાલાશ્રમ તેમ જ યશોવિજયજી ગુરુકુળના જે વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ ગત વર્ષે શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી–મુંબઈ દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા તેઓને પ્રાપ્ત થયેલ પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરવાનો એક સમારંભ મામલતદાર શ્રી રમણિકલાલ એસ. શાહના પ્રમુખપદે, મોટી ટોળીના નૂતન ઉપાશ્રયે, તા. ૧૮–૧–૭૫ના યોજાએલ. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રાસંગિક વક્તવ્યો થયા હતા. જ્યારે અ૦ સૌ૦ જ્યોત્સ્નાબહેન રમણિકલાલ શાહના શુભ હસ્તે પારિતોષિક અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

### ઉપાધ્યાયપદ પ્રદાન–ન[illegible]

આ૦દેવશ્રી વિજયસુશીલસુરિજી મ૦ની નિશ્રામાં અત્રે પંન્યાસશ્રી ચંદનવિજયજી તથા પંન્યાસશ્રી વિનોદવિજયજી મ૦ને તા. ૨૩–૧–૭૫ના ઉપધ્યાયપદથી અલંકૃત કરવામાં આવ્યા છે.


દાદાના દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વિનંતે કરે છે:

ભોજનશાળાનો વાર્ષિક તુટો મોંઘવારીના કારણે રૂા. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.

લગભગ અઢી લાખ પુન્યશાલી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.

પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.

છઠ્ઠ–અઠ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.

**શ્રેષ્ટ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક, અને ચતુર્વિધ સંઘની ભક્તિ**

**……………એ અમારા પુન્યનું ભાથું છે……………**



તંત્રી. મુદ્રક, પ્રકાશક, માલીક: શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાન: જૈન પ્રિન્ટરી પાનવાડી ભાવનગર.

ભગવાન મહાવીર ના પચીસ સોમા નિર્વાણ કલ્યાણક નિમિત્તે


સાપ્તાહિક પત્ર **જૈન**

સંપાદક:-રતિલાલ દીપચંદ દેસાઇ

પ્રેરક:-શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, મુંબઇ.


# ક્રોધે ક્રોધીનો જ જીવ લીધો !

એક વાર ભગવાન મહાવીર વૈશાલીમાં પધાર્યા. વૈશાલી તો ભગવાનનું પોતાનું વતન. ઊતરવા માટે જોઇએ તેવું સુંદર સ્થાન લોકો હોંશે હોંશે આપે. પણ આત્મા માટે રાજપાટના ત્યાગીને મહેલ કરતાં શાંત એકાંત સ્થાન વધારે ગમે.

ભગવાને તો નગરને છેડે એક લુહારના ડેલામાં ઉતારો કર્યો. ડેલાનો માલિક છ મહિનાથી, પોતાની માંદગીને લીધે, બહારગામ ગયો હતો. એટલે ડેલામાં ધૂળ-માટી-કચરાનો કોઇ પાર ન હતો. પણ ધ્યાન-મૌન માટે એવું સ્થાન ભગવાનને બહુ ગમી ગયું. ભગવાન ધ્યાનમાં એવા એકાગ્ર થઈ ગયા કે જાણે પાષાણની પ્રતિમા જ!

પેલો લુહાર સાજો થઈને આજે જ પાછો આવ્યો હતો. પોતાની કોઢમાં આવીને જોયું તો એમાં એણે એક મૂંડિયાને આસન લગાવીને બેઠેલો દીઠો. એને થયું આજે પહેલા જ મુરતમાં આ કેવા અપશુકન થયાં! અને એનું મન એ મૂંડિયા ઉપર ક્રોધથી ધમધમી ઊઠ્યું!

એ ક્રોધમાં ને ક્રોધમાં એણે લોઢાનો ઘણ ઉપાડયો અને ભગવાનના માથા ઉપર ઝીંકવા ઉગામ્યો. ઘણ હમણાં પડયો કે પડશે અને સાધુનાં સોયે વરસ જોત જોતામાં પૂરાં થઈ જશે! એ દૃશ્ય જોનારાં સમસમી ગયાં.

અને...અને...અને એ ક્રોધના આકરા આવેશમાં લુહારનો હાથ ઢીલો પડી ગયો; પેલો ઘણ એના હાથમાંથી છટકીને એના પોતાના માથા ઉપર જ ઝીંકાયો અને બાપડો લુહાર પળમાત્રમાં હતો-નહતો થઈ ગયો! ક્રોધનાં ફળ આવાં જીવલેણ હોય છે.

પ્રભુ! આ વર્ષ અમારે દિવાળી



# શ્રમણ ભગવાન મહાવીર

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

[ નોંધ–પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરિજી મહારાજની કલમથી લખાયેલ શ્રમણ ભગવાન મહાવીરના ૨૬ ભવનું પુસ્તક વાંચ્યા પછી ભગવાન મહાવીર પ્રભુના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકની ઉજવણીના વર્ષમાં ભગવાન મહાવીરના સત્તાવીશમાં ભવનું જીવન લખવા માટે અમોએ તેઓશ્રીને વિનતી કરી. અમારી વિનંતીનો આચાર્યશ્રીએ સ્વીકાર કર્યો અને 'જૈન' પત્રની આ પૂર્તિમાં ભગવાનનું ચરિત્ર પ્રગટ કરવાની અનુમતિ આપી–એટલે છેલ્લા ત્રણ અંકમાં ભગવાનના જીવનની ભૂમિકા આપવામાં આવી હતી. આ અંકથી ભગવાન મહાવીરના જીવન ચારિત્રનો પ્રારંભ થાય છે અને તે અત્યાર અગાઉ પૂ. આચાર્ય મહારાજશ્રીએ લખેલ ચરિત્રથી જુદું હોઇ અહીં પહેલીવાર પ્રકાશિત થાય છે. —સંપાદક ]

કર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે કોઈપણ કર્મના શુભ અશુભ ફળનો તેમ જ તેની તીવ્રતા–મંદતાનો આધાર તે તે કર્મમાં આ જીવે, શુભ–અશુભ લેશ્યાના કારણે, પ્રગટ કરેલ રસ ઉપર છે. કર્મના બંધ પ્રસંગે શુભ લેશ્યા હોય તો કર્મમાં શુભ રસ ઉત્પન્ન થાય છે. શુભ લેશ્યાની તીવ્રતા હોય તો કર્મના શુભ રસમાં તીવ્રતા અને શુભ લેશ્યાની મંદતા હોય તો કર્મના શુભ રસમાં મંદતા પેદા થાય છે. એ જ પ્રમાણે અશુભ કર્મના રસની તીવ્રતા–મંદતા માટે પણ સમજી લેવું. શુભ રસવાળું કર્મ સુખ આપે છે. અશુભ રસવાળું કર્મ દુઃખ આપે છે. જીવનમા સુખ–દુઃખનું કારણ કર્મનો શુભ–અશુભ રસ છે. અને કર્મના રસનું કારણ શુભ–અશુભ લેશ્યા છે.

વર્ષો સુધી જેનો સુખ–દુઃખરૂપે ભોગવટો ચાલે એવાં શુભ કે અશુભ કર્મમાં એક સરખો શુભ–અશુભ રસ નથી હોતો. કોઈ ક્ષણ જીવનમાં એવી આવે કે એ ક્ષણે ઉત્કૃષ્ટ કોટિની શુભલેશ્યા હોય. આવી ઉત્કૃષ્ટ શુભ લેશ્યાના કારણે બંધાતા કર્મમાં જે શુભરસ પેદા થાય અને એ શુભ રસનો જે ક્ષણે ભોગવટો કરવાનો પ્રસંગ આવે ત્યારે શુભકર્મનું ફળ પણ સર્વોત્કૃષ્ટપણે ભોગવાય. તીર્થંકર ભગવંતના ચ્યવન કલ્યાણકથી લઈ તીર્થંકર પ્રભુના નિર્વાણ સુધી– અને તેમાં પણ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી નિર્વાણ સુધી–પ્રત્યેક ક્ષણે તીર્થંકર નામકર્મનો ઉદય સતત ચાલુ હોવા છતાં ચ્યવન, જન્મ વગેરે કલ્યાણકના વિશિષ્ઠ પ્રસંગે જ, વિશિષ્ટ રસનો ઉદય હોવાને કારણે, અખિલ વિશ્વમાં સર્વત્ર અજવાળાં–અજવાળાં અને વિશ્વના સર્વ જીવોને સુખ–શાંતિનો અનુભવ થવાની અને તે સિવાયના સમયે તેવા અજવાળાં અને સુખ–શાન્તિનો અનુભવ ન થવાની શાસ્ત્રીય બાબત તદ્દન યથાર્થ છે...... ..ઇતિ ભૂમિકા.

## ચ્યવનકલ્યાણકનો પુણ્ય પ્રસંગ

વર્તમાન બિહાર પ્રાન્તમાં આવેલ પ્રાચીન વૈશાલીના બ્રાહ્મણકુંડ તરીકે પ્રસિદ્ધિ પામેલા નગરમાં ચારેયવેદ વગેરે બ્રાહ્મણયોગ્ય શાસ્ત્રોના પારંગત ઋષભદત્ત નામે એક બ્રાહ્મણ વસતા હતા. શીલ વગેરે પવિત્ર ગુણોથી અલંકૃત દેવાનંદા નામે તેમને પત્ની હતી.

આજથી લગભગ ૨૫૭૨ વર્ષો અગાઉ અષાઢ સુદિ ૬ નો એ અતિપવિત્ર દિવસ હતે. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચન્દ્રના સુભગ યોગની એ સોહામણી રાત હતી. તે વખતે શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો આત્મા વૈમાનિક નિકાયના પ્રાણાત નામના દશમા દેવલોકમા આવેલા પુષ્પોત્તરાવતંસક નામના ૨૦ સાગર... શિરોમણિ

વિમાનમાં વીસ સાગરોપમની આયુષ્યની સ્થિતિ પરિપૂર્ણ થયા બાદ ત્યાંથી ચ્યવી દેવાનંદાની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો. અને તે અવસરે ગજ, વૃષભ, (કેસરીસિંહ, ગજ, વૃષભ,) લક્ષ્મીનો અભિષેક, પુષ્પમાળાનું યુગલ ચન્દ્ર, સૂર્ય, ધ્વજ, કળશ, પદ્મસરોવર, ક્ષીર સમુદ્ર, દેવવિમાન, રત્નરાશિ અને વિધૂર્મ અગ્નિશીખા—એમ ચૌદ મહાસ્વપ્નને જોઇને અર્ધ (અલ્પ) નિદ્રાવસ્થામાં વર્તતા માતા દેવાનંદા જાગૃત થયાં.

**માતાજીને સ્વપ્નદર્શન અને તેનું કારણ**

કોઈપણ પુણ્યવંત મહાનુભાવનો ભવિમાં ઉદય વધવાનો હોય ત્યારે તેના પુણ્યબલના પ્રભાવે રાત્રિએ અલ્પનિદ્રાવસ્થામાં તે ભાગ્યવંત સ્ત્રી અથવા પુરૂષને, સ્વપ્નશાસ્ત્રના નિયમ પ્રમાણે, ઉત્તમ સ્વપ્નો આવે છે. અને એવાં ઉત્તમ સ્વપ્નો આવ્યા બાદ જાગૃત થયા પછી શેષ રાત્રિ જે રીતે આનંદપૂર્વક ધર્મધ્યાનમાં પસાર કરવી જોઈએ, તે રીતે પૂર્ણ કરવામાં આવે તેમજ સૂર્યોદય થાય એટલે પરમાત્માના દર્શનપૂજન—યાચકોને દાન વગેરે સુકૃતની પ્રવૃતિ કરવામાં આવે તો તે મહાનુભાવને રાત્રિએ આવેલાં ઉત્તમ સ્વપ્નનું ફળ મર્યાદિત સમયમાં અવશ્ય પ્રાપ્ત થાય છે.

**કર્મનો ભોગવટો બે પ્રકારે,**
**વિપાકોદયથી અને પ્રદેશોદયથી**

જૈન દર્શનમાં પૂર્વાવસ્થામાં બંધાએલાં શુભ-અશુભ કર્મનો ઉદય ( કર્મના ફળનો ભોગવટો ) બે પ્રકારે કહેલો છે. વિપાકોદયથી અને પ્રદેશોદયથી. જે કર્મનું જે ફળ હોય તે કર્મનું તે ફળ યથાર્થ ભોગવવું તેનુ નામ વિપાકોદય છે. અને જે કર્મનુ જે ફળ હોય તેનો તે રૂપે યથાર્થ ભોગવટાનો અનુભવ ન થવો એમ છતા મન્દપણે શુભ—અશુભ સ્વપ્નદર્શન વગેરે પ્રકારે ભોગવટા થવો તેનું નામ પ્રદેશોદય છે. તીર્થંકર ભગવંતને તીર્થંકરનાં ભવમાં સંયમગ્રહણ કરવા પછી કેવલજ્ઞાન—કેવલદર્શનની પ્રાપ્તિ થવી અને સમવસરણ તથા કોઈવાર સુવર્ણ કમળ ઉપર બિરાજમાન થઇ ગ્લાનિ રહિત યોજનગામિની ધર્મદેશના આપવી તેમજ ધર્મતીર્થની સ્થાપના થવા સાથે તેનું પ્રવર્તન પોતાની હૈયાતી સુધી ચાલુ રાખવું, એ તીર્થંકર નામકર્મનું યથાર્થ ફળ છે. એ કારણેજ, એવંભૂત નય (સર્વ—શુદ્ધ નય) ની અપેક્ષાએ, તીર્થંકર ભગવંતો જ્યારે ધર્મદેશના આપતા હોય ત્યારે જ તેમને <u>તીર્થંકર</u> કહેવાય છે. તીર્થંકર નામકર્મનો ભોગવટો થવો અને ભોગવટા દ્વારા એ કર્મ પણ આત્મપ્રદેશોથી ક્રમે ક્રમે છુટું પડવું. આ હકીકત માટે "अगिलाणाए धम्मदेशणयाए" શાસ્ત્રનાં આ વચનો સુપ્રસિદ્ધ છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તીર્થંકર પરમાત્માના જીવનપર્યંત અશોકવૃક્ષ વગેરે અષ્ટમહા—પ્રતિહાર્યની નિરંતર હાજરી હોવાનું શાસ્ત્રમાં જે વર્ણન આવે છે, તે અષ્ટમહા પ્રતિહાર્યની સતત હાજરી એ તીર્થંકર નામકર્મનું મુખ્ય ફળ નથી; મુખ્યફળ તો ગ્લાનિ (શ્રમ) રહિત ધર્મદેશના અને તેના પરિણામે ધર્મ-તીર્થનું પ્રવર્તન તીર્થંકર નામકર્મનું મુખ્ય ફળ છે. એમ છતાં તીર્થંકરના ભવની અપેક્ષાએ આગલા ત્રીજા ભવમાં જ્યારથી તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ થાય છે, ત્યારથી એ તીર્થંકર નામકર્મનો પ્રદેશોદય ચાલુ હોય છે. અને માતાજીને ચૌદ સ્વપ્ન દર્શન વગેરે અનેક પ્રકારનો મહિમા શરૂ થઈ જાય છે. તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ થયા પછી, અવશ્ય ભાવિભાવના કારણે, શ્રેણિક મહારાજની માફક તીર્થંકરના આત્માને નરકમાં ઉત્પન્ન થવાનો પ્રસંગ આવે તો નરકમાં પણ એ તીર્થંકર ભગવંતના આત્માની બીજા નારકીના જીવોની અપેક્ષાએ અનેક પ્રકારની વિશેષતા હોય છે.

રાજા—મહારાજાને ત્યાં જન્મ લેનાર રાજપુત્ર જન્મથી રાજા બનતો નથી એમ છતાં, વિશિષ્ટ પ્રકારની પુણ્ય પ્રકૃતિ સત્તામાં વિદ્યમાન હોવાના કારણે, એ રાજપુત્રનો જન્મ થયા પછી અનેક પ્રકારની ધામધૂમ થતી હોવાનું સર્વજનપ્રસિદ્ધ છે, એ પ્રમાણે ભગવાન તીર્થંકરદેવ માતાની કુક્ષિમાં આવે ત્યારથી જ વ્યહવારનય તેમ જ ઋજુસૂત્રનયની અપેક્ષાએ એમને તીર્થંકર તરીકે ગણવામાં આવે છે. અને ઇન્દ્રાદિદેવો શક્રસ્તવ (નમુત્થુણં) સૂત્ર વડે તે અવસરે ભગવંતની સ્તુતિ કરે છે.

[ અનુસંધાન પાના નં. ૩૮ પર જુઓ ]

## ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકની તીર્થભૂમી

# ઋજુવાલુકા

## તીર્થભૂમિઓ

લેખક–તીર્થપ્રભાવક પૂ. આચાર્ય દેવ
શ્રી વિજયવિક્રમસૂરિજી મહારાજના શિષ્ય
પૂ. મુનિરાજ શ્રી રાજયશવિજયજી મહારાજ

કેટલાક ભાવિકો આ તીર્થના વિકાસની ઈચ્છા રાખે છે; વિકાસ થવા યોગ્ય પણ છે. મંદિરથી ૧૦૦ ૨૦૦ ડગલે વહેતી નદી આજે બ્રાકર નદીના નામે ઓળખાય છે, અને તેના પરથી વર્તમાન ગામનું નામ પણ બરાકર પડેલ છે. પણ ચાલી આવતી પરંપરા પ્રમાણે આ નદીને જ ઋજુવાલુકા નદી ગણવામાં આવી છે. જ્યારે અમે તે નદીનો પટ જોયો ત્યારે એની શાંતિ અને સુંદરતાએ આત્મામાં કોઈ અનુપમ ભવ્યતા પાથરી દીધી હતી. એ શાંત ઋજુવાલુકાનાતટે કલાકો સુધી બેસીને પરમાત્માના કેવલજ્ઞાન જોડે ચિત્ત-નાં તંતુને જોડવાનું દિલ થઈ આવતું હતું. એ સ્થા-નની પ્રાકૃતિક રમણીયતા આત્માને આનંદવિભોર બનાવી દે તેવી છે. કેટલાક આ નદીની બાજુમાં આવેલ જમ-ગામને જંભુક ગામ તરીકે ઓળખાવે છે અને આ સ્થાનને જ પરમાત્મા મહા-વીરના કેવળજ્ઞાન કલ્યાણ-કના સ્થાન તરીકે માને છે; જ્યારે કેટલાક સંશોધકો આ સ્થાનને સ્થાપનાતીર્થ કહે છે. તેઓ મૂળ સ્થાન સ્પષ્ટ રીતે દેખાડી શકતા નથી; છતાં આ સ્થાન મૂળ સ્થાન નથી તેવી દલીલો કરે છે.

આ બધા વિષયો ખુબ જ વિચારણીય છે. એકદમ નક્કર પુરાવાઓ કહીયે એવા કોઈ પણ પક્ષે આપવા મુશ્કેલ હોય છે. શાસ્ત્રોના વર્ણનના આધારે, માર્ગના અંતરની અટકળોથી, સ્થાનો નક્કી કરવાનો માર્ગ તો છે જ, પણ ૨૫૦૦ વર્ષના મોટા ગાળામાં એકના એક જ માર્ગો રહે તેવું કેવી રીતે બની શકે? બસો-પાંચસો વર્ષોમાં પણ કહેવાતા મુખ્ય માર્ગો બંધ થઈ જાય છે, નદીઓના પ્રવાહો બદલાઈ જાય છે. જુલ્મી સલ્તનતોનાં પરિવર્તન થતાં ત્યાંની સંસ્કૃતિ ૫–૫૦ વર્ષમાં જ નામશેષ થઈ જાય છે. એટલે આ માર્ગ પણ કેટલો નિઃસંશય અને પ્રામાણિક પુરવાર થાય એ પણ વિચારણીય છે. જે સંશોધકો વર્તમાન ક્ષત્રિય-કુંડને અન્યત્ર માને છે, તેઓ પાવાપુરીને પણ વર્ત-માન પાવાપુરી કરતાં અન્ય સ્થાને માને છે. અને પાવાપુરી અને ઋજુવાલિકાના અંતરા શાસ્ત્રમાં ૧૨ યોજન બતાવવામાં આવેલ છે. એટલે સ્વાવિક છે કે નવ્ય ઐતિહાસિકોના મતે ઋજુવાલુકા પણ અન્યત્ર હોય.

આગ્રહ રહિત અને ગુણગ્રાહી શ્રદ્ધાળુ આત્માઓએ ઊંડાણ પૂર્વક અને સામુહિક રીતે સાથે બેસી યા સંપર્ક સાધી આ બધી વિગતો વિચારવા જેવી તો છે જ.

સાચો ઐતિહાસિક પૂરતા પ્રમાણો વિના કોઈની સ્થાપના ન કરે. તેની સાથે જ સબળ પુરાવા સિવાય કોઈ પણ પરંપરાની કે અનુ-શ્રુતિની ઉત્થાપના પણ ન જ કરે. જ્ય સુધી કેસ પુરો ન થાય ત્ય સુધી એક પણ પુરાવો આડોઅવળો ન થાય એ જોવાનું જેમ એક વકીલનું કાર્ય છે, તે જ રીતે નિર્વિવાદ સત્ય પુરવાર ન થાય ત્યાં સુધી પરંપરા અને શ્રુતિઓને જરા પણ અન્યાય ન થાય એ જોવાનું કાર્ય પણ ઐતિહાસકારોનું છે. અને પરંપરાના મૂળો મજબૂત બનાવવા હશે તો વિશુદ્ધ ઈતિહાસ સ્વીકારવા તૈયાર રહેવું પડશે એ પણ હવે સમજવા જેવું છે.

અને પરમાત્માના જ્ઞાનથી પુનીત એ ઋજુવાલુકા નદી, એ ધન્ય પુણ્ય જંભ્રંક ગ્રામ, શ્યામક ખેડુતના ખેતર અને શાલવૃક્ષને નમસ્કાર કરી શ્રમણ ભગવાન મહાવીરના કેવલાલોક પાસે પ્રાર્થના કરીએ કે એ કંઈક પ્રકાશ પાથરે, અને અનુયાયી રુપ બાલકોને અંધકારમાંથી તારે.

ધન્ય એ વૈશાખ સુદ ૧૦ને

# ભગવાનનાં ચરિત્રો

લેખક પૂ૦ પં. હેમચંદ્રવિજયજીના શિષ્ય
પૂ૦ મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ

## શ્રી જ્ઞાતાધર્મકથાંગ, શ્રી ઉપાસકદશાંગ, શ્રી અંતકૃદ્દશાંગ તથા શ્રી ઔપપાતિક સૂત્ર

શ્રી જ્ઞાતાધર્મકથાંગમાં શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના શિષ્ય શ્રી મેઘ (રાજા શ્રેણિકના પુત્ર નવદીક્ષિત મેઘકુમાર) સાથેનો પ્રસિદ્ધ પ્રસંગ બહુ-સુન્દર રીતે વર્ણવવામાં આવ્યો છે. ભગવાનનો શ્રી મેઘ સાથેનો વાર્તાલાપ અને મેઘને સંયમ જીવનમાં સ્થિર કરવા માટેની પ્રભુની વાર્તા-શૈલી હૃદયસ્પર્શી, સરળ અને ધ્યાનપાત્ર છે. આ એક ઘટના સિવાય પ્રભુ મહાવીર ભગવાનના જીવનને સ્પર્શતા બીજા પ્રસંગો આ આગમમાં નથી.

શ્રી ઉપાસકદશાંગસૂત્રમાં મહાવીર ભગવાનના જીવનની કેટલીક મહત્વની ઘટનાઓ સચવાઈ રહી છે. પેલો શ્રી ગૌતમસ્વામી અને આનન્દ શ્રાવકનો પ્રખ્યાત પ્રસંગ આ સૂત્રમાં આવે છે. શ્રી ગૌતમસ્વામીને આનંદ શ્રાવકની સાથે અવધિજ્ઞાનવિષયક પ્રશ્નોત્તર થાય છે. તે પછી ભગવાન શ્રી ગૌતમસ્વામીને એમ કહે છે કે ગૌતમ ! આમાં આલોચના તો તમારે કરવાની રહે છે. આનંદ શ્રાવકની વાત સત્ય છે. માટે એમની પાસે જઈને ક્ષમા-યાચના કરી આવો' સરળ પરિણામી ગૌતમસ્વામી તરત જ ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે.

વળી, શ્રી મહાવીર ભગવાનના પરમોપાસક કામદેવ પોતા ઉપર આવેલા ઉપસર્ગોને સહન કરવામાં પર્વત જેવા અડોલ અને અડગ રહે છે. એમની એ અડગતા એવી તો અલૌકિક અને રોમાંચક હતી કે શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા સ્વયં શ્રીમુખે પોતાના શિષ્ય પરિવારને તેનો દાખલો આપીને એમ કહે છે કે 'હે શ્રમણો ! ઉપસર્ગ આવે ત્યારે કામદેવની જેમ અડોલ રહેવું જોઈએ.'

કુંભકાર સદ્દાલપુત્રના પ્રસંગમાં મંખલિપુત્ર ગોસાળો મહાવીર ભગવાનને મહાબ્રાહ્મણ, મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથક અને મહાનિર્યામક શબ્દો દ્વારા સંબોધિત કરે છે. શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માનાં સિદ્ધાંતોમાં અને મંખલિપુત્ર ગોશાલકના સિદ્ધાંતમાં કઈ રીતનો ભેદ હતો તેનું સ્પષ્ટ બયાન પણ આ ઉપાસકદશાંગસૂત્રમાં આપવામાં આવ્યું છે.

શ્રી અન્તકૃદ્દશાંગ સૂત્રમાં, છઠ્ઠા વર્ગમાં, અર્જુનમાળીનો પ્રસંગ વર્ણવ્યો છે. શ્રમણ ભગવાન મહાવીરની વાણી કેવી અસરકારક હતી તે આ પ્રસંગ ઉપરથી પણ જાણી શકાય છે. એ વાણીના પ્રતાપે અતિક્રૂર એવા અર્જુનમાળીનો રોષ શમી ગયો. અને એ શાંત-ઉપશાંત બની ફકત છ માસના પ્રવ્રજ્યા પર્યાયમાં જ, છેલ્લે અડધા મહિનાની સંલેખના પૂર્વક આરાધના કરીને, સિદ્ધ થયા.

અગિયાર અંગ સૂત્રો પછી બાર ઉપાંગ સૂત્રો આવે છે. તેમાં પ્રથમ ઉપાંગ શ્રી ઔપપાતિક (ઉવવાઇ) સૂત્રમાં શ્રમણ-ભગવાન મહાવીર પરમાત્માના શરીરનું જે વર્ણન મળે છે. તેવું વર્ણન બીજા ગ્રન્થોમાં મળવું મુશ્કેલ છે. વર્ણન એટલું બધું રસાળ, સૂક્ષ્મ, સાહિત્યિક અને રોચક છે કે એ વાંચતાં વાંચતા ભગવાનના દિવ્ય દેહનું સળંગ અને સુંદર શબ્દચિત્ર ખડું થાય છે. આ શબ્દચિત્ર એવું સચોટ અને આહ્લાદકારી છે કે એ વાંચીને અંતરમાં એવી ઊર્મી થઈ આવે કે આવા સંપૂર્ણ વર્ણનને અનુસરે અને ન્યાય આપે એવું ભગવાનનું એક ચિત્ર તથા એક શિલ્પ કોઈ કુશળ અને મહાન કલાકાર પાસે બનાવવું જોઈએ. જેથી પ્રભુની ભવ્ય આકૃતિનું આપણને પૂરે પૂરું દર્શન થાય. પ્રભુની શરીરાકૃતિનું એ મૂળ શબ્દચિત્ર જોઈએ. સર્વ પ્રથમ વર્ણન ભગવાનના શ્વાસ-નિશ્વાસનું આ પ્રમાણે કર્યું છે. 'પદ્મ-નીલકમલની સુગંધવાળો ભગવાનનો શ્વાસ-નિઃશ્વાસ હતો. એમનું વદન અતિશય સુવાસિત હતું. શરીરની કાંતિ-આભા ઉદાત્ત

વર્ણવાળી હતી. એમની ચામડી અતિશય સુકુમાર હતી. શરીરનું માંસ નિરુપમ-અતિશ્વેત અને રોગ-રહિત હતું. શરીર પર કયાંય રસોળી, લાંખુ કે દુષ્ટ તલ ન હતા. પ્રસ્વેદ, રજ કે મેલ શરીર પર ચોંટતા ન હતાં. પ્રભુનાં અંગે અંગ છાયા-દીપ્તિથી પ્રકાશિત હતાં. તેઓનું ઉત્તમાંગ-મસ્તક પર્વતના શિખરના આકાર જેવું ઉન્નત. લોહ જેવું સુબધ્ધ, પ્રશસ્ત લક્ષણોપેત ઊષ્ણીષ-શિખા પ્રદેશ યુક્ત હતું. મસ્તકના વાળને અનેક ઉપમા આપવામાં આવી છે, જેમ કે- શીમળાના ફળમાંથી નીકળતા રેસા જેવા ખૂબ મુલાયમ, સાધન હોવા છતાં વ્યક્ત એટલે અલગ કરીને ગણી શકાય તેવા; સૂક્ષ્મ એટલે ઝીણાં; સાહજિક સુગંધવાળા; સુશોભિત ભુજમોચક રત્ન, નીરોગી ભ્રમરના સમૂહ, કાજળ, અને આંખની કીકી જેવા, શ્યામ, કૃષ્ણ-છાપાવાળા પ્રભુના કેશ હતા. પ્રભુનો ભાલ-પ્રદેશ-કપાલનોભાગ-દાડમના પુષ્પ જેવો લાલ, તપાવેલા સુવર્ણ જેવો રક્ત અને દીપ્તિમંત દેખાતો હતો. લલાટ પ્રદેશ જ્યાં તિલક કરવામાં આવે છે તે સ્થાન કોઈપણ પ્રકારના ડાઘ વગરનું, સમ, ચકચકતું અને અર્ધ-ચન્દ્રસમું શોભાયમાન હતું. પરમાત્માનું મુખ શરદપૂનમનાં ચન્દ્ર જેવું સૌમ્ય અને આહ્લાદદાયી લાગતું હતું. કાન પ્રમાણોપેત હતા. કર્ણપાલી લંબ-ગોળ અને લટકતી હતી. ગાલ-કપોલપ્રદેશ, ભરાવદાર અને પુષ્ટ હતો. નેત્ર ઉપરની ભ્રકુટી કંઈક નમેલા-ધનુષ જેવી મનોરમ દેખાતી હતી. અને કાળા મેઘની રેખ જેવી, પાતળી અને સ્નિગ્ધ શોભતી હતી. વિક-સિત કમળના પત્ર જેવી, એમની આંખો હતી. ગરુ-ડના જેવી લાંબી, સરળ, ઉંચી અને અણિયાળી નાસિકા હતી, અધરોષ્ઠ (હોઠ) પરવાળા જેવા ગુલાબી, બિમ્બફલ જેવા લાલ હતા. દંત-પંક્તિ, શશિ-ખંડ જેવી નિર્મળ, ગાયના દૂધના ફીણ શંખ અને મોગ-રાના પુષ્પ જેવાં ઉજ્જવળ અને જલબિન્દુ, કમળ-દાંડી જેવી ધવલ શોભતી હતી. એટલું જ નહીં, એમના બધા દાંત બધાં અખંડિત અજર્જરિત હતા. અ—વિરલ એટલે એક બીજા સાથે જોડાયેલા સઘન હતા. સ્પષ્ટ હતા. પૂર્ણ હતા અને અનેક હતા. શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના તાલુ અને જીભ, અગ્નિથી ધમેલા અને પાણીથી ધોયેલા નિર્મળ સુવર્ણ જેવા લાલ હતા. દાઢી-મૂછના વાળ કદી ન વધે તેવા, છૂટા, રમ્ય શોભાવાળા લાગતા હતા. ચિબુક (હડપચી) વિશિષ્ટ સંસ્થાન વાળી, પ્રશસ્ત અને વાઘના ચિબુક જેવી પહોળી અને માંસથી પુષ્ટ હતું. ગ્રીવા—ગળાનો ભાગ—ત્રિવલી (ત્રણરેખાઓ) થી શોભતો, લક્ષણવંતશંખ જેવો, ચાર આંગળના પ્રમાણ વાળો હતો. (ક્રમશઃ)

(અનુસંધાન પાના નં. ૩૫ થી ચાલુ)

**દેવાનંદાનું ઋષભદત્ત બ્રાહ્મણ પાસે જવું અને સ્વપ્નનો વૃતાંત રજૂ કરવો**

માતા દેવાનંદા ગજવૃષભાદિ ચૌદ ઉત્તમોત્તમ મહાસ્વપ્નોને અર્ધનિદ્રાવસ્થામાં જોઈને જાગૃત થયાં, એમનું હૈયું હર્ષથી પુલકિત બન્યું; રોમરાજી વિકસ્વર થઈ, અને મુખ ઉપર પ્રસન્નતાની રેખાઓ પ્રગટ થઇ, પોતાના સ્વામીનાથના શયનખંડમાં માતા દેવાનંદા પહોંચ્યા. અને "આપ જય પામો, જય પામો." વગેરે મધુર શબ્દો વડે પોતાના સ્વામીને જાગૃત કર્યા. વહેલી પ્રભાતે પોતાના પત્ની દેવાનંદા પોતાની પાસે આવ્યાં અને મધુર તેમજ મંગલિક શબ્દો વડે મને જાગૃત કર્યો, તેમાં જરૂર કોઇ પ્રશસ્ત કારણ હશે, એમ સમજી ઋષભદત્ત બ્રાહ્મણ પણ શય્યામાં બેઠાં થયાં, એટલું જ નહિ પણ, મધુર વચનો વડે દેવાનંદાનું સ્વાગત કરી પાસેના ભદ્રાસન ઉપર બેસવા માટે અનુજ્ઞા આપી, એટલે દેવાનંદાપણ ભદ્રાસન ઉપર શાંતિ અને સ્વસ્થતાથી બેઠાં.

**ગૃહસ્થાશ્રમમાં પતિ-પત્નીનો ધર્માનુકુલ વ્યવહાર**

ગૃહસ્થાશ્રમમાં વર્તતાં પતિ-પત્નીનો આચાર કેવો પ્રશંસનીય હોય છે, તે આ હકીકતથી સમજી શકાય છે. સં-યમધર્મ કિંવા સંયસ્તપણું માનવજીવનમાં પ્રાપ્ત થાય તો તો ઘણું ઉત્તમ, એમ છતાં એ ઉચ્ચ-કક્ષાએ પહોંચવા માટે અંતરાત્મામાં વીર્યોલ્લાસ પ્રગટ ન થાય તો ગૃહસ્થાશ્રમમાં પણ પતિ-પત્નીએ ધર્માનુકુલ કેવો સુંદર વચન વ્યવહાર રાખવો ? એ બાબત આવા પ્રસંગોથી સારી રીતે જાણવા મળી શકે છે.

(ક્રમશઃ)

# સહાયક પરિચય

**શ્રી નારાણજી શામજી મોમાયા**

ભગવદ્ગીતામાં આવતું 'યોગઃ કર્મસુ કૌશલમ્' નું સૂત્ર જેમના જીવનમાં ચરિતાર્થ થયેલું છે, એવા શ્રી નારાણજી શામજી મોમાયાનો જન્મ કર્ણાટક રાજ્યના હુબલી શહેરમાં તા. ૨૦–૮–૧૯૧૩ના રોજ થયો હતો. ધર્મનિષ્ઠ પિતાશ્રી શામજીભાઈ દશા ઓસવાલ જૈન કોમના એક અગ્રગણ્ય વ્યક્તિ હતા. માત્ર નવમાસની ઉંમરે શ્રી નારાણજીભાઈએ પિતાની છત્રછાયા ગુમાવતા, તેમનો ઉછેર માતૃભૂમિ કચ્છ–વરાડીઆમાં અત્યંત ધર્માનુરાગી માતુશ્રી માનબાઈના હાથ નીચે થયો.

દસ વર્ષની ઉંમરે નારાણજીભાઈ મુંબઈ આવ્યા અને બાબુ પન્નાલાલ સ્કુલમાં મેટ્રીક સુધીની પરીક્ષા ઉચ્ચકક્ષાએ પાસ કરી. અને ત્યારબાદ માત્ર ૧૭ વર્ષની ઉંમરે રૂના વ્યાપારમાં જોડાયા. અજબની કાર્યક્ષમતા અને ઊંડી સૂઝથી તેમણે યુવાન વયમાં જ ધંધો જમાવ્યો. સાથે કાયદાની આંટીઘુંટીઓ, ઈન્કમટેક્ષ, એક્સચેન્જ, કરંસી એકાઉન્ટસ, પોલીટીક્સ અને અર્થશાસ્ત્ર જેવા અટપટા વિષયો પર ઊંડું જ્ઞાન સંપાદન કરી લીધું.

ઈ.સ. ૧૯૩૨માં ભારતભરમાં શાખાઓ ધરાવતી વિશ્વવિખ્યાત મે.ખીમજી વીસરામ કંપનીમાં ભાગીદાર તરીકે જોડાયા અને રૂના ધંધામાં પ્રશંસનીય પ્રગતિ સાધી તેઓ રૂની પરખના પ્રખર નિષ્ણાત છે. મે. નારાણજી શામજી કું. અને મે. પૃથ્વીરાજ નારાણજી કું.ના તેઓ સ્થાપક અને ભાગીદાર છે. આ ઉપરાંત કે. વી. કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ કું. પ્રા લિ, બ્રાઇટ લાઈટ કારબન્સ તથા કરૂરમીલ્સ લિ.ના તેઓ ડીરેકટર છે. તામીલનાડુ રાજ્યના કરૂર શહેરમાં આવેલ સુવિખ્યાત કરૂર મીલ્સના મોટા ભાગના શેરો શેઠ ખીમજી વીસરામ એન્ડ સન્સની ભાગીદારીમા મેળવી શ્રી નારાણજીભાઈએ ઔદ્યોગિક ક્ષેત્રે મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ મીલનું સંચાલન તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી કુલીનકાંતભાઈ કરે છે.

પોતે કૃષિપ્રેમી હોય, પોતાની માતૃભૂમિ કચ્છમાં ૩૦૦ એકર જમીનમાં અદ્યતન પદ્ધતિથી 'મોમાયા ખેતી કેન્દ્ર' ચલાવે છે.



શેઠશ્રી નારાણજીભાઈ મોમાયા

જૈનધર્મ અને તત્ત્વજ્ઞાનમાં તેઓ સારો રસ ધરાવે છે. જીવવિચાર, નવતત્ત્વ અને કર્મગ્રન્થોના તેઓ ઊંડા અભ્યાસી છે. યોગ તેમનો પ્રિય વિષય છે.

માટુંગા (મુંબઈ)માં આવેલ શ્રી નારાણજી શામજી મહાજનવાડી' એમની બુદ્ધિમતા અને વ્યવહારકૌશલ્યના એક પ્રતિકરૂપ છે. ઈ.સં. ૧૯૬૭માં શ્રી અ.ભા. અચલગચ્છીય ચતુર્વિધ જૈન સંઘના અધિવેશનમાં પ્રમુખપદેથી સંઘને આગળ લાવવા તેમણે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. તેઓ અ. ભા. અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘના તેમજ અચલગચ્છ કલ્યાણ કેન્દ્રના પ્રમુખ છે, જૈન શ્વે. કોન્ફરન્સના ઉપપ્રમુખ છે, શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રાદેશિક સભ્ય છે. શ્રી ભારત જૈન મહામંડળની કારોબારીના સભ્ય છે, મહારાષ્ટ્ર રાજ્યના ભ૦મહાવીર ૨૫૦૦મી નિર્વાણ કલ્યાણક મહોત્સવ સમિતિના સભ્ય છે. અને માટુંગા–સહસ્રફણા પાર્શ્વનાથ દેરાસર, વરાડીઆ દેરાસર તથા સાર્વજનિક સમાજ કલ્યાણ કેન્દ્રના ટ્રસ્ટી છે. શ્રી માટુંગા ગુજરાતી કલબના વાઈસ પેટ્રન છે. ધિ ઇન્ડિયન મરચન્ટ ચેમ્બર્સ, રોટરી કલબ, રેડીઓ કલબ, રાઈડર્સ કલબ,

JAIN OFFICE-BHAVNAGAR.
Regd. No. B.V. 20

# પૂર્તિના સહાયકો

| | | |
|---|---|---|
| શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી | શ્રી રમણલાલ નગીનદાસ પરિખ | શ્રી વૃજલાલ કપૂરચંદ મહેતા |
| શ્રી દેવચંદભાઈ સી. શાહ | શ્રી કુંજીલાલ સુંદરમલ જૈન | શ્રી ચિત્તરંજન દામોદર શાહ |
| શ્રી મોતીલાલ વીરચંદ શાહ | શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી | શ્રી ચંદ્રસેન જીવણલાલ ઝવેરી |
| શ્રી જયંતીલાલ રતનચંદ શાહ | શ્રી રસિકલાલ નાથાલાલ કોરા | શ્રી લાલજીભાઈ છગનલાલ |
| શ્રી નારાણજી શામજી મોમાયા | શ્રી મોહનલાલ સી. શાહ | શ્રી પોપટલાલ છગનલાલ |
| શ્રી કેશવલાલ બુલાખીદાસ | શ્રી સારાભાઈ લક્ષ્મીચંદ ઝવેરી | શ્રી નેમજીભાઈ છગનલાલ |
| શ્રી જયંતભાઈ એમ. શાહ | શ્રી ઉમેદમલજી હજારીમલજી | શ્રી વસનજી લખમશી |
| શ્રી રસિકલાલ સી. શાહ | શ્રી રવજી ખીમજી છેડા | શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા |
| શ્રી જગદીશચંદ્ર બાબુભાઈ | શ્રી પાનાચંદ ડુંગરશી તુરખિયા | શ્રી મણિલાલ વીરચંદ શાહ |
| શ્રી હર્ષદભાઈ કે. શાહ | શ્રી દેવચંદભાઈ જેઠાલાલ શાહ | શ્રી જયંતિલાલ મણિલાલ ઘડીયાળી |
| શ્રી વિનોદચંદ્ર દલીચંદ શાહ | શ્રી રતિલાલભાઈ એમ. નાણાવટી | એક સદ્ગૃહસ્થ–મુંબઈ |
| શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ | શ્રી હીરાલાલભાઈ એલ. શાહ | શ્રી ચંદુલાલ એમ શાહ |
| શ્રી રાયચંદ ગુલાબચંદ | શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી | શ્રી રસિકલાલ ચીમનલાલ |
| શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી | શ્રી પ્રતાપરાય ભોગીલાલ | મુળીવાળા |

હિન્દુ જીમખાના વગેરે અનેક સંસ્થાઓના સભ્ય છે.

વિ. સં. ૧૯૬૯–૭૦માં કચ્છમાં પડેલા દુષ્કાળ સમયે શ્રી અચલગચ્છ સંઘના આશ્રયે રૂા. અઢી લાખની રકમ એકઠી કરી હતી. વળી, કોન્ફરન્સના છેલ્લા અધિવેશનમાં તેઓએ મુંબઈ અને ગુજરાત યુનિવર્સીટીમાં 'જૈનચેર'ની સ્થાપના કરવા ઠરાવ રજુ કરેલ.

આ વર્ષે, કા. સુદ ૨ના, મહારાષ્ટ્ર સરકાર દ્વારા ભ૦ મહાવીરના ૨૫૦૦મા નિર્વાણકલ્યાણક પ્રસંગની ઉજવણી નિમિત્તે મુંબઈમાં યોજાએલ જાહેરસભામાં, જૈનોનો વિશાળ વરઘોડો કાઢીને જવામાં કોઈપણ ફિરકાના આગેવાનો તોફાન થવાના ભયથી, તૈયાર ન હતા–ત્યારે શ્રી નારાણજીભાઈએ આ કાર્યનું બીડું ઝડપી કચ્છી જૈન સમાજની આગેવાની હેઠળ, બીજી સંસ્થાઓના ઉપક્રમે, બે માઈલ લાંબો વરઘોડો સાઠ હજારની વિરાટ હાજરી વચ્ચે કાઢી જૈનોની શાન વધારી છે. મુંબઈ શહેરમાં જૈન સમાજનો આ પહેલો જ પ્રસંગ હશે કે જૈનોના તમામ ફિરકાઓના ભાઈ–બહેનો આટલી મોટી સંખ્યામાં વરઘોડામાં તેમ જ સભામાં સામેલ થયા હશે.

શ્રી નારાણજીભાઈના સુશીલ ધર્મપત્ની શ્રી નિર્મળ બહેન આદર્શ ગૃહિણી અને લલિતકળાઓના પ્રેમી છે. પુત્રો શ્રી કુલીનકાંત તથા શ્રી પૃથ્વીરાજ પિતાના પગલે વ્યાપારમાં જોડાઈ વિકાસ સાધી રહ્યા છે.








"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)
વા. લવાજમ
રૂા. ૧૫

વીર સંવત
૨૦૩૧
વિક્રમ સંવત
૨૫૦૧
મહા શુદિ ૧૧
તારીખ
૨૨-૨-૭૫
શનિવાર

વર્ષ ૭૨ | સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી | તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ | અંક ૭


# મૌનના શુભ પ્રારંભ વખતે

છેલ્લાં સોએક વર્ષ દરમ્યાન જે વિશ્વવિખ્યાત વિરલ વિભૂતિઓએ ભારતવર્ષમાં જન્મ લઈને એના ગૌરવમાં વધારો કર્યો, એમાં સંત વિનોબા ભાવેનો પણ સમાવેશ થાય છે. શ્રી વિનોબાજી એક મહાન રાષ્ટ્ર પુરુષ હોવાની સાથે સાથે રાષ્ટ્રીય સંત, કવિ-હૃદય ફિલસુફ, કર્મયોગ, ધ્યાનયોગ અને જ્ઞાનયોગ એ ત્રણે યોગના સાધક અને દ્રષ્ટા તેમજ સ્રષ્ટા મહાપુરુષ તેઓએ સમગ્ર રાષ્ટ્રની સેવાનો ભેખ ધારણ કરેલ હોવા છતાં તેઓના અંતરનો રંગ વ્યાપક અર્થમાં ધર્મની સેવા કરવાનો એટલે કે માનવીને સાચો માનવી બનાવવા માટે એની સેવા કરવાનો છે અને તેથી તેઓ એક આદર્શ ધર્મપુરુષનું ગૌરવ ધરાવે છે. માનવમાત્ર પ્રત્યેના સમભાવની ભાવનાથી પ્રેરાયેલા આ સંતની સર્વધર્મ-સમભાવ અને મમભાવની ભાવના દાખલારૂપ બની રહે એવી છે. નાના સરખા ગુણનો પણ ગમે ત્યાંથી ઉલ્લાસપૂર્વક સ્વીકારવાની ઉદારતા અને ઉચ્ચ ગુણગ્રાહક દૃષ્ટિથી તેઓનું હૃદય ખૂબ ઉન્નત થયેલું છે.

શ્રી વિનોબાજીએ ગત નાતાલના મહાત્મા ઈશુ ખ્રિસ્તના જન્મપર્વના દિને, એક વર્ષ માટે, બોલવા તથા લખીને વાત કરવા સુધ્ધાંનું મૌન ધારણ કરવાના પોતાના નિશ્ચયની જાહેરાત કરતાં, પવનારમાં, બ્રહ્મવિદ્યામંદિરમાં, સર્વધર્મસમભાવની લાગણીથી છલકતું એક હૃદયસ્પર્શી પ્રવચન કર્યું હતું. આ પ્રવચન દર દસ દિવસે વડોદરાથી પ્રગટ થતા 'ભૂમિપુત્ર' સામયિકના તા. ૬-૧-૭૫ના અંકમાં આખેઆખું છપાયું છે, જે વાંચવા અને મનન કરવા જેવું છે.

**તે પરમસતને પરમજ્ઞાન કહો, ગમે તો પરમપ્રેમ કહો, અને ગમે તો સત્—ચિત્—આનંદ સ્વરૂપ કહો, ગમે તો 'આત્મા' કહો, ગમે તો 'સર્વાત્મા' કહો, ગમે તો એક કહો, ગમે તો અનેક કહો, ગમે તો એકરૂપ કહો, ગમે તો સર્વરૂપ કહો, પણ સત્ તે સત્ જ છે; અને તે જ એ બધા પ્રકારે કહેવા યોગ્ય છે, કહેવાય છે.**

—શ્રીમદ્ રાજચંદ્ર

આ પ્રવચન દરમ્યાન સંત વિનોબાજીએ મૌનનો મહિમા સંબંધમાં તથા ભગવાન મહાવીરની પોતાના ઉપર થયેલી અસર અંગે પોતાની લાગણી વ્યક્ત કરી હતી તથા પોતાના પ્રવચનના અંતમાં ક્ષમાપનનાની ભાવના, લાગણીભીના બનીને, દર્શાવી હતી.

તેઓશ્રીનું એ આખું પ્રવચન તો અહીં આપવાને અવકાશ છે નહીં, એટલે એમના પ્રવચનમાંના આ ત્રણ મુદ્દાઓ રજૂ કરીને અમે સંતોષ માનીએ છીએ. શરૂઆતમાં તેઓએ કહ્યું કે—

"આજે ગીતા જયંતીનો દિવસ છે. સાથોસાથ ક્રિસમસ–નાતાલ પણ છે, અને ઇદ પણ છે. આવો એક ત્રિવેણી સંગમ આજે થયો છે. હમણાં બોલતાં પહેલાં હું સહજ ચારે કોર જોતો હતો. ત્યારે ઈશુનું સ્મરણ થયું. એ ટેકરા ઉપર ગયા. એમની સામે સો–બસો માણસ બેઠા. ઈશુએ એમને થોડી વાતો કરી. તે વખતે ન તો લાઉડસ્પીકર હતું, ન ટેપ રેકોર્ડ વગેરે કોઈ સાધન. અને તેમ છતાં ઈશુનો સંદેશ દુનિયા આખીમાં ફેલાઈ ગયો. પરંતુ મારા મનમાં શંકા આવી ગઈ કે આજે આ બધી જે વિવિધ યંત્રસામગ્રી સામે છે, તે સંદેશને ફેલાવશે કે કુંઠિત કરશે? તે વખતે તો સાંભળનારા પૂરા ધ્યાનથી હૃદયપૂર્વક સાંભળતા હતા; જ્યારે આજે શું થાય છે? શ્રોતાઓનું ધ્યાન આમ તેમ જતું હોય છે. કયાંક ટેપરેકર્ડ મશીન મૂકયું છે, તો કયાંક ફોટા ખેંચાઈ રહ્યા છે. આમ શ્રોતાવર્ગ ચલિતચિત્ત છે."

આ પછી ગીતા ધર્મ એટલે કે બ્રાહ્મણ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ, બૌદ્ધ ધર્મ અને જૈનધર્મ અંગે પોતાનું વકતવ્ય રજૂ કર્યા પછી એક વર્ષ માટે પોતે સ્વીકારેલ મૌન અંગે બોલતાં શ્રી વિનોબાજીએ કહ્યું કે—

"હવે એક વરસ મૌન પાળવાનું વિચાર્યું છે, તે વિશે, આ જે મૌન છે, તેમાં ન બોલવાનું તો છે જ, પણ ન લખવાનુંયે છે. જો લખવાનું ચાલુ રાખત, તો તો લોકો કહેત કે આ તો ઘણું સારું. લખવામાં તો વિશેષ ચોકકસતા હોય છે. પણ મેં નક્કી કર્યું છે કે આ એક વરસ "રામહરિ" સિવાય બીજું કશું લખવાનું નહીં. એટલે બોલવાનું તેમ જ લખવાનું બંધ............................છેલ્લાં આઠ નવ વરસથી જે ચીજ ચાલી રહી છે સૂક્ષ્મ પ્રવેશની, તે હવે એકાદ સાલમાં પૂર્ણ થશે. તે માટે એક વરસનું મૌન છે. એવો સવાલ થાય છે કે એક જ વરસ શા માટે? આગળ પણ કેમ નહીં? તેનો ઉત્તર એ છે કે આવાં કઠણ આધ્યાત્મિક કાર્યોમાં અનુભવના આધારે આગળ વધવાનું હોય છે. "મારે એક ડગલું બસ થાય" તો એવું આ એક નાનકડું પગલું છે. કેવળ એક સાલ. આગળનું વિચાર્યું નથી. અનુભવના આધારે આગળ પણ થઈ શકે. અનુભવ લેવા માટે એક વરસની મર્યાદા રાખી છે."

આ રીતે શ્રી વિનોબાજીએ પોતે એક વર્ષ માટે સ્વીકારેલ બોલવા તથા લખવાન —એમ બન્ને પ્રકારના મૌનની જાહેરાત કરવાની સાથે સાથે લાંબા સમયનું મૌન એ કઠિન આધ્યાત્મિક કાર્ય છે,

એવું પણ સૂચન કરી દીધું, જે બિલકુલ યથાર્થ છે. બિલકુલ મૌનનો આશ્રય લઈને ચિત્તને સ્વસ્થ અને શુદ્ધ રાખવાનું કામ બહુ દુષ્કર છે.

શ્રી વિનોબાજીએ જે દિવસે એક વર્ષ જેટલા લાંબા સમય માટે મૌન-વ્રતનો સ્વીકાર કર્યો તે દિવસે એક આનંદજનક, વિશિષ્ટ અને પ્રસંગને બિલકુલ અનુરૂપ કહી શકાય એવો જોગાનુજોગ બની ગયો હતો. તે દિવસ જેમ ગીતા જયંતી, નાતાલ અને ઇદના તહેવારોનો હતો, તેમ જૈનધર્મનું મૌનએકાદશીનું મોટું વાર્ષિક પર્વ પણ, આ વર્ષે એ જ દિવસે હતું. મૌનએકાદશીના પર્વના દિવસે શ્રી વિનોબાજીએ એમની એક વર્ષની મૌનસાધનાની શરૂઆત કરી-અનાયાસે કેવો આવકારદાયક જોગાનુજોગ મળી આવ્યો!

ભગવાન મહાવીરની પોતા ઉપર થયેલ અસર અંગે બોલતા શ્રી વિનોબાજીએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે—

'હું કબૂલ કરું છું કે મારા ઉપર ગીતાની જેટલી અસર છે, તેના સિવાય મહાવીર કરતાં વધારે અસર બીજા કોઈની મારા ચિત્ત ઉપર નથી. આનું કારણ એ છે કે મહાવીરે જે આજ્ઞા આપી છે, તે બધાને અત્યંત માન્ય છે. એમની આજ્ઞા છે કે "સત્યગ્રાહી" બનો. આજે શું થાય છે? જે ઊઠે તે સત્યાગ્રહી! અનેક વ્યક્તિગત સત્યાગ્રહીના રૂપમાં જ ગાંધીજીએ સમાજ સમક્ષ રજૂ કરેલો. પણ હું જાણતો હતો કે હું પોતે સત્યાગ્રહી" છું નહીં, હું તો "સત્યગ્રાહી" છું. સત્યનો અંશ દરેકની પાસે હોય છે, કોઈને કોઈ રૂપમાં બધા માણસો, ધર્મો, પંથો બધાની જ પાસે સત્યનો કાંઈક ને કાંઈક અંશ રહેલો છે. તેથીસ્તો માનવનો જન્મ સાર્થક છે. આમ ગીતા પછી ભગવાન મહાવીરની જ અસર મારા પર છે. મે કહ્યું "ગીતા પછી" પરંતુ હું જોઉં છું કે બેઉમાં મને કોઈ ફરક જ નથી જણાતો."

અહીં શ્રી વિનોબાજીએ "સત્યગ્રાહી" અને "સત્યાગ્રહી" એટલે કે સત્યનો સ્વીકાર કરવાની તત્પરતા અને સત્ય માટેની આગ્રહીવૃત્તિ-એ બે વચ્ચેની ભેદરેખાનો જે ઉલ્લેખ કર્યો છે તે જૈન સંઘે (તેમ જ સૌ કોઈએ પણ) ખાસ ધ્યાનમાં લેવા જેવો છે. અનાગ્રહીદૃષ્ટિ એ ભગવાન મહાવીરની એક વિરલ વિશેષતા છે; અને શ્રી વિનોબાજીને મન એનું ઘણું મૂલ્ય છે. જો જૈનસંઘ આવી અનાગ્રહીવૃત્તિ કેળવીને સત્યગ્રાહી બનવાની દિશામાં પ્રયત્ન કરે તો કલેશ-દ્વેષનાં કારણોનું કેટલું બધું શમન થઈ શકે અને શ્રીસંઘમાં ભાઈચારાની લાગણી કેટલી વ્યાપક બને!

પોતાના આ પ્રવચનને અંતે ક્ષમાપનાની ઉદાત્ત ભાવના વ્યક્ત કરતાં શ્રી વિનોબાજીએ લાગણીભીના બનીને કહ્યું કે—

"છેલ્લે એક વાત. આ મારું અંતિમ વ્યાખ્યાન છે; એવું હું હાલ તુરત માની લઉં છું. તો, આજ સુધી અનેક વ્યાખ્યાન અને વાતચીત થયાં. વ્યક્તિગત તેમ જ સામૂહિક. તેમાં વિરોધી વિચારના ખંડન માટે ઘણી વાર વાણી દ્વારા પ્રહાર પણ કરાયા હશે. અને ઘણી વાર પોતાના સ્નેહી અને સાથીઓ સાથે પણ, ભલે ને વિનોદ ખાતર પણ, કાંઈક પ્રહાર કર્યા હશે. તે બધા માટે આજે હું સહુની (ગળે ડૂમો, આંખેથી અશ્રુધારા) હૃદયપૂર્વક ક્ષમા માગું છું."

શ્રી વિનોબાજીએ, આ રીતે ક્ષમાયાચના કરીને, પોતાના સંતજીવનને વધારે ઉચ્ચાશયી અને પ્રભાવશાળી બનાવ્યું છે. ક્ષમાપના-પોતાની ભૂલની વિનમ્ર બનીને ક્ષમા માગવાની અને બીજાની ભૂલને ઉદારતાથી જતી કરવાની ભાવના-એ તો જૈનધર્મની રોજેરોજ આચરવાની ધર્મક્રિયા છે;

અને એનું ઉચ્ચારણ દિવસમાં અનેક વાર કરવામાં આવે છે; અને છતાં એ ભાવનાના આદર્શ અને હેતુને આપણે કેટલા મોટા પ્રમાણમાં વીસરી ગયા છીએ અને કલેશ કલહની વૃત્તિનું કેટલા મોટા-રૂપમાં પોષણ કરીએ છીએ! શ્રી વિનોબાજીનો દાખલો આપણે જીવનમાં અપનાવવા જેવો છે. "પાળે તેનો ધર્મ" તે આનું જ નામ.

## સામયિક સ્ફુરણ

### જૈનધર્મનો સર્વમાન્ય ગ્રંથ તૈયાર કરવાનો પ્રયત્ન

સંત શ્રી વિનોબાજીએ જેમ 'ખ્રિસ્તી-ધર્મ-સાર,' 'કુરાનસાર,' ભાગવતસાર જેવાં પુસ્તકો તૈયાર કર્યાં છે તેમ તેઓ ઈચ્છતાં હતાં કે 'જૈન ધર્મસાર' નામે કોઈક પુસ્તક તૈયાર કરવામાં આવે. ગત મૌનએકાદશીના પર્વ-દિવસે તેઓએ એક વર્ષનું મૌન ધારણ કરવાની જાહેરાત કરતી વખતે જે પ્રવચન કર્યું હતું. (જેનો અમુક ભાગ અમારા આજના અંકના અગ્રલેખમાં રજુ કરવામાં આવ્યો છે), તેમાં આ બાબતમાં પોતાની ઈચ્છા વ્યકત કરતાં કહ્યું હતું કે-

"બીજી એક મુખ્ય વાત. મારા જીવનમાં મને જે અનેક સમાધાન પ્રાપ્ત થયાં છે, તેમાનું છેલ્લું, અંતિમ અને કદાચ સર્વોત્તમ સમાધાન આ જ વર્સે પ્રાપ્ત થયું. જૈનોને મેં ઘણીવાર કહેલું કે જેમ વૈદિક ધર્મનો સાર ગીતાના ૭૦૦ શ્લોકમાં આવી જાય છે, બૌદ્ધ ધર્મનો સાર ધમ્મપદમાં આવી જાય છે, તેમ જૈનોનોયે એક ગ્રંથ હોવો જોઈએ. એ કામ ઘણું મુશ્કેલ હતું. જૈનોમાં અનેક પંથ અને અનેક ગ્રંથ છે. કોઈ એક ગ્રંથ હોત તો જેમ બાઈબલ અને કુરાનનો સાર કાઢી દીધો તેમ તેનો પણ કાઢી શકાત. પણ એમનો એવો કોઈ ગ્રંથ છે નહીં. શ્વેતાંબર, દિગંબર, તેરાપંથી, સ્થાનકવાસી એમ ચાર તો એમના મુખ્ય પંથ છે, અને બીજાયે નાના નાના પંથ છે. અને મુખ્ય કહી શકાય એવા નહીં નહીં તોયે વીસ-પચીસ ગ્રંથ હશે. એટલે હું જૈનોને વારે વારે કહ્યા કરતો કે તમે બધા ભેળા બેસીને ચર્ચા કરો, અને એક ઉત્તમ સર્વમાન્ય જૈનધર્મ-સાર સમાજ સામે રજૂ કરો"

આ રીતે આ ગ્રંથ તૈયાર કરવાની જરૂર ઉપર ભાર મૂકીને પોતાની લાગણી પ્રદર્શિત કર્યા બાદ, આ ગ્રંથ કેવી રીતે તૈયાર કરવામાં આવ્યો છે તેની વિગતો રજુ કરતાં શ્રી વિનોબાજીએ કહ્યું કે-

"આખરે વર્ણીજીને (શ્રી જિનેન્દ્ર વર્ણીજીને) મારી વાત ગળે ઊતરી. તેમણે ઘણી મહેનત કરીને એક સારરૂપ ગ્રંથ તૈયાર કર્યો. જૈન ધર્મના મુનિઓ તથા અભ્યાસીઓ પાસે તે મોકલવામાં આવ્યો. ફરી તેના પર ચર્ચા થઈ, અભિપ્રાયો આવ્યા. આ બધા પરથી "जिनधम्म" નામે સાર તૈયાર થયો. તેના પર પણ ચર્ચા થઈ. એક સંગીતિ (જેને જૈન સંઘમાં 'વાચના' કહેવામાં આવે છે) પણ મળી, જેમાં મુનિ, આચાર્ય, વિદ્વાન બધા મળીને લગભગ ૩૦૦ જેટલા લોકો આવ્યા હતા. તેમાં નામ ને રૂપ બદલાયાં. જાત-જાતનાં સૂચનો આવ્યાં. અને છેવટે સર્વાનુમતિએ જૈન ધર્મના સારરૂપ એક ગ્રંથ તૈયાર થયો છે. તેનું નામ એ લોકોએ "સમણસુત્ત" રાખ્યું છે. સંસ્કૃતમાં તેને "શ્રમણસૂત્ર" કહેવાશે. અર્ધમાગધીમાં "સુત્ત" કહે છે. આ ગ્રંથમાં કુલ ૭૫૮ ગાથાઓ છે. "૭"નો આંકડો જૈનોને બહુ પ્રિય છે, અને "૧૦૮"નો આંકડો પણ ધર્મમાં પ્રચલિત છે. ૭x૧૦૮-૭૫૬ થાય છે."

આ ગ્રંથ આગામી મહાવીર જન્મકલ્યાણકના અવસરે પ્રકાશિત કરવામાં આવે એવી પોતાની ઇચ્છા વ્યકત કરતાં શ્રી વિનોબાજીએ એ જ પ્રવચનમાં કહ્યું હતું કે-

"ભગવાન મહાવીરની જયંતી આવે છે ચૈત્ર સુદ તેરસે. આ વરસે તે ૨૪મી એપ્રિલે પડશે. એટલે કે આજથી બરાબર ચાર મહિના છે. ત્યાં સુધીમાં આ ગ્રંથ અત્યંત શુદ્ધ લિપિમાં છાપીને પ્રકાશિત કરવામાં આવશે. તો આ રીતે જૈનધર્મસાર આખા ભારતને અને દુનિયાને મળશે. જે વસ્તુ હજાર-બારસો વર-

સોમાં નહોતી થઈ શકી, તે હવે થઈ જશે. આ એક બહુ મોટું કાર્ય સંપન્ન થયું છે. તે માટે હું નિમિત્ત માત્ર બની ગયો. પરંતુ મને પૂર્ણ વિશ્વાસ છે કે આ ભગવાન મહાવીરની કૃપા છે (ગદ્‌ગદ ભાવે આંખેથી અશ્રુધારા)"

જૈન ધર્મના સારરૂપ પાયાની અને મહત્ત્વની ચિંતન સામગ્રી જિજ્ઞાસુઓ, અભ્યાસીઓ અને સાધકો માટે રજૂ કરવા અને એને સર્વમાન્ય બનાવવાની વ્યાપક ધર્મભાવનાથી તૈયાર કરવામાં આવેલ આ ગ્રંથની રચના સંબંધી વિશેષ માહિતી "ભૂમિપુત્ર" પત્રના તા. ૧૬-૧૨-૭૪ના અંકમાં છાપવામાં આવી છે. જૈન સંઘના ચારે ફિરકાના સાધુ મહંતમાઓની દોરવણી નીચે આપણા વિદ્વાનોએ, ઘણી મહેનત લઈને, આ ગ્રંથ તૈયાર કર્યો છે, એ એની નોંધપાત્ર વિશેષતા છે. ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણકલ્યાણકની રાષ્ટ્રીય ઉજવણી નિમિત્તે જૈનોના ચારે ફિરકાના સાધુમુનિરાજોનું ગત ચોમાસું દિલ્હીમાં થયું, તેથી જ આ કાર્ય શક્ય બન્યું છે.

તા. ૧૬-૧૨-૭૪ના "ભૂમિપુત્ર"ના અંકમાં આ પુસ્તક કેવી રીતે તૈયાર થયું એની જે વિગતો આપવામાં આવી છે, તેનો સાર શ્રી વિનોબાજીના નિવેદનમાં આવી જાય છે. એટલે એ વિગતોને અહીં ફરી આપવાની જરૂર નથી, એટલે આ વિગતોવાળા-લખાણનો છેલ્લો ફકરો જ અહીં આપવો પૂરતો છે. એ ફકરામાં-કહેવામાં આવ્યું છે કે—

"આ રીતે એક ઘણું મોટું કામ થયું છે. જૈન ધર્મનું સાહિત્ય વિપુલ છે. તેની જુદી જુદી શાખાઓના અનેક ગ્રંથો છે. તેમ છતાં એવો એકેય ગ્રંથ નથી, જેને જૈનધર્મના એક સર્વમાન્ય ગ્રંથ તરીકે કોઈના હાથમાં મૂકી શકાય. વિનોબાજીની પ્રેરણાથી આજે આ કામ સંપન્ન થયું છે. જૈનધર્મના સારરૂપ એક સર્વમાન્ય ગ્રંથ સમાજને મળ્યો છે. ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ વર્ષમાં આ એક મોટી ઉપલબ્ધિ ગણાશે."

આશા રાખીએ કે આટલા બધા પરિશ્રમથી તૈયાર કરવામાં આવેલ આ ગ્રંથ થોડા વખતમાં પ્રગટ થાય; અને લાંબા વખતથી ખટકતી એક ખામી દૂર થાય.

## ગ્રાહક બંધુઓએ સહકાર આપવાની જરૂર

અત્યારની કાળઝાળ મોંઘવારીના અતિમુશ્કેલ સમયમાં સામાજિક-ધાર્મિક ઢબનું પત્ર ચલાવવું કેટલું કપરું કામ બની ગયું છે, એ તો જેઓ એવી જવાબદારી ઉપાડતા હોય તેઓ જ જાણી શકે. તેમાંય ગ્રાહકમિત્રો ગ્રાહક નહીં રહેવાના ખબર પણ ન આપે, સૂચના મળવા છતાં લવાજમ મનિઓર્ડરથી કે બીજી રીતે મોકલી પણ ન આપે અને પત્રના કાર્યાલય તરફથી ન છૂટકે વી. પી. કરવામાં આવે તેને પાછું પણ કાઢે, ત્યારે આ મુશ્કેલી વધારે ઘેરી બની જાય છે.

અમદાવાદથી પ્રગટ થતા "સ્થાનકવાસી જૈન" પત્રના તંત્રીશ્રીએ ગ્રાહકોના આવા વલણની સામે, એના તા. ૫-૧-૭૫ના અંકમાં, ફરિયાદ કરતાં સાચું કહ્યું છે કે—

"વી. પી. પાછા આવે છે—સામાન્ય રીતે ગ્રાહકોએ પોતે જ લક્ષ રાખવાનું હોય છે કે અમારું લવાજમ લગભગ કેટલામા અંકે પૂરું થાય છે એનો અંદાજ કરી લવાજમ મ. ઓ.થી મોકલાતા હોય તો વી. પી. કરવાનું રહે નહિ. ૭-૭ આઠ-આઠ અંકો અને કેટલીકવાર ૨૦-૨૦ અંકો ઉપર આપ્યા છતાં લવાજમ આવતું નથી ત્યારે વી. પી. કરીએ અને તેય પાછું ફરે એટલે ૨૦ અંકના રૂા. ૧૦ અને વી. પી. ખર્ચના રૂા. ૨ કુલ રૂા. ૧૨ તંત્રીને ચોંટે છે. ખેદ સાથે લખવું પડે છે કે આ વર્ષમાં ૨૫ ટકા જેટલા વી. પી. પાછા ફર્યા છે તેનો અંદાજ ખર્ચ રૂા. ૪૦૦ ઉપરાંત થયો છે."

"સ્થાનકવાસી જૈન"ના આ ઉદ્‌ગારોમાં અમારા "જૈન" પત્ર જેવાં કેટલાંય પત્રોને વેઠવી પડતી મુશ્કેલી ધ્વનિત થતી હોવાથી અમે એ લખાણ અહીં ઉદ્ધૃત કર્યું છે. આવા પત્રોની મુસીબતનો ખ્યાલ કરીને ગ્રાહકબંધુઓ જરૂરી સહકાર આપતા રહે એ જ આ કથનનો ભાવ છે.

---

જેઓએ હજુ લવાજમ મોકલ્યું ન હોય તેઓને નમ્ર વિનંતિ છે કે તુરત......... **લવાજમ મોકલી આપો**

### પાલિતાણામાં ચાતુર્માસ અને આદપુરમાં ખનનમુહૂર્ત તથા શિલાન્યાસ

આ૦ દેવશ્રી વિજયમંગલપ્રભસૂરિજી મ૦, પં. શ્રી અરિહંતવિજયજી આદિ ઠાણાનું આગામી ચાતુર્માસ સહિરાવ ધર્મશાળામાં ટ્રસ્ટીઓની આગ્રહભરી વિનંતીથી નક્કી થયેલ છે.

ઉપરોક્ત પૂ. ગુરુવર્યોશ્રીની પ્રેરણાથી અને શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ દ્વારા નિર્માણ થનાર ૯૬ જિનટૂંકનું ખનનમુહૂર્ત તથા શિલાન્યાસ જુદા જુદા ભાગ્યશાળીઓના હાથે તાજેતરમાં વિધિપૂર્વક થયેલ છે.

### ઓરડીથી નવસારી

### સામટામાં પાઠશાળા માટે થયેલ ૧૮ હજાર

આ૦શ્રી વિજયજયંતસૂરિજી મ૦ આદિ ઠા. ૪ વાપી ચાતુર્માસ પૂર્ણ કરી ઓરડી પધારતાં, પોષ સુદ ૬ના તેઓશ્રીની નિશ્રામાં નૂતન દીક્ષિત સાધ્વીશ્રી સ્નેહપૂર્ણાશ્રીજીની વડી દીક્ષા ધામધુમથી થયેલ. શાહ તારાચંદ રાજમલ પૂનમીઆના ધર્મપત્ની ભગવ બિહેને ક્ષીરસમુદ્રના કરેલ સાત ઉપવાસ નિમિત્તે સ્વગૃહે ચતુર્વિધ સંઘના પગલાં કરાવી, ગુરુપૂજન વગેરેનો લાભ લીધેલ.

પૂજ્યશ્રી ઓરડીથી વિહાર કરી ગોલવડ, દહાણુ થઈ સામટા પધારેલ. ત્યાં જૈન પાઠશાળા માટે પ્રેરણા આપતાં રૂા. ૧૮ હજારનું ફંડ થયું હતું. શાહ હરખચંદ કીશનાજીના માતુશ્રી શત્રુંજય તીર્થમાં ચાતુર્માસ કરી ઘરે આવતા, તે નિમિત્તે પૂજ્યશ્રીના સ્વગૃહે પગલાં કરાવી ગુરુપૂજન, જ્ઞાનપૂજન અને સંઘપૂજનનો લાભ લીધો હતો. પૂજ્યશ્રી પોષ વદ ૧૦ના પુનઃ વાપી પધાર્યા હતા. ત્યાંથી મહા સુદ ૪ના વિહાર કરી વલસાડ અને મહા વદમાં નવસારી પધારશે.

### પાલિતાણા પધાર્યા

મુનિશ્રી હેમપ્રભવિજયજી આદિ ઠા. ૪ શંખેશ્વર તીર્થમાં દીક્ષા-મહોત્સવ મનાવી આ૦ દેવશ્રી વિ મંગલપ્રભસૂરિજી મ૦ની સાંનિધ્યમાં મહા સુદમાં પાલિતાણા પધાર્યા છે.

મુનિશ્રી નિર્મલવિજયજી મહારાજ દાઠાથી વિહાર કરી મહુવા જેસર થઈ આંખે મોતીયાનો ઉપચાર કરાવવા પાલિતાણા-શાંતીભુવન (વંડા)માં પધાર્યા છે.

## ચાતુર્માસ નિર્ણય

આ૦ દેવશ્રી વિજયમેરુપ્રભસૂરિજી મ૦ આદિ
પાયધુની, શ્રી આદીશ્વરની ધર્મશાળા–ઉપાશ્રય

આ૦દેવશ્રી વિજયદેવસૂરિજી મ૦ તથા
ઉપાધ્યાય શ્રી હેમચંદ્રવિજયજી મ૦ આદિ
પાયધુની, શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય.

આ૦ દેવશ્રી વિજયકીર્તિસૂરિજી મ૦ આદિ
પાયધુની, શ્રી નમિનાથ જૈન ઉપાશ્રય

આ૦ દેવશ્રી વિજયશુભંકરસૂરિજી મ૦ આદિ-પ્રાર્થના સમાજ

પંન્યાસશ્રી મુનિચંદ્રવિજયજી ગણિવરાદિ—બોરીવલી, દોલતનગર
પંન્યાસશ્રી પદ્મસાગરજી ગણિવરાદિ—ચોપાટી.



# 卐 દીક્ષા–પ્રવ્રજ્યા પંથે પ્રયાણ 卐

**મુમુક્ષુ કુ. અંજનાબહેન**



રાધનપુર નિવાસી પારેખ મુક્તિલાલ હરગોવનદાસની સુપુત્રી કુમારી અંજનાબહેન (ઉં. વર્ષ ૨૦) સંયમમાર્ગે જવા તૈયાર થયા છે.

બોરીવલી (મુંબઈ)માં ગત વર્ષે પૂજ્ય પૂર્ણભદ્રવિજયજી મહારાજની તેમ જ સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજી અને સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજીની સાંનિધ્યમાં તેઓએ માસક્ષમણની ઉગ્ર તપસ્યા કરી હતી. વળી, બે વાર ઉપધાન અને અન્ય નાની–મોટી આરાધના કરી છે. સમેતશિખરજી અને બીજા તીર્થોની યાત્રા કરેલ છે. ધાર્મિક શિક્ષણ પણ સારું પ્રાપ્ત કર્યું છે.

મુમુક્ષુ બહેને જીવનને ધર્મ સાથે જોડતા રહી ઊંડી ત્યાગભાવના કેળવવા સાથે દીક્ષા માર્ગે પ્રયાણ કરવાનો શુભ સંકલ્પ કર્યો છે. તેમના પિતાશ્રી અને માતુશ્રી સદ્‌ગુણાબહેને પણ બધી અનુકુળતા કરી આપી છે.

**મુમુક્ષુ કુ. મયુરીબહેન**



રાધનપુર નિવાસી પારેખ સેવંતીલાલ હરગોવનદાસની સુપુત્રી કુમારી મયુરીબહેન (ઉં. વર્ષ ૧૯) ભ. મહાવીરસ્વામીએ ચીંધેલા સર્વ ત્યાગના પંથે જવા ઉત્સુક બન્યા છે.

કોલેજનું તેમ જ ધાર્મિક ઉચ્ચ શિક્ષણ તેઓએ મેળવ્યું છે. અને અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, નવપદની ઓળી, બે ઉપધાન વગેરે કરી પોતાના આત્માને સંયમમાર્ગથી ભાવિત બનાવ્યા છે. તેઓ આ૦ દેવ શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મ.ની નિશ્રામાં, સાધ્વીશ્રી નીતિશ્રીજી મ.ના પ્રશિષ્યા સાધ્વીશ્રી મોક્ષાનંદશ્રીજી પાસે રાધનપુરમાં શુક્રવાર તારીખ ૨૧–૨–૭૫ ના પ્રવ્રજ્યા અંગીકાર કરનાર છે.

તેમની દીક્ષા નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપુજન તથા શાંતિ–સ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ મહા સુદ ૩ થી સુદ ૧૦ સુધી ઉજવાશે.

## નિર્વાણોત્સવ સમિતિ
## બેંગલોર

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના ૨૫૦૦ મા નિર્વાણ કલ્યાણક મહોત્સવના સાપ્તાહિક, વાર્ષિક અને સ્થાયી એમ ત્રિવિધ કાર્યક્રમો માટે બેંગલોરના સમગ્ર જૈન સમાજે, સંઘો, સંપ્રદાયો, સંસ્થાઓથી સંગઠિત અને પ્રતિનિધિ રૂપ 'ભ. મહાવીર ૨૫૦૦મા નિર્વાણોત્સવ જૈન સમિતિ–બેંગલોર' એ નામથી રચાઈ છે.

આ સમિતિના પ્રથમ સાપ્તાહિક કાર્યક્રમમાં વિશાળ શોભાયાત્રા અને કર્નાટક રાજ્યના શિક્ષણમંત્રી મલ્લિકાર્જુનસ્વામીના પ્રમુખપદે વિરાટ જાહેરસભા યોજાએલ. સભામાં થયેલી મેદની અભૂતપૂર્વ હતી. ઉપરાંત, આ સમિતિના ઉપક્રમે વર્ધમાન ભારતી–બેંગલોર દ્વારા 'ધ્યાનસંગીત' નો અને પ્રા૦ પ્રતાપકુમાર ટોલિયા અને શ્રીમતી સુમિત્રા પ્ર. ટોલિયાના નિર્દેશનમાં હિન્દી કોમેન્ટ્રી અને વિવિધ રાગ-રાગિણીયુક્ત 'મહાવીરદર્શન'નો કાર્યક્રમ યોજાએલ. આ કાર્યક્રમ મૈસુર અને કોચીનમાં પણ રજુ થયેલ.

સમિતિએ સ્થાયી કામમાં ભ૦ મહાવીર જીવન પ્રદર્શન, ગ્રન્થાલય, સભાગૃહ અને ઉચ્ચ કક્ષાના ધાર્મિક વ્યવહારિક શિક્ષણના સમન્વયરૂપ જૈન કોલેજ માટે 'મહાવીર વિદ્યા-ભવન' અને એક 'મહાવીર જૈન હોસ્પીટલ' બનાવવા નિર્ણય લીધો છે.

## વનસ્થલીનો વિરોધ કરનારાઓએ

# વિચારવા જેવું

લેખક :
પં. શ્રી દલસુખભાઈ માલવણિયા
અમદાવાદ.

ભગવાન મહાવીરની સ્મૃતિમાં સરકાર તરફથી બનનાર 'મહાવીર વનસ્થલી'નો વિરોધ કેટલાક કરી રહ્યા છે ત્યારે તે સૌનું ધ્યાન એક હકીકત તરફ દોરવા ઇચ્છું છું. પ્રાચીનકાળમાં મંદિરોના નિર્માણમાં રાજાઓ તથા અન્ય સમૃદ્ધ અને સામાન્ય જનોની સહાય મળતી, એ તો જાણીતું છે. પણ એ મંદિરની પૂજા આદિ માટે કાયમી ખર્ચ કરવાનો હોય તેની પણ વ્યવસ્થા કરવી જરૂરી હતી. આથી આ બાબતમાં પણ મંદિરોમાં જે શિલાલેખો લખાતા તેમાં એ ખર્ચની વ્યવસ્થા વિષે નિર્દેશ મળી આવે છે. તેમાં જે પ્રસ્તુતમાં મહત્ત્વ ધરાવે છે તે તરફ સૌનું ધ્યાન દોરું છું.

પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીએ પ્રાચીન જૈન લેખસંગ્રહો છપાવ્યા છે તેનો બીજો ભાગ શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર દ્વારા ઈ. સ. ૧૯૨૧માં પ્રકાશિત થયો છે. તેમાંથી જે કેટલીક જાણવા–વિચારવા જેવી હકીકત મળી તે અહીં રજુ કરું છું.

મંદિરને દાનમાં સુવર્ણ ઉપરાંત રેંટ સાથેનો કૂવો પણ ભેટમાં આપ્યાનો ઉલ્લેખ લેખ નં. ૩૧૮માં છે. અને તેમાં જ વળી માલ ભરેલા વીસ પોઠિયા દીઠ એક રૂપિયો, માલ ભરેલા દરેક ગાડા દીઠ એક રૂપિયો, તેલની ઘાણીના દર ઘડા દીઠ એક કર્ષ, ભારો પાસેથી પાન (નાગરવેલ)ની ૧૩ ચોલિકા, સરોડિયા–જુગારી પાસેથી દર મનુષ્યે એક પેલ્લક, પ્રત્યેક રેંટવાળા કૂવા દીઠ ચાર શેર ઘઉં તથા જવ.........ઘઉં આદિ દરેક જાતની ચીજોના પ્રત્યેક દ્રોણે એક માણું–આ પ્રમાણે રાજાએ મંદિરને બાંધી આપ્યું હતું.

રેંટવાળા કુવા આદિ ઉપરનો આ પ્રકારનો મંદિર માટેનો ટેક્ષ અનેક લેખમાં નિર્દિષ્ટ છે.

લેખ નંબર ૩૪૨માં જણાવ્યું છે કે ભગવાનની પૂજાના નિભાવ માટે ઘી, તેલ, લવણ, ધાન્ય, કપાસ, ગોળ, ખાંડ, હીંગ, મજીઠ આદિ વપરાશની વસ્તુઓમાંથી અમુક ભાગ ભેટ ધરવો.

લેખ નં. ૩૪૩માં મહાવીરદેવની પૂજા અર્થે ગામની દરેક તેલની ઘાણીમાંથી તેલનો ૧/૪ (ચોથો) ભાગ ભેટમાં આપ્યાનો ઉલ્લેખ છે.

કૂવાથી ઊપજતા પાક–જવનો એક હારક (માપ) હમેશાં આપવામાં આવશે એવું લેખ નં. ૩૪૭માં જણાવ્યું છે.

લેખ નં. ૩૪૯માં જણાવ્યું છે કે ભગવાન મહાવીરના જન્મકલ્યાણક ચૈત્ર શુદિ ૧૩નો દિવસ ઊજવવા માટે કેલ્હણ દેવ રાજાની માતા આનલદેવીએ સંડેરક ગચ્છના મૂળનાયક મહાવીરદેવને પોતાના ઉપભોગમાંથી યુગંધરી એટલે જવારનો એક 'હાએલ' (એક હળથી એક દિવસમાં ખેડી શકાય તેટલી જમીનમાં પેદા થયેલો) અર્પણ કર્યો આ પ્રમાણે એક એક હાએલનું દાન અનેક પ્રજાજનોએ પણ કર્યાનો ઉલ્લેખ છે.

લેખ નં. ૩૬૯ માં જણાવ્યું છે કે ભગવાન પાર્શ્વનાથના મંદિરના ધ્વજારોહણ માટે આસલપુરના રાવતના કુટુંબીજનોએ માતા–પિતાના કલ્યાણાર્થે વાડીસહિત રેંટવાળો કુવો ભેટમાં આપ્યો હતો.

લેખ નં. ૪૩૦ માં જણાવ્યું છે કે મહાવીરદેવની પૂજા માટે રાણી શ્રંગારદેવીએ એક સુંદર વાડી ભેટ આપી હતી.

ખંભાતમાંના લેખ નં. ૪૪૯ માં જણાવ્યા પ્રમાણે ત્યાંના શ્રાવકોએ પાર્શ્વનાથની પૂજા માટે જે લાગો, કરી આપ્યો હતો તે આ પ્રમાણે હતો––વસ્ત્ર, ખાંડ, ગુરુ, માંસી, સટંકણ (?), ચામડું, રંગ આદિ દ્રવ્યોથી ભરેલા એક બળદ દીઠ એક દ્રમ્મ તથા ગોળ, તેલ આદિ ચીજોથી ભરેલા એક બળદ પ્રતિ અડધો દ્રમ્મ.

આ બધા લેખો ઉપરથી મંદિરો માટે દાન સ્વીકારવામાં જૈન ધર્મની પરંપરા કયા પ્રકારની હતી તે સ્પષ્ટ થાય છે. તો પછી આજે વનસ્થલીનો જે વિરોધ થઈ રહ્યો છે, તેમાં કેટલું તથ્ય છે તેનો સૌએ વિચાર કરવો ઘટે.

## રતલામ નગરમાં નરેન્દ્રકુમારનો ભવ્ય દીક્ષા મહોત્સવ

# અઢારે આલમમાં ઉમટેલો ઉત્સાહ

આગમ-મંદિરોના સંસ્થાપક પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીની વાચનાભૂમિ રતલામ નગરમાં અતિ ભવ્ય દીક્ષા-મહોત્સવ ઉજવાઈ ચૂક્યો અને રતલામના ઇતિહાસને એક નવલા પાનની ભેટ ધરતો ગયો.

જેઓએ માળવ-દેશના ગામો-ગામ વિચરી બસો ઉપરાંત જિનાલયો, દોઢસો પાઠશાળાઓ અને અનેક શાસન-પ્રભાવનાના મહોત્સવો-કાર્યો કરાવ્યા તે માલવ દેશોદ્ધારક પૂજ્યપાદ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ૦ સા૦ના વિદ્વાન શિષ્યરત્ન પંન્યાસ પ્રવર શ્રી અભય-સાગરજી મ૦ના વિનેય પ્રવક્તા મુનિરાજશ્રી અશોક-સાગરજી મ૦ આદિ ઠાણા ૪ કપડવંજથી પૂજ્યપાદ ગુરુદેવોના આશિર્વાદ પ્રાપ્ત કરી વિહાર કર્યો ત્યારે ઊંઝા નિવાસી ભાઈ નરેન્દ્રકુમાર માધવલાલ ઉં. વર્ષ ૧૯ (જેઓ છેલ્લા બે વર્ષથી પ્રવ્રજ્યાના પુનિત પંથ માટે તૈયારી કરી રહ્યા હતા) પણ આવી ગયા અને પૂજ્યશ્રી સાથે પગપાળા વિહારમાં રહ્યા અને પૂજ્ય-શ્રીને દીક્ષા-પ્રદાન કરવા વારંવાર વિનતિ કરતા જ રહ્યા. નરેન્દ્રકુમારે પોતાના માતા-પિતાથી તો પ્રવ્રજ્યા હેતુ અનુમતિ પ્રાપ્ત કરી જ લીધી હતી. હવે તો માત્ર મુહૂર્તની જ પ્રતીક્ષાને અવકાશ હતો.

**દીક્ષામુહૂર્તનો નિર્ણય**

કપડવંજથી વિહાર કરી પૂજ્યશ્રી લુણાવાડા પધાર્યા. ત્યાં વાત્સલ્યસિંધુ ગચ્છાધિપતિ આ૦શ્રી માણિક્ય-સાગરસૂરીશ્વરજી મ૦ના પુણ્ય દર્શન થયા અને આ૦શ્રીની નિશ્રામાં પોષદશમીની આરાધના કરવા લુણાવાડામાં સ્થિરતા કરી. દરમ્યાન પૂજ્ય ગચ્છાધિ-પતિશ્રીને દીક્ષા માટે સમીપવર્તી મુહૂર્ત કાઢવા પ્રાર્થના કરતાં તેઓશ્રીએ પોષ વદ ૧૦નું મુહૂર્ત આપ્યું.

બાદ લુણાવાડાથી મુમુક્ષુ નરેન્દ્રકુમાર પૂજ્ય મુનિ-શ્રીની સાથે વિહાર કરી ઝાલોદ પધાર્યા. ત્યાં બે દિવસની સ્થિરતા દરમ્યાન રવિવારના દિવસે બપોરે મુનિશ્રીનું જાહેર વ્યાખ્યાન યોજાયું; અને તે વખતે વિશાલ જન-મેદની વચ્ચે નરેન્દ્રકુમારનું ઝાલોદ સંઘ તરફથી બહુમાન થએલ.

**રતલામમાં પ્રવેશ અને દીક્ષાનો નિર્ણય**

આમ, શાસનપ્રભાવના વિહારમાં પણ ચાલતી રહી અને કુશલગઢ, બાજણા, શીવગઢ આદિ ગામોગામ વિચરતાં પોષ સુદ ૧૦ના દિવસે રતલામના આંગણે પૂજ્યશ્રી પધારતાં, સાગરજીની ભૂમિમાં સાગરજીના સંતાનનું સામૈયું કરવા શ્રીસંઘ હર્ષઘેલો બન્યો. અને પ્રાતઃ શાસનપ્રભાવક અને દબદબા ભર્યું પૂજ્યશ્રીનું સામૈયું થયું. ત્રણ કલાક સુધી સામૈયું ફરી થાવરીઆ બજારમાં કબીર સાહેબના ઉપાશ્રયે થંભ્યું. અને જંગી જનમેદની વચ્ચે પૂજ્યશ્રીની મંગલમય વાણી વહેવા લાગી... રતલામમાં જે કલેશ-કંકાશના કીચડ-છાંટા ઉછાળ્યા છે તેને નાબૂદ કરવા અને સંઘમાં શાંતિનો શુભ સંદેશ ફેલાવવા પૂજ્યશ્રીએ પ્રવચન ફરમાવેલ. આની ખૂબ જ સુંદર અસર શ્રોતાગણ ઉપર થઈ.

પ્રવચન બાદ શ્રીસંઘે નરેન્દ્રકુમારની દીક્ષા રતલા-મમાં કરાવવા પુજ્યશ્રીને વિનતિ કરેલ. પૂજ્યશ્રીએ અનુમતિ આપતા સંઘમાં આનન્દનું મોજું ફરી વળેલ. અને પ્રથમ પ્રવચનમાં જ શ્રીસંઘના અગ્રણીઓ દ્વારા નરેન્દ્રકુમારનું બહુમાન કરાયું. અને ત્યારથી જ દીક્ષાની તૈયારીઓ આરંભાઈ ચુકી.

દીક્ષા નિમિત્તે શ્રી સંઘે અઠ્ઠાઈ ઓચ્છવ કરવાનો નિર્ણય લીધો અને તે માટે સુંદર-આકર્ષક પત્રિકા પણ છપાવી; પત્રિકાઓ પણ દીક્ષાનો દિવ્ય સંદેશ પાઠવવા ગામો-ગામ રવાના થવા લાગી.

**દીક્ષા મહોત્સવનો પ્રારંભ**

ઓચ્છવની શરૂઆત પોષ વદ ૩થી થવા લાગી અને શહેરની મધ્યમાં આવેલી શૈલાનાવાલાની હવેલીમાં પૂજ્યશ્રી ઓચ્છવ નિમિત્ત પધાર્યા; અને ત્યાં જ અઠ્ઠાઈ

ઓચ્છવની રંગ જમાવટ થવા લાગી.

દીક્ષાના ઓચ્છવનો એક-એક દિવસ પસાર થવા લાગ્યો અને સંઘમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ જામતું રહ્યું. રતલામની સેવાભાવી "પાર્શ્વનાથ સેવા સમિતિ" એ પણ આ સુઅવસરને દીપાવવા રાત-દિવસ જોયા વગર તનતોડ મહેનત કરી.

આકર્ષક જિન-મંડપ, પ્રવચન મંડપ, દશ હજાર જેવી જંગીમેદની સમાઇ શકે એવા મોટા હવેલીના ચોગાનમાં પંડાલોની છત સુંદર રીતે શોભાવી હતી. દીક્ષા-વિધિ માટે નાણ અને ગુરુદેવશ્રીને બિરાજવા માટેની બેઠક પણ સુસજ્જ અને સારીય જનતા બેઠી બેઠી શાંતિથી નિહાળી શકે એ રીતે રચવામાં આવેલ.

આમ દીક્ષા-નિમિત્તનો ઉત્સવ ઉલ્લાસ-સભર ઉજવાતો ગયો. પુજામાં રતલામનગરનું વિચક્ષણ સંગીત મંડળ પણ વિવિધ રાગ-રાગિણીથી પ્રભુ-ભકિતમાં એક-લીનતા સર્જાવતું હતું.

ઉત્સવના ત્રણ દિવસ પસાર થયા ને રવિવારનો નિવૃત્તિ-દિન આવી ઊભો. આ દિવસે બપોરના જલયાત્રાની વિશાળ અને વિસ્મયકારી રથયાત્રા રતલામ નિવાસી શ્રી હુકમીચંદજી સુરાણા તરફથી નીકળી હતી. તેમાં ભાત-ભાતના બોર્ડોથી શોભતા વાહણો, રતલામનું ખ્યાતિલબ્ધ રાયસિંહ બેન્ડ, ટોલીમાં પ્રભુ-ભકિતની ધૂન મચાવતું શ્રી વિચક્ષણ મંડળ, દાંડીયારાસ લેતા રસિક યુવકો તથા માલવદેશની મર્યાદા મુજબ ઠેર ઠેર નૃત્ય કરતા બાલ-યુવાન-વૃદ્ધ સ્ત્રી-પુરૂષો આદિ જલયાત્રાના વિશિષ્ટ આકર્ષણો બન્યા હતા. આ જલયાત્રા લગભગ ૩॥ થી ૪ કલાક ગામમાં ફરી હતી.

બીજા દિવસે સોમવારે શ્રી પંચકલ્યાણકની પુજા ભણાઇ અને મંગલવારના દિવસે શાંતિદાયી શ્રી શાંતિ-સ્નાત્ર મહાપુજન આરંભાયું. તેમાં પણ હજારોની સંખ્યામાં જનમેદની હાજર હતી; અને તેનો આનન્દ ઉત્સાહ અદમ્યતાના આભને આંબતો હતો. આ વખતે દીક્ષાર્થી ભાઇએ ભકિતભાવ સભર કરેલ નાચ અને ગાન આમજનતાનું અસાધારણ આકર્ષણ બન્યું હતું.

પુજન બાદ રાતે મુમુક્ષુ શ્રી નરેન્દ્રકુમારને વિશાલ સભા વચ્ચે અને રતલામના અગ્રગણ્ય શેઠશ્રી શ્રી હસ્તીમલજી કુમઠ સાહેબના પ્રમુખસ્થાને રેશમીકપડા પર મુદ્રિત અભિનન્દન પત્ર આપેલ, અને નરેન્દ્રકુમારે પણ સુંદર બોધપ્રદ સંબોધન સાથે આભાર માનેલ.

સભાના વિસર્જન બાદ શ્રી સુભાષકુમાર સોહનલાલ


# બોડેલી તીર્થની યાત્રાર્થે પધારો

વડોદરા જિલ્લાના આ બોડેલી તીર્થ વિસ્તારમાં ૪૦,૦૦૦ પરમાર ભાઈઓ જૈનધર્મ પાળે છે સ્ટેશન અને બસસ્ટેન્ડથી નજદીક ભવ્ય શિખરબંધી જિનાલય છે, જેમાં મુલનાયક શાસનપતિ શ્રી મહાવીર-સ્વામીની ૩૭'ની ઊંચી તથા અન્ય પ્રતિમાઓ દર્શનીય છે.

આજુબાજુના ગામડાઓમાં ૧૦ દેરાસરો છે, તેના દર્શનનો લાભ મળશે. આ સ્થળના હવાપાણી સારાં છે. ઉપરાંત ધર્મશાળા ભોજન-શાળા આદિની સુંદર વ્યવસ્થા છે.

વિનતિ :-અહિંયા ભોજન-શાળાનું મકાન બનાવવાનું છે. તેમાં જે ભાગ્યશાળી એકાવનહજારની રકમ આપશે તેમનું નામ ભોજન-શાળા સાથે જોડવાનું નક્કી કરેલ છે. અને જે એકહજાર આપશે તેમનો ઓઇલપેન્ટનો ફોટો ભોજનશાળામાં દાતા તરીકે મુકવામાં આવશે.

વડોદરા અને ગોધરાથી દરેક કલાકે અહિંયા આવવા માટે બસ અને પ્રતાપનગરથી રેલ્વે મળે છે.

-: વિનિત :-

**શ્રી રમણલાલ મગીનદાસ પરીખ**
**શ્રી પોપટલાલ ભીખાચંદ શાહ**
**શ્રી રાયચંદ કેશરચંદ ઝવેરી**
ટ્રસ્ટીઓ

નિવેદકો

**શ્રી બાબુભાઈ એચ. શાહ**
**શ્રી જશવંતલાલ. સોમચંદ શાહ**
**શ્રી ચીમનલાલ મગનલાલ શાહ**
મંત્રીઓ

આપને બોડેલી-તીર્થના યાત્રાર્થે પધારવા અમારી વિનંતી છે.

**કાર્યક્ષેત્ર :-** વ્યવસ્થાપક : પારસમલ ઉ. ભંડારી
**શ્રી વર્ધમાન જૈન આશ્રમ** **બોડેલી** જિ. વડોદરા

મહેતા દ્વારા એક વિશાલ જુલુસ નીકળ્યું હતું. જેમાંનો ચિક્કાર જનસમૂહ રતલામના માર્ગો પર શોભતો હતો. રાત્રિની ગોદમાં નીકળેલું આ જુલુસ સમસ્ત આસ્ર-અને ગજબનાક જણાઈ રહ્યું હતું. ઉત્સાહી યુવાનોનો દિગંતવ્યાપી જયધ્વનિ અને નાચ-ગાન લગભગ ૨ાા-૩ કલાક સુધી ચાલ્યું. ઠંડી અને રાતનો સુમાર હોવા છતાં આ જુલુસમાં જનસંખ્યાનો ઉભાર અમાપ બન્યો હતો. જુલુસ બાદ જ્યાંથી સવારે વરસીદાન યાત્રા નીકળવાની હતી તે ખ ભીઆ શ્રી હીરાભાઇના ઘરે ભક્તિસભર કાર્યક્રમ યોજાએલ.

દીક્ષા-પ્રવ્રજ્યા અંગીકાર

રાત્રિના ચારેય પહોર ચાર ઘડીની જેમ પસાર થઈ ચુક્યા અને આકાશના પટાંગણે ઉષારાણી રંગ રંગીલી રંગોળી પુરવા લાગ્યા. બાળસૂર્ય પણ આજના દિવસ પર દીક્ષાની દિવ્યતાનું અનોખું અંજન કરવા પધારી રહ્યા હતા.

સવારના સાતવાગે ખાબીયા કુટુમ્બી શ્રી હીરાભાઈના ઘરેથી મુમુક્ષુ નરેન્દ્રકુમારની દીક્ષાનો વર્ષીદાનનો વરઘોડો ચઢ્યો. બસ ! સંસારના બંધનોથી છૂટવાનો હવે અંતિમ પ્રહર હતો, તેથી દીક્ષાર્થીનું વદન પણ અકલ્પ્ય આનન્દથી ઊભરાઈ રહ્યું હતું.

સંસાર સાગરથી પાર લઈ જનારી દીક્ષા-નૌકાની યાદદાસ્ત તાજી કરાવવા નરેન્દ્રકુમારને બેસવા માટે એક નાવ આકારનું વાહણ તૈયાર કરાવવામાં આવેલ; જેની રચના મનોહર અને નયનરમ્ય હતી. સાથે ટોલીમાં રહેલું વિચક્ષણ મંડળ દીક્ષાની ભવ્યતા દર્શાવતા ગીતો ગાઈ જન-જનને ઉત્સાહિત કરી રહ્યું હતું. વિશાલ રાજમાર્ગો પરથી પસાર થતું આ જુલુસ હવેલીએ થંભ્યું ત્યારે હવેલીનું આખું ય પટાંગણ ૯-૧૦ હજાર જેવા જનસમૂહથી ચિક્કાર ભરાઈ ગયું.

મુનિરાજશ્રી અશોકસાગરજી મ૦ આદિ ઠાણા ૪ તથા ઇંદોરથી ખાસ દીક્ષા પ્રસંગે પધારેલા સાધ્વીશ્રી દમિતાશ્રીજી આદિ ઠાણા પધારી ગયા અને શુભ-વેલાએ દીક્ષાની માંગલિક ક્રિયાનો આરંભ થયો.

ઉપસ્થિત જનતા દીક્ષાવિધિને એકીટશે નિહાળી રહેલ. એમાં જ્યારે નરેન્દ્રકુમાર ગુરુમહારાજના પાસેથી ઓઘો સ્વીકારી જે અપાર આનન્દથી નાચી-કૂદી રહ્યા હતા ત્યારે સંઘમાં પણ ખૂબ આનન્દ ઉમટયો હતો અને યુવાટોળીએ દાંડીયા-રાસથી સમસ્ત વાતા-વરણ જયધ્વનિના નાદોથી હર્ષવિભોર સર્જી દીધું હતું.

ત્યારબાદ નૂતન મુનિને ઉપકરણ વહોરાવવાની ઉછા-મણી બોલાતાં, તેની ૪થી ૫ હજાર જેવી સારી રકમ બોલાઈ હતી. બાદ નરેન્દ્રકુમાર સ્નાન કરી હાજર થતાં, તેમનું વદન સંસારી મટી સંયમીના-સાધુના વેષમાં શોભી રહ્યું હતું. પુનઃ ક્રિયા શરૂ થઈ અને નામસ્થાપન વિધિની વેળાએ નરેન્દ્રકુમારને મુનિરાજશ્રી અશોકસાગરજી મ૦ના શિષ્ય મુનિશ્રી નરચન્દ્રસાગરજીના નામે ત્રણવાર ઉદ્‌ઘોષિત કરી જાહેર કરવામાં આવ્યા.


૨૫૦૦વર્ષના પ્રાચીન
મહાપ્રાભાવિક બાવન જિનાલય

**અજારી તીર્થની યાત્રાએ પધારો**

સીરોહીરોડ સ્ટેશનથી બે માઈલ પિંડવાડા (રાજસ્થાન) માં અને આબુરોડ તરફ હાઈવે ઉપરથી એક માઈલ દૂર આવેલ અજારી તીર્થ સંપ્રતિ મહારાજાએ બંધાવેલું છે. ૧૪મા સૈકામાં શેઠ ધરણશાએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને સરસ્વતી પ્રસન્ન થયા હતા તે સરસ્વતીદેવીનું સુંદર મંદિર પણ અહીં છે. છેલ્લો જીર્ણોદ્ધાર સ્વર્ગસ્થ પૂ૦ આ૦દેવ શ્રી વિજયપ્રેમસુરીશ્વરજી મહારાજના ઉપદેશથી સં. ૨૦૧૮થી ચાલુ કરાવી સં. ૨૦૨૭માં પૂ૦ આ૦દેવ શ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ છે. સુંદર ધર્મશાળામાં રહેવા તથા જમવાની સગવડ છે. તો તીર્થમાં એકથી એક ચમત્કારિક જિનબિમ્બો તથા મૂળનાયકજી શ્રી મહાવીર-સ્વામીજીના દર્શન કરી જીવન સફળ કરો. તા. ક. ઘોડાગાડીની વ્યવસ્થા જવા માટે મળી રહેશે.

વ્યવસ્થાપક : શેઠ કલ્યાણજી સૌભાગચંદ જૈન પેઢી, પિંડવાડા (રાજસ્થાન)

દીક્ષા બાદ નૂતન-દીક્ષિત મુનિ સાથે ચતુર્વિધ સંઘ વાજતે-ગાજતે દહેરાસરે જવા રવાના થયો અને અહીં પણ પરમાત્માની ભક્તિમાં લીન યુવાનોએ રસભર નાચગાન કર્યા. આમ, પૂ. સાગરજી મ૦નું રતલામ આખુંય આનન્દ-સાગરમાં તરબોળ બની ગયું હતું.

આ પ્રસંગે શિવગઢ, બાજણા, મંદસૌર, પ્રતાપગઢ, ઈંદોર, નાગેશ્વર, સુવાસરા, ઘસોઈ, રૂણીજા, ઝાલોદા, જાવરા, ડગ, લીંબડી, બદનાવર, વડનગર, સાલમગઢ, શૈલાના આદિ માળવાના અનેક સંઘના ભાઈઓ આવ્યા હતા. દીક્ષાના પ્રસંગે સ્થાનકવાસી પૂજ્ય શ્રી હસ્તીમલજી મહારાજ અને ત્રણ થોયના સાધ્વી મ૦ આદિ પણ સોલ્લાસ પધારેલ. છેલ્લા બન્ને દિવસ સંઘ તરફથી સાધર્મિક ભક્તિ થયેલ.

આ દીક્ષાના કાર્યક્રમને આનન્દથી પાર પહોંચાડવાનો મુખ્ય ફાળો શ્રી પાર્શ્વનાથ સેવા સમિતિ, વિચક્ષણ સંગીત મંડળ, સૂરજમલજી રસ્સીવાળા, મહેન્દ્રકુમાર, નરેન્દ્રકુમાર, રાજેન્દ્રકુમાર, સુભાષકુમાર, આનન્દકુમાર, ચાંદમલજી છાજેડ, વર્ધમાનચંદજી, સરદારમલજી, જ્ઞાનચંદજી સુરાણા આદિ યુવકોને હાથ જાય છે. આ ઉત્સવમાં અઢારે આલમમાં પ્રગટેલો ઉત્સાહ અને આનંદ છેલ્લા ૫૦ વર્ષમાં નથી પ્રગટયો એમ અહીંના વૃદ્ધજનો કહેતા જણાતા.

### સેમલીયા તીર્થે અઢાર અભિષેક

પોષ વદ પ્ર. ૧૩ ના પૂ૦ મહારાજશ્રી આદિ શેઠ સાગરમલજી છાજેડની વિનતિ સ્વીકારી સ્ટેશનના દહેરાસરે પધાર્યા હતા. ત્યાં વહોરાએ અને વિચક્ષણ સંગીત મંડળે ભક્તિનો જમાવટભર્યો કાર્યક્રમ યોજેલ.

પો. વદ બીજી ૧૩ ના પૂજ્યશ્રી સેમલીયા તીર્થે પધારતા ઘણા શ્રાવિકો સાથે જોડાયાં હતાં. ઘણા ભાઈબહેનો અગાઉથી પહોંચી સામૈયામાં જોડાયાં હતાં. ઠેર ઠેર ધ્વજા-પતાકા ફરકાવાઈ હતી. અહીંના હજાર વર્ષના અતિ પ્રાચીન અને ભવ્ય દેરાસરમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાજીને શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ લેપ કરાવેલ હોવાથી અઢાર અભિષેક કરાવવામાં આવેલ. તેની ક્રિયા શ્રી પાર્શ્વ [illegible] મંડળે (રતલામ) સુંદર રીતે કરાવી. આ પ્રસંગે તલામ સંઘના આગેવાન શ્રી નાથુલાલજી વહોરા, શ્રી [illegible]ાનમલજી કાકડીવાલા, શ્રી નથમલજી પિત્તલીયા વગેરે આવેલ. ઉપજ ઠીક થયેલ. બે વખત સાધર્મિકવાત્સલ્ય થયેલ.

પુ. મહારાજશ્રી આદિ અત્રેથ વિહાર કરી નામલી, પંચેડ, ધમણોદ થઈ સૈલાના પધારશે.

### બલુન્દા (જૈતારણ-રાજ૦)માં પ્રતિષ્ઠા

અત્રેનું પ્રાચીન દેરાસર જીર્ણ હોય, તેનો તાજેતરમાં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે, અને, શ્રી ઋષભદેવ ભ૦ની પ્રતિમાજીની પુનઃ પ્રતિષ્ઠા અને તે નિમિત્તે મહા સુદ ૬થી સુદ ૧૦ સુધીનો શાંતિસ્નાત્રયુક્ત પાંચ દિવસનો મહોત્સવ મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ૦ની નિશ્રામાં ઉજવવાનું શ્રીસંઘે નક્કી કરેલ છે.


મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટ [illegible] લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમિત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

**—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—**

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર. મુંબઈ-૬૬

શ્રી ઇશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ, અમદાવાદ

# ભાયખલા (મુંબઈ)માં ભવ્યરીતે ઉજવાયેલ

# માળારોપણ તથા પદ–પ્રદાન મહોત્સવ

**ઉપધાન તપની પૂર્વ ભૂમિકા —**

ગત ચાતુર્માસમાં મઝગામ બિરાજમાન સાહિત્ય-પ્રેમી મુનિરાજશ્રી નિરંજનવિજયજી મહારાજ તથા તેમના શિષ્યમુનિશ્રી ઉત્તમવિજયજી મ૦ની પ્રેરણાથી ખુડાલા (રાજસ્થાન) નિવાસી શ્રેષ્ઠી શ્રી જીવરાજ રાજમલજી રાઠોડની ઘણા વખતની ઉપધાન તપ કરાવવાની ભાવના દૃઢ થતાં નિર્ણય કરવામાં આવ્યો. ત્યારબાદ પાર્લા ચાતુર્માસ બિરાજમાન પૂજ્ય સૌમ્યમૂર્તિ આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ આદિ તથા માટુંગા બિરાજમાન પૂ. પંન્યાસશ્રી હેમચન્દ્રવિજયજી ગણિવર આદિ ઠાણાને વિનંતિ કરતાં તેઓશ્રીની નિશ્રામાં ઉપધાન તપ કરાવવાનું નક્કી થયું.

**શ્રી ઉપધાન તપ પ્રરંભ—**

કાર્તિક વદિ ૧૩ન રોજ પૂ. આચાર્ય મ૦ શ્રી આદિ સામૈયા સાથે ભાયખલ પધારતાં આનંદ મંગલ વર્તાયો.

અમદાવાદ બિરાજમાન પૂજ્યપાદ જ્યોતિષ વિશારદ આ૦દેવશ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મહારાજશ્રીએ ફરમાવેલા મુહૂર્ત અનુસાર ઉપધાનનો પ્રારંભ થયો. મા. સુદ ૨ તથા સુદ ૃ એમ બન્ને મુહૂર્તોમાં આરાધકોએ ઉલ્લાસભેર પ્રવેશ કર્યો. કુલ ૨૩૦ આરાધકોમાં ૨૯ પુરુષો હતા. જ્યારે ૧૨૮ માળવાળા હતા. ભાયખલા શ્રી આદીશ્વર ભગવંતની શીતલ–પુણ્ય છાયામાં અને પૂજ્ય આચાર્ય મ૦શ્રીની પવિત્ર નિશ્રામાં આરાધકો અનેરા આનન્દથી આરાધના કરતા હતા. જેનારના મુખમાંથી 'ધન્ય ધન્ય'ના ઉદ્ગારો સરી પડતા. મોતીશા જૈન દેરાસરનું વિશાળ કંપાઉંડ અને શાન્ત વાતાવરણ આરાધકોની વિશુદ્ધ આરાધનામાં ખૂબ પૂરક બનતા હતા.

રાઠોડ પરિવારના ભાઈઓ, મઝગામ સંઘ અને ઉપધાન તપ સમિતિના ભાઈઓ ખડે પગે તપસ્વીઓની ભક્તિ કરતા હતા.

પંન્યાસજી મહારાજ તથા મુનિરાજશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજના પ્રેરક અને સચોટ પ્રવચનોએ આરાધકોની ભાવનાને બલવત્તર બનાવી. ચાલુ ઉપધાનમાં કેટલાકે છઠ, અઠ્ઠમ અને અઠ્ઠાઈ વિ. તપશ્ચર્યા ઉલ્લસિત ભાવે કરી હતી. ૮ વર્ષની વયથી લઈ ૮૦ વર્ષ સુધીના આરાધકો જે અદમ્ય ઉત્સાહથી ક્રિયા કાંડ કરતા હતા તે જોઈ સૌ મુગ્ધ બની જતા હતા. સાધ્વી શ્રી જશવંતશ્રીજી તથા સા૦શ્રી પ્રિયદર્શનાશ્રીજી આદિ પણ સારી પ્રેરણા આપી બ્હેનોને આરાધનામાં ઉત્સાહિત કરતા હતા.

**નૂતન બાળાની દીક્ષા —**

ઉપધાન તપના શુભ મંડાણ હજુ તો હમણાં જ મંડાયા હતા ત્યાં સૌ પ્રથમ માંગલિક કાર્ય થયું નુતનબાળાની દીક્ષાનું. ઘણા જ ઉલ્લાસપૂર્વક માગ. સુદિ ૪ બુધવારના દિવસે હજારોની માનવમેદની વચ્ચે તેમની દીક્ષા થઈ. નામ રાખવામાં આવ્યું સાધ્વી પ્રિયધર્માશ્રીજી.

આ પ્રસંગે ઘણાને સર્વવિરતિની ભાવનાવાળા બનાવ્યા. જ્ઞાન, ચારિત્ર અને તપની ત્રિવેણીમાં મન મૂકીને સ્નાન કરતાં આરાધકો એવા તો આનન્દ અનુભવતા હતા કે પોતાના ઘરબારને અને કુટુંબ-કબિલાને એકવાર ભૂલી ગયા.

એવામાં દિવસ આવ્યો પોષ સુદી ૬ નો. એ દિવસે પાટણ નિવાસી શા રમણભાઈ તથા તેમના ધર્મપત્ની ચંદ્રાવતી બહેન તથા શાહ દુલેચન્દ્રજી સર્વ સંસાર સંગને છોડી પુજ્ય આચાર્ય શ્રી વિજયરામ–સૂરિશ્વરજી મ૦ (ડેલાવાળા)ના વરદ હસ્તે દીક્ષિત થયા. આઠ દિવસની પુજા અને શાંતિસ્નાત્ર તેમ જ ભવ્ય વરઘોડાઓથી આ દીક્ષા મહોત્સવ પણ ઘણો અનુમોદનીય બન્યો.

આ પ્રસંગે ઘણા આરાધકોએ–દીક્ષા ન લેવાય

ત્યાં સુધી મિષ્ટાન, વિગઈ વગેરે વસ્તુઓનો ત્યાગ કર્યો. અને કેટલાકે બીજા પણ જુદા જુદા નિયમો સ્વીકાર્યા.

માળની ઉછામણી —

પો. સુદિ પહેલી સાતમને રવિવારના દિવસે તો જાણે ધનનો વરસાદ જ વરસ્યો. માળની બોલી આ દિવસે બોલાઈ. ઉછળતા ભાવથી બોલાતી એ બોલી જોઈએ ભલભલા ઠરી ગયા. જાણે ચાર બાજુથી ભરતી આવી. વાતાવરણ જ એવું હતું કે જેઓ જેવું વિચારીને આવ્યા હતા તેનાથી સવાયું બોલી ગયા.

માળારોપણની તૈયારી —

ઉપધાનતપની આરાધનાની પૂર્ણાહૂતિ પ્રસંગે 'મુક્તિ વધૂ વરમાળા' પહેરાવવામાં આવે છે, એ પ્રસંગ આરાધકે માટે અને તેઓના સગાસ્નેહીઓ માટે ઘણો મહત્ત્વનો પ્રસંગ છે. આ માળારોપણ મહોત્સવ પ્રસંગે ઉદ્યાપન થાય તો ઘણું સારું એવી પૂ. મહારાજશ્રીની પ્રેરણા થતાં જુદા જુદા ભાગ્યશાળીઓએ છોડ લખાવવા માંડયા; જોત-જોતામાં ૨૧ છોડ થઈ ગયા.

પદપ્રદાન માટે વિનતિ —

માળારોપણ મહોત્સવ પ્રસંગે પંન્યાસ શ્રી હેમચન્દ્રવિજયજી ગણિવરને ઉપાધ્યાય પદવી તથા મુનિરાજશ્રી નિરંજનવિજયજી મ૦ને પ્રવર્તક પદવી આપવા માટે પાર્લા, માટુંગા, ભાયખલા, દોલતનગર વગેરે અનેક ગામોના સંઘોનો આગ્રહ થતાં અને પ. પુ. આચાર્ય મ૦ શ્રી વિજયનન્દનસુરીશ્વરજી મ૦ને વિનતિ કરતાં તેઓએ આજ્ઞા ફરમાવી અને તેથી સર્વત્ર આનંદ આનંદ ફેલાઈ ગયો.

આકર્ષક પત્રિકા —

માળારોપણ અને પદપ્રદાન મહોત્સવની એક મોટી પત્રિકા તો સુન્દર છપાવવામાં આવી હતી, વળી પદપ્રદાન પ્રસંગની પણ આકર્ષક ચૌદસ્વપ્ન-અષ્ટમંગળ વિ. ડીઝાઈનવાળી સુન્દર પત્રિકા છપાવવામાં આવી હતી, જે જોઈ સૌ કોઈ પ્રભાવિત થયા.

આચાર્ય ભગવંતોની પધરામણી —

માળારોપણાદિ મહોત્સવ પ્રસંગે પધારવા દોલતનગર બિરાજમાન પ. પૂ. શાસનપ્રભાવક આ. દેવશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૦ આદિને આગ્રહભરી વિનતિ કરતાં તેઓશ્રી આદિ પોષ સુદ ૧૧ ના સસ્વાગત ભાયખલા પધાર્યા. પૂ. આચાર્યશ્રીના પધારવાથી વાતાવરણ ગાજી ઊઠયું.

મહોત્સવ પ્રારંભ —

પોષ સુદ ૧૪ થી શેઠ જીવરાજ રાજમલજી રાઠોડ તરફથી અષ્ટોત્તરી સ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવનો પ્રારંભ થયો. તે દિવસે કુંભસ્થાપના થઈ. તથા શા જયંતિલાલ નગીનદાસ વગેરે કેટલાક ભાગ્યશાળીઓએ ચતુર્થવ્રત, વરસીતપ આદિ નાણુ સમક્ષ ઉચ્ચરી સારો લાભ લીધો.

બપોરે ૧૨ વાગે 'બૃહત્ મુંબઈ સ્નાત્ર મહામંડળ'ના ઉપક્રમે ચાર ભાગ્યશાળીઓ શા ગણેશમલજી, શા મુલચન્દજી, શા મુલચંદ ભૂરમલ તથા શા શાંતિલાલ લાલચંદ તરફથી બૃહત્ સ્નાત્ર મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. તે સમયે શેઠ રમણલાલ શ્રોફ ખંભાતવાળાએ સ્નાત્રની સુંદર સમજાવટ આપી તથા કુશળ કળાકાર શ્રી હિંમતસિંહજી ચૌહાણે ઇન્દ્ર મહારાજાની ભૂમિકા રજૂ કરી સૌને આશ્ચર્યચકિત કરી દીધા.

છપ્પનદિક્કુમારિકાઓનો મહોત્સવ પણ ઘણો આકર્ષક બન્યો. માળના વરઘોડાના ચઢાવા પણ ઘણા સારા બોલાયા.

અષ્ટોત્તરી સ્નાત્ર —

પોષ વદ ૫ના સવારે નવગ્રહ, દશદિક્પાળ અને અષ્ટમંગલ પૂજન ઉત્સાહપૂર્વક થયું તથા બપોરે વિજય મુહૂર્તે શાંતિસ્નાત્ર ઘણી જ ભવ્ય રીતે ભણાવવામાં આવ્યું. ક્રિયાવિધિ શા મનુભાઈ ડભોઈવાળાએ કરાવી. સંગીતકાર દિલીપ શર્માએ સારો રંગ જમાવ્યો.

માળનો ભવ્ય વરઘોડો —

પોષ વદિ ૬ શનિવારના સવારથી જ ભાયખલાનું વિશાળ પ્રાંગણ માનવમહેરામણથી ઉભરાવા લાગ્યું. ૧૧ા વાગે વાજિંત્રના ગગનભેદી અવાજોથી વાતાવરણ ગુંજી ઊઠયું.

માળનો ભવ્ય વરઘોડો શરૂ થયો. પુષ્પોથી શણગારેલી મોટરો અને બગીઓની લાંબી કતાર લાગી ગઈ, જાણે દેવલોકમાંથી દેવવિમાનો જ ન ઊતરી આવ્યા હોય! બધા પોતપોતાના સ્વજનો સાથે માળા લઈને વાહનોમાં ગોઠવાઈ ગયા પાર્લાના બુદ્ધિસાગરસૂરિ બેન્ડે સારો રંગ જમાવ્યો. બીજા પણ બે બેન્ડો પ્રભુજીનો રથ, ઈન્દ્રધ્વજા, પૂજ્ય આચાર્ય મહારાજાદિ વિશાળ મુનિગણ, સાધ્વીજી મહારાજો અને હજારોની સંખ્યામાં દૂર દૂરથી આવેલા શ્રાવક શ્રાવિકાઓથી વરઘોડો ભવ્યાતિભવ્ય બન્યો.

રાત્રે રંગમંડપમાં માળા મંત્રવાનો વિધિ કરવામાં આવ્યો.

**માળારોપણ પદપ્રદાન અને વડી દીક્ષા —**

પોષ વદ ૭ને રવિવાર; તા. ૨-૨-૭૫નો દિવસ જાણે જુદો જ ઊગ્યો: તેવું જ વાતાવરણ, નવી પ્રેરણા અને નવો જ ઉત્સાહ. સૌના હૈયામાં અપૂર્વ તરવરાટ. જાણે કેટકેટલા વખતનું સોહામણું સ્વપ્ન ન ફળતું હોય!

સવારના આઠ વાગ્યાથી જ રંગમંડપ ભરાવા લાગ્યો. ૧ છોડોની રચના અને ગોઠવેલા જ્ઞાન-દર્શન-ચારિત્રના વિકરણો પ્રસંગની ભવ્યતામાં ઉમેરો કરતાં હતા.

માળારોપણનો પૂર્વવિધિ પૂજ્ય પંન્યાસશ્રીએ કરાવ્યો. નવ વાગે પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી મુનિગણ સહિત મંડપમાં પધાર્યા અને 'જૈન શાસન'ના જયનાદથી આકાશ ગાજી ઊઠયું.

ઉપાધ્યાયપદ તથા પ્રવર્તકપદ પ્રદાનનો તથા વડી દીક્ષાનો વિધિ શરુ થયો. માનવમહેરામણ તો કીડીયારાની જેમ ઊભરાયો.

પાટ ઉપર બિરાજમાન પૂ. આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્ય વિજયદેવસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી વિજયશુભંકરસૂરીશ્વરજી મહારાજ, પં. શ્રી મુનિચંદ્રવિજયજી ગણિ આદિની શુભનિશ્રામાં સુન્દર રીતે વિધિવિધાન ચાલતું હતું અને લોકો શાંત અને ઉલ્લાસિત હૃદયે નિરખી રહ્યા હત.

પૂજ્ય આચાર્યશ્રીએ મસ્તક ઊપર મંત્રિતવાસક્ષેપ નાંખી પૂજ્ય પંન્યાસ શ્રી હેમચન્દ્રવિજયજી ગણિવરને મહોપાધ્યાયપદ તથા પૂ. મુનિરાજશ્રી નિરંજનવિજયજી મ૦ને પ્રવર્તકપદ પ્રદાન કરતા સર્વત્ર આનન્દનું મોજું ફરી વળ્યું. ચતુર્વિધ સંઘે વાસમિશ્રિત અક્ષતોથી પદસ્થોને વધાવ્યા

**વિદ્યાપટ અર્પણ —**

શા ધરણીધરભાઇ ખીમચંદ કોળીયાકવાળાએ વર્ધમાન વિદ્યાનો પટ વહોરાવવાનો સારો ચડાવો બોલી, આદેશ લઇ, તેમના માતુશ્રી દ્વારા વર્ધમાન વિદ્યાનોપટ પૂ. આચાર્ય મહારાજશ્રીને વહોરાવ્યો. અને પુજ્ય મહારાજશ્રીએ તે પટ મંત્રાક્ષર સાથે નૂતન ઉપાધ્યાયશ્રીને સમર્પણ કર્યો. તેજ રીતે વિદ્યાપટ શા. મિશ્રીમલજીએ પુજ્ય મહારાજશ્રીને ચડાવો બોલી વહોરાવ્યો અને પુજ્યશ્રીએ તે પટ પ્રવર્તક મુનિરાજશ્રી નિરંજનવિજયજી મ.ને સમર્પણ કર્યો.

સાધ્વીશ્રી જયવંતશ્રીજી મ૦ના શિષ્યા સાધ્વીશ્રી પ્રિયધર્માશ્રીજીની વડીદીક્ષાનો વિધિ પણ ઘણા ઉત્સાહ પૂર્વક થયો.

**ચાતુર્માસની વિજ્ઞપ્તિ અને જય —**

પૂજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ તથા નૂતન ઉપાધ્યાયજી મ૦ આદિ ઠાણાને શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં આગામી ચાતુર્માસ કરવા માટે શ્રી દેવસુર જૈન સંઘના ટ્રસ્ટીઓએ આગ્રહભરી વિનંતિ કરતાં પૂ૦ મહારાજશ્રીએ ક્ષેત્રસ્પર્શનાએ હા જણાવતાં 'જિનશાસન'ની જય બોલાવવામાં આવી.

પુજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૦ આદિ ઠાણાને શ્રી આદીશ્વરજી જૈન દેરાસરના ટ્રસ્ટીઓની ખૂબ વિનંતિથી આદીશ્વરજી જૈન ધર્મશાળાએ ચાતુર્માસની જય બોલાયાની જાહેરાત કરવામાં આવી.

પં. શ્રી મુનિચંદ્રવિજયજી ગણિવર આદિ ઠાણાને દોલતનગર શ્રી અમૃતસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં ચાતુર્માસ માટે વિનંતિ કરતાં તેઓએ પણ ક્ષેત્રસ્પર્શનાએ હા કહેતાં જય બોલાવવામાં આવી.

**કામળીઓનો વરસાદ --**

પુજ્ય આચાર્ય મહારાજશ્રી આદિ તથા નૂતન પદસ્થ પુજ્યોને અલગ અલગ સંઘો તથા વ્યક્તિઓ તરફથી કામળી વહોરાવવાનો પ્રારંભ થતાં તો જાણે કામળીઓનો વરસાદ જ વરસ્યો. સૌએ ઉછળતા ભક્તિભાવે પુજ્ય મહારાજશ્રી પ્રત્યેનો સદ્ભાવ વ્યક્ત કર્યો.

**માળારોપણ વિધાન --**

પદપ્રદાનનું કાર્ય પુર્ણ થતાં જેની સૌ અત્યારસુધી આતુરતા પુર્વક રાહ જોઈ રહ્યા હતા તે માળારોપણનું વિધાન શરૂ થયું. પાટોથી બનાવેલા ઊંચા સ્ટેજ ઉપર ઊભા રાખી માળારોપણ કરવામાં આવતા સૌ સારી રીતે જોઈ શકતા હતા. પહેલી માળનો ચડાવો શા ગણેશમલજી શેષમલજી બાલીવાળા બોલ્યા હતા. બહુ વ્યવસ્થાપુર્વક ૧૨૮ માળ પહેરાવવામાં આવી. લગભગ એક વાગે વિધિ પુર્ણ થયો.

**સ્વામિવાત્સલ્ય --**

ઉપધાનતપ કરાવનાર શા જીવરાજજી રાજમલજી શકોડ તરફથી પધારેલા સૌ સાધર્મિકોની બુંદી-સેવ અને મગથી ભક્તિ કરવામાં આવી હતી. તેની તથા રંગમંડપની વ્યવસ્થા ભાયખલા અને મઝગામના મંડળો તેમજ ઉત્સાહી કાર્યકર્તા ભાઈઓ અને બાદડીનાં આત્મવલ્લભ સેવામંડળે સારી રીતે કરી.

**પ્રભાવના —**

ઉપધાન તપની આરાધના કરનાર આરાધકોને પ્રભાવના કરવાની સામુદાયિક ટીપ ઘણી સુન્દર થઈ. તેમાંથી કિંમતી ગરમ સાલ સૌને આપવામાં આવી. જુદી જુદી વ્યક્તિઓ તરફથી પણ અન્ય ૬૦ જેટલી પ્રભાવનાઓ રૂ. ૧ થી રૂ. ૩૦ સુધીની કિંમતવાળી વસ્તુઓની કરવામાં આવી.

પ્રભાવના વગેરેના કાર્યમાં શા નરસિંહલાલ રિખબાજી ખીવાણદીવાળા તથા શા ભીકમચંદજી જયચન્દજીએ સારો ભોગ આપી સુંદર લાભ લીધો.

**સુન્દર સેવા —**

ઉપધાનતપના કાર્યમાં શા જીવરાજજી તથા તેમના ધર્મપત્ની ગજરાબેન ઉપરાંત તેમના સાળા દેવીચન્દજી, સરેમલજી, પુત્ર વિમલચંદ, ભત્રીજા કાંતીલાલ, હુકમચન્દ તથા ઘીસુલાલ વગેરેએ ઘણી સુન્દર સેવા બજાવી. શેઠ મોતીશા રીલીજીયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સેક્રેટરી શ્રીયુત પંડયાજી, મહેતાજી મોહનલાલ તથા ભોગીલાલ વિગેરેએ પણ આ પ્રસંગે સારી જહેમત ઊઠાવી હતી.

આમ, ભાયખલાના આંગણે શાસનદેવના પસાયે ઉપધાનતપનો આ મહામંગલકારી પ્રસંગ ઘણા જ ઉલ્લાસથી નિર્વિઘ્નપણે રૂડી રીતે પરિપૂર્ણ થયો.

## ૨૫૦૦મા નિર્વાણોત્સવની ઉજવણી સામે કરાયેલી રીટ અરજી રદ થઈ

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકના મહોત્સવની ઉજવણીના ભારત સરકારે ઘડેલા એક વર્ષના કાર્યક્રમની કાયદેસરતાને પડકારતી ચાર રીટ અરજીઓ થઈ હતી, જે દિલ્હી હાઈકોર્ટે કાઢી નાખી છે.

દાદાને દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વિનંતિ કરે છે:

ભોજનશાળાનો વાર્ષિક તૂટો મોંઘવારીના કારણે રૂ. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.

લગભગ અઢી લાખ પુન્યશાલી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.

પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.

છઠ્ઠ-અઠ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.

**શ્રેષ્ઠ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક અને ચતુર્વિધ સંઘની ભક્તિ**

**.................એ અમારા પુન્યનું ભાથું છે.................**

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલીકઃ શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાનઃ જૈન પ્રિન્ટરી પાનવાડી, ભાવનગર.

ભગવાન મહાવીર ના પચીસસોમા નિર્વાણ કલ્યાણક નિમિત્તે

સાપ્તાહિક પૂર્તિ

જૈન

સંપાદક :- રતિલાલ દીપચંદ દેસાઇ

પ્રેરક :- શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઇ.

# ચમત્કારનોય ચમત્કાર

મગધ નામનો દેશ છે, મોરાક નામનું ગામ છે.

ગામમાં એક પાખંડી રહે છે. અજબ એની વાતો છે અને ગજબ એનાં ામ છે. છે તો પાખંડી ધુતારો, પણ યોગીનો દેમાવ કરવામાં પૂરો પાવરધો . એનું નામ અચ્છંદક.

અચ્છંદકના નામે કંઈ કેવા કેવા ચમત્કારોની અદ્‌ભુત વાતો લોકોમાં વહેતી ઇ છે. અચ્છંદકની પૂજા–ભક્તિ સેવા કરે એના મનના મનોરથ બધા ફળે. નપુત્રિયાને પુત્ર મળે, નિર્ધનિયા રમતવાતમાં ધન રળે અને દુઃખ–દીનતા તો રે જ નાસે. અચ્છંદક રાજી થાય તો માંદા સાજા થઈ જાય, આંધળા દેખતા ઈ જાય અને પાંગળા દોડવા લાગે. વાહ રે અચ્છંદક! અજબ તારી કરામત અને ગજબ તારી નામના!

દુનિયા તો દુઃખ–દરિદ્રતા, રોગ–શોક અને લોભ–લાલચનો ભંડાર. કોઇને ઈ દુઃખ સતાવતું હોય તો કોઈ લોભ–લાલચના કીચમાં ડૂબ્યા હોય. એવા વાય આવા ઢોંગીના બારે ટોળે–વળે, એને મોમાંગ્યા દામ આપે અને એની ાહવાહ કરે. જ્યાં આવી સ્વાર્થની ભક્તિ જાગી ત્યાં કોઈની પીઠ જોવાનું કેવું? અચ્છંદક તો ન ખાવાનું ખાય, ન કરવા જેવાં ભૂંડા કામ કરે અને રાતભર નેશાચરની નીચે પાપાચારનું સેવન કરે. પણ ભક્તિમાં અંધ લોકોને એની લેશ ણ ખેવના જ નહીં.

પહેલું ચોમાસું પૂરું કરીને ભગવાન મહાવીર આ મોરાક ગામમાં પધાર્યા. ભગવાને અચ્છંદકના ચમત્કારોની કંઈ કંઇ વાતો લોકમુખે સાંભળી, અને અચ્છંદકના કાળા કામ અને પાપાચરણ પણ ભગવાનથી છાના ન રહ્યાં.

પ્રભુ! આ વર્ષ અમારે દિવાળી

કરુણાસાગર ભગવાનને થયું : આવા ધુતારાથી લોકોને બચાવી લેવા ઘટે. ભગવાન તો મહા તપસ્વી અને યોગના સાચા સાધક: વાત વાતમાં તનનાં અને મનનાં દુઃખ પારખી લે અને અંતરના ભેદને પામી જાય. એમણે તો લોકોના સંકટને જાણી જાણીને એમાંથી બચવાના ઉપાયો બતાવવા માંડયા. આમાં એમને તો ન સ્વાર્થનો મોહ કે ન નામનાની કામના; કેવળ લોકોનું ભલું કરવાની જ ભાવના. પછી એમાં સફળતા કેમ ન મળે ? જોત જોતામાં મહાવીરની કીર્તિ ગામ-પરગામમાં ફેલાઈ ગઈ અને એમની પાસે લોકો ટોળે વળવા લાગ્યા. બાપડા અચ્છંદકના ધીકતા ધંધામાં ઓટ આવવા લાગી ! દુનિયા તો પાણીના પ્રવાહ જેવી, ઢાળ જુએ એ તરફ દોડવા લાગે, એને માર્ગ બદલતા વાર નહીં !

અચ્છંદક ખરેખરો મૂંઝાઈ ગયો. એને તો શેરને માથે સવાશેર મળ્યા જેવું થયું ! હવે શું કરવું અને પોતાનું કામ કેવી રીતે ચાલુ રાખવું ? ધીરે ધીરે લોકો અચ્છંદકના અઘોરી જેવા આચારોથી જાણકાર થઈ ગયા. એમનાં મનમાં એના માટે ધિક્કારની લાગણી વહેવા લાગી. બિચારો અચ્છંદક !

અચ્છંદકે જોયું કે આમાં કંઈક ઈલાજ કર્યા વગર નહીં ચાલે. અને એ ધીઠો થઈને પહોંચ્યો મહાવીરની પાસે. જઈને એ મહાવીરને કહે : તમે તો સાચા ચમત્કારી યોગી છો. તમે જ્યાં જશો ત્યાં તમને જશ મળશે અને તમે સફળ થશો. અહીં રહીને મારા ધંધાને તોડી પાડવાથી તમને શો લાભ ? કહો તો મારી કમાણીમાંથી તમને ભાગ આપવા પણ હું તૈયાર છું. પણ મને મારી રીતે મારાં કામ કરવા દો !

ભગવાન તો દોરંગી દુનિયાના ભાવો અને લોભિયા-ધુતારાના આચરણોના જાણકાર હતા. તેઓ અચ્છંદકની નકલી લાચારીને નીરખીને મનમાં જાણે હસી રહ્યા.

પ્રભુએ અચ્છંદકને તો કશો જવાબ ન આપ્યો-પાપાચારીઓ સાથે તો ન બોલ્યા જ સારા ! પણ જ્ઞાની પ્રભુએ પળવારમાં લાભાલાભનો વિચાર કરી લીધો. એમણે વિચાર્યું: સાધકનું સાચું અને પહેલું કામ તો પોતાની જાતને સુધારવાનું અને પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનું. પોતાના આત્માને સુધાર્યા વગર જગતને સુધારવાના મોહમાં પડીએ તો એય ખોવાનો વખત આવે. આવા ચમત્કારોનો સુંવાળો અને લોભામણો માર્ગ તો સાધકને નીચે જ પાડી દે. સર્યું આવા ચમત્કારોથી. અને ભગવાન અન્યત્ર વિહરી ગયા.

નામના, કીર્તિ અને ચમત્કારોની મોહ જાળમાં ન ફસાવું એ જ સાચો, મોટો અને ચમત્કારોનોય ચમત્કાર છે. પ્રભુ એવા મહાચમત્કારી હતા.

તે દિવસે દુનિયા સમજી કે ચમત્કાર કરે તે યોગી નહીં અને સાચા યોગી હોય તે ચમત્કાર કરે નહીં.

---

## વીરજિન-સ્તુતિ

(દ્રુતવિલંબિતમ્)

: રચયિતા :

બાબુલાલ મસુનખલાલ શાહ

અમરનાથ નરેન્દ્ર ગણાર્ચિતમ્
ચરણપદ્મમશેષ ગુણાન્વિતમ્ ।
પરમરામનિવાસ નિવાસિનમ્
ચરમ તિર્થપતિ પ્રણમામ્યહમ્ ॥

અનુપ શાશ્વત મુક્તિપુરીશ્વરમ્
સકલસાર ગુણૌઘનિકેતનમ્ ।
વિબુધનાથ નરેન્દ્રગણાર્ચિતમ્
ચરમ તિર્થપતિં પ્રણમામ્યહમ્ ॥

(ગતાંકથી ચાલુ)



# શ્રમણ ભગવાન મહાવીર

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

માતા દેવાનંદાને ચૌદ મહાસ્વપ્નો, પાછલી રાત્રિએ, અલ્પ નિદ્રા પ્રસંગે, આવ્યાં અને દેવાનંદાના પતિ ઋષભદત્ત બ્રાહ્મણે દેવાનંદાને પોતાના સ્વપ્ન-શાસ્ત્રના અભ્યાસ પ્રમાણે ચૌદ મહાસ્વપ્નોનું ઉત્તમોત્તમ "પુત્રરત્નની પ્રાપ્તિ" વગેરે ફલ પણ જણાવ્યું અને બાકીની રાત્રિ સાંસારિક ભોગ સુખમાં પસાર કરી. આ પ્રસંગને અનુલક્ષીને પૂર્વાચાર્ય ભગવંતોએ જણાવેલા જૈન દર્શનના કર્મ વિષયક સિદ્ધાન્તો પૈકી પૂર્વબદ્ધકર્મમાં પણ કેવા કેવા કારણે કેવું પરિવર્તન થવાની શક્યતા છે, એ અંગે સંક્ષિપ્ત વિવેચન અત્રે રજૂ કરવામાં આવે છે—

## કર્મનો સંક્રમ અને સકામ નિર્જરા

કોઈ પણ શુભ–અશુભકર્મનો બંધ કરનાર જેમ આત્મા છે તેજ પ્રમાણે બંધાયેલા એ શુભ–અશુભ-કર્મનો ભોગવટો કરનાર પણ આત્મા જ છે, પરંતુ શુભ–અશુભ કર્મનો બંધ થયા બાદ જ્યાં સુધી ભોગવટાની શરૂઆત ન થઈ હોય તે દરમ્યાન કર્મનો બંધ કરનાર આત્માના શુભ–અશુભ અધ્યવસાયો વડે પૂર્વબદ્ધકર્મનાં, શાસ્ત્રના નિયમ પ્રમાણે, અનેક પ્રકારના પલટા આવે છે અને એ કારણે પૂર્વબદ્ધકર્મ જે સ્વરૂપે બાંધ્યું હોય તેમાં, પ્રકૃતિ–સ્થિતિ–રસની અપેક્ષાએ, પરિવર્તન થાય છે. જૈન દર્શનમાં એને કર્મનો "સંક્રમ" કહેવામાં આવે છે. અને, અત્યંત વિશુદ્ધ પરિણામ પ્રગટ થાય તો, પૂર્વબદ્ધકર્મનો કોઈપણ પ્રકારે ભોગવટો થયા સિવાય આત્મપ્રદેશોથી તે કર્મ છૂટું પડી જાય છે. આ પ્રક્રિયાને જૈન શાસનમાં "સકામ નિર્જરા"ના નામે સંબોધવામાં આવે છે.

## સૌધર્મેન્દ્રની ચ્યવનકલ્યાણક પ્રસંગે સ્તુતિ–સ્તવના

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ 'પ્રાણત' નામના દશમા દેવલોકમાંથી ચ્યવી જે ક્ષણે માતા દેવાનંદાની કુક્ષિમાં ગર્ભપણે અવતર્યા, તે ક્ષણે જેમ માતાને ચૌદ મહાસ્વપ્નનાં દર્શન થયાં, તેજ પ્રમાણે તે સમયે વૈમાનિક નિકાયના સૌધર્મ દેવલોકના સ્વામી શક્રેન્દ્રનું સિંહાસન પણ ચલિત થયું. એટલે એ સૌમેન્દ્રે તુરત અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો. એ ઉપયોગ વડે ચોવીશમાં તીર્થંકર ભગવાન મહાવીરપ્રભુનું દેવાનંદા માતાની કુક્ષિમાં અવતરણ થયાનું એમણે જાણ્યું એટલે તેઓ પોતાના સિંહાસન ઉપરથી તરત ઊભા થયા અને જે દિશામાં ભગવંતનું અવતરણ થયું હતું તે દિશા સન્મુખ સાત–આઠ પગલાં ચાલી, રત્નજડિત મોજડીઓ પગમાંથી કાઢી નાંખી, અખંડ ઉત્તરાસંગ ધારણ કરી, ચૈત્યવંદનની મુદ્રાએ જમીન ઉપર બેસી, બન્ને હાથ ભેગા કરીને પોતાના લલાટ ઉપર રાખી, અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માની સૌધર્મેન્દ્રે, "શક્રસ્તવ" (નમુત્થુણં સૂત્ર) વડે, અપૂર્વ ઉલ્લાસથી, સ્તુતિ–સ્તવના કરી.

## દેવોની દુનિયા અને માનવ-જગતમાં પ્રવર્તતી તરતમતા

વિશ્વમાં ભૌતિક સુખની છેલ્લામાં છેલ્લી પરિસીમાનું જે સ્થાન તેનું નામ દેવલોક અથવા સ્વર્ગલોક છે. માનવજગતની જેમ દેવોની પણ સ્વતંત્ર દુનિયા છે. માનવજગત ભૌતિક સુખ દુઃખથી મિશ્રિત હોય છે, જ્યારે દેવની દુનિયામાં ભૌતિક દુઃખનો સર્વથા અભાવ હોય છે. માનવજગતમાં આધ્યાત્મિક વિકાસની પૂર્ણતાએ પહોંચવાની શક્યતા છે. દેવોની દુનિયામાં આધ્યાત્મિક વિકાસની શક્યતા બહુ મર્યાદિત છે.

માનવજીવનની અપેક્ષાએ સ્વર્ગીય જીવનમાં આયુષ્યની મર્યાદા ઘણી વધારે હોય છે. એમ છતાં આયુષ્યની લાંબી મર્યાદા પૂર્ણ થાય એટલે દેવોના આત્માઓને પણ એ સ્થાનનો ત્યાગ કરી, સ્વકર્માનુસારે અન્ય સ્થાનમાં જન્મ લેવો પડે છે. માનવજીવનમાં જેમ ઊંચ્ચ–નીચ એવા વિભાગો છે, તેમ દેવજગતમાં પણ ઊંચ–નીચ એવા વિભાગો છે. માનવજગતમાં જેમ સર્વ મનુષ્યો એકસરખા સુખ–દુઃખવાળા નથી હોતા, તે જ પ્રમાણે દેવલોકમાં વર્તતા દેવોમાં પણ બધા સમાન સુખ–સંપત્તિવાળા નથી હોતા: એમની સુખ–સંપત્તિમાં પણ અનેક પ્રકારે તારતમ્ય હોય છે. માનવજગતમાં જેમ રાજા, મહામંત્રી, મંત્રી અને પ્રજા એવા વિભાગો હોય છે, તે જ પ્રમાણે દેવની દુનિયામાં પણ અમુક દેવોને બાદ કરી મોટાભાગના દેવોમાં ઈન્દ્ર-સામાનિક વગેરે અહીંના જેવા જ વિભાગો હોય છે. માનવજગતમાં આધ્યાત્મિક દૃષ્ટિએ જેમ જ્ઞાની, અજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ વગેરે વિભાગો હોય છે, તેમ દેવલોકમાં વર્તતા દેવોમાં જ્ઞાની, અજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ એવા વિભાગો હોય છે. માનવજગતમાં સંયમી તેમ જ અસંયમી ઉભય પ્રકારના આત્માઓ હોય છે.

દેવોની દુનિયામાં સમ્યગ્દૃષ્ટિ દેવોને સંયમ માટે અપૂર્વ શ્રદ્ધા હોવા છતાં દેવનો ભવ મળવાને કારણે તેઓ સંયમનો અમલ કરી શકતા નથી; અર્થાત્ દેવો બધાં અસંયમી જ હોય છે. માનવજીવનમાં અતીન્દ્રિય (અવધિ વગેરે)જ્ઞાન વિશિષ્ટગુણવાન અમુક જ વ્યક્તિઓમાં હોઈ શકે છે, જ્યારે દેવોની દુનિયામાં ઓછા–વધુ પ્રમાણમાં પણ પ્રત્યેક દેવને, દેવના ભવપરત્વે, અતીન્દ્રિય–અવધિજ્ઞાન અવશ્ય હોય છે.

### સમ્યગ્દૃષ્ટિ દેવોનું જીવન

સમ્યગ્દૃષ્ટિ દેવો દેવલોકમાં ઉત્પન્ન થયા પછી જીવનપર્યંત દેવતાઈ સુખોની વચ્ચે રહેવા સાથે યથોચિતપણે તેનો ભોગવટો કરવા છતાં એ ભોગ-સુખમાં, સમ્યગ્દર્શનના કારણે, અનાસક્ત હોય છે સાથે સાથે તેઓ, દેવલોકને ઉચિત પોતાની ફરજો બજાવવાની સાથે, અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવની ભક્તિ માટે હંમેશાં તત્પર રહે છે. અને નિર્મળ અવધિજ્ઞાન વડે માનવજગતમાં ભગવાન જિનેશ્વરદેવો અને એમના શાસનની આરાધના કરનારા મહાનુભાવો વગેરે તરફ એમનો ઉપયોગ વારંવાર ચાલતો હોય છે.

ભગવાન મહાવીરનો આત્મા દેવલોકમાંથી ચ્યવી, અગાઉ જણાવ્યા પ્રમાણે, માતા દેવાનંદાની કુક્ષિમાં જે અવસરે ગર્ભપણે અવતર્યો, તે અવસરે સૌધર્મેન્દ્રને પોતાના નિર્મળ અવધિજ્ઞાનવડે મહાવીર પ્રભુના ચ્યવન કલ્યાણકનું જાણપણું થાય છે. અને એ જાણપણું થતાં તુરત જ તેઓ સિંહાસન ઉપરથી ઊભા થઈ, પ્રભુ સન્મુખ સાત–આઠ પગલાં ચાલી, 'શક્રસ્તવ–નમુત્થુણં" સૂત્રવડે પરમાત્માની ગુણગર્ભિત ભાવવાહી સ્તુતિ કરે છે, એવો કલ્પસૂત્રના મૂલપાઠમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. કોઈ કોઈ ગ્રન્થમાં આસનકંપનો પણ ઉલ્લેખ મળે છે. (ચાલુ)

## સત્યનો પ્રકાશ

આર્યાવર્તમાં શ્રી મહાવીર પ્રભુએ જૈનધર્મનાં બીજ વાવ્યાં છે. તેનો કદી નાશ થનાર નથી. શાંતિના જમાનામાં તેનો ફેલાવો ઘણો થવાનો છે. શ્રી વીર પ્રભુનો ઉપદેશ આખી દુનિયાના ભલા માટે છે

શ્રી મહાવીર પ્રભુની વાણીમાં સત્યનો પ્રકાશ પ્રકાશી રહ્યો છે. આખી દુનિયાને સત્વગુણી બનાવવા માટે શ્રી વીર પ્રભુનાં વચનો ઘણાં ઉપયોગી છે

સાત નયની અપેક્ષાપૂર્વક શ્રી મહાવીર પ્રભુનો ઉપદેશ સમજવામાં આવે તો શિવપુરીનાં દ્વાર ખુલ્લાં થાય તેમ છે. કારણ શ્રી વીર પ્રભુએ અસંખ્ય નયોની અપેક્ષાએ ધર્મની વ્યાખ્યા સમજાવીને દુનિયાને મુક્ત કરવા અમૂલ્ય ઉપદેશ આપ્યો છે.

હે વીર પ્રભો ! મને જે કંઈ સત્ય સમજાયું છે અને મારો આત્મા જે ધર્મમાર્ગ તરફ વળ્યો છે, અને એ જે સહજ સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે તેમ જ દુર્ગુણોનો નાશ કરવા અને સદ્ગુણો મેળવવા તે જે જે અંશે પ્રયત્ન કરે છે એ બધું હે પ્રભો ! તારી વાણીના પ્રતાપે જ છે.

— (સ્વ.) આ૦ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ૦

[ લેખાંક પાંચમો ]

## જેમાં ભગવાન મહાવીરનાં દિવ્ય દેહનું સુંદર વર્ણન સચવાયું છે—

# શ્રી ઔપપાતિક સૂત્ર

## ભગવાનનાં ચરિત્રો

લેખક પૂ૦ ઉ૦ શ્રી હેમચંદ્રવિજયજીના શિષ્ય
પૂ૦ મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ

ગ્રીવા—ગરદન, પછીનો ભાગ પાંચમે ભાગાનો આવે છે. વરમહિષ- વરાહ, સિંહ, વ્યાઘ્ર, વૃષભ અને ગજરાજના સ્કંધ જેવો પ્રતિપૂર્ણ સ્વપ્રમાણથી અહીન, વિસ્તીર્ણ એવો સ્કંધ-પ્રદેશ શોભતો હતો. બાહુયુગલ, યુગ-ધોંસરી જેવા લાંબા અને ગોળ, સ્તૂપ જેવા પુષ્ટ, દેખતાં આનંદ ઊપજે તેવા હતા. વળી એ બાહુયુગલ વિશિષ્ટ સંસ્થાનવાળા, શિથિલતારહિત, સુબદ્ધસ્નાયુવાળા, આર્ગલિયા જેવા લંબગોળ, નાગરાજ શેષના દેહ જેવા આકારવાળા, હતા: (હાથનાં તળિયાં લાલ હતાં,) હાથના પર્વ—સાંધા નિગૂઢ-ગુપ્ત હતા. તળિયામાં હથેળીનો ભાગ ઉન્નત હતો, તળિયાં મૃદુ-મુલાયમ માંસથી પૃષ્ટ પ્રશસ્ત લક્ષણવાળાં અને છિદ્ર-રહિત હતા. બે આંગળીઓ વચ્ચે અંતર ઓછું હતું. અંગુલિસુડોળ આકારવાળી, પુષ્ટ અને આસ્કત હતી. આંગળીઓનાં નખ, પવિત્ર દીપ્તિવાળા અને સ્નિગ્ધ હતા. હાથનાં તળિયામાં ચન્દ્રલેખા જેવી રેખા હતી; ત્રણે મુખ્ય રેખા તેવી જ હતી. એમાં પ્રદક્ષિણાવર્ત—સ્વસ્તિકનું ચિહ્ન હતું, અને ચન્દ્ર, સૂર્ય, શંખ, ચક્ર, વગેરે લક્ષણોથી લક્ષિત હાથનાં તળિયા હતાં.

વક્ષ:સ્થળ-છાતીનો ભાગ, કનકશિલા જેવો, ઉજ્જ્વલ, પ્રશસ્ત, શુભ, સમતલ અવિષમ, માંસલ અને વિસ્તીર્ણ—પહોળો હતો. વળી, એ ઉર:પ્રદેશ નગરના કમાડ જેવો પહોળો હતો અને એની મધ્યમાં શ્રીવત્સની સુન્દર આકૃતિ શોભી રહી હતી. વક્ષ:સ્થળ માંસથી એટલું પુષ્ટ હતું કે છાતીનો ભાગ કે પીઠનો ભાગ જુદો ઓળખી શકાતો નોતો; તેમાં પણ પીઠમાં જે કરોડરજ્જુ છે તે દેખાતી જ ન હતી.

પાર્શ્વદ્વય- બે પડખાં પુષ્ટ અને રમણીય હતાં. શરીર ઉપરની રોમરાજી સરળ—અવક્ર હતી, સમાન હતી. રુંવાટી સૂક્ષ્મ, કાળી અને સ્નિગ્ધ હતી; બરછટ ન હતી. એ લાવણ્ય-યુક્ત એટલે જોવામાં રમણીય હતી.

ઉદરનો ભાગ મત્સ્યના જેવો સુજાત, પુષ્ટ અને સુડોળ હતો. નાભિનો પ્રદેશ પ્રદક્ષિણાવર્ત—તરંગોવાળી ગંગાનદી જેવો, રવિ-કિરણોથી વિકસિત થયેલા પદ્મનામધ્ય ભાગ જેવો ગંભીર અને ત્રિવલીથી યુક્ત વજ્ર જેવો હતો. કટીપ્રદેશ સિંહના કટી પ્રદેશ જેવો પાતળો—ગોળ કહી શકાય તેવો શોભતો હતો.

જાત્ય અશ્વ-ઉત્તમ ઘોડાની જેમ ગુહ્યદેશ સુગુપ્ત હતો. વરવારણ—લક્ષણવંત ગજરાજના જેવી મનોરમ ગતિ હતી. ઉરુ—સાથળનો ભાગ હાથીની સૂંઢ સરખો હતો. ઢીંચણનો ભાગ પુષ્ટ હતો તેથી ઊંચો ન હતો. ઘુંટીનો ભાગ વિશિષ્ટ સંસ્થાનવાળો માંસલ હોવાથી બહારના ભાગમાં નહીં ઉપસેલો, સુઘટિત હતો. ચરણ કાચબા જેવા મનોહર અને ઉન્નત હોવાથી શોભી રહ્યા હતા. પગની આંગળીઓ, ચડિયાતા ક્રમે ઊં[illegible] વાળી, ઉ[illegible], પ્રમાણમાં પાતળી, કંઇક રક્ત વર્ણ[illegible] સ્નિગ્ધ [illegible] કાંત-મનોરમ નખથી શોભતી હતી; પગનાં તળિયાં લાલ કમળ જેવાં રાતાં અને કમળ પત્ર જેવા સુકોમળ હતા. ચરણ તલ પર્વત, નગર, મગર, સાગર, ચક્ર, સ્વસ્તિક વગેરે સુલક્ષણોથી લક્ષિત હતાં. કાંતિ નિર્ધૂમ વહ્નિના જેવી દેદીપ્યમાન હતી.

આ રીતે અહીં શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના મનોહર શરીરનું સુંદર વર્ણન પૂરું થાય છે.

શ્રી ઔપપાતિક સૂત્ર પછીના ઉપાંગ, શ્રી રાયપસેણીય સૂત્રના પ્રથમ ભાગમાં સૂર્યાભદેવ (પ્રદેશી રાજાનોજીવ) ના વિમાનનું વિસ્તૃત વર્ણન આપવામાં આવ્યું છે. સૂર્યાભદેવ પોતાના વિશાળ પરિવાર સાથે મહાવીર ભગવાનને વંદન કરવા આવે છે. તે વખતે ભગવાન

રચયિતા :

# પ્રભુ મહાવીર

લક્ષ્મીબહેન મેઘજી ગડા
ઘાટકોપર-મુંબઇ.

પરમ સુખકારી પ્રભુ મહાવીર, જગત હિતકારી પ્રભુ મહાવીર.

આશરણ શરણુ અનાથ નાથ, પરમરક્ષક પ્રભુ મહાવીર;
પતિતપાવન અધમ ઉદ્ધારણુ, ભવદુઃખવારણુ પ્રભુ મહાવીર૦ પરમ...જગત..

વિશ્વનાબંધુ પ્રેમના સિંધુ, ત્રિશલાનંદન પ્રભુ મહાવીર;
સિદ્ધારથના હૃદયદુલારા, મોહનગારા પ્રભુ મહાવીર૦ પરમ....જગત...

જ્ઞાનગરિમા પ્રેમપ્રતિમા, કરુણાપૂંજ પ્રભુ મહાવીર;
ત્રિભુવનભાણુ જગતનાપ્રાણુ, ભવિજન પ્રાણુ પ્રભુ મહાવીર૦ પરમ...જગત....

શાંતસુધારસ સમતાસાગર, ક્ષમામૂર્તિ છો પ્રભુ મહાવીર;
ઉપશમ દરિયા સ્વયંવિભુ તરીયા, શિવસુખ વરિયા પ્રભુ મહાવીર૦ પરમ...જગત....

નિર્મમ નિષ્કામી નિર્મોહી, નિર્વિકારી પ્રભુ મહાવીર;
નાથ નિરંજન ભવભયભંજન, ભવિમન રંજન પ્રભુ મહાવીર૦ પરમ ..જગત .

અલખ અકળ ને અગમ અગોચર, અવિનાશી તું પ્રભુ મહાવીર;
અજરામર પ્રભુ અંતરયામિ, આનંદના ઘન પ્રભુ મહાવીર૦ પરમ...જગત..

પરમસખાને પરમગીતારથ, પુરુષોત્તમ છો પ્રભુ મહાવીર;
પરમોત્કૃષ્ટ અચિંત્યચિંતામણી, પ્રિય પ્રિયતમ પ્રભુ મહાવીર૦ પરમ...જગત ..

પરમસ્નેહી સર્વજીવોના, કલ્પવૃક્ષ છો પ્રભુ મહાવીર;
પરમનિરાગી સમ્યગ્દાતા, અહિંસામૂર્તિ પ્રભુ મહાવીર૦ પરમ...જગત...

અનંતદયાના ધારક તારક, ભવનિર્યામક પ્રભુ મહાવીર;
કેવળજ્ઞાનના ગંજ જિનેશ્વર, ગુણગંભીરા પ્રભુ મહાવીર૦ પરમ...જગત...

અમૃતભીના સ્વરૂપ લીના, શાશ્વતસીના પ્રભુ મહાવીર;
નાથ નગીના વાણી પ્રવિણા, જીવનજીવના પ્રભુ મહાવીર૦ પરમ...જગત...

શાસન સત્તસુખદાયક, ત્રિભુવનતિલક પ્રભુ મહાવીર;
આશનના અનંતઉપકારી, ચરમતીર્થંકર પ્રભુ મહાવીર૦ પરમ...જગત...

---

[ શ્રી ઔપપાતિક સૂત્ર (ચાલુ પાના નં. ૫૩ થી) ]

(ચાલુ પાના નં. ૫૩ થી)

મહાવીર પરમાત્મા આમલકપ્પાનગરીમાં વિરાજમાન હતા. ધર્મદેશના પૂર્ણ થયા બાદ સૂર્યાભદેવ મહાવીર ભગવાન સમક્ષ બત્રીશ નાટકો રજૂ કરે છે, જેમાં બત્રીશમાં નાટકમાં મહાવીર ભગવાન જીવનનાં ચ્યવન કલ્યાણકથી લઈ નિર્વાણકલ્યાણક સુધીના પ્રસંગો અજબરીતે અભિનયપૂર્વક દર્શાવ્યા હતા, તેનું રોમાંચક વર્ણન કરવામાં આવ્યું છે, તે આવતે અંકે આપવામાં આવશે. (ચાલુ)

# સહાયક પરિચય

**શ્રી જયંતભાઇ માવજી શાહ**

સમ્યગ્જ્ઞાનની પરબ સમા અને ધાર્મિક, સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રે જીવન સેવા અર્પનાર તેમ જ ત્વરિત કવિત્વશક્તિ ધરાવનાર શ્રી માવજીભાઈ દામજીભાઈ શાહને ત્યાં મુંબઈ-ઘાટકોપરમાં શ્રી જયંતભાઈનો જન્મ થયો હતો. આદર્શને વરેલા પિતા અને ધર્મના રંગે રંગાયેલા માતુશ્રી અમૃતબહેનના ઉચ્ચ સંસ્કારોનું સિંચન બાલ્યવયથી જ તેમનામાં થયું હતું. અને એ સંસ્કારવારસાને તેઓએ આજ વધુ સારી રીતે દીપાવ્યો છે.

શ્રી જયંતભાઈ મુંબઈની જાણીતી બાબુ પન્નાલાલ જૈન હાઈસ્કૂલમાં માધ્યમિક અભ્યાસ પૂરો કરી ઉચ્ચ શિક્ષણ માટે કોલેજમાં જોડાયા. ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તેઓ અભ્યાસ સાથે નોકરી કરતા રહી કુટુંબના નિભાવ માટે સાથ આપતા રહ્યા. અભ્યાસ પણ એટલી જ જવાબદારી અને ખંતથી કરતા રહી તેઓએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની પરીક્ષા સારા માર્કે પાસ કરી. અને તે પછી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે વ્યવસાય આરંભી, પોતાની કાર્યદક્ષતા અને કુશળતાથી સફળતા મેળવતા રહી આજે સારી એવી નામના પ્રાપ્ત કરી છે.

વ્યવસાયના પ્રારંભ સાથે સેવાક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓમાં પણ તેઓ રસપૂર્વક ભાગ લેતા રહ્યા. આજે કેટલીય સંસ્થાઓમાં તેમની સેવાની સુવાસ પ્રસરેલી જોવા મળે છે. જે તેમની વિરલ કાર્યશક્તિ, કાર્યસૂઝ અને ઉદારતાના દર્શન કરાવે છે.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના તેઓ માનદ્ મુખ્યમંત્રી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, બાબુ પન્નાલાલ જૈન હાઈસ્કુલ અને અન્ય અનેક કેળવણીની સંસ્થાઓમાં તેમ જ લાલબાગ ધર્મશાળા, અજારા તીર્થ ભોજનશાળા વગેરે ધર્મસ્થાનોમાં તેઓએ સારી એવી સખાવતો કરી છે. શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં 'શ્રી માવજી દામજી શાહ સ્વાધ્યાયખંડ તથા અમૃતબહેન માવજી દામજી શાહ સાધનાખંડ' નામ આપી, પાલિતાણા-શત્રુંજય ડેમ ઉપરની ધર્મશાળામાં 'શ્રી માવજી દામજી શાહ જૈન ભુવન (ઉપાશ્રય)' નામ આપી તેમ જ પ્રાર્થના સમાજમાં પૂ. સાધુ ભગવંતોના સ્વાધ્યાય માટે 'શ્રી માવજી દામજી શાહ અમૃતખંડ' નામ આપી શ્રીયુત જયંતભાઈએ માત-પિતાની સ્મૃતિ અને ભક્તિને ઉત્તરોત્તર યાદગાર અને અનુમોદનીય બનાવી છે.

શ્રી ખુશાલદાસ જે. મહેતા ટી. બી. હોસ્પીટલ-અમરગઢમાં સારી એવી સખાવત કરી સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ માટે પોતાના તરફથી એક કાયમી બેડની વ્યવસ્થા કરી છે. અનેક સંસ્થાઓને માનદ્ ઓડીટ તરીકે સેવા આપી રહ્યા છે.



શ્રી જયંતભાઈ શાહ

શ્રી જયંતભાઈ સંસ્કારપ્રેરક પ્રવૃત્તિઓના સદાય પ્રેરક અને પ્રોત્સાહક બનતા આવ્યા છે, એટલું જ નહીં, સાથે પોતાની લક્ષ્મીનો સામે ચાલી સદ્વ્યય પણ કરતા આવ્યા છે. તેમની ધર્મભાવના અને ધર્મપ્રિયતાનો પરિચય તો તેઓએ ધર્મસ્થાનોમાં કરેલી ઉદાર સખાવતો જ આપી જાય છે.

અનેકવિધ સેવાઓના બહુમાન રૂપે મહારાષ્ટ્ર સરકારે તેઓને બીજી વખત પણ જે. પી.નો ઇલ્કાબ એનાયત કર્યો છે. તેમ જ હાલમાં 'Special Executive Magistrate' તરીકે નિમણુંક કરી છે. સ્વભાવે ઘણા વિનમ્ર અને સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવામાં આનંદ માને છે. કોન્ફરન્સના એક ઉત્સાહી મંત્રી તરીકે તેઓ નોંધપાત્ર સેવા આપી રહ્યા છે.

JAIN OFFICE-BHAVNAGAR.
Regd. No. G. BV. 20

# પૂર્તિના સહાયકો

શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી
શ્રી દેવચંદભાઈ સી. શાહ
શ્રી મોતીલાલ વીરચંદ શાહ
શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
શ્રી નારાણજી શામજી મોમાયા
શ્રી કેશવલાલ બુલાખીદાસ
શ્રી જયંતભાઈ એમ. શાહ
શ્રી રસિકલાલ સી. શાહ
શ્રી જગદીશચંદ્ર બાબુભાઈ
શ્રી વિનોદચંદ્ર હલીચંદ શાહ
શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રી રાયચંદ ગુલાબચંદ
શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી
શ્રી રમણલાલ નગીનદાસ પરિખ
શ્રી કુંજીલાલ સુંદરમલ જૈન
શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
શ્રી રસિકલાલ નાથાલાલ કોરા
શ્રી મોહનલાલ સી. શાહ
શ્રી સારાભાઈ લક્ષ્મીચંદ ઝવેરી
શ્રી ઉમેદમલજી હજારીમલજી
શ્રી રવજી ખીમજી છેડા
શ્રી પાનાચંદ ડુંગરશી તુરખિયા
શ્રી દેવચંદભાઈ જેઠાલાલ શાહ
શ્રી રતિલાલભાઈ એમ. નાણાવટી
શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ શાહ
શ્રી હીરાલાલભાઈ એલ. શાહ
શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી
શ્રી પ્રતાપરાય ભોગીલાલ
શ્રી વ્રજલાલ કપૂરચંદ મહેતા
એક સદ્‌ગૃહસ્થ-મુંબઈ
શ્રી ચિત્તરંજન દામોદર શાહ
શ્રી રસિકલાલ અમૃતલાલ ગાણીઆર
શ્રી રસિકલાલ ચીમનલાલ
શ્રી રમણીકલાલ મણિલાલ
શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ
શ્રી ચંદ્રસેન જીવણલાલ ઝવેરી
શ્રી લાલજીભાઈ છગનલાલ
શ્રી પોપટલાલ છગનલાલ
શ્રી નેમજીભાઈ છગનલાલ
શ્રી હર્ષદભાઈ કે. શાહ
શ્રી વસનજી લખમશી
શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા
શ્રી મણિલાલ વીરચંદ શાહ
શ્રી જયંતિલાલ મણિલાલ ઘડીયાળી

---

## સકલાર્હતમાંથી અનુવાદિત

અનુષ્ટુપમ્

: અનુવાદક :
બાબુલાલ મનસુખલાલ શાહ

મહાનંદ-સરે રાજ-હંસ, અદ્‌ભુત શ્રીયુત ;
અર્હંત પ્રભુજી શ્રીમાન્ નમન વીરનાથને. ૨૬
અપરાધી જને કિન્તુ, કૃપાથી સ્થિર તારકા ;
સજળ નેત્રનું ભદ્ર, હો વીર ભગવાનના. ૨૭
સર્વ જ્ઞાતામહીં શ્રેષ્ઠ, પ્રથમ પરમેષ્ઠિમમ્ ;
દેવાધિદેવ સર્વજ્ઞ, ધ્યાયીએ પ્રભુ વીરને. ૩૧









"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)
વા. લવાજમ
રૂા. ૧૫

વીર સંવત
૨૦૩૧
[illegible] સંવત
૨૫૦૧
મહા વદિ ૪
તારીખ
૧-૩-૭૫
શનિવાર

વર્ષ ૭૨ ] સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ [ અંક ૯


# દુષ્કાળની વધુ ઘેરી બનતી ભીંસ

જેમ જેમ સમય વીતતો જાય છે, તેમ તેમ દુષ્કાળની મુસીબત વધુ ઘેરી અને વધુ વ્યાપક બનતી જાય છે; પરિણામે વધુ માનવીઓ અને વધુ પશુઓ માટે, આ મહાસંકટનો સામનો કરીને ટકી રહેવાનું કામ, અસાધારણ રીતે મુશ્કેલ બનતું જવાના ચિંતાજનક સમાચાર મળતા રહે છે. સંકટ તો એવું કારમું આવી પડયું છે કે આમાં કોણ બચશે અને કોણ નામશેષ થઈ જશે એ કહી શકાય એમ નથી. ધર્મ, સમાજ અને દેશ-એ ત્રણે ક્ષેત્રને સ્પર્શતાં અથવા એ ત્રણે ક્ષેત્રમાં વર્ચસ્વ ધરાવતાં બળો, એકત્ર અને સંગઠિત થઈને અને કેડ બાંધીને, નિષ્ઠા અને સેવાભાવના પૂર્વક, કામે લાગે તો જ થોડાંક પ્રમાણમાં પણ નાથી શકાય એવું મોટું આ સંકટ છે.

એક બાજુ વસ્તુસ્થિતિ આવી ચિંતાકારક ઊંઘ ઉડાડી મૂકે એવી છે, અને બીજી બાજુ રાજકારણના હરેડ બંધાણીઓ કાબેલ ખેલાડીઓ, પોતાનો સ્વાર્થ સાધવા માટે, સત્તાની ખેંચતાણમાં અને રાજકારણી કાવાદાવા ખેલવામાં અને મોટા ભાગના ધર્મગુરુઓ આડંબરી અને ખર્ચાળ ઉત્સવો-મહોત્સવોમાં અને બાહ્ય ક્રિયાકાંડો તથા વિધિવિધાનોમાં એવા તો અટવાઈ ગયા છે કે છેવટે આ મહાસંકટનો સામનો કરવાનું ભગીરથી કાર્ય મોટે ભાગે સામાજિક કાર્યકરો અને સમાજ-સેવકોને માથે આવી પડયું છે. એટલે પછી જેમને આ સંકટના ભોગ થવું પડયું છે એમની મુસીબતનું તો પૂછવું જ શું ? જાણે એમને એમના ભાગ્યના ભરોસે છોડી દેવામાં આવ્યા છે !

મણકો

> જે સાધક વાસનાયુક્ત છતાં પ્રવ્રજિત થયો હોય અને કામનાને મનમાં રાખી તપશ્ચરણ કરતો હોય, તે અકામ મૃત્યુ પ્રાપ્ત કરીને નરકમાં જાય છે. બીજી બાજુ સકામ તપ કરીને અર્થાત્ ઇચ્છાથી જ તપ કરીને અને સકામ મૃત્યુ એટલે કે અંતિમ મૃત્યુ પ્રાપ્ત કરીને આત્મા સિદ્ધ પદવીને પ્રાપ્ત કરે છે.
>
> — ઋસિ-ભાસિયાઈ.

અમારા આ લખવાનો એવો આશય તો હરગિજ નથી કે રાજકારણ અને ધર્મનાં ક્ષેત્રોમાં પ્રભાવ અને શક્તિ ધરાવતો આખો વર્ગ આ બાબતમાં ખૂબ ઉદાસીન અને સાવ નિષ્ક્રિય છે. આ દુષ્કાળ જેવા વ્યાપક સંકટના નિવારણ માટે રાજદ્વારી અને ધાર્મિક એ બન્ને સમર્થ ક્ષેત્રોમાં આ બાબતમાં જેટલા પ્રમાણમાં હમદર્દી, જાગૃતિ, પ્રવૃત્તિશીલતા કર્તવ્યભાવના જાગી ઊઠવી જોઈએ એટલા પ્રમાણમાં જોવામાં નથી આવતી; અને તેથી આ સંકટને તરી પાર ઊતરવાનું કામ વિશેષ પ્રમાણમાં મુશ્કેલ બની ગયું છે, અને હજી પણ જો આપણી ઊંઘ નહીં ઊડે તો આ કામ આથી પણ વધુ મુશ્કેલ બની જવાનું છે, એ નક્કી સમજવું, એ જ અમારા કહેવાનો ભાવ છે. કારણ કે સંતોષકારક અને સર્વવ્યાપી ચોમાસાની શરૂઆત થાય ત્યાંસુધીના ચાર-પાંચ મહિના, દુષ્કાળનો ભોગ બનેલાં સ્થાનોને માટે, વધારે અગ્નિપરીક્ષા જેવા બની રહેવાના છે, એનાં એંધાણ અત્યારથી જ કળાવા લાગ્યાં છે.

લોકશાહી ઢબના અને સમાજવાદ લક્ષી રાજતંત્રમાં પ્રજાના અને દેશના વિકાસની તેમ જ દેશ અને પ્રજા ઉપર આવી પડતાં સંકટોનો સામનો કરવાની મોટા ભાગની જવાબદારી રાજ્યની લેખાય છે અને પ્રજા પણ ક્રમે ક્રમે એ રીતે જ વિચારવા અને વર્તવા ટેવાય જાય છે. અને જ્યાં લોકશાહી અને સમાજવાદી અર્થવ્યવસ્થાને સાચા અર્થમાં પ્રતિષ્ઠિત અને કામિયાબ બનાવવાના નિષ્ઠાભર્યાં પ્રયત્નો થાય છે, ત્યાં આવી બાબતો કે મુસીબતોને પહોંચી વળવામાં વિશેષ મુશ્કેલી ભાગ્યે જ પડે છે, અને આવું કામ પણ રાષ્ટ્રજીવનના એક સહજ ક્રમ જેવું બની જાય છે.- પણ આપણા દેશની દશા (અવદશા) કંઈક જુદા જ પ્રકારની થતી ગઈ છે. જેમ જેમ સ્વરાજ્યના અમલની મજલ આગળ વધતી ગઈ તેમ તેમ આપણી લોકશાહી અને સમાજવાદની ભાવના પોકળ પુરવાર થતી થતી લગભગ એવી અકિંચિત્કર અને નિષ્પ્રાણ બની ગઈ છે કે જેથી એક સામાન્ય સંકટનો સામનો કરવાનો વખત આવી પડતાં પણ આપણે મુંઝાઈ જઈએ છીએ અને ગરીબ અને મધ્યમ સ્થિતિની પ્રજાની આશા અને હિંમત જ હરાઈ જાય છે. આવી બેહાલ સ્થિતિમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપરાંતના દેશના બીજા જે જે વિભાગો દુષ્કાળની ઉત્તરોત્તર વધતી જતી ભીંસમાં સપડાઈ ગયા છે, એમને સમયસર અને જરૂર પૂરતી સહાય, પહોંચતી કરવાનું કામ સીધાં ચઢાણ ચડવા કરતાં પણ વધારે અઘરૂં બની ગયું છે—જાણે પાંગળાને માથે પર્વત ઉપર ચઢવાની મોટી અને ગજા ઉપરાંતની જવાબદારી આવી પડી છે!

પહેલાંના સમયમાં, આવા સંકટના નિવારણના કાર્યમાં, આપણી મહાજન પ્રથા અને સંસ્થા ઘણી ઉપયોગી સેવા બજાવી શકતી, અને ક્યારેક તો સુસ્ત, ઉદાસીન કે નિષ્ક્રિય બની ગયેલ રાજસત્તાને જગાડીને કામે લગાડવાનું કામ પણ એ કરી બતાવતી. અને એ રીતે રાજસત્તા અને મહાજન સત્તા સાથે મળીને એવી રીતે કામ કરવા લાગતી કે જેથી કુદરત સર્જિત કે માનવસર્જિત

આફતનો ડંખ ઓછો થઈ જતો અને કોઈપણ જાતની મુશ્કેલીને પહોંચી વળવાનું એવું બળ પ્રગટતું કે જેથી આવું કામ સારા પ્રમાણમાં સહેલું બની જતું.

પણ સ્વરાજ્યના અમલ દરમ્યાન આપણા દેશનું રાજ્યતંત્ર ખોટી દિશામાં પગલાં ભરતાં ભરતાં એવી શોચનીય સ્થિતિમાં અટવાઈ ગયું કે એનું લોકશાહી સમાજવાદનું ધ્યેય તો "સાપ ગયા ને લીસોટા રહ્યા"ની લોકોક્તિ પ્રમાણે તેજહીન બનીને વીસરાઈ જવા જેવી હાલતમાં આવી પડયું હોય અને અણીને વખતે દેશને સહારો આપીને ટકાવી રાખવાની તાકાત ધરાવતી આપણી પુરાતન મહાજન સંસ્થા પણ આથમવા બેઠી હોય અને કામ કરતી અટકી જવા જેવી સ્થિતિમાં મુકાઈ ગઈ હોય એવું જ ખૂબ શોચનીય દૃશ્ય જોવા મળે છે.

--મહાજન સંસ્થાને કામ કરવાની મોકળાશ કે એ માટે પ્રોત્સાહન આપવાં દૂર રહ્યાં, જ્યાં ડગલે ને પગલે એની કનડગત કરવાના જ પ્રયાસો થતા રહેતા હોય ત્યાં મહાજન સંસ્થા કામ કરી પણ કેવી રીતે શકે? આ તો જાણે આપણે સારું હતું એનો ભાંગીને ભુક્કો કરવા બેઠા હોઈએ અને, સ્વાર્થની ખેંચતાણમાં, બીજું સારું કંઈ કરી શકતા ન હોઈએ એવા આપણા હાલ બની ગયા છે; તો પછી દેશમાં ચોમેર ભંગાર રચાતો જાય એમાં શી નવાઈ? આપણે અરાજકતાના ખરેખરા ચકરાવામાં સપડાઈ ગયાં હોઈએ એમ જ લાગે છે!

અને છતાં કચ્છ, સૌરાષ્ટ્ર જેવાં કેટલાંક સ્થાનો, દેશની આવી અરાજક દશામાં પણ, એવાં જોવા મળે છે કે જ્યાં શક્તિશાળી પ્રજાજનોએ સંગઠિત બનીને આ દુષ્કાળના દુઃખને ઓછું કરવાના સમર્થ પ્રયત્નો હાથ ધર્યા છે. આ એક આશાપ્રેરક અને બીજાઓને ઉત્સાહિત કરે અને માર્ગદર્શન આપે એવી બાબત છે. અને આવી જાગૃતિની અસર રાજ્યતંત્રને સાબદું થવું પડે એવી પણ જોવા મળે છે. આના લીધે આ દુઃખમાં સપડાયેલ પ્રજાજનો અને પશુધનને ઘણી રાહત મળી છે એમ કહેવું જોઈએ. આ માટે આવું કામ કરી રહેલા પ્રજાજનોને તથા આગેવાનોને ધન્યવાદ ઘટે છે.

મોટી આગ લાગી હોય ત્યારે સૌ પોતાની સાધન સામગ્રી લઈને એને ઠારવા દોડી જાય એવો જ કર્તવ્યના સાદને અંતરમાં ગાજતો કરીને નિષ્ઠા તથા ઉદારતાપૂર્વક કામે લાગવાનો આ અવસર છે. આમ છતાં અહિંસા, કરુણા અને જીવરક્ષાની ભાવનાને વરેલ જૈનધર્મના આપણા ધર્મગુરુઓએ, આ બાબતમાં જાગ્રત બનીને શ્રી સંઘમાં અને સમસ્ત પ્રજાજનોમાં કર્તવ્ય પરાયણતાનો સાદ ગાજતો કરવામાં જે ઉપેક્ષા દાખવી છે તે ખેદ ઉપજાવે એવી છે. જૈન સંસ્કૃતિને માટે તો આવા અવસરો પોતાની શક્તિ અને ભાવનાને ચરિતાર્થ કરી બતાવવા જેવા કસોટીના અવસર લેખાય આવા કસોટીના વખતમાં પણ જો આપણે નબળા કે નિષ્ક્રિય સાબિત થઈએ તો એમાં આપણી શોભા શી અને ભગવાન તીર્થંકરના ધર્મશાસનનું ગૌરવ પણ શું? એટલે આપણા ગુરુમહારાજો આ માટે પોતાની વિદ્વતા, વાણી અને વગનો ઉપયોગ કરવા સજ્જ થાય અને આ કારમાં સંકટના નિવારણ માટે તન-મન-ધનથી કામે લાગવાની શ્રીસંઘને અને સામાન્ય જનસમૂહને પ્રેરણા આપે એવી અમારી વિનંતિ છે. આવી કટોકટીના વખતે પણ આપણે આવું કામ નહીં કરીએ તો, બીજા તો કોઈ આપણને ઉપાલંભ આપવા નહીં આવે, પણ આપણા પોતાના અંતરમાં ડંખ રહી જશે કે ખરે વખતે કામ કરીને આપણા ધર્મનું ગૌરવ વધારવામાં આપણે પાછા પડી ગયા! ઈચ્છીએ કે આવું બનવા ન પામે!

બાકી તો કોણે કર્યું અને કોણે ન કર્યું એનો વિચાર કે અફસોસ કરવામાં વખત વિતાવવો પણ આપણને પાલવે એમ નથી. અને જેની પાસે જે શક્તિ હોય તે ભક્તિપૂર્વક આ સંકટનું નિવારણ કરવાના કામે લગાડવી, એ જ આ દુષ્કાળના સંકટની હાકલ છે. એ હાકલને અંતરમાં ઝીલીને કામે લાગવાની બુદ્ધિ અને શક્તિ આપણામાં પ્રગટે એવી પરમકૃપાળુ પરમાત્માને આપણે પ્રાર્થના કરીએ.

## સામયિક સ્ફુરણ

### ધર્માત્મા મહિલારત્નનો સ્વર્ગવાસ

છેલ્લા ૪૭ વર્ષથી મુંબઈના પરા મુલુંડને પોતાનું કર્મક્ષેત્ર બનાવીને મુલુંડમાં અને કેટલાક પ્રમાણમાં મુંબઈમાં પણ ધર્મ અને સંસ્કારની સૌરભ પ્રસરાવવાનો પુરુષાર્થ કરીને અને પોતાના જીવનને ધર્મમય બનાવીને સ્વનામધન્ય ધર્માત્મા શ્રી રાણબાઈએ થોડા દિવસ પહેલાં, વધારે ઉચ્ચ અને પવિત્ર સ્થાનના અધિકારી બનીને, પરલોક પ્રયાણ કર્યું, તેથી જૈન સંઘને એક ધર્મપરાયણ, શાસ્ત્રાભ્યાસી અને તેજસ્વી આદર્શ મહિલારત્નની મોટી ખોટ પડી છે.

માતા જેવા વાત્સલ્ય અને કલ્યાણબુદ્ધિથી પોતાના જીવનને ઉપકારક અને ધન્ય બનાવીને એક ઉચ્ચ આદર્શ મૂકી જનાર શ્રી રાણબાઈનું વતન કચ્છમાં નલીઆ ગામ હતું. પિતાનું નામ હીરજીભાઈ, માતાનું નામ દેવકાબાઈ, જ્ઞાતિ વીસા ઓસવાલ. એમનો જન્મ વિ. સં. ૧૯૫૩ના સંવત્સરીના મહાપર્વના દિવસે—જાણે સમય જતાં એમનું સમગ્ર જીવન જ મહાપર્વ જેવું પવિત્ર અને કર્તવ્યનિષ્ઠ બની જવાનું હતું. ગુજરાતી ૭ ધોરણ અને સામાન્ય ધાર્મિક જ્ઞાન, એટલો એમનો અભ્યાસ. પણ અંતરમાં ઓજસ ઘણું છુપાયું હતું—અને જાણે એ પ્રગટ થવાની તકની રાહ જોતું હતું.

તે સમયના રિવાજ મુજબ, બાર વર્ષની ઉંમરે એમના લગ્ન થયાં; પણ ત્રણ જ વર્ષમાં લગ્ન જીવનનો દુઃખદ અંત આવ્યો. એમના પતિ ૭ માસની એક પુત્રીની ભેટ આપીને ત્રણ વર્ષે ગુજરી ગયા. રાણબાઈની આસપાસ વૈધવ્યનો ઘેરો સૂનકાર વ્યાપી ગયો.

પણ સંસારીઓ માટે અસાધારણ અને કારમાં દુઃખના આ માઠા બનાવને રાણબાઈએ પોતાના અંતરના ખમીરને ખીલવવાનું નિમિત્ત બનાવી દીધું. પોતાના વૈધવ્યને વૈરાગ્યના રસાયણથી રસીને એને સ્વપર ઉપકારક બનાવી જાણ્યું અને અસહાય બનીને, દુઃખના આંસુ સારવાને બદલે, એક આજીવન કર્મયોગીની જેમ, પોતાના કર્મયોગમાં લાગી ગયા.

શરૂઆતમાં એમણે પોતાના વતન નલીઆમાં જ્ઞાનશાળા (વનિતા જ્ઞાનમંદિર)માં ધાર્મિક શિક્ષિકા તરીકેની કામગીરી યશસ્વી રીતે બજાવી. પણ એમના તેજસ્વી આત્માને આ ક્ષેત્ર સાંકડું લાગ્યું. અને ઉજ્જવળ ભાવી એમને કોડાયના સદાગમ પ્રવૃત્તિ આશ્રમમાં ખેંચી ગયું. જ્ઞાન પ્રસારની પ્રવૃત્તિ માટે તે કાળે કોડાય ખૂબ પંકાયેલું હતું. અહીં એમણે સંસ્કૃત ભાષાનો અને વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષ જેવા વિષયોનો મન દઈને અભ્યાસ કર્યો અને એક વિદુષી નારી તરીકેની એમની નામના થઈ. અભ્યાસ કર્યા પછી કોડાયના આશ્રમમાં જ કાયમી શિક્ષિકા તરીકે એમની નિમણૂક થઈ. પણ હજીય વધુ વિશાળ કાર્યક્ષેત્ર એમની રાહ જોતું હતું. એટલે કોડાયમાં ૧૧ વર્ષ સુધી ખૂબ યશનામી કામગીરી બજાવીને, એમની પુત્રની અસ્વસ્થ તબિયતને કારણે, તેઓ મુંબઈના પરા મુલુંડમાં વિ. સં. ૧૯૮૪માં જઈને વસ્યા.

અહીં જેમ એમની કાર્યશક્તિ ખીલવા લાગી એમ એમના આંતર વિકાસમાં પણ વધારો થતો ગયો. એમની જીવનસ્પર્શી વિદ્વતા, હૃદયસ્પર્શી વક્તૃત્વશક્તિ, કાર્યસૂઝ, કાર્યશક્તિ, ધર્મશીલતા વગેરે સદ્ગુણો અને શક્તિઓનો મુલુંડને ખૂબ ખૂબ લાભ મળ્યો; અને મુલુંડના જૈન સંઘના વાતાવરણમાં ભારે આવકારદાયક પલટો આવી ગયો. અંચળગચ્છ અને તપગચ્છ વચ્ચેના એખલાસ માટે મુલુંડની જે ખ્યાતિ થઈ એમાં

માતુશ્રી રાણબાઈનો અને સ્વનામ ધન્ય શ્રી હરગોવિંદ બાપાનો (શ્રી હરગોવિંદદાસ રામજી શાહનો) ફાળો અવિસ્મરણીય છે.

પોતે સંઘ પાસેથી જે લીધું હતું તે બધું ધન તેઓએ તે તે સ્થાનમાં દાન કરી દીધું હતું. મુલુંડના સંઘમાં ચાલતા જ્ઞાનમંદિરના સંચાલન માટે એમણે મહેનતાણાના દસ હજાર રૂપિયા લીધેલા, તેના બદલામાં ત્યાંના ઉપાશ્રય માટે એમણે ૧૧૨૫૧)ની સખાવત આપી હતી. કોડાયમાંથી લીધેલી ૫૫૦૦) કોરી ત્યાંના આશ્રમને અને પોતાના વતન નલીઆમાંથી લીધેલ ૬૦૦) કોરી ત્યાંના સંઘને અર્પણ કરી દીધી હતી. આ રીતે રાણબાઈએ પોતાની ઉદારતા અને અકિંચનભાવનાને ઉજાળી બતાવવાની સાથે પોતાની ધાર્મિકતાને ચરિતાર્થ કરી બતાવી હતી—જાણે દુનિયાને કંઈક પણ આપવા માટે આવેલો આત્મા આ રીતે આપીને જ પ્રસન્ન થયો હતો.

આ પ્રમાણે લોકોપકાર, જ્ઞાનોપાસના અને ધર્મારાધન દ્વારા પોતાના જીવનને કૃતકૃત્ય બનાવીને ધર્મમાતા રાણબાઈનો પુણ્યાત્મા, મહાત્મા ગાંધીના બલીદાન પર્વ ૩૦મી જાન્યુઆરીના પુણ્ય દિને અને ગાંધીજી જેટલી જ ૭૮ વર્ષની ઉંમરે સ્વર્ગે સિધાવી ગયો. એ ધર્માત્મા મહિલારત્નને અનેકાનેક પ્રણામ!

## દેખીતી રીતે "નહીં નફો નહીં નુકસાન" જેવું શેઠ શ્રી ચંદ્રકાંત બકુભાઈનું રાજીનામું

અમદાવાદમાંથી પ્રગટ થતા "મુક્તિદૂત" માસિકના ગત ફેબ્રુઆરી માસના અંકમાં છપાયેલ નીચેના સમાચાર તરફ અમારું ધ્યાન ગયું છે, અને તેથી અમે આ નોંધ લખવા પ્રેરાયા છીએ—

> 'જાહેરાત—શ્રી ચંદ્રકાંત બકુભાઈએ પણ નિર્વાણની ૨૫મી શતાબ્દિની રાષ્ટ્રીય સમિતિમાંથી રાજીનામું આપી દીધાના સત્તાવાર સમાચાર મળ્યા છે."

ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણકલ્યાણકની રાષ્ટ્રીય તથા બિનરાષ્ટ્રીય સ્તરની ઉજવણીની શરૂઆત થઈ ગયા પછી તપગચ્છ સંઘમાં, આ બાબતમાં, કંઈક શાંતિ જેવું વાતાવરણ પ્રસરવા લાગ્યું છે તે જોતાં આવા રાજીનામાના માત્ર સમાચાર આપીને જ સંતોષ માનવાનું અને આ બાબતમાં કોઈ નોંધ લખવાથી દૂર રહેવાનું ઠીક લાગે, પણ રાષ્ટ્રીય ઉજવણી સામેના વિરોધે તપગચ્છમાં જે વિકરાળરૂપ ધારણ કર્યું હતું તે જોતાં આ ઘટનાની યોગ્ય છણાવટ કરવી જરૂરી લાગે છે.

સામાન્ય રીતે જોઈએ તો શેઠ શ્રી ચંદ્રકાંતભાઈએ આ રાજીનામું આપવા માટે એવો સમય પસંદ કર્યો છે (જોકે તેઓએ કઈ તારીખે રાજીનામું આપ્યું અને રાજીનામાના પત્રમાં શું લખ્યું તે જાણવા મળ્યું નથી) કે જેથી ઉજવણીનો વિરોધ કરનારાને એથી લાભ થયા જેવું અને ઉજવણીની તરફેણ કરનારાઓને એથી નુકસાન થયા જેવું ભાગ્યે જ લાગે. આમ છતાં, તપગચ્છ સંઘમાં આ પ્રશ્નને લીધે લાગણીઓની જે ઉગ્રતા ઊભી થઈ હતી તેથી, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ, વિરોધ કરનાર પક્ષમાં આનંદની અને તરફેણ કરનાર પક્ષમાં નારાજીની લાગણી ફેલાય એ સ્વાભાવિક છે. આ રાજીનામાનું આ મૂલ્ય કે પરિણામ સમજવું જોઈએ.

અમુક કમિટી કે સમિતિમાં અમુક વ્યક્તિને સ્થાન આપવું કે નહીં એ ભલે બીજાના હાથની વાત હોય, પણ જેમ એ સમિતિમાં દાખલ થવું એ જે તે વ્યક્તિના હાથની વાત હોય છે, તેમ કોઈ પણ સમિતિમાંથી છૂટા થવાનો વ્યક્તિનો અધિકાર પણ અબાધિત છે. આમ છતાં ક્યારેક પોતે જેમનું પ્રતિનિધિપણું સ્વીકાર્યું હોય એમની તથા પોતાના સાથીઓની લાગણીની ઉપેક્ષા થઈ જાય એટલી હદે આ અધિકારનો કેવો શોચનીય વિલક્ષણ અને ખેદજનક ઉપયોગ થઈ જાય છે તે આવા દાખલા ઉપરથી પણ જાણી શકાય છે. પણ જ્યારે સંઘહિત અને શાસનપ્રભાવનાની ઉપકારક પ્રવૃત્તિનું સ્થાન વધારે પડતી વ્યક્તિભક્તિ લે છે ત્યારે સંઘમાં કેવી અરાજકતા, નિર્નાયકતા અને સંકુચિતતા પ્રવર્તવા લાગે છે, એનો આ રાજીનામું પણ એક દાખલો છે. જ્યાં આવું બને તે જ હળાહળ કળિયુગ કે પડતો પંચમકાળ સમજવો. એટલે પછી આવી બાબતનો ઝાઝો હરખ-શોક કરીને વિશેષ ખિન્ન થવાને બદલે શેઠ શ્રી ચંદ્રકાંતભાઈએ અત્યાર સુધી રાષ્ટ્રીય ઉજવણીમાં જે સાથ આપ્યો તેથી રાજી થઈએ અને એ માટે એમને ધન્યવાદ આપીએ.

# માલેગાંવથી નાસિક

આ૦દેવશ્રી વિજયસુદર્શનસૂરિજી મ૦ આદિની નિશ્રામાં માલેગાંવ રત્નસાગર બાગમાં દીક્ષાનો મહોત્સવ ઠાઠથી ઉજવાયેલ. કા. વદ ૧૧ના વ્યાખ્યાનમાં નવદીક્ષીત મુનિશ્રી રાજહંસવિજયજી મ૦ના સંસારીપક્ષે વેવાઈ શ્રી ચોથમલજી તરફથી રૂપિયાની અને ડો. બાબુભાઈ તરફથી પણ પ્રભાવના થયેલ. શ્રી સંઘની આગ્રહભરી વિનંતિ છતાં, બીજા ગામોની પણ વિનંતિઓ હોય આ૦દેવશ્રીએ વિહાર કરેલ. વસંતવાડીના શ્રી વસંતલાલ ભોગીલાલની વિનંતિથી શ્રીસંઘ સાથે ત્યાં પધારેલ. વસંતવાડીના ભાઈ-બહેનોના અતિ આગ્રહથી માગ. સુદ બીજ સુધી સ્થિરતા રહી. નિત્ય અપાતા વ્યાખ્યાનનો ભાવિકોએ સારો લાભ લીધો. પ્રભાવના રોજ થતી.

આચાર્યશ્રીના આચાર્યપદ પ્રદાનને માગ. સુદ ૨ના બે વર્ષ પૂરા થતાં, તે નિમિત્તે શેઠ ભાગચંદ દગડુશા તરફથી મોટી પૂજા ભણાવાયેલ. પ્રભુજીની અંગરચના તેમ જ ઘરે ઘરે રોશની કરવામાં આવતાં-જાણે વસંતવાડીમાં વસંત ખીલી ઊઠી હતી. નાસિક શ્રીસંઘની ભાવપૂર્વકની વિનંતિથી બીજના બપોરે માલેગાંવ સંઘની ભાવભીની વિદાય લઈ, નાસિક તરફ વિહાર કરેલ. વચ્ચે પિંપળગાંવમાં ઘણા ઠાઠમાઠથી સામૈયું થયેલ.

માગ. સુદ ૮ના નાસિક પધારતાં શ્રીસંઘે ઠેરઠેર ગહુંલીઓ કાઢવા સાથે વાજતે ગાજતે, ભવ્ય રંગભેર સામૈયું કરેલ. શ્રી બિપીનકુમાર કાંતિલાલ તરફથી પ્રભાવના, પૂજા અને આંગી થયેલ. મૌનએકાદશીના પૌષધ, પ્રતિક્રમણાદિ સારા એવા થયેલા. પારણાં શ્રી માધવજી તારાચંદ તરફથી થયેલ અને તિલક કરી શ્રીફળ ને રૂપિયો આપવામાં આવેલ. ચૌદશના વ્યાખ્યાનમાં મુંબઈવાળા શ્રી સૌભાગચંદભાઈ તરફથી ગુરુપૂજન અને સંઘપૂજન થયેલ. માગ. વદ ૪ના આ૦દેવશ્રી ચતુર્વિધ સંઘ સાથે વાજતેગાજતે શ્રી મહાવીર સોસાયટી પધારેલ. ત્યાં ધ્વજાનો મહોત્સવ, ધ્વજારોપણ તથા શ્રીસંઘ તરફથી પૂજા, આંગી અને પ્રભાવના થયેલ.

શ્રી પાર્શ્વપ્રભુજીના જન્મ અને દીક્ષા કલ્યાણક નિમિત્તે ત્રણ દિવસ એકાસણાં તથા પૂજા, પ્રભાવના, આંગી વગેરે સુંદર થયેલ. નિત્ય અપાતા વ્યાખ્યાનનો જૈનો તેમ જ જૈનેતરોએ સારી સંખ્યામાં આવી લાભ લીધો હતો.

---


## બોડેલી તીર્થની યાત્રાર્થે પધારો

વડોદરા જિલ્લાના આ બોડેલી તીર્થ વિસ્તારમાં ૪૦,૦૦૦ પરમાર ભાઈઓ જૈનધર્મ પાળે છે સ્ટેશન અને બસસ્ટેન્ડથી નજદીક ભવ્ય શિખરબાળું જિનાલય છે, જેમાં મુલનાયક શાસનપતિ શ્રી મહાવીર સ્વામીની ૩૭"ની ઊંચી તથા અન્ય પ્રતિમાઓ દર્શનીય છે.

આજુબાજુના ગામડાઓમાં ૧૦ દેરાસરો છે, તેના દર્શનનો લાભ મળશે. આ સ્થળના હવાપાણી સારાં છે. ઉપરાંત ધર્મશાળા ભોજનશાળા આદિની સુંદર વ્યવસ્થા છે.

વિનંતિ :-અહિંયા ભોજનશાળાનું મકાન બનાવવાનું છે. તેમાં જે ભાગ્યશાળી એકાવનહજારની રકમ આપશે તેમનું નામ ભોજનશાળા સાથે જોડવાનું નક્કી કરેલ છે. અને જે એકહજાર આપશે તેમનો ઓઈલપેન્ટનો ફોટો ભોજનશાળામાં દાતા તરીકે મુકવામાં આવશે.

વડોદરા અને ગોધરાથી દરેક કલાકે અહિંયા આવવા માટે બસ અને પ્રતાપનગરથી રેલ્વે મળે છે.

-: વિનિત :-
**શ્રી રમણલાલ નગીનદાસ પરીખ**
**શ્રી પોપટલાલ ભીખાચંદ શાહ**
**શ્રી રાયચંદ કેસુરચંદ ઝવેરી**
ટ્રસ્ટીઓ

નિવેદકો
**શ્રી બાબુભાઈ એચ. શાહ**
**શ્રી જશવંતલાલ સોમચંદ શાહ**
**શ્રી ચીમનલાલ મગનલાલ શાહ**
મંત્રીઓ

આપને બોડેલી-તીર્થના યાત્રાર્થે પધારવા અમારી વિનંતી છે.

કાર્યક્ષેત્ર :- વ્યવસ્થાપક : પારસમલ ઉ. ભંડારી
શ્રી વર્ધમાન જૈન આશ્રમ
બોડેલી જિ. વડોદરા

## ધંધુકામાં દીક્ષા-ઓચ્છવ

કુ. કોકીલાબહેન છોટાલાલ એલાણી (ઉ. વ. ૨૨) ની દીક્ષા નિમિત્તે અત્રે શ્રીસંઘ તરફથી પાંચ દિવસનો મહોત્સવ ઠાઠથી ઉજવાએલ. સ્થાનકવાસી સંઘે પણ હાજરી આપેલી. મહા સુદ ૨ના સિદ્ધચક્રપૂજન ભણાવાએલ અને સુદ ૩ના વરસીદાનનો વરઘોડો વાજતે-ગાજતે નીકળેલ. આ દિવસે રાત્રે દીક્ષાર્થી બહેનના યોજાયેલ વિશાળ સન્માન સમારંભમાં વિધિકાર શ્રી ગીરધરભાઈ એલાણી વગેરેના પ્રાસંગિક પ્રવચનો તેમજ બાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ થયેલ. સુદ ૪ના જૈન સોસાયટીમાં બાંધવામાં આવેલ ભવ્ય મંડપમાં, આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ના શિષ્ય શ્રી ગુણાનંદવિજયજી ગણિવર્યશ્રીના વરદ હસ્તે, ચતુર્વિધ સંઘની વિશાળ ઉપસ્થિતિમાં દીક્ષાવિધિ થઈ હતી. ઉપકરણો વહોરાવવાની બોલી તેમજ જીવદયાની ટીપ સારી થયેલ. નૂતન સાધ્વીજીનું નામ શ્રી કિરણયશાશ્રીજી રાખવામાં આવેલ છે. તેઓ સાધ્વીશ્રી રંજનશ્રીજી (ખંભાતવાળા) ના પ્રશિષ્યા થયેલ છે.

卐


## જૈસલમેર પંચતીર્થીની યાત્રાકરી દુર્લભ માનવજીવન સફળ કરો

**પંચતીર્થી :** જૈસલમેર પંચતીર્થીમાં જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર તથા પોકરણના જીનાલય છે. તેમાં ૬૦૦૦ પ્રતિમાજીઓ બિરાજમાન છે. આ અંગે શ્રીસમયસુંદરજી મ૦ કહે છે: ' જૈસલમેર જુહારિયે, દુઃખ વારિયે એ, અરિહંત બિંબ અનેક, તીર્થ તે નમુ એ.'

જૈન જગતમાં જૈસલમેર અનેક વિશેષતાઓથી પ્રસિદ્ધ છે. વિશેષતાઓ : (૧) પ્રાચિન ભવ્ય-કલાત્મક જિનાલય તથા પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ (૨) શ્રી જિનભદ્રસુરિજ્ઞાન ભંડાર, તાડપત્રીય ગ્રંથ, (૩) પ્રથમ દાદાગુરૂ આ. શ્રી જિનદત્તસુરિજી મ.ની પછેડી, ચોલપટ્ટો અને મુહપત્તિ; જે અગ્નિ-સંસ્કાર પછી અક્ષુણ્ણ રહ્યા છે. (૪) ચૌદમી સદીમાં મંત્રિત કરાએલ અને ત્રાંબાની શલ લગાડેલ શ્રી જિનવર્ધનસુરિજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ જિનપ્રતિમાજી તથા ભૈરવજીની મૂર્તિ (૫) દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ટાયકદેવના દેવસ્થાનો તથા પટવાની હવેલીઓ. (૬) લૌદ્રવપુરના અધિષ્ટાયકદેવ બહુ ચમત્કારિક છે. ભાગ્યશાળીઓને કોઈવાર દર્શન આપે છે.

**સુવિધાઓ :** યાત્રિકો તથા શ્રીસંઘોને રહેવાની પુરી સગવડ છે. રાજસ્થાનની મરૂભુમિમાં આ સ્થળ હોવા છતાં અહીં પાણી અને લાઈટની પુર્ણ વ્યવસ્થા છે. ઉપરાંત, શ્રદ્ધાળુ દાનવીરો દ્વારા કાયમ તિથીના સહયોગથી પ્રતિદિન ભોજનશાળા ચાલે છે.

**જવા-આવવાના સાધનો :** જૈસલમેર પહોંચવા જોધપુરથી દિવસના બે વખત બસ જાય છે અને રાત્રે ૧૦-વાગે ટ્રેઇન ઉપડે છે, જે સવારે ૮ વાગે જૈસલમેર પહોંચાડે છે. અમરસાગર, લોદ્રવપુર તથા બ્રહ્મસર જવા માટે નિયમિત બસની સગવડતા મળે છે.

**નોંધ :** જિર્ણોદ્ધાર સમિતિના પ્રયાસોના ફળસ્વરૂપે જૈસલમેર પંચતીર્થીમાં આવેલા દરેક જિનાલયોમાં જિર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ કરવાના ઠરાવ મુજબ શ્રી જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર દહેરાસર ટ્રસ્ટ દ્વારા નક્કી થયેલ છે. વર્તમાનમાં લોદ્રવપુરના જિર્ણોધ્ધારનું કાર્ય ચાલે છે. આ પુન્યક્ષેત્રની પંચતીર્થીની યાત્રા કરી અને ભંડારોના દર્શન કરી દુર્લભ માનવજીવન સફળ કરો.

નિવેદક : નેમચંદ જૈન ( પ્રચારમંત્રી, જૈન ટ્રસ્ટ ) C/o મે. જેન્સ કું.
૧૦૧ યશવંતપ્લેઈસ, ચાણક્યપુરી,નવીદિલ્હી-૧૧ (ફોન: ઘર-૨૬૨૦૩૬, દુકાન-૬૭૧૩૭૬.)
નિવેદક : માનમલ ચોરડીયા (વ્યવસ્થાપક) શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન દેરાસર

## સંગમનેરમાં પ્રતિષ્ઠા

અત્રે શ્રી હિરાચંદજી હિંમતલાલજી અનેશ્રી મોતીલાલજી શેષમલજી આદિ પરમાર પરિવાર દ્વારા નિર્માણ થયેલ દેરાસરમાં, ભ૦ મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણક મહોત્સવની સ્મૃતિરૂપે પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી (કુમાર શ્રમણ) આદિ મહારાજોની નિશ્રામાં મહા સુદ ૪થી સુદ ૧૧ સુધીનો અઠ્ઠાઈ મહોત્સવ ઠાઠમાઠથી ઉજવાયો. પ્રતિષ્ઠા અને શાંતિસ્નાત્ર મહા શુદ ૧૦ ને શુક્રવારના ઉમંગભેર થયેલ. અત્રે બિરાજમાન મૂળનાયક શ્રી શાંતિનાથજી પ્રભુની પ્રતિમા ૪૧ ઇંચના ભવ્ય, કલાત્મક અને મનોહર છે.

### પાલિતાણામાં દીક્ષાર્થી બહેનોનો સન્માન–સમારંભ

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ (પાલિતાણા)ની ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. નિર્મળાબેન પ્રેમચંદ દોઓરા તથા કુ. કુસુમબેન હિંમતલાલ ગાંધી દીક્ષા લેનાર હોય સંસ્થાએ મહા શુદ ૧ના કલકત્તાનિવાસી અ. સૌ. વાસંતીબેન કાંકરીયાના પ્રમુખસ્થાને એક સન્માન સમારંભ યોજી તેઓનું બહુમાન કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાની બહેનોના સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ પંડિત કપૂરચંદભાઈ, શ્રી સોમચંદ ડી. શાહ, શ્રી મોહનલાલ હઠીચંદ શાહ, અ. સૌ. વાસંતીબેન વગેરેએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

મહા સુ. ૫ના આ બન્ને બહેનોએ આ૦ શ્રી વિજયનીતિસૂરીજી મ૦ના સમુદાયના સાધ્વી શ્રી જયશીલાશ્રીજી પાસે પાલિતાણા ખાતે સાનંદ દીક્ષા અંગીકાર કરી છે.

### ગઢડા (સ્વામીના)માં દીક્ષા

શ્રી શાંતિલાલ કામદારની સુપુત્રી અને કાર્યકર શ્રી નરેન્દ્રભાઈ કામદારના બહેન કુ સુધાબેન મહા વદ ૧૧ તા. ૮–૩–૭૫ રોજ ગઢડા (સ્વામીનાં) મુકામે દીક્ષા અંગીકાર કરનાર છે.

## કાળધર્મ પામ્યા : દહેગામ

દહેગામ બિરાજમાન સ્વ. આ૦ દેવ શ્રી વિજયપ્રેમસૂરિજી મ૦ના સમુદાયના પં. શ્રી પુણ્યવિજયજી ગણિવર્ય મહા સુદ ૨ને ગુરુવારના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. સ્વ. પંન્યાસશ્રી પરમ ગુરુભક્ત અને ઉગ્ર તપસ્વી હતા. તેઓશ્રીની અંતિમયાત્રામાં વિશાળ જનસમૂહ જોડાયેલ. જૈનેતરોએ પણ પોતપોતાનો વ્યવસાય બંધ કરી મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધેલ. મુસ્લિમ ભાઈઓ પણ અંતિમ દર્શને ઠેર ઠેર ઉમટેલ.

## પિંડવાડામાં ઉપધાનતપ

અત્રે મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ૦; મુનિશ્રી ગુણરત્નવિજયજી મ૦ આદિની નિશ્રામાં મહા સુદ ૧૩થી ઉપધાનતપનો મંગલ આરંભ થયેલ છે. બંડી ઉપધાનતપ ઘણા મોટા પાયે કરાવવામાં આવેલ છે. શ્રીસંઘની આગ્રહભરી વિનતિથી આ૦દેવશ્રી વિજયહીરસૂરીશ્વરજી મ૦, આ૦ દેવશ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ આદિ પ્રાયઃ ફાગણ સુદમાં અત્રે પધારશે.


મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમિત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર. મુંબઈ–૬૬

શ્રી ઇશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ અમદાવાદ

# ભાયખલામાં થયેલા ઉપધાનતપના નિશ્રાદાતા ગુરુવર્યો અને આરાધકો



ભાયખલા (મુંબઇ)માં પૂજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦, પૂ. પંન્યાસશ્રી હેમચંદ્રવિજયજીગ ણિવર, પૂ. મુનિરાજશ્રી નિરંજનવિજયજી મ૦ આદિ ગુરુવર્યોની નિશ્રામાં ખુડાલા (રાજસ્થાન) નિવાસી શ્રેષ્ઠિવર્યશ્રી જીવરાજ રાજમલજી રાઠોડ તરફથી થએલા મહામંગલકારી ઉપધાનતપમાં નિશ્રાદાતા પૂજ્ય ગુરુવર્યો અને માળાપરિધાન કરનારા આરાધકોનું એક સમૂહદશ્ય.

### શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ વર્ષમાં

# શ્રી આત્માનંદ જૈન સભા–મુંબઈ યોજિત શ્રી જમ્મુ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે પંજાબ–કાશ્મીર સ્પેશ્યલ યાત્રા ટ્રેન

પ્રાતઃસ્મરણીય યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી ૩૩ વર્ષ પહેલા શ્રી આત્માનંદ જૈન સભાની સ્થાપના જૈન સમાજના ઉત્કર્ષના કામો કરવા માટે થયેલ અને આજે આપ સૌના સાથ, સહકાર સાથે આ સંસ્થા અવિરત રીતે જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરી રહેલ છે.

આ વર્ષ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવનું છે. રાષ્ટ્રીય સમિતિમાં અતિથિવિશેષ તરીકે શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ છે, જે ગૌરવપ્રદ બાબત છે. તેઓશ્રી શ્રમણ ભગવાન મહાવીરની વાણી ગામેગામ પહોંચાડતા વિભિન્ન પ્રાંતોમાં વિહાર કરી ગત વર્ષે નિર્વાણ શતાબ્દીની ઉજવણી માટે દિલ્લી પધારેલ હતા.

સારાયે કાશ્મીર રાજ્યમાં એકમાત્ર જમ્મુમાં ઘરદેરાસર હતું. આ દેરાસરને શિખરબંધી અને વિશાળ બનાવવાનો નિર્ણય ત્યાંના શ્રી સંઘે કરેલ. પૂ૦ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી અને શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના માર્ગદર્શન મુજબ આ નૂતન જિનાલયના નવનિર્માણનું કાર્ય તાજેતરમાં પૂર્ણ થયેલ છે. શ્રી આત્માનંદ જૈન સભાના કાર્યકરોએ શરૂઆતથી જિનાલય માટે સારો રસ લઈ મહેનત કરેલ છે.

આ જિનાલયની પ્રતિષ્ઠા વિ. સંવત ૨૦૩૧ના વૈશાખ સુદિ ૧૩ને શુક્રવાર તા. ૨૩–૫–૧૯૭૫ના રોજ પૂ૦ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં નક્કી થયેલ છે. આ પ્રસંગે ઘણા ભાઈ–બહેનોની જવા માટેની ભાવના હોઈ, મુંબઈથી સમૂહમાં જવાની વ્યવસ્થા થાય તે વિચારથી અને કાશ્મીર–પંજાબની યાત્રા થાય તે માટે આ સભાના ઉપક્રમે વીસ દિવસ માટે સ્પેશ્યલ યાત્રા ટ્રેનનું આયોજન નીચેના કાર્યક્રમ મુજબ કરેલ છે. આ સ્પેશ્યલ યાત્રા ટ્રેનનો લાભ આ સભાના સભ્યો (કુટુંબ સાથે) લઈ શકે તે હેતુ મુખ્ય હોય તેઓને પ્રથમ લેવામાં આવશે. આ સ્પેશ્યલ યાત્રામાં જોડાવા માટે વહેલી તકે રૂ. ૨૦૦] ડિપોઝિટના ભરી આપની જગ્યા રિઝર્વ કરાવી લો તેવી વિનંતિ છે.

લિ૦ ભવદીય, પન્નાલાલ બી. શાહ અને ખીમજીભાઈ હેમરાજ છેડા

કન્વિનરો, શ્રી આત્માનંદ જૈન સભા–જમ્મુ યાત્રાપ્રવાસ સમિતિ. ભગુભાઈ પી. શાહ, ટ્રેન સંચાલક.

## યાત્રાનો પ્રવાસનો કાર્યક્રમ

બુધવાર, તા૦ ૧૪–૫–૭૫ : મુંબઈ સેંટ્રલથી બપોરે ૧–૩૦ વાગે પ્રયાણ. તા૦ ૧૫–૫–૭૫ : ચૌમહલા (નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ). તા૦ ૧૬–૫–૭૫ : આગ્રા કેંટ, બસમાં શૌરીપુર તાજમહાલ જોઈ રાત્રે રવાનગી. તા૦ ૧૭–૫–૭૫ : ન્યુદિલ્લી (દેરાસર તથા જોવાલાયક સ્થળો બસમાં). તા૦ ૧૮–૫–૭૫ : અંબાલા. તા૦ ૧૯–૫–૭૫ : ● લુધિયાણા. તા૦ ૨૦–૫–૭૫ : ● હોશિયારપુર, બસ દ્વારા કાંગડાતીર્થદર્શન. તા૦ ૨૧–૫–૭૫ : ● અમૃતસર (દેરાસર, જલિયાનવાળા બાગ, ગોલ્ડન ટેમ્પલ) તા૦ ૨૨–૫–૭૫ : (૧) જમ્મુ (નૂતન જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે વરઘોડો). તા૦ ૨૩–૫–૭૫ : (૨) જમ્મુ (શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં જિનાલયની પ્રતિષ્ઠા) તા૦ ૨૪–૫–૭૫ : શ્રીનગર (જમ્મુથી સવારે નીકળી રાત્રે શ્રીનગર). તા૦ ૨૫–૫–૭૫ : શ્રીનગર (બસ દ્વારા ટેનમર્ગ, ગુલમર્ગ અને ખિલનમર્ગ). તા૦ ૨૬–૫–૭૫ : શ્રીનગર (સ્વેચ્છાવિહાર). તા૦ ૨૭–૫–૭૫ : શ્રીનગર (ખરીદી તથા આરામ). તા૦ ૨૮–૫–૭૫ : શ્રીનગર (બસ દ્વારા પહેલગામ). તા૦ ૨૯–૫–૭૫ : શ્રીનગર (સ્વેચ્છાવિહાર, પેકીંગ)

તા૦ ૩૦-૫-૭૫: શ્રીનગરથી સવારે પાંચ વાગે બસ દ્વારા જમ્મુ જવા રવાના. રાત્રે ૮ વાગે ટ્રેન-દ્વારા દિલ્લી તરફ. તા૦ ૩૧-૫-૭૫ : ન્યુ દિલ્લી. તા૦ ૧-૬-૭૫ : શ્રી મહાવીરજી. તા૦ ૨-૬-૭૫ : રતલામ. મંગળવાર, તા૦ ૩-૬-૭૫ : મુંબઈ : સવારે મુંબઈ સેંટ્રલ.

### ટિકિટોના દર

બીજો વર્ગ :

| | |
|---|---|
| આખી ટિકિટ બેઠકનું પાટીયું | રૂા. ૭૨૫, |
| આખી ટિકિટ ઉપરનું પાટીયું | રૂા. ૭૦૦, |
| આખી ટિકિટના | રૂા. ૪૫૦, |

પહેલો વર્ગ :

| | |
|---|---|
| આખી ટિકિટના | રૂા. ૧૦૫૦, |
| અર્ધી ટિકિટના | રૂા. ૭૫૦, |

નોટ :

૧. બે અર્ધી ટિકિટ હશે તો એક બર્થ આપવામાં આવશે.
૨. ત્રણથી ૧૧ વર્ષ સુધીના બાળકની અર્ધી ટિકિટ ગણાશે.
૩. પહેલા તથા બીજા વર્ગમાં ફક્ત રેલ્વેનો જ ફરક છે. બીજી બધી સગવડતાઓ એક જ સરખી રહેશે.
૪. શ્રીનગરમાં હોટલમાં રહેવાનું રહેશે અને જગ્યાની અનુકુળતા પ્રમાણે દરેકે સમાવેશ કરવાનો રહેશે.
૫. શ્રીનગરમાં જતી વખતે સંપૂર્ણ બેડિંગ લેવાનું રહેશે.
૬. ટ્રેનમાં સીટ તથા સુવાનું એલોટમેન્ટ સંચાલકો નક્કિ કરશે એ પ્રમાણે રહેશે
૭. ટિકિટોનું બુકિંગ વહેલો તે પહેલો તે ધોરણે થશે.

વાહન વ્યવસ્થા : ● આવી નિશાનીવાળા સ્થળોએ ટાંગા, રિક્ષા અગર ચાલતા જવાનું રહેશે અને તેનો વાહનખર્ચ યાત્રિકોએ આપવાનો રહેશે.

ભોજન વ્યવસ્થા : સવારે ચા સાથે નાસ્તો. બે સમય ભોજન આપવામાં આવશે. જ્યાં અનુકૂળતા નહીં હોય ત્યાં એક વખત ભોજન આપવામાં આવશે.

આદર્શ : આ યાત્રા પ્રવાસમાં જોડનારને સુખરૂપ પ્રવાસ કરાવવાનો સંસ્થાના કાર્યકરોનો આદર્શ છે.

ખાસ: આ પ્રવાસમાં એકલા બહેન કે વૃદ્ધને લેવાશે નહીં.

વિનંતી : શરૂઆતના નિવેદનમાં જણાવ્યા મુજબ શ્રી આત્માનંદ જૈન સભાના જેઓ સભ્ય થયા હશે તેઓને પ્રથમ લાભ આપવાનો હોઇ, રૂા. ૨૦૦) ટિકિટ-દીઠ ડિપોઝિટના વહેલી તકે ભરી આપની ટિકિટ બુક કરાવી લેશો.

સૂચના : ટિકિટ નોંધાયા પછી બાકીની રકમ તા. ૨૫-૪-૭૫ સુધીમાં ભરી આપવાની રહેશે. આ યાત્રાપ્રવાસના નિયમો તથા કાર્યક્રમ દરેકને માન્ય રાખવાના રહેશે અને નિયમોમાં ફેરફાર સગવડ મુજબ કરવાની સત્તા યાત્રાપ્રવાસ સમિતિના કાર્યકરોને રહેશે.

ટ્રેન સંચાલન : આ યાત્રા સ્પેશ્યલનું સંચાલન યાત્રા સ્પેશ્યલનો બહોળો અનુભવ ધરાવતા શ્રી ભગુભાઈ પી. શાહ કરશે.

## જમ્મુ યાત્રાપ્રવાસ સમિતિ
## શ્રી આત્માનંદ જૈન સભા

: સલાહકાર સમિતિ :

શેઠશ્રી પોપટલાલ ભીખાચંદ
શેઠશ્રી માણેકચંદજી બેતાલા
શેઠશ્રી જેસિંગલાલ લલ્લુભાઈ
શેઠશ્રી કુંજલાલ સુંદરમલ જૈન
શેઠશ્રી ડાહ્યાભાઈ કકલચંદ શાહ

: વ્યવસ્થાપક કમિટી તથા હોદ્દેદારો :

| | |
|---|---|
| શ્રી જયંતીલાલ રતનચંદ શાહ | -પ્રમુખ |
| શ્રી પનાલાલ બી. શાહ | -કન્વિનર |
| શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા | ,, |
| શ્રી કાંતિલાલ હરગોવિંદદાસ શાહ | -ખજાનચી |
| શ્રી ઉમેદમલ હજારીમલ જૈન | ,, |
| શ્રી દામજીભાઈ કુંવરજી છેડા | ,, |
| શ્રી કાંતિલાલ ચુનીલાલ ચોકસી | |
| શ્રી કાંતિલાલ ડી. કોરા | |
| શ્રી વિલાયતીરામ જૈન | |
| શ્રી રસીકલાલ નાથાલાલ કોરા | |
| શ્રી જયંતીલાલ મયાચંદ શાહ | |
| શ્રી રમેશભાઈ જેસિંગલાલ સંઘવી | |
| શ્રી કુમારપાળ વી. શાહ | |

સંપર્ક સરનામું : શ્રી આત્માનંદ જૈન સભા-જમ્મુ યાત્રા પ્રવાસ સમિતિ C/o મે. છેડા જ્વેલરી માર્ટ, ૪૦-૪૨, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩ (ફોન : ૩૨૬૯૭૮ : ૨૫૨૧૩૨)

સંપર્ક ફક્ત રૂબરૂ કરવો. સમય : રવિવાર સિવાય સવારે ૧૦ થી ૧૨

## શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂનાનું
## જાહેર થયેલ પરિણામ

આ સંસ્થા દ્વારા ઈ. સ. ૧૯૭૪માં જૈનદર્શનની ૭ પરીક્ષાઓ ૩ ભાષામાં, ૧૦૮ કેન્દ્રોમાં, ૪૭૨૯ જૈન-જૈનેતર આબાલવૃદ્ધોની લેવાઈ હતી, જેનું ૮૯ ટકા પરિણામ જાહેર થયેલ છે. સંસ્થા તરફથી નિયમાનુસાર ૧૨૦ શિક્ષક-શિક્ષિકાઓને તેમ જ ૩૫૦થી વધુ પરીક્ષાર્થીઓને કુલ મળી રૂા. પાંચ હજારના ઇનામો અપાશે.

જુદી જુદી ૭ પરીક્ષામાં નીચે મુજબ પ્રથમ નંબરે આવેલાઓનું ચંદ્રક દ્વારા સન્માન કરવામાં આવશે.

**પ્રબોધિનિ** : થરાદ, કિરીટકુમાર હાલચંદ શાહ.
**પ્રાથમિક** : કલકત્તા, મંજુકુમારી બચ્છાવત.
**પ્રારંભિક** : બાલી, રાજમલ સી. ચોપડા.
**પ્રવેશ** : માલેગાંવ, અનુપમાબેન વસંતલાલ
**પરિચય** : આકોલા, રેખાબેન જયંતિલાલ.
**પ્રદીપ** : બેંગલોર, ચંદ્રકાંતાબેન બાબુલાલ.

**ચાતુર્માસ**—જામનગરમાં બિરાજમાન મુનિશ્રી જયપદ્મવિજયજી મ૦નું આગામી ચાતુર્માસ દલતુંગી નક્કી થયેલ છે.

### સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીના ચાતુર્માસ માટે જયપુર શ્રીસંઘની વિનંતિ

પ્રખર વ્યાખ્યાતા અને વિદુષી સાધ્વીરત્ન શ્રી મૃગાવતીશ્રીજી મ૦ના આગામી ચાતુર્માસની વિનતિ કરવા અંબાલા મુકામે બિરાજમાન આ૦શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ૦ પાસે જયપુર શ્રીસંઘના આગેવાનો સર્વશ્રી હીરાચંદજી, શિખરચંદજી પાલાવત, કપીલભાઈ કેશવલાલ શાહ, મોતીલાલજી ભડકતિયા, બાબુલાલજી જૈન વગેરે ગયા હતા. જયપુર શ્રીસંઘના પ્રતિનિધિમંડળની આગ્રહભરી વિનતિ ધ્યાનમાં લઈ આચાર્યશ્રીએ હવે પછી નિર્ણય કરી જણાવીશું તેમ આશા આપી હતી.

**તળાજા પધાર્યા**—પુ. સાગરાનંદસૂરિજી મ૦ના સમુદાયના સાધ્વીશ્રી ચેલણાશ્રીજી પાલિતાણાથી વિહાર કરી તળાજા પધાર્યા છે.

### સાધ્વીજી મ૦નો કાળધર્મ-પાલિતાણા

આ૦શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ૦ના આજ્ઞાવર્તિની સાધ્વીશ્રી કેવળશ્રીજીના શિષ્યા સા૦શ્રી મનોહરશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી જિનેંદ્રશ્રીજી (ઉં વર્ષ ૬૦) મહા સુદ ૧૦ના રોજ હઠીસાઈની મેડીના ઉપાશ્રયે સમાધિપુર્વક કાળધર્મ પામ્યા છે. તેમની અંતિમ યાત્રા ભવ્ય નીકળી હતી. સાધ્વીજી સંસારીપણે પાલિતાણાના વતની શ્રી હીરાલાલ અમરચંદ શેઠના બહેન હતા.

### દેરાસરમાં ચોરી

મજેરા (કુશલગઢ)માં તા. ૧૨-૭-૭૪ના રોજ દેરાસરમાંથી ધાતુના પાંચ પ્રતિમાજી અને ચાંદીના ઘરેણાની ચોરી થયેલ છે. પોલીસ ચોકીમાં ચોરીની વિગત નોંધાવી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તપાસ ચાલુ છે, હજુ કોઈ પત્તો હાથ લાગ્યો નથી.

### ગુલબર્ગા (કર્ણાટક)

આ૦શ્રી વિજય રત્નશેખરસૂરિજી મ૦ આદિની નિશ્રામાં અત્રે પોષ દશમીની આરાધના, શ્રાવકોના ૩૦ જેટલા ઘરોમાં, ૩૦ અઠ્ઠમ અને ૨૦ ત્રણ દિવસના એકાસણાં તેમ જ પૂજાઓ, ૧૦૮ અભિષેક પ્રભાવના, ભાવનાદિ પૂર્વક સુંદર રીતે થયેલ. વદ ૧૦ના યાદગિરિથી ૬૦-૭૦ ભાવિકો ગુરુવંદનાર્થે આવેલ. તેમની ભક્તિનો શા પ્રેમજીભાઈ ખેરાજભાઈએ લાભ લીધો. શાહ કાંતિલાલ ઝવેરચંદ તરફથી ઘરદીઠ થાળીની પ્રભાવના થઈ હતી. પારણાં શાહ અંબાલાલ નગાજી તરફથી થયેલ.

આ૦ દેવશ્રી આદિ અત્રેથી વિહાર કરી નિઝામાબાદ પધાર્યા છે. મહા સુદ ૧૦ની ત્યાં પ્રતિષ્ઠા છે.


## શિક્ષિકા બહેનોની જરૂર છે

ધાર્મિક પાઠશાળા માટે સુશીલ, અનુભવી શિક્ષિકા બહેનોની જરૂર છે. વેતન રૂા. ૨૦૦). ચડતા પગારે એક માસની છુટી. રહેવા મકાન. વર્ષે રૂા. પાંચનો વધારો. લખો—

**શ્રી પાર્શ્વનાથ જૈન પેઢી મુ. પો. ઉમેદાબાદ**
જિ. જાલોર, વાયા; વીસનગઢસ્ટેશન (રાજસ્થાન)

# નાગૌરથી મેડતા-ફલોધી પાર્શ્વનાથ તીર્થનો નીકળેલ પગપાળા સંઘ

## સા. નિર્મલાશ્રીજી મ૦ને 'શાસન-પ્રભાવિકા'નું અપાયેલ બિરુદ

નાગૌર (રાજસ્થાન) શ્રી સંઘના પુણ્યોદયે પ્રખરવક્તા, કન્યાસંસ્કાર પ્રદાતા, વિદુષી સાધ્વીજી શ્રી નિર્મલાશ્રીજી (એમ. એ.) આદિ ઠા. ૫ની નિશ્રામાં વિવિધ આરાધના અને શાસનપ્રભાવના પૂર્વક ગત ચાતુર્માસ યાદગાર બનેલ. ચાતુર્માસની પૂર્ણાહુતિ દિને, કાર્તિકી પૂનમના રોજ, કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજી અને મહારાજા કુમારપાલ તથા શ્રી તીર્થાધિરાજ સિદ્ધગિરિજીના વર્ણનયુક્ત થયેલા સાધ્વી મ૦ના પ્રવચનથી પ્રેરિત થઈ શેઠશ્રી હીરાચંદજી ઓથરાની મેડતા-ફલોધી પાર્શ્વનાથ તીર્થનો પગપાળો સંઘ કાઢવાની ભાવના પ્રગટેલ.

શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ તીર્થ ઘણું પ્રાચીન અને મહિમાવંત છે. આ૦શ્રી ધર્મઘોષસૂરિજી મ૦ દ્વારા પ્રતિષ્ઠિત મૂળનાયક શ્રી પાર્શ્વપ્રભુજીની પ્રતિમા વાળુકાથી અને દેવાધિષ્ઠિત અતિ પ્રાચીન છે.

**સંઘપ્રસ્થાન**

શ્રી હીરાચંદજીએ પોતાને થયેલી ભાવના મુજબ સંઘ કાઢવાનું નક્કી કરતાં, અત્રે સ્થિત વિદુષી સાધ્વી શ્રી નિર્મલાશ્રીજી આદિ તથા બિકાનેરથી પધારેલા પ્રશાંતમૂર્તિ ઉપાધ્યાયશ્રી દર્શનસાગરજી મ૦ આદિ ઠા. ૪ અને વિદુષી સાધ્વીશ્રી પ્રભાશ્રીજી આદિ ઠા. ૫, આગ્રહભરી વિનંતિ સ્વીકારી, સંઘમાં પધાર્યા હતાં. માગ. વદ ૪, તા. ૧-૧-૭૫ના નાગૌરથી છ'રી પાલિત સંઘનું બેન્ડવાજાપૂર્વક મંગલ પ્રસ્થાન થયેલ.

પ્રથમ મુકામ ઈન્ધા ગામે થયો. સમસ્ત ગામલોકોએ સંઘનું ભવ્ય સ્વાગત કર્યું. કડકડતી ઠંડીમાં પણ રાતે ૨-૩ કલાક ભાવના જામતી. ગામના લોકો ભાવનામાં પ્રભુભક્તિના ગીતોનો અનેરો આનંદ માણતા. બીજા દિવસનો મુકામ પાલડી હતો. ત્યાં એક સ્થાનકવાસી ભાઈએ સંઘમાં આવેલા ૪૫૦ યાત્રિકોની સ્મરણીય એવી ભાવપૂર્વક સાધર્મિક-ભક્તિ કરી હતી.

ત્રીજા દિવસે ખજવાણામાં થયેલ મુકામ ઘણો મહત્ત્વપૂર્ણ અને સંસ્મરણીય બન્યો. અહીંના શ્રીસંઘે યાત્રિકોનું ઉમંગભેર આતિથ્ય કર્યું અને સંઘપતિજીનું અભિનંદનપત્ર અર્પણ કરી બહુમાન કર્યું. સંઘવીજીએ પણ નવકારશી આપી ગામની સુંદર ભક્તિ કરી. અહીંના ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે આર્થિક સહાયની જરૂર



ધાર્મિક સામગ્રી

• સુગંધિદાર અગરબત્તી • વાસક્ષેપ
• દશાંગી ધૂપ • કેશર
• વાળા કૂંચી • ફટાસણી
• ચરવળા • સંથારીયા
• સાપડા • કામળીઓ
• ઓઘારીયા • ઘાબળી

ચાંદીના વરખ, પ... કેરબા-
...-જરિ... માળાઓ-
...-ઉપકરણો પુંજણીઓ તેમજ

...પ્લાસ્ટીકની
માળાઓ-...-સાપડા-વગેરે.
...દિપોત્સવી
કાર્ડ-...વગેરે માટે

...પુસ્તક ભંડાર

"જૈન" પત્રનું લવાજમ આજે જ મોકલો.



દરાજ, ખસ, ખરજવા, પગની ચીરાડ વિ. ઉપર અસરકારક.

કપડાને ડાઘ પડતા નથી

જર્મંકટર

• નવું ઉત્પાદન : જર્મંકટર સ્ટ્રોંગ •

હતી જે સંઘવીજી અને યાત્રિકોએ મળી મોટી રકમ નોંધાવી મોટી પૂજા અને ભાવનામાં ભકિતની અનેરી રંગત જામી.

ઋણુ ગામે ચોથો અને ગાજુડા પ્યાઉ ગામે પાંચમો મુકામ થયો. ગામલોકોએ સંઘની સુંદર સેવા કરી. દરેકે પોતપોતાના ઘરે યાત્રિકોને રહેવા ગોઠવણ કરી. પૂજ્ય મહારાજશ્રીએ વ્યસનો અને તેનાથી થતી હાની વિશે અસરકારક પ્રવચન આપતા ઘણા લોકોએ જુદા જુદા વ્યસનો છોડવાની બાધા લીધી હતી. રાતે ભાવનામાં ગામ આખું ઉમટેલ. ખરો રંગ જામેલ. સ્થાનિક સંઘે અને યાત્રીસંઘે આર્થિક સહાય આપી અહીં પડતી પાણીની મુશ્કેલી દૂર કરી.

તા. ૬-૧-૭૫ના છઠ્ઠા-દિવસે સંઘ છેલ્લા મુકામ મેડતરોડ પધારતાં, આખાય ગામે અને મેડતાસીટી, જોધપુર વગેરેથી આવેલા વિશાળ સમુહે સંઘનું ઉમળકાભેર સામૈયું કર્યું. સામૈયું પૂર્ણ થયે યાત્રિકગણ આદિ શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી કૃતકૃત્ય બન્યા.

**'શાસન પ્રભાવિકા' નું અર્પણ થયેલ બિરુદ**

ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણ-કલ્યાણક વર્ષમાં રાજસ્થાનમાં અનેક વિશિષ્ટ આયોજનો શાંતિપૂર્વક થયા છે અને થઇ રહ્યા છે. આ યાત્રાસંઘનું આયોજન પણ સાધ્વીશ્રી નિર્મલાશ્રીજી મ૦ની સાંનિધ્યમાં આનંદ સમ્પન્ન થયું. સાધ્વીજી મહારાજે રાજસ્થાન પ્રદેશમાં ગત ચાર વર્ષ વિચરી જે ધર્મજાગૃતિ પ્રગટાવી છે અને મહિલાવર્ગમાં ખાસ કરી બાળાઓના સંસ્કાર અધ્યયન સત્ર દ્વારા ધર્મના બીજ વાવ્યા છે તેનાથી ઉપકૃત બની, સંઘના તીર્થમાળના અવસરે એકત્રિત થયેલ રાજસ્થાનના સકલ સંઘે, આ પ્રસંગે સાધ્વીજી મહારાજશ્રીને 'શાસન પ્રભાવિકા'નું બિરુદ અર્પણ કર્યું હતું.

**યાત્રાસંઘની વિશેષતાઓ**

...વૈષ્ણવધર્મી લોકો સંઘમાં સામેલ થયા હતા. તેઓએ ઘણા ભાવ અને નિયમપુર્વક પદયાત્રા કરી.

...કલકત્તા, મદ્રાસ, મુંબઇ, વારાણસી, દિલ્હી, જયપુર, આગ્રા વગેરેથી ભાવિકો આવી સંઘમાં જોડાયા. મોટર આદિ વાહનોથી ટેવાયેલાઓએ પણ પગપાળા યાત્રા કરી ધર્મભાવનાનો પરિચય આપ્યો.

...સંઘ પ્રયાણના આગલા દિવસે વરસાદ થયો, પણ પ્રયાણથી છેક છેલ્લા મુકામ સુધી વરસાદ ન નડયો.

...સંઘમાં જોડાએલા જાણીતા આગેવાનો શ્રી માણિકચંદજી બેતાલા (મદ્રાસ), શ્રી છગનરાજજી જૈન (જોધપુર) વગેરે તરફથી સંઘપૂજન થયું. અને શ્રી બેતાલાજી, શ્રી સાગરમલજી બાંગાણી (કલકત્તા) વગેરે તરફથી ગરીબોને ધાબળા અપાયા.

...શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ તીર્થમાં બંધાનાર ભોજનશાળાનું કુ પ્રભાબહેન શાહના હાથે ખાતમુહૂર્ત થયું. અને ૧ લાખ ૧૦ હજાર રૂ.નું ભંડોળ થતાં તેનું


૨૫૦૦વર્ષના પ્રાચીન
મહાપ્રભાવિક બાવન જિનાલય

**અજારી તીર્થની યાત્રાએ પધારો**

સીરોહીરોડ સ્ટેશનથી બે માઇલ પિંડવાડા (રાજસ્થાન) માં અને આબુરોડ તરફ હાઇવે ઉપરથી એક માઇલ દૂર આવેલ અજારી તીર્થ સંપ્રતિ મહારાજાએ બંધાવેલું છે. ૧૪મા સૈકામાં શેઠ ધરણ શાએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને સરસ્વતી પ્રસન્ન થયા હતા તે સરસ્વતીદેવીનું સુંદર મંદિર પણ અહીં છે. છેલ્લો જીર્ણોદ્ધાર સ્વર્ગસ્થ પૂ૦ આ૦દેવ શ્રી વિજયપ્રેમસુરીશ્વરજી મહારાજના ઉપદેશથી સં. ૨૦૧૮થી ચાલુ કરાવી સં. ૨૦૨૭માં પૂ. આ૦દેવ શ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થઇ છે. સુંદર ધર્મશાળામાં રહેવા તથા જમવાની સગવડ છે. તો તીર્થમાં એકથી એક ચમત્કારિક જિનબિમ્બો તથા મૂળનાયકજી શ્રી મહાવીરસ્વામીજીના દર્શન કરી જીવન સફળ કરો. તા. ક. ઘોડાગાડીની વ્યવસ્થા જવા માટે મળી રહેશે.

વ્યવસ્થાપક : શેઠ કલ્યાણજી સૌભાગચંદ જૈન પેઢી, પિંડવાડા (રાજસ્થાન)

ખાધકામ શરૂ થયું. શ્રી જસવંતલાલજી વગેરે આ કાર્ય સંભાળે છે.

...પોષદશમીના શુભ દિને રથયાત્રા અને નવપદ પુજા થઈ. અગ્યારસના દિવસે શ્રી કેશરીમલ સંપતલાલજી હિંગડ (રાણીવાળા) એ બોલી પુર્વક સંઘપતિ શ્રી બોથરા અને સંઘવણ અ. સૌ. પ્રેમકુમારીજીને તીર્થમાળા પહેરાવી અને સંઘપતિએ પોતાના તરફથી પ્રભુજીને સોના-મોતીની માળા ચઢાવી. ત્યારબાદ દરેકે સંઘપતિને માળા પહેરાવી. રેડિયો કલાકાર કુ. પન્નાબહેન શાહે સંઘપતિને શંખેશ્વરા પાર્શ્વનાથ પ્રભુનું સ્વર્ણપદક અર્પણ કર્યું અને કલકત્તાથી આવેલા ભાવના શાહ (બી. કોમ.) તથા અજયકુમારને માળા પહેરાવી. નાગૌર શ્રીસંઘ તરફથી અને તીર્થના કાર્યકર્તાગણ તરફથી સંઘપતિશ્રીનું અભિનંદન પત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું.

...શ્રી સાગરમલજી બાંગાણીની સેવા પ્રશંસનીય હતી. તેઓએ સંઘપતિને માળા પહેરાવવા પુર્વક એક ગિની અર્પણ કરેલ.

....શ્રી કાનચંદજી બાંઠિયા અને કુ. પન્નાબહેન શાહ આદિનો પ્રતિદિન ભક્તિ કાર્યક્રમ સુંદર થયો. ભાવના પી. શાહ અને અજયકુમારના દાંડિયારાસે અનેરું આકર્ષણ જમાવેલ.

...જોધપુર-ભેરબાગ તીર્થના સેક્રેટરી શ્રી સુખપાલચંદજી ભંડારીની સેવા પ્રશંસનીય રહી.

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર

(સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે

'જૈન' પત્રના સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : વડવા, પાદરદેવકી રોડ, ભાવનગર.

૨. પ્રસિદ્ધિનો ક્રમ : દર શનિવારે (સાપ્તાહિક)

૩. મુદ્રકનું નામ : ગુલાબચંદ દેવચંદ શેઠ
 કયા દેશના : ભારત.
 ઠે. વડવા, પાદરદેવકી રોડ, ભાવનગર.

૪. પ્રકાશકનું નામ : ગુલાબચંદ દેવચંદ શેઠ
 કયા દેશના : ભારત.
 ઠે. વડવા, પાદર દેવકી રોડ, ભાવનગર.

૫. તંત્રીનું નામ : ગુલાબચંદ દેવચંદ શેઠ
 કયા દેશના : ભારત.
 ઠે. વડવા, પાદર દેવકી રોડ, ભાવનગર.

૬. સામયિકના માલીકનું નામ : ગુલાબચંદ દેવચંદ શેઠ
 કયા દેશના : ભારત.
 ઠે. વડવા, પાદરદેવકી રોડ, ભાવનગર.

હું ગુલાબચંદ દેવચંદ શેઠ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૨૭-૨-૭૫, સહી : ગુલાબચંદ દેવચંદ શેઠ


હિન્દીમાં હવેથી પ્રગટ થાય છે

"લબ્ધિકૃપા" માસિક. બે વર્ષનું લવાજમ રૂા.૧૧

આપને મનપસંદ સુંદર સાહિત્ય માટે હિન્દીમાં અને ગુજરાતીમાં અલગ પ્રગટ થતું માસિક શીઘ્ર મંગાવો. ગ્રાહક થનારને 'લબ્ધિગીત ગુંજન' સ્તવનોની બુક જેની કિં. રૂા. ૨-૫૦ છે શ્રીયુત 'રાહી' કૃત તે ભેટ મોકલશે. તો શીઘ્ર ગ્રાહક બનો ને ભેટ મેળવો.

માન મંત્રી : જયંત રાહી સંપાદક: વી.વી.વોરા

'લબ્ધિકૃપા' પ્રકાશન સમિતિ

૧૦, કૃષ્ણપ્પા નાયકલ ટેન્ક સ્ટ્રીટ, પહેલે માળે મદ્રાસ-૧



વટવા જૈન આશ્રમ

મુ. વટવા (અમદાવાદ)

આ આશ્રમમાં કોઈપણ નિરાધાર, અશક્ત બાળકો તથા સ્ત્રી-પુરુષોને મફત રહેવાનું, જમવાનું અને બાળકોને કેળવણી આપવાનું કાર્ય થાય છે. અહીં સુંદર મંદિર છે. આશ્રમની મુલાકાત લેવા ભલામણ છે.

આશ્રમમાં દાખલ થવા માટે લખો—
મંત્રી: કાંતિલાલ જેશંગભાઈ દલાલ
રાયપુર, શામળાની પોળ, અમદાવાદ

# અમદાવાદમાં ઉજવાયેલ આચાર્યપદ પ્રદાન મહોત્સવ

યોગનિષ્ટ આ૦ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ૦ના સમુદાયના ગણિવર્યશ્રી દુર્લભસાગરજી મ૦ આદિ વેડંચા (બનાસકાંઠા)માં શાસનપ્રભાવનામય ચાતુર્માસ પુર્ણ કરી અમદાવાદ–ઝવેરીવાડના શ્રીસંઘની આગ્રહભરી વિનતિથી આંબલીપોળના ઉપાશ્રયે પધાર્યા હતા.

પૂજ્ય ગણિવર્યશ્રીની વિદ્વત્તા આદિથી આકર્ષાઇને તેઓશ્રીને આચાર્યપદવી આપવા અમદાવાદના અનેક આગેવાનોએ પાંજરાપોળ ઉપાશ્રયે બિરાજમાન આ૦ દેવશ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મ૦ને વિનતિ કરતા અને તેના સહર્ષ સ્વીકાર સાથે મહા સુદ ત્રીજનું મુહૂર્ત આપવા પૂર્વક આ૦દેવશ્રીએ પોતાની નાદુરસ્ત તબિયતને કારણે આ૦શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ૦ને આજ્ઞા ફરમાવતા શ્રીસંઘમાં અનેરો આનંદ પ્રગટેલ.

આચાર્યપદવી માટે શેઠ હઠીસિંગ કેશરીસિંગની બહારની વાડીનું સ્થળ નક્કી કરવામાં આવ્યું. અને સિદ્ધચક્ર મહાપૂજન પૂર્વકનો મહોત્સવ પણ નક્કી થયો. ગામેગામ આમંત્રણ પત્રિકા પાઠવવામાં આવી.

મહા સુદ ૩ના સવારે આ૦શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ૦, ગણિવર્યશ્રી દુર્લભસાગરજી મ૦, ગણિવર્ય શ્રી જયચંદ્રવિજયજી મ૦ આદિ સંઘ સહિત વાજતેગાજતે બહારની વાડીએ પધાર્યા. ત્યાં બાંધવામાં આવેલ ભવ્ય મંડપમાં ચતુર્વિધ સંઘની વિશાળ હાજરીમાં ૯ વાગે આચાર્યપદ પ્રદાનની વિધિનો આરંભ થયો. ૧૦ વાગે પૂ. આચાર્યશ્રીએ ગણિવર્યશ્રીને આચાર્યપદવીનો મંગલ વાસક્ષેપ કર્યો અને તેઓને પૂ. આ૦શ્રી કીર્તિસાગરસૂરિજી મ૦ના પટ્ટધર તરીકે આચાર્યશ્રી દુર્લભસાગરસૂરિજી તરીકે, જયનાદપૂર્વક, જાહેર કરવામાં આવ્યા.

આ પ્રસંગે જુદા જુદા સમુદાયના પૂજ્ય સાધુ–સાધ્વી મહારાજો તેમ જ શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઇ ઝવેરી શેઠશ્રી સુધાકરભાઇ મણિલાલ હઠીસિંગ વગેરે આગેવાનો સહિત ચતુર્વિધ સંઘનો વિશાળ સમુદાય ઉપસ્થિત હતો.

પ્રાંતે અનેક ભાવિકોએ નૂતન આચાર્યશ્રીને કપડાં કામળી વહોરાવવાનો લાભ લીધો હતો. પછી લાડુની પ્રભાવના લઈ સૌ વિખરાયા હતા. પદપ્રદાન પ્રસંગનું સફળ સંચાલન ખંભાતથી ખાસ પધારેલ પંડિત શ્રી છબીલદાસ સંઘવીએ કર્યું હતું.

મહા સુદ ૪ના બહારની વાડીએ ભાવનગરનિવાસી સ્વ. ગિરધરલાલ ખીમચંદ શાહના કુટુંબીઓ તરફથી સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવાએલ. વિધિકારક શ્રી જસભાઈ લાલભાઈ અને સંગીતકાર શ્રી રમણભાઇએ પૂજનમાં સારો રસ જમાવ્યો હતો.

આ આખાય પ્રસંગના આયોજનમાં નૂતન આચાર્યશ્રીના બાલ શિષ્યરત્ન મુનિરાજશ્રી પ્રેમપ્રભસાગરજી (વાત્સલ્યદીપ)મ૦ની સુંદર વ્યવસ્થાશક્તિ તરી આવતી હતી. આચાર્યશ્રી હાલ આંબલીપોળ ઉપાશ્રયે બિરાજમાન છે. ત્યાંથી થોડા દિવસ બાદ પુનઃ પાલનપુર, ડીસા, ગઢ, વેડંચા તરફ વિહાર કરનાર છે.


દાદાને દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વિનતિ કરે છેઃ

ભોજનશાળાનો વાર્ષિક તૂટો મોંઘવારીના કારણે રૂા. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.

લગભગ અઢી લાખ પુન્યશાળી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.

પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.

છઠ્ઠ–અઠ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.

**શ્રેષ્ટ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક અને ચતુર્વિધ સંઘની ભક્તિ**

……………એ અમારા પુન્યનું ભાથું છે……………



તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલીકઃ શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાનઃ જૈન પ્રિન્ટરી પાનવાડી ભાવનગર.

ભગવાન મહાવીર ના પચીસસોમા નિર્વાણ કલ્યાણક નિમિત્તે

સાપ્તાહિક પત્ર જૈન

સંપાદક :- રતિલાલ દીપચંદ દેસાઇ

પ્રેરક :- શ્રીજૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, મુંબઇ.

# સંતના દર્શનને અપશુકન ગણવાનો અંજામ

વીર-વર્ધમાન! આત્માને સ્ફટિક સમો નિર્મળ કરવા એમણે કેવાં કેવાં આકરાં તપ-ધ્યાન આદર્યાં હતાં! એક એકથી ચડિયાતાં એ તપના બળે ભગવાન પણ આત્મભાવની ઊંચી ઊંચી ભૂમિકા સર કરતા જતા હતા. એમ કરતાં અગિયાર વર્ષ વીતી જવા આવ્યાં હતાં.

છેલ્લે છેલ્લે ૧૭૫ દિવસ જેટલી લાંબી અને આકરી તપસ્યાનું પારણું, કૌશાંબી નગરીમાં, ગુલામ જેવી દીનદુઃખી દશાને પામેલી કુમારી ચંદનાને હાથે કરીને ભગવાને એને ધન્ય બનાવી હતી અને એને નિસ્તારનો માર્ગ બતાવ્યો હતો. ચંદનાના નામની સુવાસ સર્વત્ર ચંદનની જેમ વિસ્તરી રહી.

આટલી ઉગ્ર તપસ્યા પછી પણ ભગવાનની સાધના ચાલુ જ હતી. અને મોહ-માયા મમતાનાં બંધનનાં જાળાં ન જામે એટલા માટે ભગવાન ગામોગામ વિચરતા રહેતા હતા.

વિચરતા વિચરતા ભગવાન એક દિવસ પાલક નામે ગામે આવ્યા. ભગવાન નગરમાં દાખલ થતા હતા, એજ વખતે ભાયલ નામે કોઇ વણિક પરદેશ જવા રવાના થતો હતો. રસ્તામાં ભગવાનને જોઇને એને ખીજ ચડી: મારી મુસાફરીની શરૂઆતમાં જ આ મૂંડિયાનાં દર્શન થયાં એ કેવા મોટાં અપશુકન કહેવાય!

સારા કામમાં મને આવાં અપશુકન કરનારને હમણાં હું એવો સ્વાદ ચખાડું કે ફરી આવાં અપશુકન એ કરી જ ન શકે! અને ભાયલ, ગુસ્સા અને તિરસ્કારના આવેગમાં, ઉઘાડી તલવાર લઇને એમને મારવા દોડયો. પણ, જાણે ભયંકર ભાવીએ ભુલાવ્યો હોય એમ, એ પોતાની તલવાર પોતાની જાત ઉપર વીંઝીને બાપડો પરલોક પ્રયાણ કરી ગયો!

દુનિયાએ જોયું કે સંતોનો તિરસ્કાર કરવાનો અંજામ કેવો બૂરો આવે છે!

પ્રભુ! આ વર્ષ અમારે દિવાળી

(ગતાંકથી ચાલુ) ભગવાન મહાવીરના જન્મકલ્યાણકની તીર્થભૂમિ

# શ્રી ક્ષત્રિયકુંડ

## તીર્થભૂમિઓ

લેખક-તીર્થપ્રભાવક પૂ. આચાર્ય દેવ
શ્રી વિજયવિક્રમસૂરિજી મહારાજના શિષ્ય
પૂ. મુનિરાજ શ્રી રાજયશવિજયજી મહારાજ

ક્ષત્રિયકુંડ પહાડ પરના મંદિરના મૂળનાયક પરમાત્મા મહાવીરની આ ભવ્ય પ્રતિમાના દર્શન કર્યા બાદ ભાવુક નવી બનેલી ધર્મશાળામાં આવીને ઊભો રહે તો ધર્મશાળાના બાંધકામની નાજુકતા અને આજુબાજુનું પ્રાકૃતિક સૌંદર્ય તેને મુગ્ધ કર્યા વિના ન રહે. આ મંદિરથી આગળ અડધો માઇલ પર એક ખંડેર છે. આ ખંડેરને લોકો રાજા સિદ્ધાર્થના રાજમહેલના નામે ઓળખે છે. ત્યાં જવાનું થવા છતાં મને એ નજરે જોવાનો મોકો મળ્યો ન હતો. પણ જોનાર સાધુ મહાત્માઓ અને જાણકારો જૂનું મંદિર ત્યાં હોવાનું જણાવતા હતા.

આ રીતે ક્ષત્રિયકુંડ ગ્રામ નામે ઓળખાતા આ પુનિત સ્થાનનાં મંદિરો તો પૂર્ણ થયાં.

હવે એક વિચાર વર્તમાન ઊહાપોહ અંગે છે. આ ક્ષત્રિયકુંડ એ વાસ્તવિક ઐતિહાસિક ક્ષત્રિયકુંડ છે કે પરંપરાનું ? હજાર વર્ષોની પરંપરાનો ઉત્તર 'હા'માં છે. આના સમર્થન માટે જૈન ઐતિહાસિક લેખકોમાંથી ઘણા સંમત છે. મુનિ જયંતવિજય, ત્રિપુટી મહારાજો (દર્શનવિજય, જ્ઞાનવિજય, ન્યાયવિજયજી) તેમાંય દર્શનવિજયજીએ તો આ વાત માટે "ક્ષત્રિયકુંડ" નામની એક સ્વતંત્ર પુસ્તિકા લખી છે. અને ખાસ કરીને અંગ્રેજી લેખકોના સંશોધનને અનુસરી પોતાની ઐતિહાસિક પ્રજ્ઞાથી વિશ્લેષણ કરી શ્રી વિજયેન્દ્રસૂરિજી મહારાજે તેઓની "વૈશાલી" નામની પુસ્તિકામાં, પોતાના મતે, પટણાથી ૨૭ માઈલ દૂર આવેલ 'બાસાઢ' નામના ગામને જ શાસ્ત્રીય ક્ષત્રિયકુંડગ્રામ નગર સિદ્ધ કરવા પ્રયત્ન કરેલ છે. (વૈશાલી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૩)

ઉપરોક્ત મુનિશ્રી દર્શનવિજયજી મહારાજનું ક્ષત્રિયકુંડ પુસ્તક પ્રથમની પુસ્તિકાના જવાબમાં જ લખાયેલું છે; અને તે વિ. સં. ૨૦૦૬માં પ્રસિદ્ધ થયેલું છે. પણ ત્યાર પછી આઠ વર્ષ બાદ, એટલે વિ. સં. ૨૦૧૪માં વિજયેન્દ્રસૂરિજીએ "વૈશાલી"નામની બીજી પુસ્તિકા બહાર પાડીને મુનિશ્રી ન્યાયવિજયજીના પુસ્તકના પ્રમાણેનો જવાબ આપવાનો પ્રયત્ન કર્યો છે. આ બંને પુસ્તકોના પ્રસિદ્ધિકાળની વચમાં 'જૈનતીર્થ સર્વ સંગ્રહ'ના ત્રણ મોટાં પુસ્તકો આણંદજી કલ્યાણજી તરફથી પ્રસિદ્ધ થયાં છે. તેના લેખક પં. અંબાલાલ પ્રેમચંદ શાહે ક્ષત્રિયકુંડનો પરિચય આપતાં મુનિશ્રી દર્શનવિજયજીની દલીલોને માન્ય રાખી છે.

હવે આ વિવાદમાં દિગંબર વિદ્વાનોએ પણ પ્રવેશ કરીને ૨૫૦૦ નિર્વાણ કલ્યાણકના હિસાબે નવી સ્થાપના કરીને એક વિવાદ ઉપસ્થિત કરેલ છે. પણ આ વિવાદમાં વધુ નહીં તો. એટલું તો કરવાની ચોક્કસ જરૂર રહે છે કે વૈશાલીની વિજયેન્દ્રસૂરિ પુસ્તિકાનો વધુ પ્રબળ અને ઐતિહાસિક પુરાવા તેમ જ યૌક્તિક બળે જવાબ આપવાની જવાબદારી પરંપરાગત માન્યતાને આગળ કરનારા પર રહે છે. અને આ વિષયના વિદ્વાનો તે બાજુ પ્રયત્ન કરશે તેવી આશા છે. સંશોધનાત્મક ચીજોનું મૂલ્ય માત્ર ખંડનાત્મક વાતો કરતાં અનેકઘણું વધુ હોય છે તે સહુને વિદિત છે.

આમ તો ક્ષત્રિયકુંડની વર્તમાન સ્થિતિ જોતાં પણ તે સ્થાન ૮૦૦થી ૧૦૦૦ વર્ષ તો નિર્વિવાદ પુરાણું છે જ. વિવિધ તીર્થ કલ્પકાર શ્રી જિનપ્રભસૂરિ મહારાજે પાવાપુરીના બે કલ્પો રચ્યા છે અને છૂટક

( અનુસંધાન પાના નં. ૬૧ ઉપર જુઓ )

# શ્રી રાયપસેણીય સુત્ર, શ્રી નિરયાવલી સુત્ર, શ્રી ઉત્તરાધ્યયન સુત્ર, શ્રી નન્દી સુત્ર તથા શ્રી કલ્પસુત્ર અને તેની ટીકાઓ

( લેખાંક-૬ )

## ભગવાનનાં ચરિત્રો

લેખક પૂ૦ ઉ૦ શ્રી હેમચંદ્રવિજયજીના શિષ્ય
પૂ૦ મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ

શ્રી રાયપસેણીયસૂત્રની ૮૪મી કંડિકામાં, બત્રીસમા નાટકમાં શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના જીવનની ઘટનાઓ રજૂ કરવામાં આવી છે, જેવી કે ચરમપૂર્વ મનુષ્યભવ, ચરમચ્યવન ગર્ભસંહરણ, જન્મ–અભિષેક, ચરમબાલભાવ, ચરમયૌવન, ચરમ કામભોગ, ચરમ-દીક્ષામહોત્સવ, ચરમ તપશ્ચરણ ચરમકેવળજ્ઞાનોત્પત્તિ, ચરમતીર્થપ્રવર્તન, ચરમ પરિનિર્વાણ, આ ઘટનાઓ આ દિવ્ય નાટકમાં અભિનયપૂર્વક રજૂ કરવામાં આવી છે.

ત્યારપછી ત્રીજા ઉપાંગ શ્રી નિરયાવલીસૂત્રમાં, મહાવીર ભગવાનના યુગમાં મહારાજા કોણિક અને ચેટકરાજ વચ્ચે થયેલું સૌથી મોટા યુદ્ધનું ઐતિહાસિક કહી શકાય એવું વર્ણન આપવામાં આવ્યું છે.

આ સૂત્ર પછી મહાવીર ભગવાનના જીવનની ઘટના દર્શાવતા સુત્રોમાં શ્રી ઉત્તરાધ્યયનસુત્ર નજર સામે આવે છે. તેમાં પેલો કેશી–ગૌતમ મહારાજ વચ્ચે થયેલ સચેલક અને અચેલક ધર્મનો મર્મ સમજાવતો પ્રસિદ્ધ સંવાદ આપવામાં આવ્યો છે. કેશી મહારાજ ભગવાન પાર્શ્વનાથની પરમ્પરાના આચાર્ય છે. પણ ગૌતમ મહારાજ સાથે પ્રશ્નોત્તર થયા બાદ, સરળ પરિણામી અને સત્યના ચાહક કેશી મહારાજ ચાર મહાવ્રતવાળી પાર્શ્વનાથ ભગવાનની પરંપરાનો ત્યાગ કરી મહાવીર ભગવાનની પરંપરાનો સ્વીકાર કરે છે. ઉપરાંત, ઉત્તરાધ્યયન સુત્રમાં મહાવીર ભગવાનનાં વચનામૃતોનો તો જાણે મહાસાગર રેલાયો છે. "समयं गोयम ! मा पमायए" એ પરમાત્માનું ટંકશાળી પ્રસિદ્ધ વચન આ જ સુત્રના દશમા અધ્યયનમાં આવે છે. અને આ આખો ગ્રંથ ભગવાન મહાવીર પરમાત્માના ઉપદેશના ચરમ અને પરમ પ્રાસાદ સમો છે.

પછી શ્રી નંદીસુત્ર આવે છે. તેમાંની ગ્રંથના મંગલાચરણ રૂપે "जयइ जगजीवजोणि" પદથી શરૂ થતી લલિત સ્તુતિ પ્રસન્ન–ગંભીર ભાવોથી ભરેલી છે; અને ઘણા ખરા મુનિમહારાજો વ્યાખ્યાનના મંગલાચરણમાં તે બોલે છે.

હવે આપણે આગમ-સાહિત્ય પૈકીના ગ્રંથ પવિત્ર શ્રી કલ્પસુત્રને ભગવાનના ચરિત્રની સામગ્રીની દૃષ્ટિએ જોઈએ. તેમાં ભગવાનનું સળંગ ચરિત્ર, મધ્યમવાચના અને વિસ્તૃતવાચનાથી, આપવામાં આવ્યું છે. આ ધર્મગ્રંથ આપણે ત્યાં ત્રણ નામથી પ્રસિદ્ધ છે: ૧. દશાશ્રુતસ્કંધ; ૨. પજ્જોસવણાકપ્પ; અને ૩. કલ્પસુત્ર. શ્રી આચારાંગ સુત્રના બીજા શ્રુતસ્કંધમાં ભગવાનનું જીવનવૃત્તાંત જે રીતે આપવામાં આવ્યું છે, તેનાથી પણ વિસ્તારવાળું જીવનવૃત્ત આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. એની બીજી વિશેષતા એ છે કે, શ્રી આચારાંગસુત્રમાં કેવળ મહાવીર ભગવાનના જીવનની જ ઘટનાઓ આપી છે, જ્યારે શ્રી કલ્પસુત્રમાં મહાવીર ભગવાનનું અને તે સિવાયના આ અવસર્પિણીના ત્રેવીસ તીર્થંકરોનાં પણ ચરિત્રો આપવામાં આવ્યાં છે. દર વર્ષે નિશ્ચિત કરેલ દિવસોમાં, દરેક દિવસ માટે નિયત કરેલો ભાગ અવશ્ય વાંચી–સાંભળીને એક વાર આખું કલ્પસુત્ર વાંચી–સાંભળી જવું જોઈએ એવો ઉપકારક નિયમ કરવામાં આવ્યો છે. તેના શબ્દો પવિત્ર અને મંગલમય છે, અને તેનું ખેડાણ પણ સારાં પ્રમાણમાં થયું છે. તે કલ્પસુત્ર ઉપર કેટકેટલી ટીકાઓ લખાઈ હશે! આજે પણ એની દશ ઉપરાંત ટીકાઓ તો મળે જ છે. તે પૈકીની એક "ધર્મકિરણાવલી" નામની એક ટીકા તો એક કાળે ખૂબ વંચાતી હતી. પણ અત્યારે તો શ્રી વિનય-

( પેજ ૬૧ ઉપર જુઓ )



# શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના પચીસસોમા નિર્વાણકલ્યાણક મહોત્સવ વર્ષમાં એક વિશિષ્ટ આયોજન

શ્રી ઋષભદેવ (આદીશ્વર) ૯૦ની
નવ ફૂટ ઊંચી પ્રતિમાજી
કાર્યોત્સર્ગ મુદ્રા—ખડ્ગાસન સ્થિત.
ચોવીસ તીર્થંકરોની પ્રતિમાઓ સાથે

મુંબઈ—ઘાટકોપરમાં આવેલા સર્વોદય હોસ્પિટલના પ્રાંગણમાં, શ્રી પાર્શ્વનાથ પ્રાસાદે, તાજેતરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના ૨૭ ફૂટના (પરિકર સાથે ૪૧ ફૂટના) ભવ્ય પ્રતિમાજી તેમ જ અન્ય જૈન બિમ્બોની અંજનશલાકાપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવનાર છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીના મૂળ આયોજનમાં પહેલ આ શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાજીનું આલેખન કરવામાં આવ્યું હતું.

: પ્રેરક :
પૂ. આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરિજી મ૦
પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મ૦

: સંયોજક :
પૂ. મુનિશ્રી યશોવિજયજી મ૦

: ચિત્રકાર :
શ્રી ગોકુલદાસભાઈ કાપડિયા

## ઘાટકોપરમાં ભવ્ય નિર્માણ

પચીસસોમા નિર્વાણોત્સવના વર્ષમાં ઘાટકોપર (મુંબઈ)માં, સર્વોદય હોસ્પિતાલના શ્રી પાર્શ્વનાથ પ્રાસાદમાં, ૨૩૦ ફૂટ લંબાઇ, ૧૩૦ ફૂટ પહોળાઈ અને ૪૫ ફૂટ ઉંચાઈના, એકપણ થાંભલા વિનાના, સંગેમરમરના દેવદર્શન હોલનું અભૂતપૂર્વ નિર્માણ થનાર છે. તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૨૭ ફુટના પ્રતિમા તા. ૨–૩–૭૫ના રોજ, અન્ય અનેક જિનબિમ્બો સાથે, બિરાજમાન થશે. ભારતભરના શ્વેતાંબર જિનાલયમાં તેમ જ મારબલ–આરસમાં પણ આવા મોટા પ્રતિમાજી પ્રાયઃ પ્રથમવાર થયા છે.

આ આયોજનના પ્રેરક, સહાયક તથા સંયોજક પૂજ્ય ગુરુદેવોની અસીમ કૃપાથી અને મૂર્તિ ભરાવનાર સર્વોદય ટ્રસ્ટના સ્થાપક સેવાભાવી શેઠશ્રી કાંતિલાલ મગનલાલના અનન્ય ધર્મપ્રેમથી જે ભવ્ય નિર્માણ થયું છે તે જૈનસંઘને કૃતકૃત્ય બનાવે છે.

---

(શ્રી ક્ષત્રિયકુંડ..........પેજ ૫૮નું અનુસંધાન)

તીર્થોની ગણતરમાં કુંડગ્રામને પણ ગણાવેલ છે. આ હકીકત વર્તમાન તીર્થની પ્રાચીનતાના પુરાવારૂપ છે.

વિજયેન્દ્રસૂરિજીની દલીલનો સાર વિચારતા મને એમ લાગ્યું છે કે તેમના સંશોધન પ્રમાણે અને મળી આવેલા પુરાતત્ત્વના શિલાલેખો અને સિક્કાઓથી અત્યારનું "બાસાઢ" એ વૈશાલી તો છે જ. પણ એ વૈશાલી જ પરમાત્માની જન્મભૂમિ હતી એ માનવું કઠીન છે ગ્રંથોના સામાન્ય પરિશિલનથી લાગે છે કે પાવાપુરી એ ક્ષત્રિયકુંડ કરતાં પણ વધુ પ્રાચીનકાળથી અસ્તિત્વ ધરાવતું સ્થાન છે. જો ક્ષત્રિયકુંડને નવા સ્થપાયેલ સ્થાને માનવામાં આવે તો પાવાપુરી પણ અન્ય સ્થળે માનવી પડે. આવાં બધાં પરિવર્તનનો ઈતિહાસ જ્યાં સુધી સ્પષ્ટ ન હોય ત્યાં સુધી પ્રસિ સ્થાનનો ત્યાગ કરવો એ ઉચિત અને ન્યાય્ય પ્રવૃત્તિ નથી લાગતી.

વિદ્વાનો માટે આ વિષય હજી વધુ ઊંડા સંશોધનનો છે. અને સામાન્ય જન માટે માધ્યસ્થ ભાવ કેળવી પોતાનો ભક્તિપ્રવાહ જયાં છે ત્યાં અસ્ખલિત રાખવાની જરૂરવાળો છે.

આપણે ઈચ્છીએ કે વિદ્વત્ જગત્ કંઈક વધુ સ્પષ્ટતા કરી નિર્ણયાત્મકરૂપ લાવે.

અનુકુળ સંયોગો અને સામગ્રી પ્રાપ્ત થાય તો આ વિષયમાં કંઈક સ્પષ્ટ નિર્ણય થાય તેવો પ્રયત્ન કરવાની મારી પણ ભાવના છે. (ચાલુ)

---

(પેજ ૫૯નું અનુસંધાન)

વિજયજીગણિકૃત "સુબોધિકા" ટીકા જ તપાગચ્છ વર્તુળમાં વંચાય છે. આ સૂત્ર ઉપરની બધી ટીકાઓની એક ઊડતી નોંધ આપણે જોઇ લઇએ. પછી તે બધી ટીકાઓમાં કઈ કઈ વિશેષતા–તરતમતા છે, કયા કયા સ્થળે શું શું છે, શું શું હોવું જોઈએ, કઈ ટીકામાં કેટલો અંશ આદરણીય અને કેટલો અંશ વિચારણીય છે તે બધુ આપણે આ પ્રસંગે શક્ય વિગતે જોઇશું, તપાસીશું ને વિચારીશું.

કલ્પસૂત્રની સૌથી પ્રાચીન વ્યાખ્યા નિર્યુક્તિ અને ચૂર્ણિ છે. નિર્યુક્તિ ગાથારૂપ છે, અને ચૂર્ણિ ગદ્યરૂપ છે. બન્નેની ભાષા પ્રાકૃત છે. નિર્યુક્તિના રચયિતા શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજ છે, અને ચૂર્ણિ અજ્ઞાતકર્તૃક છે. નિર્યુક્તિ અને ચુર્ણિ પછી કલ્પાન્તર્વાચ્ય આવે છે. કલ્પાન્તર્વાચ્ય એ કોઈ વ્યાખ્યા ગ્રંથ નથી, પરંતુ પ્રવચનકાર શ્રી કલ્પસૂત્રનું વાચન કરતી વખતે પોતાના પ્રવચનને–વકતવ્યને રસપ્રદ બનાવવા માટે અન્યાન્ય ગ્રંથોમાંથી તે વિષયને લગતાં જે ટિપ્પણો–સંદર્ભો લેતા હતા, તેની નોંધ છે; અને તેને જ કલ્પાન્તર્વાચ્યની સંજ્ઞા આપવામાં આવેલ છે. અહીં બીજી એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે જેટલાં કલ્પાન્તર્વાચ્યો છે, તે બધાં એક જ કૃતિની પ્રતિલિપિરૂપ નથી, પરંતુ વિવિધ લેખકોએ, પોતપોતાની અનુકૂળતા તથા જરૂર મુજબ, સ્વકીયદષ્ટિથી તૈયાર કરેલ જુદી જુદી નોંધો છે. કલ્પાન્તર્વાચ્યો પૈકીનાં કેટલાંક અન્તર્વાચ્યના લેખક તપાગચ્છીય, કેટલાક અંચલગચ્છીય તો કેટલાક ખરતરગચ્છીય છે, એ બીના તેમાં પ્રસંગે પ્રસંગે આપવામાં આવેલી ગચ્છગત માન્યતાના વર્ણનથી સ્પષ્ટ થઇ જાય છે. એક કલ્પાન્તર્વાચ્યને શ્રી આગમોદ્ધારક સૂરીશ્વરજીએ 'કલ્પસમર્થન'ના નામથી પ્રસિદ્ધ કરેલ છે. આ સૂત્ર ઉપરની સંસ્કૃત ટીકાઓ સંબંધમાં હવે પછી જોઇશું. (ક્રમશઃ)

# ચારિત્રધર્મ

—શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
આકાશવાણીના સૌજન્યથી ( સંક્ષિપ્ત )

ભગવાન મહાવીરના પાંચ સિદ્ધાંતો એટલે અહિંસા, અનેકાંત, અપરિગ્રહ, સંયમ અને તપ. બીજી રીતે કહીએ તો પાંચ વ્રતો અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય. આ પાંચ સિદ્ધાંતો અથવા પાંચ વ્રતો એટલે ભ૦ મહાવીરનો આચારધર્મ, જેને સમ્યક્ ચારિત્ર કહીએ. જૈનધર્મ મુખ્યત્વે ચારિત્રધર્મ છે. સમ્યક્ દર્શન અને સમ્યક્ ચરિત્ર સાથે સમ્યક્ જ્ઞાન, આ રત્નત્રયી મોક્ષમાર્ગ છે. સમ્યક્ ચારિત્રને એક જ શબ્દમાં કહેવું હોય તો સંયમધર્મ. અહિંસા એટલે હિંસાનો સંયમ; અનેકાન્ત એટલે વિચાર અને વાણીનો સંયમ; અપરિગ્રહ એટલે પરિગ્રહનો સંયમ; બ્રહ્મચર્ય એટલે ભોગોપભોગનો સંયમ; સત્ય એટલે અસત્યનો સંયમ, વિચાર–વાણી વર્તન સર્વમાં સંયમ. આ બધાનો સાર એ છે કે માણસનું જીવન પ્રમાદરહિત હોવું જોઈએ, વિચારમય અને જાગ્રત. તેથી ભગવાને કહ્યું છે કે માણસે એક ક્ષણ પણ પ્રમાદ ન કરવો.

આવા સમ્યક્ ચારિત્રનો પાયો જ્ઞાન–દર્શન અને અનુભવ એ બે પ્રકારે છે. ભગવાન મહાવીરે એક પૂર્ણ જીવનદર્શન આપ્યું છે. તે સાથે આધ્યાત્મિક જીવનની અનુભવવાણી કહી છે. જ્ઞાનદર્શનથી વિચારતાં, જીવ શું છે, જગત શું છે વગેરે તાત્ત્વિક પ્રશ્નો થાય છે. ભ૦ મહાવીરનું જીવનદર્શન આત્માવાદી અને મોક્ષગામી છે. આત્મા છે, તે નિત્ય છે. તેને કર્મના વળગણો છે. તેને કારણે જન્મ–મરણના ફેરા છે. તેમાંથી મુક્તિ છે, તે મુક્તિનો માર્ગ છે,એટલે ચારિત્રધર્મ, જેને કારણે કર્મની નિર્જરા અથવા ક્ષય થાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે. ચારિત્રધર્મનો બીજો પાયો અનુભવ છે. તત્ત્વજ્ઞાનીઓ દર્શનશાસ્ત્ર રચે છે, તર્ક અને બુદ્ધિથી જીવનના રહસ્યનો તાગ પામવા પ્રયત્ન કરે છે. સંતપુરુષો અનુભવની વાણી કહે છે. આધ્યાત્મિક સાક્ષાત્કારથી સનાતન સત્યો બતાવે છે.

દરેક માણસ, દરેક જીવ, સુખ અને શાંતિ ઈચ્છે છે. મનુષ્ય વિચારવંત પ્રાણી છે. તેને સ્મૃતિ છે તેથી ભૂતકાળનો વિચાર કરે છે. બુદ્ધિ છે તેથી વર્તમાનનો વિચાર કરે છે. કલ્પના છે તેથી ભવિષ્યનો વિચાર કરી શકે છે. ભ૦ મહાવીરના પાયાનો સિદ્ધાંત છે કે મનુષ્ય પોતે પોતાના સુખદુઃખનો કર્તા છે, તેનો ભોક્તા છે, તેનો વિકર્તા છે. માણસ પોતે પોતાનો મિત્ર છે, પોતાનો શત્રુ છે. આ કર્મનો સિદ્ધાંત છે પુરુષાર્થનો સિદ્ધાંત છે.

સુખ ઝંખતો માણસ, સાચા સુખને તજી, ઝાંઝવાના જળ પેઠે, ખોટા સુખ પાછળ દોડે છે અને અંતે દુઃખી થાય છે. સાચા સુખના ત્રણ મુખ્ય લક્ષણો છે. સાચું સુખ પોતાને સુખ આપે અને બીજાને પણ સુખ આપે. સાચું સુખ, સાચા આનંદ પેઠે જેમ વહેંચીએ તેમ વધે છે. બીજું, સાચું સુખ સદા સુખ જ રહે, કોઈ વખત દુઃખમાં ન પરિણમે. જે સુખ થોડા સમય પછી દુઃખમાં પરિણમે, તે સાચું સુખ નથી, જેમ દારૂ પીવાથી ક્ષણિક સુખ લાગે, અંતે હાનિકારક થાય. ત્રીજું, સાચું સુખ સ્વાવલંબી છે. પરાવલંબી સુખ સાચું સુખ નથી. બાહ્ય સાધનો અથવા અન્યના આધારે પ્રાપ્ત થતું સુખમાં પરાધીનતા હોય છે દીર્ઘકાળ ટકે નહિ. અંતરની શાંતિ ન હોય તો બહારથી દેખાતી સાહ્યબી બોજારૂપ છે.

ભગવાન મહાવીરે જે ચારિત્રધર્મ બતાવ્યો છે તે આવા સાચા સુખનો માર્ગ છે. સર્વને હિતકારી છે. એ માર્ગ અનુભવની વાણી છે, માત્ર તર્ક નથી. જાતે અનુભવે અને આચારમાં મૂકે તેને આ માર્ગની યથાર્થતા સમજાય.

**શ્રી રસિકલાલ ચીમનલાલ**

જૈનસમાજના પ્રતિષ્ઠિત આગેવાન શ્રી રસિકભાઈ ચીમનલાલ શાહ (કોલસાવાળા)નો જન્મ તા. ૧૩-૧૦-૧૯૧ ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમના વડિલોએ વતન ધોળકા (ઝાલાવાડ)થી અહીં આવી વસવાટ રેલ. મેટ્રીક સુધીનો અભ્યાસ કરી માત્ર ૧૬ વર્ષની નાની વયે તેઓ પોતાની મે. છોટાલાલ જમનાદાસ નામની જાણીતી પેઢીમાં જોડાયા. સૌરાષ્ટ્ર–ગુજરાતની અનેક મીલોને કોલસા પૂરા પાડતી આ પેઢીએ કોલસાના વેપાર ક્ષેત્રમાં મોટી જમાવટ અને નામના પ્રાપ્ત કરવાના કારણે આ કુટુંબ 'કોલસાવાળા'ના નામથી સર્વત્ર જાણીતું બન્યુ છે. કોલસાના વેપાર ઉપરાંત રેલ્વેમાં મજૂરો પૂરા પાડવાના કોન્ટ્રેક્ટ, રેલ્વેમાં ડાઈનીંગકાર, કેટરીંગ વગેરે પેઢીના મુખ્ય વ્યવસાયો. શ્રીયુત રસિકભાઈએ આ વ્યવસાયો ઝીણવટ ભરી દેખરેખ, સતત પરિશ્રમ અને ખંતથી ખૂબ જ વિકસાવ્યા.

કોઈપણ લીધેલા કામની પૂરી માહિતી મેળવી તેમાં એકાગ્ર થઈ જવાની વૃત્તિ અને કાર્યનિષ્ઠા શ્રી રસિકભાઈમાં પહેલેથી જ જોવા મળે છે. સ્વભાવે મિલનસાર, નિખાલસ અને સરલ હોવાથી સૌના આદર અને પ્રીતિપાત્ર પણ બન્યા છે. ભારતભરમાં જાણીતી 'નિરેક્ષ' ગંજીના તેઓ ઉત્પાદક અને વિક્રેતા છે. આ વ્યવસાયની મોટી જમાવટ અને પ્રસિદ્ધિમાં શ્રી રસિકભાઈનો



શ્રીયુત રસિકભાઈ શાહ

ફાળો ઘણો નોંધપાત્ર રહ્યો છે. થોડા જ સમયમાં જે અસાધારણ ખ્યાતિ કંપનીએ મેળવી તે તેમનામાં રહેલી ઊંડી સૂઝ, સંકલ્પબળ અને પ્રચંડ પુરુષાર્થના દર્શન કરાવે છે.

જેવી વેપારક્ષેત્રે રુચિ એવી જ સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રે રુચિ અને રસ ધરાવે છે. તેઓના અમદાવાદ તેમ જ મુંબઈના સતત વસવાટના કારણે, બન્ને સ્થળે, અનેક સંસ્થાઓને તેમની ઉત્તમ સેવાનો લાભ મળતો રહ્યો છે. મુંબઈના શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના તથા શ્રી નમિનાથજી જૈન દેરાસરના તેઓ ટ્રસ્ટી છે. શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના માનદ મુખ્ય મંત્રી છે. કોન્ફરન્સના વિકાસની ઊંડી ઝંખના અને ભાવના સાથે તેઓ પોતાના સમય અને શક્તિનો પૂરો ભોગ આપી રહ્યા છે. શ્રી વર્ધમાન કો–ઓપરેટીવ બેન્ક લિ૦ના ડિરેક્ટર અને મા૦ મંત્રી છે. યુગવીર આ૦ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ના પટ્ટધર શાંતિમૂર્તિ આ૦શ્રી વિજયસમુદ્રસૂરિજી મ૦ તથા વિદુષી સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મ૦ની પ્રેરણાથી મધ્યમવર્ગ માટે સાકાર બનેલી કાંદીવલીની શ્રી મહાવીર જૈન નગરની યોજનામાં પ્રારંભથી જ ઊંડો રસ લઈ કાર્ય કરેલ છે. તેમ જ ૪૦ બ્લોકોની વિશાળ યોજના કરનાર શ્રી ઝાલાવાડ જૈન સંઘ કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના તેઓ ટ્રસ્ટી છે. તેમની સતત દેખરેખ અને માર્ગદર્શનથી આ બ્લોકો હાલ તૈયાર થઈ રહ્યા છે. તેઓ શૈક્ષણિક સંસ્થાઓમાં સેવા અર્પવા સાથે વિદ્યાર્થીઓને પણ ગુપ્ત આર્થિક મદદ અર્પતા રહ્યા છે.

પોતાના વતન પરત્વેની ઊંડી મમતા પણ તેમનામાં જોવા મળે છે. સુરેન્દ્રનગરમાં ૨૫ વર્ષથી વૈદ્યકીય રાહત માટે શ્રી છોટાલાલ જમનાદાસ નામની સાર્વજનિક હોસ્પિટાલ ચલાવે છે. આ અને આવાં અનેક માનવસેવાના કાર્યો તેઓ કરી રહ્યા છે. પેસેન્જર્સ ટ્રાફીક એન્ડ રીલીફ એસોસીએશનના સભ્ય, મંત્રી અને પ્રમુખપદે રહી તેઓએ સુંદર સેવા આપી છે, અને અત્યારે

( પેજ ૬૪ ઉપર જુઓ )

**સહાયક પરિચય**

JAIN OFFICE-BHAVNAGAR.
Regd. No. G. BV. 20

# પૂર્તિના સહાયકો

શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી
શ્રી દેવચંદભાઈ સી. શાહ
શ્રી મોતીલાલ વીરચંદ શાહ
શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
શ્રી નારાણજી શામજી મોમાયા
શ્રી કેશવલાલ બુલાખીદાસ
શ્રી જયંતભાઈ એમ. શાહ
શ્રી રસિકલાલ સી. શાહ
શ્રી જગદીશચંદ્ર બાબુભાઈ
શ્રી વિનોદચંદ્ર દલીચંદ શાહ
શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રી રાયચંદ ગુલાબચંદ
શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી
શ્રી રમણલાલ નગીનદાસ પરિખ
શ્રી રાજીલાલ સુંદરમલ જૈન
શ્રી રસિકલાલ નાથાલાલ કોરા

શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
શ્રી મોહનલાલ સી. શાહ
શ્રી સારાભાઈ લક્ષ્મીચંદ ઝવેરી
શ્રી ઉમેદમલજી હજારીમલજી
શ્રી રવજી ખીમજી છેડા
શ્રી પાનાચંદ ડુંગરશી તુરખિયા
શ્રી દેવચંદભાઈ જેઠાલાલ શાહ
શ્રી રતિલાલભાઈ એમ. નાણાવટી
શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ શાહ
શ્રી હીરાલાલભાઈ એલ. શાહ
શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી
શ્રી પ્રતાપરાય ભોગીલાલ
શ્રી વૃજલાલ કપૂરચંદ મહેતા
એક સદ્‌ગૃહસ્થ-મુંબઈ
શ્રી કાંતિલાલ ચુનીલાલ ચોકસી
શ્રી જેસીંગલાલ લલ્લુભાઈ ઝવેરી

શ્રી ચિત્તરંજન દમોદર શાહ
શ્રી રસિકલાલ અમૃતલાલ મણીઆર
શ્રી રસિકલાલ ચમનલાલ
શ્રી રમણીકલાલ મણીલાલ
શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ
શ્રી ચંદ્રસેન જીવણલાલ ઝવેરી
શ્રી લાલજીભાઈ છગનલાલ
શ્રી પોપટલાલ છગનલાલ
શ્રી નેમજીભાઈ છગનલાલ
શ્રી હર્ષદભાઈ કે. શાહ
શ્રી વસનજી લખમશી
શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા
શ્રી મણિલાલ વીરચંદ શાહ
શ્રી જયંતિલાલ મણિલાલ
શ્રી ધરણીધર ખીમચંદ શાહ

(સહાયક પરિચય-પેજ ૬૩થી ચાલુ)

આપી રહ્યા છે. આમ, અનેકવિધ ક્ષેત્રને સ્પર્શતી નાની-મોટી સંસ્થાઓમાં તેઓએ પોતાના સમય, શક્તિ અને ધનનો નિષ્ઠા તેમ જ ઉદારતાથી ઉપયોગ કરી સેવાનું ઉત્કટ દૃષ્ટાંત પૂરુ પાડયું છે.

શ્રી રસિકભાઈની તેમ જ તેમના કુટુંબીજનોની સેવા અને ઉદારતા જૈન સમાજમાં ઘણી જાણીતી છે. તેમના વડીલબન્ધુ શ્રી કાંતીલાલભાઈ કોલસાવાળાની ધર્મસેવા અને ઉદારતા જૈનસમાજ માટે ગૌરવ રૂપ લેખાય છે. શ્રી રસિકભાઈના ધર્મપત્ની લીલાવતીબહેન પણ આ પ્રતિષ્ઠિત પરિવારના ગરબા, ધર્માનુરાગી સુશીલ સન્નારી હતા. તાજેતરમાં જ તેમના થયેલા સ્વર્ગવાસથી આ પરિવારે છત્ર ગુમાવ્યાનો દુઃખદ પ્રસંગ અનુભવ્યો છે. સદ્‌ગત લીલાવતીબહેન ઘણા ધર્માનુરાગી, સંસ્કારી અને મમતાળુ હતા. તેમનો પતિ પ્રત્યેનો આદર અને પ્રેમ ઘણો ઉંડો તથા પ્રેરક હતો. આ કારણે જ શ્રી રસિકભાઈ પોતાના વિકાસની સિદ્ધિમાં પોતાના ધર્મપત્નીનો ફાળો ઘણો મોટો હોવાનું અનુભવે છે.

શ્રીયુત રસિકભાઈને કનુભાઈ, હસમુખભાઈ, મહેન્દ્રભાઈ, ભુપેન્દ્રભાઈ અને ધનેશભાઈ એમ પાંચ પુત્રો છે. દરેકે પિતાના ધંધામાં જોડાવા સાથે અન્ય જુદા જુદા ધંધાઓ પણ વિકસાવ્યા છે. શ્રીયુત રસિકભાઈ તંદુરસ્ત અને શાંતિભર્યા દીર્ઘ જીવન સાથે સદાય સેવાના માર્ગે વિકાસ સાધતા રહી અનેકને પ્રેરણા રૂપ બનો એવી હાર્દિક શુભેચ્છા.

"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)
વા. લવાજમ
રૂા. ૧૫

વીર સંવત
૨૫૦૧
વિક્રમ સંવત
૨૦૩૧
ફાગણ શુદિ ૨
તારીખ
૧૫-૩-૭૫
શનિવાર

વર્ષ ૭૨ ] સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ [ અંક ૧૦







# રીટ–અરજીનો ફેંસલો

ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ કલ્યાણકની ઉજવણી રાષ્ટ્રીય ધોરણે કરવાની યોજના અને એ યોજનાને માટે ખર્ચ કરવાની જોગવાઇ ભારતની કેન્દ્ર સરકાર (તેમ જ પ્રાદેશિક સરકારો પણ) કરે તો તેથી ભારતના બંધારણની ૨૬મી અને ૨૭મી એ બન્ને કલમોનો ભંગ થાય છે, માટે સરકારથી આવી યોજના કરી શકાય નહીં અને કરે તો એણે ભારતના બંધારણની વિરુદ્ધ વર્તન કર્યું કહેવાય. તેથી આવું આયોજન અને ખર્ચ કરવાની સરકારને સત્તા નથી, એટલે એને એમ કરતાં રોકવી જોઇએ: કંઈક આવી લાગણી અને માગણીથી પ્રેરાઈ ને, કેન્દ્ર સરકારે આ ઉજવણીનો જે કાર્યક્રમ, જુદા જુદા જૈન સંઘોના પ્રતિનિધિઓ, આગેવાનો કે વિદ્વાનોની સાથે વિચાર વિનિમય કરીને, એમની ભલામણ મુજબ, નક્કી કર્યો હતો અને એ માટે પચાસ લાખ રૂપિયાની જોગવાઈ કરી હતી, એને અમલી બનતાં અટકાવવા માટે, આ પ્રસંગની રાષ્ટ્રીય ઉજવણી પ્રત્યે વિરોધનું વલણ ધરાવતા વર્ગ તરફથી, દિલ્હીની હાઈકોર્ટમાં, રીટ–અરજીઓ કરવામાં આવી હતી, એ વાતને એકાદ વર્ષ જેટલો સમય થઈ ગયો. વખત છે ને એકાદ અરજીમાં રજૂ કરવામાં આવેલા વિરોધના મુદ્દાઓ સરકારને રોકવામાં કે હરાવવામાં નાકામિયાબ નીવડે, કંઈક આવી દહેશતથી પ્રેરાઈને હોય એમ, આવી એકાદ–બે રીટ–અરજીઓ કરીને સંતોષ માનવાને બદલે ચાર–ચાર જેટલી રીટ–અરજીઓ દાખલ કરવા જેટલી અગમચેતી અને દૂરંદેશી! દાખવવામાં આવી હતી અને એમાં એક જૈનેતર વ્યક્તિનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો, તે બીના, આ વિરોધના પુરસ્કર્તાઓ પોતાની લીધી વાતને પાર પાડવામાં કેટલા

**મણકો**

> **સંઘની વ્યવસ્થા કરતી વખતે એટલું તો કોઈ કાળે નહીં ભૂલી જઈએ કે સંઘ અને એની વ્યવસ્થા એ બહારનું ખોખું છે. ષડ્‌રિપુ સામે ઝૂઝવાની ધગશ, મોક્ષની તીવ્ર તાલાવેલી, ભોગ અને ઐશ્વર્ય પ્રત્યે તિરસ્કાર અને ઇંદ્રિયોનું દમન કરવા વિશેનું શૌર્ય એ જ મુખ્ય છે.**
>
> —કાકાસાહેબ કાલેલકર

કૃતનિશ્ચય હતા અને એ માટે ગમે તેટલું ખર્ચ કરવાની એમની કેટલી બધી તૈયારી હતી, તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

દિલ્લીની હાઈકોર્ટના બે ન્યાયમૂર્તિઓ માનનીય શ્રી વી. એસ. દેશપાંડે અને માનનીય શ્રી યોગેશ્વર દયાલની બનેલ બેંચે, એક મહિના પહેલાં, તા. ૧૪–૨–૭૫ના રોજ, આ ચારે રીટ–અરજીઓનો એક સાથે ફેંસલો આપી દીધો છે. અમને એ જણાવતાં ખૂબ ખુશાલી ઉપજે છે કે, સદ્‌ભાગ્યે, આ બાબતમાં અમારી ધારણા મુજબ જ બન્યું છે; આ ચારે રીટ–અરજીઓ કાઢી નાખવામાં આવી છે અને એનો ફેંસલો રાષ્ટ્રીય ઉજવણીના વિરોધીઓની વિરુદ્ધમાં આવ્યો છે ! કોઈપણ મતભેદની બાબતમાં કોઈની વાતનો સ્વીકાર થાય અને કોઈની વાતનો ઇનકાર થાય એ દુનિયાનો સહજ ક્રમ ગણી શકાય, એટલે આવે વખતે, બીજાઓને માટે, વિશેષ રાજી થવા પણું કે નારાજ થવા પણું ભાગ્યે જ જરૂરી ગણાય. પણ આ વાત કંઈક જુદી અને અનોખી કહી શકાય એવી એટલા માટે છે કે એ માટેના હઠાગ્રહ, મમત અને વળને અસાધારણ કે બેનમૂન કહેવો પડે એટલો ઉગ્ર બનાવી મૂકવામાં આવ્યો હતો, અને એ માટે ઉચિતપણા અને અનુચિતપણાના વિવેકને સદંતર દેશવટો આપવામાં આવ્યો હતો !

આ બધી રીટ–અરજીઓ રદ થઈ ગઈ, રાષ્ટ્રીય ઉજવણીનો વિરોધ કરનારાઓના હાથ હેઠા પડયા અને ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ કલ્યાણક જેવા પાવન અને અપૂર્વ અવસરની વ્યાપક રાષ્ટ્રીય ધોરણે થતી ઉજવણીને રોકવા માટે ઉગામેલું એમનું છેલ્લું હથિયાર પણ નિષ્ફળ સાબિત થયું, એથી વિશેષ ખુશાલી અનુભવવાનું કારણ એ છે કે આ પરાજય એ દેખીતી રીતે અમુક વ્યક્તિ કે વર્ગનો પરાજય હોવા છતાં, ખરી રીતે અને વિશેષે કરીને, એ આવી વ્યક્તિઓ કે વર્ગને ગુમરાહ બનાવનાર અહં, અધર્મ અને અસત્યનું પોષણ કરતી સંકુચિત, એકાંગી અને ઝનૂની મનોવૃત્તિનો પરાજય છે. અધર્મના પરાજય જેવો બીજો આનંદ શો હોઈ શકે ?

હસવું આવે અને રમૂજ ઉપજાવે એવી મજાની વાત તો એ છે કે છેલ્લામાં છેલ્લી કક્ષાની અને ઉગ્રમાં ઉગ્ર કહેવી પડે એવી સાંપ્રદાયિક કટ્ટરતાના ઊંડા કીચડમાં ગળાબૂડ ડૂબેલા આપણે સરકારને બિનસાંપ્રદાયિક રાજનીતિ કોને કહેવાય અને એનું ઉલ્લંઘન અને રક્ષણ કેવી રીતે થાય, એનો પદાર્થપાઠ શીખવવા મેદાને પડયા હતા ! છે કોઈ આપણી તોલે આવી શકે એવા બીજા પરગજુ જીવો ! અને કારમા રકાસ જેવા આવા અદ્‌ભુત પરાજય માટે સાહસ ખેડવાની અને એ પરાજયને વેઠી લેવાની હિંમત પણ બીજા કોની ? અરે, કાગ તો ઠીક, જ્યાં કાગનો પડછાયો સુધ્ધાં ન હતો ત્યાં “વાઘ આવ્યો રે વાઘ” એવો સાવ નકલી અને કલ્પનાથી ઉત્પન્ન કરેલા ભયની સામે, ઊજવણીના વિરોધના સરસેનાપતિના સાદને ઝીલી લઈને, ધુમાડો મચાવનાર અને વિવેક-અવિવેકની સેળભેળ કરવામાં જ ધર્મ અને સંસ્કૃતિની રક્ષા માનનાર આ વર્ગના તપગચ્છના ચતુર્વિધ સંઘે

કરી બતાવેલ બહાદુરીનો તો જોટો જ મળવો મુશ્કેલ છે ! બચારા જીવોએ વફાદારી બતાવવામાં અને મહેનત કરવામાં તો લેશ પણ કચાશ રહી જવા ન પામે એવી પૂરેપૂરી સાચવેતી રાખી હતી, અને છતાં દુર્ભાગ્ય કેવું કે આ બધામાં કોઇક પાયાની ચૂક રહી ગઈ; પરિણામે એમણે માન્યું હતું કે આપણે સાચી દિશામાં પૂર્વમાં જ પગલાં માંડી રહ્યા છીએ અને એ બધા આગળ વધતા રહ્યા પશ્ચિમ દિશામાં. એટલે છેવટ જઈ પહોંચ્યા પોતાના ધર્મની રક્ષાના હેતુથી દૂર ને દૂર, છેક અધર્મના પોષણ સુધી. કેટલી બધી અક્કલ, હોંશિયારી અને શાબાશી માંગી લે એવી વાત ! પણ એ વાત જવા દઈએ અને મૂળ વાત પર આવીએ.

જેઓએ, ધર્મ શાસનની રક્ષા કેવી રીતે થાય અને સંઘની પ્રતિષ્ઠા કેવી રીતે વધે એ સંબંધી સાચી સમજણના અભાવે, પોતાની પામર, પાંગળી અને અધૂરી મનોવૃત્તિનો ભોગ બનીને, શાસનરક્ષાના સોહામણા અને લોભામણા નામે, આવી એકાંગી, કેવળ ક્લેશ–તિરસ્કારની જ જનક અને ઝનૂની વૃત્તિને તપગચ્છ સંઘમાં વહેતી મૂકી, તેઓએ ભગવાન તીર્થંકરના ધર્મશાસનના પ્રાણ કે સારરૂપ સમભાવ, અહિંસા અને અનેકાંતદષ્ટિને જાકારો આપીને અને ધર્મવિરોધી વૃત્તિ અને પ્રવૃત્તિનું પોષણ કરીને તપગચ્છ સંઘની કેટલી મોટી કુસેવા કરી છે !

આના કરતાં પણ મોટું પાપકાર્ય તો જેઓએ, પોતાના અહંકારનું પોષણ કરવાની વૃત્તિથી પ્રેરાઈને, આવી ગોઝારી વૃત્તિને, વિવેકદષ્ટિને દૂર કરીને, અપનાવી લઈને, આ વિરોધના બહાને તપગચ્છ સંઘને તાર તાર કરી મૂકનારી અને તપગચ્છ સંઘમાં ક્લેશનો દાવાનળ ધીકતો કરનારી, ઝનૂની પ્રવૃત્તિ આદરવાની આગેવાની લીધી એમના હાથે થયું છે !

અને એથીય મોટા દોષના ભાગીદાર તેઓ થયા છે કે જેઓ, સાચી ધર્મરક્ષા અને સંઘભક્તિનો માર્ગ ચૂકી જઇને અને અંધશ્રદ્ધા અને અજ્ઞાને જન્માવેલ વિવેકહીન વ્યક્તિભક્તિ, દષ્ટિરાગ અને રાગદષ્ટિ જેવા ધર્મવિરોધીમાર્ગના સાથી બનીને, આ પ્રવૃત્તિમાં સાથ આપવા હોંશે હોંશે દોડી ગયા હતા.

અને તપગચ્છ સંઘમાં, રાષ્ટ્રીય ઉજવણીના વિરોધના નામે, છેલ્લાં બેએક વર્ષ દરમ્યાન, અજોડ અને ભયંકર કહેવી પડે એવી જે ખાનાખરાબી વરસી ગઇ અને સંઘ અને ધર્મના હિતના પાયામાં સત્ય નાશની સુરંગો ચંપાઈ ગઈ, એના મોટા ભાગના દોષનો ટોપલો, આ પ્રવૃત્તિને માટે, આંખ મીચીને, ગણ્યું ગણાય નહીં એટલું ધન આપનાર શ્રીમંતોને માથે જાય છે. દેશભરમાંથી અને અઢારે આલમ પાસેથી પોતે રળેલ ધન ઉપર પોતાની વધારે પડતી માલિકી માની લઈને એનો ગમે તેવો ઉપયોગ કરવાનો પોતાનો અબાધિત અધિકાર માની બેસનાર વ્યક્તિ એનો કેટલી હદે દુરુપયોગ કરી શકે છે, એનો આ આંખ ઉઘાડી મૂકે એવો દાખલો છે. આમાં પછી ટ્રસ્ટીપણાના પવિત્ર સિદ્ધાંતના પાલનની તો વાત જ ક્યાં રહી ? શું આ ધનવાનોનું ધન જ એવું હતું કે એથી દુઃખિયાનું દુઃખ દૂર થવું, ભૂખ્યાની ભૂખ ભાંગવી કે સંકટમાં સપડાયેલાના સંકટનું નિવારણ થવું તો દૂર રહ્યું, એથી, આપણા પોતાના હાથે જ આપણા પોતાના ગળા ઉપર છૂરી ચલાવવાની જેમ, તપગચ્છ સંઘ ક્લેશ–દ્વેષનું ઘર બની ગયો, અને ધર્મની રક્ષાના નામે, લોકસમુદાયમાં આપણો ધર્મ અને સંઘ ખૂબ નિંદા અને હાંસીને પાત્ર બન્યા ! ઝાઝું શું કહીએ આવા સંપત્તિશાળી મહાનુભાવોને ?

આવા એકાંત વિચારોને વહેતા મૂકનાર, એ વિચારોને ઝીલી લઇને એ માટે ઝેહાદ જેવા

ઝનૂની પ્રવૃત્તિની આગેવાની લેનાર, આવી પ્રવૃત્તિમાં ધર્મરક્ષાની ભ્રામક બુદ્ધિથી હોંશે હોંશે સાથ આપનાર, અને મોટે ભાગે વ્યક્તિગત દ્વેષથી પ્રેરાયેલ અને સરવાળે ધર્મની હિલના કરાવનાર આવી ધર્મને અમાન્ય એવી પ્રવૃત્તિ માટે અઢળગ નાણું આપનાર—એમ આ ઉજવણીના વિરોધની પ્રવૃત્તિના ચાર થાંભલાઓએ આ બધાથી શું લાભ મેળવ્યો એનો તેઓ બધા નહીં તો થોડાક પણ વિચાર કરવા જાગે તો બહુ સારું ! પણ એવો સોનાનો દિવસ અત્યારે ક્યાંથી ?

બાકી તો વધારે પડતો પૈસો જેમ વ્યક્તિનું પતન નોતરે છે, તેમ અઢળક પૈસાએ આ વાતને અધોગતિ સુધી દોરી જવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો છે. પણ એ તો જેવો તપગચ્છનો ભાવી ભાવ !

ક્યારેક આ આખા પ્રકરણની વિશેષ છણાવટ કરવા જેવી છે; પણ અત્યારે એ વાત જવા દઈએ અને અધર્મને જાકારો મળવા જેવા આ ફેંસલા માટે પ્રભુનો ઉપકાર માનીને એનું આનંદથી સ્વાગત કરીએ.

(ખરી રીતે તો આ ઐતિહાસિક ફેંસલો આખો જાણવા જેવો અને મૂળ અને એનો અનુવાદ છપાવીને વહેંચવા જેવો છે. ઈચ્છીએ કે આ કામ કરવાની જવાબદારી કોઈક લે. દરમ્યાનમાં આ ફેંસલાની કેટલી મહત્ત્વની જાણવા જેવી બાબતો, "પ્રબુદ્ધજીવન" પાક્ષિકના તા. ૧-૩-૭૫ના અંકમાં જાણીતા જૈન અગ્રણી, લેખક અને ચિંતક શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે "ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ અને સરકાર"નામે લખેલ લેખ આ અંકમાં અમે અન્યત્ર છાપ્યો છે તે સૌ ધ્યાનથી વાંચે. —તંત્રી.)

## સામયિક સ્ફુરણ

### ધર્મચક્રની શાસનપ્રભાવક યાત્રા

ભગવાન મહાવીરસ્વામીના પચીસસોમા નિર્વાણ કલ્યાણકની દેશમાં અને દેશ બહારનાં કેટલાંક સ્થાનોમાં રાષ્ટ્રીય ધોરણે તેમ જ બીજી રીતે, બને તેટલા વ્યાપક રૂપમાં, ઉજવણી કરવાનો એક અથવા મુખ્ય હેતુ જૈન ધર્મશાસનનો ધર્મસંદેશ વધુમાં વધુ જનસમુદાય સુધી પહોંચતો થાય એ રીતે ધર્મની પ્રભાવના કરવાનો છે. અને અત્યાર સુધીમાં ઠેર ઠેર, અનેકરૂપે, સંખ્યાબંધ કાર્યક્રમો દ્વારા, આ પ્રસંગની જે ઉજવણી કરવામાં આવી છે તે ઉપરથી, એ વાતની નોંધ લેતાં આનંદ થાય છે કે, આ હેતુ સારા પ્રમાણમાં સફળ થયો છે.

આ રીતે શાસનપ્રભાવના કરવામાં અખિલ-ભારતીય દિગંબર જૈન સંઘ તરફથી, પોતાના દિગંબર સંઘમાં રચવામાં આવેલ વિવિધ સમિતિઓના સહકારથી, ધર્મચક્રની યાત્રા દેશમાં જુદા જુદા પ્રદેશોમાં ફેરવાની જે યોજના કરવામાં આવી છે તેનો ફાળો પણ મહત્ત્વનો છે. આ અભિનવ કાર્યક્રમ દ્વારા ભગવાન મહાવીરના જીવન અને ધર્મનો સંદેશ, સામાન્ય જન સુધી પહોંચી શકે છે, એ મોટો લાભ છે.

ગુજરાત રાજ્યમાં પણ, તલોદ ગામથી, આવી ધર્મચક્ર યાત્રાની શરૂઆત, તા ૧૩-૨-૭૫થી કરવામાં આવી છે; અને બીજા પ્રદેશોમાં પણ આનો પ્રારંભ ઉત્સવ-ઉલ્લાસ સાથે કરવામાં આવ્યો છે, તે એમ સૂચવે છે કે દિગંબર સંઘમાં આ માટે કેટલો બધો ઉત્સાહ પ્રવર્તે છે. અમે આ કાર્યક્રમનું અંતરથી સ્વાગત કરીએ છીએ અને ભગવાન મહાવીરના આ ધર્મચક્રને અભિવાદન કરીએ છીએ

### મેરુતેરશ વીતી ગઈ, ચૈત્રી તેરસ આવી રહી છે : જાગવું હોય તે જાગે

ભગવાન ઋષભદેવના નિર્વાણ કલ્યાણક દિન મેરુતેરશ અને ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક દિન ચૈત્ર શુદિ તેરશ—આ બન્ને પર્વદિનોને આ વર્ષે તપ-

# ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ અને સરકાર

લેખક : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવની રાષ્ટ્રીય સ્તરે, કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારોએ ઉજવણી માટે, વર્ષભરના કાર્યક્રમનું આયોજન કર્યું અને તેના ખર્ચ માટે કેન્દ્ર સરકારે ૫૦ લાખનું અનુદાન કર્યું તેમ જ દરેક રાજ્ય સરકારે પણ ૧૦થી ૧૫ લાખનું અનુદાન કર્યું તે સામે કેટલાક જૈનો અને જૈનેતરોના નામે કેન્દ્ર સરકાર સામે, દિલ્હી હાઇકોર્ટમાં ચાર રીટ અરજીઓ થઈ હતી. તે બધી અરજીઓ થોડા દિવસ પહેલા દિલ્હી હાઈકોર્ટે કાઢી નાખી છે. તેના ચુકાદામાં આપેલ કારણો જાણવા જેવા છે.

જૈનો અને જૈનેતર બન્ને તરફથી મુખ્ય દલીલ એ હતી કે ભારત સરકાર બિનસાંપ્રદાયિક રાજ્ય છે. અને તેથી કોઈ એક ધર્મના આગેવાન પુરુષ માટે ઉત્સવ અથવા ખર્ચ કરી શકે નહિ. તેમ કરવું બંધારણ વિરુદ્ધ છે. દિલ્હી હાઇકોર્ટના જજમેન્ટનું પહેલું વાક્ય આ મુખ્ય મુદ્દાથી જ શરૂ થાય છે: Is India a secular state? If so, in what sense? બંધારણની કલમો ૨૫, ૨૬ અને ૨૭નો સાચો અર્થ કરવાનો હતો. હિન્દુને નામે જે રીટ અરજી થઈ હતી તેમાં વિશેષ ફરિયાદ કરવામાં આવી હતી કે આ મહોત્સવથી જૈન ધર્મનો પ્રચાર થાય છે. તેથી અન્ય ધર્મો પ્રત્યે ભેદભાવનું વર્તન અને અન્યાય થાય છે. હાઇકોર્ટે કહ્યું છે કે જૈનેતર આવી દલીલ કરે તે સમજી શકાય તેવું છે પણ જૈનો તરફથી વિરોધ થયો તેનું હાઇકોર્ટને આશ્ચર્ય થયું છે. ભગવાન મહાવીરનો મહિમા ગવાય છે તેમાં જૈનો કેમ વાંધો લે? તેનો જવાબ આપ્યો છે કે, જૈન અરજદારો જુનવાણી માનસના લાગે છે. આ જૈનોનું એમ કહેવું છે કે મહાવીરનું કાર્યક્ષેત્ર માત્ર ધાર્મિક હતું. તેમને મહામાનવ અથવા સમાજ સુધારક કહી શકાય નહિ. તેમ કહેવામાં મહાવીરનું અપમાન થાય છે. નિર્વાણ ઉત્સવ ધાર્મિક વિધિ છે. આ કલ્યાણક અને આરાધના શાસ્ત્રવિધિ પ્રમાણે આચાર્યોના માર્ગદર્શનમાં જ થઈ શકે. જૈન શાસ્ત્રોનું અધ્યયન અને પ્રચાર જૈનાચાર્યો જ કરી શકે. સરકારના કાર્યક્રમમાં જૈનધર્મ અને સાહિત્યના સંશોધન અને પ્રકાશન માટે એક સંસ્થા સ્થાપવાનો પ્રબંધ છે. National Institute for Jainological study and Research. જૈન અરજદારોના કહેવા પ્રમાણે જૈનશાસ્ત્રોનો ખરો અર્થ જૈનાચાર્યો જ સમજાવી શકે. અન્ય વિદ્વાનો, જૈન કે જૈનેતર તેનો અનર્થ કરી બેસે. Imparting the knowledge of Jain scriptures to those who are not fit to receive it is also prohibised by Jain Religion.

વનસ્થલી, બાલ કેન્દ્રો, ગ્રામ પુસ્તકાલયો વગેરે સાથે ભગવાન મહાવીરનું નામ જોડાય તે સામે પણ

---

ગચ્છમાં તિથિચર્ચાનો રાહુ સ્પર્શી ગયો છે; અને, પ્રગટ થયેલ વિ. સં. ૨૦૩૧ના જૈન પંચાંગ પ્રમાણે, આ બન્ને પર્વદિનોની આરાધના તપગચ્છમાં આ વર્ષે જુદા જુદા વારે થવાની છે.

આ બાબતમાં આ વર્ષની શરૂઆતમાં તો કંઈક એવા અણસાર મળતા–સંભળાતા હતા કે, એક માત્ર સંવત્સરી મહાપર્વને બાદ કરતાં, બાકીની બધી પર્વતિથિઓનું તપગચ્છમાં એક જ વારે આરાધન કરવાની જાહેરાત કરતા પિંડવાડાના પટ્ટકમાં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે, મેરુતેરશ અને ચૈત્રીતેરશના આ વર્ષના ભેદને દૂર કરવાની હિલચાલ કરવામાં આવનાર છે.

પણ વાતમાં ને વાતમાં મેરુતેરશ તો વીતી ગઈ અને ચૈત્રીતેરશ પણ આવી રહી છે, છતાં આવી હિલચાલનો કોઈ સંકેત મળતો નથી. જેમને જાગવું હોય તે જાગે એટલા માટે, "થોડું લખ્યું ઘણું કરીને માનજો" જેવી, આ ટૂંકી નોંધ લખવા અમે પ્રેરાયા છીએ.

તેમનો ઉગ્ર વિરોધ હતો. આ બધા મુદ્દાઓની હાઈકોર્ટે પોતાના જજમેન્ટમાં વિશદ છણાવટ કરી છે.

ધર્મનિરપેક્ષ–સેક્યુલર–રાજ્ય એટલે શું તે પ્રશ્નની જજમેન્ટમાં વિગતથી ચર્ચા કરી છે. પશ્ચિમમાં અને આપણા દેશમાં તેના જુદા જુદા અર્થ થાય છે કારણ કે, બન્નેની ઐતિહાસિક પરંપરા જુદી છે. અને જુદા સંદર્ભમાં રાજ્યને ધર્મનિરપેક્ષ ગણવામાં આવ્યું છે. પશ્ચિમમાં પોપનું જોર બહુ હતું અને રાજ્ય વહીવટમાં તેની દખલગીરી બહુ થતી. તે સંજોગોમાં રાજ્યને ધર્મ સાથે કાંઈ સંબંધ નથી અને રાજ્ય અને ધર્મ વચ્ચે દીવાલ ઊભી કરવામાં આવી અને રાજ્યને ધર્મનિરપેક્ષ ગણ્યું–A wall of seperation between the church and the state. આપણે ત્યાં એમ નથી. The evolution of concept of secularism in modern India has a very different background. ધાર્મિક સહિષ્ણુતા અને ઉદારતા સદીઓથી ભારતીય સંસ્કૃતિનું લક્ષણ રહ્યું છે. ધર્મનિરપેક્ષ–સેક્યુલર–શબ્દ બંધારણમાં વપરાયો જ નથી, કારણ કે, પશ્ચિમમાં આ શબ્દની ભાવના અને ઇતિહાસ જુદા છે જે આપણી ભાવના ન હતી. આ દેશમાં ભિન્ન ધર્મો છે, લઘુમતિ કોમો છે. તે બધા પ્રત્યે સમભાવ અને આદરની દૃષ્ટિ કેળવવા રાષ્ટ્રીય એકતાને સુદૃઢ કરવા આપણે રાજ્યને ધર્મ-નિરપેક્ષ ગણ્યું. એનો અર્થ એમ નથી કે રાજ્યને ધર્મ સાથે કોઈ સંબંધ નથી અથવા રાજ્ય ધર્મ વિમુખ છે. એનો અર્થ સર્વ ધર્મ પ્રત્યે સમભાવ અને સમાન વર્તન છે. ડૉ. રાધાકૃષ્ણને સ્પષ્ટ કહ્યું હતું, I want to state authoritatively that secularism dose not mean irreligion It means we respect all faiths and religions. Our state does not identify itself with any particular religion.

આ અર્થમાં આપણા બંધારણમાં દરેકને પોતાના ધર્મનું અને ધાર્મિક માન્યતાઓનું આચરણ અને પ્રચાર કરવાની સ્વતંત્રતા અને રક્ષા આપી છે. રાજ્ય કોઈ એક ધર્મને અગ્રતા ન આપે પણ ધર્મનો અનાદર ન કરે એટલું જ નહિ પણ બધા ધર્મો અને ધર્મપુરુષોનો સમાનભાવે આદર કરે.

ભારતીય સંસ્કૃતિ ભારતના વિવેધ ધર્મોનો સંગમ છે. તેની વિવિધતામાં એકતા છે. Unity in Diversity આ વિવિધતા અને એકતા બન્ને ભારતીય સંસ્કૃતિને સમૃદ્ધ બનાવે છે.

ભારતીય સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં ભગવાન મહાવીરનું યોગદાન મહત્ત્વનું છે. Bhagwan Mahavir's contribution to Indian culture and to Indian philosophical thought can not be disputed. ભગવાન મહાવીરનો સંદેશો અને ઉપદેશ ૨૫૦૦ વર્ષ પૂર્વે હતો તેટલો જ, કદાચ તેથી વધારે આજે ઉપયુક્ત છે. The message of a great person like Bhagwan Mahavir is as relevant to-day as it was in his time. Mahavir was one of the great figures of Indian History. તેમનું જીવનકાર્ય અથવા ઉપદેશ માત્ર ધાર્મિક હતું તેમ કહેવામાં ધર્મનો ઘણો સંકુચીત અર્થ થાય છે. ધર્મ સમસ્ત જીવનનો આધાર છે. અને તેના સામાજિક પરિણામો દૂરગામી છે. Religion was propounded for people to live in society. આ અર્થમાં ભગવાન મહાવીરે સમાજ જીવનમાં ક્રાન્તિ કરી He taught people certain doctrines and expected them to conduct themselves according to those doctrines. It had therefore a positive influence on the conduct of people in society. It had an impact on society.

અહિંસા, અપરિગ્રહ, અનેકાન્તના સિદ્ધાંતો જીવનવ્યાપી છે

The doctrine of Ahimsa emphasised by Mahavir has a great relevance to the present times both in domestic

and international fields. ..Every one ought to feel proud that the propounder of such an important principle was born and lived in this country 2500 years ago.

મહાવીરના ઉપદેશ માત્ર જૈનો માટે જ નથી. મહાવીરનું નામ લેવાનો જૈનોનો ઈજારો નથી. This objection assumes that Mahavir and his name is a monopoly of the Jains. It forgets that Mahavir was a son of India and is a part of the History of India as such and not merely the history of Jains or Jainism. If the whole country admires him, none of the Jain pititioners can have a right that the Government of India should not admire him.

ભગવાનને શું ભવ્ય અંજલિ અર્પી છે! છતાં એવાં જૈનો હશે કે જે વાંધો લેશે?

There is no religious right in the members of the Jain community to prevent publicity being given to the life and teachings of Mahavir; on the other hand, they should he thankful for it.

ભારત સરકારની વર્ષોથી એ નીતિ રહી છે કે આ દેશના મહાપુરુષોનો આદર કરવો. તેમના ઉપદેશની દેશ અને દુનિયામાં જાણ કરવી અને વર્તમાન જીવનની સમસ્યાઓના સંદર્ભમાં એ ઉપદેશ અને સિદ્ધાંતોની ઉપયોગિતા તરફ લક્ષ દોરવું. ભારતનો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો અને તેનાં જીવનમૂલ્યો પ્રત્યે યુવાપેઢીનું ધ્યાન ખેંચવું અને તેને સજીવન કરવા. To create and arouse in the younger generation of our Country an awareness of our heritage and to reinterpret the cultural and spiritual walues India stands for.

આ ઉદ્દેશના ઉપલક્ષમાં ભારત સરકારે ઘણા મહાપુરુષોની શતાબ્દી અથવા જયન્તિ ઉજવી છે. ભગવાન બુદ્ધ, ગુરુ નાનક, મહાત્મા ગાંધી, રવિન્દ્રનાથ ટાગોર, અરવિંદ ઘોષ વગેરે મહાપુરુષોની જયન્તિ ઉજવી તેમના સ્મારક કર્યા છે. આમ કરવામાં કોઈ ધર્મની ધાર્મિક વિધિને બાધ આવતો નથી. દરેક ધર્મના અનુયાયીઓ પોતાની વિધિ પ્રમાણે કરે, શીખ, જૈન જે હોય તે. ભારત સરકાર કોઇ ધાર્મિક વિધિ કરતી નથી. ધાર્મિક વિધિ અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ફેર બતાવતા જજમેન્ટમાં કહ્યું છે, પતિ–પત્ની માટે લગ્નની વિધિ ધાર્મિક છે. પણ બીજાઓ લગ્નનો ઉત્સવ કરે તે ધાર્મિક નથી. પુત્ર, પિતાનું શ્રાદ્ધ કરે તે ધાર્મિક વિધિ છે, પણ એ પુત્રનો પિતા મહાપુરુષ હોય તો બીજા શ્રદ્ધાંજલિ અર્પે તેમાં ધાર્મિક વિધિને બાધ આવતો નથી.

જજમેન્ટમાં અંતે કહ્યું છે:

A secular way of remembering Bhagwan Mahavir is devised by the Government to suit all the people irrespective of the religions to which they may belong. It is the essence of a common cultural activity that every one should be able to participate in it. It is not meant to be an imitation of a religious practice. It does not therefore misrepresent the Jain religion or the religious practice.

જૈનોની ધાર્મિક લાગણી દુભવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સમસ્ત દેશ અને દુનિયા ભગવાન મહાવીરને ભાવભરી અંજલિ અર્પે અને તેમના ઉપદેશને યાદ કરે તે મુખ્ય ઉદ્દેશ છે.

(અંગ્રેજી વાક્યો બધા જજમેન્ટમાંથી લીધેલા છે.)

(તાઃ ૧–૩–૭૫ના "પ્રબુદ્ધજીવન"માંથી સાભાર ઉદ્ધૃત.)

(જુઓ આજનો અગ્રલેખ.)

# કર્ણાટક રાજ્યે ચિત્રદુર્ગ–હિરિયુર–મંડયા શહેરે અનેરી શાસનપ્રભાવના

પૂજ્ય આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી અશોકવિજયજી મ. આદિ ઠા. ૫ ની નિશ્રામાં ચિત્રદુર્ગમાં ચાતુર્માસ શાસનપ્રભાવના, આરાધનામય પૂર્ણ થયેલ. પૂ. મુનિશ્રી અભયવિજયજી મ. ને કમ્મરના ભાગે અપાયેલ ઇંજેક્ષન પાકવાથી સરકારી હોસ્પિટલમાં ઓપરેશન કરાવવું પડેલ. ત્યાં લગભગ સવા મહિનો રહેતાં ડૉ. મરી હોનૈયાએ સેવાનો સારો લાભ લીધો. વિના મૂલ્યે અમૂલ્ય સેવા અર્પવા બદલ શ્રીસંઘે ડૉકટરો, નર્સો આદિની સેવા–ભક્તિનો લાભ લીધો હતો. દર્દીઓને મોસંબી વગેરે આપવામાં આવતાં. ચોમાસામાં અને ઓપરેશનમાં થયેલ ઔષધનો તથા ડૉકટરને સન્માન કરવાનો સર્વ લાભ વિમલ કટપીસવાળા શેઠશ્રીએ લીધો હતો.

પૂ. મહારાજશ્રી આદિ મંડયા શ્રીસંઘની વિનતિથી ચિત્રદુર્ગથી પોષ સુદ ૧૦ના વિહાર કરીને સુદ ૧૩ના હિરિયુર પધાર્યા. ત્યાં શ્રી શાન્તિનાથ ભ. ના નૂતન ગૃહમંદિરનું ખાતમુહૂર્ત પોષ વદ ૩ ના અને શિલાન્યાસ પોષ વદ ૫ ના પૂ. ગુરુવરની નિશ્રામાં સાનંદ થયું. અત્રે ચિત્રદુર્ગથી શ્રી સંઘના ટ્રસ્ટીવર્યો આદિ વંદનાર્થે આવ્યા હતા. પોષ વદ ૬ ના પૂજ્યશ્રી આદિ અત્રેથી સિરી થઈને માયસંડા પધારતાં, ત્યાં દિગંબર જૈન સંઘના આગેવાનો તેમજ અજૈનો સન્મુખ લેવા આવ્યા હતા. વિહારમાં મુનિશ્રી અભયવિજયજી મ.ના હિંદીમાં મનનીય પ્રવચનો થતા હતા. દિગંબરોએ અહીં ગોચરી વ્હોરાવવા આદિનો ઉમળકાભેર લાભ લીધો હતો. બેલ્લુરમાં પણ ગામના અને દિગમ્બર જૈન સંઘના આગેવાનો આદિએ વ્યાખ્યાનશ્રવણ અને ગોચરી વહોરાવવા આદિનો લાભ લીધો હતો. નાગમંગલામાં અને અન્ય મુકામે મંડયા શ્રીસંઘનો મેળો જામ્યો હતો.

મહા સુદ ૧ ના મંડયા શહેરમાં જકાત નાકેથી દેશીવાદ્ય સાથે પૂ. ગુરુવર્યોનો ભવ્ય નગર પ્રવેશ થયો હતો. અત્રે મુનિશ્રી અભયવિજયજી મ. ના રોજ પ્રવચન ચાલતાં હતાં. અહીંના શ્રીસંઘ તરફથી લેવામાં આવેલ વિશાળ જગ્યામાં ભવ્ય શિખરબંધી દહેરાસર, ધર્મશાળા, ઉપાશ્રય આદિનું નિર્માણ કરવામાં આવનાર છે. તેમજ બગીચો, દુકાનો, હિંદી સ્કૂલ અને આગળના ભાગમાં વિશાળ ચોક કરવાનો શ્રીસંઘનો વિચાર છે

આ વિશાળ જગ્યાના કમ્પાઉન્ડમાં નૂતન જિનાલયના ખાતમુહૂર્ત અને શિલાન્યાસ નિમિત્તે શાન્તિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ થવાને હોવાથી વિશાળ મંડપને લાઈટ–બોર્ડોથી શણગારવામાં આવેલ. શ્રી પ્રભુજીને પધરાવવા માટે પબાસણ અને પૂજા–ભાવના માટે સ્ટેજ પણ બનાવવામાં આવ્યું હતું. પૂ. આચાર્ય મ. શ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મહારાજે આપેલ મુહૂર્ત પ્રમાણે મહા સુદ ૩ ના ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. બપોરના પૂજા ભણાવાઇ હતી. મહા સુદ ૧૦થી મહોત્સવનો પ્રારંભ થયો હતો. અઢાર અભિષેક, કુંભસ્થાપન આદિ વિધાન સાનંદ થયું હતું. પૂજા–ભાવના માટે મુંબઇથી શ્રી મનુભાઇ એચ. પાટણવાળાને અને મ્હેસુરથી શ્રી ગુણવંતભાઇ આદિને બોલાવવામાં આવ્યા હતા. પૂજામાં ગામના આગેવાનો, દિગંબર સંઘના આગેવાનો તેમજ આમજનતાએ ભક્તિભાવથી લાભ લીધો હતો. મહા સુદ ૧૩ના બેંગલોરથી શ્રી આદિનાથ મહિલા મંડળ આવેલ. રાત્રિના સુભદ્રાસતીનું નાટક કર્યું હતું. બેંગલોર–ગાંધીનગરથી સામાયિક મંડળના આરાધકો આદિ વંદનાર્થે આવ્યા હતા. વદ ૧ ના શ્રી નવગ્રહ આદિ વિધાન થયું હતું.

વદ ૨ ના જલયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢયો હતો, જેમાં સૌથી આગળ દેશીવાદ્ય, ઈન્દ્રધ્વજા, એક મોટર લોરીમાં પ્રભુ મહાવીરનો ફોટો અને સાથે શ્રી મનુભાઇ સંગીતકારની પાર્ટી, બીજી મોટરલોરીમાં ભ. મહાવીરના ઉપસર્ગનો ફોટો અને સાથે મ્હેસુરનું શ્રી સુમતિનાથ જૈન મહિલા મંડળ. ત્યારબાદ મ્હેસુરનું જય ભારત બેન્ડ, પૂ. ગુરુદેવો આદિ સાજન–માજન, મ્હેસુરનું જૈન બેન્ડ, શ્રી પ્રભુજીનો રથ અને છેલ્લે ચૌદ સ્વપ્ન, બેડાઓ આદિ લઇને ચાલતી સન્નારીવૃંદ. વરઘોડો ગામના મુખ્ય બજારોમાં ફર્યો હતો. વદ ૩ ના બપોરે

# અમદાવાદ–નવરંગપુરામાં ઉજવાયેલ

# ભવ્ય અંજનશલાકા મહોત્સવ

નવરંગપુરા-શ્રીસંઘની વિનંતિથી સં. ૨૦૩૦નું ગયું ચોમાસું નવરંગપુરા–શ્રીસંઘના ઉપાશ્રયે બિરાજમાન પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અનેક શુભ ધર્મકાર્યો–તપશ્ચર્યાઓ અને આરાધનાઓ થયેલ છે.

ખેડા–વડોદર –રાજકોટ– ખેરાળુ– કરજત–મેવાડના કેટલાંક ગામો વગેરેના શ્રીસંઘોની તથા કેટલાંક સદ્‌ગૃહસ્થોની શ્રી નૂતન જિનબિંબો ભરાવવાની ભાવના હોય, તે નૂતન જિનબિંબોને અંજનશલાકા કરી આપવા માટેની તેઓ સૌની પૂજ્ય આચાર્ય મહારાજને ઘણાં સમયની વિનંતિ હતી. એટલે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પણ અનુકૂળતા પ્રમાણે આ માંગલિક કાર્ય કરવા વિચારતા હતા. એમાં નવરંગપુરા શ્રીસંઘના કેટલાંક ઉત્સાહી ભાઈઓને આ વિચારની જાણ થતાં જ તેઓએ પૂજ્ય આચાર્ય મહારાજને આ મંગલકાર્ય નવરંગપુરાના આંગણે જ કરવા માટે વીનવ્યા. અને મહોત્સવની તમામ જવાબદારીઓ તેઓએ સ્વયં સ્વીકારી લીધી. આથી પૂજ્ય આચાર્ય મહારાજે એમની વિનંતિનો સ્વીકાર કરીને નવરંગપુરામાં અંજનશલાકા મહોત્સવ કરવાનો નિર્ણય કર્યો.

પરમપૂજ્ય તપાગચ્છનાયક આચાર્ય ભગવંત શ્રીમાન્ વિજયનન્દનસૂરીશ્વરજી મહારાજ સાહેબે ફરમાવેલા શુભ મુહૂર્તાનુસાર તેઓશ્રીની શુભનિશ્રામાં મહા શુદિ ૫નો મંગલ દિવસ અંજનશલાકા માટે મુકરર કરવામાં આવતાં શ્રીસંઘમાં આનંદ પ્રસર્યો.

મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી. યોગ્ય જાહેરાત કરવામાં આવી. શ્રીસંઘ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવી. પરિણામે અનેક ગામોના સંઘો અને સદ્‌ગૃહસ્થો પોતાની ભાવના પ્રમાણે જિનમૂર્તિઓ અંજનમાં મૂકવા માટે લાવવા લાગ્યા. પાંચ ઇંચથી માંડીને ૫૧ ઇંચ સુધીની લગભગ સો જેટલી જિનમૂર્તિઓ નવરંગપુરા ઉપાશ્રયના વ્યાખ્યાન હોલમાં બનાવવામાં આવેલી ભવ્ય વેદિકા ઉપર પધરાવવામાં આવ્યા.

પોષ વદિ પહેલી તેરશથી અંજનશલાકા–મહોત્સવનો મંગલ પ્રારંભ થયો. પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ તો પોતાની નાદુરસ્ત તબિયતના કારણે પધારી શકે તેમ ન હોઈ, પૂજ્ય આચાર્ય દેવશ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મ., પૂજ્ય આચાર્યશ્રી વિજય પ્રિયંકરસૂરીશ્વરજી મ., પૂજ્ય આચાર્યશ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ., પૂ. ગણિવર્યશ્રી જયચંદ્રવિજયજી મ. આદિ મુનિરાજોના શુભ સાન્નિધ્યમાં મહોત્સવના પૂજનાદિ મંગળ વિધાનો સુંદર રીતે થતાં હતાં.

મહા શુદ એકમથી કલ્યાણકની ક્રિયાઓ શરૂ થઈ. ભાવિકો વિશાળ સંખ્યામાં હાજર રહી લાભ લેતાં હતાં. મહા શુદ ચોથને દિવસે સવારે દીક્ષા કલ્યાણકનો (વર્ષીદાનનો) ભવ્ય યાદગાર વરઘોડો નીકળ્યો. વરઘોડામાં બે હાથી, બે બેન્ડ, અનેક ઘોડા, બે રથ, મોટરો વગેરે તથા વિપુલ સંખ્યામાં સાજન–મહાજન જોડાયેલ, તેથી વરઘોડાની ભારે રોનક જામી હતી.

---

શાન્તિસ્નાત્ર ઠાઠથી ભણાવાયું હતું. વિધાનો બેંગલોર શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન પાઠશાળાના અધ્યાપક શ્રી તિલકભાઈ શાહે આવી કરાવ્યા હતા. દરેક મંડળો આદિનું શ્રીસંઘ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. વદ ૩ ના સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કર્યા બાદ ૧૨ ફુટ સુધી ખોદતાં પાણી વધુ આવેલ; અને જમીન કંઈક અશુદ્ધ જણાતાં, જમીન શુદ્ધ આવેથી, વૈશાખ માસમાં શિલાન્યાસ કરવાનો શ્રીસંઘે નિર્ણય લીધો છે. મ્હેસુર શ્રીસંઘના પ્રમુખશ્રી આદિ કાર્યવાહકોની વિનંતિથી પૂ. ગુરુમહારાજો અત્રેથી મહા વદ ૮ના વિહાર કરીને મહા વદ ૧૧ ના મ્હેસુર પધારશે. અને ફાગણ ચૌમાસી સુધી ત્યાં પ્રાયઃ સ્થિરતા થશે.

મહા શુદ પાંચમને પરોદિયે શુભ લગ્ને પૂજ્ય આચાર્ય ભગવંતોના વરદ હસ્તે શ્રી જિનબિંબોની પ્રાણપ્રતિષ્ઠા સ્વરૂપ અંજનશલાકા નિર્વિઘ્ન રીતે થઈ.

વિધિ વિધાન માટે સુભાજી રવચંદ જેચંદ વિદ્યાશાળાની મંડળીના કુશળ ક્રિયાકારક શ્રી ભાઇલાલભાઈ વગેરે પધાર્યા હતા. સંગીતકાર શ્રી વાસુદેવભાઈએ સારી રંગત–ભક્તિ જમાવી હતી. એકંદર નવરંગપુરા માટે આ એક ચિરસ્મરણીય પ્રસંગ બની ગયો.

મહા શુદ દશમે નવરંગપુરા દેરાસરના ઉપરના નવા તૈયાર કરાયેલા મજલે શ્રી જિનબિંબોનો પ્રવેશ મહોત્સવ થયો. અને તે જ દિવસે ત્યાં પૂ. શાસનસમ્રાટ્‌ના સમુદાયના નવદીક્ષિત સાધ્વીજી શ્રી મુક્તિમાળાશ્રીજીની વડી દીક્ષા પૂજ્ય આચાર્ય મહારાજના વરદ હસ્તે થઈ હતી.

મહા શુદ ૧૩ ને રવિવારે પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજશ્રીનું સ્વાસ્થ્ય સુધર્યું, તે નિમિત્તે ઉપાશ્રયમાં પંચકલ્યાણક પૂજા ઠાઠપૂર્વક ભણાવાઇ હતી. મહા વદ ત્રીજના શુક્રવારે દેરાસરના આમલસારાનું મુહૂર્ત થયું હતું.

આ બધાં શાસનપ્રભાવનાના કાર્યો કરાવીને પૂ. આ૦ શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સપરિવાર હાલ પાંજરાપોળે પધાર્યા છે. ત્યાંથી પૂ. સાધ્વીજી શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ.ને વર્ધમાનતપની સોમી ઓળીના પારણા પ્રસંગે નરોડા પધારશે. ત્યાં તેઓશ્રીની નિશ્રામાં અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાશે.

## દુઃખદ અવસાન



**શ્રીમતી વિમળાબેન બાલચંદભાઈ દોશી**

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી જૈન ઉદ્યોગગૃહ, શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ અને બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાએલ જાણીતા ઇન્કમટેક્ષ પ્રેકટીશનર શ્રી બાલચંદભાઈ જી. દોશીના ધર્મપત્ની શ્રીમતી વિમળાબેનનું તા. બીજી માર્ચના રોજ વહેલી સવારે ઓચિંતું અવસાન થયું છે.

સદ્‌ગત મહુવાના નબીરા આગેવાન ઉદાર દાનવીર શ્રી જમનાદાસ સુરચંદના સૌથી નાના પુત્રી હતા. સ્વભાવમાં માતા–પિતાનો અમૂલ્ય વારસો મળ્યો હતો. ઉદાર સ્વભાવ ઉપરાંત સર્વે પ્રત્યે મમત અને ગરીબો પ્રત્યે હમદર્દી એ તેઓના જીવનનું મુખ્ય અંગ હતું. સૌની સારસંભાળ, આગતા–સ્વાગતા, એક પ્રિયજન સ્વજનની જેમ કરવી, તેમાં ગરીબ ધનવાનનો કોઈ ભેદભાવ રાખતા નહીં. તેઓના વિચારો નવાયુગની સાથે સાનુકુળ હતા. ખોટા ખર્ચ કરવા નહીં. શક્તિ ન હોય તો વ્યવહારમાં દેખાદેખીથી ન ખેંચાવાના માનસ સાથે તેઓ જરૂર હોય તેટલું કરવું તેમ માનતા. બિનજરૂરી ખર્ચનો છેદ ઉડાડી દેવામાં પણ તેઓ અચકાતા નહીં.

માનવધર્મના મહાન સિદ્ધાંતોની તેઓ જીવતી જાગતી મૂર્તિ હતા. તેઓના સમગ્ર જીવનમાં આના દર્શન થતા. સદ્‌ગતમાં દયા, સાંત્વન, સ્વજનપણાનું પ્રચંડ વ્યક્તિત્વ વગેરે સમાયેલું હતું. તેમના સંપર્કમાં આવેલ કોઈપણ વ્યક્તિ તેઓને જીવનમાં ક્યારેય ભૂલી શકે તેમ નથી.

વ્યવહારદક્ષતા, મમતા, સમતા અને ધીરજથી શ્રીમતી વિમળાબેનનું જીવન સુવાસીત બન્યું હતું. પોતાના કુટુંબીજનો ઉપરાંત અનેક સામાજિક કાર્યકરોના દિલમાં વાત્સલ્યભાવના પ્રગટાવવા ઉપરાંત અનેકના જીવન વ્યવહારમાં તેઓ આદર્શ દૃષ્ટાંત રૂપ બન્યા હતા. ધૂપસળી જેવું તેઓનું જીવન સૌને પ્રેરણારૂપ બન્યું હતું. આવા સહૃદયી બહેનના અવસાનથી તેઓશ્રીના કુટુંબીજનો ઉપરાંત વિશાળ સ્નેહીજનોને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓના વિયોગમાં સંવેદના વ્યક્ત કરવા સાથે સદ્‌ગતના આત્માની પરમ શાંતિ ઇચ્છીએ છીએ.

# રાધનપુરના આંગણે શાસન પ્રભાવક પુનિત પ્રવ્રજયાદિ મહોત્સવ

**શેઠશ્રી કાંતિભાઈનું સાધના જીવન**

જાણીતા શેરદલાલ શ્રી કાંતિલાલ વર્ધીલાલે રાધનપુર મુકામે તા. ૨૩-૨-૭૫ના ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. પ્રવ્રજ્યા મહોત્સવ પુ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના વિનયી શિષ્યરત્નો અધ્યાત્મ:ત પુ. આચાર્યદેવ વિજયજયંતસૂરીશ્વરજી મ. તથ તીર્થપ્રભાવક પુ. આચાર્યદેવ વિજયવિક્રમસૂરીશ્વરજી મ. સા. આદિની પુણ્ય પ્રભાવક નિશ્રામાં શાસનપ્રભાવક રીતે ઉજવાયેલ છે.

શેઠશ્રી કાંતિલાલ વર્ધીલાલે ૬૮ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરીને જે શૌર્ય દાખવ્યું છે તે સ્તુત્ય અને અનુકરણીય બની રહે છે. ૫૦ વર્ષ સુધી તો તેમણે શેરબજારમાં એક પ્રમાણિક વેપારી તરીકે રહી ધંધાની પણ શોભા વધારી છે. મુળ રાધનપુરના આ વતનીને પોતાના પિતા વર્ધીલાલ કચરાનંદના ધર્મસંસ્કાર વારસામાં મળ્યા હતા. આ વારસાએ જીવનની પ્રાથમિક અવસ્થામાં વૈરાગ્ય ગ્રહણ કરવાની તો શક્તિ ન બક્ષી પણ જીવન તો સાધનામય બનતું જ ગયું. સંસારના પંથે... લગ્ન થયાં.. સાંસારિક રીતે સમૃદ્ધ બનતા ગયા....પરિવાર થયો...પ્રથમ પત્નીનો સ્વર્ગવાસ થયો .પુનર્લગ્ન થયા...સંસાર વિસ્તર્યો.... પણ... આ વિસ્તારમાં એક તેજરત્ન નીકળ્યું. પોતાના સુપુત્ર વસંતલાલ યુવાન વયમાં દીક્ષિત થયા. આજથી ૨૫ વર્ષ પહેલાં આ જ રાધનપુરમાં શ્રી કાંતિલાલભાઈના પોતાના જીવન માટે વિસરાય ગયેલ તો નહીં પણ અપ્રાપ્ય બનેલ લક્ષ્ય તરફ એક નવું આલંબન ઊભું થયું. પુત્ર વસંતકુમાર આજે શ્રી કાંતિભાઈની દીક્ષા પ્રસંગે પં. સ્થૂલભદ્રવિજયજી બન્યા છે. ગણિપદમાંથી પં. પદ પ્રાપ્ત કરી ગુરૂકૃપાના ભોકતા બન્યા છે. અને શાસનની જવાબદારી માટે સંબદ્ધ થયા છે.

કુનેહબાજ શ્રી કાંતિભાઈએ આજે ૨૫ વર્ષે પુત્રના માર્ગે આવી ગજબ કરી નાંખી છે. તેમના આ દીક્ષા મહોત્સવે કુટુંબીજનો-રાધનપુરવાસીઓ અને મુંબઈ નિવાસીઓમાં વિશેષ પ્રેરણા જગાડી છે.

જ્યાં જ્યાં તેમના આ પ્રસ્થાનની વાત થાય છે ત્યાં ત્યાં એક પ્રેરણાત્મક વાતાવરણ ખડું થઈ જાય છે.

લાખોની સંપત્તિ, વિશાળ વૈભવ અને સાત પુત્રો, પુત્રવધુઓ અને તેમના પરિવાર વાર્ધક્યને કાંઠે પહોંચતા ધર્મપત્ની પ્રભાવતી બેનને છોડીને કોમળ કાયાથી કઠિણ કાજ માટે કમર કસનારનો કોણ મહિમા ન કરે..!

તેમના સમજુ પરિવાર અને વિશેષ તો ધર્મરતા તેમના ધર્મપત્ની પ્રભાવતીબેનને જેટલાં અભિનંદીએ તેટલા ઓછા છે...! સાતપુત્રો, ૭-૭ પુત્રીઓ અને પ્રપૌત્રો-પ્રપૌત્રીઓમાં આજે પણ અમૃતમય સંસ્કાર સિંચન કરી રહેલ છે. પોતાના આત્માની સંયમ સાધવાની અદ્દકિત હોવા છતાં ય વસંતભાઈને (પૂ. પં. સ્થૂલભદ્ર વિ. મ.) જેમ આ માર્ગે વાળ્યા તેમ શેષ સાંસારિક જવાબદારીઓને હસ્તે મોંઢે સ્વીકારી આજે તેઓએ પતિને પણ તેવી જ રીતે હસતા મુખે સંયમ માર્ગે વિદાય આપી છે. હંમેશા ગૃહકાર્ય વચ્ચે પણ તેમની સ્વાધ્યાય રમણતા અને આરાધના અનુમોદનીય અને અભિનંદનીય બની રહી છે ..!

વૃદ્ધાવસ્થામાં પિતાને સંયમની વિશુદ્ધપાલના કરાવી શાસ્ત્રીય રીતે નિસ્રણ બનતા પૂ. પં. સ્થૂલભદ્ર વિ. મ.ની સાધના પણ અનુમોદનીય છે...

છેલ્લાં કેટલાંય વર્ષોથી સંયમને ઝંખતા શેઠ શ્રી કાંતિલાલભાઈ ૭ વર્ષથી તો શેરબજારના કાર્યોમાંથી પણ નિવૃત થઈ સાધનામય જીવન ગાળતા હતા. આત્મસાધના..સંતતિમાં સંસ્કાર સિંચન....અને ધાર્મિક સંસ્થાઓમાં સક્રિય રસ...એ જ છેલ્લાં ૭ વર્ષનો કાર્યક્રમ હતો. અને ગત ચાતુર્માસમાં તો પોતાનો નિર્ધાર સ્પષ્ટ કરી જેતારણ મુકામે મુનિ શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. આદિ ઠાણા સાથે ચાતુર્માસ વ્યતીત કરતા અગ્રિવર્ય સ્થૂલભદ્ર વિ. મ.ની પાસે જઈને જ ચાતુર્માસ કર્યું. ચાતુર્માસમાં વિવિધ આરાધના કરી આત્માને વધુ આરાધના અભિમુખ બનાવ્યો.

**દીક્ષા મહોત્સવની પૂર્વભૂમિકા**

આસો સુદ ૧૦ના મંગલ દિવસે શ્રી સિદ્ધાચલ મહાસંઘની પૂર્ણાહુતિ બાદ મહાપુનિત ચાતુર્માસ વ્યતીત કરતાં વયોવૃદ્ધ પૂ. આચાર્ય દેવ શ્રી વિજયજયંતસૂરીશ્વરજી મ. સા., તીર્થપ્રભાવક પૂ. આચાર્યદેવ વિજયવિક્રમસૂરીશ્વરજી મ. સા. તથા શાંતમૂર્તિ આચાર્યદેવ વિજયનવીનસૂરીશ્વરજી મ. સા.ની પાસે દીક્ષાનું મુહૂર્ત કઢાવવા તથા પૂજ્યોને સપરિવાર પધારવા વિનંતિ કરવા આવ્યા.

આનંદ અને ઉત્સાહ સહિત મુહૂર્ત કઢાવ્યું. પણ પૂજ્યોનું દીક્ષા પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે 'હા' કહેવાનું શકય ન હતું. પોતાના જ્યેષ્ઠ પુત્ર એવંતીલાલ અને ધર્મપત્ની સાથે પાછા મુંબઈ ગયા. મુંબઈના શાસનપ્રેમીઓ અને સ્નેહી સાધર્મિકો તો તેમના સમાચાર માટે જ આતુર હતા.

કારણ.. તેઓ આ વૃદ્ધવયે ગ્રહણ કરવાની ભીષ્મ પ્રતિજ્ઞાનું આંતરિક અનુમોદના અનુમોદન કરવા ઇચ્છતા હતા. ચાલુ રિવાજ અને નામ પ્રમાણે 'વાયણા'ની ઉત્સુકતા હતી.

મહિનાઓ સુધી એક એક દિવસમાં અનેકની ભાવનાઓ પરિપૂર્ણ કરતા એ કાર્યક્રમ પૂર્ણ થવા લાગ્યો. આ તરફ અનેક ધાર્મિક, સામાજિક અને વ્યાપારિક સંસ્થાઓ તેમના સન્માન માટે અધીરી બની હતી.

પ્રવચન પૂજક સભાએ શેઠ શ્રી પોપટલાલ ભીખાભાઈ પાટણવાળાના પ્રમુખપદે સન્માન સમારંભ યોજ્યો. આ સભાના તેઓ વર્ષોથી ખજાનચી હતા. સંસ્થાએ શાસનનો ખજાનો સાચવવા જતા પોતાના ખજાનચીને એકના મટી અનેકના થવા જતા અંતઃકરણના આશીર્વાદ રેલાવ્યા.

શેરબજાર મહાજને પણ પોતાના આ શેરદલાલનો સન્માન સમારંભ યોજ્યો. શેઠશ્રી ચંપકલાલ અમરચંદ પ્રમુખપદે રહ્યા હતા. તેમની પ્રમાણિકતા અને પવિત્રતાથી પ્રેરાઈને તારવણીકાર મંડળ અને શેરબજાર કામદાર મંડળ પણ તેમને સન્માન્યા વિના ન રહી શક્યું.

સ્ટોક એક્સચેન્જ હોલ *Stock* Exchange *hall* જ્યાં સામાન્ય રીતે ધીખતા ધંધાની જ ધમાલ હોય છે ત્યાં આ ત્યાગ પદના સન્માન થયાં ૫૦ વર્ષની ઉજ્જવલ કારકીર્દિથી વેપારીઓ પ્રભાવિત હતા. જૈનેતર વેપારીઓને લાગ્યું કે, જીવનમાં ધંધા કરવાનું અન્ય ક્ષેત્ર પણ જૈન શાસ્ત્રમાં કેવું આકર્ષક અને ભવ્ય હશે કે ૫૦ વર્ષના અંતે પણ એક વેપારી અહીંથી હંમેશના માટે ત્યાં જવા ઝંખે છે....! જૈન વેપારીઓએ શેઠ શ્રી કાંતિલાલભાઈની પ્રેરણાથી ત્યાગના વિવિધ અભિગ્રહો ધારણ કર્યા અને જૈનેતર વ્યાપારી બંધુઓને તેમણે બે વાતમાં પ્રમાણિકતાની પવિત્રતાનો પરિચય કરાવ્યો.

"વીરતત્ત્વ પ્રકાશક મંડળ..." આ પણ મુંબઈની જુની સંસ્થા છે. આના પણ તેઓ ખજાનચી હતા. આ મંડળે પણ તેમનું શ્રી નમિનાથજીના ઉપાશ્રયમાં પૂ. આ. દેવ વિજયધર્મસૂરીશ્વરજી મ.ની


મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમિત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

**—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—**

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર, મુંબઈ—૬૬

શ્રી ઇશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ—૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ, અમદાવાદ

નિશ્રામાં અનુમોદન કર્યું.

ઉપસ્થિત જનતા ધાર્મિક શિક્ષણ અંગે વધુ જાગૃત બને તેવા બે માર્મિક શબ્દો શેઠશ્રી કાંતિભાઈએ ત્યાં પણ જણાવ્યા હતા.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના પૂજક ભાઈઓએ વર્ષોથી શ્રી ચિંતામણી હિતવર્ધક મંડળની સ્થાપના કરેલ છે. તેમણે પણ શ્રી નમિનાથના ઉપાશ્રયમાં શ્રી રમણલાલ પાલનપુરવાળાના પ્રમુખ પદે અનુમોદના સમારંભ આયોજી સન્માન્યા.

સુરતવાળા શ્રી કેસરીચંદ ઝવેરીએ તેમના જીવનના આ પ્રસંગનો ખ્યાલ આપી અનેકના હૃદયમાં પ્રેરણા પાથરી હતી

મુંબઈમાં વસતા રાધનપુરી ભાઈઓ પણ આ તક કેમ મૂકે...! તેમણે પણ શેઠશ્રી રતનચંદ જોરાજીવાળા ખુમચંદભાઈના પ્રમુખપદે કાંતિભાઈના ત્યાગમાર્ગની ભાવનાને બિરદાવી.

અને...છેલ્લે નિકટવર્તી સ્નેહીજનો તરીકે "ભારતિ ભુવન" (જુનું નામ ખોજાનો માળો)ના વતનીઓએ પણ તેમના વડીલ અને ધર્મનેતા કહેવાય તેવા સ્નેહીજનને ત્યાગ માટે વિદાય આપી સમારંભ યોજી અનુમોદ્યા.

આમ અનેકાનેક જનોમાં જિનશાસનના ત્યાગ માર્ગની પ્રભાવનાનું નિમિત્ત બનતા શેઠ શ્રી કાંતિલાલભાઈનો દીક્ષા પ્રસંગ ઉજવવા પોતાના વતન રાધનપુર તરફ પ્રયાણ કરવાનો પુનિત દિન આવી ગયો.

તે દરમ્યાનમાં પૂ. ગણિવર્ય સ્થૂલભદ્રવિજયજી મહારાજે પોતાના શિષ્ય પરિવાર સાથે જેતારણથી વિહાર આદરી દીધો હતો.

કા. વ. ૪ના બીજી વખત પુજ્યોને વિનંતિ કરવા પાદલિપ્તપુરમાં આવ્યા. આ વખતે તો જ્યેષ્ઠ પુત્ર એવંતીભાઈએ પૂજ્યોના પગ જ પકડી લીધા. પૂજ્યો સૌરાષ્ટ્રના વિવિધ પ્રદેશોમાં વિચરી કંઈક અન્ય વિચારણા કરતા હતા. પણ એવંતીભાઈએ બધી દલીલોને પીગળાવી પુજ્યોની પધારવાની જય બોલાવી દીધી હતી. એટલે વિહારનો પ્રારંભ પણ થઈ ચૂકયો હતો.

પૂ. આચાર્યદેવ વિજયજયંતસૂરીશ્વરજી મ. સા. ની તબિયતની પ્રતિકૂળતામાં પણ શાસનના કાર્ય ઉત્સાહ પૂર્વક આગળ વધી રહ્યા હતા.

રાધનપુરમાં તેમનું આગમન પણ સ્થાનિક લોકો માટે એક મહેરબાનીનો જાણે મહેરામણ બની ન ગયો હોય તેમ સ્નેહી અને સંબંધી સાધર્મિકોએ તેમને હર્ષપૂર્વક બસ સ્ટેશનથી જ વધાવી લીધા હતા.

જ્યેષ્ઠ પુત્ર એવંતીલાલ પિતાજીની દીક્ષા અંગેની તમામ તૈયારીઓ કરી રહ્યા હતા. અને કાગડોળે પૂજ્યોની પધારવાની રાહ જોતા હતા. વધારેમાં વધારે પૂ૦ સાધુ–સાધ્વીજી ભગવંત ઉપસ્થિત રહે અને શાસન પ્રભાવના થાય એ જ નેમ હતી. પાલિતાણામાં ચાતુર્માસ બિરાજમાન પૂ૦ સાધ્વીજી શ્રી હંસાશ્રીજી મ૦,


:૫૦૦વર્ષના પ્રાચીન
મહાપ્રભાવિક બાવન જિનાલય

## અજારી તીર્થની યાત્રાએ પધારો

સીરોહીરોડ સ્ટેશનથી બે માઈલ પિંડવાડા ( રાજસ્થાન ) માં અને આબુરોડ તરફ હાઈવે ઉપરથી એક માઈલ દૂર આવેલ અજારી તીર્થ સંપ્રતિ મહારાજાએ બંધાવેલુ છે. ૧૪મા સૈકામાં શેઠ ધરણશાએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને સરસ્વતી પ્રસન્ન થયા હતા તે સરસ્વતીદેવીનું સુંદર મંદિર પણ અહીં છે. છેલ્લો જીર્ણોદ્ધાર સ્વર્ગસ્થ પૂ૦ આ૦દેવ શ્રી વિજયપ્રેમસુરીશ્વરજી મહારાજના ઉપદેશથી સં. ૨૦૧૮થી ચાલુ કરાવી સં. ૨૦૨૭માં પૂ૦ આ૦દેવ શ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ છે. સુંદર ધર્મશાળામાં રહેવા તથા જમવાની સગવડ છે. તો તીર્થમાં એકથી એક ચમત્કારિક જિનબિંબો તથા મૂળનાયકજી શ્રી મહાવીરસ્વામીજીના દર્શન કરી જીવન સફળ કરો. તા. ક. ઘોડાગાડીની વ્યવસ્થા જવા માટે મળી રહેશે.

વ્યવસ્થાપક : શેઠ કલ્યાણજી સૌભાગચંદ જૈન પેઢી, પિંડવાડા (રાજસ્થાન)

પૂ૦ જયાશ્રીજી મ૦ તથા પૂ૦ સર્વોદયાશ્રીજી મ૦ પુ૦ સૂર્યપ્રભાશ્રીજી મ૦, પુ. પદ્મલત્તાશ્રીજી મ૦, પુ. શીલપુર્ણાશ્રીજી મ૦ આદિ ૬૦-૭૦ ઠાણાને પધારવા ખાસ વિનંતી કરી ગયેલ.

પણ .. પુ૦ સાધ્વીજી શ્રી જયાશ્રીજી મ૦ તથા પુ૦ સાધ્વીજીશ્રી સર્વોદયાશ્રીજી મ૦ આદિ ઠાણા ૩૭ તો જામનગર પહોંચી ગયેલ. જામનગરનિવાસીઓ ખૂબ જ પ્રભાવિત થયેલ. અને બહેનોમાં એક આરાધનાની જ્યોતિ પ્રગટતી હતી. પણ એવંતીભાઈએ તેમને આગ્રહ પુર્વક વિહાર કરાવ્યો. અને પાદલિપ્તપુરમાં દાક્ષિત પુ૦ સર્વોદયાશ્રીજી મ૦ ની નિશ્રાવર્તિ ત્રણ સાધ્વીજી મ૦ની વડી દીક્ષાનો કાર્યક્રમ પણ રાધનપુરમાં નક્કી કરી દીધો. એટલે તેઓએ પણ વિહાર લંબાવ્યો હતો.

પૂ. સાધ્વી શ્રી હંસાશ્રીજી મ. આદિ ઠાણા પણ પાલીતાણાથી વઢવાણ અને ત્યારબાદ જોરાવરનગર આદિ થઈને રાધનપુર પહોંચી રહ્યા હતા. બીજા પણ અનેકાનેક સાધુ-સાધ્વીજી મ. આ પ્રસંગે તેમજ ગામમાં ઉજવાનાર બીજી બે ભાગવતી દીક્ષાના પ્રસંગે આવી રહ્યા હતા.

કહેવાય છે કે રાધનપુરમાં ચાર આચાર્ય-ભગવંત સહિત ૩૨ સાધુ મ. અને લગભગ ૧૮૦ થી ૨૦૦ સાધ્વીજી મ. સા.ના એકી સાથે દર્શન-વંદનનો પ્રસંગ છેલ્લાં ૫૦-૬૦ વર્ષે આવ્યો. તેથી રાધનપુરની ભકિત અને આરાધનાપ્રધાન જનતાના આનંદનો પાર ન હતો.

શ્રી એવંતીભાઈ તો પૂ. આચાર્યદેવોને લાવવા શિહોર-ધ્રાંગધ્રા-રાણકપુર-શંખેશ્વર-ધોયનાથ વિગેરે સ્થળે નિરંતર દોડાદોડ કર્યા જ કરતા હત. પૂ. ગણિવર્ય સ્થૂલભદ્ર વિજયજી મ. તો પોષ વદ ૧૦ના જ રાધનપુરમાં ધામધુમથી પ્રવેશ કરેલો. પ્રવેશ મહોત્સવ શ્રી કાંતિલાલ ભાઈએ કર્યો.

બરોબર મહા સુદ ૬ના દિવસે વયોવૃદ્ધ પૂ. આચાર્ય ભગવંત વિજયજયંતસૂરીશ્વરજી મ. સા. તથા તીર્થપ્રભાવક પૂ આચાર્ય ભગવંત વિજય વિક્રમ-સૂરીશ્વરજી મ. સા. આદિએ સપરિવાર પ્રવેશ કર્યો. પ્રવેશ મહોત્સવનો ઉત્સાહ ભાવિના કાર્યક્રમની ભવ્યતાનો પડઘો પાડતો હતો. સુંદર પ્રવેશયાત્રા શેઠશ્રી કાંતિલાલભાઈના મુકામે પહોંચી. ત્યાં વ્યાખ્યાન થયું. ત્યારબાદ રાધનપુરના સંઘે પૂ. ગણિવર્ય સ્થૂલભદ્ર વિજયજી મ.ને પંન્યાસ-પદ પ્રદાન કરવા માટે પુ. ગુરુદેવને પ્રાર્થના કરી. પુ. ગુરુદેવે પહેલેથી ધડી રાખેલો મનોરથ પુર્ણ થયો; અને સંઘની વાતને માન્ય રાખી. રાધનપુરના પુણ્ય પ્રાંગણમાં થતાં ઉત્સવોમાં એકનો વધારો થયો.

બીજે દિવસે રાધનપુર નગરમાં પૂ. આ૦શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ૦નો પ્રવેશ થયો. પ્રવેશ-યાત્રામાં નગરમાં સ્થિરતા કરેલ પૂ. સાધુ-સાધ્વીજીઓ પણ જોડાયા હતા. ચાલુ પ્રવેશયાત્રામાં જ પૂ આ૦ દેવ કલાપૂર્ણસૂરીશ્વરજી મ૦ પોતાના પુરાણા ઉપકારી તરીકે લેખતા પૂ. આ૦ દેવ વિજયજયંતસૂરીશ્વરજી મ૦ તથા પૂ. આ૦ દેવ વિજયવિક્રમસૂરીશ્વરજી મ૦ પાસે સપરિવાર પધાર્યા. પૂ. આ૦ દેવ વિજયવિક્રમ-સૂરીશ્વરજી મ૦ તો એક જ દિવસે પ્રવેશ થાય તેવી ભાવના રાખતા હતા, પણ સાંતલપુરથી દીક્ષા કરીને


દાદાના દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વિનતિ કરે છે

ભોજનશાળાનો વાર્ષિક તૂટો મોંઘવારીના કારણે રૂા. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.
લગભગ અઢી લાખ પુન્યશાલી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.
પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.
છઠ્ઠ-અઠ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.

**શ્રેષ્ઠ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક અને ચતુર્વિધ સંઘની ભક્તિ**
**...................એ અમારા પુન્યનું ભાથું છે...................**

## આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભ.ના વરસીતપના પારણાના મુળસ્થાન

# શ્રી હસ્તિનાપુર મહાતીર્થે

## અક્ષયતૃતીયા પ્રસંગે અવશ્ય પધારો

શ્રી હસ્તિનાપુર તીર્થને ૧૬મા શ્રી શાન્તિનાથ, ૧૭મા શ્રી કુંથુનાથ તથા ૧૮મા શ્રી અરનાથ તીર્થંકર ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા તથા કેવલજ્ઞાન (બાર) કલ્યાણકનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ પુણ્ય ભૂમિ પર ભગવાન શ્રી મલ્લિનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી પાર્શ્વનાથ તથા ૨૪મા અન્તિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીજીએ વિચરી, તેના કણ–કણને પવિત્ર કર્યા છે.

સૂચના : (૧) ઉત્સવમાં પધારનાર તપસ્વી ભાઈ–બહેનો તથા યાત્રાળુઓ પોતાના આવવાની ખબર નીચેના સરનામે મોકલી આપવા કૃપા કરે. (૨) સાધર્મિક વાત્સલ્યનો લાભ લેવા ઇચ્છતા ભાઈ–બહેનો પેઢી અથવા સમિતિના કાર્યાલયે અગાઉથી જણાવવા કૃપા કરે. (૩) તીર્થમાં ઉતરવા–રહેવાની તેમ જ ભોજન પાણી વગેરેની સઘળી ઉત્તમ વ્યવસ્થા છે. (૪) મોસમ અનુસાર પોતાનું બેડીંગ વગેરે અવશ્ય લાવવું (૫) મેરઠ સીટી રેલ્વે સ્ટેશને ઉતરી મવાના બસ સ્ટેન્ડે જવાથી, ત્યાંથી હસ્તિનાપુર જવાની બસો મળે છે.

રામલાલ જૈન (પ્રધાન) — નિર્મલકુમાર જૈન (મંત્રી)

: પત્રવ્યવહારના સરનામા :

૧. મંત્રી, શ્રી હસ્તિનાપુર જૈન શ્વે. તીર્થ સમિતિ ૮/૮૨, રૂપનગર, દિલ્હી–૧૧૦૦૦૭

૨. વ્યવસ્થાપક, શ્રી હસ્તિનાપુર જૈન શ્વે. તીર્થ પેઢી પો. હસ્તિનાપુર (જિ. મેરઠ) (ઉત્તર પ્રદેશ)

પહોંચાઇ તેવી કોઇ શકયતા જ ન હોવાથી તેઓ એક દિવસ બાદ પધાર્યા. તેમ છતાં વ્યાખ્યાનો હમેશાં સાથે જ થતા હતા. યોગ અને અધ્યાત્મના વિષયો પર થતાં ઉભય આચાર્ય ભગવંતોના પ્રવચનોએ સહુને મુગ્ધ કર્યા હતા.

રોજ સવારના પ્રભાવક ભક્તામર સ્તોત્રની સંગીતમય પ્રાર્થના સાથે ચાલતો મહોત્સવ અનુપમ પ્રભાવશાળી બન્યો એકંદરે રાધનપુર નગરમાં જિનભક્તિની અભિવૃદ્ધિ કરતા ત્રણ શાંતિસ્નાત્ર, સિદ્ધચક્ર પૂજન થયા. જેમાંથી એક શાંતિસ્નાત્રની આયોજના શ્રી કાંતિલાલભાઈની દીક્ષા નિમિત્તે હતી.

શ્રી કાંતિભાઇ તરફથી વ્યાખ્યાનમાં ત્રણેય પૂ. આચાર્યદેવોના તેમ જ પૂ. સાધુ–સાધ્વીજી મ૦ ના ગુરુપૂજન સહિત સંઘપૂજન થયું. જૈનશાળાનો વિશાળ હોલ પણ આ પ્રસંગે સાંકડો બની ગયો હતો.

દીક્ષાના દિવસે જ નીકળેલી શ્રી કાંતિભાઇની વર્ષીદાન યાત્રા કોઇ ભવ્ય જ હતી. ગામેગામથી આવેલ સાજન–માજન અને વિવિધ સામગ્રીઓથી ભૂષિત વર્ષીદાન યાત્રાનું સૌથી મોટું આકર્ષણ તો છટાથી દાન દેતા શ્રી કાંતિભાઈ પોતે જ હતા. બોર્ડીંગ પાસે તો વર્ષીદાનની જાણે અમૃતધારા જ વર્ષાવી હતી.

દીક્ષા ગામ બહાર કે. બી. વકીલની શાળાના મેદાનમાં ત્રણ ભવ્ય મંડપ ઊભા કરી ત્યાં જ રાખવામાં આવી હતી. આ વિશાળ મંડપો પણ ચિક્કાર થઇ ગયા. દીક્ષા, વડીદીક્ષા, પંન્યાસ પદવી, ચતુર્થવ્રત ગ્રહણ આદિ અનેક પ્રસંગોથી શાસન પ્રભાવક બનેલ કાર્યક્રમ રાધનપુરની ધર્મારાધનાના ઈતિહાસનું ઉજ્જવળ પાનું બન્યું.

૧૧ વાગે શરૂ થનાર ક્રિયાનો ૧૧॥ વાગે પ્રારંભ થયો. શેઠ કાંતિલાલ વર્ધીલાલ હવે મુનિપણાના રાહ પર આવી ગયા. શ્રીમતી પ્રભાવતીબહેને જ પૂજ્યોને રજોહરણ વ્હોરાવ્યું. અને પૂ. આ. દેવ વિજયજયંતસૂરીશ્વરજી મ.ના શુભ હસ્તે શ્રી કાંતિભાઈ રજોહરણ ગ્રહણ કરી કૃતાર્થ થયા. ત્યાર પછી તરત વેશપરિવર્તન કરી આવતા ક્રિયા આગળ ચાલી. ઉપકરણોની બોલી રૂ. ૧૨૦૦૦ની થઈ. રૂ. ૩૦૦૦થી વધુ જીવદયાની

દીપ થઈ. પંન્યાસ પદવીની કામળીનો આદેશ પણ રૂ. ૧૦૦૧ બોલી શ્રી અવંતીભાઇએ લીધો. આમ કાંતિભાઈ સદાના માટે મુનિવર્ય કમલયશવિજયજી મ.ના નામે અને ગણિવર્ય સ્થૂલભદ્રવિજયજી મ. પંન્યાસ પ્રવર સ્થૂલભદ્રવિજયજી મ. નામે જાહેર થયા.

પૂજ્ય આચાર્યદેવોના ચાતુર્માસ માટે ઝંખતા છાણી, પાટણ વગેરે સંઘોને તો પૂજ્યોએ અશકયતા બતાવી દીધી હતી; પણ ઈડર, દાદર અને અમદાવાદ-શાંતિનગરનો સંઘ તો કયારનો ય જોર કરી રહ્યો હતો. અંતે તે શાંતિનગર સંઘના આગેવાનો જ જોર કરી ફાવી ગયા. સંઘ સંયોજક શ્રી રાજેન્દ્રભાઈ ખાસ આ

---

**જિન ભાષિત તત્ત્વજ્ઞાનના રહસ્યો સમજવા હોય તો પાઠશાળામાં બાળકોને અર્થજ્ઞાન સહિત સૂત્રો શીખવાડવા મંગાવો**

# સરળ માર્ગદર્શિકા

ભાગ-૧ તથા ભાગ-૨

( ૭ ભાષામાં બંને ભાગના અનુવાદ )

| | |
|---|---|
| ૧. ગુજરાતી | ૪. કન્નડ |
| ૨. હિંદી | ૫. ટેમિલ |
| ૩. મરાઠી | ૬. મલયાલમ |

અનેક ભાષા-ભાષી જનતાના સુલભ અને સુગમ અર્થ બોધ માટે પ્રગટ થયેલ છે.

( સૂત્ર ૧ થી ૧૧ ) ભાગ-૧ ની કીંમત ૦૦-૧૫ પૈસા.
(સૂત્ર ૧૧ થી ૨૧) ભાગ-૨ ની કીંમત ૦૦-૨૦ પૈસા.
સરળ માર્ગદર્શિકા ભાગ-૩ (સૂત્ર ૨૨ થી ૧૮) પાપસ્થાનક સુધી, માત્ર ગુજરાતી કીંમત ૧-૦૦

પાઠશાળાઓમાં શિક્ષકો, વહીવટદારો અને માતા-પિતા અર્થ સહિત જ સૂત્રો સમજણ પૂર્વકનાં શુદ્ધ લેખન સહિત શીખવાડવાનો આગ્રહ રાખો.

પ્રાપ્તિસ્થાન :- શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ

૨૧૫-૧૬ બુધવાર પેઠ, પૂના-૨.

પ્રધાનકાર્યાલય તેમ તેની શાખાઓ અને પ્રચાર કાર્યાલયો

**શ્રી નવજીવન ગ્રંથમાળા, ગારીઆધાર. (સૌરાષ્ટ્ર)**

---

પ્રસંગે હાજર હતા. ચિત્તલદુર્ગ, જેતારણ, નેર વગેરેથી પણ ઘણા ભાવિકો આ પ્રસંગે આવેલ.

આ દીક્ષાના દિવસે જ પારેખ બાપુલાલ પ્રભુદાસ તરફથી પ્રતિષ્ઠા મહોત્સવ અંગે શ્રી શાંતિસ્નાત્રનો રથ-યાત્રા હતી. પૂ. કમલયશવિજય મ૦ પણ પૂજ્યોની સાથે રથયાત્રામાં પધારતાં નગરજનોમાં સારી એવી અનુમોદના થવા પામી.

બીજે દિવસે સવારે ૮-૩૦ વાગે પ્રભુજીનો પ્રવેશ અને ૮-૩૭ મિ. પ્રતિષ્ઠા હતી. સવારના ભક્તામર આદિ પ્રભુભક્તિ માટે પૂજ્યો પરિવાર સહિત ત્યાં જ પધાર્યા. ચૈત્યવંદન વિધિ પૂર્ણ થઈ. અને પ્રતિષ્ઠા કરાવનાર તરફથી ગુરુપૂજનનો કાર્યક્રમ મંદિરના મંડપની બહાર યોજાયો. ત્યાં તો સમય થતાં 'પુણ્યાહં...પુણ્યાહં' ના નાદ વચ્ચે પ્રભુજીનો પ્રવેશ થતાં શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાનના મંદિરની ભમતીમાં શ્રી મહાવીરસ્વામી આદિ ભગવાનના ત્રિગડાની પ્રતિષ્ઠા થઈ ગઈ.

આમ, ઉત્સાહ અને ઊર્મિના પ્રવાહો વચ્ચે યોજાયેલો આ ભવ્ય પ્રસંગ ભાવિની ભવ્યતાને વધુ પવિત્ર બનાવશે તેવી આશા અને અભિલાષા. 卐

---

# आवश्यक सूचना

**श्री नागेश्वर पार्श्वनाथ तीर्थ पेढी (पो० उन्हेल, स्टे. चौमहला, जि. झालावाड, राजस्थान) में एक अनुभवी एवं योग्य मेनेजर की आवश्यकता है, जो कि किसी धार्मिक संस्था में कार्य किया हुआ होना चाहिए। हिन्दी, अंग्रेजी एवं गुजराती भाषा का विशेष जानकार होना आवश्यक हैं। वेतन योग्यता के अनुसार स्थानीय ट्रस्ट के द्वारा निर्धारित किया जायगा।**

**उम्मीदवार अपनी आयु एवं योग्यता प्रमाणपत्र सहित उपरोक्त तीर्थ पेढ़ी में दिनांक १५-४-७५ तक प्रार्थनापत्र सहित डाक द्वारा भेजें।**

**- दीपचंद जैन : सेक्रेटरी**

---

તંત્રી,મુદ્રક,પ્રકાશક,માલીક:શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાન: જૈન પ્રિન્ટરી-પાનવાડી,ભાવનગર.

Regd. No. G. BV 20

"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)
વા. લવાજમ
રૂા. ૧૫

જૈન

વીર સંવત
૨૫૦૧
વિક્રમ સંવત
૨૦૩૧
ફાગણ શુદિ ૯
તારીખ
૨૨-૩-૭૫
શનિવાર

વર્ષ ૭૨ ] સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ [ અંક ૧૧

રાજસ્થાનમાં આવેલા
નાકોડા તીર્થ
અવશ્ય પધારો.
માલાશાહ અને એમની બહેનોએ બનાવેલા શ્રી ઋષભદેવ, શ્રી શાંતીનાથના તેમજ પ્રાચીન પાર્શ્વનાથજીના મૂળનાયકના ભવ્ય દેરાસરો અત્રે આવેલા છે.
પાલનપુરથી ભીલડીયાજી અમદાવાદથી બાલોતરા સ્ટેશને જવાય છે. સ્ટેશન ઉપર પેઢીની સુંદર સગવડવાળી ધર્મશાળા છે.
શ્રી જૈન શ્વેતામ્બર નાકોડા પાર્શ્વનાથ તીર્થ
મુ. મેવાનગર સ્ટે-બાલોતરા (રાજ)

...તીર્થે પધારો.
સુપ્રસિદ્ધ અને દાનવીર શ્રેષ્ઠી ...
... ધાશે.

# સુરેન્દ્રનગર સંઘ સામેની

## એક અરજી ૨૬

જ્યારે "સાચું તે મારું" એ ધર્મના સાર અને સત્યના આત્મારૂપ ગુણગ્રાહક દૃષ્ટિ અવરાઈ જાય છે, અને "મારું તે જ સારુ" કે "હું કહું તે જ સાચું" જેવી સાવ ધર્મવિરોધી હઠાગ્રહી વૃત્તિ મનનો કબજો લઈ લે છે, ત્યારે ધર્મ જેવું પવિત્ર અને શાંતિના ધામ સમું ક્ષેત્ર પણ રાગ-દ્વેષ, કલેશ-કંકાસ અને અશાંતિનું કુરુક્ષેત્ર બની જાય છે, એના જોઈએ તેટલા દાખલા ભૂતકાળ અને વર્તમાનકાળમાંથી મળી શકે એમ છે. આમ થવામાં મુખ્યત્વે માનવીના (અથવા દરેક દેહધારીના) જીવન સાથે જડાઈ ગયેલ અજ્ઞાન, અંધશ્રદ્ધા અને અહંભાવ રૂપ અવગુણો અને રાગદૃષ્ટિ અને દૃષ્ટિરાગ જેવા મહાદોષો જ કારણરૂપ હોય છે, એ દેખીતું છે.

જ્યારે માનવી વ્યક્તિ તરફની અંધભક્તિ કે વિવેકશૂન્ય આસ્થાથી પ્રેરાઈને કે બીજા પણ કોઈ નિમિત્તે આવા અવગુણો અને મહાદોષોનો ભોગ બની જાય છે ત્યારે એની ભૂતના વળગાડ જેવી જલદ અસર આગળ માનવી પામર બનીને ધર્મનો અને માનવજીવનનો સાર ગુમાવી બેસે છે, એટલું જ નહીં, પોતે જે સમાજમાંથી આવતો હોય એ સમાજમાં પણ બેચેની અને કલેશ-દ્વેષનું વાવેતર કરવાનું નિમિત્ત બની જાય છે; અને છતાં માને છે કે હું ધર્મની રક્ષા કરું છું, અને મારા આત્માનો ઉદ્ધાર કરું છું! આ પણ આત્મવંચનાનો જ એક પ્રકાર કહી શકાય.

માનવી આવી પામરતા, કમજોરી અને કમનસીબીનો ભોગ બનીને કેવાં કેવાં, ન કરવા જેવાં, કામો કરી બેસે છે અને

—મ ણ કા—

જે મુસાફર લાંબી મુસાફરીમાં પોતાની સાથે ભાતું લઈને ચાલે છે, તે આગળ જઈને ભૂખ અને તરસથી જરાય હેરાન નથી થતો અને ખૂબ સુખી થાય છે, એ જ પ્રમાણે જે માનવી સારી રીતે ધર્મનું આચરણ કરીને પરલોકમાં જાય છે, તે ત્યાં જઈને હળુકર્મી અને પીડારહિત થઈને ખૂબ સુખી થાય છે.

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર

ધર્મક્ષેત્રને વાતવાતમાં કુરુક્ષેત્ર બનાવી મૂકવામાં કેવો રાચે છે, એના દાખલા આપણા તપગચ્છ સંઘમાં, છેલ્લા બે–ચાર દાયકા દરમ્યાન, ઘણા બન્યા છે, અને જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને બીજા કેટલાંક સ્થાનો તો જાણે એનાં કેન્દ્રો બની ગયાં છે. તેમાંય સુરેન્દ્રનગર તે જાણે આ વાતનું રણમેદાન બની ગયું હોય એમ ત્યાં કેવળ કંઈ કંઈ જાતના કલેશો જ નહીં, કોર્ટના કેસો (દાવાઓ) સુધ્ધાં થયા છે; અને આટલું ઓછું હોય એમ ત્યાં સંઘની એકતા અને સંઘવ્યવસ્થાની એકછત્રતા ખંડિત થાય એ રીતે નવું વ્યવસ્થાતંત્ર અને એ તંત્રને કાયમીરૂપ આપવા માટે નવું જિનમંદિર અને નવો ઉપાશ્રય સુધ્ધાં તૈયાર થઈ રહ્યાં છે. તપગચ્છ સંઘને વેરવિખેર કરતાં આવાં બધાં પગલાં—એ છેલ્લા ચારેક દાયકા દરમ્યાન ઊભા થવા પામેલ તિથિચર્ચાના મતભેદે જન્માવેલ મનભેદને લીધે સંઘમાં જાગી ઊઠેલ કલેશ–દ્વેષની વૃત્તિનું જ પરિણામ છે, એ દેખીતું છે. વળી, માગ્યા કરતાં સવાયો પૈસો મળતાં આપણે કેવા ગુમરાહ બની જઈએ છીએ, એનું આ પણ એક ઉદાહરણ છે.

સુરેન્દ્રનગરના સંઘની સામે ન માલૂમ કેવી કેવી જાતના કેસો ન્યાયાલયોમાં દાખલ કરવામાં આવ્યા છે! આવા કેસોમાંના એક કેસનો ફેંસલો, બે એક મહિના પહેલાં, તા. ૨૨-૧–૭૫ના રોજ આવી ગયો છે. આ ફેંસલો અરજી દાખલ કરનારની વિરુદ્ધમાં અને સંઘના લાભમાં આવ્યો છે; અને શ્રીસંઘને એની વિશેષ જાણ કરવા માટે જ મોડે મોડે પણ અમે આ નોંધ લખવા પ્રેરાયા છીએ.

આ કેસની વિગત આ પ્રમાણે છે—

સુરેન્દ્રનગરના સંઘે (ત્યાંના સંઘની શ્રી આણંદજી કલ્યાણજીની સ્થાનિક પેઢીએ) તા. ૧૩–૪–૧૯૭૨ના રોજ, આપણા પવિત્ર પંચમ અંગ આગમસૂત્ર શ્રી ભગવતીસૂત્રના તામ્રપત્ર અંગે, સર્વાનુમતે, દસ હજાર રૂપિયા આપવાનો ઠરાવ કર્યો હતો. આ ઠરાવને હકૂમત વગરનો અને ગેરકાયદે ઠરાવવા માટે તેમ જ સંવત્સરી પર્વની અને તિથિઓની આરાધના સુરેન્દ્રનગર સંઘ જન્મભૂમિ પંચાંગ પ્રમાણે કરે એવો કોર્ટથી ઠરાવ લેવા માટે, બે જૈન ભાઈઓએ (મહેતા બાબુલાલ ઉર્ફે દીપચંદ વખતચંદે અને સંઘવી ત્રિભોવનદાસ પોપટલાલે), સુરેન્દ્રનગરની ડિસ્ટ્રીકટ કોર્ટમાં દાવો દાખલ કરવાની મંજૂરી આપવા માટે અમદાવાદના મે. ચેરિટી કમિશનર સાહેબને, કલમ ૫૧ પ્રમાણે, તા. ૩૧–૮–૭૨ના રોજ, અરજી કરી હતી.

અમદાવાદના મે. ચેરીટી કમિશનર સાહેબે, અરજી દાખલ થયા બાદ સવા બે વર્ષ કરતાં પણ વધારે વખત પછી, તા. ૨૨–૧–૭૫ના રોજ, આ અરજીનો ફેંસલો આપી દીધો છે. આ ફેંસલો આ પ્રમાણે આપવામાં આવ્યો છે: "પરિણામે આ અરજી નિષ્ફળ જાય છે અને તે ખર્ચ સાથે રદ કરવામાં આવે છે."

આ ફેંસલો કોઈ પણ ધર્માનુરાગી, સહૃદય અને સંઘહિતચિંતક વ્યક્તિને ખુશાલી ઉપજાવે એવો છે; અમે પણ આ રીતે સત્ય અને ન્યાયી વાતનો વિજય થયો જાણીને ખૂબ રાજી થયા છીએ અને ધીરજ, ખંત અને શાણપણપૂર્વક પોતાની વાતની રજૂઆત કરીને આવો દાખલારૂપ ફેંસલો મેળવવા બદલ અમે સુરેન્દ્રનગરના સંઘને અને એના આગેવાનો તથા કાર્યકરોને હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

આ ધન્યવાદ આપતી વખતે એ વાત પણ અમારા ખ્યાલમાં છે કે એમની સામે જાતજાતના કેસોના જે જાળાંઝાંખરાં ઊભાં કરવામાં આવ્યાં છે, તેમાં આ તો "પાશેરમાં પાંચ પૂણીઓ" જેટલું જ કામ પત્યું છે; અને હજી બીજા કેસોને પહોંચી વળવાની લાંબી મજલ કાપવી બાકી છે. તેઓ તો આ માટે, શાણપણ અને શાંતિથી, પોતાથી બનતો પુરુષાર્થ કરશે જ, પણ આ કામ એવું મોટું અને સંઘના વ્યાપક હિત તથા યોગક્ષેમની દૃષ્ટિએ એવું મહત્ત્વનું છે કે જેથી સમસ્ત સંઘે સુરેન્દ્રનગર સંઘને સક્રિય સહકાર તથા જરૂરી સહાય આપવાં જોઈએ.

મમતના કારણે સંઘની કેવા કેવા પ્રકારની કનડગત કરવામાં આવે છે, એ જાણીતું છે, એટલે એ માટે વિશેષ કહેવાની જરૂર નથી. જ્યારે આવી કનડગતની વિરુદ્ધ કોઈ ફેંસલો મળ્યાનું સાંભળવા-જાણવામાં આવે છે, ત્યારે ખુશાલી ઉપજે છે, તે આ જ કારણે.

બાકી તો, આ આખા ફેંસલાનો અભ્યાસ કરીને એમાં રજૂ કરવામાં આવેલ મહત્ત્વના વિરુદ્ધના મુદ્દાની છણાવટ કરવામાં આવે તો, માનસશાસ્ત્રની દૃષ્ટિએ પણ, એથી સંઘને ઘણું ઘણું જાણવા મળે.

અમે આ ફેંસલાનું સ્વાગત કરીએ છીએ અને સુરેન્દ્રનગર સંઘને ફરી ધન્યવાદ આપીએ છીએ.

---

## સામયિક સ્ફુરણ

### ધાર્મિક શિક્ષણ પ્રત્યે રુચિ જગાડવાનાં કેટલાક સૂચનો

જીવનઘડતર અને સંસ્કાર-પોષણ માટે ધાર્મિક શિક્ષણની જેટલી જરૂર છે, એટલી જ એના પ્રત્યે ઉદાસીનતા-ઉપેક્ષા સેવવામાં આવે છે, એ સ્પષ્ટ દેખાય છે. પરિણામે જૈન સંઘની દૃષ્ટિએ આપણે ત્યાં પાઠશાળાઓ કેટલી, એમાં આદર્શ કે ઉત્તમ કક્ષાની કેટલી, એમાં સંસ્કારી, અભ્યાસી અને લાગણીશીલ શિક્ષકો કેટલા, અને પાઠશાળાઓનો લાભ લેનાર વિદ્યાર્થીઓ અને કન્યાઓની સંખ્યા કેટલી તેમ જ ધાર્મિક શિક્ષણ આકર્ષક અને રુચિકર કેવી રીતે બની શકે તથા સારા શિક્ષકો સ્થિરતાથી કેવી રીતે ટકી રહે—વગેરે અનેક પ્રશ્નો વિચારવા જેવા છે. આ વિચારણા કેવળ બુદ્ધિ કે તર્કના બળે નહીં પણ અનુભવ, વ્યવહારુપણા અને ભવિષ્યના સ્પષ્ટ દર્શનના આધારે થાય તો જ ઉપયોગી બની શકે.

મુંબઈના શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના માસિક મુખપત્ર "જૈન શિક્ષણ-સાહિત્ય-પત્રિકા"ના ગત નવેમ્બર-ડિસેમ્બર માસના સંયુક્ત અંકમાં ખંભાતના શ્રી રમણલાલ ભોગીલાલ પારેખનો "પાઠશાળાનો વિકાસ કેમ થાય" એ નામે એક લેખ છપાયો છે, એમાં ધાર્મિક શિક્ષણ અંગે કેટલાંક વિચારણીય મુદ્દાઓ રજૂ થયા છે, તે મુદ્દાઓ અહીં સાભાર રજૂ કરીએ છીએ. તેઓ લખે છે કે—

"(૧) પાઠશાળામાં ધાર્મિક જ્ઞાન મેળવવા આવનાર બાળકોને તેમાં રસ ઉત્પન્ન કરવો જોઈએ, તેવા સાધનો યોજવા જોઈએ; જેથી હાજરી ઓછી છે એવી ચિંતા કરવી ન પડે. રસ ઉત્પન્ન થશે તો બાળકોને બોલાવવા જવું નહીં પડે, તેઓ દોડતા આવશે.

"(૨) પ્રાથમિક ધોરણોમાં આપણે સામાન્યકક્ષાના

શિક્ષકો રોકીએ છીએ. જેઓ બાળકોને રસપૂર્વક જ્ઞાન આપી શકતા નથી. માટે ઉચ્ચકક્ષાના શિક્ષકો રોકવા જોઇએ. જેઓ દરેક બાળકમાં રસ લે, પ્રત્યેક બાળકના વિકાસ પર ધ્યાન આપે. મને યાદ છે ત્યાં સુધી પહેલા ધોરણમાં એમ. એ.ના પ્રોફેસરને રોકવા જોઇએ એવું કયાંક વાંચ્યું છે, જ્યારે આપણે છેલ્લી કક્ષાના શિક્ષકને રોકીએ છીએ. એટલે પ્રથમ ગ્રાસે મક્ષિકા ન્યાયે શરૂથી જ બાળકને ધાર્મિક શિક્ષણ બોજારૂપ લાગે છે. તેમાં તેને રસ પડતો નથી એટલે પ્રભાવનાની લાલચે, માતા-પિતાના ધોંચ-પરોણાને લીધે, તે પાઠશાળાએ જાય છે અને ઉંમર વધતાં, નિશાળનો અભ્યાસ વધતાં, પાઠશાળા છોડી દે છે.

"(૩) માત્ર પાઠશાળામાં જ ભણવું, ઘેર જઈને જરા પણ અભ્યાસ ન કરવો, એ બાળકો સમજી ગયા હોય છે. ઘેર જેમ નિશાળનો અભ્યાસ કરે છે તેમ પાઠશાળાનો અભ્યાસ કરે એવી સતત પ્રેરણા શિક્ષકોએ આપવી જોઈએ.

"(૪) આપણે ત્યાં કથાઓનો તોટો નથી. શિક્ષકે બાળકોને ગમે, રસ ઉત્પન્ન કરે, આનંદ થાય એવી કથા રોજ કહેવી.

"(૫) બાળકો રોજ–રોજ ધર્મનો–ગાથાઓનો અભ્યાસ કરે, કંઠસ્થ કરે એવો આગ્રહ રાખવો નહીં, પણ સમજે અને પછી કંઠસ્થ કરે એ પ્રથો અપનાવવી.

"(૬) દરેક સૂત્ર–ગાથાનો તલસ્પર્શી અભ્યાસ શિક્ષકે કરવાનો છે અને બાળકોને તે સુંદર દાખલા–દલીલોથી સમજાવવાનો છે. અર્થ–ભાવાર્થ–ચિંતન સમજાવવાનું છે.

"(૭) ૧૦૦ બાળકોને પંચ પ્રતિક્રમણ–કર્મગ્રંથનો અભ્યાસ કરાવી દીધો એવું અભિમાન શિક્ષકોએ રાખવાનું નથી, કારણ, બાળકો સમય જતાં માત્ર કંઠસ્થ કરેલું, સમજ્યા વગરનું ભૂલી જાય છે. જે થાય તે સીમેન્ટ કોન્ક્રેટ જેવું કરવાનું છે તે શિક્ષકોએ યાદ રાખવાનું છે.

"(૮) ગમે તેવા ઓછા, છીછરા અભ્યાસવાળા શિક્ષકો બાળકોને જ્ઞાનમાં રસ ઉત્પન્ન કરાવી શકશે નહીં. માટે, શિક્ષણ કેવી રીતે આપવું, કેવું આપવું, બાળકોમાં રસ કેવી રીતે ઉત્પન્ન કરવો આ બધું શિક્ષકોએ શીખવાનું છે.

"(૯) દર માસે સ્નાત્રમહોત્સવ ઉજવવો. રાગ–રાગણી, દાંડીયારાસ, નૃત્ય સાથે–છપ્પન દીગ્કુમારિકાઓ ૬૪ ઇંદ્રોનો સમન્વય સાધવો. સ્નાત્ર ભણાવતાં દરેક બાળકને આવડવું જ જોઇએ.

"(૧૦) આપણે 'ગૃહસ્થો સ્કુલ–કોલેજનું' શિક્ષણ બાળકોને આપવા માટે ખર્ચમાં જેટલા ઉદાર છીએ તેનાથી દશમા ભાગના ધાર્મિક જ્ઞાન આપવા માટે નથી. પાઠશાળાઓ સારી રીતે ચલાવવી હોય તો આપણે સંઘના સભ્યોએ ઉદાર બનવું પડશે.

"(૧૧) આપણે જેમ બને તેમ ઓછા પગારવાળા શિક્ષકો શોધીએ છીએ. ગોળ એટલું ગળ્યું થાય. ઓછા પગારમાં કેવા શિક્ષકો મળે? તેનો આપણને અનુભવ છે. હોંશિયાર, ખંતીલા, તેજસ્વી શિક્ષકો મેળવવા હશે તો પગાર પૂરતો—બેંક કે સરકારી કર્મચારીઓની તુલનામાં (પગાર)—આપવો પડશે અને તે માટે આપણે ઉદાર બનવું પડશે.

"(૧૨) હોંશિયારી, ખંતીલા, તેજસ્વી શિક્ષકો તૈયાર કરવા માટે આપણે ઘણો મોટો ભાગ આપવો પડશે અને તે માટે એક માત્ર શ્રી મહેસાણા પાઠશાળાથી નહિ ચાલે; મોટા પાયા પર, વિશ્વવિદ્યાલયના ધોરણે, સંસ્થા ઊભી કરવી પડશે અને તેમાં શિક્ષણ આપવું પડશે.

"(૧૩) શિક્ષકોએ પગાર લેવો પડે છે. જો શક્ય હોય તો બીજા સાધનોથી પોતાની આજીવિકા ઊભી કરી માનદ કાર્ય કરવું જોઈએ (અવેતન), એટલે હમારો શિક્ષક લોભી નહીં હોય. જો શક્ય હોય તો આજીવન બ્રહ્મચારી હોવો જોઇએ. અને તે જ સારામાં સારા સંસ્કારો બાળકોમાં નાંખી શકે.

"(૧૪) સાધર્મિક બાળકોને શિક્ષણ આપી સારા સાધર્મિકો તૈયાર કરવાની અને એ રીતે આ બાળકો જલ્દી મુક્તિગામી બને એવી ભાવનાપૂર્વક શિક્ષકોએ શિક્ષણ આપવાનું છે.

"(૧૫) શિક્ષકોએ બાળકોને વાત્સલ્યપૂર્વક શિક્ષણ આપવાનું છે, બાળકોની માતા બનવાનું છે. પોતાનું બાળક ગણી તેની ભાવદયાપૂર્વક શિક્ષણ આપવાનું છે. આ બાળક તેના આત્માનું કલ્યાણ કરી જલ્દી

શિવસુખ પામો એ ભાવના સતત ચિંતવવાની છે.

"(૧૬) શિક્ષકોએ રોજ પાઠશાળાના ઉત્કર્ષ માટે અનુપ્રેક્ષા—ચિંતન કરવાનું છે. પોતે કેવા ઉપાયો યોજે તો પાઠશાળા સરી રીતે ચાલે, બાળકો ઉત્સાહભેર શીખે."

આ મુદ્દાઓ આ બાબતની વિચારણા કરવામાં પ્રાથમિક ભૂમિકા તરીકે ઉપયોગી થઈ શકે એમ છે. જ્યારે અંતિમ અને અમલી કહી શકાય એવો નિર્ણય કરવો હોય ત્યારે તો મુદ્દાઓની વિશદ છણાવટ કરીને અને એમાં જરૂરી ફેરફાર કરીને જ એમ કરવું જોઈએ. ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન એવો મહત્ત્વનો છે કે પુનરુક્તિનો દોષ વહોરીને પણ એની વારંવાર વિચારણા કરવી જરૂરી છે. આ નોંધ લખવાનો અમારો આશય આ જ છે.

## બોટાદમાં માળની ભવ્ય ઉજવણી

બોટાદ શ્રીસંઘની અત્યંત આગ્રહભરી વિનતિ સ્વીકારી ૪૫ વર્ષે ચાતુર્માસ કરી બોટાદના આંગણે પ્રથમવાર જ ઉપધાનતપની મંગલ આરાધના કરાવનાર પૂ. આ.શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઉપધાન તપનો માળારોપણ મહોત્સવ સિદ્ધચક્ર મહાપૂજન, શાંતિસ્નાત્ર, સાત છોડનું ઉજમણું આદિ અનેકાનેક કાર્યક્રમોના આયોજનપૂર્વક ધામધુમથી ઉલ્લાસભેર ઉજવાએલ છે. તપસ્વીઓના વરઘોડા, બોટાદમાં કયારે પણ ન ચઢયો હોય તેવો, અભૂતપૂર્વ હતો. ૧૨ થી ૧૫ હજાર દર્શનાર્થીઓની મેદની જામી હતી. ઉપધાનતપની આરાધના દરમ્યાન મદ્રાસ નિવાસી શ્રી કાનમલજી પ્રકાશમલજી સમદડિયાએ આયંબિલ શાળામાં સારી એવી રકમનું દાન આપ્યું છે. આયંબિલશાળાનું ખાતમુહૂર્ત શ્રી કાંતીલાલ ધીયાના હસ્તે થયું છે. મહોત્સવ પ્રસંગે આ.શ્રી વિજયમોતીપ્રભસૂરિજી મ. આદિ પધાર્યા હતા. બન્ને આચાર્ય મ.ની નિશ્રામાં અત્રેથી છ'રી પાળતો શ્રી શત્રુંજયનો સંઘ નીકળનાર છે.

### ૧૦૦ મી વર્ધમાનતપની ઓળીનું પારણું

નરોડા (અમદાવાદ) શ્રીસંઘ તરફથી પૂ. આ. દેવશ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તિની સાધ્વીશ્રી પુણ્યપ્રભાશ્રીજી મ.ની વર્ધમાનતપની ૧૦૦ મી ઓળીના તથા સાધ્વીશ્રી રત્નપ્રભાશ્રીજી મ.ની ૬૫ મી ઓળીના પારણા પ્રસંગે પૂ. આ. શ્રી વિજયયશોભદ્રસૂરિજી મ.ની નિશ્રામાં મહા વદ ૧૧થી પાંચ દિવસનો મહોત્સવ સુંદર રીતે ઉજવવામા આવ્યો છે. ફા. સુદ પ્રથમ ૬ના સાધ્વીજી મ. ના પારણા તથા સિદ્ધચક્ર મહાપૂજન સાનંદ થયેલ.

## હણાદરા (રાજસ્થાન)

પંન્યાસશ્રી સ્વયંપ્રભવિજયજી ગણિવરાદિ શ્રીસંઘની વિનતિથી સાડંબાથી ઉગ્ર વિહાર કરી અત્રે પધારતા ઠાઠથી સામૈયું કરવામાં આવેલ. તેઓશ્રીના સદુપદેશથી શા નવલમલ ભગાજીએ પોતાના માતપિતાની સ્મૃતિ નિમિત્તે તૈયાર કરેલ નૂતન ઉપાશ્રયનુ ઉદ્‌ઘાટન થયેલ છે.

આબુની પ્રાચીન તલાટીમાં આવેલા આ ગામમાં સેંકડો વર્ષ જુના, જીર્ણ પણ વિશાળ એવા દેરાસરજીનો જીર્ણોદ્ધાર રૂા. ૫ થી ૭ લાખના ખર્ચે કરવાનું પૂ. પંન્યાસજી મ.ના ઉપદેશથી અત્રેના શ્રી આદીશ્વરજી જૈન સંઘે નક્કી કરતાં, તેનું ખાતમુહૂર્ત મહા વદ ૨ ના રોજ પૂજ્યશ્રીના વાસક્ષેપપૂર્વક કરવામાં આવેલ છે.

## દીક્ષા મહોત્સવ રાધનપુર

અત્રેના સામાજિક કાર્યકર અને પૂર્વે ધારાસભ્ય શ્રી માણેકલાલ વખારીઆના નાનાભાઈ શ્રી જયંતીલાલ નાથાલાલના સુપુત્રી કુ. જયના બહેન (ઉ. વર્ષ ૨૦)ની ભાગવતી દીક્ષા મહા સુદ ૧૦ના આ. શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મ.ના વરદ હસ્તે, ચતુર્વિધ સંઘની વિશાળ હાજરીમાં, ઉત્સાહભેર થયેલ છે. દીક્ષાર્થીને સંઘસ્થવિર આ. શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મ.ના આજ્ઞાવર્તિની સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજીના શિષ્યા બનાવી સાધ્વીશ્રી મુક્તિનિલયાશ્રી નામે જાહેર કરવામાં આવ્યા છે.

દીક્ષાર્થી જયના બહેનનું આ અગાઉ અનેક સંસ્થાઓએ જાહેર મેલાવડો યોજી બહુમાન કર્યું હતું. દીક્ષા નિમિત્તે તેમના કુટુંબીઓ તરફથી શાંતિસ્નાત્રાદિ સહ પંચાહ્નિકા મહોત્સવ ઠાઠથી ઉજવાએલ. વરસીદાનનો વરઘોડો પણ ભવ્ય હતો. દરેક ધાર્મિક ખાતાની ઉપજ સારી એવી થયેલ.

## પૂજ્ય આ. શ્રી માણિક્યસાગરસૂરિજી મ. નું
# સુધરતું સ્વાસ્થ્ય

આગમોદ્ધારક આ. દેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.ના પટ્ટધર અને વર્તમાન ગચ્છાધિપતિ આ. દેવશ્રી માણિક્ય-સાગરસૂરિજી મહારાજની લુણાવાડા (પંચમહાલ) ખાતે તાજેતરમાં ઘણી જ નરમ તબીયત થઈ ગઈ હતી. તાત્કાલિક ઉપચારથી હવે સ્વાસ્થ્ય સુધરી રહ્યું છે. અશક્તિ ઘણી છે. પૂજ્યશ્રીની માયાળુ કૃપા શાસનમાં દીર્ઘ સમય સુધી પ્રવર્તતી રહો એવી પ્રાર્થના છે.

### દાઠા (તળાજા)

અત્રે આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ., આ. શ્રી વિજયનીતિપ્રભસૂરિજી મ. આદિ મહા વદ ૫ ના પધારતાં અને પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ., આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ. આદિ મહા વદ ૮ના પધારતાં, બન્ને પ્રસંગે ભારે ધામધુમથી સામૈયું કરવામાં આવ્યું હતું. તેમજ પૂજા, પ્રભાવના, આંગી અને સાધર્મિકવાત્સલ્યનો જુદા જુદા ભાઈઓએ લાભ લીધો હતો.

શાહ ગુલાબચંદ હંસરાજના ધર્મપત્ની સાંકળી-બહેનની પુણ્યતિથિ નિમિત્તે પૂજા, પ્રભાવના અને આંગી પૂર્વક મહા વદ ૮ થી ૧૦ સુધીનો ઓચ્છવ સાધ્વીશ્રી કુમુદશ્રીજી આદિની નિશ્રામાં ઉજવવામાં આવેલ.

### ગ્રન્થ પ્રકાશન સમારોહ–મુંબઈ

શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી લિખિત 'મંત્ર દિવાકર' ગ્રન્થનું પુનઃમુદ્રણ કરવામાં આવતા, મુંબઈ ખાતે ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બર્સ હોલ (ચર્ચ ગેટ)માં તા. ૮–૩–૭૫ના રોજ, તેનો પ્રકાશન અને સમર્પણ સમારોહ યોજવામાં આવેલ. રાષ્ટ્રિય આગેવાન અને આ સમારોહના અધ્યક્ષ ડૉ. મોહનલાલ બી. પોપટના વરદ હસ્તે આ ગ્રન્થનું પ્રકાશન થયું હતું. જ્યારે તામીલનાડુના રાજ્યપાલ અને સમારોહના અતિથિવિશેષ શ્રી કે. કે. શાહને આ ગ્રન્થ સમર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે પધારનાર અનેક વિદ્વાનોના પ્રાસંગિક પ્રવચનો તેમ જ પં. શ્રી ધીરૂભાઈ દ્વારા ગણિતસિદ્ધિના પ્રયોગો થયેલ.

## પૂજ્ય યશોવિજયજી મહારાજને નડેલ
# અકસ્માત

સાહિત્ય–કલા–રત્ન પૂજ્ય મુનિવર્ય શ્રી યશોવિજયજી મહારાજ ઘાટકોપર (મુંબઈ)માં સર્વોદય હોસ્પિટલના શ્રી પાર્શ્વનાથ પ્રાસાદે પ્રતિષ્ઠાનું કાર્ય પૂર્ણ કરી મલાડ દેવચંદનગરમાં એક બહેનની ભાગવતી દીક્ષા પ્રસંગે પધારી રહ્યા હતા ત્યારે, અંધેરીથી મલાડના રસ્તે પાછળથી આવતા એક સ્કુટર સાથે અકસ્માત નડતા, તેઓશ્રીના જમણા હાથે ફ્રેકચર થયું છે. તાત્કાલિક ઓપરેશન કરી પ્લાસ્ટર બાંધવામાં આવ્યું છે. તેમજ કમરના ભાગે મણકો દબાઈ જતા પાર્લામાં આવેલી નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તબીયત સુધારા ઉપર છે.

### પાલિતાણા : બે બહેનોની દીક્ષા અને તીર્થમાળ

પૂ. ગણિવર્યશ્રી લબ્ધિવિજયજી મ આદિની નિશ્રામાં વાયડનિવાસી શ્રી નરોત્તમભાઈની સુપુત્રી કુ. રસીલાબહેન ( ઉ. વર્ષ ૧૯ ) અને શ્રી સેવંતીભાઈની સુપુત્રી રમીલાબહેન (ઉ. વર્ષ ૧૭)ની દીક્ષા સુધર્મ નિવાસમાં સાનંદ થઈ છે. દીક્ષા નિમિત્તે વાયડમાં પાંચ દિવસના ઓચ્છવ સાથે વરસીદાનનો વરઘોડો ચઢ્યો હતો. અને અત્રે સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું હતું. પૂ. ગણિવર્યશ્રી આદિ અત્રે સંડેરાવ ભુવનમાં ફા. સુદ ૧૩ સુધી સ્થિરતા કરશે. ત્યારબાદ પ્રાયઃ ભાવનગર, ઘોઘા આદિ પધારશે.

વાયડનિવાસી શ્રી મંગળદાસ રવજીભાઈની ગિરિ-રાજનો યાત્રાસંઘ કાઢવાની ભાવના પૂર્ણ થતાં, તે નિમિત્તે આખા ગામને જમાડ્યું હતું. મહા સુદ ૧૦ના આઠ બસ દ્વારા ચારસો માણસોને સંઘ લઈને શંખેશ્વર થઈ સુદ ૧૧ ના શ્રી શત્રુંજય તીર્થે મહારાષ્ટ્ર ભુવનમાં પધારેલ. ત્યાં ઉપરોક્ત બન્ને બહેનોના દીક્ષા પ્રસંગમાં જોડાય, સુદ ૧૨ના ગણિવર્યશ્રીની નિશ્રામાં યાત્રાપૂર્વક તીર્થમાળ પહેરી હતી. માળની ઉપજ રૂા. ૫૦૦૦ થયેલ. શ્રી વર્ધમાન આયંબિલ ખાતા, શ્રાવિકાશ્રમ વગેરે ક્ષેત્રોમાં એવી રકમ નોંધાવી હતી. સંઘે પાંચ દિવસ રહી તીર્થભક્તિનો સુંદર લાભ લીધેલ.

## માલેગાંવ (મહારાષ્ટ્ર)માં પૂ. આ.શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉપધાન-માળારોપણ-નવછોડના ઉદ્યાપનયુક્ત ઉજવાયેલ ભવ્ય મહોત્સવ શ્રી મોતીલાલ વીરચંદ શાહે ઉપાશ્રયમાં આપેલ રૂા. ૨૫ હજારની રકમ

પૂ. આ.દેવશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ., પૂ. આ.શ્રી વિજયવર્ધમાનસૂરિજી મ., પૂ. આ.શ્રી વિજયરૈવતસૂરિજી મ, પૂ પં. શ્રી નિત્યાનન્દવિજયજી ગણિવરાદિ ઠા. ૮ ની નિશ્રામાં શ્રી ભુરમલજી અચલચંદજી તરફથી પોષ શુદ ૩ તથા પાંચમના શરૂ થયેલ ઉપધાનતપમાં ૧૦૦ આરાધક ભાઈ-બહેનો ઉલ્લાસપૂર્વક જોડાયાં હતાં. ઉપધાનતપ કરાવનાર શ્રી ભુરમલજીના ધર્મપત્ની અ. સૌ. શાંતાબહેન, ચિ. કુ. મોસંબીબેન આદિ કુટુંબીજનો તથા અત્રેના આગેવાન શ્રી મોતીલાલ વીરચંદ શાહ આદિ તેમ જ મુંબઈ, નાસિક, ધુલિયા અમલનેર, સંગમનેર આદિ સ્થળેથી આવેલ ભાઈ-બહેનો આ ઉપધાનતપની આરાધનામાં જોડાયાં હતાં.

**નવછોડના ઉદ્યાપનયુક્ત જિનેન્દ્રભક્તિ મહોત્સવ**

ઉપધાન નિર્વિઘ્ને પૂર્ણ થતાં, માલારોપણ પ્રસંગે ઉદ્યાપનયુક્ત સિદ્ધચક્ર મહાપૂજન, અષ્ટોત્તરી બૃહત્શાંતિસ્નાત્રાદિ સહ એકાદ્દશાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ મહા સુદ ૧૩થી વદ ૯ સુધીનો ભવ્ય રીતે ઉજવાયો હતો. શ્રી વાસુપૂજ્યસ્વામીજી પધરાવવાપૂર્વક નવ છોડના ઉદ્યાપનનું ઉદ્ઘાટન શ્રી ભુરમલજીના શુભ હસ્તે થયું હતું. મહોત્સવમાં શ્રી ઉમંગલાલ જે. શાહ તથા શ્રી જયંતકુમાર 'રાહી' આદિ સંગીતકારોએ સુંદર ભક્તિરંગ જમાવ્યો હતો. શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી હિંમતલાલજી મુંબઈવાળાએ તથા શ્રી અષ્ટોત્તરી બૃહત્શાંતિસ્નાત્રાદિની ક્રિયાવિધિ અત્રેના ક્રિયાકારક શ્રી મનસુખભાઈ તથા પંડિતશ્રી શાંતિભાઈએ સુંદર રીતે કરાવેલ. દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, જીવદયા વગેરેની ઉપજ માલેગાંવના ઈતિહાસમાં રેકર્ડરૂપ થઈ હતી.

**માલારોપણ મહોત્સવ તથા ઉદાર સખાવત**

મહા વદ ૮ ના તપસ્વીઓનો ભવ્ય વરઘોડો ચઢ્યો હતો. વદ ૯ ના મંગલ મુહૂર્તે નાણ સમક્ષ, કિલ્લામાં શણગારેલ વિશાળ મંડપમાં, પૂ. આચાર્યશ્રીના વરદ હસ્તે તપસ્વીઓની માલાપરિધાનની ક્રિયા થઈ હતી. બાદ, ત્યાં જ સમસ્ત જૈનોની 'નવકારશી' થઈ હતી. બપોરે વિજયમુહૂર્તે શ્રી અષ્ટોત્તરી બૃહદ્ સ્નાત્ર ઉદ્યાપન મંડપમાં ભણાવાએલ. આ સમયે ઉદારદિલ આગેવાન શ્રી મોતીલાલ વીરચંદ શાહે ઉપાશ્રય માટે રૂા. ૨૫ હજારની માતબર રકમનું દાન જાહેર કર્યું હતું અને 'સૌ. જાનકીબેન મોતીલાલ વીરચંદ પૌષધશાળા તથા આદ્ય આર્યા ચંદનબાળા ઉપાશ્રય'નું નામકરણ પણ શ્રીસંઘના ઉલ્લાસ વચ્ચે જાહેર કરવામાં આવ્યું હતું.

**અનેકવિધ પ્રભાવનાદિ**

પૂ. આચાર્યશ્રીના સદુપદેશથી ઉપધાનતપ કરનાર તપસ્વીઓએ એક જનરલ ટીપ કરી હતી. તેમાંથી રૂા ૧૦૦૦ ચંદનબાળા ઉપાશ્રયમાં અને દરેક તપસ્વીઓને બ્લેંકેટો આપવામાં આવ્યા હતા. શેઠશ્રી ભુરમલજી તરફથી તપસ્વીઓને પૂજાની પેટી અને ઉપકરણો તેમ જ અન્ય ભાવિકો તરફથી પ્રભાવનાઓ આપવામાં આવી હતી. સંઘપૂજનો, પ્રભાવનાદિ વગેરે અવારનવાર થયા હતા.

આ પ્રસંગે સ્વ. પૂ. બાપજી મહારાજના સમુદાયના સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી આદિ, સાધ્વીશ્રી હેમલતાશ્રીજી આદિ, અત્રે ચાતુર્માસ સ્થિત સાધ્વીશ્રી જયાનંદશ્રીજી આદિ, સાધ્વીશ્રી વિમલકીર્તિશ્રીજી આદિ તથા સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી આદિ ઠા. ૧૯ની ઉપસ્થિતિ હતી.

પૂ. આચાર્યાદિ સાધુ-સાધ્વીમહારાજોની પુણ્ય અને પ્રેરક નિશ્રાથી તેમજ શ્રીસંઘના અનેરા ઉત્સાહથી ઉપધાન-ઉદ્યાપન મહોત્સવો આદિ અપૂર્વ અને મંગલમય રીતે પરિપૂર્ણ થયા છે.

**વિવિધ તપશ્ચર્યા**

પૂ. આચાર્યશ્રીના શિષ્યરત્નો પૂ. આ.શ્રી વિજયરૈવતસૂરિજી મ.ને ૧૨૧ ઉપરાંત અઠ્ઠમો ચાલી રહેલ છે. પૂ. શ્રી નિત્યાનન્દવિજયજી ગણીને ૯૬ મી ઓળીનુ પારણું સુખપૂર્વક થયેલ છે. મુનિરાજશ્રી સિદ્ધાચલ-

વિજયજી મ.ને વિશસ્થાનકની ૨૦ મી ઓળી પૂર્ણ થયેલ છે. મુનિરાજ શ્રી ભુવનકીર્તિવિજયજી મ.ને ૭૩ મી ઓળી ચાલવા સાથે વિશસ્થાનકતપની ૧૯ મી ઓળી પૂર્ણ થયેલ છે. સાધ્વીશ્રી જયાનંદશ્રીજીને ૬૭મી ઓળી ચાલી રહી છે. સંઘમાં પણ અનેક તપશ્ચર્યા ચાલી રહેલ છે.

પૂજ્ય આચાર્ય મ.શ્રી આદિ અત્રેથી ફાગણ સુદમાં વિહાર કરી નાસિક, મનમાડ, એવલા, પિંપલગાંવ વગેરે સંઘોની વિનતિઓથી તે તરફ વિચરવા ભાવના રાખે છે.

## રતલામ-ગુજરાતી ઉપાશ્રયે ચોમાસુ

સુદગુદડી સ્થિત ગુજરાતી ઉપાશ્રયે શ્રીસંઘની આગ્રહભરી વિનતિથી મુનિરાજશ્રી અશોકસાગરજી મ૦ આદિનું ચાતુર્માસ ગુર્વાજ્ઞાપૂર્વક નક્કી થતાં શ્રીસંઘમાં અનેરો ઉલ્લાસ પ્રસર્યો છે. આઠ વર્ષના લાંબા સમય બાદ પૂજ્ય સાગરાનંદસૂરિજી મ૦ના સમુદાયના સાધુ-મહારાજનું આ પ્રથમ ચાતુર્માસ નક્કી થયું છે.

પૂ મહારાજશ્રીના પ્રતિદિન ચાલતા વ્યાખ્યાનનો શ્રીસંઘ સારો લાભ લઇ રહેલ છે. પ્રભાવનાદિ પણ વખતોવખત થાય છે. શ્રીસંઘમાં ઉત્સાહ સારો પ્રવર્તે છે.

**કાંદીવલી-મહાવીર નગરમાં પ્રભુજીને અમીઝર્યા**

અત્રે સેંકડોની સંખ્યામાં, સસ્તા ભાડાની ચાલીમાં, જૈનો વસે છે. ગયા પર્યુષણ પર્વ પ્રસંગે બોરીવલીથી તથા મલાડથી પ્રભુજીને લાવવામાં આવ્યા હતા. અને શતાવધાની પૂ આ. શ્રી વિજય કીર્તિચંદ્રસૂરિજી મ.ની શુભ નિશ્રામાં ગૃહમંદિરમાં પ્રભુજીની ચલ પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ હતી.

થોડા દિવસ પહેલા અહીં પ્રભુજીના અંગમાંથી કલાકો સુધી અમીઝર્યા હતા. અને તે સેંકડો ભાવિકોએ નજરે નિહાળ્યા. આની ખુશાલીમાં પૂ. આચાર્ય મ. શ્રીની પ્રેરણાથી અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવાતાં હજારો સ્ત્રી-પુરુષોએ હર્ષભર્યા હૈયે લાભ લીધો હતો. હજારોની સાધર્મીભક્તિ થઇ હતી. શ્રી નરેન્દ્રભાઈ બી શાહે આ બધા કાર્યોમાં સારો લાભ લીધો. જીવદયામાં રૂા. ૨ હજાર થયા. બે હજારની ઉપજ થઈ. યુવાન કાર્યકરોએ ઉત્સાહપૂર્વક સેવા બજાવી. પૂ. આચાર્યદેવના પ્રવચનોથી ઘણી જાગૃતિ આવી અને અનેરો આનંદ વર્તાઈ ગયો

### ઈનામિ મેલાવડો

અમદાવાદ, ઉસ્માનપુરા ઉપાશ્રયમાં શ્રી સંભવનાથ જૈન પાઠશાળાનો ઈનામિ મેલાવડો મહા સુદ ૧ના પૂ૦ આ૦ શ્રી વિજયમાનદેવસૂરિજી મ૦, ૫. આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ આદિની નિશ્રામાં યોજાતાં સર્વ પ્રથમ મંગલાચરણ, સ્તુતિ, ધૂન, સ્તવનાદિ થયા હતા. ત્યારબાદ પૂ ગુરુદેવોના તેમ જ પાઠશાળાના ટ્રસ્ટીશ્રી ચંદુભાઈ, શ્રી સુરેશભાઈ સી શાહ આદિના પ્રાસંગિક પ્રવચનો થયા હતા. શેઠશ્રી અમૃતભાઈના હસ્તે વિદ્યાર્થીઓને ચરવળા, કટાસણા વગેરેના ઇનામો અને અંતે પેંડાની પ્રભાવના અપાયેલ.

દસાડા:-સ્વ. ચીમનલાલ ગીરધરલાલના શ્રેયાર્થે તેમના કુટુંબીઓ તરફથી તા. ૮-૨-૭૫ના સિદ્ધચક્ર-પૂજન, સાધર્મિક વાત્સલ્ય વગેરે થયેલ. ભદ્રેશ્વર આદિ પંચતીર્થીની જાત્રાએ ગયેલ અહીંની મહિલા મંડળની બહેનો પૂજાદિ પ્રભુભક્તિનો અનેરો લ્હાવો લઈ સુખરૂપ પાછા આવી ગયા છે.

### ટાકરવાડા (બનાસકાંઠા)

પૂ. આ. શ્રી વિજયકનકપ્રભસૂરિજી મ, આ.શ્રી વિજયભુવનશેખરસૂરિજી મ આદિની નિશ્રામાં નૂતન સાધ્વીશ્રી સંયમપુર્ણાશ્રીજી અને સાધ્વીશ્રી શીલરત્ના-શ્રીજીની મહા સુદ ૪ના રોજ વડીદીક્ષા થઈ છે. અનેક ભાવિકોએ કામળી-કપડા વહોરાવવાનો લાભ લીધેલ.

મહા વદ ૫ના ધ્વજારોપણના વાર્ષિક દિને ધ્વજા ચઢાવનાર તરફથી પૂજા, પ્રભાવનાદિ તેમજ શ્રી સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવેલ.

મહા વદ ૧૧ના ગુરુદેવ શ્રી બુદ્ધિવિજયજી મ ની ૨૩ મી સ્વર્ગારોહણતિથિની ઊજવણી ગુણાનુવાદ, પૂજા, પ્રભાવના, સાધર્મિકવાત્સલ્યાદિ પૂર્વક સુંદર રીતે થઈ હતી.

વદ ૧૩ના પૂ. આચાર્યશ્રી આદિ અહીંથી ચતુ-ર્વિધ સંઘ સાથે મેત્રાણા તીર્થની યાત્રાર્થે વિહાર કરી બીજે દિવસે સામૈયાપૂર્વક મેત્રાણા તીર્થ પધાર્યા હતા.

# યુવાનોના નૈતિક ઘડતર માટેની જૈન ધાર્મિક શિક્ષણ શિબિરની સફળતા માટે ઉદાર સહકાર આપો

"... રંગરાગમાં મ્હાલતો હું... વરસમાં ઓછામાં ઓછા ૨૫૦ સિનેમા જોનારો હું... દરરોજ રાત્રિ ભોજન વખત કરનાર અને અઠવાડિયામાં લગભગ પાંચ હોટલની મુલાકાત લેનાર હું... પણ અહીં (શિબિરમાં) આવ્યા પછી ખરેખર મારા જીવનમાં ધરખમ પરિવર્તન થઈ ગયું છે..."

"...ખરાબ મિત્રોની સોબતમાં હું બીડી અને સીગારેટ પીતો. કાંદા અને બટાટા તો મારા પ્રાણસમાન પુરવાર થએલા પરંતુ શિબિરની તાલીમની મારા પર એવી જાદુઈ અસર થઈ છે કે મેં કંદમૂળ ખાવાના છોડી દીધા છે. એટલું જ નહિ બીડી–સિગારેટ કયારેય નહિ પીવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી છે..."

"શિબિર તો મારી માતા છે જેણે મને જીવતા જીવત પુનર્જન્મ આપ્યો છે..."

આ ઉદ્‌ગારો શિબિરાર્થીઓના છે. શિબિર છોડ્યા બાદ અમને મળતાં અનેક શિબિરાર્થીઓનાં પત્રોમાં એક વાત સમાન વાંચવા મળે છે કે શિબિરની તાલિમથી અમારા જીવનમાં પરિવર્તન આવ્યું છે.

પૂજ્ય તપોનિધિ આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજ સાહેબની નિશ્રામાં આજ સુધીમાં બાર જૈન ધાર્મિક શિક્ષણ શિબિરો યોજાઈ છે. તેમાં બે હજારથી વધુ યુવાનોએ ભાગ લીધો છે. આ યુવાનોમાંથી મોટા ભાગના કોલેજિયનો હતા. બાકીના મેટ્રિકના વિદ્યાર્થીઓ હતા.

યુવાનોને ધર્મની વૈજ્ઞાનિક અને માનસશાસ્ત્રીય ઢબે ઓળખ આપવામાં આવે છે તો તેઓ ધર્મના સાચા આરાધક અને રાગી બને છે. તેમનું નૈતિક જીવન દૃઢ બને છે. તેઓ સંસ્કારી બને છે.

અમારા પૂજ્ય વડીલો અને માનવંતા મુરબ્બીઓને અમે વિનમ્રપણે કહેવા માંગીએ છીએ કે આ કોઈ કલ્પના કે તરંગ નથી. એક દાયકાનો બે હજાર યુવાનો સાથેના અમારા પરિચયનો અનુભવ આ કહે છે.

આ શિબિરમાં જૈન તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ અને માર્ગાનુસારી જીવન, ધ્યાન અને જીવન, જૈનાચાર અને ભક્ષ્યાભક્ષ્ય તેમ જ આપણાં સૂત્રો અને તેનાં અર્થ રહસ્ય એમ પાંચ વિષયોનું પ્રાથમિક પણ વૈજ્ઞાનિક ઢબે પ્રયોગાત્મક શિક્ષણ આપવામાં આવે છે.

આગામી મે માસની ઉનાળાની રજાઓના ૨૧ દિવસ માટે આવી એક જૈન ધાર્મિક શિક્ષણ શિબિર યોજવાનું નક્કી થયું છે. સમય અને સ્થળ ચોક્કસ થયેથી તેની જાહેરાત કરાશે. આર્થિક અને અન્ય સાધનોની મર્યાદાના કારણે ૧૫૦ થી ૨૦૦ યુવાનોને એક શિબિરમાં નૈતિક અને આધ્યાત્મિક જીવનઘડતરની તાલીમ અપાય છે.

આ એક ભારે જવાબદારીભરી પ્રવૃત્તિ છે. શ્રી વર્ધમાન સેવા કેન્દ્રે આ પ્રવૃત્તિને નિયમિત અને વ્યવસ્થિત ચાલુ રાખવા કાયમી ફંડની એક યોજના કરી છે. પરંતુ તેની વિગતે વાત પછી કરીશું. અહીં અત્યારે અમારે આપને આગામી શિબિર માટે વિશેષ સક્રિય રસ લેતા કરવા છે.

આ શિબિરમાં સાધર્મિક ભક્તિની નિર્વ્યાજ ભાવનાથી ભોજન વગેરેની વ્યવસ્થા કરવામાં આવે છે. નૈતિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક ઘડતર માટે પ્રોત્સાહક પારિતોષિકો પણ અપાય છે.

તમારા પોતાના સંતાનોના જીવનવિકાસમાં શ્રી ચતુર્વિધ સંઘની ભાવિ આશાઓનાં નૈતિક ઘડતરમાં સક્રિયપણે ભાગ લેવાની અમે સૌ સુખી અને સંપન્ન ભાઈ–બહેનોને આગ્રહભરી વિનમ્ર વિનંતિ કરીએ છીએ.

૨૧ દિવસની એક શિબિરમાં ૧૫૦ થી ૨૦૦ યુવાનોનું નૈતિક ઘડતર કરવા પાછળ આશરે રૂા. ૪૫ હજારથી વધુ ખર્ચ આવે છે. આ ખર્ચનો ભાર સૌ ભેગા મળી વ્હેંચી લઈ અમને આ સમ્યક્ પ્રવૃત્તિ સુગમતાથી ચાલુ રાખવા અમે આપ સૌના ઉદાર સહકારની અપેક્ષા રાખીએ છીએ.

એક યુવાન જનમાંથી જૈન બને, સુશીલ અને સંસ્કારી બને તે માટે આપ સૌ શિબિરાર્થીઓને

એક દિવસ માટે–

રૂા. ૩૦૦ આપી નવકારશી કરાવી,

રૂા. ૬૦૦ આપી બપોરનું ભોજન કરાવી,

રૂા. ૫૦૦ આપી સાંજનું ભોજન કરાવી.

રૂા. ૧૦૦ આપી બપોરની છાશ પીરસીને તેમ જ

રૂા. ૩,૫૦૦નાં વિવિધ ઈનામોમાં યથાશક્તિ સહયોગ આપીને એક સાથે શ્રુતજ્ઞાનદાન અને સાધર્મિક ભક્તિનું મહાપુણ્ય ઉપાર્જન કરો.

આપે પ્રેમથી આપેલ નાની–મોટી રકમની પાંકી પહોંચ પણ આપવામાં આવે છે. યાદ રાખો કે આપે આપેલ એક રૂપિયો એક યુવાનનું નૈતિક જીવનઘડતર કરે છે.

આ યુવાનોમાંથી કોઇ ખૂદ તમારું પણ સંતાન હશે, તો કોઈ તમારા મિત્ર કે સ્વજનનું પણ સંતાન હશે. પોતાનુ સંતાન સંસ્કારી અને ધર્માનુરાગી બને તે કયા મા–બાપ ન ઈચ્છે ?

આ શિબિર દ્વારા અમે તમારા સંતાનોનું જીવન વધુ મંગળમય અને ધર્મમય બને તેની જવાબદારી લઈએ છીએ તો તમે સૌ પણ આ ભગીરથ કાર્યના વિશાળ ખર્ચને હળવો કરવાની જવાબદારી લેશો જ તેવી આશા રાખીએ છીએ.

: શિબિર સંચાલક :

કુમારપાળ વિ. શાહ

૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ–૪

(ટે. નં. ૩૩૦૫૪૯)

---

# યુવાન મિત્રો! રજાઓનો સદુપયોગ કરો

# શિબિર પ્રવેશનું ફોર્મ આજે જ મંગાવો

**આત્મિય વિદ્યાર્થી મિત્રો !**

પરીક્ષામાં પાસ થવા માટેના ઊજાગરાનો થાક હવે ઊતર્યો હશે. હવે દોઢ-બે મહિનાની 'છુટ્ટી'ની નિરાંત તમારા હૈયે હશે.

આ રજાઓનો સમય મહામૂલો છે. જીવનઘડતર માટેની આ સાનુકૂળ મોસમ છે. વ્યવહારિક (શાળા, કોલેજના) અભ્યાસમાંથી તમારી માહિતી વધે છે. જીવનનો ભૌતિક વ્યવહાર ચલાવવા માટેનું થોડુંક ઉપયોગી માર્ગદર્શન મળે છે.

પરંતુ જીવનની વાસ્તવિક ભૂમિ પર પગ માંડનાર દરેકનો અનુભવ કહે છે કે, જીવન એક મહાપ્રશ્ન છે. રોજબરોજ અનેક પ્રશ્નોના જવાબ શોધવા પડે છે. એ જવાબો આપવા પડે છે. જવાબ ખોટા પડે તો જીવન દુ:ખી થઈ જાય છે.

અધૂરા અને અધકચરા અભ્યાસથી તેમ જ બિન-અનુભવના કારણે ખોટા જવાબ આપી તમારે તમારા જીવનને દુ:ખી ન બનાવવું હોય તો તમને મળેલ વેકેશનના સમયનો રચનાત્મક ઉપયોગ કરી લો.

પરમ પુજ્ય તપોનિધિ આચાર્ય શ્રી વિજયભુવન-ભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં છેલ્લા ૧૦ વર્ષથી દર વરસે ઉનાળાની રજાઓમાં જૈન ધાર્મિક શિક્ષણ શિબિર યોજાય છે. આ વરસે પણ યોજવાનું નક્કી થયું છે. સ્થળ નક્કી થયેથી તેની જાહેરાત કરાશે.

ધાર્મિક શિબિરનું નામ સાંભળીને ભડકવાની જરૂર નથી. આવી શિબિરમાં જીવનનું નૈતિક ઘડતર થાય, અંતરની શુભ વૃત્તિઓનો વિકાસ થાય, નાસમજના કારણે જીવનને દુ:ખી કરતી અશુભ વૃતિઓ પર કેમ વિજય મેળવાય, જીવનને સાચા અર્થમાં કેમ વધુ સુખી અને સમૃદ્ધ બનાવી શકાય, આપણી ધાર્મિક ક્રિયાઓ વ્રત, તપ અને નિયમમાં જીવનને મંગળમય અને યશસ્વી બનાવવાની કેવી અમાપ તાકાત રહેલી છે તે અને આપણો જૈન ધર્મ કેવો વિશ્વ ભાવનાવાળો ઉદાર અને ગૌરવવંતો છે વગેરેની પ્રયોગાત્મક તાલીમ

આપવામાં આવે છે.

'મારું જીવન કેમ વધુ સુખી અને સમૃદ્ધ બને, તેના સાધન અને માર્ગ કયા છે' એ જાણવાની સક્રિય જિજ્ઞાસા લઈને તમે આગામી શિબિરમાં જોડાવ. ૨૧ દિવસનું સામૂહિક જીવન જીવો. શિબિરમાં અપાતા પ્રેરક પ્રવચનો સાંભળો. તેમાં થતાં પ્રયોગોમાં સહભાગી બનો.

એમ. એસ. સી; સી. એ; એલ. એલ. બી. માં ભણતાં કોલેજનાં વિદ્યાર્થીઓએ આ અગાઉ આ શિબિરનો લાભ લીધો છે. મેટ્રિક અને કોલેજના બે હજારથી વધુ વિદ્યાર્થીઓએ શિબિરમાં રહીને પોતાના જીવનનું નક્કર ઘડતર કર્યું છે, તે બધાએ એકી અવાજે કહ્યું છે:

"શિબિરમાં શિક્ષણ લીધા બાદ મારું જીવન જ બદલાઈ ગયું છે. જીવનને જોવા અને જીવવાની મને એક નવી જ દૃષ્ટિ મળી છે."

તમારા સૌ માટે આજે ઘણાં બધાંને ફરિયાદ છે કે આજના વિદ્યાર્થીઓ ઉધ્ધત છે, ઉચ્છૃંખલ છે, તોફાની અને મસ્તીખોર છે. શું તમે બધા આવા છો? ના નથી જ. એવા વિદ્યાર્થીઓના કારણે તમે નાહકના વગોવાયા છો.

છતાંય આ મહેણું છે. આ મહેણાંનો જોરદાર જવાબ આપો. આગામી શિબિરમાં આવી પુજ્ય આચાર્યશ્રીના હાથ અને અનુભવી અને કસાયેલા ભૂતપૂર્વ શિબિરાર્થીઓના હાથ નીચે તાલીમ લો અને મ્હેણાં મારનારાઓને જીવીને બતાવો કે—

અમે વિદ્યાર્થીઓ જ અમારા જીવનના અને સમાજ સંઘ તેમજ રાષ્ટ્રના સાચા ઘડવૈયા છીએ. તમે અમને સમ્યક્ માર્ગદર્શન અને તાલીમ આપો અને પછી કહો કે અમે જીવનના કલ્યાણ પંથે શું નથી કરી શકતા?

તો બોલો મિત્રો! શિબિરમાં પ્રવેશ મેળવવા માટેનું ફોર્મ તમે મોકલી આપું ને? આ પત્ર વાંચીને તુરત જ જરૂરી ફોર્મ મંગાવી લો. સમયસર ફોર્મ મંગાવી લેવું એ તમારા જ લાભમાં છે—એટલું જણાવીને આ પત્ર પૂરો કરું છું.

તમે સૌ પરીક્ષામાં યશસ્વી રીતે સફળ થાવ અને શિબિરમાં જીવનઘડતર કરવા હોંશે હોંશે આવો તેવી શુભેચ્છા સહ.

લિ. તમારો
કુમારપાળ વિ. શાહ
૬૮, ગુલાલવાડી ત્રીજે માળે મુંબઈ–૪ ટે.નં. ૩૩૦૫૪૯

---

## આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભ.ના વરસીતપના પારણાના મુળસ્થાન

# શ્રી હસ્તિનાપુર મહાતીર્થે

## અક્ષયતૃતીયા પ્રસંગે અવશ્ય પધારો

શ્રી હસ્તિનાપુર તીર્થને ૧૬મા શ્રી શાન્તિનાથ, ૧૭મા શ્રી કુંથુનાથ તથા ૧૮મા શ્રી અરનાથ તીર્થંકર ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા તથા કેવલજ્ઞાન (બાર) કલ્યાણકોનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ પુણ્ય ભૂમિ પર ભગવાન શ્રી મલ્લિનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી પાર્શ્વનાથ તથા ૨૪મા અન્તિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીજીએ વિચરી, તેના કણ–કણને પવિત્ર કર્યા છે.

સૂચના : (૧) ઉત્સવમાં પધારનાર તપસ્વી ભાઈ–બહેનો તથા યાત્રાળુઓ પોતાના આવવાની ખબર નીચેના સરનામે મોકલી આપવા કૃપા કરે. (૨) સાધર્મિક વાત્સલ્યનો લાભ લેવા ઇચ્છતા ભાઇ–બહેનો પેઢી અથવા સમિતિના કાર્યાલયે અગાઉથી જણાવવા કૃપા કરે. (૩) તીર્થમાં ઊતરવા–રહેવાની તેમ જ ભોજન પાણી વગેરેની સઘળી ઉત્તમ વ્યવસ્થા છે. (૪) મોસમ અનુસાર પોતાનું બેડીંગ વગેરે અવશ્ય લાવવું. (૫) મેરઠ સીટી રેલ્વે સ્ટેશને ઉતરી મવાના બસ સ્ટેન્ડે જવાથી, ત્યાંથી હસ્તિનાપુર જવાની બસો મળે છે.

**રામલાલ જૈન** (પ્રધાન) — **નિર્મલકુમાર જૈન** (મંત્રી)

: પત્રવ્યવહારના સરનામા :

૧. મંત્રી, શ્રી હસ્તિનાપુર જૈન શ્વે. તીર્થ સમિતિ
૨/૮૨, રૂપનગર, દિલ્લી-૧૧૦૦૦૭

૨. વ્યવસ્થાપક, શ્રી હસ્તિનાપુર જૈન શ્વે. તીર્થ પેઢી
પો. હસ્તિનાપુર (જિ. મેરઠ) (ઉત્તર પ્રદેશ)

## ઘેટીપાગ (પાલીતાણા)માં શ્રી સિદ્ધાચલ શણગાર ટૂંકનું ઝડપભેર થઈ રહેલ નિર્માણ

શ્રી સિદ્ધાચલ તીર્થના પ્રાચીન તલાટી રૂપ ઘેટી પાગે (પગલે), પૂ. આ.શ્રી વિજયમંગલપ્રભસૂરિજી મ. તથા પુ. પં. શ્રી અરિહંતવિજયજી ગણિવર્યની પ્રેરણાથી, અંદાજે રૂા. ૨૫ લાખના ખર્ચે થનાર શ્રી સિદ્ધાચલ શણગાર ટૂંકનું નિર્માણકાર્ય ઝડપભેર આગળ વધી રહેલ છે. પુ. આચાર્યશ્રી તથા પંન્યાસજી મ.ની નિશ્રામાં, પોષ વદ ૫ ના આયોજિત મંદિર નિર્માણ શિલાન્યાસ પ્રસંગે, તેની ખનનવિધિ શ્રી ગણેશમલજી દીપચંદજી (બેંગલોર)ના શુભ હસ્તે અને શિલારોપણ વિધિ સર્વશ્રી લક્ષ્મીચંદજી હજારીમલજી કોઠારી (બેંગલોર), જવાનમલજી પ્રતાપજી બેડાવાળા (કીમ), કાંતિલાલ સાકરચંદ (અમદાવાદ), દેવીચંદજી પ્રતાપજી નાણાવટી (ખીવાણદી) અને ચિમનલાલ રિકબચંદજી (ખીવાણદી)ના વરદ હસ્તે થઈ હતી.

ત્રણ મજલાની ભવ્ય અને વિશાળ આ ટૂંકના પ્રથમ મજલા (ભોંયતળીયા)નું કામ વૈશાખમાં પુરું થવા સંભવ છે. ટૂંકના બીજા મજલે શ્રી આદીશ્વર પ્રભુના મુખ્ય મંદિરની ફરતી નિર્માણ થનાર દેરીઓનો શિલાન્યાસ વૈશાખ સુદમાં થનાર છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણ ચોવીશી, વીશ વિહરમાન અને ચાર શાશ્વતા એમ ૯૬ પ્રભુની થનાર આ દેરીઓના શિલાન્યાસ માટે ઘણા ભાવિકોએ નકરાના રૂા. ૧૦૦૧ નોંધાવી સુઅવસર પ્રાપ્ત કરેલ છે. હવે પ્રાયઃ ૨૦ દેરીઓ જ નોંધાવવી બાકી છે.

આ ટૂંકના મુખ્ય મંદિરમાં બિરાજમાન કરવામાં આવનાર શ્રી આદીશ્વર પ્રભુજીની પ્રતિમાજી સુવર્ણગિરિ (જાલોર)ની ભૂમિમાંથી પ્રગટ થયેલ, સંપ્રતિ મહારાજાએ ભરાવેલા, ૨૨૦૦ વર્ષના પ્રાચીન અને પ્રભાવક છે. અગાઉ આ પ્રતિમાજી ચર્લી (રાજસ્થાન) ગામમાં બિરાજમાન હતી. અને ત્યાં આસપાસના ૫૦ ગામોના સંઘોનો વર્ષગાંઠ દિને મોટો મેળો ભરાતો. હાલ આ પ્રતિમાજી પાલિતાણા–સાંડેરાવ જિનેન્દ્ર ભુવનના દેરાસરમાં બિરાજમાન છે.

ઘેટી પાગે થનાર આ સિદ્ધાચલ શણગાર ટૂંકના ભવ્ય નૂતન નિર્માણથી તેનો પૂર્વ મહિમા ફરી જાગતો બનવા સાથે યાત્રિકોને એક પ્રાચીન પુણ્ય ભૂમિના સ્પર્શનનો અને અર્વાચીન નૂતન ટૂંકના દર્શનનો–બેવડો–અહ્લાદકારી લાભ પ્રાપ્ત થશે.

---

## મહુડી (મધુપુરી) તીર્થમાં વરસીતપના પારણાં

પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સાહેબના પ્રેરણામય આ તીર્થમાં સત્તાવીશ જિનાલયના પ્રતિષ્ઠા સમયે નક્કી કર્યા પ્રમાણે "દર સાલ વરસીતપના પારણાં કરાવવા" એ મુજબ આ વર્ષે પણ વૈશાખ સુદ ૩ને બુધવાર તા. ૧૪–૫–૭૫ના રોજ શ્રી આદીશ્વર ભગવાનની ૫૧ ઇંચની પ્રતિમાજીને ઇક્ષુ રસ વડે પક્ષાલ કરવામાં આવશે અને ત્યાર બાદ સંસ્થાના મંડપમાં તપસ્વીઓને પારણાં કરાવવામાં આવશે. તો દરેક તપસ્વી ભાઈ–બહેનોને વરસીતપના પારણા માટે અત્રે પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

અત્રે પધારનાર તપસ્વીઓએ ચૈત્ર સુદ ૧૫ સુધીમાં નામ નોંધાવવા જરૂરી છે.

લિ.

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. કારખાના

---

### મુંબઈ લવાજમ ભરવાના સ્થળો :

(૧) મહેન્દ્રકુમાર ગુલાબચંદ

ઠે. શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ઓફિસ
ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે, પાયધુની,
મુંબઈ–૨

(૨) શાહ ચુનીલાલ લવજીની કું.
૬૫, નાગદેવી, સ્ટ્રીટ, મુંબઈ–૩

# શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની રાણકપુરમાં મળેલ મીટીંગ

## સમેતશિખરજીના કરારોમાં જૈનોનાહી તમાં થયેલા નિર્ણયો

## શત્રુંજય તીર્થ અને પેઢીના રસપ્રદ અને માહિતીપૂર્ણ થનાર પ્રકાશનો

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની વાર્ષિક સભા તા. ૧૬-૩-૭૫ના રાણકપુરજી તીર્થમાં પેઢીના પ્રમુખ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈના અધ્યક્ષપદે મળી હતી. આ સભામાં વિ. સં. ૨૦૩૦ના વાર્ષિક અહેવાલ સાથે પેઢી દ્વારા થઈ રહેલા અનેક તીર્થોના જીર્ણોદ્ધારની, ધર્મશાળા, ભોજનશાળા આદિની વધારવામાં આવનાર સવલતોની તેમ જ અન્ય હાથ ધરવામાં આવેલા મહત્ત્વપૂર્ણ કાર્યોની વિગતો શેઠશ્રી કસ્તૂરભાઈએ આપી હતી.

શ્રી શત્રુંજય ગિરિરાજમાં જીર્ણોદ્ધારના સારી રીતે ચાલી રહેલા કામમાં વિ. સં. ૨૦૩૦ના થયેલ રૂા. એ લાખના ખર્ચ સાથે આજ સુધીમાં રૂા. ૨૮ લાખ ૧૦ હજારનો ખર્ચ થયો છે. શ્રી આદીશ્વર દાદાની ટૂંકમાંથી જે પ્રતિમાજીઓ ઉત્થાપન કરવામાં આવી હતી તે; અને અન્ય પ્રતિમાજીઓ બિરાજમાન કરવા જુના ન્હાવાના ધાબામાં એક નૂતન જિનાલયનું નિર્માણ થઈ રહ્યું છે. રૂા. ૩ લાખ ૬૦ હજારનો ખર્ચ થયો છે. કામ હજુ ચાલુ છે. આવતા વર્ષે પ્રતિષ્ઠા થવા સંભવ છે.

જુનાગઢમાં ગિરનારજી ઉપર વસ્તુપાલ-તેજપાલના દેરાસરોના જીર્ણોદ્ધારનું કાર્ય હાલ ચાલી રહ્યું છે. ગિરનારજીના દેરાસરોના જીર્ણોદ્ધારમાં અત્યાર સુધીમાં રૂા. ૧૨ લાખનો ખર્ચ થયો છે. જુનાગઢમાં પેઢી તરફથી ચાલુ સાલે ભોજનશાળા શરૂ કરવામાં આવનાર છે.

તારંગા તીર્થના દેરાસરોના જીર્ણોદ્ધારમાં આજસુધીમાં રૂા. ૧૨ લાખનો ખર્ચ થયો છે. અહીંના ભવ્ય દેરાસરને અનુરૂપ બંધાતા દરવાજાનું મોટા ભાગનું કાર્ય પુરૂં થયું છે. ધર્મશાળામાં સગવડ વધારવાની જરૂરિયાત જણાતા, જુની ધર્મશાળા સુધરાવી લેવામાં આવી છે. અહીં એક ઉપાશ્રય બાંધવાનું નક્કી થતાં, તેમાં રૂા. ૨૫ હજારનું દાન શ્રી જયંતીલાલ ભોગીલાલભાઈએ આપવાની ઇચ્છા દર્શાવી છે.

કુંભારયાજી તીર્થે આઠ બ્લોકવાળી પુરતી સગવડ વાળી બંધાતી ધર્મશાળાનું કામ અરધા ઉપર થયું છે. આ વર્ષે યાત્રિકોના ઉપયોગમાં મુકી શકાશે.

રાણકપુરજી તીર્થમાં વીજળીકરણનું કામ પૂર્ણ થયું છે. પેઢી તરફથી અહીં દોઢ લાખના ખર્ચે વ્યાખ્યાનહોલ બાંધવાનું નક્કી થયેલ છે.

મક્ષીજી તીર્થમાં ભોજનશાળાનું મકાન લગભગ પુરૂં થયું છે. અહીં બે લાખના ખર્ચે, અદ્યતન સગવડવાળી બેમાળની, ધર્મશાળા બાંધવામાં આવનાર છે.

બિહાર સરકાર સાથે શ્રી સમેતશિખરજી તીર્થ સંબંધી થયેલા કરારોમાં, ત્યાંના દેરાસરો અને ટૂંકો


મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમિત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

**—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—**

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર, મુંબઈ-૬૬

શ્રીઇશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ, અમદાવાદ

ફરતો અર્ધો માઈલનો વિસ્તાર આપણા (પેઢીના) કબજામાં છે. અને બાકીના જંગલ વિસ્તારનો વહિવટ બિહાર સરકાર આપણા વતી સંભાળે છે, ત્યાંની ઉપજના ૬૦ ટકા આપણા અને ૪૦ ટકા સરકારના ભાગે જાય છે. સરકારે આપણા વતી વહિવટ કરવો અને સરકારી તીજોરીમાં જમા થયેલા રૂપિયામાંથી આપણને રોકડ રકમ આપવી, આ પ્રસંગ પ્રાયઃ ભારતભરમાં પ્રથમ છે.

આ વહિવટ માટે એક સલાહકાર સમિતિ રચાઈ છે. આ સમિતિની મીટીંગ હમણાં માર્ચની ૩જી તારીખે રાંચીમાં મળતાં, તેમાં મહત્ત્વના નિર્ણયો લેવાયા છે. જેમાં, સરકારે વિચારેલ વહિવટી યોજન પેઢીની અનુમતી બાદ નક્કી કરવી; ભારત સરકાર કે બિહાર સરકાર અથવા અન્ય કોઈના તરફથી આ વિસ્તારમાં ધાર્મિક લાગણી દુભાઈ તેવું કોઈપણ કાર્ય ન થવા દેવું; યાત્રિકોની સુવિધા અને સુરક્ષિતતા માટે સરકારી ગાર્ડો આપણી પસંદગીના રાખવા વગેરે નિર્ણયો લેવામાં આવ્યા છે. આ નિર્ણયો જૈનોની એક વિરલ અને મોટી સિદ્ધિ છે.

આબુ–દેલવાડાના દેરાસરો પાસે ધર્મશાળાની જરૂરિયાત જણાતા, દેરાસરોની નજીક અને મુખ્ય સડક ઉપર જમીનની ખરીદી કરવામાં આવી છે. સરકારની


# જૈસલમેર પંચતીર્થીની યાત્રા કરી દુર્લભ માનવજીવન સફળ કરો

**પંચતીર્થી :** જૈસલમેર પંચતીર્થીમાં જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર તથા પોકરણના જીનાલય છે. તેમાં ૬૦૦૦ પ્રતિમાજીઓ બિરાજમાન છે. આ અંગે શ્રીસમયસુંદરજી મ૦ કહે છેઃ ' જૈસલમેર જુહારિયે, દુઃખ વારયે એ, અરિહંત બિંબ અનેક, તીર્થ તે નમુ એ.

જૈન જગતમાં જૈસલમેર અનેક વિશેષતાઓથી પ્રસદ્ધ છે. વશેષતાઓ : (૧) પ્રાચિન ભવ્ય-કલાત્મક જિનાલય તથા પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ (૨) શ્રી જિનભ સુરિજ્ઞાન ભંડાર, તાડપત્રીય ગ્રંથ, (૩) પ્રથમ દાદાગુરૂ આ. શ્રી જિનદત્તસુરજી મ. ની પછેડી, ચોલપટ્ટો અને મુહપત્તિ; જે અગ્નિ-સંસ્કાર પછી અક્ષુણ્ણા રહ્યા છે. (૪) ચૌદમી સદીમાં મંત્રિત કરાએલ અને ત્રાંબાની શલ લગાડેલ શ્રી જિનવર્ધનસુરિજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ જિનપ્રતિમાજી તથા ભૈરવજીની મૂર્તિ (૫) દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ટાયકદેવના દેવસ્થાનો તથા પટવાની હવેલીઓ. (૬) લૌદ્રવપુરના અધિષ્ટાયકદેવ બહુ ચમત્કારિક છે, ભાગ્યશાળીઓને કોઈવાર દર્શન આપે છે.

**સુવધાઓ :** યાત્રિકો તથા શ્રીસંઘોને રહેવાની પુરી સગવડ છે. રાજસ્થાનની મરૂભૂમિમાં આ સ્થળ હોવા છતાં અહીં પાણી અને લાઇટની પુર્ણ વ્યવસ્થા છે. ઉપરાંત, શ્રદ્ધાળુ દાનવીરો દ્વારા કાયમી તિથીના સહયોગથી પ્રતિદિન ભોજનશાળા ચાલે છે.

**જવા–આવવાના સાધનો :** જૈસલમેર પહોંચવા જોધપુરથી દિવસના બે વખત બસ જાય છે અને રાત્રે ૧૦–વાગે ટ્રેઇન ઉપડે છે, જે સવારે ૮ વાગે જૈસલમેર પહોંચાડે છે. અમરસાગર, લોદ્રવપુર તથા બ્રહ્મસર જવા માટે નિયમિત બસની સગવડતા મળે છે.

નોંધ : જર્ણોદ્ધાર સમિતિના પ્રયાસોના ફળસ્વરૂપે જૈસલમેર પંચતીર્થીમાં આવેલા દરેક જિનાલયોનાં જિર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ કરવાના ઠરાવ મુજબ શ્રી જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર દહેરાસર ટ્રસ્ટ દ્વારા નક્કી થયેલ છે. વર્તમાનમાં લોદ્રવપુરના જર્ણોધ્ધારનું કાર્ય ચાલે છે.

આ પુન્યક્ષેત્રની પંચતીર્થીની યાત્રા કરી અને ભંડારોના દર્શન કરી દુર્લભ માનવજીવન સફળ કરો.

નિવેદક : નેમચંદ જૈન ( પ્રચારમંત્રી, જૈન ટ્રસ્ટ ) C/o મે. જૈન્સ કું.

૧૦૧, યશવંતપ્લેઈસ, ચાણક્યપુરી,નવીદિલ્હી–૧૧ (ફોનઃ ઘર–૨૬૨૦૩૬, દુકાન–૬૭૩૭૬.)

**નિવેદક : માનમલ ચોરડીયા (વ્યવસ્થાપક) શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન દેરાસર**

આ માટે પરવાનગી મળતાં અદ્યતન સગવડવાળી ધર્મ-શાળા બાંધવાનું શરૂ કરાશે.

શત્રુંજય તીર્થ ઉપર ઘણા પ્રકાશનો બહાર પડયા છે. પણ એક પ્રમાણીત ઈતિહાસ કે જેમાં દેરાસરોની પ્રાચીનતા અને જે તે સમયના પ્રવાહોનું દર્શન મેળવી શકાય એવું પ્રકાશન પ્રાપ્ત ન હોય, આ માટે ભારતના એક સુપ્રસિદ્ધ પુરાતત્ત્વવિશારદ શ્રી મધુસૂદન ઢાંકીને એ કામ સોંપવામાં આવ્યું હતું; અને આ ઇતિહાસ તૈયાર પણ થઈ ગયો છે. આ પ્રકાશન હવે થોડા વખતમાં જ સચિત્ર રૂપે પ્રગટ કરવામાં આવનાર છે.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું અસ્તિત્વ કયારથી અને કેવી રીતે શરૂ થયું તેનો પણ પ્રમાણિત ઈતિહાસ ઉપલબ્ધ ન હતો. આ ઈતિહાસ લખવાનું કામ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને સોંપ્યું છે. તેઓએ જુના ચોપડા, પત્રવ્યવહાર અને અન્ય અનેક સાધનો ઉપરથી અત્યાર સુધીમાં શોધી કાઢયું છે કે આણંદજી કલ્યાણજીની પેઢી ૨૫૦ વર્ષ પૂર્વેની છે. આ સંશોધનમાં કેટલીક રસપ્રદ હકીકતો જાણવા મળી છે. જે પ્રસિદ્ધ થયે આપ સૌને આનંદ થશે અને આપણા સમાજની ભવ્ય વિભૂતિઓનો ખ્યાલ આવશે.

શત્રુંજય તીર્થ તો આપ સર્વે આજે જોઈ રહ્યા છો. દોઢસો વર્ષ પહેલાં આ તીર્થ કેવું હતું તેનો ખ્યાલ ન આવે. પરંતુ તે વખતના તેના ફોટોગ્રાફ એક વિદેશી કલાકાર શ્રી. બર્જેસે લીધેલા તેની એક કોપી આપણી પાસે છે, જે અત્રે રાખી છે આ પુસ્તક અપ્રાપ્ય છે અને આપણી જુની સંસ્કૃતિનો અજોડ નમુનો છે એટલે તેને ફરીથી છપાવવા વિચાર્યું છે.

## સુરેન્દ્રનગરમાં ભવ્ય દીક્ષા મહોત્સવ

પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી મ૦ આદિની નિશ્રામાં અત્રેના વોરા રસીકલાલ વીરજીભાઈની સુપુત્રી કુ. ભારતીબહેને (ઉં. ૨૪) તથા શાહ નગીનદાસ અમૃતલાલની સુપુત્રી કુ. ભારતીબહેને (ઉં. ૨૩) તા. ૨-૩-૭૫ ના રોજ, ૮ થી ૧૦ હજારની ભાવુકોની ઉલ્લસિત હાજરીમાં, ઘણા ઉમંગભેર દીક્ષા અંગીકાર કરી છે. અને અનુક્રમે સાધ્વી શ્રી સન્મતિશ્રીજીના શિષ્યા સાધ્વી શ્રી ભવ્યરત્નાશ્રીજી નામે તથા સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી ભાવિતયશાશ્રીજી નામે જાહેર કરવામાં આવ્યા છે. આ પ્રસંગે ૧૧ ભાઈ-બહેનોએ બારવ્રત તથા તપ ઉચ્ચર્યાં હતા. ઉપકરણની સારી એવી ઉપજ તેમ જ પ્રભાવના થઇ હતી.

દીક્ષા નિમિત્તે શ્રીસંઘના ઉપક્રમે દીક્ષાર્થીઓનો સન્માન સમારોહ, વરસીદાનના ત્રણ વરઘોડા, પ્રભુજીની રથયાત્રા, અષ્ટોત્તરી સ્નાત્ર અને તેમાં જીવદયાના કાર્યો અને ટીપ વગેરે સુંદર થયેલ.

## ગોરેગાંવ-જવાહરનગરમાં સિદ્ધચક્રપૂજન

પૂ. આ૦ શ્રી વિજયભદ્રંકરસૂરિજી મ૦ આદિની નિશ્રામાં અત્રે મહા વદ ૫ ના શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભરડી (રાજસ્થાન)વાળા શ્રી બાબુલાલજી, જુગરાજજી, મંછાલાલજી આદિ (નિર્મળા પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ) તરફથી ઉલ્લાસભેર ભણાવવામાં આવ્યું હતું. વિધિકાર શ્રી પ્રેમચંદભાઈ તથા શ્રી મનુભાઈની મંડળીએ પ્રભુ-ભકિતમાં અભિવૃદ્ધિ કરી હતી. આ પ્રસંગે પ્રભાવના તેમજ સાધર્મીભકિત કરવામાં આવેલ. ઉપરાંત જુગરાજ ભાઈએ ગોધરાના આયંબિલખાતામાં ૧૫૦૧ નોંધાવેલ.


## હિન્દીમાં હવેથી પ્રગટ થાય છે

"લબ્ધિકૃપા" માસિક. બે વર્ષનું લવાજમ રૂા.૧૧

આપને મનપસંદ સુંદર સાહિત્ય માટે હિન્દીમાં અને ગુજરાતીમાં અલગ પ્રગટ થતું માસિક શીઘ્ર મંગાવો. ગ્રાહક થનારને 'લબ્ધિગીત ગુંજન' સ્તવનોની બુક જેની કિં. રૂા. ૨-૫૦ છે શ્રીયુત 'રાહી' કૃત તે ભેટ મોકલાશે. તો શીઘ્ર ગ્રાહક બનો ને ભેટ મેળવો.

મા૦ મંત્રી: જયંત રાહી મા.સંપાદક: બી.વી.વોરા

'લબ્ધિકૃપા' પ્રકાશન સમિતિ

૬૦, કૃષ્ણપ્પા નાયકલ ટેન્ક સ્ટ્રીટ, પહેલે માળે મદ્રાસ-૧



## વટવા જૈન આશ્રમ

મુ. વટવા (અમદાવાદ)

આ આશ્રમમાં કોઇપણ નિરાધાર, અશક્ત બાળકો તથા સ્ત્રી-પુરુષોને મફત રહેવાનું, જમવાનું અને બાળકોને કેળવણી આપવાનું કાર્ય થાય છે. અહીં સુંદર મંદિર છે. આશ્રમની મુલાકાત લેવા ભલામણ છે.

આશ્રમમાં દાખલ થવા માટે લખો—

મંત્રી: કાંતિલાલ જેશંગભાઈ દલાલ

રાયપુર. શામળાની પોળ, અમદાવાદ

## ભાયખલાથી પાર્લા (મુંબઈ)

આ૦ શ્રી વિજયમેરુપ્રભસૂરિજી મ૦ આદિ ભાયખલા માલારોપણ અને પદવી પ્રદાન પ્રસંગ ઉજવી પો. વદ ૧૧ના માહીમ પધારતા સામૈયું, વ્યાખ્યાન, પ્રભાવના, પૂજા, આંગી વગેરે થયેલ. ત્યાંથી વિહાર કરી જવાહરનગર થઈ પો. વદ બીજી ૧૩ના દોલતનગર પધારતાં તેઓશ્રીની નિશ્રામાં આજેલવાળા શ્રી મણિભાઈની સુપુત્રી દીનાબહેનની મહા સુદ ૨ના દીક્ષા અને તે નિમિત્તેનો શાંતિસ્નાત્ર સહ પંચાહ્નિકા મહોત્સવ ઉજવવામાં આવેલ. દીક્ષાર્થી બહેનને સાધ્વી શ્રી વારિષેણાશ્રીના શિષ્યા બનાવી સાધ્વીશ્રી વિશલ્યાશ્રીજી નામે જાહેર કરવામાં આવેલ. જીવદયાની ટીપ, જીવો છોડાવવા વગેરે કાર્યો સારા થયેલ. આચાર્યશ્રી અત્રેથી સુદ ૫ના ભવ્ય સામૈયાપૂર્વક પાર્લા પધારેલ. ત્યાં મહા સુદ ૭ના શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની અને મહા સુદ ૧૨ના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભ૦ની સાલગિરિ નિમિત્તે ધ્વજા ચઢાવવામાં આવેલ. આ પ્રસંગે શ્રી નેમનાથ પ્રભુની પ્રતિમાજીમાં અમીઝર્યા હતા. ઉપાધ્યાય શ્રી હેમચંદ્રવિજયજી મ૦ આદિ ઉજવણી પ્રસંગે પધાર્યા હતા.


## શિક્ષિકા બહેનોની જરૂર છે

ધાર્મિક પાઠશાળા માટે સુશીલ, અનુભવી શિક્ષિકા બહેનોની જરૂર છે. વેતન રૂા. ૨૦૦). ચડતા પગારે એક માસની છુટી. રહેવા મકાન. વર્ષે રૂા. પાંચનો વધારો. લખો—

**શ્રી પાર્શ્વનાથ જૈન પેઢી** મુ. પો. ઉમેદાબાદ
જિ. જાલોર, વાયા; વીસનગઢસ્ટેશન (રાજસ્થાન)

૨૫૦૦વર્ષના પ્રાચીન
મહાપ્રભાવિક બાવન જિનાલય
## અજારી તીર્થની યાત્રાએ પધારો

સીરોહીરોડ સ્ટેશનથી બે માઈલ પિંડવાડા ( રાજસ્થાન ) માં અને આબુરોડ તરફ હાઈવે ઉપરથી એક માઈલ દૂર આવેલ અજારી તીર્થ સંપ્રતિ મહારાજાએ બંધાવેલુ છે. ૧૪મા સૈકામાં શેઠ ધરણશા એ તેનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને સરસ્વતી પ્રસન્ન થયા હતા તે સરસ્વતીદેવીનું સુંદર મંદિર પણ અહીં છે. છેલ્લો જીર્ણોદ્ધાર સ્વર્ગસ્થ પૂ૦ આ૦દેવ શ્રી વિજયપ્રેમસુરીશ્વરજી મહારાજના ઉપદેશથી સં. ૨૦૧૮થી ચાલુ કરાવી સં. ૨૦૨૭માં પૂ૦ આ૦દેવ શ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ છે. સુંદર ધર્મશાળામાં રહેવા તથા જમવાની સગવડ છે. તો તીર્થમાં એકથી એક ચમત્કારિક જિનબિમ્બો તથા મુળનાયકજી શ્રી મહાવીરસ્વામીજીના દર્શન કરી જીવન સફળ કરો. તા. ક. ઘોડાગાડીની વ્યવસ્થા જવા માટે મળી રહેશે.

વ્યવસ્થાપક : શેઠ કલ્યાણજી સૌભાગચંદ જૈન પેઢી, પિંડવાડા (રાજસ્થાન)

દાદાના દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વિનતિ કરે છે

ભોજનશાળાનો વાર્ષિક તૂટો મોંઘવારીના કારણે રૂા. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.
લગભગ અઢી લાખ પુન્યશાલી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.
પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.
છટ્ઠ–અટ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.

**શ્રેષ્ઠ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક અને ચતુર્વિધ સંઘની ભક્તિ**
**……………એ અમારા પુન્યનું ભાથું છે……………**



તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલીકઃ શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાનઃ જૈન પ્રિન્ટરી–પાનવાડી, ભાવનગર.

भगवान महावीर ना पचीससोमा निर्वाण कल्याणक निमित्ते


સાપ્તાહિક પ્રતિ જૈન

સંપાદક :- રતિલાલ દીપચંદ દેસાઇ

પ્રેરક :- શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, મુંબઇ.


# ગંધાતા અને મીઠા પાણીની કથા

ચંપા નામની નગરી. જિતશત્રુ નામે રાજા. સુબુદ્ધિ નામે પ્રધાન.

રાજા તો વાત વાતમાં રાજી થઇ જાય કે નારાજ થઈ જાય: એવો અસ્થિર એનો સ્વભાવ પણ પ્રધાન બહુ ઠરેલ, ડાહ્યો અને ઓછા બોલો; જરૂર પડે ત્યારે જ વાત કરે.

એક વાર રાજાને ત્યાં મોટો જમણવાર થયો. રાજા-મહારાજાઓ અને શેઠ શાહુકારો ઘણા એમાં આવેલા. પ્રધાન અને મોટા મોટા અમલદારો તો એમાં હોય જ ને !

રસોઈ વિવિધ જાતની હતી અને ખૂબ સ્વાદિષ્ટ બની હતી. રાજાજી અને બીજા બધા એનાં બે મોઢે વખાણ કરવા લાગ્યા. પણ સુબુદ્ધિ પ્રધાન કશું ન બોલ્યા.

રાજાજીએ પૂછ્યું તો પ્રધાનજી કહે: સારું કે ખોટું થવું એ તો પુદ્ગલ માત્રનો સ્વભાવ છે. એમાં સારું જોઈ રાજી શું થવું અને ખોટું જોઈ ગમગીન શું થવું ! સમભાવ રાખવો જ સારો.

રાજાજીને પ્રધાનનું આવું વળણ ન ગમ્યું, પણ એ ચૂપ રહ્યા.

પ્રધાને મનમાં નક્કી કર્યું કે આ વાતની રાજાજીને ક્યારેક ખાતરી કરાવી આપવી. થોડા દિવસ એમ ને એમ વીતી ગયા.

ચંપાનગરી ફરતી એક ખાઇ હતી. ખાઇનુ પાણી મેલું, ગંધાતું અને જોતા જ ચીતરી ચડે એવું ગોબરૂં હતું.

રાજાજી અને પ્રધાન એક વાર ફરવા નીકળ્યા; ફરતા ફરતા એ ખાઇ પાસે આવ્યા. ખાઇનું ગંધાતું-ગોબરૂં પાણી જોઈને રાજાજીને ખૂબ ચીતરી ચડી. રાજાએ બીજા પાસે એ પાણીની ઘણી નિંદા કરી, પણ પ્રધાનજીએ તો એટલું

(અનુસંધાન છેલ્લે પાને)

प्रभु! आ वर्ष अमारे दिवाळी

તારીખ
૨૨-૨-૭૫ના
અંક ૭નું ચાલુ



# શ્રમણ ભગવાન મહાવીર

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

ભગવાન મહાવીર પરમાત્માના ચ્યવન કલ્યાણક થયાને દિવસો, રાત્રિઓ અને મહિનાઓ વ્યતીત થયા. ગજ, વૃષભાદિ ચૌદ સ્વપ્નથી સુચિત ઉત્તમોત્તમ પુત્રરત્ન દેવાનંદા માતાની કુક્ષિમાં અવતરેલ હોવાથી માતાજી અને ઋષભદત્ત બ્રાહ્મણુસ પરિવારના દિવસો આનંદકલ્લોલમાં પસાર થવા લાગ્યા. પરંતુ એ આનંદના દિવસોનો ૮૨ અહોરાત્રિ બાદ અંત આવ્યો.

## શ્રી મહાવીર પ્રભુના બ્રાહ્મણકુળમાં અવતરણ અંગે સૌધર્મેન્દ્રની વિચારધારા

ભગવાન મહાવીરના આત્માનું દેવાનંદા માતાની કુક્ષિમાં પુત્રરૂપે જ્યારથી અવતરણ થયું છે ત્યારથી સૌધર્મેન્દ્રનો અવધિજ્ઞાન સંબંધિ ઉપયોગ ભગવંતના આત્મા તરફ વારંવાર ચાલતો હોય છે. તેમ જ ભગવંતની ક્ષેમકુશળતા અને ભકિત માટે વારંવાર ચિંતન–મનન કર્યા કરે છે. સૌધર્મેન્દ્ર વગેરે પ્રત્યેક ઈન્દ્રો નિશ્ચિતપણે સમકિતવંત–સમ્યગ્દૃષ્ટિ હોય છે અને એ સમ્યગ્દૃષ્ટિપણાના કારણે દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા માટે તેમ જ કંચન–કામિનીના ત્યાગી મહાવ્રતધારિ સાધુ ભગવંતો માટે તેઓના અંતરાત્મામાં અનન્ય ભક્તિભાવ હોય છે. ૮૨ અહોરાત્રિ વ્યતીત થયા બાદ ઇંદ્ર મહારાજાનાં ચિત્તમાં એક વિકલ્પ પ્રગટ થયો કે ભૂતકાળમાં પ્રત્યેક તીર્થંકરો ક્ષત્રિયકુળમાં જ ઉત્પન્ન થયા છે, તો ભગવાન મહાવીર બ્રાહ્મણકુળમાં કેમ ઉત્પન્ન થયા? બ્રાહ્મણકુળ ભલે બીજી અનેક રીતે પ્રશસ્ત ગણાતું હોય પણ એ કુળ ભિક્ષાની પ્રવૃત્તિના કારણે ધર્મતીર્થને પ્રવર્તાવનારા સર્વોત્તમ પુરુષાર્થના સ્વામી ભગવાન તીર્થંકર દેવોના આત્મા માટે યોગ્ય ગણવામાં આવતું નથી. જૈનશાસનના અનેકાંતવાદની વિશાળતા અને વ્યાપકતાની અપેક્ષાએ ગમે તે કુળ તેમ જ જાતિમાં ઉત્પન્ન થયેલ આર્યમાનવ આત્મકલ્યાણ અને મુક્તિનો અધિકાર જેમ પ્રાપ્ત કરી શકે છે તે જ પ્રમાણે તીર્થંકર ભગવંતના આત્માને ધર્મતીર્થના પ્રવર્તન માટે જે સર્વશિરોમણિ પુરુષાર્થ કરવાનો હોય છે તે માટે ક્ષત્રિયકુળમાં અવતાર લેવાની એટલી જ અનિવાર્ય જરૂર છે.

## અનંતકાળ દરમ્યાન કર્મવિશેષના કારણે બનતા આશ્ચર્યકારક પ્રસંગો

અશ્વના અનેક પ્રકારોમાં જાતિવંત અશ્વની ઉત્પત્તિ અમુક પ્રકારના જાતિવંત અશ્વથી જ થાય છે તે જ પ્રમાણે તીર્થંકર ભગવાનના શરીરની ઉત્પત્તિ તેને લાયક ક્ષત્રિયબીજમાંથી જ થઈ શકે છે. આ સનાતન નિયમ છતાં ભગવાન મહાવીર પ્રભુનો આત્મા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં કેમ અવતર્યો? ઈન્દ્ર મહારાજા સમ્યગ્દૃષ્ટિ તો હતા પણ અવધિજ્ઞાન સહિત વિશિષ્ટ સમ્યક્શ્રુતના ધારક હતા. બત્રીસ લાખ વિમાનના અધિપતિ સૌધર્મેન્દ્ર છતાં જૈન દર્શનના સિદ્ધાંતોનો તેમને ઘણો સુંદર અવબોધ હતો. એ કારણે ભગવાન મહાવીરનું દેવાનંદાની કુક્ષિમાં અવતરણ થયાના સંબંધમાં જેમ વિકલ્પ પ્રગટ થયો, તે જ પ્રમાણે પોતાના નિર્મળ શ્રુતબોધના પ્રભાવે ઉપર જણાવેલ વિકલ્પનું સમાધાન પણ કર્યું કે તીર્થંકર જેવી વ્યક્તિના કર્મવિશેષના કારણે આ સૃષ્ટિ ઉપર ધોરી માર્ગની અપેક્ષાએ ન બની શકે તેવા આશ્ચર્યકારક પ્રસંગો (અચ્છેરાઓ) અનંતકાળ દરમ્યાન કદાચિત્ બને છે. ગર્ભપણે અવ-

તાર લેનાર તીર્થંકર ભગવંતના આત્માનું કોઈ એવું ભાગ્યકર્મ બાકી હોવું જોઈએ કે આ પ્રમાણે દેવાનંદાની કુક્ષિમાં અવતાર લેવા વડે અમુક દિવસો દરમ્યાન એ કર્મ ભોગવાઈને ક્ષીણ થયાનું સર્જિત હોય અને માતા દેવાનંદાનો પણ કોઈ એવો શુભ-અશુભ કર્મનો ભોગવટો નિશ્ચિત હોય જેથી ત્રણલોકના નાથ ભગવંતનો આત્મા દેવાનંદાની કુક્ષિમાં અવતરે; અને ગર્ભકાળને ૮૨ દિવસો થયા બાદ ગર્ભરૂપે અવતરેલ પરમાત્માનાં આત્માનું અન્ય માતાની કુક્ષિમાં પરાવર્તન થવાનો પ્રસંગ આવે.

**સૌધર્મેન્દ્રનો ગર્ભપરાવર્તન માટે નિર્ણય**

ઈન્દ્ર મહારાજ એ પણ અંતે નિર્ણય કરે કે, કર્મ-વિશેષના કારણે તીર્થંકર પરમાત્માનો આત્મા ક્ષત્રિય વગેરે ઉચ્ચકુળને બદલે બ્રાહ્મણ વગેરે અમુક પ્રકારનાં કુળમાં કદાચ અનંતકાળે ઉત્પન્ન થાય, પણ તે તીર્થંકર પરમાત્માનો જન્મ તો ક્ષત્રિયકુળમાં જ થવો જોઈએ.

ગર્ભપણે અવતરણ દેવાનંદા માતાની કુક્ષિમાં અને જન્મ આપનાર બીજી માતા—આ એક વિચિત્ર કોયડો હતો. પણ સમ્યગ્દૃષ્ટિ ઈન્દ્ર મહારાજે પોતાના નિર્મળ અવધિજ્ઞાન અને વિશિષ્ટ શ્રુતજ્ઞાન તેમ જ સાથે સાથે અસાધારણ જિનભક્તિના પ્રભાવે આ વિચિત્ર કોયડાનો ઉકેલ કેવી રીતે કરવો? તેનો નિર્ણય સ્વયં કરી લીધો. તુરત પોતાના પાયદલ સૈન્યના અધિપતિ હરિણૈગમેષિ દેવને પોતાની પાસે બોલાવી ઉપર જણાવેલ સર્વવૃતાંત તેની પાસે રજુ કર્યો કે, આપણા આચાર પ્રમાણે આ ગર્ભપરાવર્તનનું જવાબદારીનું કર્તવ્ય આપણે અવશ્ય કરવાનું છે. તમો મારાં પાયદલ સૈન્યના અધિપતિ છો. મારી કોઈપણ મોટી-નાની આજ્ઞાનું પાલન કરવાની હરહંમેશ તમારી તૈયારી છે; અને અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માના તમો પરમભક્ત છે તેથી મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ મહાન જવાબદારીવાળું અને આપણા સહુ કોઈનું કલ્યાણકારિ કાર્ય તમો જરૂર કરી શકશો.

**ગર્ભપરાવર્તન માટે હરિણૈગમેષિ સાથે વાર્તાલાપ**

પોતાના સ્વામિ ઈન્દ્રમહારાજ પાસેથી ઉપર જણાવેલ હકીકત શ્રવણ કરી હરિણૈગમેષિદેવ આત્મકલ્યાણકારિ ઉત્તમકાર્ય કરવાનો મંગળ અવસર પ્રાપ્ત થવાના કારણે અનન્ય આનંદ પામ્યા અને બે હાથ જોડી મસ્તક નમાવી પોતાના સ્વામી સૌધર્મેન્દ્રને વિનમ્રભાવે વિનંતી કરી કે, મારા લાયક આજ્ઞા હોય તે મને ફરમાવો. આપની ગમે તેવી આજ્ઞા શિરોવન્દ્ય કરવા માટે આ સેવક તૈયાર છે. પોતાના સેવકના મુખેથી ઉલ્લાસમયો જવાબ મળવાથી સૌધર્મેન્દ્ર તરફથી હરિણૈગમેષિને જણાવવામાં આવ્યું કે, જંબુદ્વીપના ભરતક્ષેત્રના બિહારપ્રાન્તમાં બ્રાહ્મણકુંડ નામના નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણના ધર્મપત્ની દેવાનંદાની કુક્ષિમાં અષાઢ શુદ ૬ની રાત્રિએ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચન્દ્રનો યોગ આવ્યો તે અવસરે ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુનો આત્મા પ્રાણુત્ત નામના દશમા દેવલોકમાં ચ્યવીને પુત્રરત્ન રૂપે અવતરેલ છે. જૈનશાસનનો એ સામાન્ય નિયમ છે કે તીર્થંકરનો આત્મા ક્ષત્રિયકુળમાં જ અવતરે, પણ બ્રાહ્મણકુળમાં ન અવતરે; એમ છતાં તીર્થંકર જેવા આત્મા માટે પણ અવશ્ય ભોગવવા યોગ્ય ગોત્રકર્મ વિશેષના કારણે અનંતકાળ દરમ્યાન કોઈવાર સામાન્ય રીતે જે બાવો ન બનવા જેવા હોય તે પણ બની જાય. ભગવાન મહાવીર પ્રભુના આત્મા માટે પણ આવું જ બનેલ છે.

(ક્રમશઃ)

( ૯ જા પાનાનું અનુસંધાન )

આપણું ત્યાં કોઈ કરતું નથી.

આ રીતે આપણે જોયું તેથી તારવણ એ નીકળે છે કે શ્રી કલ્પસૂત્ર પર જેટલી ટીકાઓ, ટીપ્પણિકાઓ લખાઈ છે તેટલી ટીકાઓ ભાગ્યે જ બીજા આગમ ગ્રંથ પર લખાઈ હશે; તે જ તેની ઉપાદેયતા ને લોકપ્રિયતાનો પ્રબળ પુરાવો છે.

આ તો આપણે કલ્પસૂત્ર પર લખાયેલી પ્રાપ્ત ટીકાઓ અને તેના રચયિતા પુરુષોનો અછડતો પરિચય કરી ગયા. કઈ ટીકા કોણે લખી, ક્યાં લખી, ક્યારે લખી વગેરે આપણે ઊડતી નજરે જોયું પણ જે વિષયને આપણને લાગે વળગે છે, તે વિષય તો એ છે કે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીજીનું જીવન શ્રી કલ્પસૂત્રમાં કઈ રીતે લખાયું છે? તેમાં શૈલી તરીકેની શી વિશેષતા છે? તેમાં કઈ ખૂબીઓ છે, તે બધું આપણે હવે પછી જોઈશું.

(ક્રમશઃ)

# કલ્પસુત્ર અને તેની ટીકાઓ

( લેખાંક-૮ )

(૬) કલ્પકૌમુદી—શ્રી વિનયવિજયજી મહારાજે સુબોધિકાની રચના કરી તેથી જ કદાચ ઉપાધ્યાય શ્રી શાંતિસાગરજી મહારાજને આ કલ્પકૌમુદીની રચના કરવી પડી હશે. આ ટીકામાં સુબોધિકાના કર્તાના મતનું કર્કશ રીતે ખંડન કરવામાં આવ્યું છે. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ સુબોધિકાવૃત્તિમાં કલ્પ કિરણાવલી ટીકાના પ્રયોગોનું જે ખંડન કર્યું છે, તેના પ્રત્યુત્તરો આમાં આપવામાં આવ્યા છે. આ ટીકા સં. ૧૭૦૭માં પાટણમાં લખવામાં આવી છે. શ્લોક પ્રમાણ ૩૭૦૭ છે.

(૭) કલ્પદ્રુમકલિકા—આ ટીકાના પ્રણેતા ખરતર-ગચ્છીય ઉપાધ્યાય શ્રી લક્ષ્મીવલ્લભ ગણી છે. (તેઓ-શ્રીએ ઉત્તરાધ્યયન સૂત્ર પર એક સરળ ટીકા લખી છે. તે લક્ષ્મીવલ્લભીના નામે વિખ્યાત છે.) આ ટીકામાં શ્રી પાર્શ્વનાથચરિત્રના પ્રસંગે ભગવાન પાર્શ્વકુમારના મુખથી નવકારમંત્ર નાગને સંભળાવવામાં આવ્યો એવો ઉલ્લેખ છે, જે શ્વેતાંબર પરંપરાની માન્યતાની વિરુદ્ધ છે.


ભગવાનનાં ચરિત્રો

લેખક પૂ૦ ઉ૦ શ્રી હેમચંદ્રવિજયજીના શિષ્ય
પૂ૦ મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ


(૮) કલ્પલતા—આ ટીકાના રચયિતા ખરતર-ગચ્છીય પ્રસિદ્ધ વિદ્વાન શ્રી સમયસુન્દરગણિ છે. લગભગ વિ. સં. ૧૬૯૯માં આ ટીકાની રચના થઇ છે. ટીકાનું શ્લોક પરિમાણ ૭૭૦૦ છે. શ્રી હર્ષવર્ધન ઉપાધ્યાયે આ ટીકાનું સંશોધન કર્યું છે. ટીકાકારે ખરતરગચ્છની માન્યતાને લક્ષ્યમાં રાખીને જ ટીકાનું નિર્માણ કરેલું જણાય છે.

(૯) કલ્પસૂત્ર ટિપ્પણક—આ ગ્રંથ આચાર્યશ્રી પૃથ્વીચન્દ્રસૂરિજીએ રચ્યો છે. આનો રચના સમય અંદાજથી ચૌદમો સૈકો જણાય છે. ખૂબ જ સંક્ષેપમાં, જરૂર જણાય તે સ્થાનો પુરતું, આ ટિપ્પણ કરવામાં આવ્યું છે. ૬૮૫ શ્લોકપ્રમાણ જ આ ગ્રંથ છે. ટિપ્પણકાર આચાર્યશ્રી શાકંભરી રાજાને પ્રતિબોધ કરનાર આચાર્યશ્રી ધર્મઘોષસૂરિજીની પરંપરામાં થઈ ગયા.

(૧૦) કલ્પપ્રદીપ—આ વૃત્તિના રચયિતા પં. શ્રી સંઘવિજયજી છે. વિ. સં. ૧૬૮૧માં રચાયેલી પ્રદીપિકાવૃત્તિના કર્તા અને આ પ્રદીપના કર્તા એક નામધારી છે; કદાચ તે ગ્રંથનો જ આ સંક્ષેપ હોઈ શકે. તે ગ્રંથ જોવા મળે ત્યારે તેની વિશેષ માહિતી સાંપડી શકે. એક કલ્પમંજરી નામની ટીકા શ્રી રત્ન-સાગરજીકૃત છે એવો ઉલ્લેખ મળે છે. અને એક ટીકા જ્ઞાનદીપિકા નામની જ્ઞાનવિજયજીએ લખેલી છે એવો ઉલ્લેખ પણ મળે છે

(૧૧) કલ્પસૂત્રાર્થ પ્રબોધિની—આ ટીકાના નિર્માતા ત્રિસ્તુતિકગચ્છીય આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિજી છે. (તેઓએ સાત ભાગમાં સંપાદિત કરેલો અભિધાન રાજેન્દ્રકોષ પ્રસિદ્ધ છે.) આ ટીકા અતિ વિસ્તારવાળી છે. આ ટીકા અર્વાચીન ગણાય. તેવી જ રીતે પં. શ્રી મુક્તિવિમલ-ગણીએ પણ કલ્પસૂત્ર પર એક ટીકા રચી છે. જેમાં કથાનકો પદ્યમાં લેવામાં આવ્યાં છે, પણ તેઓએ સુબોધિકાને સામે રાખીને જ આની રચના કરી છે. તે સિવાય પણ અજ્ઞાત ટીકાઓ, ટબાઓ ને ટિપ્પણીઓ લખાયેલાં છે તે હસ્તલિખિત જ્ઞાનભંડારોમાં કબાટમાં પુરાએલાં રડી રહ્યાં છે. તેઓ પર દયા આણીને તેને બહાર કોણ લાવે ! ગૂંગળામણ અનુભવતાં તે ગ્રંથોને સત્વરે બહાર લાવવાની પળ પાકી નથી શું ?

અત્યારે પણ કલ્પસૂત્રના ઇંગ્લિશ, હિન્દી, ગૂજરાતી ભાષાંતરો બહાર પડી રહ્યાં છે. કેટલાંકે તો સાવ નવું જ કલ્પસૂત્ર રચવાનું પણ દુઃસાહસ કર્યું છે. આવા ગ્રંથોની અનધિકારીને હાથે થતી આવી ચેષ્ટાઓ વ્યાજબી નથી; અશ્રદ્ધાને ફેલાવનારી છે. એ બધું અટકે એવી ચોકી પણ આજે

( પેજ ૭૫ ઉપર જુઓ )

**શ્રી રમણલાલ નગીનદાસ પરિખ**

સમાજ અને ધર્મસેવાના વિવિધ ક્ષેત્રે વર્ષોથી સેવા અર્પતા તથા વ્યાપાર–ઉદ્યોગ ક્ષેત્રે સતત પ્રગતિને વરેલા કપડવંજના વતની શ્રી રમણલાલ નગીનદાસ પરિખનો જન્મ ભરૂચ મુકામે તા. ૫–૪–૧૯૦૫ના રોજ, ચૈત્રી પૂર્ણિમાના યાદગાર દિવસે, વીસાનીમા જૈન કુટુંબમાં થયો હતો. તેમનું બાલ્ય જીવન-ઘડતર ધર્મના ઉચ્ચ સંસ્કારોથી પલ્લવીત બન્યું; અને ભરૂચમાં જ વ્યવહારોપયોગી અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરી સોળ વર્ષના નાની વયમાં ઈ. સ. ૧૯૨૧માં, દિલ્હી જઈ, મોટાભાઈએ શરૂ કરેલ 'જે. સી. પરિખ એન્ડ કું.'માં જોડાયા. અનુભવે તેમને ખૂબ આગળ વધાર્યા. દિલ્હીના લાંબા વસવાટ દરમ્યાન સારી નામના પ્રાપ્ત કરવા સાથે તેઓ 'દિલ્હી'વાળા તરીકે પણ સુપ્રસિદ્ધ બન્યા.

ઈ. સ. ૧૯૪૯માં તેઓએ મુંબઈ આવી 'સ્ટાર મેટલ રીફાઈનરી'નું સુકાન સંભાળ્યું તે સમયે હિંદભરમાં એન્ટીમની ધાતુ બનાવનારી આ એકમાત્ર કંપની હતી. આ કું.ના મેનેજિંગ ડિરેક્ટર તેમજ ક્રોમેક્રો ઝીંગ રીફાઈનરીના ડિરેક્ટર અને ટાઇમ પ્રિન્ટર્સ પ્રા. લી. (અમદાવાદ)ના ચેરમેનપદે હાલ એ ઉદ્યોગોનું ઊંડી સૂઝ અને કાર્યદક્ષતાથી સંચાલન કરી રહ્યા છે.

ધંધાના વિકાસ સાથે તેમણે આત્મિક ક્ષેત્રે સાધેલ વિકાસ અને

# સહાયક પરિચય

સામાજિક, શૈક્ષણિક તથા ધાર્મિક ક્ષેત્રે અર્પેલ સેવા પણ પ્રેરક અને અનુમોદનીય છે. વિ. સં. ૨૦૧૯માં તેઓએ કપડવંજથી કેસરિયાજી તીર્થના છ'રી પાળતા કાઢેલા સંઘમાં દાખવેલ ઉદારતા યાદગાર અને ઉજ્જવળ યશરૂપ બની છે. પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજોની વૈયાવચ્ચ કરવાની ઉત્કટ ભાવના તેમનામાં સદાય જોવા મળે છે. બોડેલી તીર્થમાં ધ્વજાદંડ ચઢાવવાનો કાયમ આદેશ અને અવાર–નવાર ઓચ્છવ મહોત્સવના આયોજનો એ તેમની ઊંડી ધર્મભાવનાના દર્શન કરાવે છે.

શ્રીયુત રમણભાઈના ધર્મપત્ની અ. સૌ. પ્રભાવતીબહેન ઘણા જ ધર્માનુરાગી અને ગુણાનુરાગી સુશીલ સન્નારી છે. શેઠ પાનાચંદ મગનલાલ જીનવાળાના ધર્મપરાયણ કુટુંબમાં ઉછરેલા પ્રભાવતીબહેને સંસ્કારવારસાને દીપાવી જાણ્યો છે. તેમના ત્રણ બહેનોએ તો દીક્ષા અંગીકાર કરી છે. શ્રીયુત રમણભાઈ અને પ્રભાવતીબહેને ઉપધાનતપની મંગળ આરાધના આરાધી છે.

આવી ધર્મજાગૃતિ સાથે સમાજ સેવાની વિવિધ પ્રવૃત્તિમાં પણ શ્રી રમણભાઈ હમેશાં પ્રવૃત્ત રહેલા જોવા મળે છે. શ્રી ગોડીજી દેરાસર, શ્રી શાંતિનાથજી દેરાસર–મુંબઈ તેમ જ પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભા–બોડેલી તીર્થ અને શ્રી કદમ્બગિરિ તીર્થના તેઓશ્રી ટ્રસ્ટી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કારોબારીના કાયમી સભ્ય અને શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમના ઉપપ્રમુખ છે. શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ, શ્રી આત્માનંદ જૈન સભા અને અન્ય નાની–મોટી અનેક સંસ્થાઓ સાથે તેઓશ્રી સંકળાએલા છે. પોતાના વતન કપડવંજને પણ તેઓ ભૂલ્યા નથી. કપડવંજની જયંત સાર્વજનીક હોસ્પીટલના ચેરમેન તરીકેની તેઓશ્રીની સેવા જાણીતી છે. કપડવંજની સાયન્સ, આર્ટસ અને કોમર્સ મહિલા વિદ્યાલય ચલાવતા શ્રી કપડવંજ કેળવણી મંડળના પણ તેઓશ્રી ટ્રસ્ટી છે.

આ દરેક સંસ્થાઓની પ્રવૃત્તિમાં જોડાવા સાથે તેમાં તેઓએ ઉદારતાપૂર્વક સારું એવું દાન પણ આપેલ છે. ઉપરાંત સંસ્કારપ્રેરક પ્રવૃત્તિઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપતા આવ્યા છે.

તેઓશ્રીના બંને પુત્રો શ્રી કાંતિભાઈ તથા શ્રી રસિકભાઈ આજે વ્યાપાર–ઉદ્યોગમાં એમને સાથ–સહકાર આપી સારી એવી પ્રગતિ સાધી રહ્યા છે.

જૈનસમાજના ગૌરવરૂપ એવા શ્રીયુત રમણભાઈની વિવિધ ક્ષેત્રે મળતી સેવા દિન–પ્રતિદિન વિસ્તરતી રહો એવી અંતરપૂર્વકની ભાવના સાથે તેઓશ્રીનું સુખરૂપ દીર્ઘાયુ ઈચ્છીએ છીએ.

# વંદે શ્રી જ્ઞાતનંદનમ્

સંકલનકર્તા :
શ્રી હિરાચંદ સ્વરૂપચંદ ઝવેરી–મુંબઈ

ભગવાન મહાવીર પરમાત્માના ૨૫૦૦ વર્ષના નિર્વાણ મહોત્સવની ઉજવણીના પવિત્ર પર્વ પ્રસંગે ભગવાન મહાવીર પરમાત્માના ગુણગાન વ્યકત કરતું લખાણ લખતી વખતે મારા અણુએ-અણું અને રોમે-રોમ અકથ્ય આનંદનો આવિર્ભાવ કરી રહ્યું છે.

"અષ્ટમંગલ પૂજન વિધિ" માં શાસ્ત્રકાર ભગવંત 'મંગલાષ્ટક' માં લખે છે: ભગવાન મહાવીર પરમાત્મા મંગલ છે, ગૌતમસ્વામિજી મંગલ છે, શ્રી સ્થુલિભદ્ર મંગલ છે અને જૈન ધર્મ મંગલ છે.

વિશ્વવંદ્ય કલીકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ "યોગશાસ્ત્ર" ની રચના કરતાં થતાં ભાવમંગલને વિશે શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છે: રાગ-દ્વેષ આદિ અંતરંગ શત્રુઓની સેનાને જેમણે નિર્મુળ કરી નાંખી છે, જેઓ પૂજાવાને યોગ્ય છે, જેઓ યોગી–પુરુષોના નાથ છે તે શ્રી વીર પરમાત્માને હું નમસ્કાર કરું છું અને તેઓ તમારું રક્ષણ કરો.

કૌશિક ગોત્રમાં ઉત્પન્ન થયેલા ચંડકૌશિક સર્પે દ્વેષબુદ્ધિથી ભગવાન મહાવીર પરમાત્માના ચરણને ડંશ દીધો અને કૌશિક ગોત્રમાં ઉત્પન્ન થયેલા ઇંદ્રે ભક્તિભાવ વડે ભગવાન મહાવીર પરમાત્માના ચરણને સ્પર્શ કર્યો, પણ ડંશ દેનાર ચંડકૌશિક સર્પ ઉપર જેમને દ્વેષ નથી અને પ્રશસ્ત રાગ વડે પ્રણામ કરનાર ઇંદ્ર ઉપર જેમને રાગ નથી તે શ્રી વીર પરમાત્માને મારા નમસ્કાર થાઓ.

ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્રની રચના કરતાં પરિશિષ્ટ પર્વમાં મંગલાચરણને વિશે શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ લખે છે: કલ્યાણરૂપી વૃક્ષને ઊગવાને માટે જે બગીચા સમાન છે, શ્રુતજ્ઞાનરૂપી ગંગા નદીના ઉદ્ભવ સ્થાન માટે જે હિમાચલ પર્વત સમાન છે, વિશ્વરૂપી કમળને ખીલવાને માટે જ સૂર્ય સમાન છે તે જ્ઞાતપુત્ર શ્રી મહાવીરને હું નમસ્કાર કરું છું.

પરિશિષ્ટ પર્વમાં આગળ વધતાં તેઓશ્રી લખે છે: ભવ્ય જનોના હૃદય–મંદિરમાં છવાઈ ગયેલા કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આદિ આંતરીક મળને દૂર કરવાને માટે જેમની દેશના જળ સમાન છે તે ભગવાન મહાવીર પરમાત્મા આપનું રક્ષણ કરો.

"અન્ય યોગ વ્યવચ્છેદ દ્વાંત્રિંશિકા" નામના ગ્રંથમાં શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ લખે છે: જેમનું વિજ્ઞાન અનંત છે, જેમના દોષ નાશ પામ્યા છે, જેમના સિદ્ધાંતો અબાધ્ય છે, જેઓ દેવોને પણ પૂજ્ય છે, જેઓએ રાગ–દ્વેષને જીત્યા છે, ડાહ્યા પુરુષોમાં જે મુખ્ય છે, જેઓ સ્વયંભુ છે તે શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરવા હું પ્રયત્ન કરીશ.

એ જ ગ્રંથની રચના કરતાં તેઓશ્રી મંગલાચરણને વિશે શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છે: હું હેમચંદ્રસૂરિ અધ્યાત્મવેત્તાઓને અગમ્ય તથા નિષ્પાપ-વાક્પટુ–વાણી વિલાસી અને નિપુણ પંડિતોને અવાચ્ય અને અગમ્ય તેમ જ ચર્મચક્ષુવંત પ્રાણીઓને અગોચર એવું શુદ્ધાત્મરૂપ ચરમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામિનું અદ્ભુત સ્વરૂપ સ્તુતિ ગોચર કરું છું.

મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ "વૈરાગ્ય કલ્પલતા" ના મંગલાચરણમાં ભગવાન મહાવીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છે: જેમની વાણીસુધાનું પાન કર્યા બાદ દેવોને અમૃતના પાનમાં અને દિવ્ય ભોગવિલાસમાં ઘૃણા ઉત્પન્ન થાય છે, જેમની વાણી વિશ્વને આનંદ આપનારી છે, જેઓ સાધુઓમાં ઇંદ્ર સમાન છે, જેઓએ રાગ–દ્વેષને જીતી લીધા છે તે શ્રી વર્ધમાનસ્વામીને હું નમસ્કાર કરું છું.



શ્રી રમણલાલ નગીનદાસ પરીખ

તા. ૨૨-૩-૭૫
અંક: ૧૧ (પૂર્તિ)

JAIN OFFICE-BHAVNAGAR.
Regd. No. G BV. 20

# પૂર્તિના સહાયકો

શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી
શ્રી દેવચંદભાઈ સી. શાહ
શ્રી મોતીલાલ વીરચંદ શાહ
શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
શ્રી નારાણજી શામજી મોમાયા
શ્રી કેશવલાલ બુલાખીદાસ
શ્રી જયંતભાઈ એમ. શાહ
શ્રી રસિકલાલ સી. શાહ
શ્રી જગદીશચંદ્ર બાબુભાઈ
શ્રી વિનોદચંદ્ર દલીચંદ શાહ
શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રી રાયચંદ ગુલાબચંદ
શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી
શ્રી રમણલાલ નગીનદાસ પરિખ
શ્રી કુંજીલાલ સુંદરમલ જૈન
શ્રી રસિકલાલ નાથાલાલ કોરા

શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
શ્રી મોહનલાલ સી. શાહ
શ્રી સારાભાઈ લક્ષ્મીચંદ ઝવેરી
શ્રી ઉમેદમલજી હજારીમલજી
શ્રી રવજી ખીમજી છેડા
શ્રી પાનાચંદ ડુંગરશી તુરખિયા
શ્રી દેવચંદભાઈ જેઠાલાલ શાહ
શ્રી રતિલાલભાઈ એમ. નાણાવટી
શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ શાહ
શ્રી હીરાલાલભાઈ એલ. શાહ
શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી
શ્રી પ્રતાપરાય ભોગીલાલ
શ્રી વૃજલાલ કપૂરચંદ મહેતા
એક સદ્‌ગૃહસ્થ–મુંબઈ
શ્રી કાંતિલાલ ચુનીલાલ ચોકસી
શ્રી જેસીંગલાલ લલ્લુભાઈ ઝવેરી

શ્રી ચિત્તરંજન દામોદર શાહ
શ્રી રસિકલાલ અમૃતલાલ મણીઆર
શ્રી રસિકલાલ ચમનલાલ
શ્રી રમણીકલાલ મ[illegible]લાલ
શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ
શ્રી ચંદ્રસેન જીવણલાલ ઝવેરી
શ્રી લાલજીભાઈ છગનલાલ
શ્રી પોપટલાલ છગનલાલ
શ્રી નેમજીભાઈ છગનલાલ
શ્રી હર્ષદભાઈ કે. શાહ
શ્રી વસનજી લખમશી
શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા
શ્રી મણિલાલ વીરચંદ શાહ
શ્રી જયંતિલાલ મણિલાલ
શ્રી ધરણીધર ખીમચંદ શાહ

(મુખપૃષ્ઠનું અનુસંધાન)

જ કહ્યું: આ પણ પુદ્‌ગલનો સ્વભાવ જ છે; એનાં વખાણ કે નિંદામાં શું પડવું?

રાજાજીને આવી વાતો નમાલી લાગી. પ્રધાને કશું ન કહ્યું.

વળી થોડા દિવસ વીતી ગયા. એક દિવસ રાજાજી જમવા બેઠા. જમીને પાણી પીધું તો અમૃત જેવું મીઠું અને હિમ જેવું શીતળ. એ પીને તો જાણે બત્રીશ કોઠે ઠંડક વળી ગઈ—આવું મીઠું પાણી તો ક્યારેય નહોતું પીધું.

રાજાજીએ પૂછ્યું: આવું ઉત્તમ પાણી ક્યાંથી આવ્યું?

પરિચારકે કહ્યું: પ્રધાનજીએ ખાસ આપના માટે આજે એ મોકલ્યું છે.

પ્રધાનજીને પૂછતાં એમણે વાતનો ભેદ સમજાવતાં કહ્યું: મૂળે તો આ પાણી પેલી ગંધાતી ખાઈમાંનું જ પાણી છે; પણ સાત સાત અઠવાડિયાના જુદા જુદા પ્રયોગોથી એ આવું સ્વાદિષ્ટ અને શીતળ બની ગયું છે. આ પણ પુદ્‌ગલોનો જ સ્વભાવ છે.

ભગવાન મહાવીરની આ ધર્મકથાનો ભાવ સૌ સમજ્યા કે સારા-ખોટાપણું પણ વસ્તુમાત્રનો સ્વભાવ છે; અને આવડત હોય તો ખરાબમાંથી સારી વસ્તુ બને છે અને આવડત ન હોય તો સારી વસ્તુ પણ ખરાબ બની જાય છે. માટે આવડત અને સમભાવને કેળવી જાણવાં.

—જ્ઞાતા ધર્મકથા, કથા બારમી.

Regd. No G. BV. 20

"જૈન" સાપ્તાહિક ભાવનગર (ગુજરાત)

વા. લવાજમ રૂા. ૧૫

વીર સંવત ૨૫૦૧ વિક્રમ સંવત ૨૦૩૧ વૈશાખ શુદ ૬ તારીખ ૧૭-૫-૭૫ શનિવાર

વર્ષ ૭૨ ] સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ [ અંક ૧૯







# સમતાના સાધકનો સ્વર્ગવાસ

આગમોદ્ધારક આચાર્ય પ્રવર શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના સમુદાયના વડીલ અને ગચ્છાધિપતિ અને તેઓશ્રીના પટ્ટધર આચાર્ય મહારાજ શ્રી માણેકસાગરસૂરિજી મહારાજનો, ગત ચૈત્રવદિ ૮ના રોજ, લુણાવાડા મુકામે, ૮૪ વર્ષની વૃદ્ધ વયે, સ્વર્ગવાસ થતાં જૈનસંઘને એક સમભાવના આજીવનસાધક શ્રમણવરની આદર્શ સાધુતાનો લાભ મળતો બંધ થયો છે; અને વિશ્વમૈત્રીભાવની પ્રેરક સાચી સાધુતાની વધતી જતી અછતના સમયમાં તપગચ્છ સંઘ વધુ ગરીબ બન્યો છે. એમનું સ્થાન જલદી પુરાવું સહેલું નથી.

આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજનું જીવન અને કાર્ય જેમ આગમોના રક્ષક અને જૈન સંઘના મહાન ઉપકારી શ્રી દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણની સ્મૃતિને જગાડે છે, તેમ આચાર્ય શ્રી માણેકસાગરસૂરિજી મહારાજની જ્ઞાનોપાસનાથી શોભતી જીવનસાધના આગમશાસ્ત્રો અને ત્યાગ-વૈરાગ્ય-સંયમની ભાવનાના પોષક અન્ય અનેક ધર્મગ્રંથોના જીવનસ્પર્શી અધ્યયન અધ્યાપનને સમર્પિત થયેલા અનેક શ્રમણશ્રેષ્ઠોની આત્મસાધનાનું પુણ્યસ્મરણ કરવા પ્રેરે છે.

સ્વર્ગસ્થ આચાર્યશ્રી જેમ વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, ચારિત્રવૃદ્ધ અને અનુભવવૃદ્ધ હતા, તેમ એમનું જીવન ત્યાગ-વૈરાગ્યની ઉચ્ચ ભાવના તેમ જ સરળતા, નમ્રતા અને વિવેકશીલતા જેવી સાચી સાધુતાના પોષક અને સૂચક સદ્ગુણોથી વિશેષ શોભાયમાન અને ગૌરવશાળી બન્યું હતું. જરૂર કરતાં પણ ઓછું બોલવાનો એમનો સ્વભાવ હતો. અને, ભગવાન તીર્થંકરની આજ્ઞા પ્રમાણે, કર્મો અને કષાયોના પોષક પ્રમાદનું ક્યારેય લેશ પણ સેવન ન થઈ જાય

**મણકો**

**ચાહે જેટલા વેદો, દવાઓ રાખી હોય છતાં મોતના પંજા ખાલી જતા નથી. દરિયામાં ડૂબેલા બચી જાય છે અને ઠોકર માત્રમાં કંઈક મરી જાય છે, છતાં જ્યાં સુધી મૃત્યુનો પંજો ન આવે તો દરિયામાં ડૂબેલો બચી જાય છે. જાહેર વ્યાખ્યાનો દેતાં હૃદય બંધ પડી જાય છે. ચાહે જેટલા બુદ્ધિ, બળ, રિદ્ધિ સત્તાવાળા થાય, પણ બધું આ દુનિયા પર. મોતના પંજા આગળ કોઈનું ચાલતું નથી.**

— આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી

એ માટેની એમની જાગૃતિ દાખલારૂપ બની રહે એવી હતી. પોતાના આશ્રિતો અને સાથીઓ, ઓછામાં ઓછા ઉપદેશ, ઠપકા અને માર્ગદર્શનથી પોતાનો ધર્મમાર્ગ, આપમેળે અને વગરકહ્યે, સમજી જાય એ રીતે એમણે પોતાની સંયમયાત્રાને આગળ વધારવાનો અને સાધુતાના સારરૂપ સમભાવ વગેરે ગુણોને પોતાના જીવન સાથે વણી લેવાનો સતત પુરુષાર્થ કર્યો હતો.

વળી, સાધુજીવનનો મુખ્ય હેતુ, પોતાની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને સ્ફટિક સમી નિર્મળ બનાવીને, પોતાના આત્મભાવને જાગૃત કરવાનો અને આત્માને નિર્મળ કરવાનો જ છે: આ ધર્મસાધનાની પાયાની વાત તેઓના અંતરમાં બરાબર વસી ગઈ હતી, એટલે લોકોનો ઉદ્ધાર કરવાના વધારે પડતા ઉત્સાહમાં આત્મસાધના કે ધર્મસાધનાનો આ પાયાનો હેતુ ગૌણ બની જવા ન પામે એની તેઓ સતત તકેદારી રાખતા હતા. અને જે સાધક પુરુષનું ધ્યાન, આ રીતે, પોતાના ચિત્ત કે આત્માના શુદ્ધીકરણ ઉપર કેન્દ્રિત થયું હોય, એમને નામના, પ્રતિષ્ઠા કે કીર્તિની આકાંક્ષા કે જ્ઞાનીપણાનું ગુમાન કેવી રીતે સતાવી શકે? અનાસક્તભાવ અને નિર્મોહીદષ્ટિને કેળવી જાણીને આચાર્ય શ્રી માણેકસાગરસૂરિજી આત્મલક્ષી શ્રમણસાધનાના ઉત્તમ પ્રતિનિધિ બન્યા હતા, એમ કહેવું જોઈએ.

તેઓનું વતન જંબુસર. પિતાનું નામ શ્રી પાનાચંદભાઈ. માતાનું નામ શ્રી ગંગાબહેન. વિ. સં. ૧૯૪૮ના મહા સુદિ ૯ના રોજ એમનો જન્મ. એમનું પોતાનું નામ મોહનલાલ. કુટુંબ ધર્મસંસ્કારવાળું અને તેમાંય માતાનું જીવન ધર્મના રંગે વિશેષ રંગાયેલું; એની અસર મોહનલાલના જીવન ઉપર સારા પ્રમાણમાં પડી હતી.

આમાં કંઈક ભવિતવ્યતાનો શુભ યોગ આવી મળ્યો. મોહનલાલનું મન વધુને વધુ ધર્મપરાયણ બનતું ગયું અને છેવટે એમના ચિત્તમાં ઘરસંસાર અને કુટુંબ-કબિલાનો ત્યાગ કરી ભગવાન તીર્થંકરે ઉદ્બોધેલ ત્યાગમાર્ગનો સ્વીકાર કરવાની અને સંયમ-વૈરાગ્ય-તપોમાર્ગના પુણ્યયાત્રિક બનવાની ભાવનાના અંકુર જાગી ઊઠયા. આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના સત્સંગ અને એમની વૈરાગ્યપ્રેરક ધર્મદેશનાએ આ અંકુરને વિકસાવવામાં ખાતર-પાણી જેવું કામ કર્યું. અને મોહનલાલે ભાગવતી દીક્ષાનો સ્વીકાર કરવાનો દૃઢ સંકલ્પ કર્યો.

શાંત અને ઠરેલ સ્વભાવના મોહનલાલમાં પોતાના અશુભ સંકલ્પને પૂરો કરવાની ઠંડી તાકાત હતી; અને, મોટો આડંબર રચ્યા વગર કે ખોટો દેખાવ કર્યા વગર, શાંત ચિત્તે છતાં દૃઢતાપૂર્વક પોતાના નિશ્ચયને પૂરો કરવાનો એમનો સહજ સ્વભાવ હતો. અને એકવાર નિશ્ચય કરી લીધા પછી કાળક્ષેપ કરવાનું એમને મંજૂર ન હતું. એટલે એમણે યૌવનના વિકાસના સમય સરખી કેવળ ઓગણીસ વર્ષની ઊછરતી વયે, વિ. સં. ૧૯૬૭ના મહાવદિ ૬ના રોજ, ભરૂચતીર્થમાં, આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરિજીના વરદહસ્તે, એમના શિષ્ય તરીકે, દીક્ષા લીધી. એમનું નામ મુનિ-માણેકસાગરજી રાખવામાં આવ્યું છે.

નવદીક્ષિત મુનિ માણેકસાગરજીનું ચિત્ત મનના મનોરથ સફળ થયાનો આહ્લાદ અનુભવી રહ્યું. સામે જ્ઞાનના સાગરસમા ગુરુ હતા અને અંતરમાં જ્ઞાન અને ચારિત્રની નિર્મળ અને ઉત્કટ આરાધનાર્થ જીવનને ઉન્નત બનાવવાની અદમ્ય ભાવનાની સરિતા વહેતી હતી. અને એ માટે ગમે તેટલી મહેનત ઉઠાવવાની મુનિશ્રી માણેકસાગરજીની તૈયારી હતી. તેઓ પૂર્ણયોગથી પોતાના ગુરુદેવની ભક્તિમાં અને જ્ઞાન–ચારિત્રની સાધનામાં એવા એકાગ્ર થઈ ગયા કે જાણે એમાં પોતાની જાતને જ સમર્પિત કરી દીધી અને વિસારી દીધી!

મુનિ માણેકસાગરજીએ પોતાના ગુરુવર્યના ચરણે બેસીને વ્યાકરણ અને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો; અને આ રીતે મેળવેલી જ્ઞાનાર્જનની વિશેષ યોગ્યતા અને ગુરુકૃપાના બળે એમણે આપણાં પવિત્ર જૈન આગમસૂત્રોનું ઊંડું અને મર્મગ્રાહી અધ્યયન કર્યું. ક્રમે ક્રમે મુનિ શ્રી માણેકસાગરજીએ ગુરુભક્તિ, જ્ઞાનોપાસના અને ધર્મક્રિયા માટેની જાગૃતિરૂપ ત્રિવેણીસંગમ સાધીને પોતાની સંયમયાત્રાને વધારે ઉજમાળ બનાવી. એમનું જીવન મૂક ધર્મસાધનાના દાખલારૂપ બની ગયું.

આગમશાસ્ત્રોનું તેઓનું અધ્યયન આગમોના મહાન ઉદ્ધારક ગુરુના ઉત્તરાધિકારીને શોભે એવું મર્મગ્રાહી અને વ્યાપક હતું. કોઈ પણ આગમ પદાર્થનું જ્યારે તેઓ વિવેચન કરતા ત્યારે કોઈ પણ શ્રોતાને, જિજ્ઞાસુને તથા અભ્યાસીને એમની આવી જ્ઞાનગરિમાનાં સુભગ દર્શન કરવાનો અવસર મળતો. આમ છતાં તેઓ પોતાના જ્ઞાનતેજથી બીજાને આંજી નાંખવાનો ક્યારેક પ્રયત્ન ન કરતા, એ એમના જ્ઞાનીપણાની વિરલ વિશેષતા હતી. આનો અર્થ એ કે એમનું જ્ઞાન કેવળ બુદ્ધિના વૈભવ જેવું બહિર્મુખ કે ઉપરછલ્લું નહીં પણ પોતાના અને બીજાના અંતરમાં અજવાળાં પાથરે એવું અંતર્મુખ, જીવનસ્પર્શી અને ઉપકારક હતું. આના લીધે જ તેઓ જ્ઞાનીપણાના અભિમાનથી સર્વથા અલિપ્ત રહી શક્યા હતા; અને "ज्ञानस्य फलं विरतिः" એ ધર્મસૂત્રને ચરિતાર્થ કરી શક્યા હતા.

વિ. સં. ૧૯૯૨ની સાલમાં ગિરિરાજ શ્રી શત્રુંજયતીર્થની પવિત્ર છાયામાં તેઓને આચાર્યપદ આપવામાં આવ્યું હતું. પદ કે પદવીનો એમને ક્યારેક મોહ ન હતો, એટલે, અરિહંતના અભાવમાં, જૈન સંઘ વ્યવસ્થામાં જેમનું સ્થાન સૌથી વધુ મોભાવાળું તેમ જ જવાબદારીવાળું લેખવામાં આવ્યું છે તે આચાર્યપદનો તેઓએ ભારે જવાબદારીવાળા સ્થાન તરીકે સ્વીકાર કર્યો હતો અને એ જવાબદારીને નભાવી અને શોભાવી જાણીને એનો મહિમા વધારવા સતત પ્રયત્ન કર્યો હતો. એકસો જેટલાં મુનિરાજો અને ચારસો જેટલાં સાધ્વીજી મહારાજોના ગચ્છાધિપતિ તરીકે શાંતિ, સમતા અને શાણપણપૂર્વક એમણે, પોતાના ગુરુદેવના સ્વર્ગવાસ પછી, એક પચીશી સુધી જે કામગીરી બજાવી હતી, એનું સૌ કોઈ કૃતજ્ઞતાની ઊંડી લાગણી સાથે સ્મરણ કરે છે, એ જ બતાવે છે કે તેઓએ સૌ પ્રત્યે કેવો વાત્સલ્યભર્યો વ્યવહાર કર્યો હતો!

પોતાના ગુરુવર્ય તરફની એમની ભક્તિ દાખલારૂપ બની રહે એવી હતી. અને પોતાના ગુરુશ્રીએ રચેલ નાના–મોટા ૨૨૦ જેટલા ગ્રંથોનું સંશોધન–સંપાદન કરીને એમણે ગુરુઋણને પૂરું કરવાનો વિનમ્ર છતાં સમર્થ પ્રયત્ન કર્યો હતો. ઉપરાંત, તેઓશ્રીએ પોતે પણ અનેક ગ્રંથોનું સંશોધન–સંપાદન અને સર્જન કર્યું હતું. તેથી તેઓની શ્રુતભક્તિ અને બહુશ્રુતતાનો લાભ, જેમ આગમશાસ્ત્રોની વાચનાઓરૂપે અનેક સાધુમુનિરાજો તથા સાધ્વીજી મહારાજોને મળ્યો હતો તેમ, દીર્ઘ સમય સુધી શ્રીસંઘને તથા જ્ઞાનરસિક વ્યક્તિઓને મળતો રહેશે. આગમ–વાચના એ તો એમનો, નિયક્રમ હતો; અને તબિયતની સ્વસ્થતા–અસ્વસ્થતાની ચિંતા સેવ્યા વગર એ ક્રમનું તેઓ બરાબર પાલન કરતા હતા.

આ રીતે ૬૪ વર્ષ જેટલા દીર્ઘ દીક્ષાપર્યાય દરમ્યાન જ્ઞાન અને ચારિત્રની અખંડ ઉપાસના કરીને, પોતાના આત્માનું શ્રેય સાધી જનાર, સમતાના સરોવર, આચાર્યશ્રી માણેકસાગરસૂરીશ્વરજી મહારાજના આદર્શ જીવનની અમે અંતઃકરણથી સ્તુતિ કરીએ છીએ અને એ મહાપુરુષને ભાવભરી વંદના કરીએ છીએ.

---

# સામયિક સ્ફુરણ

## શેઠ શ્રી અચલસિંહજીને અભિનંદન

સ્થાનકમાર્ગી જૈન સંઘના મુખ્ય અગ્રણીઓમાં જેઓનું સ્થાન આગળ પડતું છે, તે આગરાનિવાસી શ્રેષ્ઠીવર્ય શ્રી અચલસિંહજીએ ગત તા. ૫-૫-૧૯૭૫ના રોજ પોતાના સેવાપરાયણ યશનામી અને કર્તવ્યનિષ્ઠ જીવનમાં એંશી વર્ષ પુરાં કરીને એકાશીમા વર્ષ પ્રવેશ કર્યો તે પ્રસંગે અમે એમને અમારાં હાર્દિક અભિનંદન આપીએ છીએ.

શેઠ શ્રી અચલસિંહજી એક જૈન ફિરકાના આગેવાન છે, એ તો કેવળ એમના સતત કાર્યપરાયણ જીવનનું એક પાસું જ છે. વળી, સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના પ્રમુખપદ જેવા ઉચ્ચ સ્થાને એમની વરણી કરવામાં આવી હતી, એ પણ સાચું છે. આમ છતાં તેઓનું જીવન જેમ ધર્મ અને સમાજની સેવા કરવાની ભાવનાથી રંગાયેલું છે, એના કરતાં પણ વિશેષ એ રાષ્ટ્રીયતાની ભાવનાના રંગે રંગાયેલું છે. ઉત્તર પ્રદેશના એક શક્તિશાળી અને વગદાર રાષ્ટ્રીય નેતા તરીકેની એમની કારકિર્દી ખૂબ ઉજ્જવળ છે.

દેશની સ્વતંત્રતાની અહિંસક લડતની ઉદ્ઘોષણા જ્યારથી મહાત્મા ગાંધીએ કરી તે પહેલાંથી તેઓ રાષ્ટ્રભાવનાના ઉપાસક બન્યા હતા અને સમય જતાં ગાંધીજીના અનુયાયી અને આઝાદીના યુદ્ધના સૈનિક બન્યા હતા. દેશની સ્વતંત્રતા માટેની અહિંસક લડાઈના અનેક રાષ્ટ્રીય સૈનિકોની જેમ શ્રી અચલસિંહજી પણ ગર્ભશ્રીમંતાઈમાં ઊછર્યા હતા; છતાં દેશને આઝાદ કરવાની રાષ્ટ્રવ્યાપી લડતને વેગવાન બનાવવામાં ગમે તે પ્રકારનાં કષ્ટો સહન કરવા તેઓ હમેશાં સજ્જ રહ્યા હતા; અને અંગ્રેજ સરકારે આ યુદ્ધને થંભાવી દેવા માટે આપેલ કોઈપણ પ્રકારની યાતનાઓ એમનો વિચલિત કરી શકી ન હતી; ઊલટું એમનું ધીર અને પરાક્રમ ઉત્તરોત્તર વધતું જ રહ્યું હતું. આ યુદ્ધ દરમ્યાન તેઓએ અનેકવાર મહિનાઓ અને વર્ષો સુધીનો જેલવાસ પણ સહર્ષ સહન કર્યો હતો.

દેશના નબળા, ગરીબ અને અભણ વર્ગની ભલાઈ હમેશાં એમના હૈયે વસેલી છે. આ માટે તેઓ કંઈક ને કંઈક પ્રવૃત્તિ અને સખાવત કરતા જ રહે છે. એમની સેવા-ભાવનાને જ્ઞાતિ, વર્ણ કે ધર્મની કોઈ સંકુચિત દૃષ્ટિ સ્પર્શી શકતી નથી એ જ બતાવે છે કે એમની રાષ્ટ્રભાવના કેવી વ્યાપક અને નિઃસ્વાર્થ છે.

પોતાની સેવાભાવના, કાર્યકુશળતા અને ધ્યેયનિષ્ઠાને લીધે તેઓ સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય ક્ષેત્રમાં અનેક માન અને ગૌરવનાં સ્થાનો શોભાવીને જનતાનો વિશ્વાસ અને પ્રેમ સંપાદન કરી શક્યા છે. મહાત્મા ગાંધી અને શ્રી જવાહરલાલ નેહરુ પણ એમના પ્રત્યે પોતાપણાની લાગણી ધરાવતા હતા; અને અત્યારનાં વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી અને બીજા પણ અનેક આગેવાન રાજપુરુષોનો તેઓએ વિશ્વાસ સંપાદન કર્યો છે.

બધા જૈન ફિરકાઓની એકતાની એમની ભાવના સુવિદિત છે. અને ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીયધોરણે, રાષ્ટ્રવ્યાપી ઉજવણી થઈ રહી છે એમાં પણ એમનો ફાળો નોંધપાત્ર છે.

આવા એક ભાવનાશીલ, કલ્યાણકામી અને કર્તવ્ય-પરાયણ મહાનુભાવનું જીવન એ તો જનસમૂહની બહુમૂલી મૂડી છે. શેઠશ્રી અચલસિંહજી તંદુરસ્તીભર્યું દીર્ઘ આયુષ્ય ભોગવે એવી અમે એમને, એમના ૮૧મા વર્ષના પ્રવેશ પ્રસંગે, હાર્દિક શુભેચ્છા દર્શાવીએ છીએ.

## રાજસ્થાન સરકારને ધન્યવાદ

બધા પ્રાણીરક્ષાના હિમાયતીઓ અને જીવદયા-પ્રેમીઓને એ જાણીને આનંદ થશે કે, તાજેતરમાં, રાજસ્થાનની વિધાન સભાએ, ગત તા. ૨૯ ૪-૭૫ના રોજ, પશુઓના બલિદાનનો નિષેધ કરતું બિલ પસાર કર્યું છે; અને એમ કરીને પોતાના રાજ્યમાં ધર્મ નિમિત્તે હોમી દેવામાં આવતાં હજારો પશુઓનો જાન બચાવવાની સાથે સાથે દેશના પશુધનના રક્ષણની દિશામાં પણ એક મહત્ત્વનું પગલું ભર્યું છે.

જેમ જીવદયા એ ખરી રીતે આપદયા (પોતાની જાતની જ દયા કરવા) જેવું ઉત્તમ કાર્ય છે, તેમ ધર્મને નામે લેવામાં આવતા નિર્દોષ અને અબોલ પશુઓના ભોગને રોકવાનું કામ પણ ખરી રીતે ભાવનાત્મક રીતે તથા વિશેષ કરીને આર્થિક રીતે પણ દેશની સંપત્તિનું રક્ષણ કરવા જેવું ઉપયોગી અને ઉત્તમ કાર્ય છે. જે દેશની પશુસંપત્તિ ઓછી અને નબળી હોય છે, તે દેશની પ્રજા પણ નબળી તૈયાર થાય છે અને નબળી લેખાય છે. રાજસ્થાન સરકારે ઘડેલ આ ધારો આવી નબળાઈમાંથી દેશને ઉગારી લેવાની દિશામાં સાચું પગલું છે.

આ માટે મન દઈને પ્રયત્ન કરનાર શ્રી ભીમસેનજી ચૌધરી અને એમને સાથ આપનાર સૌ કોઈને તથા આવો કાયદો ઘડવા બદલ રાજસ્થાન સરકારને અમે હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

---

### પૂ. મુનિ શ્રી યશોવિજયજીનું

## સ્વાસ્થ્ય

પૂ. મુનિજીની તબીયતમાં ધીમી ગતિએ સુધારો છે. ડોકટરોની આરામ લેવાની સલાહ મુજબ આરામ પર છે. એટલે નિર્વાણ વર્ષના નિમિત્તે અનેક લેખકો, વિદ્વાનોએ પોતાની કૃતિઓ અભિપ્રાય માટે મોકલી છે. કેટલાક ભાઈઓએ વિવિધ સલાહો માગી છે. તો જણાવવાનું કે તેઓ સહુ થોડો સમય ધીરજ રાખે. સહુને પ્રત્યુત્તર જરૂર આપવામાં આવશે.

લી. પ્રેમશંકર ત્રિવેદી

## ટી. વી. ઉપર રજૂ થયેલા પોગ્રામો અને પ્રચાર માટે તૈયાર થઈ રહેલું મહત્વનું કાર્ય

પૂજ્ય મુનિ શ્રી યશોવિજયજી મહારાજની પ્રેરણાથી મુંબઈના ટી. વી. સેન્ટરે બે પોગ્રામો સુંદર રીતે રજુ કરી, ટી. વી. સેન્ટરે ભગવાન મહાવીરની સુંદર સેવા બજાવી જ નતાએ પણ ભારે આનંદ અને ઉત્સાહથી આ કાર્યક્રમને વધાવી લીધો. તેમાંય ૨૪-મીના પોગ્રામે તો લાખો લોકોનાં દિલ આકર્ષી લીધા હતાં.

તા. ૨૨મીએ ટી. વી. ઉપર 'મહાવીર દર્શન'નો પોગ્રામ ૨૨ મીનીટ સુધી રજૂ થયો. એ પોગ્રામનું આયોજન, વીલેપારલા નાણાવટી હોસ્પીટલમાં જ પૂ૦ મુનિશ્રી યશોવિજયજીની સાથે ઝરખાવાળા કલાકાર શ્રી નવીનભાઈ શાહ તથા લ્યુમીનીસ્કોપ પદ્ધતિના શોધક શ્રી પ્રતાપભાઈ શાહે ચર્ચા વિચારણા કરી કેટલીક નવીનતાઓ ઉમેરીને કરવામાં આવ્યું હતું. આ માટે નવીનભાઈએ ભારે શ્રમ ઉઠાવ્યો હતો. તીર્થંકર ભગવાન મહાવીરના ચિત્રસંપુટમાંના ચિત્રો રજુ કરવાની ટેકનીક પ્રતાપ ઓઝા વગેરે જાણીતા આર્ટીસ્ટોની કોમેન્ટ્રી, ગીત-એટલું બધું સુંદર રીતે રજુ થયું કે જોનારા સહુ મુગ્ધ બની ગયા... અને આ જ પોગ્રામ ગોવાલીયા ટેન્ક મહાવીરનગરમાં રજૂ થયો હતો. હવે મહાવીર દર્શનનો પોગ્રામ હીન્દીમાં બીજા ટી. વી. સેન્ટરો પર રજુ થાય તેવા ચક્રો ગતિમાન થયા છે.

### શોકસભા—અમદાવાદ

શ્રી શાંતિચંદ્ર સેવા સમાજના છેલ્લા આઠ વર્ષથી ટ્રસ્ટી તથા પ્રમુખ શેઠશ્રી રમણલાલ મોહનલાલ (શેરદલાલ)નું તા. ૨-૫-૭૫ના દુઃખદ અવસાન થતાં શેઠશ્રી રસિકલાલ અનુભાઈના પ્રમુખસ્થાને સંસ્થાની એક જાહેર શોકસભા તા. ૪ના મળી હતી. મંત્રીશ્રી શાંતિલાલ જગાભાઈએ સદ્‌ગતશ્રીના ગુણોનું વર્ણન કરવા સાથે અંજલિ અર્પતું પ્રવચન કરેલ. સભામાં એક શોકઠરાવ કરી તેઓની રાહબરી નીચે સંસ્થાએ કરેલ પ્રગતિની નોંધ લેવા સાથે ઊંડી દિલગીરી વ્યક્ત કરી સદ્‌ગતશ્રીના આત્માની ચિરઃશાંતિ પ્રાર્થી હતી.

# લોકોય કેવા નગુણા થઈ ગયા છે!
# સાચ સમજે નહી એવાને શું કહીએ?

અમદાવાદમાં શાસન-રક્ષાનું એક યુદ્ધ ખેલાઈ ગયું—એને કોઈ નગુણા લોકો અધર્મનું યુદ્ધ કહે તો એથી કોઈએ ભરમાવું નહીં; છો ને એમાં મારામારી અને મરચાં ઉછાળવા જેવી હિંસક વૃત્તિએ પોતાનો થોડોક ભાગ ભજવ્યો હોય! એથી શું થઈ ગયું?

આવા યુદ્ધની શરૂઆત તો અહિંસા અને સમભાવના અવતાર શ્રમણ ભગવાન મહાવીરદેવના જન્મકલ્યાણકના પર્વ દિને જ કરવી ઘટે ને? અને એનું પૂરેપૂરું ઉગ્રરૂપ પ્રગટ થયું ૨૬મી એપ્રિલની રાત્રે.

મુનિશ્રી ચંદ્રશેખરવિજયજીએ છાપામાં આ તોફાનને વખોડી કાઢયું તો નગુણા લોકો બોલી ઊઠયા: આ તો બેધારી તલવાર વીંઝવા જેવી માયાજાળ સમી વાત થઈ! કોઈએ મુનિશ્રીની એ વાત સાચી માની નહીં અને એમાંથી, દૂધમાંથી પોરા શોધી કાઢે એમ, એમણે તો એવી વાત વહેતી મૂકી કે મુનિશ્રીએ પોતે પણ આવું તોફાન થયાની વાત કબૂલ કરી લીધી છે! શું કહીએ આવા લોકોને!

પણ વાત આટલેથી અટકી હોત તોય ઠીક! પણ પછી તો અમદાવાદના આગેવાનોએ એક નિવેદન બહાર પાડીને આ તોફાનનો વિરોધ કર્યો તો ભોળા લોકોએ એને વધાવી લઈને સાચી વાત કહેવા માટે એમનાં વખાણ કર્યાં!

પણ આવા પ્રસંગે શાસનની સાચી દાઝવાળાથી ચૂપ કેમ રહેવાય? એટલે શ્રી અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ વતી લલીતભાઈ ધામીએ છાપાઓમાં જાહેર નિવેદન છપાવ્યું અને એમાં પોતાના દળનો બચાવ કરવા પ્રયત્ન કર્યો. પણ લોકો તો એવી અવળી મતિવાળા નીકળયા કે એમાં એમનો આ બચાવ માન્ય ન રાખ્યો. એટલું જ નહીં, એમાંથી એમણે પોતાને ગમતા બે અર્થ શોધી કાઢયા: એક તો એ કે આ નિવેદન પણ તોફાનની વાતનો સ્વીકાર કરે છે—પછી એ તોફાન કોણે કર્યું—કરાવ્યું એ વાત જેટલી ગૌણ છે એટલી જ જાણીતી છે! અને બીજી વાત એ કે આ દળ પાસે, આ આટલા ખર્ચ પછી પણ, નાણાંની કોઈ તંગી ઊભી થઈ હોય એમ નથી લાગતું! મુનિશ્રીનું, અને શ્રીધામીનું—એમ આ બન્ને નિવેદનોના ગર્ભમાં આ દુર્ઘટનાની જવાબદારીનું કેવું કેવું સત્ય છુપાયું છે! જાણ્યે-અજાણ્યે પણ સત્ય પોતાનો માર્ગ કેવી છૂપી કે આડકતરી રીતે કરી લે છે!

અને આટલું ઓછું હોય એમ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ એક નિવેદન કરીને જાહેર કર્યું કે—"સત્ય વસ્તુને અસત્ય ઠરાવવાનો અખિલ ભારતીય સંસ્કૃતિ દળનો ઉદ્દેશ્ય હોય તો અમારે કાંઈ કહેવાનું નથી તા. ૨૬-૪-૭૫ના શનિવારના રોજ જે તોફાન થયાં તે વીર સૈનિક દળે કર્યાં છે એ બાબતમાં કોઈપણ શંકા હોય તો કોઈપણ રિટાયર્ડ હાઈકોર્ટ જજ આગળ મૂકી તેનો નિર્ણય લેવા અમે તૈયાર છીએ."

આ બધું જોઈને લોકો પોતાની સાચી વાત સમજતા અને સ્વીકારતા નહીં હોવાથી મુનિજી પોતાની નારાજી દર્શાવતા હતા ત્યારે કોઈ સરળ પરિણામી આત્માના હૈયેથી એવી વાત નીકળતી નીકળતી રહી ગઈ કે ગુરુદેવ! અસત્યનો મહિમા તો આપણે જ વધારી બેઠા છીએ! ત્યાં લોકો આપણી વાત સાચી ન માને એમાં એમનો શો દોષ! પણ આવું અણગમતું સત્ય ઉચ્ચારવાની જે હિંમત કરે, એ બિચારાની કેવી દશા થાય? પણ એ વાત જવા દઈએ.

—વક્રદષ્ટિ.

## ● અસત્યનો અંધારો કૂવો ! ●

અથ ગુરુજી ઉવાચ : હે સૈનિકો ? સત્યયુગમાં સત્યનો મહીમા ; જે સત્યને આચરે તે જય પામે ? પણ કલિયુગની વાત ન્યારી સમજવી : કલિયુગમાં જે સત્યનો પ્રયોગ કરવા જાય તે, શિયાળે મલમલના ઝીણા કપડાં પહેરે તેની જેમ દુઃખી દુઃખી થઈને પરાજયનો ભોગ બને ? માટે હે શિષ્યો ? જો કલિયુગમાં (પડતા પાંચમા આરામાં) વીર બનીને વિજયી થવું હોય તો અસત્યનો પ્રયોગ કરતા શીખજો અને એમ કરતાં જરાય પાછા પડશો નહી, અચકાશો નહી. "અસત્યનો જય" એ કલિયુગના સૂત્રનો મર્મ બરાબર સમજજો અને એનું આળસુ બનીને આચરણ કરજો ;

શિષ્યો ; તહ ત્તિ ગુરુ ! ધન્ય આપની વાણી અને ધન્ય આપની લાખેણી શિખામણ ?

※

એક વિચારક : કહો સૈનિક વીર ? તમે શ્રી દલસુખભાઈ માલવણિયાનો આટલો વિરોધ શા માટે કરો છો ?

પહેલો સૈનિક : તમે બી યાર આ કેવી વાત કરો છો ? અમારા ગુરુજીએ અમારા મનમાં ઠાંસી ઠાંસીને ભરી દીધું છે કે માલવણીએ મહાવીર ચંદના સાથે પ્રેમ કરતા હતા એવું બાફી માર્યું છે. એવાનો વિરોધ કરવા એને પ્રસાદ આપ્યા વગર કેમ ચાલે !

બીજો જિજ્ઞાસુ : અલ્યા શૂરા સૈનિક : શ્રી ઋષભદાસજી રાંકાએ તમારું શું બગાડયું છે કે તમે એમને અમદાવાદમાં આટલા બધા હેરાન કર્યા ?

બીજો સૈનિક : એ તો એ જ લાગના છે ! અમારા જ્ઞાની ગુરુદેવે અમને સાફ સાફ કહ્યું છે કે રાંકાજીએ પરમાત્મા મહાવીરને ચંદનબાળા ઉપર પ્રેમ હતો એવું એવું લખ્યું છે ! તો પછી એમને હેરાન ન કરીએ તો શું હાર પહેરાવીએ ?

ત્રીજો ભોળો સૈનિક માથું ખંજવાળતો વિમાસણમાં પડી ગયો પણ એની એ કહેવાની હિંમત ન ચાલી કે આવી વાત ન તો માલવણિયાએ લખી છે કે ન તો રાંકાએ ! આ વાત તો ઘણા વખત પહેલાં સતીશ નામની કોઈ ત્રીજી વ્યક્તિએ લખી હતી ! જ્યાં અસત્યના બલ-વીર્ય-પરાક્રમની બોલબાલા થતી હોય ત્યાં આવું સત્ય ઉચ્ચારવાની હિંમત કોણ કરી શકે ? અને જો કોઈ આવી હિંમત કરવા જાય તો એ માલવણિયા અને રાંકા કરતાં પણ વધુ ખરાબ દશાનો ભોગ બન્યા વગર કેવી રીતે બચી શકે ?

※

આ અસત્યનો અંધારો કૂવો તો જેટલો ઊંડો ખોદો તેટલો સારો-છો ને પછી એમ કરતાં એ પાતાળકૂવો માણસાઈનું કબ્રસ્તાન બની જાય ! કલિયુગમાં કુલિયુગના ધર્મને પિછાને તે જય પામે અને બાકીના બધા ક્ષય પામે ! શિષ્યો ગુરુની વાતને અભિનંદી રહ્યા ! બોલો ! અસત્યનો જય ! —"વક્રદષ્ટિ"

## રાષ્ટ્રીય ઉજવણીના પ્રતાપે

"ધી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા"ના તા. ૧૨-૫ ૭૫ના અંકના પહેલે પાને છપાયેલ, હિંસક પ્રાણીઓના જાણીતા સાહસી ફોટોગ્રાફર શ્રી સુલેમાન પટેલના લેખમાંના સમાચાર ઉપરથી જાણવા મળે છે કે—

સૌરાષ્ટ્રના ગીરના સાસણ ગામથી પંદરેક કિલોમિટર દૂર આવેલ કિરધાર ગામે એક ચિત્તો હળી ગયો હતો. થોડા દિવસ પહેલાંનો જ આ બનાવ છે. આ ચિત્તાનો ભય ટાળવા માટે ગુજરાત સરકાર તરફથી એના જંગલ ખાતાને એવો આદેશ મળ્યો કે ગમે તેમ કરીને આ ચિત્તાનો ભય સત્વર દૂર કરીને કિરધાર ગામને ભયમુક્ત કરો. પણ અત્યારે ભગવાન મહાવીરના નિર્વાણના પચીસસોમા વર્ષની ઉજવણી ચાલી રહી હોવાથી એક વર્ષ માટે આખા રાજ્યમાં શિકારબંધી કરવામાં આવી છે. માટે ચિત્તાનો શિકાર ન કરતાં, ગમેતેમ કરીને, એને જીવતો પકડીને ઊંડે ઘીચ જંગલમાં દૂર છૂટો મૂકી દેજો. અને જંગલખાતાના સાહસિક રખેવાળોએ, જીવસટોસટનું સાહસ ખેડીને, એ ચિત્તાને જીવતો પકડીને દૂર દૂર જંગલમાં છોડી દીધો. નિર્વાણ મહોત્સવની રાષ્ટ્રીય ઉજવણીના લીધે જ આમ થઈ શક્યું.

જયઉ સ૦ ણુ સાસણું                                    શ્રી શેરીસા પાર્શ્વનાથાય નમઃ

શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી સદ્‌ગુરૂભ્યો નમઃ

## કલકત્તા નિવાસી બેન સુવ્રતાની શેરીસા મહાતીર્થમાં દીક્ષા પ્રસંગે સહર્ષ આમંત્રણ



કલકત્તાથી શ્રી સિદ્ધાચલજી મહાસંઘ યાત્રાના નિશ્રાદાતા
પૂજ્ય આ. ભ. શ્રી વિજયજયંત સૂરીશ્વરજી મ. સા. તથા
તીર્થપ્રભાવક પૂજ્ય આ. ભ. શ્રી વિક્રમસૂરીશ્વરજી મ. સા. નો



# શેરીસા તીર્થમાં ભવ્ય પ્રવેશ

જયજિનેન્દ્ર સાથ જણાવવાનું કે જૈન રત્ન, વ્યાખ્યાન વાચસ્પતિ, કવિકુલકિરીટ પૂ. આ. ભ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્નો વયોવૃદ્ધ આ. ભ. શ્રી વિજય જયંતસૂરીશ્વરજી મ. સા. પૂ. તીર્થપ્રભાવક આ. ભ. શ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મ. સા. આદિ વિશાલ મુનિગણનો ભવ્ય પ્રવેશ વૈશાખ સુદ ૧૦ મંગળવાર તા. ૨૦-૫-૭૫ ના રોજ શેરીસા તીર્થમાં થશે.

સીકંદ્રાબાદથી શ્રી સમેતશિખરજી તીર્થની ૧૯૨ દિવસની તથા કલકત્તાથી શ્રી સિદ્ધાચલજી તીર્થની ૨૦૨ દિવસની મહાન છ'રી પાલિત સંઘયાત્રાના નિશ્રાદાતા ગુરૂવર્યો હવે રાજનગર [અમદાવાદ] તરફ વિહાર કરી રહ્યા છે. પૂજ્યોની પૂનીત નિશ્રામાં શેરીસા મુકામે કલકત્તા નિવાસી બેન સુવ્રતાની દીક્ષાનો તથા પ્રભુ મહાવીરસ્વામીના કેવળજ્ઞાન કલ્યાણકની આરાધના તથા શાસન સ્થાપના દિનનો મંગળ કાર્યક્રમ છે.

પૂજ્ય ગુરૂ ભગવંતો શેરીસા મુકામે તા. ૨૦-૫-૭૫થી તા. ૨૪-૫-૭૫ સુધી સ્થિરતા કરશે. આ પાંચ દિવસ શેરીસા તીર્થમાં આરાધનાનું મંગલ ગુંજન થશે. તો નીચે મુજબના કાર્યક્રમમાં સકળ સંઘને પધારવા વિનંતી છે.

## મહોત્સવનો મંગલ કાર્યક્રમ

તા. ૧૯-૫-૭૫ શુક્રવાર વૈશાખ સુદ ૫ :
દીક્ષાર્થીનો પ્રવેશ.

તા. ૨૦-૫-૭૫ મંગળવાર વૈશાખ સુદ ૧૦ :
પૂ. પા. ગુરૂદેવનો પ્રવેશ તથા પ્રભુ શ્રી મહાવીરસ્વામીના કેવળજ્ઞાન કલ્યાણકની આરાધના.

તા. ૨૧-૫-૭૫ બુધવાર વૈશાખ સુદ ૧૧ :
નવપદજીની પૂજા તથા પ્રભુ મહાવીરસ્વામીનો શાસન સ્થાપના દિન. [આ ૨૫૩૦માં શાસન સ્થાપના દિનની ભવ્યાતિ ભવ્ય ઉજવણી થશે.] 'સર્વ મંગલ માંગલ્ય.' આ શ્લોક પર તીર્થપ્રભાવક ન્યાયદક્ષ પૂ. આ.દેવ શ્રી વિક્રમસૂરિજી મ.ની ભૂમિકા સહિત. પૂ. મુનિ રાજયશ વિજયનું વ્યાખ્યાન થશે. તથા અમદાવાદની વિવિધ મંડળીઓ સહિત 'જૈન' જયંતિ શાશન'ની ધૂન ચાલશે.

તા. ૨૨-૫-૭૫ ગુરૂવાર વૈશાખ સુદ ૧૨ :
બારવ્રતની પૂજા.

તા. ૨૩-૫-૭૫ શુક્રવાર વૈશાખ સુદ ૧૩ :
વર્ષીદાન યાત્રા ૭-૩૦ વાગે પ્રવજ્યા પ્રદાનની વિધિ સવારે ૯-૦૦ વાગે. પંચકલ્યાણકની પૂજા.

પ્રતિદિન પ્રભુજીની અંગરચના.

પ્રતિદિન સવારના ભક્તામર સ્તોત્રનો મંગલ પાઠ : ૬ વાગે.

પ્રતિદિન પ્રવચન : સવારના ૯-૦૦ વાગે.

મહોત્સવ સ્થળ :-
શ્રી શેરીસા જૈન તીર્થ, વાયા ; કલોલ.

લિ. મહાતીર્થ યાત્રાસંઘ અનુમોદના સમિતિ
ના જયજિનેન્દ્ર

પૂજ્ય ગુરૂભગવંતોના આગામી ચાતુર્માસનો લાભ શાંતીનગર જૈન સંઘ, વાડજ, અમદાવાદને મળ્યો છે.

# શ્રમણી-શ્રાવિકા

પૂ. સાધ્વી શ્રી સર્વોદયાશ્રીજીના
નિશ્રાવર્તી વિદુષી સાધ્વી શ્રી વાચયમાશ્રીજી

## પ્રભુએ સ્થાપેલ તીર્થ

અનંત ઉપકારી વાત્સલ્ય વારિધિ તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ને તીર્થની સ્થાપના કરી. જગતમાં સ્થાવર તીર્થો તો અનેક સ્થાપે અને અનંતકાળથી ઉથલ-પાથલમાં ક્યાય અલોપ થઈ જાય.

પણ તીર્થંકર પરમાત્માએ સ્થાપેલ જંગમ તીર્થ વિષમકાળની વચ્ચે પણ સદા અડીખમ ઊભા રહે.

આજે તીર્થસ્થાપનાનો દિવસ છે. ૨૫૩૧ વર્ષ પૂર્વેનો પવિત્ર સમય હતો. વૈ. સુ. ૧૧ નો અનુપમ દિન હતો. પરમાત્મા વીરના પુનિત હસ્તે પાવન તીર્થની સ્થાપના થઈ. અનુપમ શાસન સ્થાપના થઈ. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ તે તીર્થ-તીર્થસ્થાપક પરમાત્મા તીર્થંકરે તીર્થને નમસ્કાર કર્યો.

તારકોની તારક પદ્ધતિ જ અલગ. તીર્થસ્થાપક પરમાત્માએ તીર્થને નમસ્કાર કર્યો. મેં સ્થાપેલું અને હું નમું? મારાથી શક્તિમાં હીન અને હું નમું? શક્તિતો પ્રાદુર્ભાવ થયા વગર નમું? આ બધા પ્રશ્નો તીર્થંકરના શાસનમાં નહિ.

તીર્થંકરનું શાસન એટલે શક્તિને નમસ્કાર

જેમ માળીને બીજમાં વૃક્ષના દર્શન થાય, શિલ્પીને સુંદર પથ્થરમાં અદ્ભુત મૂર્તિના દર્શન થાય. શિક્ષકને શાળામાં પ્રવેશ પામતાં વિદ્યાર્થીમાં નેતૃત્વના દર્શન થાય તેમ પરમાત્માના શાસનમાં સંઘના પ્રત્યેક અંગમાં તેને શક્તિના દર્શન થાય. તેથી જ પરમાત્માનો ઉપદેશ આદેશ ચતુર્વિધ સંઘને અને પરમાત્માનો ઉપદેશ પણ ચતુર્વિધ સંઘના હિતાર્થે.

પરમાત્માનું શાસન શ્રમણપ્રધાન. છતાં જેમ પંચ પરમેષ્ઠિમાં અરિહંત મુખ્ય પણ સિદ્ધ-આચાર્ય ઉપાધ્યાય-સાધુ સહિત એટલે જ આ શાસનમાં કહેવાયું. તીર્થંકર પરમાત્મારૂપી સૂર્ય અસ્ત થાય ત્યારે તીર્થંકર સમ ન આચાર્ય... ક્યાં પરમાત્મા અરિહંત! અને ક્યાં આચાર્ય ભગવંત! પણ તીર્થંકરના અભાવમાં આચાર્ય ભગવંતને પણ અરિહંત સાથે મૂકવામાં ગૌરવ પદ રતાય તેમાં કર્તવ્યનું અધિક સૂચન. કર્તવ્ય દ્વારા સ્વાભાવિક પદ પ્રાપ્તિ તેમ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તે તીર્થ તારવાની જવાબદારી જેને સોંપાયી તે તીર્થ.

તરવાની સાથે તારવાની પ્રક્રિયા જેનામાં છે તે તીર્થ. તીર્થંકર તીર્થને નમસ્કાર કરે તો તીર્થને તીર્થ, પૂજ્ય, વંદનીય, નમનીય એમાં સવાલ જ ક્યાં રહે!

તીર્થના એક પણ અંગ પ્રત્યે ઉપેક્ષા હોય ત્યાં શાસન સાપેક્ષ પ્રણાલિકા કહેવાય જ નહિ. શાસન સાપેક્ષ પ્રણાલિકામાં ચતુર્વિધ સંઘ પ્રત્યે સમાન આદર, સમાન માન, સમાન પૂજ્યભાવ હોય જ. જે વ્યક્તિ શાસનપ્રેમી કહેવરાવતી હોય તે તો નામ સ્થાપના-દ્રવ્યભાવ આમ ચારે નિક્ષેપીતીને પૂજ્ય માનતી હોય અને સ્વીકારતી જ હોય. અને શાસનમાં સ્વીકાર એટલે જ પૂજ્યત્વ-વંદ્યત્વ પ્રાપ્ત થાય. તો જે આત્મા શાસનપ્રેમી હોય તેના હૈયામાં ચતુર્વિધ સંઘ પ્રત્યે સાહજિક-હાર્દિક વાત્સલ્ય હોય. સંઘના પ્રત્યેક અંગની તેનામાં સ્વાભાવિક ચિંતા હોય અને સંઘના પ્રત્યેક અંગ માટે તેનામાં સ્વાભાવિક યોગક્ષેમ કરવાની ભાવના હોય.

પ્રભુનો સ્થાપેલો સંઘ-શાસન સદા જયવંત છે, અને જયવંત રહેવાનું. પ્રભુએ જ શાસ્ત્રોમાં ચતુર્વિધ સંઘને સૌને પોતપોતાના કર્તવ્યો દર્શાવી દીધા છે.

૨૫૩૧ વર્ષ સુધી એક અખંડ પરંપરા ચાલી આવી છે. તે જ બતાવે છે સૌ સૌના કર્તવ્યમાં રત છે.

પ...ણ...ક્યાંક અતિ ગતિ થઈ છે તો ક્યાંક મંદ ગતિ થઈ છે. ક્યાંક પ્રગટિત થવાની ભાવના થઈ છે, તો ક્યાંક સંતાઈ જવાની ભાવના થઈ છે. ક્યાંક કર્તવ્ય માર્ગે પ્રયાણ થયું છે તો ક્યાંક કર્તવ્ય તરફ આંખ મીંચામણા થઈ રહ્યા છે. તેથી જ હૃદયના પરમશુદ્ધભાવ પૂર્વક પરમાત્મા સ્થાપિત

ચતુર્વિધ સંઘની સૌની શક્તિ વિચારી તેમના ચરણે ભક્તિપૂર્વક પુનઃ પુનઃ વંદના.

આપણે આગળ પરમાત્માના સ્થાપેલા બીજા અને ચોથા અંગનો વિચાર કરીશું. કારણ...દરેક સ્થળે પ્રથમ અને ત્રીજા અંગનો ખૂબ ખૂબ વિચાર થાય છે. તેમની શક્તિ અને ભક્તિનું ઘટિત થાય છે. તેથી જ તે તે અંગોની તે શક્તિને અભિનંદતા આપણે શાસનના બીજા અને ચોથા અંગે શાસન સાપેક્ષ વિચાર કરીશું. કારણ એ પણ તીર્થ છે. તીર્થની ભક્તિ કરવી એ આપણું કર્તવ્ય છે. તીર્થની અનુમોદના સમ્યગ્ દર્શનની શુદ્ધિ છે.

[ વધુ આવતા અંકે ]

# શ્રી આત્માનંદ સભા : જમ્મુયાત્રા પ્રવાસ સમિતિ-મુંબઈ

શ્રી આત્માનંદ જૈન સભાના ઉપક્રમે શ્રી જમ્મુ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે કાશ્મીર-પંજાબ યાત્રા સ્પેશ્યલ ટ્રેઇન અનિવાર્ય કારણોસર તા. ૧૪-૫-૭૫ ને બુધવારના બદલે સોમવાર, ૧૯-૫-૭૫ના રોજ બપોરના ૧૨-૩૯ કલાકે બોમ્બે સેન્ટ્રલથી ઉપડશે. દરેકે સ્ટા. ટા. ૧૧-૦૦ કલાકે સ્ટેશન ઉપર આવી જવું. આ ફેરફારને કારણે યાત્રિકોને થતી તકલીફ બદલ ક્ષમા યાચીએ છીએ. હવે પછીનો યાત્રા પ્રવાસનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

## રેલ્વે સમયપત્રક

સોમવાર, તા. ૧૯ ૫-૭૫ : મુંબઈ સેન્ટ્રલથી ૧૨-૩૯ કલાકે મંગળ પ્રયાણ. દરેકે ૧૧-૦૦ વાગે સ્ટેશન ઉપર આવી જવું.

મંગળવાર, તા. ૨૦-૫-૭૫ : ન્યુ દિલ્હી : બપોરે ૩-૦૦ વાગે ન્યુ દિલ્હી પહોંચીશું.

બુધવાર, તા. ૨૧-૫-૭૫ : અંબાલાકેંટ દેરાસર તથા પંજાબી ભાઈઓ સાથે મિલન. બપોરે ૩-૦૦ કલાકે રવાનગી.

ગુરુવાર, તા. ૨૨-૫-૭૫ : જમ્મુ જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે વરઘોડો.

શુક્રવાર, તા. ૨૩-૫-૭૫ : જમ્મુ, શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં નૂતન જિનાલયની પ્રતિષ્ઠા.

શનિવાર, તા ૨૪-૫-૭૫ : જમ્મુ સવારે બસ દ્વારા રવાનગી. રાત્રે શ્રીનગર (કાશ્મીર) આવશે. આરામ.

રવિવાર, તા. ૨૫- : શ્રીનગર સ્વેચ્છા વિહાર.

સોમવાર, તા. ૨૬-૫-૭૫ : શ્રીનગર બસ દ્વારા ગુલમર્ગ અને ખીલનમર્ગ.

બુધવાર, તા. ૨૮- : શ્રીનગર બસ દ્વારા પહેલગામ.

ગુરૂવાર, તા.૨૯- શ્રીનગર સ્વેચ્છા વિહાર પેકીંગ.

શુક્રવાર, તા. ૩૦-૫-૭૫ : શ્રીનગર સવારે પાંચ વાગે બસ દ્વારા જમ્મુ જવા રવાના. રાત્રે ૧૦-૦૦ ટ્રેન દ્વારા અમૃતસર તરફ.

શનિવાર, તા. ૩૧-૫-૭૫ : અમૃતસર દેરાસર, જલિયાનવાળાબાગ, સુવર્ણમંદિર. રાત્રે૧૦ વાગે રવાનગી.

રવિવાર, તા. ૧-૬-૭૫ : હોશિયારપુર દેરાસર, પંજાબી ભાઈઓ સાથે મિલન તથા બસ દ્વારા કાંગડા તીર્થ દર્શન. રાત્રે રવાનગી.

સોમવાર, તા. ૨-૬-૭૫ : લુધિયાણા દેરાસર તથા સ્વેચ્છાવિહાર. રાત્રે રવાનગી.

મંગળવાર, તા. ૩-૬-૭૫ : ન્યુ દિલ્હી સ્વેચ્છા વિહાર. રાત્રે રવાનગી.

બુધવાર, તા. ૪-૬-૭૫ : આગ્રા કેંટ બસમાં શૌર્યપુરી, તાજમહાલ જોઈ રાત્રે રવાનગી.

ગુરૂવાર, તા. ૫-૬-૭૫ : શ્રી મહાવીરજી સુંદર મંદિરોના દર્શન. રાત્રે રવાનગી.

શુક્રવાર, તા. ૬-૬-૭૫ : ચૌમહલા સવારે ૭ વાગે બસમાં નાગેશ્વર પાર્શ્વનાથ. રાત્રે રવાનગી.

શનિવાર, તા. ૭-૬-૭૫ : રતલામ દેરાસર તથા સ્વેચ્છા વિહાર. બપોરે ૩-૦૦ વાગે રવાનગી.

રવિવાર, તા. ૮-૬-૭૫ : સવારે મુંબઈ સેન્ટ્રલ.

લિ. કન્વિનરો શ્રી આત્માનંદ જૈન સભા-જમ્મુ યાત્રા પ્રવાસ સમિતિ, મુંબઈ.

### પૂ. મુનિ શ્રી યશોવિજયજી મહારાજે ચોપાટીની સભામાં આપેલી હાજરી અને ચીફ મીનીસ્ટરે લીધેલી

# મુલાકાત

મુંબઈ: રાષ્ટ્રીય સમિતિના અતિથિવિશેષ અને ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ મહાસમિતિને મહત્વની પ્રેરણાઓ આપનાર, ઉત્સવની સફળતા માટે સતત પ્રયાસ કરનાર મુનિ શ્રી યશોવિજયજી મહારાજ પોતાની ઘણું નાદુરસ્ત તબીયત છતાં હજારો ભાવિકોની તથા જૈન સમાજના અગ્રણીઓની જનતાને આનંદ થાય એ માટે ચોપાટીની સભામાં હાજરી આપવાની પ્રબળ ભાવનાને માન આપી તેઓશ્રીએ ચોપાટીની સભામાં હાજરી આપી હતી, હજારો ભાઈઓ–બ્હેનોને તેથી આનંદ થયો હતો.

ચોપાટીની સભામાં દિ. સં.ના આચાર્ય શ્રી દેશભૂષણજી તથા મુનિ યશોવિજયજી અને અન્તમાં આચાર્યશ્રી વિજય ધર્મસૂરિજીનું પ્રવચન થયું. પૂ૦ મુનિશ્રી યશોવિજયજી મહારાજને ફાળે પાંચ મીનીટ ફાળવવામાં આવી હતી. પરંતુ એ પાંચ મીનીટમાં ભગવાન મહાવીરના જીવન અને કવન અંગે પ્રેરક રજૂઆત કરી અને સાથે સાથે એ પણ જણાવ્યું કે સમાજનો એક નાનો વર્ગ ભગવાન શ્રી મહાવીર જાણે પોતાની જ પ્રોપર્ટી હોય એમ માનીને આ ઉત્સવ ઉજવવાનો અધિકાર બીજાને –અજૈનોને છે નહિં,' આ જણાવીને તેઓશ્રીએ જોરદાર અવાજે કહ્યું કે શું ભગવાન મહાવીર એક સંપ્રદાયના હતા? શું મહાવીર એક પ્રાંતના હતા. શું એક દેશના હતા? હરગીજ નહિં. ભગવાન મહાવીર સહુના હતા, સહુ માટે હતા, યાવત સમગ્ર વિશ્વના હતા, સમગ્ર વિશ્વ માટે હતા. એટલે હું આ સભાને જ નહિ પણ સમગ્ર વિશ્વને કહું છું કે ભગવાન મહાવીરના ઉત્સવની ઉજવણી કરવી. દેશભક્ત તિલકના શબ્દમાં કહું કે સહુ કોઈનો જન્મસિદ્ધ હક્ક છે અને આ હક્કને છિનવાનો કોઈને

## ધ્વજકેસરીજીને આવકાર

ફાલનાની જૈન કોલેજમાં કામ કરતા શ્રી શેષમલજી સત્તાવત સતત આયંબિલની તપસ્યા કરતા હોવાથી તપસ્વી તરીકે ઓળખાય છે. અને નિર્વાણની પચીસોમી શતાબ્દીની ઉજવણી નિમિત્તે તૈયાર કરવામાં આવેલ પંચરંગી જૈન ધ્વજનો પ્રચાર કરવા માટે મુંબઈમાં લાલબાગમાં એમની જે પરેશાની કરવામાં આવી એની સામે અણનમ રહેવાથી એમને "ધ્વજકેસરી" ની પદવી આપવામાં આવી છે.

ગત ચૈત્રી ઓળીની આરાધના રાજસ્થાનમાં રાતા મહાવીર તીર્થમાં આચાર્ય શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી તથા પંન્યાસ શ્રી ભદ્રકરવિજયજી ગણિની નિશ્રામાં થતાં, ચૈત્ર શુદિ ૧૩–૧૪ ના જન્મ કલ્યાણકના વરઘોડામાં અને ચૈત્રી પૂનમના રોજ શ્રી સંઘમાં પંચરંગી કાપડનો મુંબઈમાં ફાડી નાખવામાં આવેલો ઐતિહાસિક બૂશ-શર્ટ પહેરીને બધે ફર્યા હતા અને સોને મળ્યા હળ્યા હતા.

આ વખતે કોઈએ પણ ધ્વજકેસરીજીનો વિરોધ કર્યો ન હતો: અને બધાએ એમને આવકાર્યા હતા.

## श्री जैन संघ को सूचना

श्री जैन संघ को सूचित किया जाता है कि मुनि मेघविजय अपरनाम मुनि वीरभद्रविजय उम्र करीब १८ वर्ष, जो कि परम पूज्यपाद आचार्यदेव श्री विजयपूर्णानन्दसूरीश्वरजी आदि ठाणा के साथ आठ साल से रहते आये थे। आचार्यदेवों ने धार्मिक शिक्षा, तप ज्ञानादि से पूर्ण करने का अथक प्रयास किया तथापि उनमें योग्यता का अभाव देखकर उनको दिनांक २८–४–१९७५ को मुनि पद से विमुक्त कर दिया गया है।

सांसारिक परिवेषमें इन का नाम सुबलकुमार, पुत्र श्री वैद्यनाथ, जाति सराक, गांव कुमारडी, जिला धनबाद, बिहार प्रान्त है। इसका छोटाभाई गणेशकुमार और बडा भाई बंशीलाल है।

—प. पू. आचार्य देवो की आज्ञा से द: गिरधारिलाल

અધિકાર નથી અને કોઈ છિનવી શકશે પણ નહિં. મુનિજીના જોરદાર ઉદ્ગારોને સભાએ તાળીઓના જોરદાર અવાજથી વધાવી લીધા હતા.

૨૫૦૦ વરસના ઇતિહાસમાં અજબગજબની વાહી વાત શોધ કરનારા વિરોધીઓને આ તાળીઓના અવાજે જાહેર જવાબરૂપે હતા.

સભાના પ્રમુખ ચીફ મીનીસ્ટર શ્રી શંકરરાવ ચૌહાણે પણ પોતાના ભાષણમાં 'ભગવાન મહાવીર સહુના હતા' મુનિજીના આ ઉદ્ગારોનો ઉલ્લેખ કરી સહુ કોઈનો ભગવાન મહાવીરને શ્રદ્ધાંજલિ આપવાનો અધિકાર છે એમ જણાવ્યું હતું.

આ સભામાં સાત વાગતાં સહુ મુનિરાજોને દૂર જવાનું હોવાથી ચાલુ સભામાંથી સહુએ વિદાય લીધી હતી. પૂ. મુનિ શ્રી યશોવિજયજી મહારાજને નજીકમાં જ સ્થિરતા કરવાની હોવાથી અને કાર્યકર્તાઓની રોકાવાની વિનંતિથી, તેઓશ્રી સભાની પૂર્ણાહુતિ સુધી બિરાજ્યા હતા.

સભા પૂરી થતાં શ્રી શંકરરાવ ચૌહાણ તથા શિક્ષણપ્રધાન શ્રીમતી પ્રભારાવ મુનિરાજના સ્ટેજ પાસે આવી વંદન કરી મુનિજીની તબીયતની ખબર પુછી ચૌહાણ સાહેબે પ્રશ્ન કર્યો કે 'નાદુરસ્ત તબીયત હૈ ફિર કૈસે સાહસ કિયા' મુનિજીએ કહ્યું કે 'આપકી ઈચ્છાથી તો મેરેકું લાભ મીલા ઔર લોગોકી ભાવનાસે ઉ કો ભી સંતોષ હુઆ.' આ વખતે બંને પ્રધાનોને ભગવાન મહાવીરનું ચિત્ર સંપુટ તથા ચાંદીના સિક્કા અર્પણ કરવામાં આવ્યા હતા. સ્ટેજ ઉપરથી મુનિજી નીચે ઉતર્યા ત્યારે સેંકડો માણસોએ મુનિજીને તબીયત । ખબર પૂછયા અને દર્શનથી સહુએ આનંદ વ્યકત કર્યો હતો.

## પબ્લીક ટ્રસ્ટ અંગે માર્ગદર્શન

ટ્રસ્ટ એકટના જાણીતા નિષ્ણાત વડોદરાના વકીલ કેસરીચંદ નેમચદ શાહ પાલીતાણા યાત્રાર્થે તા. ૨૩ થી ૨૮ મે પાંચ દીવસ આવી શેત્રુંજા વિહાર ધર્મશાળામાં ઉતરશે. તે સમય દરમ્યાન ધાર્મિક સંસ્થાઓને સલાહ અગર માર્ગદર્શન જોઈતા હશે તેમને મફત સેવાભાવથી આપવામાં આવશે. મળવાનો સમય રાતના ૮ થી ૯ નો છે.

## ચિત્ર સંપુટની બીજી આવૃત્તિ

પૂ૦ મુનિશ્રી યશોવિજયજી મ૦ના માંદગીના કારણે બીજી આવૃત્તિનું કામ સ્થગિત થયેલ, હવે તે કામ ગતિમાં મૂકાઈ જશે. પાછળના ૧૨ પ રેશિષ્ટ્રો પ્રથમાવૃત્તિમાં માત્ર ગુજરાતીમાં જ હતા તે હીન્દી, અંગ્રેજી આવૃત્તિમાં છપાશે. એટલે ૩૨ પાના નવા ઉમેરાશે. પાછલા ભાગમાં પીળા પાનામાં બોર્ડરો અને સીમ્બોલનો પરિચય છાપ્યો તે પાનાં બુક છાપી ત્યારે જાડા પેપર મળી ન શકયા એટલે લાચારીથી પતલા વાપરવા પડેલા. અને એ કામ પ્રિન્ટીંગનું હતું. હવે એ ૨૮ પાનાનાં બ્લોકો નવા કરાવ્યા અને આ લખાણ જાડા પાના ઉપર છપાઈ પણ ગયું છે. બીજી આવૃત્તિમાં કુલ ૬૪ નવા બ્લોકો બનશે.

આ આવૃત્તિમાં ચિત્ર પરિચયમાં આવતા સામાન્ય જનતાને અજ્ઞાત અને કિલષ્ટ શબ્દોનો અર્થ કોશ આપવાનો હતો. પહેલી આવૃત્તિ વખતે જ આપવાનો હતો પણ તે કામ પુરૂં થયું નહિ. આ વખતે પણ તે નહીં આપી શકાય. મુનિજીના જમણા હાથે ફ્રેકચર થયેલું એટલે કોશનું કાર્ય થઈ શકે એમ નથી.

ચિત્રસંપૂટના છુટા ચિત્રોનાં પ્રદર્શનો ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, મૈસુર, મદ્રાસ, કેરાલા, આન્ધ્ર, આસામ, બિહાર વગેરે પ્રાંતના કેટલાક શહેરોમાં યોજાયા અને હજારો લોકો દર્શન કરી પાવન થયા અને પ્રેરણા મેળવી. આ ચિત્રોની ડોકયુમેન્ટરી ફીલ્મ તૈયાર કરવાનાં ચક્રો ગતિમાન થયાં છે.

## સ્લાઈડો તૈયાર થશે

આ ઉપરાંત ભગવાનના જીવનનાં ૩૫ અને પૂર્વભવનાં ચિત્રોની કુલ ૫૦ સ્લાઈડોનું કામ તૈયાર થઈ રહ્યું છે.

એકસીડેન્ટના કારણે સ્થગિત થયેલાં કાર્યો પુનઃ શરૂ થયા છે, ને એ મહિનાને અન્તે તે તૈયાર થઈ જશે.

---


## "જૈન" સાપ્તાહિક

અવશ્ય વાંચો.

# વર્તમાનકાલીન આગમસૂર્ય આથમી ગયો !

## પૂ. ગચ્છાધિપતિશ્રીનું સંક્ષિપ્ત જીવનકવન

પ. પૂ૦ આગમોદ્ધારક આગમમન્દિર સંસ્થાપક, આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ના પટ્ટધર પ્રશાન્તમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ૦ લુણાવાડા મુકામે ચૈત્ર વદ ૮ના દિને સવારે ૧૦–૧ સમયે સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યાના સમાચાર મળતાં ભારતભરના જૈનસંઘોમાં ઊંડા શોકની લાગણી પ્રકટી છે

પૂજ્યશ્રી આગમશાસ્ત્રના પ્રખર વિદ્વાન હતા, છતાં પુજ્યશ્રીના મુખારવિંદ ઉપર ગંભિરતા કોઈ અલૌકિક હતી વિદ્વત્તા સાથે સંયમ આરાધના પરત્વેનું લક્ષ્ય, અપ્રમત્તપણે શ્રુતજ્ઞાનની ઉપાસના, આગમિક તાત્ત્વિક શતાધિક ગ્રન્થોનું સમ્પાદન આદિ કાર્યોમાં પૂજ્યશ્રીનું જીવન પ્રવૃત્ત હતું.

પૂ૦ આગમોદ્ધારકશ્રીના સ્વર્ગગમન પછી ૨૫ વર્ષ સુધી સાગરગચ્છનું આધિપત્ય ભોગવ્યું હતું. તેઓશ્રીની છત્રછાયામાં ૧૩૫ ઉપરાંત મુનિવરો તથા ૨૦૦ ઉપરાંત સાધ્વીજી મ૦ વિચરી સંયમજીવનની આરાધના રૂડી રીતે કરી રહેલ.

પૂજ્યશ્રીના સ્વર્ગગમનથી શાસન તથા સમુદાયને ન પૂરાય તેવી મહાન ખોટ પડેલ છે.

પૂજ્યશ્રીનો જન્મ વિ. સં. ૧૯૪૮માં ભરૂચ જિલ્લાના જંબુસર ગામે થયો હતો. તેમનું નામ મોહનભાઈ હતુ. પિતા પાનાચંદભાઈ તથા ગંગાસમાન નિર્મલ ગંગામાએ બાલ્યવયમાં સુસંસ્કારોનું ઘડતર કર્યું. જેના પરિણામે ૧૯ વર્ષની ઉંમરે–યુવાનીમાં પગ મુકતાં જ—પૂ૦ આગમોદ્ધારકશ્રીની નિશ્રામાં ભરૂચ મુકામે સંયમમાર્ગનો સ્વીકાર કર્યો.

સંયમમાર્ગનો સ્વીકાર કર્યા પછી પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં રહીને જ્ઞાન-ધ્યાનની આરાધનામાં મશગુલ બન્યા. તેમજ ગુરુનિશ્રાએ યોગોદ્વહન કરવા પૂર્વક આગમશાસ્ત્રોના ઊંડા અભ્યાસી બન્યા પૂજ્યશ્રીનો ગુરુભક્તિ-વૈયાવચ્ચનો ગુણ અપૂર્વ હતો લઘુવયમાં પુજ્યશ્રી સાથે શ્રી સમેતશિખરજી આદિ મહાતીર્થોની યાત્રા કરવાપુર્વક કલકત્તામાં ચાતુર્માસ કર્યું.

વિ. સં. ૧૯૮૫ની સાલમાં પુજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં અમદાવાદ-ઝાંપડાની પોળમાં શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહન કરવાપુર્વક પુજ્યશ્રીના વરદહસ્તે કા વદ ૧૦ના ગણિપદ, પંન્યાસ પદ તથા ભોયણી તીર્થમાં મહા સુદ ૧૦ના ઉપાધ્યાયપદ સમર્પણ કરવામાં આવેલ. ગણિપદ સમયે અમદાવાદમાં નવકારશી–જમણ થયેલ.

જ્ઞાનધ્યાનની પ્રવૃત્તિઓ સતત ચાલુ જ હતી. વિ. સં. ૧૯૯૨માં પુ. ગુરુદેવશ્રીએ સર્વપ્રકારે યોગ્યતા જાણી પુજ્યશ્રીને તૃતીયપદ (આચાર્યપદ) ઉપર આરૂઢ કરી પોતાના પટ્ટધર બનાવ્યા. વિ સં. ૨૦૦૬માં પુ ગુરુદેવશ્રીનો વિયોગ થયો.... અને સમુદાયના મુનિવરોના તેઓશ્રી ગચ્છનાયક બન્યા.

પુજ્યશ્રીના સ્વર્ગવાસ બાદ તેઓશ્રીએ વિ. સં. ૨૦૦૭માં પુ. પં. શ્રી ચંદ્રસાગરજી મ૦ તથા પુ. પં. શ્રી હેમસાગરજી મ૦ને આચાર્યપદ અને પુ. પં. શ્રી દેવેન્દ્રસાગરજી મ૦ને ઉપાધ્યાયપદ સમર્પણ કર્યું.

પુ. આગમોદ્ધારકશ્રીએ પોતાના જીવનદરમ્યાન ૮૦ હજાર શ્લોક પ્રમાણ પ્રસારિત કર્યું, તેને સંસ્કૃત–પ્રાકૃત–હિન્દી–ગુજરાતી સાહિત્યની નાની નાની કાપલીઓનો વ્યવસ્થિત અભ્યાસ સંકલનાબધ્ધ રીતિએ કરીને બધા સાહિત્યને પ્રતાકાર–પુસ્તકાકારે મુદ્રિત કરાવવાનું ભગીરથ કાર્ય પુજ્યશ્રીએ કર્યું છે. જ્યારે જુઓ ત્યારે પુજ્યશ્રી તત્ત્વચિંતનમાં જ મગ્ન રહેતા.

પુજ્યશ્રીની નિશ્રામાં સેંકડો દીક્ષાઓ, અનેક સ્થળે પ્રતિષ્ઠાઓ, ઉદ્યાપન મહોત્સવો, શ્રીઉપધાનતપની આરાધના વગેરે શાસનપ્રભાવક અનુષ્ઠાનો ઉજવાયેલ. સાધ્વીશ્રી રંજનશ્રીજીના ઉપદેશથી જેનો જીર્ણોદ્ધાર થયેલ તે શ્રી સમ્મેતશિખર મહાતીર્થમાં સં. ૨૦૧૭ની સાલમાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પુજ્યશ્રીની નિશ્રામાં ઉજવાયેલ હતો. પુજ્યશ્રીએ ઉપદેશદ્વારા મૂલી નરેશને પ્રતિબોધ કરી અપુર્વ શાસનપ્રભાવના કરેલ હતી.

વિ. સં. ૨૦૨૯માં સુરત મુકામે શ્રી સુરત તામ્રપત્ર આગમમંદિરની પાદશતાબ્દી મહોત્સવ પ્રસંગે પુજ્યશ્રીની નિશ્રામાં ૧૦ ગણિપદ ને પંન્યાસપદ આપવામાં આવ્યું હતું.

વિ. સં. ૨૦૩૦ની સાલમાં લુણાવાડા શ્રીસંઘની ભાવપૂર્ણ વિનંતી સ્વીકારી પુજ્યશ્રી ચાતુર્માસાર્થે લુણાવાડા પધાર્યા. ચાતુર્માસ આરાધનામય રીતે થયું. ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય અવર-નવર નરમ રહેવા લાગ્યું, છતાં અપ્રમત્તપણે શ્રુતજ્ઞાન ઉપાસના ચાલુ જ હતી. પ્રાયઃ સમુદાયના દરેક મુનિવરો તથા સાધ્વીજી મ૦ પુજ્યશ્રીની વંદનાર્થે તથા સુખશાતા પૃચ્છાર્થે આવવા લાગ્યા. શ્રી લુણાવાડા સંઘની ભક્તિ-વૈયાવચ્ચ-પ્રેમ કોઈ અપૂર્વ હતો. શ્રીસંઘ વૈયાવચ્ચેમાં ખડેપગે તત્પર બન્યો.

પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય વિ. સં. ૨૦૩૧ના ચૈ. વ. ૫ થી વધુ અસ્વસ્થ બન્યું હતું. ચૈત્ર વદ ૬ ના દિવસે સુધારો જણાયો, પરંતુ રાત્રે વધુ અસ્વસ્થ બન્યા. ચૈત્ર વદ ૭ની રાત્રિ ખૂબ વ્યથા વચ્ચે નવકારમંત્રના શ્રવણ-સ્મરણ સાથે વિતાવી. આ બધો સમય આરાધના સતત્ ચાલતી રહી.

ચૈત્ર વદ ૮ની 'ગોઝારી' ઉષા પ્રગટી. પૂ. ગુરુદેવશ્રીને પ્રતિક્રમણ-પ્રતિલેખન કરાવવામાં આવ્યું. ત્યાં જ પૂ. ગુરૂદેવશ્રી જેના રોમ-રોમ વસેલા છે તે પરમ ભક્ત કાંતિલાલભાઈ બિલાસપુર (મધ્યપ્રદેશ)થી તુરત આવી પહોંચ્યા. પૂજ્ય ગુરૂદેવશ્રીએ 'હવે થોડો સમય છે,' એમ જાણી મુનિશ્રી પુણ્યોદયસાગરજીને 'ચત્તારિ મંગલં' અને નવકારમંત્ર સંભળાવવા કહ્યું. તેનો તુર્ત અમલ થયો. ડોકટરને બોલાવવા। પણ તુર્ત જ સૂચના આપવામાં આવી. ૦॥ કલાકમાં ડોકટરો, સાધુ-સાધ્વી અને શ્રી સંઘના તમામ ભાઈ-બ્હેનોથી ઉપાશ્રયનો વિશાળ હોલ ચિક્કાર ભરાઈ ગયો. સેંકડો નીતરતા નયનો વચ્ચે ગંભીર શાંતિ છવાઈ ગઇ હતી. અને સંપૂર્ણ શુદ્ધિમાં અંતિમ સંલેખના ચાલી રહી હતી. પૂ. ગુરુદેવશ્રી સંપૂર્ણ શુદ્ધિમાં હતા. તેમની આંગળીએના વેઢા ઉપર અંગુઠો ફરી રહ્યો હતો. અને ઘણીવાર ધીમે પણ સ્પષ્ટ અવાજે 'નમો અરિહંતાણં' પણ ઉચ્ચારતા. સવા નવ વાગે પાણીની ચમચી મોંમા મૂકી પરંતુ મોઢું હલાવી ના પાડી. એટલે તુર્ત તે પણ બંધ કરવામાં આવ્યું. ડો. નવનીતલાલ છેલ્લા છ મહિનાથી સતત નિઃસ્વાર્થ ભાવે સેવા આપી રહેલા. ડો. શંભુભાઈ પટેલે અને વયોવૃદ્ધ, અનુભવી અને ૩૫ વર્ષથી પૂ. ગુરુદેવશ્રીના વિશ્વાસુ વૈદરાજ શ્રી શાંતિભાઈએ તપાસ્યા. અને જાહેર કર્યું કે હવે તો આરાધના એજ દવા છે. આ સૂચનાની સાથે પાણી વગેરે બધુ બંધ કરી દેવામાં આવ્યું. અને ગુરૂદેવશ્રીની સંમતિ લઈને સમ્યકત્વ દંડક, કરેમિભંતે અને સાગારીક અણસણ કરાવી દેવામાં આવ્યું. આરાધનાની પ્રક્રિયા ઘણી ગંભીર બનવા લાગી તેમ તેમ રોગની શાંતિ જણાવા લાગી. સામાન્ય રીતે પાંચ-પાંચ મિનીટે આવતી ખાસી બંધ થઈ ગઈ. ચહેરા ઉપર કોઈ નિરવ શાંતિ પથરાઈ ગઈ. અને પૂ. ગુરુદેવશ્રીએ લઘુવયમાં જ જેની સંસ્કૃત છાયા બનાવેલ હતી તે પ્રાકૃત ભાષા નિબંદ્ધ વિચારસાર પ્રકરણાન્તર્ગત અંતિમ આરાધના અર્થ સહિત સંભળાવવામાં આવી. એ પુરી થઈ એટલે પુનઃ નમસ્કાર મહામંત્રનું શ્રવણ ચાલુ કર્યું. ચોમેરથી નમસ્કાર મહામંત્ર શરૂ થયા અને સકલ સંઘે ક્ષમાયાચના માંગી. સાધુ-સાધ્વી સહુએ ક્ષમાપના માંગી. આમ એ ખતરનાક પળ આવી પહોંચી અને બરાબર ૧૦

૧ મિનીટે ગુરુદેવનો જીવનદીપ બૂઝાઈ ગયો. કરુણ દર્દ છવાઈ ગયું. શોકની ઘેરી લાગણી વચ્ચે શ્રીસંઘ સપડાઇ ગયો. સેંકડોના હૃદયના બંધનો ઢીલા થઇ ગયા.

થોડીવારે આગેવાનો વગેરે સ્વસ્થતા ધારણ કરીને અંતિમયાત્રા અંગેની પ્રવૃત્તિઓ વિચારવા લાગ્યા. અત્રે આવી રીતના મુનિભગવંત કાળધર્મ પામવાનો પ્રસંગ પહેલો જ હોવાથી લોકોમાં નવીનતા પણ ઘણી હતી.

સુરતથી આવી પહોંચેલ શ્રી અમરચંદભાઈ, મદ્રાસી જયંતીભાઈ, ચોકસી મગનભાઈ, અમદાવાદથી આવેલ અનુભાઈ ચીમનલાલ શાહ, પંડિત શ્રી મફતલાલભાઈ વગેરેની સલાહ–સૂચન મુજબ તૈયારી થવા લાગી.

નિર્જિવ પરંતુ પવિત્રકાયાને અંતિમસંસ્કાર અર્થે શ્રાવકો સુપ્રત કરવાની વિધિ કરવામાં આવી અને તે વિધિ પૂ. પં. શ્રી સૌભાગ્યસાગરજી મ.શ્રે કરી. પવિત્ર શરીરને પંચામૃતથી સ્નાન કરાવવામાં આવ્યું. તેની બોલી બોલાઈ. અને પ્રથમ સ્નાનનો આદેશ પારેખ નગીનદાસ મહાસુખભાઈએ લીધો. વિલેપનનો આદેશ રમણલાલ ગુલાબચંદ હરજીવન ગાંધીએ લીધો.

પુ. ગુરુદેવશ્રીના સ્વર્ગવાસના ખબર આપવા સેંકડો ઉપરાંત તાર–કોલ કરવામાં આવ્યા. અને આકાશવાણી દ્વારા સમાચાર પ્રસારિત થયા. જેથી જેને જે જે સાધન મળ્યું તેમાં જનસમુદાય લુણાવાડા આવવા લાગ્યો. શ્રીસંઘ તરફથી આવેલ સર્વેની ઉચિત વ્યવસ્થા કરવામાં આવી.

ગામમાં આ સમાચાર વાયુવેગે પ્રસરતાં ૧૮ વર્ણની આલમ ઉપાશ્રયે ઉમટી પડી અને પૂજ્યશ્રીના અન્તિમદર્શન સાશ્રુનયેન કરી પાવન થવા લાગી. રાતભર દર્શન ચાલુ રહ્યા. અને જરીયાનની પાંચ શીખરવાળી પાલખી બનાવવામાં આવી. સવારે અન્તિમયાત્રાની અન્તિમવિધિ શરૂ થઈ. અન્ય કોમના ધર્મગુરુઓ–મહંતશ્રીઓએ પણ પધારીને પુષ્પાંજલિ અર્પણ કરી. અન્તિમયાત્રાની ઉછામણીની શરૂઆત થઈ. જ્યારે બીજી બાજુ "ગુરુમંદિર" બનાવવાનું નક્કી કર્યું અને તેની ટીપ પણ શરૂ થઈ.

રવિવારના દિને નિયત સમયે વિજયમૂહુર્તે ૧૨/૩૯ સમયે પૂજ્યશ્રીની અન્તિમ યાત્રા "જય જય નંદા"ના ગગન ભેદી ઉચ્ચારો સાથે-હૈયે હૈયું દબાય તેવી ૫ હજાર ભાઈ–બહેનોની હાજરી વચ્ચે શરૂ થઈ શહેરના તમામ માર્ગો ઉપર ઉપસ્થિત હજારોની મેદનીએ ભારતભરની પ્રથમ પંક્તિના આધ્યાત્મિક મહાપુરુષને અંજલિ અર્પી. યાત્રા નગરપંચાયતના મકાન નજીક આવતાં નગરપંચાયત તરફથી ફુલહાર કરવામાં આવ્યા અને અશ્રુભરી વિદાય અર્પી.

નાના ગામના નાના રાજમાર્ગો ઉપરથી પસાર થતી યાત્રા નેશનલ હાઇવે રોડ ઉપર આવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સોસાયટીના વિશાળ ફ્લક ઉપર આવી ને ત્યાં ચંદનની ચિત્તા ઉપર પૂ. ગુરુદેવશ્રીને લઇને આવેલી જરીયાનની પાલખી બિરાજમાન કરવામાં આવી. અને અગ્નિસંસ્કારની બોલી બોલાતા રૂા. ૮૫૦૧ જયસુખલાલ રાઘવજી જામનગરવાળાએ બોલીને આદેશ મેળવ્યો. પાલખીના શિખર ઉપર રહેલા પાંચ કળશોની બોલી બોલાતાં તેમાં સેંકડોની આવક થઈ.

અન્તિમયાત્રામાં ગરીબોને બુંદીના લાડવા તથા અનાજ વિ. વહેંચવામાં આવેલ. હજારો રૂપિયા ઉપરાંતનું પરચુરણ ઉછાળવામાં આવેલ.

સોમવારે શ્રીસંઘે પાખી પાળેલ. અન્તરાય કર્મની પૂજા ભણાવેલ. રાત્રે ગુણાનુવાદની સભા રાખવામાં આવેલ. વિવિધ વકતાઓએ પૂજ્યશ્રીની વિદાયનું દિલદ્રાવક વર્ણન કરેલ.

મંગળવારે સાંજે પૂજ્યશ્રીના અગ્નિદાહના સ્થળે બેન્ડવાજા સાથે જઈને સેવાભાવી ડૉ. એસ. કે. પટેલના હસ્તે ગરીબોને લાડુ વહેંચવામાં આવ્યા હતા.

લુણાવાડાની જનતાને ક્યાં ખબર હતી કે જે મહાપુરુષને ઉછળતા ઉલ્લાસે ગામમાં પધરાવેલ તેમને ૧૧ મહિના પછી ભારે હૈયે અંતિમ વિદાય આપવી પડશે !!!

આ૦શ્રી માણિક્યસાગરસૂરિજી મ૦ના કાળધર્મથી

સર્વત્ર ફરી વળેલ શોકની ઘેરી છાયા

## મહોત્સવાદિનું અનેક સ્થળે આયોજન

પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્યશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ લુણાવાડા મુકામે ચૈત્ર વદિ ૮ના રોજ કાળધર્મ પામતાં સારાયે ચતુર્વિધ સંઘમાં શોક અને આઘાતની ઘેરી છાયા ફરી વળી છે. અનેક સ્થળે દેવવંદના, શોકસભા આદિ થયેલ છે. મહોત્સવ વગેરેનું પણ અનેક સ્થળે નક્કી થયું છે.

અમદાવાદ-ઊજમફઈના ઉપાશ્રયમાં આ૦દેવશ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મ૦ની નિશ્રામાં દરેક ઉપાશ્રયેથી પધારેલા ૫૦ ઉપરાંત સાધુભગવંતો અને ૧૫૦ સાધ્વીજીઓની હાજરીમાં દેવવંદન કરવામાં આવેલ. શ્રાવક-શ્રાવિકાઓની પણ વિશાળ હાજરી હતી.

તા. ૧૧-૫-૭૫ના રોજ પૂ૦ આ૦દેવશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં ઉજમફઈના ઉપાશ્રયે ગુણાનુવાદ સભા મળી હતી. વિશાળ સંખ્યામાં સાધુ-સાધ્વી મહારાજોની તેમ જ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ વગેરે આગેવાનોની હાજરી હતી.

પૂ૦ આ૦દેવશ્રીના મંગલાચરણ બાદ મુનિરાજશ્રી નરદેવસાગરજી મહારાજે સ્વ૦ આચાર્ય મ૦શ્રીના ગુણગર્ભિત સંસ્કૃત અષ્ટક ગાઈ સંભળાવેલ. ત્યારબાદ આ૦દેવશ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મહારાજે ગચ્છાધિપતિ ગુરુદેવશ્રીના શાંતસ્વભાવ અને આગમશાસ્ત્રના ઊંડા અભ્યાસની વિગતથી જાણકારી આપી હતી આ૦શ્રી સૂર્યોદયસાગરસૂરિજી મહારાજે મોટા પુરુષોમાં જે ગુણો હોય તે ગુણો તેઓશ્રીમાં હતા એમ જણાવ્યું હતું. પં. શ્રી અભયસાગરજી ગણિવરે આગમશાસ્ત્રનું નિદિધ્યાસન, ગંભીરતા, ભવભીરુતા અને શાસ્ત્રરમણતાના તેઓશ્રીના ગુણોનું વર્ણન કર્યું હતું.

આ૦શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મ૦ના સમુદાયના મુનિશ્રી ચંદ્રવિજયજી મ૦, આ૦શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ના સમુદાયના મુનિશ્રી જયંતવિજયજી મ૦ તેમ જ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ, પંડિત મફતલાલ ઝવેરચંદ વગેરેએ સ્વર્ગસ્થ આચાર્ય મ૦શ્રીના અનેકાનેક ગુણોનું વર્ણન કર્યું હતું.

છેલ્લે પૂ૦આ૦શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે કેવા પુરુષો શાસ્ત્રમાં ઉત્તમ કહ્યા છે તેના શાસ્ત્ર-વચનો રજૂ કરી સ્વર્ગસ્થ આચાર્ય મ૦શ્રી પણ ઉત્તમ પુરુષ અને દીર્ઘસંયમી હોવાની વિગતો દર્શાવી હતી. શ્રી અનુભાઈ ચીમનલાલે ચતુર્વિધ સંઘ સમક્ષ એમના ગુણાનુવાદનો ઠરાવ રજૂ કર્યો હતો; તેને શ્રી અમૃતલાલ કે. શાહે ટેકો આપ્યો હતો.

ઊંઝા મુકામે ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ૦ આદિની નિશ્રામાં શ્રીસંઘે ચૈ. વદ ૧૩થી વૈ. સુદ ૫નો અઠ્ઠાઈ મહોત્સવ યોજેલ છે.

આચાર્ય મ૦શ્રીના જન્મસ્થાન જંબુસરમાં તે જ દિવસે સંઘની એક ખાસ સભા શ્રી મણિલાલ છોટાલાલ શાહના પ્રમુખસ્થાને મળી હતી. અહીં શ્રી પદ્મપ્રભુજીના દેરાસરમાં પ્રતિષ્ઠા, બે ચાતુર્માસ અને દખતેરખત પ્રેરણા અને માર્ગદર્શન આપી પૂજ્યશ્રીએ કરેલા અનન્ય ઉપકારોની યાદ સાથે એ શોકઠરાવ કરી શ્રીસંઘે શ્રદ્ધાંજલિ અર્પી હતી. પ્રોફેસર કે. ડી. પરમારે ગુણાનુવાદ કરેલ.

શ્રીસંઘે તે દિવસે દુકાનો બંધ રાખી હતી અને રવિવારે પૂજા, આંગી અને ભાવના રાખી હતી.

રતલામ શહેરમાં તારથી આ સમાચાર મળતાં શ્રીસંઘમાં શોક વ્યાપી ગયો હતો. શ્રીસંઘે તમામ પ્રકારના વેપારધંધા બંધ કરી ગુજરાતી ઉપાશ્રયે મુનિરાજશ્રી અશોકસાગરજી મ૦ની નિશ્રામાં ચતુર્વિધ સંઘ સાથે દેવવંદન કર્યા હતા. મુનિરાજશ્રીએ તથા મુ. શ્રી પૂર્ણાનન્દસાગરજી મહારાજે હૃદયદ્રાવક વાણીમાં ગુણાનુવાદ કર્યા હતા. શ્રી ઋ. કે. પેઢીના ટ્રસ્ટી શ્રી સોભાગમલજી માલવી તથા એડવોકેટ શ્રી નથમલજી પીતલીઆએ પણ રતલામ પર પૂજ્યશ્રીની પાદદૃષ્ટિનું વિગતથી વર્ણન કર્યું હતું. બપોરે પૂજા રાખેલ. અહીંના આગેવાનો તુરત મોટર લઈ લુણાવાડા પહોંચ્યા હતા.

સુરત કોલથી ખબર મળતાં મુનિશ્રી ભક્તિમુનિજી તથા મુનિશ્રી અમરેન્દ્રસાગરજી મ૦ની નિશ્રામાં ચતુર્વિધ સંઘે દેવવંદન કર્યાં. પૂ૦ ભક્તિમુનિજી આદિએ ગુણાનુવાદ કર્યા.

# નવપદ ઓળી અને ભ૦ મહાવીર જન્મકલ્યાણકની અનેક સ્થળે ભવ્ય અને સુંદર થયેલી ઉજવણી

### સેરીસામાં ઓળીની અનેરી આરાધના

પૂ૦ આ૦દેવશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ૦, આ૦શ્રી મનોહરકીર્તિસાગરસૂરિ મ૦ આદિની નિશ્રામાં, શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજના ઉપક્રમે, ધોળાસણ-નિવાસી શેઠશ્રી કાન્તિલાલ ચુનીલાલ તરફથી અત્રે થયેલ ચૈત્ર ઓળીની સામુદાયિક આરાધનામાં ૬૦૦ આરાધકોએ સુંદર લાભ લીધો હતો. ચૈત્ર સુદ ૧૩નો જન્મકલ્યાણકનો વરઘોડો ધામધૂમથી ચઢયો હતો. પૂ૦ વિદ્વાન મુનિરાજશ્રી જંબુવિજયજી મ૦ પણ પધાર્યા હતા. સુદ ૧૫ના શ્રી સિદ્ધચક્ર મહાપુજન ભણાવવામ આવ્યું હતું. સુદ ૧૫ તેમ જ વદ ૧ના નવકારશી કરવામાં આવેલ.

પૂ૦ આચાર્યશ્રી પ્રતિષ્ઠા શતાબ્દિ મહોત્સવ પ્રસંગે જામળા પધારી ત્યાંથી કરણુનગર (ઉંડ) પ્રતિષ્ઠા પ્રસંગે વૈ. સુદ ૫ ના પધાર્યા છે.

### કાણોદર ( બનાસકાંઠા )

આ૦શ્રી વિજયભુવનશેખરસૂરિજી મ૦ આદિની નિશ્રામાં ઓળીની આરાધના પંચાહ્નિકા મહોત્સવ સહ સુંદર થઈ હતી. જુદા જુદા ભાવિકો તરફથી પૂજા-પ્રભાવના તથા આયંબિલો રાખવામાં આવેલ. જન્મકલ્યાણકની વિવિધ કાર્યક્રમો સહ ઉમંગભેર ઉજવણી થઈ હતી. પુનમના ૧૪ સુપન તથા પારણાનો ભવ્ય વરઘોડો ચઢેલ. ઉપજ સારી થયેલ.

### ચિકપેટ-બેંગલોર

અત્રે ચૈત્રી ઓળી સેલમનિવાસી પુનમચંદજી લાલચંદજી (હ. સોહનલાલ ચૌધરી) તરફથી કરાવવામાં આવેલ. એકમના દિવસે ઓળીવાળા, વર્ષીતપ તથા એકાશન ૫૦૦ આયંબિલવાળાઓને પારણું કરાવી રૂપીઆ તથા શ્રીફળની પ્રભાવના કરેલ. દશે દિવસ તપસ્વીઓની સુંદર ભક્તિ શ્રી વિજયલબ્ધિસૂરી જૈન ધાર્મિક પાઠશાળાના અધ્યાપક સુરેન્દ્ર સી. શાહની દેખરેખમાં બાલક-બાલિકાઓએ કરેલ.

### ઘાટકોપર ( મુંબઇ )

આ૦શ્રી અશોકચન્દ્રસૂરિજી મ૦ આદિની નિશ્રામાં પંચાહ્નિકા મહોત્સવ સાથે ઓળીની ઉમંગભેર આરાધના થઈ. ચૈત્ર સુદ ૧૩ના સવારે ભવ્ય વરઘોડો નીકળેલ, બપોરે સિદ્ધચક્ર પૂજન અને લાડુની પ્રભાવના થયેલ. પ્રતિદિન પ્રભાતિયા, વ્યાખ્યાન, પૂજા-પ્રભાવના, ભાવના, આંગી વગેરે થયા. રોજ ૩૦૦ થી ૫૦૦ આયંબિલવાળાઓને શેઠશ્રી હરગોવન રામજીભાઈ તરફથી એકેક રૂપિયાની પ્રભાવના અપાતી. અન્ય પણ પ્રભાવના થઈ. દસ દિવસના પૌષાતિયોને ધોતીયાની પ્રભાવના તેમજ ઓળીના પારણા શેઠશ્રી દેવીચંદભાઈ તરફથી થયેલ.

સાવરકુંડલાના શેઠ ઉમેદચંદના સુપુત્ર જયંતીલાલ (ઉ. વર્ષ ૧૮)ને ચૈત્ર વદ ૧ના દીક્ષા આપી મુનિશ્રી જયચંદ્રવિજયજી નામ રાખી આચાર્યશ્રીના શિષ્ય કરવામાં આવ્યા.

### આગ્રા

અનુયોગાચાર્ય પં. શ્રી ન્યાયવિજયજી મ૦ આદિ કલકત્તા ચાતુર્માસ પૂર્ણ કરી ચંપાપુરી, સમેતશિખર, બનારસ, કૌસમ્બી આદિ તીર્થોના દર્શન કરી શ્રીસંઘની વિનતિથી આગ્રા પધારેલ. ત્યાં ચૈત્રી ઓળીની આરાધના સાનંદ કરાવી પલ્લીવાલ જૈન ક્ષેત્ર પટૌદા (સ્ટે. મહાવીર) મુકામે પધાર્યા છે. અહીં જૈન વિદ્યાર્થીઓની શિબિરનું તા. ૧૬-૭૫થી ૧૦ દિવસ સુધીનું આયોજન કરવામાં આવ્યું છે.

### ગોરેગાંવ ( મુંબઈ )

મુનિશ્રી કસ્તુરસાગરજી ઠા. ૨ની નિશ્રામાં ઓળી આરાધના સહ નવે દિવસ ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયે પૂજા, આંગી, ભાવનાદિ થયેલ. જન્મકલ્યાણકનો વરઘોડો ચિંતામણી દેરાસરેથી ચઢી જવાહરનગર દેરાસરે ગયો હતો. ત્યાં બંને રથ સાથે થતાં રથયાત્રાનું દૃશ્ય ભવ્ય બન્યું હતું. મહારાજશ્રીનું ચાતુર્માસ અત્રે નક્કી થયેલ છે.

# વલસાડમાં અનેરી ઉજવણી

ભ૦ મહાવીર જન્મકલ્યાણકની અત્રે ત્રણ દિવસના મહોત્સવપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી.

તા. ૨૩-૪-૭૫ના સવારે મહાવીર ચોક દહેરાસરે સ્નાત્ર ઉજવાયું. બપોરના પૂજા ભણાવાઈ અને રથયાત્રા નીકળી. રથયાત્રામાં ભગવાનના પાંચે કલ્યાણકોનાં દશ્યો લોરીમાં પ્રદર્શિત કરવામાં આવ્યા. વલસાડ શહેરમાં આવો ભવ્ય વરઘોડો પ્રથમવાર જ ચઢયો. રાત્રીના રંગ ઉપવનમાં જાહેર સભા શેઠશ્રી રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાળાના પ્રમુખપદે યોજાઈ. પારસી, મુસલમાન, ક્રિશ્ચન, હિંદુ અને જૈન વિદ્વાનોના ભાષણો થયા. ઝવેરી મોહનલાલ ગુલાબચંદભાઈએ ઓળખ અને આવકાર આપ્યો. સાંસ્કૃતિક કાર્યક્રમ થયા બાદ રાતના ૧૨ વાગે સભા વિસર્જન થઈ.

તા. ૨૪ના સામુદાયિક આયંબિલ થયા અને ૬૦૦ ભીખારીઓને ભોજન કરાવવામાં આવ્યું.

તા. ૨૫ (પૂનમ)ના શ્રી સિદ્ધાચલ પટના દર્શને શ્રીસંઘ વાજતે-ગાજતે ગયો. ત્યાં લાડુ-ગાંઠીયાની પ્રભાવના કરવામાં આવી. ત્રણે દિવસ રોશની અને ભાવના થઈ. શહેરના ત્રણે દહેરાસરોએ શણગાર અને શરણાઈના સૂરો ચાલુ રહ્યા. બજારો બંધ રહી. કતલખાનું બંધ રહ્યું. કલેકટરશ્રી અને નગરપાલિકાનો સહકાર સારો રહ્યો.

વલસાડ જૈન સેવા મંડળનો વાર્ષિક ઉત્સવ પણ તા. ૨૩ના ઉજવવામાં આવ્યો. ત્રણ દાતાઓના ફોટાઓનું ઉદ્‌ઘાટન શેઠશ્રી રાયચંદભાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું. સંસ્થાને શ્રી ફુલચંદ કેશરીચંદ અને શાહ મગનલાલ નથુભાઈના સ્મરણાર્થે એમના કુટુંબીજનો તરફથી એક-એક હજાર રૂા. ભેટ આપવામાં આવ્યા.

### શીરોહી (રાજસ્થાન)

આ૦દેવશ્રી વિજયહિમાચલસૂરિજી મ૦ આદિ ઠા. ૩ની નિશ્રામાં ઓળી આરાધના સાનંદ થઈ છે. આ૦ શ્રી અત્રેથી વિહાર કરી ધાણેરાવ પધારશે. ત્યાં ઉજમણા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ સુધી સ્થિરતા કરશે. ત્યાંથી પ્રાયઃ શિવગંજ પધારશે.

### બીલીમોરા

મુનિશ્રી ગુણસાગરજી મ૦ તથા મુનિશ્રી અરૂણોદયસાગરજી મ૦ની નિશ્રામાં ઓળી આરાધના થઈ. જન્મ કલ્યાણકનો ભવ્ય વરઘોડો ચઢેલ તપસ્વી ગુલાબબેન મગનલાલ શેઠ તરફથી સંઘપૂજન થયું. જુદા-જુદા ભાવુકો તરફથી આયંબિલ અને પનાગવાલા મગનલાલ મોતીચંદ તરફથી પારણાં થયાં. સંઘ તરફથી પાંચ દિવસનો ઓચ્છવ ઉજવાયો. ચૈત્રી પુનમના સંઘ સહિત મોટા દેવવંદન વિદુષી સાધ્વીશ્રી દમયન્તીશ્રીજીની પ્રેરણાથી વાંદવામાં આવ્યા. અત્રે ઘણાં કાર્યો તેમની પ્રેરણાથી થાય છે.

### જંબુસર

અત્રે ઓળીની આરાધના સાથે નિત્ય આંગી અને મહિલા સમાજની બહેનોએ પૂજા ભણાવી. જન્મકલ્યાણક દિને સમુહ સ્નાત્ર તથા ભવ્ય વરઘોડો યોજાએલ.

### જન્મકલ્યાણકની ભવ્ય ઉજવણી

પટના (બિહાર)માં શ્રી જૈન નવયુવક મંડલના ઉપક્રમે નિર્વાણોત્સવના વર્ષને અનુલક્ષીને ભ૦ મહાવીર જન્મકલ્યાણકના અવસર નિમિત્તે પંદર દિવસનો જાહેર કાર્યક્રમ યોજવામાં આવ્યો. તા. ૨૦ એપ્રીલના સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. કુમારવિમલજીના પ્રમુખસ્થાને વિદ્‌ગોષ્ઠાનું સુંદર આયોજન થયું. તા. ૨૩ બુધવારના જન્મકલ્યાણક દિને ૭ ૫ન દિક્‌કુમારી મહોત્સવ, પૂજા, ભાવનાદિ સુંદર થયા તા. ૨૭ના ભક્તિ-સંગીત સમારોહ જાણીતા સંગીતકારો દ્વારા ભાવપુર્વક યોજાયો. તા. ૪ મેના અંતિમ દિવસે સમાપન સમારોહ આચાર્ય હરિમોહન ઝાના પ્રમુખપદે યોજાયો. તેમાં અતિથિવિશેષ શ્રી જિતેન્દ્રસિંહ, બિહાર હિન્દી સાહિત્ય સમ્મેલનના અધ્યક્ષ અને પૂર્વ સંસદ સભ્ય શ્રી ગંગાશરણસિંહ, સ્વાગતાધ્યક્ષ શ્રી શાંતિકુમારજી જૈન, સ્વાગતમંત્રી શ્રી છતરસિંહજી કોઠારી વગેરેના મનનીય પ્રવચનો થયા. તેમ જ 'અહિંસા કે અવતાર' નામે નાટિકા મંડલના કલાકારોએ આકર્ષક રીતે રજૂ કરી. સભાનું સંચાલન મંડલના સચિવ શ્રી મૂલચંદજી વૈદે કર્યું હતું. પ્રતિદિન સ્નાત્રપૂજા ભણાવવામાં આવેલ.

### અંજાર (કચ્છ)

પૂ. નિર્મળગુણાશ્રીજીની નિશ્રામાં શેઠશ્રી લક્ષ્મીચંદ કાનમલજી તથા દેશી શાંતિદાસ હંસરાજ (મદ્રાસવાળા) તરફથી ચૈત્રી ઓળી અને પારણા કરાવવામાં આવ્યા. શ્રી શાંતિદાસ તરફથી આરાધકોને એકેક રૂપિયાની પ્રભાવના તેમ જ સ્નાત્રપૂજા અને તે ભણાવનાર પાઠશાળાના અભ્યાસકોને સાટાની પ્રભાવના અપાઈ. વરઘોડો હાથી, બેન્ડવાજા સહ ઠાઠથી નીકળ્યો. ચારે ગચ્છના ભાઈ-બહેનોએ ઉમળકાભેર લાભ લીધો. તથા પ્રસાદી તરીકે સાધર્મિકવાત્સલ્ય કરાએલ.

### કલકત્તા

પંન્યાસશ્રી વિશાલવિજયજી ગણિવર્ય (વિરાટ) આદિ ઠા. ૩ ઉત્તર-પૂર્વની યાત્રાઓ કરી તા. ૧૬-૪-૭૫ના કલકત્તા પધારતા ભવાનીપુર શ્રીસંઘે ભવ્ય સામૈયું કરી વ્યાખ્યાન બાદ લાડવાની પ્રભાવના કરી હતી. ઓળીની આરાધના, પારણા, પ્રભાવનાદિ સુંદર થયેલ તેમ જ ભવાનીપુર સંઘની અતિ આગ્રહભરી ચાતુર્માસની વિનંતિનો પૂ૦ પંન્યાસશ્રીનો સ્વીકાર કરતા આનંદ અને ઉત્સાહ ફરી વળેલ. રોજ ઉપરાંત દર રવિવારે જુદા-જુદા વિષય પર જાહેર પ્રવચનો સાંભળવા ભાવુકોની ઠઠ જામે છે. સંઘપૂજન, પ્રભાવના, પૂજા, ઓચ્છવ આદિ થઈ રહ્યા છે.

ઓકલેન્ડ જ્યૂટ મીલમાં પૂજ્યશ્રીની સાંનિધ્યમાં વૈ. સુદ ૧૧ને જિનબિંબની પ્રતિષ્ઠા થનાર છે. આ દિવસે સાધર્મિવાત્સલ્ય વગેરે યોજવામાં આવેલ છે.

### વાગરા (ભરૂચ)

અત્રે ચૈત્રી ઓળી ગાંધી મનસુખલાલ લખમીચંદ તરફથી અને પારણા દેસાઈ ગફલચંદ લાડકચંદ તરફથી થયેલ. ભ૦ મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ વર્ષ નિમિત્તે ભવ્ય વરઘોડો, પૂજા તથા ભાવના થયેલ સાધ્વીશ્રી જયવંતાશ્રીજી (છાણીવાળા)નું અત્રે ચાતુર્માસ નક્કી થયેલ છે. શ્રીસંઘમાં ધર્મકાર્યો સારા થઈ રહ્યા છે.

### શ્રી મહાવીર વિદ્યાલય
#### પરદેશ અભ્યાસ લોન સ્કોલરશિપ

ઉચ્ચ અભ્યાસની પ્રથમશ્રેણીની કારકિર્દી ધરાવનાર શ્રી જૈન શ્વે. મૂ. પૂ. ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તકના શ્રી મહાવીર લોન ફંડ, શ્રી દેવકરણ મૂળજી પરદેશ અભ્યાસ ફંડ, શ્રી હરિચંદ અમીચંદ પરદેશ અભ્યાસ ફંડ અને શ્રીમતી ઈંદુમતી વ્રજલાલ શાહ એજ્યુકેશનલ ટ્રસ્ટ ફંડમાંથી પૂરક રકમની લોન સ્કોલરશિપ આપવામાં આવશે. શ્રી દેવકરણ મૂળજી પરદેશ અભ્યાસ ફંડનો લાભ સોરાષ્ટ્રના શ્વે. વીશાશ્રીમાળી મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે. જે વિદ્યાર્થીઓએ ગ્રેજ્યુએશન સુધીની બધી પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પસાર કરી, પરદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો હોય તેઓએ જ અરજી કરવી. અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઈ-૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી રૂા. ૧-૨૦ પૈસની કિંમતે મળશે અરજીઓ સ્વીકારવાની છેલ્લી તા. ૨૦મી જુલાઈ છે.


મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમિત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી ગાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર. મુંબઈ-૮૬

શ્રી ઈશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ મુંબઈ-૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ, અમદાવાદ

# બિબડોદ [રતલામ] તીર્થે શાશ્વતી ઓળીનું ભવ્ય આરાધન

મુનિરાજશ્રી અશોકસાગરજી મ૦ના જ્યારથી રતલામના આંગણે પદાર્પણ થયા છે ત્યારથી રતલામના સંઘમાં આનંદ સાગરના મોજા ઉછળવા લાગ્યા છે.

શરૂ-શરૂમાં શ્રી નરેન્દ્રકુમારની દીક્ષા, શેઠ શાન્તિલાલ શૈતાનમલજી કાકડીવાલા તરફથી ઉજવાએલ અવિસ્મરણીય અઠ્ઠાઈ-ઉત્સવ અમાપ આનંદ વચ્ચે ઉજવાયા. તથા તાજેતરમાં રતલામથી ચાર માઈલ દૂર શ્રી બિબડોદ તીર્થે શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધનાએ સારાય સંઘમાં આનન્દની એક વધુ લહેર લહેરાવી છે.

ધારણા માલવી શેઠશ્રી વર્ધમાનચંદજી વકીલ તરફથી અને ઓળી તથા પારણા એસ કેવલચંદજી ખટોલ ( મદ્રાસ ) તરફથી નક્કી થયેલ.

આ આરાધનામાં શરૂ-શરૂનાં દિવસોમાં શૈલાના, સાલમગઢ, બાજના, શિવગઢ, ખાચરોદ, રતલામ વગેરે ગામના ૨૦૦ જેટલા આરાધકોની સંખ્યા ઉપસ્થિત હતી. ત્યારપછી વધતા વધતા ૨૫૦થી ૩૦૦ની સંખ્યા લક્ષિત બની હતી આરાધનાનો પ્રત્યેક દિન વિવિધ કાર્યક્રમોથી ભરચક રહેતો. પ્રતિદિન સ્નાત્રપૂજા, વ્યાખ્યાનશ્રવણ, શ્રીપાળ રાસ શ્રવણ, પૂજા પ્રભુ-ભક્તિ, અંગરચના આદિ કાર્યક્રમથી સમય સરિતાના વહેણ સમ પસાર થતો.

તા. ૨૩-૪-૭૫ બુધવારના પૂજ્યશ્રી શહેરમાં પધાર્યા અને ત્યાંય આખો દિવસ ભગવાન મહાવીરસ્વામી જન્મ-કલ્યાણકની ભવ્ય ઉજવણી થઇ સવારે ઠાઠથી સ્નાત્રપૂજા ભણાઈ, જેમાં મેરુપર્વત, સૌધર્મ, ઈન્દ્ર ઈન્દ્રાણી, ૫૬ દિક્કુમારીકા, ઈશાન આદિની આકર્ષક રચના કરવામાં આવી. આ પૂજા લગભગ ત્રણ કલાક સુધી ચાલી. તેમજ યુવકોને દાંડીયારાસ આદિએ તેમાં સારી જમાવટ કરી હતી. બપોરના રથયાત્રા નીકળેલ. તેમાં ત્રણ ઘોડેસવાર, ધૂન-ગાન મચાવતું શ્રી વિચક્ષણ મંડળ તથા દાંડીયારાસ લેતા


શુભ અવસર.... **શ્રી બામણવાડજી પ્રાચીન તીર્થ** અવશ્ય લાભ લ્યો

રજાના દિવસોમાં આપ ક્યાં પધારશો ? જો આપ આપના કુટુમ્બ સહિત શ્રી બામણવાડજી તીર્થે પધારશો તો સોનામાં સુગંધની માફક 'એક પંથ દો કાજ' જેવો લાભ પ્રાપ્ત થશે.

આ તીર્થ સીરોહી રોડ સ્ટેશનથી ચાર માઈલ દૂર છે. જવા-આવવા માટે કલાકે-કલાકે બસ મળે છે. જંગલમાં આવેલ છે. ભોજનશાળા ચાલુ છે. શ્રી મુળનાયકજી શ્રી મહાવીરસ્વામીજી ભગવંત છે.

વિશેષ બાવન જિનાલય મંદિરમાં શ્રી વીરપ્રભુના ૭૨ ભવોના પટો બનાવવાના કાર્યમાં બેડાવાલા શાહ હજારીમલજી ગુલાબચંદજી હાલ પીંડવાડાવાલાનો ખાસ સહયોગ મળેલ છે. શ્રી સમેતશિખરજી મહાતીર્થના નિર્માણ કાર્યમાં તેમનો પુરો સહયોગ ચાલુ છે. નિર્માણ કાર્ય હજુ ચાલુ છે, પરંતુ ખર્ચ વધવાથી રૂા. ૩૫૦થી અધિક રકમ આપવા વાળા દાતારનું નામ આરસની તક્તિ ઉપર લખાવામાં આવશે.

દેરાસરના જીર્ણોદ્ધારમાં દ્રવ્યની આવશ્યકતા છે. દેરાસરની બન્ને બાજુ શ્રી મહાવીરસ્વામી ભ., પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજીની મૂરતી અપાઇ ગઇ છે પાંચમાં ગણધર શ્રી સુધર્માજીની મૂર્તિ સ્થાપિત કરવાને નકરો ૮૨૦૧, રાખેલ છે, બાલી બાકી છે.

નોટ (૧) શ્રી વીરપ્રભુને કાનમાં ખીલા લગાવ્યા હતા તે સ્થાન પરના ઉપસર્ગ મંદિર (વીરવાડા દરવાજાની અંદર) તેનો જીર્ણોદ્ધાર ચાલુ છે. જેનો નકરો રૂા. ૨૧૦૦૧, રાખેલ છે. બાલી બાકી છે (મૂર્તિ અલગ છે)

(૨) ઉપસર્ગ મંદિરના ભાગમાં શ્રી વીરપ્રભુના સાત પટ્ટ બનાવવામાં આવશે. તેનો નકરો રૂા. ૧૫૦૧ રાખેલ છે. બાલી બાકી છે.

વિશેષ જાણકારી માટે નીચેના સ્થાને પત્ર વ્યવહાર કરવો.

શાહ હજારીમલ ગુલાબચંદજી બેડાવાળા
સ્ટે. સિરોહીરોડ, મું. પો. પીન્ડવાડા

વ્યવસ્થાપક
શ્રી કલ્યાણજી પરમાનંદજી જૈન પેઢી, (સિરોહી રાજ)
શાખા : શ્રી બામણવાડજી જૈન તીર્થ, પો. વીરવાડા, વાયા : સ્ટે. (સિરોહીરોડ રાજસ્થાન)

યુવકોએ રથયાત્રાને વધુ દીપાવી હતી. આ રથયાત્રા શહેરના મુખ્ય માર્ગે પસાર થતાં લગભગ ૨ાા કલાકે ઉતરી હતી. રાતના શ્રી પ્રભુભક્તિમાં પણ શ્રી વિચક્ષણ મંડળે સારી જમાવટ જમાવી હતી.

બીજા દિવસે પૂજ્ય ગુરુદેવશ્રી પાછા બિબડોદ પધાર્યા. ચૈત્ર સુદી ૧૫ના દિવસે શેઠ શ્રી સોહનલાલ સજ્જનલાલ પિપારવાળા તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન થયું. તેમાં પણ ખૂબ ઠાઠ-રંગ આવ્યો.

નવ દિવસે બંને ટાઇમ તમામ સાધર્મિક બંધુઓની ભક્તિ કરવામાં આવેલ. ચૈત્ર વદ ૧ના સવારે તપસ્વીઓના પારણા થયા અને સાંજે શેઠ શ્રી શાંતીલાલ શૈતાનમલજી કાકડીવાલા તરફથી સમસ્ત શ્રી રતલામ સંઘનું સાધર્મિ-વાત્સલ્ય રાખવામાં આવ્યું.

આ ભગીરથ કાર્યને શ્રી પાર્શ્વનાથ સેવા સમિતિએ સફળ બનાવ્યું. વળી કાકડીવાલા બંને ભાઇઓએ તન-મન-ધનથી લાભ લીધો. શ્રી આણંદીલાલ લુંણિયાએ ૧૫ દિવસ સુધી પોતાની ટ્રક સેવામાં આપી હતી. શ્રી કાન્તિલાલ છાજેડ સુંદર અંગરચના રચતા હતા. એકંદરે શ્રીસંઘના ભાઈઓએ અનેરા ઉત્સાહથી લાભ લીધો કે આવી આરાધના શ્રી બિબડોદ તીર્થના વર્ષોના ઇતિહાસમાં સિમાચિહ્ન અને યાદગાર બની ગઇ.


# જેસલમેર પંચતીર્થીની યાત્રા કરી દુર્લભ માનવજીવન સફળ કરો

**પંચતીર્થી :** જેસલમેર પંચતીર્થીમાં જેસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર તથા પોકરણના જીનાલય છે. તેમાં ૬૦૦૦ પ્રતમાજીઓ બિરાજમાન છે. આ અંગે શ્રીસમયસુંદરજી મ૦ કહે છે: 'જેસલમેર જુહારયે, દુઃખ વારયે એ, અરિહંત બિંબ અનેક, તીર્થ તે નમુ એ.'

જૈન જગતમાં જેસલમેર અનેક વિશેષતાઓથી પ્રસિદ્ધ છે. વશેષતાઓ : (૧) પ્રાચિન ભવ્ય-કલાત્મક જિનાલય તથા પના અને સ્ફટિકની પ્રતિમાઓ (૨) શ્રી જિનભદ્ર સુરજ્ઞાન ભંડાર, તાડપત્રીય ગ્રંથ, (૩) પ્રથમ દાદાગુરૂ આ. શ્રી જનદત્તસુરિજી મ. ની પછેડી, ચોલપટ્ટો અને મુહપત્તિ; જે અગ્નિ-સંસ્કાર પછી અક્ષુણ્ણ રહ્યા છે. (૪) ચૌદમી સદીમાં મંત્રિત કરાએલ અને ત્રાંબાની શલ લગાડેલ શ્રી જનવર્ધનસુરજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ જિનપ્રતિમાજી તથા ભૈરવજીની મૂર્તિ (૫) દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ટાયકદેવના દેવસ્થાનો તથા પટવાની હવેલીઓ. (૬) લોદ્રવપુરના અધિષ્ટાયકદેવ બહુ ચમત્કારિક છે. ભાગ્યશાળીઓને કોઈવાર દર્શન આપે છે.

**સુવધાઓ :** યાત્રિકો તથા શ્રીસંઘોને રહેવાની પુરી સગવડ છે. રાજસ્થાનની મરુભૂમિમાં આ સ્થળ હોવા છતાં અહીં પાણી અને લાઇટની પુર્ણ વ્યવસ્થા છે. ઉપરાંત, શ્રદ્ધાળુ દાનવીરો દ્વારા કાયમી તિથીના સહયોગથી પ્રતિદિન ભોજનશાળા ચાલે છે.

**જવા-આવવાના સાધનો :** જૈસલમેર પહોંચવા જોધપુરથી દિવસના બે વખત બસ જાય છે અને રાત્રે ૧૦-વાગે ટ્રેઇન ઉપડે છે, જે સવારે ૮ વાગે જૈસલમેર પહોંચાડે છે. અમરસાગર, લોદ્રવપુર તથા બ્રહ્મસર જવ માટે નિયમિત બસની સગવડતા મળે છે.

**નોંધ :** જિર્ણોદ્ધાર સમિતિના પ્રયાસોના ફળસ્વરૂપે જૈસલમેર પંચતીર્થીમાં આવેલા દરેક જિનાલયોનાં જિર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ કરવાના ઠરાવ મુજબ શ્રી જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર દહેરાસર ટ્રસ્ટ દ્વારા નક્કી થયેલ છે. વર્તમાનમાં લોદ્રવપુરના જિર્ણોધ્ધારનું કાર્ય ચાલે છે.

આ પુન્યક્ષેત્રના પંચતીર્થીની યાત્રા કરી અને ભંડારોના દર્શન કરી દુર્લભ માનવજીવન સફળ કરો.

નમ્રક : નેમચંદ જૈન (પ્રચારમંત્રી, જૈન ટ્રસ્ટ) C/o મે. જૈન્સ કું.
૧૦૧, યશવંત પ્લેઇસ, ચાણક્યપુરી, નવીદિલ્હી-૧૧ (ફોન : ઘર-૬૬૨૦૩૬, દુકાન-૬૭૧૩૭૬.)
નિવેદક : માનમલ ચોરડીયા (વ્યવસ્થાપક) શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન દેરાસર

# ધર્મપ્રભાવના

ગણીવર્યશ્રી ભુવનવિજયજી મ૦ આદિના કટકથી રાયપુર સુધીના લગભગ આરસો માઈલના વિહારમાં અપૂર્વ ધર્મપ્રભાવના થયેલ છે. પોષ સુદ ૩ના કટકથી વિહાર થયા બાદ રસ્તામાં સંબલપુર, ભાતાવીરા, બેંસ, પદ્મપુર, ખરીયાર રોડ વગેરે ઉડીસા પ્રાંતમાં આવેલા ક્ષેત્રોને વ્યાખ્યાનવાણીના શ્રવણનો અપૂર્વ લાભ મળેલ. અને ગામો ગામના ક્ષેત્રોએ પૂજ્યશ્રીના સુંદર સ્વાગત કરેલ. તેમાં કટકથી સંબલપુર સુધી જૈન શ્વે. મૂર્તિપૂજક સંપ્રદાયના સાધુ તરીકે પૂજ્યશ્રીનું પહેલીવાર જ પધારવાનું થતાં ઘણા દેહાતી માણસો પણ જૈન ધર્મના આચાર, વિચાર અને અહિંસા વગેરે સિદ્ધાંતોથી સુપરિચિત થયા. સંબલપુર ખરીયાર રોડ વગેરે ક્ષેત્રોમાં તો જૈન વસ્તી હોવાથી વિરાટ સભાઓ યોજાએલ.

મહા વદમાં મધ્યપ્રદેશમાં પ્રવેશ થતાં બાગબાહરા, મહાસમુદ વગેરે ક્ષેત્રોને લાભ આપતા પૂજ્યશ્રીએ ફાગણ સુદ ૯ના દિવસે રાયપુરમાં ભવ્ય સ્વાગત સહ પ્રવેશ કરેલ. પૂજ્યશ્રીના પ્રવચનોથી અહીં ધાર્મિક વાતાવરણ સારું એવું જામેલ. રવિવારના જાહેર પ્રવચનોમાં તો ઉપાશ્રયનો વિશાલ હોલ પણ ખીચોખીચ ભરાઈ જતો. નાગપુર શહેરથી ૩૫ ભાઈ-બહેનો ચાતુર્માસની વિનંતી કરવા આવેલ

રાયપુર શહેરમાં ચૈત્રી ઓળીની આરાધના પૂજ્યશ્રીની નિશ્રામાં અનેરા ઉલ્લાસથી થયેલ. આઠમને દિવસે શહેરમાં પહેલીવાર જ સમાચાર ... આયંબિલ થયા. ૫૦ ભાઈ-બહેનો ઓળી તપમાં જોડાયાં. ચૈત્ર સુદ તેરશ બુધવારના દેવાધિદેવ શ્રી મહાવીર પ્રભુનો જન્મકલ્યાણક દિન રથયાત્રા વગેરેના આયોજનથી અનેરા ઠાઠથી ઉજવાએલ.

પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવાતા દરેક ધાર્મિક પ્રસંગોમાં સ્થાનકવાસી ભાઈઓએ પણ પૂર્ણ સહકાર આપેલ અને ઓળીમાં પણ ભાઈ-બહેને જોડાયા હતા. તેરાપંથી તેમ જ જૈનેતર ભાઈઓએ પણ અનેરા ઉલ્લાસથી લાભ લીધેલ.

ચૈત્ર વદ બીજ રવિવારના નાગપુર તરફ વિહાર થતાં પહેલા મુકામે ૫૦૦ ભાઈ-બહેનો સાથે ચાલીને આવેલ. અત્રેના શેઠશ્રી મનમોહનજી ... તરફથી તેમજ શેઠશ્રી ચંપાલાલજી કોઠારી તરફથી સાધર્મિક ભક્તિ થયેલ. અત્રે વળામણાના પ્રસંગે પણ આટલી મોટી સંખ્યા પહેલા જ વાર થઈ છે. બીજે દિવસે કુમ્હારી મુકામે પણ રાયપુરથી ૫૦ થી ૬૦ ભાઈ-બહેનો પૂજ્યશ્રીના વ્યાખ્યાનનો લાભ લેવા ગયેલા. શેઠશ્રી મંગલચંદજીએ સાધર્મિકભક્તિનો લાભ લીધેલ.


"જૈન" પત્રનું લવાજમ આજે જ મોકલો


દરાજ, ખસ, ખરજવા, પગની ચીરાડ વિ. ઉપર અસરકારક
કપડાને ડાઘ પડતા નથી
જમસંકટર
• નવું ઉત્પાદન: જમસંકટર સ્ટ્રોંગ •

આરાધના સામગ્રી
• સુગંધિત અગરબત્તી • વાસક્ષેપ
• દશાંગી ધૂપ • કેશર
• વાળાકુંચી • કટાસણાં
• ચરવળા • સંથારીયા
• સાપડા • કામળીઓ
• ઓઘારીયા • ધાબળી
ચાંદીના વરખ, પરવાળાં-કેરબા-અકલબેર-સ્ફટિકની માળાઓ-મોરપીંછી-ઉપકરણો પુંજણીઓ તેમજ
રેડીયમ અને પ્લાસ્ટીકની
માળાઓ-ઠવણીઓ-સાપડા-વગેરે-
આમંત્રણ ... કંકોત્રી
કાર્ડ-ફોલ્ડર ... વગેરે માટે

# નિંદાનું પાપ

: લેખક :
પૂ૦ મુનિરાજશ્રી શીલચંદ્રવિજયજી મ૦

એક શેઠ હતા. ખૂબ ધર્મી. ઘણા દયાલુ. પૈસાદાર પણ એટલા જ.

એમણે ગામમાં એક દાનશાળા ખોલી હતી. જે કોઈ અતિથિ સાધુ-સંત આવે તેને ખૂબ પ્રેમથી જમાડે. શેઠને આંગણે આવેલો કોઈ ભૂખ્યો પાછો ન જાય.

એકવાર મોડી બપોરે બે મહાત્મા આવ્યા. બંને થાકેલા હતા. શેઠની દાનશાળામાં ગયા. શેઠે એમની આગતા-સ્વાગતા કરી ને પૂછ્યું : આપ ભોજનમાં શું લેશો?

મહાત્માએ કહ્યું : જે હશે તે ચાલશે.

પણ શેઠ ખૂબ ભાવિક હતા. એમણે રસોયાને લાડવા બનાવવા કહ્યું. રસોયો તૈયારીમાં પડયો. એને ઘીની જરૂર પડી. રસોડામાં ઘી ન હતું. એટલે એણે મહેતાજીને ઘી લઈ આવવા કહ્યું. મહેતાજી તરત જ બજારમાં ગયા ને ખુલ્લી તપેલીમાં ચોકખું ઘી લઈને પાછા ફર્યા.

હવે બન્યું એવું કે રસ્તામાં કોંક ઝાડ નીચેથી પસાર થતા ઘીની તપેલીમાં કોઈ ઝેરી જાનવરનું ગરલ જરાક પડી ગયું. પણ એની ખબર ન પડી. મહેતાજીએ દાનશાળામાં આવીને ઘી રસોયાને આપી દીધું. એણે લાડવા તૈયાર કર્યા. શેઠે બંને મહાત્માઓને ભક્તિથી લાડવા જમાડયા. બંને જમીને સૂઈ ગયા.

એ બંને સૂતા તે સૂતા જ. પછી ઊઠયા જ નહિ. શેઠે તપાસ કરી તો બંને મરી ગયેલા જણાયા. આથી શેઠને અરેરાટી થઈ ગઈ. એમને થયું કે આ મારે નિમિત્તે થયું. એટલે એ તો ત્યાંને ત્યાં બેસી ગયા કે —જ્યાં સુધી આ વાતનું નિરાકરણ ન થાય ત્યાં સુધી અન્નજળ ત્યાગ. શેઠની જોડે એમનો આખો પરિવાર પણ બેઠો.

ગામમાં આ વાત ફેલાતાં હાહાકાર મચી ગયો.

આ વાતની ખબર દેવલોકમાં ઈન્દ્રને પડી. એને થયું કે આ શેઠ તો નિર્દોષ છે. એને ખોટું કલંક લાગી ગયું છે. એ દૂર કરવા એ ઉપવાસ કરીને બેઠા છે. માટે મારે એનું કલંક દૂર કરીને એને બચાવવો જ જોઈએ. નહિ તો લોકોમાં દાનની ખૂબ હલકાઈ થશે ને કોઈ માણસ ક્યારેય દાન જ નહિ આપે.

આમ વિચાર આવતાં જ ઈન્દ્ર તો ઘરડા બ્રાહ્મણના

## શ્રી જિન પ્રતિમાઓ મલશે

અખિલ ભારતવર્ષના શ્રી શ્વે. મૂ પૂ. જૈન સંઘોને અમારી નમ્ર વિનંતિ છે કે આપના જિનમંદિરોમાં-શ્રી પંચધાતુના જિનપ્રતિમાઓ, શ્રી ચોવીસી, પંચ-તીર્થિઓ તથા સિદ્ધચક્ર યન્ત્રો વગેરેની જરૂર હોય તો અમોને લાભ આપવા કૃપા કરશોજી. અમો અમારા ખર્ચે પંચધાતુના પ્રતિમાઓ અંજનશલાકા કરાવી બહુમાનપુર્વક અર્પણ કરવા ભાવના રાખીએ છીએ.

અંજનશલાકા દિન: વૈશાખ સુદ પૂર્ણિમા તા. ૨૫-૫-૭૫

લી. શ્રી ચતુર્વિધ સંઘસેવક

શાહ છગનલાલજી છોગમલજી પાલરેચા

C/O. પીત્તલીયોં કા વાસ, મુ. શિવગંજ, સ્ટેશન : જવાઈબાંધ (રાજસ્થાન)

વેષે શેઠ પાસે જવા નીકળ્યા.

રસ્તે જતાં ઈન્દ્રને વિચાર આવ્યો કે આ શેઠે દાન કરીને ઘણું પુણ્ય ભેગું કર્યું છે. એ બધું પુણ્ય તો એમને ખાતે જમા થશે. પણ આ એ મહાત્મા મરી ગયા, એની હત્યાનું પાપ કોના ખાતે જમે કરવું ?

આમ વિચાર કરે છે ત્યાં ગામનો ઝાંપો આવી ગયો. ઝાંપા પાસે એક ઘરડા ડોશી રહે. એને ઈન્દ્રે પૂછ્યું: માજી ! પેલા દાનેશ્વરી શેઠનું ઘર ક્યાં આવ્યું ?

એટલે માજી ભડકયા ને બોલ્યાઃ જા, જા, એ તો બાંબા થઈને મૂવા હવે તું ત્રીજો જા.

આ સાંભળીને ઇન્દ્રે મનમાં નક્કી કરી લીધું કે એ મહાત્માની હત્યાનું-પાપ આ નિંદા કરનારી ડોશીને ખાતે જમા કરવું. પછી એ આગળ ચાલ્યા. શેઠની દાનશાળામાં ગયા. જઈને શેઠને સમજાવ્યા કે તમે ઉપવાસ છોડી દો.

શેઠ કહે: પણ ભૂદેવ ! આ મને કલંક ચોટયું છે, એનું શું ? એનું નિવારણ થાય પછી જ મને શાંતિ થાય. એ હત્યાનું પાપ કેટલું ભયંકર હશે ?

એટલે ઈન્દ્રે કહ્યું: શેઠ ! ચિંતા ન કરો. હું ઈન્દ્ર છું. અને આ હત્યાનું પાપ તો બીજાને ખાતે ક્યારનું ય જમા થઇ ગયું છે. તમારે ખાતે તો પુણ્ય જ છે. માટે હવે પારણું કરો.

અને તરત જ શેઠે પારણું કર્યું.

* * *

વર્તમાનના સંદર્ભમાં—અત્યારે ભારતભરમાં સરકારી સ્તરે અને ધાર્મિક સ્તરે, વિવિધ રીતે, ભગવાન મહાવીરદેવની ૨૫મી નિર્વાણ શતાબ્દી ઉજવાય છે. આ ઉજવણી કરનાર ( ભલે તે ગમે તે હોય )નો ઉદ્દેશ ફકત ભગવાન મહાવીરના શાસનનો પ્રચાર અને એની પ્રભાવના કરવાનો જ છે. નિર્મળ ભાવના છે. એમ છતાં ઉજવણીનો ( ઉજવણીના બહાનાં હેઠળ અમુક ચોક્કસ વ્યક્તિઓના તેજોદ્વેષ પ્રેરિત ) વિરોધ કરનાર આત્માઓ આ ઉજવણીની અને ઉજવણીના આયોજકોની અતાવ ક્ષુદ્ર અને તુચ્છ રીતે નિંદા કરી રહ્યા છે.

એ નિંદકો માટે આ વાર્તા ખાસ સમજવા જેવી છે.

ઉજવણી તો થઈ અને થશે. 'રાંડ રડતી રહેશે ને પરોણાં જમી જશે.' પણ એ ઉજવણું કરતી વખતે સાવદ્ય વ્યાપાર પણ થયાં જ હોય. કારણ કે સાવદ્ય વ્યાપાર કર્યા વિના ધર્મની પ્રભાવના થઈ શકતી નથી. એ સાવદ્ય વ્યાપારથી થયેલું પાપ આ નિંદક મિત્રોના ખાતે જમા નહિ થયું હોય ! કેમકે ઉજવણી કરનારનો આશય નિર્મળ હોઈ તેને તે દોષ નથી લાગવાનો. ત્યારે એ દોષના ભાગીદાર આ વાર્તા અનુસાર તો આપણા એ નિંદકમિત્રો જ બનવાના ને ?


नई फसल : *काश्मीरी असली केसर*

काश्मीर के भाव पर थोक मात्रा में मगवा सकते हैं।

पहली चुनाई का मोंगरा केसर ४२००) किलो।
पहली चुनाई का लच्छा केसर ३२००) किलो।

प्रेमचंद जैन
राममुंशी बाग, श्रीनगर (काश्मीर)



દાદાના દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વિનંતિ કરે છે

ભોજનશાળાનો વાર્ષિક તૂટો મોંઘવારીના કારણે રૂા. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.
લગભગ અઢી લાખ પુન્યશાળી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.
પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.
છઠ્ઠ—અઠ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.

**શ્રેષ્ઠ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક અને ચતુર્વિધ સંઘની ભક્તિ**
**..................એ અમારા પુન્યનું ભાથું છે..................**



તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલીક: શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાન : જૈનપ્રિન્ટરી—પાનવાડી, ભાવનગર.

ભગવાન મહાવીર ના પચીસસોમા નિર્વાણ કલ્યાણક નિમિત્તે



# જૈન
## સાપ્તાહિક પૂર્તિ

સંપાદક :- રતિલાલ દીપચંદ દેસાઈ

પ્રેરક :- શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઈ.

## યથા નામ, તથા ગુણા:

રાજકુમાર વર્ધમાન. નામથી પણ વર્ધમાન, ને ગુણથી પણ વર્ધમાન. ઉંમર વધતી ગઈ, એમ એમના ગુણો પણ ખીલતાં ગયાં. આ વાતનો અનુભવ ક્યારેક ક્યારેક અદ્ભુત રીતે થતો.

એક વાર એવું બન્યું કે કુમાર વર્ધમાન સરખી ઉંમરના બાળમિત્રો સાથે રમતે ચડયા. એક વિશાળ વૃક્ષ હતું. શીળી એની છાયા હતી. એ છાયામાં બાળકુમારો આમળી-પીપળીની નિર્દોષ રમતે ચડયાં હતા.

રમત રંગે ચડી છે. કોઈ હારતું નથી, કોઈ જીતતું નથી. ભારે રસાકસ જામી છે. એકાએક આ રંગમાં ભંગ પડયો. એક વિશાળકાય ફણિધર નાગ ક્યાંકથી આવી ચડયો, ને વૃક્ષને વીંટળાઈ વળ્યો. એની આંખોમાંથી ઝેર ઝરતું હતું. હાડ ગાળી નાખે એવાં એના ફુંફાડા હતા. એ જોઈને બાળકોએ બુમરાણ મચાવી દીધું: ભાગો, ભાગો. ને જેને જેમ ઠીક પડયું તેમ ભાગી છૂટયાં.

પણ રે ! વર્ધમાન જેનું નામ. એ તો મક્કમ પગલે આગળ વધ્યા. ભય જાણે એમનાથી ડરતો લાગ્યો. દૂર જઈને ઊભેલા બાલમિત્રો એમની ચિંતામાં વ્યાકુળ હતા: હાય, હમણાં જ વર્ધમાન હતાં ન હતા થઈ જશે. પણ, એક પળ, બસ એક જ પળ વીતી, ને કુમાર વર્ધમાને નાગને દોરડાંની જેમ પકડીને દૂર ફગાવી દીધો.

બાળમિત્રોમાં આનંદ મચી ગયો. વર્ધમાન ઉપર અભિનંદનોની વર્ષા વરસી. પણ વાહ રે વર્ધમાન ! એની આંખના ઊંડે ખૂણે પણ અહંકારનો વિકૃતિ ન દેખાઈ. એની નિર્વિકારતા પણ વર્ધમાન જ રહી.

—પૂ૦ મુ૦ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

પ્રભુ ! આ વર્ષ અમારે દિવાળી

ગતાંકથી ચાલુ

[ લેખાંક ૧૩ ]



# શ્રમણ ભગવાન મહાવીર

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

### સ્વપ્નલક્ષણ પાઠકોને આમંત્રણ

પોતાના સ્વામીની આજ્ઞાને શિરોમાન્ય કરી સિદ્ધાર્થરાજાના સેવક પુરુષો ક્ષત્રિયકુંડ નગરમાં સ્વપ્નલક્ષણ પાઠકોના જે સ્થળે ઘરો છે ત્યાં આવી પહોંચ્યા. અને આજે કોઈ પ્રશસ્ત કાર્ય માટે સિદ્ધાર્થરાજા તમોને બોલાવે છે, એ પ્રમાણે પોતાના સ્વામિએ કરેલ આજ્ઞા પ્રમાણે સ્વપ્નલક્ષણ પાઠકોને આમંત્રણ આપ્યું. પ્રાચીનકાળમાં રાજાનો અને પ્રજાનો, શેઠ અને નોકરનો સંબંધ ભારતના પવિત્ર ઋષિ-મુનિઓની સંસ્કૃતિની સુવાસથી મઘમઘતો હતો. અને તેથી રાજા-પ્રજામાં તેમજ માલિક અને મજુરી મહેનત કરનાર કામદારવર્ગમાં એક સરખી શાંતિ હતી. માલિક પોતાને ત્યાં કામ કરનાર વર્ગ માટે કૌટુંબિક ભાવના રાખતો હતો, અને એ કારણે જ કલ્પસૂત્રનાં મૂળમાં સેવક વર્ગ માટે કૌટુંબિક પુરુષ—**कोडुंबिय पुरिसे**—આ પદનો પ્રયોગ કરવામાં આવેલ છે. વર્તમાન પરિસ્થિતિ તેથી વિપરિત જોવાય છે. માલિક વર્ગ સંપત્તિ અને સત્તાના અહંભાવમાં પોતાની ફરજથી વિમુખ બનેલ છે. પરિણામે કામદાર વર્ગે પણ આજે સંગઠન કરવા સાથે સ્થળે સ્થળે માલિક વર્ગ સામે મોરચા શરૂ કર્યા છે. ઉભય વર્ગમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિનો વારસો પુનઃ પ્રાપ્ત થશે તે અવસરે અંતર આત્માના પ્રેમ ભર્યો સામ્યવાદ દૃષ્ટિ-ગોચર થશે અને ભારતમાં અગાઉના જેવા આનંદ કલ્લોલના દર્શન થશે.

### સ્વપ્ન લક્ષણ પાઠકોનું સભામાં આગમન

સિદ્ધાર્થરાજાના સેવકોએ અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રના યથાર્થ જાણકાર સ્વપ્નલક્ષણ પાઠકોને શીઘ્ર રાજ-સભામાં આવવાનું આમંત્રણ આપ્યું એટલે રાજા તરફથી આમંત્રણ મળવાને કારણે તેમને ઘણો આનંદ થયો. અને સ્નાન વિલેપન વસ્ત્રાલંકારથી યથાયોગ્ય સજ્જ થવા સાથે ડાભ-સરસવ વગેરે શુકનવંતી વસ્તુઓ પોતાની પાઘડીમાં રાખી રાજમહેલ તરફ આવવા માટે રવાના થયા. રાજમહેલના દરવાજે પહોંચ્યા બાદ રાજાની સભામાં જવા પહેલાં એ બધા સ્વપ્નલક્ષણ પાઠકો ભેગા થયા અને બધાએ આગેવાની લેવાની ભાવના ન રાખતા આઠમાંથી એ યોગ્ય વ્યક્તિને આગેવાની આપી. સ્વપ્નલક્ષણ પાઠકો અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રોના ફક્ત અભ્યાસી નહોતા પણ સાથે એ અભ્યાસીનાં ફળ સ્વરૂપે જીવનમાં વિવેક, નમ્રતા, લઘુતા વગેરે ગુણોથી સંપન્ન હતા. ભણતરની પાછળ ગણતર, ગણતરની પાછળ ઘડતર અને ઘડતર પાછળ રળતર અને વળતર હોય તો જ ભણતર એ સાચું ભણતર છે. રાજસભામાં ગયા બાદ સૌકોઈ પોતાનું મંતવ્ય રાજાની પાસે રજુ કરે તો રાજાને જે રીતે સંતોષ થવો જોઈએ તે રીતે સંતોષ ન થાય. ઉપરાંત આ બાબતના ભિન્ન ભિન્ન કથનમાં કોનું કથન માનવું ! એમ વિકલ્પોની પરંપરા ચાલે. આવો પ્રસંગ ન આવે એમ પરસ્પર વિચાર-વિનિમય કરી એક મુખ્ય વ્યકિત જે રાજાને યથાર્થ જવાબ આપે તો રાજાના ચિત્તની પ્રસન્નતા પ્રગટ થાય.

### સર્વ સંમત એક સ્વપ્નલક્ષણ પાઠકને મુખ્યતા આપી

જે સમુદાયમાં બધા જ આગેવાન હોય અને બધા પંડિતમન્ય હોય એ સમુદાય છેવટે વિનાશના પંથે પ્રયાણ કરે છે. સ્વપ્નલક્ષણ પાઠકો એક યોગ્ય

વ્યકિતની આગેવાની સાથે રાજાની સભામાં દાખલ થયા. અને રાજાએ પ્રણામ કરવા પુર્વક અગાઉથી તૈયાર રખાવેલા ભદ્રાસનો ઉપર બેસવા માટે તેઓને વિનંતિ કરી. સ્વપ્નલક્ષણપાઠકોએ પણ "રાજન! તમો જય પામો, વિજય પામો. તમારા રાજ્યમાં સુખ સંપત્તિ તેમજ સર્વ પ્રકારના ઐશ્વર્યની વૃદ્ધિ થાઓ અને તમારા કુળમાં કુલદીપક પુત્ર વગેરે પરિવારની પ્રાપ્તિ સાથે પરમાત્માના પવિત્ર ધર્મની નિરંતર આરાધના તમારી વંશપરંપરામાં એક સરખી ચાલ્યા કરો" આ પ્રમાણે આશીર્વાદ આપી ભદ્રાસન ઉપર સ્થાન લીધું.

### ત્રિશલા ક્ષત્રિયાણીને આવેલા ચૌદ મહાસ્વપ્ન

"રાજાની પાસે, પ્રભુ પાસે, ગુરુ પાસે અને જ્યોતિષી પાસે ખાલી હાથે ન જવું પણ ફળ તેમજ સુવર્ણમુદ્રા વગેરે સાથે જવું." આ નીતિશાસ્ત્રનો નિયમ છે. રાજા આ નિયમને જાણતા હોવાથી પોતાના સિંહાસન ઉપરથી ઊભા થયા અને પોતાના બન્ને કરકમળોમાં રાખેલ શ્રીફળ, સુવર્ણમુદ્રા વગેરે સ્વપ્નલક્ષણ પાઠકો સામે ધરીને આ પ્રમાણે વાત રજુ કરી: "ગઈ પાછલી રાત્રિએ અલ્પનિદ્રાવસ્થામાં વર્તતા ત્રિશલાક્ષત્રિયાણીને પ્રથમ સ્વપ્નમાં આકાશમાંથી નીચે ઉતરતા અને પોતાના મુખમાં પ્રવેશ કરતા કેશરી સિંહના દર્શન થયા. ત્યારબાદ મલપતો હાથી, સુંદર વૃષભ, હાથીઓ બન્ને બાજુએથી શુંઢ વડે જેમનો અભિષેક કરી રહ્યા છે એવા લક્ષ્મીદેવી, સર્વ ઋતુના સુગંધી ફુલોની સુવાસથી મઘમઘતી પુષ્પમાળાનું યુગલ, શરદ પુર્ણિમાનો ચન્દ્ર સોળસો કિરણોથી પૃથ્વીમંડળને પ્રકાશ આપનાર સૂર્ય, સિંહના રેખાચિત્રથી શોભતી અને મંદમંદ પવનની લહેરથી શિખર ઉપર ફરકતી સુંદર ધ્વજા, નિર્મળ જળથી પરિપૂર્ણ સુવર્ણ કળશ અનેક પ્રકારના સુગંધ કમળોથી સુશોભિત પદ્મસરોવર, મગરમચ્છ વગેરે જળચરપ્રાણીઓ જેમાં આનંદ-કલ્લોલ કરી રહેલ છે એવો ક્ષીરસમુદ્ર અનેક દેવો અને દેવીઓથી સુશોભિત-દિવ્યધ્વનિના મધુર અને માંગલિક સ્વરોથી અલંકૃત-મણિરત્નથી અનેક સુવર્ણ સ્થંભોથી શોભાયમાન દેવતાઈ વિમાન, સર્વ પ્રકારના ઉત્તમ રત્નોથી સુશોભિત વિશાલ રત્ન રાશિ અને જેમાં ઘી-સાકર વગેરે ઉત્તમ પદાર્થોનું સિંચન થઈ રહ્યું છે એવી નિર્ધૂમ અગ્નિશિખા—આ પ્રમાણે કુલ ચૌદ મહા સ્વપ્નોના દર્શન કરીને ત્રિશલા ક્ષત્રિયાણી પાછલી રાત્રિએ જાગૃત થયા છે. આ ચૌદ મહાસ્વપ્નોનું યથાર્થ ફળ જાણવા માટે આપ-સ્વપ્નલક્ષણ પાઠકોને અહિં રાજસભામાં પધારવાનું આમંત્રણ આપવામાં આવેલ છે. આપ બધા અષ્ટાંગ નિમિત્તના શાસ્ત્રોમાં પારંગત છો. માટે ત્રિશલાક્ષત્રિયાણીને આવેલા મહાસ્વપ્નોનું અમોને શું ફળ પ્રાપ્ત થશે તે જણાવો."

### સ્વપ્નલક્ષણ પાઠકોના ફળકથનનો પ્રારંભ

સિદ્ધાર્થ ક્ષત્રિય પાસેથી ત્રિશલાક્ષત્રિયાણીને આવેલા ચૌદ મહાસ્વપ્નો સંબંધી વૃતાંત શ્રવણ કરી સ્વપ્નલક્ષણ પાઠકો અતિશય આનંદ પામ્યા. આ ચૌદ મહાસ્વપ્નોના ફળ સંબંધી પોતાની બુદ્ધિ પ્રમાણે સર્વ સ્વપ્નલક્ષણ પાઠકોએ વિચાર કર્યો. અને એકબીજાના વિચારોની આપલે કરી એક નિર્ણય ઉપર સર્વ સંમત થયા. અને ત્યારબાદ રાજાની પાસે આગેવાન સ્વપ્નલક્ષણ પાઠકે ચૌદ મહા સ્વપ્નનાં ઉત્તમ ફળ કથનનો પ્રારંભ કર્યો. (ક્રમશઃ)

---

## મહાવીર સ્તવન

: રચયિતા :
'બાલેન્દુ'

વીર પ્રભુ ભગવાન અમારા, વીરપ્રભુ ભગવાન,
જે અંગણિત ગુણમણિખાણ, અમારા વીરપ્રભુ ભ૦
નભતારાગણ ગણી શકે કો, કરી મનમાં અનુમાન;
ગુણપ્રભુગુણ ન ગણી શકે કો, કરી મનમાં અનુમાન;
પણ પ્રભુગુણ ન ગણી શકાએ, નિશ્ચય કરીને જાણ-૧
સુરનર કિન્નર મુનિજન યોગી, સહુકો' બુદ્ધિનિધાન;
જસ પદકમલે નત થઈ વંદે, કરશું તસગુણગાન-૨
પ્રભુસેવનથી સ્હેજે પ્રગટે, અદ્‌ભૂત આભનિધાન;
રવિ ઝળહળતો સન્મુખ દીસે; પ્રગટે આતમભાન-૩
જેનાચરણે સંત યોગિજન, તપ તપતા ધરી ધ્યાન;
બાળી પાપ કઠોર કર્મમલ, સાધે નિજકલ્યાણ-૪
એવા પ્રભુની મળે કૃપારજ, જો મુજ અનુસંધાન;
બાલ ગણે સાર્થક નિજ નરભવ, અમૃતરસ અનુપાન-૫

## કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર, પર્વ ૧૦મું

# એક વિચારણીય મુદ્દો

[લેખાંક ૧૬]

## ભગવાનનાં ચરિત્રો

લેખક પૂ૦ ઉ૦ શ્રી હેમચંદ્રવિજયજીના શિષ્ય પૂ૦ મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ

આપણે શ્રી હેમચન્દ્ર સૂરિજી રચિત 'ત્રિષષ્ઠિશલાકપુરુષચરિત્ર'ના દશમા પર્વનો પરિચય જોયો. હવે અહીં શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજે દશમા પર્વમાં એક વિલક્ષણ અને વિચારની નવી દિશા ખોલે તેવી વાત લખી છે તેનો વિચાર કરીએ. શ્રમણ ભગવાન મહાવીરપ્રભુના સમયને લગતી જેટલી કથાઓ-હકીકતો પ્રાચીન ગ્રંથોમાંથી તેઓને મળી તે સર્વનો તેમણે સંગ્રહ—ઉપયોગ કર્યો છે. તે પ્રમાણે ચરમરાજર્ષિ ઉદાયનની વાત, દશમા પર્વના બારમા સર્ગમાં કરી છે. અભયકુમાર પ્રશ્ન કરે છેઃ ઉદાયન રાજર્ષિનું ભવિષ્યમાં શું થશે ! પ્રભુ એનો જવાબ આપે છે. તે પછીનો વૃત્તાન્ત અનેક રીતે ઉપયોગી છે.

વીતભયપત્તન જ્યારે ઉદાયનના મૃત્યુને લીધે, દેવતાના કોપથી, નષ્ટ થયું ત્યારે તેમાં કપિલકેવલીએ પ્રતિષ્ઠિત કરેલી મહાવીર ભગવાનની ચંદનની મૂર્તિ પણ દટાઇ ગઇ હતી. તે મૂર્તિને ગુજરાતના ચૌલુક્ય રાજા કુમારપાળે, પોતાના કહેવાથી, જમીનમાંથી ખોદી કાઢી હતી અને એક રથમાં બેસારી તેને પાટણમાં લઈ જવામાં આવી હતી પછી તે મૂર્તિ પધરાવવા માટે કુમારપાળે એક ભવ્ય મંદિર બંધાવ્યું અને શ્રી હેમચન્દ્રસૂરિજીના હસ્તે મહોત્સવપૂર્વક, તેની પ્રતિષ્ઠા કરાવી. આ બાબતનું બધું વૃત્તાન્ત, ભવિષ્યવાણીની માફક, મહાવીરપ્રભુના મૂળથી આ ગ્રંથમાં સાંભળવા મળે છે. આ આખા સંદર્ભને વાંચીને આપણે એટલું તો જરૂર તારવી શકીએ કે વીતભયનું ધ્વસ્ત થયેલું પ્રાચીન સ્થળ શ્રી હેમચન્દ્રસૂરિજીની જાણમાં હતું, અને ત્યાંથી એક પ્રાચીન મૂર્તિ પણ તેઓને પ્રાપ્ત થઇ હતી. આ પ્રસંગને લઈને આચાર્યશ્રીએ ગુજરાતની ગૌરવશાળી રાજધાની પાટણ અને તેના રાજા કુમારપાળનું અલંકારિક પણ ઘણે ભાગે સત્ય એવું જે વર્ણન પોતાની કલમથી કરેલું છે. તે લાંબુ હોવા છતાં ભાષાંતરરૂપમાં બધું અહીં આપી દેવાનો લોભ થાય એવું છે રસિક જિજ્ઞાસુ વાચકોને તે અવશ્ય ઉપયોગી થઇ પડશે. આ વર્ણન ભાવનગરની શ્રી જૈનધર્મ પ્રસાર સભાએ પ્રકાશિત કરેલ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' પર્વ ૧૦મા ભાષાંતર (બીજી આવૃત્તિ)ના પૃ. ૨૬૯થી ૨૭૨માં આપેલ છે. (મૂળમાં બારમો સર્ગ ૧થી ૯૬ શ્લોક છે.) ત્યાંથી ઉદ્‌ધૃત કરી અહીં આપેલ છે, જે આ પ્રમાણે છે—

"અભયકુમારે પુનઃ પૂછયું કે ! પ્રભો ! તમે કહ્યું કે કપિલ મુનિએ પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા પૃથ્વીમાં દટાઇ જશે, તે પછી ક્યારે પ્રગટ થશે ? પ્રભુ બોલ્યા કે સૌરાષ્ટ્ર, લાટ અને ગૂર્જર દેશના સીમાડામાં અણહિલપુર પાટણ નામે એક નગર વસશે. તે નગર આર્યભૂમિનું શિરોમણિ, કલ્યાણોનું સ્થાન અને અર્હતધર્મનું એકછત્ર રૂપ તીર્થ થશે. ત્યાંના ચૈત્યોમાં રહેલી રત્નમયી નિર્મળ અર્હત્ પ્રતિમાઓ નંદીશ્વર વિગેરે સ્થાનોની પ્રતિમાની સત્યતા બતાવી આપશે. પ્રકાશમાન સુવર્ણ કળશોની શ્રેણિથી જેમના શિખરો અલંકૃત છે એવાં તે ચૈત્યો જાણે સૂર્યે ત્યાં આવીને વિશ્રામો લીધો હોય તેવી શોભાને ધારણ કરશે. ત્યાં પ્રાયઃ સર્વજનો શ્રાવક થશે અને તેઓ અતિથિસંવિભાગ કરીને જ ભોજન કરશે. બીજાની સંપત્તિમાં ઈર્ષ્યારહિત, સ્વસંપત્તિથી સંતુષ્ટ અને પાત્રમાં દાન આપનાર એવી ત્યાંની પ્રજા થશે. અલકાપુરીમાં યક્ષની જેમ ત્યાં ઘણા ધનાઢય શ્રાવકો થશે. તેઓ અરિહંત ભક્ત થઇ, સાતે ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરશે. સુષમાકાળની જેમ ત્યાંના સર્વ લોકો પરધન અને પરસ્ત્રીથી વિમુખ થશે. હે ! અભયકુમાર ! અમારા નિર્વાણ પછી સોળસો ને ઓગ-

ઓગણોતેર વર્ષ જશે, ત્યારે આ નગરમાં ચૌલુક્યકુળમાં ચન્દ્ર સમાન પ્રચંડ પરાક્રમી અને અખંડ શાસનવાળો કુમારપાળ નામે ધર્મવીર, દાનવીર અને યુદ્ધવીર રાજા થશે. તે મહાત્મા પોતાની પ્રજાને પિતાની જેમ પાલન કરીને મોટી સમૃદ્ધિવાન કરશે. સરલ છતાં અતિચતુર, શાન્ત છતાં આજ્ઞામાં ઇન્દ્ર જેવો અને ક્ષમાવાન્ છતાં અધૃષ્ય એવો તે ચિરકાળ આ પૃથ્વી પર રાજ્ય કરશે. ઉપાધ્યાય જેમ પોતાના શિષ્યોને વિદ્યાપૂર્ણ કરે તેમ તે પોતાની પ્રજાને પોતાના જેવી ધર્મનિષ્ઠ કરશે. શરણેચ્છુઓને શરણ કરવા લાયક અને પરનારી સહોદર તે રાજા પ્રાણથી અને ધનથી પણ ધર્મને બહુ માનશે. પરાક્રમ, ધર્મ, દયા, આજ્ઞા અને બીજા પુરુષ ગુણોથી અદ્વિતીય થશે. તે રાજા ઉત્તર દિશામાં તુરુષ્ક (તુર્કસ્તાન) સુધી, પૂર્વમાં ગંગાનદી સુધી, દક્ષિણમાં વિંધ્યગિરિ સુધી અને પશ્ચિમમાં સમુદ્ર સુધી પૃથ્વીને સાધશે. એક વખતે વજ્રશાખા અને ચાન્દ્રકુળમાં થએલ આચાર્ય હેમચન્દ્ર તે ભદ્રિક રાજા મેઘનાં દર્શનથી મયૂરની જેમ, તે આચાર્યના દર્શનથી હર્ષિત થઇ તેમને વંદના કરવાની ત્વરા કરશે. સૂરિ જિનચૈત્યમાં ધર્મદેશના દેતા હતા ત્યાં તેમને વંદના કરવાને માટે તે રાજા પોતાના શ્રાવક મંત્રીઓની સાથે આવશે. ત્યાં પ્રથમ દેવને નમસ્કાર કરીને પછી તત્ત્વને નહીં જાણતા છતાં પણ તે રાજા શુદ્ધ ભાવથી આચાર્યને વાંદશે. પછી તેમના મુખથી શુદ્ધ ધર્મદેશના પ્રીતિપૂર્વક સાંભળીને તે રાજા સમ્યક્ત્વપૂર્વક અણુવ્રત (શ્રાવકનાં વ્રત) સ્વીકારશે. પછી સારી રીતે બોધને પ્રાપ્ત કરીને તે રાજા શ્રાવકના આચારનો પારગામી થશે અને, રાજસભામાં, બેઠાં બેઠાં પણ તે ધર્મગોષ્ઠીથી પોતાના આત્માને રમાડશે. અર્થાત્ ધર્મચર્ચા કરશે. પ્રાયઃ નિરંતર બ્રહ્મચર્યને પાળનાર તે રાજા અન્ન, શાક, અને ફળાદિ સંબંધી અનેક નિયમો વિશેષ પ્રકારે ગ્રહણ કરશે. સદ્‌બુદ્ધિવાન તે રાજા અન્ય સાધારણ સ્ત્રીઓને તજી દેશે. એટલું જ નહીં પોતાની ધર્મપત્નીઓને પણ બ્રહ્મચર્ય પાળવાનો પ્રતિબોધ કરશે. સૂરિના ઉપદેશથી જીવ, અજીવ વગેરે તત્ત્વોને જાણનાર તે રાજા આચાર્યની જેમ બીજાઓને પણ બોધ પ્રાપ્ત કરાવશે. અર્હતધર્મના દ્વેષી એવા પાંડુરોગી બ્રાહ્મણો પણ તેની આજ્ઞાથી ગર્ભશ્રાવક જેવા થઇ જશે. પરમ શ્રાવકપણાને પ્રાપ્ત કરનાર અને ધર્મ જાણનાર તે રાજા દેવપૂજા અને ગુરુવંદન કર્યા વગર ભોજન કરશે નહિ. તે રાજા અપુત્ર મૃત્યુ પામેલાઓનું દ્રવ્ય લેશે નહિ. વિવેકનું ફળ એ જ છે, અને વિવેકીઓ સદા તૃપ્તજ હોય છે પાંડુ જેવા રાજાઓએ પણ જે શિકાર છોડેલ નહીં તેને એ રાજા છોડી દેશે, અને તેની આજ્ઞાથી બીજા સર્વ પણ છોડી દેશે. હિંસાનો નિષેધ કરનાર એ રાજા રાજ્ય કરતો હશે ત્યારે શિકારની વાત તો દુર રહી પણ માકણ કે જુ જેવા ક્ષુદ્ર પ્રાણીઓને અંત્યજ પણ મારી શકશે નહિ. પારધિનો નિષેધ કરનાર એ મહાન રાજાના રાજ્યમાં જંગલમાં રહેતી સર્વ મૃગજાતિઓ ગોવાળની ગાયોની જેમ સદા નિર્ભય રહેશે. શાસનમાં ઇંદ્ર જેવો તે રાજા જળચર, સ્થળચર અને ખેચર પ્રાણીઓની રક્ષા કરવાને માટે કાયમની અમારી-ઘોષણા કરાવશે. જેઓ જન્મથીજ માંસના ખાનારા હતા, તેઓ પણ તેની આજ્ઞાથી દુઃસ્વપ્નની જેમ માંસની વાર્તા પણ ભૂલી જશે. પૂર્વે દેશની રીતિથી શ્રાવકોએ પણ જેને પૂરેપૂરું છોડયું ન હતું તેવા મદ્યને આ નિર્દોષ રાજા સર્વત્ર છોડાવી દેશે. તે રાજા આ પૃથ્વી પર મદ્યને એવું રુંધી દેશે કે જેથી કુંભકાર પણ મદ્યના પાત્રને ઘડવાનું છોડી દેશે. મદ્યપાનના વ્યસનથી જેમની સંપત્તિ ક્ષીણ થઇ ગઇ છે એવા પુરુષોએ મહારાજાની આજ્ઞાથી મદ્યને છોડી દેવા વડે સંપત્તિવાન થશે. પૂર્વે નળ વગેરે રાજાઓએ પણ જે દ્યૂતક્રીડાને છોડી નથી તે દ્યૂતનું નામ પણ શત્રુના નામની જેમ તે ઉન્મૂલનકરી દેશે. તેનું ઉદયવાળું શાસન ચાલતા આ પૃથ્વી પર પારેવાની ક્રીડા અને કુકડાનું યુદ્ધ પણ થશે નહીં. નિઃસીમ વૈભવવાળો તે રાજા પ્રાયઃ પ્રત્યેક ગામે જિનમંદિર કરાવવાથી બધી પૃથ્વીને જિનમંદિરથી મંડિત કરશે અને સમુદ્રપર્યંત પ્રત્યેક માર્ગે તથા પ્રત્યેક નગરે અર્હંત પ્રતિમાની રથયાત્રાનો મહોત્સવ કરાવશે. દ્રવ્યના પુષ્કળ દાન વડે જગતને ઋણમુક્ત કરીને તે રાજા આ પૃથ્વી ઉપર પોતાનો સંવત્સર ચલાવશે.

"આવો મહાન પ્રતાપી કુમારપાળ રાજા એક વખત કથા પ્રસંગે ગુરુમુખથી કપિલમુનિએ પ્રતિષ્ઠિત કરેલી અને રજમાં ગુપ્ત થયેલી તે પ્રતિમાની વાત સાંભળશે, જેથી તત્કાલ તે ધુળવાળુ સ્થાન ખોદાવી એ વિશ્વપાવની પ્રતિમાને બહાર કાઢી લઈ આવવાની અભિલાષા કરશે. તે વખતે મનનો ઉત્સાહ અને બીજાં શુભનિમિત્તો વડે એ રાજા પ્રતિમાને હસ્તગામી થવાનો સંભવ માનશે. પછી ગુરુની આજ્ઞા લઈ યોગ્ય પુરુષોની યોજના કરીને વીતભય નગરના તે સ્થળને ખોદાવવાનો આરંભ કરશે. તે વખતે પરમ અર્હંત એવા તે રાજાના સત્ત્વથી શાસનદેવતા ત્યાં આવીને સાંનિધ્ય કરશે. કુમારપાળ રાજાના ઘણા પુણ્યથી ખોદાવવા માંડેલા સ્થળમાં જ તત્કાળ તે પ્રતિમા પ્રગટ થશે. રાજાએ નીમેલા પુરુષો પ્રાપ્ત થએલી તે પ્રતિમાને નવીન હોય તેમ યથાવિધિ પૂજા કરીને રથમાં બેસાડશે. માર્ગમાં તેની અનેક પ્રકારે પૂજા થશે. તેની પાસે અહોરાત્રિ સંગીત થયા કરશે તેની સમીપે ગામડાની સ્ત્રીઓ તાલીઓ દઈને રાસ રમશે. પંચશબ્દ વાજિંત્રો હર્ષપૂર્વક વાગશે. અને અને તેની બન્ને બાજુ ચામરો વીંઝાતા રહેશે. એવી રીતે મોટી ધામધૂમ સાથે તે પ્રતિમાને રક્ષકજનો પાટણના સીમાડામાં લાવશે તે હકીકત સાંભળીને અન્તઃપુર પરિવાર સહિત ચતુરંગ સેનાથી પરિવરેલો કુમારપાળ રાજા સર્વ સંઘની સાથે તે પ્રતિમાની સામે જશે. ત્યાં જઈ તે પ્રતિમાને પોતાના હાથે રથમાંથી ઊતારી હાથી ઉપર વિરાજમાન કરીને મોટા મહોત્સવ સાથે પોતાના નગરમાં પ્રવેશ કરાવશે અને પોતાના રાજભવન પાસેના ક્રીડાભવનમાં રાખીને તે પ્રતિમાની ત્રિકાળપૂજા વિધિપૂર્વક કરશે. પછી તે પ્રતિમાને અર્થે ઉદાયન રાજાએ જે આજ્ઞાપત્ર લખી આપ્યો હતો, તે વાંચીને કુમારપાળ તે પ્રમાણે કરશે નિષ્કપટી કુમારપાળ રાજા તે પ્રતિમાને સ્થાપન કરવા માટે એક સ્ફટિકમય પ્રાસાદ કરાવશે, જાણે અષ્ટાપદ પર રહેલા પ્રાસાદનો યુવરાજ હોય તેવો તે પ્રાસાદ જોવાથી જગતને વિસ્મય પમાડશે. પછી તે પ્રાસાદમાં તે પ્રતિમાને સ્થાપન કરશે. એ પ્રમાણે સ્થાપિત કરેલી તે પ્રતિમાના પ્રભાવથી કુમારપાળ રાજા પ્રતિદિન પ્રતાપ, સમૃદ્ધિ અને આત્મકલ્યાણમાં વૃદ્ધિ પામ્યા કરશે હે અભયકુમાર! દેવગુરુની ભક્તિ વડે એ કુમારપાળ રાજા આ ભારતવર્ષમાં તારા પિતાની ( શ્રેણિકની ) જેવો થશે."

આટલો ભાગ આપણે જોયો. આથી સંશોધનની નવી કેડી આપણી સામે દેખાય છે. તે પ્રતિમાજીનું ત્યારબાદ શું થયું હશે! કોઈ પુરાતત્ત્વવિદ એ હકીકત પ્રકાશમાં મુકે તો કેવું સારું!

( ક્રમશઃ )

## વીર–ધર્મ–ગીત

(રાગ...જનગણમન....)

—પૂ૦ આ૦શ્રી વિ.નન્દનસૂરિજી મહારાજ સાહેબના શિષ્ય મુનિરાજ શ્રી વાચસ્પતિવિજયજી મ૦

વીર જિન શિવ સુખદાયક જય હે...
શાસન નાયક દેવા...,
અંતર શત્રુ–કરમ કઠીના
હારક જગમાં પ્યારા....
શાંત મનોહર આનન મુદ્રા
શારદ પૂરણ ચંદા...
વીર તુમ પાસે આજે
આવ્યો દરિશન કાજે...
આપો શિવ સુખ પૂરા...
સવિજન મંગલ દાયક જય હે..
શાસન નાયક દેવા...
જય હે.. જય હે... જય હે...
જય જય જય જય હે...

## શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમની સ્થાપના અને વિકાસમાં પુષ્કળ પરિશ્રમ લઈ નમૂનેદાર સંસ્થા બનાવવામાં સહાયભૂત થનાર શ્રી ચત્રભુજ મોતીલાલ ગાંધી જેવા પિતાના પગલે ચાલનાર શ્રી વાડીભાઈનો જન્મ ભાવનગરમાં ૧૪-૯-૧૯૦૩ના થયો હતો. નવ વર્ષની ઉંમરે નર્મદાબેનના અવસાનથી માતૃછાયા ગુમાવી. મુંબઈ અને ભાવનગરમાં એમણે માધ્યમિક શિક્ષણ પુરૂં કર્યું. નાની ઉંમરે મુંબઈમાં નોકરી અને નાના પાયે ધંધો કરી અત્યંત કપરા કાળને ખંત અને કર્તવ્યનિષ્ઠાથી દૂર કરી આપબળે આગળ વધ્યા. સામાન્ય વેપારીમાંથી જથ્થાબંધ વેપારી અને છેવટે ઉદ્યોગપતિ–મિલમાલિક બન્યા. ધંધામાં સફળતા સાંપડતી ગઈ તેમતેમ લક્ષ્મી મળવા લાગી છતાં લક્ષ્મીનું અભિમાન એમને સ્પર્શ્યું નહીં.



શ્રી વાડીલાલભાઈ ગાંધી

ઉદ્યોગ પ્રત્યેની સુઝ તેને લગતા અભ્યાસ, એકદિલ અને તન્મયતા, કાયદાનું સ્થાપત્ય પણ એટલું જ. આવા ગુણો તેમની પ્રગતિમાં કારણભૂત બન્યા છે. ધર્મપ્રત્યેની ઊંડી શ્રદ્ધા, દેશના કલ્યાણની ઝંખનાવાળા વ્યક્તિત્વથી આજે એમણે આગવી ભાત પાડી છે. શિક્ષણ ક્ષેત્રે દાનના પ્રવાહો વહેવરાવી અતિ લોકચાહના પ્રાપ્ત કરી યુવાન પેઢીને શ્રી વાડીલાલભાઈએ પ્રેરણા આપી છે. અથાક મહેનતે કમાયેલું ધન છૂટે હાથે આપ્યું છે.

પાલિતાણાની શ્રી ચત્રભુજ મોતીલાલ હાઈસ્કુલ, ઘાટકોપરની શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી ગુરુકુળ હાઈસ્કુલ, ભાવનગરની શ્રીમતી નર્મદાબાઈ ચત્રભુજ ગાંધી મહિલા કોલેજ, સ્વ. પુત્ર ગૌતમકુમારના નામે ઘાટકોપરમાં રાજાવાડી હોસ્પીટલમાં બાળકોનો એક વોર્ડ, બંધુના સ્મરણાર્થે સોનગઢ-અમરગઢની ટી. બી. હોસ્પીટલમાં સારી રકમનું દાન, ઘાટકોપર ઉપાશ્રયમાં સારી રકમ આપી તેમના માતુશ્રી નર્મદાબહેનના નામની સ્મૃતિ, અનેક હોસ્પીટલોમાં, ભોજનશાળાઓમાં પણ સારી રકમના દાન કર્યા છે. છેલ્લે તાજેતરમાં ભાવનગરમાં સરદારનગર વિસ્તારમાં નિર્માણ થયેલા જિનપ્રાસાદમાં અને તેના પ્રતિષ્ઠા મહોત્સવમાં તેમનો અપૂર્વ ફાળો એક ચિરંજીવ સ્મૃતિ રૂપ બન્યો છે. ગુપ્તદાનો કરી અનેક ગરીબોની મદદે પહોંચ્યા છે. આમ શ્રી વાડીલાલભાઈને આત્માને ઉન્નતિના માર્ગે જવામાં સહાયભૂત થનાર ધાર્મિક પ્રવૃત્તિઓમાં, જ્ઞાનના ઉત્કર્ષ અંગે કેળવણીક્ષેત્રમાં અને શરીરને નિરોગી રાખવામાં દવાખાનાઓમાં દાનનો પ્રવાહ વહાવેલ છે.

સ્વતંત્રતા મળ્યા બાદ શેઠ વાડીલાલભાઈએ એમનો સમય કલ્યાણકારી અને રચનાત્મક કાર્યોમાં મોટેભાગે પરોવ્યો છે. મહાત્મા ગાંધીના વિચારોના પ્રભાવને લઈને સત્યાગ્રહ આંદોલનમાં આગળ પડતો ભાગ લીધો હતો. સ્વતંત્રતાનો નાદ તેના હૃદયમાં સમાયેલો હતો. તેમની વિધવિધ ક્ષેત્રેની સેવાઓ ધ્યાનમાં લઈ આપણી સરકારે તેમને ઈ. સ. ૧૯૪૮માં જસ્ટીસ ઓફ પીસ(જે. પી.) બનાવ્યા. દેશમાં જ્યાં જ્યાં કુદરતી આફતો—ધરતીકંપ, રેલ, આગ વગેરે હોય ત્યાં ત્યાં તેઓ તુરતજ દોડી ગયા હોય અને તન-મન-ધનથી સેવા આપવામાં જરાય પાછી પાની કરી ન હોઈ. લોકચાહનાને લઈને તેઓ ૧૯૬૨માં વિધાનસભ્ય તરીકે ચેમ્બુરમાંથી ચુંટાઇ આવ્યા હતા. રાજકિય પ્રવૃત્તિઓમાં જેમ સાથ આપવાનું ચૂકયા નથી, તેમ આપણી સંસ્થાઓને પણ તેમના નેતૃત્વનો સારો ફાળો મળ્યો છે. મુંબઈની શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટી, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફ-

( અનુસંધાન પાછળના પાના ઉપર જુઓ. )

JAIN OFFICE-BHAVNAGAR
Regd No. G. BV 20

# પૂર્તિના સહાયકો

શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી
શ્રી દેવચંદભાઈ સી. શાહ
શ્રી મોતીલાલ વીરચંદ શાહ
શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
શ્રી નારાણજી શામજી મોમાયા
શ્રી કેશવલાલ બુલાખીદાસ
શ્રી જયંતભાઈ એમ. શાહ
શ્રી રસિકલાલ સી. શાહ
શ્રી જગદીશચંદ્ર બાબુભાઈ
શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રી રાયચંદ ગુલાબચંદ
શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી
શ્રી રમણલાલ નગીનદાસ પરિખ
શ્રી કુંજીલાલ સુંદરમલ જૈન
શ્રી રસિકલાલ નાથાલાલ કોરા
શ્રી બાબુ અ૦ પ૦ આદીશ્વર મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ

શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
શ્રી મોહનલાલ સી. શાહ
શ્રી સારાભાઈ લક્ષ્મીચંદ ઝવેરી
શ્રી ઉમેદમલજી હજારીમલજી
શ્રી રવજી ખીમજી છેડા
શ્રી પાનાચંદ ડુંગરશી તુરખિયા
શ્રી દેવચંદભાઈ જેઠાલાલ શાહ
શ્રી રતિલાલભાઈ એમ. નાણાવટી
શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ શાહ
શ્રી હીરાલાલભાઈ એલ. શાહ
શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી
શ્રી પ્રતાપરાય ભોગીલાલ
શ્રી વૃજલાલ કપૂરચંદ મહેતા
એક સદ્‌ગૃહસ્થ-મુંબઈ
શ્રી કાંતિલાલ ચુનીલાલ ચોકસી
શ્રી જેસીંગલાલ લલ્લુભાઈ ઝવેરી

શ્રી ચિત્તરંજન દામોદર શાહ
શ્રી રસિકલાલ અમૃતલાલ મણીઆર
શ્રી રસિકલાલ ચમનલાલ
શ્રી રમણીકલાલ મણીલાલ
શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ
શ્રી ચંદ્રસેન જીવણલાલ ઝવેરી
શ્રી લાલજીભાઈ છગનલાલ
શ્રી પોપટલાલ છગનલાલ
શ્રી નેમજીભાઈ છગનલાલ
શ્રી હર્ષદભાઈ કે. શાહ
શ્રી વસનજી લખમશી
શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા
શ્રી મણિલાલ વીરચંદ શાહ
શ્રી જયંતિલાલ મંગલાલ
શ્રી ધરણીધર ખીમચંદ શાહ

---

રત્નસના ના મંત્રી, ઘાટકોપરની શેઠ ધનજીભાઈ દેવશી રાષ્ટ્રીયશાળા, ઘાટકોપરનો જૈન સંઘ, વિદ્યા વિહારની સોમૈયા કોલેજના આદ્યસ્થાપક, શ્રી વર્ધમાન કો-ઓપરેટીવ બેંકની ભાવનગરમાં સ્થાપના; આમ નાની-મોટી અનેક સંસ્થાઓમાં આપ ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. પૂર્વજોના પુણ્યકાર્યમાં સારો એવો વધારો કરી સમસ્ત સમાજમાં ગાંધી પરિવારની કીર્તી પ્રસરાવી છે.

ધર્મપ્રિય સેવાભાવી અને સંસ્કારી કુટુંબમાં જન્મ પામીને શ્રી વાડીલાલભાઈમાં ધર્મ પ્રત્યેની ઊંડી શ્રધ્ધા, સાધર્મિક બંધુઓની ઉન્નતિ માટેના તીવ્ર પ્રયાસો આપણે અત્યારે પણ જોઈએ છીએ. તેઓ ખૂબ પ્રવૃત્તિશાળી હોવા છતાં સામયિક, પ્રતિક્રમણ પુજા વગેરે ધાર્મિક ક્રિયા નિયમિત કરતા રહે છે. વિદેશોમાં ઘણી વખત જવાનું બનતા, ત્યાં પણ ધર્મક્રિયાને ચુકતાં નથી. પૂ. આચાર્ય શ્રી ધર્મસૂરીશ્વરજીની નિશ્રામાં ઉપધાન જેવા મહાન તપની તપશ્ચર્યા પણ કરી છે. હાલમાં તેમણે એક કરોડ નવકાર મંત્રનો જાપ પૂર્ણ કરી તેનો મહોત્સવ યોજેલ. શ્રી વાડીલાલભાઈની સાથે તેમના ધર્મપત્નિ શ્રી ભાનુબહેનની ધાર્મિક વૃત્તિ અહંકાર વગેરે દુર્ગુણોની આડે પાળ બાંધીને ઉભી રહી છે સાદાઈ અને વિવેકશીલતાના માતાના ગુણોને લઈને તેમના પુત્રો શ્રી મહેશભાઈ, હરિશભાઈમાં નમ્રતા અને ધર્મપ્રત્યેનો અનુરાગ જોવા મળે છે. જાતે કામ કરી લેવાની ભાવના સૌમાં સમાયેલી છે. આમ પત્ની, પુત્રો, પુત્રવધુઓ વગેરેમાં સ્નેહની સરવાણીનો સતત અનુભવ પ્રથમ દ્રષ્ટીએ જ થવા પામે છે.

ધાર્મિક અને સામાજીક ક્ષેત્રે દાનનો પ્રવાહ વહેવડાવી-માર્ગદર્શન આપી, કરુણા અને મૈત્રી ભાવનાના અખૂટ ઝરાને વહેવડાવે એવી શુભેચ્છા.

Regd. No. G. BV.20







"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)

વા. લવાજમ
રા. ૭ ફ઼

વીર સંવત
૨૫૦૧
વિક્રમ સંવત
૨૦૩૧
જેઠ સુદ ૧૩
તારીખ
૨૧-૬-૭૫
શનિવાર

વર્ષ ૭૨ | સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી | અંક ૨૩
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ

# જૈન સાહિત્ય પરિષદની જરૂર :

## એક વિચારણા

જૈન સાહિત્યનો વારસો જેમ ઘણો વિશાળ છે, તેમ એ અનેક વિષયોને સ્પર્શતો પણ છે. અને એ જ વાત જૈનકળા બાબતમાં લાગુ પડે છે.

જૈન સાહિત્યના સંગ્રહમાં ત્રણ જાતની કૃતિઓનો સમાવેશ કરવો જોઈએ : (૧) જૈન શ્રમણસંઘના તથા શ્રાવકસંઘના વિદ્વાનોએ જૈનધર્મ અને જૈનદર્શનના એક કે અનેક મુદ્દાઓની છણાવટ કરવા તથા સમજૂતી આપવા માટે રચેલ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ તથા કથાનુયોગ —એ ચારમાંથી ગમે તે અનુયોગને લગતા નાના-મોટા ગ્રંથો. (૨) જૈન સંઘના આ જ વિદ્વાનોએ રચેલ વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષ જેવી સામાન્ય વિદ્યાઓના તથા જ્યોતિષ, વૈદક જેવા સાર્વજનિક વિષયોને લગતા ગ્રંથો. અને (૩) આપણા દેશના તેમ જ પરદેશના જૈનેતર વિદ્વાનોએ જૈનધર્મ, દર્શન, ઇતિહાસ-પુરાતત્ત્વ, સાહિત્ય-કળા કે એવા કોઈ વિષયને અનુલક્ષીને રચેલ ગ્રંથો.

અને જૈન કળા એટલે જૈનોએ પોતે વિકસાવેલી કળા તેમ જ જૈનોના આશ્રયથી વિકાસ પામેલી કળા. આમાં ચિત્રકળા અને શિલ્પ-સ્થાપત્યની કળા—એમ બન્ને કળાઓનો સમાવેશ થાય છે. ચિત્રકળાના વિકાસમાં જેમ જૈન શ્રમણોએ અને વિશેષે કરીને જૈન સંઘના યતિઓએ ફાળો આપ્યો છે. તેમ જૈનસંઘનું પ્રોત્સાહન મેળવનાર સામાન્ય જનસમૂહમાંના નિપુણ ચિત્રકળાકારોએ પણ ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. અને આ ફાળો પ્રાચીન તાડપત્રીય તેમ જ કાગળની સચિત્ર હસ્તપ્રતો રૂપે, વિજ્ઞપ્તિપત્રો રૂપે, યંત્રપટો રૂપે તથા બીજા અનેકરૂપે ઘણા મોટા પ્રમાણમાં સચવા-

## મણકો

શાસ્ત્રોનું અધ્યયન, જિનેશ્વર ભગવાનના ચરણકમલને નમસ્કાર, હમેશાં આર્ય-પૂજ્ય પુરુષોની સોબત, સદાચારી મનુષ્યોના ગુણસમુદાયનું કીર્તન, (બીજાના) દોષો કહેવામાં મૌન વ, દરેકને પ્રિય અને હિતકારી વચન, અને આત્મતત્ત્વને વિષે ભાવના, આટલી વસ્તુઓ જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી દરેક ભવમાં મને પ્રાપ્ત થાઓ.

—મંત્રીશ્વર શ્રી વસ્તુપાળ

યેલો મળે છે. અને અત્યારે તો એનું મૂલ્યાંકન કરવું પણ મુશ્કેલ બની જાય એટલે એ સમૃદ્ધ છે.

શિલ્પ-સ્થાપત્યની કળાનો જૈનસંઘનો વારસો તો આ ચિત્રકળાના વારસા કરતાં પણ ઘણો વિશાળ અને સમૃદ્ધ છે; એ જેમ ઘણા પ્રાચીન સમયને સ્પર્શે છે, તેમ એની કેડીઓ આપણી નજર સામેના વર્તમાનયુગને પણ સ્પર્શે છે. અર્થાત્ અત્યારે પણ શિલ્પ-સ્થાપત્યના ઉત્તમ નમૂના રૂપ જિનમંદિરો કે જ્ઞાનમંદિરો જેવી ઈમારતો બનતી જ રહે છે. અને જ્યારે આ શિલ્પ-સ્થાપત્ય-કળાના પ્રાચીન–અર્વાચીન વારસામાં, એના જ એક મહત્ત્વના અંગરૂપ, પાષાણ તથા ધાતુની પ્રાચીન –અર્વાચીન નાની તેમ જ વિશાળકાય જિનપ્રતિમાઓ તથા અન્ય મૂર્તિઓના વારસાનો ઉમેરો કરવામાં આવે છે, ત્યારે તો આપણા આ કળાના વારસાની વિપુલતાની, ગુણવત્તાની અને કિંમતની કોઈ અવધિ જ નથી રહેતી.

ભારતવર્ષના એક નાના સરખા અંગરૂપ જૈન સંઘનો આ સાહિત્ય અને કળાનો વારસો તો આખા દેશની અમૂલ્ય અને વિપુલ સંસ્કાર સંપત્તિરૂપ ગણાય એવો છે; અને, સદ્ભાગ્યે, આપણા દેશના તેમ જ વિદેશના આ વિષયના નિષ્ણાત અને નામાંકિત વિદ્વાનોએ એનું આ પ્રકારનું મૂલ્ય પિછાન્યું છે, એટલું જ નહીં, એમણે આ દિશામાં, પોતાને સુલભ બનેલી સાધન-સામગ્રીના પ્રમાણમાં, નોંધપાત્ર કામ કરીને આપણી સામે, આવું કામ કેવી રીતે થવું જોઈએ એના, ઉત્તમ નમૂના પણ રજૂ કર્યા છે. આ બાબતમાં અફસોસ કરવાનું મન થાય એવી મોટી ખામી તો એ છે કે સાહિત્ય અને કળાના આપણા આવા અમૂલ્ય અને અસાધારણ વારસાના મહત્ત્વને આપણે હજી સર્વાંગીણ અને યથાર્થ રૂપમાં સમજી શકયા નથી. અને તેથી દર વર્ષે સાહિત્ય અને કળાને લગતા ગ્રંથોના પ્રકાશનમાં તથા એવા વિષયોને પ્રોત્સાહન આપવામાં લાખો રૂપિયાનું ખર્ચ કરવા છતાં એ દિશામાં નક્કર, નમૂનારૂપ અને સ્થાયિગુણવત્તા ધરાવતું કાર્ય આપણા હાથે બહુ જ ઓછું થાય છે, એ કડવી છતાં સાચી વાત છે. અને તેથી આટલું બધું ખર્ચ અને આટલી બધી મહેનત ઊગી નીકળે અને આ દિશામાં ખર્ચેલ પૈસો ધનનું વાવેતર કરવા જેવો ફળદાયી બને એ માટે કંઈક પણ રચનાત્મક, વ્યવહારુ અને કાયમી યોજના તૈયાર કરવાની ખાસ જરૂર છે. અમારી નમ્ર સમજ મુજબ, આવી યોજનાનો અર્થ છે જૈન સાહિત્ય પરિષદ જેવી એક કાયમી સંસ્થાની સ્થાપના; અને એ હમેશને માટે નિશ્ચિતપણે આ કાર્ય સારી રીતે કરી શકે એવી આર્થિક અને બીજી વ્યવસ્થા.

આમ જોઈએ તો જૈનસંઘમાં શિક્ષણની તેમ જ સાહિત્યની બન્ને પ્રકારની સંસ્થાઓ અનેકાનેક છે. અને છતાં આ દિશામાં ઘણું ઘણું કરવાનું બાકી હોય એમ સ્પષ્ટ દેખાય છે. શિક્ષણના ક્ષેત્રે મોટે ભાગે વિદ્યાર્થીગૃહો કે સામાન્ય ધાર્મિક શિક્ષણ આપવાનો પ્રયાસ કરતી સંસ્થાઓ છે; પણ શિક્ષણના ક્ષેત્રમાં સ્વતંત્ર અને આગવી કામગીરી બજાવીને ઊછરતી પેઢીના સંસ્કાર-ઘડતરમાં નવી અને આવકારદાયક ભાત પાડી શકે એવી સંસ્થા તો ઊભી થવી બાકી જ છે. અને શિક્ષણને

માટે જૈનસંઘ દર વર્ષે કેટલા બધા ધનનો સદ્વ્યય કરે છે! જો આવું કોઈક આગવું દૃષ્ટિબિંદુ અપનાવવામાં આવે ત્યાં આ સદ્વ્યયનું ફળ શતદળ કમળના જેવું વ્યાપક આવે.

એ જ રીતે સાહિત્યના સંશોધન અને પ્રકાશનના ધ્યેયને વરેલી સંસ્થાઓ પણ જૈન સંઘમાં કંઈ ઓછી નથી; દર વર્ષે સેંકડો પુસ્તકો પ્રકાશિત થતાં જ રહે છે. અને છતાં ગુણવત્તા અને ઉપયોગિતાની દૃષ્ટિએ એ દિશામાં હજી પણ ઘણું ઘણું કરવાનું બાકી છે.

જૈનસંઘના સાહિત્ય અને કળાના સમૃદ્ધ વારસાના અધ્યયન, અધ્યાપન અને પ્રકાશનના ક્ષેત્રમાં, શિક્ષણના સકુચિત વિકાસમાં અને નવી પેઢીના સંસ્કારઘડતરમાં પૂરેપૂરું, પરિણામલક્ષી અને યથાર્થ માર્ગદર્શન કરાવી શકે એવી એક નવી સંસ્થાની સ્થાપના કરવાની અમને ખાસ જરૂર લાગે છે, એટલું જ નહીં, એ માટેનો સમય પાકી ગયો હોય અને અત્યારનો સમય એ માટે ખૂબ અનુકૂળ હોય એમ પણ લાગે છે. આ નવી સંસ્થાને નામ ગમે તે આપવામાં આવે; આ માટે આવા પ્રકારનું જ નામ રાખવું જોઈએ, એવો અમારો કોઈ આગ્રહ નથી. આ અંગેની પ્રાથમિક વિચારણા તરીકે અમને આ સંસ્થા માટે "જૈન સાહિત્ય પરિષદ" એવું નામ સૂચવવું ઠીક લાગે છે. નામ આ કે બીજું ગમે તે રાખવામાં આવે, એના કાર્યક્ષેત્રમાં શિક્ષણ, સાહિત્ય, કળા અને સંસ્કારઘડતરને લગતી વ્યાપક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે, એ જ આ નામ-સૂચનની પાછળનો અમારો ભાવ છે.

આ દિશામાં કામ કરવું હોય તો એક ઉત્સાહપ્રેરક અને આવકારદાયક બાબત એ છે, આ માટે કેટલાક સાહિત્ય અને વિદ્યાસાધનાના ક્ષેત્રે ઉદીયમાન, આશાસ્પદ તેમ જ સ્વતંત્ર ચિંતક મુનિવરોનો સાથ મળી રહેવાની શક્યતા છે.

અત્યારે તો જૈન સાહિત્ય પરિષદ જેવી સંસ્થાની જરૂર તરફ શ્રીસંઘનું ધ્યાન દોરવા પૂરતું જ આ સૂચન અમે કર્યું છે; એટલે એની રૂપ-રેખા અંગેની ચર્ચા અહીં અસ્થાને છે.

અમે ઇચ્છીએ છીએ અને પ્રાર્થીએ છીએ આ અંગે સૌ પોતાના વિચારો અમને લખી જણાવે, અને આ વિચાર ગતિશીલ બને.

---

## સામયિક સ્ફુરણ

### મૂક માનવસેવા : એક સેવાતીર્થ, એક વ્યક્તિ

સસ્તી જાહેરાત અને કીર્તિ રળી લેવાની આસક્તિ અત્યારે જ્યારે ઉત્તરોત્તર વધી રહી છે ત્યારે ધરતીના કોઈ એકાંત-અગોચર ખૂણામાં કોઈ માનવી માનવસેવાની અંતરની ભાવનાથી પ્રેરાઈને આવી સેવાપ્રવૃત્તિ ચલાવી રહ્યાનું જાણવા મળે છે ત્યારે અંતર કોઈ વિશિષ્ટ, પ્રશાંત અને હૃદયના તારને ઝણઝણાવે એવા આનંદનો અનુભવ કરે છે; અને ચિત્તને સ્વચ્છ અને પ્રેરક ચિંતનસામગ્રીનો ચારો મળી રહે છે.

સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના મુંબઈથી પ્રગટ થતા અઠવાડિક મુખપત્ર "જૈન પ્રકાશ"ના તા. ૨૩-૩-૭૫ના અંકમાં આવી જ એક ચિત્તસ્પર્શી સેવાકથા બહેન શ્રી લાભકુંવર વલ્લભદાસ ખરાએ "એક અદ્ભુત વ્યક્તિ અને એક અદ્ભુત કાર્ય" એ નામથી લખી છે. આ આખી કથા સૌ કોઈએ વાંચવા-વિચારવા-સમજવા-મનન કરવા જેવી હોવાથી અહીં સાભાર રજૂ કરીએ છીએ. એ કથા કહે છે કે—

"ભગવાન મહાવીરદેવના પચીસસોમા નિર્વાણ મહોત્સવને અનુલક્ષીને અનેક રચનાત્મક કાર્યોની રૂપરેખા છાપાઓના પાને ચમકે છે અને તે આપણે વાંચીએ છીએ પણ ખરા, પરંતુ કશી પણ જાહેરાત વિના, મૂકભાવથી, એક બાજુ એકાન્તમાં, પર્વતમાળાઓની વચ્ચે અને આદિવાસી જનતાની સાન્નિધ્યમાં

એક અપૂર્વ કાર્ય આકાર લઈ રહ્યું છે તેની જાણ જૈન સમાજને ભાગ્યે જ હશે.

"દાહોદથી જ્યારે જૈન અને જૈનેતર બહેનોનું એક શિષ્ટમંડળ 'ભાભરા' ગામની મુલાકાતે ગયેલ ત્યારે અમોએ આ બધું નજરોનજર જોયું.

"દાહોદથી ૨૨ માઈલ દૂર દક્ષિણમાં ડામર રોડ ઉપર આવેલ 'ભાભરા' (જી. ઝાબુઆ, મ. પ્ર.) નામના એક નાનકડા ગામમાં લાખો રૂા.ની કિંમતનું 'મહાવીર માનવકલ્યાણ કેન્દ્ર' અસ્તિત્વમાં આવ્યું છે.

"આ કેન્દ્રનો મુખ્ય ધ્યેય આદિવાસી જનતામાં સુસંસ્કારોનો ફેલાવો થાય, દારૂ, માંસાહાર જેવા દુર્ગુણોથી મુક્ત થાય તે છે. તે માટે એક વિશાળ દવાખાનું, વૃદ્ધાશ્રમ, ઉદ્યોગગૃહ, ગોશાળા, પ્રાર્થના હોલ, લાયબ્રેરી વગેરે બની રહ્યું છે. આદિવાસી લોકોના સહાયાર્થે 'મહાવીર અર્બન કો. ઓ. બેંક' પણ તરતમાં જ ચાલુ થવાની છે. આ કેન્દ્રમાં અત્યાર સુધીમાં દોઢ લાખ રૂ. વપરાઈ ચુકયા છે અને હજી વધારે વપરાઈ રહ્યા છે.

"આ સર્વ ખર્ચ કરનાર કોઈ એક વિશેષ સંસ્થા અથવા તો કોઈક મહાન શ્રીમંત વ્યક્તિ નથી, પરંતુ ભાભરના એક ખૂબ જ ગરીબ કુટુમ્બમાં જન્મ લઈ પોતાના પુરુષાર્થ અને બુદ્ધિબળે આગળ વધનાર એ વ્યક્તિ છે, શ્રી ભવાનીલાલજી જૈન. તેમની જીવનકથા અદ્‌ભુત અને આશ્ચર્યજનક છે.

"તેઓ અત્યારે દાહોદ (પડાવ એરિયા)માં રહે છે. તેમણે બે લાખ રૂા.ની સંપત્તિની મર્યાદા કરી છે. તેમને સંતાનમાં છ દીકરીઓ છે, જેમાંથી ત્રણ વિવાહિત અને ત્રણ ભણે છે. વધારાની સંપત્તિને પત્ની અને છોકરીઓના નામે ન કરતાં 'મોહનબેન ભવાનીલાલજી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ' કાયમ કરેલ છે. તેમાંથી જ આ બધો ખર્ચ થાય છે. દાહોદમાં આ ટ્રસ્ટ તરફથી એક અંધશાળા પણ ચાલે છે.

"બીજું, આ વર્ષે ગુજરાત-કચ્છમાં ભયંકર દુષ્કાળ હોવાથી અનેક પશુઓ મૃત્યુના મુખમાં ધકેલાઈ રહ્યાં છે ત્યારે શ્રી ભવાનીલાલજીના અંતરમાં કરુણાનાં ઝરણાં ફુટયાં અને તેમણે રાજકોટ, વીંછીયા, બોટાદ વગેરે અત્યાર સુધીમાં ૧૨૬૦ ગાયો કે જે બિલકુલ અશક્ત હોવાથી ચાલી શકે તેમ પણ નહોતી, તેમને ટ્રક દ્વારા અત્રે મગાવી જીવનદાન આપેલ છે. તે માટે અત્યાર સુધીમાં લગભગ ૮૦ હજારનો ખર્ચ થયેલ છે. વળી સ્વધર્મી બંધુઓની સહાયર્થે તેમના તરફથી વ્યક્તિદીઠ ૩૦૦)ની લોન પણ અપાય છે.

"આ કેન્દ્રની મુલાકાત શ્રી ચિમનદાસજી રાંકા, શ્રી છોટુભાઈ કામદાર પણ લઈ ગયા છે. હમણાં વીરવાલ સમાજના સંચાલક માતાજીના નામથી જાણીતા શ્રી કમલાબેન પણ આ કેન્દ્રને જોઈ ખૂબ જ હર્ષવિભોર બની ગયેલ.

"ભગવાન મહાવીરદેવના ત્યાગ અને અહિંસાના સિદ્ધાંતોનો ફક્ત પ્રચાર કરીને જ સંતોષ માની લેવાનો નથી, કિંતુ રચનાત્મક કાર્યો દ્વારા કરી બતાવવાનો આ યુગ છે.

"ભગવાન મહાવીરના નામ માટે ગૌરવ રાખનાર દરેક વ્યક્તિ આ કેન્દ્રની મુલાકાત અવશ્ય લે."

આ સેવાકથાને ખરી રીતે ધર્મકથા જ કહી શકાય એવી એ અહિંસા અને કરુણાની ભાવનાની પોષક છે. માનવદેહધારીને સાચો માનવી બનાવવાનો અને નાના-મોટા સૌ જીવોના પ્રાણ બચાવવાનો અને એમને સુખી કરવાનો પુરુષાર્થ કરવો એ ધર્મનું પાયાનું કામ છે. શ્રી ભગવાનીલાલભાઈ સાવ મૂકભાવે જે ઉચ્ચ કોટીની જે સેવા કરી રહ્યા છે, એ અંગે વિશેષ કહેવાની જરૂર નથી. પરિગ્રહ પરિમાણવ્રતનું નિષ્ઠાપૂર્વકનું પાલન કેવી ઉત્તમ પ્રવૃત્તિનું સર્જન કરી શકે છે! શ્રી ભવાનીલાલજીની ધર્મના પાયારૂપ આ સેવાભાવનાને અમે અંતરથી પ્રણામ કરીએ છીએ.

## બાહુબલિની એક વધુ વિરાટ પ્રતિમા

દિગંબર જૈન સંઘમાં ભગવાન ઋષભદેવના મહાબળવાન અને મહાતપસ્વી પુત્ર બાહુબલિજી પ્રત્યે પૂજા-ભક્તિની અજબ ભાવના પ્રવર્તે છે અને તેથી એ સંઘમાં બાહુબલિજીની મોટી મોટી ધ્યાનપ્રતિમાઓ (કાઉસગ્ગમુદ્રાની પ્રતિમાઓ) બનાવરાવવાની પ્રથા સૈકાઓથી ચાલી આવે છે. આવી વિરાટકાય મૂર્તિઓ બનાવવાની ભાવનાનું પ્રેરણાસ્થાન કદાચ શ્રમણબેળગોળા

તીર્થમાંની બાહુબલિજીની સૌથી મોટી—૫૬ ફૂટ જેટલી ઊંચી-પ્રતિમા હોય એમ લાગે છે.

એકાદ—બે વર્ષ પહેલાં આવી આશરે ૪૨ ફૂટની બાહુબલિજીની પ્રતિમા કારકલમાં તૈયાર કરાવીને ધર્માસ્થળ નામથી જાણીતા ક્ષેત્રમાં પધરાવવામાં આવી હતી.

હવે, અખબારોમાં છપાયેલ સમાચારો ઉપરથી જાણવા મળે છે કે, બાહુબલિજીની ૪૫ ફૂટ ઊંચી અને બાર ફૂટ પહોળી કે કંઈક વધુ પ્રતિમા ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ શહેરના દિગંબર જૈન સંઘના શ્રેષ્ઠી શ્રી છદામીલાલજી જૈને સ્થાપન કરેલ "શ્રી છદામીલાલ જૈન ટ્રસ્ટે" બનાવરાવી છે.

આ પ્રતિમા પણ દક્ષિણ ભારતમાં કારકલક્ષેત્રમાં સિદ્ધહસ્ત ૮૦ વર્ષના વયોવૃદ્ધ શિલ્પી શ્રી રેંજાલિ ગોપાલ પદ્મશ્રીની દેખરેખ નીચે બની છે; એનું વજન ૧૩૦ ટન છે અને એમાં આઠ લાખ રૂપિયા જેટલું ખર્ચ થયું છે. આ મૂર્તિને બનાવતા આશરે પોણા બે વર્ષ લાગ્યાં છે. આગામી નવેમ્બર માસમાં આ પ્રતિમાજીને ફિરોઝાબાદમાં પધરાવવામાં આવશે. ઊંચાઈની દૃષ્ટિએ આ મૂર્તિ શ્રમણબેળગોળાની મૂર્તિ પછી બીજું સ્થાન આવે છે.

આ ધર્મભાવનાને અમે વંદન કરીએ છીએ.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## પરદેશ અભ્યાસ લોન સ્કોલરશિપ

ઉચ્ચ અભ્યાસની પ્રથમ શ્રેણીની કારકિર્દી ધરાવનાર શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તકના શ્રી મહાવીર લોન ફંડ, શ્રી દેવકરણ મૂળજી પરદેશ અભ્યાસફંડ, શ્રી હરિચંદ અમીચંદ પરદેશ અભ્યાસ ફંડ, શ્રીમતી ઈન્દુમતી વ્રજલાલ શાહ એજ્યુકેશનલ ટ્રસ્ટફંડમાંથી પૂરક રકમની લોન—સ્કોલરશિપ આપવામાં આવશે. શ્રી દેવકરણ મૂળજી પરદેશ અભ્યાસ ફંડનો લાભ સૌરાષ્ટ્રના શ્વેતામ્બર વીશાશ્રીમાળી મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે. જે વિદ્યાર્થીઓએ ગ્રેજ્યુએશન સુધીની બધી પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પસાર કરી, પરદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો હોય તેણે જ અરજી કરવી. અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ—૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી રૂ. ૧—૨૦ પૈસાની કિંમતે મળશે.

અરજીઓ સ્વીકારવાની છેલ્લી તા. ૨૦મી જુલાઈ છે.




સાધના સામગ્રી

• દશાંગી ધૂપ
• વાળા કુંચી
• ચરવળા
• સાપડા
• ઓઘારીયા
• વાસક્ષેપ
• કેશર
• કટાસણાં
• સંથારીયા
• ઠવણી

ચાંદીના વરખ, પરવાળા-કેરબા-અકલબેર-સ્ફટિકની માળાઓ-મોરપીંછી-ઉપકરણો-પુંજણીઓ તેમજ

પ્લાસ્ટીકની

માળાઓ-ઠવણીઓ-સાપડા-વગેરે.

કાર્ડ-ફોલ્ડર્સ વગેરે માટે

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

અવશ્ય વાંચો "જૈન" સાપ્તાહિક



દરાજ, ખસ, ખરજવા, પગની ચીરાડ વિ. ઉપર અસરકારક

કપડાને ડાઘ પડતા નથી

જમસંકટર

જમસંકટર સ્ટ્રોંગ

રોજનમરે (પાલડી) શ્રી વિશ્વનંદીકર ઉપાશ્રયમાં

## ધાર્મિક અભ્યાસના ૧૫ દિવસના કાર્યક્રમમાં થયેલી ભવ્ય આરાધના

આજુબાજુના દરેક યુવાનો–બાળકો ધર્મસંસ્કાર અને જૈનતત્ત્વજ્ઞાન મેળવી શકે તે માટે તા. ૧–૫–૭૫થી પંદર દિવસ સુધી સવારે રાા કલાકનો ભવ્ય કાર્યક્રમ ગોઠવ્યો. પૂ. આ.દેવશ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મ.ના શિષ્યરત્ન મુનિરાજશ્રી નિરંજનસાગરજી મ૦ તથા મુનિરાજશ્રી દેવચંદ્રસાગરજી મ૦ આદિ પધાર્યા. દરરોજ ૧૦૦ જેટલા બાળકોને મુ. શ્રી નિરંજનસાગરજી મ૦ શ્રાવકની આદરણીય ઉચ્ચ કરણીઓ, ગુરુવંદન સામાયિક, ચૈત્યવંદનાદિ વિધિઓ અને ભાવાર્થો દ્દ તિપુર્વક સમજાવતા. સાથોસાથ જૈનધર્મમાં ત્યાગની મહત્તા શા માટે? શાસનની જડ દાન કેમ? વિ. વિષયો દલીલો દ્વારા સમજાવતા. પંડિત શ્રી મફતલાલભાઈ તથા પં. શાંતિલાલભાઈ બાળકોને ધર્મબોધ આપવા અવારનવાર આવ્યા હતા. બાળકો પ્રેરણાનુસાર પૌષધોની આરાધનાઓ કરવા વિશાળ સંખ્યામાં જોડાતા હતા. પંદર દિવસમાં જુદા જુદા છોકરાઓએ મળીને ૧૨૫ પૌષધો, ૩૦૦ સામાયિકો વિ. વિશિષ્ટ આરાધનાઓ કરી હતી. તેમાં સર્વપ્રથમ પૌષધ કરનાર બાળકોના વડીલોએ સારી પ્રભાવનાઓ કરી હતી. આ વિશ્વનંદીકર સંઘ તરફથી રોજ બાળકોને પ્રભાવના અપાતી હતી.

દરેક બાળકોની લેખિત અને મૌખિક પરીક્ષા લેવાઈ. તેમાં સર્વપ્રથમ ત્રણમાં આવનારને સારી પ્રભાવના તથા પાસ થનાર અને ભાગ લેનાર તમામ બાળકોને ઈનામો આપવામાં આવ્યા હતા. ધંથારો, પૂજા માટે જરમનની થાળી, વાટકી, પ્રભાવના જ આપવાનું નક્કી થયું.

પૂ૦ આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મ૦ને આગ્રહભરી વિનંતી કરતાં વૈશાખ સુદ ના તેઓશ્રી પધાર્યા. સવારે ૮ાા વાગે "ધર્મમાં વિનયની પ્રધાનતા" એ વિષય ઉપર સુંદર વ્યાખ્યાન આપેલ. ત્યાર બાદ ઉશીરકુમાર અને ગૌરાંગકુમારનો રસ જી સંવાદ, જે દ્વારા વડીલોએ બાળકોને સહેલાઈથી ધર્મ તરફ કેવી રીતે દોરવતા અને જૈનશાસન જયવંતુ કેવી રીતે કરવું એ સારી રીતે સમજાવ્યું. તે પછી શા રસીકલાલ મોહનલાલના વરદ્ હસ્તે દરેક બાળકોને પરીક્ષાના ઈનામો અપાયા. તેમના તરફથી દરેકને પ્રભાવનાઓ આપવામાં આવી હતી. શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ તરફથી શ્રી રસીકભાઈનું બહુમાન કરાયું. પંડિતજી મફતલાલે તથા રસીકભાઈએ પણ બાળકોના ધર્માચીની અનુમોદના કરી. 'શ્રી વીરપ્રભુનું જીવન ચરિત્ર' એ વિષય ઉપર વક્તૃત્વ હરિફાઈમાં નાના–નાના પંદરેક બાળકોએ ભાગ લીધો. દરેક બોલનારને સારા ઈનામો અપાયા.

---

**શ્રી આત્મ–વલ્લભ–શીલ સૌરભ ટ્રસ્ટ**

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મ૦ના સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી મ૦ના જીવનકાર્ય, જીવનસાધના અને ગુરુભક્તિની સ્મૃતિમાં શ્રી આત્મ–વલ્લભ–શીલ સૌરભ ટ્રસ્ટ સાધ્વીજીમહારાજોના અભ્યાસ માટે અને અર્ધમાગધી, પ્રાકૃતનો અભ્યાસ કરતા બ્હેનોને આર્થિક સહાય આપે છે.

કૉલેજમાં અભ્યાસ કરતી જૈન વિદ્યાર્થિની, જેમને અર્ધમાગધી અને પ્રાકૃત વિષયો લીધેલા છે અને આર્થિક સહાયની જરૂર છે, તેમણે નિયત અરજીપત્રક કાર્યાલયેથી મંગાવી, ૧૫ જુલાઈ સુધીમાં ભરી મોકલવું. સરનામું—શ્રી મહાવીર જૈન વિદ્યાલય,
ઑગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ–૩૬

---

## 'અર્પણ' માસિકના વાંચકોને

'અર્પણ' માસિકનો વંદના વિશેષાંક જે વૈશાખ વદ ૫ની આસપાસ બહાર પડનાર હતો તે અનિવાર્ય સંયોગોને લીધે હવે તા. ૩૦–૬–૭૫ની આસપાસમાં ૧૭૦ પાનાની રસપ્રદ સામગ્રી સાથે અંક ૧૦–૧૧–૧૨ તરીકે બહાર પડશે, જેની વાંચકોએ નોંધ લેવી. તસ્દી બદલ ક્ષમાયાચના.

પૂ૦ સાધુ–સાધ્વી મહારાજોને વિનંતિ કે, તેઓશ્રી તા. ૩૦–૬–૭૫ની આસપાસમાં જ્યાં સ્થિર હોય ત્યાંનું છેલ્લું સરનામું અમને જણાવવા કૃપા કરે, જેથી વિશેષાંક ગેરવલે ન જાય.

મહેશ સી. મહેતા ('અર્પણ' માસિક)
૫૦૭/૨, નાગર ફળિયા, સુરત–૩

## સામાનાનો પ્રથમ યાત્રાસંઘ

સામાના (પંજાબ)થી પ્રથમવાર રૂપે, બસ દ્વારા શ્રી રતનચંદજી તરફથી તીર્થયાત્રાના નીકળેલા સંઘમાં શ્વેતામ્બર તેમ જ સ્થાનકવાસી ભાઈ-બહેનો પણ ઠીક-ઠીક સંખ્યામાં જોડાયાં હતાં. આ સંઘ બીકાનેર, ફલોદી, જેસલમેર, નાકોડા, રાણકપુરજી, ફાલના, દેલવાડા, અચલગઢ, કુંભારીયાજી, તારંગા, મહેસાણા, શંખેશ્વર, સિદ્ધાચલ, ગિરનારજી, અમદાવાદ, મુંબઈ, વડોદરા, કેશરીયાજી, ઉદયપુર, અજમેર, જયપુર તથા દિલ્લી વગેરેની યાત્રા કરી સુખરૂપ આવી ગયો છે.

પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિજી મ૦ની કૃપાથી અમદાવાદ-પુરષાદ નીય સંઘ દ્વારા બે જિનપ્રતિમાઓ સામાનામાં નિર્માણ થનાર મંદિર માટે આપવામાં આવી છે.

યાત્રાસંઘની ભજન મંડળીએ, મુંબઈમાં ઉજવાયેલ મહાવીર જયંતી મહોત્સવ પ્રસંગે નીકળેલ વરઘોડામાં ભાગ લીધો હતો. તેમજ યોજાયેલ સભામાં સામાના સંઘના પ્રમુખશ્રી રાજેન્દ્રકુમારજી (મસ્ત)એ પ્રવચન કર્યું હતું.

# વિદ્યાર્થીઓને લોન-સહાય

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને એન્જીનિયરીંગ આર્કિટેક્ચર, દાકતરી, વાણિજ્ય, આર્ટ્સ તથા કોસ્ટ એકાઉન્ટન્સી, બિઝનેસ મેનેજમેન્ટ, શિક્ષણ, લલિતકળા અથવા જૈન વિદ્યાના ઉચ્ચ અભ્યાસ માટે, ડિગ્રી અભ્યાસ માટે ઈન્ટર મીડિયેટ પરીક્ષા પસાર કર્યા પછી અને ડિપ્લોમાના અભ્યાસ માટે એસ.એસ.સી. પરીક્ષા પસાર કર્યા પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોનરૂપે સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજીપત્રક રૂ. ૧-૨૫ મનીઓર્ડરથી કે ટપાલ ટિકિટ મોકલવાથી નીચેના સરનામેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૧૫મી જુલાઈ ૧૯૭૫ છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
જન્મ શતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ
ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬

## વિદ્યાર્થીઓને સ્કોલરશિપ

જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને એસ. એસ. સી. પરીક્ષા પાસ કર્યે કોલેજના અભ્યાસ માટે સંસ્થાના નિયમાનુસાર સ્કોલરશિપ આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજીપત્રક ૭૫ પૈસાની સ્ટૅપ મોકલવાથી નીચેના સરનામેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૧૫મી જુલાઈ છે.

શ્રી જૈન એસોસીએશન ઓફ ઈન્ડીયા
ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે, વિજયવલ્લભ ચોક,
પોસ્ટ કાલબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

# વિદ્યાર્થિની શિષ્યવૃત્તિ : ૧૯૭૫

સને ૧૯૭૫ના માર્ચમાં લેવાયેલ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની એસ. એસ. સી.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અને ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક એક જૈન વિદ્યાર્થિનીને રૂા. ૩૦૦-૦૦ની શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થિની શિષ્યવૃત્તિ આપવાની છે. એ અંગે નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી મળશે, જે સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦મી જુલાઈ છે.

## *श्री केसरियाजी जैन गुरुकुल*

स्टेशन रोड, चित्तोडगढ (राजस्थान)

जैन गुरुकुल द्वारा जुलाई १९७५से पुनः गतवर्ष के अनुसार जैन विद्यार्थीयों के लिए निःशुल्क आवास, रोशनी, जल तथा मासिक छात्रवृत्ति की सुविधा प्रदान की जा रही है। इच्छुक विद्यार्थी शीघ्र सम्पर्क करे। स्थान सीमित हैं।

भोजन की व्यवस्था गत वर्ष के अनुसार छात्रों द्वारा सहकारिता के आधार पर अनिवार्य तौर पर रहेगी।

मनोहरलाल नंदावत — गृहपति
कांतिलाल पटवा — सचिव

## સરલ સ્વભાવી આ૦ દેવેશને અંજલિ

પૂ૦ આ૦દેવેશશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ૦ સાહેબનો પ્રથમ પરિચય વિ. સં. ૨૦૧૧માં સાબરકાંઠા જિલ્લામાં મોડાસા નગરે પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે થયો હતો.

કોઈપણ જાતનો આડંબર નહિ, અભિમાન નહિ એવા પૂજ્ય આચાર્યશ્રીનો વધુ પરિચય પ્રતિષ્ઠા પછી મોડાસા પાસે અમારા વતન દધાલીઆમાં પુનિત પગલાં કર્યાં ત્યારે થયો.

તેઓશ્રી પધારવાના હોઈ ખબર કાઢવા માટે બે-ચાર ભાઈઓને સાયકલો ઉપર સામા મોકલ્યા. આ ભાઈઓ ખબર લઈને આવે એટલે સવાઇ સ્વાગત કરવાની અમારી ભાવના હતી. પરંતુ જે ભાઈઓને ખબર કાઢવા સારૂ મોકલ્યા તે બીજે રસ્તે ગયા અને પૂજ્યશ્રી આદિ મુનિવરો બીજે રસ્તેથી ગામના ઝાંપે, જ્યાં પોલીસનું થાણું છે ત્યાં, આવી પહોંચ્યા. થોડાક ભાઈઓ સહિત અમો ઝાંપે પ્રતિક્ષા કરતા ઊભા હતા. અમોએ ત્યાં સ્થિરતા કરવા વિનંતી કરી કે અમોને સવાઇ સ્વાગત કરવાનો લાભ લેવા દો. પરંતુ પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે, " એવી કંઈજ જરૂર નથી. તમે સૌ આવ્યા છો તે દાદા કરતાં પણ વિશેષ છે. ચાલો, આપણે સાથે જ જઈએ " અને એ જ તદ્દન સાદાયથી પ્રવેશ કર્યો.

પૂજ્યશ્રી પધાર્યા તે જ દિવસે મારે ત્યાં પૂજા રાખેલી હોય, પૂજામાં પધારી મને પણ લાભ આપ્યો. અને તેઓશ્રીએ સ્થિરતા દરમિયાન ગામના સૌને પણ ધર્મદેશના આપી અતિ ઉપકાર કર્યો.

આવા પરમ ઉપકારી અને સરલ સ્વભાવી પૂજ્યશ્રીના કાળધર્મથી શાસનને મોટી ખોટ પડી છે. તેઓશ્રી સદ્ગતી પ્રાપ્ત કરો એવી અમારા સૌની પ્રાર્થના સાથે ભાવભરી શ્રદ્ધાંજલિ.

—ફતેહચંદ લલ્લુભાઈ વોરા
દધાલીઆવાળા (હાલ પૂના)


મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નયમત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર, મુંબઈ–૮૬

ઈશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ, અમદાવાદ



દાદાના દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વિનતિ કરે છે

ભોજનશાળાનો વાર્ષિક તૂટો મોંઘવારીના કારણે રૂ. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.

લગભગ અઢી લાખ પુન્યશાલી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.

પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.

છઠ્ઠ–અઠ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.

શ્રેષ્ઠ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક અને ચતુર્વિધ સંઘની ભક્તિ

..................એ અમારા પુન્યનું ભાથું છે..................



તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલીક: શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાન : જૈનપ્રિન્ટરી–પાનવાડી, ભાવનગર.

# શ્રમણી અને શ્રાવિકા

[ લેખાંક : ૩ ]

સંપાદિકા : પૂ૦ સાધ્વીશ્રી સૂર્યોદયાશ્રીજી મ૦ના નિશ્રાવર્તી પૂ૦ સાધ્વીશ્રી વાચંયમાશ્રીજી મ૦

## ધર્મલાભઃ કથનીયઃ

ભગવંત ! ફરમાવો, કૃપા કરો ! આપનો આ ચરણસેવક જાય છે આપની ચરણરજથી પવિત્ર થયેલ રાજગૃહી નગરીને નિહાળવા. પ્રભુ આપનું શાસન મળ્યું. વળી આપે કૃપા કરી તો સત્ય લાધ્યું. હવે તો જીવનને અજવાળવા ભવતારિણી યાત્રા કરું. તીર્થોની યાત્રા કરતાં કરતાં રાજગૃહી જઈશ.... જરૂર, સેવક પર કૃપા કરી આજ્ઞા–હુકમ ફરમાવો.... હું ધન્ય બનીશ.

પ્રભુ વીતરાગ–સર્વજ્ઞ અને નિષ્કારણ ઉપકારી... તેમને શાના કામ ! **પ્રાણીમાત્રના ઉદ્ધારની ભાવનાથી થતી સ્વાભાવિક પ્રવૃત્તિ એ જ કાર્ય....**

છતાં ધીર ગંભીર અવાજે પ્રભુ પ્રકાશ્યા: "અંબડ પરિવ્રાજક ! રાજગૃહીમાં સુલસા શ્રાવિકાને મારા ધર્મલાભ કહેજે."

અંજલિપૂર્વક આજ્ઞા સ્વીકારી અંબડ પરિવ્રાજક રાજગૃહીના માર્ગે સંચર્યા.

રાજગૃહી સંબંધી અનેક હકીકતો અંબડની સ્મૃતિમાં આવવા લાગી : રાજગૃહીમાં પ્રભુના અનન્ય ઉપાસક શ્રેણિક મહારાજા રહે છે. તેમને પ્રભુના ધર્મલાભ ! ના–ના. ચાર બુદ્ધિના નિધાન, પ્રભુઆજ્ઞા રસિક અભયકુમાર રહે છે તેને પ્રભુના ધર્મલાભ...ના...ના. આજે તો અભયકુમારનોય નંબર નથી. નથી નંદમણીયારનો, નથી ચેલ્લણાનો કે નથી ભદ્રાશેઠાણીનો નંબર. પ્રભુ સ્વમુખે ફરમાવે છે: "ધર્મલાભ..." ચતુર્વિધ સંઘમાં ધર્મલાભ પામવાને યોગ્ય એ કોણ ધન્યાત્મા ? મહાસતી સુલસા !

મારા પ્રભુ ! આપના ધર્મલાભ પામનાર એ મહાસતી ધન્ય છે; નહિ નહિ, ધન્યતમ હશે. પણ હું વામન એ વિરાટને કેવી રીતે જાણું ! એના શરીરને જોઉં ! ના, ના, શરીર તો એક ખોળીયું ! શું તેના સ્વરને સાંભળું ! ના, ના, સ્વર તો કોકીલ કંઠી હશે, તેમાં શું સાંભળવાનું ?

સત્ત્વની પરીક્ષા કરું ? સત્ત્વ તો કોઈ રાજા કે સેનાધિપતિમાં જોવાનું હોય ! હું શું પરીક્ષા કરું ? જ્ઞાનની ? જ્ઞાન તો કેવળજ્ઞાની સિવાય કોઈની પાસે સર્વશ્રેષ્ઠ ન હોય. બુદ્ધિની પરીક્ષા કરું ? સ્ત્રીમાં બુદ્ધિની પરીક્ષા કરવી એ મારી જાતને મૂર્ખ ઠરાવવા જેવી છે. તપની પરીક્ષા કરું ? ના, એ પણ યોગ્ય નથી. સુલસા સાધ્વી નથી, એક ગૃહસ્થ નારી છે. તે ક્યાંથી તપ આચરી શકે ?

હું સમજી ન શકું, હું વિચારી ના શકું, પણ; તીર્થંકર પ્રભુના ધર્મલાભ પામનાર સુલસા મહાસતી જરૂર મહાન છે. પ્રભુ ! મને ક્ષમા કરો ! હું આપના સીધા ધર્મલાભ સુલસાને નહિ પહોંચાડું...પણ...ધર્મલાભ પહોંચાડ્યા વિના નહિ રહું, એટલી સેવકમાં ખાતરી રાખજો.

પ્રભુ...હું સુલસા મહાસતીના બ્રહ્મવ્રતની પરીક્ષા કરું ? ના, ના, એ કદાપિ ના બને. કારણ, હું કામકાદવથી દૂર...સુદૂર છું. એ કામકાદવનો વિચાર કરતાં મારી જાત લાજે. ત્યારે શું હું એની અતિથિપ્રિયતાની પ્રત્યક્ષ પ્રતિતિ કરું ? ના, એ પણ યોગ્ય નથી. અતિથિપ્રિયતા એ તો ભારતીયનારીનો સાહજિક સદ્‌ગુણ છે. પ્રભુના ધર્મલાભ મેળવનાર મહાસતીમાં કોઈ વિશિષ્ટ કોટિની યોગ્યતા હોય..." **यस्याः गुणैः रञ्जितो भगवान् धर्मलाभ प्रेषयति सा कीदृश्यस्तीति धर्मे परीक्षा करिष्यते प्रथमं पश्चात् प्रभुक्तं कथयिष्यते मया ।**"

આ શબ્દો અંબડ પરિવ્રાજકની મનોદશાના ખૂબ ખૂબ સૂચક છે. જાણે–અજાણે પણ આપણા મુખમાંથી નીકળતાં શબ્દો આપણા આત્માના સદ્‌ગુણ–અસદ્‌ગુણની પ્રશસ્તિ ગાઈ જાય છે. કોઈએ કરેલી પ્રશસ્તિ કે પ્રશંસા, નિંદા કે કુથલી ખોટા હોય, પણ આપણે જે શબ્દો બોલીએ છીએ તેનાથી જ આપણી શિલાલેખ જેવી

પ્રશસ્તિ ગવાઇ જાય છે. જ્ઞાત-અજ્ઞાતભાવે આપણે બીજા માટે જે વિચારીએ છીએ તે જગતમાં કોઈનું નહીં પણ આપણું જ સાચું આંતરિક રૂપ છે. આપણા વિચારો એ આપણી જ અંતરવૃત્તિનું સાચું પ્રતિબિંબ છે

અંબડ પરિવ્રાજકના વિચારો તેની ધર્મ પામવાની યોગ્યતા સ્વાભાવિક દર્શાવી રહ્યા છે.

પ્રભુ! પરીક્ષા કરીશ, પછી ધર્મલાભ.... પરીક્ષા! શરીર, સ્વર, સત્ત્વ, જ્ઞાન, તપ... ના, ના, પરીક્ષા શ્રદ્ધાની કરીશ.

સુલસા શ્રાવિકાના દ્વાર અભંગ છે. જે આવે તે કંઈ ને કંઈ મેળવીને જ જાય. ભક્તિના પાત્રમાં ભક્તિદાન થાય, પ્રીતિપાત્રોમાં પ્રીતિદાન થાય, અનુકંપાના પાત્રોમાં અનુકંપાદાન થાય; પણ બધું સ્વાભાવિક જિનાજ્ઞાના બળે થાય.

અંબડ પરિવ્રાજક જૈન સાધુનું રૂપ લઈ સુલસાના ગૃહાંગણે પધાર્યા.

સુલસા અંતરના આનંદથી મુનિને વહોરાવી રહી છે. મુનિ પરીક્ષા કરવા સચિત્ત વસ્તુની માંગણી કરે છે: "શ્રાવિકા! ઠંડુ પાણી, કાચા ફળ...." પણ, તેમનો આત્મા સુલસાના વિચારોને તપાસી રહ્યો છે.

સુલસા મહાસતી વિચારે છે: મારા પ્રભુના સાધુ જ્ઞાન અને ધ્યાનની મૂર્તિ, તેમને ક્યાંથી યાદ આવે ઠંડા-ગરમ પાણી. મારા પ્રભુના સાધુ ત્યાગમૂર્તિ, તેમને ક્યાંથી સરસ આહારની કલ્પનાય આવે. ત્યારે... હું શું સાંભળું છું! શબ્દો... ક્ષણમાં નાશ થનારા શબ્દો... અરે! હું કંઈક વિચારીશ તે પહેલાં તો એ મહાત્મા ક્યાંય વચનના પાપને બાળીને માનસિક શુદ્ધિના સહારે ક્ષપકશ્રેણીની નજીક પહોંચી જાય... કારણ, તેમની પાસે પ્રભુના ધર્મલાભ છે. પ્રભુના ધર્મલાભ સૌને પવિત્ર કરે. બસ, મને સદા ધર્મલાભ મળ્યા કરો .. આ પવિત્ર વિચારધારામાં સુલસા સ્થિર છે.

અંબડ પરિવ્રાજક વિચારે છે: પરીક્ષા કરવી તો હવે પૂરી જ કરવી, અધૂરી ના છોડાય.

એક દિવસ બ્રહ્મા, બીજે દિવસે વિષ્ણુ, ત્રીજે દિવસે મહેશનું રૂપ અંબડ પરિવ્રાજકે લીધું. સારી રાજગૃહીની જનતા દોડી, ના દોડયા મહાસતી સુલસા. છેલ્લો દાવ... સુલસા દોડયા વગર ન રહે. અંબડ પરિવ્રાજક વળી વિચારે છે: મેં ત્રણ દિવસ મૂર્ખાઈ જ કરી. મારું રૂપ પ્રભુ મહાવીરથી ભિન્ન હતું. આમાં તો નાનું બાળક પણ જીતી જાય. હવે એની સાચી પરીક્ષા કરી જોઉં, સુલસાને રૂપ આકર્ષે છે કે અંતઃ...

રાજગૃહીની જનતા બોલી રહી છે: "જિનેશ્વરનું આગમન સમવસરણની રચના. દુંદુભીની ઘોષણા. માલકોશમાં પ્રભુની દેશના..." હજારો ભાવિકો દોડ્યા, પણ સુલસા મહાસતી ના દોડયા તમે...તમે પ્રભુના ભક્ત...અને ઘરમાં!

સુલસા કહે: "સાચી વાત. પ્રભુ પાછળ મારું જીવન કુરબાન...પ્રભુ પધારે અને સુલસા ઘરમાં રહે એ ના બને. પ્રભુની પધરામણી થાય તો મારા સાડા ત્રણ કરોડ રૂંવાડા જાગૃત થઈ જાય. પ્રભુ પધારે તો મારા પગ દોડવા લાગે. પ્રભુ પધારે તો મારું હૈયું આનંદવિભોર બન્યા વિના ન રહે. મારો આત્મા પ્રભુને પીછાણે છે એટલું જ નહિ પણ મારું તન-મન-વચન પ્રભુને પીછાણે છે. આ મારા પ્રભુ નથી, કંઇક બીજું છે.

અંબડ પરિવ્રાજક પાંચમા દિવસે પોતાના મૂળરૂપે (એક શ્રાવક) સુલસાને ઘેર ગયા...સુલસા ઉચિત આસન આપી કુશળતા પૂછે છે.

અંબડ સુલસા સતીની શ્રદ્ધાને નમસ્કાર કરતાં કહે છે, "મહાસતી! ચંપાનગરીથી પ્રભુ મહાવીર સ્વામી પાસેથી આવું છું. કરુણાનિધિ ભગવંતે ફરમાવ્યું:

**"तत्र सुलसायाः सुश्राविकायाः (सुलसायै सुश्राविकायै) धर्मलाभः कथनीयस्त्वयास्मदीय।"**

આ શબ્દો સાંભળતા જ સુલસા ખમાસમણા પૂર્વક પ્રભુને વંદન કરે છે.

સુલસાની શ્રદ્ધાને ફરી વંદન કરી અંબડ પરિવ્રાજક યાત્રામાં આગળ વધ્યા.

આ અવસર્પિણીકાળના ૨૪ તીર્થંકર પ્રભુના ચરિત્રમાં સુલસા મહાસતી સિવાય કોઇને પ્રભુએ ધર્મલાભ કહેવરાવ્યા હોય તેવું વાંચવામાં આવ્યું નથી. કોઈએ વાંચ્યુ હોય તો જણાવે.

સુલસા સતી... ના... મહાસતી...

# ઘાટકોપર (મુંબઈ)માં ઉજવાયેલ ભવ્ય દીક્ષા મહોત્સવ

જેતપુર (સૌરાષ્ટ્ર) નિવાસી જ્યોત્સનાબેન ભોગીલાલ ભગવાનજી શાહ (ઉં. વર્ષ ૨૧) બાલ્યવયથીજ ધર્મ-સંસ્કારોથી વાસિત હોવાથી અનેક પ્રકારની ધર્મઆરાધનાઓમાં આગળ વધી રહ્યા હતા. શતાવધાની ગણિવર્ય શ્રી જયાનન્દવિજયજી મ. તથા વિદુષી સાધ્વીશ્રી પ્રિયંવદાશ્રીજી મ.ના સંસારીપક્ષે તેઓ ભત્રિજી થાય છે. તેઓશ્રીના છેલ્લા ત્રણ ચાર વર્ષના સત્સંગના કારણે જ્યોત્સનાબેનની ધર્મભાવના વધુ વિકસિત બની અને વૈરાગ્યરંગે રંગ યા: સંયમી બનવાની ભાવના જાગી. માતા-પિતાએ પણ ઉલ્લાસથી સંમતિ આપી. સૌ મુંબઈ પૂ. ગુરુદેવો પાસે આવ્યા. વૈશાખ સુદ ૧૧ નું દીક્ષાનું મુહૂર્ત નક્કી થયું. તે સમયે પૂ. આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ., આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ., ગણિવર્યશ્રી જયાનન્દવિજયજી મ., મુનિશ્રી કનકવિજયજી મ., મુનિશ્રી મહાનન્દવિજયજી મ., મુનિશ્રી સૂર્યોદયવિજયજી મ. વગેરે વિશાલ મુનિપરિવાર સાથે ઉત્સવ પ્રસંગે ઘાટકોપર પધારનાર હોવાથી ઘાટકોપર તપગચ્છ સંઘની વિનંતીથી દીક્ષા ઉત્સવ ઘાટકોપરમાં ઉજવવાનો નિર્ણય થયો. જ્યોત્સનાબેનના પિતાશ્રી ભોગીલાલભાઈ પોતાના વિશાળ કુટુંબપરિવાર સાથે ઘાટકોપરના આંગણે આવી પહોંચ્યા. દીક્ષાની તૈયારીઓ સારી રીતે થઇ ગઇ સંઘમાં પણ ખૂબ જ ઉલ્લાસ વ્યાપી ગયો.

વૈ. સુદ ૮ રવિવારે ૯-૦૦ કલાકે મુંબઈમાં વસતી શ્રી સોરઠ વીશાશ્રીમાળી જૈન જ્ઞાતિ તરફથી ઉપાશ્રયના વિશાળ વ્યાખ્યાન હોલમાં ભવ્ય અભિનન્દન સમારોહ રાખવામાં આવેલ. પ્રારંભમાં પૂ૦ આચાર્યશ્રીના મંગલાચરણ બાદ સંગીતકાર શ્રી વાસુદેવભાઈએ પ્રાર્થનાગીત સાથે સંયમનું અનુમોદન ગીત મધુર કંઠે ગાયું. ત્યારબાદ પૂ૦ આચાર્યશ્રી તથા પૂ૦ ગણિવર્યશ્રીએ "જીવન સફલતા માટે સંયમની મહત્તા" વિષય ઉપર ભાવવાહી પ્રવચન આપેલ. બાદ સોરઠ વીશાશ્રીમાળી જ્ઞાતિના પ્રમુખ શ્રી નવીનભાઈ ભીમાણી, શ્રી કે. ડી. શેઠ તેમજ અન્ય વક્તાઓએ સંયમની અનુમોદન કરવા સાથે અભિનન્દન આપેલ. છેવટે આજના સમારંભના મુખ્ય અતિથિવિશેષ સરલ સ્વભાવી, ધર્મપ્રેમીશ્રી બાબુભાઇ (વ્રજલાલ) કપૂરચંદ મહેતાએ સંયમના સ્વરૂપને સુંદર ભાષામાં રજૂ કરીને અનુમોદના સાથે અભિનન્દન આપી, દીક્ષાર્થીનું તિલક, હાર, શ્રીફળ વગેરે અર્પણ કરવા દ્વારા બહુમાન કરેલ. ત્યારબાદ ઘાટકોપર શ્રી સંઘ તરફથી શેઠશ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધીએ દીક્ષાર્થી બેનનું બહુમાન કરીને પોતાની જોશીલી ભાષામાં અનુમોદન કરવા સાથે અભિનન્દન આપ્યા હતા. આ પ્રસંગે તેઓશ્રી તથા સકલ સંઘે પૂ. આચાર્યદેવોને ચાતુર્માસ માટે અગાઉ કરેલી વિનંતીનો પુનરુચ્ચાર કરીને જય બોલાવવાની જોરદાર માગણી કરી હતી. આજના સમારંભ પ્રસંગે સાધુ-સાધ્વીજી મ.ની વિશાળ ઉપસ્થિતિ ઉપરાંત શ્રાવક-શ્રાવિકાઓથી ઉપાશ્રય ચિક્કાર ભરાઈ ગયો હતો. તેમાં ઘાટકોપરના આગેવાનો ઉપરાંત મુંબઈ વીશાશ્રીમાળી જ્ઞાતિના આગેવાનો શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી માણેકલાલભાઈ વસા, શ્રી રમણીકલાલભાઈ, શ્રી નરોત્તમદાસ, શ્રી ગિરધરભાઈ, નવીનભાઈ ભીમાણી, ઉમેદચંદભાઇ, કે. ડી. શેઠ વગેરે સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. અન્તે સૌનું અલ્પાહાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

વૈ. સુદ ૧૦ મંગળવારે સવારે ૮ વાગે ભગવાન શ્રી મહાવીરદેવના કેવલજ્ઞાન કલ્યાણકની ઉજવણીનો તથા જ્યોત્સનાબેનના વરસીદાનનો સંયુક્ત વરઘોડો ખૂબ ઠાઠથી ચઢેલ. તેમાં જ્યોત્સનાબેન છૂટા હાથે ઉલ્લાસથી

---

સુલસા શ્રાવિકા .. ના... મહાશ્રાવિકા...

મહાસતી....મહાશ્રાવિકા સુલસા પ્રભુ મહાવીરસ્વામીના શાસનનું ચોથું અંગ...શ્રદ્ધામૂર્તિ...ના.... મહાશ્રદ્ધાની જ્વલંત જ્યોત ...

મહાશ્રાવિકા સુલસાની શ્રદ્ધાની જ્યોત કાળની વિષમ ગતિમાં રઝળતા આજના શ્રાવિકા સંઘને સાચો રાહ બતાવે અને પ્રભુશાસનમાં સદા સ્થિર બનાવે એ જ શુભેચ્છા.

વરસીદાન વરસાવતા હતા. એમના અપૂર્વ ભાવોને જોઈને જનતા ખૂબ ખૂબ અનુમોદના કરતી હતી. લગભગ ૩ કલાક સુધી નગરના મુખ્ય માર્ગોએ ફરીને વરઘોડો દેરાસર પાસે ઉતર્યો હતો.

વૈ. સુદ ૧૧ બુધવારે સવારે શુભ ચોઘડીયે જ્યોત્સનાબેનની દીક્ષાવિધિનો મંગળ પ્રારંભ ઉપાશ્રયના ચોકમાં, વિશાળ મંડપમાં, ચતુર્મુખ અરિહંતદેવની સમક્ષ પૂ. આચાર્યદેવશ્રીએ કરાવેલ. રજોહરણ અર્પણ કરવાના મંગલ અવસરે ઉપસ્થિત વિશાળ જનતાએ ઉચ્ચ સ્વરે જય જયકાર કર્યો હતો. દીક્ષાર્થી જ્યોત્સનાબેનને સાધ્વીજીશ્રી પ્રિયંવદાશ્રીજીના શિષ્યા સાધ્વીજીશ્રી જયધર્મકલાશ્રીજી તરીકે જાહેર કરવામાં આવ્યા ત્યારે સૌએ ભારે હર્ષથી વધાવી લીધા હતા. દીક્ષા વિધિ ખૂબ ઉલ્લાસથી થયા બાદ નવદીક્ષિતા સાધ્વીજીને શ્રી ઘાટકોપર જૈન સંઘ, સોરઠ વીશાશ્રીમાલી સમાજ, જેતપુર શ્રી જૈન સંઘ વગેરે સંઘો તેમજ દીક્ષાર્થીના માત-પિતા વગેરે કુટુંબીજનો તરફથી કામળીઓ વહોરાવવામાં આવેલ. પૂ. આચાર્યભગવંતો વગેરે ગુરુદેવોને પણ કામળીઓ વહોરાવવામાં આવેલ. આ પ્રસંગે પણ દીક્ષાર્થીના પિતાશ્રી ભોગીલાલ ભગવાનજી શાહ વગેરે વિશાળ કુટુંબ સમુદાય તેમજ મુંબઈ-સોરઠ વીશા શ્રીમાળી સમાજના અનેક આગેવાનો અને સભ્યો તથા ઘાટકોપરના સંઘના આગેવાનો અને ભાઈ-બેનોથી આખો મંડપ ચિક્કાર ભરાઈ ગયો હતો. અંતે મુંબઈ સોરઠ વીશાશ્રીમાળી સમાજ તરફથી લાડુની પ્રભાવના કરવામાં આવેલ અને શ્રી સંઘ તરફથી પધારેલા તમામ ભાઈ-બેનોનું સાધર્મિવચ્છલ કરવામાં આવેલ.

વરસીદાનના દિવસે શેઠ શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી તરફથી શ્રી શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવેલ અને દીક્ષાના દિવસે શેઠ આર. આર. મહેતા તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવવામાં આવેલ. તેનો પણ વિશાળ સમુદાયે લાભ લીધો હતો. દીક્ષા બાદ ટુંકા જ દિવસોમાં વડીદીક્ષાના યોગોદ્વહનની આરાધનામાં નૂતન સાધ્વીજી જોડાઈ ગયા હતા.

### રજતજયંતિની ઉજવણી-અમદાવાદ

અત્રે શામળાની પોળે શ્રી પાર્શ્વચંદ્રગચ્છીય ઉપાશ્રયે પ્રતિષ્ઠિત કરાએલ ગુરુમૂર્તિઓની રજતજયંતિની ઉજવણી મુનિવર્યશ્રી સુયશચંદ્રજી આદિની નિશ્રામાં પાંચ દિવસના મહોત્સવપૂર્વક ધામધુમથી કરવામાં આવી. ઉનાવાવાળા શાહ ચંપકલાલ અમૃતલાલે આ પ્રસંગે ગુરુપાદુકાનો અભિષેક, પૂજા, મહેમાનોની ભક્તિ વગેરેનો સારો લાભ લીધેલ.

### રતલામમાં ચાતુર્માસ

મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ. આદિનું ચાતુર્માસ પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી રતલામ મુકામે નક્કી થયું છે. મુનિરાજશ્રી વૈ. વદ ૫ ના અમદાવાદ-વિદ્યાશાળાથી વિહાર કરી દહેગામ સામૈયા સહ પધારેલ. ત્યાં મુનિશ્રી શુભંકરવિજયજી મ. ની ૭મી અઠ્ઠાઈનું પારણું થયું. પ્રવચન, પૂજાદિ પણ થયા. ત્યાંથી વિહાર કરતાં સંઘના કેટલાક ભાઈ-બહેનો રડી પડયાં. બાલાસિનોર શ્રીસંઘની સાગ્રહ વિનંતીથી સ્થિરતા થતાં ત્યાં મુનિશ્રીની ૮મી અઠ્ઠાઈનું પારણું થયું.

### વિશાળકાય મૂર્તિ

ફિરોઝાબાદ ( ઉ. પ્ર. )માં દિગમ્બર સમાજ તરફથી પ્રતિષ્ઠિત થનાર ૧૩૦ ટન વજનની અને ૪૫ ફૂટ ઊંચી શ્રી બાહુબલિજીની મૂર્તિ દક્ષિણ ભારતમાં તૈયાર થઈ જતાં, હવે તે ફીરોઝાબાદ રેલ્વે માર્ગે આવી રહી છે. અનેક સ્થળે દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં ઉમટે છે.

### રૂા. ત્રણ લાખની ઉપજ

તાજેતરમાં કેસરિયાજી (રાજસ્થાન) તીર્થમાં દિગમ્બર સમ્પ્રદાય તરફથી શ્રી ઋષભદેવ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાતા કુલ ઉપજ-આવક રૂા. ત્રણ લાખ થઈ હતી.

### દુષ્કાળ રાહત

માટુંગા-મુંબઈમાં તાજેતરમાં મહાસતીજી શારદાબાઈ મ૦ની ૩૬મી અને મહાસતીજી કમળાબાઈ મ૦ની ૧૮મી દીક્ષાતિથિ પ્રસંગે સંઘના પ્રમુખ શ્રી ગંભીરભાઈએ કરેલ એક અપીલમાં ગુજરાત-સૌરાષ્ટ્ર રાહત માટે રૂા. ૧૫ હજારનું ફંડ એકત્ર થયું છે.

# પલ્લીવાલ જૈન ક્ષેત્ર શ્રી મહાવીરજી ખાતે

## શિબિરનું અનુમોદનીય આયોજન

સવાઈ માધવપુર, ભરતપુર, અલવર, આગ્રા વગેરે વિભાગમાં હજારો પલ્લીવાલ જૈનોની વસ્તી છે. ધર્મ અને આચારની જાણકારીનો આ ક્ષેત્રમાં અભાવ છે. નવી પેઢીના યુવકે ધર્માભિમુખ છે. આ યુવાનોના નૈતિક અને આધ્યાત્મિક નવજાગરણ માટે ૮ દિવસની જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન શ્રી મહાવીરજી (પટૌંદા)માં કરવામાં આવેલું. ૫ જુનથી શરૂ થયેલ શિબિરમાં ૪૯ ગામોએથી ૧૧૦ કોલેજીયનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.

શિબિરના ઉદ્‌ઘાટનનો પ્રસંગ મુંબઈ આત્માનંદ સભા દ્વારા આયોજિત જમ્મુ–કાશ્મીર યાત્રાપ્રવાસના ૫૦૦ યાત્રિકો તથા હજારો પલ્લીવાલ જૈનોની ખીચોખીચ હાજરીમાં ઉજવાયો. સંઘપતિ શ્રી ખૂમચંદજી રતનચંદ જોરાજી અને આત્માનંદ જૈન સભા–મુંબઈના મંત્રી શ્રી ઉમેદમલજી હજારીમલજીના શુભ હસ્તે ઉદ્‌ઘાટન થયું.

સંઘના સ્વાગત માટે હજારો પલ્લીવાલો આસપાસના ગામોથી હાજર થયાં હતાં. ઉદ્‌ઘાટન પ્રસંગે જયપુરથી આવેલા શ્રી હીરાચંદજી વૈદ, શ્રી કપીલભાઈ, હીંડોનના શ્રી કપુરચંદજી જૈન અને મુંબઈના શ્રી રમેશભાઈ સંઘવીના વક્તવ્યો નોંધપાત્ર હતા.

શિબિર આયોજક અને સંચાલક યુવાન કાર્યકર્તા શ્રી કુમારપાળ વિ શાહે હજારોની મેદનીને સંબોધન કરતા જણાવ્યું હતું કે, " રાજસ્થાન અને ઉત્તરપ્રદેશનું આ ક્ષેત્ર પલ્લીવાલ જૈનો અને જૈન મંદિરોથી સભર છે. પણ આચાર, સંસ્કાર અને તત્ત્વજ્ઞાનથી અજ્ઞાત એવા આ ક્ષેત્રમાં જૈનધર્મનો પ્રચાર–પ્રસાર કરવાની તાતી જરૂરી છે. તે માટે અમોએ આ ક્ષેત્રમાં પાઠશાળાઓ, મંદિર જીર્ણોદ્ધાર, ધર્મપ્રચાર અને યુવક જાગ્રતિ અંગે શિબિરનાં આયોજન જેવી કેટલીક પ્રવૃત્તિઓ શરૂ કરી છે. ઘણા ગામોમાં પાઠશાળાઓથી સારું પરિણામ દેખાયું છે. હવે યુવકોના ઘડતર માટે આ શિબિરનું આયોજન કર્યું છે. આપ સૌના આર્થિક સહકારથી આ કાર્યને જરૂર બળ મળશે એવી આશા છે." અને ૧૦ મીનીટમાં જ ૨૧ હજાર રૂ.ની દાનની વર્ષા થઈ હતી. ભવિષ્યમાં પણ આ ક્ષેત્રના કાર્યો માટે આર્થિક સહકાર આપવાની કેટલીક વ્યક્તિઓએ ઈચ્છા વ્યક્ત કરી છે.

૮ દિવસમાં શિબિરમાં જૈન તત્ત્વજ્ઞાન, આચાર, અનુષ્ઠાન ઉપરના રસપ્રદ પ્રવચનો આપવાનું શ્રી કુમારપાળ વિ. શાહે સફળતા પૂર્વક સંભાળ્યું. એના ફળ સ્વરૂપે તમામ યુવાનોએ નિત્ય દર્શન–પૂજા કરવી તથા માંસાહાર અને દારૂને આજીવન તીલાંજલિ આપતી ૬૯ પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરી. આ રીતે યુવકોનું વાસ્તવિક નવ–નિર્માણ કરતું કાર્ય આ ક્ષેત્રમાં થયું છે. વ્યવસ્થા અંગેનું સમગ્ર કામ મુંબઈના ધર્મપ્રેમી શ્રી નટવરલાલ રતનલાલ શાહે ખંત અને ઉત્સાહથી ઉપાડી લીધું હતું. આ વિભાગમાં પ્રથમવાર થયેલ આ આયોજનનું સર્વત્ર સ્વાગત થયું. પ્રત્યેક યુવાનોને ૧૧–૧૧ રૂ. પ્રભાવના રૂપે અને દર્શનાર્થે પ્રભુ મહાવીરસ્વામીનો ફોટો ભરતપુરના શ્રી ભગવાનદાસજીના હસ્તે અપાયા. પટૌંદામાં પૂજ્ય આ૦ વિજયવલ્લભસૂરિજી મ૦ના સમુદાયના પૂ. પં. શ્રી ન્યાયવિજયજી મ૦ પધાર્યા છે.

---

## રૂા. નવ હજાર નોંધાયા ત્રણ દીક્ષા–ડભોઈ

અત્રેના શ્રી યશોવિજયજી જૈન સેવાસદન સંસ્થાપિત જૈન સ્ટોર દ્વારા સાધર્મિક બન્ધુઓને ૨૫ ટકાના રાહત દરે જીવન જરૂરિયાતની ચીજો આપવામાં આવે છે. તાજેતરમાં મુનિરાજશ્રી પ્રબોધવિજયજી મ૦ વડોદરાથી ડભોઈનો છ'રી પાળતો સંઘ લઈ પધારતાં, તેઓશ્રીએ સાધર્મિક ભક્તિ માટે જૈન સ્ટોરને સહાય કરવા રૂા. ૨૫૦૦ની ટહેલ વ્યાખ્યાન સમયે નાખી હતી. આ જ સમયે શ્રીસંઘમાંથી રૂા. ૯૦૦૦ જેટલી રકમ નોંધાઈ હતી.

પૂ૦ મુનિરાજશ્રીની નિશ્રામાં અત્રે ત્રણ બહેનો–કુ. ઉર્મીલાબેન, કુ. પન્નાબેન તથા કુ. જક્ષાબેનની દીક્ષા ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિમાં મહોત્સવપૂર્વક થઈ હતી.

## વેડંચા (જી. બનાસકાંઠા)

પૂ. આ. શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અત્રે વૈ. સુદિ ૧૩થી વૈ. વદિ ૫ સુધી ધ્વજાદંડ તથા સુવર્ણકળસ દહેરાસર પર બનાવવામાં આવેલ; અને તે "સામરણ" ઉપર ચઢાવવા નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં લાભ લેવા મુંબઈ, નાશિક, સુરત, અમદાવાદ આદિ ગામોથી ઘણા ભાવુકો આવી પહોંચ્યા હતા.

કળશ ચઢાવવાનો ચઢાવો શ્રી મંછાલાલ ભાયચંદ શાહના સુપુત્રો શ્રી દલપતલાલ શાહ તથા કીર્તિલાલ શાહે લીધેલો હતો. તેમજ ધ્વજાદંડનો ચઢાવો શ્રી ઉત્તમલાલ ભાયચંદ સંઘવીના સુપુત્રોએ લીધો હતો.

આ પ્રસંગે વિધિવિધાન માટે અમદાવાદથી શ્રી લાલભાઈ ફૂલચંદ ઘીયાના આગમનથી ઉત્સાહમાં અભિવૃદ્ધિ થવા પામી હતી. ભોયણીથી સંગીતકાર શ્રી ચેતનકુમારે પોતાની પાર્ટી સાથે આવી સૌને ભક્તિરસમાં તરબોલ કરી દીધા હતા.

પૂ. ચંપાબહેન લહેરચંદ સંઘવીએ પોતાના તરફથી ધ્વજાદંડ તથા કળશ બનાવરાવી શ્રીસંઘને અર્પણ કરેલ. તે નિમિત્તે શ્રીસંઘનું પૂજન પણ કરેલ.

આ પ્રસંગે મુનિરાજશ્રી વિવેકચંદ્રવિજયજી મ. અત્રે વિહાર કરતાં પધારતાં શ્રી સંઘના આગ્રહથી સ્થિરતા કરેલ હતી.

શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી આદિની આગ્રહપૂર્ણ વિનંતી થતાં અમદાવાદ–આંબલીપોળ, જવેરીવાડ ચાતુર્માસ માટે પૂ. આચાર્યશ્રી આદિ અત્રેથી વિહાર કરી અમદાવાદ તરફ પધાર્યા છે. અષાડ માસમાં પ્રાયઃ ચાતુર્માસ પ્રવેશ થશે.

## સંગમનેર (મહારાષ્ટ્ર)માં પ્રતિષ્ઠા અને બોરીવલી (મુંબઈ)માં દીક્ષા મહોત્સવ

સંગમનેરમાં સાદડીનિવાસી શેઠશ્રી હીરાચંદજી પરમારના નવરંગબાગમાં જંગલમાં મંગલ સમું, કાચની કારીગરીથી આકર્ષક દેરાસર બાંધેલ છે. તેમાં પરોણા તરીકે ૪૧ ઈંચના શ્રી શાંતિનાથ ભ૦ બિરાજમાન છે. અહીં મહા સુદ ૧૦ ના પૂ. પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી (કુમારશ્રમણ) મ.ના શુભ હસ્તે પ્રતિષ્ઠા થઈ છે. અને તે નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય વરઘોડા, નવે દિવસના સાધર્મિકવચ્છલ આદિ ઉમંગભેર થયા હતા.

પૂ. પંન્યાસજી મુંબઈ–બોરીવલી (વેસ્ટ) શ્રી સંભવનાથ જૈન મંદિરના ટ્રસ્ટીઓની ચાતુર્માસ માટેની આગ્રહભરી વિનંતી હોવાથી, સંગમનેરથી વિહાર કરી ફા. વદ ૧ ના સામૈયા સાથે બોરીવલી પધાર્યા હતા.

અહીં પૂ. પંન્યાસજીની નિશ્રામાં ઓળી આરાધન સારી રીતે થયું હતું. શેઠ બાબુલાલ ખુબચંદ તરફથી પારણા થયેલ. શ્રી મહાવીર પ્રભુના જન્મકલ્યાણકની ઉજવણી ભવ્ય અને વિશાળ વરઘોડો અને સભા યોજી શાનદાર રીતે કરવામાં આવી હતી.

શ્રી રસિકલાલ ચીમનલાલન સુપુત્રી કુ. જયશ્રીબેન સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજી તથા સા૦ દિવ્યપ્રભાશ્રીજીના પરિચયમાં આવતા; અને વૈરાગ્યના રંગે રંગાતા, ચૈત્ર વદ ૩ના તેમની દીક્ષા નક્કી થયેલ. શ્રી રસિકભાઈ તરફથી દીક્ષા નિમિત્તે ચૈ. સુદ ૧ થી અઠ્ઠાઈ મહોત્સવ પ્રારંભ થયેલ. દીક્ષા દિને વરસીદાનનો ભવ્ય વરઘોડો અને દીક્ષાવિધિ ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિમાં ઉલ્લાસભેર થઈ હતી. નૂતન સાધ્વીજીનું નામ શ્રી જિતપ્રજ્ઞાશ્રીજી રાખી તેમને સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવેલ.

## સાણંદ મુકામે કાળધર્મ પામ્યા

ગણિવર્યશ્રી અભયચંદ્રવિજયજી મ. અત્રે તા. ૧૬–૬–૭૫ના અચનાક હાર્ટએટેકના હુમલાથી કાળધર્મ પામ્યા છે. તેઓશ્રી શાસનસમ્રાટશ્રીના સમુદાયના પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ.ના શિષ્ય હતા.

બનાસકાંઠાનું કંબોઈ ગામ તેઓશ્રીનું સંસારીપણે વતન હતું. મહેસાણા પાઠશાળામાં અભ્યાસ કરી ધાર્મિક શિક્ષક તરીકેનું કાર્ય કર્યું હતું. યુવાનવયમાં જ સંયમ સ્વીકારી, ૨૧ વર્ષ સંયમની સુંદર આરાધના આરાધી, ૪૩ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા છે.

## 'જિનેન્દ્ર શ્રીપાલ ભવન'નું ઉદ્‌ઘાટન

મદ્રાસ–મિન્ટ સ્ટ્રીટમાં શ્રી મેઘરાજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત 'જિનેન્દ્ર શ્રીપાલ ભવન'નો ઉદ્‌ઘાટન સમારોહ પદ્મશ્રી મોહનલાલજી ચોરડિયાના પ્રમુખસ્થાને તા. ૨૩ એપ્રીલના યોજાતા, તેનું ઉદ્‌ઘાટન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી વચ્છરાજજી મેઘરાજજીના વરદ હસ્તે થયું હતું. ૮૮મી વર્ધમાનતપની ઓળીના આરાધક શ્રી ભુરમલજીએ ભવનના પ્રથમ માળે 'આયંબિલ શાળા'નું અને બીજા માળે 'અતિથિગૃહ'નું શ્રી જતનલાલજી ડાગાએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું શ્રી ચંદ્રપ્રભુ જૈન નયામંદિર સંઘે બહુમાન કર્યું હતું. શ્રીસંઘે આ સુઅવસરની યાદગીરી રૂપે 'શ્રી મેઘરાજ ચેરિટેબલ ટ્રસ્ટ ધાર્મિક પાઠશાળા' ચલાવવાનો નિર્ણય કરેલ. ટ્રસ્ટીશ્રી વચ્છરાજજીએ આ પ્રસંગે શ્રીસંઘને નૂતન ભવન સમર્પિત કરવા સાથે ધાર્મિક પાઠશાળામાં રૂા. ૩૧ હજાર તથા આયંબિલશાળામાં રૂા. ૨૧૦૦ આપવાની જાહેરાત કરી હતી.

### બીદડા (કચ્છ)

પૂ૦ આ૦ શ્રી ગુણસાગરસૂરિજી મ૦ની નિશ્રામાં શ્રી રામજીભાઈ દેવસીભાઈના આત્મશ્રેયાર્થે તેમના પરિવાર તરફથી અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવેલ. મુંબઈથી સંગીતકાર હેમલતાબેન બિદડાવાળા તથા શ્રી હસમુખભાઈ 'દિવાન' પધારતાં પૂજા–ભાવનામાં ભારે ભીડ જામવા સાથે પ્રભુભક્તિની અનેરી જમાવટ થતી હતી. સંગીતકારોનું ગામના પટેલ શ્રી માવજીભાઈ તથા શ્રીસંઘે બહુમાન કર્યું હતું.

### ગઢસિવાણામાં ભાગવતી પ્રવ્રજ્યા

પૂ૦ ઉપા૦શ્રી દર્શનસાગરજી મ૦ની નિશ્રામાં સ્વ. ધીરચંદજી રાયચલવાની સુપુત્રી કુ. કમલાબહેન (ઉં. વર્ષ ૨૨) જે સુદ ૩ ના દીક્ષા અંગીકાર કરી સાધ્વીશ્રી મનોગુપ્તાશ્રીજીના શિષ્યા બન્યા છે. આ પ્રસંગે આઠ દિવસનો મહોત્સવ ઠાઠથી ઉજવાયો હતો.

## વડવા–ભાવનગર પધાર્યા

શાસનસમ્રાટશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ૦ના શિષ્યરત્ન આ૦શ્રી વિજયનીતિપ્રભસૂરીશ્વરજી મ૦ તથા તપસ્વી મુનિશ્રી દેવપ્રભવિજયજી મ૦ ભાવનગર–વડવા સમુદાયની ચાતુર્માસાર્થે આગ્રહભરી વિનંતી સ્વીકારી; પાલિતાણા, કામરોળ, તળાજા થઈ જેઠ સુદ ૧૦ બુધવારે અત્રે દાદાસાહેબ જિનાલયે પધારતા, તેઓશ્રીનું વડવા સમુદાયે ધામધુમથી સામૈયું કરવાપૂર્વક ચાતુર્માસ પ્રવેશ કરાવેલ છે. સ્થળે સ્થળે અનેક ગહુંલીઓ કાઢવામાં આવી હતી. પૂ૦ આચાર્યશ્રીએ વડવા જિનાલયે દર્શનાદિ બાદ ઉપાશ્રયે પધારી માંગલિક પ્રવચન આપ્યું હતું. વડવાના આગેવાનો અને ભાવિકવર્ગની સારા પ્રમાણમાં હાજરી રહી હતી. વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ હતી.

### ચાણસ્મામાં મહોત્સવ

ગચ્છાધિપતિ આ.દેવેશ શ્રી માણિક્યસાગરસૂરિજી મ.ના કાળધર્મ નિમિત્તે પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. આદિની નિશ્રામાં શ્રી સંઘ તરફથી વૈ. વદ ૭થી વદ ૧૪ સુધીનો શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવામાં આવેલ.

### ધ્વજારોપણ મહોત્સવ

કમ્પિલપુર તીર્થ (ઉ. પ્ર.)માં દર વર્ષ મુજબ આ વર્ષે પણ જેઠ સુદ ૪ના સમારોહ પૂર્વક ધ્વજા ચઢાવવામાં આવી હતી. ફરૂખાબાદમાં પણ દર વર્ષની જેમ આ વર્ષે જેઠ સુદ ૧૦ના ધ્વજારોપણ ધામધુમથી કરવામાં આવ્યું છે.

બન્ને સમારોહનું આયોજન શ્રી જૈન શ્વે. મહાસભા ઉત્તર પ્રદેશ તરફથી કરવામાં આવેલ.

### ૫૦૦ આયંબિલની પૂર્ણાહુતિ

બીલીમોરામાં ચોકસી મગનલાલ મૂળચંદના ધર્મપત્ની ગુલાબબ્હેનને ૫૦૦ આયંબિલની ઉગ્ર આરાધના પૂર્ણ થતાં, તે નિમિત્તે પં. શ્રી વિમલસાગરજી મ. આદિની નિશ્રામાં વૈ. વદ ૧થી વદ ૫ સુધીનો પંચાહ્નિકા મહોત્સવ સિદ્ધચક્ર મહાપૂજન પૂર્વક ઠાઠથી ઉજવવામાં આવેલ.

# સમાજ દર્શન : મારી નજરે

લેખક : " અનામી "

લેખાંક : બીજો

## આપણા છાત્રાલયો

જૈન સમાજની વ્યાવહારિક કેળવણીની જરૂરિયાતને લક્ષમાં રાખીને, આજથી પાંચ–૭ દાયકા પહેલાં શાળા અને કોલેજની કક્ષાના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા છાત્રાલયો શરૂ થયા. નાના–મોટા દરેક કેન્દ્રમાં ભિન્ન ભિન્ન વિદ્યા–શાખાઓના અભ્યાસક્રમની સુવિધા ન હોય, એટલે શાળાની કક્ષાએ તાલુકા કે જિલ્લાના મુખ્ય મથકમાં અને કોલેજ કક્ષાએ મુંબઈ–અમદાવાદ જેવાં મોટા શહેરોમાં આપણા સમાજના અભ્યાસ કરવા આવતાં વિદ્યાર્થીઓને સગવડતા આપવાની દૃષ્ટિએ આ છાત્રાલયો શરૂ થયા. નાના કેન્દ્રોમાં શાળા–કોલેજોનો અભાવ, આવા છાત્રાલયોની સ્થાપના માટેની પૂર્વ ભૂમિકા ગણી શકાય.

આજે પાંચ–૭ દાયકા પહેલાંની પરિસ્થિતિમાં ઘણો ફરક છે. આજથી પાંચ–૭ દાયકા પહેલાં ગામડાંઓમાં શાળાઓ ન હતી. કેળવણીના પ્રસાર સાથે ગામડાંઓમાં એ સુવિધા ઉપલબ્ધ થઈ શકી છે. જિલ્લા કે તાલુકાના મુખ્ય મથકોમાં કોલેજો ન હતી, ત્યાં વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય શાખાની કોલેજો પણ અસ્તિત્વમાં આવી છે. પરિણામે શાળા કક્ષાના છાત્રાલયોમાં પ્રવેશ માટેનો ધસારો ઓછો થયો છે. કદાચ છાત્રાલયોની પૂરતી શક્તિનો ઉપયોગ આજે થતો નથી.

એટલે હવે છાત્રાલયોમાં શાળાના વિદ્યાર્થીઓના પ્રવેશની જ મર્યાદા છે ત્યાં ધીમી પ્રક્રિયાથી પણ કોલેજના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું ચાલુ કરવું જરૂરી બન્યું છે અને ધીમે ધીમે કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને જ લેવાનો આગ્રહ રાખવો જરૂરી બનશે. એટલા માટે કે નાના નાના ગામડાંઓમાં શાળાઓ થતાં શહેરમાં અભ્યાસ કરવા માટે જવાની મનોવૃત્તિ કુંઠિત થઈ, આજે નાના શહેરનો વિદ્યાર્થી મોટા શહેરમાં અભ્યાસ કરવા ભાગ્યે જ જાય છે તેમ !

એવી જ રીતે કોલેજ માટેના છાત્રાલયોએ વિશિષ્ટ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને જ લેવાનું ધોરણ અપનાવવું પડશે જેમકે મેડિકલ, એન્જિનયરિંગ વગેરે અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને લેવાનું ધોર ્ણ અપનાવવું જોઈએ. કારણકે, નાના મોટા કેન્દ્રોમાં કોલેજો થતાં વિદ્યાર્થીઓનો શહેરની કોલેજોમાં જવાનો પ્રવાહ ઓછો થશે. જો કે આ બાબતનો સમય હજુ પરિપક્વ થયો નથી.

જે પૂર્વભૂમિકા છાત્રાલયોની સ્થાપન માટે હતી, એ જ ભૂમિકાને લક્ષમાં રાખીને આ ફેરફારને હું આવકાર્ય માનું છું. કદાચ શાળાઓની કે કોલેજોની સુવિધા હોવા છતાંય છાત્રાલયોમાં પ્રવેશ માટેની માંગણી મોટા શહેરોમાં વધુ રહેતી હોય તો પણ સમાજના સાધન, સંપત્તિ અને શક્તિને તેના સારા ઉપયોગ માટે એટલે કે જ્યાં સુવિધા જ ન હોય એવા વિદ્યાર્થીઓને સુવિધા આપવાની પૂર્વભૂમિકાને લક્ષમાં રાખીને આ ફેરફાર વિચારવા યોગ્ય છે એમ મને લાગે છે.

---

### માંડવલા (રાજસ્થાન)

ભ૦ મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી અત્રે વિવિધ કાર્યક્રમો યોજી ધામધુમથી કરવામાં આવી હતી. શોભાયાત્રા, ધ્વજ વંદન, ૭ દિવસ પૂજા-ભાવના તેમ જ ૩ દિવસ ચલચિત્રોનું આયોજન કરવામાં આવેલ.

### નવ દીક્ષા — જૂનાગઢ

અત્રે સ્થાનકવાસી સંપ્રદાયમાં એક ભ ઈ અને આઠ બહેનોની ભાગવતી પ્રવ્રજ્યા તા. ૨૨–૫–૭૫ના થઈ છે. મુનિશ્રી રતિલાલજી મ. આદિ તેમ જ ૪૬ સાધ્વી મહારાજોની વિશાળ ઉપસ્થિતિમાં યોજાએલા આ દીક્ષા મહોત્સવમાં દરેક સંપ્રદાયે–શ્વે. તપગચ્છ સંઘ, લોંકાગચ્છ સંઘ, પોરવાડ જ્ઞાતી, દિગમ્બર સંઘ વગેરેએ સક્રિય ભાગ લીધો હતો. દીક્ષા દિવસે તમામ કત્લખાના બંધ રહેલ.

**ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ કલ્યાણક નિમિત્તે**



# સાપ્તાહિક પ્રતિ જૈન

સંપાદક :- રતિલાલ દીપચંદ દેસાઇ
પ્રેરક :- શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, મુંબાઇ.

## ક્લેશે વાસિત મન સંસાર; ક્લેશ રહિત મન તે ભવપાર...

ભગવાન્ મહાવીર રાજગૃહીમાં પધાર્યા છે. દેવોએ સમવસરણ રચ્યું છે. પ્રભુની દેશના સાંભળવા માટે દેવ–દાનવ–માનવનો પ્રવાહ ઊમટયો છે. મગધરાજ શ્રેણિક પણ પ્રભુ પાસે આવવા નીકળ્યા છે, સાથે મોટો સ્વજન–પરિવાર છે, ચતુરંગી સેના છે.

માર્ગે ચાલતાં એક ઠેકાણે શ્રેણિકે પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોયા. એ હાથ ઊંચા કરીને, સૂર્યસન્મુખ આંખો રાખીને, એક પગે એ આતાપના લઈ રહ્યા હતા. આ પ્રકાર સાધના જોઇને રાજા એ મહર્ષિને વંદી રહ્યા.

સમવસરણમાં પહોંચીને રાજાએ વિનયપૂર્વક પ્રભુને પૂછયું: "પ્રભુ ! જે વખતે મેં મુનિ પ્રસન્નચંદ્રને વંદન કર્યું, એ વખતે એ કાળ પામત તો કઈ ગતિમાં જાત ?" પ્રભુએ ઉત્તર આપતા કહ્યું : "સાતમી નરકે."

શ્રેણિક ચોંકી ઊઠયો. એને થયું: નક્કી મારા કાનનો કંઈક દોષ છે. આવા મુનિને તે વળી સાતમી નરક હોય ? સંદિગ્ધ હૃદયે એણે ફરી પૂછયું: "અત્યારે એ કાળ પામે તો કયાં જાય ?" "સર્વાર્થસિદ્ધ વિમાનમાં" પ્રભુએ ઉત્તર આપ્યો.

" રે ! સ્વામિન્ ! ક્ષણ પહેલાં સાતમી નરક હતી, અને એટલીવારમાં સર્વાર્થસિદ્ધ આવી ગયું ? આમ કેમ બને ? સમજાતું નથી. પ્રભો ! સ્ફોટ કરો."

પ્રભુએ કહ્યુ : "રાજન્ ! આનું કારણ 'મન' છે. ક્લેશયુક્ત મન સંસારનું, અને ક્લેશમુક્ત મન મોક્ષનું કારણ છે. પ્રસન્નચંદ્ર પહેલાં ક્લેશના વાતાવરણમાં હતા; તે વખતે એ મર્યા હોત તો સાતમી નરકે જ જાત. અને હવે એમનું મન ક્લેશરહિત થયું છે. અત્યારે એ મરે તો અનુત્તર સ્વર્ગ મેળવે." પ્રભુની વાત હજી ચાલુ છે,

**પ્રભુ ! આ વર્ષ અમારે દિવાળી**

શ્રી આચારાંગસૂત્રના નવમા અધ્યયનના આધારે

# શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનું સાધનામય જીવન

[ લેખાંક : ૩ ]

લે૦ પૂ૦ મુનિરાજશ્રી ભુવનવિજયજી મ૦ના અન્તેવાસી પૂ૦ મુનિરાજશ્રી જંબૂવિજયજી મ૦

ઉદ્દેશો—૩

તૃણસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, ડાંસ, મચ્છર આદિ અનેક પ્રકારના સ્પર્શોને પ્રભુ સમતાથી સહન કરતા હતા.

જ્યાં વિચરવું દુષ્કર છે તેવા લાઢ પ્રદેશમાં—વજ્રભૂમિમાં અને શુભ્રભૂમિમાં ભગવાન વિચર્યા હતા. ત્યાં અનેક ઉપદ્રવોવાળા સ્થાનોમાં પણ ભગવાન વિચર્યા હતા. ધૂળ આદિથી ભરેલાં અનેક કષ્ટદાયક આસનોનો ભગવાન ઉપયોગ કરતા હતા.

લાઢ પ્રદેશમાં પ્રભુને ઘણા ઉપસર્ગો થયા હતા ત્યાંના મનુષ્યો પ્રભુને અનેક રીતે પીડા ઉપજાવતા હતા. ત્યાં ભોજન અત્યંત રૂક્ષ હતું. હિંસક કુતરાઓ પ્રભુને પીડા ઉપજાવતા હતા અને પ્રભુ ઉપર પડતા હતા.

કરડતા કુતરાઓને કોઈ જ ખાસ અટકાવતા નહોતા. લોકો સીસકારા કરીને કુતરાઓને ભગવાન તરફ ધકેલતા હતા કે જેથી કરીને કુતરાઓ આ શ્રમણને કરડે.

જ્યાં આવા લોકો વસે છે તે વજ્રભૂમિમાં પ્રભુ વારંવાર વિચર્યા હતા. વજ્રભૂમિમાં લોકો રૂક્ષભોજન કરનારા હોવાથી સ્વભાવથી જ ક્રોધી હતા. બીજા સાધુઓને ત્યાં વિચરવાનો પ્રસંગ આવી પડે તો હાથમાં લાઠી અથવા મોટી નળી (લાઠી કરતાં પણ લાંબી લાકડી) લઈને જ વિચરતા હતા, છતાં પણ તેમના ઉપર કુતરાઓ ધસી આવતા હતા અને કરડતા હતા. એટલે લાઢ પ્રદેશમાં વિચરવું અત્યંત દુષ્કર હતું.

આવા લાઢ પ્રદેશમાં પણ, ભગવાન મન-વચન-કાયાથી કંઈપણ અશુભ આચર્યા વિના ભગવાન આ બધા કાંટાઓને—દુઃખદાયક પ્રસંગોને સમભાવથી સહન કરતા હતા.

યુદ્ધના મોખરે હાથી જેમ શત્રુસૈન્યને જીતીને પારગામી બને તેમ ભગવાન મહાવીર પણ પરીષહ-સેનાને જીતીને પારગામી બન્યા હતા.

કેટલીક વાર તો એવું પણ બનતું હતું કે ભગવાન મહાવીરને લાઢ પ્રદેશમાં રહેવા માટે ગામ પણ મળતું નહોતું.

કેટલીક વાર પ્રભુ ગામમાં ભિક્ષા આદિ માટે જતા હોય ત્યારે પ્રભુ ગામમાં પહોંચે તે પહેલાં જ લોકો ગામમાંથી બહાર આવીને ભગવાનને હેરાન કરતા હતા અને કહેતા હતા કે 'અહીંથી દૂર બીજે ગમે ત્યાં ચાલ્યા જાવ.'

કેટલીક વાર ત્યાંના લોકો દંડ, મુઠી, કુંતફલ (ભાલો), માટીનાં ઢેફાં, ઠીકરાં આદિથી પ્રભુ ઉપર પ્રહાર કરતા હતા અને પ્રભુ ઉપર પ્રહારો કરીને આનંદથી કીકીયારીઓ પાડતા હતા.

પ્રભુ ઉપર આક્રમણ કરીને પ્રભુના વાળ ખેંચી લેતા હતા (માંસ ખેંચી લેતા હતા—ટીકા), અનેક પ્રકારના પરીષહોથી પીડા ઉપજાવતા હતા અને ધૂળ વરસાવતા હતા.

કેટલાક પ્રભુને ઉંચકીને નીચે પટકતા હતા. કેટલાક પ્રભુને આસનથી ચલાયમાન કરતા હતા. પરંતુ પ્રભુએ તો કાયાને વોસરાવી દીધી હતી અને કોઈપણ જાતના પ્રતિકાર વિના સર્વ પ્રકારનાં દુઃખોને સહન કરવા માટે પ્રભુ તૈયાર થયેલા હતા.

યુદ્ધના મોખરે ભાલા વગેરેથી ભેદાવા છતાં પણ જેમ હાથી અણનમ રહે છે તેમ પ્રભુ પણ અનેક પ્રકારના પરીષહોથી પીડા પામવા છતાં પણ મેરુની જેમ અચલ-અડગ રહીને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી મોક્ષના માર્ગ ઉપર ચાલ્યા જતા હતા.

કોઈપણ પ્રકારના હઠાગ્રહ વિનાના અહિંસક, બુદ્ધિમાન્ ભગવાન્ મહાવીર પ્રભુએ આ માર્ગનું આચરણ કરેલું છે.

( અનુસંધાન પાના ૧૭૩ ઉપર )

[લેખાંક-૧૭]

# તીર્થભૂમિઓ

## રાતા મહાવીરજી

લેખક : પૂજ્ય આચાર્યશ્રી
વિજયવિક્રમસૂરીશ્વરજી મ૦ના શિષ્ય
પૂ. મુનિરાજશ્રી રાજયશવિજયજી મ૦

રાજસ્થાન વર્તમાન સમયમાં પણ મહાન જૈન તીર્થભૂમિઓથી સુશોભિત છે. કેટલાક ઉલ્લેખો પ્રમાણે તો પરમાત્મા મહાવીરના ચરણ-કમળથી પવિત્ર બનેલી એ ભૂમિ છે. નાની-મોટી પંચતીર્થીઓ અને અનેક નગરોમાં આવેલાં ભવ્ય જિનાલયો પળવાર તો કલ્પનાને પણ સ્થગિત કરી દે તેવાં ઉન્નત અને વિશાળ છે. વળી વર્તમાન કાળમાં પૂજ્ય શ્રમણ ભગવંતોના ઉપદેશથી સ્થાને સ્થાને જીર્ણોદ્ધાર થઈ રહ્યા તેથી તો એમ જ લાગે છે કે ગઈકાલે જે તેજ હરાઈ ગયું હતું તે વળી પાછું ઓપ પામી રહ્યું છે.

આવાં જ તીર્થોમાંનું એક તીર્થ છે 'રાતા મહાવીરજી'. "જેવું નામ તેવા ગુણ" એ કહેવત જેને લાગુ પડે એવું આ તીર્થ છે. અત્યારે આ તીર્થમાં ચરમતીર્થપતિ ભગવાન મહાવીરની રાતા રંગની વિશાળ મૂર્તિ મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત છે, તેથી આ તીર્થ "રાતા મહાવીરજી"ના નામે ઓળખાય છે; અને એ રીતે આ તીર્થનું આ નામ સાર્થક છે. તે તીર્થ જે સ્થાને છે તેની પાસેના ગામનું વર્તમાન નામ 'હત્થુંડી' છે. અને તે આ તીર્થથી એકાદ માઈલ જેટલું દૂર છે; પણ એક કાળે તે આ તીર્થ સાથે મળેલું હશે એમ લાગે છે. આ 'હત્થુંડી' અરવલ્લી પર્વતમાળાની તલેટીમાં છે. એ રાજસ્થાનના બીજાપુર શહેરથી માત્ર બે માઈલ, પશ્ચિમ રેલ્વેના જવાઈબાંધ સ્ટેશનથી માત્ર ૧૪ કિલોમિટર, પ્રસિદ્ધ તીર્થ રાણકપુરજીથી ૮ માઈલ અને ઉદયપુરથી માત્ર ૪૦ માઈલ થાય છે. એટલે, જૂની રાજ્યવ્યવસ્થા પ્રમાણે આ તીર્થ મારવાડ અને મેવાડની સરહદ પર હતું એમ ગણી શકાય. હવે તો ઉદયપુર-ઉદેપુર પણ રાજસ્થાનમાં જ છે.

આ તીર્થની જૂનામાં જૂની પ્રસિદ્ધિ અંગે એક દાવો વિક્રમ સંવત ૩૬૦નો, અને તે તીર્થની પ્રતિષ્ઠા પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય આચાર્ય શ્રી સિદ્ધસૂરિજી મહારાજે કરાવી હતી, તે પ્રમાણેનો છે. આ અતિ પ્રાચીન ગણાતા મંદિરનું નિર્માણ કરાવનાર શ્રાવક શ્રેષ્ઠી ગોત્રીય વીરદેવ હતા.

આ તો આ તીર્થ અંગેની પરંપરાગત કથા થઈ, પણ એટલી વાત તો ઐતિહાસિક પ્રમાણથી નિર્વિવાદ છે કે વિ. સં. ૧૦૫૩માં આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો હતો. કારણ કે એ સંવતનો શિલાલેખ મંદિરમાંથી પ્રાપ્ત થયો જ છે, એટલું જ નહીં પણ, આ તીર્થ સંબંધી વિ. સં. ૯૯૩ અને વિ. સં. ૯૯૬ના પણ શિલાલેખો મળ્યા છે. એક ઈતિહાસવિદનું માનવું છે કે રાજસ્થાનનાં જૈન તીર્થોમાંથી મળી આવતા શિલાલેખો કરતાં આ શિલાલેખો સૌથી પ્રાચીન છે.

વિ. સં. ૧૦૫૩માં જીર્ણોદ્ધાર થયેલ મંદિર વિદગ્ધ રાજાએ બંધાવેલ છે. જીર્ણોદ્ધાર કરાવેલ મંદિર જો કોઈ આક્રમણથી જ ધ્વસ્ત ન થયું હોય તો ઓછામાં ઓછું ૨૦૦-૩૦૦ વર્ષ પહેલાં તો બંધાયું હોવું જ જોઈએ.

ગમે તેમ હોય, જીર્ણ મંદિરો કાળે કાળે ઉદ્ધરિત થતાં રહે છે, તેનો એક ઐતિહાસિક પુરાવો આ શિલાલેખ પૂરો પાડે છે. પણ પ્રાચીન સમયમાં એવા પણ કેટલાય જીર્ણોદ્ધારો થયા હશે કે જેના પુરાવા ભાગ્યે જ સચવાયા હશે. આ વાત ઈતિહાસકારોના ધ્યાનમાં રહે એ જરૂરી છે.

'હત્થુંડિ' શબ્દનો સંસ્કૃત પર્યાય 'હસ્તિકુણ્ડી' છે. પણ આ સ્થાનનું આવું નામ શા ઉપરથી પડ્યું હશે એ જાણી શકાયું નથી. અરવલ્લીની પર્વતમાળાની ગોદમાં આવેલ આ સ્થાન સાથે હાથીનો તો કોઈ પ્રકારનો સંબંધ નહીં હોયને, એવી શંકા થાય છે. *શ્રી વિધિપક્ષ (અંચળ)ગચ્છીય મહોટી

(પૃ. ૧૪૫)માં લખ્યું છે કે—"પછી તે અનંતસિંહ રાજાએ તે ગુરુમહારાજના ઉપદેશથી તે હસ્તિતુંડ (હથઉંડી)નગરમાં શ્રી મહાવીર પ્રભુનો એક મનોહર જિનપ્રાસાદ કરાવ્યો." આ ઉપરથી લાગે છે કે આ નગર આ નામથી પણ ઓળખાતું હશે. આ ગામના નામ ઉપરથી એક ગચ્છ અને એક જ્ઞાતિ પણ નીકળેલ છે.

આ બધી ચીજો આ તીર્થની પ્રાચીનતા અને મહત્તાનો ખ્યાલ કરાવે છે.

વર્તમાનમાં તો મંદિરથી એક માઈલ દૂર ભીલોની ઝુંપડપટ્ટી રૂપ જ આ ગામ છે. ઉજ્જડ અને વેરાનપ્રાય હોવા છતાં 'ભાંગેલુ તોય ભરૂચ છે' એમ એના ભગ્નાવશેષોથી કહી શકાય તેવું છે.

વિ. સં. ૧૦૫૩ના કેટલાંક પ્રાચીન શિલાલેખોમાં અહીં ઋષભદેવ ભગવાનની મૂર્તિ મૂળનાયક હોવાનું જણાવેલ છે. એમ લાગે છે કે મૂળ આ તીર્થ ભગવાન ઋષભદેવનું હતું અને તેરમી—ચૌદમી સદીના અરસામાં એ "રાતા મહાવીર"ના તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું. એટલે અત્યારે તો મૂળનાયક તરીકે બાવન ઇંચની ભગવાન મહાવીરની ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. આ પ્રતિમાની વિશેષતા એ છે કે એના પર રક્ત વર્ણનો લેપ કરેલો છે. પ્રવાલ રંગનો આ લેપ કેમ કરવો પડયો છે, એ અંગે કશી અધિકૃત માહિતી મળી નથી. યાત્રાસંઘમાં હતા તે વખતે સાંભળ્યું હતું કે આ પ્રતિમાજી માટીનાં છે, અને ઉપર પાકો લેપ કરેલો છે.

પ્રતિમાજીની મુખાકૃતિ કંઈક વિલક્ષણ છતાં આહ્લાદક છે. અને એના લંછન તરીકે ચાલુ સિંહની આકૃતિના બદલે સૂંઢાળા અને પાંખોવાળા સિંહની આકૃતિ કોરેલી છે. આ મંદિરમાં યશોભદ્રાચાર્ય—બલિભદ્રાચાર્યની પ્રતિમા છે.

પૂ. આચાર્યદેવ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સત્પ્રયત્નો દ્વારા આ તીર્થનો જીર્ણોદ્ધાર પાંચ લાખ રૂપિયાના ખર્ચે થયેલ છે. અને વિ. સં. ૨૦૦૬ માં એની પ્રતિષ્ઠા થઈ ત્યારે ત્યાં આછા લાલ રંગના આરસની ભગવાન મહાવીરની પ્રતિમાની પ્રતિષ્ઠા તેઓના જ હાથે થયેલ છે. આ પ્રતિમાજી અત્યારે ભોંયરામાં પધરાવવામાં આવેલ છે. પ્રતિમાજીની મુખાકૃતિ આહ્લાદક છે.

હવે પ્રવાસનાં સાધન—સગવડને કારણે આ તીર્થસ્થાનની યાત્રા સરળ બની ગઇ છે; એટલે દિન—પ્રતિદિન ભક્તો તેનો મહિમા વધારી રહેલ છે.

# મુંડસ્થલીય મહાવીર

['તીર્થભૂમિઓ' વિભાગના ગતાંક પેજ—૧૬૨ના "મુંડસ્થલીય મહાવીર" લેખનું અનુસંધાન.]

આ પરંપરાને મેળવીને અંચલગચ્છીય શ્રી મહેન્દ્રસૂરિજી પોતાની અષ્ટોત્તરી તીર્થમાળામાં ઉલ્લેખ કરે છે કે —

**अर्बुदगिरिवरमूले, मुंडस्थाने नंदीरुक्खस्स अहभागे, छउमत्थकालि वीरो अचल शरीरो ठिओ।**

અર્થ—અર્બુદગિરિના મૂળમાં (તળેટીમાં) મુંડસ્થળ નામના ગામમાં નંદીવૃક્ષની નીચે છદ્મસ્થ અવસ્થામાં વીરપરમાત્મા અચલ શરીરવાળા થઈને પ્રતિમામાં રહેતા હતા.

આ ઉલ્લેખને કારણે મૂકી દેવાની વાત ચાલી ન શકે. ચોક્કસ બ્રાહ્મણવાડા (રાજસ્થાન) અને વઢવાણ—વર્દ્ધમાન (સૌરાષ્ટ્ર)ને પરમાત્મા મહાવીરના ઉપસર્ગનાં મૂળ સ્થાનો ન માનીએ તોપણ એટલા માત્રથી આ સ્થાનોને સ્થાપનાતીર્થ કહી શકાય એમ નથી. કારણકે આનું મૂળ સ્થાન હજી સુધી આના સિવાય બીજું સૂચવી શકાયું નથી, એટલે, ચિંતનનાં દ્વારો આગ્રહથી બંધ કરી દઈએ કે નિર્ણય માટે છલાંગ મારીએ, તેના કરતાં એને અનિર્ણીત દશામાં રહેવા દઇને પણ ચિંતનનાં દ્વાર ખુલ્લા રાખવા ઠીક લાગે છે.

આ તીર્થના જીર્ણોદ્ધાર અંગે એક હસ્તપત્રિકા બહાર પડી છે. પણ વર્તમાન સમય સુધી વ્યવસ્થિત રીતે કોઈ કાર્ય થયું હોય તેવું જાણવામાં આવ્યું નથી. રાજસ્થાનના ઉત્સાહી જીર્ણોદ્ધાર પ્રેમીઓ માટે, નિર્વાણ કલ્યાણકની ઉજવણીના આ વર્ષમાં, આ કાર્ય ધ્યાન બહાર રહે તે ઉચિત નથી. જો જીર્ણોદ્ધાર પૂર્ણ થઈ ગયો હોય તો એની અમને જાણ કરવામાં આવે તે ઈષ્ટ છે.

# સાત વિભક્તિમય–વીરજિન સ્તુતિ

કર્તા—ભટ્ટારક શ્રી સકલકીર્તિજી

वीरो वीरनराग्रणीर्गुणनिधिर्वीरा हि विरं श्रिता
    वीरेणेह भवेत्सुवीरविभवं वीराय नित्यं नमः ।
वीराद् वीरगुणा भवन्ति सुधियां वीरस्य वराश्वरा
    वीरे भक्ति सुकुर्वतो मम गुणान् हे वीर देह्यद्भुतान्    ॥ १ ॥

वीरोऽनन्तसुखप्रदोऽसुखहरो वीरं श्रिता धीधना
    वीरेणाशु विनाश्यते भवमयं वीराय भक्त्या नमः ।
वीरान्मुक्तिवधूर्भवेत्बुधसतां वीरस्य नित्या गुणा
    वीरे मे दधतो मनोऽरिविजये हे वीर शक्ति कुरु    ॥ २ ॥

वीरो वीरबुधाग्रणी जितरिपुं वीरं श्रयन्ते बुधा
    वीरेणारिचयः सतां विघटते वीराय सिद्धय नमः ।
वीरान्नास्त्यरिघातकोत्र सुभटो वीरस्य नित्या गुणा
    वीरे वीरतरं दधे निजमनो मां वीर ! वीरं सृज    ॥ ३ ॥

वीरो वीरबुधैः स्तुतश्चमहितो वीरं प्रवीराः श्रिताद्
    वीरेणाशु समाप्यते गुणचयो वीराय भक्त्या नमः ।
वीरान्नास्त्यपरः स्मरारिहतको वीरस्य दिव्या गुणा
    वीरे मां विधिना स्थितं विधिजये भो वीर वीरं कुरु    ॥ ४ ॥

( શ્રી વીર–વર્ધમાન ચરિતમાંથી ઉદ્દધૃત )

(પ્રેષક—પૂ. મુ. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ)

( મુખપૃષ્ઠ ઉપરનું અનુસંધાન )

ત્યાં જ આકાશમાં દુંદુભિનાદ ગાજી ઊઠયો. શ્રેણિક ચમકયો. શું થયું ? એવો વિચાર કરે છે, ત્યાં જ પ્રભુનો અવાજ સંભળાયો :

"રાજન્ ! ક્લેશમુક્ત મન મોક્ષ અપાવે છે, એનું આ પ્રત્યક્ષ ઉદાહરણ જો. રાજર્ષિ પ્રસન્નચંદ્ર કેવળજ્ઞાન પામ્યા."

—શ્રી પૂ. મુ. શીલચંદ્રવિજયજી મહારાજ

# પારિતોષિક

### ૧. ફકીરચંદ પ્રેમચંદ પારિતોષિક

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ હસ્તકના શેઠ ફકીરચંદ પ્રેમચંદ પારિતોષિક ફંડની યોજનાનુસાર શ્વે. મૂર્તિ. જૈન વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ કે જેઓ ગુજરાત તથા મહારાષ્ટ્રની છેલ્લી S.S.C. પરીક્ષામાં સંસ્કૃત ભાષામાં વધુ માર્કસથી પાસ થયા હોય, તેમજ બીજુ ઇનામ સુરતના વતની સૌથી વધુ ગુણ મેળવનારને અપાશે.

### ૨. શ્રીમતિ માણેકબા જૈન વિદ્યાર્થી પારિતોષિક

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સને શ્રી મુંબઈ ચીમન છાત્ર મંડળ તરફથી સોંપાયેલ શ્રીમતિ માણેકબા જૈન વિદ્યાર્થી પારિતોષિક ફંડની યોજનાનુસાર તેના વ્યાજની રકમ S.S.C. (ગુજરાત–મહારાષ્ટ્ર)ની પરીક્ષામાં સૌથી ઉચ્ચ ક્રમાંકે પાસ થનાર અને આગળ અભ્યાસ ચાલુ રાખનારને ઇનામ આપવામાં આવશે.

### ૩. શેઠ હેમચંદ ચત્રભુજ પારિતોષિક

શેઠ હેમચંદ ચત્રભુજ પારિતોષિક, B.Sc. (ટેક.)માં અભ્યાસ કરવા ઈચ્છતા શ્વે. મૂ. જૈન વિદ્યાર્થી–વિદ્યાર્થીનીને આપવામાં આવે છે. અરજી સાથે નીચેની માહિતી મોકલવી જરૂરી છે.

૧. મેટ્રીક, F. Y. Sci., S. Y. Sci. B. Sc. (Sub.) અને B.Sc. ( Digree ) પરીક્ષામાં મેળવેલ માર્કસની સર્ટિફાઇડ કરેલ નકલો.

૨. અરજી કરનારે અન્ય કોઇ સ્થળેથી મદદ યા લોન મળતી હોય કે મળવાની હોય તેની પુરી વિગત લખવી.

ઉપરની બધી પારિતોષિક યોજના માટે નીચેના સિરનામે તા. ૩૦–૭–૧૯૭૫ સુધીમાં મળે તેમ પૂરી વિગત સાથે અરજી મોકલવી.

## શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ

ગોડીજી બિલ્ડીંગ, ૨૦ વિજયવલ્લભ ચોક,
કાલબાદેવી, મુંબઇ–૨

# મદ્રાસમાં યાદગાર ઉજવણી

### હજારો કેદીઓને અપાયેલ મીઠાઈ

### રાહત માટે રૂા. બે લાખનું દાન

ભ૦ મહાવીરસ્વામી ૨૫૦૦મી નિર્વાણોત્સવ સમિતિ તામીલનાડુ દ્વારા ભ૦ મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી ૩ દિવસના કાર્યક્રમ સાથે અત્રે યાદગાર રીતે ઉજવાઇ હતી.

તા. ૨૩ એપ્રીલના વરઘોડો તેમજ સવેદથી નેતા શ્રી નાનાલાલ ભટ્ટના પ્રમુખસ્થાને સભા યોજાઈ હતી.

તા. ૨૪ના સવારે પ્રભાતફેરી દરેક સંપ્રદાયના સ્થાનક અને મંદિરે ફરી હતી. બપોરે હજારો ભાવિકો સાથે ઈન્દ્રધ્વજા, પચરંગી ધ્વજ, હાથી, વિવિધ ચિત્રો, ભજન મંડળીઓ, શ્વે૦ અને દિ૦ ના રથ વગેરેથી શોભતો વિશાળ વરઘોડો ચઢ્યો હતો.

સમિતિ તરફથી સવારે સેન્ટ્રલ જેલના લગભગ ૩ હજાર કેદીઓને તેમ જ દયાસદન, બહેરા-મૂંગાની શાળા, અનાથાશ્રમ આદિ અનેક સ્થળોએ મીઠાઇના પડીકાં વહેંચવામાં આવ્યાં હતાં.

સાંજે મરીના બીચમાં એક જાહેર સભા મળી હતી. જૈનોની આવી વિરાટ સભા મદ્રાસમાં પ્રથમ જ હતી. જૈન–જૈનેતરો મળી ૨૫ હજારની મેદની ઉમટી હતી. શ્રી મિલાપચંદજી ઢઢ્ઢાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. નામાંકિત વિદ્વાનો, આગેવાનો અને અધિકારીઓના મનનીય પ્રવચનો થયાં હતાં. આ પ્રસંગે અધ્યક્ષશ્રી કે. વી. જગન્નાથન દ્વારા 'સમણસુત્તં'નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. જૈનસમાજ વતી શ્રી મોહનમલજી ચોરડિયાએ તામીલનાડુમાં પ્રવર્તતા દુષ્કાળ માટે રાજ્યના શિક્ષામંત્રી શ્રી નેડુંચેષિયનને રૂા. બે લાખ અર્પણ કર્યા હતા.

તા. ૨૫ના ભજનમંડળીઓની ભક્તિરંગ જમાવતી સ્પર્ધા યોજાઈ હતી. આ ઉજવણી નિમિત્તે નયા મંદિરમાં સિદ્ધચક્ર મહાપૂજન સહ અષ્ટાહ્નિકા મહોત્સવ ઠાઠમાઠથી ઉજવવામાં આવ્યો હતો.

(અનુસંધાન પાના ૧૬૮ નું ચાલુ)

[ભગવાન્ સુધર્માસ્વામી જંબૂસ્વામીને ઉદ્દેશીને કહે છે કે] આ પ્રમાણે તમને પ્રભુની સાધના વિષે કહું છું.

ઉદ્દેશો–૪

ભગવાન્ રોગાથી અસ્પૃષ્ટ હોવા છતાં પણ ઉણોદરી કરતા હતા.

ભગવાન્ શસ્ત્રપ્રહારાદિ જન્ય આગંતુક રોગોથી સ્પૃષ્ટ હોય કે દેહજન્ય રોગોથી અસ્પૃષ્ટ હોય તો પણ ચિકિત્સાને ઇચ્છતા નહોતા.

ભગવાન્ વિરેચન, વમન, તેલ આદિથી ગાત્રમર્દન, સ્નાન, સંબાધન (શરીર દબાવવું–પગચંપી આદિ) અને દન્તપ્રક્ષાલન કરતા કે કરાવતા નહોતા.

પ્રભુ શબ્દ આદિ ઇંદ્રિયોના વિષયોથી વિરત થયેલા હતા. બહુ બોલતા પણ નહોતા. આ રીતે, અહિંસક ભગવાન્ સંયમમાર્ગમાં વિચરતા હતા.

શિશિર (ઠંડા) ઋતુમાં પણ ભગવાન્ છાયામાં બેસીને ધ્યાન કરતા હતા.

પ્રભુ ગ્રીષ્મઋતુમાં તાપ તરફ મુખ રાખીને ઉત્કુટુક આસને બેસીને આતાપના લેતા હતા.

લુખ્ખા ઓદન, મંથુ (બોરકુટો આદિ) અને અડદ—આ પદાર્થોથી પ્રભુ જીવનનિર્વાહ કરતા હતા.

આઠ ઋતુબદ્ધ મહિનાઓમાં આ ત્રણ પદાર્થો (લુખ્ખા ઓદન, મંથુ, અડદ)નું સેવન કરીને જીવન-યાપન કરતા હતા.

કેટલીકવાર અર્ધો મહિનો, મહિનો, કંઈક અધિક બે મહિના, અથવા છ મહિના સુધી પણ પાણી પીધા વિના ભગવાન્ વિચરતા હતા.

ભગવાન્ છઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ આમ વિવિધ તપશ્ચર્યા સમાધિપૂર્વક કરતા હતા.

હેય અને ઉપાદેયને જાણનારા ભગવાન પોતે પાપ કર્મ કરતા નહોતા, બીજા પાસે કોઈ કરાવતા નહોતા, કોઈ કરે તેની અનુમોદના પણ કરતા નહોતા.

ભગવાન્ ગામ અથવા નગરમાં પ્રવેશ કરીને ગૃહસ્થે પોતાને માટે કરેલા આહારની શોધ કરતા હતા. તથા શુદ્ધ આહારને મેળવીને યોગો ઉપર સંયમ રાખીને તે આહારનું સેવન કરતા હતા.

ક્ષુધાર્ત અને રસના અર્થી કાક આદિ જે પક્ષીઓ પોતાના આહારને શોધી રહ્યા છે તેમને નિરંતર બેઠેલા જોઈને, તથા બ્રાહ્મણ, શ્રમણ, ભિક્ષુ, અતિથિ, ચંડાળ, બિલાડી, અથવા કુતરાને માર્ગમાં બેઠેલા જોઈને તેમની આજીવિકાનો વિચ્છેદ ન થાય તથા તેમને અપ્રીતિ ન થાય એનો બરાબર ખ્યાલ રાખીને ભગવાન્ ધીમે ધીમે ચાલતા હતા અને કોઈપણ જીવને પીડા ન થાય તે રીતે આહાર ગ્રહણ કરતા હતા.

દહીં આદિથી સરસ આહાર મળે કે વાલ, ચણા આદિ શુષ્ક આહાર મળે, ઠંડો આહાર મળે કે જુના ધાન્યમાંથી બનાવેલો આહાર મળે, કોઈ વખત આહાર મળે અને કોઈ વખત આહાર ન પણ મળે—બધા સંયોગોમાં ભગવાન્ રાગ–દ્વેષથી રહિત રહેતા હતા.

બધા સંયોગોમાં, ભગવાન્ કોઈપણ આસને, જરાપણ મુખ ઉપર વિકાર લાવ્યા સિવાય, ધર્મ કે શુક્લધ્યાનમાં લીન રહેતા હતા.

કોઈપણ જાતના આગ્રહ વિના, સમાધિનું જ મુખ્ય લક્ષ્ય રાખીને, ઉપર, નીચે તથા તિર્છાલોકમાં રહેલા વિવિધ પદાર્થોના સ્વરૂપનું પ્રભુ ધ્યાન કરતા હતા.

ક્રોધ, માન, માયા લોભથી રહિત, આસક્તિથી રહિત તથા શબ્દ અને રૂપમાં મૂર્છારહિત બનીને પ્રભુ ધ્યાન કરતા હતા.

વિવિધ પ્રકારે સાધનામાર્ગમાં પરાક્રમ કરતા પ્રભુ છદ્મસ્થ અવસ્થામાં હતા ત્યારે પણ તેમણે કોઈવાર પ્રમાદ કર્યો નહોતો.

સ્વયમેવ સંસારના સ્વરૂપને જાણીને, આત્મશુદ્ધિથી મન–વચન–કાયાના યોગોને સુંદર રીતે એકાગ્ર કરીને અત્યંત ઉપશાંત બનેલા તથા માયારહિત ભગવાન્ યાવજ્જીવ સમિત રહ્યા હતા.

કોઈ પણ પ્રકારના હઠાગ્રહથી રહિત, અહિંસક તથા બુદ્ધિમાન્ ભગવાન્ મહાવીર પ્રભુએ આ માર્ગનું આચરણ કર્યું છે.

[ભગવાન્ સુધર્માસ્વામી જંબૂસ્વામીને ઉદ્દેશીને કહે છે કે] આ પ્રમાણે તમને પ્રભુની સાધના વિષે કહું છું.

(સંપૂર્ણ)

તા. ૨૧-૬-૭૫
અંક : ૨૩ ( પૂર્તિ )

Regd No. G. BV. 20
JAIN OFFICE-BHAVNAGAR

# પૂર્તિના સહાયકો

શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી
શ્રી દેવચંદભાઈ સી. શાહ
શ્રી મોતીલાલ વીરચંદ શાહ
શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
શ્રી નારણજી શામજી મોમાયા
શ્રી કેશવલાલ બુલાખીદાસ
શ્રી જયંતભાઈ એમ. શાહ
શ્રી રસિકલાલ સી. શાહ
શ્રી જગદીશચંદ્ર બાબુભાઈ
શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રી રાયચંદ ગુલાબચંદ
શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી
શ્રી રમણલાલ નગીનદાસ પરિખ
શ્રી કુંજીલાલ સુંદરમલ જૈન
શ્રી રસિકલાલ નાથાલાલ કોરા
શ્રી આદીશ્વર મંદિર ચે૦ ટ્રસ્ટ

શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
શ્રી મોહનલાલ સી. શાહ
શ્રી સારાભાઈ લક્ષ્મીચંદ ઝવેરી
શ્રી ઉમેદમલજી હજારીમલજી
શ્રી રવજી ખીમજી છેડા
શ્રી પાનાચંદ ડુંગરશી તુરખિયા
શ્રી દેવચંદભાઈ જેઠાલાલ શાહ
શ્રી રતિલાલભાઈ એમ. નાણાવટી
શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ શાહ
શ્રી હીરાલાલભાઈ એલ. શાહ
શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી
શ્રી પ્રતાપરાય ભોગીલાલ
શ્રી વૃજલાલ કપૂરચંદ મહેતા
એક સદ્‌ગૃહસ્થ-મુંબઈ
શ્રી કાંતિલાલ ચુનીલાલ ચોકસી
શ્રી જેસીંગલાલ લલ્લુભાઈ ઝવેરી

શ્રી ચિત્તરંજન દામોદર શાહ
શ્રી રસિકલાલ અમૃતલાલ મણીઆર
શ્રી રસિકલાલ ચમનલાલ
શ્રી રમણીકલાલ મણીલાલ
શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ
શ્રી ચંદ્રસેન જીવણલાલ ઝવેરી
શ્રી લાલજીભાઈ છગનલાલ
શ્રી પોપટલાલ છગનલાલ
શ્રી નેમજીભાઈ છગનલાલ
શ્રી હર્ષદભાઈ કે. શાહ
શ્રી વસનજી લખમશી
શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા
શ્રી મણિલાલ વીરચંદ શાહ
શ્રી જયંતિલાલ મણીલાલ
શ્રી ધરણીધર ખીમચંદ શાહ

### લેખન અને વકતૃત્વ સ્પર્ધા

ભ૦ મહાવીરસ્વામી ૨૫૦૦ મી નિર્વાણોત્સવ સમિતિ-તામીલનાડુના ઉપક્રમે રાજ્યભરની લગભગ ૩૦૦૦ સ્કૂલો અને ૧૮૨ કોલેજોમાં શ્રી મહાવીર પ્રભુના જીવન અને ઉપદેશ ઉપર લેખન અને વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી. રૂા. ૧૫ હજારના કુલ ઈનામો અપાયા.

દર વર્ષે એક વખત જૈનધર્મ સંબંધી વકતૃત્વસ્પર્ધા યોજવા તામીલનાડુ વિશ્વ વિદ્યાલયને રૂા. ૧૦ હજારની રકમ સમિતિ તરફથી આપવામાં આવી છે.

મદ્રાસમાં તા. ૧૬-૪-૭૫ના ધર્મચક્રનું શુભાગમન થતાં સમિતિએ ભવ્ય સ્વાગત કરેલ. ધર્મચક્ર સાથે આવેલ ૧૦૦૦ યાત્રિકોની ઉતરવા અને રહેવાની વ્યવસ્થા સુંદર કરવામાં આવી. પદ્મશ્રી મોહનલાલજી ચોરડિયાના પ્રમુખસ્થાને એક સમારોહ યોજી ધર્મચક્રના આયોજક શ્રી બાબુભાઈને માનપત્ર આપવામાં આવેલ.

### કેદીઓની મુક્તિ

મધ્યપ્રદેશની રાજ્ય સરકારે ભ૦ મહાવીરના ૨૫૦૦મા નિર્વાણોત્સવ વર્ષના ઉપલક્ષમાં ૬૧૩ કેદીઓને તેમની સજા માફ કરી મુક્ત કરેલ છે. તેમાં ૧ કેદીઓ જન્મટીપની સજાવાળા પણ હતા.

### જૈનચેરની સ્થાપના

ઉદયપુર વિશ્વવિદ્યાલયમાં જૈનચેરની સ્થાપના અ.ભા. સાધુમાર્ગી (સ્થાનકવાસી) સંઘ-બીકાનેર તરફથી બે લાખ રૂા. અને રાજ્ય સરકાર તરફથી ૧ લાખ રૂા. આપવાનો નિર્ણય લેવાતા જૈનચેર સ્થાપવાનું નક્કી થયેલ છે.

Regd. No. G. BV. 20

"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)

વા. લવાજમ
રૂા. ૧૫

વીર સંવત
૨૫૦૧
વિક્રમ સંવત
૨૦૩૧
જેઠ વદ ૫
તારીખ
૨૮–૬–૭૫
શનિવાર

વર્ષ ૭૨
સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
અંક ૨૪







# ભુલાયેલ ધ્યાનમાર્ગના મહાન સાધક

યોગનિષ્ઠ, સંતહૃદય, સમાજહિતચિંતક આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ વિક્રમની વીસમી સદીના શાસનપ્રભાવક મહાપુરુષ થઈ ગયા. તેઓનું ભવ્ય જીવન કેવળ જૈન સંઘ અથવા કેવળ વ્યાપક માનવસમાજ તરફ જ નહીં પરંતુ સમગ્ર જીવસમુદાય તરફ મૈત્રીભાવ અને ધર્મવાત્સલ્ય રાખવાના જૈન ધર્મના ઉચ્ચ આદર્શને વરેલું હતું; અને એ સર્વમંગલકારી આદર્શને જીવન સાથે એકરૂપ બનાવી દેવા માટે તેઓએ જીવનભર પુરુષાર્થ કર્યો હતો.

તેઓનો જન્મ થયો, એ પુણ્યઘટનાને થોડા દિવસ પહેલાં એકસો એક વર્ષ પૂરાં થયાં; અને એમનો સ્વર્ગવાસ થયાને તાજેતરમાં જ (ગત જેઠ વદિ ત્રીજના જ દિવસે) અરધી સદી પૂરી થઈ. આ નિમિત્તે, શ્રીસંઘમાં, એમના પુણ્ય સ્મરણ માટે, નાના–મોટા ધર્મોત્સવો યોજવામાં આવ્યા છે, તે પ્રસંગે, અમારી નમ્ર શ્રદ્ધાંજલિરૂપે, તેઓશ્રીના ગુણોનું યત્કિંચિત સંકીર્તન કરતાં આનંદ થાય છે.

સમાજની વ્યવસ્થામાં, અમુક વર્ણ અને અમુક જાતિને ઉચ્ચ અને અમુક વર્ણ અને અમુક જ્ઞાતિને હલકાં લેખીને એમાં જન્મ ધારણ કરવાને કારણે માનવસમૂહમાં ઊંચ–નીચપણાનો ગમે તેટલો ભેદ પાડવામાં આવે, પણ ઉત્કૃષ્ટ મંગલરૂપ ધર્મના દ્વારે તો ન આવા ભેદને કોઈસ્થાન છે, ન કોઈ પણ પ્રકારનું મહત્ત્વ; આવા ભેદો કેવળ નકલી અને ખુદ માનવજાતના જ વિરોધી એવા સ્વાર્થી, સત્તાપ્રેમી અને સંકુચિત મનના માનવીઓએ જ ઊભા કરેલા ભેદો છે. ધર્મક્ષેત્ર તો વડલા જેવું વિશાળ ગણાય છે; અને સૌકોઈને આશ્રય આપવાનું એનું

**મ ણ કો**

જે મનુષ્યો અન્યોને ચમત્કારો બતાવવા માટે અને પોતાની બાહ્યકામનાઓ પૂર્ણ કરવાને માટે યોગની આરાધના કરે છે, તેઓ યોગમાર્ગની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશી શકતા નથી. યોગથી ચમત્કારો પ્રાપ્ત થાય છે, પણ યોગીએ બાહ્ય કામનાનો ત્યાગ કરીને નિષ્કામ બુદ્ધિથી યોગની સાધના કરવી જોઈએ. મદારીની પેઠે યોગથી કોઈ સામાન્ય ચમત્કાર પ્રાપ્ત કરીને, લોકોમાં જે જ્યાં ત્યાં ખેલ કરીને બતાવે છે, તે મનુષ્ય યોગની ઉચ્ચ ભૂમિમાં પ્રવેશી શકતો નથી.

—યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી

કામ છે; તો પછી એના પવિત્ર દ્વારે અમુક માનવીઓને આવકાર અને અમુકને જાકારો મળે એવું બને જ શી રીતે? વ્યવહારમાં આવું નથી જ બનતું એમ તો કેવી રીતે કહી શકીએ? પણ એટલું ખરું કે જ્યાં અને જ્યારે પણ આવું બનતું દેખાય ત્યાં સમજવું કે જેને આપણે ધર્મ સમજી બેઠા છીએ એ સાચો ધર્મ નહીં પણ ધર્મનું આત્મા વગરનું કલેવર, ધર્મનો પડછાયો અથવા તો ધર્મનો આભાસ માત્ર જ છે. આવા ધર્માભાસરૂપ ધર્મથી આપણું અને બીજાઓનું કલ્યાણ થાય એવી આશા રાખવી એ તો મૃગજળમાંની સરિતાનો પ્રવાહ વહી નીકળવાની આશા રાખવા જેવું નિરર્થક છે.

તેમાંય જૈન ધર્મ તો, ન તો વર્ણ કે જ્ઞાતિને કે ન તો સમાજમાં વિશિષ્ટ ગણાતી વ્યક્તિને અંધશ્રદ્ધા પ્રેરિત મહત્ત્વ આપીને, વગર વિચાર્યે, એનામાં સાચી ધાર્મિકતા હોવાની વાતનો સ્વીકાર કરે છે કે ન તો એવાને જ ધર્મની આરાધના કરવાનો અધિકાર છે એમ માને છે. જૈન ધર્મ તો ગુણપ્રધાન ધર્મ છે, એટલે જ્યાં ક્યાંય ગુણો અને એનો વિકાસ થતો દેખાય, ત્યાં એ ધર્મીપણાની મહોર મારે છે—ભલે પછી એવી ગુણવાન વ્યક્તિ ગમે તે વર્ણ, ગમે તે જ્ઞાતિ કે ગમે તે દેશમાં જન્મી હોય. જૈન સંસ્કૃતિમાં સાચો મહિમા ઉચ્ચ ગણાતાં વર્ણ, કુળ કે જ્ઞાતિમાં જન્મ લેવાનો નહીં પણ કર્મનો એટલે કે કાર્યો અથવા કરણીનો છે. સારી, સાચી અને ઊંચ પ્રકારની કરણી કરે તે સારો, સાચો અને ઊંચો. અને ખરાબ, ખોટી અને હલકી પ્રવૃત્તિ કરે તે ખરાબ, ખોટો અને હલકો : માનવીના સારા–ખોટાપણાને કે ઊંચ–નીચપણાને માપવાનો જૈન સંસ્કૃતિનો આ ગજ છે, અને તે સાચો છે. અને જૈન ધર્મની અન્ય ધર્મો કરતાં વિશિષ્ટતા દર્શાવતી સાચી ભેદરેખા પણ આ જ છે. આવી બહુ ઉત્તમ કોટીની અને ધર્મના પાયારૂપ વાત જૈન સંઘ પચાવી અને પાળી ન શકે એ સંઘની પોતાની કે માનવસમાજમાં ઘર કરી ગયેલી કમજોરી છે, નહીં કે જૈન ધર્મની. ધર્મનું કામ તો ન્યાય, નીતિ અને સત્યનો માર્ગ દર્શાવવામાં પૂરું થાય છે—ભલે પછી એનો લાભ લેનારા ઓછા નીકળે કે વધુ નીકળે! જીવમાત્ર તરફ સમભાવ કેળવવાનો ઉપદેશ આપતો હોય તે માનવમાત્રને સમાન માનવાના સિદ્ધાંતને સ્વીકારે અને કોઈપણ જાતના ભેદભાવ વગર એને પોતાના દ્વારે આવકાર આપે, એમાં શી નવાઈ?

પોતાના દ્વારે માનવમાત્રને આવકાર આપવાની જૈન ધર્મની આ વાત એ કંઈ કોઈ અવ્યવહારુ સિદ્ધાંત કે કલ્પનાના ઉડ્ડયન જેવી બાબત નથી; પણ તીર્થંકરોએ પોતાની સાધના અને સર્વજ્ઞતાના બળે કરેલ વિશ્વના અવલોકનના આધારે નક્કી કરેલી નક્કર હકીકત છે. સમાજમાં જેમને હલકા ગણવામાં આવે છે એવાં કુળ, જ્ઞાતિ કે વર્ણમાં ઉત્પન્ન થયેલ સંખ્યાબંધ આત્માઓ ભગવાન તીર્થંકરના ધર્મનું આલંબન લઈને પોતાના આત્માનો ઉદ્ધાર કરી ગયા છે. અને એમાંના

કેટલાકનાં ચરિત્રોની નોંધો પણ આપણાં ધર્મશાસ્ત્રોમાં સચવાયેલી છે. આચાર્યપ્રવર શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની જીવનસાધના અને એમાં એમણે મેળવેલી સિદ્ધિ આવાં પ્રેરક ઉદાહરણોમાં એક વિશેષ નોંધપાત્ર અને આહ્લાદક ઉમેરો કરે છે; અને "ગાય વાળે તે ગોવાળ"ની જેમ "ધર્મ કરી જાણે તે ધર્મી" એ ધર્મની પાયાની વાતનું ઉદ્બોધન કરે છે.

ક્યાં અભણ ગણાતી અને મહેનત-મજૂરી કરીને જીવવા ટેવાયેલી કણબી કોમ અને ક્યાં એ કોમમાંથી પાકેલ સાહિત્યસિદ્ધ અને યોગસિદ્ધ આત્મસ્વરૂપથી જળહળતા આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી! આ જોઈને પળવાર તો લીંબડે કેરી પાક્યા જેવી કે કચરામાંથી હીરો મળી આવ્યા જેવી નવાઈ જ લાગે! પણ જેઓ આત્મામાં રહેલી અનંત અને અદ્ભુત શક્તિની ભગવાન તીર્થંકરે કહેલી વાતનો મર્મ જાણતા હોય છે, તેઓને આમાં નવીનવાઈ જેવું ભાગ્યે જ લાગે છે. જે ધર્મપુરુષાર્થ કરે તે એનું ફળ અવશ્ય મેળવે, એવી સ્વાભાવિક અને સાદી સમજની આ વાત છે.

આચાર્યશ્રીનું વતન ઉત્તર ગુજરાતમાં વીજાપુર ગામ. પિતાનું નામ પટેલ શિવદાસ; માતાનું નામ અંબાબાઈ; વિ. સં. ૧૯૩૦ના શિવરાત્રીના મહાપર્વના દિવસે એમનો જન્મ; નામ બહેચર.

એ નામની પણ એક નાનકડી રોમાંચક વાત છે. બાળક દોઢેક વર્ષનું થયું હશે. ઘરનાં બધાં ખેતરે કામ કરતાં હતાં. જેઠનો મહિનો હતો. ગરમી કહે મારું કામ. બાળકને પિલુડીની છાયામાં, ડાળ ઉપર બાંધેલ ખોયામાં, સુવાડયું હતું, અચાનક માતાની નજર એ તરફ ગઈ. જોયું તો એક ફણીધર નાગ ત્યાં ઝૂલી રહ્યો હતો. જરાક નીચે ખોયામાં ઊતરે અને ડંખ મારે એટલી જ વાર; પળવારમાં બાળક ભગવાનના ઘરનું મહેમાન બની જાય! બધાંના જીવ તાળવે ચોંટી ગયા. બાળકને બચાવવા સૌ ઇષ્ટદેવને સંભારી રહ્યાં. માતાએ બહુચરમાની માનતા માની. બાળક કાળના ઝપાટામાંથી ઊગરી ગયું. બહુચરમાની કૃપાને સદા યાદ રાખવા બાળકનું નામ પાડયું બહેચર!

બહેચરનો જીવ કોઈ અનોખો હતો. કાયા તો એની કણબી-ખેડૂતના દીકરા જેવી ખડતલ અને પડછંદ હતી—મહેનત કરતાં ક્યારેય થાકે નહીં એવી. સહુનાં કામમાં એનું કામ પણ સવાયું દીપી નીકળે એવું. પણ એનું મન કોઈ અજબ સંસ્કારના એરણ ઉપર ઘડાયું હતું. એના મનમાં કંઈ કંઈ કલ્પનાઓ ઊઠતી—જીવનને જીવી જાણવાની, જ્ઞાનને હાંસલ કરવાની અને આત્માને ઉજાળવાનો ઉદ્યમ કરીને માનવદેહને દીપાવી જાણવાની. એને થતું, આ માટે શું કરું અને શું ન કરું! એનું અંતર મનના ભાવોને સફળ કરવા માર્ગો શોધ્યા જ કરતું હતું.

ઉંમર તો હજી ઊગતી જ હતી પણ, આચાર્યશ્રીના જીવનની વિગતો કહે છે કે, બહેચરનો જીવ જાણે બે સંસ્કારો લઈને આ ધરતી ઉપર આવ્યો હતો: એક સંસ્કાર હતો જ્ઞાનની ઉપાસના કરવાનો; બીજો હતો આત્માની સાધના કરવાનો. સારું સારું ભણવું, વાંચવું અને વિચારવું અને સંતોની સંગતિ અને સેવા કરવી એ એનું રોજનું વ્યસન બની ગયું હતું. જૈનમુનિ રવિસાગરજી મહારાજના સંપર્કે એની આ ભાવનાને વિકસાવવામાં ખાતર, હવા અને પાણીનું કામ કર્યું.

વિદ્યાની ઉપાસનાની ઝંખના પૂરી થઈ શકે એટલું નિશાળનું ભણતર તો કણબીનો આ દીકરો ન કરી શક્યો; પણ જ્ઞાનસાધનાની અંતરની ઊર્મિઓ કંઈક ને કંઈક પણ માર્ગ શોધતી જ રહેતી હતી; અને દિલની સચ્ચાઈથી શોધ અને પ્રયત્ન કરનારને માર્ગ પણ મળી જ રહે છે. એમાં વળી બહેચરનું ચિત્ત જન્મથી જ ઉદારતાના દિવ્ય રસાયણથી રસેલું હતું; એટલે વિદ્યા મેળવવા માટે એને કોઈપણ વ્યક્તિ પાસે જતાં લેશ પણ સંકોચ થતો ન હતો. બનવાકાળ તે એને જૈન

મુનિવરો અને જૈન સદ્ગૃહસ્થોનો સંગ કરવાનો લાભ મળ્યો; એ સંગ એને ખૂબ ભાવી ગયો અને એના જીવનનું ઘડતર કરનારો બની ગયો. જ્ઞાનસાધના અને જીવનસાધનાના બન્ને માર્ગો જાણે એની સામે ખૂલી ગયા. કણબીનો આ બડભાગી દીકરો, "ભણ્યો કણબી કુટુંબ બોળે" એ કહેવતને ખોટી પાડીને, પોતાના જીવનમાં અને જનસમાજમાં જ્ઞાન-ચારિત્રના ઉત્તમ સંસ્કારોનું વાવેતર કરીને જીવનઘડતરનો અદ્ભુત પાક ઉગાડનાર દિવ્ય ખેડૂત બની ગયો. જૈન સંઘ અને જનસમુદાય એ ખેડૂતનો કેટલો બધો ઓશિંગણ બન્યો છે!

જ્ઞાનવૃદ્ધિ અને આત્માની ઉન્નતિના આશક આત્માને ખેડૂતજીવનના ખેતીવાડીના વ્યવસાય અને ઘરસંસારના વ્યવહારની ચોકાબંધીમાં બંધાઈ રહેવું કેવી રીતે મંજૂર હોય? એમાં તે એને નરી રૂંધામણનો જ અણગમતો અનુભવ થાય! પણ બહેચરને આવી રૂંધામણમાં ઝાઝો વખત અટવાઈ રહેવું ન પડ્યું. એણે આપમેળે અને સંતસમાગમના બળે પોતાના મનના મનોરથ સફળ કરવાનો માર્ગ શોધી કાઢ્યો.

હેરત પમાડે એવી બાબત તો એ છે કે, વ્યાવહારિક શિક્ષણમાં વધારે આગળ વધવાને બદલે બહેચરે ધર્મના શિક્ષણમાં—અને તે પણ જૈન ધર્મના શિક્ષણમાં—આગળ વધવાનો પુરુષાર્થ કર્યો; અને એમાં એને એવી સફળતા મળી કે આજોલની જૈનધર્મની પાઠશાળાના શિક્ષક બનવાનું ગૌરવ એને મળ્યું.

વખત જતાં આજોલનું ક્ષેત્ર ટૂંકું લાગ્યું અને તેઓ મહેસાણાની સુપ્રસિદ્ધ શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળામાં જઈ પહોંચ્યા—અહીં એને અનેક જૈન સાધુ-સંતો, સાધ્વીજીઓ, શેઠ શ્રી વેણીચંદ સૂરચંદ જેવા ધર્માત્મા શ્રાદ્ધરત્નો, અને ધર્મનાં રંગે રંગાયેલી શ્રાવિકા બહેનોનો સંપર્ક મળ્યો; અહીં ધર્મનું વિશેષ અધ્યયન કરવાની સાથે સાથે અધ્યાપન કરાવવાનો પણ અવસર મળવા લાગ્યો; ક્યારેક ક્યારેક તો સાધુ-સાધ્વીઓને ભણાવવાનો પણ અવસર મળી જતો. બહેચરના મનનો મોરલો આનંદથી નાચી ઊઠ્યો.

વળી, એમની વિદ્યાપ્રીતિ કંઈ નવું નવું જાણીને સંતોષ પામે એવી મર્યાદિત પણ ન હતી; એ આત્મામાં તો ક્યારેક ક્યારેક સાહિત્યનું સર્જન કરવાની વિરલ પ્રતિભા પણ જાગી ઊઠતી અને ક્યારેક કવિતારૂપે તો ક્યારેક નિબંધરૂપે વહેવા લાગતી. બીજી બાજુ, સમયના વહેવા સાથે, ધર્મનું આરાધન કરવાની ભાવના પણ વધુ ને વધુ ઉત્કટ બનતી જતી હતી અને એમને વ્રત, તપ, સંયમના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપ્યા કરતી હતી. ધર્મક્રિયા તરફની આ રુચિએ બહેરદાસને નાની ઉંમરથી જ ધ્યાનસાધનાનો રંગ લગાવી દીધો હતો.

આ બધું જોઈને સૌને એમ જ લાગતું કે આ પાટીદાર યુવાન છેવટે જૈન ધર્મના સાધુ બનશે. પણ બહેચરદાસની ઇચ્છા સાધુ બનવાને બદલે આદર્શ શ્રાવક બનીને શાસનની અને સંતોની સેવા કરવાની અને એ રીતે પોતાના જીવનને ધન્ય બનાવવાની હતી. એટલા માટે તો એમણે આજીવન બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લીધું હતું.

પણ ભવિતવ્યતા કંઈક જુદું જ ચાહતી હતી—નજીકના ભવિષ્યમાં જ ચોમેર જળહળી ઊઠનાર પ્રકાશપુંજ ગૃહસ્થજીવનના ઓરડામાં રૂંધાઈ રહે એ જાણે કુદરતને મંજૂર ન હતું.

મુનિરત્ન રવિસાગરજી મહારાજ વિ. સં. ૧૯૫૪માં કાળધર્મ પામ્યા; અને એમની આજ્ઞા-ઇચ્છાને પૂરી કરવા બહેચરદાસે વિ. સં. ૧૯૫૭ની સાલમાં પાલનપુરમાં મુનિશ્રી રવિસાગરજીના

શિષ્ય મુનિવર્ય શ્રી સુખસાગરજીના શિષ્ય તરીકે દીક્ષા લીધી. નામ રાખ્યું મુનિ બુદ્ધિસાગરજી—સાચે જ, પોતાની જ્ઞાનસાધના અને વિપુલ સાહિત્ય સર્જન દ્વારા, એ નામને સાર્થક કરીને તેઓ જ્ઞાનના મહેરામણ બની ગયા. દીક્ષા વખતે એમની ઉંમર ૨૭ વર્ષની હતી.

પછી તો મુનિ બુદ્ધિસાગરજીનું જીવન જ્ઞાનસાધના, ધ્યાનસાધના અને સંઘકલ્યાણ તથા લોકકલ્યાણની સાધના રૂપ ત્રિવિધ સાધનાને માર્ગે આગળ વધવા લાગ્યું અને એમનો શતદળ કમળની જેમ વિકાસ થવા લાગ્યો. અને એમનું દિલ, જૈનધર્મની જ્ઞાન-ચારિત્રની સાચી આરાધનાના ફળરૂપે, દરિયા જેવું વિશાળ બની ગયું અને તેઓ જૈનધર્મના ગુરુ હોવા છતાં સર્વલોકના-અઢારે આલમના-ગુરુ તરીકેના અતિવિરલ ગૌરવના અધિકારી બની ગયા.

સાચો વેપારી, ન્યાય-નીતિની લક્ષ્મણરેખાને સાચવીને, જ્યાંથી નફો થાય એવો વેપાર ખેડે અને બધા ઘરાગને હેતથી આવકાર આપે, એવું જ જીવન-વિકાસનું સમજવું. જેને સાચા અર્થમાં પોતાના જીવનને નિર્મળ અને ઉન્નત બનાવવું હોય તે, જ્યાંથી પણ આવું માર્ગદર્શન મળે એમ હોય ત્યાંથી વિના સંકોચે અને હોંશપૂર્વક સ્વીકારે. મુનિ બુદ્ધિસાગરજીએ જોયું કે ઓરીઆ મહાદેવના આશ્રમના મહંત અને ઓરીઆસ્વામીના નામે ઓળખાતા શ્રી સદાનંદ સરસ્વતી અષ્ટાંગયોગના સારા જાણકાર છે, તો એમની પાસે જઈને એમણે એમના એ જ્ઞાનનો લાભ લીધો; અને ધ્યાનયોગમાં પ્રગતિ કરવા માંડી.

વળી, એમનું મન એવું પૂર્વગ્રહોથી મુક્ત, ઉદાર અને વિશાળ હતું કે જૈન સમાજની ઉન્નતિના નવા નવા વિચારો એમાં જાગતા જ રહેતા હતા. શ્રાવકસંઘની સંભાળ રાખવાનું અને ઊગતી પેઢીને વ્યાવહારિક તેમ જ ધાર્મિક જ્ઞાન આપવાનું એમને ખૂબ ખૂબ જરૂરી લાગતું હતું. અને આ માટે તેઓ યથાશક્ય પ્રયત્ન પણ કરતા જ રહેતા હતા.

એમનું સાહિત્ય-સર્જન જેટલું વિપુલ છે એટલું જ વિવિધ વિષયને સ્પર્શતું છે. એ ગદ્યમાં પણ છે અને પદ્યમાં પણ છે; એ સંસ્કૃતમાં પણ છે અને ગુજરાતમાં તો ઢગલાબંધ છે. અને એમનાં કાવ્યો અને ભજનો તો ગુજરાતી ભાષાની અમૂલ્ય મૂડી અને સામાન્ય જનતાની વિરલ સંસ્કાર-સંપત્તિ બની રહે એવાં હૃદયંગમ અને વ્યાપક ધર્મભાવનાથી ભરેલાં છે. આવા કીમતી સંસ્કારધનને આપણે જ જનસમુદાય સુધી પહોંચતું નથી કરી શક્યા તે જૈનસંઘની બેદરકારી અને વિશેષે કરીને એમની શિષ્યપરંપરાની ઉદાસીનતાનું જ પરિણામ સમજવું જોઈએ. આજે પણ આ સાહિત્ય એટલું જ ઉપકારક અને ઉપયોગી બની રહે એવું છે.—કદાચ વધતી જતી આચાર વિમુખતાના આ યુગમાં તો એ વિશેષ પ્રેરક અને માર્ગદર્શક બની રહે એવું ગણાય. શી એની ગુણવત્તા છે! ક્યારેક કોઈક સંગીતપરિષદ કે ભજનમંડળી યોજીને એનો આસ્વાદ અને લાભ લેવા જેવો છે. આળસને ઉડાડી મૂકે, ચેતનાને જાગ્રત કરે, સરળ અને ટૂંકી ભાષામાં ધર્મનો અને માણસાઈનો ઘણો ઘણો મર્મ સમજાવી જાય અને અંતરને કૂણું કૂણું અને ગદ્દ્ગદ બનાવી મૂકે એવું જીવંત આ સાહિત્ય છે. એમની શિષ્યપરંપરા, એમણે સ્થાપેલી સંસ્થાઓ, એમના અનુરાગી જૈન-જૈનેતર ગૃહસ્થ મહાનુભાવો અને વ્યાપક જૈન સંઘ આ દિશામાં પ્રયત્નશીલ બને એ ખાસ ઇચ્છવા જેવું છે. છેવટે એમના સ્વર્ગવાસની અર્ધશતાબ્દીની ઉજવણીના આ વર્ષ દરમ્યાન એમણે રચેલ ભજન-પદ-કાવ્યોના ગાનના થોડાક પણ સમારોહ જુદે જુદે સ્થાને યોજાય તો જૈન સંઘને પોતાના આ સાહિત્યધનનો જરૂર કંઈક ખ્યાલ આવે. આ કામ ખાસ કરવા જેવું છે. કોઈકને એ કરવાનું સૂઝી આવે તો કેવું સારું!

એ જ રીતે એમનું ગદ્ય સાહિત્ય પણ નાની-નાની પુસ્તિકાઓ રૂપે નવેસરથી પ્રગટ કરવાની કોઇ યોજના કરવામાં આવે એ ઇચ્છવા જેવું છે.

આપણા સંઘના એક સમર્થ આચાર્ય, માળાના મણકાની સંખ્યા કરતાં પણ વધુ સંખ્યાનાં પુસ્તકોનું સર્જન-સંપાદન કરીને આપણને સોંપતા જાય એ બીના તો સમસ્ત જૈનસંઘને યશનામી અને ગૌરવાન્વિત બનાવે એવી છે. કમનસીબે સાવ નાના નાના વાડામાં બંધિયાર અને રાગ-દ્વેષને પરિણતિના પોષક બનીને આપણે આનું મૂલ્ય નથી આંકી શકતા એ માટે કોને શું કહીએ? પણ જે એનું વાચન-મનન કરશે તે તો અવશ્ય લાભ મેળવશે એમાં જરાય શક નથી

આ રીતે જોઈએ તો આચાર્યદેવ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ જ્ઞાનયોગ, ધ્યાનયોગ અને લોકોપકારક કર્મયોગ-એ ત્રણે યોગના ઉપાસક હતા; અને તેઓ ભક્તિયોગના સાધક ન હતા એમ પણ કેવી રીતે કહી શકીએ? એમની કૃતિઓ એની પણ સાક્ષી આપે છે.

આમ છતાં એમની નામના જ્ઞાનયોગી અને ધ્યાનયોગી તરીકે અને તેમાંય ધ્યાનયોગી તરીકે વિશેષ હતી તે સુવિદિત છે. એમ કહેવું જોઇએ કે એમણે જૈન પરંપરામાંથી ભૂંસાતી નહીં તો છેવટે ભુલાતી જતી ધ્યાનસાધનાને સજીવન કરવાનો સમર્થ પ્રયત્ન કર્યો છે. લગભગ એમના જ સમયમાં આચાર્યમહારાજ શ્રી વિજયકેસરસૂરિજી મહારાજે પણ ધ્યાનસાધનાને વેગ આપવાનો એવો જ પ્રયાસ કર્યો હતો. પણ આપણા સંઘને બાહ્ય અને આડંબરી ધર્મક્રિયા પ્રત્યે એટલો બધો રસ છે કે આભ્યંતર તપની અને આત્મસાધનાની અંતિમ કોટી સમા ધ્યાનમાર્ગની પરંપરા આપણે ત્યાં પ્રવાહિત ન થઈ શકી; અને ધ્યાનમાર્ગના યાત્રિક આ બન્ને આચાર્યોના પ્રયાસોને વ્યવસ્થિતરૂપમાં આગળ વધારનાર કોઇ ન નીકળ્યું! આમ છતાં એ બન્ને મહાન આચાર્યો તો એથી પોતાનું શ્રેય સાધી જ ગયા.

આ પ્રમાણે પોતાના જીવનને ઊજળું બનાવીને ૫૧ વર્ષની ઉંમરે, વિ. સં. ૧૯૮૧ની સાલમાં, યોગસાધક આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સ્વર્ગવાસ પામ્યા. અમે એમના પવિત્ર આત્માને ભાવપૂર્વક વંદના કરીએ છીએ.

---

## સામયિક સ્ફુરણ

### સાધુઓના અભ્યાસની સગવડની જરૂર : આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીના ઉપયોગી વિચારો

જ્ઞાન એ તો દીવો છે. એના વગર ધર્મસાધના કે આત્મસાધનાનો માર્ગ પણ ચોખ્ખો દેખાતો નથી; અને તેથી સાધક પોતાની સાધનાનું જોઈએ તેવું ફળ મેળવી શકતો નથી.

આજથી છએક દાયકા પહેલાં આપણી સાધુસંસ્થાને માટે અભ્યાસની સગવડની જરૂર અંગે આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીએ જે વિચારો દર્શાવ્યા હતા તે આજે પણ ધ્યાન આપવા જેવા હોઈ અહીં રજૂ કરવા ઉચિત લાગે છે. તેઓએ કહ્યું હતું કે —

"સાધુઓને પૂર્વની પેઠે ભણાવવાની વ્યવસ્થા કરવામાં આવે તો સાધુઓનું જ્ઞાન વધે અને તેથી તેઓ ઉપદેશ દઈને લાખો-કરોડો મનુષ્યોનું કલ્યાણ કરી શકે. હાલમાં પ્રાચીન પઠન-પાઠનનો વ્યવસ્થાક્રમ જોઈએ તેવો રહ્યો નથી.

"પૂર્વે ગૃહસ્થો ગૃહસ્થાવસ્થામાં સંસ્કૃત આદિ ભાષાના જાણકાર હતા, તેથી તેઓ સાધુ થતા ત્યારે હાલની પેઠે પંચસંધિથી અભ્યાસ શરૂ કરાવવો પડતો ન હોતો, એમ પ્રાયઃ દેખવામાં-અનુભવવામાં આવે

છે. આચાર્યો, ઉપાધ્યાયો વગેરે ભણાવવાનું કાર્ય સારી રીતે કરતા હતા.

"ભિન્ન ભિન્ન ગચ્છના સાધુઓ હાલ અમુક સાધુ પાસે ભણી શકે એવી સ્થિતિ દેખવામાં આવતી નથી. તેમ જ એક ગચ્છના સાધુઓમાં પણ સંપના અભાવે વિદ્વાન સાધુઓની પાસે અભ્યાસ કરવાની અન્ય સાધુઓને અમુક કારણથી સગવડ મળી શકતી નથી.

"શ્રી દેવચંદ્રજી ખરતરગચ્છના હતા. તેમની પાસે તપાગચ્છના શ્રી ઉત્તમવિજયજીએ તથા શ્રી જિનવિજયજીએ પણ અભ્યાસ કર્યો હતો, એમ એમના ચારિત્ર ઉપરથી જણાય છે. ધર્મસાગરજી ઉપાધ્યાય પણ એક વખતે ખરતરગચ્છમાં કેટલાક વખત સુધી રહ્યા હતા, તે વખતે તેમની પાસે ખરતરગચ્છના સાધુઓએ અભ્યાસ કર્યો હતો, એમ અવબોધાય છે. ચૈત્યવાસી સાધુઓ પાસેથી પણ પૂર્વના સાધુઓ જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. હાલમાં તો જાણે સંકુચિત દૃષ્ટિ થઈ ગઈ હોય એવું ઘણે ભાગે લાગે છે.

"પ્રાચીન અને અર્વાચીન એ બે જમાનાના અભ્યાસનું યોગ્ય એવું મિશ્રણ કરીને સાધુઓને અભ્યાસ કરાવવાની આવશ્યકતા છે. જમાનાને ઓળખવો જોઈએ અને હાલના જમાનાના લોકોને ઉપદેશ આપી શકાય એવી પ્રણાલિકાથી અધ્યયન કરવું જોઈએ. રાજભાષાનો પણ સાધુઓએ અભ્યાસ કરવો જોઈએ. ભિન્ન ભિન્ન સંઘાડાના સાધુઓ કે જે અભ્યાસીઓ હોય તે એક ઠેકાણે ભણી શકે એવો સુધારો કરવો જોઈએ. સાધુઓ કૉલેજના વિદ્યાર્થીઓની પેઠે ભેગા મળીને અભ્યાસ કરે તો પરસ્પર એક-બીજાને ઘણું જાણવાનું મળી શકે. જમાનો વિદ્યુતવેગે દોડે છે, તેને સાધુઓ જવા દેશે તો જમાનાની પાછળ ઘસડાવું પડશે.

"ગુરુકુળની પેઠે આચારો સાચવીને ભણી શકાય એવી ઢબ પર એક સાધુગુરુકુળ થવાની ખાસ જરૂર છે. ત્રણ વર્ષથી આ સંબંધી વિચારો થાય છે. સાધુગુરુકુળમાં સર્વ ગચ્છના અભ્યાસ કરવાની યોગ્યતાવાળા સાધુઓને ભણાવવા માટે વ્યવસ્થા પ્રથમથી કરવી જોઈએ, અને જે સાધુઓ સાં અમુક હદ સુધીનો અભ્યાસ કરે તેને સંઘ તરફથી પદવી અપાવવી, અને સાધુગુરુકુળમાંથી નીકળ્યા બાદ અમુક સાધુઓની સાથે વિહાર કરી ઉપદેશ આપી શકે એવી વ્યવસ્થા ઉત્તમપ્રદ છે." (શ્રી જયભિખ્ખુ લિખિત "યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી," પૃ. ૨૪૭-૨૪૮.)

આ વિચારોમાં આચાર્યશ્રીની દીર્ઘદૃષ્ટિ, સમયને પારખવાની શક્તિ અને સંઘના ઉત્કર્ષ માટેની ધગશ પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે. આ વિચારો આજે પણ એટલા જ ઉપયોગી છે. એ એટલા સ્પષ્ટ રૂપમાં રજૂ થયા છે કે એ માટે વિવેચન કરવાની જરૂર નથી. આવી કંઈક વ્યવસ્થા ઊભી કરવાની દિશામાં શ્રીસંઘ વિચારે એ જ અભ્યર્થના.

## એક ભુલાઈ ગયેલી યોજનાની યાદ

બરાબર પચાસ વર્ષ પહેલાંની વાત છે. ત્યારે આચાર્યમહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગારોહણનો રજતમહોત્સવ, વીજાપુર મુકામે, સુંદર રીતે, મોટા પાયા પર ઊજવાયો હતો. તે વખતે એ મહોત્સવની અને સ્વર્ગસ્થ આચાર્યશ્રીની જીવનભરની સાહિત્ય સેવાની કાયમી સ્મૃતિરૂપે, "આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક"ની યોજના કરવામાં આવી હતી. જૈનસંઘમાં નોંધપાત્ર સાહિત્ય સેવા કરનાર વિદ્વાનોનું બહુમાન કરવાનો એનો ઉદ્દેશ હતો અને બે-ચાર વિદ્વાનોને એ ચંદ્રક અર્પણ કરવામાં પણ આવ્યો હતો. પણ પછી એ યોજના સાવ ભુલાઈ જ ગઈ! સ્વ. આચાર્યશ્રીના સ્વર્ગારોહણના સુવર્ણમહોત્સવ પ્રસંગે અમે એ ભુલાઈ ગયેલી યોજનાની યાદ આપીએ છીએ અને જરૂરી ફેરફાર સાથે એ ફરી શરૂ કરવામાં આવે એમ ઇચ્છીએ છીએ.

## ત્રાપજમાં ચાતુર્માસ પ્રવેશ

પં. શ્રી વિજયચંદ્રવિજયજી ગણિવર્ય તથા મુનિશ્રી પાર્શ્વચંદ્રવિજયજી મ૦ દાઠા મુકામે સંજોગવસાત ચાતુર્માસ મુલતવી, ત્રાપજ શ્રીસંઘની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી ચાતુર્માસાર્થે જેઠ સુદ ૧૩ના સામૈયાપૂર્વક અનેક ગહુંલી સહ ત્રાપજ પધાર્યા છે. વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ હતી.

## પાટણમાં ચાતુર્માસ

મુનિરાજશ્રી અમિતચંદ્રવિજયજી આદિ ઠા. ૨નો જેઠ સુદ ૧૦ના રોજ અહીં ચાતુર્માસ પ્રવેશ ધામધુમથી થયેલ છે. વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ હતી. સંઘમાં ઉત્સાહ સારો છે.

## અમદાવાદ–ખુશાલભુવન

મુનિરાજશ્રી અમીસાગરજી મ૦, મુ૦શ્રી સુધર્મ-સાગરજી મ૦ ઠા. ૩નો ચાતુર્માસ પ્રવેશ અત્રે અ. સુદ ૪ના પ્રાયઃ થશે.

# શિલાન્યાસ મહોત્સવ–હણાદરા

આબુની તળાટીમાં આવેલા પ્રાચીન તીર્થ હણાદરામાં જીર્ણ થયેલા જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવવા પૂ. પં. શ્રી સ્વયંપ્રભવિજયજી ગણીએ અથાગ પ્રયત્ન અને પ્રેરણા કરી, તે માટે ફંડ, કમિટી અને પેઢીની સ્થાપના કરાવી, જીર્ણ મંદિર ઉતરાવી ખાતમુહૂર્ત કરાવેલ.

તાજેતરમાં, જેઠ સુદ ૧૧ ને ગુરુવારના, પૂ. પંન્યાસજીની નિશ્રામાં, તેમના જ વાસક્ષેપપૂર્વક શિલાસ્થાપન કરવામાં આવેલ છે. આ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ, સાધર્મિકવાત્સલ્ય આદિ સુંદર થયેલ. ઉછામણી પણ દશેક હજાર રૂા. ની થઈ. શ્રી સંઘમાં ઘણા સમયથી બે પક્ષો પડી ગયા હતા તેનું આ પ્રસંગે સમાધાન કરી એકતા સાધવામાં આવી.

## કચ્છ–બારોઈમાં પ્રતિષ્ઠા મહોત્સવ

અહીંના ૩૫૦ વર્ષ પ્રાચીન જિનાલયનો જીર્ણોદ્ધાર કરીને નૂતન જિનપ્રાસાદનું નિર્માણ કરવામાં આવતા, તેમાં શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી વિમલનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા તથા ધ્વજદંડ–કલશારોપણ આદિ કરવા સાથે તે નિમિત્તે વૈ. સુદ ૧૧થી વૈ. વદ ૬ સુધી ૧૧ દિવસનો શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ ઘણા જ ઠાઠ અને ઉમંગથી સ્વ૦ મુનિવર્યશ્રી ભુવનવિજયજી મ૦ના શિષ્ય વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી જંબૂવિજયજી મ૦ આદિની નિશ્રામાં ઉજવવામાં આવ્યો હતો.

પૂ૦ મુનિરાજશ્રી અત્રેથી વિહાર કરી કચ્છ–પત્રી ચાતુર્માસાર્થે પધાર્યા છે.

## દીક્ષાર્થીનું બહુમાન–મહેસાણા

સુરતમાં અષાઢ સુદ ૨ના પૂ૦ પં૦ શ્રી સૂર્યોદયસાગરજી મ૦ પાસે દીક્ષા અંગીકાર કરનાર કપડવંજના વતની મુમુક્ષુ શ્રી કેસરીચંદ વાડીલાલ, જેમને મહેસાણા પાઠશાળામાં બે વરસ અભ્યાસ કર્યો હોય, મહેસાણા મુકામે તા. ૨૦–૬–૭૫ના પાઠશાળાના વિદ્યાર્થીઓ તરફથી, શ્રી બાબુલાલ જેસિંગલાલના પ્રમુખસ્થાને સન્માન સમારંભ યોજી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

## વાસા (રાજસ્થાન)

અત્રે નૂતન જિનાલયની ૨૦મી વર્ષગાંઠ ખૂબ જ ધામધુમપૂર્વક ઉજવવામાં આવી. તે નિમિત્તે શાંતિસ્નાત્ર સહીત અષ્ટાહ્નિકા મહોત્સવ રાખવામાં આવેલ. શાંતિસ્નાત્ર શેઠ ચમનમલ નથમલ (અમદાવાદ) તરફથી ભણાવવામાં આવેલ. આ પ્રસંગે લાભ લેવા અમદાવાદ, વડોદરા, ભરૂચ, મુંબઈ, ઉજ્જૈન, ઈન્દોર આદિ ગામોથી ઘણાં ભાવુકો આવ્યા હતાં. ૭ દિવસ સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## સંક્રાંતિ ઉત્સવ–અંબાલા શહેર

અત્રે તા. ૧૫–૬–૭૫ના સંક્રાંતિ ઉત્સવ ઉજવવામાં આવેલ. આ પ્રસંગે શ્રી સંઘે એક ઠરાવ કરી શાંતમૂર્તિ આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ૦ની દીર્ઘાયુષ પ્રાર્થના સાથે, ૮૫ વર્ષની વયે પણ દૂર દૂર સુધી વિહાર કરી જે શાસનસેવા કરતા રહ્યા છે; અને વિશેષ કરીને ઉત્તર ભારત જૈન સંઘને માર્ગદર્શન આપી રહ્યા છે તે બદલ નમ્ર ભાવે કૃતાર્થતા પ્રગટ કરેલ.

## એકાંતરા ૫૦૦ આયંબિલતપની પૂર્ણાહુતિનો મહોત્સવ–હિંમતનગર

અ. સૌ. હીરાબહેન ચંદુલાલ વખારિયાના એકાંતરા ૫૦૦ આયંબિલતપની આરાધના સુખરૂપ પૂર્ણ થતાં, તે નિમિત્તે વૈ. સુદ ૩ થી સુદ ૮ સુધીનો પંચાહ્નિકા મહોત્સવ પૂ૦ આ૦ શ્રી વિજયનવીનસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં ઠાઠથી ઉજવવામાં આવ્યો. સુદ ૮ ના સિદ્ધચક્ર મહાપૂજન ભણાવવામાં આવેલ.

### તપસ્વીનું બહુમાન—કલકત્તા

અત્રે ચાતુર્માસાર્થે પધારેલા પ્રખર પ્રવચનકાર પં. શ્રી વિશાલવિજયજી ગણિવર્ય (વિરાટ)શ્રીનું કલાકાર સ્ટ્રીટ, જૈનભવનમાં તા. ૧૫-૬-૭૫ના જાહેર પ્રવચન યોજાયા બાદ લીંબવાળા શ્રી અમૃતલાલ શિવલાલ શાહની વર્ધમાનતપની ૭૭મી ઓળીની પૂર્ણાહુતિને અનુલક્ષીને, તેઓનું બહુમાન કરવામાં આવેલ. તા. ૧૮ના ધર્માનુરાગી તારાબહેન કાંકરીઆએ તેઓનું પારણું સ્વહસ્તે કરાવી, તેમને હીરાની વીંટી ભેટ આપી હતી.

### વાલરાઇ (રાજસ્થાન)માં
### અંજનશલાકા-પ્રતિષ્ઠાની અપૂર્વ ઉજવણી

અંજનશલાકા-પ્રતિષ્ઠાની ઉજવણી મુનિશ્રી પદ્મવિજયજી મ૦ આદિની નિશ્રામાં તા. ૯-૬-૭૫થી ૧૯-૬-૭૫ સુધીના મહોત્સવપૂર્વક અપૂર્વ રીતે થઇ છે. ગામમાં વીજળી ન હોય, જનરેટર લાવી લાઇટથી ગામને ઝમઝમાવી દેવામાં આવેલ. હેલીકોપ્ટર દ્વારા થયેલ ફૂલવર્ષા અને લોકપ્રિય સંગીતકાર શ્રી જયંતકુમાર શાહીનું રાજસ્થાની સંગીત લોકોનું ગજબ આકર્ષણ બન્યું હતું. ઉછામણી પણ રેકર્ડરૂપ થયેલ.

## જૈસલમેર પંચતીર્થીની યાત્રા કરી દુર્લભ માનવજીવન સફળ કરો

પંચતીર્થી : જૈસલમેર પંચતીર્થીમાં જૈસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર તથા પોકરણના જિનાલય છે. તેમાં ૬૦૦૦ પ્રતિમાજી બિરાજમાન છે. આ અંગે શ્રીસમયસુંદરજી મ૦ કહે છે : 'જૈસલમેર જુહારીયે, દુઃખ વારીયે એ, અરિહંત બિંબ અનેક, તીર્થ તે નમુ એ.'

જૈ. જગતમાં જૈસલમેર અનેક વિશેષતાઓથી પ્રસિદ્ધ છે. વિશેષતાઓ : (૧) પ્રાચીન ભવ્ય-કલાત્મક જિનાલય તથા પના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) શ્રી જિનભદ્રસુર જ્ઞાનભંડાર, તાડપત્રીય ગ્રંથ. (૩) પ્રથમ દાદાગુરુ આ. શ્રી જિનદત્તસુરિજી મ૦ની પછેડી, ચોલપટ્ટો અને મુહપત્તિ; જે અગ્નિ-સંસ્કાર પછી અક્ષુણ્ણ રહ્યા છે. (૪) ચૌદમી સદીમાં મંત્રિત કરાયેલ અને ત્રાંબાની શલી લગાડેલ શ્રી જિનવર્ધનસુરીજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ જિનપ્રતિમાજી તથા ભેરવજીની મૂર્તિ. (૫) દાદાવાડી ઉપાશ્રય, અધિષ્ઠાયકદેવનાં દેવસ્થાનો તથા પટવાની હવેલીઓ; (૬) લોદ્રવપુરના અધિષ્ઠાયકદેવ જે ચમત્કારિક છે. ભાગ્યશાળીઓને કોઈ કોઈવાર દર્શન આપે છે.

સુવિધાઓ : યાત્રિકો તથા શ્રીસંઘોને રહેવાની તેમ જ પાણી અને લાઈટની પુર્ણ વ્યવસ્થા છે. ઉપરાંત, શ્રદ્ધાળુ દાનવીરો દ્વારા કાયમી તિથીના સહયોગથી પ્રતિદિન ભોજનશાળા ચાલે છે.

જવા-આવવાના સાધનો : જૈસલમેર પહોંચવા જોધપુરથી દિવસના બસ જાય છે અને રાત્રે ૧૦ વાગે ઉપડતી ટ્રેઈન સવારે ૮ વાગે જૈસલમેર પહોંચાડે છે. અમરસાગર, લોદ્રવપુર તથા બ્રહ્મસર જવા નિયમિત બસ મળે છે.

નોંધ : જીર્ણોદ્ધાર સમિતિના પ્રયાસોના ફળસ્વરૂપે જૈસલમેર પંચતીર્થીમાં આવેલા દરેક જીનાલયોના જીર્ણોદ્ધારનું કાર્ય પુર્ણ કરવાના ઠરાવ મુજબ શ્રી જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર દહેરાસર ટ્રસ્ટ દ્વારા નક્કી થયેલ છે. વર્તમાનમાં લોદ્રવપુરના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલે છે.

આ પુન્યક્ષેત્રની પંચતીર્થીની યાત્રા કરી અને ભંડારોના દર્શન કરી દુર્લભ માનવજીવન સફળ કરો.

નિવેદક : નેમચંદ જૈન ( પ્રચારમંત્રી, જૈન ટ્રસ્ટ ) C/o મે. જૈન્સ એન્ડ કું. ૧૦૧, યશવંત પ્લેઇસ, ચાણક્યપુરી નવીદિલ્હી-૧૧ ( ફોન : ઘર-૬૬૨૦૩૬, દુકાન-૬૭૧૭૭૬. )
નિવેદક : માનમલ ચોરડીયા ( વ્યવસ્થાપક ) શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન દેરાસર

## ચિત્તલ (અમરેલી)માં જન્મકલ્યાણકની ભવ્ય સામુદાયિક ઉજવણી

પૂ૦ આ૦શ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મ૦ના શિષ્યરત્ન મુનિશ્રી રત્નપ્રભવિજયજી આદિ ઠા. ૨ની નિશ્રામાં અત્રે ઓળીની ઉત્સાહભેર આરાધના થઈ હતી. ચાલુ પ્રવચનો તેમ જ 'માનવજીવનની સફળતા' એ વિષે યોજાએલા ચાર જાહેર પ્રવચનોમાં, ૫૦ વર્ષમાં ન જોયેલી એવી, જૈન–જૈનેતરોની વિશાળ મેદની થતી હતી. શ્રાવકોના ૧૨ ઘર છતાં નવ દિવસમાં કૂલ ૪૦૦ની સંખ્યામાં આયંબિલ થયા હતા. દિવસમાં ત્રણ–ત્રણ પ્રભાવના થતી.

ભ૦ મહાવીરસ્વામીના જન્મકલ્યાણકની ઉજવણીમાં સ્થાનકવાસી તેમ જ જૈનેત્તરોએ પણ ઉમંગથી ભાગ લીધો હતો. આ દિવસે સવારે સામુદાયિક સ્નાત્ર બાદ બેન્ડવાજા સહિત મંડળી, દાંડીયારાસ, ઘોડાગાડી, સુપનો, પ્રભુજીથી શોભતો વિશાળ સાજનમાજના યુક્ત વરઘોડો નીકળ્યો હતો, બપોરે જાહેર સભા અને રાત્રે ભાવનાનું ભવ્ય આયોજન થયું હતું. બન્ને પ્રસંગે બહેનોએ સંવાદનો કાર્યક્રમ રજૂ કરેલ, જેનું આકર્ષક સારું એવું રહેલ.

આ દિવસે ૧૨ ઘરમાં ૯૨ આયંબિલ અને મહારાજશ્રીની પ્રેરણાથી સ્થાનવાસી સમ્પ્રદાયમાં પણ લુંક ૧૫ના ૮૫ આયંબિલ થયેલા. વદ ૧ના સંઘજમણ તથા સ્થાનકવાસી અને જૈનેતરોના ઘરદીઠ બબ્બે લાડુની પ્રભાવના તેમ ગરીબોને મીઠા ભાત અપાયેલ.

આમ, ચિત્તલ સંઘમાં આ એક વિશિષ્ટ કોટીનો ચિરસ્મરણીય પ્રસંગ ઉજવાયો. મહારાજશ્રી અત્રેથી જૂનાગઢ, રાજકોટ-પ્રતિષ્ઠા પ્રસંગ ઉપર પધારી, ત્યાંથી ચાતુર્માસાર્થે વડોદરા (ઘડીઆળી પોળ, જાની શેરી) પધાર્યા છે.

## અહમદનગર (મહારાષ્ટ્ર)માં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

પૂ૦ આ૦ શ્રી વિજયસુદર્શનસૂરિજી મ૦ આદિ અહમદનગર શ્રીસંઘની આગ્રહભરી વિનંતી સ્વીકારી જેઠ સુદ ૩ના ચાતુર્માસાર્થે નગરપ્રવેશ કરતાં, શ્રીસંઘે ધામધુમથી ઘણા ઉમંગભેર સામૈયું કર્યું હતું. ઠેર ઠેર ગહુંલીઓ થઈ હતી. માંગલિક બાદ રોચક વ્યાખ્યાન થયું હતું. અન્તે લાડવાની પ્રભાવના થયેલ.

## મિયાગામ

પૂ૦ આ૦ શ્રી વિજયચિદાનંદસૂરિજી મ૦ આદિની નિશ્રામાં નવપદ ઓળીની આરાધના સુંદર થઈ. ભ૦ મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી વ્યાખ્યાન, વરઘોડો, પૂજા, પ્રભાવના તેમ જ રાત્રે પાલેજના શેઠશ્રી પીતાંબરદાસ મૂળચંદભાઈના પ્રમુખસ્થાને ભાષણો અને સાંસ્કૃતિક કાર્યક્રમપૂર્વક ઉમંગભેર થઈ હતી.

પૂ૦ આચાર્યશ્રી અત્રેથી પાદરા–શ્રી સંભવનાથ જિનાલયનો શતાબ્દી મહોત્સવ ઉજવી, રજા થઈને પુનઃ અત્રે જેઠ સુદ ૧૦ના ચાતુર્માસાર્થે પધારતાં, શ્રીસંઘે બેન્ડવાજા સાથે ઉમળકાભેર સામૈયું કર્યું હતું. માંગલિક, ગુરુપૂજન, પ્રવચન, પ્રભાવનાદિ આ પ્રસંગે થયેલ. પૂ૦ આચાર્યશ્રીનું ચાતુર્માસ અહીં ૧૭ વર્ષ બાદ થતું હોવાથી શ્રીસંઘમાં અનેરો આનંદ ફેલાયો છે.


મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમિત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર, મુંબઈ–૮૬

ઇશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ, અમદાવાદ

# ચાતુર્માસ પ્રવેશ

બોરસદ—પં શ્રી ચંદનવિજયજી ગણિવર્ય, મુનિશ્રી રત્નાકરવિજયજી મ૦ આદિ વડોદરાથી વિહાર કરી જેઠ વદ ૨ના બોરસદ ચાતુર્માસાર્થે પધારશે.

મજેરા (રાજસ્થાન)—પૂ૦ આ૦શ્રી વિજયહિમાચલસૂરિજી મ૦ના શિષ્ય પં. શ્રી રત્નાકરવિજયજી મ૦ આદિનું ચાતુર્માસ મજેરા નક્કી થયું છે. અગાઉ ઇન્દોર શ્રીસંઘની વિનંતીથી નક્કી થયેલ ચાતુર્માસ બે પક્ષોના જુદા-જુદા વલણને લીધે બંધ રાખી, મજેરા શ્રીસંઘની વિનંતી સ્વીકારવામાં આવી છે.

અમદાવાદ પાલડી—સ્વ૦ આ૦દેવેશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ૦ના શિષ્ય મુનિશ્રી ગૌતમસાગરજી મ૦ તથા મુનિશ્રી શશિપ્રભસાગરજી મ૦ અત્રે વિશ્વનંદીકર સંઘની વિનંતી સ્વીકારી ભગવાનનગર ટેકરા, જૈન ઉપાશ્રયે ચોમાસુ પધાર્યા છે.

નાગોર (રાજસ્થાન)—શ્રી પાર્શ્વચંદ્રગચ્છીય મુનિશ્રી વિનોદચંદ્રજી મ૦ આદિ નાગોર શ્રીસંઘની વિનંતી સ્વીકારી, પાલિતાણાથી ૬૯૦ માઈલનો ઉગ્ર વિહાર કરી શ્રી પાર્શ્વચંદ્રસૂરિ જ્ઞાનમંદિરે (ગુજરાતીઓની પોળે) ચોમાસુ પધાર્યા છે.

ઘોઈન્દા (રાજસમન્દ-રાજ૦)માં પ્રતિષ્ઠા

શ્રી શિતલનાથ ભગવાન આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા પૂ૦ મુનિશ્રી ગુણરત્નવિજયજી મ૦ આદિની નિશ્રામાં તા. ૧૧-૬-૭૫થી તા. ૧૮-૬-૭૫ સુધીના શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક ઘણા ઉલ્લાસથી થઈ છે.

## પ્રભુજી પ્રવેશ–પૂના

અત્રે સતારા રોડ પર આવેલા શ્રી આદિનાથ સોસાયટીમાં, શ્રી આદિનાથ સોસાયટી જૈન ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા તૈયાર થયેલ ૩ શિખરવાળા ભવ્ય જિનપ્રાસાદમાં, પૂ૦ આ૦શ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મ૦ તથા પૂ. આ૦શ્રી વિજયૐકારસૂરિજી મ૦ની પ્રેરણાથી પાવટા (રાજસ્થાન) શ્રીસંઘે અર્પણ કરેલ ૩૧ ઈંચના અતિ પ્રાચીન શ્રી આદિનાથ ભ૦ના ભવ્ય પ્રતિમાજીનો પ્રવેશ વૈ. સુદ ૧૩ને શુક્રવારના પૂ૦ આ૦શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયસુબોધસૂરિજી મ૦ આદિની નિશ્રામાં ભવ્ય વરઘોડા ચઢાવવા પૂર્વક થયો છે.

આ પ્રસંગ નિમિત્તે શાંતિસ્નાત્ર, વિવિધ પૂજા, નિત્ય આંગી, ભાવના આદિ પૂર્વક અષ્ટાહ્નિકા મહોત્સવ ઠાઠથી ઉજવવામાં આવેલ.

## વિદ્યાર્થીઓને લોન–સહાય

જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને એન્જીનિયરીંગ આર્કિટેકચર, દાકતરી, વાણિજ્ય, ચાર્ટર્ડ તથા કોસ્ટ એકાઉન્ટન્સી, બિઝનેસ મેનેજમેન્ટ, શિક્ષણ, લલિતકળા અથવા જૈન વિદ્યાના ઉચ્ચ અભ્યાસ માટે, ડિગ્રી અભ્યાસ માટે, ઈન્ટર મીડિયેટ પરીક્ષા પસાર કર્યા પછી અને ડિપ્લોમાના અભ્યાસ માટે એસ.એસ.સી. પરીક્ષા પસાર કર્યા પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોનરૂપે સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજીપત્રક રૂા. ૧-૨૫ મનીઓર્ડરથી કે ટપાલ ટિકિટ મોકલવાથી નીચેના સરનામેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૧૫મી જુલાઈ ૧૯૭૫ છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

જન્મ શતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ–૩૬



પાલિતાણામાં ભવ્ય રીતે ઉજવાયેલ
૫૦ વર્ષના દીક્ષાપર્યાય નિમિત્તેનો
## સુવર્ણ મહોત્સવ

અચલગચ્છીય સ્વ૦ ઉપાધ્યાયશ્રી રવિચંદ્રજી મ૦ના સમુદાયના સ્વ૦ સાધ્વીજી શ્રી કમલશ્રીજીમ૦ ના શિષ્યા વયોવૃદ્ધ સાધ્વીશ્રી કાંતિશ્રીજી મ૦ના પચાસ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાયની પૂર્ણતા નિમિત્તે અહીં સૂર્ય-કમલ-જય-કાંતિ ભવનમાં વૈ. વદ ૮થી ૧૨ સુધી જુદા જુદા સદ્‌ગૃહસ્થો તરફથી સિદ્ધચક્રપૂજન, નમિઉણ પૂજન અને ઋષિમંડલ પૂજન—એમ ત્રણ મહાપૂજનો સહિત પંચાહ્નિકા મહોત્સવ ઠાઠથી ઉજવાયેલ છે. તેમ જ બે હાથી સહિત ભવ્ય વરઘોડો પણ ચઢયો હતો. બહારગામથી મહેમાનો સારી એવી સંખ્યામાં પધાર્યા હતા. સાધર્મિક ભક્તિ સુંદર થઈ હતી.

### સ્કોલરશીપ મળશે

શાહ મોતીલાલ દલપતભાઈ કરાલાવાળાની સ્મૃતિ અર્થે સ્મારક સમિતિ તરફથી ઉચ્ચ કેળવણીમાં વધુ માર્કસ મેળવી ઉત્તીર્ણ થનાર ડભોઈના શ્વે. મૂ. જૈન વિદ્યાર્થીને રૂા. ૫૦ની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે. તે મુજબ ૨૦મા વર્ષની સ્કોલરશીપ મેળવવા નીચેના સરનામે નિયત ફોર્મ ભરી તા. ૧૦ જુલાઈના મળે તેમ મોકલવું. બહારગામથી ફોર્મ મંગાવનારે ૩૫ પૈસાની ટીકીટ બીડવી આવશ્યક છે. સરનામું– શાહ શાંતિલાલ મોતીલાલ. મંત્રી, શ્રી મોતીલાલ દલપતભાઈ સ્મારક સમિતિ, ઠે. શ્રીમાળી વગા, ડભોઈ (જિ. વડોદરા).

### પ્રતિષ્ઠા મહોત્સવ-ઉદયપુર

શ્રી ભંવરલાલજી સિંઘટવાડિયા તરફથી તેમના પિતાશ્રી રૂપલાલજી તથા માતુશ્રી ભુરબાઈ આદિની પુણ્યસ્મૃતિમાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન જિનાલયે પૂ૦ પં. શ્રી રત્નાકરવિજયજી મ આદિની નિશ્રામાં, તા. ૧૨-૬-૭૫થી તા. ૨૦ સુધીના અઠ્ઠાઈમહોત્સવપૂર્વક, તા. ૧૯ના રોજ શ્રી સુવિધિનાથ પ્રભુની પ્રતિષ્ઠા ધામધુમથી કરવામાં આવી.


# કમલ છાપ કેસર

૧૯૭૫નો નવો માલ ૧, ૨, ૩, ૫, ૧૦ ગ્રામના સીલબંધ પેકીંગમાં આવી ગયો છે.

નોટ–સ્પેન કેસરથી ઊંચી ક્વોલીટીની ગેરન્ટી સાથે દરેક જૈન મંદિર, ડ્રાયફ્રુટ, કરીયાણાની દુકાનોમાં મળે છે. કેસર સ્વચ્છ અને મોગરા કાસ્મીરના ભાવથી નીચેના સરનામેથી મળશે.

**રાજસ્થાન ટ્રેડર્સ** કેસર, કસ્તુરી, અંબર, મોતી શિલાજીતના જથાબંધ વેપારી

૨૯૬, વડગાદી, મુંબઈ–૩ ટે : ૩૨૦૧૧૪, ૩૨૭૧૪૧


## आवश्यकता

श्री वर्धमान जैन छात्रावास व विद्यालय, ओसियां के लिये एक संगीत अध्यापक की आवश्यकता है। अभ्यर्थी अपनी योग्यता, अनुभव, आयु व स्वीकार्य वेतन आदि का उल्लेख करते हुए अपना प्रार्थना पत्र मंत्री, श्री वर्धमान जैन शिक्षण संघ, ओसियां (जोधपुर राजस्थान) को शीघ्र भेजें।


દાદાના દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વિનંતિ કરે છે

ભોજનશાળાનો વાર્ષિક તૂટો મોંઘવારીના કારણે રૂા. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.
લગભગ અઢી લાખ પુન્યશાલી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.
પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.
છઠ્ઠ–અઠ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.
**શ્રેષ્ઠ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક અને ચતુર્વિધ સંઘની ભક્તિ**
....................એ અમારા પુન્યનું ભાથું છે....................



તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલીક: શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાન: જૈનપ્રિન્ટરી–ખારગેટ, ભાવનગર.

## સંઘાણી એસ્ટેટ—ઘાટકોપર (મુંબઈ)માં
## ૫મી સાલગીરીની ઉજવણી

શ્રી પાર્શ્વનાથ જૈન સંઘના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનપ્રાસાદની પાંચમી સાલગીરીની ઉજવણી પ્રસંગે જેઠ સુદ ૩ના વહેલી સવારે ૬ વાગે પૂ૦ આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ પોતાના શિષ્ય—પ્રશિષ્યો ગણિવર્યશ્રી જયાનંદવિજયજી મ૦, મુનિશ્રી કનકવિજયજી મ૦, મુનિશ્રી મહાનંદવિજયજી મ૦, મુનિશ્રી સૂર્યોદયવિજયજી મ૦ આદિ સાથે પધારતાં, બેન્ડવાજાપૂર્વક સુંદર સામૈયું થયું હતું. સામૈયા બાદ તુરત સાધ્વીશ્રી પ્રિયંવદાશ્રીજી મ૦ના શિષ્યા નવદીક્ષિતા સા૦શ્રી જયધર્મકલાશ્રીજીને વડીદીક્ષા આપવાની ક્રિયા પ્રારંભ થઈ હતી. સંઘના ભાઈ—બહેનો તથા સાધ્વીશ્રીના સંસારીપણે કુટુંબીજનો વગેરે સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં.

૮ાા વાગે સત્તરભેદી પૂજાનો પ્રારંભ થયેલ. ધ્વજારોપણનો ચઢાવો ૮૦૧ મણ થયો હતો. આ પ્રસંગે સંઘે નવી ખરીદેલ જમીનના સાધારણ ફંડ માટે પૂ૦ આચાર્યશ્રીએ ઉપદેશ આપતાં લગભગ ૨૫ હજાર રૂા. નું ફંડ થયું હતું.

પૂ૦ આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયવસુરીશ્વરજી મ૦, પૂ૦ ઉપા૦ શ્રી હેમચંદ્રવિજયજી મ૦ આદિ મુનિમંડલ આ પ્રસંગે પધારતાં, તેઓશ્રીનું સામૈયા પણ બેન્ડવાજા સાથે ૮ાા વાગે કરવામાં આવ્યું હતું. ૯ાા કલાકે ભમતીના ૭ ગોખલાઓમાં પ્રતિમાજીઓ પધરાવવામાં આવી હતી. તેનો ચઢાવો રૂા. ૫૫૦૦ થયેલ. ૯ાા વાગે ધામધૂમથી ધ્વજારોપણ કરવામાં આવેલ.

બપોરે ૧ વાગે વાંકાનેરવાળા શેઠશ્રી હાકેમચંદ જુઠાભાઈના સુપુત્ર અનંતરાય વગેરે તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજનનો પ્રારંભ થયો હતો. વિધિકાર શ્રી મનુભાઈ છોટાલાલ અને સંગીતકાર શ્રી દીલીપ શર્માની મંડળીએ સારો રંગ જમાવેલ. ચાર આચાર્યદેવો અને વિશાળ મુનિમંડલ આ પ્રસંગે ઉપસ્થિત હોવાથી સંઘમાં ખૂબ જ ઉલ્લાસ પ્રવર્તતો હતો. પૂજન બાદ શ્રી અનંતરાય હાકેમચંદ તરફથી ૩ થી ૪ હજાર ભાઈ—બહેનોનું સાધર્મિકવાત્સલ્ય થયું. તેમના તરફથી તેમ જ શ્રી સંઘ અને નવદીક્ષિતા સાધ્વીજીના કુટુંબીજનો તરફથી પૂ૦ આચાર્યાદિ ગુરુદેવો અને સાધ્વીજીને કામળો વહોરાવવામાં આવેલ.

દેરાસરમાં તમામ પ્રતિમાજીઓને ભારે આંગી રચવામાં આવેલ. રાત્રે ભાવનામાં અનેરો ભક્તિરંગ જામ્યો હતો.

અહીંના શ્રાવિકા ઉપાશ્રયનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થવા સંભવ છે. શ્રીયુત જયંતીભાઈ વગેરે ટ્રસ્ટીઓ તેમજ શ્રીયુત ચંદુભાઈ વગેરે કાર્યકર્તાઓની અપૂર્વ ધગશના કારણે અહીંના શ્રીસંઘે સારી એવી પ્રગતિ સાધી છે.

### આકોલા—ચાતુર્માસ પ્રવેશ

પૂ૦ આ૦ શ્રી વિજયરામસૂરીશ્વરજી મ૦ (ડહેલાવાળા) આદિ શ્રી અંતરીક્ષજી તીર્થની યાત્રા કરી જેઠ સુદ ૧૦ના ચાતુર્માસાર્થે આકોલા પધારતાં, શ્રીસંઘે ઉમંગભર્યું સામૈયું કર્યું હતું. મુખ્ય સ્થાનોમાં કમાનો ઊભી કરવામાં આવી હતી. ઠેર ઠેર ગહુંલીઓ, ડાંડીયારાસ અને 'જય જય'ના નાદોથી ઉલ્લાસભર્યું વાતાવરણ જામ્યું હતું. ૧૧ાા કલાકે સામૈયું ઉપાશ્રયે આવી પહોંચતાં, પૂજ્યશ્રીએ માંગલિક પ્રવચન આપ્યું હતું.

પૂ૦ આચાર્ય મ૦શ્રીની આજ્ઞાવર્તિની સાધ્વીશ્રી સુદર્શનાશ્રીજી આદિ ઠા. ૧૩ અત્રે ચાતુર્માસ પધાર્યાં છે.

### કર્નુલ (આંધ્ર)માં ચાતુર્માસ

પૂ૦ પં૦ શ્રી કંચનવિજયજી ગણી આદિ સિન્ધનુરમાં નવપદ ઓળી અને ભ૦ મહાવીર જન્મકલ્યાણકની અનેરી ઉજવણી બાદ કર્નુલ પધારતાં, શ્રીસંઘની આગ્રહભરી વિનતિથી ચાતુર્માસ નક્કી થયેલ છે. પૂજ્યશ્રીના ગુરુદેવ પં. શ્રી કસ્તુરવિજયજી ગણિવર્યશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે અહીં વૈ૦ વદ ૧૦ થી આઠ દિવસનો ઠાઠમાઠથી મહોત્સવ ઉજવાયો.

### વીંશતિ સ્થાનક મહાપૂજનક—ઘાટકોપર

સ્વ૦ શ્રી રતિલાલ ગાંડાલાલના આત્મશ્રેયાર્થે પ્ર૦ મુનિશ્રી નિરંજનવિજયજી મ૦ની નિશ્રામાં જેઠ સુદ ૧૩ના વીંસતિ સ્થાનક મહાપૂજન ઠાઠથી થયું હતું.

# અમદાવાદમાં ઉજવાયેલો શાનદાર ગુરુમૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવ

અમદાવાદ-પાંજરાપોળમાં આવેલા 'શ્રી વિજય-નેમિસૂરિ જ્ઞાનશાળા'માં પ્રવેશતા જ ભાવિકોની નજરે બે નયનાહ્લાદક ભવ્ય ગુરુમૂર્તિઓ પડે છે. રમણીય કલા-કારીગરીવાળી આરસની મનોરમ છત્રીઓમાં બિરાજિત સપ્રમાણ એ બે મૂર્તિઓ છે—પંજાબરત્ન પરમ ગુરુદેવશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ અને શાસન-સમ્રાટશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની. છેલ્લાં વીસ-ત્રીસ વર્ષથી બિરાજિત આ મૂર્તિઓના દર્શન કરીને પ્રતિદિન સેંકડો ભાવિકો ધન્યતા અનુભવે છે.

આ બંને ગુરુમૂર્તિઓની વિધિપૂર્વક પ્રતિષ્ઠા થાય, એવી ઈચ્છા પૂજ્ય આચાર્યશ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મ૦ સા૦ની તથા અન્ય ભાવિક ગુરુભક્ત શ્રાવકોની કેટલાંક સમયથી હતી. એ ભાવનાનુસાર પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના સદુપદેશથી મુંબઈ નિવાસી શેઠશ્રી ખુમચંદ રતનચંદ જોરાજીએ પૂજ્ય શાસનસમ્રાટની ગુરુમૂર્તિનો અને પૂ. આ૦શ્રી વિજયમહિમાપ્રભસૂરીશ્વરજી મ૦ની શુભ પ્રેરણાથી મુંબઈ (ધ્રાંગધ્રા-રામપુરા)વાળા શેઠ મહેન્દ્રભાઈ શિવલાલ કાળીદાસે પ. પૂ. પરમ ગુરુદેવશ્રી વૃદ્ધિચંદ્રજી મ૦ની ગુરુમૂર્તિનો આદેશ અનેરાં ઉમંગથી લીધો.

પૂજ્ય આચાર્ય મ૦ શ્રીએ પ્રતિષ્ઠાનો મંગલ દિવસ જેઠ સુદ ૧૦ નો ફરમાવેલ. પણ પૂ૦ આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મ૦ આદિ અમદાવાદ જેઠ સુદ દશમે પધારતા હોવાનું જાણી, ભાવિક ગુરુભક્તોએ 'સાત-સાત આચાર્ય ભગવંતોની નિશ્રામાં પ્રતિષ્ઠાનું આ કાર્ય થાય, તો કેવું મંગલિક થાય!' એવી ભાવના સાથે પૂજ્ય આચાર્ય મ૦ શ્રીને વિનતિ કરતાં, તેઓશ્રીએ જેઠ સુદ ૧૧ને ગુરુવારનો શુભદિન ફરમાવ્યો.

પ્રતિષ્ઠા મહોત્સવની સુંદર આકર્ષક નિમંત્રણ-પત્રિકા શ્રી જૈન તત્ત્વ વિવેચક સભાના નામથી કાઢવામાં આવી. આ સભાની સ્થાપના પૂ૦ શાસન-સમ્રાટે આશરે ૭૪ વર્ષ પહેલાં અનેક શુભ ઉદ્દેશો માટે કરી હતી. અને અમદાવાદના નગરશેઠના કુટુંબથી માંડીને એકેએક અગ્રણી પ્રતિષ્ઠિત સુખી સદ્‌ગૃહસ્થો અને પરંપરાએ તેમના પુત્ર-પૌત્રો આ સભાના મેમ્બર હતા અને છે. આમંત્રણો સર્વત્ર પાઠવવામાં આવ્યાં.

જેઠ સુદ ૮થી મહોત્સવ શરૂ થયો. જ્ઞાનશાળામાં લાઈટ વગેરેની સુંદર સજાવટ કરાઈ હતી. બપોરે શ્રી અષ્ટાપદ તીર્થની પૂજા પૂ૦ મુનિશ્રી દાનવિજયજી મ૦ ના ઉપદેશથી શા. હસમુખલાલ મણિલાલ મગન-લાલ શેરદલાલ તરફથી ઠાઠથી ભણાઈ ચાલુ દિવસ છતાં માનવમેદની વિશાળ હતી.

સુદ ૧૦ ને દિને કુંભસ્થાપના અને નવગ્રહાદિ પાટલાપૂજન થયું.

જેઠ સુદ ૧૧ ને ગુરુવાર, તા. ૧૯-૬-૭૫ના સવારથી જ લોકોમાં આનંદનું વાતાવરણ હતું. નોબતના મધુર સ્વરો દિશાઓને ગજવતાં હતાં. બરાબર ૮-૧૫ મિનિટે ગુરુમૂર્તિના અભિષેકની ક્રિયા શરૂ થઈ. જ્ઞાનશા-ળામાં અને બહાર મંડળમાં માણસ માતું ન હતું. સૌ પ્રતિષ્ઠાની ઘડી માટે આતુર હતાં. જોતજોતામાં 'ૐ પુણ્યાહં પુણ્યાહં'ની ઘોષણાઓ શરૂ થઈ. ૯-૧૨ મિનિટનો સમય ઘડિયાળે બતાવ્યો, ને થાળીનો રણકો ગાજી ઊઠયો. ગુરુમૂર્તિની સ્થાપના મંત્રોચ્ચાર અને વાસક્ષેપપૂર્વક થઈ ગઈ. ગુરુદેવોના જયનાદથી વાતાવ-રણમાં રંગત આવી ગઈ. અન્તમાં શ્રી ળની પ્રભાવના લઈને સૌ વિખરાયાં.

બપોરે વિજયમુહૂર્તે શાંતિસ્નાત્ર શરૂ થયું. તેમાંય ચિક્કાર મેદની રહી. શાંતિસ્નાત્ર પૂરું થતાં સૌ પ્રભાવના લઈને વિખરાયાં. વિધિવિધાન માટે શેઠ સુબાજી રવચંદ જેચંદ વિદ્યાશાળાની મંડળી પધારી હતી.

આ મહોત્સવની વિશેષતા એ હતી કે એમાં પરમ પૂ૦ આ૦ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજય-યશોભદ્રસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયપ્રિયંકરસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયમહિમાપ્રભસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ૦ એમ સાત સાત આચાર્ય-મહારાજો ઉપસ્થિતિ હતા.

રાત્રે ભાવના હતી. એ વખતે પ્રતિષ્ઠાની સફળતાની વધામણી આપવા જ જાણે હોય, તેમ આકાશમાંથી

# શ્રી હસ્તીનાપુર તીર્થ

શ્રી હસ્તિનાપુર ( ઉત્તર પ્રદેશ ) તીર્થમાં દિન-પ્રતિદિન સુવિધાઓ વધતા યાત્રીકોનું તેમ જ પૂજ્ય સાધુ-સાધ્વી મહારાજોનું આવાગમન સારું એવું વધતું રહ્યું છે.

વિદુષી સાધ્વીરત્ન શ્રી મૃગાવતીશ્રીજી અત્રે પધારતા તેઓશ્રીની સંનિધ્યમાં ફાગુન મેળાનો કાર્યક્રમ ઘણા ઉત્સાહથી સમ્પન્ન થયેલ. આ પ્રસંગે શ્રી ઋષભદેવ ભ૦ના પારણુ સ્થળ શ્રી નિશિયાજીમાં ચતુર્વિધ સંઘ વરઘોડાપૂર્વક ધામધુમથી પધારેલ. અહીં પૂજા-ભાવનાનો ભક્તિસભર કાર્યક્રમ થયેલ.

તા. ૫-૪-૭૫ના દિલ્લીથી શ્રી ચીમનલાલજી જંડિયાલાવાલ તરફથી ૨૦૦ યાત્રિકોનો સંઘ હસ્તિનાપુર તીર્થે પધારેલ શ્રી હસ્તિનાપુર જૈન શ્વે. તીર્થ સમિતિના પ્રમુખશ્રી રામલાલજીએ સમિતિવતી સંઘપતિજીનું સન્માન કર્યું હતું. શ્રી સંઘ વાજતે-ગાજતે શ્રી નિશિયાજીના દર્શનાર્થે પધારેલ. પૂ સાધ્વીરત્ન શ્રી મૃગાવતીશ્રીજીએ આ પ્રસંગે વ્યાખ્યાનમાં તીર્થનો પરિચય આપતા સાથે તીર્થમાં વધુને વધુ દાન આપવાની પ્રેરણા કરતા, એ જ સમયે ૧૫૦૦ રૂ.ના ૬ કમરા તથા ૩૦૧ રૂ.ના હિસાબે ૫૦ પંખા યાત્રિકોએ નોંધાવ્યા હતા.

વરસીતપના પારણાનું મૂળ સ્થળ હસ્તિનાપુર હોય, પ્રતિ વર્ષે અહીં ઘણા તપસ્વીઓ પારણા માટે પધારે છે. આ વર્ષે પણ મદ્રાસ, બેંગ્લોર, મુંબઈ, કલકત્તા, દિલ્લી, અમદાવાદ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા વગેરે સ્થળોએથી અનેક તપસ્વીઓએ પધારી પારણા ઉમંગભેર કર્યાં હતાં. સમિતિ તરફથી ત્રણ દિવસના મહોત્સવનું પૂ૦ આ૦ શ્રી વિજયપ્રકાશચંદ્રસૂરિજી મ૦ની નિશ્રામાં ભવ્ય આયોજન કરવામાં આવેલ.

અક્ષયતૃતિયાના દિવસે તીર્થ સમિતિના પ્રમુખ શ્રી રામલાલજીએ પ્રક્ષાલનો બોલીપૂર્વક લાભ લેનાર શેઠશ્રી મણિલાલજી ડોસી તથા તેમના ધર્મપત્નીનું તિલક, માળાદિ પૂર્વક બહુમાન કર્યું હતું. અને તુરત ચતુર્વિધ શ્રીસંઘ સાથે વાજતે-ગાજતે નિશિયાજી પધારી ત્યાં શેઠશ્રી મણિલાલજી ડોસી અને તેમના ધર્મપત્નીએ ઇક્ષુરસથી પ્રથમ પ્રક્ષાલ કર્યું હતું.

૧૧ા વાગે ભોજનશાળાના ભવનમાં ઊભા કરવામાં આવેલા વિશાળ સમિયાણામાં તપસ્વીઓના પારણા ઘણા જ ઉમંગભેર થયાં હતાં. પૂ. આચાર્યશ્રીએ તપસ્વીઓને વિધિ કરાવી હતી. શેઠ શ્રી મણિલાલજી ડોસીએ તપસ્વીઓના પ્રથમ પારણાંનો પણ બોલી પૂર્વક લાભ લીધો હતો. તીર્થ સમિતિ દ્વારા દરેક વ્યવસ્થા સુંદર થઈ હતી

બીજા દિવસે પણ પારણાનું આયોજન ચાલુ રહેતા, લુધિયાના નિવાસી શ્રી મદનલાલજીએ તપસ્વીઓના પારણાંનો લાભ લીધો હતો.

### જગદલપુર ( બસ્તર-મ૦ પ્ર૦ ) પ્રતિષ્ઠા

અત્રે નવનિર્મિત ભવ્ય જિનાલયમાં મૂળનાયક ધર્મનાથજી આદિ ૬ જિનબિમ્બો, દાદા ગુરુદેવશ્રીની ૩ મૂર્તિઓ અને ચરણપાદુકા તથા યક્ષ-યક્ષિણી, અધિષ્ઠાયક દેવ આદિ મૂર્તિઓની પ્રતિષ્ઠા વ્યાખ્યાનવાચસ્પતિ આર્યપુત્ર શ્રી ઉદયસાગરજી મ૦ આદિ ઠા. ૪ની સાંનિધ્યમાં તા. ૧૨-૬-૭૫ના અપૂર્વ આનંદોલ્લાસ પૂર્વક થઈ છે. આ પ્રસંગે અષ્ટાહ્નિકા મહોત્સવ તેમ જ શ્રી વિજયલાલજી જમનાલાલજી પારખ તરફથી ઉદ્યાપન મહોત્સવનું ભવ્ય આયોજન થયું હતું.

આ અગાઉ તા. ૨૦ મેના પ્રભુજીના નગરપ્રવેશ પ્રસંગે, પ્રતિમાજીઓ રથમાં બિરાજમાન કરી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. રથ સ્વયં ભક્તવર્ગે ખેંચી શાસનની અનેરી પ્રભાવના પ્રસરાવી હતી. ચારે ફિરકાના ભાવુકોએ આ પ્રસંગે ભાગ લીધો હતો. તા. ૨૧મેના મંદિર પ્રવેશ અને તા. ૧૨ જૂનના પ્રતિષ્ઠા ધામધૂમથી થઇ હતી.

---

મેઘરાજા મન મૂકીને વરસ્યાં. ભાવના બાદ પાંજરાપોળની શીતલ મંડળની બ્હેનોએ પ્રભુભક્તિ કરી. તે પછી વરસતાં વરસાદે પણ ધારાવાડી સુંદર રીતે નીકળી.

મહોત્સવ પૂરો થયો, ત્યારે સૌના ચહેરા ઉપર એક જ વાત વંચાતી હતી કે એક મહાન કાર્ય આજે સંપન્ન થયું.

# અંધેરી (મુંબઈ)માં

## સાલગીરીની ભવ્ય ઉજવણી

અત્રે જયપ્રકાશ રોડ ઉપર આવેલા શ્રી ચંદ્રપ્રભ-સ્વામીજીના દેરાસરની ૪૩મી સાલગીરીની ઉજવણી પ્રસંગે શ્રીસંઘની ભાવભરી વિનંતીથી જેઠ સુદ ૫ ના રોજ પૂ૦ આ૦ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યોના વિશાળ મુનિમંડળ સાથે પધારતાં, શ્રીસંઘે અનેક ગહુંલીપૂર્વક ધામધુમથી સામૈયું કર્યું હતું. દેરાસરે દર્શન કરી ઉપાશ્રયે પધારતાં પૂ૦ આ૦ દેવશ્રીએ એક કલાક "શ્રી જિનેશ્વરદેવની ભક્તિ" વિષયે મનનીય ધારાવાહી પ્રવચન આપેલ. બાદ અઢાર અભિષેકના ચઢાવા થતાં ૫૦૦૦ મણ ઘીની રેકર્ડ ઉછામણી થઈ હતી. અન્તે પ્રભાવના થયેલ. બપોરે શેઠ અશોકકુમાર લાલચંદ તરફથી પૂજા ભણાવાઈ હતી.

જેઠ સુદ ૬ ના સાલગીરી દિને સવારે ૮ વાગે શેઠ રામચંદ ઉમાજી તરફથી સત્તરભેદી પૂજા ભણાયેલ. ૯॥ વાગે વિશાળ જનમેદની વચ્ચે ધ્વજારોપણ કરવામાં આવેલ. બાદ સાટાની પ્રભાવના થયેલ. બપોરે ૧ વાગે અઢાર અભિષેકનો પ્રારંભ થયો હતો. શ્રી સંઘમાં આ વિધિ ચૌદ વર્ષે થતાં ઘણો જ ઉલ્લાસ જગાડ્યો. ૮ થી ૧૦ હજાર ભાવિકોએ દર્શનનો લાભ લીધો. પૂ૦ ગુરુદેવો તેમ જ વિધિકાર શ્રી ઈન્દ્રચંદ્રજી મધુરકંઠે શ્લોકોનું ઉચ્ચારણ કરી દરેક અભિષેકનો મહિમા વિશદ રીતે સમજાવતા હતા. સંગીતકાર શ્રી રમણભાઈ તથા અંધેરી જૈન સ્વયંસેવક મંડળે વચ્ચે વચ્ચે ભક્તિગીતોની અને અન્ય ભાવિકોએ નૃત્ય સાથે દાંડીયારાસની ભારે રમઝટ જમાવી હતી. ૬॥ વાગે અભિષેક વિધિ પૂર્ણ થયેલ. સાધર્મિકવાત્સલ્યમાં ૫૦૦૦ ભાવુકોએ લાભ લીધેલ.

ઉજવણીના બન્ને દિવસ ભાવના અને આંગી સુંદર થયા હતા. સંઘના પ્રમુખશ્રી લાલચંદજી, યુવાન કાર્યકર મહેન્દ્રભાઈ તેમ જ નાના-મોટા તમામે દરેક પ્રસંગે પ્રશંસનીય સેવા બજાવી હતી.

વિ. સં. ૨૦૨૪માં પૂ૦ આ૦દેવશ્રીની પ્રેરણાથી શ્રીસંઘમાં ૩ માળના ભવ્ય ઉપાશ્રયનું નિર્માણ થયું હતું. આવતા વર્ષે તેઓશ્રીની શુભ નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાની પણ શ્રીસંઘ ભાવના રાખે છે. પૂ૦ આ૦ દેવશ્રી આદિ જેઠ સુદ ૭ ના વિહાર કરીને દહીંસર પ્રતિષ્ઠા પ્રસંગે તથા શ્રી મુક્તિ-કમલ-મોહન જૈન જ્ઞાનમંદિરના નૂતન બિલ્ડીંગના અને તેમાં શરૂ થયેલ શ્રી કંચનબેન જેઠાલાલ ઝવેરી આરોગ્યભવનના ઉદ્ઘાટન પ્રસંગે પધાર્યા હતા.

## દેલંદર (સિરોહી – રાજસ્થાન)

અત્રેના સ્વ. શેઠશ્રી ભુરમલજી હીરાચંદજીના સુપુત્રી પોપટબહેને પાંચ વર્ષ પહેલા ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરી સાધ્વીશ્રી પ્રસન્નવદનાશ્રીજી બન્યા પછી, પાંચ વર્ષે પહેલી જ વાર અત્રે ક્ષેત્રસ્પર્શના કરતાં, સાધ્વીશ્રીના સંસારીભાઈઓએ અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાની ભાવના સાથે પાલડી મુકામે બિરાજમાન તપસ્વી મુ૦ ભુવનવિજયજી મ૦ને પધારવા વિનંતી કરેલ.

વૈ. સુદ ૧૩ના પૂ૦ મુનિરાજશ્રી આદિ તથા સાધ્વી મહારાજો દેલંદર મુકામે પ્રવેશ કરતાં શ્રી સંઘે ઉષ્માભર્યું સામૈયું કર્યું હતું.

વૈ. સુદ ૧૫ના મહોત્સવનો પ્રારંભ થયો હતો. વદ ૭ના શ્રી અર્હદ્ અભિષેક મહાપૂજન ઘણા જ ઠાઠથી થયું હતું. વિધિવિધાન માટે શ્રી ઓંકારમલ પુનમચંદ પાડીવવાલા પધારેલ.

વૈ. વદ ૧૧થી સ્વ. શેઠશ્રી જીવરાજજી મીઆચંદજીના સુપુત્રો તરફથી શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવનો પ્રારંભ થયો હતો. જેઠ સુદ ૪ના શાંતિસ્નાત્ર ઉમંગભેર ભણાયું હતું. વિધિવિધાન માટે લાસથી શ્રી ભુરમલજી વીરચંદજી પધારેલ.

ત્યારબાદ શેઠશ્રી ખુશાલચંદજી દેસાજીના સુપુત્રો રીખબદાસ, પુખરાજ આદિ તરફથી સિદ્ધચક્ર મહાપૂજન સહ અષ્ટાહ્નિકા મહોત્સવ ઘણા જ ઠાઠથી ઉજવવામાં આવેલ. વિધિવિધાન માટે સંઘવી રાજમલજી વનેચંદજી શીવગંજવાલા તથા માસ્તર શ્રી ભુરમલજી પધાર્યા હતા.

તપસ્વી મુનિરાજશ્રી ભુવનવિજયજી મ. આદિ જેઠ સુદ ૧૦ ના દેલંદરથી વિહાર કરી સિરોહી મુકામે, શેઠશ્રી સુનીલાલજી ચૌધરીની વિનંતીથી અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રસંગે પધાર્યા હતા. ત્યાંથી શીવગંજ, તખતગઢ થઈ કવરાડા ચાતુર્માસાર્થે પ્રવેશ કરશે.

પરમપૂજ્ય યોગનિષ્ઠધુરંધર આચાર્યભગવન્ત

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.ની



## જી વ ન - જ્યો ત

*

પરમપૂજ્ય ગુરુદેવશ્રીના
૫૦મા સ્વર્ગારોહણ–સુવર્ણ જયન્તિ–મહોત્સવ પ્રસંગે

*

: પ્રે ર ક :

પૂજ્ય આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ
પૂજ્ય આચાર્યશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજ

: લે ખ ક :

પૂજ્ય આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ

### પ્રગટયો પુણ્યપ્રકાશ

શીલ, સંસ્કાર અને સુવિશુદ્ધ સંયમની સૌરભથી સદાય જયવંતી ગુર્જર દેશની શસ્યશ્યામલા રત્નગર્ભા ધરતી ઉપર એક દિવસ તેજપુંજ પ્રગટયો.

વિક્રમ સંવત ૧૯૩૦. મહા માસનો કૃષ્ણ પક્ષ. ચતુર્દશીની રાત્રી. લૌકિક પર્વનો એ ઉજવણીનો દિવસ.

ઉત્સવ પ્રિય જનસમુદાય આનંદમાં મસ્ત હતો. ઘેર ઘેર તોરણીયા બંધાયા. નાના–મોટા સહુના આનંદની સીમા નથી. તેમાં પણ નાના–નાના ટબુડીયાઓના વિકસીત નયનો, પુલકીત હૈયા અને આનંદની નાચતી–કુદતી રેખાઓથી સભર મુખારવિન્દ જોઈને ઉત્સવના રંગની મસ્તીનો અનેરો ઉમંગ જોવા મળતો હતો.

શ્રમિત મનને આનંદથી ભરી દેતા મંદ મંદ વાતા શિતળ વાયુથી સર્વત્ર આનંદની લ્હેરો પ્રસરતી હતી. કોકીલ અને મયુરના કર્ણપ્રીય સુમધુર સંગીતથી સર્વત્ર શાંતિ પ્રસરતી હતી.

તન અને મનના શ્રમને ભૂલાવી દેતી આમ્રવૃક્ષોની સુરમ્ય ઘટાઓમાં આમ્રમંજરીની મદસભર મહેકતી સૌરભથી આકર્ષિત થઇને વારંવાર કુંજન કરતા કોકીલ સમુદાયથી શોભી રહ્યું

દેવલોક જેવું અને અતિ ઉત્તુંગ પ્રાચીન જિનાલયોથી શોભતા વિદ્યાપુર (વિજાપુર) નગરમાં દયા, દાન, પરોપકાર વગેરે અનેક ગુણોથી પાટીદાર જ્ઞાતીમાં અગ્રગણ્ય શ્રી શિવાભાઇ પટેલના ઘેર અધિકતમ આનંદ વર્તાઇ રહ્યો છે. સુલક્ષણી સુશીલ નારીરત્ન અંબાબેને પુત્રરત્નનો જન્મ આપ્યો છે.

## પુત્રના લક્ષણ પારણે

ઝબઝબ ઝબકારા મારતું ભવ્ય લલાટ, તેજ તેજના અંબાર જેવું મુખારવિંદ, કમલની કોમલ પાંખડીયું જેવા લોચનીયાં, ગૌરવર્ણી સુકોમલ કાયા વગેરે અનેક સુલક્ષણોથી શોભતો, હસતો અને કુદતો બાળક સહુનું સતત એકધારૂં આકર્ષણ કરી રહ્યો છે. કાલુ કાલુ બોલે તો જાણે કે મોતિડા વેરાયા. ખીલખીલાટ હસે તો જાણે કે ફૂલડા ખર્યા. સહુના હેતનું તે ભાજન બન્યો. મામા–મામી અને માસીએ તો પ્રેમમાં જ નવરાવી દીધો. ફોઈએ નામ પાડ્યું 'બહેચર' બીજના ચંદ્રની જેમ દિન–પ્રતિદિન વૃદ્ધિ પામ્યો.

## ભાવીના એંધાણ

સહુના મુખમાંથી એકાએક તીણી ચીસ નીકળી ગઇ. 'ઓ...બાપરે! હે ભગવાન...તું મારા લાલનું રક્ષણ કરજે.' શ્વાસ થંભી ગયો, જીવ અદ્ધર થઈ ગયો. સહુ ધ્રૂજી ઉઠયા અકલ્પ્ય ભયથી. અવાક્ બની ગયા અગમ્યના એંધાણથી.

પ્રાણથી અધિક પ્યારો નાનો બાલુડો નિદ્રાધિન છે. વૃક્ષની ડાળીએ બાંધેલ ઝોળીમાં સૂતો છે. કાળો ભયંકર નાગ મસ્તક ઉપર ફણા પ્રસારીને ડોલી રહ્યો છે.

ચિત્તને ચકરાવે ચડાવે એવું હૃદયદ્રાવક ભયાનક દશ્ય જોઈને સહુએ મનની એકાગ્રતાપૂર્વક ઇષ્ટદેવની પ્રાર્થના કરી. કુલદેવતાની બાધા આખડી રાખી. આ જીવલેણ આકસ્મિક આપત્તિમાંથી હેમખેમ પાર ઉતરવા માટે પરમ કૃપાળુ, દયાના સાગર, પરમાત્માશ્રીને આતમ સાખે મનોમન સહુ પ્રાર્થી રહ્યા.

'કરૂણા કરજો હે કીરતાર....રક્ષા કરજો હે ભગવાન....

તારો એક છે આધાર....રક્ષા

કરૂણાના સાગર હે ભગવાન! અમારો કુલદિપકની તું રક્ષા કરજે!'

એક મહાત્માએ ભવ્ય આગાહી કરતું ભાવિ કથન કરતાં કહ્યું.

'यह लडका एक बडा संत–योगी होगा।'

સહુના અંતરની પ્રાર્થના જાણે કે તેણે જ સાંભળી ન હોય! તેમ તે સર્પ ત્યાંથી ચાલ્યો ગયો. સહુના જીવમાં જીવ આવ્યો. બધાયના હૈયે શાંતિ વળી. સહુ આનંદી ઉઠયા.

બાળકને હૈયા સરસો ચાંપીને વહાલથી ચુમીઓ ભરી.

## હસતું રમતું ફૂલ

બાળકે પા...પા....પગલી માંડી. ધીમે ધીમે ઘરમાં અને પ્રાંગણમાં, શેરીમાં અને ઘેર ઘેર એ પહોંચી જતો. સહુના મન લોભાવી જતો....પછી તો સરખે સરખા ગોઠીયાઓની ટુકડી

સાથે એક દિવસે ગામના પાદરે તો એક દિવસ તળાવના કાંઠે સાત-તાળી અને સંતા-કુકડી, ગીલ્લી-દંડા અને આંબલી-પીપળી વગેરે રમતોમાં અગ્રેસર બનીને ભાગ લે છે. ભેરૂઓની સાથે રમતો રમતો સહુને શિકસ્ત આપી વિજેતા-પદ ગ્રહણ કરે છે.

## ધૂળીયા નિશાળમાં

છ વર્ષની ઉંમરે, ગામના પાદરે, વડલાં ઝાડ નીચે, ધૂળીયા નિશાળમાં, લાકડાના પાટીયા ઉપર ધૂળ પાથરી નાની સળી વડે ૧-૨-૩ તથા અ-આ-ક-ખ વગેરે પ્રારંભિક શિક્ષણના પગરણ મંડાયા. ધીમે ધીમે ચીવટપૂર્વક પ્રગતિ કરતાં કરતાં તો પહેલું....બીજું....ત્રીજું....ચોથું...અને પાંચમું ધોરણ પાસ કર્યું. ગુજરાતી અને ગણિત, ઈતિહાસ અને ભૂગોળ, સંસ્કૃત અને અંગ્રેજી વગેરે દરેકે દરેક વિષયોમાં પ્રથમ નંબર લઈ લેતો.

## સંત-સમાગમ

ક્ષણમાત્રનો વિલંબ મહા અનર્થનું સર્જન કરી દેશે ! તે તો શ્વાસ લેવા પણ ઉભો ન રહ્યો. દોટ મૂકીને પલમાત્રમાં તો ત્યાં પહોંચી પણ ગયો.

શીંગડે શીંગડા ભરાવીને અલમસ્ત બે ભેંસો લડી રહી છે. ત્યાગ, તપ અને સંયમની પવિત્રતાના સાક્ષાત મૂર્તિમંત સમા બે મહા સંતપુરુષો સંસારને પાવન કરતાં કરતાં ગામની બહાર સ્થંડીલ-ભૂમિકાએ જઇ રહ્યા છે.

બીજા કોઈને નહિ અને આ બે મહા સંતોને જ અડફેટમાં લઇ લેશે કે ? ખૂબ જ સાવચેત બનીને હાથમાં રહેલી લાકડીથી બન્નેને દૂર કરી દીધી.

'હે વત્સ ! આ જીવ તો અબોલા કહેવાય. તેને શા માટે તું પીડા કરે છે ? અહિંસા પરમ શ્રેષ્ઠ ધર્મ ! કોઇ પણ જીવને પીડા દેવી તે...મહા પાપ !'

ચારિત્રમૂર્તિ સંતની સરળ અને સહજ વાણી....એ વાણીમાં સત્ત્વશીલ સંયમનું શુદ્ધ તત્ત્વ ભળે છે ત્યારે અનેરા ચમત્કારો સર્જાય છે.

કાળમિંઢ પત્થર શા દિલને માખણ જેવું પોચું-પચ્ચ બનાવે. આસુરી પશુતામાંથી દિવ્યતા પ્રગટાવે. દાનવ શા દિલને અમૃતનું સિંચન કરી અમરત્ત્વનું ઓજસ અર્પે.

સમર્પણ ભાવે સંતોના ચરણોમાં બાળકે મસ્તક મૂકી દીધું. અંતરમાં મહા પ્રકાશના અજવાળા પથરાયા. ધન્ય છે...મહા સંતોને ! ધન્ય ધન્ય છે....તેમના જીવતરને ! ધન્યાતિ ધન્ય છે... તેમની મહાસત્વશીલ સાધનાને !! પોતાના જીવની લેશ માત્ર પરવા નહિ....અને પર જીવના રક્ષણ માટે પ્રાણ અર્પણ !!!

મનડામાં ગીત ગુંજી ઉઠયું... ....

જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા...
ધન ધન એ જિન અણગારા...

સુષુપ્ત સંસ્કારો જાગૃત થયા. ભ્રમ ભાંગી ગયો. કર્મના કાળા ધબ્બ જાળાઓ વિખરાયા. નવી દિશા બાંધી. નવ નિર્માણ થયું અને સત્ય ઝળહળી ઉઠયું. 'એક જ દે ચિનગારી મહાનલ !...એક જ દે....!' અગ્નિનો એક નાનો કણીયો બસ છે. પ્રકાશના એક જ કિરણે આત્માના અનાદિ કાળના અંધારાને ઉલેચી નાખ્યા. જીવનનો મહા સત્ય પાવનકારી પંથ અજવાળી દીધો.

## પાઠશાળાગમન

સરખે સરખા, સંસ્કારી, જીગરી બાલગોઠીયાઓ આજે આનંદ અને ગેલ કરતાં કરતાં ઘેર જઇ રહ્યા છે. ઇનામ મળ્યું છે. પેંડાની પ્રભાવના લઇને સહુ હરખે હરખે જઇ રહ્યા છે. મિત્રોની પાસેથી ધાર્મિક અભ્યાસની વાતો સાંભળી. મન આકર્ષાયું. બીજા જ દિવસથી મિત્રોની સાથે સાથે પાઠશાળાએ જવાનું શરૂ કર્યું. નમસ્કાર–મહામન્ત્ર, વિધિપૂર્વક–વિનયસહ, ગુરુ પાસેથી ગ્રહણ કર્યો. મુખપાઠ કર્યો. રાત્રિભોજન અને કંદમૂળનો ત્યાગ કર્યો. અપૂર્વ ધગશ, તીવ્ર જંખના, સતત પરિશ્રમ અને આત્મિક વીર્યોલ્લાસપૂર્વક હવે લગન લાગી આધ્યાત્મિકતાની.

પૂર્વજનમના સુસંસ્કારો અને શુદ્ધ સંયમની સાધના આ જનમમાં શીઘ્ર ઉદયમાં આવે છે. 'યોગિ બીજ પલટે નહિ, જો જુગ જાવે અનંત; ઊંચ ઘર નીચ ઘર અવતરે, આખર સંત કો સંત.'

જોત જોતામાં પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને કર્મગ્રન્થનો સંગીન અભ્યાસ પૂર્ણ કર્યો. અર્થ–ભાવાર્થ–પરમાર્થનું પરિશિલન કર્યું. આધ્યાત્મિક આનંદની છોળો ઉછળવા લાગી. વિશેષ અધ્યયનની ઉત્કંઠા જાગી. સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણના અધ્યયનની તાલાવેલી લાગી. જૈન દર્શનના તાત્ત્વિક અધ્યયન માટે ગુજરાતનું કાશી–બનારસ સમ જ્ઞાનતીર્થ મહેસાણામાં શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત–પ્રાકૃત પાઠશાળામાં સુંદર તલસ્પર્શી અધ્યયન કર્યું. જેમ જેમ અધ્યયનમાં આગળ ને આગળ વધાય છે તેમ તેમ કેવલી ભગવન્ત ભાષિત નવનવા ભવ્ય ભાવોને–પદાર્થોને જાણવાની જિજ્ઞાસા વધતી ને વધતી જ રહે છે.

## અતૃપ્તિ ભાવે અધ્યયન

આ સમસ્ત વિશ્વમાં ક્યાંય પણ જોવા ન મળે, જાણવાયે ન મળે તેમ જ સાંભળવાયે ન મળે એવા શ્રી સર્વજ્ઞ જિનેશ્વર ભગવંત ભાષિત પારમાર્થિક પદાર્થોનું અધ્યયન કરતા કરતાં તો શ્રદ્ધેય મન નાચી ઉઠયું, અતૃપ્ત દિલ તરસી ઉઠ્યું. સતત પરિશિલન, એકાગ્રતા, જિજ્ઞાસા અને સાધનાથી અધ્યયનનું શ્રમસાધ્ય કઠીન કાર્ય સહજભાવે પરિપૂર્ણ કરી લીધું.

માતૃ–સંસ્થાના દીર્ઘદૃષ્ટા સંચાલકોએ સંસ્થાના સુવિકાસ માટે આ યુવાશક્તિનો સુંદર લાભ લેવાનો નિર્ણય કર્યો. ગામે ગામ ધાર્મિક શિક્ષણની ચાલતી પાઠશાળાઓના સુસંચાલન સહ પરીક્ષકનાં પદ્ધતિસરનાં વ્યવસ્થિત કાર્યનો મંગલ પ્રારંભ થયો. ખૂબ જ સંતોષકારક રીતે સંચાલન કર્યું. પરંતુ આંતર મન અજંપો અનુભવે છે. દિલમાં કળ વળતી નથી. શાસ્ત્ર–અધ્યયનમાં ડૂબી રહેવું રૂચતું નથી. શાસ્ત્રોનું અધ્યયન કરી શાસ્ત્રોના અર્થ–ભાવાર્થ અને પરમાર્થની પણ પેલી પાર પહોંચવા માટેની જાગરૂક ઝંખના જાગી. પ્રબલ પુરુષાર્થ વિના કોઈ જ કાર્ય શક્ય નથી. મરજીવાઓ જ સાગરના અન્તસ્થલ સુધી પહોંચીને મહામૂલા મોતિ અને રત્નો મેળવવા ભાગ્યશાળી બને છે.

## ધર્મ–રક્ષા કર્તવ્ય

સંધ્યાનો સમય છે. હજારોની મેદની જામી છે. એક પાદરી ધર્મગુરુએ પ્રચાર સભા યોજી છે.

ધર્મના પ્રચાર માટે સ્વધર્મનું મંડન કરવું, એ સુયોગ્ય પદ્ધતિ છે. પરંતુ જ્યારે મર્યાદાઓ ઓળંગીને પર ધર્મનું ખંડન કરાય છે ત્યારે ધર્મપ્રેમી આત્માઓ સાંખી લેતા નથી.

સ્વધર્મના ખંડનથી આર્યત્વનું અભિમાન ઘવાયું અને ખમીર ઉછળ્યું. આર્યત્વના રક્ષણની

જવાબદારીના ભાન સાથે તત્ત્વજ્ઞ-પંડિતશ્રી બહેચરદાસભાઈએ પાદરીની સભામાં જઈ જાહેરચર્ચાનું આહ્‌વાહન-ચેલેંજ આપી દીધી.

યુક્તિ-પ્રયુક્તિ કે દલીલ-પ્રતિદલીલની લાંબી ભાંજગડમાં ન પડનાર પાદરીએ તર્કનો સહારો લીધો, કહ્યું છે. ને કે, 'સોનું લઇએ કસી'. કસોટીમાં જે પાર ઉતરે તે સત્ય. આપણને સહુને આ દુઃખદાયી સંસાર તરવો છે. પાણી જે તરે તે સત્ય. અને ડૂબે તે અસત્ય. હિન્દુ ધર્મનું પ્રતિક સૌ સૌના ઇષ્ટદેવની મૂર્તિ અને ખ્રીસ્તી ધર્મનું ચિહ્ન ક્રોસ (t) છે. વિચારો કોણ તરશે ? તમને કોણ તારશે ? જે તરશે એ જ તમને તારશે.

દરેક પ્રકારની દલીલ, તર્ક કે યુક્તિની સામે સુયોગ્ય પ્રત્યુત્તરમાં તીક્ષ્ણ બુદ્ધિવંત પંડિત શ્રી બહેચરદાસભાઇએ તર્કસંગત દલીલ કરી કે જેમ કુંદનની કસોટી અગ્નિમાં થાય છે, તેમ ધર્મની કસોટી પણ અગ્નિથી થવી જોઇએ.

કોઇપણ પ્રત્યુત્તર માટે અસમર્થ પાદરી, તરત જ ધર્મ પ્રચારની સભા છોડીને ચાલ્યો ગયો. આર્યધર્મના રક્ષણની સાંપડેલી મહામૂલી તક સફળ બનતાં અને વિજય વરમાળાને વરતાં હૈયામાં હર્ષ માતો નથી. કર્તવ્ય બજાવ્યાનો આનંદ દીલમાં સમાતો નથી.

આધ્યાત્મિકતાના ઉત્થાન વિના આર્યત્વનું રક્ષણ અશકય છે. ઉત્થાન માટે આધ્યાત્મિક જ્ઞાન, સમ્યગ્‌શ્રદ્ધા અને સમ્યક્‌શીલના પ્રચારની ખાસ આવશ્યકતા છે. ઈત્યાદિ અનેક અનેક નવીન વિચારો ઉદ્‌ભવ્યા પછી....

## સેવા-વૈયાવચ્ચ

'સમકિતદાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય.' સમકિતદાતા ગુરુવરશ્રીનો ઉપકારનો બદલો કોટી કોટી ઉપાયોથી પણ વાળી શકાતો નથી.

સચ્ચરિત્ર ચુડામણિ, પૂજ્ય પ્રવર શ્રી રવિસાગરજી મ. સા. મહેસાણા નગરમાં વૃદ્ધાવસ્થાના કારણે સ્થિર થયા છે. ઉપકારી ગુરુદેવશ્રીના ચરણોમાં રહી શિષ્યભાવે વૈયાવચ્ચ-સેવા આદિનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરવા શ્રી બહેચરભાઈ મહાન ભાગ્યશાળી બન્યા. અને મધુર કંઠે સ્તવન-સજ્ઝાય વગેરે શ્રવણ કરાવી નિઝામણ કરાવવા દ્વારા ગુરુભક્તિના કોડ પૂરા કર્યા.

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ ભેગો થયો છે. સહુએ તપ-જપ-અનુષ્ઠાન વગેરે ગુરુભક્તિ અર્થે સંભળાવીને સુંદર લાભ લીધો. વિ. સં. ૧૯૫૪ જેઠ વદ ૧૧ ના રોજ પૂજ્ય પ્રવર તપસ્વી શ્રી રવિસાગરજી મ. સા. સમાધિભાવ સહ કાળધર્મ પામ્યા.

પરમ ઉપકારી ગુરુદેવશ્રીના કાળધર્મથી શ્રી સંઘને વજ્ર સમ આઘાત લાગ્યો. શ્રી સંઘે યથાવિધિ અગ્નિસંસ્કાર કર્યો. અને ત્યાં જ દાદાવાડી બંધાવી ગુરુ સંસ્મણરૂપ ઋણ અદા કર્યું.

આજોલ ગામમાં વયોવૃદ્ધ, જ્ઞાની યતિવર્યશ્રી સ્થિર હતા. યતિશ્રીના શિષ્યને અધ્યાપન કરાવવા માટે શ્રી બહેચરદાસ આજોલ આવ્યા છે. શ્રી સંઘને પણ તેમના અદ્‌ભૂત જ્ઞાનનો લાભ લેવાનો સુભગ સંયોગ પ્રાપ્ત થયો. તેમજ પ્રાચિન હસ્ત- લીખીત જ્ઞાનભંડારનો અને વૃદ્ધ યતિશ્રીના અનુભવ જ્ઞાનનો પણ મહાન લાભ મળ્યો.

## સંયમના પુનિત પંથે

પ. પૂ. ક્રિયાપાત્ર, તપસ્વીરત્ન મુનિવર્યશ્રી સુખ-સાગરજી મ. સા. પ્રલ્હાદનપુર (પાલનપુર)

નગરમાં ચાતુર્માસ બીરાજ્યા હતા. પરમોપકારી ગુરુદેવશ્રીના ચરણારવિન્દમાં વંદન કર્યા વિના અને સુખ-શાંતિની પૃચ્છા વિના વિનીત શિષ્ય બહેચરદાસને ચેન કેમ પડે ! અધીર બનેલું મન શી રીતે શાંત પડે ? ભાવોલ્લાસ સહ ગુરુચરણોમાં પહોંચી ગયા. મેઘને જોઈને જેમ મયુર નાચે, તેમ પૂ.પાદ ગુરુદેવશ્રીના મુખારવિન્દના દર્શન કરતાં જ મનડાનો મોર થૈ થૈ થૈ નાચી ઉઠયો. વંદન કરી, સુખશાતા પૂછી, મસ્તક ગુરુ ચરણે મૂકી દીધું.

પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ફૂલડા ઝર્યાં.

**' वत्स ! समयं मा पमाएअ ।**

'હે વત્સ ! ફક્ત સમય માત્રનો પ્રમાદ ભયંકર અનર્થને સર્જી દે છે. માટે વિચાર કર. સંયમથી જીવતરને સફળ કર. સંયમ વિના મુક્તિ નથી'.

પૂજ્યવર ગુરુદેવશ્રીના ટંકશાલી વચનોએ આત્માને ઢંઢોળ્યો. પ્રમાદી જીવ જાગૃત બન્યો. મનોરથને સફળ કરવા કટીબદ્ધ થયા. ગુરુચરણોમાં જીવનને સમર્પિત કરી દીધું. એ દિવસ હતો, વિ. સં. ૧૯૫૭ માગશર સુદ ૬.

પ્રલ્હાદનપુર (પાલનપુર) નગરની શેરીઓ અને રાજમાર્ગો ધ્વજાપતાકાઓથી શોભી રહ્યા છે. નવાબે હાથી-ઘોડા, ઘોડાબગી તેમ જ અન્ય બાદશાહી સાધન-સગવડ અને સરંજામ આપી લાભ લીધો. વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ચડયો. શ્રી સંઘના અગ્રગણ્ય આગેવાનો સહિત અગણ્ય સાજન-માજન શોભી રહ્યા છે. વાદ્યો તથા સોહાગણ નારીઓનો સમુહ ધવલમંગલ ગીતોની રમઝટથી શહેરના રાજમાર્ગો અને શેરીઓ ગજાવી રહી છે. સારાયે નગરમાં આનંદ આનંદ પ્રસરાવતો વરઘોડો આવી પહોંચ્યો. પૂ. પાદશ્રી ગુરુદેવશ્રીના સાંનિધ્યમાં.

પ્રવજ્યા વિધિનો મંગલ પ્રારંભ થયો. દેવવંદન આદિ વિધિ બાદ પૂ. ગુરુદેવે મુમુક્ષુશ્રી પાસે ત્રણ વખત સૂત્રોચ્ચાર કરાવ્યોઃ 'ઇચ્છકારી ભગવન્ ! મમ મુંડાવેહ, મમ પવ્વાવેહ, મમ વેસં સમપ્પેહ.' ત્યારબાદ મુમુક્ષુશ્રી બહેચરદાસભાઈને શુભ લગ્ને રજોહરણ-ઓઘો અર્પણ કર્યો. મુંડન-વિધિ અને સ્નાનવિધિ બાદ સાધુવસ્ત્ર પરિધાન કરી સાધુ બનીને પૂ. પાદ ગુરુદેવશ્રીની પાસે આવ્યા અને વિધિવિધાન સહ, આત્મિક વીર્યોલ્લાસ સહ સર્વ વિરતિ સામાયિક '**करेमिभन्ते ! सामाइअं...**' ઉચ્ચર્યું. સંસારીમાંથી સાધુ બન્યા. મોહને મારીને મુનિ બન્યા. રાગી મટી ત્યાગી બન્યા. દિગ્બંધ વેલાએ '**मुनिवर श्री बुद्धिसागर**' નામાભિધાન જાહેર કર્યું. '**यथा नाम तथा गुणाः**' બુદ્ધિના સાગર નહિ પરંતુ મહાસાગર હતા.

વડીદીક્ષાના યોગોદ્વહન કર્યા અને પાંચ મહાવ્રત તથા રાત્રિભોજન વિરમણ વ્રત ઉચ્ચર્યાં. મુનિવરશ્રી મહાવ્રતધારી બન્યા. સંયમી બની ગ્રામાનુગ્રામ વિહાર કરતા પ્રથમ ચાતુર્માસ અર્થે સુરત પધાર્યા.

## સિંહગર્જના

સહુના દિલ ઘવાયા. સંઘને કારમો ઘા વાગી ગયો. જૈન સંઘમાં મહાન ખળભળાટ મચી ગયો. ખ્રીસ્તી ધર્મના પ્રચારકોએ જૈનધર્મ ઉપર એફામ અઘટીત આક્ષેપો કર્યા. પેટ ભરીને વિષ વમન કર્યું. કોણ જાણે શું થયું તે કોઈની પણ જબાન બીલકુલ ખૂલી જ નહિ. કયા અગમ્ય

કારણુસર સહુએ મૌન ધારણ કર્યું હશે? કંઇજ સમજ પડી નહિ.

નવયુવાન મુનિવરશ્રીથી આ બધું જોયું જતું નથી. ગરમ લોહી શું સહન કરી શકે? જાહેરમાં ચર્ચા કરવા માટે આહ્વાહન–ચેલેંજ આપી દીધી. 'જાહેરમાં ચર્ચા કરવા માટે હું મારા મિત્રોને મિત્રતાના દાવે આમંત્રણ પાઠવું છું. કહો ત્યાં અને તે ટાઇમે.'

બસ ખલાસ! આજ દિન સુધી કોઈ જ આવ્યું નહિ. સિંહનું મહોરૂં ઓઢીને આવેલું લુચ્ચુ શિયાળ કદીયે ઊભુ રહે ખરૂં કે? પ્રત્યુત્તર ન મળ્યો તે ન જ મળ્યો. જનતામાં ફેલાઈ ગયેલા ભયંકર ઝેર સમાન ગેરસમજને દૂર કરવા માટે કલમ ઉપાડી. કીતાબનું સર્જન તૈયાર થયું. તેમાં સચોટ પ્રત્યુત્તર હતા. છતાં ન હતા આપવડાઇ કે પરનિંદા, ખોટા ખોટા ઉદ્વેગ કે આવેગ, અઘટીત આક્ષેપ કે પ્રતિ આક્ષેપ, અકારી તીખાસ કે કડવાસ; ફક્ત પાને પાને મહેકતી હતી સુજનતાભરી સૌજન્યશીલ સૌરંભ. પ્રથમ કૃતિનું નામ હતું 'જૈનધર્મ–ખ્રીસ્તીધર્મનો મુકાબલો.' 'જૈન-ખ્રીસ્તી સંવાદ.'

પછી તો ફક્ત ચોવીસ વર્ષના અતિપરિમિત સંયમકાળ દરમ્યાન ઘણા પડકારો અને પ્રત્યાઘાતોની આંધી આવી ચઢી. તે દરેકને યથાયોગ્ય રીતે, જૈન શાસનની ઝળહળતી સદાય જયવંતી જ્યોત દુગુણી ઔર સોગુણી વધે તે પ્રમાણે, કટુતાનું સમ્યગ ઉપશમન કરી, પ્રત્યુત્તરો આપી સહુને નિરુત્તર કર્યા.

નામની કામના વગર સ્વયોગ્ય દરેકે દરેક ફરજોનું આત્મિકભાવે સુંદર પાલન કર્યું. પરંતુ અંતરની ઝંખના તો કંઇક જુદી જ હતી. તે તો ઝંખે છે સ્વસંવેદન, સ્વાનુભવ.

શાસ્ત્રો કહે છે: યોગ અને ધ્યાન વિના સ્વસંવેદનનું આધ્યાત્મિક ઝરણું ઉદ્ભવી શકે જ ક્યાંથી?

## પૂર્ણતા પ્રતિ પ્રયાણ

'ધ્યાન કેશરીઆ કેવલ વરીઆ', 'આતમ ધ્યાને આતમા રિદ્ધિ મળે સવી આઇરે...', 'આતમ ધ્યાનથી રે સંતો! સદા સ્વરુપે રહેવું.'

ચૌદ પૂર્વધર ભગવંતો ધ્યાનના પ્રભાવે ફક્ત બે ઘડીમાં ચૌદપૂર્વનું પશ્ચાનુપૂર્વી સહ પરાવર્તન કરે છે. એ ધ્યાનની મહત્તા સૂચવે છે.

ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી મહારાજા, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજા, આચાર્ય શ્રી બપ્પભટ્ટી મહારાજા, શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા, શ્રી કાલકાચાર્યજી મહારાજા, શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા વગેરે અગણ્ય શાસન ધુરન્ધર આચાર્ય મહારાજાઓએ યોગ અને ધ્યાનમાં પ્રભાવે અલૌકિક શાસન પ્રભાવનાઓ કરી છે. અને શ્રી જૈન શાસનનો ત્રિલોક વિજયી સદૈવ ગર્જનશીલ જયઘોષ વિજયડંકો વગાડ્યો હતો, અને પ્રાણ પૂર્યા હતા.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ–અષ્ટાંગ યોગની સહજભાવે સાધના કરી પારંગત બન્યા. કલાકોના કલાકો પર્યન્ત સહજ સમાધિભાવમાં અડોલ રહ્યાં. આધ્યાત્મિક ઓજસ પ્રકાશી ઉઠ્યાઃ જાણે કે ખીલી શરદ પૂનમની ચાંદની.

અપૂર્વ આધ્યાત્મિક ઓજસવંત લોકોત્તર શક્તિના પ્રભાવે અનેક દૈવીક મહાશક્તિઓ આકર્ષાઈ. આકર્ષિત થયેલી દૈવિક મહાશક્તિઓ સેવકભાવે હંમેશા સૌમ્યની સેવામાં હાજર રહેતી. તેમાં મુખ્ય ગણનાપાત્ર હતા સમ્યગ્ દૃષ્ટિ, શાસન રક્ષક, પરોપકારરસીક, યક્ષરાજ શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવ. સ્થળ હતું–મધુપુરી-મહુડી. સાબરમતી નદીનો સુરમ્ય તટ પ્રદેશ.

## શાસનરક્ષા

ચારે બાજુ, જ્યાં ત્યાં, અંધ-શ્રદ્ધા, વહેમ, શંકા-કુશંકા અને અજ્ઞાનતાના અંધારા અને ઓછાયા છવાઈ ગયા હતા. તેમાં ફસાઈ ગયેલી જનતા ત્રાસી ગઈ હતી. ભૂત, પ્રેત અને ભુવાઓનું જોર દિનપ્રતિદિન વધી રહ્યું હતું. ઢોંગ અને ધતીંગે તો માઝા જ મૂકી દીધી હતી. આવી નિરાધારમય પરિસ્થિતિમાંથી ઉગરવા સહુ કોઈ વલખા મારી રહ્યા હતા. અમાવાસ્યાની કાળમીંઢ રાત્રીમાં માર્ગદર્શન માટેની સર્વ આશાઓ નિરાશામાં પલટાતા જનતા વિશેષ ધર્મભ્રષ્ટ અને શ્રદ્ધાભ્રષ્ટ બની હતી. ધર્મધુરન્ધરો નિરપેક્ષભાવે તટસ્થ રહ્યા હતા.

'હજારો નિરાશામાં એક અમર આશા છૂપાઈ છે.' સર્વના સહજભાવે કલ્યાણની ભાવનાથી ભાવિત થયેલું ઉદાર ચરિતમાનસ આવી કઢંગી-બેહુદી-અસહ્ય પરિસ્થિતિને લેશ માત્ર પણ કેમ સહન કરી શકે ? 'મને કોઈ ઉગારો....મને કોઈ મદદ કરો...' એવા આમંત્રણની કયો નરશાર્દૂલ રાહ જુએ ?

મધુપુરી (મહુડી) ગામમાં શ્રી પદ્મપ્રભુજીના નૂતન જિનાલયની સાંનિધ્યમાં, શ્રી અરિહંત પરમાત્માના અનન્ય ઉપાસક, સમ્યગ્દૃષ્ટિ, શાસનરક્ષક, પરોપકારરસીક, યક્ષરાજ શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવની પ્રાભાવિક મૂર્તિની પ્રથમ સ્થાપના કરી. ભ્રષ્ટ થતી સત્ત્વશીલ પ્રજાના સત્ત્વનું ધર્મ, શ્રદ્ધા અને આચારની ત્રિવેણીથી રક્ષણ કરવું, એનાથી અન્ય કયું મહાન શાસન પ્રભાવનાનું પ્રથમ કાર્ય કહી શકાય

## ગુરુ-વિરહ

સદાય શીળી છાયા આપતું શીરછત્ર કાળે અકાળે ઝુંટવી લીધું. અમદાવાદ મુકામે વિ. સં. ૧૯૬૯ અષાડ વદ ૩ના દિને પરમપૂજ્ય, ક્રિયાપાત્ર, તપસ્વીરત્ન મુનિરત્ન ગુરુદેવશ્રી સુખસાગરજી મ.સા. સમાધિ ભાવ સહ કાળધર્મ પામ્યા. અનુમોદનીય આરાધનાનો અમૂલ્ય લાભ લઈ કૃતકૃત્ય બન્યા.

પરમપૂજ્ય, આરાધ્યતમ ગુરુદેવશ્રીના સંયમગુણ અનુમોદન નિમિત્તે શ્રી ઝવેરીવાડ ચિંતામણિ... જિનાલયમાં ૪૫ દિવસ પર્યન્તનો શ્રી જિનેન્દ્રભક્તિ મહત્તમ મહોત્સવ ઉજવવામાં આવ્યો. ગુરુપાદુકાની પ્રતિષ્ઠા કરી.

## પ્રચંડ પુરુષાર્થ

સખત બેચેની વર્તાઇ રહી છે. હૈયુ સતત કોરાઈ રહ્યું છે. પાયો જો મજબૂત હોય તો ઇમારતને આંચ આવતી નથી. આ સનાતન સત્ય લગભગ વિસરાઈ ગયું છે.

તર્ક-કુતર્ક વધી ગયા. અહં અને આકાંક્ષામાં સહુ ફસી પડ્યા. માન અને મહત્તાનાં મુંઝાઈ ગયાં. સુષુપ્ત કુતત્ત્વો આળસ ખંખેરી ઊભા થયા.

શાસન અનેક વિભાગોમાં વહેંચાઈ ગયું. વિભાગમાં પણ નાના-નાના વિભાગો વધતા ગયા. નાની-નાની વાતોને મોટી બનાવી દઈને લડવા-ઝઘડવાનું શરૂ થયું હતું. દિ' ઉગેને નવો પ્રશ્ન ઊભો થતો. 'ઘર જલ ગયા, ઘરકી ચિરાગસે.'

તટસ્થ અને નિર્લેપભાવે વિચાર કર્યો. કયો માર્ગ લેવો ? કયો રસ્તો કાઢવો ? કોની આગળ જઈ પોકાર કરવો ? ઐક્યતા માટે પ્રયત્નો કર્યા. પરંતુ ઝાઝી દાદ ન મળી. અનેક વિચારોથી અંતરને વિલોવી નાખ્યું. અન્તે માર્ગ મળી ગયો.

આધ્યાત્મિકભાવના વિકાસથી જૈન દર્શનની જયવંતી જ્યોતિ અધિકતમ પ્રકાશી ઉઠશે.

'હાક સુણીને કોઇ ના આવે તો એકલો જાને રે....' કર્તવ્યપરાયણતાએ પ્રાણ પૂર્યા.

**અમર–પ્રદાન**

જીવનની જ્યોત જ્યાં સુધી પ્રકાશી રહી, ત્યાં સુધીમાં તો એક પછી એક એમ એકસો ને આઠથી અધિક (ગ્રન્થો) જ્ઞાનદિપકોની ઝળહળ પ્રકાશીત હારમાળા તૈયાર કરી. અધ્યાત્મજ્ઞાનના પિપાસુ અને જિજ્ઞાસુ, ઉદારચરિત ગુણાનુરાગી ગુરુભક્તોએ હારમાળાને પ્રકાશીત કરી. અધ્યાત્મજ્ઞાન પ્રકાશક મંડળ સંસ્થાએ સુસંચાલન કર્યું.

ઝળહળ પ્રકાશી રહેલા જ્ઞાનદિપકોની જ્યોતિ સર્વત્ર પ્રસરી રહી. અનેક ભાવિકોને આકર્ષી રહી. અનેક શંકાઓનું નિર્મૂલન કરી રહી. સન્માર્ગને ઉજાળી રહી. અંધકારને હઠાવી રહી.

સ્થાનકમાર્ગી સંપ્રદાયના શ્રી અમિઋષિ વગેરે સાધુઓને જ્ઞાનદિપકોની જ્યોતિએ આકર્ષ્યા. અને પૂ. પાદશ્રીનું સાંનિધ્ય વર્યા. સાંનિધ્યને પામીને સન્માર્ગ પામી ગયા. (મૂર્તિપૂજાની) શ્રદ્ધા પ્રગટી રહી. સદ્‌ગુરુનું શરણું સ્વિકાર્યું. અને અમિઋષિમાંથી શ્રી અજિતસાગર બન્યા.

ઝળહળ જ્યોતિથી પ્રકાશતા દિપકોની પ્રભાથી પ્રભાવિત થયેલા અનેક રાજરાજેશ્વરો દર્શનને ઝંખતા. દર્શન પામી તૃપ્તિ અનુભવતા. સાક્ષરો સમાધાન સાધતા. સમાજ સેવકો પ્રેરણાનું પાન કરી કર્તવ્યશીલ બનતા. ભદ્રભાવ ભાવિત ભાવિક ભક્તો ભક્તિરસને સાધી જતા. આધ્યાત્મિક સનાતન સત્ય સિદ્ધાન્તોના રસપાન કરીને સંતો પરમાત્મભાવથી ભાવિત બની પરમપદની સિદ્ધિનું નિદાન પામી જતા.

વડોદરા નરેશ શ્રી સયાજીરાવ ગાયકવાડ મહારાજાની વિજ્ઞપ્તિથી રાજમહેલમાં થયેલા પૂ. પાદશ્રીના પ્રવચનોથી પ્રાભાવિત બનેલ નરેશ સબહુમાન હર્ષોદ્‌ગારપૂર્વક જણાવે છે કે, 'જો થોડા પણ આવા સંતો આર્યભૂમિ ઉપર વિચરીને જનતાને સન્માર્ગે લઈ જાય તો આ આર્યભૂમિનો ઉદ્ધાર જાણે નજીકમાં જ દેખાય છે.' પૂ. પાદ ગુરુદેવશ્રીના ઉપદેશથી નરેશે વિજ્યાદશમીના દિવસે કુલપરંપરાગત પાડાની હિંસા થતી હતી, તે જીવહિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

માણસા નરેશ, પેથાપુર નરેશ, ઈડર નરેશ, વરસોડા નરેશ વગેરે અનેક રાજ–રાજેશ્વરોને પ્રતિબોધ કર્યા. શિકાર, માંસ, દારૂ, જુગાર વગેરે વ્યસનોથી મુક્ત કર્યા. પ્રજાહિતના કાર્યો કરવાનો અનુરોધ કર્યો.

જ્ઞાનદિપકોની જ્યોતિ જાજ્વલ્યમાન પ્રભા દૂર સુદૂર પ્રસરતી પ્રસરતી–કાશી બનારસના મહાવૈયાકરણાચાર્યો અને નૈયાયિકોના હૃદય કમળને પ્રકાશમાન કરવા સમર્થ બની.જ્ઞાન સૌરભથી આકર્ષિત થયેલા અનેક વિદ્વદ્‌ધૌર્ય પંડિતોએ એકત્રિત થઈને પૂ. પાદ ગુરુદેવશ્રીને 'શાસ્ત્રવિશારદ'ની માનદ્ પદવી સબહુમાન અર્પણ કરી ગૌરવપ્રદ વિદ્વત્તાનું બહુમાન કર્યું.

વિ. સં. ૧૯૭૦ મહા સુદ ૧૫ ના દિને પેથાપુર નગરના આંગણે ભારતભરના જૈન સંઘો એકત્રિત થયા. પૂજ્યપાદ્ ગુરુદેવશ્રીનો 'આચાર્ય પદ–પ્રદાન' મહોત્સવ ઉત્સાહ, ઉમંગ અને અનેરી શાસનપ્રભાવના સહ ઉજવીને મહાન લાભ લેવા મહા ભાગ્યશાળી બન્યા.

## યોગ-પ્રભાવ

મનુભાઈ દિવાન, ડૉ. સુમનભાઈ વગેરે પૂ. પાદ્ ગુરુદેવશ્રીની જ્ઞાન સૌરભથી આકર્ષિત થઈને દર્શનાર્થે આવ્યા. યોગની મહાન શક્તિનો અલ્પ પરિચય પામવા માટે વિજ્ઞપ્તિ કરી.

પૂ. ગુરુદેવશ્રી ધ્યાનસ્થ થયા. પ્રાણાયમ કરી શ્વાસની ગતિને રોકી. પ્રાણોબ્રહ્મરન્ધ્રમાં સ્થિર કર્યા.

નાડીના ધબકારા નથી, શ્વાસની ક્રિયા બંધ છે. સ્થિર અને અડોલ સ્થિતિ. કશું ય હાલે કે ચાલે. સૌ એકીટશે સ્થિર થઈ જોતા જ રહ્યા. યોગના મહાન પ્રભાવને પ્રત્યક્ષ જોઈને આશ્ચર્યાન્વિત બન્યા.

સૌને યોગનો પ્રભાવ સમજાવ્યો. જીવનની ઉન્નતિ, આત્માની ઉન્નતિ, દેશની ઉન્નતિ અને આમ-જનતાની ઉન્નતિ માટે યોગની પરમ આવશ્યકતા વિશે સામાન્ય સમજ આપી.

## સમાજોદ્ધાર

કળીનો વિકાસ થાય તે પહેલાં જ તે કળી ખરી પડશે કે શું? સમગ્ર આશાઓ અને અરમાનોનો જોતજોતામાં ભાંગીને ભૂક્કો થઈ જશે કે શું? પાલીતાણાની શ્રી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળા-સંસ્થાના સંસ્થાપક મુનિમહારાજશ્રીએ દીર્ઘદૃષ્ટિથી ધાર્મિક સુસંસ્કારોની સાથે વ્યવહારિક કેળવણીના ઉદ્દેશથી અપૂર્વ ધગશથી પ્રાણરેડીને સમાજકલ્યાણના હેતુથી કદમ ઉઠાવ્યું. હામ ભીડી. પરંતુ સાથ અને સહકાર વિના બધું જ છિન્નભિન્ન, વેરવિખેર થઈ જવાની ઘડીઓ ગણાતી હતી.

રગરગ વસી હતી સંઘના કલ્યાણની ધગશ. હૈયે વસી હતી શાસનની દાઝ. ન હતી નામના કે કામના. રોમરોમ વસી હતી સર્વના હિતની ભાવના.

ગુણાનુરાગી ગુરુભક્ત ત્રિપુટી (લલ્લુભાઈ કરમચંદ, જીવણચંદ ધરમચંદ, કેશરીચંદ ભાણાભાઇ)એ પ્રેરણામૃતના પાન કર્યા.

ડગુમગુ થયેલા પાયા પુનઃ સ્થિર થયા. નાનાશા બીજમાંથી ઘેઘુર છાયાથી સુશોભિત વિશાળકાય વટવૃક્ષની જેમ સંસ્થાનો વિકાશ થયો. નૂતન નામાભિધાન જાહેર થયું: 'શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ'.

અમદાવાદમાં ગુણાનુરાગી ગુરુભક્ત શ્રી લલ્લુભાઈ રાયજીભાઈએ ગુરુભગવંતશ્રીની પ્રેરણાનું પાન કરી 'શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડીંગ' સ્થાપન કરી સુંદર ભોગ આપ્યો. આજે પણ એ યથાવત્ સુંદર રીતે ચાલી રહી છે.

વડોદરામાં પણ ગુરુદેવશ્રીની પ્રેરણાના ફલસ્વરૂપે સ્થાપન થએલી શ્રી દશાશ્રીમાળી જૈન બોર્ડિંગ આજે પણ સુંદર પ્રગતિ કરી રહી છે.

## ઉત્સવો અને મહોત્સવો

પૂજ્યપાદ્ ગુરુદેવશ્રીના પાવનકારી શુભ હસ્તે અનેક પ્રાચીન તેમજ નવનિર્મિત્ જિનાલયોની પ્રાણ-પ્રતિષ્ઠાઓ, ઉદ્યાપન મહોત્સવો, ઉપધાન મહોત્સવો, શ્રી કેશરીઆજી આદિ તીર્થોના છ'રી પાળતા સંઘોની સાથે તીર્થયાત્રાઓ વગેરે અનેકવિધ મહાન શાસનપ્રભાવનાના શુભ અનુષ્ઠાનો સહ મહાન મહોત્સવો ઉજવાયા હતા. વિજાપુરમાં પ્રાચીન હસ્તલીખીત પ્રતો-ગ્રન્થોના સંરક્ષણ અર્થે જ્ઞાનમંદિરનો ઉપદેશ આપ્યો. અને સુંદર આલીશાન ભવ્ય જ્ઞાનમંદિર તૈયાર થયું.

ઉદયની પાછળ અસ્ત છૂપાયો છે. વિયોગના તારથી સંયોગ મઢાયો છે. સર્જનની સાથે વિસર્જનનું કાવ્ય રચાતુ જાય છે.

મુસાફરી હવે પુરી થવા આવી છે. અગમથી જ એ ધાણુ પારખી લીધું છે. એકી સાથે સત્તાવીશ પુસ્તકો પ્રેસમાં મોક લાઈ ગયા. પ્રસ્તાવના, આલેખન, પ્રુફ-સંશોધન વગેરે ધ્યાનપૂર્વક તપાસી જતા.

છેલ્લાં ત્રણ દિવસ પહેલાં તો (જેઠ સુ. ૧૫) 'સુબોધ કક્કાવલી' ગ્રન્થના સર્જનનું અન્તિમ મહાન કાર્ય અવિરત ગતિથી ચાલુ છે. ન હતો થાક કે ન હતી થકાવટ.

રગ રગ વસી હતી સર્વના હિતની સાર્વજનિન-મનોકામના. હૈયે ધગધગતી હતી સર્વ જીવને શાસનરસિક બનાવવાની વિશુદ્ધ ભાવના.

ધન્ય જ્ઞાન સાધના! ધન્ય ધન્ય અપ્રમત્તતા!! ધન્યાતિધન્ય ઉપયોગશીલતા!! ભવ્યતમ પરાર્થરસીકતા!!!!

મહુડી ગામમાં અનેક ગામોના સંઘો ભેગા થયા છે. ચાતુર્માસ માટે સહુએ આગ્રહભરી વિનંતિ કરી.

સહુને સ્પષ્ટ જણાવી દીધું: 'હું પરવારી ગયો છું. સમય હવે નિકટ છે. મુસાફરી હવે પુરી થવા આવી છે. તમે પણ ચેતજો' પત્રો દ્વારા પણ સહુને જણાવી દીધું.

જેઠ વદ ત્રીજના પ્રાતઃકાલના સમયે સુપેરે પ્રયાણ કર્યું. આચાર્ય શ્રી અજિતસાગરસૂરીશ્વરજી મ., પ્રવર્તક શ્રી ઋદ્ધિસાગરજી મ., પંડિત પ્રવર શ્રી કીર્તિસાગરજી મ. આદિ શિષ્યપરિવાર, સાધ્વીસમુદાય તેમ જ ગુરુભક્ત સમુદાય સાથે હતો.

મહુડીથી પ્રયાણ કરીને સવારે ૮ કલાકે વિજાપુર વિદ્યાશાળાના ઉપાશ્રયે પધારી ગયા. 'ૐ અર્હં મહાવીર'નો અજપાજાપ ચાલુ છે. બધા આવી ગયાને? કોઈ બાકી તો નથી રહ્યું ને? કોઈને પણ કાંઈ પૂછવું છે? પણ હવે શું પૂછવું? સહુ કોઇ એક મહા સ્વપ્નને જ ન જોતાં હોય તેમ કંઇપણ પૂછી ન શકાયું. કે પછી પ્રશ્નોત્તરીનો હવે કયાં સમય જ હતો! ના, ના, કહેવા જોગ તો પહેલેથી જ સહુને જણાવી દીધું હતું.

હાજર રહેલા સહુએ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની સામે ત્રાટક કર્યું. અનિમેષ નયનોથી સહુ તારણહાર ગુરુદેવને નિરખી રહ્યા. સહુના લોચનીયા ભીના થયા. હૈયું હાથ ન રહ્યું. દળ દળ આંસુડા સરી પડ્યા.

લાખોના હૈયાનો હાર આજે પદ્માસનસ્થ થયો. આંખો મીંચી દીધી. ધ્યાનસ્થ થઇ ગયા. મહાપ્રયાણ કર્યું. અને અનંતની મુસાફરીએ ઉપડી ગયા. દિવો બુઝાઇ ગયો. દેવળને છોડીને મુસાફરે પ્રયાણ કરી દીધું.

## દિવ્યતેજનું દિવ્યદર્શન

જીવનની અન્તિમ ક્ષણ સુધી સર્વત્ર દિવ્યપ્રકાશને સર્વત્ર પ્રસારતો દિવ્ય દિપક બુઝાયો. સર્વત્ર શોકનો મહાસાગર છવાઈ ગયો. અન્તિમ સમયે પાર્થિવ-નશ્વર, દિવ્ય કાન્તિમય દેહ ઉપર ચોવીશ કલાક પર્યન્ત અદ્ભૂત દિવ્યશ્રીજ્યોતિર્મય અપૂર્વ દિવ્યતેજ વિલસી રહ્યું. દિગંતગામી તેજના ફુવારા ઉડી રહ્યા. અવનવા ભવ્યભાવો દશ્યમાન થતા રહ્યા.

## અંતિમદર્શને

ગામે ગામ અને મોટા મોટા શહેરોમાં વિજળીવેગે સમાચાર પ્રસરી ગયા. જે સાધન મળ્યું તેમાં સહુ દોડી આવ્યા. અમદાવાદથી ઉપડતી ગાડીઓ આજે ચીક્કાર ભરાઈને આવી. બેસવાની તો નહિ પણ ઊભા રહેવાની જગ્યા પણ મળે તો મહાભાગ. આજુબાજુના પચાશ-પચાશ માઇલના અંતરેથી ગામેગામ અને શહેરોમાંથી પરમ તારક ગુરુદેવના અન્તિમ દર્શને અગણિત માનવ સમુદાય ઉમટી પડયો. લાખો હૈયા સુનસામ થઇ ગયા. મન ગમગીન થઇ ગયા. આંખોમાંથી અવિરત અશ્રુધારાઓ વહેવા માંડી.

સહુના મુખમાંથી એક જ ઉદ્ગાર નીકળતો હતોઃ અનેકોનો આધાર ચાલ્યો ગયો, નિરાધાર બની ગયા. શાસનનો મહાન સ્તંભ તુટી ગયો. સીતારો ખરી પડયો.

જેઠ વદ ૪ ના દિવસે ભવ્ય અંતિમયાત્રા નીકળી. 'જયજય નંદા, જયજય ભદ્દા'ના પડઘા અને પ્રતિઘોષ સંભળાવા લાગ્યા. વિજાપુર નગરમાં ફરી માનવ સમુદાય સિવાય બીજું કંઈપણ નજરે પડતું નથી. ગામ પરગામથી અઢારે આલમ ઉમટી પડી. વિજાપુર નગર આજે સદાયને માટે તીર્થધામ બની ગયું. સ્મશાનયાત્રા સારાયે નગરમાં ફરી. હૈયે હૈયું ભીડાય અને ઘડીભર તો સુંઝવણ પણ ઊભી થઈ જાય એવી ફાટફાટ ગીરદી સિવાય બીજું કશું જ નજરે ચડતું ન હતું. નગરની બહાર સ્મશાનયાત્રા આવી પહોંચી. કંકુચંદભાઈની વાડીમાં નિયત સ્થળે સુખડની ચિતા ઉપર પૂ. ગુરુદેવશ્રીના ભવ્ય તેજોમયી મૂર્તિસમા દેહને મૂકવામાં આવ્યો અને અગ્નિદેવે લાખો હૈયાના હાર, પરમ તારણહાર ગુરુદેવશ્રીના પાર્થિવદેહને ભસ્મીભૂત કરી દીધો. રડતા હૈયે સહુ સ્વસ્થાને પાછા ફર્યા. ફૂલ ખરી પડયું, ફોરમ રહી.

પચાશ-પચાશ વર્ષોના વહાણા વીતી જવા છતાં પણ અમરતાને વરેલા વહાલા અમર ગુરુદેવ આજે પણ હજારો નહિ પણ લાખો હૃદયમંદિરમાં બીરાજમાન છે. દિવ્ય તેજોમયી, ભવ્યાતિભવ્ય મૂર્તિની પાસે હૃદયના ભાવપૂર્વક સ્તુતિ, વંદન, નમન અને પૂજન કરી મનડુ એક જ અભિલાષા રાખે છેઃ 'મને ભવોભવ સદ્ગુરુની સેવા મળજો.'

વિ. સં. ૧૯૩૦ મહા વદ ૧૪નો જન્મ: જીવનની અઢીશ વસંત વીતી ગય બાદ વિ. સં. ૧૯૫૭ માગશર સુદ ૬ના ૨૭ વર્ષની ભરયુવાનીમાં અનુપમ સંયમની ભવ્યતમ શાધના. અને ફક્ત ૫૧ વર્ષની ઉંમરે તો અનંતની મુસાફરીએ મહાપ્રયાણ.

ફક્ત ૨૪ વર્ષનો ઘણો જ ઓછો કહી શકાય એટલો સંયમપર્યાય. જીવ્યા તો ઘણું જ ઓછું પણ ઘણું ઝાઝું કરી-કહી ગયા. ભવ્યતમ સાધનામય જીવન જીવી ગયા. ઉમદા વિચારો રજુ કરી ગયા. ઉદાત્ત જીવન્ત અને આદર્શ જીવન ખડુ કરી ગયા. હજારો વર્ષો સુધી નિત્ય, નવીન, નવજીવન આપે તેવા ઉત્તમ આદર્શમય આચારો અને વિચારોનું સુંદર સંકલન કરી દિવ્ય જ્યોતિર્મય જ્ઞાન દિપકો (ગ્રન્થો)ની ભવ્યતમ હારમાલા જિનશાસનના ચરણે ધરી ગયા.

ચંદનની સુવાસ સમ પરમોપકારી પૂજ્યપાદ્ યોગનિષ્ઠધુરંધર ગુરુદેવશ્રીનું મહનીય મહત્તમ જીવન હંસદષ્ટિવંત સજ્જનોને પ્રેરણામૃતનું પાન કરાવી રહ્યું છે. સન્માર્ગનું સદ્દર્શન કરાવી રહ્યું છે.

સદ્ગુરુદેવશ્રીના પ્રેરણાત્મક મહનીય જીવન અને કવનમાંથી સત્પ્રેરણામૃતનું પાન કરી આત્માભિમુખ બની પરમપદને પ્રાપ્ત કરો એ જ શુભેચ્છા.

પૂજ્યપાદ્ ગુરુદેવશ્રીના પરોપકારમય જીવન ચરિત્રનું આલેખન કરતાં અલ્પમતિ આદિના કારણે જિનાજ્ઞા વિરુદ્ધ જે કંઈપણ આલેખન થયું હોય તે સંબંધી મિથ્યા દુષ્કૃત માંગી સદ્ગુરુશ્રીના ચરણકમલોમાં ભાવભીના વંદન કરી વિરમું છું.

ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ કલ્યાણક નિમિત્તે

જૈન

સાપ્તાહિક પ્રતિ

સંપાદક :- રતિલાલ દીપચંદ દેસાઈ

પ્રેરક :- શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, મુંબઈ.

# જગતગુરુ વર્ધમાન ભગવાન

(રાગ : આશાઉરી)

જગતગુરુ વર્ધમાન ભગવાન.........
ચરમ જિનેશ્વર જય જગદીશ્વર, કરતાં જગકલ્યાણ... જગત૦

મનને જીત્યું, સમતા મારી, સાધી સમતા મહાન;
દૂર કર્યાં શુભ આતમધ્યાને, રાગ-દ્વેષ-અજ્ઞાન.... જગત. ૧

ચોત્રીશ અતિશય અદ્ભુત વિલસે, પાંત્રીશ વાણી-ગુણ-ખાણ;
શાસન-આકાશે અહનિશ જે, સદા ચમકતો ભાણ... જગત. ૨

હે જગગુરુ! યાચું તુજ પાસે, સમકિત-સુખનાં દાન;
તુજ શાસન-નંદનવન પામી, કરીએ આનંદ - ગાન.... જગત. ૩

—પૂ. મુ. શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

પ્રભુ! આ વર્ષ અમારે દિવાળી

અંક ૨૧ નું
ચાલુ
[લેખાંક ૧૩]



# શ્રમણ ભગવાન મહાવીર

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

હે સિદ્ધાર્થ ક્ષત્રિય ! ત્રિશલા ક્ષત્રિયાણીએ કેશરી સિંહ, ગજ, વૃષભાદિ જે ચૌદ મહાસ્વપ્નો જોયેલા છે તે પૈકી બારમા સ્વપ્નમાં દિવ્ય વિમાન જોયેલ હોવાથી ક્ષત્રિયાણી જે પુત્રરત્નનો જન્મ આપશે તે પુત્રનો આત્મા વૈમાનિક નિકાયમાંથી ચ્યવીને અહીં અવતરેલ હશે. હે રાજન ! આ ચૌદેય મહાસ્વપ્નોનું સામુદાયિક ફળ તો આપને અમે સંક્ષેપમાં જણાવ્યું. હવે એ ચૌદ મહાસ્વપ્નો પૈકી એક એક મહાસ્વપ્નનું ભિન્ન ભિન્ન શું ફળ પ્રાપ્ત થશે ? એ બાબત આપને અમે જણાવીએ છીએ.

## ચૌદેય મહાસ્વપ્નોનું ભિન્ન ભિન્ન ફળ

(૧) હે રાજન ! ત્રિશલા ક્ષત્રિયાણીએ પ્રથમ સ્વપ્નમાં કેસરીસિંહને જે જોયેલ છે તેના પ્રભાવે તમારો પુત્ર વિષય વિકાર કિંવા કામ–વાસનારૂપી મદોન્મત્ત હાથી અને હાથિણીના સમૂહથી પરવશ બનેલ ભવ્ય જીવોને આધ્યાત્મિક સામ્રાજ્ય અપાશનાર થશે.

(૨) બીજા સ્વપ્નમાં ચાર દંતુશલથી શોભાયમાન હાથીને જોયેલ હોવાથી તમારો પુત્ર દાન–શીલ–તપ–ભાવ આ ચારેય પ્રકારના ધર્મનું વિશ્વમાં પ્રવર્તન કરશે.

(૩) ત્રીજા સ્વપ્નમાં વૃષભને જોયેલ હોવાથી હે રાજન ! તમારો પુત્ર ભરતક્ષેત્રમાં બોધિબીજની સફળ વાવણી કરવામાં કુશલ હશે.

(૪) ચોથા સ્વપ્નમાં અભિષેક સહિત લક્ષ્મીદેવીના ત્રિશલા ક્ષત્રિયાણીએ દર્શન કરેલા હોવાથી તમારો પુત્ર વાર્ષિક દાન આપશે; અને તીર્થંકરપદની લક્ષ્મીનો ભોક્તા બનશે.

(૫) પાંચમા સ્વપ્નમાં છએ ઋતુનાં પુષ્પોથી ગુંથેલ અને સુવાસથી મઘમઘાટ કરતા માળાના યુગલને જોયેલ હોવાથી હે રાજન ! તમારો પુત્ર ત્રણેય ભવનમાં સર્વ કોઇને મસ્તકે ધારણ કરવા યોગ્ય થશે.

(૬) છઠ્ઠા સ્વપ્નમાં પૂર્ણિમાના ચન્દ્રનું દર્શન થયેલ હોવાથી ચન્દ્રના કિરણોના સ્પર્શથી ચન્દ્રવિકાશિ કમળો જેમ વિકસ્વર પામે છે તે પ્રમાણે તમારા પુત્રરૂપી દર્શનથી ભવ્ય જીવોરૂપી કમળો આધ્યાત્મિક ભાવની અપેક્ષાએ નવપલ્લવિત થશે.

(૭) સાતમા સ્વપ્નમાં સૂર્યના દર્શન કરેલ હોવાથી હે રાજન ! તમારો પુત્ર સૂર્ય જેવો તેજસ્વી થશે, અને ભામંડળથી ભૂષિત બનશે.

(૮) આઠમા સ્વપ્નમાં ધ્વજના દર્શનથી તમારો પુત્ર વિશ્વમાં ધર્મની ધ્વજા ફરકાવશે.

(૯) નવમા સ્વપ્નમાં પૂર્ણ કળશ જોયેલ હોવાથી તમારો પુત્ર ધર્મપ્રાસાદના શિખર ઉપર બિરાજમાન થશે.

(૧૦) દશમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ પદ્મ સરોવરના દર્શન કરેલ હોવાથી હે રાજન ! તમારો પુત્ર કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી સુરસંચારિત સુવર્ણ કમલ ઉપર પગ મુકીને ચાલનારો થશે.

(૧૧) અગીઆરમા સ્વપ્નમાં રત્નાકર ( સમુદ્ર )ના દર્શનથી તમારો પુત્ર અનેક ગુણરૂપી રત્નોની ઉત્પત્તિ માટે રત્નાકર જેવો થશે.

(૧૨) બારમા સ્વપ્નમાં દિવ્ય વિમાનના દર્શનથી તમારો પુત્ર વૈમાનિકદેવોને પણ પૂજનીય બનશે.

(૧૩) તેરમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ રત્નનો રાશિ જોયેલ હોવાથી તમારો પુત્ર મણિરત્નથી જડેલા સમવસરણમાં બિરાજમાન થઇ ધર્મદેશના આપશે.

(૧૪) ચૌદમા સ્વપ્નમાં નિર્ધૂમ અગ્નિશિખા જોયેલ હોવાથી ભવ્ય જીવોરૂપી સુવર્ણની શુદ્ધિ કરનારો તમારે પુત્ર થશે.

અને ચૌદેય મહાસ્વપ્નોના યથાર્થ સામુદાયિક ફલ તરીકે તમારો પુત્ર સકલકર્મનો આ ભવમાં જ સંપૂર્ણ ક્ષય કરી ચૌદ રાજલોકના અગ્ર ભાગે વર્તતી સિદ્ધશિલામાં બિરાજમાન થશે.

સ્વપ્નલક્ષણ પાઠકો પાસેથી ત્રિશલા ક્ષત્રિયાણીને આવેલ ઉત્તમોત્તમ ચૌદ મહાસ્વપ્નોના સર્વાતિશાયિ ફળને શ્રવણ કરી સિદ્ધાર્થ રાજા અત્યંત પ્રસન્ન થયા. તેમ જ સ્વપ્નલક્ષણ પાઠકોનો ફૂલહાર–શ્રીફળ વગેરેથી સત્કાર-સન્માન કરી જીવનપર્યંત ચાલે તેટલું વિપુલ સુવર્ણમુદ્રા વગેરેનું દાન આપી તેમને વિદાય કર્યા.

## ત્રિશલા ક્ષત્રિયાણી પાસે સ્વપ્નના ફળનું કથન

રાજસભામાં સિદ્ધાર્થ રાજાએ ત્રિશલા ક્ષત્રિયાણીને બેસવા માટે પોતાની નજીકમાં જવનિકા (પડદા)ની પાછળ ભદ્રાસન તૈયાર રખાવેલ હતું. અને સ્વપ્નપાઠકો રાજસભામાં આવ્યા તે અગાઉ ત્રિશલા ક્ષત્રિયાણી પોતાના ભદ્રાસન ઉપર આવીને બેસી ગયા હતા, જેથી સ્વપ્નલક્ષણ પાઠકોએ પોતાને આવેલા ચૌદ મહાસ્વપ્નોનું જે સર્વોત્તમ ફળ જણાવ્યું તે બધી હકીકત ત્રિશલાદેવીએ પોતે યથાર્થપણે શ્રવણ કરેલ હતી. એમ છતાં સ્વપ્નલક્ષણ પાઠકોની રાજસભામાંથી વિદાયગિરિ થયા પછી સિદ્ધાર્થરાજા સિંહાસન ઉપરથી ઊભા થઈ જવનિકામાં ત્રિશલા ક્ષત્રિયાણી પાસે આવ્યા. અને કદાચ કોઈ વાત સાંભળવામાં ન આવી હોય એ આશયથી સ્વપ્નપાઠકોના મુખેથી શ્રવણ કરેલ ચૌદેય સ્વપ્નોના સર્વોત્તમ ફળનો સમગ્ર વૃત્તાંત ત્રિશલા ક્ષત્રિયાણી પાસે કહી સંભળાવ્યો. ત્રિશલા ક્ષત્રિયાણી પણ એ સમગ્રવૃત્તાંત શ્રવણ કરી અત્યંત પ્રસન્ન થયા. અને પાર્શ્વનાથ પ્રભુના શાસનની આરાધના સાથે આનંદમાં સમય પસાર કરવા લાગ્યા.

## સિદ્ધાર્થરાજાને ત્યાં ધન–ધાન્યાદિકની વૃદ્ધિ

જ્યારથી ભગવાન મહાવીર દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં પધાર્યા છે ત્યારથી સિદ્ધાર્થ ક્ષત્રિયના સત્કાર–સન્માન સાથે યશકીર્તિની વૃદ્ધિ શરૂ થઈ ગઈ. તેમ જ સિદ્ધાર્થ ક્ષત્રિયને ત્યાં, તેમના સમગ્ર જ્ઞાત કુલમાં, રાજ્યમાં અને રાષ્ટ્ર પ્રજાજનોમાં ધન–ધાન્યની, ઋદ્ધિ–સિદ્ધિ–સંપત્તિની વૃદ્ધિ શરૂ થઈ ગઈ. જેનું વંશ–વારસામાં કોઈ માલિક ન હોય એવા ભૂમિ વગેરે સ્થળે રહેલા મહાનિધાનોને ઉપાડી ઉપાડીને ઈન્દ્રમહારાજની આજ્ઞાથી દેવો સિદ્ધાર્થ ક્ષત્રિયના રાજમહેલમાં લાવવા લાગ્યા. અને દિનપ્રતિદિન આનંદ કલ્લોલની પરંપરામાં વધારો થતો ગયો.

## 'વર્ધમાનકુમાર' નામ સ્થાપનનો મનોમન નિર્ણય

ભગવાન મહાવીરનો આત્મા ચોવીશમા તિર્થંકરનો આત્મા હતો. વિશ્વમાં સર્વ જીવોની પુન્યાઈ કરતા તીર્થંકર ભગવંતની પુન્યાઈ અનંતગુણી હોય છે. તીર્થંકર થનાર આત્માનું જે માતાની કુક્ષિમાં અવતરણ થાય તે માતાનું તેમ જ તીર્થંકરના પિતાનું અને તેમના સમગ્ર કુટુંબપરિવારનું પણ પ્રબલ પુન્ય હોય છે— એમ હોય તો જ તીર્થંકર જેવા આત્માનું એ કુટુંબમાં અવતરણ થાય છે; અને હરકોઈ પ્રકારનાં સુખશાંતિના સાધનોમાં અભિવૃદ્ધિ થતી જાય છે. સિદ્ધાર્થરાજા અને ત્રિશલા ક્ષત્રિયાણીએ આવા અનુકૂલ સંજોગોમાં મનોમન નિર્ણય કર્યો કે જ્યારે પુત્રરત્નનો જન્મ થશે, અને નામસ્થાપનનો શુભ પ્રસંગ આવશે ત્યારે અમારા પુત્રના ગુણ પ્રમાણે "વર્ધમાનકુમાર" એવું નામ અમો સ્થાપન કરશું.

## ભગવંતની ગર્ભાશયમાં નિશ્ચલતા

દેવાનંદાની કુક્ષિમાં બ્યાશી દિવસ અને ત્રિશલા માતાની કુક્ષિમાં લગભગ સાડા ત્રણ મહિના એમ એકંદર ગર્ભકાળ લગભગ સાડા છ માસનો થયો અને ગર્ભાશયમાં અંગોપાંગોનો ક્રમે ક્રમે વિકાસ થવા લાગ્યો. આવા સંજોગોમાં ગર્ભાવસ્થામાં રહેલા કરુણાનિધાન પરમાત્માના મનોમંદિરમાં અવશ્યંભાવિભાવના કારણે એક વિચારની સ્ફુરણા થઈ, "હવે મારા અંગોપાંગો વિકાસ પામતા જાય છે. ગર્ભાશયમાં મારું હલનચલન થશે તો મારા ઉપકારી માતાને મારા હલનચલનથી ઓછી–વધુ પણ પીડા થશે. વિશ્વના કોઈપણ જીવાત્માને મારા તરફથી જરાપણ દુઃખ ન થાય અને સર્વ જીવોને સુખશાંતિની પ્રાપ્તિમાં નિમિત્ત બનું– એ માટે જ જો મારું અવતરણ–વર્તમાન જન્મ છે તો પછી અતિશય ઉપકારી એવા મારા માતાજીને મારા હલનચલનથી પીડા થાય એ મારા માટે કેમ યોગ્ય ગણાય !" આ વિચારધારા પ્રગટ થઈ અને ગર્ભાશયમાં વર્તતા ભગવંતના આત્માએ આ વિચારધારાનો અમલ શરૂ કર્યો.

( ક્રમશઃ )

[ લેખાંક-૨૦ ]

# અપભ્રંશ ભાષાનું
## વીર જિણિંત ચરિઉ
## ભગવાનનાં ચરિત્રો

લેખક-પૂ૦ ઉ૦ શ્રી હેમચંદ્રવિજયજીના શિષ્ય
પૂ૦ મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ

સંસ્કૃત ભાષામાં લખાયેલાં શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માનાં જે કાંઈ ચરિત્રો પ્રાપ્ત થાય છે, તેનો કંઈક પરિચય આપણે મેળવી ગયા. હવે, તે પછી ક્રમિક રીતે, અપભ્રંશ ભાષામાં તે પરમ પુરુષનાં જે જીવન ચરિત્રો લખાયાં છે, તેનો સામાન્ય પરિચય મેળવીએ. જો કે આગમમાં મળતાં ભગવાનના જીવન પ્રસંગો કે ચરિત્રઅંશો જેટલા બોધદાયક અને અસરકારક જણાય છે, તેની તુલનામાં તે પછીનાં જીવનચરિત્રોની અસર આપણા પર ઓછી થાય છે. પ્રાચીન ચરિત્રો વિશેષ હૃદયસ્પર્શી લાગે છે તેને માટે બે કારણો કલ્પી શકાય: એક તો તે ભગવાનના નિકટના કાળમાં લખાયેલાં છે, જેથી શ્રમણ ભગવાન મહાવીરપ્રભુનાં જીવનપ્રસંગો અને વચનોનો બહુધા યથા તથ પડઘો તેમાં ઝિલાયેલ છે. અને બીજું, પ્રાકૃત ભાષા પણ દેખીતી રીતે સીધી-સાદી હોવા છતાં ખૂબ જોમ-જુસ્સાવાળી અને એટલી જ અસરકારક છે.

અપભ્રંશ ભાષાને, એક રીતે, સેતુ ભાષા પણ કહી શકાય. ભાષાવિકાસની દૃષ્ટિએ પ્રાચીન પ્રાકૃત-સંસ્કૃત ભાષા અને આધુનિક લોકભાષાઓનું વચગાળનું સ્વરૂપ અપભ્રંશમાં ઝિલાયેલું-સચવાયેલું મળે છે. અનેક ભારતીય ભાષાઓ અને ખાસ કરીને હિન્દી-ગુજરાતી ભાષાની તો તે જનની છે. આ કથનમાં કદાચ કોઈને અતિશયોક્તિ લાગે તો એમને અનુભવથી સમજાશે કે સંસ્કૃત-પ્રાકૃત બન્નેની સરખામણીમાં અપભ્રંશ ભાષા મનોહર, પ્રવાહી, લલિત અને કર્ણ-મધુર* લાગે છે. એ ભાષામાં જે સહજતા છે તે જ તેની ખૂબી છે. સંસ્કૃત, પ્રાકૃત અને બીજી લોકભાષાઓની જેમ અપભ્રંશ ભાષા પણ જૈન સાહિત્યની હોય, એ રીતે એ જૈનસંઘમાં ખેડાઈ છે, જ્યારે બૌદ્ધ સાહિત્ય તે ભાષામાં અલ્પ-સ્વલ્પ જ લખાયું છે. અને જૈનેતર સાહિત્ય તો તે ભાષામાં ક્વચિત્ જ રચાયું છે. બહુશ્રુત જૈનાચાર્યોએ આ ભાષાને પૂરા અધિકારથી ખેડી છે શોભાવી છે ને એમાં અનેકવિધ રચનાઓ કરીને એને સાહિત્યની ભાષા તરીકેનું ગૌરવ આપ્યું છે. શ્વેતાંબર અને દિગંબર એ બન્ને પરંપરામાં અપભ્રંશભાષામાં લખાયેલું સાહિત્ય મળે છે; છતાં દિગંબરપરંપરામાં આ ભાષાનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં મળે છે. એ રીતે અપભ્રંશભાષાનું સર્વથી મહિયાતું અને અતિપ્રાચીન કાવ્ય જો કોઈ હોય તો તે સ્વયંભૂકવિરચિત "પઉમચરિય" ગણાય છે.

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનું જીવનચરિત્ર અપભ્રંશ ભાષામાં પણ લખાયેલું મળે છે મહાવીર પ્રભુના જીવન પ્રસંગોને અનુસરતાં નાના-મોટા અનેક કાવ્યો અપભ્રંશ ભાષાના અનેક વિદ્વાન મનીષિઓએ રચ્યાં છે. તે પૈકીનું કવિરાજ પુષ્પદંત રચિત વીરજિણિંદચરિઉનો સામાન્ય પરિચય મેળવીએ.

આ જ પુષ્પદંતકવિએ 'મહાપુરાણ' નામનો મહાકાવ્ય ગ્રંથ શક સંવત ૮૮૭, (સન ૯૬૫માં પૂર્ણ કર્યો હતો. એ સંપૂર્ણ ગ્રંથ ૧૦૨ સંધિઓમાં વહેંચાયેલો છે. તેમાં અંતિમ ૯૫થી ૧૦૨- એ આઠ સંધિમાં મહાવીરપ્રભુનું ચરિત્ર વર્ણવવામાં આવ્યું છે. તે જ આઠ સંધિનું વીરજિણિંદચરિઉ એ નામે અપભ્રંશ ભાષામાં સંકલન કરવામાં આવ્યું છે. આ કાવ્યની ત્રણ સંધિમાં પ્રભુના જન્મથી લઈ કેવલજ્ઞાન સુધીની ઘટનાઓ વર્ણવવામાં આવી છે. ચોથી સંધિમાં પ્રથમ સાધ્વીજી શ્રી ચન્દનાનું ટૂંકું છતાં મનોરમ વર્ણન કરવામાં આવ્યું છે.

પાંચમી સંધિમાં, જીવન્ધરમુનિનો પૂર્વભવ (જે ચરિત્રના આધારે જીવન્ધર ચંપૂ નામનો અલંકારપૂર્ણ

* 'ચઉક્કસાય પડિમલ્લુ હુરણુ' એ સૂત્ર અપભ્રંશભાષામાં છે.

REG D. No. G. BV. 20

"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)
વા. લવાજમ
રૂા. ૧૫

જૈન

વીર સંવત
૨૫૦૧
વિક્રમ સંવત
૨૦૩૧
શ્રાવણ સુદ ૧૦
તારીખ
૧૬-૮-૭૫
શનિવાર

વર્ષ ૭૨ | સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ | અંક ૩૦







# સાધર્મિક ભક્તિ સંબંધી

## તાત્ત્વિક, સર્વસ્પર્શી અને માર્ગદર્શક વિચારણા

અનુયાયીઓ વગર ન ધર્મ ટકી શકે કે ન ધર્મભાવનાની ભાગીરથી વહેતી રહી શકે, એ વાસ્તવિકતાની સાક્ષી દેશવિદેશના અનેક નામશેષ થઈ ગયેલા ધર્મો પૂરે છે. જે ફિલસૂફી, તત્ત્વજ્ઞાન અથવા દર્શન, પોતે કરેલ વિશ્વતત્ત્વદર્શન અથવા વિશ્વસ્વરૂપદર્શનના પ્રકાશમાં, સદાચરણના નિયમો એટલે કે માનવીના ચિત્તને નિર્મળ અને વ્યવહારને શુદ્ધ બનાવે એવા વિધિ-નિષેધરૂપ ધર્મનિયમોનું ઘડતર નથી કરતાં અને કેવળ બૌદ્ધિક સ્વૈરવિહારમાં જ રાચે છે, તે છેવટે નામશેષ બનીને ભૂતકાળની વાત અને ઇતિહાસનો વિષય બની જાય છે.

આવી કેવળ બૌદ્ધિક મર્યાદામાં જ ગોંધાઈ રહેતી તત્ત્વવિચારણા ગમે તેટલી અર્થગ્રાહી કે મનોહર હોય, પણ એ વ્યાપક સામાન્ય જનસમૂહનું ભાગ્યે જ ભલું કરી શકે છે. આ વાતને પ્રચલિત અને સૌને સુપરિચિત પરિભાષામાં કહેવી હોય તો કહેવું જોઈએ કે જ્ઞાન અને ક્રિયા એટલે કે વિચાર અને આચાર એ બન્નેને સમાન મહત્ત્વ આપીને સમાનભાવે અપનાવવામાં આવે તો જ સાચી સિદ્ધિ મળી શકે અને સાચું કલ્યાણ સાધી શકાય. વિચાર અને આચાર વચ્ચેનો આવો સમાનભાવ એનું જ નામ ધર્મ; અને આવા ધર્મને જીવંત રાખવાનું કામ એના અનુયાયીઓનું છે. જે ધર્મના અનુયાયીઓ સંખ્યામાં અને શક્તિમાં આગળ એ ધર્મ પણ આગળ અને પ્રભાવશાળી ગણાય. તો પછી કોઈપણ ધર્મ પોતાના અનુયાયીઓ વગર કેવી રીતે ટકી શકે અને કેવી રીતે પોતાનું તેજ ટકાવી રાખી શકે?

: મણકો :

સાત ક્ષેત્રોમાં ચાર ક્ષેત્ર (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા) સાધક છે, અને ત્રણ ક્ષેત્ર (જિન પ્રતિમા, જિન મંદિર અને જ્ઞાન) સાધ્ય છે. જૈન સમાજમાં સાધ્ય ક્ષેત્રોની પ્રભાવના ઉત્તરોત્તર વધતી જાય છે; પરંતુ સાધક ક્ષેત્ર દિવસે દિવસે ક્ષીણ થતું જાય છે. એમાં પણ શ્રાવક અને શ્રાવિકા એ બે ક્ષેત્રો, જે બાકીનાં પાંચ ક્ષેત્રોનાં પોષક છે, એ વધારે ક્ષીણ થઈ રહ્યાં છે. સૌ એવું માને છે, અને એ વાત સાચી છે, કે જૈનો ઘણું વધારે ધન ખરચે છે; પણ જો આપણે દુઃખી અનાથ બહેનોનો વિચાર કરીશું તો જણાશે કે તેઓ બહુ દુઃખી છે. એમનાં દુઃખ દૂર કરવાનો જૈનોએ ક્યારે ય વિચાર નથી કર્યો.

—આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

આ દીવા જેવી સ્પષ્ટ વાત જૈનસંઘ નથી સમજતો એમ તો કેમ કહી શકાય? પણ જૈનસંઘના સંઘનાયકો એટલે કે શ્રમણસમુદાય અને સુખી અને શ્રીમંત શ્રાવકસમુદાય સાધર્મિકોની સાચવણી જેવી ધર્મ અને સંઘના યોગક્ષેમ માટે જીવાદોરી જેવી મહત્ત્વની મણાય એવી બાબતમાં પણ જે ઉપેક્ષાભાવ સેવે છે, તેથી તો એમ જ માનવું પડે છે કે આ વાત ભલે આપણે જાણવારૂપે સમજતા હોઈએ, પણ એનો અમલ કરવાની બાબતમાં આપણે ખૂબ ખૂબ પાછળ અને શિથિલ છીએ. આનો એક બોલતો પુરાવો એ છે કે આપણા ધર્મ અને સંઘનાં અન્યાન્ય કાર્યોમાં આપણે જે અઢળક કહી શકાય એટલું વિપુલ ધન વાપરીએ છીએ, એની સરખામણીમાં સાધર્મિકોને ટકાવી રાખવા માટે, એમનો ઉત્કર્ષ થાય એ માટે તેમ જ તેઓ શક્તિશાળી બને એ માટે જે ધન વાપરવામાં આવે છે તે તો પાશેરમાં પહેલી પૂણી કરતાં પણ ઓછું ઊતરે એટલું અલ્પ હોય છે! અને અત્યારનો સમય સામાન્ય, મધ્યમ અને ગરીબ વર્ગ માટે એટલો બધો વિષમ અને અસહ્ય આર્થિક વિડંબનાથી ભરેલો છે કે સંઘના સુખી-વર્ગના સક્રિય સાથ વગર ભાગ્યે જ ટકી શકાય. અત્યારની આર્થિક ઝંઝાવાત જેવી સ્થિતિ જોઈને તો એમ જ કહેવું જોઈએ કે સંઘના નાયક ગણાતા ધર્મગુરુઓ અને સંઘના મોવડી ગણાતા સુખી શ્રાવક મહાનુભાવો માટે સહધર્મીઓની સાચવણી માટે ખરેખરું અને પૂરેપૂરું કર્તવ્ય બજાવવું પડે એવો સમય આવી પહોંચ્યો છે.

સમયની આવી ભીંસથી સંઘના અગ્રણીઓ અજાણ છે, એમ તો કેમ કહી શકાય પણ આ દિશામાં તેઓ જે ઉદાસીનતા દાખવે છે અને તપેલા તવામાં બે-પાંચ પાણીના છાંટા નાખવા જેવી જે નામની પ્રવૃત્તિ કરે છે તેથી ખેદ થાય છે અને સંઘના ભાવી માટે ચિંતા થયા વગર રહેતી નથી.

આપણા સંઘમાં એક વર્ગ એવો પણ છે કે જે શ્રાવકસંઘના —સહધર્મી ગૃહસ્થ ભાઈઓ-બહેનોના—ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિને એક ધર્મ્ય અને અવશ્ય કરણીય પ્રવૃત્તિ તરીકે ઓળખાવવા અને આવકારવાને બદલે, અને સંસારની તથા સંસારને વધારનારી પ્રવૃત્તિ તરીકે કંઈક હીન નજરે જુએ-વિચારે છે. આવો વિચાર કરતી વખતે જો તેઓ પોતાની જાત આવી કોઈક અસાધારણ અને અસહ્ય આર્થિક ભીંસમાં સપડાઈ ગઈ હોય તો પોતે બીજા સુખીવર્ગ પાસેથી કેવી સહાયની આશા-અપેક્ષા રાખે એનો વિચાર કરે તો એમને પોતાના કર્તવ્યનો માર્ગ સ્પષ્ટ રૂપે દેખાયા વગર ન રહે. પણ આવો વિચાર કરવાની ફુરસદ જ આપણે ત્યાં કેટલાને મળે છે!

જેઓ સાધર્મિકોના ઉત્કર્ષના કાર્યને હીન નજરે જુએ છે અને આવા મહત્ત્વના કાર્ય માટે ઉપેક્ષાભાવ સેવે છે, એમને સાચી દિશાનું સૂચન કરે એવો એક લેખ "જૈન શિક્ષણ-સાહિત્ય-

પત્રિકા ”ના ગત એપ્રિલ–મે માસના સંયુક્ત સંપાદકીય લેખ તરીકે છપાયો છે આ વિષયની તાત્ત્વિક, મર્મસ્પર્શી અને માર્ગદર્શક વિચારણા રજૂ કરતો તેમ જ કેટલીક ભ્રામક માન્યતાને સચોટ રદિયો આપતો આ લેખ શ્રીસંઘે વાંચવા–વિચારવા–મનન કરવા જેવો હોવાથી એનો શરૂઆતનો ભાગ-અમે અહીં સાભાર રજૂ કરીએ છીએ. સાધર્મિક ભક્તિનું યથાર્થ મહત્ત્વ સમજાવતો એ લેખ કહે છે કે—

“કેટલાક શુષ્કજ્ઞાનીઓ કર્મવિજ્ઞાનનો અંચળો ઓઢી દલીલ કરે છે કે સર્વ જીવો પોતપોતાના કર્માનુસાર સુખી યા દુઃખી થાય છે. કોઈ બીજાને સુખી યા દુઃખી કરી શકતા નથી. તેથી બીજાને અંતરાય અને અશાતાવેદનીયના ઉદય સમયે આપણે તેને કેવી રીતે સહાય કરી શકીએ? પણ આ દૃષ્ટિ દાતાએ રાખવાની નથી. દાતાએ તો પોતાની સંપત્તિનો ઉપયોગ અન્યના કર્મક્ષયના નિમિત્ત થવામાં જ કરવાનું કર્તવ્ય બજાવવાનું હોય છે.

“એક વર્ગ સાધર્મિકોની જીવન જરૂરીયાતો પૂરી કરવા રૂપ ભક્તિને ગૃહસ્થનો સંસાર પોષવા જેવી બતાવે છે. પરંતુ શ્રાદ્ધવિધિ, યોગશાસ્ત્ર, ધર્મબિંદુ વગેરે ગ્રંથોમાં મહાન આચાર્યોએ શ્રાવકથી ધનોપાર્જન, લગ્ન, ગૃહનિર્માણ વગેરે દ્રવ્ય ક્રિયાઓને ધર્મપ્રાધાન્ય બનાવવા માટે નિયમો આપ્યા છે તેને શું ગૃહસ્થનો સંસાર પોષવા માટે કહી શકાશે?

“સાધર્મિકની ભક્તિ કરી પછી તેને ધર્મનો ઉપદેશ અપાય તો તેની સુંદર અસર થાય તે અનુભવની હકીકત છે.

“નવસ્મરણ વગેરે સ્તોત્રોમાં પણ પૂર્વાચાર્યોએ ભદ્ર, કલ્યાણ, મંગલ, શીવ, તુષ્ટિ, પુષ્ટિ વગેરે શબ્દો દ્વારા ચતુર્વિધ સંઘની દ્રવ્યોન્નતિ ઇચ્છી છે. શ્રેય માટે પ્રેયને પણ જરૂરી માનેલ છે.

“આજે સાધર્મિક ક્ષેત્રની ઉપેક્ષાને લીધે અન્ય ક્ષેત્રોની ભક્તિ પણ ભાવશૂન્ય ક્રિયામાં પરિણમી છે.

“ભગવાનની શ્રેષ્ઠ પૂજા તેમની આજ્ઞાપાલનરૂપ પ્રતિપત્તી પૂજા છે. સાધર્મિકભક્તિ ભગવાનની આજ્ઞા છે, જેની આજે ઘોર ઉપેક્ષા થઈ રહી છે અને તેથી જ આ આજ્ઞાપાલનના લક્ષ વગર સાધર્મિકભક્તિ તો નહિ પણ અનુકંપા પણ મંદ પડતાં સમકિત પણ દોષિત બન્યું છે કે જેને લીધે અન્ય ધર્મારાધનાની અસર મંદ પડતી જાય છે.

“આ બાબતમાં કંઈ સક્રીય નથી થતું તેથી જૈનો ઘટતા જાય છે. કહેવાતા જૈનોમાંથી જૈનત્વ મંદ પડતું જાય છે શાસનપ્રભાવનાને બદલે ધર્મની હેલના થઈ રહી છે.

“આ પરિસ્થિતિમાં ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ કલ્યાણક પ્રસંગે ‘સાધર્મિક ભક્તિ’ માટે રચનાત્મક સંગીન યોજનાઓ કરવી જ જોઈએ.

“આવી વિષમ પરિસ્થિતિના નિવારણ માટે ભગવાને એક બાજુ ન્યાયસંપન્ન વૈભવ અને બીજી બાજુ પરિગ્રહ પરિમાણ, દાન, સાધર્મિકભક્તિ, અનુકંપાદાન વગેરે બતાવ્યા. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સાપેક્ષદૃષ્ટિથી. આનો એ અર્થ થાય છે કે...ઓછામાં ઓછું આપણો કોઈ પણ સાધર્મિક ખોરાક, કપડાં, મકાન, શિક્ષણ, ઔષધ વગેરે ઓછામાં ઓછી જીવન જરૂરીયાતોના અભાવે આર્ત–રૌદ્રધ્યાન ન કરે. તેને માટે દરેક શક્તિ-શાળીએ પૂરતી વ્યવસ્થા કરવી જ જોઈએ. પરદેશોમાં જ્યાં અનાર્ય સંસ્કૃતિ છે. ત્યાં પણ દરેક માનવીને જીવનની ઓછામાં ઓછી જરૂરીયાત પૂરી કરવા રાજ્ય પ્રબંધ કરે છે. આપણે ત્યાં ભગવાને કહેલ મરજીયાત માર્ગ નહિ અપનાવીએ તો સમાજવાદ–સામ્યવાદ વગેરે આપણને ભરખી જશે એ વાત ભૂલવા જેવી નથી.”

આ સંપાદકીય લેખના મિત્રે પોતાની વાત ઠીક ઠીક સ્પષ્ટતા પૂર્વક કહી છે; અને પોતાની વાતને પ્રતીતિકર રૂપમાં રજૂ કરવા માટે એમને કેટલીક આકરી અને કોઈને અણગમતી લાગે

એવી પણ વાત કરવી પડી છે. જો આ વાતને તટસ્થતા તથા ગુણગ્રાહક દૃષ્ટિથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવે તો તો, છેવટે એમને ન્યાય આપવા ખાતર, એટલું તો સ્વીકારવું અને કહેવું જ પડે કે અટપટી પરિસ્થિતિની પરવશતાને કારણે જ એમને આ વાત આવી રીતે કહેવાની ફરજ પડી છે. અને તેથી, ખરી રીતે, તેઓ ઉપાલંભને પાત્ર નહીં પણ ધન્યવાદને જ પાત્ર છે.

જે વાત આપણા પોતાના જ અંગની સાચવણી કરવા જેવી સાવ સહેલાઈથી સમજમાં અને વર્તનમાં ઉતરવા જેવી છે, એ માટે આ પ્રમાણે કહેવું પડે અને વારંવાર કહેવું પડે એ જ બતાવે છે કે આવી પાયાની બાબતમાં પણ આપણે કુંભકર્ણ જેવી ઊંઘમાં ઠીક ઠીક પડી ગયા છીએ! આ ઊંઘને ઉડાડીને આપણો સંઘ સાધર્મિકોની સેવા માટે સજ્જ બને એ જ "જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા"ના સંપાદક બંધુના લખવાનો સાર છે. એ સારને સ્વીકારવા આપણે જાગ્રત અને પ્રયત્નશીલ બનીએ.

(આજના અંકના 'સામયિક સ્ફુરણ'ની પહેલી નોંધ જુઓ.)

---

# સામયિક સ્ફુરણ

## સાધર્મિકોના ઉત્કર્ષના વ્યવહારુ સૂચનો

આ નોંધને અમારા આજના અંકના અગ્રલેખની પૂર્તિરૂપે વાંચવા વિનતિ છે.

'જૈન શિક્ષણ–સાહિત્ય–પત્રિકા"ના સંપાદક મિત્રે એ પત્રિકાના ગત એપ્રિલ–મે માસના સંયુક્ત અંકના સંપાદકીય લેખમાં સાધર્મિક ભક્તિની મહત્તા અને જરૂર તરફ શ્રીસંઘનું ભારપૂર્વક ધ્યાન દોરવાની સાથે સાથે, એ માટેના કેટલાક વ્યવહારુ માર્ગો પણ સૂચવ્યા છે.

આ લેખમાંના સાધર્મિકોની ભક્તિની જરૂર અને મહત્તા સમજાવતા શરૂઆતના ભાગની રજૂઆત તથા વિચારણા અમે અમારા આજના અંકના અગ્રલેખમાં કરી છે. અને આ માટેના વ્યવહારુ ઉપાયો આપણા ધ્યાનમાં આવે એટલા માટે એ લેખમાંનો પાછળનો ભાગ અહીં રજૂ કરવા માટે તેમ જ એ અંગે કેટલીક વિચારણા કરવા માટે અમે આ નોંધ લખવાનું મુનાસિબ માન્યું છે.

આવા કેટલાક વ્યવહારુ માર્ગોનું સૂચન કરતાં એ લેખમાં જણાવવામાં આવ્યું છે કે—

"સાધર્મિક–ભક્તિ એટલે ભીખારીઓને અપાતી ભીખ નહિ, દીન બનાવી તેના પર લદાતો પરોપકારનો બોજો નહિ, પણ શ્રાવક સ્વાવલંબી બની શાંતચિત્તે ધર્મારાધના કરી શકે તે. આ માટે નીચેની યોજનાઓ સૂચવવામાં આવે છે :–

"(૧) ગરીબ અને મધ્યમવર્ગને જરૂરીયાત મુજબ અનાજ, કપડાં, દવા, શિક્ષણ વગેરે જીવન જરૂરીયાતો ઓછા દરે પૂરી પાડવી.

"[૨] પારસીઓની જેમ મોટી જૈન કોલોનીઓ બંધાવવી. પાઘડી વગર ખૂબ સસ્તા ભાડાથી ભાડે આપવી. ત્યાં જૈનદર્શનને અનુકુળ વાતાવરણ રાખવું. જૈનો એકી સાથે વસવાટ કરે તેમાં અનેક દૃષ્ટિએ જૈન સંસ્કૃતિનું રક્ષણ થાય.

"[૩] આજે એલોપથી ઔષધ પદ્ધતિમાં ઘણો ખર્ચ અને માંસાહારી તથા અભક્ષ્ય દવાઓનું સેવન જાણે કે અજાણે જૈનસમાજ કરી રહ્યો છે. તેમાંથી બચવા આયુર્વેદ, હોમીયોપથી, હઠયોગ અને નૈસર્ગિક ઉપચાર માટેના રુગ્ણાલયો ખોલવા જોઈએ.

"[૪] બેકારી નિવારણ માટેના જૈનદર્શનમાં અનિષિદ્ધ હોય તેવા જાપાનની માફક વિદ્યુત સંચાલિત ગૃહઉદ્યોગો સ્થાપી, યંત્ર સામગ્રી અને કાચો માલ પૂરો પાડી તૈયાર માલ ખરીદી લેવો અને ડીપાર્ટમેન્ટલ સ્ટોર્સ દ્વારા વેચવો, જેથી ખાસ કરીને સ્ત્રીઓને નોકરી કરવાની જરૂર ન પડે. તેમના શીલ અને સદાચાર ટકે, સ્ત્રીત્વ, માતૃત્વ ટકે, પ્રજા સંસ્કારી બને, અને ઘેર બેઠા પણ રોજ ઓછામાં ઓછા વ્યક્તિ

દોઢ દશ રૂપિયા કમાઈ સ્વમાનપૂર્વક કુટુંબનું ભરણ-પોષણ કરી શકે, અને વ્યાપારીઓની એક ડીરેકટરી બનાવી એક એમ્પ્લોયમેન્ટ એક્સ્ચેન્જ સ્થાપી જૈનોને યોગ્ય નોકરીએ લગાડવા પ્રયત્ન કરવા જોઈએ.

"[૫] ધર્મસંસ્કારપ્રધાન ગુણવત્તાના ધોરણ પર વિવિધ દૃષ્ટિ સમાન ભૂમિકાવાળા યોગ્ય જીવનસાથીઓના લગ્ન માટે માર્ગદર્શક લગ્નબ્યુરો સ્થાપવા, જેનાથી સંયુક્ત ધર્મારાધના સાત્ત્વિક અને સંસ્કારિક સંતતિ ઉત્પન્ન થવામાં ઘણી સહાયક થશે.

"[૬] પ્રજાને ઘી, દૂધ વગેરે ચોખ્ખાં અને વ્યાજબી ભાવે મળે તે માટે તથા પશુઓની સારી માવજત થાય તે માટે વર્તમાન પાંજરાપોળોને નાસિક પાંજરાપોળની જેમ સુધારવી.

" આદર્શો અને ભાવનાઓ બતાવવા સહેલ છે, પણ તેની સિદ્ધિ માટે દૃઢ સંકલ્પ અને વ્યવસ્થિત-યોજના પૂર્વકનો પ્રચંડ પુરુષાર્થ જરૂરી છે. આ બન્ને ચીજો જૈનસમાજ પાસે છે, પણ તે સાંકળના છૂટા છૂટા ભાગરૂપે છે. જરૂર છે તેને સંયુક્ત રીતે એક સાંકળી બનાવવાની. "

ઉપરના લખાણમાં સાધર્મિક-સેવાના જે માર્ગો બતાવ્યા છે, તેની પાછળ વ્યવહારુ દૃષ્ટિ રહેલી છે, એટલે જ્યારે પણ એનો અમલ કરવો હોય ત્યારે એ સારા પ્રમાણમાં માર્ગદર્શક બની શકે એમ છે.

આમ છતાં આ સૂચનોને અંતિમ માની લેવાની કે એને અક્ષરશઃ અનુસરવું પડે એમ સમજવાની જરૂર નથી. પરિસ્થિતિ, આર્થિક તેમ જ બીજા સાધનોની સગવડ અને એવી બીજી બાબતોને ધ્યાનમાં લઈ, આમાં જરૂરિયાત પ્રમાણે સુધારો કે ઉમેરો જરૂર કરી શકાય. આમાં મુખ્ય વાત આ કે આવાં સૂચનોને શબ્દશઃ વળગી રહેવાની નથી, પણ જે રીતે બને તે રીતે સાધર્મિકોને સમયસર અને સન્માનપૂર્વક જરૂરી સહાયમળતી રહે અને, એમનો વિકાસ થાય એ માટે તન મન-ધનથી પ્રયત્ન કરવો એ જ છે; અને, ખરી રીતે, આ કામ શ્રીસંઘને તેજસ્વી બનાવવા જેવું હોવાથી સૌએ કરવા જેવું છે.

## સંવત્સરી મહાપર્વની એકતા માટે પ્રયત્ન

આગરાથી પ્રગટ થતાં "શ્વેતાંબર જૈન"સાપ્તા-હિકના તા. ૧૬-૭-૭૫ના અંકમાં બધા ફિરકાના જૈનો એક જ દિવસ સંવત્સરી મહાપર્વની આરાધના કરે, એ માટે જયપુરમાં એક સભા બોલાવવામાં આવી હોવાના સમાચાર છપાયા છે. આ સભા આ માટે રચવામાં આવેલ "સાંવત્સરિક એકતા સમિતિ" (ઠે. શ્રીવૃદ્ધિ, ડી-૩૨, સુભાષમાર્ગ, સી સ્કીમ, જયપુર-૧) તરફથી બોલાવવામાં આવી છે. આ સમિતિના સંયોજક શ્રી રિખબરાજજી કર્ણાવટ છે. આ સભાનું આમં-ત્રણ શ્રી કર્ણાવટજીના નામથી આ પ્રમાણે આપવામાં આવ્યું છે—

"સંવત્સરી જૈન સમાજનું સર્વોપરિ પર્વ હોવા છતાંય એની આરાધના માટે સૌને માન્ય હોય એવો એક દિવસ નક્કી નથી થઈ શકતો. અનેક આચાર્યો, સંતો અને ગૃહસ્થો એમ ઈચ્છે છે કે બધા જૈન સમાજની સંવત્સરી એક જ દિવસે થાય. આ માટે અવારનવાર પ્રયત્નો થયા છે, પણ એમાં સફળતા નથી મળી શકી. આ વર્ષ ભગવાન મહાવીરના પચીસસોમાં નિર્વાણ વર્ષ તરીકે ઘણા જ ઉત્સાહથી ઊજવવામાં આવી રહ્યું છે. જો સંવત્સરીની આરાધના એક જ દિવસે કરવાનો નિર્ણય થઈ શકે તો એ આ વર્ષની મહત્ત્વની સિદ્ધિ થઈ લેખાશે.

"રાજસ્થાનની મહાવીર નિર્વાણ મહોત્સવ મહા-સમિતિએ પણ આ માટે અનેક આચાર્યો, સંતો અને સમાજના આગેવાનો સાથે વિચાર વિનિમય કર્યો છે. કેટલાક મહત્ત્વનાં સૂચનો પણ એમને મળ્યાં છે. એ બધા ઉપર ચર્ચા-વિચારણા થઈ શકે એ માટે એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે બધાય ફિરકા (સંપ્રદાય)ના પ્રતિનિધિઓ અને સમાજના વિચારશીલ લોકોની એક સમ્મિલિત સભા બોલાવવામાં આવે."

"આ બેઠક જયપુરમાં-ટોંક ધર્મશાળા, ઘીવાલોંકા રાસ્તા, જોહરી બજાર-એ ઠેકાણે બોલાવવામાં આવી છે. બહારથી પધારનારાઓ માટે ઉતારાની વ્યવસ્થા પણ આ ધર્મશાળામાં જ કરવામાં આવી છે. આપને આગ્રહપૂર્વક વિનતિ છે કે આપ આપના ફિરકા અથવા સંસ્થાના

પ્રતિનિધિ તરીકે અથવા વ્યક્તિગતરૂપે આ સભામાં હાજર રહીને આ કાર્ય કરવામાં આપનો મહત્ત્વનો ફાળો આપશો.''

સમિતિના સંયોજક શ્રી કર્ણાવટજી તરફથી પ્રગટ કરવામાં આવેલ ઉપરના નિવેદનમાં આ સભા કઈ તારીખે બોલાવવામાં આવી છે, એની માહિતી આપવામાં આવી નથી, એટલી એમાં ખામી રહી ગઈ છે. અમે આ સમિતિના પ્રયત્નોને આવકારીએ છીએ અને એની ફલશ્રુતિની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈએ છીએ.

વિસલપુર ( રાજસ્થાન )

આ૦ શ્રી વિજયનીતિસૂરિજી મ૦ના પ્રશિષ્ય મુનિશ્રી માનવિજયજી મ૦ અષા. સુદ ૬ના અત્રે ચાતુર્માસ પધાર્યા છે. વ્યાખ્યાનમાં ઉપદેશપ્રાસાદ તથા ધન્યકુમાર ચરિત્ર વંચાય છે. વ્યાખ્યાન, ધર્મારાધના આદિનો ભાવુકો સારો લાભ લે છે.

ગોરેગાંવ–મુંબઈમાં અઠ્ઠમની આરાધના

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સંઘના ઉપાશ્રયે મુનિશ્રી કસ્તુરસાગરજી મ૦ આદિ ઠા. ૩ની નિશ્રામાં અરિહંત-પદની આરાધનાર્થે અઠ્ઠમ તપ કરાવવામાં આવતા ૪૨ની સંખ્યા થઈ હતી. રતનબેન ખીમજી ગોશર તરફથી પારણા કરાવવામાં આવેલ. વ્યાખ્યાનમાં યોગશાસ્ત્ર તથા અંજનાસુંદરી ચરિત્ર વંચાય છે.

# જૈસલમેર પંચતીર્થીની યાત્રા કરી દુર્લભ માનવજીવન સફળ કરો

પંચતીર્થી : જૈસલમેર પંચતીર્થીમાં જૈસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર તથા પોકરણના જિનાલય છે. તેમાં ૬૦૦૦ પ્રતિમાજી બિરાજમાન છે, આ અંગે શ્રીસમયસુંદરજી મ૦ કહે છે : 'જૈસલમેર જુહારીયે, દુઃખ વારીયે એ, અરિહંત બિંબ અનેક, તીર્થ તે નમું એ.'

જૈન જગતમાં જૈસલમેર અનેક વિશેષતાઓથી પ્રસિદ્ધ છે. વિશેષતાઓ : (૧) પ્રાચીન ભવ્ય–કલાત્મક જિનાલય તથા પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડાર, તાડપત્રીય ગ્રંથ. (૩) પ્રથમ દાદાગુરુ આ. શ્રી જિનદત્તસુરિજી મ૦ ની પછેડી, ચોલપટ્ટો અને મુહપત્તિ; જે અગ્નિ-સંસ્કાર પછી અક્ષુણ્ણ રહ્યા છે. (૪) ચૌદમી સદીમાં મંત્રિત કરાએલ અને ત્રાંબાની શલી લગાડેલ શ્રી જિનવર્ધનસુરિજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ જિનપ્રતિમાજી તથા ભૈરવજીની મૂર્તિ. (૫) દાદાવાડી ઉપાશ્રય, અધિષ્ઠાયકદેવનાં દેવસ્થાનો તથા પટવાની હવેલીઓ. (૬) લોદ્રવપુરના અધિષ્ઠાયકદેવ બહુ ચમત્કારિક છે. ભાગ્યશાળીઓને કોઈ કોઈવાર દર્શન આપે છે.

સુવિધાઓ : યાત્રિકો તથા શ્રીસંઘોને રહેવાની તેમ જ પાણી અને લાઈટની પુર્ણ વ્યવસ્થા છે. ઉપરાંત, શ્રદ્ધાળુ દાનવીરો દ્વારા કાયમી તિથીના સહયોગથી પ્રતિદિન ભોજનશાળા ચાલે છે.

જવા–આવવાના સાધનો : જૈસલમેર પહોંચવા જોધપુરથી દિવસના બે બસ જાય છે અને રાત્રે ૧૦ વાગે ઉપડતી ટ્રેઈન સવારે ૮ વાગે જૈસલમેર પહોંચાડે છે. અમરસાગર, લોદ્રવપુર તથા બ્રહ્મસર જવા નિયમિત બસ મળે છે.

નોંધ : જીર્ણોદ્ધાર સમિતિના પ્રયાસોના ફળસ્વરૂપે જૈસલમેર પંચતીર્થીમાં આવેલા દરેક જીનાલયોના જીર્ણોદ્ધારનું કાર્ય પુર્ણ કરવાના ઠરાવ મુજબ શ્રી જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર દહેરાસર ટ્રસ્ટ દ્વારા નક્કી થયેલ છે. વર્તમાનમાં લોદ્રવપુરના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલે છે.

આ પુન્યક્ષેત્રની પંચતીર્થીની યાત્રા કરી અને ભંડારોના દર્શન કરી દુર્લભ માનવજીવન સફળ કરો.

નિવેદક : નેમચંદ જૈન ( પ્રચારમંત્રી, જૈન ટ્રસ્ટ ) C/o મે. જૈન્સ એન્ડ કું. ૧૦૧, યશવંત પ્લેઇસ, ચાણક્યપુરી નવીદિલ્હી–૧૧ ( ફોન : ઘર–૬૬૨૦૩૬, દુકાન–૬૭૧૩૭૬. )

નિવેદક : માનમલ ચોરડીયા ( વ્યવસ્થાપક ) શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન દેરાસર

### કરજણુ ( મીયાગામ )

આ૦શ્રી શાંતિચંદ્રસુરીશ્વરજી મ૦ના સમુદાયના પં. શ્રી રાજેન્દ્ર વિજયજી મ૦ તથા મુનિશ્રી રાજશેખરવિજયજી મ૦ ઠા. ૨નો અ. સુદ ૪ના અત્રે ધામધુમથી ચાતુર્માસ પ્રવેશ થયો છે. પ્રવેશ નિમિત્તે શ્રીસંઘ તરફથી આયંબિલ કરાવવામાં આવતા ૧૧૫ની સંખ્યા થઈ હતી. વ્યાખ્યાનમાં ધર્મરત્ન પ્રકરણ તથા ભીમસેન ચરિત્ર તેમ જ રાતના માર્ગાનુસારીના ૩૫ ગુણોનું વર્ણન તથા મહાભારત ચાલે છે. દર રવિવારે 'રામાયણ' ઉપર જાહેર વ્યાખ્યાન થાય છે. વ્યાખ્યાનવાણીથી પ્રભાવિત થઈ જૈન તેમ જ જૈનેતરો સારી સંખ્યામાં લાભ લે છે.

અ. વદ ૬ના દાદા જીતવિજયજી મ૦ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે કરજણના શાહ રમણલાલ છગનલાલ તરફથી આયંબિલ કરાવવામાં આવતા ૩૦૦ની સંખ્યા થઈ હતી. બકરના ભાઈઓએ પણ આયંબિલનો લાભ લીધો હતો.

### વિશ્વનંદીકર સંઘ—પાલડી—અમદાવાદ

ધ્યાનસ્થ સ્વ. આગમોદ્ધારક આ૦દેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ના જન્મશતાબ્દીદિન નિમિત્તે મુનિરાજશ્રી ગૌતમસાગરજી મ૦ આદિની નિશ્રામાં ગુણાનુવાદ સભા રાખવામાં આવી હતીઃ તેમના જીવન ઉપર મુનિશ્રી શશિપ્રભસાગરજીએ સુંદર પ્રકાશ પાડ્યો હતો. પંડિત શ્રી મફતલાલભાઈએ પ્રસંગોચિત વિવેચન કર્યું હતું. પૂજા પણ ભણાવવામાં આવી હતી.

### હિંમતનગર ( સાબરકાંઠા )

આ૦શ્રી લબ્ધિસૂરિજી મ૦ના સમુદાયના મુનિશ્રી ગુણાકરવિજયજી, મુનિશ્રી સુધાકરવિજયજી આદિ અત્રે સુસ્વાગત ચાતુર્માસ પધાર્યા છે. વ્યાખ્યાનમા વિપાકસુત્ર તથા શ્રીચંદ કેવળીચરિત્ર ચાલે છે. લોકો સારો લાભ લે છે. અત્રે આ૦ શ્રી નીતિસૂરિજી મ૦ના સમુદાયના સાધ્વીશ્રી કુસુમશ્રીજી આદિ ઠા. ૭ બિરાજે છે. બહેનોમાં ઉત્સાહ સારો પ્રવર્તે છે.

---


## અવસરને જતો કરશો નહિં....

અમારા આગામી પ્રગટ થનારા પર્યુષણ ખાસ અંકમાં જાહેરાત મોકલવાનો અવસર જતો કરશો નહિં.


## तीर्थ यात्रार्थे अवश्य पधारें

सम्मेतशिखरजी जानेवाले यात्रिगणों को सूचित किया जाता है कि निम्न तीर्थों पर अवश्य पधारें।

(१) कम्पिलाजी– यह भारत के उत्तर प्रदेश का एक ऐतिहासिक प्राचीन तीर्थ है। यहां पर तेरहवें तीर्थंकर श्री विमलनाथ भ० के चार कल्याणक ( च्यवन, जन्म, दीक्षा और केवलज्ञान ) हुए हैं। प्राचीन समय में इसका नाम द्रुपदनगर था। यहां का राजा द्रुपद था, जिसके यहां महासती द्रौपदी ( पांडव पत्नी ) का जन्म हुआ था। कायमगंज स्टेशन से ६ मील दूर कम्पिलाजी तीर्थ है। यहां पर तांगा व बसे मिलती हैं।

(२) फर्रुखाबाद– यहां श्री धर्मनाथ भ० का प्राचीन मंदिर व धर्मशाला है। जिसका जीर्णोद्धार श्री जैन श्वेताम्बर महासभा–उत्तरप्रदेश ने कराया है।

(३) लखनऊ– शहादतगंज में पसरहा गली में श्री सुबाहुनाथ भ० का प्राचीन मंदिर है। यहां का जीर्णोद्धार भी श्री जैन श्वेताम्बर महासभा–उत्तरप्रदेश ने कराया है।

(४) इलाहाबाद (पुरमताल)– १२० बाई का बाग, जहां श्री ऋषभदेव भ० का प्राचीन मंदिर है। यहांपर श्री आदीश्वर भ० को केवलज्ञान प्राप्त हुआ था। इस अवसर्पिणी काल का प्राचीन तीर्थ है।

(५) कौसम्बी– यह इलाहाबाद से ३५ मील की दूरी पर है, जहां चंदनबालाने भ० महावीरस्वामी को बाकले से पारणा कराया था। यहां भी मंदिर बना हुआ है। धर्मशाला बनाना है इसके लिये तीन लाख रू. की आवश्यकता है। दानी सज्जनों से प्रार्थना है कि दान देने की कृपा करें।

अतः आप सब यात्री भाईयों से प्रार्थना है कि इन उपरोक्त तीर्थों पर दर्शन कर पुण्य के भागी बनें।

निवेदक :— रतनलाल एडवोकेट ( प्रधान )
जुगमंदरदास जैन (संयोजक)
२२०७, कुचा आलमचंद, किनारी बाजार, दिल्ली–६
तीर्थोद्धारक सब कमटी :
श्री जैन श्वे० महासभा–उत्तरप्रदेश
हस्तिनापुर ( मेरठ–यू. पी. )

### ભીવંડીમાં અઠ્ઠાઈ મહોત્સવ

વિદ્વાન મુનિપ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી મ૦ આદિ ઠા. ૮ની નિશ્રામાં અત્રે વિવિધ ધર્મારાધના સાનંદ થઈ રહી છે. વ્યાખ્યાનમાં શ્રી પંચસૂત્ર તથા શ્રી જંબુસ્વામીનો રાસ વંચાય છે. તા. ૨૬ના બાળકો તથા બાલિકાઓ માટે વિશેષ વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. પ્રવચનમાં આવેલા ૮૦૦ બાળકોને એક સદ્‌ગૃહસ્થ તરફથી અલ્પાહાર કરાવવામાં આવ્યો. શ્રી શાંતિલાલ રવચંદ (લીંબોદરા) તરફથી 'બાળકોની સુવાસ' પુસ્તિકા વહેંચવામાં આવી. દર રવિવારે જાહેરપ્રવચન યોજવામાં આવે છે.

જાલોર મુકામે પૂ૦ વયોવૃદ્ધ પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા પં૦ શ્રી કલ્યાણવિજયજી મ૦ના થયેલા સમાધિપૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે શાંતિસ્નાત્ર સહ અઠ્ઠાઈ મહોત્સવ તા. ૨૮-૭-૭૫ થી તા. ૪-૮-૭૫ સુધીનો ઉજવવામાં આવેલ. નિત્ય પૂજા દરમ્યાન પ્રભાવના અને શાંતિસ્નાત્રમાં શ્રીફળની પ્રભાવના થઈ હતી. ગુરુદેવની પ્રેરણાથી માનવરાહત તથા જીવદયાની ટીપ સારી થઈ હતી. મહોત્સવના દરેક પ્રસંગમાં અત્રેના ભાઈ-બહેનોએ ઘણા ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો.

### સા૦ શ્રી નિર્મલાશ્રીજી મ૦નો આબુરોડમાં પ્રવેશ સ્મૃતિમંદિરનું શિલારોપણ

શાસનપ્રભાવિકા સાધ્વીશ્રી નિર્મલશ્રીજી આદિ બ્રાહ્મણવાડા તીર્થમાં ૨૦૦ કન્યાઓને સંસ્કાર પ્રદાન કરીને વિહાર કરતા સંઘના આગ્રહથી સ્વાગત રોહીડા પધાર્યા. સાધ્વીશ્રીએ બે દિવસ ઉપાશ્રયમાં અને એક દિવસ હાઇસ્કૂલમાં પ્રવચન આપ્યું.

સાધ્વીશ્રી માનપુર ભગવાન તથા રામાજિના દર્શનાર્થે એક દિવસ સ્થિરતા કરી આબુરોડ પધારતાં સંઘમાં ઘણો ઉત્સાહ પ્રગટ્યો. રા. ૧૦૦ની સૂત્ર બોલી તથા વરઘોડા દ્વારા શ્રુતજ્ઞાનની ભક્તિ કરીને શ્રી મુલતાનમલજી વકીલ તથા શ્રી રમણભાઈએ સૂત્ર વહોરાવીને પતાસાની પ્રભાવના કરી, સાધ્વીશ્રીના નિયમિત પ્રવચન ચાલે છે. જનતા સારો લાભ લે છે.

સાધ્વીશ્રીએ પોતાના માતાગુરુ પૂ. સાધ્વીશ્રી સુનંદાશ્રીજી મ૦ના સ્મૃતિમંદિર માટે પ્રેરણા કરતા, સ્મૃતિમંદિરનું ખાતમુહૂર્ત રોહીડાવાળા શ્રી બાબુલાલજી જૈનના વરદ હસ્તે થયું છે અને શિલારોપણવિધિ કુ. પન્નાબહેન પી. શાહ આદિ દ્વારા થતાં સંઘમાં ઘણો આનંદ પ્રસર્યો છે.


સાધન સામગ્રી

• અગરબત્તી • વાસક્ષેપ
• ધૂપ • કેસર
• વાળાકૂંચી • ઠવણી
• ચરવળા • સંથારીયા
• સાપડા • કામળીઓ
• ઓઘારીયા • ધાબળી

ચાંદીના વરખ, પરવાળી-ડબ્બા-ઘર-સ્ફટિકની માળાઓ-મોરપીંછી-ઉપકરણો-પુંજણીઓ તેમજ

રેડીયમ અને પ્લાસ્ટીકની
ઠવણીઓ-સાપડા-વગેરે-
છાપવાના તેમ ડિપોઝીટ
કાર્ડ-ફોલ્ડર્સ વગેરે માટે

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
મુંબઈ-૨



ખુશખબર.... ખુશખબર.... ખુશખબર....

## સીલ્વર જ્યુબીલી ગાયક

જૈન સમાજના સુપ્રસિદ્ધ લોકલાડીલા ગાયક શ્રી મનુભાઈ એચ. પાટણવાલા એન્ડ પાર્ટી (મુંબઈનિવાસી)—સહર્ષ જણાવવાનું કે જૈન પૂજાઓ, ભાવનાઓ તથા અઠ્ઠાઈ મહોત્સવોમાં ભક્તિસંગીતમાં મુગ્ધ કરનાર "શ્રી મનુભાઈ" સંગીતક્ષેત્રે ૨૫ વર્ષ પૂરા કરે છે. આ અવસરે તેમ જ ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકના શુભ પ્રસંગને લક્ષમાં લઈને પ્રભુભક્તિ-પૂજા, ભાવના પ્રસંગે તથા બહારગામના અઠ્ઠાઈ મહોત્સવોમાં ૨૫ ટકા વળતર આપવામાં આવશે. તો આ સોનેરી તકનો સમસ્ત જૈન સમાજને લાભ લેવા નમ્ર વિનંતી છે. આપના શુભઅવસરને દીપાવવા આજે જ ઓર્ડર નોંધાવી લ્યો. ફોનઃ C/O નં. ૫૭૬૦૫૨

સરનામું : જૈન સંગીતકાર શ્રી મનુભાઈ એચ. પાટણવાલા
૧૪૫-ડી, અરુણ નિવાસ, ભુલાભાઈ ચીલ્ડ્રન હોસ્પીટલ પાછળ,
સ્વામી વિવેકાનંદ રોડ, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ નં. ૫૬.

# પાલીતાણામાં સં. ૨૦૩૧ના ચાતુર્માસાર્થે બિરાજમાન પુજય સાધુ–સાધ્વીજીઓની સમુદાય અને સ્થળ સાથેની યાદી

**卐 સાધુમહારાજ : ૮૫, સાધ્વી મહારાજ : ૩૮૦, કુલ : ૪૬૫ 卐**

**卐 આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજી મ૦ સમુદાય**

આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરિજી ઠા. ૧૧ કેસરીયાજીનગર
મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ઠા. ૨ સ્વાધ્યાય મંદિર
,, કંચનવિજયજી આદિ નવાપરા ચોકમાં
,, ગુણસેનવિજયજી જામનગરવાળી ધર્મશાળા
,, કુંદનવિજયજી ,,
,, જિનદાસવિજયજી ,,
,, નયચંદ્રવિજયજી ,,
સાધ્વીશ્રી મંજુલાશ્રી લલ્લુભાઈની ધર્મશાળા
,, સંજમશ્રી ઠા. ૨ ,,
,, હર્ષલતાશ્રી ,,
,, ભુપતશ્રી હડીભાઈની ધર્મશાળા
,, શાંતિપ્રભાશ્રી કંકુબાઈની ધર્મશાળા
,, હેમપ્રભાશ્રી મોતીસુખીયાની ધર્મશાળા
,, પદ્માશ્રી ઠા. ૧૧ બાબુ પન્નાલાલની ,,
,, ચંદ્રપ્રભાશ્રી ઠા. ૩ હજારીનિવાસ ધર્મશાળા
,, સંયમશ્રી વૃદ્ધિ–નેમિ–અમૃત વિહાર
,, ચારિત્રશ્રી ઠા. ૨ ,,
,, શ્રીમતિશ્રી ઠા. ૨ વલ્લભવિહાર ધર્મશાળા
,, મૃગાવતિશ્રી ઠા. ૩ ,,
,, લલિતપ્રભાશ્રી ઠા. ૨ ,,
,, વિનયધર્માશ્રી ઠા. ૫ ,,
,, સૌમ્યયશાશ્રી ઠા. ૪ કેસરીયાજી નગર
,, પ્રજ્ઞશીલાશ્રી ઠા. ૪ શત્રુંજયવિહાર

**卐 આચાર્યશ્રી નીતિસૂરીશ્વરજી મ૦ સમુદાય**

આચાર્યશ્રી મંગળપ્રભસૂરીશ્વરજી, આચાર્યશ્રી રામરત્નસૂરીશ્વરજી, આચાર્યશ્રી અરિહંતસૂરીશ્વરજી ઠા. ૧૧ સાંડેરાવ જિનેન્દ્ર ભુવન
મુનિરાજશ્રી પ્રીતિવિજયજી ઠા. ૨ શાંતિભુવન–વંડામાં
,, સુરેન્દ્રવિજયજી ગિરિ વિહાર
સાધ્વીશ્રી રમણીકશ્રી ઠા. ૫ ખુશાલભુવન
સાધ્વીશ્રી પૂર્ણભદ્રાશ્રી ઠા. ૩ ,,
,, પ્રજ્ઞારતશ્રી ઠા. ૩ આનંદ ભુવન ધર્મશાળા
,, જયશીલાશ્રી ઠા. ૩ ,,
,, પ્રશમનાશ્રી ઠા. ૩ ,,
,, જ્ઞાનશ્રી ઠા. ૭ ધનાપુરા જિનેન્દ્ર નિવાસ
,, નીરૂપમાશ્રી ઠા. ૩ અમારી નિવાસ
,, મોક્ષલતાશ્રી ઠા. ૨ ,,
,, પ્રશાંતશ્રી ,,
,, લલિતપ્રભાશ્રી ઠા. ૧૭ ઉમાજી ભુવન ધર્મ.
,, કીરણપ્રભાશ્રી ઠા. ૨ સાંડેરાવ જિનેન્દ્ર ભુવન
,, પદ્મલતાશ્રી ઠા. ૪ ,,
,, મહાયશાશ્રી ઠા. ૨ ,,
,, અશોકકલ્પલતાશ્રી ઠા. ૨ ,,
,, દાનલતાશ્રી ઠા. ૩ હજારી નિવાસ ધર્મ૦
,, ચારૂયશાશ્રીજી વલ્લભવિહાર ધર્મ૦
,, હેમપ્રભાશ્રી આનંદ ભુવન ધર્મ.
,, પૂર્ણભદ્રાશ્રી મગન મોદીની ધર્મશાળા
,, સ્નેહલતાશ્રી ઠા. ૪ આરીસા ભુવન
,, નિર્મળાશ્રી ,,
,, હીરણ્યશ્રી લલ્લુભાઈની ધર્મશાળા
,, સૂર્યોદયાશ્રી ઠા. ૪ ચંપાનિવાસ ધર્મ૦

**卐 આચાર્યશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ સમુદાય**

પંન્યાસશ્રી મહિમાવિજયજી ઠા. ૨ ઘોઘાવાળી ધર્મ૦
મુનિશ્રી પ્રધાનવિજયજી ગીરિ વિહાર
,, સુમિત્રવિજયજી જામનગરવાળી ધર્મ૦
,, હીરવિજયજી ,,
સાધ્વીશ્રી ચંપકશ્રી ઠા. ૪ અમારીવિહાર ધર્મ૦
,, ભવ્યાનંદશ્રી ઠા. ૫ ,,
,, જયશ્રી ઠા. ૧૮ જામનગરવાળા રંભાબાઈ સ્વા.મંદિર
,, અશોકશ્રી ઠા. ૨ શાંતિ ભુવન–વંડામાં
,, મનોરમાશ્રી વલ્લભવિહાર

| | | |
|---|---|---|
| સાધ્વીશ્રી કુસુમશ્રી | | હજારીનિવાસ |

卐 આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સમુદાય

| | | |
|---|---|---|
| આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી | ઠા. ૫ | સાહિત્યમંદિર |
| પંન્યાસશ્રી સૂર્યસાગરજી | | સાંડેરાવ ભુવન |
| સાધ્વીશ્રી જયપ્રભાશ્રી | ઠા. ૫ | જૈન ભવન |
| ,, હર્ષપ્રભાશ્રી | ઠા. ૩ | ઉમાજી ભુવન ધર્મ૦ |

卐 આચાર્યશ્રી કેસરસૂરીશ્વરજી મ૦ સમુદાય

| | | |
|---|---|---|
| આ.શ્રી પ્રભવચંદ્રસૂરિ | ઠા. ૫ | ધનાપરા જિનેન્દ્ર ભવન |
| સાધ્વીશ્રી કીરણશ્રી | | હઠીભાઈની ધર્મશાળા |
| ,, હીરાશ્રી | | ,, |
| ,, કુમુદશ્રી | | મગન મોદીની ધર્મશાળા |
| ,, પ્રભંજનાશ્રી | | ,, |
| ,, રમણીકશ્રી | | ,, |
| ,, વનીતાશ્રી | ઠા. ૨ | ભાવસારની ધર્મશાળા |
| ,, હસ્તિશ્રી | ઠા. ૧૧ | ખુશાલ ભુવન |
| ,, પ્રશાંતિશ્રી | ઠા. ૪ | ઉમાજી ભુવન |
| ,, વિમળશ્રી | ઠા. ૭ | અમારી વિહાર |
| ,, ચંદ્રયશાશ્રી | | ,, |
| ,, મહાપ્રજ્ઞાશ્રી | ઠા. ૨ | વલ્લભ વિહાર |
| ,, વિશ્વપ્રજ્ઞાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, મહિમાશ્રી | | ,, |
| ,, વિશ્વજ્યોતીશ્રી | | ,, |
| ,, જ્ઞાનશ્રી | ઠા. ૧૧ | મહારાષ્ટ્ર ભુવન |

卐 આ.શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ૦ સમુદાય

| | | |
|---|---|---|
| સાધ્વીશ્રી કંચનશ્રીજી | ઠા. ૫ | મહારાષ્ટ્ર ભુવન |
| ,, ચૈતન્યશ્રી | ઠા. ૭ | શત્રુંજય વિહાર |
| ,, સૂર્યોદયાશ્રી | ઠા. ૪ | સાંડેરાવ જિનેન્દ્ર ભવન |
| ,, પુષ્પાશ્રી | ઠા. ૨ | વલ્લભ વિહાર |
| ,, શુભંકરાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, મયણાશ્રી(સૂર્યશિષ્ય) | ઠા. ૧૧ | કેસર નિવાસ |
| ,, પ્રગુણાશ્રી | ઠા. ૫ | અમારી વિહાર |
| ,, મહાદયાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, મલયાશ્રી | ઠા. ૮ | ,, |
| ,, કેવલ્યશ્રી | ઠા. ૨ | ,, |

卐 વિમળગચ્છ સમુદાય

| | | |
|---|---|---|
| આચાર્યશ્રી શાંતિવિમળસૂરીશ્વરજી | ઠા. ૨ | હીંમતવિહાર |
| મુનિશ્રી દેવવિમળજી | | ,, |
| સાધ્વીશ્રી હેમેન્દ્રશ્રી | ઠા. ૨ | મગન મુળચંદ ધર્મ૦ |
| ,, અજીતશ્રી | | મંગળબાઈ ઉપાશ્રય |
| ,, વીમળશ્રીજી | | હજારી નિવાસ ધર્મ૦ |
| ,, મોક્ષલતાશ્રીજી | ઠા. ૨ | ,, |
| ,, મંજુલાશ્રી | ઠા. ૩ | અમારી વિહાર |

卐 આચાર્યશ્રી મોહનસૂરીશ્વરજી મ૦ સમુદાય

| | | |
|---|---|---|
| સાધ્વીશ્રી દક્ષયશાશ્રી | ઠા. ૪ | કુસુમનિવાસ |
| ,, ઈન્દ્રશ્રીજી | ઠા. ૩ | ,, |
| ,, સુનંદાશ્રી | ઠા. ૩ | હઠીભાઈની ધર્મશાળા |
| ,, પ્રભાશ્રી | | ,, |
| ,, કનકપ્રભાશ્રી | ઠા. ૩ | ,, |
| ,, નિર્મળાશ્રી | ઠા. ૨ | સાત ઓરડા |
| ,, ચંદ્રશ્રી | | મોતીશાની ધર્મશાળા |
| ,, તત્વપ્રજ્ઞાશ્રી | | અમારી વિહાર |
| ,, મનોજ્ઞાશ્રી | | મગન મોદીની ધર્મશાળા |
| ,, જંબુશ્રી | ઠા. ૪ | હજારી નિવાસ |

卐 ખરતરગચ્છીય સમુદાય

| | | |
|---|---|---|
| મુનિરાજશ્રી કાંતિસાગરજી | ઠા. ૫ | જિનહરિ વિહાર |
| ,, મંગળસાગરજી | | સોનબાઈ બીલ્ડીંગ |
| સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી | ઠા. ૨ | જિનહરિ વિહાર |
| ,, સમતાશ્રી | ઠા. ૫ | ,, |
| ,, મોહનશ્રી | ઠા. ૩ | ,, |
| ,, જસવંતશ્રી | ઠા. ૩ | માધવલાલની ધર્મશાળા |
| ,, સંપતશ્રી | ઠા. ૪ | ,, |
| ,, જયપ્રભાશ્રી | | ,, |
| ,, મદનશ્રી | | ,, |
| ,, મેઘશ્રી | | મહીમા કુટીર |

卐 અચલગચ્છીય સમુદાય

| | | |
|---|---|---|
| મુનિરાજશ્રી મતિસાગરજી | | વીરબાઈ પાઠશાળા |
| સાધ્વીશ્રી મુક્તિશ્રી | ઠા. ૪ | નરશી કેશવજી |
| ,, ચંદ્રયશાશ્રી | ઠા. ૫ | ,, |
| ,, અનુપમાશ્રી | | દેવશી પુનશી ધર્મશાળા |
| ,, નીત્યાનંદશ્રી | | હઠીભાઈની ધર્મશાળા |
| ,, અવિચલશ્રી | | પુરબાઈની ધર્મશાળા |
| ,, તરુણપ્રભાશ્રી | | મગનમોદીની ધર્મશાળા |
| ,, કાંતિશ્રી | ઠા. ૩ | સૂર્યકમળ જયકાંતભવન |
| ,, જયાનંદશ્રી | | મોતીશાની ધર્મશાળા |

卐 આચાર્યશ્રી વલ્લભસૂરીશ્વરજી મ૦ સમુદાય

પંન્યાસશ્રી બાલભદ્રવિજયજી વલ્લભ વિહાર

મુનિરાજશ્રી પદ્મશેખરવિજયજી ઠા. ૨ ,,

સાધ્વીશ્રી વનીતાશ્રીજી ઠા. ૫ પંજાબી ધર્મશાળા

,, પ્રકાશશ્રી ઠા. ૨ ,,

,, જિતેન્દ્રશ્રી ઠા. ૩ ,,

,, ચરણશ્રી ઠા. ૨ હજારીનિવાસ ધર્મશાળા

卐 આચાર્ય શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ૦ સમુદાય

મુનિશ્રી કૈલાસવિજયજી આરીસા ભુવન

,, ગુણરત્નવિજયજી ,,

સાધ્વીશ્રી નિરંજનાશ્રી ઠા. ૩ હજારીનિવાસ

卐 વાગડવાળાનો સમુદાય

મુનિરાજશ્રી શાંતિવિજયજી અમરચંદ જસરાજ ધર્મ.

સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રી મગન મોદીની ધર્મ૦

,, ભદ્રાનંદશ્રી ઠા. ૪ મોતી સુખીયાની ધર્મ૦

卐 ત્રીસ્તુતિક સમુદાય

મુનિરાજશ્રી જસવિજયજી ઠા. ૧ સૌધર્મ નિવાસ

સાધ્વીશ્રી લાવણ્યશ્રી ઠા. ૬ રાજેન્દ્ર ભવન

,, અશોકશ્રી ઠા. ૨ ,,

,, દેવેન્દ્રશ્રી ઠા. ૫ ,,

,, કુસુમશ્રી ઠા. ૩ યતીન્દ્ર ભુવન

卐 અલગ અલગ સમુદાયની યાદિ

* પંન્યાસશ્રી હીતવિજયજી મ૦ના મુનિશ્રી ઇન્દ્રવિજયજી–જામનગરવાળી ધર્મશાળા અને સાધ્વી શ્રી જીતેન્દ્રશ્રી ઠા. ૬ ચંચળબાઈ ઉપાશ્રય * પાયચંદગચ્છીય મુનિશ્રી વિદ્યાચંદજી ઠા. ૨ માધવલાલની ધર્મશાળા અને મુનિશ્રી દીલીપચંદજી રણશી દેવરાજ ધર્મશાળા * બુદ્ધિ–તિલક–શાંતિચંદ્રસૂરીશ્વરજી મ.ના સાધ્વીશ્રી ઉત્તમશ્રી ઠા. ૫ અને સાધ્વી રત્નરેખાશ્રીજી ઠા. ૩ મગન સુરચંદની ધર્મશાળા * શ્રી કપૂરવિજયજી મ૦ના મુનિશ્રી મનહરવિજયજી ઠા. ૨ અમરચંદ જસરાજની ધર્મશાળા અને મુનિશ્રી મહાભદ્રવિજયજી જામનગરવાળી ધર્મશાળા. * ઊ. શ્રી ધર્મવિજયજી મ૦ના મુનિશ્રી ચારિત્રવિજયજી જામનગરવાળી ધર્મશાળા * શ્રી મણિવિજયજી દાદાના સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રી ઠા. ૨ લલ્લુભાઈની મેડી.

સમુદાયના વડીલો તરફથી પ્રાપ્ત થયેલ યાદી સીવાયના અન્ય–સાધુસાધ્વીઓ

મુનિશ્રી ઉદયરત્નવિજય કુંકુબાઈની ધર્મશાળા

,, સુરવિજયજી ,,

,, નંદનવિજયજી જામનગરવાળી ધર્મશાળા

,, નિર્મળવિજયજી ,,

,, પારસવિજયજી ,,

,, ગૌતમવિજયજી ,,

,, જયચંદ્રવિજયજી વાપીવાલાની ધર્મશાળા

,, મનોજ્ઞસાગરજી નંદાભુવન

,, બાલચંદ્રવિજયજી બ્રહ્મચર્યાશ્રમ

,, મનકવિજયજી જ્યોતીમંદિર

સાધ્વીશ્રી આર્યગુણાશ્રી હકીભાઈની ધર્મશાળા

,, સુવ્રતાશ્રી ઠા. ૨ હજારીનિવાસ

,, દેવેન્દ્રશ્રી ઠા. ૫ કુમારીનિવાસ

,, સુદર્શનાશ્રી વલ્લભવિહાર

યતિશ્રી જયરૂપીજી મ૦ મોટા દહેરાસર–ઉપાશ્રય


## ખરીદી મોકલો અને ખાત્રી કરો.

આવી રહેલા આરાધનાના પવિત્ર દીવસોમાં જીનભક્તિમાં વાપરવા યોગ્ય ચીજો જેવી કે કેશર, બરાસ, વાસક્ષેપ, દશાંગધુપ, સુખડ, અગરબત્તી, વરખ, બાદલુ, ઊન, બલુન સુખડ પાવડર તેમ જ દરેક અનુષ્ઠાનો આદિમાં વપરાતી દરેક ચીજો શુદ્ધ અને પવિત્ર મળશે. મહાપૂન્યશાળી તપસ્વી ભાઈ–બહેનોની ભક્તિ માટે તપસી આરામ ઔષધ, કાયાકુટી તેલ, બદામતેલ, ચંદનતેલ, કસ્તુરી, અંબર મીશ્રીત અણાહારી ગોળીઓ વગેરે ચીજો મેળવવા નીચેનું સ્થળ નોંધી લેશો.... જે આપનું જુનું અને જાણીતું છે. આપ આપની ખરીદી મોકલી, અમોની સેવાનો લાભ આપશો.

**ક્વોલીટી ટ્રેડર્સ**

[ શાંતિલાલ ઓધવજીની કું.વાળા ]

૨૩, છીપીચાલ, મોદીનો માળો, મુંબઈ ૪૦૦,૦૦૨

અમારો ૭ પરીક્ષાનો

# સરળતમ-અભ્યાસક્રમ

**જૈન યુનિવર્સિટી-કક્ષાની આ એક જ સંસ્થા છે, કે જે ભારતભરમાં જૈન તત્ત્વજ્ઞાનની પ્રતિવર્ષ લેખિત પરીક્ષાઓ લઈ, ક્રમિક વિકાસ કરી, અર્થસહિતના અનેક ભાષાના પાઠ્યપુસ્તકોના શ્રેષ્ઠ પ્રકાશન દ્વારા શ્રુતસેવા કરી રહ્યા છે. પાંચ વર્ષમાં પાંચ પરીક્ષા દ્વારા તત્ત્વના જાણકાર થઈ શકાય છે.**

૧. પ્રબોધિની – ( માત્ર મૌખિક ) ભા. ૧ શરૂથી ૧૯ સૂત્રો સારાંશ સહિત. ભા. ૨માં ૯ કથાઓ સચિત્ર ( ગુજરાતી G. હિંદી H. મરાઠી M. ) ત્રણભાષામાં રૂા. ૦-૫૦ પૈ. પરીક્ષા ફી રૂા. ૦–૨૫ પૈ.

૨. પ્રાથમિક – ( લેખિત – મૌખિક ) ભા. ૧ સામાયિકના ૧ થી ૧૦ સૂત્રો અર્થસહિત. ભા. ૨ તત્ત્વજ્ઞાન સમજવાના ૯ પાઠ. સામાયિક–વિધિ (G. H.) રૂા. ૧–૦૦. પરીક્ષા ફી રૂા. ૦–૫૦ પૈ.

૩. પ્રારંભિક – ( લેખિત – મૌખિક ) ભા ૧. ૧ થી ૨૧ સૂત્રો, સામાયિક–ચૈત્યવંદનના સૂત્રો, વિવેચનસહિત ઉંડું અર્થ ચિંતન. ભાગ ૨ ભગવાન મહાવીરનું જીવનાલેખન ( પેજ ૫૫ ) ચૈત્યવંદન વિધિ ( G. H. M. ) G. રૂા. ૨–૫૦ H. રૂા. ૨–૦૦. પરીક્ષા ફી રૂા. ૧–૫૦ પૈ. સરલ માર્ગદર્શિકા – ભા. ૧. થી ૧૦ સૂત્રો ટૂંકા સુગમાર્થ સહિત ૭ ભાષામાં અનુવાદ (G.H.M. + કન્નડ, ટેમિલ, મલયાલમ K.T.M. રૂા.૦–૧૫ પૈ. સરલ માર્ગદર્શિકા –ભા. ૨. ૧૧ થી ૨૧ સૂત્રો સુગમાર્થ સહિત ( G.H.M. K.T.M. ) ૦-૨૦ પૈ.

૪. પ્રવેશ – (લેખિત બે પ્રશ્નપત્ર + મૌખિક) નવકારથી બે પ્રતિક્રમણ શુદ્ધ સૂત્રલેખન સહિત સાર્થ રાઇ–દેવસિ પ્રતિક્રમણ વિધિ. પરીક્ષા ફી રૂા. ૨–૫૦ પૈ.

સરલ માર્ગદર્શિકા –ભા. ૩ સૂત્ર ૨૨ થી ૩૨ અર્થચિંતન (G) રૂા. ૧–૦૦

૫. પરિચય – ( લેખિત ત્રણ પ્રશ્નપત્ર + મૌખિક ) નવકારથી પંચપ્રતિક્રમણ ( શુદ્ધ લેખન સહિત સાર્થ ) પૂજા, સ્તવનાદિ, પંચપ્રતિક્રમણ વિધિ, સંસ્કૃત. પરીક્ષા ફી રૂા. ૩–૫૦ પૈ.

૬. પ્રદીપ – (લેખિત ચાર પ્રશ્નપત્ર + મૌખિક ) નવકારથી પંચપ્રતિક્રમણ પૂર્ણ, જીવવિચાર, નવતત્ત્વ, નિયુક્ત પૂજા, સ્તવન, સજ્ઝાયાદિ. જ્યોતિષ, પિંગલ, સંસ્કૃત, પ્રાકૃત સૂત્રો શુદ્ધ લેખનસહિત સાર્થ –પાંચે પ્રતિક્રમણની વિધિ. પરીક્ષા ફી રૂા. ૪–૫૦ પૈ.

ભારતભરના પ્રત્યેક કેન્દ્રના શિક્ષક– શિક્ષિકાને પુરસ્કાર, તેમજ ઉંચે નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી–વિદ્યાર્થિનીને શિષ્યવૃત્તિઓ અપાય છે. લેખિત પરીક્ષાઓ પ્રાયઃ જુલાઈના છેલ્લા શનિ રવિએ લેવાય છે. પૂરક પરીક્ષાઓ પ્રત્યેકની ૧૫ દિવસ બાદ લેવાય છે. ઉત્તીર્ણ વિદ્યાર્થીવર્ગને પ્રમાણપત્રો પ્રત્યેક પરીક્ષામાં અપાય છે. વિદ્યાર્થી વર્ગને શૈક્ષણિક ઉત્થાનનું માર્ગદર્શન મેળવવા " ગુલાબ " માસિક ( લવાજમ માત્ર રૂા. ૫–૦૦ ) પત્ર સૌએ મંગાવવું આવશ્યક છે. મે વેકેશન પુરતુ " પત્ર દ્વારા શિક્ષણ " ( અન્વેષણ ૧, ૨, ૩ ) અપાય છે. મુલુંડ (મુંબઈ)માં "વિદ્યાપીઠ ભવન" તૈયાર થઈ રહ્યું છે. તેના રૂા. ૦૦૧ – ૫૦૧ ૨૫૧ ના મેંબર બની, કેવળ ધાર્મિક હોવાથી શ્રુતસેવાનો લાભ સૌએ લેવો જ જોઈએ. ઉપરોક્ત ૭એ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર પરદેશમાં પણ પ્રચાર કરી શકશે. એમાંથી વિદ્વાન લેખક, વક્તા કે શિક્ષક થવાની ૮૦ ટકા આશા રાખીએ છીએ. નજીકના શાખા કે પ્રચાર કાર્યાલયોમાંથી વધુ માહિતી મેળવી શકાશે. પુખ્ત ઉંમરના વકીલો, ડોક્ટરો, જૈનેતરો આ પરીક્ષાઓ આપે છે. આથી વધુ સરલ અભ્યાસક્રમ કયો હોઈ શકે ? તત્ત્વજ્ઞાનરૂપી અમૃતનો સૌએ અનુભવ કરવો જ જોઈએ.

: મુંબઈ શાખા :
વિદ્યાપીઠ ભવન, ૫૦૭, મહાત્મા ગાંધી રોડ,
મુલુંડ ( પશ્ચિમ ) મુંબઈ–૮૦ ( C. R. )

: પ્રધાન કાર્યાલય :
શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ,
૨૧૫–૧૬ બુધવાર પેઠ, પૂના–૨

## મુંબઈમાં બિરાજમાન સાધુ-સાધ્વીઓ

* આચાર્ય વિ૦ નેમિસૂરીશ્વરજી મ૦ સમુદાય

આચાર્યશ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી ઠા. ૪
આદીશ્વર જૈન ધર્મશાળા, પાયધુની, મુંબઈ–૩

આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી તથા
ઉપા૦શ્રી હેમચંદ્રવિજયજી ઠા. ૭
ગોડીજી ઉપાશ્રય, પાયધુની, મુંબઈ–૩

આચાર્યશ્રી વિજયશુભંકરસૂરીશ્વરજી ઠા. ૩
પ્રાર્થના સમાજ, ચંદ્રપ્રભુજી દહેરાસર, મુંબઈ–૪

પંન્યાસશ્રી મુનિચંદ્રવિજયજી ઠાણું ઠા. ૨
જૈન દહેરાસર, દોલતનગર, બોરીવલી, મુંબઈ–૯૨

પ્રવર્તકશ્રી નિરંજનવિજયજી ઠા. ૩
જૈન ઉપાશ્રય, ઝેવર રોડ, મુલુંડ મુંબઈ–૮૦

મુનિરાજશ્રી સદ્‌ગુણવિજયજી ઠા. ૩
સાઈનાથનગર, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર, મું–૮૬

મુનિરાજશ્રી માનતુંગવિજયજી ઠા. ૨
શાંતિનાથજી જૈન દેરાસર, બોરાબજાર સ્ટ્રીટ, ફોર્ટ મું–૧

સાધ્વીશ્રી હર્ષલતાશ્રીજી ઠા. ૪
બોરીવલી, દોલતનગર, મુંબઈ–૯૨

* આચાર્યશ્રી મોહનસૂરીશ્વરજી મ૦ સમુદાય

આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી ઠા. ૪
જૈન ઉપાશ્રય, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર, મું–૮૬

આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી તથા
મુનિરાજશ્રી યશોવિજયજી ઠા. ૧૦
આદીશ્વર જૈન દેરાસર, ૪૧ રીજ રોડ, વાલકેશ્વર, મુંબઈ–૬

ગણિવર્યશ્રી જયાનંદવિજયજી ઠા. ૨
જૈન સોસાયટી, સાયન, મુંબઈ–૨૨

મુનિશ્રી કનકવિજયજી ઠા. ૨
દે૦ મૂ. જૈન દેરાસર, આનંદરોડ, મલાડ મું. ૬૪

મુનિશ્રી મહાનંદવિજયજી ઠા. ૨
જૈન ઉપાશ્રય, ભુલાભાઈ દેસાઈ રોડ, કાંદીવલી મું. ૬૭

સાધ્વીશ્રી કમળાશ્રીજી ઠા. ૭
'આરાધના' ગોવાલીયા ટેંક, મુંબઈ–૩૬

,, પ્રિયંવદાશ્રી ઠા. ૭
જૈન દેરાસર, રીજ રોડ, વાલકેશ્વર, મુંબઈ–૬

,, મનોરમાશ્રી ઠા. ૩
આનંદ રોડ, મલાડ, મુંબઈ–૬૪

સાધ્વીશ્રી કુમુદપ્રભાશ્રીજી આદિ
શાંતિનાથ દેરાસર, વિજયવલ્લભ ચોક, પાયધુની, મુંબઈ–૩

* આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ૦ સમુદાય

આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી ઠા. ૪
નમિનાથ દેરાસર, ભીંડીબજાર નાકા, મુંબઈ–૩

મુનિશ્રી પૂર્ણભદ્રવિજયજી
'આરાધના', વિલેપાર્લે, મુંબઈ–૫૬

મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી ઠા. ૩
'આરાધના', ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ–૩૬

સાધ્વીશ્રી ચંપકશ્રીજી ઠા. ૩
શાંતિનાથ દેરાસર, પાયધુની નાકા, મુંબઈ–૩

* આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી મ૦ સમુદાય

ગણિવર્યશ્રી પદ્મસાગરજી ઠા. ૫
ચોપાટી, સીફેઈસ, મુંબઈ–૭

મુનિશ્રી કંચનસાગરજી ઠા. ૨
જૈન જ્ઞાનમંદિર, એસ. લેન, દાદર, મુંબઈ–૨૮

* પં. શ્રી ધર્મવિજયજી ડહેલાવાળા સમુદાય

આચાર્યશ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી ઠા. ૪
ઘેલાભાઈ કરમચંદ સેનેટરીયમ, પાર્લા મું.–૫૬

આચાર્યશ્રી ભુવનચંદ્રસૂરીશ્વરજી ઠા. ૪
ચિંતામણી દેરાસર, મહાત્મા ગાંધી રોડ, પાર્લા, મું. ૫૭

* આચાર્યશ્રી વિજયદાનસૂરીશ્વરજી મ૦ સમુદાય

આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી ઠા. ૧૨
લાલબાગ, માધવબાગ, મુંબઈ–૪

આચાર્યશ્રી વિજયજંબુસૂરીશ્વરજી ઠા. ૮
મોતીશા જૈન દેરાસર, ભાયખલા, મુંબઈ–૨૭

આચાર્યશ્રી જિતમૃગાંકસૂરીશ્વરજી ઠા. ૮
શ્રીપાલનગર, જૈન દેરાસર, વાલકેશ્વર
૧૨, ડાર્કનેસ રોડ, મુંબઈ–૬

મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી ઠા. ૮
જૈન દેરાસર, નવી ચાલ, ભીવંડી (થાણા)

મુનિરાજશ્રી નીરંજનવિજયજી ઠા. ૨
જૈન જ્ઞાનમંદિર, માટુંગા, મુંબઈ–૧૯

મુનિરાજશ્રી ચંપકવિજયજી ઠા. ૨
સ્ટેશન રોડ, નવી ચાલ, વડાલા, મુંબઈ–૩૧

મુનિરાજશ્રી ભદ્રશીલવિજયજી ઠા. ૩
આરાધના જૈન ઉપાશ્રય, એસ. કે. બોલે રોડ, દાદર, મુંબઈ–૧૪

❋ આનંદસાગરસૂરીશ્વરજી મ૦ સમુદાય

સાધ્વીશ્રી હેમેન્દ્રશ્રીજી ઠા. ૧૦
ઝવેરરોડ, મુલુન્ડ, મુંબઈ ૮૦

સાધ્વીશ્રી પદ્મલતાશ્રીજી ઠા. ૭
જવાહરનગર, ગોરેગામ, મુંબઈ–૬૨

અચલગચ્છીય સમુદાય

સાધ્વીશ્રી હરખશ્રી ઠા. ૩
ઝવેર રોડ, મુલુન્ડ, મુંબઈ–૮૦

સાધ્વીશ્રી હેમલતાશ્રી ઠા. ૪ લાલવાડી. મુંબઈ
,, મહેન્દ્રશ્રી ,, ,,
,, પુણ્યોદયાશ્રી ઠા. ૪
અચલગચ્છ જૈન ઉપાશ્રય, માટુંગા, મુંબઈ ૧૯
,, ભાગ્યોદયાશ્રી ઠા. ૪
જૈન ઉપાશ્રય, ઘાટકોપર, મુંબઈ–૮૬
,, અરુણપ્રભાશ્રી ઠા. ૨
જૈન ઉપાશ્રય, મલાડ, મુંબઈ–૬૪
,, વિપુલગુણાશ્રી ઠા. ૩
પાલાગલી, જૈન ઉપાશ્રય, મુંબઈ–૯
,, ધૈર્યપ્રભાશ્રી ઠા. ૨
જૈન ઉપાશ્રય, ભાંડુપ, મુંબઈ
,, પ્રભાશ્રીજી આદિ
જૈન ઉપાશ્રય, નાલાસોપારા, મુંબઈ

卐 પાર્શ્વગચ્છીય સમુદાય

સાધ્વીશ્રી સુનંદાશ્રી ઠા. ૫
લોકાનો ઉપાશ્રય, કોટ, મુંબઈ–૧
,, અમૃતશ્રીજી ઠા. ૨
પાયચંદગચ્છ ઉપાશ્રય, મુલુન્ડ, મુંબઈ–૮૦
,, વસંતપ્રભાશ્રી ઠા. ૩
વરલી, જૈન મંદિર, મુંબઈ
,, સુમંગળાશ્રી ઠા. ૪
ચેમ્બુર, ૧૦મો રસ્તો, જૈન મંદિર સામે, મું–૭૧

અલગ અલગ સમુદાયના સાધુ મહારાજો

પંન્યાસશ્રી જિનેન્દ્રવિજયજી ઠા. ૪ (વાગડવાળા)
જૈનદેરાસર–ઉપાશ્રય, એન્ડ્રુઝ રોડ, મું. ૫૪

પંન્યાસશ્રી અરુણવિજયજી ગણિવર ઠા. ૩
'આરાધના', દફતરી રોડ, મલાડ, મું. ૬૪

પંન્યાસશ્રી કંચનસાગરજી ઠા. ૨
જૈનદેરાસર–ઉપાશ્રય, જવાહરનગર, ગોરેગાંવ, મું. ૬૨

પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ)
(શાસ્ત્રવિશારદ ધર્મસૂરિજી મ૦ સમુદાય)
સંભવનાથ જૈન દેરાસર, જાંબલીગલી, બોરીવલી, મું. ૬૨

મુનિશ્રી જયવિજયજી શાંતિનાથ ઉપાશ્રય
ભવાનીશંકર રોડ, દાદર, મુંબઈ ૨૮

મુનિશ્રી ગૌતમસાગરજી (ખરતરગચ્છીય)
મહાવીરસ્વામી જૈન દેરાસર, પાયધુની, મું. ૩

મુનિશ્રી સુશીલવિજયજી ઠા. ૨ (નીતિસૂરિ)
ગોલવાડ હાઉસ, પાંજરાપોળ ગલી, ગુલાલવાડી, મું. ૪

મુનિશ્રી કસ્તુરસાગરજી ઠા. ૩
જૈન ઉપાશ્રય, આરેરોડ, ગોરેગાંવ, મું. ૬૨

સાધ્વીશ્રી મૃગેન્દ્રશ્રી ઠા. ૫
દેવચંદનગર, મલાડ, મુંબઈ ૬૪

સાધ્વીશ્રી યશોધરાશ્રીજી ઠા. ૫
નવરોજ ક્રોસલેન, મુંબઈ ૮૬


સ્થાપિત : ૧૯૩૪ ✰ બધી રેલ્વેએ મંજુર કરેલી
૬૨ વર્ષની માફક – આ વર્ષે પણ

## શ્રી સમેતશિખરજી પાવાપુરી જૈનયાત્રા સ્પેશ્યલ ટ્રેઇન

✰ મુંબઈથી ૧૦–૧૦–૭૫ અને ૧૪–૧૦–૭૫ (દશેરા)ના શુભ દિને કલ્યાણક ભૂમિઓ, ઐતિહાસિક સ્થળો માળવા –એમ.પી. –યુ.પી. –બિહાર –બંગાળ અને વિદર્ભની મહાન યાત્રાઓએ ઉપડશે.

વિગત માટે : [ ફોન : ૨૫૪૨૧૬ – ૬૯૧૭૭૮ ]

બાબુભાઈ સુરતવાળા
યુનીવર્સલ ટ્રાવેલ સરવીસીઝ
૧૯/૨૧, હમામ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ–૪૦૦૦૦૧
● માયા સ્ટોર, ખારગેટ, ભાવનગર

# રદ કરવામાં આવેલ દીક્ષાનો મનાઈ હુકમ

મોરબીના રહીશ ચંદનબેન ચંદુલાલ દોશીએ અહીંની કોર્ટમાં પોતાની ઉંમરલાયક પુત્રી ઇંદિરા તથા જૈન સાધુ ગણિવર્યશ્રી લબ્ધિવિજયજી મહારાજ અને સાધ્વીજીઓ સામે એ પ્રમાણે આક્ષેપ કરી દાવો કરેલ કે—પોતાની પુત્રી ઇંદિરાને વાયનું દર્દ છે. જૈન સિદ્ધાંત-કલ્પસૂત્ર-મુજબ વાયના દર્દવાળાને દીક્ષા આપી શકાય નહીં. સાધુ અને સાધ્વીજી તેણીને પરાણે દીક્ષા આપવા માટે પ્રયત્નો કરે છે વગેરે જણાવી દીક્ષા લેવા અને આપવા માટે મનાઈ હુકમ મેળવેલ.

આ કેશના પ્રતિવાદી ઈંદિરાબેને તેમના એડવોકેટ શ્રી ધનજીભાઈ સબપરા સાથે કોર્ટમાં જાતે હાજર થઈને જણાવેલ કે—પોતાને વાયનું દર્દ નથી. પોતે શિક્ષિકા છે. ૩૫ વર્ષની ઉંમરની પુખ્તવયની છે. પોતાનું હિત શેમાં છે તે સારી રીતે સમજી શકે છે. જૈનશાસ્ત્રનો પોતે ઘણો અભ્યાસ કરેલ છે. બાજીરાજબા કન્યાશાળામાં શિક્ષિકા તરીકે પંદર વર્ષ કરતા પણ વધુ સમયથી નોકરી કરે છે. પોતે દીક્ષા લઈ લે તો પગાર બંધ થઈ જાય અને પરિણામે તેની માતાને ખોટ જાય તેમ હોય તેની માએ આ ખોટો દાવો કરેલ છે.

ગણિવર્યશ્રી લબ્ધિવિજયજી મહારાજ તથા સાધ્વીજીઓ વતી રોકાયેલ એડવોકેટ શ્રી રમેશચંદ દફતરી તથા શ્રી ગુણવંતરાય શાહે ધર્મની બાબતમાં હસ્તક્ષેપ કરવાનો કોર્ટને અધિકાર નથી. દિવાની હક્કની આ તકરાર નથી. વગેરે હકીકતો રજુ કરેલી.

આ મનાઈ હુકમનું પ્રકરણ મોરબીના મહે. સીવીલ જજ શ્રી મહીડા સાહેબ પાસે ચાલી જતાં તેઓશ્રીએ તેમના ચુકાદામાં જણાવેલ છે કે, "તમે જેવું વિચારો તેવા તમો બનો એ જીવનનો નિયમ છે. માણસ પોતે પોતાનું ભાવી ઘડે છે. આ કામમાં ઇંદિરાબેન ૩૫ વરસની પુખ્ત ઉમરના છે. વળી, સ્કૂલમાં શિક્ષિકા છે.


પરમાત્મા મહાવીરદેવના પચ્ચીસસોમા પરિનિર્વાણ વર્ષમાં અવશ્ય વસાવવા જેવી

## જૈન લોંગ પ્લે-કેસેટ રેકર્ડો

બહાર પડી ચૂકેલ છે:-

(૧) "મહાવીર દર્શન" (LP.): સંગીત, સ્વર, કથન: સર્વશ્રી નવીન શાહ, પ્રતાપકુમાર ટોલિયા, પૌરવી દેસાઈ, કૈલાસ સાંગાણી, અન્ય.

(૨) "વીર વંદના" (*LP*): પ્રતાપકુમાર ટોલિયા, પૌરવી દેસાઈ, પરાશર દેસાઈ, અન્ય.

(૩) "શ્રી ભક્તામર સ્તોત્ર" (*LP*): પ્રતાપકુમાર ટોલિયા, સુમિત્રા ટોલિયા, પૌરવી દેસાઈ.

(૪) "આનંદઘન પદ"<br>
(૫) "અનંત કી અનુગૂંજ"<br>
} બન્ને *EP*. પ્રતાપકુમાર ટોલિયા અને પૌરવી દેસાઈ.

(૬) "શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર" *LP* } શાંતિલાલ શાહ<br>
(૭) અપૂર્વ અવસર" *EP* } પ્રતાપકુમાર ટોલિયા, પૌરવી દેસાઈ, સુમિત્રા ટોલિયા.

મૂલ્ય/અર્થસહાય: પ્રથમ પાંચ પૈકી *LP* પ્રત્યેકના રૂ. ૪૫/૦૦, *Ep* રૂ. ૧૭/૫૦ (મુંબઈમાં અનુક્રમે રૂ. ૪૩/૫૦ અને રૂ. ૧૬/૮૦). અંતિમ બેઃ નં. ૬ અને ૭ રૂ. ૧૦૧/- (અર્થસહાય)

પ્રકાશન-પ્રાપ્તસ્થાન: વર્ધમાન ભારતી
*12*, કેમ્બ્રજ રોડ, બેંગલોર-*560008*.

મુંબઈમાં: "અનુપમ ઇલેક્ટ્રોનિક્સ", માહેશ્વરી ઉદ્યાન, કિંગ્સસર્કલ, માટુંગા અને "ધર્મસંગિતા", ૧લે માળે, ૨૦ વાડીઆ સ્ટ્રીટ, તારદેવ,-મુંબઈ--૪૦૦૦૩૪. અમદાવાદમાં મધર્સ સ્ટોર્સ, પલ્લવ, ૮૭, સ્વસ્તિક સોસાયટી. કલકત્તામાં: શ્રી મનોરદાસ શાહ, ૧૪, અમરતલા સ્ટ્રીટ. મદ્રાસમાં: શ્રી આર. રામનાથન, ૩ મોસ્ક સ્ટ્રીટ, મયલાપોર, મદ્રાસ-૬૦૦૦૦૪.

તેમને તેના દિવ્ય જીવનના પંથે જવાના કાર્યક્રમમાંથી રોકવા તે અર્થ વગરનું છે. એવું લાગે છે કે તેમના જીવનનો હેતુ ભગવાનના પંથ તરફ જવાનો છે. તેથી તેમના સામે દીક્ષા ન લેવી તેવો મનાઈ હુકમ આપવામાં આવેલ છે તે આથી રદ કરવામાં આવે છે."

આ કેશે મોરબી તેમ જ સમસ્ત જૈનસમાજમાં સારી એવી ચકચાર ફેલાવેલી.

## અઠ્ઠમતપની આરાધના

કૃષ્ણનગર (અમદાવાદ)માં પૂ. આ૦ શ્રી વિજયભુવનશેખરસૂરિજી મ૦, મુનિશ્રી મહિમાવિજયજી મ. આદિની નિશ્રામાં આ. વદ ૯ થી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમતપની આરાધના ૧૦૮ ભાઈબહેનોએ ઉમંગ પૂર્વક કરી. પૂજાદિ પણ અનેરા ઠાઠથી થઈ.

શા મુકેશકુમાર શાંતિલાલ તરફથી પારણાં અને અનેક સદ્‌ગૃહસ્થો તરફથી તપસ્વીઓમાં એકેક રૂ.ની પ્રભાવના થઈ હતી. આ૦દેવશ્રીના વ્યાખ્યાનથી શ્રી સંઘમાં ધર્મિક અનુષ્ઠાનો સારા પ્રમાણમાં રસપૂર્વક થઈ રહ્યા છે.


રંગબેરંગી આકર્ષક

**ક્ષમાપના** કાર્ડ



* અનેક ભાવવાહી ચિત્રો
* આકર્ષક છાપકામ
* વ્યાજબી ભાવ

**સાધના મુદ્રણાલય**

દાણાપીઠ પાછળ, **ભાવનગર** ☎ ૫૧૭૩

૧૦૦ નકલના રૂા. ૪-૫૦ (પોસ્ટેજ ખર્ચ અલગ)

મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમિત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

**—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—**

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર, મુંબઈ-૮૬

ઈશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ, અમદાવાદ

દાદાના દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વેનતિ કરે છે

ભોજનશાળાનો વાર્ષિક તૂટો મોંઘવારીના કારણે રૂ. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.
લગભગ અઢી લાખ પુન્યશાલી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.
પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.
છઠ્ઠ-અઠ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.
**શ્રેષ્ઠ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક અને ચતુર્વિધ સંઘની ભક્તિ**
**....................એ અમારા પુન્યનું ભાથું છે....................**



તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલીકઃ શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાન : જૈન પ્રિન્ટરી-પાનવાડી, ભાવનગર.

# સંવત ૨૦૧૩ના ચાતુર્માસાર્થે ભારતભરમાં જુદા જુદા સ્થળે બીરાજમાન પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજાઓની ગામ સાથેની યાદી

**અલગ અલગ સમુદાયોની આ નામાવલી મુંબઇ, અમદાવાદ અને પાલીતાણા સીવાયના ગામોની આપેલ છે. વાચકોનું તે તરફ ધ્યાન દોરીએ છીએ.**

### આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી સમુદાય

| | | |
|---|---|---|
| મોરબી | આચાર્યશ્રી | વિ. મોતીપ્રભસૂરીશ્વરજી ઠા. ૫ |
| ભુજ (કચ્છ) | ,, | વિ. દક્ષસૂરીશ્વરજી ઠા. ૪ |
| જોધપુર (રાજસ્થાન) | ,, | વિ. સુશીલસૂરીશ્વરજી આદિ |
| ચૂડા | ,, | વિ. જયાનંદસૂરીશ્વરજી ઠા. ૩ |
| રાજકોટ | ,, | વિ. કીર્તિચંદ્રસૂરીશ્વરજી ઠા. ૨ |
| બાલાશીનોર | ,, | વિ. પરમપ્રભસૂરીશ્વરજી ઠા. ૨ |
| સુરત (હરીપુરા) | ,, | વિ. કુમુદચંદ્રસૂરીશ્વરજી ઠા. ૫ |
| ભાવનગર (વડવા) | ,, | વિ. નીતિપ્રભસૂરીશ્વરજી ઠા. ૨ |
| ચાણોદ (રાજ.) | ઉપાધ્યાયશ્રી | ચંદનવિજયજી ગણિ ઠા. ૨ |
| ત્રાપજ | પંન્યાસશ્રી | વિજયચંદ્રવિજયજી ગણિ ઠા ૨ |
| કલકત્તા ૨૦ | ,, | વિશાળવિજયજી ગણિ ઠા. ૩ (ભવાનીપુર) |
| સાદડી (રાજસ્થાન) | ,, | વિકાસવિજયજી ગણિ ઠા. ૨ |
| વડોદરા (કોઠી પોળ) | ગણિવર્યશ્રી | જયચંદ્રવિજયજી ઠા. ૨ |
| નાડલાઇ (રાજ.) | ,, | મનોહરવિજયજી ઠા. ૨ |
| વડોદરા | ,, | પ્રમોદચંદ્રવિ. ઠા. ૨ (મામાની પોળ) |
| વડોદરા | મુનિશ્રી | રત્નપ્રભવિજયજી (જાનીશેરી) |
| મસુર (સતારા) | ,, | વિબુધવિજયજી ઠા. ૨ |
| બોધાન (સુરત) | ,, | મંગળવિજયજી ઠા. ૧ |
| જાવાલ (રાજ.) | ,, | રિદ્ધિચંદ્રવિજયજી |
| સુરત | ,, | સિદ્ધિચંદ્રવિજયજી (નેમુભાઇની વાડી) |
| બોટાદ | ,, | ચંદ્રસેનવિજયજી ઠા. ૨ |
| વણોદ | ,, | નયકીર્તિવિજયજી |
| ઊંઝા | ,, | વિવેકચંદ્રવિજયજી |
| જામકંડોરણા | ,, | કેવળવિજયજી |
| પાટણ | ,, | મણિભદ્રવિજયજી (સાગરઉપા.) |
| ,, | ,, | અમીતચંદ્રવિજયજીઠા.૨( ,, ) |
| પાટણ | સાધ્વીશ્રી | રાજેન્દ્રપ્રભાશ્રીજી ઠા. ૫ |
| બોરસદ | ,, | દિવ્યશ્રીજી ઠા. ૩ |
| કપડવંજ | ,, | ચંદ્રોદયાશ્રીજી ઠા. ૨ |
| જુનાગઢ | ,, | હર્ષપ્રભાશ્રીજી ઠા. ૪ |
| મહુવા | ,, | કમળપ્રભાશ્રીજી, શ્રી તીલકપ્રભાશ્રીજી ઠા. ૧૦ |
| વડોદરા | ,, | પ્રવિણશ્રીજી |
| માધાપર (કચ્છ) | ,, | નિત્યયશાશ્રીજી ઠા. ૬ |
| ભુજ | ,, | દક્ષયશાજીશ્રી ઠા. ૧૦ |
| મોરબી | ,, | સદ્દગુણાશ્રીજી ઠા. ૮ |
| ખંભાત | ,, | મહેન્દ્રશ્રીજી ઠા. ૮ (ચોકસીપોળ) |
| ,, | ,, | કાંતિશ્રીજી ઠા. ૨ (કન્યાશાળા) |
| ,, | ,, | સુશીલાશ્રીજી ઠા ૪ બહારપોળ |
| ,, | ,, | ચંદ્રલત્તાશ્રી |
| ,, | ,, | ભક્તિશ્રીજી ઠા. ૨ (હવેલી પોળ) |
| ભાવનગર | ,, | કાંતાશ્રીજી ઠા. ૨ (રાધનપુરી-બજાર) |
| ,, | ,, | મંગળશ્રીજી ઠા. ૨ (દાનશાળા) |
| ,, | ,, | વિદ્યુતપ્રભાશ્રીજી ઠા. ૧૦ ,, |
| ,, | ,, | કુમુદશ્રીજી ઠા. ૩ (નીચી ધર્મશાળા) |
| જોધપુર | ,, | મયણરેહાશ્રીજી ઠા. ૨ |
| સુરત | ,, | જીતેન્દ્રશ્રીજી ઠા. ૮ ગોપીપુરા |
| ,, | ,, | સૂર્યપ્રભાશ્રીજી ઠા. ૭ નવાપુરા, કરણરોડ |
| ,, | ,, | જીતેન્દ્રશ્રીજી ઠા. ૪ સગરામપુરા |

## આચાર્યશ્રી વિજયદાનસૂરીશ્વરજી સમુદાય

કલકત્તા–૧ આચાર્યશ્રી ભુવનસૂરીશ્વરજી ઠા. ૬
(૯૬, કેનીંગ સ્ટ્રીટ)
કાનપુર " કનકચંદ્રસૂરીશ્વરજી ઠા. ૬
મીયાગામ " ચિદાનંદસૂરીશ્વરજી ઠા. ૩
અહમદનગર " સુદર્શનસૂરીશ્વરજી ઠા. ૩
બારડોલી " જયંતશેખરસૂરીશ્વરજી ઠા. ૪
પીંડવાડા (રાજ.) " હીરસૂરીશ્વરજી
સુરેન્દ્રનગર " મુક્તિચંદ્રસૂરીશ્વરજી
જલગાંવ(મહારાષ્ટ્ર) " ત્રિલોચનસૂરીશ્વરજી ઠા. ૭
વાંકાનેર " હિમાંશુસૂરીશ્વરજી ઠા. ૨
વીરમગામ " રાજતિલકસૂરીશ્વરજી ઠા.૫
જામનગર " ભુવનભાનુસૂરીશ્વરજી આદિ
વાપી " રવિચંદ્રસૂરીશ્વરજી ઠા. ૪
સાણંદ " માનતુંગસૂરીશ્વરજી ઠા. ૫
ખેડા (રાજ.) પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
પાટણ " હર્ષવિજયજી ગણિવર્ય
નગીનદાસ પૌષધશાળા
નડિયાદ ગણિવર્યશ્રી ગુણાનંદવિજયજી ઠા. ૩
પૂના કેમ્પ " ભદ્રાનંદવિજયજી
વીસનગર " યશોભદ્રવિજયજી ઠા. ૨
નેર (ધુલિયા) " ધનપાલવિજયજી ઠા. ૨
રેવદંડા મુનિરાજશ્રી મતિવિજયજી ઠા. ૨
(જી. કોલાબા)
નોવી (રાજસ્થાન) " પુણ્યોદયવિજયજી ઠા. ૨
લુણાવા " " પ્રદ્યોતનવિજયજી ઠા. ૨
પુના શહેર " જયધ્વજવિજયજી ઠા. ૨
(નાથુભાઈ ધર્મશાળા)
શિવગંજ " જિનપ્રભવિજયજી ઠા. ૪
માંડવી (કચ્છ) " અમરેન્દ્રવિજયજી ઠા. ૩
રાજપર (ડીસા) " કીર્તિકાન્તવિજયજી
નવાડીસા " ચંદ્રશેખરવિજયજી
રાજકોટ " હેમચંદ્રવિજયજી (હજુર પેલેસ)
અમરેલી " યોગીન્દ્રવિજયજી
અગવરી (રાજ.) " જિતેન્દ્રવિજયજી
પાલી " " આનંદઘનવિજયજી
છાણી (વડોદરા) " મનોગુપ્તવિજયજી ઠા. ૨
સીરોહી (રાજ.) " રાજશેખરવિજયજી
તખતગઢ (,,) " ગુણરત્નવિજયજી
નવસારી " કીર્તિસેનવિજયજી ઠા. ૪
નાસીકસીટી " મહાબલવિજયજી ઠા. ૫
સુરત " અમરગુપ્તવિજયજી ઠા. ૫
નેમુભાઈની વાડી
ધુલિયા (મહારાષ્ટ્ર) " ચંદ્રકીર્તિવિજયજી ઠા. ૨
રતલામ " ચરણપ્રભવિજયજી ઠા. ૨
(અગ્રવાલોંકી ધર્મશાળા)
ખંભાત " કુલચંદ્રવિજયજી
જયપુર " નયરત્નવિજયજી ઠા ૨
સુરત " તપોધનવિજયજી ઠા. ૨
છાપરીયા શેરી
કરબટીયા(મહેસાણા) " જયચંદ્રવિજયજી ઠા. ૩

## આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી સમુદાય

લુધીયાના આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી ઠા. ૧૫
(પુરાના બજાર)
ગુડાબાલોતરા " વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી તથા
(રાજ.) આચાર્યશ્રી હીંકારસૂરીશ્વરજી
ઠા. ૫ (વાયા : જવાઈબંધ)
અંબાલા " વિજયપ્રકાશચંદ્રસૂરીશ્વરજી ઠા.૨
ખંભાત (ખેડા) ઉપાધ્યાયશ્રી સુરેન્દ્રવિજયજી ઠા. ૨
બોરસદ (ખેડા) પંન્યાસ શ્રી ચંદનવિજયજી ઠા. ૩
સવાઈમાધોપુર (રાજ.) " ન્યાયવિજયજી
જમ્મુતવી (જમ્મુ–કાશ્મીર) ગણિવર્યશ્રી જનકવિજયજી ઠા. ૨
શિવપુરી (મ.પ્ર.) મુનિરાજશ્રી વલ્લભદત્તવિજયજી ઠા.૨
ડભોડા (ગાંધીનગર) " રામવિજયજી
આહોર (રાજ.) " મુક્તિવિજયજી ઠા. ૨
હસ્તિનાપુર (યુ.પી.) " નન્દનવિજયજી ઠા. ૪
નાડોલ (રાજ.) " હિમ્મતવિજયજી ઠા. ૨
શુમ્બા (તખતગઢ) " ઓંકારવિજયજી
વડોદરા " ચંદ્રોદયવિજયજી (લાલબાગ સોસાયટી)
શિહોર (ભાવનગર) " પદ્મવિજયજી ઠા. ૨

ડભોઇ (વડોદરા) ,, જયન્તવિજયજી ઠા. ૨
બોડેલી ,, ,, અવિચલવિજયજી ઠા. ૨
જોધપુર (રાજ.) ,, મહિમાવિજયજી (આહોર હવેલી કે પાસે)
બોરસદ ,, પૂર્ણભદ્રવિજયજી
સેવાડી (રાજ) ,, હેમચંદ્રવિજયજી ઠા. ૨
વડોદરા પ્રવર્તિની સાધ્વીશ્રી ઓંકારશ્રી ઠા. ૨૧ (ઘડીયાળી પોળ)
દીલ્હી–૬ ,, ,, દમયંતીશ્રીજી ઠા.૯ કીનારીબજાર
નાગોર (રાજ.) ,, પ્રભાશ્રીજી ઠા. ૩ (વોરાવાડી)
કપડવંજ ,, કુસુમશ્રીજી ઠા.૫ (હોળીચકલા)
આકોલા(મહારાષ્ટ્ર),, વિજ્ઞાનશ્રીજી ઠા.૩(સબ્જી મંડી)
સરધના(યુ.પી.મેરઠ) ,, મૃગાવતીશ્રીજી ઠા. ૫
જમ્મુતવી (કાશ્મીર) ,, હેમેન્દ્રશ્રીજી ઠા. ૭ (પેન્ટલ ચોક)
પાટણ (ઊ. ગુ.) ,, પ્રીતિશ્રીજી ઠા. ૮(કોકાનો પાડો)
બીકાનેર ,, વિચારશ્રીજી ઠા. ૬
ભુજ (કચ્છ) ,, ભદ્રાશ્રીજી ઠા. ૧૨
જોધપુર ,, સમ્પતશ્રીજી ઠા. ૭ (લખીરા બજાર)
શીહોર (ભાવનગર),, રાજેન્દ્રશ્રીજી ઠા. ૪
પાટણ (ઊ. ગુ.) ,, ચંદ્રકલાશ્રીજી ઠા. ૨ (ઝવેરીવાડ)
વાલીયા (ભરુચ) ,, હેતશ્રીજી ઠા. ૪
શિરપુર (ધુલિયા) ,, દર્શનશ્રીજી ઠા. ૩
સુમરાસર (કચ્છ) ,, સમતાશ્રીજી ઠા. ૪ જિ. ભુજ
કુચેરા (રાજ.) સાધ્વીશ્રી ભાનુપ્રભાશ્રીજી ઠા. ૨
પોરબંદર ,, રંજનશ્રીજી ઠા. ૩ (પારેખ ચકલા)
મૈસુર ,, મુક્તિશ્રીજી ઠા.૫ (તીર્થંકરરોડ)
હૈદ્રાબાદ (આંધ્ર) ,, પ્રવિણશ્રીજી ઠા. ૫ (બેગમ બજાર)
દહાણુ (થાણા) ,, જસવંતશ્રીજી ઠા. ૪
લુધિયાના (પંજાબ),, દક્ષશ્રીજી (ચાવલ બજાર)
જસવંતપુરા(રાજ.),, પુણ્યશ્રીજી
સિરોહી (,,) ,, માણેકશ્રીજી ઠા. ૩
વડોદરા દહેરાપોળ ,, જયન્તપ્રભાશ્રીજી ઠા. ૪

પાલનપુર ,, જયન્તીશ્રીજી ઠા. ૨
સુરત ,, વિદ્યાશ્રીજી ઠા.૨ નીશાળફળીયા

**આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી સમુદાય**

કોસીલાવ (રાજ.) આચાર્યશ્રી નવીનસૂરીશ્વરજી ઠા. ૩
દાવણગિરિ (કર્ણાટક) ,, ભદ્રંકરસૂરીશ્વરજી ઠા. ૧૫
ઇડર પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિ ઠા. ૨
રાધનપુર ,, સ્થૂલભદ્રવિજયજી ઠા. ૪
તાસગામ (મહારાષ્ટ્ર) મુનિશ્રી નેમવિજયજી
કોઇમ્બતુર ,, જિતેન્દ્રવિજયજી ઠા. ૨
વાપી ,, વિનયવિજયજી ઠા. ૨
હિંમતનગર ,, ગુણાકરવિજયજી ઠા. ૨
તલેગામ–ડભાડા ,, નયભદ્રવિજયજી
બેંગલોર (ચીકપેઠ) ,, અશોકવિજયજી ઠા. ૫
કોળીયાક (ભાવનગર) ,, હરીશ્ચંદ્રવિજયજી
ઇડર સાધ્વીશ્રી સુવ્રતાશ્રીજી ઠા. ૫
રાજપીપળા ,, જીતેન્દ્રશ્રીજી ઠા. ૨
મહેસાણા ,, સૂર્યપ્રભાશ્રીજી ઠા. ૨
કોસીલાવ ,, પદ્મલતાશ્રીજી ઠા. ૨
નવસારી ,, કલ્પલતાશ્રીજી ઠા. ૨૦
સુરત ,, ઉમંગશ્રીજી ઠા. ૨ હુકમ મુનિજી ઉપાશ્રય
,, ,, લલિતાશ્રીજી ખાડીનો ઉપાશ્રય

**પંન્યાસ શ્રી હિતવિજયજી મ૦ સમુદાય**

નાકોડા તીર્થ આચાર્યશ્રી વિજયહીમાચલસૂરીશ્વરજી ઠા. ૩ વાયા–બાલોતરા (રાજ.)
દેસુરી (રાજ.) પ્રવર્તક શ્રી ગુમાનવિજયજી
ડંડાલી (,,) સ્થવિર પદાલંકૃત મુનિશ્રી લક્ષ્મીવિજયજી
મજેરા (,,) પંન્યાસશ્રી રત્નાકરવિજયજી ઠા. ૨
ખોડ (,,) મુનિરાજશ્રી સંપતવિજયજી (વાયા–જવાલી)
પ્રતાપગઢ (મ.પ્ર.) ,, દેવેન્દ્રવિજયજી
સરત (રાજ.) ,, ભલભદ્રવિજયજી
કોસીલાવ (,,) સાધ્વીશ્રી ઝમકુશ્રીજી (વાયા–ફાલના)
શિવગંજ (,,) ,, પ્રસન્નશ્રીજી ઠા. ૧૩
,, ,, વિવેકશ્રીજી ઠા. ૨

ખિવાણદી (,,) ,, પ્રવીણાશ્રીજી ઠા. ૨
સુમેરપુર (,,) , જયન્તશ્રીજી ઠા ૪
તખતગઢ (,,) ,, ભદ્રંકરશ્રીજી ઠા. ૩
અગવરી (,,) ,, દર્શનશ્રીજી ઠા. ૨
આહોર (,,) ,, પુન્યોદયાશ્રીજી ઠા. ૩
ઘાણેરાવ (,,) ,, હેમલતાશ્રીજી ઠા. ૨
,, ,, ભાનુશ્રીજી
,, ,, શાંતિશ્રીજી ઠા. ૨
દેસુરી (રાજ.) સાધ્વીશ્રી રંજનશ્રીજી ઠા. ૨
નાડલાઈ (,,) ,, કનકશ્રીજી ઠા ૩
સાદડી (,) ,, પુન્યશ્રીજી ઠા. ૨ (નિમ્બરા-વાલી પાટી)
નાડોલ (,,) ,, કલ્પલતાશ્રીજી ઠા. ૪
,, (,) ,, મહેતાબશ્રીજી ઠા. ૩ (કાવેડિયોંકાવાસ)
,, (,,) ,, કંચનશ્રીજી નિમ્બરાવાલીપાટી)
મુંડારા (,,) ,, ચંપકશ્રીજી ઠા. ૨
સરત (,,) ,, ગરિમાશ્રીજી ઠા. ૬
જોધપુર (,,) ,, શાંતિશ્રીજી ઠા. ૨
બાલોતરા(,,) ,, ઉદ્યોતશ્રીજી ઠા. ૬
પંચપદરા(,,) ,, બાલચંદ્રાશ્રીજી ઠા. ૪
બિજોવા (,,) ,, અચલશ્રીજી ઠા. ૪
નાકોડા તીર્થ ,, સૂર્યપ્રભાશ્રીજી ઠા. [illegible]

### આચાર્યશ્રી કેસરસૂરીશ્વરજી સમુદાય

સીરોહી (રાજસ્થાન) પંન્યાસશ્રી સ્વયંપ્રભવિજયજીઆદિ
નાગપુર ગણિવર્યશ્રી ભુવનવિજયજી ઠા. ૨
હુંઢર (હિંમતનગર) મુનિરાજશ્રી સુબોધવિજયજી આદિ
મોટાખુંટવડા (મહુવા) ,, ભાસ્કરવિજયજી આદિ
આગ્રા ,, વિનીતપ્રભવિજયજી આદિ
આણંદ ,, દક્ષવિજયજી ઠા. ૨
બોટાદ ,, હંસપ્રભવિજયજી આદિ
રેવદર ,, સિદ્ધિવિજયજી આદિ
ડભોડા ,, આનંદવિજયજી ઠા. ૨
સુરત સાગરનો (ઉપા.) સાધ્વીશ્રી નેમશ્રીજી ઠા. ૧૫
,, ,, તરૂણપ્રભાશ્રીજી ઠા.૪ હરિપુરા

સુરેન્દ્રનગર ,, મણિશ્રીજી ઠા. ૭
બારડોલી ,, સુશીલાશ્રીજી ઠા. ૫
આગ્રા ,, નિર્મલાશ્રીજી ઠા. ૪
નાગપુર ,, પદ્મપ્રભાશ્રીજી ઠા. ૩
મિયાગામ કરજણ ,, પ્રભાશ્રીજી ઠા. ૩
સીરોહી (રાજ.) ,, વસંતશ્રીજી ઠા. ૨
ભરૂચ ,, ચંપકશ્રીજી ઠા. ૨
ભાવનગર ,, રાજેન્દ્રશ્રીજી આદિ
બિલિમોરા ,, દમયંતીશ્રીજી આદિ
નવસારી ,, દિવ્યપ્રભાશ્રીજી આદિ
જામનગર ,, શાન્તિશ્રીજી આદિ

### શ્રી મોહનલાલજી મ. નો સમુદાય

સુરત આચાર્યશ્રી નિપુણપ્રભસૂરીશ્વરજી ઠા.૫ ગોપીપુરા
,, પંન્યાસશ્રી ચિદાનંદમુનિજી ઠા. ૪ સગરામપુરા
કોટા (રાજ.) ઉપાધ્યાય શ્રી સુંદરમુનિજી ઠા. ૪
મહેસાણા મુનિરાજશ્રી પ્રિયદર્શનમુનિજી ઠા. ૨
માનપુરા (રાજ.) સુમતિમુનિજી
ચાંદ્રાઈ સાધ્વીશ્રી હેમલતાશ્રીજી ઠા. ૬
ધરલા ,, કમલશ્રીજી ઠા. ૨
અગવરી ,, વિનયશ્રીજી ઠા. ૩
હરજી ,, શિવપ્રભાશ્રીજી ઠા ૨
તખતગઢ ,, કીર્તિપ્રભાશ્રીજી આદિ
,, ,, ભુવનશ્રીજી આદિ
ઉમેદપુર ,, વિદ્યાશ્રીજી ઠા. ૨
શીવગંજ ,, ધીરપ્રભાશ્રીજી ઠા. ૨
દેસુરી ,, સંજમશ્રીજી ઠા
દાદાઈ ,, જયાશ્રીજી આદિ
સુમેરપુર ,, ચંપાશ્રીજી ઠા. ૩
બાલાપુર ,, કુસુમશ્રીજી આદિ
બાપલા ,, ખાંતિશ્રીજી ઠા. ૩
સુરત ,, સાધ્વીશ્રી લલિતાશ્રીજી, ગોપીપુરા, ખાડીનો ઉપાશ્રય
પેસુઆ ,, ભાગ્યોદયશ્રીજી આદિ
પાલી ,, ગુણપ્રભાશ્રીજી આદિ
માલવાડ ,, જ્ઞાનશ્રીજી આદિ

**આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી સમુદાય**

ખંભાત મુનિરાજશ્રી હંસવિજયજી આદિ (અમરશાળા)
કવરાડા (રાજ.) ,, ભુવનવિજયજી ઠા. ૨
પેરુઆ (,,) ,, પદ્મવિજયજી ઠા. ૫
અરઠવાડા(,,) ,, હરિભદ્રવિજયજી ઠા. ૧
પાલી (,,) ,, પ્રતાપવિજયજ ઠા. ૧
સુમેરપુર (,,) ,, લલિતવિજયજી ઠા. ૧
કેન્પુર (મહારાષ્ટ્ર) ,, પ્રકાશચંદ્રવિજયજી આદિ
કનુંલ (એ પ્ર.) ,, કંચનવિજયજી ઠા. ૧
માસરરોડ (ગુજરાત) ચંદ્રોદયવજિયજી ઠા. ૩
હીંમતનગર સાધ્વીશ્રી કુસુમશ્રીજી ઠા. ૭
બાલી (રાજસ્થાન) ,, દિપકશ્રીજી ઠા. ૧
નવીઆબાદી (સાદડી) ધર્મલતાશ્રીજી ઠા. ૧
જાવાલ (રાજ.) ,, સંજમશ્રીજી ઠા. ૫
નખત્રાણા (કચ્છ) ,, ચારૂલતાશ્રીજી ઠા. ૨
આદરીયાણા (ઊ.ગુ.) ,, મનોહરશ્રીજી ઠા. ૩
સમી (બનાસકાંઠા) ,, કલ્પજ્ઞાશ્રીજી ઠા. ૩
મગરતલાવ (રાજ.) ,, કલ્પલતાશ્રીજી ઠા. ૨
તખતગઢ (,,) ,, કંચનશ્રીજી ઠા. ૩
,, (,,) ,, પ્રસન્નશ્રીજી ઠા. ૩
ખીમેલ (,,) ,, સુશીલાશ્રીજી ઠા. ૬
વડગામ (,,) ,, મહિમાશ્રીજી ઠા. ૩
રાધનપુર ,, કલ્પધરાશ્રીજી ઠા. ૧
પાટડી (વીરમગામ) ,, રાજુલાશ્રીજી ઠા. ૪
નવાડીસા ,, ચંપકશ્રીજી ઠા. ૧
પાદરા (વડોદરા) ,, ચંદ્રાશ્રીજી ઠા. ૩
પાલનપુર ,, નલીનીયશાશ્રીજી ઠા. ૧
કવરાડા (રાજ.) ,, સંજમશ્રીજી ઠા. ૩
સુરત ,, દર્શનશ્રીજી ઠા. ૨ (છાપગરશેરી)
આહોર (રાજ.) , રૈવતશ્રીજી આદિ
જુનાડીસા ,, પ્રભાશ્રીજી ઠા. ૨
પાટણ (ઊ. ગુ.) ,, ચંદ્રપ્રભાશ્રીજી ઠા. ૪
આબુરોડ (રાજ.) ,, નિર્મળાશ્રીજી M. A. ઠા. ૫
બાલી (,) ,, પુષ્પાશ્રીજી ઠા. ૨
ગુંદોજ (,) ,, અંજનાશ્રીજી ઠા. ૩
તખતગઢ (,,) ,, કરણશ્રીજી આદિ
પાટણ (ઊ. ગુ.) ,, વિજયાશ્રીજી આદિ
,, ,, ,, પ્રભાશ્રીજી આદિ
બીકાનેર (રાજ.) ,, ભાસ્વયશાશ્રીજી ઠા. ૩
લુણાવા ,, ,, પદ્મલતાશ્રીજી ઠા. ૧

**પંન્યાસશ્રી ધર્મવિજયજી મ૦ (ડહેલાવાળા)નો સમુદાય**

આકોલા(મહારાષ્ટ્ર)આચાર્યશ્રી વિજયરામસૂરીશ્વરજી ઠા.૭
ધાનેરા (બનાસકાંઠા) ,, રાજેન્દ્રસૂરીશ્વરજી ઠા. ૫
સીરોહી (રાજસ્થાન) મુનિરાજશ્રી રોહિતવિજયજી આદિ
કુવાલા (ઊ. ગુજરાત) સાધ્વીશ્રી કંચનશ્રીજી આદિ
ધાનેરા ( ,, ) ,, ત્રિલોચનાશ્રીજી આદિ
,, ( ,, ) ,, અમૃતલતાશ્રીજી ઠા. ૭
કડી ( ,, ) ,, ધર્મલતાશ્રીજી ઠા. ૨
ધોરાજી (સૌરાષ્ટ્ર) ,, વિમળાશ્રીજી ઠા. ૫૦
બોટાદ ,, પદ્મલતાશ્રીજી ઠા. ૩
ઉદેપુર ,, વિમળાશ્રીજી ઠા. ૪
ચાણસ્મા (ઊ૦ ગુ૦) , રત્નપ્રભાશ્રીજી ઠા. ૧
જાવાલ (રાજ૦) ,, મનોહરશ્રીજી ઠા. ૭
તખતગઢ ( ,, ) ,, કંચનશ્રીજી ઠા. ૭
અમલસાડ (ગુજરાત) ,, અનિલપ્રભાશ્રીજી ઠા. ૨
સાઠંબા ( ,, ) ,, મહિમાશ્રીજી ઠા. ૨
જામનગર ,, સૂર્યપ્રભાશ્રીજી ઠા. ૨
વીરવાડા (રાજ૦) ,, સુશીલાશ્રીજી ઠા. ૨
શિવગંજ ( ,, ) ,, વિચક્ષણાશ્રીજી આદિ
પુરણ ( ,, ) ,, વિવેકપ્રભાશ્રીજી ઠા. ૬
આકોલા (મહારાષ્ટ્ર) ,, સુદર્શનાશ્રીજી ઠા. ૧૩
પાલી (રાજ૦) ,, સોહનશ્રીજી
સાબલા ( ,, ) ,, સૂર્યોદયાશ્રીજી ઠા. ૨
બેડા ( ,, ) ,, ધર્મપ્રભાશ્રીજી આદિ
સિરોહી ( ,, ) ,, કનકપ્રભાશ્રીજી આદિ
કલકત્તા–૨૦ ,, સુલોચનાશ્રીજી ઠા. ૩

**આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સમુદાય**

મહુડી (ગુજરાત) આચાર્યશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી, આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી ઠા. ૭
ઔરંગાબાદ પંન્યાસશ્રી સુભદ્રસાગરજી ઠા. ૩

ખંભાત મુનિરાજશ્રી ક્ષમાસાગરજી ઠા. ૨
વિજાપુર ,, સુરેન્દ્રસાગરજી ઠા. ૧
રાજકોટ ,, અમરેન્દ્રસાગરજી ઠા. ૧
મહુડી સાધ્વીશ્રી મનોહરશ્રીજી ઠા. ૧૦
વિજાપુર ,, પ્રમોદશ્રીજી ઠા. ૪
,, ,, ચંપકશ્રીજી ઠા. ૩
મહેસાણા ,, રતિશ્રીજી ઠા. ૨
વલસાડ ,, વિદ્યાશ્રીજી ઠા. ૭
માણસા ,, લાવણ્યશ્રીજી ઠા. ૩
,, ,, સૌભાગ્યશ્રીજી ઠા. ૩
મહુડી ,, સુલસાશ્રીજી ઠા. ૨
વટવા ,, વિબોધશ્રીજી ઠા. ૨ (અમદાવાદ)
પ્રાંતિજ ,, કુસુમશ્રીજી ઠા. ૮
વેરાવળ ,, વિનયેન્દ્રશ્રીજી ઠા. ૬
આગર (એમ.પી.) ,, મંજુલાશ્રીજી ઠા. ૪
શંખપુર ,, સૂર્યપ્રભાશ્રીજી ઠા. ૪
ઊંઝા ,, રાજેન્દ્રશ્રીજી ઠા. ૪
બોટાણા ,, કીર્તિપ્રભાશ્રીજી ઠા. ૪
રાજકોટ ,, સ્નેહલતાશ્રીજી ઠા. ૩
આગલોડ ,, રાજુલાશ્રીજી ઠા. ૧
ટીંટોઈ ,, પ્રિયધર્માશ્રીજી ઠા. ૨

## આચાર્યશ્રી ભક્તિસૂરીશ્વરજી સમુદાય

પુના ૨ આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી, આચાર્યશ્રી સુબોધસૂરીશ્વરજી ઠા. ૧૧ (૧૧૧, ગુરૂવારપેઠ)
ધ્રાંગધ્રા આચાર્યશ્રી વિનયચંદ્રસૂરીશ્વરજી ઠા. ૬
તળાજા ,, રૂચકચંદ્રસૂરીશ્વરજી ઠા. ૩
ખીમત ,, પ્રસન્નચંદ્રસૂરીશ્વરજી ઠા. ૨
રાજકોટ મુનિરાજશ્રી લબ્ધિવિજયજીગણિ ઠા. ૩ (પ્રહલાદ પ્લોટ)
જેસર ,, દર્શનવિજયજી ઠા. ૨
કલોલ ,, સુભદ્રવિજયજી ઠા. ૨
મદ્રાસ ,, પદ્મવિજયજી ઠા. ૫
શંખેશ્વર ,, માણેકવિજયજી આદિ
દહેગામ ,, મુક્તિવિજયજી આદિ
વેજલપુર (ભરૂચ) પૂન્યવિજયજી ઠા. ૨
નીઝામાબાદ ,, પ્રીતિવિજયજી આદિ
ખંભાત ,, ચંદ્રપ્રભવિજયજી આદિ
જુનાડીસા ,, ચંદ્રશેખરવિજયજી આદિ
ખંભાત સાધ્વીશ્રી કાન્તિશ્રીજી ઠા. ૨
પુના-૨ ,, ધર્મશ્રીજી ઠા. ૧૬ (ગુરૂવાર પેઠ)
પાલનપુર ,, ચંદ્રપ્રભાશ્રીજી ઠા. ૩
થરા ,, ત્રીલોચનાશ્રીજી ઠા. ૪
મહેસાણા ,, મેઘશ્રીજી ઠા. ૯ (જૈન વાડી)
ધ્રાંગધ્રા ,, હેમશ્રીજી ઠા. ૧૦
જેસર ,, વીરપ્રભાશ્રીજી ઠા. ૫
બોટાદ ,, સત્યાનંદશ્રીજી ઠા. ૪
રાજકોટ ,, હર્ષલતાશ્રીજી ઠા. ૫
જેતપુર ,, હર્ષપ્રભાશ્રીજી ઠા. ૩
વીરમગામ ,, તેજપ્રભાશ્રીજી ઠા. ૨
કાલંદ્રિ ,, સુશિલાશ્રીજી આદિ
ધીણોજ ,, નંદનશ્રીજી આદિ
જુનાગઢ ,, સુવ્રતાશ્રીજી

## અમદાવાદમાં જુદાજુદા સમુદાયના સાધુ-સાધ્વીઓ

પંન્યાસશ્રી દર્શનવિજયજી ગણી લુહારસાવાડો, મોટીપોળ
મુનિશ્રી પદ્મસેનવિજયજી પાછીયાની પોળ
,, અમૃતવિજયજી શામળાની પોળ
,, ચંદ્રોદયવિજયજી એલીસબ્રીજ, જૈન સોસાયટી
,, તેજપ્રભવિજયજી દોશીવાડાની પોળ ડહેલાનોઉ
,, ચરણપ્રભવિજયજી પાડાપોળ, કાળુપુર
સાધ્વીશ્રી રાજુલાશ્રીજી માંડવીની પોળ સુરદાસશેઠની પોળ

# આગામી અંક :

આવતા તા. ૨૭-૮-૭૫ ને શનિવારના 'જૈન'નો અંક બંધ રહેશે. અને તે પછીના શનિવારે પર્વાધિરાજ પર્યુષણને 'ક્ષમા' વિશેષાંક પ્રગટ કરવામાં આવશે, જેની વાચકવર્ગોને નોંધ લેવા વિનંતી છે.

આ અંકમાં ચાતુર્માસની અ.પેક્ષ યાદી સિવાય જે યાદી બાકી રહી છે તે આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

### શ્રી બુદ્ધિ-તિલક-શાંતિચંદ્રસૂરિજી સમુદાય

ભાભર (બનાસકાંઠા) આચાર્યશ્રી કનકપ્રભસૂરિજી ઠા. ૩
રૈયા ( ,, ) , સોમચંદ્રસૂરીશ્વરજી ઠા. ૫
સોલાપુર ,, રત્નશેખરસૂરીશ્વરજી આદિ
મીયાગામકરજણ પંન્યાસ શ્રી રાજેન્દ્રવિજયજી ગણિ ૨
બેલગામ (કર્ણાટક) ,, ભદ્રાનંદવિજયજી ગણીવર્ય ઠા. ૨
રાધનપુર મુનિશ્રી સુભદ્રવિજયજી આદિ
ભીલડીયાજી સાધ્વીશ્રી સુશીલાશ્રીજી ઠા. ૨
નવાડીસા ,, સોહનશ્રીજી ઠા. ૧૪
મંડાર ,, સૂર્યપ્રભાશ્રીજી ઠા. ૭
ભાભર(બનાસકાંઠા) ,, સુલોચનાશ્રીજી ઠા. ૭
ટાકરવાડા ( ,, ) ,, સૂર્યયશાશ્રીજી ઠા. ૬
મહેસાણા ,, મૃગાવતીશ્રીજી ઠા. ૯
રૈયા ,, સુવર્ણપ્રભાશ્રીજી ઠા. ૧૩
પાટણ ,, સદ્‌ગુણાશ્રીજી ઠા. ૨

### આચાર્યશ્રી મોહનસૂરીશ્વરજી મ૦ સમુદાય

ખેરાળુ પંન્યાસશ્રી માણેકવિજયજી આદિ
સંદેર મુનિશ્રી કંચનવિજયજી આદિ
ડુમરા (કચ્છ) ,, માણેકવિજયજી આદિ
શિખરજી ,, સુબોધવિજયજી આદિ (મધુવન-કોઠી)
કોઠ (ગાંગડ) , ક્ષમાનંદવિજયજી આદિ
સુરત ,, સદ્‌ગુણાનંદવિજયજી આદિ વડાચૌટા
વાસદ સાધ્વીશ્રી સુમંગલાશ્રીજી આદિ
વડોદરા , અંજનાશ્રીજી આદિ
સુરત , દમયંતીશ્રીજી ઠા. ૪ વડાચૌટા
શીહોર , નરેન્દ્રશ્રીજી આદિ
ધ્રાંગધ્રા , કવીન્દ્રશ્રીજી આદિ
બોરડી સાધ્વીશ્રી મહેન્દ્રશ્રીજી આદિ
પૂના ,, મંજુલાશ્રીજી ,,
જામનગર ,, હસમુખશ્રીજી ,,
ખંભાત ,, મંજુલાશ્રીજી ,,
ડભોઈ ,, રાજેન્દ્રશ્રીજી ,,
,, ,, કૈલાસશ્રીજી ,,
નવસારી ,, હર્ષપ્રભાશ્રીજી ,,
વસઈ ,, સ્વયંપ્રભાશ્રીજી ,,
હૈદ્રાબાદ ,, સુલક્ષણાશ્રીજી ,,

નખત્રાણા(કચ્છ) સાધ્વીશ્રી હીરણોદયાશ્રીજી આદિ
ધ્રાંગધ્રા ,, પદ્મયશાશ્રીજી ,,
ચંડીસર ,, સુજ્ઞાનશ્રીજી ,,
પછેગામ ,, ગંભીરશ્રીજી ,,
રાજકોટ ,, પદ્મરેખાશ્રીજી ,,

### શ્રી પાર્શ્વચંદ્રગચ્છીય સમુદાય

નાગોર (રાજ૦) મુનિરાજશ્રી વિનોદચંદ્રજી ઠા. ૨
માંડલ ,, રામચંદ્રજી આદિ
મોટીખાખર ,, મુક્તિચંદ્રજી ઠા. ૨
નાનીખાખર ,, ભુવનચંદ્રજી ઠા. ૨
નાનાભાડીયા સાધ્વીશ્રી વિવેકશ્રીજી ઠા. ૪
ખંભાત ,, પ્રીતિશ્રીજી ઠા. ૩
ઢુન્ડા ,, વિનોદશ્રીજી ઠા. ૩
ઉનાવા ,, મહોદયાશ્રીજી ઠા. ૪
રાંચી ,, પુણ્યોદયશ્રીજી ઠા. ૪
બીકાનેર ,, પ્રમાણશ્રીજી આદિ
કોડાય (કચ્છ) ,, જંબુશ્રીજી ઠા. ૬
બીદડા (,,) ,, કીર્તિશ્રીજી આદિ
દેશલપુર (,,) ,, સુધાકરશ્રીજી ઠા. ૨
માંડલ ,, ચંપકશ્રીજી ઠા. ૬
વિરમગામ ,, પંકજશ્રીજી ઠા. ૫
બીદડા ,, ચંદ્રોદયશ્રીજી આદિ

### ખરતરગચ્છીય શ્રી સુખસાગરજી મ૦ સમુદાય

સુરત-૨ ગણાધીશ્વર શ્રી હેમેન્દ્રસાગરજી, ગોપીપુરા
જયપુર(ફડીસા) આર્યપુત્રશ્રી ઉદયસાગરજી ઠા. ૪
મોકલસર(રાજ૦) મુનિરાજશ્રી તીર્થસાગરજી ઠા. ૨
બાડમેર ( ,, ) ,, વિમલસાગરજી ઠા. ૨
મહીદપુર(મ.પ્ર.) ,, મુક્તિમુનીજી ઠા. ૨
જોધપુર ,, શ્યામાનંદમુનીજી ઠા. ૨
માંડવી(કચ્છ) ,, મેઘમુનીજી આદિ
ફલોધી પ્રવર્તિની સાધ્વીશ્રી પ્રમોદશ્રીજી ઠા. ૫
જોધપુર ,, રાજેન્દ્રશ્રીજી ઠા. ૩
અમલનેર ,, જીનશ્રીજી ઠા. ૯
તલોદા(ખાનદેશ) ,, વિદ્યાનશ્રીજી ઠા. ૪
મહાસમુંદ(મ.પ્ર.) ,, મનોહરશ્રીજી ઠા. ૮
બાલાઘાટ ( ,, ) ,, ચરણપ્રભાશ્રીજી ઠા. ૩

જગદલપુર સાધ્વીશ્રી કીર્તિપ્રભાશ્રી ઠા. ૩
પાલી (રાજ.) અનુભવશ્રીજી ઠા. ૬
બ્યાવર ,, શુભશ્રીજી ઠા. ૩
સુરત ,, વિકાસશ્રીજી ઠા. ૨
એટાવદ (પ. ખાનદેશ) સુલોચનાશ્રીજી ઠા. ૨
પાલી (રાજ.) હસ્તીશ્રીજી ઠા. ૪
ખડગપુર (બીહાર) ચંદ્રશ્રીજી ઠા. ૩
જોધપુર ,, રતિશ્રીજી ઠા. ૨
રતલામ ,, લબ્ધિશ્રીજી આદિ
જયપુર પ્રવર્તિની સાધ્વીશ્રી વિચક્ષણશ્રીજી ઠા. ૧૮
અંજાર (કચ્છ) નિપુણાશ્રીજી ઠા. ૨
ભુજ ,, તિલકશ્રીજી ઠા. ૪
સાચોર (રાજ.) મનોહરશ્રીજી ઠા. ૬
નાગોર ,, ચંચલશ્રીજી ઠા. ૪
વડોદરા ,, પવિત્રશ્રીજી ઠા. ૪
બીકાનેર ,, સુરેન્દ્રશ્રીજી ઠા. ૫
ખાપર (રાજ.) દિવ્યપ્રભાશ્રીજી ઠા. ૩
સીવાણા ,, ચંપાશ્રીજી ઠા. ૬
ફલોદી ,, ધર્મશ્રીજી ઠા. ૫
મહીદપુર (મ. પ્ર.) વર્ધમાનશ્રીજી ઠા. ૨
સરદારપુરા (જોધપુર) રાજશ્રીજી ઠા. ૨
ખરીયારરોડ (ઉડીસા) રંભાશ્રીજી ઠા. ૨
દાઢી (મ. પ્ર.) સુવ્રતશ્રીજી ઠા. ૨
નારાયણગઢ ,, વિકાસશ્રીજી આદિ
ટોંક (રાજ.) અવિચલશ્રીજી ઠા. ૩
અજમેર પ્રિયદર્શનાશ્રીજી ઠા. ૩
જોધપુર વિચક્ષણશ્રીજી ઠા. ૫
બીકાનેર ક શ્રીજી ઠા. ૪

અચળગચ્છીય સમુદાય

બીદડા(કચ્છ) આચાર્યશ્રી ગુણસાગરસૂરીશ્વરજી ઠા. ૭
નવાવાસ ,, મુનિરાજશ્રી કીર્તિસાગરજી ઠા. ૪
માંડવી ,, ,, વિદ્યાસાગરજી, જૈન આશ્રમ
જામનગર ,, લબ્ધિસાગરજી ઠા. ૨
કોટડા(,,) સાધ્વીશ્રી પદ્મશ્રીજી ઠા. ૪
બીદડા (,,) ,, આણંદશ્રીજી આદિ
માંડવી ,, શીતલશ્રીજી ઠા. ૪
માંડવી ,, રીદ્ધિશ્રીજી આદિ, જૈન આશ્રમ
ગોધરા ,, ગિરિવરશ્રીજી ઠા. ૩
માંડવી ,, હંસશ્રીજી ઠા. ૨ જૈન આશ્રમ
બાડા ,, અશોકશ્રીજી આદિ
કોઠારા ,, મુક્તાશ્રીજી ઠા. ૨
વરાડીઆ ,, ઈન્દ્રશ્રીજી આદિ
માંડવી ,, જયંતાશ્રીજી જૈન આશ્રમ
તેરા ,, નરેન્દ્રશ્રીજી ઠા. ૪
માંડલ(ગુ૦) ,, કાન્તિશ્રીજી ઠા. ૪
ચીઆસર ,, સૂર્યયશાશ્રીજી ઠા. ૩
ભીનમાલ(રાજ.) ,, પ્રિયંવદાશ્રીજી ઠા. ૩
નાંગલપુર(કચ્છ) ,, નિરંજનાશ્રીજી ઠા. ૩
ભુજપુર (,,) ,, ધીરભદ્રાશ્રીજી ઠા. ૪
દેવપુર (,,) ,, ગુણોદયશ્રીજી ઠા. ૭
ભુજ (,,) ,, હીરપ્રભાશ્રી ઠા. ૩
મોટાઆસંબીઆ ,, ચારુલતાશ્રીજી ઠા. ૩
વાંઢ ,, વસંતપ્રભાશ્રીજી ઠા. ૩
માલવાડા(રાજ૦) ,, કનકપ્રભાશ્રીજી આદિ
ગઢશીશા ,, વિશ્વોદયશ્રીજી ઠા. ૨
મેરાઉ ,, કલ્પલતાશ્રીજી ઠા. ૨
વરાડીયા ,, મનોરમાશ્રીજી આદિ
જામનગર ,, મહોદયશ્રીજી ઠા. ૩
લાયજા ,, જયરેખાશ્રીજી ઠા. ૩
ગાંધીધામ(,,) ,, જ્યોતિષ્પ્રભાશ્રીજી ઠા. ૨
સાભરાઈ (,,) ,, જ્યોતિકળાશ્રીજી ઠા. ૨
જખૌ (,,) ,, વિચક્ષણાશ્રીજી ઠા. ૩
રાયણ (,,) ,, અભયલક્ષણાશ્રીજી ઠા. ૨
વાડાપધર (,,) ,, નિર્મલાશ્રીજી ઠા. ૨
નલીયા (,,) ,, નિર્મલપ્રભાશ્રીજી ઠા. ૨
નાનાઆસંબીયા ,, ,, ભાવપૂર્ણાશ્રીજી ઠા. ૩
શેરડી (,,) ,, દિવ્યપ્રજ્ઞાશ્રીજી ઠા. ૨
ડોણ (,,) ,, મહાપ્રજ્ઞાશ્રીજી ઠા. ૨
કાંડાકરા(,,) ,, શીલગુણાશ્રીજી ઠા. ૨
ફરાદી (,,) ,, તર ગુણાશ્રીજી ઠા. ૩
રામાણીઆ (,,) ,, કેશરશ્રીજી ઠા. ૫
ગોધરા (,,) ,, ચારિત્રશ્રીજી આદિ

સુથરી (,,) ,, ચંદનશ્રીજી ઠા. ૩
બાડા (,,) ,, રત્નપ્રભાશ્રીજી ઠા. ૨
ભુજ (,, સાધ્વીશ્રી હેમપ્રભાશ્રીજી આદિ
તલવાણા (,,) ,, ગુણશ્રીજી ઠા. ૧
હાલાપર (,,) ,, રામશ્રીજી ઠા. ૨
ગઢશીશા (,,) ,, તારાશ્રીજી ઠા. ૨

**આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી સમુદાય**

ભાવનગર ગચ્છાધિપતિ આચાર્યશ્રી હેમસાગરસૂરીશ્વરજી ઠા. ૭ નૂતન ઉપાશ્રય
કપડવંજ આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી ઠા. ૬
ચાણસ્મા ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી, પંન્યાસશ્રી અભયસાગરજી ઠા. ૬
ખીવાણદી ઉ. શ્રી દર્શનસાગરજી ઠા. ૬
કપડવંજ પંન્યાસશ્રી ચિદાનંદસાગરજી ઠા. ૩
સુરત ,, સૂર્યોદયસાગરજી ઠા. ૪ વડાચૌટ
વેજલપુર ,, સૌભાગ્યસાગરજી ઠા. ૨
ભાવનગર પ્ર. મુનિશ્રી મુનીન્દ્રસાગરજી તથા પંન્યાસશ્રી નરેન્દ્રસાગરજી, (દાદાસાહેબ)
ઈન્દોર પંન્યાસશ્રી રૈવતસાગરજી (પીપલી બજાર) ઠા. ૨
સુરત ,, સુશીલસાગરજી ઠા. ૨ (કરવારોડ)
વલસાડ ,, વિમળસાગરજી ઠા. ૨
સુરેન્દ્રનગર ,, દોલતસાગરજી ઠા ૬
લુણાવાડા ,, લાભસાગરજી ઠા. ૫
બીલીમોરા ,, મુનિરાજશ્રી ગુણસાગરજી ઠા. ૨
માલવ ,, સંયમસાગરજી આદિ
સુરત ,, અમરેન્દ્રસાગરજી ઠા. ૨ (અમરીબહેન ઉપાશ્રય)
વાવ ,, જીતેન્દ્રસાગરજી ઠા. ૩
રાણી (રાજ૦) રૂપસાગરજી ઠા. ૨
શંખેશ્વર ,, અભ્યુદયસાગરજી ઠા. ૨
ઓધાન ,, નિત્યવર્ધનસાગરજી આદિ
મહુવા ,, ન્યાયવર્ધનસાગરજી ઠા. ૨
રતલામ ,, અશોકસાગરજી ઠા. ૬ (ગુજરાતી ઉ)
ઉદેપુર ,, નિરૂપમસાગરજી ઠા. ૨
બીલીમોરા ,, સાધ્વીશ્રી મૃગેન્દ્રશ્રીજી ઠા. ૧૧
તળાજા ,, પ્રમોદશ્રીજી ઠા ૧૫
ખીવાણદી ,, નિપુણાશ્રીજી ઠા. ૮
રતલામ ,, સાધ્વીશ્રી ફલ્ગુશ્રીજી ઠા. ૧૨
બાજીપુરા ,, પ્રવીણશ્રીજી ઠા. ૧૦
ચાણસ્મા ,, સદગુણશ્રીજી ઠા. ૭
સુરત ,, રાજેન્દ્રશ્રીજી ઠા. ૯ (માળિ ફળીયા)
જામનગર ,, કનકપ્રભાશ્રીજી ઠા. ૮ (મોટા ઉપાશ્રય)
ઈન્દોર ,, ઇન્દુશ્રીજી ઠા. ૧૧ (પીપલી બજાર)
બાલાપુર (વિદર્ભ) સુયશાશ્રીજી ઠા. ૯
સુરેન્દ્રનગર સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી ઠા. ૮
પ્રતાપગઢ ,, હિરણ્યશ્રીજી ઠા. ૫
બોટાદ ,, જીતેન્દ્રશ્રીજી ઠા. ૭
ભાવનગર ,, પ્રશમશ્રીજી ઠા. ૪
સુરેન્દ્રનગર ,, રત્નત્રયાશ્રીજી ઠા. ૮
સુદામડા ,, સુશીમાશ્રીજી ઠા. ૪
રાજગઢ (મ.પ્ર.) ,, કુસુમશ્રીજી ઠા. ૫
સાંવેર ,, ધૈર્યતાશ્રીજી ઠા. ૩ (જી. ઈન્દોર)
મહિદપુર (,,) ,, કમલપ્રભાશ્રીજી ઠા. ૪
ઉજ્જૈન (,,) ,, હેમપ્રભાશ્રીજી ઠા. ૫ (ખારાકુવા)
દેપાલપુર ,, સુદક્ષાશ્રીજી ઠા. ૪
બદનાવર ,, વિનયપ્રભાશ્રીજી ઠા. ૩
ભાવનગર ,, વિપુલયશાશ્રીજી ઠા. ૫ (મોટા ફળીયા)
સુરત ,, શમગુણાશ્રીજી ઠા. ૪ (લીમડાનો ઉ.)
,, અમીતાશ્રીજી ઠા. ૪ (,,)
વીસનગર ,, સુગુણાશ્રીજી ઠા. ૩
દાહોદ ,, વિનયધર્માશ્રીજી ઠા. ૩
લુણાવાડા (પંચમહાલ) શશીપ્રભાશ્રીજી ઠા. ૬
મહેસાણા ,, મણીપ્રભાશ્રીજી ઠા. ૨
સુરત ,, ઋજુપ્રજ્ઞાશ્રીજી (લીમડાનો ઉપા૦) ઠા. ૪
બુહારી ,, નિરંજનાશ્રીજી ઠા. ૩
કપડવંજ ,, વિચક્ષણાશ્રીજી ઠા. ૧૪
સુરત ,, પ્રભંજનાશ્રીજી ઠા. ૬ (વડા ચૌટા)
લુણાવાડા ,, મહેન્દ્રશ્રીજી ઠા. ૨
સુરત ,, સંવેગીશ્રીજી ઠા. ૩ (ધનાજી ટ્રસ્ટ ઉ.)
ઘેટી (પાલીતાણા) ,, સુબોધશ્રીજી ઠા. ૩
ભાવનગર ,, અંજનાશ્રીજી ઠા. ૯ (દાદાસાહેબ ઉ૦)
રાણપુર ,, સુમતીશ્રીજી ઠા. ૨
ભાવનગર , ચેલ્લણાશ્રીજી ઠા. ૨ (ગાંધા ડહેલો

બાકી રહેલા જુદા જુદા ગામો–સમુદાયોની યાદી

**આચાર્યશ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ૦ સમુદાય**

બીજાપુર આચાર્યશ્રી વિબુધપ્રભસૂરીશ્વરજી ઠા. ૫
પત્રી(કચ્છ) મુનિરાજશ્રી જંબૂવિજયજી ઠા.૪ (તા. મુદ્રા)
સુરત સાધ્વીશ્રી કંચનશ્રીજી ઠા. ૭ ચાંદલાગલી બંગલો
,, ,, નૂતનપ્રભાશ્રીજી ઠા. ૫ સાગરગચ્છનો ઉપાશ્રય
બેડા(રાજ૦) વાગડવાળા આચાર્ય શ્રી કલા પૂર્ણસૂરિ આદિ
સુરત વિમળગચ્છના સાધ્વીશ્રી પ્રિયંકરાશ્રીજી ઠા.૫ છા.શેરી
,, સાધ્વીશ્રી લલિતાશ્રીજી ઠા. ૨ દેસાઈ પોળ ઉપા૦
ભાવનગર આ૦શ્રી નેમિસૂરીશ્વરજી મ૦ના સાધ્વીશ્રી
મંગળાશ્રીજી ઠા. ૨ દાદાસાહેબ ઉપાશ્રય
ઘોઘા (ભાવ૦) મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી આદિ

## વિશ્વમૈત્રી દિન

શ્રી ભારત જૈન મહામંડલ દ્વારા દર વર્ષે પર્યુષણ તેમજ દશલક્ષણ પર્વને અનુલક્ષીને વિશ્વમૈત્રી દિનનું આયોજન કરવા સાથે સકલ સંઘને તે પ્રમાણે મનાવવા અપીલ કરવામાં આવે છે.

આ વર્ષે તા. ૨૧–૯–૭૫ ને રવિવારના રોજ વિશ્વમૈત્રી દિનનું આયોજન કરવા જણાવવામાં આવ્યું છે. તમજ આ વખતે ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણક મહોત્સવનું વર્ષ હોય દરેક સમ્પ્રદાયો સાથે મળી સાર્વજનિક કાર્યક્રમો, પ્રભાતફેરી. સભા, સાંસ્કૃતિક કાર્યક્રમો, જૈન સાહિત્ય પ્રચાર આદિ વિવિધ કાર્યો સામુહિક રીતે યોજવા અપીલ કરવામાં આવી છે. આ અવસરે મંડળે પોતાના પ્રકાશનો ખાસ ઓછા દરે આપવાનો નિર્ણય કરેલ છે.


पधारियें । अवश्य पधारियें ।

## दादा मेला

चतुर्थ दादा गुरुदेव श्री जिनचन्द्रसूरिजी महाराज के स्वर्ग स्थल बिलाडा नगर में सदैव की भाँति इस वर्ष भी आसोज वदी २ सोमवार, दि. २२ सितम्बर १९७५ को स्वर्ग जयन्ती मनाने का आयोजन किया जा रहा है।

सर्व धर्मप्रेमी बन्धुओं से दादामेला पर पधारने की विनम्र प्रार्थना है।

विनीत:
श्री जिनचन्द्रसूरि दादावाडी प्रबन्ध समिति
पो. बिलाड़ा, जिला–जोधपुर (राजस्थान)
(अन्तर्गत श्री जिनदत्तसूरि सेवा संघ–कलकत्ता)



**અવશ્ય વાંચો "જૈન" સાપ્તાહિક**





દરાજ, ખસ, ખરજવા, પગની ચીરાડ વિ. ઉપર અસરકારક.
કપડાંને ડાઘ પડતા નથી
જમ્સંકટર
• નવું ઉત્પાદન: જમ્સંકટર સ્ટ્રોંગ •



પર્યુષણ પર્વ પ્રસંગે
પ્રગટ થનારા
અમારા
'ક્ષમા'
વિશેષાંકમાં
આપની જાહેરાત મોકલાવો
જૈન ઓફિસ, વડવા ભાવનગર



ક્ષમાપના કાર્ડ માટે
ચંદ્રકાન્ત મનસુખલાલ શાહ
વિષ્ણુ હાઈસ્કૂલ સામે, વોરા બજાર,
ભાવનગર

# અમદાવાદમાં બીરાજમાન પૂ. સાધુ–સાધ્વીજી મહારાજોની યાદી

**સાધુ : ૧૬૦, સાધ્વી : ૩૨૨**

**આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી સમુદાય**

આચાર્યશ્રી નન્દનસૂરીશ્વરજી, આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી ઠા. ૧૨ પાંજરાપોળ જૈન ઉપાશ્રય, અમદાવાદ–૧.
આ. શ્રી કસ્તુરસૂરીશ્વરજી, આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી ઠા. ૧૩, સાબરમતી રામનગર, અમદાવાદ ૫
આચાર્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજી ઠા. ૫ અટીરાસોસાયટી, પાલડી, અ. ૭
આ. શ્રી પ્રીયંકરસૂરીશ્વરજી ઠા. ૩ ઉસ્માનપુરા, આશ્રમરોડ, અમદાવાદ–૧૩
આ. શ્રી મહિમાપ્રભસૂરીશ્વરજી ઠા. ૨ શાંતિવનજ્ઞાનમંદિર
પંન્યાસશ્રી અશોકચંદ્રવિજય ગણિ ઠા. ૩
નગજીભુધરની પોળ, માંડવી પોળ, અમદાવાદ–૧.
મુનિશ્રી શ્રેયાંસચંદ્રવિજય ઠા. ૨ સરસપુર, વાસણશેરી
,, રૂપચંદ્રવિજય ઠા. ૨ શાહપુર, મંગળપારેખનોખાંચો
સાધ્વીશ્રી જયાશ્રીજી ઠા. ૫ લાલભાઈની પોળ
,, કંચનશ્રીજી ગુસા પારેખની પોળ
,, હેતપ્રભાશ્રીજી ઠા. ૪ કાકાબળીયાની પોળ
,, પુન્યપ્રભાશ્રીજી ઠા. ૪ ચાર રસ્તા, ખાડીયા
,, સ્વયંપ્રભાશ્રીજી ઠા. ૭ એલીસબ્રીજ
,, હસ્તીશ્રીજી ઠા. ૨ શામળાની પોળ
,, રાજેમતીશ્રીજી ઠા. ૪ ,,
,, ચારિત્રશ્રીજી, સરસ્વતીશ્રીજી ઠા. ૧૨ સાબરમતી
,, મનોરમાશ્રીજી ઠા. ૩ પાડાપોળ
,, કુમુદશ્રીજી ઠા. ૨ કાકાબળીયાની પોળ
,, પુષ્પાશ્રીજી ઠા. ૯ સાબરમતી
,, તીર્થોદયાશ્રીજી હરકીશન શેઠની પોળ

**આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સમુદાય**

આચાર્યશ્રી જયંતસૂરીશ્વરજી, આ. શ્રી વિક્રમસૂરીશ્વરજી, મુનિશ્રી રાજયશવિજયજી ઠા. ૧૫ શાંતીનગર અ. ૧૩
સાધ્વીશ્રી સર્વોદયાશ્રીજી ઠા. ૨૫ શાંતીનગર અ. ૧૩
,, જયાશ્રીજી ઠા. ૧૦ ,,
,, હંસાશ્રીજી ઠા. ૧૦ ,,
,, જિનેન્દ્રશ્રીજી ઠા. ૨ ,,
,, મહેન્દ્રશ્રીજી ઠા. ૨ ,,
,, તરૂણશ્રીજી ,,

**આચાર્યશ્રી નીતિસૂરીશ્વરજી મ૦ સમુદાય**

આચાર્યશ્રી ભાનુચંદ્રસૂરિજી, પંન્યાસશ્રી સુબોધવિજયજી ઠા. ૮ ભઠ્ઠીનીબારી, વીરનો ઉપા.
મુનિશ્રી નિપુણવિજયજી ઠા. ૫ લવારની પોળ
,, ચંદ્રવિજયજી ઠા. ૩ શામળાની પોળ
,, તેજપ્રભવિજયજી ઠા. ૨ દોશીવાડાની પોળ ડહેલાનો ઉપા.
સાધ્વીશ્રી મહિમાશ્રીજી ઠા. ૧૩ સુરદાસશેઠની પોળ, માંડવીની પોળ
,, મણિશ્રીજી ઠા. ૪ કેમ્પ સદર બજાર
,, અશોકશ્રીજી ઠા. ૨૨ પતાસાપોળ
,, ચંપકશ્રીજી ઠા. ૨ ઝવેરીવાડ, પાટીયાનો ઉ૦
,, કનકપ્રભાશ્રીજી ઠા.૨ જૈનસોસાયટી,એલીસબ્રીજ

**આચાર્યશ્રી મોહનસૂરીશ્વરજી મ૦ સમુદાય**

સાધ્વીશ્રી કુસુમશ્રીજી
,, વિમલાશ્રીજી
,, ધર્મપ્રભાશ્રીજી
,, દિવ્યશાશ્રીજી સાબરમતી

**આચાર્યશ્રી કેસરસૂરીશ્વરજી મ૦ સમુદાય**

સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી ઠા. ૫ નવરંગપુરા, જ્ઞાનમંદિર
,, વલ્લભશ્રીજી ઠા. ૪ વિક્રમનગર

**પંન્યાસ શ્રી ધર્મવિજયજી (ડહેલાવાળા) સમુદાય**

પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ઠા. ૩ ઉજમફઈની ધર્મશાળા
મુનિશ્રી નેમવિજયજી ઠા. ૪ ડહેલાનો ઉપાશ્રય
સાધ્વીશ્રી રંજનશ્રીજી ઠા. ૭ ધનાસુથારની પોળ
,, વિમળશ્રીજી ઠા. ૪ દોશીવાડાની પોળ, વખતચંદજી ખડકી
,, પુષ્પાશ્રીજી ઠા. ૫ હાજાપટેલની પોળ
,, મંગળશ્રીજી ઠા. ૩ જુનો મહાજનવાડો, કટકીયાવાડ.
,, પ્રીતીશ્રીજી ઠા. ૨ હાજાપટેલની પોળ

,, ચારિત્રપૂર્ણાશ્રીજી ઠા. ૩ શાહપુર, રેવાદાસની પોળ
,, જયંતશ્રીજી ઠા. ૧૨ જૈન સોસાયટી એલીસબ્રીજ
,, વસંતશ્રીજી ઠા. ૪ શેખનો પાડો, રીલીફરોડ.
,, વિનયપ્રભાશ્રીજી ઠા. ૩ ઉસ્માનપુરા, આશ્રમરોડ
,, ચંદ્રોદયાશ્રીજી ઠા. ૩ સાબરમતી, રામનગર.
,, રત્નપ્રભાશ્રીજી ઠા. ૨ ,, મણીભદ્ર સોસાયટી
,, રમણિકશ્રીજી ઠા. ૩ દોશીવાડાની પોળ
,, સુમંગળાશ્રીજી ઠા. ૩ હાજાપટેલની પોળ
,, ભદ્રાશ્રીજી ઠા. ૮ પંચભાઇની પોળ
,, મનહરશ્રીજી ઠા. ૩ સારંગપુર, તળીયાની પોળ
,, પ્રવિણશ્રીજી ઠા. ૨ દોશીવાડાની પોળ
,, ચંદ્રાશ્રીજી ઠા. ૨ હાજા પટેલની પોળ,
,, ઈન્દ્રાશ્રીજી ઠા. ૨ ખેતરપાળની પોળ

**આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી સમુદાય**

પંન્યાસશ્રી પ્રબોધસાગરજી ઠા. ૨ વીતરાગ સોસાયટી
,, યશોભદ્રસાગરજી ઠા. ૨ જૈન મરચન્ટ સોસાયટી
મુનિશ્રી ગૌતમસાગરજી ઠા. ૨ ભગવાન ટેકરો, પાલડી
,, અમીસાગરજી ઠા. ૩ ખુશાલ ભુવન
,, મહાયશસાગરજી ઠા. ૨ શાહપુર, ખાડામાં
સાધ્વીશ્રી મંગળશ્રીજી પાંજરાપોળ, શ્રાવિકા ઉપાશ્રય
,, રેવતીશ્રીજી ખાનપુર રોડ, તીર્થરંજન વિહાર
,, સુતારાશ્રીજી ઠા. ૪ જૈન મરચન્ટ સોસાયટી
,, ગુણોદયશ્રીજી ઠા. ૨ નગરશેઠનો વંડો, જુની સીવીલ પાસે
,, નિત્યાનંદશ્રીજી ઠા. ૧૫ પાંજરાપોળ, શ્રાવિકા ઉપાશ્રય
સાધ્વીશ્રી મનકશ્રીજી ઠા. ૩ ફતાસાની પોળ, નાથીશ્રીનો ઉપાશ્રય
,, સ્નેહપ્રભાશ્રીજી ઠા. ૪ વીતરાગ સોસાયટી
,, યશોધરાશ્રીજી ઠા. ૨ આંબાવાડી, હીરાનિવાસ
સાધ્વીશ્રી ગુલાબશ્રીજી ઠા. ૨ પ્રભાત સોસાયટી, શ્રીવ બંગલો

**આચાર્યશ્રી વિજયદાનસૂરીશ્વરજી સમુદાય**

આચાર્યશ્રી ભક્તિસૂરીશ્વરજી કાળુશીનીપોળ
,, માનદેવસૂરીશ્વરજી ગીરધરનગર અ. ૪
ગણિવર્યશ્રી મિત્રાનંદવિજયજી ઠા. ૪ જૈનનગર, અ. ૭
,, સુધાંશુવિજયજી ઠા. ૩ જ્ઞાનમંદિ.
મુનિશ્રી પદ્માકરવિજયજી ઠા. ૨ લક્ષ્મીવર્ધનસોસાયટી
,, ધર્મગુપ્તવિજયજી નવરંગપુરા,
,, ધર્માનંદવિજયજી પગથિયાનો ઉપાશ્રય.

**આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીજી મ૦ સમુદાય**

આચાર્યશ્રી દુર્લભસાગરસૂરિજી ઠા. ૪ આંબલીપોળ
પંન્યાસશ્રી ભદ્રસાગરજી ઠા. ૨ નારણપુરા, ચારરસ્તા
મુનિશ્રી ધરણેન્દ્રસાગરજી ઠા. ૩ દેવકીનંદન સોસાયટી
સાધ્વીશ્રી જસવંતશ્રીજી ઠા. ૨ આંબલીપોળ ઉપાશ્રય.
,, ઈન્દ્રશ્રી ઠા. ૬ ગોલવાડ ઉપાશ્રય
,, વિબોધશ્રીજી ઠા. ૨ વટવા,

**આચાર્યશ્રી સિદ્ધિસૂરીશ્વર મ૦ સમુદાય**

આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી ઠા. ૫ જૈન વિદ્યાશાળા
મુનિશ્રી સુબોધવિજયજી ઠા. ૨ સારંગપુર

**આચાર્યશ્રી વલ્લભસૂરીશ્વરજી મ૦ સમુદાય**

આચાર્યશ્રી ઉદયરત્નસૂરીશ્વરજી ઠા. ૨ સાબરમતી
પંન્યાસશ્રી દર્શનવિજયજી ઠા. ૪ લુણસાવાડો, મોટીપોળ
મુનિશ્રી નિરંજનવિજયજી ઠા. ૨ મણિનગર
સાધ્વીશ્રી પ્રશાંતશ્રીજી ઠા. ૫ શેઠનો ઉપાશ્રય, રતનપોળ
,, ગુણપ્રભાશ્રીજી ઠા. ૩ ,, ,,

**પાર્શ્વચંદ્રગચ્છીય સમુદાય**

મુનિશ્રી સુયશચંદ્રજી ઠા. ૩ ભૈયાની બારી, રાયપુર
પ્રવર્તિની સાધ્વીશ્રી ખાંતિશ્રીજી ઠા. ૮ શાગ્રળાની પોળ

**શ્રી બુદ્ધિતિલક-શાંતિચંદ્રસૂરિજી સમુદાય**

આચાર્યશ્રી ભુવનશેખરસૂરીશ્વરજી ઠા. ૨ કૃષ્ણનગર

**વિમળગચ્છ સમુદાય**

આચાર્યશ્રી રવિવિમળસૂરીશ્વરજી દેવશાનો પાડો

**શ્રી મોહનલાલજી મ૦નો સમુદાય**

પંન્યાસશ્રી કીર્તિમુનિજી ઠા. ૨ ભઠ્ઠીની બારી, વીરનો ઉપા૦
સાધ્વીશ્રી ચરણશ્રીજી ઠા. ૨
,, જયંતિશ્રીજી આદિ જૈન મરચન્ટ સોસાયટી
ખરતરગચ્છીય મુનિશ્રી પ્રતાપસાગરજી ઠા. ૨ આંબલી પોળ
આ૦ ભક્તિસૂરિના સાધ્વીશ્રી કમલપ્રભાશ્રી ઠા. ૬ શાંતિનગર

# આ.શ્રી વિજયસમુદ્રસુરિજી મ.નો લુધિયાણામાં ચાતુર્માસ પ્રવેશ

મુંબઈ, ગુજરાત, રાજસ્થાન અને પંજાબના અનેક ગામો-શહેરોને પાવન કરી જૈનશાસનરત્ન પૂ. આચાર્ય-દેવશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી વિજયઈન્દ્રદિન્નસૂરિજી મ૦, પૂ. પંન્યાસશ્રી જયવિજયજી મહારાજ આદિ ઠાણા ૧૫ જમ્મુ જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે જમ્મુ પધાર્યા હતા. પંજાબના અનેક ગામોના જૈનસંઘોએ પૂ૦ પશ્રીને ચાતુર્માસાર્થે પધારવા વિનંતી કરી હતી. સૌની ઉત્કટ ભાવના હતી કે આપણા ગામને આ લાભ મળવો જોઈએ. હોશિયારપુર અને લુધિયાણા શ્રીસંઘે આગ્રહભરી અને વારંવાર વિનતિ કરી હતી. ક્ષેત્રસ્પર્શનાએ લુધિયાણાને આ લાભ મળતા અને જમ્મુ શહેરમાં જ લુધિયાણાની ચાતુર્માસ માટેની જય બોલાઈ જતાં લુધિયાણા નગરમાં આનંદ અને ઉમંગનું મોજું ફરી વળ્યું હતું. આમ લુધિયાણા ધન્ય બની ગયું.

પૂજ્ય આચાર્યશ્રીની નાદુરસ્ત તબીયત છતાં જમ્મુથી વિહાર કરી પંજાબના અનેક ગામોમાં વિચરી જૈનધર્મનો પ્રસાર કર્યો હતો અને તા. ૩૧-૭-૭૫ના રોજ લુધિયાણા ચાતુર્માસાર્થે પધારતાં, પૂ. આચાર્યશ્રીની ભાવનાનુસાર નગરપ્રવેશ અત્યંત સાદાઈથી કરાવવામાં આવ્યો હતો. તેમ છતાં શહેરના જૈન-જૈનેતરો ભાઈ-બહેનોની ઉપસ્થિતિ હજારોની રહી હતી. સાદુ છતાં ભવ્યશાળ જનમેદની યુક્ત પ્રભાવશાળી જુલુસ શહેરના મુખ્ય માર્ગોએ પસાર થઈ શ્રી આત્માનંદ જૈન હાયર સેકન્ડરી સ્કૂલમાં આવી સભાના રૂપમાં ફેરવાઈ ગયું હતું. પાઠશાળાના બાળકોએ રસ્તામાં બન્ને બાજુ હાર્દબંધ ઊભા રહી પંચરંગી પતાકાઓ લહેરાવી પૂ. ગુરુદેવોનું ઉમંગભેર સ્વાગત કર્યું હતું અને જય જયકાર સાથે આકાશ ગુંજાવી દીધું હતું.

જૈન સ્કૂલમાં આચાર્યદેવશ્રીનું શાનદાર સ્વાગત થયું. શ્રી ટી. આર. જૈન, શ્રી રિખબદાસ જૈન, શ્રી પ્રિન્સીપાલ શ્રી હ ન્તા જૈન, શ્રી બલદેવરાજ જૈન આદિએ ગુરુદેવનું ઉસ્માભર્યું સ્વાગત કરી આવકાર આપતાં પ્રવચનો કર્યા હતાં.

તા. ૧૬-૭-૭૫ના સંક્રાંતિ ઉત્સવના પુનીત દિવસે જુદા જુદા પ્રાંતોમાંથી મોટી સંખ્યામાં ગુરુભક્તો પધાર્યા હતાં. શ્રી મહિલા મંડળના મંત્રીશ્રી નિર્મલ જૈને સમાજ-સુધારણા વિશે મનનીય અને સારગર્ભિત પ્રવચન આપ્યું હતું. પૂ. આચાર્યશ્રીએ મંગલ સંક્રાંતિ સંભળાવી સૌને આશીર્વચન આપ્યા હતાં.

વ્યાખ્યાનમાં 'આગમગ્રંથ વિપાકસૂત્ર' તથા ભાવનાધિકારે 'નવકાર મહામંત્ર ચરિત્ર'નો પ્રારંભ થયેલ છે. દર રવિવારે પૂ. આચાર્યશ્રી વિજયઈન્દ્રદિન્ન-સૂરિજી મ૦, પંન્યાસશ્રી જયવિજયજી મ૦ના આગવી શૈલીમાં હાઈસ્કૂલના પટાંગણમાં જાહેરપ્રવચનો યોજાય છે.

તપશ્ચર્યાનું અદ્ભૂત વાતાવરણ ખડું કરનાર તપસ્વી મુનિશ્રી નવચંદ્રવિજયજીને ૨૫ ઉપવાસ થયા છે. ૫૧ ઉપવાસની ભાવના રાખે છે. તેમજ મુનિશ્રી દીપવિજ-યજીને ૧૪ ઉપવાસ થયા છે અને તેઓ પણ આગળ વધવાની ભાવના રાખે છે. શ્રીસંઘમાં પણ વિવિધ તપ-જપની આરાધના સતત ચાલુ છે. સંખ્યા પણ સારી થાય છે. ત્રણે ફિરકાના સંયુક્તપણે સામુદાયિક ૨૫૦૦ આયંબિલની આરાધના પણ યોજવામાં આવનાર છે.

આમ, લુધિયાણા શહેરનું વાતાવરણ તપ-ત્યાગ અને શાસનપ્રભાવનાની ત્રિવેણી સંગમથી તીર્થરૂપ બન્યું છે. પૂજ્ય આચાર્યશ્રી - જૈન ઉપાશ્રય, પુરાના બજાર, લુધિયાણા (પંજાબ) બિરાજમાન છે.

## દહાણુમાં ચાતુર્માસાર્થે

### સાધ્વીશ્રી જસવંતશ્રીજી મ૦નો પ્રવેશ

પૂ. આ૦ શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાનુવર્તિની સાધ્વીશ્રી જસવંતશ્રી મ૦પ્ર સિદ્ધવક્તા સાધ્વીશ્રી પ્રિયદર્શનાશ્રીજી, સાધ્વીશ્રી પ્રગુણાશ્રીજી, સાધ્વી શ્રી હર્ષપ્રિયાશ્રીજી અને સાધ્વીશ્રી પ્રિયધર્માશ્રીજી ઠાણા ૫ ભગવાન મહાવીરસ્વામીજીના સંદેશનો પ્રચાર કરતાં કરતાં મુંબઈથી બોરડી થઈ દહાણુ ચાતુર્માસાર્થે પધાર્યા છે. બોરડીમાં પૂ. સાધ્વીજી મહારાજની પ્રેરણાથી પાઠશાળાનો પ્રારંભ થયેલ છે. તેમ જ અહીં ગુજરાતી અને મરાઠી સ્કૂલોમાં તેઓશ્રીની પ્રેરણાથી ભ૦ મહા-વીરસ્વામીજીના ફોટા મૂકવામાં આવ્યા છે.

દરરોજ સવારના અપાતા વ્યાખ્યાનમાં જૈન તેમજ જૈનેતરો મોટી સંખ્યામાં લાભ લે છે. સાધ્વીમહારાજના આગમનથી અહીં ધર્મજાગૃતિ અનેરી પ્રગટી છે.



## દહાણુંના યુવાન કાર્યકર શ્રી નરેશકુમાર બાફણાનું કરુણ અવસાન

દહાણુ જૈન સમાજના જાણીતા ધર્મ અને સેવા-પર યણ આગેવાન કાર્યકર્તા વકીલશ્રી પુનમચંદભાઈ બાફણાના સુપુત્ર શ્રી નરેશકુમારનું ૩૦ વર્ષની ભરયુવાન વયે, તા. ૧૯-૭-૭૫ના રોજ એક ગંભીર અકસ્માત સર્જાતા કરુણ અવસાન થયું છે.

તા. ૧૯ના સવારે ૧૧ વાગે તલાસરી તાલુકાના પાનાડી ગામે એક ખેતરમાંથી બીજા ખેતરમાં શ્રી નરેશભાઈ ટ્રેક્ટર લઈ જઈ રહ્યા હતા ત્યારે, ટ્રેક્ટર એકાએક આડું પડી જતાં, તેની નીચે શ્રી નરેશભાઈનું આવી જવાથી કરુણ અવસાન થયું હતું.

સ્વ. નરેશભાઈએ આદિવાસી જાતીના ઉદ્ધાર માટે સેવાનો ભેખ ધારણ કર્યો હતો. તેઓ બી. એસસી. (એગ્રીકલ્ચર) પાસ થઈ ગ્રેજ્યુએટ થતા હતા. તેમ જ ખેતીવાડીના બહોળા અનુભવ માટે તેઓ ઈઝરાયલ પણ જઈ આવ્યા હતા. ખેતી વિષયનો તેમનો બહોળો અનુભવ, તેમની સેવાની અનન્ય ભાવનાને કારણે, ઘણાને મદદકર્તા અને ખૂબ ઉપયોગી બન્યા હતા. તેઓ ગર્ભશ્રીમંત હોવા છતાં ઘણા સાદા, સરળ, નિરાભિમાની અને મિલનસાર સ્વભાવના હતા.

આજથી પાંચેક વર્ષ પહેલાં, પ્રભાવિકા સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજે દહાણુમાં ચાતુર્માસ કરેલ ત્યારે તેમની પ્રેરણા અને પ્રભાવકતાથી ધર્મપરાયણ શ્રી પુનમચંદભાઈનું સમગ્ર કુટુંબ ધર્મના રંગે ખૂબ રંગાયું હતું. સ્વ. નરેશકુમારે પણ ધર્મને પોતાના જીવનમાં વણી લઈને સમાજ તથા રાષ્ટ્રસેવાની સાથે સાથે ધર્મસેવામાં પણ આગવું સ્થાન મેળવ્યું હતું.

આદિવાસીઓના ઉદ્ધાર માટે ગિરીવાસી-વનવાસી નામે એક મંડળ અહીં ચાલે છે. તેનું સેવાકેન્દ્ર પાલડીમાં છે. આ મંડળ દ્વારા આદિવાસીઓના ઉત્કર્ષ માટે શૈક્ષણિક, તબીબી (દવાખાના) અને અન્ય રાહતના અનેક કામો કરવામાં આવે છે. જાણીતા સોમૈયા ટ્રસ્ટે તેમાં લાખો રૂપિયા આપ્યા છે. આ મંડળનું સમગ્ર સંચાલન નરેશભાઈ આજસુધી સફળતાપૂર્વક કરતા આવ્યા હતા. તેમ જ ખેતી દ્વારા આદિવાસીઓને પગભર બનાવવા અને આગળ લાવવા સતત કામ કરતા રહ્યા હતા. તેમના રોમેરોમમાં આદિવાસીઓના ઉત્કર્ષની ઊંડી લગન અને કાર્યનિષ્ઠા હતી. દહાણુ તાલુકાના સામાન્ય જનસમૂહમાં તેમનું નામ જેમ ગૌરવરૂપ હતું તેમ તાલુકાના પ્રગતિશીલ જૈન યુવાનવર્ગમાં પણ તેમનું સ્થાન મોખરારૂપ હતું.

શ્રી નરેશભાઈના લગ્ન થોડા વર્ષ પહેલાં શશીબાળા સાથે થયા હતા. અને તેને એક પુત્રી પણ છે. આવા અનેકના આધારરૂપ અને સમગ્ર તાલુકાના ગૌરવરૂપ શ્રી નરેશભાઈનું અકાળે અવસાન થતાં દુઃખની કારમી છાયા સર્વત્ર ફરી વળી છે. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલા આ અસહ્ય દુઃખમાં અમો સહભાગી થવા સાથે સદ્‌ગતના આત્માની ચિર શાંતિ પ્રાર્થીએ છીએ.

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ના સમુદાયના પરમ પૂજ્ય વિદુષી સાધ્વીજી મ૦શ્રી જયવંતશ્રીજી આદિ ઠાણા દહાણું ચાતુર્માસાર્થે બિરાજમાન છે. તેઓશ્રીને આ કરુણ અકસ્માતની ખબર પડતા ઊંડા શોકની લાગણી વ્યક્ત કરવા સાથે સદ્‌ગત નરેશભાઈના પરગજુ અને પુણ્યશાળી આત્માની પરમ શાંતિ શાસનદેવ પાસે પ્રાર્થી હતી.

ભગવાન મહાવીર ના પચીસસોમા નિર્વાણ કલ્યાણક નિમિત્તે



સાપ્તાહિક પૂર્તિ જૈન

સંપાદક:- રતિલાલ દીપચંદ દેસાઈ

પ્રેરક:- શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઈ.

# અખિયાં તલસે પ્રભુ દરશન કો...

[રાગ: દેશ]

અખિયાં તલસે પ્રભુ દરશન કો....
ત્રિશલાનંદન જિન મનમોહન, ચરનકમલ–ફરસન કો.
અખિયાં૦ ૧

વીર અનુપમ ચંદ્ર નિહાલી, હૃદયકુમુદ–વિકસન કો.
અખિયાં૦ ૨

અભ્યંતર રિપુ. ખલ–દલકા સબ, દૂર કરન ધરષન કો.
અખિયાં૦ ૩

વીર જિનેશ્વર ભેટી પાઉં, શુદ્ધાતમ હરષણ કો.
અખિયાં૦ ૪

પ્રભુ ગુણ–નન્દન વનમેં વિહરી, હરૂંમેલ અબ મન કો.
અખિયાં૦ ૫

— પૂ. મુ. શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

પ્રભુ! આ વર્ષ અમારે દિવાળી

ગતાંકથી ચાલુ



# શ્રમણ ભગવાન મહાવીર

[લેખાંક ૨૦]

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

### દ્રવ્ય તીર્થંકરપણામાં તીર્થંકર નામ કર્મનો પ્રદેશોદય

તીર્થંકર ભગવંતનો આત્મા તીર્થંકરના ભવની અપેક્ષાએ આગલા ત્રીજા ભવમાં તીર્થંકર નામ કર્મનો નિકાચિતપણે જ્યારથી બંધ કરે છે ત્યારથી એ તીર્થંકર પરમાત્માનો આત્મા દ્રવ્યનિક્ષેપાની અપેક્ષાએ પૂજનીય બને છે. ભાવતીર્થંકરપણું તો તીર્થંકરના ભવમાં જ્યારે કેવલજ્ઞાન–કેવલદર્શન પ્રગટ થાય ત્યારથી ગણવામાં આવે છે. જ્યાં સુધી કેવલજ્ઞાન–કેવલદર્શન પ્રગટ ન થાય ત્યાં સુધી તે પરમાત્માનો આત્મા દ્રવ્ય તીર્થંકર તરીકે ગણાય છે. જ્યાં સુધી દ્રવ્યતીર્થંકરપણું હોય ત્યાં સુધી તીર્થંકરનામ કર્મનો વિપાકોદય નથી હોતો પરંતુ પ્રદેશોદય હોય છે. તીર્થંકરના ભવની અપેક્ષાએ આગલા ત્રીજા ભવમાં જ્યારથી તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ થાય ત્યારથી એ પરમાત્મા ભલે મનુષ્યના ભવમાં ચોથા–પાંચમા કે છઠ્ઠા સાતમાં ગુણ સ્થાનકમાં હોય અને દેવલોકમાં ( અથવા શ્રેણિક મહારાજાની માફક નરક ગતિમાં ) ચોથા ગુણસ્થાનકે વર્તતા હોય, યાવત્ દેવલોકમાંથી અથવા નરકમાંથી ચ્યવી માતાની કુક્ષિમાં ગર્ભપણે અવતરે, નવ મહિના ઉપર સાડા સાત દિવસનો ગર્ભકાળ વ્યતીત થાય, પરમાત્માનો માતાની કુક્ષિથી જન્મ થાય–રાજ્યવૈભવને તિલાંજલી આપી પોતાના તેમજ વિશ્વના કલ્યાણ માટે ભગવાન સંયમ ગ્રહણ કરે અને સંયમી જીવનમાં ઉગ્ર તપશ્ચર્યા સાથે અપ્રમત્તભાવે વિચરે આ બધી અવસ્થામાં એ ભગવંતના આત્માને દ્રવ્ય તીર્થંકર તરીકે ગણવામાં આવે છે.

### પ્રદેશોદય–પ્રદેશોદયમાં પણ વિચિત્રતા

એમ છતાં ઉપર જણાવેલ દ્રવ્ય તીર્થંકરપણાની ભિન્નભિન્ન અવસ્થામાં તીર્થંકરનામ કર્મના પ્રદેશોદયની વિચિત્રતાના કારણે અનેક પ્રકારની તરતમતા હોય છે. એ કારણે જ ચ્યવન અને દીક્ષા કલ્યાણકની અપેક્ષાએ જન્મકલ્યાણકના પ્રસંગે અધિકાધિક આનંદ સાથે નારકી વગેરે સ્થાનોમાં યાવત્ અખિલ વિશ્વમાં વિશિષ્ટ અજવાળા પ્રગટ થતાં હોય તો તે સંભવિત છે.

### પ્રત્યેક વર્ષે પાંચેય કલ્યાણકોની ઉજવણી અવશ્ય થવી જોઈએ

અન્ય વ્યક્તિઓના જન્મપ્રસંગની અપેક્ષાએ તીર્થંકર પરમાત્માના જન્મપ્રસંગની ખાસ વિશેષતા હોય છે. ભગવાન તીર્થંકરદેવના આત્માનું માતાની કુક્ષિમાં અવતરણ જે પ્રસંગને જૈન દર્શનમાં ચ્યવણ કલ્યાણક તરીકે જેમ સંબોધવામાં આવેલ છે તે જ પ્રમાણે માતાની કુક્ષિથી થતાં ભગવાન તીર્થંકર પ્રભુના જન્મનો પ્રસંગ જૈન દર્શનમાં જન્મ કલ્યાણક તરીકે પ્રસિદ્ધ છે. પરમાત્મા તીર્થંકરદેવના ચ્યવન જન્મ દીક્ષા કેવલ અને મોક્ષ આ પાંચેય પવિત્ર પ્રસંગો કલ્યાણક તરીકે પ્રસિદ્ધ હોવા છતાં જન્મકલ્યાણકના પ્રસંગની વર્તમાનમાં આપણા જૈન શાસનમાં જેટલી પ્રસિદ્ધિ તેમ જ ઉજવણી ચાલે છે તેટલી પ્રસિદ્ધિ તેમ જ ઉજવણી ભગવાન મહાવીરના બીજા ચાર કલ્યાણકના દિવસોમાં નથી થતી, જે બાબત આપણા સર્વ કોઈના અનુભવમાં છે. કેટલાક મહાનુભાવોને જન્મકલ્યાણકના પવિત્ર દિવસ સિવાય ચ્યવણ વગેરે બીજા કલ્યાણકોના દિવસોનો ખ્યાલ પણ નથી હોતો. હાલમાં ભગવાન મહાવીર પ્રભુના ૨૫૦૦માં નિર્વાણમહોત્સવ વર્ષ દરમ્યાન એ કરુણાનિધાન પરમાત્માના પાંચેય કલ્યાણકના દિવસોની સમગ્ર ભારતના મોટા નાના જૈન સંઘોમાં

# સૂત્રકૃતાંગસૂત્રનું ૧૧ મું અધ્યયન : 'માર્ગ'

લે૦ ૫૦ મુનિરાજશ્રી ભુવનવિજયજી મ૦ના અન્તેવાસી પૂ૦ મુનિરાજશ્રી જંબૂવિજયજી મ૦

૧. (જંબૂસ્વામી સુધર્માસ્વામીને પૂછે છે— ) મહા બુદ્ધિમાન મહાજ્ઞાની અહિંસક ભગવાન મહાવીરે કયો માર્ગ બતાવ્યો છે કે જે સરળ–સીધા માર્ગને પામીને જીવ દુસ્તર સંસારસમુદ્રને તરી જાય.

૨. સૌથી શ્રેષ્ઠ, શુદ્ધ તથા સર્વદુઃખોથી છોડાવનાર તે માર્ગને તમે જે રીતે જાણો છો તે રીતે હે મહામુને ! અમને સંભળાવો.

૩. દેવો અથવા મનુષ્યો અમને સમ્યગ્ માર્ગ પૂછે ત્યારે અમારે તેમને કયો માર્ગ બતાવવો, તે અમને કહો.

૪. (સુધર્માસ્વામી કહે છે– ) દેવો અથવા મનુષ્યો જો તમને સમ્યગ્ માર્ગ વિષે પૂછે તો તેમને આ શ્રેષ્ઠ માર્ગ બતાવજો. જે શ્રેષ્ઠ માર્ગ કહું છું તે તમે સાંભળો.

૫. અનુક્રમે તમને કહેવામાં આવે છે (અથવા અનુક્રમે

૬. આ માર્ગની પ્રાપ્તિ થાય છે). કાશ્યપ ભગવાન્ મહાવીરે આ માર્ગ બતાવ્યો છે. કાયર મનુષ્યોને ભયંકર લાગે એવો આ માર્ગ છે. જેમ વ્યાપારીઓ વહાણના બળથી ભયંકર સમુદ્રને તરીને પણ વ્યાપાર કરવા માટે ઇષ્ટ નગરે જાય છે તેમ મુક્તિના અર્થી જીવો ભગવાન મહાવીરે બતાવેલા માર્ગના બળથી ભયંકર સંસાર સમુદ્રને તરી ગયા છે, તરે છે અને તરશે. (તીર્થંકર ભગવાન પાસેથી આ માર્ગને) સારી રીતે સાંભળીને તમને કહું છું. તમે સાંભળો.

૭. પૃથ્વીમાં અલગ અલગ જીવો છે, પાણીમાં જીવો છે, અગ્નિમાં અગ્નિકાય જીવો છે. વાયુમાં વાયુકાય જીવો છે, તૃણ, વૃક્ષ તથા બીજમાં જીવો છે.

૮. આ ઉપરાંત ત્રસ જીવો છે. આ પ્રમાણે છ જીવનિકાય છે. એ સિવાય બીજો કોઇ જીવનિકાય નથી.

૯. સર્વ યુક્તિદ્વારા બુદ્ધિશાળીએ વિચાર કરવો જોઇએ. કોઈ પણ જીવોને દુઃખ ગમતું નથી. માટે કોઈ પણ જીવની હિંસા કરવી જોઈએ નહિ.

૧૦. આ જ જ્ઞાનનો સાર છે—જ્ઞાનનું ફળ છે કે કોઈપણ જીવની હિંસા કરવામાં ન આવે. અહિંસા સૌથી મુખ્ય વાત છે. આટલું તમે જાણો.

૧૧. ઉંચે, નીચે અથવા તિર્છા પ્રદેશમાં જે કોઇ ત્રસ-સ્થાવર જીવો છે તેની હિંસાથી વિરત થાઓ —દૂર રહો. એમાં ખરી શાંતિ છે અને નિર્વાણ છે.

---

સારા પ્રમાણમાં જાહેરાત સાથે સુંદર–ઉજવણીનો પુન્ય પ્રસંગ પ્રાપ્ત થયો છે. એ આપણા જૈન સંઘનું ગૌરવ છે. એમ છતાં આ એક વર્ષ પુરતી જ પાંચે ય કલ્યાણકોની જાહેરાત સાથે ઉજવણી ન રહેતા પ્રત્યેક વર્ષે હરકોઈ મોટા નાના જૈન સંઘોમાં શાસનપતિ ભગવાન મહાવીરના પાંચે ય કલ્યાણકોની ઉજવણી ઘણા ઉલ્લાસથી નિયમિત ચાલુ રહે તેવો પ્રબંધ કરવાની ઘણી જરૂર છે.

### જન્મ કલ્યાણકની વિશેષતા

ભગવાન તીર્થંકરદેવના સર્વ કલ્યાણક પ્રસંગે અખિલ વિશ્વમાં સર્વત્ર આનંદ આનંદ સાથે સાતે ય નારકી જેવા ઘોર અંધકારમય સ્થાનમાં અજવાળા–અજવાળા થતા હોવાનું જૈન શાસનમાં સુપ્રસિદ્ધ છે. એમ છતાં બીજા કલ્યાણકની અપેક્ષાએ આ જન્મ કલ્યાણક પ્રસંગે અખિલ વિશ્વમાં વિશેષ આનંદનું વાતાવરણ હોવા સાથે અજવાળાના ચમકારા કંઈક વધુ પ્રમાણમાં હોય તો તે વાસ્તવિક લાગે છે. જેમ રાજા મહારાજા ક્રોડપતિ કિંવા લક્ષાધિપતિના ઘરના આંગણે પુત્રના લગ્નનો અથવા પુત્રના રાજ્યાભિષેક વગેરેનો માંગલિક પ્રસંગ હોય અને એ મંગલિક પ્રસંગે ગમે તેટલું આનંદનું વાતાવરણ હોય એમ છતાં એ જ મહાનુભાવોને પુત્રના જન્મ પ્રસંગે જે આનંદનું વાતાવરણ હોય છે તે અન્ય પ્રસંગોની અપેક્ષાએ ઘણું અધિક હોય છે. તે જ પ્રમાણે તીર્થંકર પરમાત્માના અન્ય કલ્યાણકોની અપેક્ષાએ જન્મ કલ્યાણક પ્રસંગે વિશિષ્ટ પ્રકારના આનંદ અને અજવાળાનું વાતાવરણ હોય તો તે અવસરોચિત લાગે છે. (ક્રમશઃ)

૧૩. ઇંદ્રિયોનો રોધ કરીને સંવૃત થયેલો, મહાબુદ્ધિશાળી ધીરપુરુષ જે કંઈ મળે તેમાં જે એષણીય હોય તેને જ ગ્રહણ કરે. અનેષણીયનો ત્યાગ કરીને એષણાસમિતિથી સદા યુક્ત બનીને સંયમનું પાલન કરે.

૧૪. જીવોનો આરંભ–સમારંભ કરીને સાધુને ઉદ્દેશીને જે બનાવવામાં આવ્યું હોય તેવું અન્ન કે પાણી સુસંયમી સાધુ ગ્રહણ કરે નહિ.

૧૫. આધાકર્મ આદિ દોષોથી દૂષિત આહાર આદિના કણનો પણ જેને સ્પર્શ લાગ્યો હોય તેવાં આહાર આદિનો સાધુએ ઉપભોગ કરવો જોઈએ નહિ. સંયમી સાધુનો આ ધર્મ છે. જે આહારાદિમાં દોષની શંકા હોય તેવા આહાર આદિ પણ તેને સર્વથા કલ્પે નહિ.

૧૬. ગામોમાં તથા નગરોમાં ભક્ત ગૃહસ્થોનાં ઘણાં સ્થાનો હોય છે. ત્યાં જે કોઈ ક્રિયામાં છ જીવ નિકાયનો ઘાત થતો હોય તેવી કોઈ પણ ક્રિયામાં—મન વચન કાયાથી ગુપ્ત બનેલા અને જિતેન્દ્રિય સાધુએ—ભક્તવર્ગ પાસે અનુમતિ દર્શાવવી નહિ. કે મનથી પણ તેવી ક્રિયામાં ખુશ થવું નહિ.

૨૨. નક્ષત્રોમાં જેમ ચંદ્રમા મુખ્ય છે, તે પ્રમાણે વિશ્વમાં નિર્વાણ—મોક્ષ જ પરમતત્ત્વ છે એમ જ્ઞાની પુરુષો કહે છે. માટે મુનિએ નિર્વાણને જ મુખ્ય લક્ષ્ય બનાવીને સર્વ પ્રવૃત્તિઓ કરવી જોઈએ.

૨૩. પોતાના કર્મોથી સંસારમાં કપાઈ રહેલા જીવોને (રક્ષણ આપનાર) તથા સંસાર સમુદ્રમાં ડૂબતા જીવોને સુંદર દ્વીપ સમાન ધર્મને તીર્થંકર ભગવાન બતાવે છે. આ ધર્મ જ જગતમાં પ્રતિષ્ઠારૂપ છે—સંસારમાં પરિભ્રમણથી બચવાનું સ્થાન છે.

૨૪. જે મન–વચન–કાયાથી ગુપ્ત છે, ઇંદ્રિયો જેણે સદાયે વશ કરેલી છે, સંસારના પ્રવાહો જેના બંધ થઈ ગયા છે, આશ્રવના દ્વારો જેણે બંધ કરેલાં છે આવા સાધુ જ આવો શુદ્ધ, સંપૂર્ણ અને અજોડ ધર્મ બતાવે છે.

---

# વીર વર્ધમાન

લે૦ પૂ. મુનિરાજ શ્રી નિરંજનસાગર મહારાજ

: 卐 :

પચ્ચીસો વરસો પૂર્વે એક પૂંજ પ્રકાશતણો પ્રગટ્યો,
જુગ જુનો અંધકાર વિદારતો ભારત ભાગ્ય રવિ ચમક્યો,
કોયલમોર કરે કલશોરને વાયુ વસંતનો વાઈ રહ્યો,
ક્ષત્રિયકુંડની કુંજમહીં, ત્રિશલાકુખે પુત્રનો જન્મ થયો.

શ્રી વીરભગવાનનો જન્મ ક્ષત્રિયકુંડમાં સિદ્ધાર્થ રાજાને ત્યાં ચૈત્ર સુ. ૧૩ને દિવસે થયો ત્યારે ત્રણેય જગતના જીવોને પરમ આનંદ થયો. અરે! અંધકારમય–નરકસ્થાનમાં પણ અજવાળું–અજવાળું થઈ ગયું. પ્રભુનો જન્મ જાણીને–છપ્પન દિક્કુમારીઓ આજ ભરતક્ષેત્રમાં આવીને ત્રિશલા માતાને હાથ જોડીને કહે કે, "હે માતાજી! તુજ નંદન ઘણું જીવો. તુમ સુત અમ આધાર". સૌધર્મ ઈન્દ્ર પણ સ્વયં ભરતમાં આવી, વીર પ્રભુને મેરૂપર્વત લઈ જઈને ચોસઠ ઈન્દ્રો સાથે ભગવાનનો જન્માભિષેક મહોત્સવ કરે.

વર્ધમાનકુમાર થોડા મોટા થતા સરખા મિત્રો સાથે નગર બહાર ઝાડ ઉપર રમત-ગમત કરતા હતા. તેટલામાં ભયંકર ફુંફાડા મારતો સાંબેલા જેવો મોટો સર્પ દેખાયો. સાથેના મિત્રો તો "ઓ મારા બાપ! આવ્યો સાપ!" કહીને નાસ ભાગ કરવા લાગ્યા. સૌ કોઈ સાપથી ડરે છે, પરંતુ પાપથી તેટલા ડરતા નથી. "સાપ તો મારો કે એક જિંદગી બરબાદ કરશે, જ્યારે પાપ તો ભવોભવ બગાડશે. માટે સાપ કરતા પાપથી જ વધુ ડરો. રમતના રંગમાં ભંગ પડ્યો જાણી નીડર અને પરોપકારી વર્ધમાને તે પોતાના નાના નાજુક હાથે મોટા સર્પને ઉપાડી દૂર ફેંકી દીધો. દૂર દોડી ગયેલા બાળકો તો પ્રભુની આવી હિંમત જોઈને આશ્ચર્યમુગ્ધ બની ગયા.

સૌધર્મેન્દ્રે દેવલોકમાં વર્ધમાનકુમારના બાળ–શક્તિની પ્રશંસા કરી. તે મિથ્યાત્વીદેવથી સહન ન થઈ. તેજ આ મહાસર્પની વિકુર્વણા કરીને ડરાવવા

આવેલ હતા. પરંતુ વર્ધમાનને નીડર જોતા તો દેવ "હાથી જુગારી બમણું રમે" એ ન્યાયે સરખા મિત્રોનું રૂપ ધારણ કરીને, "હાર-જીત"ની રમત આરંભી. જાણી જોઈને જ દેવ હારી જઈ જીતેલા વર્ધમાનકુમારને ખંભે બેસાડીને જોત જોતામાં તો સાત તાડનું મહા વિકરાળ રૂપ ધારણ કર્યું. પ્રભુવીરને ગભરાવવાનો અંતિમ ઉપાય સર્જી દીધો. શક્તિશાળી વર્ધમાને તો નિર્ભય બનીને વજ્ર સમાન એક જ મૂઠી મારતા તે દેવનું શરીર સાવ સંકોચાઈ ગયું. પરંતુ વિશેષ લાભ એ થયો કે પ્રભુના એક પ્રહાર માત્રથી ઘણા કાળનું મિથ્યાત્વ તે દેવનું નાશી છૂટયું. અને તે દેવ તો વર્ધમાનકુમારના પરાક્રમના ખૂબ વખાણ કરતો 'મહાવીર'નું બિરુદ આપી ગયો.

મહાવીરનો સંદેશો એક દી' દુનિયાને સમજાશે,
શ્રધ્ધા છે, અહિંસાનો ઝંડો સૃષ્ટિ પર લહરાશે;
એક દિવસ આ અણુબોમ સૌ દરિયે ડૂબી જાશે,
માનવતાનું રંગલમય ગીત જગમાં બધે ગવાશે.

પચ્ચીસમા ભવમાં નંદનઋષિએ ૧૧ લાખ ૮૦ હજારથી વધારે માસક્ષમણો (રૂપ વીશસ્થાનક)તપની આરાધના કરવાપૂર્વક "સવિ જીવ કરું શાસન રસી"ની વિશાળ ભાવના દ્વારા તીર્થંકર નામકર્મ બાંધ્યું. "પ્રાણીમાત્રની દયા અને સૌ સુખી બનો" એવી તમન્ના જ આ જીવને પુરુષોત્તમ બનાવે છે. આથી જ પ્રભુવીરના પાંચે કલ્યાણક પ્રસંગે જગતભરના જીવોને આનંદ અને ત્રણેય જગતમાં ઉદ્યોત થાય છે.

ઇન્દ્રોથી તૈયાર થયેલા સોનૈયાદિનું વર્ધમાનકુમાર વાર્ષિક દાન આપે. દરરોજ એક ક્રોડ આઠ લાખ સોનૈયાનું દાન કરતા એક પહોર સમય પૂર્ણ થાય. યાચકોની હારમાળા પણ સમાપ્ત થાય. વળી જે જેટલા માગે તેટલાં જ—પ્રભુ ગણ્યા વિના જ મૂઠો ભરીને આપે તો પણ—એટલાં જ મળે. સૌકોઈનું ઇચ્છિત પૂર્ણ કરનાર પ્રભુ મહાવીર જગતભરના જીવોમાં સંસ્કાર પાડે છે કે: "ત્યાગમાં સુખ છે, ભોગમાં દુઃખ છે".

મહેન્દ્રોથી સજ્જીભૂત કરાયેલી શીબિકામાં બેઠેલા વર્ધમાનકુમારનો દીક્ષા વરઘોડો દેખીને લાખોના હૃદય પલટે કે, અમારા નાથ આટલી બધી ઋદ્ધિ-સમૃદ્ધિ હોવા છતાં ત્યાગ કરીને નીકળે છે. તો "ચારિત્ર જીવન સર્વશ્રેષ્ઠ છે." ઇન્દ્રોથી માન-સન્માન પામવા છતાં એ વર્ધમાન તો ઉદ્યાનમાં ઉતરીને (શરીર ઉપર) શણગારેલા અલંકારોને સ્વયં ઉતારી પંચમુષ્ટિ લોચ કરે છે. પછી સિદ્ધની સાક્ષીએ "કરેમિ સામાઈયં" ઉચ્ચરે છે. (ભંતે બોલે નહિ, કારણ કે ભવિષ્યમાં પોતે જ ભગવાન બનનારા છે.) દેવદુષ્યવસ્ત્ર ઇન્દ્ર ખંભે સ્થાપન કરે છે અને ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય છે.

ચાર જ્ઞાનના ધણી—તે જ ભવે મોક્ષે જવાનું જાણવા છતાંપણ મૌનપણે ઉગ્ર તપ આત્મસાધના કરવા લાગે છે. એટલું જ નહિ પણ કીડીથી માંડીને સિંહ-વાઘવરુના ભયંકર ઉપસર્ગો—મેરુપર્વત જેમ સ્થિર રહીને સમભાવે સહન કરે. ગોવાળિઆ-શુલપાણિ-યક્ષના મરણાંત ઉપસર્ગોમાં પણ શ્રમણ ભગવાન મહાવીર અચળ-નિષ્કંપ રહ્યા. અરે! સંગમદેવે તો એક જ રાત્રિમાં વીશ-વીશ દારુણ ઉપસર્ગોની ઝડી વર્ષાવી. છતાં પણ પ્રભુવીરે સવારે તેની દયા ચિંતવી કે...

કૃતાપરાધેઽપિ જને, કૃપા મંથર તારયોઃ।
ઇષદ્ બાષ્પાર્દ્રયોર્ભદ્રં, શ્રી વીર જિનનેત્રયોઃ॥

આ કાયાને પામી કેઈ કેઈ તરી ગયા તો આ બિચારાનું શું થશે? ખુદ પ્રભુવીરની આંખમાં ઝળઝળીયા આવી ગયા. જુઓરે! ક્રૂર-પાપી આત્મા ઉપર પણ પરમાત્મા મહાવીરની કેવી અમીદૃષ્ટિ! જ્યારે આજે વૈરી-પાપીઓને ઉખેડી નાખવાની વાતો કરનારાઓ, શાસનપતિ વીરપ્રભુના પતિતોને પાવન કરનાર જૈનશાસનને સમજ્યા છે ખરા! વિરોધિઓને ઉખેડી નાખવાની ભાવનાવાળા કરુણાભાવ કોના ઉપર કરશે?

એકવાર શ્રમણ ભગવાન મહાવીર શ્રાવસ્તીથી કૌશાંબી જવા માટે ટુંકા રસ્તે પ્રયાણ કરતા ગોવાળિયાએ અટકાવ્યા કે—મહામોટો ભુજંગ ભલભલાને મારી નાખે છે. માટે આપશ્રી આ રસ્તે ન જાવ. પરંતુ પોતાના શરીરની જેને ન પડી હોય તેવા ભગવાન શું પાછા વળે? પ્રભુવીર તો ધીર-ગંભીર પણે ચાલવા લાગ્યા. ત્યાં તો ચંડકૌશિક સર્પ નિર્ભય પણે આવતાં પ્રભુને જોઈને ફુંફાડા મારવા લાગ્યો. નજીક આવેલા

Regd No. G. BV. 20
JAIN OFFICE-BHAVNAGAR

# પૂર્તિના સહાયકો

શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી
શ્રી દેવચંદભાઈ સી. શાહ
શ્રી મોતીલાલ વીરચંદ શાહ
શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
શ્રી નારાણજી શામજી મોમાયા
શ્રી કેશવલાલ બુલાખીદાસ
શ્રી જયંતભાઈ એમ. શાહ
શ્રી રસીકલાલ સી. શાહ
• શ્રી જગદીશચંદ્ર બાબુભાઈ
શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રી રાયચંદ ગુલાબચંદ
શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી
શ્રી રમણલાલ નગીનદાસ પરિખ
શ્રી કુંજીલાલ સુંદરમલ જૈન
શ્રી રસિકલાલ નાથાલાલ કોરા
શ્રી આબુ અ૦ ૫૦ આદીશ્વર મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ
શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
શ્રી મોહનલાલ સી. શાહ
શ્રી સારાભાઈ લક્ષ્મીચંદ ઝવેરી
શ્રી ઉમેદમલજી હજારીમલજી
શ્રી રવજી ખીમજી છેડા
શ્રી પાનાચંદ ડુંગરશી તુરખીયા
શ્રી દેવચંદભાઈ જેઠાલાલ શાહ
શ્રી રતીલાલભાઈ એમ. નાણાવટી
શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ શાહ
શ્રી હીરાલાલભાઈ એમ. શાહ
શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી
શ્રી પ્રતાપરાય ભોગીલાલ
શ્રી વૃજલાલ કપૂરચંદ મહેતા
એક સદ્‌ગૃહસ્થ-મુંબઈ
શ્રી કાંતીલાલ ચુનીલાલ ચોકસી
શ્રી જેસીંગલાલ લલ્લુભાઈ ઝવેરી
શ્રી ચિત્તરંજન દામોદર શાહ
શ્રી રસિકલાલ અમૃતલાલ મહેતા
શ્રી રસિકલાલ ચમનલાલ
શ્રી રમણીકલાલ મણીલાલ
શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ
શ્રી ચંદ્રસેન જીવણલાલ ઝવેરી
શ્રી લાલજીભાઈ છગનલાલ
શ્રી પોપટલાલ છગનલાલ
શ્રી નેમજીભાઈ છગનલાલ
શ્રી હર્ષદભાઈ કે. શાહ
શ્રી વસનજી લખમશી
શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા
શ્રી મણિલાલ વીરચંદ શાહ
શ્રી જયંતિલાલ મણિલાલ
શ્રી ધરણીધર ખીમચંદ શાહ

જોઈને તો જ્વાળાઓ ફેંકવા માંડી; અને શ્રીવીરના ચરણે ડંખ માર્યો. મહાત્માવીરના પગમાંથી સફેદ દૂધની ધારાનો ધોધ વછૂટ્યો અને મધુર વચનો નિકળ્યા કે, હે ચંડકૌશિક! બુઝ, બુઝ' અહીં તો દૂધની ધારા જોઈને ચંડકૌશિક સર્પની ભાવના પલટી કે મારી કરણી કેવી! અને પ્રભુવીરની ઉદારતા કેવી! હું ડંખ મારીને કષ્ટમાં મૂકું છું ત્યારે તે મને અતિ-પસંદ દૂધ વહેવડાવે છે અને મધુર પ્રેરણા આપે છે. આમ ચંડકૌશિક જેવા ક્રૂર સર્પની ભાવના પશ્ચાતાપમાં પલટતા પશ્ચાતાપમાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને પાછલા ભવોની ભૂલો સમજાઈ કે ક્રોધમાં પાપે તો માનવભવ, સાધુજીવન વગેરે હારી ગયો. આથી ચંડકૌશિક તુરત નિર્ણય લઈ, અભિગ્રહ કરીને મોઢું બીલમાં રાખી સ્થિર બન્યો. પ્રભુવીર તો કષ્ટ સહીને પણ એ જીવનું હિત ઈચ્છતા આગળ પ્રયાણ કરી ગયા. (ક્રમશઃ)

## ૨૫૦૦મા નિર્વાણોત્સવ નિમિત્તે રાજસ્થાનમાં બંધાનારી મોટી હોસ્પિટલ

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણોત્સવ વર્ષ દરમ્યાન પાલી પાસેના સુમેરપુર ગામે જાહેર ફાળા દ્વારા રૂા. બે કરોડના ખર્ચે એક હોસ્પિટલ બાંધવામાં આવનાર છે.

૫૦૦ બિછાના ધરાવતી આ હોસ્પિટલ પાલી, સિરોહી અને જાલોર જિલ્લાની જનતાને તબીબી સવલતો પૂરી પાડશે એમ સત્તાવાર અખબારી યાદીમાં જણાવાયું હતું.

હોસ્પિટલમાં કેન્સર અને અન્ય રોગની સારવાર માટે નિષ્ણાત ડોકટરોની સેવા ઉપલબ્ધ બનશે હોસ્પિ-ટલના મકાનનું બાંધકામ આ વર્ષના એકાગણરની રજીએ શરૂ થનાર છે.

# જૈન

જુદાજુદા સંપ્રદાયનાં, સંન્યાસીના કે ગૃહસ્થીઓનાં ચિહ્નો ધારણ કરીને મૂઢ લોકો માને છે કે, એવો વેષ ધારણ કરવો એ જ મોક્ષમાર્ગ છે પરંતુ બાહ્ય વેષ એ કાંઇ મોક્ષમાર્ગ નથી. જિનોએ તો સ્પષ્ટ જણાવ્યું છે કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ જ મોક્ષમાર્ગ છે.

—શ્રી કુંદકુંદાચાર્ય (સમયસાર)

જેઓ પોતાના મતની પ્રશંસા અને બીજાઓના મતની નિંદા કરવામાં જ પોતાનું પાંડિત્ય દેખાડે છે, તેવા એકાંતવાદીઓ સંસારચક્રમાં ભટકયા જ કરે છે, ● ભલે નગ્ન રહે, મહિના-મહિનાના ઉપવાસ કરે અને શરીરને દૂબળું અને જીર્ણ કરી નાખે, પણ જે ભીતરમાં દંભનું સેવન કરે છે, તે જન્મ-મરણના અનંત ચક્રમાં ભટકયા જ કરે છે ● જેવી રીતે અંધ માનવી, પ્રકાશ હોવા છતાં પોતે ચક્ષુ રહિત હોવાથી, રૂપ વગેરે કશું જોઈ શકતો નથી, તેવી રીતે પ્રજ્ઞા વગરનો માનવી પોતાની સામે શાસ્ત્રો હોવા છતાંય સત્યનું દર્શન કરી શકતો નથી.

—શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

वर्ष 72

अंक 31

પ્રમાદીને ચોમેરથી ભય છે અને અપ્રમાદીને કોઈ દિશામાંથી ભય નથી હોતો. ● જે એકને (પોતાની જાતને) નમાવી જાણે છે તે સર્વને નમાવી-જીતી લે છે. ● જે મોહનો નાશ કરે છે તે બીજાં બધાં કર્મોનો ક્ષય કરે છે.

—શ્રી આચારાંગ સૂત્ર

## ક્ષમા
## વિશેષાંક

तार :-
जयमिक गिरीडीह 卐 फोन :- कार्यालय २०३ गिरीडीह
निवास : २ ,

प्रमुख अभ्रक व्यवसायी, एकसपोर्टस, एवं खान अधिपति

# सागरमल जैन

"सागर निवास"
पो. गिरीडीह जी. गिरीडीह (बिहार)

संबंध प्रतिष्ठान -

दी जय माईका स्पलाई कं. प्रा. लि. ६२ बेन्टिक स्ट्रीट, कलकत्ता
फोन : नं. २१-५०३० (प्रमुख कार्यालय)

जय पोलीमैस कं. प्रा. लि. ६२, बेन्टीक स्ट्रीट, कलकत्ता

चापाडागा कोल्ड स्टोरेज प्रा. लि. ६२ बेन्टीक स्ट्रीट, कलकत्ता
" " स्टोर्स मुक्तारपुर (हुगली)

श्री बैद्यनाथ माईका वकर्स प्रा. लि. ६२, बेन्टीक स्ट्रीट कलकत्ता

दी एलेकट्री माईका वकर्स प्रा. लि. ६२, बेन्टीक स्ट्रीट, कलकत्ता

: ब्रांच :

# दी जय माईका स्पलाई कं प्रा. लि.

| | | | |
|---|---|---|---|
| गीरीडीह | झुमरीतिलैया | गुडुर | भीलवाडा |
| जीला : गीरीडीह | जीला : हजारीबाग | जी. नेलोर | जी. भीलवाडा |
| (बिहार) | (बिहार) | (आंध्र प्रदेश) | (राजस्थान) |

# આળસ અને ઉદ્યમ : પ્રમાદ અને જાગૃતિ

નીતિશાસ્ત્રકારોએ આળસને દુશ્મન અને ઉદ્યમને મિત્રની ઉપમા આપી છે. તે માનવીના સમગ્ર જીવન, પતન અને એના ઉત્કર્ષનો ખ્યાલ રાખીને આપી છે. બીજા બહારના દુશ્મનો તો જ્યારે એમને અવકાશ કે અવસર મળે ત્યારે છાપો મારીને અહિત કરે છે અને નુકશાન પહોંચાડે છે; પણ માનવીના શરીર અને મનના અણુ અણુ સાથે એકરૂપ થઈ ગયેલ આળસ તો એવો વિલક્ષણ અને ખતરનાક દુશ્મન છે કે જે, જીવલેણ ક્ષયરોગના જંતુઓના ટોળાની જેમ, પળે પળે માનવીના હીર અને તેજને ચૂસી લઈને એને નિરાશ, નિસ્તેજ અને નિષ્ક્રિય બનાવી દે છે. પરિણામે, અંધ માનવીને માટે જેમ દુનિયા આખી અદ્રશ્ય બની જાય છે એમ, એને માટે વિકાસ, ઉન્નતિ કે ઉત્કર્ષના દરવાજા બિડાઈ જાય છે; અને છેવટે એ માનવજીવનનો સારમાત્ર ગુમાવી દઈને પશુઓના જેવું અથવા એમના કરતાં પણ વધારે હલકી કોટીનુ જીવન જીવે છે!

હાથમાં આવેલ સોનેરી અવસરને જાણીબૂઝીને ગુમાવી દેવાની જેમ પોતાના જીવનની આવી અવદશા થવા ન પામે અને પોતાની શકિત-બુધ્ધિનો વધારેમાં વધારે વિકાસ અને જગકલ્યાણ માટે ઉપયોગ થઈ શકે એનો સૌથી પહેલો ઉપાય છે સતત ઉદ્યમશીલતા, અથવા અખંડ જીવન જાગૃતિ. આ આળસ અને ઉદ્યમપરાયણતાને જ ભગવાન તીર્થંકરે પ્રમાદ અને અપ્રમાદ તરીકે ઓળખાવેલ છે. અને પ્રમાદના કાળા પડછાયાથી પળેપળ બચવાનું અને જીવનના એક એક અંશ અને એક એક ક્ષણને અપ્રમાદ-અપ્રમત્ત દશા–અખંડ જાગૃતિના પ્રકાશથી આલોકિત કરવાનું ફરમાવ્યુ છે. સતત અપ્રમત્ત રહીને ધર્મ, અને મોક્ષ માટે પુરુષાર્થ કરનાર સાધક જીવનસિધ્ધિ અને જગકલ્યાણની દિશામાં જે સફળતા મેળવે છે તે અપૂર્વ હોય છે. એટલા માટે જ શ્રમણ ભગવાન મહાવીરે પ્રથમ ગણધર ગુરુગૌતમસ્વામીને અને એમની મારફત સમગ્ર માનવજાતને પળમાત્ર જેટલો પણ પ્રમાદ ન સેવવાનું ઉદ્બોધન કર્યું છે. રજમાત્ર જેટલી પણ બેદરકારી કરી કે આત્માનુ અહિત કરનારા દુશ્મનો કે ચોરો અંદર પ્રવેશી ગયા જ સમજો!

પણ પ્રમાદનુ આવુ ખતરનાકપણું અને અપ્રમાદનું આવું ઉપયોગીપણુ અને ઉપકારીપણું સમજવું, કદાચ અતિ મુશ્કેલ નહી હોય, પણ એનુ આચરણ કરવું, એ તો ખૂબ મુશ્કેલ છે. પણ મુશ્કેલીનો સામનો કર્યા વગર અને તકલીફોને વેઠયા વગર કોઈપણ મોટી સિધ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી એ પણ એટલુ જ સાચું છે. બગાસું ખાતા સાકરનો ટુકડો મોઢામાં આવી પડે, એની જેમ અનાયાસે કે ઓછા પ્રયાસે કોઈ સફળતા મળી જાય તો એનું મૂલ્ય પણ કેટલું અને સ્થાયી રહેવાપણું પણ કેટલું? એ તો બધું પાણીના પરપોટા જેવું અલ્પજીવી જ નીવડવાનું! પોતાની સાધનાને અખંડ અપ્રમત્તતાના દિવ્ય રસાયણથી રસી દેવા માટે ભગવાન મહાવીરે તથા એમના જેવા આત્મસાધક વીરોએ કેવાં કેવાં કષ્ટો સામે આસીન, સ્વસ્થતા પૂર્વક અને અદીનભાવે સહ્યા હતા!

અપ્રમાદની આરાધના કરીને આત્માને અનાદિકાળથી વળગેલાં ઘેરાં અંધારાને ઉલેચીને પ્રકાશની દિશામાં ફેરી જવાનો સાચો અને સફળ રાજમાર્ગ ભગવાને પોતાની આત્મસાધના અને જાતઅનુભવના બળે આપણને બહુ જ ટૂંક ઉપદેશમાં છતાં બહુ જ સ્પષ્ટ રૂપમાં સમજાવી દીધો છે. એ માર્ગ છે જીવનને અહિંસા સંયમ અને તપની સાધના માટે સમર્પિત કરી દેવાનો મોહ, માયા, મમતા, સંપત્તિ, સાહ્યબી અને ભોગવિલાસની કામનાનો ત્યાગ કરીને તપ, ત્યાગ, વૈરાગ્ય, સંયમ અને કષ્ટ સહન ( તિતિક્ષા ) ના માર્ગનો સમજણ અને હર્ષપૂર્વક સ્વીકાર કરવો એ જ પ્રભુને પામવાનો અર્થાત્ પોતાના આત્મામાં અમર પરમાત્મભાવને જાગ્રત કરવાનો રાજમાર્ગ છે. એ રાજમાર્ગે ચાલવાનું સંકલ્પબળ આપણને મળે અને પ્રમાદ–આળસથી બચવાની તથા ઉદ્યમ–જાગૃતિને અપનાવવાની બુદ્ધિ આપણામાં જાગે એવી અંતરથી પરમકૃપાળુ, અને જગઉપકારી પરમાત્માને પ્રાર્થના કરીએ. "આપ સમાન બળ નહીં" એ સનાતન નીતિ વાકયનો આશ્રય એ જ સિદ્ધિનો સાચો ઉપાય છે, એજ આ કથનનો ભાવ છે.

REGD. No. G. BV. 20

'જૈન' સાપ્તાહિક ભાવનગર (ગુજરાત)
વા. લવાજમ રૂા ૧૫

વીર સંવત ૨૫૦૧
વિક્રમ સંવત ૨૦૩૧
શ્રાવણ વદિ ૧૧
તારીખ ૨-૯-૭૫
મંગળવાર

વર્ષ ૭૨
સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
અંક ૩૧







# ક્ષમાપનાનો ખરેખરો અવસર

પર્યુષણ મહાપર્વ આખા વર્ષમાં આવતો ધર્મની આરાધનાનો અપૂર્વ અને અમૂલ્ય અવસર લેખાય છે. અને પોતાની શક્તિ-અશક્તિની ઝાઝી ચિંતા કે વિમાસણમાં અટવાયા વગર, જે રીતે બની શકે તે રીતે, વિધવિધ માર્ગોએ આત્મધર્મની સાધના કરવાની માનવીને પ્રેરણા મળે એ એનો હેતુ છે. એટલે જ તો, અન્ય દિવસોમાં ધર્મની આરાધના પ્રત્યે ઉદાસીનતા સેવનાર અથવા તો ઓછી ધર્મક્રિયા કરનાર વ્યક્તિ પણ આ દિવસોમાં વધુ નહીં તો છેવટે થોડા પ્રમાણમાં પણ ધર્મના અમૃતનો આસ્વાદ લેવા પ્રયત્ન કરે છે. અને જેઓના અંતર ધર્મશ્રદ્ધા અને ધર્મરુચિના રંગે વિશેષ રંગાયેલાં હોય છે, તેઓ તો મન-વચન-કાયાના પૂર્ણયોગથી આ મહાપર્વની આરાધનામાં મગ્ન બનીને આત્મસાધનાનો વધુમાં વધુ લાભ લેવા પ્રેરાય છે. આ મહાપર્વના દિવસોમાં અને એની આસપાસના સમયમાં લાંબી અને આકરી કેટલી બધી તપસ્યાઓ આબાલવૃદ્ધ સંઘસમુદાયમાં થાય છે!

આ રીતે આ મહાપર્વનો મહિમા અનેક રીતે પ્રવર્તે છે. અને એની આરાધના પણ અનેક રીતે કરવામાં આવે છે. વળી, દાન, અહિંસા, જીવદયા-અમારિ જેવાં સત્કાર્યો પણ આ દિવસોમાં સારા પ્રમાણમાં થાય છે. વર્ષના ૩૬૦ દિવસોમાં આ આઠ દિવસ કંઈક જુદી જ ભાત પાડી જાય છે તેમ જ આત્માને અજવાળવાની કંઈક જુદી જ વાત કહી જાય છે.

આ બધા ઉપરાંત આ મહાપર્વનો મહિમા એના ટોચ-શિખરે પહોંચે છે એની ક્ષમાપનની ભાવનાથી પરિપૂત બનેલ પ્રતિક્રમણની ભાવનામાં તપ, ત્યાગ, સંયમ, વૈરાગ્ય અને

ધર્મમય આચરણ માટે નક્કી કરેલા અનેકવિધિ-નિષેધોને કારણે જૈન ધર્મ ઈતર ધર્મોથી જુદો પડે છે. એ દેખીતું છે. અન્ય ધર્મના પર્વ દિવસોમાં મોટે ભાગે, આનંદ ઉત્સવ અને ખાન-પાનનો આશ્રય લેવામાં આવે છે, ત્યારે જૈનધર્મે દર્શાવેલ પર્વોનો હેતુ મોક્ષ જેવા અનાહારી (જ્યાં ખાનપાનની જરૂર જ ન પડે એવા) પદની પ્રાપ્તિની દિશામાં આગળ વધવાનો હોવાથી એ દિવસોમાં શ્રીસંઘ અહિંસા-સંયમ તપમય ધર્મની આરાધના વિશેષ અને વ્યાપક રૂપે કરે છે, એ પણ સુવિદિત છે. પણ જૈનધર્મે પ્રબોધેલી ક્ષમાપના પ્રધાન પ્રતિક્રમણની આરાધના એ તો એની આગવી અને અને સર્વશ્રેષ્ઠ વિશેષતા છે.

ભગવાન તિર્થંકરે "હું બધા જીવોને ખમાવું છું અર્થાત જે કોઈ જીવોએ મારા તરફ ભૂલભરેલ વિચાર-વાણી-વર્તનનો પ્રયોગ કર્યો હોય, એમના એ દોષને હું ભુલી જાઉં છું, મારાથી જાણતાં-અજાણતાં કોઈપણ જીવનો મન-વચન-કાયાથી અપરાધ સેવાઈ ગયો હોય એમની હું અંતઃકરણથી માફી માગું છું; મારે વિશ્વના સમસ્ત જીવો સાથે મૈત્રી છે અને વૈર-વિરોધ કોઈના પ્રત્યે નથી" એવી ઉદાત્ત આજ્ઞા આપી છે, અને "જે ક્ષમાપના કરી જાણે છે તે આરાધક છે અને જે ખમાવી જાણતો નથી તે આરાધક નથી" એમ કહ્યું છે તે આ વાતનું જ સમર્થન કરે છે. બીજાની ભુલોની માફી આપનાર-એ ભુલોને ભુલી જનાર-આત્મા ઉદારતા, ખેલદિલી અને ડંખરહિતપણા જેવા ગુણોને કેળવીને અને બીજા પાસે પોતાની ભુલોની માફી માગનાર આત્મા નમ્ર, સત્યપરાયણતા અને જીવનશોધન જેવી સદ્ગુણોનો આદર કરીને પોતાની જાતને ઉન્નત કરે છે. રાગ-દ્વેષ, કષાયો અને પાપના પુંજ સમાં અવ્રતોની માયા-જાળમાંથી મુક્ત બનીને સમભાવને સિધ્ધ કરવાનો અને એ દ્વારા છેવટે સિધ્ધિપદસુધી પહોંચવાનો આ જ રાજમાર્ગ છે.

વળી, જૈન સાધનામાં જેટલું મહત્ત્વ ક્ષમાપનાની ભાવનાનું છે, એટલું જ મહત્ત્વ પ્રતિક્રમણની ભાવનાનું છે પોતાના હાથે જે કંઈ અકાર્ય કે દોષો, જાણતાં કે અજાણતાં, થઈ ગયાં હોય, એ આત્માના નિજસ્વરૂપ કે સ્વભાવને રૂંધી નાખીને એને કર્મોના કચરાથી મલિન અને ભારબોજવાળો બનાવી દે છે. એટલે આ દોષોને શોધવા-સમજવા-સ્વીકારવાનો પ્રયત્ન કરીને, અંતરમાં પશ્ચાત્તાપની પાવક જ્વાળા પ્રગટાવીને અને છેવટે એનું સમજ અને હર્ષપૂર્વક પ્રાયશ્ચિત્ત કરીને એ દોષો કે અકાર્યોને અને એની અસરને નાબૂદ કરવાનો પુરુષાર્થ કરવામાં ન આવે તો આત્મશુધ્ધિ કે આત્મસાક્ષાત્કારરૂપ વિશિષ્ટ લાભ મળે જ કૈવી રીતે? આત્માને હળવો અને વિમળ કરવાનો આવો પુરુષાર્થ એનું નામ જ પ્રતિક્રમણ-દોષમય પ્રવૃત્તિથી પાછા હઠવાની ક્રિયા-છે. એટલે ક્ષમાપના અને પ્રતિક્રમણ એ જૈન ધર્મે ઉદ્બોધેલી આત્મસાધનારૂપ રથનાં બે ચક્રો છે. કદાચ એમ કહી શકાય કે એ બન્ને એકબીજાનાં પૂરક છે. અને આથી પણ આગળ વધીને કહેવું હોય તો કદાચ એમ પણ કહી શકાય કે આ બેમાં ક્ષમાપનાની ભાવનું સ્થાન એવું વિશિષ્ટ છે કે એને અપનાવ્યા વગર ન તો સાચું પ્રતિક્રમણ કર્યું કહેવાય કે ન તો પ્રતિક્રમણની ભાવના સાચા અર્થમાં ચરિતાર્થ થઈ શકે. આટલો બધો અસાધારણ મહિમા છે જૈન શાસનમાં ક્ષમાપનાની ભાવનાનો.

આ થઈ ક્ષમાપના અને પ્રતિક્રમણની ભાવનાની થોડીક તાત્ત્વિક વિચારણા.

❋

ક્ષમાપના અને પ્રતિક્રમણ જેવી આત્મલક્ષી ક્રિયાની પાછળ રહેલી ભાવનાના આટલા તાત્ત્વિક નિરૂપણના પ્રકાશમાં અમારે શ્રી તપગચ્છ જૈન સંઘને કંઈ કહેવું છે; અને આવી

મહત્ત્વની, અગત્યની અને પર્યુષણ મહાપર્વની આરાધનાની પાયારૂપ બાબત તરફ લાગતા-વળગતાનું ધ્યાન દોરવું એજ અમારી આ નોંધનો હેતુ છે. ત્યારે હવે એ મૂળ વાત જ ટૂંકમાં કરીએ.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ કલ્યાણકને ગયા વર્ષે પચીસસો વર્ષ પૂરાં થયાં. કોઈક સારા પ્રસંગ કે કાર્યને ૨૫, ૫૦ કે ૧૦૦ વર્ષ પૂરાં થાય તો તે અવસરને એક આનંદ અને ગૌરવનો અવસર લેખીને એની પ્રસંગને અનુરૂપ નાની મોટી ઉજવણી કરવામાં આવે છે આ દૃષ્ટિએ પરમાત્મા મહાવીરદેવના પચીસસોમાં નિર્વાણ કલ્યાણક વર્ષનો અવસર હતો; એટલે ભગવાન મહાવીરના સર્વકલ્યાણકારી જીવન અને કાર્ય તથા જૈન ધર્મના ગૌરવને અનુરૂપ આ પ્રસંગની વ્યાપક અને શાનદાર ઉજવણી કરવાની ભાવના સમસ્ત જૈન સંઘમાં-બધાય ફિરકાના જૈનસંઘોમાં જાગી ઊઠે એ સ્વાભાવિક છે. અને તેથી આવો અનોખો અને મહાન અવસર કેવળ જૈનસંઘોના ધોરણે જ નહીં, પણ વ્યાપક જનસમુદાયના ધોરણે, રાષ્ટ્રીય ધોરણે તેમ જ શકય હોય તેટલા પ્રમાણમાં આંતરરાષ્ટ્રીય ધોરણે પણ ઊજવાય એ રીતે ઉચિત તેમ જ જરૂરી હતું

આ પ્રમાણે આ પ્રસંગની ઉજવણી કરીને જૈન ધર્મશાસનની પ્રભાવના કરવા માટે અને જૈન સંઘનું ગૌરવ વધારવા માટે દેશભરના બધાય ફિરકાના જૈન સંઘોમાં ભારે ઉત્સાહ પ્રગટ્યો હતો અને સૌ આ મહાન કાર્ય માટે તન-મન ધનથી કામે લાગી ગયા હતા. દેશની કેન્દ્ર સરકાર તથા પ્રાદેશિક સરકારોએ પણ આ અવસરને પોતાપણાની મહોરછાપ મારી હતી. અને એ રીતે આ પ્રસંગને સમસ્ત પ્રજાના એક પુણ્ય પ્રસંગ તરીકેનું અસાધારણ ગૌરવ અને બહુમાન મળયું છે. આવી બધી પૂર્વ તૈયારી અને ભગવાન તીર્થંકરના ઉદાર, ગુણગ્રાહી અને સત્યગ્રાહક અનેકાંતદૃષ્ટિને શોભાવે એ રીતે દેશ-વિદેશમાં આ અવસરની કેટલી ભવ્ય અને વ્યાપક ઉજવણી થઇ અને હજી પણ થઈ રહી છે એ સુવિદિત છે.

આ બધું છતાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના તપગચ્છના એક વિભાગને આ પ્રસંગની આવા પ્રકારની ઉજવણીમાં ભાગ્યે જ રસ હતો; અને જેમને આપણે જગતના ગુરૂ અને જગતના ઉદ્ધારક માનીએ છીએ એવા વિશ્વવત્સલ ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીય ધોરણે ઉજવણી થાય એની સામે તો એમનો હાડોહાડ વિરોધ હતો એ પણ જાણીતું છે.

કોઈ પણ કાર્યમાં સાથ આપવો કે ન આપવો અથવા એનો વિરોધ કરવો, એ દરેક માનવીના અધિકાર અને અખત્યારની વાત છે એ વાતનો ઇન્કાર ન કરીએ તો પણ વિરોધ માટેની પ્રવૃત્તિમાં, અને તેમાંય ધર્મશાસનની રક્ષાના નામે જગાવવામાં આવતા વિરોધમાં અને એ માટે આદરવામાં આવેલી પ્રવૃત્તિમાં, શિષ્ટતા, સત્ય અને સંયમની ભાવનાની ઉપેક્ષા ન થઇ જાય એટલી અપેક્ષા તો જરૂર રાખી શકાય.

પણ તપગચ્છના આ વર્ગે-આ વર્ગમાં સામેલ થયેલ ચતુર્વિધ સંઘની નાની-મોટી વ્યક્તિઓએ-પોતાના આ વિરોધને જે વિકરાળ રૂપ આપ્યું હતું, પોતાના મમત અને કદાગ્રહને સામા પક્ષ ઉપર ઠોકી બેસારવા માટે જેહાદ જેવી જે બેફામ અને કાનૂની ચળવળ ઉપાડી હતી અને પોતાની શરણાગતિ અને પોતાની બાલીશ માન્યતાઓને નહીં સ્વીકારનાર શ્રમણ સંઘ તથા શ્રાવક સંઘની સંઘસામાન્ય તેમ જ સામાન્ય વ્યક્તિઓ સામે, વિવેક-વિનય-શિષ્ટતાની બધી મર્યાદાઓને જાકારો આપીને જે આક્ષેપબાજી શરૂ કરી હતી, એ તો જૈન

સંઘના બે ત્રણ હજાર વર્ષના ઇતિહાસમાં બેનમૂન કહી શકાય એવી જલદ હતી. આ માટે આ વર્ગના હાથી બનેલ શ્રીમંતોએ લાખો રૂપિયાનો, પાણી કરતાં પણ સસ્તા મૂલ્યે કેવો ઉપયોગ કર્યો હતો? અને ખરી કરુણતા અને દારૂણતાની વાત તો એ છે કે આ બધું જૈનશાસનની રક્ષાના બહાને કરવામાં આવ્યું છે–ધર્મના પાયાના સિદ્ધાંતો ઉપર જ કુહાડાનો ઘા કરીને આવું બધું આચરવામાં આવ્યું છે!

છેલ્લાં બેએક વર્ષ દરમ્યાન, આ ઉજવણીનો સમય જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ, આ વિરોધે ઉત્તરોત્તર કેવું ઉગ્ર અને બેહૂદું રૂપ ધારણ કર્યું હતું એ સૌએ નજરે જોયું છે. અમે તો એ પણ જોયું છે કે આ વિરોધને વ્યાપક અને અસરકારક બનાવવાની ઘેલછામાં સંયમની, વ્રતો–મહાવ્રતોની આજીવન સ્વીકારેલ સામયિકની પ્રતિજ્ઞાની, અરે ખુદ જિનેશ્વરદેવની આજ્ઞાની વિરાધના કરવાની હદે પહોંચી જવામાં પણ પાછું વાળીને જોઈ શકાયું ન હતું! ગણપતિની સુંદર મૂર્તિના બદલે વાનરની બિહામણી આકૃતિ જ રચાઈ ગઈ હતી.

ઇચ્છીએ અને પ્રાર્થીએ કે જીવનશુદ્ધિ જેવા પર્યુષણ મહાપર્વના પ્રસંગે આવા બધા દોષો–સ્ખલનો પોતું અવલોકન–નિરીક્ષણ કરવાની તથા પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત કરવાની ધર્મબુદ્ધિ આપણામાં જાગે અને આપણે મન–વચન–કાયાથી ક્ષમાપના કરીને મનના મેલને દૂર કરવા અને સાંવત્સરિક પ્રતિક્રમણની વ્યાપક ધર્મભાવનાને જીવન સાથે એકરૂપ બનાવીને આપણા માનવજીવનને ચરિતાર્થ કરવા જાગ્રત અને પ્રયત્નશીલ બનીએ.

---

## સામયિક સ્ફુરણ

### ફાંસીની સજા રદ થાય તો કેવું સારું!

આપણા મહાન જ્ઞાની આત્મસાધકોએ જ્યારે એમ કહ્યું કે "બધાય જીવો જીવવાને જ ઇચ્છતા હોય છે અને મરણ તો કોઈને પણ ગમતું હોતું નથી" ત્યારે એમણે વિશ્વના કુંથવાથી લઈને કુંજર સુધીના નાના-મોટા કલેવરધારી સર્વ જીવોની તેમ જ એકેંદ્રિય જીવોની પણ ભાવનાનું દર્શન કરાવ્યું હતું અને એ ભાવનાને ન્યાય આપવા અહિંસા, કરુણા ને અમારિ પ્રવર્તન જેવી કલ્યાણકારી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને આવકારવાનું ઉદ્બોધન કર્યું હતું. આ માર્ગ વિશ્વમાં સુખ અને શાંતિનો પ્રસાર કરવાનો ઉત્તમ માર્ગ છે.

જીવનું મૃત્યુ પાંચ રીતે થાય છે: રોગ વગેરેને કારણે કુદરતી રીતે આયુષ્ય પૂરું થાય તે સહજ-મરણ. આ સિવાયના બાકીના ચારે પ્રકાર દેખીતી રીતે અકુદરતી કહી શકાય એવા છે, જે આ પ્રમાણે છે: અકસ્માતથી; આપઘાતથી; ખૂનથી અને ફાંસીથી, જોકે ઝીણવટભરી તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો આવા મૃત્યુની પાછળ પણ કર્મના અને કુદરતનો કોઈ નિયમ જ કામ કરતો હોય છે; અને છતાં એની સામે પાળ બાંધીને જીવને દુઃખ અને મરણમાંથી બચાવી લેવાની ભાવના અને પ્રવૃત્તિમાં જ માનવની ધર્મભાવના સફળ થઈ શકે છે એમાં શક નથી.

અકુદરતી મૃત્યુના ઉપર સૂચવેલ ચાર પ્રકારોમાંથી અકસ્માત, આપઘાત અને ખૂન તો એવા માર્ગો છે કે એને રોકવાનું ભાગ્યે જ શક્ય બની શકે છે. પણ ફાંસીના માચડે ચડાવીને માનવીને મૃત્યુના મોંમાં ધકેલી દેવાની કામગીરી એવી છે કે જે માનવી જરૂર અટકાવી શકે. જેમ આપઘાતના પ્રયાસને શિક્ષાત્મકગુનો ગણવા છતાં છેક પ્રાચીનકાળથી તે અત્યારસુધી આત્મઘાતને ન અટકાવી શકાયા નથી, તેમ અમુક ગુનાઓને કાયદાની પોથીમાં ફાંસીને માચડે ચડાવીને જાન લેવા જેવી અતિ ઉગ્ર અને અંતિમ કોટિની સજાને પાત્ર હજારો વર્ષોથી લેખવામાં આવેલ હોવા છતાં ન તો માનવી આવા ગુનાઓ કરતાં અટક્યો છે કે ન તો આવા ગુનાઓનું પ્રમાણ ઓછું થયું છે એ એક હકીકત છે. જે

અકાર્ય માનવીની ઉશ્કેરાયેલી લાગણીમાંથી જન્મતું હોય એને કોણ કેવી રીતે રોકી શકે? અને કયા માનવીમાં કયારે કેવા રાગ-દ્વેષ અને કષાયોનો આવેગ જાગી ઊઠે અને એના આવેશમાં સપડાયેલો માનવી કયારે કેવું અકાર્ય કરી બેસે એનું શું કહેવાય? એટલે મોટા ગુનાઓને રોકવા માટે સ્વીકારવામાં આવેલી ફાંસીની સજા એ કાર્યમાં ભાગ્યે જ સફળ થઈ શકી છે, એ નગદ સત્યને ધ્યાનમાં લઇને ફાંસીની સજા રદ કરવામાં આવે, તો એથી દુનિયાને કશું નુકસાન નથી થવાનું; ઊલટું, આ સજાની નાબૂદી થવાથી મોતમાંથી ઊગરી જનારા માનવીઓમાંથી કોઈકના પણ અંતરમાં માનવતાની લાગણી જાગી ઊઠે અને એ પોતાના જીવનને સુધારવા અને દુનિયાની ભલાઇ કરવા પ્રેરાય એ ઘણો મોટો લાભ થવાનો.

આ માગણીને અત્યારે વ્યવસ્થિત રીતે અને ભારપૂર્વક રજૂ કરવાનુ એટલા માટે વિશેષ ઉચિત છે કે અત્યારે અહિંસા અને મહાકરુણાના અવતાર શ્રમણ ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ કલ્યાણકની ઉજવણીનું ઐતિહાસિક વર્ષ ચાલી રહ્યું છે. જો આ ઉજવણી નિમિત્તે આપણા દેશની કાયદાપોથીમાંથી ગુનેગારને ફાંસીની સજા કરવાની જોગવાઇ નાબૂદ કરવામાં આવે તો તેથી આ ઉજવણી ઘણી જ ગૌરવશાળી અને ઉપકારક બની શકે અને આવા પુણ્ય અવસરની ઉજવણીનું કાયમને માટે એક સોનેરી સંભારણું રહી જાય.

થોડા વખત પહેલાં ઉત્તર પ્રદેશ રાજ્યની મહાવીર નિર્વાણ સમિતિની બેઠક લખનૌમાં મળી તે વખતે ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી શ્રી હેમવતીનંદન બહુગુણાએ ફાંસીની સજા રદ કરવા જેવી મહત્ત્વની બાબતનું સૂચન કરતાં કહ્યું હતું કે "ભગવાન મહાવીરને સાચી શ્રદ્ધાંજલિ તો એ જ કહેવાય કે આપણે નિર્વાણ વર્ષ દરમ્યાન મૃત્યુની– ફાંસીની સજા પામેલ ગુનેગારોની એ સજાને આજીવન કેદની સજામાં ફેરવાવીને એમને અભયદાન આપીએ." વિશેષમાં એમણે સભાને એ વાતની પણ જાણ કરી કે "કેન્દ્ર સરકારે ઉત્તર પ્રદેશ મહાવીર નિર્વાણ સમિતિની એ ભલામણનો સ્વીકાર કર્યો છે કે દેશમાં જે ગુનેગારોને જુદી જુદી અદાલતોએ, તા. ૧૩-૧૧-૭૪ કે તે પછી, મોતની સજા કરી છે, એમની એ સજાને જન્મટીપ–આજીવન કેદના રૂપમાં ફેરવી નાખવામાં આવે, સરકારનો આ નિર્ણય અભિનંદનને પાત્ર છે."

જેમના માથે મોતની સજા લટકતી હતી તેમને સરકારના આ નિર્ણયથી કેટલો બધો આનંદ થયો હશે, એ તો તેઓ જ જાણી–કહી શકે. પણ બીજાઓ પણ આ સમાચારથી નિરવધિહર્ષ અનુભવશે એમાં શક નથી, તેમાંય પરમાત્મા મહાવીર દેવના પચીસસોમા નિર્વાણ કલ્યાણકની ઉજવણીના વર્ષમાં અને એજ નિમિત્તે આપણા માનવબંધુઓને બચાવવાનું આવું મોટું ધર્મકાર્ય થયું, તેથી જૈન સંઘ વિશેષ આહલાદ અને ગૌરવની લાગણી અનુભવે એ સ્વાભાવિક છે.

અહીં એક વાતની યાદ આપવી ઉચિત છે કે થોડાક વર્ષ પહેલાં બહારના કેટલાક દેશોમાં તેમજ આપણા દેશમાં પણ કાયદાપોથીમાંથી ફાંસીની સજાને રદ કરવા સંબંધી ગંભીર વિચારણા કરવામાં આવી હતી; અને ઈંગ્લેંડે તો અમુક મુદત માટે એ રદ પણ કરી હતી. પછીથી ત્યાં આનું શું થયું અને બીજા દેશોએ આનું અનુકરણ કર્યું હતું કે કેમ તે જાણી શકાયું નથી. પણ ઊંડે ઊંડે એમ લાગ્યા જ કરે છે કે અહિંસાના અવતારી મહાપુરૂષના નિર્વાણ મહોત્સવની ઉજવણી નિમિત્તે અને એના કાયમી સંભારણા રૂપે, ફાંસીની સજા સદાને માટે નાબુદ થઈ જાય તો કેવું સારું! આ દિશામાં આપણા પ્રભાવશાળી આચાર્ય મહારાજો વગેરે સંઘનાયકો તથા વગદાર આગેવાનો મનદઇને પ્રયત્ન કરે એ જ અભ્યર્થના.

## દુર્ગુણવર્ધક એ ચતુર્ભંગીનો હવે તો અંત આવે!

આ વાત અમે બહુ ગંભીર ભાવે કહેવા નથી ઇચ્છતાં, છતાં ધર્મ અને સંઘની હિતની દૃષ્ટિએ કહેવા જેવી લાગવાથી સંક્ષેપમાં કહીએ છીએ; અને લાગતા-વળગતાઓ આને થોડું લખ્યું ઘણું કરી

જાણે એમ ઈચ્છીએ છીએ.

આમ તો પોતાનો ગુણ જોવાની અને બીજાનો દોષ શોધવાની કમજોરી માનવીને આદિ કાળથી વળગેલી છે. પણ નિર્વાણમહોત્સવની રાષ્ટ્રીય ઉજવણી સામેના વિરોધને લીધે તો આ કમજોરીએ માઝા મૂકીને અવગુણપોષક ચતુર્ભંગીનું શોચનીય રૂપ ધારણ કર્યું હતું આ ચતુર્ભંગી એટલે (૧) પોતાના અને જેઓ પોતાના પક્ષના હોય એમના મોટા દોષની પણ ઉપેક્ષા કરવી; (૨) એમના નાના ગુણને પણ મોટા કરી બતાવવો; (૩) પોતાના વિરોધીઓના મોટા ગુણોની પણ ઉપેક્ષા કરવી; અને (૪) એમનામાં કલ્પિત દોષોનું આરોપણ કરીને કે એમના નાના સરખા દોષને પણ મોટું રૂપ આપીને એમની પેટ ભરીને નિંદા કરવી.

આને લીધે સંઘને અને ઊછરતી પેઢીને અપાર નુકશાન થયું છે. હવે આ અવળી અને અવગુણભરી દૃષ્ટિ અને વૃત્તિનો અંત આવે એમ પ્રાર્થીએ.

---

પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મ. સા.

# આત્માનું ઓજસ્

હું ઘણી વખત પૂજ્યપાદ ગુરુમહારાજશ્રી ધર્મધુરન્ધરસૂરીશ્વરજી મહારાજ સાહેબને પૂછતો કે વર્તમાનમાં કોણ ગીતાર્થ? અને એનું લક્ષણ શું? ત્યારે તેઓ પૂજ્યશ્રી ફરમાવતા કે જે વ્યક્તિ ગીતાર્થ હોય તેને માટે અન્ય આત્માઓને ગીતાર્થની પ્રતીતિ થાય અને આગમના જાણકાર હોય. આ વાત પૂજ્યપાદના નાદુરસ્ત સ્વાસ્થ્યના સમયે સુખશાતા અર્થે ત્યાગી આત્માઓને આવતા પત્રથી જણાય છે

સમર્થ વિદ્વાન, ગીતાર્થ, અનેરી સમતાના ધારક, શાન્ત, નિરાભિમાની, પ્રતિભાશાળી, સમયાનુસાર કરવા યોગ્ય કર્તવ્યોને કરવામાં સાવધ ન પૂજ્યપાદશ્રીના સ્વાસ્થ્યના સમાચાર જાણવાની ઉત્કંઠા નાના મોટા આત્માઓને જિજ્ઞાસા રહે એ સ્વાભાવિક છે

**પ્રારંભ**—ચાલુ સાલના કાર્તિક મહિનાથી પૂજ્યપાદશ્રીને શરદીનું જોર ઘણું રહેતું હતું...અને એ જોરના કારણે ઘણી વખત છાતીનાં ડાબા પડખામાં દુઃખાવા આવતું. વાપરવાની રુચિ પણ ઘણી ઓછી થતી. આ અવસ્થામાં એલોપથીથી દવા કરવામાં આવી. ઈંજકશનો તથા ટીકડીઓ વધુ પ્રમાણમાં વાપરવામાં આવી. શરદી દૂર ન થતા એ દવાના વિકારરૂપે ગળાના ડાબા પડખે ગાંઠરૂપે પ્રગટ થઈ હોય તેવું અનુમાન કરી શકાય દેશી ઉપચારોથી આ ગાંઠને મટાડવા માટે ભાવનગરના દિનેશભાઈ વૈદ્યની બાહ્ય ઉપચારરૂપ લેપ વગેરે ચાલુ કર્યાં. સામાન્ય ફેર જણાયો આ સમય દરમ્યાન પૂજ્યશ્રીના ભક્તવર્ગને તેમ જ સર્વને ચિંતાનો વિષય થઈ પડયો. વહેલી તકે બાયોપ્સી કરાવવા અંગે વિચારણા ચાલી. ભાવનગરથી કોળીયાકવાળા જયસુખભાઈ ડૉ. શેવરીયાને લઈને આવ્યા. ડૉકટરે તપાસ્યું અને બાયોપ્સી કરવા જણાવ્યું. સામે ચાતુર્માસિક પર્વના કારણે પૂજ્યશ્રીએ આગળ ઉપર વાત રાખી.

દિન-પ્રતિદિન વાત વધતીજતા અને દર્દનો નિર્ણય ન થતા, અનન્ય ગુરુભક્ત કોળીયાકવાળા ધરણીધરભાઈ મુંબઈથી ડૉ. પ્રફુલ્લ દેસાઈને લઈ આવ્યા. ઉપાશ્રયમાં તપાસી પાલીતાણાની જ માનસિંહ હૉસ્પિટલમાં બાયોપ્સી કરવાનો નિર્ણય થયો. તુરત પૂજ્યશ્રી તથા તેમના શિષ્યોએ ચાલવા માંડયું. અષાડ વદ ત્રીજના સાંજના પાંચને દસે ઓપરેશન થીયેટરમાં પ્રવેશ કર્યો અને બાયોપ્સીના નામે ગાંઠનો જેટલો ભાગ લેવાય તેટલો લઈ લીધો. આમ કરવાનું એક જ કારણ હતું કે પૂજ્યશ્રી ફરીથી ઓપરેશન કરાવે કે ન કરાવે તેનો સંદેહ હતો. ડૉ. પ્રફુલ્લ દેસાઈએ ખૂબ જ કાળજીપૂર્વક ઓપરેશન કર્યું હતું. આ સમયે ડૉ. શેવરીયા, ડૉ. દડીયા, ડૉ. હિંમતભાઈ, ડૉ. ડગલી, ડૉ. ઉપાધ્યાય વગેરે ઉપસ્થિત હતા. પૂજ્યપાદ આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિજી મ. સા. આદિ પૂજ્યો તથા સાધ્વીગણ તેમ જ ભક્તિવર્ગ-

અને ગામના સ્થાનીક સંઘના આગેવાનો વગેરે ઉપસ્થિત હતા. ઓપરેશન પુરૂ થયું અને પૂજ્યશ્રી બહાર પધાર્યા., જાણે કોઇની ખબર કાઢવા પોતે આવ્યા ન હોય એવું લાગતુ હતું. મહાપુરુષોની સમતા કેવી હોય તે આવે અવસરે ભાન થતું હતું. ડોળીનો ઘણો આગ્રહ કરવા છતા ચાલીને જ કેસરીયાજીનગર પધાર્યા.

સાંઠના રીપોર્ટમાં કેન્સરની શરૂઆત જણાયા પછી જલદીથી સારવાર કરાવવા અમદાવાદ કે મુંબઇ લઇ જવા માટે ભકતજનોએ મહારાજશ્રીને ઘણો ઘણો આગ્રહ કર્યો; પરન્તુ હાલ પોતાને સારુ હોવાને કારણે અને આયુર્વેદી ઉપચાર કેરાવવાની ભાવનાથી આયુર્વેદી ઉપચાર ચાલુ કર્યા છે. અમદાવાદવાળા વૈદ્ય બાબુભાઇ ભગુભાઇ જેઓ ચાતુર્માસ કરવા કેસરિયાજીમાં રહ્યા છે તેઓ ખૂબજ ભકિતભાવે ગુરુદેવશ્રીની દવા કરે છે શ્રાવણ સુદ ૫થી વ્યવસ્થિત ઉપચાર ચાલે છે અને પૂજ્યશ્રીને સારુ છે.


જીવરાજ એન્ડ વૃજલાલ

ગેલ્વેનાઇઝિડ પાઇપ્સ.
બ્રાસ ફીટીંગ્ઝ એન્ડ
હાર્ડવેર મરચન્ટસ.

૧૨૨, નાગદેવી સ્ટ્રીટ, મુંબઇ–૩

ફોન : ૩૨૫૧૩૮ તાર : "SANIPIPES"
૩૩૮૬૫૫


**અપ્રમત્તતા અને આશ્ચર્ય**—આવો રોગ હોવા છતાં ગુરુદેવશ્રી પોતાનાઆત્મ બળમાં ખુબ જ દૃઢ રહે છે. વિશિષ્ટતા તો એ છે કે વ્યાખ્યાન વાંચવાનું ચાલુ અને આ અસ્વસ્થતામાં પણ સંસ્કૃત શ્લોકબદ્ધ રણસિંહનું ચરિત્ર તથા ઉપદેશમાલાનો છન્દોબધ્ધ અનુવાદ કરે છે. વળી અધ્યાપન પણ બંધ નહિ. આવે સમયે તો આરામ વિશેષ લેવો જોઇએ એ સહુકોઇ જાણે છે, પરન્તુ મહાપુરુષો તો જ્ઞાન–ધ્યાનને જ આરામ માનતા હશે એવું જણાય છે. વળી આવા રોગોને દૂર કરવા મહાપુરુષો આધ્યાત્મિક દવાઓ પણ કરતા હોય! પૂજ્યશ્રીના શિષ્યો પણ યથાસમજણ સેવાભકિત, તપશ્ચર્યાદિ કરે છે. પૂજ્યપાદ, પરમોપકારી આચાર્યશ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મ. સા., પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. સા. પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરિજી મ. સા. પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયદેવસૂરિજી મ સા. આદિ તથા અન્ય ત્યાગી મહાત્માઓના સલાહસૂચનથી ભરેલા લાગણીપૂર્વકના પત્રો દ્વારા પૂજ્યશ્રીને અનેરો આનન્દ છે.

ડૉ. દફીયા, ડૉ હિંમતભાઈ, ડૉ આર. એન. શાહ તેમજ ડૉ બાલીશીએ પણ દર્દ સબંધી સેવાભકિતનો લાભ લીધો હતો.

સેવા કરવા માટે શંખેશ્વર પાર્શ્વનાથ પેઢીના ટ્રસ્ટીઓ તો ખડેપગે તૈયાર જ હોય છે. તેઓ અહીં જ છે. સુખશાતા પૂછવા ભાવનગર, મહુવા, તળાજા, બોટાદ, મુંબઇ વગેરે સંઘના તથા પાલીતાણાના સ્થાનિક સંઘના ભાઇઓ આવ્યા હતા અને આવ્યા કરે છે. પૂજ્યશ્રીને હાલ સારું છે અને વિશેષ સારુ થાય એવી સૌ કોઈ આપણે ભાવના રાખીએ

કેસરિયાનગર —મુનિ કુન્દકુન્દવિજય
પાલિતાણા

☆

# "ક્ષમા" – આરાધનાનું પ્રાણતત્ત્વ

લેખક : પૂ. મુનિરાજશ્રી પદ્મસાગરજી મ૦ સા૦

વીતરાગ પરમાત્માના શાસનમાં સાધનાનું પ્રાણ-તત્ત્વ મૌલિક તત્ત્વ–ક્ષમા છે. ક્ષમામાં સ્વીકાર છે, પ્રતિકાર નથી. જ્યાં પ્રતિકાર હોય ત્યાં સંઘર્ષની ચિનગારી સળગે છે. જ્યાં સંઘર્ષની જ્વાલા હોય ત્યાં સંસારનું આગમન છે, સંસારનું સર્જન છે. ક્ષમામાં સાધના છે, સાધનામાં સુગંધ છે જ્યાં ક્ષમા છે ત્યાં સમર્પણ ભાવ છે. સ્વીકારપૂર્વકનું સમર્પણ પરમ શક્તિનું અમોઘ સાધન બને છે.

વીતરાગની–પરમ તત્ત્વની–સાધના ક્ષમાથી થાય છે. મૈત્રીનું સાતત્ય રક્ષણ કરનાર ક્ષમા સિવાય અન્ય કોઈ નથી. જ્યાં ક્ષમા છે ત્યાં ઉન્નતિ છે, જ્યાં તે નથી ત્યાં દુર્ગતિ છે.

એક ત્યાગી પુરુષ એકવાર લુહારશાળામાં જઈ ચઢ્યા. ત્યાં જોયું તો એક ખૂણામાં કેટલાયે હથોડા ધૂળ ખાતાં પડ્યા હતા. તેમણે લુહારને પૂછ્યું : "આટલા બધા હથોડા અહીં શા માટે રાખ્યા છે ?"

લુહાર : "આ ટીપવાનું, કૂટવાનું કામ ચાલે છે, ત્યાં કોઈ દુર્ઘટના ન બની જાય તે માટે તેમને દૂર રાખ્યા છે."

ત્યાગી : પહેલાં તો તેઓ વડે પ્રહાર કરતા હશોને ?

લુહાર : "જી હા, પણ તેમ કરતાં તે તૂટી ગયા–બગડી ગયા."

ત્યાગી : "બરાબર, પ્રહાર કર્યો – પ્રતિકાર કર્યો અને તેમનું અસ્તિત્વ નષ્ટ થયું. પણ તેમણે પ્રહાર કર્યો ક્યાં ?"

લુહાર : "એરણ પર"

ત્યાગી : "એરણ તૂટી ગયેલ હશે !"

લુહાર : "ના, તે તો વધુ મજબુત બન્યા, શુદ્ધ બન્યા છે. તે તો એક જ રહેલ છે."

ત્યાગી : "જેણે પ્રહાર કર્યો તેઓ નાશ પામ્યા; જેઓએ પ્રહાર સહન કર્યો તે એરણ મજબુત બન્યું, શુદ્ધ બન્યું....તેવું જ સંસારમાં છે."

જે માણસ કષાયને અધીન થઈ પ્રતિકાર કરે, બીજાને પીડા દે છે ત્યાં સંસારની વૃદ્ધિ થશે, ત્યાં નિષ્ફળ સર્જન ... વિકૃત સર્જન થશે. એરણની માફક જે ક્ષમા આપે છે, તે સંસારનું વિસર્જન કરી શકે છે.

જે સ્વીકાર કરે છે તેમાં ક્ષમાનું તત્ત્વ હોય છે, ત્યાં સંસારનું વિસર્જન થઈ શકે છે. વિશ્વના દરેક


*With Best Compliments from*

ELITE OPTICAL INDUSTRIES

Manufacturers & Exporters of :

QUALITY SPECTACLE FRAMES

SIR SATHYA SAI NAGAR 31, MOUNT ROAD,

*GUINDY* MADRAS-32

દર્શનમાં– દરેક પ્રકારના વિચારમાં ક્ષમાનું મહત્વ જણાશે.

વીતરાગ પરમાત્માના ધર્મમાં –આરાધનામાં– ક્ષમા કેન્દ્રસ્થાને છે. ક્ષમા પર જ આરાધના આધારિત છે.

ક્ષમાની સાધના 'સ્વ'થી ઉત્પન્ન થઈ 'સર્વ'માં પરિપૂર્ણ તેમ જ પરિપકવ બને છે. સર્વમાં વ્યાપક બને છે. સર્વ પ્રાણીઓમાં તે વ્યાપ્ત બને છે. તેથી પ્રાણી શુદ્ધ બને છે.

મૈત્રીભાવનાના સતત રક્ષણ માટે અને સ્વભાવ-દશાની જાગૃતિ માટે ક્ષમા આવશ્યક છે. "મિચ્છામિ દુક્કડં" ક્ષમાનો અણુમોલ મંત્ર છે. પરનિંદા, ટીકા વગેરે સાધનાના કેન્સર છે. સાધના એટલે સ્વનિરીક્ષણ, જે એકને જોઈને અનેકને જુએ છે. ક્ષમા એ મહાન સાધના છે. ક્ષમા દ્વારા શક્તિનો વિકાસ થાય છે. ક્ષમા દ્વારા સારગ્રહણ શક્તિ પ્રાપ્ત થાય છે. ક્ષમાથી આત્માની સ્થિતિનું ભાન થાય છે. તે જ પ્રતિક્રમણ છે, તે જ સામાયિક છે. ક્ષમા ભાવ એ જ ધ્યાન છે. પરિપૂર્ણ ક્ષમાની સાધના એજ વિતરાગ દર્શન છે. આત્મા સ્વ-સ્થિતિમાં આવે છે ત્યારે પરમ આનંદનો સ્વમાં અનુભવ થાય છે. બીજા આત્માઓને જે દુઃખ થાય, પર પ્રાણીઓને જે વેદના થાય, તે પરપીડાનો સ્વમાં અનુભવ થાય ત્યારે તે જાત અનુભવ ( Practical ) બને છે. અન્યના દર્દનો સ્વમાં અનુભવ થાય તો તેમાંથી કરુણા જન્મે છે. તે કરુણા, મૈત્રીને વધુ વિકસિત કરનાર ક્ષમા છે.

ક્ષમા જ વિશુદ્ધ ક્ષમાપના છે, તે જ નિર્જરાનું શ્રેષ્ઠ સાધન છે. ભાવ પૂર્વક ક્ષમાની ઉપાસના વાસનાને–કષાયોને દુર કરે છે. તે મહાન દિવ્ય ઔષધિ છે. તે સર્વથા–સર્વદા સંસારના બધા રોગોને દુર કરનાર મહાન શક્તિ છે. ભાવોની નિર્મળતા ક્ષમા દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે.

સંસારના ક્ષય માટે ક્ષમા મુખ્યતઃ લક્ષણ છે. અપકારી આત્માઓ પર ઉપકારી દૃષ્ટિ એ જ ક્ષમાનો વ્યાવહારિક અર્થ છે. ઉપકારી પુરુષોના સતત ઉપકારનું સ્મરણ એ તીર્થંકર ભગવંતોના ઉપકારોનું સ્મરણ છે. વીતરાગની આજ્ઞાની વિરાધનાનો પશ્ચાતાપ માટે ક્ષમા છે, તે જ છે તીર્થંકર પરમાત્માની ભાવપૂર્વક ક્ષમાયાચના.


## દેરાસરમાં વપરાતી જર્મન સીલ્વરની સામગ્રી

અમારે ત્યાં હમેશાં હાજર સ્ટોકમાંથી મળશે.

* કળશ; ચંદનવાટકી, ફુલની રકાબી
* ફુલદાની, ધુપદાની, ફાનુસ
* આરતી–મંગળદીવા, પંખા
* ચામરદાંડી, પખાલકુંડી
* બાલદી, હાંડા વિગેરે

સ્ટેનલેસ સ્ટીલ તથા જર્મન સીલ્વરના વાસણો
ચાવી છાપ જોઈને જ ખરીદો. ☎ ૩૨૯૩૦૯

ચીમનલાલ છગનલાલ ● ૯૧, કંસારા ચાલ કાલબાદેવી, ● મુંબઈ–૨

'હે ભગવંત ! આપની આજ્ઞાથી જે કાંઈ વિરુદ્ધ થયેલ હોય તેની ક્ષમા કરો.' તે નિશ્ચય ક્ષમા છે. આત્માની દષ્ટિએ—સ્વની—દષ્ટિએ—સ્વની પ્રાપ્તિ માટે મોક્ષ-માર્ગની ઉપાસના—સાધનાની ભૂમિકા ક્ષમા છે.

સાધુજીવનથી શરૂ કરી શ્રાવકના જીવન સુધીની ભૂમિકા સમર્પણ પર રચાયેલ છે. જ્યાં સમર્પણ છે ત્યાં શ્રેષ્ઠતા છે,—સિદ્ધિ છે. અગરબત્તી પોતે બળી જઈ સુગંધ અર્પે છે, પોતાનું સમર્પણ કરી અન્યને સુગંધ—સૌરભ બક્ષે છે. તે પ્રમાણે સાધક સ્વનું અર્પણ કરી સાધનાનો પરમ સ્વાદ પ્રાપ્ત કરે છે. જ્યાં ક્ષમા છે ત્યાં સાધનાનો અનેરો સ્વાદ આવશે.

જ્યાં ક્ષમા છે અને તેનો અનેરો સ્વાદ જેને પ્રાપ્ત થયે છે તેના મુખ પર પ્રકાશ જણાશે. તેનું જીવન—તેનો વ્યવહાર શુદ્ધ, સરળ ને સુગંધમય હશે. તેનું આચરણ ક્ષમાથી ભરપુર હોવું જોઈએ. તે Practical હોવું જોઈએ. આચરણમાં દષ્ટિગોચર થતી ક્ષમા સક્રિય છે તે નિષ્ક્રિય નથી. તે જ વિતરાગની આજ્ઞા છે. તે internal energy, આંતરિક શક્તિ અર્પે છે, આત્માને પુષ્ટ કરનાર છે. શક્તિનો સંચાર કરનાર તે જ છે—તે મહાન વિદ્યુત બને છે અને જીવનને પ્રકાશિત કરે છે.

દિવાસળીઓ પેટીમાં બંધ શા માટે છે ? દિવા-સળીમાં જ્વલન શક્તિ છે, તે પર ફોસ્ફરસ છે. તે પોતે સળગે છે, બીજાને સળગાવે છે. તેથી તેને બંધનમાં રાખેલ છે, પણ જ્યારે તે સળગી જાય છે, પછી તેને ફેંકી દેવામાં આવે છે. તે જ પ્રમાણે ક્ષમાથી વિરક્ત બનેલ કષાયોની જ્વાળામાં સળગતો હોય છે, ત્યારે પોતે ખૂબ દુઃખી થાય છે, ત્યાં સુધી તેના શરીરને બંધન હોય છે. કોઈ પણ ગતિમાં કે યોનિમાં તેને દુઃખ હોય છે.—આ કષાયોની જ્વાળાને બુઝાવનાર ક્ષમા શીતળ જળ સમાન છે. તે જ સરળ સુગમ માર્ગ છે—પછી તે મુક્ત બને છે.

પર્યુષણ પર્વની આરાધનાનું પ્રાણતત્ત્વ ક્ષમા છે. આખા વર્ષ દરમ્યાન અનેકવિધ કષાયોમાં લપટાયા હોય ત્યારે સંવત્સરીના દિવસે તે દૂર કરવા માટે ક્ષમા-પના છે. ક્ષમાપના અનેરું તત્ત્વ છે. ભાવપૂર્વકની ક્ષમા આત્માને વિશુદ્ધ બનાવે છે, ઉર્ધ્વગામી બનાવે છે.

આમ ક્ષમા મહાન પ્રકાશ છે, શીતળ જળ છે, શક્તિનો મહાન સ્રોત છે, પરમ દિવ્ય શક્તિ છે. તે જ પરમાત્માની આજ્ઞા છે. મુક્તિની મજા માણવા ક્ષમાને આત્મસાત કરો, વ્યવહારમાં ને આચરણમાં મૂકો.


આપણી દરેક જૈન સંસ્થાઓમાં સાવરણી ( ફુલઝાડુ ) પોંજણી વગેરે
જથ્થાબંધ સપ્લાય કરીએ છીએ.

Gram : CHUNIGALA      ફોન : ૩૩૨૬૬૨      રહે. : ૪૭૬૯૭૦

ગૃહજીવનની જરૂરીઆતો માટે નીચેનું સરનામું યાદ રાખો.

ફુલઝાડુ ( સાવરણી ) * સળી ઝાડુ ( બુતારા ) * પગ-લુછણા * આસન * પોંજણી
* સુપડા * બ્રશ * પંખા * દસ્તર ( પોતા ) વગેરે
વ્યાજબી ભાવે મેળવવા અવશ્ય પધારો

# શા. લાલજી રવજીની કું.

૧૮૬, નરસીનાથા સ્ટ્રીટ ( ભાત બજાર ), મુંબઈ-૯ ( B. R. )

બ્રાંચ : (૧) આણંદ ( ગુજરાત ) ફોન : ૪૩૩ (૨) સુરેન્દ્રનગર ( ગુજરાત )

વિશિષ્ટતા : અમે બહારગામ, આફ્રિકા તેમ જ એડન પણ માલ મોકલાવીએ છીએ.

# ક્ષમા વીરસ્ય ભૂષણમ્

: લેખક :

ગણિવર્યશ્રી ભુવનવિજયજી મહારાજ—નાગપુર

શ્રી ઠાણાંગ સૂત્રના ચોથા ઠાણાંગમાં ભગવાન મહાવીર પરમાત્માએ શૂરવીર પુરુષોના ચાર પ્રકાર કહ્યા છે. કેટલાક મહાપુરુષો ક્ષમા આચરવામાં શૂરવીર હોય છે તેવા પુરુષોને ક્ષમાશૂર કહેવામાં આવે છે. કેટલાક તપમાં શુરા હોય તેવા પુરુષોને શાસ્ત્રોમાં તપશૂર કહ્યા છે, દાન શૂર હોય તેવાને દાનવીર કહેવામાં આવે છે, રણક્ષેત્રમાં શૂરાતન દાખવે તેવાને રણશૂર કહ્યા છે.

દેવાધિદેવ અરિહંત પરમાત્માઓ ક્ષમાશૂર હોય છે. ભગવાન મહાવીર પરમાત્માને કેટલાય ઘોરાતિઘોર ઉપસર્ગો થયા હતા. સંગમદેવે એક રાતમાં ભગવાનને વીશ ઉપસર્ગો કર્યા હતા. છેલ્લે ભગવાન પર કાળચક્ર મૂક્યું હતું. છ મહિના સુધી ભગવાનને નિર્દોષ આહાર–પાણી ઉપલબ્ધ થવા દીધા નહીં. જ્યાં નિર્દોષ આહાર હોય ત્યાં તે પોતાના દૈવી પ્રભાવથી દોષીત કરી નાંખતો.

કાળચક્રના ઉપસર્ગને લીધે ભગવાનના શરીરનો જાંગ સુધીનો ભાગ જમીનમાં દટાઈ ગએલો. આવા આવા ઘોરાતિઘોર ઉપસર્ગ કરનારો સંગમદેવ પણ છ મહિના બાદ જ્યારે વિદાય લે છે, ત્યારે ભગવંત તેવા ભારે કર્મી જીવની પણ ભાવદયા ચિંતવે છે અને ચિંતવના એવી કરે છે કે આ બિચારા જીવનું શું થશે? આ જીવે મારા નિમિત્તે ઘણાં કર્મો બાંધ્યા અને ઘણો સંસાર વધાર્યો છે. આ જીવનું ભવોભવમાં થશે શું?

આ સ્વરૂપની ચિંતવના કરતા ભગવાનની બન્ને આંખોમાં ઝળઝળિયા આવી ગયા. કેવી અદ્ભૂત ભાવદયા અને કેવી અદ્ભૂત ક્ષમાશીલતા?

ભગવંતને દેવોની જેમ તિર્યંચો અને મનુષ્યો તરફથી પણ ઘોરાતિઘોર ઉપસર્ગો થયા છે. છતાં તે તે ઉપસર્ગોના સમયે ભગવંતે પોતાની ક્ષમાશીલતાનો અપૂર્વ પરિચય આપેલો છે. ભગવંત અનંત શક્તિના ધણી હોવા છતાં સામાન્ય મનુષ્યો તરફથી થએલા ઉપસર્ગો પણ તદ્દન સમતાભાવે સહન કરી લીધા છે. એક આંખની ભ્રુકુટી ભમાવવા વડે ચૌદ બ્રહ્માંડને ધ્રુજાવવાનું સામર્થ્ય ભગવંતમાં હતુ. છતાં ઉપસર્ગ કરનાર કોઈ પણ તિર્યંચ કે મનુષ્ય ઉપર ભગવંતે કોપાગ્નિ વર્ષાવ્યો નથી. આજના મનુષ્યો ઉપકાર કરનાર ઉપર વખત આવે ઉપકાર કરી શકતા નથી.

ભગવંતનું ચરિત્ર તો એટલુંબધું અદ્ભૂત છે કે—પોતાની પર અપકાર કરનારા ઉપર પણ ભગવંતે મહાન ઉપકારો કર્યા છે. એટલું જ નહીં પણ ત્રણ ત્રણવાર ડંખ દેનાર ચંડકૌશિક જેવા કેટલાય જીવોનો ભગવંતે આ ભીષણ એવા ભવસમુદ્રમાંથી ઉદ્ધાર કર્યો. જ્યારે આ સંસારમાં કેટલાક મનુષ્યો લગ્ન— Mariage થયા બાદ અને ઘરમાં શ્રીમતીજીનાં પગલા થયા બાદ પોતાના ઉપકારી એવા માત-પિતાના ઉપકારો પણ ભૂલી જતાં હોય છે. જ્યારે ભગવંતે તો તેવા અપકારી આત્માઓ પ્રતિ પણ પોતાના હૃદયની અમાપ

JAYANTILAL & CO

31, Mahal, 1 st Street, MADURAI-1 (S. I.)

જ્યારે દરણા વાળી છે. ભગવંતનું આ કેવું અદ્ભૂત અને લોકોત્તર ચરિત્ર છે. જ્યારે આપણી હાલત "કમજોર કો ગુસ્સા બહોત" જેવી છે. આમ આપણામાં તેવું સામર્થ્ય ન હોવા છતાં આપણે ક્ષમા રાખી શકતા નથી. અનંત શક્તિવાળા મહાપુરુષો ક્ષમા રાખી શકતા હતા. તેઓની અપેક્ષાએ આપણે તદ્દન શક્તિહીન હોવા છતાં આપણામાં કષાયોની ઉગ્રતા કેટલી બધી છે. અને આ કષાયોની ઉગ્રતાને લીધે તો આપણી કરણીપર પાણી ફરી જાય છે, છતાં આપણી આંખ ખુલતી નથી. આપણે આપણી પ્રભુતા હાંકવામાંથી ઊંચા આવતા નથી. લઘુતાના તો જીવનમાં ક્યારેય આપણને દર્શન થયા નથી. લઘુતામાં જ સાચી પ્રભુતા છે એ વાત તો બીજાને સમજાવવા પૂરતી જ આપણે જીવનમાં ગોખી રાખી છે. જ્યાં આવી આપણી સ્થિતિ છે ત્યાં કષાયો પર વિજય મેળવવાની વાત તો ક્યાંય હવામાં ઉડી જવાની છે.

જૈન શાસ્ત્રમાં પર્યુષણ પર્વની સમગ્ર આરાધના ક્ષમાપના પર અવલંબે છે. ગમે તેવું દુષ્કર તપ કરનાર પણ, જો કોઈ સાથે મનદુઃખ થએલું હોય અને તે જીવ પ્રતિ મનમાં વિદ્વેષનો ભાવ રહી ગએલો હોય તેની સાથે ક્ષમાયાચના ન કરે તો માસક્ષમણ જેવા દુષ્કર તપ કરનારને પણ ભગવંતે આરાધક નહીં, પણ વિરાધક કહ્યા છે. વૈરભાવ કે કષાયભાવથી જે કોઈ પોતાના આત્માને ઉપશમાવી લે તેને જ ભગવંતે સાચી આરાધના કહી છે. અને જે ન ઉપશમે તેને આરાધના નહીં પણ વિરાધના કહી છે. આગળ વધીને બારસા-સૂત્રમાં ત્યાં સુધી ફરમાવવામાં આવ્યું છે કે ઉપશમ એજ સમગ્ર નિર્ગ્રંથ પ્રવચનનો સાર છે.

આપણાથી કોઈ પ્રત્યે મનદુઃખ થયું હોય તો ક્ષમા-યાચના કરવી જોઈએ, અને કોઈએ આપણા પ્રતિ અપરાધ કર્યો હોય તે વ્યક્તિ આપણી પાસે ક્ષમા માગવા આવે તો તેને ઉદારભાવે ક્ષમા પણ આપવી જોઈએ. ક્ષમાધર્મનું પાલન કરવું હોય તેને આદાન અને પ્રદાન બન્ને બરાબર સમજી લેવા જોઈએ. આદાન કે પ્રદાનમાં ન સમજે તેની ગણના તો નાદાનમાં જ થઈ શકે.

જે કોઈ સાથે મન-દુઃખ થએલું હોય તેની સાથે ક્ષમાયાચના કર્યા પછી મન અંદરથી હલકું થઈ જાય


પર્વાધિરાજ પર્યુષણ પર્વના મંગળ અવસરે સર્વની ક્ષમા પ્રાર્થીએ છીએ–

## સંગઠનની યાદને દોહરાવતાં

"સુતરનો એક દોરો જરાક ખેંચતા તરત તૂટી જાય છે. સુતરના ખૂબ તાંતણા ભેગા કરી બનાવેલ દોરડુ જાનવરોમાં મજબૂત હાથીને બાંધી શકે છે. તમે જુદા જુદા બોલશો તો તમારો અવાજ કોઈ નહીં સાંભળે. બધા એક સાથે એક અવાજે બોલો તો તમારો અવાજ આખી દુનિયાને સાંભળવો પડશે. તમારા સંગઠિત અવાજથી અનેક બગાડનો નાશ થશે. દરેક કાર્ય સિદ્ધ કરો. બધા જોડે પ્રેમમય વર્તન કરો. એક બીજાના વિચાર સમજો. એકત્રિત થઈ ભલા કાર્યો કરવા તૈયાર બનો. સંગઠનથી બધુ શક્ય છે."

[ આ૦ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ. ]

શતાબ્દીની અમૂલ્ય યાદ સમા ભગવાન શ્રી મહાવીરસ્વામીના ચાંદીના સિક્કાઓ ઉપરાંત શ્રી સિદ્ધચક્રજી, શ્રી નાકોડા પાર્શ્વનાથ, શ્રી ગૌતમસ્વામી, શ્રી ઘંટાકર્ણ મહાવીર, શ્રી પદ્માવતી માતાજી, આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીના સિક્કાઓ અમારી પાસે મળશે.

— પધારો —

卐

# છેડા જ્વેલરી માર્ટ

૪૦/૪૨, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩

[ ટે. નં. ૩૨૧૯૯૫, ૩૩૮૫૩૦ ]

છે. મગજ પરનો ભાર જાણે ઉતરી જાય છે. હૃદયમાં પ્રસન્નતા છવાઈ જાય છે. માટે પર્યુષણ પર્વને સફળ બનાવવા ક્ષમા, નમ્રતા, સરલતા, નિર્લોભતા આદિ કર્તવ્યધર્મોનું દરેક મનુષ્યોએ પાલન કરવું જોઈએ. સંવત્સરીપર્વને બીજા શબ્દોમાં ક્ષમાપના પર્વ કહેવામાં આવે છે. પૂ. ધર્મદાસ ગણી ફરમાવે છે કે, " વિઇય પરમત્થસારા, ખમંતિ જે પંડિયા હુંતિ ।પરમાર્થનો સાર જેમણે જાણ્યો છે એવા પંડિતો ક્ષમા કરે છે, પણ કોપ કરતા નથી. મહામુની ગજસુકુમાર, મેતાર્ય—મુની, ખંધકસૂરીનાં પાંચસો શિષ્યોએ બધા મહાપુરુષોએ ક્ષમાધર્મનું એવું તો અદ્‌ભૂતપણે પાલન કર્યું હતું કે તે તે મહાપુરુષો તેજ ભવે મુક્તિગામી બની ગયા હતા.

ઉપકારી ક્ષમા, અપકારી ક્ષમા, વિપાક ક્ષમા, વચન ક્ષમા અને ધર્મોત્તર ક્ષમા. આ ક્ષમાનાં પાંચ પ્રકાર શાસ્ત્રોમાં લખાએલાં છે.

ઉપકારો નીચે દબાએલો મનુષ્ય ક્ષમા આચરે તે ઉપકારી ક્ષમા. નોકર પર શેઠનાં ઘણાં ઉપકારો હોય. હવે કોઈવાર શેઠે નોકર પર ગુસ્સો કર્યો. એટલે નોકર વિચારે કે, આ શેઠે મારી પર ઘણાં ઉપકારો કરેલાં છે. માટે મારે ક્ષમા રાખવી જોઈએ. તે ઉપકારી ક્ષમા. તેવી ક્ષમા શ્વાનમાં પણ હોય છે. શ્વાન જે માલિકનો રોટલો ખાતો હોય તેને ભસે નહીં અને તેના હાથનાં લાકડીનાં પ્રહારો પણ સહન કરી લે છે.

પોતે વિચારે કે સામી વ્યક્તિ મારાથી ખૂબ મજબૂત છે. એ મારી પર કયારેક ગુસ્સો કરી નાંખે તો મારે તેની સામા થવામાં મજા નથી. માટે મારે તો ક્ષમા જ રાખવી જોઈએ. તે અપકારી ક્ષમા.

ક્રોધનાં ફળ કટુક હોય છે. ક્રોધ કરવાથી ભવાન્તરમાં ચંડકૌશિકની જેમ સર્પની યોનિમાં જન્મ લેવો પડે છે, એમ સમજીને ક્ષમા રાખે તે વિપાક ક્ષમા.

ભગવાનનાં વચનનાં વિશ્વાસે ક્ષમા રાખે તે વચન ક્ષમા. ગમે તેવા ઉપસર્ગનાં પ્રસંગે પણ દેવાધિદેવે ક્ષમા રાખવાનું ફરમાવ્યું છે. માટે મારે ક્ષમા પરાયણ બનવું જોઈએ તે વચન ક્ષમા.

ચંદનનો સ્વભાવ જેમ સુગંધ છે તેમ ક્ષમા એજ આત્માનો સ્વભાવ છે, એમ સમજીને ક્ષમા રાખે તે ધર્મોત્તર ક્ષમા. આ ક્ષમા બધા પ્રકારે માં શ્રેષ્ટ છે. જો કે વચન ક્ષમાને પણ શ્રેષ્ટ કહી છે. જ્યારે ધર્મોત્તરક્ષમા તો શ્રેષ્ટ નહીં શ્રેષ્ટતર જ નહીં પણ શ્રેષ્ટતમ છે.

શરૂઆતની ત્રણ ક્ષમા તો અચરમ વર્તમાં પણ હોઈ શકે છે. જયારે છેલ્લી બે ક્ષમા ચરમાવર્તમાં જ હોય છે એટલુંજ નહીં ધર્મોત્તર ક્ષમા તો ચરમશરીરિ મહાપુરુષોમાં હોય છે. ક્રોધ એ મારા આત્માનો સ્વભાવ નહીં પણ વિભાવ છે, અને ક્ષમા એજ મારા આત્માનો સ્વભાવ છે. આ રીતની વિચારણા એ કોઈ સામાન્ય વિચારણા નથી. એ તો અંતરની મહાન સમ્યક્ વિચારણા છે. તે વિચારણા આચરણમાં આવે પછી બાકી શું રહે. ક્ષમાના આ પ્રકારો સમજી સૌ સાચા ક્ષમાધર બને એ જ એક અભિલાષા.


કબજીઆત, મરડો અને મસા માટે

# લક્ષ્મી છાપ

## સત ઈસબગોલ

દેશ—વિદેશમાં ખ્યાત ઉપચાર છે.

—: વિક્રેતા :—

જયંત આયુર્વેદ ભવન, રાજકોટ

પારેખ મેડીકલ સ્ટોર્સ, ગાંધીરોડ, અમદાવાદ

આર. ડી. ટ્રેડર્સ, ૪૫૩, ચીરાબજાર, મુંબઈ–૨

— ઉત્પાદક —

ગીરીરાજ એન્ટરપ્રાઈઝ

હાઈવે રોડ, ઊંઝા (ઉ. ગુજરાત)



" જૈન " સાપ્તાહિકનું લવાજમ ભરો

શ્રી જસવંતલાલ ગીરધરલાલ બુકસેલર્સ

દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ

શાહ ચુનીલાલ લવજીનાં કું.

૬૫, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ–૩

# વેરથી વેર વધે છે જગમાં... પ્રેમથી પ્રેમ વધે જીવનમાં

લેખક : આચાર્ય શ્રી નંદનસૂરીશ્વરજી મ૦ સા.ના શિષ્ય મુનિશ્રી વાચસ્પતિવિજયજી મ૦ સા૦

सर्व मंगल मांगल्यं सर्व कल्याण कारणम् ।
प्रधानं सर्व धर्माणां जैनं जयति शासनम् ॥

"બોલો બોલો ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજની જય" શ્રોતાગણે વ્યાખ્યાન પૂર્ણ થતાં ગુરુમહારાજશ્રીની જય બોલાવી અને બહુ્કોઈ વિખરાયા. પણ માથે ફાળીયુ બાંધેલ કલ્યાણમલ શેઠ નવકારવાળી ફેરવતા બેસી રહ્યા હતા.

આમ તો ઘણીય વખત મહારાજશ્રીને પૂછવાનું મન થઈ આવતું કે બધાય નગરજનો પાઘડી પહેરે છે અને આ એકલા જ માથે ફાળીયું કેમ બાંધે છે? પરંતુ પૂછવાની તક નહોતી મળતી. શેઠને આજે એકલા જોઈને ઉપાધ્યાયજી મહારાજે સહજ સ્વાભાવિક રીતે લાગ જોઈ પૂછી નાંખ્યું કે—"હે શેઠ! તમે પાઘડી ન પહેરતાં ફાળીયુ શા કારણે બાંધો છો?"

શેઠે વિનયપૂર્વક વાત ટુંકાવતાં કહ્યું કે "સાહેબ! ખાસ કોઈપણ કારણ નથી." મહારાજશ્રીને આથી સંતોષ ન થયો. ગુરુમહારાજે એની એ વાત પૂછવી જારી રાખી. છેવટ ગુરુમહારાજશ્રીનો આગ્રહ જોઈ ખુલ્લા દીલથી સત્ય-વાત જણાવતાં શેઠે કહ્યું કે—"ગુરુદેવ! ઘણાં લાંબા લાંબા સમય પહેલાની આ વાત છે. કોઈક વાતમાં વાદે ચઢતાં શ્રીમાળ રાજાની રાજસભામાં મારાથી મનોમન એક અધમકૃત્ય જેવી આકરી પ્રતિજ્ઞા લેવાઈ ગઈ છે કે, આ મંત્રીશ્વર સહઅમલનો વધ ન કરું ત્યાં સુધી મારે પાઘડી ન જ પહેરવી."

મહારાજશ્રી તો શેઠની આ વાત સાંભળીને હેબતાય જ ગયા અને મનોમન વિચારવા લાગ્યા કે—આવા વ્રતધારી મહાશ્રાવક અને એના મનના કેવા વિચિત્ર પરિણામ. ખરેખર— "मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः" આ વાક્ય જ્ઞાની ભગવંતે એમને એમ નથી કહ્યું. ઉપાધ્યાયજી મહારાજ ઉંડા વિચારમાં મગ્ન છે ત્યાં જ શેઠ ઉભા થઈ સ્વસ્થાને ચાલ્યા ગયા.

સંયોગાધીન એક વખત કોઈક પર્વના દિવસે રાજ્યના કાર્યના દબાણને કારણે છેક મોડે સુધી ગુરુવંદનાર્થે મંત્રીશ્વર ઉપાશ્રયે ન આવી શક્યા. એમના હૃદયમાં "जाव चेइए साहूए नवंदिए ताव उदग पाणं वि न कायव्वं" ભગવંતનું આ વચન સજ્જડ રીતે હૃદયમાં કોતરાઈ ગયું હતું. અને એટલે જ મોડા મોડા પણ એકલા જ પોતે ગુરુ ભગવંતને વંદનાર્થે આવી પહોંચ્યા.

જોગાનુંજોગ તે જ દિવસે કલ્યાણમલ શેઠે દેસાવગાસિક વ્રત ઉચ્ચરેલ, અને એ કારણે તે પણ ત્યાંજ હતા. સ્વાભાવિક રીતે મંત્રીશ્વરને મોડા આવવાનું ગુરુ મહારાજે કારણ પૂછ્યું અને એમણે પણ યોગ્ય-સત્ય ખુલાસો કર્યો.

મંત્રીશ્વરને ઉપાધ્યાયજી મહારાજે સહજ સ્વાભાવિક રીતે જણાવ્યું કે—"મંત્રીશ્વર! તમારા જેવા રાજ્યકર્તાએ આમ એકાકી આવવું ઉચિત નથી. કાંઈક રક્ષણની વ્યવસ્થા તો તમારે અવશ્ય રાખવી જોઈએ."

"ગુરુ મહારાજ! એવો કશોય ભય રાખવા જેવું નથી." મંત્રીશ્વરના આ ખુલાસાને ન સ્વીકારતાં ઉપાધ્યાયજી મહારાજે પુનઃ કહ્યું કે—"મંત્રીશ્વર! હું જે કહું છું તે પ્રાયઃ બરાબર છે. તમને કલ્પનામાં પણ કદાચ આ વાત સાચી નહીં લાગે, પણ આ કલ્યાણમલ શેઠ જ તમારા કટ્ટા દુશ્મન છે. એમણે તો તમારો વધ ન થાય ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા પણ કરેલ છે. હવે બોલો મંત્રીશ્વર! મેં જે રક્ષણની વ્યવસ્થા બાબત કહ્યું તે બરાબર છે ને?" મંત્રીશ્વર તો ગુરુ મહારાજે કહેલી આ હકિકત વિચારી રહ્યા હતા.

કલ્યાણમલ શેઠ તો ગુરુમહારાજના આ વચનો સાંભળી સામાયિકના ઉપકરણો લઈને "ફરી વખત આ ઉપાશ્રયના પગથિયા ન જ ચઢવા" એવો દઢત્તર સંકલ્પ કરી ચાલ્યા ગયા.

મહારાજશ્રીને મનમાં એમ કે કામકાજને અંગે નહી આવતા હોય, આજ આવશે, કાલ આવશે એમ કરતાં કેટલાય દિવસો વીતી ગયાં. પર્વાધિરાજ પર્યુષણાના દિવસો પણ નજીક આવવા માંડયા, કલ્યાણમલ શેઠ ન દેખાણા.

બીજા ગચ્છના ઉપાશ્રયવાળાઓને આ વાતની સહેજ ગંધ આવી ગઈ. એટલે એ બધાં ગયા કલ્યાણમલ શેઠને ત્યાં. તેઓએ જઈને શેઠને વિનયપૂર્વક વિનવ્યા કે– "આપને એ ઉપાશ્રયે જવાનો વિચાર ન હોય તો અમારા ઉપાશ્રયે કોઈપણ જાતના સંકોચ વિના સંકોચે ખુશીથી પધારી શકો છો." પરંતુ શેઠે આ વાત ધ્યાન ઉપર જ ન લીધી. કારણ કે– "આ સર્વ તકવાદી છે" એ વાત શેઠ સારી રીતે સમજતા હતા. એમણે તો પોતાના ઘેરે જ સામાયિક–પ્રતિક્રમણ–પૌષધાદિ શ્રાવક કૃત્યો કરવાનું ચાલુ રાખ્યું.

આમ સમય વ્યતીત થતાં આવ્યાં પર્યુષણા મહાપર્વ. પરંતુ કલ્યાણમલ શેઠ ન દેખાણા તે નજ દેખાણા. છેવટે સંવત્સરીના દિવસે વ્યાખ્યાનમાં અવશ્ય આવશેજ, એ આશા પણ ઠગારી નીવડી. સાંજે સંવત્સરી પ્રતિક્રમણનો સમય પણ થવા આવ્યો, પરંતુ શેઠ ન જ દેખાણા. મેડતાનો ઉપાશ્રય ચીક્કાર ભરાઈ ગયો. પ્રતિક્રમણ શરૂ થવાની તયારી થવા લાગી.

આ બાજુ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજના હૃદયમાં જબ્બરજસ્ત મનોમન્થન ચાલી રહ્યું હતું. શું મારા જ નિમિત્તે આ જીવ ખમાવ્યા વગર રહેશે? એ ન જ બને. "जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा" ભગવંતનું વચન એજ મારૂં કર્તવ્ય. મારે જ સામે જઈને શેઠને ખમાવવા જોઈએ." આમ મનોમન દૃઢ નિશ્ચય કરી અન્ય સાધુઓને પ્રતિક્રમણ કરાવવાની સૂચના આપી એક શિષ્યની સાથે ઉપાધ્યાયજી મહારાજે શેઠના ઘર તરફ પગ ઉપડયા.

કલ્યાણમલ શેઠ પોતાના સ્વજન પરિવાર સાથે ઘરે પ્રતિક્રમણની તૈયારી કરી રહ્યાં હતાં. ત્યાં એમની નજર ઘર તરફ આવતા ગુરુમહારાજશ્રી ઉપર પડી. એટલે એ કાર્ય પડતું મૂકી મેડા ઉપર ચાલ્યા ગયા.

ઘરના ઉંબરમાં પગ મૂકતાં ઉપાધ્યાયજી મહારાજે ધર્મલાભ કહ્યો અને ચારે તરફ નજર ફેરવી પણ કલ્યાણમલ શેઠ ન દેખાણા. શેઠના બુદ્ધિશાળી અને વિવેકસંપન્ન પુત્રો મહારાજશ્રીની આંખોના ભાવ વાંચી ગયા. અને મેડી ઉપર જઈ ગુરુમહારાજશ્રી પાસે નીચે આવવા પિતાજીને વિનવવા લાગ્યા. પરંતુ શેઠનો પગ ભારે થઈ ગયો હતો અને ગુરુમહારાજશ્રી પાસે આવતા તેઓ અચકાતા હતા. એમના મનનો ઉભરો હજુ શમ્યો ન હતો.

બુદ્ધિશાળી પુત્રોએ વિચાર્યું કે જો આ તક ગઈ તો બહું જ અઘટિત થયું ગણાશે માટે કોઈપણ ભોગે પિતાશ્રીને ગુરુમહારાજ સમક્ષ તો લઈ જ જવા આવો. મનોમન નિશ્ચય કરી શેઠને બધા પુત્રોએ ઉપાડી ગુરુમહારાજશ્રી સમક્ષ લાવી બેસાડી દીધા.

ઉપાધ્યાયજી મહારાજે ઉપશમ ભાવ ઉપર વ્યાખ્યાન આપવું શરૂ કર્યું. પણ શેઠ ઉંચું જુવે જ શાના. એ તો નીચી મુંડીએ સાંભળ્યા જ કરતા હતા. ઉંચું જોવાની પણ એમનામાં હિંમત નોતી રહી. પરંતુ આ પરિસ્થિતિ લાંબો સમય ન ટકી અને શેઠથી ઉંચું જોવાઈ ગયું. ચારે આંખો એક થઈ અને મનનો ક્ષોભ ઓસરી ગયો. મન મોકળું થઈ ગયું. શેઠે ઉભા થઈ ગુરુભગવંતના ચરણે પડી ક્ષમા માંગી. મહારાજશ્રીએ કહ્યું કે– "ચાલો ઉપાશ્રયે સંવત્સરી પ્રતિક્રમણ કરવા મેડતાનો સંઘ તમારી રાહ જૂવે છે. સામાયિકના ઉપકરણો લઈને તેઓ ગુરુમહારાજશ્રી સાથે ચાલ્યા ઉપાશ્રય તરફ.

. ઉપાધ્યાયજી ભગવંત અને કલ્યાણમલ શેઠને આવતા જોઈ સહસ્રમલ મંત્રીશ્વર સામે ગયા. શેઠના ઉપકરણો પોતે લઈ લીધા, અને પોતાની બાજુમાં જ એમનું કટાસણું પાથરી દીધું.

કલ્યાણમલ શેઠે મંત્રીશ્વરને ઉભા થઈ બે હાથ જોડી આપ્યું "मिच्छामि दुक्कडम्" અને કરેલ પ્રતિજ્ઞાને ઠુકરાવી દીધી. બન્ને જણા સંઘ સમક્ષ એક બીજાને ભેટી પડયા. એ સમયે શેઠના કંઠમાંથી એક ગાથા સરી પડી —

जं जं मणेण बद्धं जं जं वायाए भासियं पावं ।
जं जं कायेणकयं मिच्छामि दुक्कडं तस्स ॥

"स्वयम्"

# શ્રીમદ્‌જીની ક્ષમાગાથા

લેખક : યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ૦

સંકલન : મુનિરાજશ્રી વાત્સલ્યદીપ

૧ ક્ષમાપના પછી વેર કે કલેશ ન વધે એવો દૃઢ નિશ્ચય કરવો જોઈએ.

પ્રેમીઓ અને મિત્રોને ક્ષમાપવામાં વિશેષ કંઈ નથી પરંતુ જેની સાથે વેર વિરોધ આદિ દોષો પ્રગટ્યા હોય તેઓની સાથે ક્ષમાપવામાં જ આત્મતા રહેલી છે.

બાકી તો દેખા દેખી, ગાડરીયા પ્રવાહે તો હજારો વખત કરીએ તેવી ક્ષમાપના તો ફોનોગ્રાફ પણ બોલે છે. તેથી કંઈ આત્માની શુદ્ધિ થતી નથી.

સર્વને ખમાવતાં અહંકારને દુરે કરવો.

સાંસારિક કે ધર્મિક કાર્યો કરતાં, રાત્રિ અને દિવસનાં ક્ષમાપના કરવામાં મોહ જેવાં પ્રસંગો ઉભા થાય છે. માટે ક્ષમાપના કરવામાં મોહથી દુર રહેવું. એ જ આત્માર્થી મનુષ્યોનું લક્ષણ છે.

૨ 'મિચ્છામિ દુક્કડમ' એમ કહેવા છતાં જો પસ્તાવો ન થતો હોય તો આત્મશુદ્ધિ થતી નથી. માટે, જેઓની સાથે કલેશ થયો હોય તેઓને, પ્રત્યક્ષ હોય તો રૂબરૂમાં, દૂર હોય તો પત્ર કે સંદેશાથી ખમાવો. અહંકારનો ત્યાગ કરીને લઘુતાથી ખમાવો.

૩ કોઈની નિંદા કે હેલના કરી હોય તેની માફી માંગો. તમારા દુષ્ટ શત્રુઓનું પણ, મનથી અશુભ વિચાર્યું હોય, વાણીથી અશુભ બોલાયું હોય, કાયાથી અશુભ કરાયું હોય તો—

આત્માની સાક્ષીએ તે સર્વ જીવોની માફી માંગો.

૪ સર્વ વિશ્વના મનુષ્યો જો ક્ષમાપનાથી આવર્તે તો આ દુનિયામાંથી અનેક દુષ્ટ યુદ્ધો તેમજ મહાપાપોનો નાશ થઈ જાય.

૫ ક્ષમાપનામાં, અહિંસા રહેલી છે. જેનામાં તે પ્રગટે તે જ સાચી ક્ષમાપના કરી શકે.

૬ પોતાની ભૂલો અને પોતાના દોષોનો ત્યાગ કર્યા વિના કોઈ-પણ આત્માની મુક્તિ થતી નથી. અને જ્યાં સુધી દોષોને ટાળવાની ઇચ્છા થઈ નથી ત્યાં સુધી ખુદ પરમેશ્વર પણ, આત્માને તારવા સમર્થ થતો નથી.

૭ આપણે ક્ષમાપના કરીએ પણ બીજા તેમ ક્ષમા ન કરે તો પણ તમે શ્રદ્ધા ન ગુમાવો અને ક્ષમાપના કરવાથી જ આત્માની શુદ્ધિ થવાની છે એમ દૃઢ વિશ્વાસ રાખો.

•

ક્ષમાપના વિના કોઈની મુક્તિ થઈ નથી, થતી નથી, અને થવાની પણ નથી.

૮ દયાની દૃષ્ટિએ જોઈએ તો આર્યદેશની આગળ બીજા હિંસક દેશો તો આઠ વરસનાં બાળક જેવા છે.

૯ ક્ષમાપનામાં સ્વર્ગ અને મોક્ષ છે. ક્ષમાપનામાં આત્મ સ્વરૂપ છે. ક્ષમાપનામાં અમૃત છે.

૧૦ ક્ષમાપના એ જ મોક્ષનું ફળ છે. કારણ, ક્ષમાપના વિના આત્મશક્તિ પ્રાપ્ત થતી નથી.

○

ક્ષમાપના એ તો મોક્ષની નિસરણી છે.

૧૧ ખમવું, ખમાવવું તેમજ ઉપશમવું અને ઉપશમાવું એ, ચારિત્રનો સાર છે.

૧૨ બીજા જીવોને કોઈપણ રીતે દુઃખ દેવાનો પોતાને હક્ક નથી. આથી કોઈપણ જીવનું નુકશાન ન પહોંચે તેવી રીતે વર્તવું જોઈએ.

૧૩ અનુપયોગ દશામાં થયેલા દોષોનો અંતઃકરણમાં પશ્ચાતાપ કરવાથી હૃદયની—આત્માની શુદ્ધિ થાય છે.

○

હૃદયમાં અત્યંત પશ્ચાતાપ થવાથી જ સાચી ક્ષમાપનાની યોગ્યતા આવે છે.

૧૪ જે માફી માગીને ખમાવે છે તે આરાધક છે, જ્યારે જે સામો તેને ખરા અને શુધ્ધ અંતઃકરણથી ખમાવતો નથી તે વિરાધક છે.

૦

પોતાના પાડેલા નામ અને દેહાદિરૂપની અહંવૃત્તિ ટળે તોજ ક્ષમાપનાની ઊર્મિ જનમે છે.

૧૫ ક્ષમાપનાથી આત્માની અત્યંત વિશુદ્ધિ થાય છે. અને તેથી અશુધ્ધ આચારો ને વિચારો દૂર થઈ જાય છે.

૧૬ તમોગુણી અને રજોગુણી બુદ્ધિથી કરેલી ક્ષમાપનાથી આત્માની શુદ્ધિ થતી નથી. જ્યારે સાત્વિક બુદ્ધિથી કરેલી ક્ષમાપના અનેક પાપકર્મોનો નાશ કરે છે. અને ભવિષ્યકાળમાં તેનાથી નવા કર્મો બંધાતા નથી.

૧૭ આત્મા અને કર્મનું સ્વરૂપ વિચારતાં સર્વે જીવો કર્મના વશે શુભાશુભ પ્રવૃત્તિ કરે છે. તેમાં દોષ મૂળ જીવોનો નથી પણ તેઓના કર્મની પરિણીતીનો દોષ છે. આથી જીવો પર ક્રોધ કે વેર કરવાથી શું ?

૦

૧૮ આત્માના ઉપયોગે રહેતાં ક્ષણે ક્ષણે ક્ષમાપના થાય છે. બીજાઓ માટે આત્મા, ક્ષમાપના ભાવે નમી જવો જોઈએ, અને જે પોતાના દોષો માટે પસ્તાય છે. તે ભવ્ય જીવને ક્ષમાપનાની દશા પ્રગટે છે.

૧૯ ક્ષમાપના એ હૃદયની અશુધ્ધતાનું પ્રક્ષાલન કરવા માટે સ્વચ્છ વારિ છે.

૦

ક્ષમાપના એ સકળ પાપોને ધોવાનો દિવ્ય ઉપાય છે.

૦

ક્ષમાપના એ તો, દિવ્ય ઔષધિ છે.

૨૦ આપણી અંગે દોષ કરનારા, અપરાધ કરનારા, અશુભ કરનારા અનેક જીવોની શરીરકૃતિઓ દેખાય છે. તે જીવોને માફી આપવાથી આપણામાં-ત્યાગ, ક્ષમા અને ઉદારપણાના ગુણો પ્રગટે છે.

૨૧ ક્ષમાપનાના ઊંડા પ્રદેશોમાં ઊતરો અને સર્વ જીવો મિત્ર સમાન છે તેવો દૃઢ સંકલ્પ કરો.

૨૨ જેણે પોતાની સાથે પ્રતિકૂળ સંબંધ રાખ્યો હોય અને પોતાની દૃષ્ટિથી પોતાને પ્રતિકૂળ જણાયા બાદ તેની સાથે અપ્રિતી-દ્વેષ કે ખેદ આદિ થયાં હોય તેવી વ્યક્તિ ઉપર પણ તેવી અપ્રતિ દ્વેષ કે ખેદ ઉત્પન્ન ન થાય અને તેનાં ગુના માટે તે વ્યક્તિને પણ ઉદાર હૃદયથી માફી આપવામાં અને પછી શુદ્ધ પ્રેમ અને મૈત્રીભાવથી તેની સાથે વર્તવામાં આવે ત્યારે—ક્ષમાપનાના દ્વાર આગળ જવાનો અધિકાર મળે છે.

૨૩ આત્મા સત્તાએ શુધ્ધ છે, બુધ્ધ છે, ત્રણ ભુવનનો તે નાથ છે, અનંત અનાદિ ગુણોનો ભંડાર છે, સિધ્ધનો તે ભાઈ છે એવા આત્માની શુધ્ધ સત્તાનું ધ્યાન ધરતાં આત્માનું સિધ્ધપણુ પ્રગટ થાય છે. એવા આત્માને પરમાત્મા દશામાં લઈ જનાર કોઈ હોય તો તે ક્ષમાપના છે.

૨૪ આપણી નિંદા કે હેલના કરનારા હોય કે આપણા ઉપર આળ ચડાવનારા હોય તેવાં જીવો મોહના તાબામાં આવી ગયેલાં હોવાથી તેઓ પોતાનાં આત્માની કિંમત ન સમજી શકે તે બનવાં યોગ્ય છે.

અને તેથી તે આપણને ન ખમાવે તો પણ આપણે તો આત્માને શુધ્ધ કરવા માટે ક્ષમાપના કરવી જ જોઈએ

કારણ, ક્ષમાપના કરવી એજ આપણો ધર્મ છે.

૨૫ ધર્મનું મૂળ ક્ષમા છે.


સ્થાપિત : ૧૯૩૪ ☆બધી રેલ્વેએ મંજુર કરેલી

દર વર્ષની માફક – આ વર્ષે પણ

**શ્રી સમેતશિખરજી પાવાપુરી**

**જૈનયાત્રા સ્પેશ્યલ ટ્રેઇન**

☆ મુંબઈથી ૧૦-૧૦-૭૫ અને ૧૪-૧૦-૭૫ (દશેરા)ના શુભ દિને કલ્યાણક ભૂમિઓ, ઐતિહાસિક સ્થળો માળવા -એમ.પી. -યુ.પી. -બિહાર -બંગાળ અને વિદર્ભની મહાન યાત્રાઓએ ઉપડશે.

વિગત માટે : [ ફોન : ૨૫૪૨૧૬ – ૬૬૧૭૭૮ ]

**બાબુભાઈ સુરતવાળા**

**યુનીવર્સલ ટ્રાવેલ સરવીસીઝ**

૧૯/૨૧, હમામ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧

● માયા સ્ટોર, ખારગેટ, ભાવનગર

# स कथं भविता

લેખક : મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ૦સા૦ (B.A)

પરમતારક જીનેશ્વર ભગવંતોએ શાશ્વત સુખની પ્રાપ્તિ માટે સદાકાળ ધર્મ કરવાનું પ્રરૂપ્યું છે. સદાકાળ ન બની શકે તો પર્વ દિવસે કરવાનું કહ્યું, અને તેમાં પણ સંવત્સરી પર્વની ગણના મહાપર્વ તરીકે કરાય છે.

સંવત્સરી પર્વની આટલી મહત્તા કેમ ? વર્ષભરની અંદર જે કંઈ કરાયો મન–વચન–કાયાથી જાણતા અજાણતા થયા હોય તે બધાનું મિચ્છામિદુક્કડમ્ આપવા દ્વારા આત્માને અશુભકર્મની નિર્જરા દ્વારા હળવો કરી શાશ્વત સુખના માર્ગે પ્રયાણ કરવાનો આભાસ–ગોપાલ પ્રસિદ્ધ આ પવિત્ર દિવસ છે.

આ એક દિવસની ક્ષમાપનાથી બધું પતી જતું નથી, જ્યારે ધર્મક્ષમા આત્મસાત્ બને ત્યારે સાધ્યની સિદ્ધિ થાય અને એ ન થાય ત્યાં સુધી તદ્ભવ મોક્ષગામી જીવ પણ વિટંબના સહન કરે છે.

બાળજીવોને અત્યંત ઉપકારક એવા કથાનુયોગ દ્વારા આ વાત દૃઢ કરતાં શાસ્ત્રોમાં જણાવે છે કે શ્રાવસ્તી નગરીમાં ત્રિવિક્રમ રાજા છે. કોઈ દિવસ જંગલમાં મૃગયાને માટે જાય છે. તે સમયે કર્ણને અપ્રિય લાગે તેવું રટતા પક્ષીને સાંભળતા જ કષાય ઉદ્‌ભવે છે. પક્ષીને હણે છે, હણાયેલું પક્ષી નીચે પડતાં તરફડે છે. તરફડાટ જોતાં રાજાને પરિતાપ થાય છે કે મેં શું કર્યું ? નિર્દોષ પક્ષી હણ્યું, હવે શું કરું ?

પરિતાપમાં આગળ વધતા રાજવીને સમતારસના સાગર મુનિ ભગવંતનો સમાગમ થાય છે. ગુરૂ જ્ઞાની છે. અહિંસાધર્મનું વર્ણન કરતા રાજાની રગેરગમાં ઉતરી જાય છે. તુરત જ તૃણપ્રમાન રાજ્યાદિક સામગ્રી ગણીને રાજા લાત મારે છે, જ્ઞાની મુનિની પાસે સંયમનો સ્વીકાર કરે છે. સંયમ પામીને દુષ્કર તપશ્ચર્યા દ્વારા તેજોલેશ્યા ઉત્પન્ન થાય છે, પણ ધર્મક્ષમા આત્મસાત્ થયેલી નથી.

બીજી બાજુ મરેલ પક્ષીનો જીવ ભીલ બને છે, વિચરતા મુનિ નજરે પડે છે. પૂર્વભવનું વેર તાજુ થતાં લાકડીથી મુનિને તાડના કરે છે. સાધક પણ સાધકદશા વિસરી ગયો, આરાધકતા ચૂકી ગયો, તેજોલેશ્યા મૂકી ભીલને મારી નાખ્યો. ભીલ કાળ કરીને સિંહ થયો. મુનિ દષ્ટિપથમાં આવતા જ ક્રોધથી પુંછડું પછાડે છે, તેજોલેશ્યા દ્વારા મુનિ સિંહને પણ સંહારે છે. ત્યાંથી ચ્યવી હાથી થયો. મુનિ દેખી આંખમાં અંગાર, મુનિએ જલાવી નાખ્યો. સર્પ થયો, સળગાવી દીધો. પાંચ પાંચ પંચેન્દ્રિયની પ્રાણહત્યા પછી પુન્યનો પ્રાગ્ભાર પ્રગટ્યો. હૃદયમાં દાહ ઉઠયો, ક્ષમાધર્મના આરાધક એવા મેં શું કર્યું ? મારી કઈ ગતિ થશે ?

સર્પમાંથી ચ્યવી તે જીવ પુન્યના ઉદયે બ્રાહ્મણ થયો. આગળ વધતાં પોતે મહાબાહુ નામે રાજા થયો. ગોખમાં બેઠેલા મહાબાહુને નીચે જતા સાધુને જોઈને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના ભવો જોયા, અંતરદશા પલટી. મારો કેવો અશુભનો ઉદય ? તે મુનિ ભગવંતને ક્રોધના નિમિત્તમાં હું આવ્યો ! હવે તેમને મેળવીને ખમતખામણા કરું, વેર પરંપરા અટકાવું. અડધો શ્લોક બનાવ્યો. " विहंगः शबरः द्वीपी संड फणी द्विजः " શ્લોક પૂરે તેને લાખનું ઈનામ.

ઈનામની લાલચે શ્લોક બધાને મોઢે થઈ જવો, મહેનત કરે છે, કોઈ પૂરી શકતું નથી. ત્યાં મુનિનું આગમન થાય છે. ગોવાળીયાને શ્લોક બોલતો સાંભળી, વિચારીને પૂરી આપયો. " येनामी निहता कोपात् स कथं भविता हहा " ગોવાળને રાજા પાસે રજૂ

## *तीर्थ यात्रार्थ अवश्य पधारें*

सम्मेतशिखरजी जानेवाले यात्रिगणों को सूचित किया जाता है कि निम्न तीर्थों पर अवश्य पधारें।

(१) कम्पिलाजी– यह भारत के उत्तर प्रदेश का एक ऐतिहासिक प्राचीन तीर्थ है। यहां पर तेरहवें तीर्थंकर श्री विमलनाथ भ० के चार कल्याणक ( च्यवन, जन्म, दीक्षा और केवलज्ञान ) हुए हैं। प्राचीन समय में इसका नाम द्रुपदनगर था। यहां का राजा द्रुपद था, जिसके यहां महासती द्रौपदी ( पांडव पत्नी ) का जन्म हुआ था। कायमगंज स्टेशन से ६ मील दूर कम्पिलाजी तीर्थ है। यहां पर तांगा व बसें मिलती हैं।

(२) फरूखाबाद– यहां श्री धर्मनाथ भ० का प्राचीन मंदिर व धर्मशाला है। जिसका जीर्णोद्धार श्री जैन श्वेताम्बर महासभा–उत्तरप्रदेश ने कराया है।

(३) लखनऊ– शहाबतगंज में पसरहा गली में श्री सुबाहुनाथ भ० का प्राचीन मंदिर है। यहां का जीर्णोद्धार भी श्री जैन श्वेताम्बर महासभा–उत्तरप्रदेश ने कराया है।

(४) इलाहाबाद (पुरमताल)– १२० बाई का बाग, जहां श्री ऋषभदेव भ० का प्राचीन मंदिर है। यहांपर श्री आदीश्वर भ० को केवलज्ञान प्राप्त हुआ था। इस अवसर्पिणी काल का प्राचीन तीर्थ है।

(५) कोसम्बी– यह इलाहाबाद से ३५ मील की दूरी पर है, जहां चंदनबालाने भ० महावीरस्वामी को बाकले से पारणा कराया था। यहां भी मंदिर बना हुआ है। धर्मशाला बनाना है इसके लिये तीन लाख रू. की आवश्यकता है। दानी सज्जनों से प्रार्थना है कि दान देने की कृपा करें।

अतः आप सब यात्री भाईयों से प्रार्थना है कि इन उपरोक्त तीर्थों पर दर्शन कर पुण्य के भागी बनें।

निवेदक :— रतनलाल एडवोकेट ( प्रधान )
जुगमंदरदास जैन (संयोजक)

२२०७, कुचा आलमचंद, किनारी बाजार, दिल्ली–६

तीर्थोद्धारक सब कमटी :
श्री जैन श्वे० महासभा–उत्तरप्रदेश
हस्तिनापुर ( मेरठ–यू. पी. )

કરવો. રાજાએ આશ્ચર્ય કરી પૂછ્યું કે કેણે પૂરેલો છે. મુનિએ, તુરત જ જ્યાં મુનિ ભગવંત બિરાજમાન છે ત્યાં જઈને પૂર્વના ભવો કહેવા. બંનેને હૃદયપૂર્વક પશ્ચાતાપ થાય છે. બંને પરસ્પર હૃદયપૂર્વક ' મિચ્છામિ દુક્કડમ્ ' કરે છે.

હૃદયપૂર્વકની પરસ્પર થતી ક્ષમાપનાનો જાદુ અદ્ભુત છે, કર્મનો કચરો નીકળવ લાગ્યો, હળુકર્મી બનેલા એવા બંનેના પુન્યોદયે કેવળી ભગવંતનું આવાગમન થાય છે. કેવળી ભગવંત પાસે બંને આલોચના કરે છે. મહાબાહુ પણ સંયમ લે છે, બંને આત્મા શ્રી સિધ્ધાચલ તીર્થે કર્મ ખપાવી મોક્ષે જાય છે.

આપણે પણ ક્ષમાપના કરીએ છીએ, શુભ ભાવના પણ આવે છે, પરંતુ થોડા સમયની તેને બદલે સતત ભાવના દ્વારા સર્વે જીવો સર્વે કર્મે ખપાવી સદાકાળ માટે સુખી બને એજ શુભભાવના.


## ખરીદી મોકલો અને ખાત્રી કરો.

આવી રહેલા આરાધનાના પવિત્ર દીવસોમાં જીનભક્તિમાં વાપરવા યોગ્ય ચીજો જેવી કે કેશર, બરાસ, વાસક્ષેપ, દશાંગધુપ, સુખડ, અગરબત્તી, વરખ, બાદલુ, ઊન, બલુન સુખડ પાવડર તેમ જ દરેક અનુષ્ઠાનો આદિમાં વપરાતી દરેક ચીજો શુદ્ધ અને પવિત્ર મળશે. મહાપૂન્યશાળી તપસ્વી ભાઈ–બહેનોની ભક્તિ માટે તપસી આરામ ઔષધ, કાયાકુટી તેલ, બદામતેલ, ચંદનતેલ, કસ્તુરી, અંબર મીશ્રીત અણાહારી ગોળીઓ વગેરે ચીજો મેળવવા નીચેનું સ્થળ નોંધી લેશો.... જે આપનું જુનું અને જાણીતું છે. આપ આપની ખરીદી મોકલી, આપની સેવાનો લાભ આપશો.

### ક્વોલીટી ટ્રેડર્સ

[ શાંતિલાલ ઓધવજીની કું.વાળા ]

૨૩, છીપીચાલ, મોદીનો માળો, મુંબઈ ૪૦૦,૦૦૨

# ક્ષમાયાચના : આત્મધર્મ

લેખક : સાધ્વી શ્રી નિર્મળાશ્રીજી M.A., સાહિત્યરત્ન

'ખમત-ખામણા' જૈન સંસ્કૃતિની એક અસાધારણ દેન છે. વ્યાવહારિક જીવનના કટુ-વ્યવહારોથી થયેલી આત્મ-મલિનતાની શુધ્ધિનો આ એક અનન્ય માર્ગ છે. યથાર્થ ક્ષમા-યાચના આત્મ-સરળતાનું એક જ્વલંત પ્રતીક છે, અને દ્વેષ-મુક્તિનું પ્રબળ પ્રમાણ છે.

ક્ષમા-યાચનાનો સિધ્ધાન્ત કેવળ ભાવી જન્મની સામગ્રી નથી, પરંતુ વર્તમાન જીવન-વ્યવહારમાં પણ એક ઉચ્ચ મનોવૈજ્ઞાનિક પ્રયોગ છે. જો ખમત-ખામણાનું હાર્દ સમજીને તેનો યથાવિધિ જીવનમાં પ્રયોગ કરાય તો માત્ર સામાજિક જીવન જ સ્વસ્થ થતું નથી, પરંતુ તેની અનેક સમસ્યાઓનું સુખદ સમાધાન થાય છે.

જૈન શાસનમાં સાંવત્સરિક મહાપર્વ અથવા ક્ષમાપના પર્વ તરીકે સુવિખ્યાત પર્વાધિરાજ પર્યુષણ પર્વનું આગમન થઇ રહેલ છે. આ મહાપર્વના પાંચ કર્તવ્યોમાં ક્ષમાપના ત્રીજું કર્તવ્ય છે. સંસ્કૃતમાં કહ્યું છે કે '**क्षमा वीरस्य भूषणम्**' ક્ષમા એ વીરોનું ભૂષણ છે, કાયરનું નહિ તેથી આપણે ક્ષમા આપતા પહેલા ક્ષમા વીર બનવું આવશ્યક છે. સંવત્સરીના પાવન દિને પરસ્પર સહુ ક્ષમાપના કરે છે. ખમત-ખામણાનું તાત્પર્ય છે કે—ક્ષમા માંગવી અને ક્ષમા આપવી. અંતરને અજવાળતું આવું મહાપર્વ જૈનશાસન સિવાય અન્યત્ર દુર્લભ છે.

ક્ષમાપનાના હાર્દને સમજાવતું આ મહાપર્વ આપણને સુંદર બોધપાઠ આપી જાય છે "**मित्ती मे सव्व भूएसु**' વિશ્વના બધા જીવો આપણા મિત્ર સમાન છે. મિત્રના માટે સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થવું જોઇએ, પરંતુ કેટલાક માણસો સમજે છે વર્ષમાં ગમે તેટલા પાપ કરીએ, પણ સંવત્સરીના દિવસે પોપટની જેમ 'મિચ્છામિ દુક્કડં'' બોલીએ એટલે સર્વ પાપો ધોવાઇ જાય! વૈષ્ણવો પણ માને છે કે ગમે તેટલાં પાપ કરીએ પણ ગંગાજીમાં જઇને સ્નાન કરીએ એટલે બધા પાપો ધોવાઇ જાય! પણ આ તો માત્ર ભ્રમણા જ છે. ગંગામાં સ્નાન માત્રથી જ કોઇનું પાપ ધોવાઇ જતું નથી, તેમ જ સંવત્સરીના દિવસે કેવળ સ્નેહી-સ્વજનોને 'મિચ્છામિ દુક્કડં'' બોલી જવાથી કંઇ પાપમુક્ત થઇ શકાતું નથી.

ક્ષમા-યાચના કરનાર વ્યક્તિની સાથે એ શરત રહે છે કે જે દુર્વ્યવહારના માટે તે ક્ષમા-યાચના કરે છે તે દુર્વ્યવહાર પુનઃ તે વ્યક્તિની સાથે ભવિષ્યમાં આચરશે નહિ. ખમત-ખામણા કર્યાં પછી પણ જો તે અસદ્વ્યવહારને જીવનમાં પુનઃ કરવાની અભિલાષા રાખે તો તેની ક્ષમા-યાચનાનું કોઇ મૂલ્ય જ નથી.

જ્યારે સાસુ વહુને, સ્વામી-સેવકને ખમત ખામણા કરે છે ત્યારે એ વાતનો દૃઢ સંકલ્પ હોવો જોઇએ કે વહુ અને સેવક ઉપર અમે અનુચિત કરીશું નહિ. એક દુકાનદાર પોતાના ગ્રાહકથી ક્ષમા-યાચના કરે છે ત્યારે તે એવો દૃઢ સંકલ્પ કરે કે ભવિષ્યમાં કોઇ કપટ-વ્યવહાર ગ્રાહકની સાથે કરીશ નહિ. શાસ્ત્રમાં સુપ્રસિધ્ધ કુંભાર-ક્ષુલ્લક સાધુવત્ ક્ષમા-યાચનાનું શું મૂલ્ય છે કે પછી પણ શોષણ કરતા જ રહે.

ક્ષમા-યાચનાનો એક પ્રયોગ જાણવા જેવો છે. થોડી મહિલાઓએ પ્રતિજ્ઞા કરી કે આપણા પારિવારિક જીવનમાં દેરાણી-જેઠાણી-સાસુ આદિ સાથે ક્રોધાદિવશ બોલચાલ થઇ જાય તો તે દિવસે સૂતા પહેલા ખમત-ખામણા કરી લેવા, પોતાનો ક્રોધ લાંબો નહિ ચલાવવો. આ અલ્પકાલિન સાધનાથી પણ તેઓના ઘરમાં અપૂર્વ-શાન્તિ મળી. તેને ક્રોધ ઉપર લજ્જાનો અનુભવ થયો. સાધિકાની વિનમ્ર વૃત્તિએ બધાના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું. અને પોતાની ક્રોધ અને તકરાર કરવાની આદત ધીરે ધીરે સમાપ્ત થઇ.

અન્ય પ્રતિક પણ મનનીય છે—સ્વિટ્ઝરલેન્ડની બે મહિલાઓ એક સેવાશ્રમની ટીપ માટે જઈ રહી હતી. સામે એક મુસ્લિમ યુવક આવતો દેખાયો. મહિલાઓએ આશ્રમનો પરિચય આપીને રસીદબુક તેના હાથમાં આપી. મુસ્લિમ યુવક રસીદ-બુક વાંચીને ખુબ હસ્યો. અને પછી ઘૃણાથી તે મહિલાઓની સફેદ સાડી પર પોતાના મોઢેથી પાનની પિચકારી મારી.

મહિલાઓએ શાન્તિથી કહ્યું:—મહાશય ! પાનની પિચકારી મારી તે બદલ ધન્યવાદ છે. ગરીબ રોગિઓની સેવાને માટે કૃપયા કંઈક અવશ્ય આપો.

મહિલાઓની સહિષ્ણુતા અને વિનમ્રવાણીથી તે મુસલમાન યુવકનું દિલ પીગળી ગયું. પોતાના પાકિટમાં લગભગ રુપિયા હતા તે કાઢીને આપી દીધાં. અને પોતાના અસભ્ય વર્તન માટે તે મહિલાઓની ક્ષમા માંગી.

આ જાતની ઘટનાઓથી સિદ્ધ થાય છે કે, ક્ષમા તથા પ્રેમના ગુણથી ક્રૂર દિલ પણ બદલી જાય છે. સુભાષિતકારે કહ્યું પણ છે :—"ક્ષમા વશીકૃતિર્લોકે क्षमया किं न साध्यते ?" આ સંસારમાં વશીકરણ મંત્ર છે. ક્ષમા દ્વારા શું સિદ્ધ થતું નથી? સૌથી મોટું તપ પણ ક્ષમા જ છે "क्षान्तितुल्यं तपो नास्ति" ક્ષમાની બરાબર બીજું તપ છે નહિ. મહાભારતના વનપર્વમાં પણ ક્ષમાનો મહિમા ગવાયો છે.

આત્માને અનાદિ કાળથી વધારેમાં વધારે દુઃખી કરનાર અને હેરાન કરનાર જો કોઈ હોય તો વિષય અને કષાય જ છે. કષાયો એ તો ઝેર કરતાં પણ ભૂંડા છે. ઝેર એક જન્મમાં પ્રાણ હરી લે છે, જ્યારે કષાયો જન્મ-જન્મમાં આપણા ભાવપ્રાણ હરી લે છે.

વૈજ્ઞાનિકોએ પણ પ્રયોગ દ્વારા એ સિદ્ધ કર્યું છે કે માણસ જ્યારે વિષય અને કષાયમાં મસ્ત બને


પરમાત્મા મહાવીરદેવના પચ્ચીસસોમા પરિનિર્વાણ વર્ષમાં અવશ્ય વસાવવા જેવી

# જૈન સોંગ પ્લે—કેસેટ રેકર્ડો

બહાર પડી ચૂકેલ છે:-

(૧) "મહાવીર દર્શન" (LP.) : સંગીત, સ્વર, કથન : સર્વશ્રી નવીન શાહ, પ્રતાપકુમાર ટોલિયા, પૌરવી દેસાઈ, કૈલાસ સાંગાણી, અન્ય.

(૨) "વીર વંદના" (*LP*) : પ્રતાપકુમાર ટોલિયા, પૌરવી દેસાઈ, પરાશર દેસાઈ, અન્ય.

(૩) "શ્રી ભક્તામર સ્તોત્ર" (*LP*) : પ્રતાપકુમાર ટોલિયા, સુમિત્રા ટોલિયા, પૌરવી દેસાઈ.

(૪) "આનંદઘન પદ" (૫) "અનંત કી અનુગૂંજ" બન્ને *EP*. પ્રતાપકુમાર ટોલિયા અને પૌરવી દેસાઈ.

(૬) "શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર" *LP* (૭) અપૂર્વ અવસર" *EP*
શાંતિલાલ શાહ, પ્રતાપકુમાર ટોલિયા, પૌરવી દેસાઈ, સુમિત્રા ટોલિયા.

મૂલ્ય/અર્થસહાય : પ્રથમ પાંચ પૈકી *LP* પ્રત્યેકના રૂ. ૪૫/૦૦, *Ep* રૂ. ૧૭/૫૦ (મુંબઈમાં અનુક્રમે રૂ. ૪૩/૫૦ અને રૂ. ૧૬/૮૦). અંતિમ બે : નં. ૬ અને ૭ રૂ. ૧૦૧/- (અર્થસહાય)

પ્રકાશન-પ્રાપ્તિસ્થાન : વર્ધમાન ભારતી *12*, કેમ્બ્રજ રોડ, બેંગલોર-*560008*.

મુંબઈમાં: "અનુપમ ઈલેક્ટ્રોનિક્સ", માહેશ્વરી ઉદ્યાન, કિંગ્સસર્કલ, માટુંગા અને "ધર્મસંગિતા", ૧લે માળે, ૨૦ વાડીઆ સ્ટ્રીટ, તારદેવ,-મુંબઈ-૪૦૦૦૩૪. અમદાવાદમાં મધર્સ સ્ટોર્સ, પલ્લવ, ૮૭, સ્વસ્તિક સોસાયટી. કલકત્તામાં: શ્રી મનોરદાસ શાહ, ૧૪, અમરતલા સ્ટ્રીટ. મદ્રાસમાં: શ્રી આર. રામનાથન, ૩ મોસ્ક સ્ટ્રીટ,મયલાપોર, મદ્રાસ-૬૦૦૦૦૪.

છે ત્યારે તેનું રક્ત વિષમય બની જાય છે. અને શરીરમાં ઝેરના અણુઓ વ્યાપી જાય છે.

પૂ. શ્રી ભદ્રગણિ ક્ષમાશ્રમણ ફરમાવે છે કે—ઉપશાંતમોહ ગુણઠાણે ચઢેલા, મહાચારિત્રવાન, ગુણથી ભરેલા મહા આત્માઓને પણ કષાયો હેઠ નીચે ગબડાવી મૂકે છે.

સાધારણ તથા પ્રત્યેક વ્યક્તિ પ્રતિપક્ષીથી ક્ષમા મંગાવવા ઇચ્છે છે અને ક્ષમા–યાચના કરનારને પૂર્ણ પરાજીત સમજે છે. વિજયી પક્ષ ક્ષમા પ્રાર્થીને ખુબ અહંભાવથી ક્ષમા પ્રદાન કરે છે. સમાજનો આ ચાલુ વ્યવહાર છે. ખમત–ખામણાથી આ પ્રથા એકદમ ઉલટી છે. વળી દ્વેષ–મુક્તિ તો થાય છે પણ દ્વેષનું સ્થાન અહંભાવ લે છે. ત્યારે ખમત–ખામણામાં તો ક્રોધાદિ ચતુષ્ટયનો ત્યાગ કરવાનો હોય છે. એક પ્રયોગના રૂપમાં પણ પૂર્વપ્રકાર કલેશનો અંત નથી કરતો પરંતુ કલહનું બીજારોપણ કરે છે. બીજી વાત—પૂર્વ પ્રકારમાં ક્ષમાપ્રદાન કરનાર મોટા અને ક્ષમા–યાચના કરનાર નાનો મનાય છે. અહીં પ્રતિષ્ઠા ક્ષમા–યાચના કરવાની છે. ક્ષમા–પ્રદાનની ઈચ્છા રાખનારની પાસે લજ્જિત થવા સિવાય કશું જ રહેતું નથી, જ્યારે કે અપ્રકાશિત જ ક્ષમા–યાચના કરનાર તેની સામે આવીને ઉભો રહે છે.

વિચારાની વિભિન્નતાથી ક્ષમાના પણ પાંચ પ્રકારો છે. (૧) ઉપકારી છે માટે એના દુર્વચનાદિ સહી લે. (૨) અપકારની ભીતિથી સામાને દુર્વચન ન કહેતાં ખામોશ રાખે. (૩) નરકાદિમાં દુઃખદ વિપાક અને અનર્થની પરંપરા જોઈને ક્ષમા રાખે. (૪) આગમ આજ્ઞાને મુખ્ય કરીને ક્ષમા રાખે. (૫) ચંદન છેદ–દાહાદિમાં પણ જેમ સુવાસ–શિતલતા પ્રદાન કરે છે તેમ ઘોર ઉપસર્ગમાં પણ સહજ સ્વધર્મરૂપ ક્ષમા તે ધર્મક્ષમા છે. ધર્મક્ષમા સંગઠનનું પ્રતિક છે.

આપણે ત્યાં સાધુ ભગવંતોને 'ક્ષમાશ્રમણ' કહેવામાં આવ્યા છે. શ્રમણની સાથે બીજું કોઈ વિશેષણ ન લગાડવામાં આવ્યું તે ક્ષમાના આદર્શનું મહત્વ સુચવે છે. અસ્તુ ખમત–ખામણાની પ્રથા એ આત્મ–ધર્મ છે. એક અંગ્રેજ અનુભવીએ કહ્યું છે કે:—

"Clean your heart with forgiveness and adorn your soul with lowe"

ક્ષમાપનાથી તમારું હૃદય સ્વચ્છ કરો, અને પ્રેમથી તમારા આત્માને વિભૂષિત કરો.



સાધન સામગ્રી
• સૂત્રકિંકર • ચરવળી • વાસક્ષેપ
• હાથીની ધૂપ • કેશર
• વાળા કૂંચી • કટાસણાં
• ચરવળા • સંથારીયા
• સાપડા • કામળીઓ
• ઓઘારીયા • ઘાબળી
ચાંદીના વરખ. પરવાળી-ડબા-બાદલા તેર-સ્ફટિકની માળાઓ-ઓરવીઓ-ઉપકરણો-પુંજણીઓ તેમજ
રેડીયમ અને પ્લાસ્ટીકની માળાઓ-ડબ્બીઓ-સાપડા-વગેરે-
ક્ષમાપના તેમજ દિપોત્સવી કાર્ડ-હોલ્ડર્સ વગેરે માટે
મેઘરાજ જૈન પુસ્તક ભંડાર



ખુશખબર.... ખુશખબર.... ખુશખબર....

## સીલ્વર જ્યુબીલી ગાયક

જૈન સમાજના સુપ્રસિદ્ધ લોકલાડીલા ગાયક શ્રી મનુભાઈ એચ. પાટણવાલા એન્ડ પાર્ટી (મુંબઈનિવાસી)—સહર્ષ જણાવવાનું કે જૈન પૂજાઓ, ભાવનાઓ તથા અઠ્ઠાઈ મહોત્સવોમાં ભક્તિસંગીતમાં મુગ્ધ કરનાર "શ્રી મનુભાઈ" સંગીતક્ષેત્રે ૨૫ વર્ષ પુરા કરે છે. આ અવસરે તેમ જ ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકના શુભ પ્રસંગને લક્ષમાં લઈને પ્રભુભક્તિ–પૂજા, ભાવના પ્રસંગે તથા બહારગામના અઠ્ઠાઈ મહોત્સવોમાં ૨૫ ટકા વળતર આપવામાં આવશે. તો આ સોનેરી તકનો સમસ્ત જૈન સમાજને લાભ લેવા નમ્ર વિનંતી છે. આપના સુઅવસરને દીપાવવા આજે જ ઓર્ડર નોંધાવી લ્યો. ફોનઃ c/o નં. ૫૭૬૦૫૨

સરનામું : જૈન સંગીતકાર શ્રી મનુભાઈ એચ. પાટણવાલા
૧૪૫–ડી, અરૂણ નિવાસ, ભુલાભાઈ ચીલ્ડ્રન હોસ્પીટલ પાછળ,
સ્વામી વિવેકાનંદ રોડ, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ નં. ૫૬.

## આબુની પંચતીર્થી

**નાણા દીયાણા નાંદીયા, જીવીત સ્વામી વાંદીયા**

★ શ્રી દિયાણાજી તીર્થે -મહાવીરસ્વામીજીએ ★

યાત્રાએ પધારવા નમ્ર વિનંતિ

શ્રી દિયાણાજી તીર્થમાં મહાવીરસ્વામી (જીવીતસ્વામી)ભગવાન બિરાજમાન છે. મહાવીરસ્વામીજીની પ્રતિમા ભાઇ નંદિવર્ધને ભરાવેલી છે.

અહીં આવવા માટે સ્વરૂપગંજ રેલ્વે સ્ટેશને– આબુ રોડથી દિલ્હી તરફ જતાં ચોથા સ્ટેશને–ઉતરવાનું છે. ટેશન પર પેઢીની જૈન ધર્મશાળા છે. શ્રી દિયાણા આવવા માટે પેઢી તરફથી મોટરની સગવડ રાખેલી છે. ભોજનશાળા ચાલુ છે. પ્રાચીન અને રળિયામણા તીર્થની યાત્રા કરવા જરૂરથી એકવાર પધારવા વિનંતી છે.

લિ. શ્રી દિયાણજી તીર્થ વ્યવસ્થાપક કમિટી.

મદદ મોકલવાનું સરનામું—

શા. કસ્તુરભાઈ મહેન્દ્રકુમાર

મસ્કતી મારકેટ, દુકાન નં. ૨૭, અમદાવાદ–૨

## નીતોડા જૈન તીર્થ

( આબુની પંચતીર્થીમાં )

આ તીર્થમાનું જિનાલય સંપ્રતિરાજાના વખતનું બંધાવેલ છે. શ્રી ચિંતામણી પાર્શ્વનાથની તથા તેમના યક્ષ શ્રી બાભેશ્વરજીની ચમત્કારિક અલૌકિક મૂર્તિઓ છે. આ યક્ષ અન્ય સ્થળે નહિ હોય તેનાથી પ્રભાવિત થઈ ગામોગામ થી ઘણા જ યાત્રાળુઓ આવે છે. બાવન જિનાલય ઉપરાંત ભમતીમાં તીર્થોનાં રંગબેરંગી પટો ચિત્રિત કરેલ છે. તો જરૂરથી દર્શનાર્થે પધારો.

નીતોડા તીર્થ આબુથી દિલ્હી જતાં ચોથું સ્ટેશન સ્વરૂપગંજ છે. ત્યાંથી બે માઇલ પર આવેલ છે. સ્વરૂપગંજથી મોટર તથા ઘોડાગાડી મળે છે. દીયાણાજી જતા રસ્તામાં આવે છે. ઉતરવા માટે ધર્મશાળા વગેરેની સગવડતા છે.

**નીતોડા જૈન પંચ મહાજન**

સ્ટે૦ સ્વરૂપગંજ મું. નીતોડા (રાજસ્થાન)

શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી સમેતશિખરજી-પાવાપુરી-રાજગૃહી

( દિવાળી : પાવાપુરીમાં ) પ્રવાસ દિવસ ૪૫ ( કાર્તિકી પુનમ : કલકત્તામાં )

રવાના ;

અમદાવાદથી આસો સુદ ૧૦ ને મંગળવાર તા. ૧૪-૧૦-૭૫ ના શુભ દિને ઉપડશે.

[ ટીકિટો નોંધવાનું શરૂ થઇ ચુક્યું છે ]

; ખાસ નોંધ ;

બહારગામથી અમદાવાદ આવનાર યાત્રીકોને કંપની તરફથી રેલ્વેભાડું આપવામાં આવશે. ફક્ત ગણત્રીના ૨૫ યાત્રીકો લેવાના બાકી છે. મળો :

# શ્રી ચંદ્ર ટ્રાવેલ સર્વિસ

શાહ પ્રવિણચંદ્ર કાન્તીલાલ 卐 શાહ ચન્દ્રકાન્તાબેન કાંતીલાલ

ઠે. ૧૨૩ પરીખના ડહેલામાં, ધાંચીની પોળ, માણેકચોક, અમદાવાદ–૧.

............ યાત્રા પ્રવાસો માટે લકઝરી બસ –મીનીબસ ભાડેથી મળશે. ............

# ક્ષમા

લેખક : પંડીત બેચરદાસ જીવરાજ

પૃથ્વીનું બીજું નામ ક્ષમા છે, આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે પૃથ્વી ઘણું બધું સતત સહન કરતી રહે છે. એક દિવસ બે દિવસ નહીં પણ અનંતકાળથી પૃથ્વી સહન જ કરતી આવી છે અને તે સામે પૃથ્વીની કોઈ ફરીયાદ પણ નથી. તમામ લોકો–સારા લોકો અને નઠારા લોકો પણ પૃથ્વીને માતા કહે છે. એટલે માતા તરીકે પૃથ્વી પોતાના ધર્મ બરાબર સાચવતી રહે છે: જેમ માતા પોતાના બાળકના મળ–મૂત્ર, પરુ વગેરેને સહન કરી લે છે એટલું જ નહીં પણ બાળકને ચોક્ખું રાખીને તેના ઉપર પ્યાર વધારતી જાય છે, તેમ પૃથ્વી પણ પોતાના તમામ બાળકોના મળ–મૂત્ર, ઝાડો, પેશાબ, લોહી, પરુ, પાસ વાળ, ચામડાં, હાડકા વગેરે ઘૃણાના ઘરના જેવા તમામ પદાર્થોને પોતા ઉપર પડતા સહન કરે છે અને એટલું જ નહીં પણ એ બધા ગંધાતા અને નજરે જોવા ન ગમે તેવા તમામ પદાર્થોને ખાતરના રૂપમાં ફેરવી પોતાના બાળકો માટે વિશેષ અનાજ તે કે ફળ વા ઔષધો ઉપજાવવાના સાધનરૂપ ખાતર તરીકે જેને લોકો 'સોન ખાતર' કહે છે આપણને પાછા આપે છે. પૃથ્વીમાતાનો આ એક અસાધારણ ગુણ જ છે અને એક વીતરાગ મનુષ્યની પેઠે આ બધું સહન કરતી પૃથ્વીને અમે પણ આપણી માતાનાં સ્થાન આપીએ છીએ. આ ઉપરથી સહનશક્તિનો મહિમા જરૂર સમજી શકાશે.

પૃથ્વી જેવી જડ જણાતી ચીજ આવી સહનશક્તિ ધરાવતી હોય તો માણસ જેવો ચેતનાવાન વિવેકી માણસ શું પૃથ્વી પાસેથી આ ગુણ નહીં શીખી શકે? ગમે તેવી અઘરી ક્રિયા પણ અભ્યાસ કરવાથી–ટેવ પાડવાથી માણસ શીખી શકે છે, તેમ ક્ષમાની વૃત્તિ પણ ટેવ પાડવાથી જરૂર મેળવી શકાય છે અને કેળવી પણ શકાય છે.

ક્ષમા અને ક્રોધ એ બે સામસામી વૃત્તિઓ છે. ક્ષમાવૃત્તિમાં જેટલા ગુણ છે તેટલા જ દોષ ક્રોધની વૃત્તિમાં છે. ક્ષમા શીતળજળ સમી છે ત્યારે ક્રોધ લુહારની કોડમાં ભભકતી આગ જેવો છે. ક્ષમાને વરેલો માણસ પોતે શીતળ રહે છે અને બીજાને પણ જે પોતાના સહવાસમાં આવે તેને શીતળ રાખે છે, ત્યારે ક્રોધની વૃત્તિ પોતાના માલિકને જ બાળે છે અને તેના ઝપાટામાં જે કોઈ આવે તેને પણ ભસમ કરી નાખે છે. ક્ષમા અમૃતસમાન છે ત્યારે ક્રોધ ઝેર જેવો છે. બાળક બાલ્યાવસ્થામાં હોય છે ત્યારે વિશેષ શાંત હોય છે, જેમ જેમ વધતું જાય છે એમ થોડું થોડું સમજતું, દેખતું, સાંભળતું જાય છે અને જ્યારે ઘરમાં વઢવાડ કે લડવાડ જોતું હોય છે ત્યારે તેનામાં ક્રોધના બીજ વવાય છે. પણ જ્યારે ઘરમાં શાંતિનું વાતાવરણ જોતું હોય છે ત્યારે તેમાં શાંતિનાં–ક્ષમાનાં બીજ વવાય છે. અને પછી જેમ જેમ તે મોટું થતું જાય છે તેમ તેમ ક્ષમાના ગુણને કેળવતું કેળવતું ભારે સહનશીલ અને તેજસ્વી બની જાય છે.

**ક્ષમા વીરસ્ય ભૂષણમ્** જે સમર્થ છે, બીજાને દબાવી શકે છે તેવા વીરપુરુષ માટે ક્ષમા ભૂષણરૂપ છે. પણ જે દબાયેલ છે, વૃત્તિથી રાંક છે, અસમર્થ છે તેને માટે ક્ષમા કદાચ નબળાઈની નિશાની ગણાય. પણ એ દબાએલ વા રાંક વ્યક્તિ બુદ્ધિમાન તો હોય છે જ. એટલે ક્રોધના દોષોને સમજીને સ્થિરરીતે વિવેકશક્તિ વાપરીને દબાવનાર સામે વા રોફ મારનાર સામે વા પોતા ઉપર ક્રોધ કરનાર સામે ક્ષમાવૃત્તિ રાખે–મૌન રાખે અને શાંત ભાવે ... કેળવે તો દબાએલ અને રાંક માણસ પણ ક્ષમાના ગુણને લીધે જરૂર પોતાના જીવનનો ભારે ઝડપથી વિકાસ કરી શકે છે.

તમે વૃક્ષને જુઓ તો માલુમ પડશે કે વૃક્ષ પોતે તાપ સહે છે અને બીજાને છાંયો આપે છે, વૃક્ષ સમાજભાવે સૌને ફળ આપે છે અને વૃક્ષને જે લોકો પથરા મારે છે તેમને પણ વૃક્ષ ફળ આપે છે. પોતાને પાણી પાનાર ઉપર વૃક્ષ રાગ કરતું નથી અને કુહાડી મારનાર ઉપર દ્વેષ કદી કરતું નથી. આ રીતે વૃક્ષનો ક્ષમાગુણ કે સમભાવ ભારે પ્રશંસનીય છે.

જૈન પરિભાષામાં પૃથ્વીકાય એકેંદ્રિય જીવ છે અને વનસ્પતી કાયરૂપ વૃક્ષ પણ એકેંદ્રિય જીવ છે. જો એકેંદ્રિય જીવમાં ઉપર જણાવ્યા પ્રમાણેની સહનશીલતા, સમતાવૃત્તિ–ક્ષમાભાવ હોય તો માણસ તો પંચેંદ્રિય પ્રાણી છે, સમજદાર અને વિવેકી છે. તો શું માણસ કરતાં એકેંદ્રિય પૃથ્વી અને વનસ્પતિ ચડી જશે ? કે એ બન્નેને કરતાં શું માણસ નહી ચડે ? પ્રશ્ન વિચારવા જેવો છે. અનુભવી પુરુષોએ તમામ દેહધારી પ્રાણીઓમાં, કલ્પના પ્રમાણેના દેવોમાં પણ મનુષ્યને જ ઉત્તમોત્તમ કહેલ છે, એ દૃષ્ટિએ વિચારતાં તો સહનશક્તિમાં ક્ષમાવૃત્તિમાં અને ક્રોધ ઉપર વિજય મેળવવામાં જરૂર માણસે ચડવો જ જોઈએ.

જ્યાં ક્ષમા છે ત્યાં શાંતિ અને સુખ છે, કદાચ બહારની સગવડ આપનાર ધન વગેરે સામગ્રી ઓછી હોય તો પણ ક્ષમાવાનને અસુખ નથી હોતું એટલું જ નહી જેઓ ક્ષમાવાનનો સહવાસ રાખે છે તેમને પણ અસુખ નથી હોતું. ક્રોધને રાક્ષસની વૃત્તિ સાથે સરખાવેલ છે, જ્યાં ક્રોધનો ઉદ્ભવ હોય છે ત્યાં બધું ભસ્મસાત થઈ જાય છે. ક્રોધનો આવેગ દારુના નશા જેવો છે. દારુનો નશો કરેલ માણસ પોતાની જાતને જ ભુલી જાય છે, માતા–પિતા, ભાઈ–બહેન અને પોતાનાં સંતાનોનું પણ ખૂન કરતાં અચકાતો નથી. આ બાબતના દાખલા ગોતવા પડે તેમ નથી. દૈનિક છાપામાં આવા દાખલા સતત આવતા જ રહે છે. ક્રોધીનું શરીર આગ જેવું ધગધગતું હોય છે, આંખો રાક્ષસ જેવી લાલચોળ હોય છે, એની સામે જોનાર કોઈ પણ ડરી જ જાય છે. ક્રોધ કાંઈ આત્માની સાથે રહેનાર વૃત્તિ નથી. એ તો વિવેકનો લોપ થતાં અને લોભ કે કામ વગેરે ઘાતક વૃત્તિઓને આધીન બનતાં ભૂતની પેઠે માણસના શરીરમાં પેસે છે અને માણસને માણસ મટાડી પેલા નંબરનો રાક્ષસ બનાવી મુકે છે. અપકર્મ ખૂન વગેરે કર્યા પછી ક્રોધી કદાચ પસ્તાવો કરતો હોય છતાંય તેને ક્રોધનાં કડવાં ફળ તો ભોગવવાં જ પડે છે. દેવદર્શન કરો, દેવપૂજા કરો, ગુરુપૂજા કરો, શાસ્ત્રપૂજા કરો, 'આત્મા અને દેહ ભિન્ન છે' એમ સતત રટયા કરો; મંદિરો બંધાવો, પ્રતિષ્ઠાઓ કરો, દાનનો પ્રવાહ વહેવડાવો, આકરાં તપ કરો પણ જ્યાં સુધી ક્રોધ ઉપર વિજય મેળવવાનો પ્રયત્ન નથી કરતા ત્યાં સુધી એ દેવદર્શન વગેરે ક્રિયાઓનું કોઈ ફળ પામી શકાતું નથી. ક્રોધ વગેરે દુષ્ટ વૃત્તિઓને દૂર કરવા માટે જ તો આપણે વિવિધપ્રકારનું ધાર્મિક કર્મકાંડ કરતા રહીએ છીએ અને આકરું દેહદમન પણ કરીએ છીએ. એ વાત કદી ભુલવી ન જોઈએ: કરોડો વરસ સુધી તપ કરનાર પણ એક ક્ષણ ક્રોધ કરે તો તપ બધું જ પાણીમાં જાય છે અને દુર્ગતિમાં પડવું પડે છે. ટેવ પાડીએ, અભ્યાસ કરીએ તો જરૂર ક્રોધ ઉપર વિજય મેળવી શકીએ છીએ. 'ક્રોધ એક ભયંકર ઝેર છે, એક ભયંકર સર્પ છે. એટલે એનો સંગ સ્વપ્નમાં પણ ન થાય' એ વાત મનમાં ઠસે તો જરૂર ક્રોધ ઉપર જય મેળવી શકાય એટલી હિંમત કેળવવી જોઈએ કે ક્રોધ આવવાનું જાણતાં જ સ્થળ છોડી જ જોઈએ, મનને બીજી પ્રવૃત્તિ તરફ વાળવું જોઈએ અને એવું કશું ન થાય તો તત્કાળ સો બસો ઉઠબેસ કરી નાખવી જોઈએ. પ્રસ્તુત વર્ષ ભગવાન મહાવીરના પચીસોમાં નિર્વાણ વર્ષનું ચાલે છે. તો ભગવાન મહાવીરનું સતત સ્મરણ કરી અને એમની ક્ષમાવૃત્તિને આંખ સામે રાખી ક્ષમાની સાધનાના પાગરણ માંડી દેવા જોઈએ

卐


# HARSHADRAY PRIVATE LIMITED

Jiji House, Raveliene Street, BOMBAY-400 001

Manufacturers of "SAGAR" & "BIJLEE" Brand Stainless Steel Utensils, Hospitalware, Deep Drawn Components of Mild Steel Brass or Aluminium, Fabrication work of Spinning & Welding of all metals undertaken.

# પક્ખિઅખામણા (પાક્ષિક ક્ષમણા)ની રૂપરેખા

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

'ખામણા' એ પ્રાકૃત ભાષાનો શબ્દ છે. એને માટેનો સંસ્કૃત શબ્દ 'ક્ષમણા' છે. એનો અર્થ ક્ષમાપના—ક્ષમાયાચના—માફી માગવી તે છે. 'ખામણા' શબ્દ [1]સુપાસનાહ ચરિઅ (પૃ. ૫૯૪)માં તેમ જ [2]વિવેકમંજરી (ગા. ૭૯)માં વપરાયો છે. જૈનોમાં 'ખમત—ખામણા' શબ્દ પ્રચલિત છે.

'પક્ખિય—ખામણા'ને 'ક્ષમણસૂત્ર' પણ કહે છે અને એને કોઇ કોઇ પક્ખિઅસુત્તનો અંતિમ ભાગ ગણે છે.[3] એનો ઉપયોગ અજિય-સન્તિ-થયની જેમ પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણો કરતી વેળા સાધુઓ કરે છે. સાધુ ન હોય ત્યારે શ્રાવકો આ સૂત્રને બદલે નવકાર બોલી એનું અંતિમ પદ બોલે છે.

યોગશાસ્ત્ર (પ્ર. ૩ શ્લો. ૧૩૦)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૨૪૭ અ–૨૫૦ અ)માં પ્રતિક્રમણની વિધિ દર્શાવનારી ૩૩ ગાથાઓ ઉદ્ધૃત કરાઈ છે. એની ૨૯મી ગાથામાં પત્તેય ખામણા (પ્રત્યેક ક્ષમણા)નો, ૩૦મી ગાથામાં પજ્જન્તિય—ખામણા (પર્યંતક—સમાપ્ત) ક્ષમણાનો અને ૩૧મી ગાથામાં સંબુદ્ધ ખામણા ત્રણ, પાંચ અને સાત હોવાનો ઉલ્લેખ છે.

પ્રસ્તુત કૃતિ ચાર ગદ્યાત્મક કંડિકામાં વિભક્ત છે. પ્રત્યેક કંડિકાનો પ્રારંભ 'ઇચ્છામિ ખમાસમણો !' થી કરાયો છે. પ્રથમ કંડિકામાં એના પછી 'પિયં ચ મે' છે. કંડિકા ૧, ૨ અને ૪ના અંતમાં નીચે મુજબ ઉલ્લેખ છે.

"સિરસા મણસા મત્થએણ વંદામિ."

આમ અહીં એક જ અર્થસૂચક સિરસા અને મત્થએણનો ઉલ્લેખ છે તો તેનું શું કારણ? અબ્ભુટ્ઠિઓમાં પણ આ પંક્તિ છે.

ત્રીજી કંડિકાના અંતમાં 'તસ્સ મિચ્છા મિ દુક્કડં' છે. આ પંક્તિ ઇરિયાવહી, 'ખરતર' સામાઇય પારણ, અઈયારાલોયણ અને અબ્ભુટ્ઠિઓમાં છે. સંથારગ-પોરિસીમાં 'મિચ્છા મિ દુક્કડં તસ્સ' છે.

'મિચ્છા મિ દુક્કડં' પંક્તિ તથા સામાઇય—પારણ, સવ્વસ્સ વિ, સાત લાખ, ૧૮ પાપસ્થાનક, પોસહ-પારણ યાને પાક્ષિક અતિચારમાં છે.

'મત્થએણ વંદામિ' પંક્તિ ખમાસમણમાં છે.

પ્રસ્તુત કૃતિ અર્થ (ગુજરાતી અનુવાદ અને ટિપ્પણોમાં કેટલાક [4]વિવેચન સહિત "જૈન શ્રેયસ્કર મંડળ" તરફથી ઇ. સ. ૧૯૧૫માં પ્રકાશિત કરાઈ છે. એમાં શબ્દાર્થ વિશેષ વિવેચન અને ખાસ કરીને સંસ્કૃત છાયા પણ અપાઈ હોત તો ઠીક થાત. હજી પણ તેમ થાય તો એ કૃતિ વિશેષ લાભદાયક—ઉપકારક બની રહેશે. મેં આ કૃતિની મુંબઈ સરકારની માલિકીની અને હાલમાં કેટલાંક વર્ષોથી ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિરમાં રખાયેલી સાત હાથપોથીઓનો તેમ જ અવચૂર્ણિ સહિત આ કૃતિની એક હાથપોથીનો પરિચય D C G C M (Vol. XVII, pt. 3, pp. 317–321)માં આપ્યો છે. એમ કરતી વેળા મેં અંગ્રેજીમાં આ કૃતિના વિષય પરત્વે કેટલુંક કહ્યું છે. આ કૃતિ કોણે ક્યારે રચી તે જાણવામાં નથી પણ એ ઘણી પ્રાચીન જણાય છે.

ઉપર્યુક્ત સને ૧૯૧૫માં પ્રકાશિત મૂળ કૃતિની બીજી કંડિકામાં 'સમણા વા વસમાણા વા' પાઠ છે. જ્યારે ભીમસિંહ માણકે વિધિપક્ષમાં પાંચે પ્રતિક્રમણનાં સૂત્રો જે અર્થ સહિત ઇ. સ. ૧૯૦૫માં પ્રકાશિત

---

૧. આ લક્ષ્મણગણિએ વિ. સં. ૧૧૯૯માં રચ્યું છે અને એ 'જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા'માં સને ૧૯૧૮માં પ્રકાશિત કરાયું છે.

૨. આ કૃતિ આસડે વિ. સં. ૧૨૪૮માં રચી છે. એ બાલચન્દ્રકૃત ટીકા સહિત 'જૈ. વિ. સા. શા.'માં વિ. સં. ૧૯૭૫માં પ્રસિદ્ધ કરાઇ છે.

૩. જુઓ જૈ. ર. કો. (વિ. ૧, પૃ. ૯૭) અન્યત્ર તો સમણસુત્તનો અંશ કહ્યો છે તેનું કેમ?

૪. આમાં પ્રત્યેક કંડિકાને લક્ષીને ગુરુ શું કહે તેનો ઉલ્લેખ છે.

કર્યાં છે તેમાં તો 'સમાણા વા વિસમાણાવા' પાઠ છે—એમાં આ કૃતિનો અનુવાદ નથી. જે ગુજરાતી અર્થ છપાયો છે તે ભાવાનુવાદ લાગે છે. એમાં આ પાઠનો અર્થ અપાયેલો જણાતો નથી. પ્રથમ કંડિકાગત પોસહનો અર્થ રહી ગયો છે.

વિષય—આ હું કંડિકાદીઠ સંક્ષેપમાં નીચે મુજબ દર્શાવું છું:—

જેમ નૃપતિના સેવકો માંગલિક કાર્ય કરી એ નૃપતિની ખબરઅંતર પૂછી તેને વંદન કરે છે તેમ પ્રથમ કંડિકામાં સૂચવાયા મુજબ શિષ્ય પોતાના ગુરુને દિવસ અને પક્ષ માંગલિક રીતે પસાર થયાનું પૂછી વંદન કરે છે. આ દ્વારા ગુરુનો વિનયોપચાર વ્યક્ત થાય છે. આ કંડિકામાં ગુરુને અંગે બહુવચનમાં સાત વિશેષણો વપરાયાં છે. જેમકે હૃષ્ટ, તુષ્ટ, મહદંશે રોગ રહિત, સુશીલ (ઉત્તમ બ્રહ્મચર્ય પાળનારા), સુંદર (પાંચે મહાન્) વ્રતોના ધારક; આચાર્ય અને ઉપાધ્યાયથી યુક્ત તેમજ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ વડે પોતાના આત્માને ભાવતા આવા સુગુરુને મસ્તક અને મનથી શિષ્ય વંદન કરે છે. શિષ્યને એઓ અનુવંદના દર્શાવનારું વાક્ય કહે છે. આથી શિષ્યને આનંદ થાય અને ગુરુ પ્રત્યે ભક્તિભાવ જાગે એ સ્વાભાવિક છે.

દ્વિતીય કંડિકાનો સારાંશ છે કે પૂર્વકાળે ચૈત્યોને વંદન કરી—નમસ્કાર કરી, ગુરુની સાથે વિહરતા અને દીર્ઘકાલીન દીક્ષા પર્યાયવાળા સાધુઓને પોતે—શિષ્યે જોયા. ગ્રામાનુગ્રામ વિહરનારા રત્નાધિક મુનિઓએ તમને સુખ શાતા પૂછી છે એમ શિષ્ય ગુરુને કહે છે તમારા કરતાં ઓછી દીક્ષા પર્યાયવાળા મુનિઓ તમને વંદન કરે છે. સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ તેમ કરે છે. હું પણ શલ્ય અને કષાયથી મુક્ત થયેલો તમને મસ્તકાદિ વડે વંદન કરું છું. આના ઉત્તરરૂપે ગુરુ હું પણ જિનચૈત્યોને વંદન કરું છું એમ કહે છે. આ કંડિકા ચૈત્યવંદન અને ગુરુ વંદનને અંગેની છે.

તૃતીય કંડિકાનો ભાવાર્થ એ છે કે શિષ્ય ગુરુને કહે છે કે તમે મને પ્રીતિપૂર્વક યથા કલ્પ્ય વસ્ત્ર, પ્રતિગ્રહ (પાત્ર) કામળ (કંબલ) અને પાદપ્રોંછન (રજોહરણ) આપ્યાં તેમ જ (શાસ્ત્રનાં) અક્ષર, પદ, ગાથા, શ્લોક. એના અર્થ, હેતુ અને ઉત્તરો સહિત આપ્યાં છતાં મેં એ અવિનયથી એ ગ્રહણ કર્યાં. તેને અંગેનું મારું દુષ્કૃત (પાપ) મિથ્યા હોજો. આને અંગે ગુરુ એમ કહે કે જે મેં આપ્યું તે આચાર્યને આધીન છે. આ દ્વારા ગુરુ પોતાની નિરભિમાનતા દર્શાવે છે. એને લઈને શિષ્યનો એમના ઉપર ભક્તિભાવ વધે છે. આ તૃતીય કંડિકા દ્વારા શિષ્ય પોતાના અવિનયનો ઉલ્લેખ કરી મિથ્યા દુષ્કૃત દે છે.

ચતુર્થ કંડિકા દ્વારા શિષ્ય પોતે આચાર અને વિનયને દૂષિત કરનારાં કૃતિ કર્મો કર્યાં જાહેર કરે છે અને એ અપૂર્વ કૃતિ કર્મો શુદ્ધ કરવાની પોતાની ઇચ્છા જણાવે છે. વિશેષમાં ગુરુને શિષ્ય કહે છે કે તમે મને શિક્ષા આપી છે તેમ જ અપાવી છે, મારો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો છે, (જ્ઞાનાદિ વડે) ઉપગ્રહિત કર્યો છે, [1]સારણા, [2]વારણા, [3]ચોયણા અને [4]પડિચોયણા કરી છે, પ્રીતિપૂર્વક વારંવાર પ્રેરણા કરી છે તેથી હું તમારી સન્મુખ ઊભો થયો છું. તમારી તપરૂપ તેજની લક્ષ્મી વડે હું ચાર ગતિરૂપ સંસાર—અટવીમાંથી કષાયાદિને સંહરી નિસ્તાર પામીશ એ હેતુથી હું તમને (ગુરુને) મસ્તકાદિ વડે વંદન કરું છું. આ સાંભળી ગુરુ શિષ્યને 'નિત્થારગ પારગ હોહ' એમ બહુવચનના પ્રયોગપૂર્વક આશીર્વાદ આપે છે. તમે સંસારનો પાર પામનારા થાઓ એમ કહે છે. આ કંડિકા દ્વારા શિષ્ય પોતાના ઉપર કરેલા વિવિધ ઉપકારો ગણાવે છે અને ગુરુનું બહુમાન કરે છે.

અવિનયને અંગે—અપરાધને લક્ષીને માફી કેમ મંગાય તેનું પ્રસ્તુત કૃતિ દિગ્દર્શન કરાવે છે. જૈન ધાર્મિક સાહિત્યની આ કૃતિ એક મહત્ત્વપૂર્ણ વાનગી છે. એની મારી મંદ મતિ અનુસાર યથા સાધન મેં આછી રૂપરેખા આલેખી છે. એટલે આમ તો આ લેખ પૂર્ણ થાય છે. તેમ છતાં શ્રાવકોનાં પ્રતિક્રમણ-સૂત્રોમાં આ વિષયને લગતા ઉલ્લેખો છે તેને હું સંક્ષેપમાં નિર્દેશ કરું છું. અને સાથે સાથે જૈનના

૧–૪. આ ચાર શબ્દોના અર્થ અનુક્રમે યાદ કરાવવું તે, વારવું—રોકવું તે, પ્રેરણા અને પ્રતિપ્રેરણા છે.

તંત્રીજીએ ક્ષમા વિશેષાંક માટે, મને આમંત્રણ આપ્યું જેનો આભાર માનું છું:—

**खंति**–અજિયસંતિથય (ગા. ૮)
**खमणिज्जो**–સુગુરુવંદણ
**खमंतु**–વંદિત્તુ (ગા. ૪૯)[૫]
**खमामि**–આયરિય ઉવજ્ઝાએ (ગા. ૩)
**खमावइत्ता**–આયરિય ઉવજ્ઝાએ (ગા. ૨ અને ૩)
**खामेउं**–અબ્ભુટ્ઠિઓ
**खामेमि**–સુગુરુવંદણ અને વંદિત્તુ (ગા. ૪૯), **आयरिय उवज्झाए** (ગા. ૧)[૬] "ખમાસમણ" શબ્દનો અર્થ 'ક્ષમાશ્રમણ' છે. અહીં ક્ષમાને પ્રાધાન્ય અપાયું છે, આ શબ્દ ખમાસમણ અને સુગુરુવંદણ વગેરેમાં વપરાયો છે. કોઇ અજૈન કૃતિમાં આવો શબ્દ જોવા જાણવામાં નથી. જો ન જ હોય તો એ જૈન ધાર્મિક સાહિત્યની વિશેષતા દર્શાવે છે. ઉપર્યુક્ત બધા જ શબ્દો મેં અર્થાદિ સહિત 'પાઇય–સડ્ઢ–પડિક્કમણસુત્ત–સદ્દ-કોસો'-માં આપ્યા છે. આ કોશ અદ્યાપિ આ પ્રકાશિત છે.

અંતમાં એ ઉમેરીશ કે શ્રમણધર્મનો સાર ઉપશમ છે–ક્ષમા છે એમ પજ્જોસવણાકપ્પની સામાચારીના લગભગ અંતમાં કહ્યું છે તેનો તેમજ excuse me, for give me beg you. pardon તેમજ for give અને forget નો સાચા દિલથી ઉપયોગ કરાય તો મોક્ષ દૂર નથી.

✱

૫. આ ગાથા આવસ્સય (અ. ૪)ના અંતમાં જોવાય છે.

૬. 'પ્રાકૃત–શ્રાદ્ધ–પ્રતિક્રમણ–સૂત્ર શબ્દકોશ' એ સંસ્કૃત રૂપાંતર છે.

જ્યાં કોઇની પરતંત્રતા કે તાબેદારી નથી. એવી સિદ્ધ અવસ્થાનું સુખ એજ સાચું સુખ છે, એનું નામ મોક્ષ છે. એજ પરમાનંદનું અક્ષય ધામ છે.


Phones : 315353–314612–310256
************************

VORA BROTHERS

* CHEMISTS
* DRUGISTS
* LABORATORY
* CHEMICALS
* & EQUIPMENTS

314-B, Princess Street,
BOMBAY-2 400002

Authorised Stockist of :
PFIZER LIMITED &
SARABHAI M. CHEMICALS LTD.

Head Office :
MALEGAON Phone ; 13

Phone : 356104
Office : 326272

Motilal Virchand Shah

*Agents for :*

SHRI PRITHVI COTTON MILLS LTD.
AMAR DYE-CHEM LTD.
AMRITLAL & Co. PRIVATE LTD
INDEOKEM P. Ltd. (I. D. I. COLOURS)

**Bankers, Colour & Chemicals Merchant**

Vadgadis Office :
296, Samuel Street, BOMBAY 3.

Cigaretwala Bldg, 5th Floor,
364, Sir V. P. Rd, Sandhurst Rd.,
Opp. Central Bank, BOMBAY. 4

# સર્વોત્તમ ક્ષમાની આરાધના

લેખક : શ્રી રતીલાલ ચીમનલાલ શાહ–'ધર્મપ્રિય'

પર્યુષણ પર્વ એ ક્ષમાપનાનું મહાપર્વ છે. ચોરાશી લાખ જીવાયોનિના જીવો પૈકી કોઈની પણ સાથે વૈર, વિરોધ કે મનદુઃખ થયું હોય તેની ક્ષમા આપવી અને ક્ષમા માંગવી અને એમ કરીને આત્માના કર્મબળને ઓછો કરવો એ આ પર્વની ઉજવણીનો આદર્શ છે. પરંતુ, અભિમાન અથવા ક્રોધનો ત્યાગ કરવો એ સહુને માટે સહેલું નથી. પણ, ગુણીજનોના ગુણ ગાવાથી તેમના ગુણો આપણામાં પ્રગટે છે. એ માટે જેમણે ક્ષમાનો સર્વશ્રેષ્ઠ ગુણ ધરાવ્યો અને તાત્કાલિક સર્વ કર્મથી રહિત બની સિદ્ધ થયા એવા મુનિવર ગજસુકુમારનું દૃષ્ટાંત સ્મરણમાં રાખવા જેવું છે.

બાવીસમા તીર્થંકર ભગવાન નેમનાથ અઢાર હજાર સાધુઓ સાથે તે વખતે વિચરી રહ્યા હતા અને જગતના જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપતા હતા. તે વખતે દ્વારિકાના રાજા વસુદેવ અને રાણી દેવકીના પુત્ર વાસુદેવ શ્રી કૃષ્ણના નાના ભાઈ ગજસુકુમાર, એક વખત ભગવાન નેમનાથનો ઉપદેશ સાંભળવા ગયા. ભગવાને સંસારની અસારતાનું ભાન કરાવતો સચોટ ઉપદેશ આપ્યો.

યુવાન ગજસુકુમારને આ ઉપદેશ હૃદયતલમાં સ્પર્શી ગયો. તેમને તુરત ભગવાનના માર્ગે ચાલવાની ઈચ્છા થઇ.

ગજસુકુમાર ઘેર ગયા. માતાને કહ્યું. 'હે માતા! આજે હું ભગવાન નેમનાથના પ્રવચનમાં ગયો.' માતા કહે. 'ધનભાગ્ય.'

'હે માતા! ભગવાનનો ઉપદેશ મને રૂચ્યો છે.'

'તેનાથી બીજું રૂડું શું ?'

'માતા! મારી તેમણે પ્રરૂપેલા માર્ગે જવાની ઈચ્છા છે. તો આપ મને આજ્ઞા આપો.'

'હે પુત્ર! હું સાત સાત પુત્રોનું લાલનપાલન કરી શકી નથી. તું સૌથી નાનો છે. તને એકને જ હું લાડ લડાવી શકી છું એટલે તને છોડતાં મારો જીવ ચાલતો નથી.'

'માતા! જ્યારે માનવીને માથે કાળનો ઝપાટો લાગે છે ત્યારે તેને માતાનો પ્યાર કે પત્નીનો પ્રેમ બધું મૂકીને જવું જ પડે છે. ભલે તે યુવાન હોય કે વૃદ્ધ. તો પછી આપણેજ તે માટે તૈયાર કેમ ન રહેવું.'

'હે પુત્ર! તારી વાત સાચી છે. ભગવાનનો ઉપદેશ તો ચિંતામણી રત્ન સમાન છે એટલે એ અંગીકાર કરતાં હું તને રોકવા માગતી નથી. પણ એટલું કહું છું કે જેવી રીતે મને રડાવી એવી રીતે બીજી કોઈ માતાને રડાવીશ નહિ.'

આમ સારગર્ભિત રીતે એજ ભવે મોક્ષપ્રાપ્ત કરવાના આશિર્વચન લઇ ગજસુકુમાર ભગવાન નેમનાથ પાસે આવ્યા અને દીક્ષા અંગીકાર કરી. તેજ દિવસે સાંજના ભગવાન પાસે જઈને આજ્ઞા માગી કે– 'હે પ્રભુ! આપ આજ્ઞા આપો તો આજે રાતના મહાકાળના સ્મશાનમાં કાર્યોત્સર્ગ કરૂં'

ભગવાને કહ્યું 'હે દેવાણુપિયા! જેમ તમને સુખ ઉપજે તેમ કરો.'

આમ ભગવાનની આજ્ઞા લઈ મુનિ ગજસુકુમાર મહાકાળના સ્મશાનમાં ગયા. એક વૃક્ષની સમીપમાં કાર્યોત્સર્ગ કરી ધ્યાનમાં ઊભા રહ્યા.

એવામાં તેમનો શ્વસુર સોમિલ ત્યાંથી નીકળ્યો. તેણે જોયું કે 'અરે! આ તો મારો જમાઈ છે. મારી દીકરીનો ત્યાગ કરી દીક્ષા લીધી? જો દીક્ષા લેવી હતી તો પરણ્યો શું કરવા? મારી દીકરીની જીંદગી બગાડી. તેને બરાબર શિક્ષા કરૂં.'

આમ વિચારી તેણે પોતાની પાસે પાણીનો લોટો હતો તે નજીકની જમીન ઉપર રેડી માટીની ગાર બનાવી, તે માટી વડે મુનિ ગજસુકુમારના માથા ઉપર પાળ બાંધી અને બાજુમાં ચિતા સળગતી હતી તેમાંથી સળગતા અંગારા લઈ મુનિના મસ્તક ઉપર ભર્યા.

ગજસુકુમાર મુનિના માથા ઉપર સળગતો અગ્નિ તેનો ધર્મ બજાવે છે. વાળ બળ્યા. ચામડી બળે છે. ખોપરી તુટવાનો સમય પાસે આવ્યો છે અસહ્ય એવી વેદના શરીરે થઈ રહી છે. પણ મુનિનું મન શાંત છે.

ચિત્ત સ્વસ્થ છે.

તે વિચારે છે કે– 'બીજા સસરાઓ તો પાંચ કે પચીસ રૂપીયાની કીંમતની પાઘડી બંધાવે પણ મારા સસરાએ તો મારા સર્વ કર્મોનો ક્ષય થઇ, ચિરંજીવ મોક્ષ સુખ મળે એવી પાઘડી બંધાવી! હવે હું જો જરાપણ હાલીશ તો નીચે કોઈ જીવજંતુ મરી જશે.' માટે પોતે સ્થિર ધ્યાનમાં ઊભા રહે છે. આમ કરતાં ધર્મધ્યાન અને શુકલધ્યાનના છેલ્લા પાયા ઉપર આવતાં તેમને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થાય છે અને થોડીક જ ક્ષણોમાં મોક્ષમાં જાય છે.

ધન્ય હો આવા ક્ષમા શ્રેષ્ઠ મુનિ ગજસુકુમારને.


Gram : *TRUST* Phone [O] : *30495*
[R] : *77683 36251*

Anubhai Chimanlal & Bros.

CLOTH MARCHANTS

Panchkuva, Post : Railwaypura,
AHMEDABAD-2

*Dealers In :*

LATEST HIGH CLASS VARIETIES

**Sanforised Poplins, Pattas, Shirtings,**
**Fashionable Checks & Lawns.**

*With Best Complements of :*

**M/s. GULABCHAND KOCHAR**

**WHITE CLAY, BALL CLAY, FIRE CLAY and SILICA SAND Etc.**

Mines :
SRI KOLAYATJI
Dist : BIKANER
Phone : *11*

Office :
Labhuji-Ka-Katar,
BIKANER [Raj.]
Phones (O) : *429*
(R) : *1129*

**શ્રી ઈડર પાંજરાપોળને મદદ કરો** અહિંસાને આવકાનારા મહાનુભાવોને..........

સવિનય વિનંતી કે ગુજરાતના સાબરકાંઠા જીલ્લામાં ઈડર પાંજરાપોળ સંવત ૧૯૭૫ની સાલમાં શ્રીમદ્ જૈનાચાર્ય વિજય મળસૂરીશ્વરજી મહારાજશ્રીના સદઉપદેશથી સ્થપાએલ છે. આ સંસ્થા સરકાર માન્ય તેમજ, પબ્લીક ટ્રસ્ટ નીચે રજીસ્ટર થયેલ છે. સંસ્થામાં હાલ ૫૦૦ ઉપરાંત જાનવરો છે. અબોલ, મુંગા જીવોના નિભાવ માટે કાયમી કંઈ ફંડ નથી. ફક્ત દાનવીરોની છુટી છવાઈ મદદ ઉપર જ આ સંસ્થાનો મુખ્યત્વે નિભાવ થાય છે. આપને વિનંતી કે : આપ કરૂણાભાવથી પ્રેરાઇ આ સંસ્થાને ઉદાર હાથે રોકડ, ઘાસ, કપાશીયા અને અન્ય મદદ મોકલી આ અસહ્ય મોંઘવારીના સમયમાં મુંગા જીવોના નિભાવમાં સહાય કરશો અને પુણ્ય ઉપાર્જીત કરશો તેવી અભ્યર્થના.

તા. ક. : સંસ્થા તરફથી ફંડફાળો ઉઘરાવવા આવે તેની પાસેથી ફોટા સાથેનો અધિકાર પત્ર તપાસી ફાળો આપો.

મદદ મોકલવાનુ ઠેકાણું :
શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા
ઠે. જુના બજાર, ઈડર (જી. સાબરકાંઠા)

બાબુલાલ ડી. સુખડીયા,
માનદ્ વહીવટદાર
ઇડર પાંજરાપોળ સંસ્થા

## उत्तम क्षमा

लेखकः—यशपाल जैन

हजरत मोहम्मद के एक नवा थे हुसेन। बड़ी आलीशान हवेली में रहते थे। कमरे में बढ़िया कीमती कालीन बिछे थे। धन-दौलत की उनके पास कमी न थी। रौब भी उनका बहुत था। नौकर-चाकर उनसे थर-थर कांपते थे। कोई उन्हें नाराज नहीं कर सकता था।

एक दिन की बात है। उनका नौकर मेज पर खाना लगा रहा था। वह जैसे ही रकाबियां लेकर आ रहा था कि उसका पैर फिसल गया। रकाबियां फर्श पर गिर कर चूर-चूर हो गईं। वहां जो बेश कीमती कालीन बिछा था, वह खराब हो गया।

गुलाम को काटो तो खून नहीं। वह घुटने टेक कर वहीं हुसेन के सामने बैठ गया। बड़ी धीमी आवाज में बोला, "मालिक, जो दूसरों पर गुस्सा नहीं करते, वे बडे होते हैं।"

हुसेनने कुछ रुक कर कहा, "मैं गुस्सा नहीं हूं।"

गुलाम आगे बोला, "मालिक, जिन्हें गुस्सा आता ही नहीं," वे उससे भी बडे होते हैं।"

हुसेनने कहा, "तुम ठीक कहते हो।"

"लेकिन," गुलाम सिर को उसी तरह झुकाये हुए बोला, "जो दूसरों की गलतियों को माफ कर देते हैं, वे सब से बडे होते हैं।"

हुसेन के चेहरे पर मुस्कराहट खेल उठी। उसने कहा, "मैंने तुम्हें माफ कर दिया। ये लो, चार सौ दिरहम। मैंने तुम्हें माफ ही नहीं किया, आजाद भी कर दिया। जाओ!"

क्षमा वीर का अस्त्र है।


INSIST ON

FOR GAIETY & GLAMOUR
FOR SOPHISTICATION & SPLENDOUR

RAIPUR FABRICS

OUR SPECIALITIES:

* 80/20 FILAMENT WEFT JACQUARDS, LENOS, DOBBY SHIRTINGS & POPLINS.
* 2×2 TEBILIZED DOUBLE-TESTED BUTTA VOILES & CAMBRICS.
* SUPERFINE DHOTIES & FANCY SAREES
* PRINTED POPLINS
* PRINTED LAWNS & LENOS.
* ATTRACTIVE PAIJAMA CLOTH.

THE RAIPUR MFG. Co., LIMITED
AHMEDABAD 380 018

Registered User of the Trade Mark
'SANFORIZED' & 'TEBILIZED' DOUBLE TESTED.
LALBHAI GROUP AHMEDABAD.

# નાનીશી વાત

: લેખક :

卐 શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ 卐

આકાશ ઘનઘોર વાદળીઓથી છવાઈ ગયું હતું; વીજળીના ચમક અને દમક દોરદમામપૂર્વક ચાલુ હતાં. વરસાદ તૂટી પડવાની તૈયારીમાં હતો. વગર સંધ્યાએ જાણે કે સંધ્યા શરૂ થઈ ચૂકી હતી... ત્યારે...લગભગ પચીસસો વર્ષ પહેલાં સિંધુસૌવિર દેશના વિતભયનગરના નરેશ ઉદાયને કૂચ કરી રહેલા પોતાના લાવલશ્કરને આદેશ આપ્યો: "આગળ આવી રહેલા મેદાનમાં જ પડાવ નાખો."

લશ્કરની હલનચલન થંભી ગઈ. આદેશનો અમલ શરૂ થઈ ચૂક્યો. ડેરા–તંબૂ તણાવા લાગ્યા. ગજરાજો ખીલે બંધાઈ ગયા; અશ્વોની હણહણાટી ગાજવીજ સાથે મળી ગઈ. સાંજ પડતાં પડતાં તાપણાં પણ શરૂ થઈ ગયાં.

હકીકત આમ હતી: ઉદાયન નરેશને ત્યાં રૂપરૂપનાં અંબાર સમી એક દાસી હતી. આ દાસીના રૂપની પ્રશંસા દૂર–સુદૂર સુધી પહોંચી વળી હતી. વિતભય-નગરની આસપાસના પ્રદેશના રાજાઓના મન આ પ્રશંસા સાંભળી ઝળવળતાં, પણ ઉદાયન નરેશના ભયે મનમાં સમસમી સંયમ જાળવતાં. પરંતુ ઉજ્જયિની નરેશ ચંડપ્રદ્યોતે હિંમત કરી. લાગ જોઈ એક રાત્રે આ દાસીનું અપહરણ કર્યું. દાસીએ આભૂષણો સાથે ઉદાયન નરેશ જેની નિયમિત પૂજા કરતા એવી મૂર્તિને પણ સાથે લઈ લીધી.

પ્રાતઃકાળે જ્યારે ઉદાયન નરેશને આ સમાચાર મળ્યા ત્યારે તે અચંબો પામ્યા. ચંડપ્રદ્યોતની આટલી હિંમત! એણે પણ ઉજ્જયિની નરેશને સંદેશ મોકલાવ્યો– યુદ્ધનું કહેણ નહિ, કારણ કે રાજાને અહિંસામાં પૂરી શ્રદ્ધા હતી: રાજન્! "તમે જે કંઈ કર્યું તે તમને શોભાસ્પદ નથી; પરંતુ મારા ઈષ્ટદેવની મૂર્તિ પણ તમે સાથે લઈ ગયા છો, એ તુરત પાછી મોકલશો તો આભારી થઈશ.

ગર્વથી ઘમંડી બનેલ ચંડપ્રદ્યોતે કહેણને પાછું ઠેલ્યું; અવમાનના કરી. અહિંસક રાજવી ઉદાયનનું મન હિંસ બન્યું. પોતાના આરાધ્ય ઈષ્ટદેવની મૂર્તિ પ્રાપ્ત કરવા લાવલશ્કર સાથે એણે ઉજ્જયિની પર ચઢાઈ કરી ચંડપ્રદ્યોતને કેદ કર્યો; મૂર્તિ પાછી મેળવી. અને વિતભયનગર તરફ પ્રયાણ કર્યું, હજુ ઉજ્જયિની પાસે આવેલ અત્યારના મંદસોર સુધી પહોંચતા જ એમણે અચાનક આદેશ આપ્યો: "પાસેના ખુલ્લા મેદાનમાં પડાવ નાખો."

સૈન્ય કે સેનાધિપતિ ને રાજાના આવા અચાનક આદેશની પશ્ચાદ્ભૂ'નો સહેજ પણ ખ્યાલ ન આવ્યો.

બીજે દિવસે સવારે ઉદાયન નરેશે પોતાના સેનાધિપતિ અને થોડાક સૈનિકોને લઈ, ચંડપ્રદ્યોતને જે તંબુમાં નજરકેદ રાખ્યો હતો ત્યાં આવ્યા. ઉદાયન નરેશને આમ એકાએક આવતા નિહાળી ચંડપ્રદ્યોતનું મન અનેક શંકાકુશંકાઓથી ધ્રુજી ઉઠ્યું. ક્ષણભર માટે મૃત્યુને પણ નજીક નિહાળી લીધું. પણ આ શું? ઉદાયન રાજા ઉતાવળે ડગલે ચંડપ્રદ્યોત પાસે પહોંચી જઈ એને ભેટ્યા; ચંડપ્રદ્યોતને બંધનમાંથી મુક્ત કરવા સેનાધિપતિને આજ્ઞા કરી અને કહ્યું: "રાજન્ આજે સંવત્સરી પર્વ છે; ક્ષમાપના દિન છે. મનથી પણ તમારું અશુભ ચિંતવ્યું હોય તો એની આજે ક્ષમા માગું છું. આજથી તમે મુક્ત છો; સ્વતંત્ર છો."

ચંડપ્રદ્યોત પણ હર્ષાવેશમાં આવી ઉદાયનનરેશને ભેટ્યો; એના મોંમાથી મણ શબ્દો સરી પડ્યા: मिच्छामि में दुक्कडं।"

આકાશમાં વિજળીએ પ્રકાશ પાથર્યો; પ્રસંગને સત્કારવા વાદળાએ દુંદુભી જેવો નાદ કર્યો; ગજરાજોએ એનો પ્રતિઘોષ પાડ્યો; અશ્વોએ હણહણાટી શરૂ કરી દીધી; અને ક્ષમાપના પ્રસંગનું ગૌરવ વધારવા આકાશમાંથી ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો.

# ક્ષ..મા..પ..ના

લેખક : શ્રી કુમારપાળ દેશાઇ

દિલના દરિયામાં કાંઈ કાંઈ મોતી !

દરિયો ડખોળવાના દિવસો તે પર્યુષણનાં !

એમાંથી મોતીની પ્રાપ્તિનો દિન સંવત્સરીનો !

ઘણા જીવો દરિયાની સપાટી પર જ તરે છે. ને સપાટી પર રહેલાં લીલ, ફૂગ, શેવાળ ને હાડકાં જ હસ્તગત કરે છે.

જળમાં ડૂબકી મારવાની એમને આદત નથી.

જેઓ પશ્ચાતાપના જળમાં ને ઉદારતાના વારિમાં ડૂબકી ખાતા નથી: આકંઠ સ્નાન કરીને શુચિતા પ્રાપ્ત કરતા નથી. એમની આરાધના વ્યર્થ છે !

જેઓ શમે છે, શમાવે છે, જેઓ ખમે છે, જેઓ ખમાવે છે, તેઓની આરાધના છે: તેઓની ક્ષમાપના છે.

ઘેર ઘેર, કુટુંબે કુટુંબે ભડભડતો અગ્નિ પ્રજવલે છે. મારામારી, ગાળાગાળી, કાપાકાપીનો કોઈ અંત નથી. શું એ અગ્નિમાં ભડભડવું છે કે શીતળ ક્ષમાપનાના જળમાં સ્નાન કરવું છે ?

આજે એનો નિર્ણય લેવાનો છે. ને તો જ પર્વારાધન કર્યું પ્રમાણ છે !

ભગવાન મહાવીર એક દૃષ્ટાંત આપે છે:

એક પુરુષાર્થી જુવાન પરદેશ કમાવા નીકળ્યો.

વન, અરણ્ય અને અટવીઓ વટાવી એક મહાનગરે પહોંચ્યો.

મહાપુરુષાર્થે એક હજાર રૂપિયા કમાયો.

ઘેર આવવા પાછો વળી નીકળ્યો.

એક વાંસળી ખરીદી એમાં નવસો નવ્વાણું ભરી, વાંસળી કેડે બાંધી.

એક રૂપિયાને વાટ ખરચી માટે વટાવ્યો.

રૂપિયાની સો કોડી લીધી.

વાટ કાપતો ગામ નજીક આવ્યો. ત્યાં ખબર પડી કે એક કોડી પાછળના ઉતારે રહી ગઈ છે.

વિચાર્યું કે ઘર નજીક છે. એક કોડી પૂરતી છે. કયાં રૂપિયો વટાવવો ?

જુવાન કોડી લેવા પાછો વળી નીકળ્યો.

પણ પાસે રહેલા નવસો નવ્વાણું રૂપિયા પાસેના ઝાડના થડ પાસે દાટી દીધા.

એક ચોર ત્યાં આજુબાજુમાં જ હતો. જુવાન કોડી લેવા નાઠ્યો કે પેલા ચોરે નવસો નવ્વાણું કાઢી લીધા.

જુવાન પાછો આવ્યો. કોડી મળી નહોતી. અહીં આવીને જોયું તો નવસો નવ્વાણુ પણ મળે નહિ.

કોડી માટે નવસો નવ્વાણું ખોયા. એમ માણસ વૃત્તિઓ ખાતર લાખેણા આત્માને ખોઈ નાખે છે.

કોડી જેવા દેહ માટે આત્મા જેવા રૂપિયાઓને ખોઇ નાખે છે !

આરાધનાના આ પર્વમાં આત્માને ખોજવાની જરૂર છે. કોડી જેવો દેહ અને તેમાં રહેલા મદ, માન, મોહને ભલે ખોઇ નાખીએ, પણ લાખેણા આત્માને ખોજીએ.

પર્યુષણા એ આત્માની નજીક જવાનું, આત્માને શોધવાનું પર્વ છે. ને ક્ષમાપના એનો સર્વશ્રેષ્ઠ મૂળ મંત્ર છે.

આજે પહાડ ગળી જશે.

આજે તરણાં તરી જશે.

આકાશનું મેઘાચ્છિન્ન હૈયું જલધારા વરસાવી સ્વચ્છ બન્યું છે: ને રંગરંગનાં ઈન્દ્રધનુ હવે ત્યાં રહ્યાં નથી. એમ સાત સાત દિવસ તપ, સ્વાધ્યાય, પ્રતિક્રમણ ને દાનની પવિત્ર ધારામાં આકંઠ સ્નાન ને આકંઠ પાન કરનાર શ્રમણોપાસકનાં દિલ બિલોરી કાચ જેવાં સ્વચ્છ બન્યાં છે : ને કામ–ક્રોધ–મદ–માનનાં ઈન્દ્રધનુ હવે ત્યાં આડાં પડયાં નથી.

સહસ્ર સહસ્ર કંઠોના કિલકિલ નિનાદે, સહસ્ર સહસ્ર જિહવાઓમાંથી, એક જ વાત નીકળશે, સહસ્ર ગુલાબની પાંદડીઓ શા ઓષ્ઠ આજે એક જ રીતે ઉઘડશે, ને હૃદયના અમૃતકુંભમાંથી સુધા ઝરે અને વિષ ટળે એમ ભવોભવતારણી સુધ ઝરશે :

અનેક સહસ્ર હસ્તો અંજલિ રચશે: ને ખુલ્લં ખુલ્લા કહેશે:

રે ! મારે કોઈ શત્રુ નથી.
હું વિશ્વમૈત્રીનો જીવ છું.
જગતજીવ સાથે મિત્રતા માગું છું.
મને સહુ મારા દોષોની ક્ષમા આપો.
અન્યના દોષોની હું ક્ષમા આપું છું.

રે ! દીપાવલિથી ય અધિકું આ પર્વ ! સર્વ પર્વોમાં અધિરાજ પર્વ ! આ પર્વની સ્થાપના કરનાર ખુદ વિશ્વમિત્ર હતા ! વિશ્વશાંતિના આત્મા હતા ! એ વિશ્વશાંતિને વરનારી ચિત્તશાંતિની આજ કંઈ ઝાંખી કરીએ :

નદીઓમાં નવા જળ આવે, અને કાંપ-કીચડ ધોવાઈ જાય, મેલ કહોળ બધો વહી જાય, એમ આજ સાંવત્સરિક પ્રતિક્રમણ વખતે જીવનનું પર્યાલોચન કરતાં ભાવનાનાં પૂર વાધ્ય છે : ને ક્ષમાપનાનાં જળ હૈયાના કુંભમાં છાલક મારે છે !

કાજળની કોટડી જેવો છે સંસાર ! જાણતાં મદ, માન, કામ, ક્રોધ થઈ જાય – અજાણતાય થઈ જાય. કાયાથી ન થાય તો વચનથી થાય. વચનથી ન થાય તો મનથી થઈ જાય : ઉપરથી તો અચ્છી બની, ભીતરથી રામ જાણે

દિલમાં મદ છે, ત્યાં મહાદોષ છે !
દિલમાં માયા છે, ત્યાં મારું-તારું છે.
દિલમાં ક્રોધ છે, ત્યાં ક્લેશ છે.
*જ્યાં માન છે, ત્યાં અપમાન છે.*

ગર્વ કોઈ વાતને નિરર્થક છે. ગર્વ કરનાર ભલભલા હારી ગયા છે. અંધારિયા પ્રભાતે આકાશમાંથી તુષારબિંદુ વરસે, એમ વિષય કષાયની વર્ષા સતત ચાલુ છે ! મોતી માની જે લેવા જાય એ આખરે પાણીનો પરપોટો નીકળે છે. આ વખતે દિલની કુમાશ, મનની કોરી પાટી જ માણસનું કલ્યાણ કરે છે.

અસત માનીએ ને સત નીકળે, સત વળી અસત ઠરે. આંખ જુએ કંઈ, નીકળે કંઈ ! વાટે ને ઘાટે વિષયવૃત્તિઓ ભૂતવેશવાળા જનની જેમ જગત પાસે ડાકલા ઠોકાવ્યા કરે છે. પોતે ધૂણે છે, જગતને ધુણાવે છે : પોતે અશાંત રહે છે, જગતને અશાંત કરે છે ! રોગ, ગાંડપણ, વેર, યુદ્ધ એનાં ભાઈબંધ છે : ખૂન, ફાંસી, જન્મટીપ ને કત્લેઆમ એનાં સંતાન છે !

માટે ક્ષમાપનાનું પર્વ વિશ્વમૈત્રીનું પર્વ છે, ત્રણ લોકનાં જીવોને અભય બક્ષનારું પર્વ છે. કાળમુખાઓની સેનાની સામે આવો, કોમળ કંઠે–દિલના અવાજે પોકારીએ—

જગતના સર્વ જીવોની મૈત્રી
દિલના સર્વ શુભાશયોની દોસ્તી !
આવો ક્ષમો, આવો ક્ષમીએ !
દુનિયા દોષની છે – દ્વેષની છે :
એમાં મૈત્રીના ફુલછોડ રોપીએ !
જગત તો જ જીવવા જેવું રહેશે !

રે ! ભાઈ ! તારા ગળે કાચકી કાં વળગે ? એવો તું ભવોભવનો કર્મકઠિયારો છે : ને ભવોભવ સુધી તું કર્મકષાયનાં કરગઠિયાંની ભારી લઈને ભળવાનો છે, કે મુક્ત કંઠે, ખુલ્લા દિલે બોલી શકતો નથી—

મિચ્છામિ દુક્કડમ !

*મિથ્યા હો*

મમ દુષ્કાર્ય ને દોષ !

નવા વર્ષની કુમકુમ પત્રિકાઓ ને લગ્નપત્રિકાઓ તો કંકાવટીનાં કંકુથી લખાય છે; પણ ક્ષમાપનાની કંકોતરીઓ તો દિલનાં લોહીથી ને હૃદયનાં આંસુથી લખાવી જોઈએ. અને તે પણ ખરા દોષીને ! ખરા વેરીને ! ખરા અપરાધીને !


# લીબર્ટી સીલ્ક મીલ્સ પ્રા. લી.

ઓફિસ :

ભારત હાઉસ, ૧૦૪, મુંબઈ સમાચાર માર્ગ, ફોર્ટ, મુંબઈ-૧ B.R.

# વા ણી નો જા દૂ

લેખક: શ્રીફુલચંદ હરીચંદ દોશી—મહુવાકર

" સાહેબ ! અમારા દેશમાં સાધુમહારાજના દર્શન ભાગ્યે જ થાય છે. આપ પધાર્યા એ અમારા ભાગ્ય: પણ, અમારા સંઘમાં કુસંપ છે. આપના પ્રભાવથી તે દૂર થાય તો અમારી ઉન્નતિ થાય." એક યુવાને આચાર્યશ્રીને પ્રાર્થના કરી.

" ભાઈ ! મેં પણ આ વાત સાંભળી છે. હું તે માટે જરૂર પ્રયાસ કરીશ. થવું ન થવું એ તો જ્ઞાની જાણે. પણ સંઘમાં કુસંપ હોય તો આખા સમાજ અને શહેર બંનેને નુકશાનકર્તા છે."

" ગુરુદેવ ! બીજી પણ એક પ્રાર્થના છે... "

" કહો, કહો, સંકોચ ન રાખો. મારાથી શક્ય હશે તો જરૂર થશે."

" કૃપાળુ ગુરુદેવ ! અહીં એક માતા પુત્રને મોટો કલેશ છે. તેમનું કુટુંબ બહુ જ ખાનદાન છે. પાસે સારી માલમિલ્કત પણ છે. બન્ને સમજતા નથી. કોર્ટ સુધી મામલો પહોંચ્યો છે. આપશ્રી પ્રયાસ કરશો તો જરૂર સમાધાન થઈ જશે. છોકરો જરા ઉગ્ર અને જીદ્દી છે; પણ માતા ધર્મી અને શ્રદ્ધાળુ છે."

" તે માટે પણ જરૂર પ્રયાસ થશે જ. તમે નિશ્ચિંત રહો."

આપણા સમાધાનના સારથી આચાર્યશ્રી વિજય-વલ્લભસૂરિજી મહારાજે આગેવાનોને બોલાવ્યા. બન્ને પક્ષો પાસેથી મતભેદનું મૂળ કારણ જાણી લીધું. બન્ને પક્ષોના આગેવાનોને સમજાવ્યા. જૈન ધર્મમાં ક્ષમા-પનાનો મહિમા કેવો અદ્‌ભૂત છે તે દર્શાવ્યું. વળી કહ્યું, " તમારા સંઘના ઉત્કર્ષના કાર્યો બધા અટકી પડ્યા છે. તમે મને ગુરુ માનતા હો તો બન્નેના મત-ભેદો ભૂંસી નાખો ને સંપ-સલાહથી સંઘની ઉન્નતિ થશે જ થશે."

આચાર્યશ્રીની સમજાવટથી બન્ને પક્ષોના આગે-વાનોએ પોત-પોતાની જીદ છોડી દીધી. વાણીનો જાદુ થયો. વર્ષોનો કુસંપ દૂર થયો. સંઘમાં આનંદની લહેર ફરી વળી. આચાર્યશ્રી અને જૈનશાસનનો જય જયકાર થઈ રહ્યો.

એક દિવસ સવારના વહેલા પ્રાતઃ-ક્રિયા અને પાઠથી પરવારી આચાર્યશ્રી એક સાધુને સાથે લઈ ચાલી નીકળ્યા.

" ધર્મલાભ ! " મોટી હવેલીમાં પ્રવેશ કરતા ધર્મલાભ ઉચ્ચાર્યો.

" પધારો, પધારો, ગુરુદેવ ! આપના પાવન પગલા અમારે આંગણે ક્યાંથી ? આજ તો સોનાનો સૂરજ ઉગ્યો. પ્રભાતમાં આપ કૃપાળુના દર્શન થયા. ગુરુદેવ ! શાનો ખપ છે ! બધુ તૈયાર છે. મારે કાલે ઉપવાસ હતો; આજે પારણું છે; ત્યાં આપનો લાભ મળ્યો. ચા, દૂધ, રાબ, પુરી, મગ આપ કહો તે લઉ." હવેલીના

આગ્રહ રાખો....
ઉપયોગ કરો....

EPI

વોર્મ ડ્રાઈવ
હોઝ કલીપ

ભારતમાં સર્વશ્રેષ્ઠ.

: ઉત્પાદકો :

સરલા ઈન્જી. વર્કસ

મ્યુનીસીપલ ઓફિસ સામે
ઘોડબંદર રોડ, કાંદીવલી.
[ મુંબઈ-૬૭ ]

ધર્મનિષ્ઠ શ્રાવિકા શિવકોરમાએ ગુરુદેવના આગમનથી આનંદ માની દૂધ, રાબ વગેરે લેવા પ્રાર્થના કરી.

"ગુરુદેવ! મારે ત્યાં પણ લાભ દેવા પધારશો. હું પણ બાજુમાં જ રહુ છું. મારે ત્યાં પણ શ્રાવિકાને આયંબિલ હતું એટલે બધુ તૈયાર છે." બાજુમાંથી એક યુવાને આવી મહારાજશ્રીને વિનંતિ કરી.

"ભાગ્યશાળી! ચા-દૂધનો ખપ નથી."

"સાહેબ! જે વસ્તુનો ખપ હોય તે ફરમાવો, જરૂર મળી રહેશે. આ મારા માતાજીનું ઘર છે. હું બાજુમાં જ રહું છું." પેલા યુવકે ભારપૂર્વક વિનંતી કરી.

"મારે તો તમારા બન્ને પાસેથી ખપની વસ્તુ લેવી છે. આપશો?" આચાર્યશ્રીએ સમય પારખી વાતનો દોર પકડી લીધો.

"દયાનિધિ! ફરમાવો, ફરમાવો. આપ જે કહેશો તે હાજર કરીશું અમારા તો સદ્‌ભાગ્ય કે આપ જેવા પુણ્યશાળીના પાવન પગલા અમારે ત્યાં! કોઈ પુસ્તક માટે રકમની જરૂર હોય તો પણ આપ વિના સંકોચે આજ્ઞા ફરમાવો, હું તો આપની અમૃતવાણી સાંભળીને આ ભવનું સાર્થક કરવા ઈચ્છું છું."

"તમારી માતા-પુત્રની સાચી ભક્તિ હું ક્યારે માનું? જ્યારે તમે બન્ને ગુરુની આજ્ઞા પ્રમાણે માનો."

"ગુરુદેવ! આપની આજ્ઞા અમારે માન્ય છે." બન્ને બોલી ઉઠયા.

"સાચું કહો છો ને?"

"જી! સાચું."

ભાગ્યશાળીઓ! આપણો કેવો મહાન ધર્મ! ભગવાન મહાવીરના આપણે સંતાનો. તમારૂ કેવું ઉચ્ચ ખાનદાન અને જાણીતું કુટુંબ. વળી, માતા પુત્રની મીઠી સગાઈ....

શું માતા-પુત્ર વચ્ચે કલેશ શોભે? હું તો માની જ શકયો નહિ. આ ક્ષમા ભાવને કાજ ઘર હોય તો મતભેદ થાય, વધુ પડતો કલેશ ઉતપન્ન થાય તો તેનો તો વિચાર કરવો જોઈએને! ભગવાન મહાવીરનો ક્ષમાપનાનો દિવ્ય સંદેશ તમે બન્ને ભૂલી ગયા. ક્ષમાપનાનો સંદેશો તો જગત આખાને માટે એક મહાન પ્રેમનો સંદેશ છે. ભગવંતે કેટ કેટલા ઉપસર્ગો સહન કર્યા અને તો પણ ક્ષમા...ક્ષમા....ને...ક્ષમા. ચાલો હવે થયું તે થયું. આપણે કર્માધીન છીએ. આજે બધું ભૂલી જાઓ અને હવે સમાધાન કરી બન્ને સુખી થાઓ, ધર્મની ઉન્નતિ કરો.

આ અમૃતવાણીની જાદુઈ અસર થઈ. માતા પુત્રની આંખમાંથી અશ્રુ સરી પડયા. પુત્રે માતાના ચરણમાં પોતાનું મસ્તક મૂકી દીધું. માતાએ અશ્રુઓથી પુત્રનું મસ્તક પવિત્ર કર્યું! હજાર હજાર દિવસોના ક્રોધ ધોવાઈ ગયા. હૃદય પવિત્ર અને હળવા બન્યા.

ગુરુ મહારાજ આ આહ્‌લાદકારી દશ્ય જોઈ જૈન ધર્મમાં રહેલ 'ક્ષમા'નો કેવો પ્રભાવ છે! તેના વિચારો કરતાં કરતાં ઉપાશ્રયે પાછા આવી ગયા. બધા મુનિરાજો અને આગેવાનો આ વાત સાંભળી આશ્ચર્ય પામ્યા અને બુરાનપુરના સંઘમાં આનંદની લહેર લહેરાણી. ગુરુદેવની વાણીના જાદુએ ચમત્કાર સર્જ્યો.


## શ્રી અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટી
## અમદાવાદ

ભારતભરમાં કોઈપણ સ્થળના જીર્ણ જૈન મંદિરોના ઉદ્ધાર અર્થે કમિટી તરફથી તેની સગવડ પ્રમાણે યોગ્ય રકમ મંજુર કરી કમિટીની દેખરેખ નીચે જીર્ણોદ્ધાર કરાવી આપવામાં આવે છે. ઓગણચાલીશ વર્ષમાં ૩૯૦ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવેલ છે. તેમાં રૂપીઆ ૩૧૮૩૮૮૪ ખર્ચવામાં આવ્યા છે.

કોઈપણ ગામના સંઘને દેરાસરના જીર્ણોદ્ધાર અંગે સલાહ-સુચનની જરૂર હોય તો તે આપે છે અને જીર્ણ દેરાસરોના એસ્ટીમેંટ તથા નકશાઓ વગેરે ફક્ત તેટલા પુરતું ખર્ચ લઈને કરાવી આપવામાં આવે છે.

જીર્ણોદ્ધારના કાર્ય માટે સંસ્થાઓ કે ગૃહસ્થો તરફથી મદદ સ્વીકારવામાં આવે છે. તેમજ તેમની ઈચ્છા હોય તો તેઓના નામે જીર્ણોદ્ધાર કરાવી આપવામાં આવે છે. જીર્ણોદ્ધારની જરૂરીયાતવાળા ગામોના સંઘે નીચેના સ્થળે અરજી કરવી.

શ્રી અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટી,
ઝવેરીવાડ, પટણીની ખડકી, અમદાવાદ-૧

# 卐 ભગવાન મહાવીરનો જીવદયા સંદેશ 卐

卐 લેખક : શ્રી રતિલાલ પાનાચંદ પરીખ-અમદાવાદ 卐

ભારતીય નીતિશાસ્ત્રો કહે છે. " **मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम्** " જે સારું વિચારે, જેવું વિચારે તેવું જ બોલે. અને જેવું બોલે તેવું જ આચરે, એને મહાપુરુષ કહેવાય. વિચાર, ઉચ્ચાર, અને આચારનું ઐક્ય જ માનવને મહાપુરુષ બનાવે છે.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલા થઈ ગયેલા ભારતના મહામાનવ ભગવાન મહાવીરના જીવનમાં આ નીતિ—વચનનો આદર્શ સ્પષ્ટપણે પ્રતિબિંબીત થતો જોવા મળે છે.

ભગવાન મહાવીરના વિચારો કરૂણાથી ભરપૂર હતા. એમની આંખોમાં કરૂણાનો સ્રોત વહેતો હતો. સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યે અખૂટ વાત્સલ્ય એમની પ્રત્યેક પ્રવૃત્તિમાં અનુભવાતું હતું. એમના મનમાં હમેશાં થતુ "જગતના જીવમાત્રનું ભલુ કઈ રીતે થાય : મારા જીવનની એક એક પળનો ઉપયોગ પ્રાણીમાત્રના કલ્યાણ માટે કઈ રીતે થાય.

વિશ્વ કલ્યાણની આ ભવ્ય ભાવનાને સફળ બનાવવા માટે ભગવાન મહાવીરે કઠોર સાધનાનો માર્ગ અપનાવ્યો. એમણે વિચાર્યું કે " જો મારે વિશ્વનું કલ્યાણ કરવું હોય, તો પહેલાં સહિષ્ણુ બનવું જોઈએ. કેમ કે અસહિષ્ણુ માનવમાં કરૂણાની વૃત્તિ ઓછી હોય છે. એ સમાનભાવે જીવમાત્રના કલ્યાણની કામના કરી શકતો નથી. માટે હું સહિષ્ણુતા કેળવીશ. તો મારામાં પૂર્ણ કરૂણાવૃત્તિ જાગ્રત થશે અને તો જ હું વિશ્વકલ્યાણની મારી ભાવનાને સફળ બનાવી શકીશ. "

આ વિચારે ભગવાન મહાવીર કરૂણાને આત્મસાત્ત બનાવવા તત્પર બન્યા. તેઓએ અકિંચન સાધુજીવન સ્વીકારી લીધું. સંસારના તમામ બંધનો એમણે ફગાવી દીધા અને સાડાબાર વર્ષ સુધી મૌનવ્રત લઈને વિહાર કર્યો.

આ સાડા બાર વર્ષ દરમિયાન એમણે અગણ્ય કષ્ટો અને ઉપદ્રવો વેઠ્યાં. એમાં એમને મારી નાખવા માટેના પણ અનેક પ્રયાસો થયા પણ એ બધાની એમણે જરાય દરકાર ન કરી. ઉલ્ટુ એમને ઘોર કષ્ટ આપનાર જીવો પ્રત્યે પણ તેમણે કરૂણા વહાવી ને તેમને વશ કર્યા, સન્માર્ગે વાળ્યા. આ એમના આચાર—આચરણમાં પણ કરૂણા છલકાઈ રહી.

અને એમા જ એમની સહિષ્ણુતા અને સાચી વીરતાની કસોટી હતી. એમાં જ એમના સમભાવની અગ્નિપરીક્ષા હતી.

આ કસોટીમાં તેઓ પૂર્ણપણે સફળ પસાર થયા. સાડાબાર વર્ષના આ દીર્ઘકાળમાં અનેક ઘોર સંકટો વેઠયા સાથે ભગવાન મહાવીરે ફક્ત ૩૪૯ વાર જ ભોજન લીધું. તે સિવાયના બધા જ દિવસો અન્નજળના ત્યાગ સ્વરૂપ ઉપવાસમાં જ પસાર કર્યા.

સાધના અને સમતાના શિખરે પહોંચેલા ભગવાન મહાવીરે સાડાબાર વર્ષને અંતે આત્માનું પૂર્ણ સ્વરૂપ-કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. રાગ-દ્વેષ અને અજ્ઞાનનો છાંટો પણ હવે એમનામાં ન રહ્યો.

આજસુધી ભગવાન મહાવીરે કયાં પણ ધર્મોપદેશ આપ્યો ન હતો. કારણ હજી અત્યાર સુધી રાગ કે દ્વેષ કે અજ્ઞાનની સંભાવના હતી. પણ આજે એ સંભાવના સર્વથા નષ્ટ થઈ ગઈ. એટલે ભગવાને હવે ધર્મોપદેશ આપવાનું શરૂ કર્યું.

ભગવાન મહાવીરે પોતાના મંગલમય વિશ્વહિતકર ઉપદેશમાં સર્વપ્રથમ ઉપદેશ અહિંસાનો આપ્યો. એમણે કહ્યું " अहिंसा परमोधर्म " અહિંસા એ માનવનો સર્વશ્રેષ્ઠ ધર્મ છે.

અહિંસાના પાલનનો રાજમાર્ગ બતાવતાં ભગવાને કહ્યું કે : સ્થિર હોય કે હલનચલન કરતો હોય, નાનો હોય કે મોટો હોય, કોઈ પણ જીવને મનના સંકલ્પથી, વચનથી કે શરીર વડે હણવો નહિ— મારવો નહિ— બીજા પાસે હણાવવો—મરાવવો નહિ અને હણતો—મારતો હોય તેને સારો પણ ન માનવો.

કોઈનું મનથી બુરૂં ચિંતવવું એ પણ હિંસા છે. કોઈને ત્રાસ આપવો, કોઈને ગમે તે રીતે ભય પમાડીને હેરાન કરવા, આ બધા પણ હિંસાના જ પ્રકારો છે. માટે કોઈનું ક્યારે પણ મનથી પણ ખરાબ ન ચિંતવવું.

કોઈ જીવને ત્રાસ ન આપવો, ભય ન પમાડવો, સંતાપ કે ઉપદ્રવ પણ ન આપવા.

અહિંસાની આ નકારાત્મક બાજુ થઈ.

"એની હકારાત્મક બાજુ સમજાવતાં ભગવાને કહ્યું, હે માનવ, જેમ તારી જિંદગી તને વહાલી છે. એમ દરેક જીવને પોતાની જિંદગી વહાલી છે.

"सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं"

સર્વ જીવો જીવન ઈચ્છે છે. મરણ નહિ.

તારામાં જો કોઈને જીવન આપવાની તાકાત નથી. તો કોઈને મારવાનો તને શો અધિકાર છે.

એક નાનામાં નાની માખી છે, એની નાનકડી પાંખ છે. દુનિયાના તમામ વૈજ્ઞાનિકો ભેગા થાય, તો પણ એ માખીની નાનકડી પાંખ બનાવવા માટે એ શક્તિમાન નથી; તો એ પાંખને તોડવાનો પણ કોઈને અધિકાર નથી. માટે જીવો અને જીવવા દો. પોતાના ભોગે પણ અન્યને જીવવા દો. કોઈ કોઈને મારતું હોય, ત્રાસ આપતું હોય, તો એમાંથી એને બચાવો.

અહિંસાના આ મહાન ઉપદેશને નક્કર અને વ્યાપક સ્વરૂપ આપવા માટે ભગવાન મહાવીરે વિશ્વમૈત્રી ઉપર ખાસ ભાર મૂક્યો. એમણે જગતને વિશ્વમૈત્રીનો અને વિશ્વશાંતિનો મહામંત્ર આપ્યો. " मित्तीमे सव्वभूएसु, वेरं मज्झं न केणइ । " જગતના તમામ જીવો મારા મિત્ર છે. કોઈની પણ સાથે મારે શત્રુતા નથી.

એમણે પ્રત્યેક માનવને ઉદ્દેશીને કહ્યું કે હે માનવ, તું હમેશાં વિચાર કરજે કે:-

मा कार्षीत् कोऽपि पापानि, माच भूत् कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा, मतिः मैत्री निगद्यते ॥

જગતમાં કોઈ જીવ દુઃખી ન થાય. કોઈ પાપ ન કરો. બધા પાપમુક્ત બનો. અને બધા સુખી બનો.

ભગવાન મહાવીર આટલેથી અટકર્યા. અહિંસાનું એમનું ક્ષેત્ર અને એમનું ચિંતન ખૂબ ઊંડું-વ્યાપક હતું. આગળ વધીને એમણે કહ્યું કે :

દુનિયામાં ગુણવાન આત્માઓ પણ છે: કોઈ ત્યાગી હોય, કોઈ તપસી હોય, કોઈ પરોપકારી હોય, કોઈ દાનેશ્વરી હોય, એમ અનેક ગુણવાન આત્માઓ હોય, છે. એમના ગુણની તું ઈર્ષ્યા કે દ્વેષ ન કરીશ. કેમકે-સારી વસ્તુની ઈર્ષ્યા કરવી એ પણ હિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ છે. માટે તું કોઈના ગુણ જુએ તો હૃદયમાં આનંદ પામજે, એની પ્રશંસા કરજે. અને એવા ગુણ મેળવવાની ઈચ્છા રાખજે.

અને જગતમાં જેટલાં સુખી છે, તે કરતાં દુઃખી જીવો વધારે છે. અને ગુણવાન કરતાં અવગુણી વધારે છે. તું દુઃખીના દુઃખ દૂર કરવાની વૃત્તિ રાખજે. આંખ, જીભ અને હૈયામાં કરૂણા ભરજે. એમાં ક્રોધ અને તિરસ્કાર ન ભરીશ, જો ક્રોધ અને તિરસ્કાર કરીશ,


શ્રીસંઘની એક અને અજોડ સંસ્થા

## શ્રી સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા

-: પાલિતાણા :-

છેલ્લાં પચાસ વર્ષથી શ્રી સિદ્ધગિરિની યાત્રાર્થે પધારતા સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાની યથાશક્તિ ભક્તિ કરી રહેલ છે. ચોમાસામાં પણ ભોજનશાળા ચાલુ રહે છે તેથી તેને મોટી ખોટ પડે છે. -: મદદના પ્રકાર :-

(૧) કાયમી સહાયક તિથિ રૂા. ૫૦૧)

(૨) કાયમી સહાયક(આખી તિથિ) રૂા. ૩૦૦૧)

(૩) રૂા. ૭૧) શ્રી ભક્તિ ખાતે આપનાર ગૃહસ્થના નામથી પૂ. સાધુ સાધ્વીજીની એક વખતની ભક્તિ કરવામાં આવશે.

(૪) આપ નાની રકમ અગર અનાજ આપી શકો છો. આપની ભાવના મુજબ ઉદાર ફાળો આપી સંસ્થાના કાર્યમાં મદદ કરશો.

**વિસ્તૃત માહિતી માટે મળો યા લખો:-**

**સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા-પાલિતાણા**

-: શ્રી સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા :-

C/o. શા રસિકલાલ મોહનલાલ

કાપડ બજાર, પાંચકુવા, રેલ્વેપુરા, અમદાવાદ

તો તું અનિચ્છાએ પણ હિંસાનો ભાગીદાર બની જઈશ.

અને અવગુણી ઉપર પ્રેમ ન થાય એ સ્વાભાવિક છે. પણ એના પર પણ તું દ્વેષ ન કરતો. તું તટસ્થ બનજે અને એના પર કલ્યાણની કામના કરજે. " शिवमस्तु सर्व जगतः "

ભગવાન મહાવીરની અહિંસાના આ બધા સાત્વિક પ્રકારો છે. જૈનશાસ્ત્રો બુલંદ અવાજે કહે છે કે : આ અહિંસાનું આચરણ કરનાર, કરાવનાર અને કરતાંને સારો માનનાર—ત્રણે પુણ્ય બાંધે છે અને એથી ઊલટું—હિંસા કરનાર, કરાવનાર અને કરતાંને સારો માનનાર—ત્રણે પાપ બાંધે છે.

આવી સૂક્ષ્મ અને વિશ્વનું કલ્યાણ કરનારી અહિંસાના પોષણ માટે ભગવાન મહાવીરે સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ ચાર મહાવ્રતોનો ઉપદેશ આપ્યો.

ભગવાન મહાવીરનો ઉપદેશ આચારલક્ષી હતો. એમણે જે કહ્યું તે જ કર્યું. પોતાના જીવનમાં અહિંસાને એમણે આત્મસાત કરી. આ માટે એમણે સહિષ્ણુતા કેળવી. કરુણાની વૃત્તિ પૂર્ણરૂપે પ્રગટાવી. અને જીવનની કઠિન પળોમાં પણ અહિંસાનું પાલન કર્યું. પરિણામે ભગવાન મહાવીર અભય બન્યા. એમનો ઉપદેશ પણ સૌને માટે અભયકવચ બની ગયો અને એમના ઉપદેશનું પાલન કરનાર જીવમાત્ર અભય બની ગયો.

ભગવાન મહાવીરે ઉપદેશેલા આ અહિંસાના સિદ્ધાંતની સૌથી વધુમાં વધુ જરૂર આજના માનવને છે. વિજ્ઞાનના પ્રયોગો વડે સર્વોચ્ચ પ્રકારની શક્તિઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર આજનો માનવ જો ભગવાન મહાવીરના આ મહાન ઉપદેશને અનુસરે તો ધર્મ અને વિજ્ઞાનનો અદ્ભુત સમન્વય થાય. વિશ્વની જટિલ સમસ્યાઓ આપોઆપ ઉકલી જાય. અને સમગ્ર વિશ્વ જેની ઝંખના કરી રહ્યું છે તે વિશ્વશાંતિ સ્વયંમેવ સ્થપાઈ જાય.

ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ વર્ષના પુનિત પ્રસંગે એમના ઉપદેશને વારંવાર યાદ કરીએ—
शिवमस्तु सर्व जगतः, परहितनिरता भवन्तु भूतगणाः
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ॥

" દુનિયાના સર્વ જીવોનું કલ્યાણ હો. લોકો એકબીજાનું હિત કરવામાં તત્પર બને. દોષ, દુઃખ અને કલેશ નષ્ટ બનો. અને સૌ સુખી બનો, સુખી બનો " સુખી બનો. "

( આકાશવાણી અમદાવાદ—વડોદરાના સૌજન્યથી )

પર્યુષણપર્વ પ્રસંગે સર્વને " મિચ્છામી દુક્કડમ્ "

PRAVINCHANDRA & CO.

158-60 KALBADEVI ROAD.
BOMBAY—2.
Phone : 311433
311444

# દૃષ્ટિરાગનું વિષ

—: લેખક :—
શ્રી મગનલાલ ડી. શાહ—ખાજીપુરાવાળા

"અહા હા! કેવી નાજુક નમણી નારી! કામદેવ પત્ની રતિસુંદરીને પણ ટપી જાય એવી! સ્વર્ગલોકની પરીની પણ એની આગળ કોડીની કિંમત! શું એની દેહયષ્ટિ! યુગોનાં યુગો સુધી જોયા કરીએ તો પણ દર્શન-તૃપ્તિ થાય જ નહીં. આંખનાં પલકારાની જેમ યુગ પણ ક્ષણિક જ લાગે. નજાકત લાવણ્ય અને તેમાં વળી લલિતકળાઓનો સુયોગ! જાણે સોનામાં સુગંધ ભળી. ખરેખર, રેવતી એટલે ગુલાબનો ગલગોટો!"

રૂપલુબ્ધ પતંગેયું નૃત્ય કરતી નારીને એકીટસે નીરખી રહ્યું હતું યુવતી પણ એવી જ છેલછબીલી હતી. હાથમાં કેસરિયા રંગનાં કેસુડાંની ડાળી લઈને નૃત્ય કરતી ત્યારે વાંગનાંઓનાં નૃત્ય પણ એનાં નૃત્ય આગળ ઝાંખા પડી જતા.

"રેવતીને મારી પોતાની કરું તો જ મારુ જીવ્યું સફળ થાય. બાર-બાર પત્નીઓ છે, છતાં આની આગળ ફૂટેલી બદામ જેવી લાગે છે. રેવતી વિના મારી ઋદ્ધિ-સિદ્ધિનો શો અર્થ! એનાં વિના અંતઃપુરમાં મનડું કેમ કરીને ઠરે!"

આધેડ વયનો મહાશતક વસંતવિહારની મોજ માણી રહ્યો હતો રાજગૃહીનાં મહાન વ્યવહારિયાને રેવતીનું ઘેલું લાગ્યું. આત્મસૌંદર્યને ન પીછાણનારો દેહસૌંદર્યનો ગુલામ બન્યો.

"ધરમના કામમાં ઢીલ કેવી! લાવ, અત્યારે જ એનું માગું નાંખું. રાજગૃહીમાં મારું માગું કોણ પાછું ઠેલે?"

અને મહાશતકે રેવતીના પિતાને ત્યાં જવાનો નિર્ણય કર્યો. રથ પૂરપાટ હાંકી રેવતીના પિતાના ઘર આગળ આવ્યો. રથનો ઘુઘરાટ સાંભળતાં જ રેવતીના પિતા ઘરમાંથી બહાર આવ્યા

"પધારો મહાશતક! આજે મારું આંગણું આપે પાવન કર્યું. બોલો : શી આજ્ઞા છે?'

"જરા આમ આવો. અગત્યની વાત કરવી છે."

"બોલો, શી વાત છે?"

"તમારી પુત્રી ભરયૌવનમાં પ્રવેશી ચૂકી છે ને! હવે એને માટે યોગ્ય વર શોધવો પડશેને?"

"એની જ ચિંતા છે. વર મળે પણ ઘર ન મળે. ઘર મળે તો વર ન મળે. બન્ને વાતનો સાથે મેળ ન પડે. અને કયાંય વર અને ઘર મળે તો કુળનો વાંધો નડે. ત્રણેય વાનાં પાર પડે તો જ ચિંતા ટળે."

"તમારી પુત્રીને લાયક વર ન મળે? અને તે વળી રાજગૃહી નગરીમાં?"

"નથી જ મળતો. નહિંતર તક ઝડપી ન લઈએ?"

"ઠીક, હું મારા માટે જ તમારી પુત્રીનું માગુ નાંખું છું."

"તમે?"

"કેમ! મારી વાતમાં સંદેહ? તમે શું મારા કુળ, મારી ઋદ્ધિ-સિદ્ધિ અને કીર્તિથી અજાણ છો?"

અને એણે રથ હાંકવા માટે બળદની પીઠ પર ધબ્બો માર્યો. રાશ ખેંચી અને બળદોને અદ્ધર કર્યા. એનાં માંસલ સ્નાયુઓ એની શારીરિક ક્ષમતાના સાક્ષી પૂરતા હતા. એણે રાશ ઢીલી મૂકી અને રથ પૂરપાટ દોડયો...જોતજોતામાં અદૃશ્ય થઈ ગયો.

રેવતીના પિતા ભરાવદાર શરીર, તેજસ્વી મુખાકૃતિ અને માંસલ સ્નાયુઓવાળા પ્રભાવશાળી મહાશતકને જોઈને ઘડીભર સ્તબ્ધ બની ગયા. પુત્રીના માગાનો સ્વીકાર કે અસ્વીકાર, કરવાનો નિર્ણય ન કરી શકયા.

કયા યુવાન હૈયાને વિવાહની વાતમાં રસ નથી પડતો? રેવતી પણ કેશ ગુંથતી ગુંથતી દ્વાર આગળ આવી પહોંચી

"પિતાજી કોણ આવ્યું હતું?"

"રાજગૃહીમાં મહાન વ્યવહારિયા મહાશતક તારું માગું નાંખવા આવ્યા હતા.'

"તમે શો નિર્ણય કર્યો?"

"બધી વાતે બરાબર છે. વર, ઘર અને કુળ છે પણ..."

"પણ શો વાંધો છે?"

"એમને એક નહીં, બે નહીં, પાંચ નહીં પણ

બાર પત્નીઓ છે."

"તેમાં શું થઈ ગયું ? બાર બાર યુવતીઓ એને વરે એ એની વિશેષ લાયકાત નથી ? "

"પણ બાર બાર શોક્યનું મહા દુઃખ તારા સંસારને સળગાવી મુકશે. સુખી સંસારમાં આગ ચંપાશે."

"એ તો આપણામાં પાણી જોઈએ. શેતરંજ બરાબર ખેલતાં આવડવી જોઈએ. પ્રતિસ્પર્ધી ગમે તેટલા હોય, આપણામાં એમને–આંટી જવાની કળા હોવી જોઈએ. સંસાર શેતરંજનાં પ્યાદાંઓથી ડરવાનું શું ?"

"અને વયનું કજોડું નહીં નડે ?"

"યુવાનીને વયનાં બંધન નથી હોતા. જીવનમાં તરવરાટ હોય તો યુવાની હંમેશાં પાંગરતી જ રહે. તમે ન જોયું કે એ કેવો તરવરિયો નવજુવાન હતો ? "

પિતાએ વિચાર કર્યો : યુવાન કન્યા એટલે સાપનો ભારો. એને સાચવવો મહાદુષ્કર. એવી થાપણ સાચવવા ઉંઘ વેચીને ઉજાગરો વેઠવો પડે. એનાં કરતાં એવી થાપણ આપમેળે જ હેમખેમ સોંપી દેવાતી હોય તો તેનાથી રૂડું શું ? "

પિતાએ મહાશતકને 'હા' કહેવરાવી.

સરખી સાહેલીઓએ મીઠી મજાક કરી, "રેવતી ! તું તો ભારે નટખટ. તને આવું ગાંડપણ કેમ સૂઝ્યું ? તારી નજરમાં બીજો કોઇ નવજુવાન આવ્યો જ નહીં કે આવા આધેડને પસંદ કર્યો ?"

"એમાં ગાંડપણ શાનું ? અણઘડ યુવાનને વરવું એનાં કરતાં રસિકડો અને રંગીલો તરવરિયો આધેડ શું ખોટો ? જેને રસિક જીવન જીવવાની હોંશ હોય, વજ્ર અને હિરણ્ય કટિ હોય તેની સાથેનો સંસાર સુખ–ભરપુર લાગે."

મહાશતક અને રેવતીનાં લગ્ન થઇ ગયા. પિતાને પણ કન્યાને સારે ઠેકાણે વરાવ્યાનો આનંદ થયો તેથી ભારે ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક કન્યાદાન કર્યું.

વિલાસવતી રેવતી સંસારની શેતરંજ ખેલવામાં નિપુણ હતી. વિલાસની બધી કળાઓમાં તે પારંગત હતી. એટલે પોતાના 'નાથ' ને તેણે ટૂંક સમયમાં જ નાથી દીધો. સ્વામીને વૈભવવિલાસમાં ગળાડૂબ કરી દીધો. રૂપલુબ્ધ અને વિષયલુબ્ધ મહાશતક પણ સાપ જેમ મદારીને વશ થાય, મૃગલું જેમ પારધીનાં સંગીતમાં ભાન ભૂલે તેમ દિન–દશાનું ભાન ભૂલીને રેવતીને વશ થઈ ગયો. રેવતીની નેમ પાર પડી.

હુકમનું પાનું સર કર્યા પછી પોતાનો માર્ગ નિષ્કંટક કરવા માટે કાંટાઓ દૂર કરવાનું રેવતીને માટે આસાન થઈ ગયું. નોકર–ચાકરોનું ગજું પણ કેટલું ? તેઓ પણ પરિસ્થિતિને વશ થયા. ઉગતા સૂર્યને પૂજવાનો માનવસ્વભાવ છે. તેમાં વળી આ બધા પામર જીવ રેવતીની પ્રીતિ–સંપાદન કરવા બારેય સ્ત્રીઓની અવગણના કરવા લાગ્યા.

બારેય સ્ત્રીઓને જીવતર ઝેર જેવું લાગ્યું. ક્યાં પહેલાંનો માન–મરતબો ! ક્યાં પહેલાંનો વટ ! ડગલે ડગલે અપમાન, અવગણના અને અવહેલના જ નસીબમાં શેષ રહી. થોડીક સ્ત્રીઓએ આવા અપમાનજનક જીવનથી કંટાળી આત્મહત્યા કરી તો કેટલીકને યુક્તિપૂર્વક વિષ આપી હણી નાંખવામાં આવી. બિચારા ભાન–ભૂલેલા મહાશતકને તેની ખબર પણ ન પડી.

વિચક્ષણ બુદ્ધિ ધરાવતી રેવતીએ ગ્રાનતંત્રના ઠંડા યુદ્ધમાં સહેલાઈથી મહાન વિજય પ્રાપ્ત કર્યો. પણ રેવતીને વિજયનો કેફ ચઢયો. હવે તે પ્રમાદી, અસાવધ અને બેપરવાહ બની. રેવતી એવી ભ્રમણામાં રાચવા લાગી કે હવે પોતાનો સંસાર બીનહરીફ બની ગયો છે, માટે સદાકાળ પોતાનું જ વર્ચસ્વ અને પ્રભાવ રહેશે.

ચડતી–પડતીનું મહાચક્ર નિરંતર ફર્યા જ કરે છે. એને ફેરવનારો કોણ ? શું માનવી પોતે જ ફેરવતો નથી ? તેની બદલાતી જતી વૃત્તિઓ જ ચક્ર ફેરવતી નથી ? બદલાતી જતી વૃત્તિઓ જ નવાં નવાં પરિબળોનું સર્જન કરે છે. અને સંજોગો પલટાતા રહે છે એનો ખ્યાલ અભિમાનમાં ચકચૂર બનેલી રેવતીને કયાંથી રહે ? વધુ પડતો આત્મવિશ્વાસ ભ્રમણા જ લેખાય ને !

યૌવનમાં મસ્ત રહેનારી, પ્રત્યેક રાત્રીને મધુરજની સમ લેખનારી રેવતી વેશભૂષા અને વિલાસકળાઓમાં પણ પ્રમાદી બની ગઈ. કોઈ રણયોદ્ધો અલ્પશસ્ત્ર કે શસ્ત્રરહિત બને ત્યારે તે કેવો લાચાર બની જાય છે !

ચાર ચાર વખત વેણી ગુંથનારી અને નિત નવાં ફૂલ સજનારી હવે કોઈક દિવસ બે વખત વેણી ગુંથતી તો કયારેક વેણી છૂટી જ રાખતી. સ્નાન અને વિલેપનમાં અનિયમીત અને બેદરકાર થઈ ગઈ. ઉષા નૃત્ય, વસંત નૃત્ય અને દીપક નૃત્યનો કાર્યક્રમ પણ તેણે દાસીઓને સોંપી દીધા. ફક્ત મધુરસ છુટથી પીવા લાગી. વેશ-ભૂષા અને વિલાસકળાઓ કોઈપણ વિલાસવતી સ્ત્રીનાં મહાન આયુધો છે. એમ ચોક્કસપણે સમજનારી રેવતી ધીમે ધીમે નિષ્ક્રીય બની ગઈ. જાણે એનાં પ્રત્યે એને અભાવ ઉત્પન્ન થયો હોય !

રેવતી વિના મહાશતકને ઘડીભર પણ ચેન પડતું નહીં. રેવતી સાથેના ભોગવિલાસમાં તે સદા રચ્યો-પચ્યો રહેતો. પણ જેમ દિવસો વીતતા ગયા તેમ તેની યુવાનીનો તરવરાટ ઓછો થતો ગયો. ઉંમર પણ ઉંમરનો ભાગ ભજવે જ. રેવતીની યુવાની પાંગરતી ગઈ તેમ તેની વિષયેચ્છાઓ વધતી ગઈ; જ્યારે મહાશતકની વિષયેચ્છાઓ ઘટતી ગઈ. ભોગવિલાસની બાબતમાં એકમાં ભરતી આવી, જ્યારે બીજામાં ઓટ આવી. આથી બન્નેનાં દષ્ટિકોણ પણ બદલાતા ગયા. વૈભવવિલાસનું રસપાન આકંઠ કરી કરીને થાકી ગયેલો મહાશતક પહેલાંનો મહાશતક ન રહ્યો. અતિશય વૈભવવિલાસ અને ઉંમરવૃદ્ધિ-એ બન્ને પરિબળોએ મહાશતકની જુવાનીને લગભગ હણી નાંખી.

જાણે મહા મોહનિદ્રામાંથી સફાળો જાગ્યો હોય તેમ તેણે રેવતીને પૂછ્યું : " હે રાણી પ્રિયા ! મારી બાર બાર વિવાહિતાઓ હાલ શું કરે છે ? તેમનાં શા સમાચાર છે ? બિચારી મારા વગર ઝુરી ઝુરીને દુઃખી થતી હશે તેમને પણ તારા જેવી જ ભોગવિલાસની આકાંક્ષાઓ સતાવતી હશે."

"શાણા સ્વામી ! તે બધી કયારની પરલોક સિધાવી ગઈ છે."

"તે વાત પણ મેં પૂછી ત્યારે જ તેં જણાવી ?"

"તેમ શું બગડી ગયું ? તે બધાને સાટે એવી હું તમારી સેવામાં હાજર છું. તેમનાં પ્રાસાદોને બારે બાર મહિનાને યોગ્ય આપણા માટે વિહાર પ્રાસાદો બનાવ્યા છે."

રેવતીની ધૃષ્ટતા મહાશતકને આંખમાં કણાની જેમ ખૂંચી તો ખરી પણ લાચાર હતો. ઉપાલંભ આપવાની તેની હિંમત કયારની હણાઈ ગઈ હતી. બાજી હાથમાંથી ગુમાવી દીધી હતી. ઉગરવાનો કોઈ આરો ન હતો. મહાશતક સમજી ચુકયો હતો કે રાંડયા પછીનું ડહાપણ વાંઝણું જ નીવડે.

રેવતીએ ગૌરવ અનુભવ્યું કે તેણે પોતાના 'નાથ'ને બરાબર નાથ્યો હતો...ટચલી આંગળીએ નચાવ્યો હતો. કેવો ભવ્ય તફાવત ! એક હતો લાચાર, બીજી હતી ગર્વીષ્ઠ.

× × ×

રાજગૃહીમાં આજે આનંદોલ્લાસનું પર્વ લોકો ઉજવી રહ્યા હોય તેમ આનંદનો ઉદધિ ઊછળતો હતો. રાજમાર્ગ પર ભીડ જામી હતી. ઠેર ઠેર આસો-પાલવનાં તોરણો બંધાયા હતા. પવિત્ર જળરાશીનો શેરીઓમાં છંટકાવ થયો હતો. ગુણશીલ ચૈત્યમાં ભગવાન મહાવીરસ્વામી પધાર્યા હતા. ભગવાનનાં દર્શન-વંદન કરવા અને ઉપદેશામૃત સાંભળવા સઘળાં ભાવુક હૃદયો ઉત્સુક બન્યા હતા.

ભગવાન મહાવીરસ્વામીની પર્ષદા એટલે પ્રેમનું મહાન સામ્રાજ્ય. જન્મજાત વેરી પ્રાણીઓ પણ વેર-ઝેર ભૂલી જતા. ભગવાનની દેશના એટલે પુષ્કરાવર્ત મેઘની સહસ્રધારાઓ. પ્રશાંત વાતાવરણમાં ભાવુક હૈયાં ભગવાનની કલ્યાણકારી વાણી એકચિત્તે સાંભળતા હતા. જગદુદ્ધારક ભગવાન મહાવીરસ્વામીને લોકો આત્માનાં મહાન જાદૂગર તરીકે પીછાણતા હતાં. સંસારનાં સઘળા સંતાપ દૂર કરવાની અમાપ શક્તિ એમની વાણીમાં હતી. અહીં દોરાધાગાને કે દાણા-બાકળાને સ્થાન ન હતું. નજર સામે નજર મળે એટલે બેડો પાર. ભગવાનનો ઉપદેશ ભવની ભાવઠ ભાંગવા માટેનો હતો એટલે શ્રોતાઓને અપૂર્વ આત્મપ્રકાશ પ્રાપ્ત થતો.

ભગવાનનાં મુખારવિંદ પર સમતાનાં સરોવર છલકાતા. સમતા, દમતા અને સૂચિતાનાં પવિત્ર ત્રિવેણીસંગમમાં સ્નાન કરીને ભવી જનોનો આત્મા પવિત્ર બનતો. મહાશતકે દર્શન-વંદન કર્યા પછી

ભગવાનને પોતાનાં સંસારનાં સંતાપની વિતક-કથા કહી અને તે રડી પડ્યો. દિન-દશા ભૂલેલા મહાશતકને હવે ભાન થયું હતું કે દેવદુર્લભ માનવભવ એળે ગયો હતો. અતિવિલાસને રવાડે ચઢીને ચિંતામણીરત્ન સમાન માનવભવ તે હારી ચૂકયો હતો. પાણી વહી ગયું હતું. પણ બગડેલી બાજી સુધારવાનો લાખેણો અવસર હજુ પ્રત્યક્ષ હતો. તેને ભગવાન પ્રત્યે અવિચળ શ્રદ્ધા હતી.

ભગવાને ધીર-ગંભીર વાણીમાં મધુર સ્વરે કહ્યું: " હે મહાનુભાવ ! જેને તું પ્રિય ગણે છે તેને તું ખૂબ જ પ્રેમપૂર્વક સ્વીકારે છે. જે તને અપ્રિય લાગે છે તેને પણ તું પ્રેમપૂર્વક સ્વીકાર. જે રેવતીને તેં પ્રેમપૂર્વક સ્વીકારી તે રેવતીને તું હવે પણ પ્રેમપૂર્વક નિહાળ."

"ભગવાન ! જે ધિટ્ઠ નારી હોય તે સમજાવવાથી કદી પણ સમજતી નથી. તેને સમજાવવાનું કાય મહાદુષ્કર છે." મહાશતકે પોતાની મૂંઝવણ વ્યક્ત કરી.

" હે મહાનુભાવ ! તું રેવતીને બાહ્યદૃષ્ટિથી જૂએ છે. તેને આંતરદૃષ્ટિથી જો. તેનામાં પણ આત્મસૌંદર્ય રહેલું છે. માનવમાત્ર પાપી નથી માનવીની વૃત્તિઓ પાપી છે. માનવીનો નહીં, તેની પાપવૃત્તિનો તિરસ્કાર કર. માનવી પ્રત્યે સમભાવ અને સહાનુભૂતિ રાખ. આ પ્રેમવૃત્તિ જ તારું કલ્યાણ કરશે."

પ્રેમધર્મ સમતા, ક્ષમા, સહાનુભૂતિ અને સમભાવનો ધર્મ છે. એટલે ભગવાને પ્રબોધેલો પ્રેમનો મહામંત્ર જીવનમાં ચરિતાર્થ કરવાનું મહાશતકને જરા કઠીન અને મૂંઝવણ ભરેલું તો લાગ્યું; પણ ભગવાનની વાણીમાં અપૂર્વ શ્રદ્ધા હોવાને લીધે ભગવાનનાં ઉપદેશને આચરણમાં મૂકવાનો તેણે દૃઢ નિર્ણય કર્યો.

ઘેર પાછા ફરી તેણે રેવતીને ભગવાનનાં ઉપદેશની વાત કરી. વાત સાંભળતાં જ રેવતી નાગણની જેમ છંછેડાઈ પડી. તેને ઉધડો લેતાં કહ્યું, "વૈરાગીની વાતો મારા ઘરમાં જરા પણ ચાલશે નહીં. વૈરાગીની વાતો કરવી હોય તો ઉપાશ્રયમાં જાઓ. ભોગવિલાસની વાતો કરવી હોય તો જ અંતઃપુરમાં તમારું સ્થાન છે. વૈરાગીની પાસેથી પ્રેમની સુખડી લઈ આવ્યા છો કેમ ?"

મહાશતકને પ્રેમના મહામંત્રનો એકડો ઘૂંટવાનો પ્રથમ અવસર હતો. તેણે પ્રસન્નતાપૂર્વક કહ્યું, "ધન્ય છે તારી નિખાલસતાને ! બીજી કોઈ સ્ત્રી હોત તો સ્વામીને ખુશ કરવા માટે જુદી જ વાત કરત. હોઠ પરનાં શબ્દો અને અંતરનાં ભાવ સાવ જુદા જ હોત."

"હવે તમે બગલાભગત થઇ ગયા ? આ બધું પેલા વૈરાગી સાધુડા પાસેથી શીખી લાવ્યા ?" રેવતીનાં નેત્રોમાં નખશીખ બાળીને ભસ્મસાત કરી દે તેવો કટાક્ષનો મહા અગ્નિ પ્રજ્જવલિત થયે હતો; જ્યારે મહાશતકે મનને સંયમીત કરીને શાંતમુદ્રા ધારણ કરી હતી.

દિન-પ્રતિદિન રેવતી વધુ ઉચ્છૃંખલ બનતી ચાલી. પરંતુ મહાશતક વધુ ને વધુ સહનશીલ, નમ્ર ને ઉદાર બનવા લાગ્યા.

એક વખતે મહાશતકે રેવતીને નિર્દોષપણે કહ્યું, "રેવતી, મેં તારો મહાન અપરાધ કર્યો છે મેં તને ભોગ્ય વસ્તુ ગણીને તારી સાથે ભોગવિલાસનો અતિરેક કર્યો છે. તારી જુવાની બરબાદ કરી છે. તને સન્માર્ગે લઈ જવાને બદલે અવળે પંથે ચઢાવી છે. મારા અપરાધને" .......

રેવતી તાડુકી ઊઠી, "વાયડો થા મા. તારું વેવલાપણું તારી પાસે જ રહેવા દે. મારી જુવાનીનું તું ઘોર અપમાન કરી રહ્યો છે. મારું યૌવન નિત્ય નવીન છે. કોઇ નમાલીઓની જુવાની વેડફાય; પણ આ તો રેવતી છે રેવતી. મારી જુવાની કેવી છે તે તારે જાણવું છે ?" એમ કહીને તે મધુરસની પ્યાલીઓ ઉપર પ્યાલીઓ ગટગટાવવા લાગી.

રેવતી એટલી બધી બેશરમ બની ગઇ હતી કે એક વખત તેણે નિર્લજ્જપણે ઓઢેલું રેશમી ઉત્તરીય ફેંકી દેતાં કહ્યું, "જોવું છે મારું સૌંદર્ય ! લે જો ! આ રહ્યું મારું સૌંદર્ય."

વસ્ત્રોમાં ઢંકાયેલો સૌંદર્યનો ફણિધર જાણે ફૂંફાડા મારી રહ્યો હતો. કામીને કામ, ભોગીને ભોગ અને વૈરાગીને વૈરાગ્ય જ રૂચે. મહાશતક આવા અસહ્ય સંજોગોમાં સ્વસ્થ રહ્યો; વધુ સહનશીલ બન્યો. ક્રોધ અને પ્રેમ વચ્ચે યુદ્ધ મંડાયું હતું. આસુરી અને દૈવી વૃત્તિઓ વચ્ચે સંઘર્ષ જામ્યો હતો રાગ અને વૈરાગ ટકરાતા હતા.

મહાશતકે સૌમ્યભાવે કહ્યું, "રેવતી, તારામાં સૌંદર્ય સાથે શીલ હોત તો કેવું સારું થાત !"

"અરે કાયર, શું તું રેવતીને ઓળખી ન શકયો ? આ રેવતી પુરુષો આગળ રોકકળ કરે કે માથાં ફૂટે તેવી નમાલી નથી. એ બધું તમારી સતીઓને મુબારક. ગાં તેવા પુરુષને કાન પકડાવું અને તેની સાન ઠેકાણે લાવી દઉં. ભલભલા પુરુષોનાં અભિમાન ઉતારી નાંખનારી ચંડિકા છું. મદારી જેમ ડુગડુગી વગાડે અને સાપ વશ થઈ જાય તેમ અચ્છા અચ્છા પુરુષો પણ માન મૂકીને મારી આગળ નાચવા લાગે."

"રેવતી, તારી વાત તો સાચી છે. ગુલાબ ચૂંટવા જતાં કાંટા ભોંકવાનાં જ." મહાશતકનાં પ્રત્યુત્તરમાં લેશમાત્ર વ્યંગ ન હતો. ફક્ત હકીકતનો સ્વીકાર જ હતો. કષાયનાં પ્રસંગો જેમ જેમ વધતા ગયા તેમ તેમ મહાશતક મન ઉપરનો કાબૂ વધુ જાળવી શકયો. હવે મનને સંયમમાં રાખવું તેને માટે સાહજિક અને સ્વભાવ સુલભ બની ગયું હતું. તે સમજતો હતો કે ધર્મમાં પુરુષાર્થ અનિવાર્ય છે. મનને સંયમમાં રાખવાનો પુરુષાર્થ કરવો જ પડે અને તે પણ સાહજિક હોવો જોઈએ.

× × × ×

એક બાજુ રેવતી મહાશતકને ધુત્કારતી, તો બીજી બાજુ રાજગૃહીના લોકોમાં તે અતિપ્રિય થયો હતો. દીન-દુઃખિયાની વાતો તે સહાનુભૂતિ પૂર્વક સાંભળતો. માન-અપમાનને ગળી જતો. લોકો પ્રત્યેનાં અગાધ પ્રેમનો તેનાં ઉપર સુંદર પ્રભાવ પડતો. ઊંડી સહાનુભૂતિ અને પરમ સહિષ્ણુતા તેનાં જીવનની વિશિષ્ટ મુડી હતી. ક્રોધ જેવા કષાયોને તે પાસે ફરકવા પણ દેતો નહીં. સંસારનાં સુખ-દુઃખ સમજવાની તેનામાં ઊંડી સૂઝ હતી

કેટલીક વખત રેવતી ભરી સભામાં તેનો ઉધડો લઇ નાંખતી. ગમે તેમ બોલતી. મહાશતકને ઉતારી પાડવાની જાણે કે તેને ટેવ જ પડી ગઈ હતી. મહાશતકની સાથે તેને જાણે કે 'બારમો ચંદ્રમા' હોય તેમ તે તેને નવાજતી. પણ મહાશતક કહેતો, "સંસારના માનવીઓ માને છે કે વચનના ઘા રૂઝાતા નથી. પણ, ઘા કરનાર પણ પોતાનું દુઃખ કે દર્દ જ વ્યક્ત કરે છે તેવા દુઃખીના દુઃખમાં તિરસ્કાર દ્વારા વૃદ્ધિ કરવી એ ધર્મ નથી. તેનાથી તેનું દુઃખ વધશે. દુઃખી પ્રત્યેની સહાનુભૂતિ અને સમભાવ જ તેનું દુઃખ દૂર કરી શકે. આપણે પણ તેવા જ દુઃખી છીએ. એક દુઃખીને બીજા દુઃખીની નિંદા કે તિરસ્કાર કરવાનું શું પ્રયોજન ? એમાં નથી ડહાપણ કે નથી ધર્મ. વાસ્તવમાં કોઇ પ્રિય કે અપ્રિય નથી. એ તો કેવળ આપણા મનની ખોટી માન્યતાઓ-માત્ર ભ્રમણાઓ જ છે. આપણી એવી વૃત્તિઓ જ એને પ્રિય કે અપ્રિય રૂપમાં નિહાળે છે."

કેટલાક વિચારતા કે રેવતીને વિધાતાએ રૂપ આપ્યું પણ સાથે ગુણ કેમ ન આપ્યા ? શું આ વિધાતાની ભૂલ નથી ? પણ ખરેખર, આ વિધાતાની ભૂલ માનવી એ ભ્રમણા છે. એ બધા કર્મ રાજાનાં ખેલ છે, એમ બહુ થોડા સમજતા હતા.

જેઓ મહાશતકની વાણી અને વર્તનનું રહસ્ય સમજતા ન હતા તેઓ ટીકા કરતા, "વાહ રે રેવતી ! તું તો ઘણી જબરી નીકળી. તેં તો મહાબળીયા મહાશતકને પણ નાથી દીધો. શીર જેવાને મીંદડી બનાવી દીધો. હવે કયાં ગઈ એની પહેલાંની ખુમારી અને ધમધમાટ ? તારા તાપથી તે મીણની જેમ પીગળી ગયો છે. કોઇક વખત ઉઘાડે પગે ચાલે છે તો કોઈ વખત ખુલ્લે મસ્તકે ચાલે છે. કયાં ગયું એનું વૈભવનું ગુમાન ? એની મોટાઇનો મોહ કયાં સંતાઈ ગયો છે ?"

દરેકનાં માપદંડ જુદા હોય છે. બીજાના ગુણ-અવગુણને જુદા જુદા સ્વરૂપે નિહાળવામાં આવે છે. કોઇ નમ્રતાને નબળાઈ ગણે અને સહાનુભૂતિ કે સમભાવને મૂર્ખાઈ ગણે. ઝવેરી હોય તે જ ઝવેરાતને પારખે. ગુણી હોય તે જ ગુણને પારખે.

હવે તે ભવ્ય પ્રાસાદો કરતાં પૌષધશાળામાં વધુ સમય નિર્ગમન કરતો. ચિંતન અને સંયમને પુષ્ટ કરવા માટે પૌષધશાળા જ તેને વધુ અનુકુળ સ્થાન લાગ્યું. જીવન પ્રત્યેનો તેનો અભિગમ સાવ જ બદલાઈ ગયો. આત્માનું પતન કરનારી વિપરીત વૃત્તિઓને કાળજીપૂર્વક ટાળવામાં તે વધુ કૃતનિશ્ચયી બન્યો.

× × × ×

રાજગૃહીમાં અમારિ પડહ વગાડવામાં આવ્યો.

રાજાએ પશુવધની મનાઇ ફરમાવી, અને તે દિવસથી પશુવધ ગુનો બન્યો. અને ગુનેગારને માટે કડક શિક્ષા નિર્માણ કરવામાં આવી.

મહાશતકે રેવતીને અમારિ પડહના સમાચાર જણાવતાં કહ્યું, "પાશેર અનાજ માટે અબોલ પ્રાણીઓ ઉપર ક્રુર જુલમ ગુજારવો અયોગ્ય છે."

રેવતી ધુવાં–પુવાં થઈ ગઈ. તેણે ગુસ્સાપૂર્વક કહ્યું, "એ બધી ડાહી–ડમરી વાતો તમારા જેવા ધર્મનો ધ્વજ ફરકાવનારાને શોભે. સાધન–સંપન્ન માણસે પણ શું દાળ–ભાત ખાઈને જીવવું? અર્ધા ભૂખ્યા રહેવું? તમારા વર્ધમાનને એ પાલવે. માગી ખાનારાને એ પરવડે. તમારા ગુરુની શિખામણ તમારા જેવા ભગતડા માટે છે. મારે એનું શું પ્રયોજન?"

"રેવતી, તું ભૂલે છે. જ્ઞાતપુત્ર મહાવીરસ્વામીના ઉપદેશની જરૂર સંસારનાં બધા જીવો માટે છે. નહીંતર સંસાર સળગી ઊઠશે. દુઃખ વેઠી વેઠીને રીબાશે. દુઃખનાં ઝાડ ઉગશે. સર્વત્ર અજંપો, અશાંતિ અને અસુખ જોવા મળશે."

"આવી બીક મને બતાવો છો? જે સુખ આજે મળતું હોય તે સુખ શા માટે ન ભોગવવું? કાલ કોણે દીઠી છે? સુખની સામગ્રી મળે અને પૂરેપુરું સુખ ન ભોગવે તે પરમમૂર્ખ. તમારા અપરિગ્રહ તમારી પાસે રહેવા દો. તમારી અહિંસા કાયરને સમજાવો."

"હે રેવતી, તું સમજ. કુદરતે કીડીને કણ અને હાથીને મણ મળે એવી સુંદર વ્યવસ્થા કરી છે. ધનીકોએ આ વ્યવસ્થા તોડી છે. તેથી એક બાજુ ભૂખમરો અને બીજી બાજુ ભયંકર બગાડ જોવા મળે છે."

"ભૂખે મરતા લોકોની જેમને દયા આવતી હોય તેઓ ભૂખમરો વેઠે. તારા જેવા બગલાભગતને આ વાત માફક આવશે પણ ખરી. એક વધુ ખાય અને બીજો ઓછું ખાય. એમાં ખોટું શું છે?"

"રેવતી, જ્ઞાતપુત્ર મહાવીરસ્વામીએ કહ્યું છે કે સંસારને ભોગવવાનો માનવીને રોગ લાગ્યો છે. તે રોગનું નિવારણ કરવા માટે ત્યાગધર્મ આવશ્યક છે. ભોગવનારાઓ જે પાપ કરે છે તેનું પ્રાયશ્ચિત ત્યાગધર્મ આચરનારો કરે છે. તને ધર્મનું આ રહસ્ય કયાંથી સમજાય? તારી આંખે ભોગવિલાસની પટ્ટી જયાં સુધી બંધાયેલી હશે ત્યાંસુધી ત્યાગધર્મનો મહિમા તને કયાંથી સમજાશે? તને પરભવની પડી નથી પણ આ ભવની પણ પડી નથી! રાજ આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર માટે કડક શિક્ષા નિર્માણ કરવામાં આવી છે તે જાણે છેને?"

"ભય! ભય શબ્દ કાયરને કંપાવે. નીડરને એની શી પરવાહ? જરા ઊંડા ઉતરી વિચારે તો ખરા કે રાજ આજ્ઞાનો અર્થ બહારથી ન મગાવ શકાય એવો થાય છે ખરો? સાધુડા હોય તે ત્યાગની વાત કરે. મારાથી સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ ન થય. એમ કરું તો મારા આ ગુલાબી સૌંદર્યનું સંવર્ધન કેવી રીતે થાય? પુરુષની જાત જ એવી વિચિત્ર છે વાત વાતમાં ભય બતાવ્યા કરે. કોઈકને પરભવનો તો બીજાને રાજઆજ્ઞાનો. પણ હું કાંઇ કાચી માટીની નથી કે ભયથી ડર્યા કરું. હું મારા દાસ દ્વારા મારા મહિયરથી રોજ માંસ મગાવીશ અને આરોગીશ."

મહાશતકને ખાત્રી થઇ કે જાજરમાન રેવતીને દલીલોથી જીતી શકાય એમ નથી. રેવતીને વશ કરી શકાય એવી પ્રબળ વૃત્તિઓ પણ પોતાન પાસે નથી. આથી તેણે ઉત્કૃષ્ટ સાધના અને વિરલ ત્યાગનો માર્ગ અપનાવવાનો નિર્ણય કર્યો. કાચબો જેમ પોતાની બધી ઇન્દ્રિયો સંકોચી લે તેમ મહાશતકે બધા વ્યાપાર સંકેલી લીધા. પોતાના જ્યેષ્ઠ પુત્રને કારભાર સોંપી પૌષધશાળામાં નિવાસ કર્યો. કુક્ષિસંબલ વ્રતની આરાધના શરૂ કરી. ઉગ્ર પરિષહો, ક્ષુધા, પિપાસા વગેરે સમતાપૂર્વક સહન કરવા લાગ્યો. અલ્પ સમયમાં તેની જાજરમાન કાયા કૃશ થઈ ગઈ.

× × × ×

વિલાસવતી રેવતી ભોગવિલાસમાં કાળ નિર્ગમન કરવા લાગી. પણ એને ક્રોધનો હડકવા લાગ્યો હતો, એટલે મહાશતક વિના એનાથી ન સહેવાયુ ન રહેવાયું. તે એક દિવસ ક્રોધથી ધમધમતી મહાશતકની ખબર લઇ નાંખવા પૌષધશાળા તરફ ગઈ. ક્રોધમાં એને વેશભૂષાનું પણ ભાન ન રહ્યું. કેશ છૂટા હતા. કંચુકા શિથીલ હતી. કપાળ પર દામણી અવ્યવસ્થિત ઝુલતી હતી. બારીક ઉત્તરીય સરકી ગયું હતું.

મહાશતકને જોતાં જ તે ભભૂકી ઉઠી, "અલ્યા એ ધુતારા ! આ શા ધતીંગ માંડીને બેઠો છે ? ભૂખે મરવાથી સ્વગ મળતું હશે ? એમ જ સ્વર્ગ મળતું હોય તો કયા ભિખારીને સ્વર્ગ મળ્યું છે ? જે સ્વર્ગમાં છે તે તને અહીં પ્રત્યક્ષ નથી દેખાતું ? જે ગયો તે પાછો કહેવા પણ નથી આવ્યો. ધ્રુવને ત્યજીને અધ્રુવને શોધવાનાં મૂરખવેડા શા માટે કરે છે ? આજે જે મળ્યું છે તેને ઠોકરે શા માટે મારે છે ?"

મહાશતક ધ્યાનમગ્ન રહ્યા. પ્રત્યુત્તર ન મળવાથી રેવતીને વધુ રીસ ચઢી. "અલ્યા એ દંભી ! શાની લાલચમાં લપટાયો છે ? તને દેવાંગનાનો અભરખો જાગ્યો છે ? રૂપાળી દેવાંગનાનાં શમણાં સેવે છે ? તારે કાજે મેં મારી જુવાની બરબાદ કરી. મને લાત મારી અપ્સરાની ઝંખના રાખે છે ?"

મહાશતક ધીર–ગંભીર વાણીમાં સમતાપૂર્વક બોલ્યા: "સુખ આવે જીવિત વાંછું, દુઃખ આવે મરણ વાંછું એવો હું કાયર નથી."

તમાસો જોવા આવેલા ટોળાએ રેવતીની વાત ઉલ્લાસપૂર્વક ઉપાડી લીધી. એટલે રેવતી વધુ ચગી. રેવતીનો અવિવેક પરાકાષ્ટાએ પહોંચ્યો.

"અલ્યા એ ઢોંગી ! તારા આ ભગતવેડા રહેવા દે. તને દેવાંગનાનું ઘેલું લાગ્યું છે તે હું જાણું છું. દેવાંગના માટે જ તારી આ બધી ખટપટો હોય તો છોડી દે. જરા રેવતી તરફ જો. શેરડીનો રસ મીઠો લાગ્યો ત્યાં સુધી પીધો. રસ વહી ગયો અને કૂચા જણાયા ત્યારે નવી રસાળ શેરડીની શોધમાં નીકળ્યો. પણ એ અભાગીયા આવી રસાળ શેરડી તને બીજે કયાં મળશે ? જેને તેં જોઈ નથી–જાણી નથી તે તારી સ્વપ્નમૂર્તિ મારા કરતાં શું ચઢિઆતી છે કે તને મારા ઉપર અભાવ ઉત્પન્ન થયો છે અને તેનાં કોડ જાગ્યા છે ? કે પછી તમો બધા બગલાભગતો આવા ગોરખધંધા કરવા માંડી પડયા છો ? "

રેવતીએ પોતાના બન્ને હાથ પહોળા કરીને કહ્યું, "લે જો ! મારા આશ્લેષમાં એટલો જ આહ્લાદ ભર્યો છે, જે તું ભોગવી ચૂકયો છે. મારા અધરોષ્ટનો કેફ તને કયાંય મળશે ખરો ? મારા અંગે અંગમાંથી નીતરતું લાવણ્ય અને મારા દેહની માર્દવતા તને સ્વર્ગની અપ્સરામાં પણ જોવા નહીં મળે. હજુ પણ આ સુંદરી શી ખોટી છે કે તું સ્વર્ગની સુંદરીને ઝંખે છે ? કે પછી તારે આ પ્રપંચ લીલા ચાલુ રાખવી છે ?" રેવતી નિર્લજ્જ બની હતી.

રેવતીનો આ ગર્વગલનનો પ્રયોગ નિષ્ફળ નીવડયો. જે આત્માભિમુખ છે તેનામાં કષાયો કયાંથી જન્મે ? રેવતી ઉપર દયા આવી. રેવતીને શિખામણ આપી. "રેવતી, 'તારી આ અમર્યાદ વિષય લાલસા તારા આત્માનાં ઘોર પતનનું કારણ બનશે.''

રેવતીએ હોઠ પીસ્યા, દાંત કચકચાવ્યા અને ગર્જી ઉઠી, "આત્મા ? તારા બાપે જોયો નથી; કોઇના બાપે જોયો નથી; તો તેં કયાંથી જોયો ? જેને તું જોતો નથી તેની પાછળ તારા જેવો પાગલ દોડે. આ રેવતી જે દેખાતો નથી તેની પાછળ મરી ફીટવા જેટલી મૂર્ખ નથી. વાહ રે વાહ ! તારા ગુરુએ તને બરાબર ભરમાવ્યો છે. ગુરુ–ચેલા જગતની આંખમાં ધોળે દહાડે ધૂળ નાંખવા નીકળ્યા છે ! " રેવતીએ અટ્ટહાસ્ય કર્યું અને ટોળું પણ ખડખડાટ હસી પડયું.

મહાશતક બોલ્યા, "રેવતી, જેને હું ધિક્કારું છું તે તું નથી પણ તારી પાપ વૃત્તિઓ છે."

"વૃત્તિઓ ? વૃત્તિઓ તું કેવી રીતે જાણી શકે ? તુ માને તે જ ખરું ? તારો ધર્મ કહે તે ખરું અને બીજું બધું ખોટું ? શું તારું આ મિથ્યાભિમાન નથી ? વાહ રે તારા ગુરુ ! બળ્યો તારો ધર્મ ! જગતનો ઉદ્ધાર કરવા નીકળ્યા છો કે તેને ડૂબાડવા ? જીવતાં સુખ ન આપે તે મૂઆ પછી શું સુખ આપશે ? તારો કે મારો બાપ પણ મૂઆ પછી સુખની વાત કહેવા આવ્યો છે ખરો ? ગયો તે ગયો. ફરી પાછો દેખાયો જ નહિ."

હવે મહાસતક સ્વસ્થ ન રહી શકયો. મન ઉપરનો કાબૂ ખોઈ બેઠો. દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેનાં પ્રશસ્ય અનુરાગને કારણે તે પ્રાણથી પણ અધિક પ્યારા દેવ, ગુરુ અને ધર્મની નિંદા ન સહન કરી શકયો. ગમે તેવો પ્રશસ્ય રાગ હોય તો પણ રાગ તે રાગ. તેને કારણે ક્ષમા ધર્મને બાજુએ ન મૂકાય. તેને કારણે

બીજા પ્રત્યે તિરસ્કાર કે વેર ઉત્પન્ન ન થવું જોઇએ. નહીંતર આ દૃષ્ટિરાગ પતનનું કારણ બને છે. આજ દિન સુધી પ્રેમ ધર્મનો ઘૂંટેલો એકડો ઘડીભર તે ભૂલી ગયો. તેણે ગંભીરતાપૂર્વક કહ્યું, "રેવતી, દેવ, ગુરુ અને ધર્મની નિંદા કરનારની દુર્ગતિ ચોક્કસ છે. તું કમોતે મરશે. સાત દિવસમાં તારું મોત થશે."

"મોત ! મારું મોત ! અને તે તારા કહેવાથી ! કોઈના કહેવાથી કોઈનું મોત થયું છે ? તને વચનસિદ્ધિ પ્રાપ્ત થઈ છે ? હવે હાર્યો એટલે છેલ્લે પાટલે જઈ બેઠો ! તારા જેવા બગલાભગતોનાં કહેવા પ્રમાણે થતું હોય તો તમો આખી દુનિયાને ખેદાન–મેદાન કરી નાંખો. રેવતીએ અટ્ટહાસ્ય દ્વારા મહાશતકનાં વાકયનો ભયંકર ઉપહાસ કર્યો. રેવતીને પરમ સંતોષ હતો મહાશતકની ધૂળ ખંખેરી નાંખ્યાનો. ત્યાંથી તે પોતાના નિવાસ તરફ પ્રયાણ કરી ગઈ.

જાણે મહાન દિગ્વિજય પ્રાપ્ત કર્યાનો આનંદ મનાવતી હોય તેમ તેણે મદિરાની પ્યાલીઓ ઉપર પ્યાલીઓ ગટગટાવી. અને આનંદવિભોર બની ગઇ.

પણ...પણ...તરત જ તેને મહાશતકના શબ્દોને સંભર્યા.

"રેવતી, તારું સાત દિવસમાં મોત થશે." અને તેનાં હોશ કોશ ઊડી ગયા. વદન ખીન્ન બની ગયું. એની આંખે યમરાજ દેખાવા લાગ્યા. છતાં એ જાજરમાન નારી હતી. એને લાગ્યું કે કદાચ આ એનાં મનની ભ્રમણા હશે. પણ મોતનાં વિચારો એને એટલા બધા સતાવતા હતા કે તેણે દાસીને પૂછ્યું," શું કોઈ અન્યનું મોત ભાખી શકે ?"

"હા ! મહાશતક જેવા જ્ઞાની ધર્માત્માને બીજાનું મોત ભાખવું સહેલું છે."

જાણે મહાશતકનાં વચનો તેનાં હૃદયને મહા ભૂકંપની જેમ આંચકો આપી રહ્યા હતા. પોતે કરેલી મહાશતકની મહા વિડંબનાની જાણે વસુલાત લઇ રહ્યા હતા. આઘાત–પ્રત્યાઘાતના નિયમનો જાણે અમલ થઈ રહ્યો હતો.

ષટ્રસ ભોજનની થાળને સહેજ સ્પર્શ કર્યો અને તેણે હડસેલી દીધી. દાસીઓનાં નૃત્ય બંધ કરાવી દીધા.

**ચિંતનકણિકા**

**દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેનાં અનુરાગનાં અતિરેકમાંથી–અવિવેકમાંથી દૃષ્ટિરાગ જન્મે. દૃષ્ટિરાગને કારણે ધર્મજનૂન પેદા થાય. એ જ ધર્મજનૂનને કારણે ધાર્મિક યુદ્ધો ખેલાય. અને મહા વિનાશ સર્જાય.**

**જગતનો ઈતિહાસ એની સાક્ષી પૂરે છે.**

**પક્ષ કે દેશ પ્રત્યેનો દૃષ્ટિરાગ પણ આવો જ વિનાશ સર્જે છે.**

**વિશ્વવંદ્ય ભગવાન મહાવીરસ્વામીનો આ ઉપદેશ વિશ્વ કયારે સમજશે ?**

**જૈનો સંપ્રદાયનો, ગચ્છનો દૃષ્ટિરાગ કયારે છોડશે ?**

અંગવિલેપન, ચંદનરસ, અને મધુરસ પણ તેને અકારા લાગ્યા. વિલાસ પ્રત્યે પણ અણગમો ઉત્પન્ન થયો. નરકની યાતનાનાં અને યમરાજનાં વિચારે એનાં કાળજાને કોરી ખાવા લાગ્યા. પલંગ પર સુતી અને ઊંઘવા પ્રયત્ન કરતી ત્યારે ઠેર ઠેર મોતના પડછાયા દેખાતા. હવે તેની ઊંઘ પણ હરામ થઇ ગઈ.

રેવતી ભારે બીમારીમાં સપડાઈ ગઈ. સાતમાં દિવસે એનું પ્રાણપંખેરું ઊડી ગયું. હંસલો કાયા છોડીને ચાલ્યો ગયો. રૂપગર્વીતા રેવતીનો દેહવિલય થયો. રાજગૃહીનું સૌરભવંતું સુમન ખપ્પરમાં ખપ થઈ ગયું.

× × × ×

રાજગૃહીમાં ભગવાન મહાવીરસ્વામીનું પુનરાગમન થયું. ગુણશીલ ચૈત્યમાં ભગવાન પધાર્યા હતા. દર્શન વંદન બાદ તેમણે પોતાનાં પટ્ટશિષ્યને પાસે બોલાવીને કહ્યું, "હે ગૌતમ ! શ્રમણોપાસકે સત્ય હોય તો પણ બીજાનુ અનિષ્ટ કરનારું કે અપ્રિય લાગનારું સત્ય ન વદવું જોઈએ."

"જી !" ગૌતમે મસ્તક નમાવ્યું.

"માણસ કોઈનું ઈષ્ટ કે અનિષ્ટ કરી શકતો નથી. કર્મમાં પ્રેરનારી અને પ્રવૃત્ત કરનારી એની વૃત્તિઓ જ એનું ઈષ્ટ અને અનિષ્ટ કરી શકે છે. પાપ પર દ્વેષ હોઈ શકે; પાપી પર દ્વેષ નહીં હોવો જોઈએ."

"તહત્ વચ !" ગૌતમસ્વામી ઉપદેશનાં મધુર ભાવોને મૌનપણે હૃદયમાં ઉતારવા લાગ્યા.

ભગવાન આગળ બોલ્યા, "આ નગરમાં વસતો પરમ શ્રદ્ધાળુ શ્રાવક મહાશતક જ્ઞાની થઈને ભાન ભૂલ્યો. એણે પોતાનાં માન–અપમાન સમતાપૂર્વક સહન કર્યાં. પણ દષ્ટિરાગને વશ થઈને દેવ–ગુરુ–ધર્મનાં અપમાન સહન ન કરી શકયો. જે રેવતીએ તેને કસોટીએ ચઢાવી શુદ્ધ કાંચન બનાવ્યો એ જ રેવતીની તેણે સત્ય પણ અનિષ્ટકર વાણી વડે હત્યા કરી."

"હત્યા ?"

"હા, હત્યા સત્ય વચન રૂપી તલવારથી હત્યા કરી. વસ્તુ માત્ર પવિત્ર કે અપવિત્ર નથી. તેનાં પ્રત્યેની ભાવના જ તેને પવિત્ર કે અપવિત્ર બનાવે છે. એણે મન પરનો કાબૂ ખોયો અને રેવતીને અનિષ્ટ કરનારું વાક્ય કહ્યું. તું ત્યાં જા અને પ્રાયશ્ચિત આપી શુદ્ધ કર."

જ્ઞાનપુત્ર મહાવીરસ્વામીનો દિવ્ય સંદેશ લઈને શ્રી ગૌતમસ્વામી મહાશતક પાસે આવ્યા. મહાશતકે વંદન કરી ભગવાનની કુશળતા પૂછી. ત્યાર બાદ શ્રી ગૌતમસ્વામીએ પ્રાયશ્ચિતની આજ્ઞા ફરમાવી.

મહાશતકે મન, વચન અને કાયાનાં ત્રિકરણયોગથી રેવતીને હણ્યાનું, વાણીની જયણા ચૂકયાનું અને વચનથી વિરાધના કર્યાનું પ્રાયશ્ચિત કર્યું. ત્રિકરણયોગથી રેવતીને 'મિચ્છામિ દુક્કડં' કહ્યું.

શાસનહિંતચિંતક ભગવાન મહાવીરસ્વામીએ ક્ષમાધર્મ દ્વારા ડૂબતા મહાશતકને તાર્યો.

મહાશતકને ભાન થયું કે કર્મયુદ્ધ ખેલનારા મોક્ષાભિમુખ આત્માને રહેજ પણ સ્ખલના ન પરવડે. નહીંતર મહા અનિષ્ટ થયા વગર ન રહે. તેણે તો સદાકાળ ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત રહેવું જોઈએ.

卐


ગૃહપતિ જોઈએ છે ધાર્મિક તથા નામાના જાણકાર લખો : યુ. કે. શાહ માણેકલાલ રોડ, નવસારી (W. Rly.)

—: With Best Wishes From :—

NANAVATI & COMPANY PRIVATE LIMITED

Leading Indian Importers & Stockists of Dyeing, Bleaching and Industrial Chemicals, Sulphurs, Fetilizers, & Dyes For Textiles.

*Registered Office :*

" NANAVATI MAHALAYA "

18. Bruce Street, Fort, BOMBAY. 1

Telephones : *255316 : 255422* Telegram . "*MANIBALA*" *BOMBAY*

Branch : DELHI, MADRAS

# શા પ રી આ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે.....................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે...................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

# પ્રાઇવેટ લીમીટેડ.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ–૧૫ (ડી. ડી.)

ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૩૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી–મુંબઇ.

એન્જીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઇ–૧૨ ( ડી. ડી. )

ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૭
ગ્રામ : 'શાપરીઆ' પરેલ–મુંબઇ.

# સુજાતાની ક્ષમાવૃત્તિ

: લેખક :
શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

[ક્ષમામાં સ્વીકાર છે, પ્રતિકાર નથી. જ્યાં પ્રતિકાર છે ત્યાં ઘર્ષણ છે, દુર્ગતિ છે. જ્યાં સ્વીકાર છે ત્યાં મૈત્રી છે, ઉન્નત છે. વિશ્વના દરેક દર્શનમાં ક્ષમાનું મહત્વ છે જ. અહીં વિદ્વદ્દવર્ય લેખકશ્રીએ બૌદ્ધ-ધર્મમાં પણ ક્ષમાનું કેવું મહત્વ છે તેનું કથા દ્વારા સુંદર નિરૂપણ કર્યું છે.

—તંત્રી]

[૧]

રાજગૃહીના એક આલિશાન મહાલયમાં શ્રાવસ્તીથી આવેલ પોતાના પિતાનો પત્ર સુજાતા વાંચી રહી હતી. પત્ર વાંચતી વખતે તેના ચક્ષુમાંથી વહી રહેલાં ઊના ઊનાં અશ્રુઓ કાગળને ભીંજવી રહ્યાં હતાં. પિતાએ પોતાની એકની એક લાડકી પુત્રીને પત્રમાં લખ્યું હતુ :
ચિરંજીવી સુજાતા,

સાસરે ગયા પછી તારો વિગતવાર પત્ર આજ પ્રથમ વાર મળ્યો, જે વાંચી મારું હૃદય કંપી ઊઠયું. ધનવાનોને ત્યાં પુત્રીને પુત્રવધૂ તરીકે મોકલતાં માબાપને હર્ષ અને આનંદ થાય છે કે આપણી પુત્રી સુખમાં પડી. પણ આ માન્યતા કેવી બાલિશ અને છેતરામણી છે તે તો હું પ્રથમથી જ જાણતો હતો. શિક્ષિત અને સંસ્કારી છોકરીઓ જ્યારે ગરીબ શ્વશુરગૃહે પુત્રવધૂ તરીકે જાય છે ત્યારે ત્યાં પૂજાતી હોય છે. એટલે તારા વાગ્ધનની વાત તારા સાસરિયા તરફથી પ્રથમ આવી ત્યારે, તે લોકો ધનવાન અને સુખી હોવા છતાં મેં ધસીને ના જ પાડી દીધી હતી. પણ તે વખતે તારી માતાની ગંભીર માંદગીના કારણે હું તેની વાતને ઉવેખી શકયો. મારા લગ્ન વખતે તારી માતામહી હયાત ન હતી એક પ્રસંગે તારા માતામહે મને શીખ આપેલી કે," માતા વિનાની મારી પુત્રી પર મને એટલા બધા હેત અને પ્રીત છે કે તે દુઃખી થઈને જ્યારે એક પણ આંસુ પાડશે ત્યારે મારા હૃદય પર તેના એક એક આંસુના બિન્દુનું વજન એક એક ટન જેટલું લાગશે. મેં એને લાડ લડાવ્યા છે, મોઢે ચડાવેલી છે; એટલે તેનો દોષ થાય ત્યારે તે દોષનું નિમિત્ત-કારણ મને ગણશો, પણ તેને જરાએ કોચવશો નહિ."

આજે તો તારી માતા કે માતામહ બંનેમાંથી કોઇ હયાત નથી. પણ મારા લગ્ન વખતેના તેના શબ્દો મારા હૃદયપટ પર એવા અંકિત થઈ ગયેલા કે ગમે તેવા પ્રસંગોએ પણ તારી માતાને હું ન દુભવી શકતો. તેની ઈચ્છા અનુસાર જ મારે તને રાજગૃહીના એક શ્રેષ્ઠિને ત્યાં આપવી પડી. સુજાતા ! ધનવાનોને ત્યાં સુખના સાધનોનો કોઈ પાર નથી હોતો અને છતાં ત્યાં શાંતિનું નામ નિશાન પણ જોવામાં આવતું નથી. તારો પત્ર મારી વાતને ટેકો આપે છે. આમેય ધન અને ધર્મનો સુમેળ કવચિત જ જોવાનો મળે છે. માણસ પાસે પૈસો હોય, પ્રતિષ્ઠા હોય; પણ ધર્મ અને સંસ્કાર ન હોય તો એવા પૈસા અને પ્રતિષ્ઠાનું મૂલ્ય શું ? પણ લગ્નની બાબતમાં મુખ્યત્વે પૂર્વભવની લેણ-દેણ જ કામ કરી જતી હોય છે. 'લંકાની લાડી અને ઘોઘાનો વર' એવી કહેવતનો પણ આ જ અર્થ છે. ત્યાં તને કોઈ ભિક્ષુકે ભિક્ષુણીના દર્શન જ થતાં નથી અને કશું ધર્મ કાર્ય થઈ શકતું નથી એટલે તારું મન ભારે ભારે રહ્યા કરે, એ સ્વાભાવિક છે. જ્યાં ભિક્ષુના દર્શનને પણ અવકાશ નથી ત્યાં તેની ધર્મ-દેશનાની તો વાત જ કયાં રહી ?

પરંતુ સુજાતા ! જે પરિસ્થિતિમાં આપણે મૂકાઇએ

છીએ, તેને અનુકૂળ બની જવામાં જ જીવનનું તપ છે. એ આભ્યંતર તપ છે, બાહ્ય તપ કરતાં અનેકગણું ચડિયાતું. આપણે ભગવાન બુદ્ધના ઉપાસક અને તારા સાસરિયા સૌ વિધર્મી, તેથી જ આ પત્ર સાથે પંદર હજાર કાર્ષાપણની એક થેલી મોકલાવું છું. ચાતુર્માસના છેલ્લા દિવસો ચાલે છે. રાજગૃહીમાં શ્રીમતી નામે એક ગણિકા છે, તેને આ રકમ આપી એક પખવાડિયા માટે તારા પતિની પરિચર્યા કરવાનું કાર્ય તેને સોંપજે; અને તું આ રીતે એક પખવાડિયું દાન, પુણ્ય અને ધર્મકાર્યોમાં પસાર કરજે. સત્ય અને અસત્ય, દેવો અને દાનવો, ધર્મ અને અધર્મ આ બધા વચ્ચેના યુદ્ધમાં અંતે તો સત્ય, દેવો અને ધર્મનો જ જય થાય છે. એટલે શ્રદ્ધા અને ખાતરી રાખજે કે તારા પરથી દુઃખના વાદળો પસાર થઈ જશે અને સુખનો સૂર્ય દેખાશે જ. ખરું પુસ્તક સંસાર છે, તે સંસારમાંથી જેટલું શીખે છે, તેટલું પુસ્તકમાંથી નથી શીખતી. સંસારથી ત્રાસી જઈ અગર કંટાળી કે કાયર થઈને ભિક્ષુણી થવામાં હું ડહાપણ નથી જોતો. સંસારમાં જે ઉત્તમ રીતે જીવન જીવી શકે, તેને જ ભિક્ષુ કે ભિક્ષુણી થવાનો અધિકાર છે.

બાપુજીના શુભ આશીર્વાદ.

પિતાના પત્રથી સુજાતાને ભારે આશ્વાસન મળ્યું. પોતાની દાસી મારફત શ્રીમતીને બોલાવી પિતાએ સૂચવેલો પ્રસ્તાવ મૂકયો અને તેણે પણ એ વાત માન્ય રાખી. સુજાતા શ્રીમતીને લઈ પતિ પાસે ગઈ અને અત્યંત સંકોચ પૂર્વક બોલી "નાથ આપ મને અનુજ્ઞા આપો તો એક પખવાડિયું હું દાન, પુણ્ય અને ધર્મ કાર્યોમાં પસાર કરું; અને તે સમય દરમિયાન મારી સહાયિકા આ શ્રીમતીને આપની પરિચર્યામાં મૂકું."

રંગીલા પતિદેવે શ્રીમતી પર દૃષ્ટિ કરી અને પાણી પાણી થઇ ગયો. આવી નારીનો સામેથી આવતો સહવાસ વળી કોણ મૂર્ખો જતો કરે ? એમ વિચારી તેણે કહ્યું: 'પત્નીને ખૂશ રાખવી એતો પતિનો પરમ ધર્મ છે. તેથી તારો પ્રસ્તાવ હું માન્ય રાખું છું.' છેલ્લે મજાક કરતાં કહ્યું : તારા દાન, પુણ્ય અને ધર્મકાર્યોનું અર્ધું ફળ મને આપવાની શરતે આ પ્રસ્તાવ માન્ય રાખું છું.

સુજાતા પતિની વાત સાંભળી હસી અને બોલી: "આપનો ભારે અનુગ્રહ થયો. હું આ પી જ તમારી છું. એટલે મને જે લાભ થાય તે તમને જ થયા બરોબર છે." આમ સરળતાપૂર્વક આ કા તો પતી ગયું.

[૨]

સુજાતાએ પતિગૃહે જ રહી ધર્માનુષ્ઠાનો આરંભ્યા. રંગીન મહાલય પખવાડિયા માટે ધર્માલય બની ગયો. સુજાતાએ ભગવાન બુદ્ધ અને તેના ભિક્ષુ સંઘને પૂર્ણાહુતિને દિવસે ભોજન માટે આમંત્રણ આપ્યું હતું. માતાથી વિખુટા પડી ગયેલા બાળકને માતાનો પુનઃ મેળાપ થતાં જે આનંદ થાય તેવો આનંદ સુજાતાને પણ થયો. પૂર્ણાહુતિના દિવસે સુજાતા રસોઈ કામમાં જાતે દેખરેખ રાખી રહી હતી. બધી વ્યવસ્થામાં તે એટલી બધી ઓતપ્રોત બની ગઈ હતી કે તેના મેલાં થઈ ગયેલા કપડાંનું પણ તેને ભાન ન હતું. તેના વાળ અસ્તવ્યસ્ત થઈ ગયા હતા. મોઢા પર રાખ અને કોલસાના ડાઘા પડી ગયા હતા. ત્યારે દાસીઓ સાથે તે પણ એક દાસી જેવી જ બની ગઈ હતી.

ઉપરની અટારીએથી સુજાતાનો પતિ આવા હાલ હવાલ જોઈ વિચારતો હતો કે આ બાઈ જેવી બીજી કોઈ મૂર્ખ નારી ભાગ્યે જ હશે ! પ્રાપ્ત થયેલા સુખનો ઉપભોગ કરવાને બદલે મુંડિયા ભિક્ષુકોની સેવા પાછળ આંધળી થઈ ગઈ છે ! તેના દેદાર કેવા વિચિત્ર થઈ ગયા છે ? આમ વિચારતો તે હસી પડ્યો। અને આ હાસ્ય તેની નજીક ઉભેલી શ્રીમતીએ જોયું. હાસ્યનું કારણ સમજવા શ્રીમતીએ નીચે જોયું તો ત્યાં સુજાતા હતી. તેને થયું કે આ પતિપત્નીએ નક્કી કાંઈક સંકેત કર્યો અને મારી જ કોઈ બાબતમાં હસ્યા. પતિપત્ની વચ્ચેની આવી નિકટતા તે ન સહી શકી. પતિપત્નીએ કોઈ સંકેત કર્યો અને મારી જ બાબતમાં કાંઈક મજાક કરી હસ્યા એમ વિચારી ધમધમતી તે નીચે ઉતરી. ક્રોધ—આવેશ માણસને હેવાન બનાવી દે છે અને તેનામાંથી સારાસારની

બુદ્ધિ નાશ પામે છે. ક્રોધમાં પાગલ બનીને શ્રીમતીએ પૂરી તળવા માટે તાવડામાં ઘી ઊકળતું હતું, તેમાંથી એક કડછી ભરી સુજાતા પર ફેંક્યું. સુજાતા પગે દાઝી ગઈ. આ દૃશ્ય જોઈ સુજાતાની દાસીઓ ત્યાં ધસી ગઈ અને શ્રીમતીના આવા દુષ્ટ વર્તન માટે હાથમાં જે આવ્યું તે લઈને તેને ટીપવા લાગી. દાસીઓ ન બોલવા જેવા શબ્દો બોલવા લાગી. પણ ત્યાં તો દાઝેલા પગે સુજાતા ત્યાં દોડી આવી. સુજાતા શ્રીમતીની આડે ઊભી રહી, જેથી તેને કશી ઇજા ન થાય. દાસીઓને શાંત પાડી જરા ઉગ્ર અવાજે સૌને કહ્યું: "તમે બધા આ શું કરી રહ્યા છો? મારું સ્થાન આજે યજમાનનું છે અને શ્રીમતી તો મારી મહેમાન છે. મારી વિનંતીથી આ મહાલયમાં તે આવી છે, એટલે તેનું અપમાન તે સાચી રીતે તો મારું જ અપમાન છે. માનવમાં રહેલી ક્ષમાવૃત્તિની કસોટી તો આવે જ પ્રસંગે થાય છે. તમે સૌ દૂર થાઓ, હું શ્રીમતીના મનનું સમાધાન કરીશ."

સુજાતા પછી શ્રીમતી પાસે જઇ તેની પીઠ પસવારતા દયાર્દ્ર ભાવે બોલી: "મારી બહેન! હું તો તારા ઉપકાર તળે છું. તને કંઇ વાતનું ખોટું લાગ્યું તે કહે તો તારા મનનું સમાધાન કરું." સુજાતાનું આવું નમ્ર વર્તન અને વાણી જોઇ શ્રીમતીને ખાતરી થઈ કે સુજાતાને સમજવામાં તેની ભૂલ થઈ છે. સુજાતાના કોઈ અપરાધ વિના તેના પ્રત્યે તેણે કરેલાં વર્તનનો ભારે પશ્ચાત્તાપ થયો અને પગે પડી બોલી: "સુજાતા! તારા પ્રત્યે મારાથી ભારે અપરાધ થઈ ગયો, મને સાચા અંતઃકરણથી ક્ષમા કર, બહેન!"

[૩]

બરાબર એ જ સમયે ભગવાન બુદ્ધ અને તેમના શિષ્ય સમુદાયે મહાલયના ચોકમાં બાંધેલા મંડપમાં પ્રવેશ કર્યો. ત્યાં તો સુજાતાનો પતિ તેમ જ બધો કુટુંબ પરિવાર પણ આવી પહોંચ્યો. ભગવાન બુધ્ધે ત્યાંનું વાતાવરણ જરા અસ્તવ્યસ્ત જોઈ પૂછ્યું: "સુજાતા! શું કોઈ ભાંજગડ ચાલી રહી છે? કોઇ અકસ્માતના કારણે શું પગ પર ઈજા થવા પામી છે?"

સુજાતાએ વિષણ્ણ હૈયે કહ્યું: "ભદંત! આ પ્રસંગે ખાસ આમંત્રણ આપી મારી નાની બહેન જેવી શ્રીમતીને સહાય અર્થે બોલાવી છે, પણ મારી દાસીઓએ તેનું અપમાન કર્યું. આપની સમક્ષ, શ્રીમતી પાસે આવા વર્તન માટે ક્ષમા માગી લઉં છું અને આપ સૂચવો તે પ્રાયશ્ચિત્ત પણ કરવા માગું છું:" તે પછી ભગવાનની પાસે સુજાતાએ જે બન્યું હતું તે ટૂંકમાં કહી દીધું.

ભગવાને સુજાતાને પૂછ્યું: "જે વખતે શ્રીમતીએ તારા તરફ ઊકળતા ઘીની કડછી ફેંકી, તે વખતે તારા મનનાં ભાવો કેવા હતા?"

સુજાતાએ દીન વદને કહ્યું, "ભદંત! શ્રીમતીનો ગુસ્સો જોઇ મને થયું કે મારા કયા અપરાધને કારણે તેને મારા પર આવો ગુસ્સો આવ્યો હશે? તેનું થતું અપમાન જોઇ મેં તેની આડા ઊભા રહી તેને બચાવી લીધી. પરંતુ તેમ છતાં આ બનાવથી જે દુઃખ અને આઘાત શ્રીમતીને થયા, તેનાથી અનેકગણા દુઃખ અને આઘાત મને થયા. આપણે ત્યાં કોઈને મહેમાન તરીકે બોલાવીએ અને પછી આપણા જ ઘરમાં, આપણાં જ માણસોના હાથે તેનું અપમાન થવા પામે તો કેવું પ્રાયશ્ચિત્ત લેવું ઘટે?"

ભગવાને કહ્યું, "ઉકળતુ ઘી તારા પર પડયાં છતાં તારા મનમાં શ્રીમતી માટે ગુસ્સો ન થયો એટલે તારા માટે પ્રાયશ્ચિત્તની કોઈ આવશ્યકતા નથી, પણ તારી દાસીઓએ શ્રીમતીની માફી માગવી જોઈએ." સુજાતાએ પોતાની બધી દાસીઓને બોલાવી શ્રીમતીની માફી મગાવી. પણ શ્રીમતીએ અત્યંત સંકોચ અનુભવતા ભગવાનને કહ્યું, "ભદંત! એક નિર્દોષ હકીકતને તદ્દન વિકૃત રીતે જોઈને મેં વિના કારણે સુજાતાના દેહને પીડા પહોંચાડી એટલે સાચી રીતે તો ક્ષમા અને પ્રાયશ્ચિત્તને પાત્ર હું છું. સુજાતાના વર્તન પરથી આજે મને ખાતરી થઇ કે માનવી દેવથી પણ ઉત્તમ અને પશુથી પણ અધમ જીવન જીવી શકે છે. સુજાતાની હું અત્યંત ઋણી છું અને તેણે મને આજે નવી દૃષ્ટિ આપી છે. હવે આપના ભિક્ષુણી સંઘમાં મને પણ સ્થાન આપો તેમ પ્રાર્થના કરું છું"

# અંતરની ક્ષમાપના

માનવ વ્યવહાર પ્રાણી હોઈ વ્યવહારને કારણે એને અનેકો સાથે ગૂંથાવું પડે છે અને એને લીધે મુંડે મુંડે પ્રતિભિન્ન—ન્યાયે ભિન્નભિન્ન વિચારસરણીઓને કારણે બીજાઓ સાથે ક્યારેક અથડામણમાં પણ ઊતરવું પડે છે. કારણ કે દરેકના વિચારો—લાગણીઓ—ભાવનાઓ—માન્યતાઓ—કામ લેવાની રીતો કે ટેવો સરખી ન હોય એમ બનવું—સ્વાભાવિક છે. પરિણામે એવી અથડામણમાંથી વિવાદો—કલહ ઝગડા પેદા થઈ ક્યારેક એમાંથી ઈર્ષ્યા અને વેરવૃત્તિ પણ પોષાવા લાગે છે. ને તેથી વ્યક્તિઓ એક બીજાના મિત્રો, સંબંધીઓ કે સગાસ્નેહીઓ હોવા છતાં ભેદભાવની દિવાલો ઊભી કરી દિનભર દિન દૂર હટતી જઈ નિત્યની વિરોધી પણ બની રહે છે પરિણામ એ આવે છે કે એથી એ બીજા બોલવાનું ટાળે છે, લેવડ–દેવડ કરવાનું પણ બંધ કરે છે તેમજ એક–બીજાના કાર્યોનો વિરોધ કરી સમાજવ્યવસ્થાને પણ ધક્કો પહોંચાડે છે.

જો કે માણસ પોતાની વૃત્તિઓને વશ હોઈ ભૂલને પાત્ર છે. એથી ભૂલો, ઊતાવળો–અધીરાઈઓ તો થાય. અસહિષ્ણુવૃત્તિ પણ ઉદ્ભવે. પણ એમ છતાં માનવ ક્ષમ્ય છે. પણ એથી એ ભૂલોને અથડામણોને પોષવાની નથી. કારણ કે આપણે આ દુનિયામાં બંધાવા નથી આવ્યા, બોજના પોટલા ઉપાડવા નથી આવ્યા. પણ છૂટવા આવ્યા છીએ, બોજ હળવો કરવા આવ્યા છીએ.

પણ માનવ સ્વભાવમાં એક એવી ગાંઠ બંધાઈ જાય છે કે એ સમજવા છતાં પણ એ ગાંઠને તોડી ફરી હૈયું સાંધવા જેટલું બળ પ્રગટાવી શકતો નથી.

માનવસ્વભાવની આ નબળાઈને વિચારી એને એમાંથી મુક્ત કરવા શાસ્ત્રકારોએ આપણને એક એવો કાર્યક્રમ ઘડી આપ્યો છે કે જેથી આપણે એક–બીજાની ઓથે પેદા થયેલા નવા વાતાવરણને કારણે આત્મશૌર્ય પ્રગટાવી બંધાયેલી ગાંઠને તોડી શકીએ અને છુટા પડેલા હૈયાઓને સાંધી ફરી નિર્મળ–પ્રેમભર્યું વાતાવરણ સર્જી શકીએ. એ સામુહિક કાર્યક્રમ છે ક્ષમાપનાનું મહાપર્વ. એ મહાપર્વ એ જૈનધર્મે આપેલું એક વિશિષ્ટ પર્વ છે કે જેમાં રંગરાગને સ્થાન નથી, ભોગવિલાસને અવકાશ નથી. એમાં તો જીવનને વિશુદ્ધ કરવા હૈયાને બળવત્તર બનાવવાનું છે. દુશ્મન કે વિરોધી મનાતાને–નમ્ર પગલે સામે જઈ એની ક્ષમા માંગવાનું છે અને એ રીતે જામેલા વેરવિરોધના કાંચડને સાફ કરી પોતના અહંને દૂર કરવાનું છે. આ કારણે આ પર્વ ઉજવણીનું નહીં–સાધનાનું પર્વ છે.

માણસ બધું છોડી શકે છે, પણ પોતાના અહંભાવને–માનકષાયને ઝટ છોડી શકતો નથી એ માટે પ્રબળ પરાક્રમ જોઈએ. એણે એવું શૌર્ય પ્રગટાવવું જોઈએ. એ શૌર્યને પ્રગટાવવાનું બળ આ પર્વે પૂરું પાડ્યું છે તે એ માટે એણે જે આચાર ધર્મ આપ્યો છે, એથી એ પર્વનું મહાત્મ્ય વિશિષ્ટકોટિનું બની ગયું છે.

---

ભગવાને શ્રીમતીની પ્રાર્થના માન્ય રાખી કહ્યું : શ્રીમતી ! ભિક્ષુ હોય કે ભિક્ષુણી હોય, પુરુષ હોય કે સ્ત્રી હોય પણ તેણે નિરંતર યાદ રાખવાનું છે કે **क्रोधस्य रोधस्य शमो विधाता**-ક્રોધનો નિરોધ ક્ષમા વડે જ થાય છે.''

ભગવાને તે પછી ભિક્ષુઓ અને અન્ય સૌને ઉદ્દેશીને કહ્યું : "કોઈ મધુર બોલે છે તો કોઈ કટુ બોલે છે, કોઈ હિત માટે બોલે છે તો કોઈ અહિત માટે બોલે છે, કોઈ મિત્ર ભાવે બોલે છે તો કોઈ દ્વેષ બુદ્ધિથી બોલે છે; પણ આવા સર્વ પ્રસંગે તમારું ચિત્ત વિકારવશ ન થાય, તમારા મુખમાંથી કટુ શબ્દ ન નીકળે, તમારી ક્ષમા વૃત્તિને જરા પણ આંચ ન પહોંચે એ રીતે આખા જગત પર, તમામ જીવો પર નિઃસીમ મૈત્રીની ભાવના કેળવવા પ્રયત્ન કરજો !"

સુજાતાના પતિને તેની પત્નીના મૂલ્ય સમજાઈ ગયા. સુજાતાના ઘરના સૌ સુજાતાની ક્ષમાવૃત્તિ જોઈ દિગ્મૂઢ બની ગયા. ક્ષમા, દયા, કરુણા, અનુકંપા આ બધા ગુણો ધર્મરૂપી વૃક્ષની ડાળીઓ જેવા છે, તે સૌને સમજાઈ જતાં આખું કુટુંબ ધર્મના માર્ગે વળ્યું.

એક સુશીલ અને સમજુ નારીએ ક્ષમા ગુણ વડે આખા કુટુંબને ધર્મના માર્ગે દોર્યું એ વાત લોકોને તે દિવસે સમજાઈ ગઈ.

એ પર્વનો પ્રભાવ જ એવો છે કે માણસ સહેજે વીર્ય બતાવી ક્ષમા ના દ્વારા હળવો થઈ શકે છે. જેની અસર બીજા સમાજો પર પણ ઊંડી પડવા લાગી છે.

કારણ કે વિરોધીને સામે પગલે જઈ એની ક્ષમા માંગવી, દિલ૫ઃ લાગેલા ડંખને દૂર કરી હૈયું સ્વચ્છ કરવું એ કોઈ નાની સુની વાત નથી. અહંને કારણે—સ્વાભિમાન પર લાગેલા ઘાને કારણે અર્થાત્ પોતાની અક્કડાઇ નહી છોડવાને કારણે દુનિયા પર ઓછો વિનાશ નથી ઉતર્યો. દેશના પડેલા ભાગલા અને એને પરિણામે ચાલેલી લોહીની નદીઓ પાછળ એક માત્ર અહંની જ વૃત્તિ પડેલી હતી કે જેને કારણે આવા બધા અનિષ્ટો પેદા થઈ આવ્યા છે અને એની પીડા આપણે આજપર્યંત હજુ ભોગવી રહ્યા છીએ. આ કારણે ક્ષમાપના દ્વારા અહંને નિર્મૂળ કરવું એ પ્રબળ પરાક્રમ માંગી લે છે ને આ કારણે એ ઉંચી સાધના બની છે.

આ મહાપર્વને નિમિત્તે હું નમ્રપણે નિવેદન કરું છું કે આજસુધી મેં કડવાસ ઉભી કરી જેમનું દિલ દુભવ્યું હોય, મારા નિમિત્તે જેમને કષાય થયો હોય તેમજ જેઓ મારાથી નારાજ થયા હોય એવા સર્વે સાધર્મિક બંધુઓ તથા ત્યાગીવર્ગની હું અંતરથી ક્ષમા ચાહું છું ને તેઓ પણ ઉદારભાવે મને ક્ષમા આપશે એવી આશા રાખું છું.

ક્ષમાપના હૈયાના ઉંડાણમાંથી પ્રગટવી જોઇએ અને તેમાં પણ માનવ જ્યારે જીંદગીના આરે આવી ઊભો રહે છે અને મરણને પોતાની સમક્ષ નાચતું નિહાળે છે ત્યારે એની દૃષ્ટિ જાગ્રત હોય છે તો કડવાસના બધાજ બંધનો એને એવો અકળાવી મૂકે છે કે એનું રોમેરોમ ક્ષમાપનાની વિશુદ્ધ ભાવનાથી ઝળહળી ઊઠે છે અને ત્યારે એને ક્ષમાપના દ્વારા વિશુદ્ધ થવાનો ઊંડાણમાંથી જે ભાવ પેદા થાય છે એ અલૌકિક હોય છે. અને જેમને આવો અનુભવ થયો હોય છે એજ એને બરાબર મૂલવી શકે છે.

આથી જ્યારે હું હવે ૭૫મા વર્ષમાં પ્રવેશી રહ્યો છું. ૬-૬ વર્ષના શ્રમ—અશક્તિ—કળતર વગેરે રોગોના હુમલાઓથી નખાઈ ગયો છું અને મરણને મારી સમક્ષ જ નાચતું નિહાળી રહ્યો છું અને તેથી આ દુનિયાના બધાજ સંબંધો છોડી બીજી દુનિયામાં જવાની ઘડિયો નજીક દેખાવા લાગી છે ત્યારે એનું સ્મરણજ માનવને અતિનમ્ર બનાવી મૂકે છે અને તેથી આજસુધી થયેલી ભૂલો માટે પ્રશ્ચાતાપ સેવી એ સર્વની અંતરથી ક્ષમાપના ચાહે છે.

આજ સુધી હું અનેક મુનિઓ સાથે ઝઝુમ્યો છું પણ તેમની મહાનુભાવતાને કારણે હું પાછળથી એમના હૈયામાં સ્થાન જમાવી શકયો છું. આમ છતાં જેમના સ્નેહનો હું અનુભવ નથી કરી શકયો તેમજ જેમના પ્રત્યે મારા હૈયામાં એક પ્રકારની ઈર્ષ્યાવૃત્તિ પણ હતી. એ બધાની ક્ષમાપના ઇચ્છી આ નિર્વાણ મહોત્સવના મંગલ પર્વ નિમિત્તે સ્વચ્છ થાઉં છું ને એ બધાના આશીર્વાદ સાથે વિશુદ્ધ બની બીજી દુનિયામાં પહોંચવાની ઝંખના સેવું છું.

ધાર્મિક પુસ્તકોના વાચન, સત્સમાગમ અને પ્રભુના ચરણકમળનું ધ્યાન એ બધાની અપેક્ષા સામે નાચતું મૃત્યુ માણસના ઊર્ધ્વગમનમાં વિશેષ બળ પૂરાવી શકે છે એવા અનુભવ પછી મારે યમદેવનો પણ આભાર માનવો જોઈએ કે એ મને પોતાની ગોદમાં ન સમાવી લે ત્યાં સુધી એ સતત મને પોતાનું સ્મરણ કરાવતો રહે. કારણ કે એનું સ્મરણ જ પ્રભુ પ્રત્યેની ગાઢ ભક્તિમાં બળ પૂરાવતું રહે છે.

આમછતાં જીવિત હશે અને શરીર કામ આપશે ત્યાંસુધી કલમ કદાચ ચાલતી રહેશે. અને મને જે સમજાયું છે એ પ્રગટ પણ કરતો રહીશ. આમ છતાં આશા રાખુ છું કે વિચારભિન્નતાને કારણે સહુકોઈ મને ઉદાર ભાવે સહન કરી લેશે તેમજ મનભેદને સ્થાન નહી આપે કારણકે છેવટે હેતુ તો આપણો બધાનો શાસન સેવાનો જ છે.

છેલ્લે એક સ્પષ્ટતા કરી દઉં કે જે મને સત્ય સમજાયું છે એને રજુ કરવાનો મારો ધર્મ છે. એમ છતાં હું માનું છું કે આ દુનિયા કંઇ મેં બનાવી નથી કે સહુએ મને જ અનુસરવુ છેવટે તો વ્યક્તિઓ પોતાના સંસ્કારો અને કર્મજન્મ પરિસ્થિતિ પ્રમાણે જ વર્તે છે. એટલે આપણી ફરજ તો માત્ર કહેવાની છે, કોઈને હાંકવાની નથી.—શાહ રતિલાલ મફાભાઇ—માંડલ

## ભારતભરમાં અજોડ અને આદર્શ એક જૈન સ્ત્રી શિક્ષણ સંસ્થા

# શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ-પાલિતાણા

### પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વમાં શ્રાવિકાશ્રમની દાનની ઝોળી છલકાવી દો !

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની શીતળ છાયામાં **શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ** સંસ્થા છેલ્લા ૫૧ વર્ષથી બ્હેનોના ઉત્કર્ષ માટે ચાલતી આદર્શ સંસ્થા છે. ભારતભરમાં જૈન બ્હેનો માટેની આ એક અજોડ સંસ્થા છે. આ સંસ્થામાં સધવા, વિધવા, ત્યક્તા અને કુમારિકા જૈન બ્હેનોને જૈન શાસનની પ્રણાલિકા મુજબના આચારોના પાલન સાથે દાખલ કરવામાં આવે છે.

આ સંસ્થામાં બ્હેનો અને બાળાઓને શુદ્ધ અને સાત્વિક ખાન-પાન અને રહેવાની સગવડ આપવા સાથે તેમને ધાર્મિક તેમજ વ્યવહારિક શિક્ષણની, ભરત-ગૂંથણ અને શીવણ કામના ડીપ્લોમા કોર્સની, સંગિતની, એસ. એસ. સી. (મેટ્રિક) કોર્સની, હિન્દીના અભ્યાસની એવી દરેક પ્રકારની સગવડો સંસ્થા તરફથી આપવામાં આવે છે.

નિઃસ્વાર્થ સેવાના ઉદ્દેશથી **શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ** આ કાર્ય વ્યવસ્થિતપણે કરે છે. આ કાર્યને, આ પ્રવૃત્તિને, આ સેવાયજ્ઞને પ્રજ્વલિત રાખવા માટે સંસ્થાને પ્રતિવર્ષ અઢીલાખ રૂપિયાનો ખર્ચ આવે છે. દિન-પ્રતિદિન વધતી મોંઘવારીથી આ ખર્ચના આંકડા વધતા જ જાય છે. ખર્ચની સામે દાન આંકડા વામણા હોય છે. નાના હોય છે. આથી જ પૂજ્ય પદસ્થ મુનિ ભગવંતો અને પૂજ્ય સાધ્વીજી મહારાજો તેમજ ચતુર્વિધ સંઘો અને સમાજના દાનવીરોને આ સંસ્થાને ઉદારદીલે સહાય આપી-અપાવી સંસ્કાર ઘડતરના આ અમૂલ્ય વારસાને જાળવી રાખવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ સંસ્થાને ઇન્કમટેક્ષ, એકઝમ્પસન સર્ટિફિકેટ મળેલ છે. જેથી દાનમાં અપાતી રકમ ઉપર ઇન્કમટેક્ષ લાગતો નથી.

આપ સૌ પાલીતાણા પધારો ત્યારે જરૂર આ સંસ્થાની મૂલાકાત લેશો અને સંસ્થાને તન, મન, ધનથી સહાય, સહકાર અને માર્ગદર્શન આપી આભારી કરશો

—: નિવેદક :—

**ધરમશી જાદવજી વોરા**

માનદ્ મંત્રી

**શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ-પાલિતાણા**

**આપનો ફાળો આ સરનામે મોકલો :—**

(૧) **સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ-પાલિતાણા.** (સૌરાષ્ટ્ર)

(૨) **શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ**
'કલ્પના' ત્રણ બંગલા, સહકાર નિકેતન સોસાયટી સામે, નવરંગપુરા, **અમદાવાદ-૯.**

(૩) **શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ**
૯૭, સ્ટોક એક્ષચેન્જ ન્યુ બિલ્ડીંગ, એપોલો સ્ટ્રીટ, ફોર્ટ, **મુંબઈ-૧.** (BR)

## 'જૈનમ્ જયતિ શાસનં'થી ગુંજી ઉઠેલા પુના, કરાડ, નિપાણી અને કોલ્હાપુર.

# પૂ. ગણિવર્યશ્રી પદ્મસાગરજી મહારાજનો ચોપાટી ખાતે ચાતુર્માસનો થયેલ ભવ્ય પ્રવેશ.

પરમપૂજ્ય પ્રશાંતમૂર્તિ, શ્રી સિમંધરસ્વામિ જિનમંદિર (મહેસાણા)ના સંજેક આચાર્ય શ્રી વિજય કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના પરમવિનયેન શિષ્ય પંન્યાસજી શ્રી કલ્યાણસાગરજી મહારાજના શિષ્યરત્ન પ્રવચન પ્રસિદ્ધ ગણિવર્ય શ્રી પદ્મસાગરજી મહારાજ, તથા તેઓના શિષ્યો મુનિશ્રી વર્ધમાનસાગરજી, પૂ મુનિશ્રી અમૃતસાગરજી, વિદ્વાન બાલ મુનિશ્રી અરૂણોદયસાગરજી તથા બાલમુનિશ્રી વિનયસાગરજી મ. આદિ ઠાણાની શુભ નિશ્રામાં ગેત્રાળિયા ટેંક ઉપર ઉપધાનતપની આરાધના થઈ હતી. આ પ્રસંગે નિપાણી જૈનસંઘના



પૂ. ગણિવર્યશ્રી પદ્મસાગરજી મ.

અત્રેના સંઘે દિગમ્બર સમાજે ભવ્ય સામૈયું કર્યું હતું. તા. ૧૯-૩ ૭૫ થી ૨૩-૩-૭૫ એમ પાંચ દિવસ માટે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. દિગમ્બર સમાજના મુનિશ્રી સુબલસાગરજી સાથે પરિચય દિવસ જાહેર પ્રવચનો, શાંતિસ્નાત્રાદિ અનુષ્ઠાનો રથયાત્રાનો વરઘોડો વિ. વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા; અને અપૂર્વશાસન પ્રભાવના થઈ હતી. શ્રી દેવચંદ છગનલાલના વરદ હસ્તે ૨૩-૩-૭૫ના રોજ શ્રી મહાવીર ધર્માદા દવાખાનાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આગેવાનો પદ્મ ભૂષણ શ્રી દેવચંદ છગનલાલ શાહ, શ્રી સંતકુમાર મોતીલાલ ગુજર, શ્રી ચંદુલાલ સંઘવી નિપાણી ગામે પધારવા આગ્રહભરી વિનંતી કરી ગયા હતાં. ઉપધાનન માળારોપણ પછી પોષ શુદિમાં વિહાર કરી, મુંબઈના પરાઓમાં વિચરી પુનાસીટી પધાર્યા હતા. શ્રીગોડીજી પાર્શ્વનાથ ( ગુરૂવાર પેઠ ) શ્રી દાદાસાહેબ, શ્રી આદિનાથ સોસાયટીમાં જાહેર પ્રવચનો યોજવામાં આવ્યા હતા. આઠ દિવસ સ્થિરતા કરી ધર્મજાગૃતિ લાવી કરાડ પધાર્યા હતા.

કરાડ સંઘે ઉમંગ અને ઉત્સાહ સાથે નગરપ્રવેશ કરાવ્યો હતો. અત્રેના સંઘમાં મનદુઃખ થયેલા તે અંગે મહારાજશ્રીના સંગઠન પ્રભાવિક પ્રવચનો થતાં એકતાનું વાતાવરણ સર્જાયું હતું. કરાડમાં આપણા ૩૦૦ ઘરો છે, ભવ્ય જિન લય છે.

કરાડથી વિદાય લઈ પૂજ્યશ્રી ઈચલકરંજી પધારતાં

મહારાષ્ટ્રના નાગરિક પુરવઠા મંત્રીશ્રી રત્નાપ્પા કુંભાર, જિલ્લા અધિકારી વિ. મહારાજશ્રીને વંદનાર્થે આવતાં હતાં. દિગમ્બર સંઘે આ પ્રસંગે એકતાભર્યું વાતાવરણ ખડું કરી સુંદર આયોજન કર્યું હતું.

ઈચલકરંજી સાંગલી પધારતા ભવ્ય રીતે સામૈયું કરી પ્રવેશ કરાવ્યો હતો. તા. ૨૮-૩-૭૫ના ત્રણ દિવસ જનતા નાટ્યગૃહમાં 'ધર્મ ઔર વિજ્ઞાનકા સમન્વય', 'હમ કહાં જા રહે હૈ' 'ભગવાન મહાવીર કા માનવધર્મ' ઉપર હિન્દીમાં જાહેર પ્રવચનો આપ્યા હતાં. ૪૦૦૦ હજાર જેટલી માનવમેદનીએ નિયમિત પ્રવચનોનો લાભ લીધો હતો. એ પછી તો અષ્ટોત્તરી, સિદ્ધચક્ર પૂજન, શાંતિસ્નાત્ર અઢારઅભિષેક વિ. અનુષ્ઠાનોથી 'જૈનમ્ જયતિ શાસનમ્' નો મંગલનાદ વડે સાંગલી ગામ ગૂંજી ઉઠયું.

અત્રેના સંઘમાં કુસંપ વર્તતો હતો. મહારાજશ્રીએ

# ભેટ

卐
卐

## સુંદરી સંજીવનીની

મોટી બોટલ સાથે

## હાથી છાપ દંતમંજન

૫૦ ગ્રામની એક બોટલ

**મફત ભેટ** (રૂા. ૧–૭૫નો ચોખ્ખો ફાયદો)

સુંદરી સંજીવની એટલે સ્ત્રીઓની નવી જીંદગી, સ્ત્રીઓની નબળાઈ, થકાવટ, હાથ અને પગના તળીયામાં બળતરા થવી, પેશાબમાં અગન બળવી, કમર વિ.નો દુ:ખાવો તથા ફીકાસ દુર કરી નવું જોબન આપે છે.
દરેક દવાળાઓને ત્યાંથી સ્ટોક હશે ત્યાં સુધી મળશે.

**ઊંઝા ફાર્મસી, ઊંઝા** (ઉ. ગુજરાત)

શાખા : આગ્રા, મુંબઈ, નાગપુર

એજન્ટ મે. ગાંધી મેડીકલ હોલ,

પ્રવીણચંદ્ર રોડ, ભાવનગર.


એકતા સ્થાપી અને દેવદ્રવ્યની શાખ દષ્ટિએ શુદ્ધિ કરવા નવું ફંડ કરાવ્યું હતું. અત્રે દશ દિવસની સ્થિરતા દરમ્યાન વિદ્યાન પરિષદના ચેરમેન વી. એસ. પાગે, મહારાષ્ટ્ર રાજ્યના મંત્રી વસંતદાદા પાટિલ અને અધિકારીઓ અને શહેરના અગ્રગણ્ય ભાઈ-બહેનો મહારાજશ્રી પાસે આવ્યા હતાં અને મંગદર્શન મેળવી ધન્ય બનતાં હતાં. અત્રે સાધર્મિ વાત્સલ્ય તથા સંઘપૂજન વિ. થયા હતા.

સાંગલીથી અપૂર્વ સ્મૃતિ સાથે વિદાય લઈ મહારાજશ્રી નિપાણી પધારતાં અત્રેના સંઘે પૂર્વ તૈયારી રૂપે ગામને કમાનો, ધ્વજાથી શણગાર્યું હતું. નિપાણી સંઘ, ત્યાગીવર્ગ પોતાને આંગણે પધાર્યા છે, તેથી હર્ષ-વિભોર બન્યો હતો. જૈન-જૈનેતરો સામૈયામાં સામેલ થયા અને મુખ્ય માર્ગો પર થઈને શ્રી ચંદ્રપ્રભુજી જિન-મંદિરના દર્શન કરી ઉપાશ્રયે પધાર્યા હતાં. ચૈત્રી માસની ઓળીની આરાધના સાથે શ્રી મહાવીરસ્વામી જન્મકલ્યાણક મહોત્સવ અને તા. ૧૭-૩-૭૫થી ૨૬-૩-૭૫ સુધી દશ દિવસનો મહોત્સવ ઉજવવામાં આવ્યો. સંઘના આગેવાનોએ અપૂર્વ લાભ લીધો અને જુદા જુદા નિયમો ગ્રહણ કરી જૈન શાસનનો જયજયકાર કર્યો. એટલું જ નહિ જૈનેતરોએ દારૂ, માંસ, વ્યસનો છોડી દેવા સામુદાયિક નિયમો ગ્રહણ કરી જૈનધર્મ પ્રત્યે અહોભાવ બતાવ્યો.

શ્રી દેવચંદ સી. શાહ, શ્રી સંતકુમાર ભોગીલાલ ગુજર, શ્રી વેણીચંદ મોહનલાલ દોશી, શ્રી ચંદુલાલ સંઘવી, શ્રી હીરાચંદ મહેતા વિ.એ સારો રસ લઈ સેવા આપી હતી. ભ. મહાવીર જન્મકલ્યાણક દિવસે અનુકંપાદાન, ગરીબોને ભોજન, વ્યસન મુક્તિના સામુ-દાયિક પચ્ચખાણ કરાવવામાં આવ્યા હતાં. જુદા જુદા વિષયો ઉપર જાહેર પ્રવચનો દ્વારા વીસ દિવસ સુધી ધર્મની ખેતી મહારાજશ્રીએ કરી હતી. શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડના પ્રમુખશ્રી જયંતીલાલ સુરચંદ બદામીનું તત્વજ્ઞાન ઉપર પ્રવચન યોજવામાં આવેલ. વીસ દિવસ પછી મહારાજશ્રી વિહાર કરવાના હતાં. તે પ્રસંગે વિરહનું દશ્ય અપૂર્વ સર્જાયું હતું. સાડા પાંચ હજાર માણસોએ નિપાણીથી વિહાર કરવાના દિવસે ઉપસ્થિત મહારાજશ્રીને વિદાય આપી હતી.

સાધર્મિક-ભક્તિ તરીકે ધંધાર્થે નાની-મોટી રકમ જૈન કુટુંબોને આપવાનું સ્મરણીય કાર્ય કર્યું હતું.

નિપાણી: કુંભોજગિરીની યાત્રા કરી કોલ્હાપુરમાં મહારાજશ્રી પધારતાં લક્ષ્મીપુરી, શાહપુરી અને ગુજરી સંઘોએ સારો લાભ લીધો. શાહપુરી સંઘના ઉપાશ્રયમાં દેવદ્રવ્યની રકમ વપરાયેલ. તે માટે રૂા. ૬૫૦૦૦નું ફંડ એક જ દિવસમાં ઊભું કરી દીધું. સંઘના ઉપપ્રમુખશ્રી મણીલાલ દેવશીભાઈ તથા શ્રી રમેશચંદ્ર ભીખાલાલના બંગલે પગલા કર્યાં હતાં. જે વખતે સંઘપૂજનો થયા હતા.

ઈસ્લામપુરના આગ્રહથી મહારાજશ્રી અત્રે પધારતા અઠ્ઠાઈ મહોત્સવાદિ, અનુકંપાદાન, સાધર્મિકભક્તિના કાર્યક્રમો થયા હતાં. પાછા વળતાં કરાડ આવતાં સિધ્ધચક્ર પૂજનાદિ જાહેર પ્રવચનો થયા હતા. કરાડથી પુના ૭ દિવસ રોકાઈ થાણા થઈ ગોડીજી, ચોપાટી, કોટમાં ધર્મારાધના કરાવી હતી.

અષાઢ શુદ ૫ તા. ૧૩-૭-૭૫ના ચાતુર્માસાર્થે ચોપાટી ઉપર શ્રી કલ્યાણ પાર્શ્વનાથ દેરાસરના ઉપાશ્રયમાં સ્વયંસેવક મંડળના બેન્ડ સાથે ગોવાળિયા ટેંકથી પ્રવેશ થયેલ છે. ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ગુજરાતના માજી નાણાપ્રધાન કાંતિલાલ ઘીયા, શ્રી નરોત્તમભાઈ ઝવેરી ( અમદાવાદ ), શ્રી શાંતિલાલ હીરાલાલ ( અમદાવાદ ), ગોડીજી, સાયન, ગોવાળિયા ટેંક સંઘોના ટ્રસ્ટીઓ, આગેવાનોએ હાજરી આપી શોભાયાત્રામાં વધારો કર્યો હતો.

વ્યાખ્યાનમાં દરરોજ આગવી-અનોખી શૈલીમાં સવારના ૯થી ૧૦ પ્રવચન થાય છે. પંચસૂત્રના ચડાવાનું ઘી ૧૦૦૧ મણ તથા જ્ઞાનપૂજનો પાંચનું એક હજાર મણ જેટલા ઘીની ઉપજ થઈ હતી. પ્રવચન શ્રમણો ભાવિકો મોટી સંખ્યામાં આવી લાભ લે છે, તેમ જ પ્રભાવિત થાય છે. દર રવિવારે ૮૦૦થી ૯૦૦ ભાઈ-બહેનો પ્રવચનમાં પધારે છે. મહારાજશ્રી વ્યાખ્યાનમાં લાલિત્યભરી શૈલીથી સમજાવે છે, જેથી ઉત્સાહ સારો છે. ચાતુર્માસમાં ધર્મકરણીના જુદા-જુદા આયોજનો થતાં રહે છે.

પૂ. મુનિશ્રીના દર્શનાર્થે ઓગષ્ટની છેલ્લી તારીખોમાં મદ્રાસના ગવર્નર શ્રી કે. કે. શાહ આવનાર છે.

---


## હિન્દીમાં હવેથી પ્રગટ થાય છે

"લબ્ધિકૃપા" માસિક બે વર્ષનું લવાજમ રૂા. ૧૧

આપને મનપસંદ સુંદર સાહિત્ય માટે હિન્દીમાં અને ગુજરાતીમાં અલગ પ્રગટ થતું માસિક શિઘ્ર મંગાવો. ગ્રાહક થનારને 'લબ્ધિગીત ગુંજન' સ્તવનોની બુક જેની કિં. ૨-૫૦ છે. શ્રીયુત 'શાહી' કૃત તે ભેટ મોકલાશે. તો શીઘ્ર ગ્રાહક બનો ને ભેટ મેળવો. મા૦ મંત્રી : જયંતશાહી મા. સંપાદક: વી. વી. વોરા

'લબ્ધિકૃપા' પ્રકાશન સમિતિ

૧૦, કૃષ્ણપ્પા નાયકલ ટેન્ક સ્ટ્રીટ, પહેલેમાળે, મદ્રાસ-૧


---

'જૈન સેવક'-મુંબઈનો અંક બંધ

ઓગસ્ટ માસનો અંક અનિવાર્ય સંજોગોને લીધે પ્રગટ થયેલ નથી. ગ્રાહકોને ક્ષમા આપવા નમ્ર વિનંતી છે. —તંત્રી શ્રી 'જૈન સેવક'

---


परंपरागत शील्प शास्त्रोक्त गणीतथी

जिनालयोनुं निर्माण कार्य करनार

गजधर जयरूप हीरालालजी सोमपुरा

मु. पो. बरलुट जि, सीरोही (राजस्थान)

ठी. सुजापुरा (W. Rly.)

शिल्पकार जयरुप लीलाशंकर सोमपुरा

A डाकबंगला पासे मुं. पो. मकराणा

जिल्ला : नागोर (राजस्थान) (N.R)

## ક્ષમાના ફુવારા :

લેખક : મુનિશ્રી અમિતચંદ્રવિજયજી મ૦

આત્માને વિકાસના માર્ગે લઈ જનાર ક્ષમાને અપનાવવી તે મનુષ્ય જન્મનો લ્હાવો છે. વિરોધી-દુશ્મનના પ્રેમને જીતવા આચારમાં મુકેલી ક્ષમા એ મનુષ્યભવ પામ્યાની સફળતા છે. દયાળુઓમાં ક્ષમા હોવી તે તેનું અંગ ગણાય. જ્યાં વિરકતભાવ નથી, ત્યાં સુધી સાચી ક્ષમા સમતાનું નામાંતર છે. સમ્યક્ત્વની સાચી વ્યાખ્યા સમાન ક્ષમા અર્પવાથી અને સ્વીકારવાથી આત્મશુધ્ધિ થાય છે. વિષમભાવ એ ક્ષમાનો પૂર્ણ વિરોધી છે, સમભાવ એ મિત્ર છે. પ્રભુ વીરના સાચા ભકત ક્ષમાને ન વિસરે. અહિંસાની જનની-ક્ષમાના પરમ ઉપાસકે સહુ જીવો ઉપર પરોપકાર કરવો જોઈએ. સ્વરૂપરમણતા તે ક્ષમા છે, પરરમણતા એ અપરાધ છે. સામેની વ્યકિત ક્ષમા આપે અગર ન આપે તો પણ વૈર વિરોધથી રહિત થઈ પોતાની આત્મોન્નતિ માટે માગી લેવી જોઈએ. ક્ષમાની મૂળ પ્રકૃતિ સમભાવ છે. ક્ષમાના ફુવારામાં પ્લાવીત થઈને આત્માનું-શ્રેય-ઉધ્ધાર કરવાની શુભ મનોકામનાથી પરમપદ પ્રાપ્ત કરી શકીએ.

# મુંબઈ-નમિનાથજી જૈન ઉપાશ્રયમાં ગ્રન્થ પ્રકાશન સમારોહ અને મહોત્સવ

અત્રે શતાવધાની જૈનાચાર્ય શ્રીમદ્ વિજય કીર્તિચંદ્રસૂરિજી મ૦ના શ્રી ભગવતીજી પર થતાં તાત્વિક વ્યાખ્યાનો શ્રવણ કરવા અને દર રવિવારના બપોરે થતાં જાહેર વ્યાખ્યાનોમાં માનવ મહેરામણ ઉમટી રહ્યો છે. જનતામાં અનેરા ઉમંગનું વાતાવરણ સર્જાયું છે.

પરમ ગુરુદેવ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની ૧૪મી સ્વર્ગારોહણ તિથી નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ તેમજ સુદ પાંચમના તેઓશ્રીના ગુણાનુવાદની વિરાટ સભા યોજાતાં સુરિજીએ તેઓશ્રીના ગુણાનુવાદ કરી શ્રોતાજનોને મુગ્ધ બનાવી દીધા હતા. આ અંગે અત્રેના સંઘે ૬૦ ઉપરાંત જીવો છોડાવવા ૩ થી ૪ હજાર રૂપીઆની ટીપ કરી હતી.

તા. ૧૦ રવિવારે બપોરે ૩ વાગે પૂ૦ આચાર્યશ્રીએ તાજેતરમાં લખેલ "દેવાધિ દેવની અલૌકિકતા" આ ગ્રન્થરત્નની પ્રકાશનવિધિ અત્રેના નગરપતિ શ્રી નાનાલાલ ડી. મહેતાના શુભહસ્તે કરવામાં આવી હતી. શ્રોતાજનોથી હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો, કેટલાકને ઉભા રહેવું પડયું હતું. આ પ્રસંગે શ્રી નટવરલાલ પાટીલ, શ્રી નગરપતિ, શ્રી રવજીભાઈ છેડા, શ્રી ઉમરસીભાઈ પોલડીયા. શેઠ શ્રી ધીરજલાલ મોહનલાલ આદિના પ્રાસંગિક વકતવ્યો થયા હતા. સૌએ આચાર્યશ્રીની સાહિત્ય સેવાને ભાવભર્યં અંજલી અર્પેલ.

નમિનાથજીમાં તેઓશ્રીના તત્વ ગુંજનભર્યા પ્રવચનો શ્રવણ કરવા જંગી મેદની જમા થઈ રહી છે, અને અત્રેનું વાતાવરણ ધર્મભાવનાથી મહેંકી ઉઠયું છે, એનો ઉલ્લેખ કર્યો હતો. પૂ૦ આચાર્યશ્રીએ બુલંદ અવાજે વિદ્વત્તાપૂર્ણ પ્રવચન કરી શ્રોતાજનોને દિગ્મુઢ બનાવી દીધા હતા. શેઠ અમૃતલાલ શાપરીયા, શેઠ દામજીભાઈ જેઠાભાઈ, શેઠ મણિલાલ શાંતિદાસ જામનગરવાળા, શેઠ કેશવલાલ સોમચંદ શ્રી શાંતિલાલ મગનલાલ, શેઠ પનાલાલ નાગરદાસ, શેઠ બિપિનચંદ્ર ઝવેરી, શેઠ સુવર્ણકુમાર અંબાલાલ, શેઠ ધીરજલાલ મોહનલાલ, શેઠ ધરમદાસભાઈ, શેઠ મિચંદભાઈ, શેઠ મફતલાલ મોહનલાલ, શ્રી કલ્યાણજી મહેતા, શ્રી રમણલાલ દલસુખભાઈ રાષ્ટ્રપતિ, શેઠ અમૃતલાલ શકરાભાઈ, કાંદીવલી. ગોરેગામ, મલાડ વિ. પરાઓમાંથી આવેલા આગેવાન વર્ગ વિ.ની હાજરી ખાસ તરી આવતી હતી. આજના પ્રસંગની જનતા પર છાપ પડી હતી. છેલ્લે શેઠશ્રી અમૃતલાલ શાપરીયા વિ.એ નગરપતિનું હારતોરાથી સન્માન કર્યું હતું.

સુરિજીની છત્રછાયામાં આનંદમંગળ વર્તાઈ રહ્યો છે.

—ગુજરાતના ભીષણ દુષ્કાળ પ્રસંગે—

**મુંબઈ જીવદયા મંડળી**—શ્રોગ્રાસ ગોજીવદાન મંડળે સસ્તેભાવે અને મફત ઘાસચારો મોકલતાં ૧૦૦ સંસ્થાઓના ૫૦,૦૦૦ જીવોને બચાવ્યાં. પણ, રૂા. ૫૦૦,૦૦૦ ની ઘટ ભોગવવી પડી છે. --જો અભયદાન ધર્મ સાચવ્યો હોય તો ઉદાર મદદ કરો.

**પર્યુષણના પુનિત પ્રસંગે અભયદાનનું પુન્ય મેળવો.**

**જૈન સંઘો અને દયાળુ દાનવીરોને વિનંતિ.**

જ્યારે દુષ્કાળી ભાગમાં ચારા વગર જાનવરો મરતાં હતાં ત્યારે ઉપરોક્ત સંસ્થાએ સાહુર કરી દર વેગને રૂા. ૩૦૦ની રાહત સાથે ૨૦૦૦ વેગનો, ૧૦૦ પાંજરાપોળો, રાહત કેન્દ્રો-વાડાઓને આપ્યાં.

હવે રૂા. પાચ લાખની ઘટને પહોંચી વળવા દરેક સંઘ અને દાનવીર ઓછામાં ઓછા રૂા. ૧૦૦) મંજુર કરી પુન્યના ભાગીદાર બને

—વિનીત—

મોહનલાલ મોરારજી
લક્ષ્મીચંદ ગુલાબચંદ
ઓગ્રાસ ગોજીવદાન મંડળી

જયન્તિલાલ એન. માન્કર
વસંતલાલ જી. ઝવેરી
પ્રાણલાલ ગોડા
—માનદ્ મંત્રીઓ

**પૈસા મોકલવાનું ઠેકાણું**

# મુંબઇ જીવદયા મંડળી

૧૨૩-૨૭ દયામંદીર, મુંબાદેવી રોડ, મુંબઈ-૩

## પૂજ્ય આચાર્યશ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં

# કર્ણાટક પ્રાંતમાં ભવ્ય શાસનપ્રભાવના

બંગારપેઠ— પૂ. આ. શ્રી વિજયભદ્રંકરસૂરિજી મ., પંન્યાસજી પુણ્યવિજયજી ગણિ આદિ મુનિવરોની નિશ્રામાં ચાર ભાઈઓ તરફથી શ્રી ઉપધાનતપ માલારોપણ, શાન્તિસ્નાત્ર અઠ્ઠાઈમહોત્સવ, છાણીનિવાસી તેજપાલ સોમચંદભાઈની દીક્ષા, સુરતથી સંગીતકાર દીનાનાથનું આગમન, સાવત્થી તીર્થ જિર્ણોદ્ધાર કમેટી સ્થાપના, ૭૦ હજારની આવક ઈત્યાદિ સુંદર થયું.

રોબર્ટસનપેઠ— નવપદઓળી, સિદ્ધચક્ર મહાપૂજન, અઠ્ઠાઈમહોત્સવ તથા શાન્તિસ્નાત્ર અઠ્ઠાઈમહોત્સવ ઠાઠથી થયો. મૈસુરથી પૂ. મુનિવર્ય અશોકવિજયજી આદિ ઠા. ૫ વંદનાર્થે આગમન, ક્રિયાકારણ બેંગલોરથી નથમલજી તથા સુરેન્દ્ર સી. શાહનું આગમન.

અંડરસનપેઠ— આપની નિશ્રામાં ગુરુભાઈ મુનિશ્રી યશોવિજયજી મહારાજના વર્ષીતપના પારણા નિમિત્તે ઉવસ્સગ્ગહરંપૂજન મહોત્સવ, નૂતન મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે બૃહદ્ શાન્તિસ્નાત્ર અઠ્ઠાઈ મહોત્સવ, મુંબઈથી સંગીતકાર હસમુખ દિવાન ઍન્ડ પાર્ટીનું આગમન. ક્રિયા માટે છાણીથી રમણભાઈ અને ચીનુભાઈની મંડળી આવી હતી. સાડા ત્રણ લાખની ઉપજ થયેલ.

અરસીકેરે— પૂ. ગુરુવર્ય આચાર્ય વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજની તૃતીય પુણ્યતિથિ નિમિત્તે ઉવસગ્ગહરંપૂજન સાથ ઉજવણી, નૂતન શિખરબંધ જિનાલયની ઠાઠથી પ્રતિષ્ઠા, બૃહદ્ શાન્તિસ્નાત્ર મહોત્સવ, પાટણથી સંગીતકાર મનુભાઈ ઠાકુર તથા ક્રિયા માટે બેંગલોરથી નથમલજી અધ્યાપકોનું આગમન. અઢી લાખની ઉપજ થઈ હતી, દાવણગેર ચાતુર્માસની જય.

કડૂર— નૂતનમંદિર માટે ૫૫ હજારની લોન, પૂજા-પ્રભાવના આદિ, બેંગલોરથી દેવીચંદજી આદિ ટ્રસ્ટીઓની ચોમાસાની વિનતિ માટે આગમન. પૂજ્યશ્રીએ સ્વગુરુભાઈઓ પૂ. મુનિવર્ય અશોકવિજયજી આદિ ઠા. ૫ ને મોકલવા જણાવ્યું. મુનિવરોનું બેંગલોર તરફ પ્રયાણ.

બિરૂર—નૂતન મંદિર માટે નવા બિંબો ભરાવવાની પૂજ્યશ્રીની નિશ્રામાં બોલી થતાં લગભગ ૬૦ હજારની ઉપજ, બે દિવસ પૂજા, શ્રીફલની પ્રભાવના, ભદ્રાવતીથી જૈન મંડળનું પૂજા ભણાવવા આગમન.

દાવણગેરે ચાતુર્માસ પ્રવેશ— અ૦સુ૦ ૪ના પૂ૦ આચાર્યદેવને, પંન્યાસજી આદિ ઠા ૧૦ સાથે ભવ્ય નગરપ્રવેશ. ૮૧ આયંબીલની સામુદાયિક આરાધના–પ્રભાવના આદિ થયા.

શ્રી ભગવતીજી સૂત્રારંભ— અ૦ વ૦ ૧ના શ્રી ભગવતી સૂત્રનો વરઘોડો, રાત્રિજોગો- પ્રભાવના વ૦ ૨ના વ્યાખ્યાન પ્રસંગે શ્રી ભગવતી સૂત્ર તથા મલયસુંદરી ચરિત્ર વ્હોરાવવાનું, પાંચજ્ઞાનપૂજા, ગુરુપૂજનની બોલી ત્રણ હજાર રૂ.ની ઉપજ. સૂત્રવાચન પ્રારંભ ઈત્યાદિ.

જિનભક્તિ ઉત્સવો—(૧) નમિઊણ પૂજનસહ પંચકલ્યાણક મહોત્સવ (૨) સ્વ. પૂ૦ આ૦ ભગવાન વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની ૧૪મી સ્વર્ગતિથિ નિમિત્તે શાન્તિસ્નાત્ર સહ અઠ્ઠાઈમહોત્સવ. જલયાત્રાનો વરઘોડો, શ્રીફલની પ્રભાવના, ૫૦૦ ભાઈ–બ્હેનોનું જમણ, મુંબઈથી સંગીતકાર હસમુખ દિવાન ઍન્ડ પાર્ટીનું આવાગમન (૩) પૂ૦ મુનિવર્ય શ્રી વારિષેણવિજયજી મ૦ની ૫૦ મી વર્ધમાનતપ ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી ઉવસ્સગ્ગહરં સ્તોત્રપૂજન, શ્રી અર્હદ્ અભિષેકપૂજન સહ પંચકલ્યાણક મહોત્સવ, શા મગનલાલ કુલચંદજીએ બોલી લઈને મુનિશ્રીના પારણાનો આદેશ, સ્વગૃહે પૂ૦ આચાર્યદેવનું તપસ્વી-મુનિસંઘ સાથે પદાર્પણ. ગુરુપૂજન-પ્રભાવના આદિ કરેલ. દરેક પૂજનો–શાન્તિસ્નાત્ર વિધિ સ્થાનિક અધ્યાપક અરવિંદ સી. શાહે કરાવેલ. માંડલાની રચના શ્રી બાબુલાલે કરી હતી. દરેક ઉત્સવોમાં આંગી, વિવિધ પ્રભાવના આદિ ચાલુ હતી. (૪) ૫૧- ૫૧ રૂ.ની સ્નાત્રપૂજા બાર મહીનાના રવિવારની નોંધાયેલ છે.

વિવિધ તપશ્ચર્યાની આરાધના —શત્રુંજય મોદક તપ, સીમંધરસ્વામી અઠ્ઠમો, સિદ્ધિતપ, દોઢમાસીતપ,

# સુરેન્દ્રનગરમાં ઉપાશ્રય–પાઠશાળાનો ઉદ્‌ઘાટન–સમારોહ

સુરેન્દ્રનગર શ્રી જૈન શ્વે. મૂ. તપગચ્છ સંઘે, સર્વોદય સોસાયટી તરફના શ્રી કુંથુનાથસ્વામી જિનાલયના પટાંગણમાં શ્રી શાંતિલાલ જેઠાલાલ શાહ (હેમુશાના) રૂા. ૩૧૦૦૦ના દાનથી શ્રી જેઠાલાલ ધીરજીભાઈ જૈન આરાધના ભુવન તથા શ્રીમતી ચંચળબેન જેઠાલાલ પાઠશાળા ભુવન નિર્માણ કરેલ છે. પૂજ્ય પં. શ્રી દોલતસાગરજી ગણિવર્યની શુભનિશ્રામાં રવિવાર, તા. ૧૭–૮–૭૫ ના રોજ આરાધનાભુવનની ઉદ્‌ઘાટનવિધિ શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ (મુંબઈ)ના અને પાઠશાળા ભુવનની ઉદ્‌ઘાટનવિધિ શ્રી અમૃતલાલ પોપટલાલ મણીઆર (મુંબઈ)ના વરદહસ્તે કરવામાં આવી હતી.

સંઘના પ્રમુખશ્રી કાંતિલાલ રતિલાલ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. અતિથિવિશેષ શ્રી રસીકલાલ ચીમનલાલ કોલસાવાળાએ આરાધનાભુવન તથા પાઠશાળા ભુવનના નિર્માણ માટે સંઘને અભિનંદન આપ્યા હતાં, શ્રી શાંતિલાલ જેઠાલાલ (હેમુશા) પોતાના માતા–પિતાનું ઋણ અદા કરવા આ બન્ને ભુવનો માટેના દાનના સ્વીકાર માટે સંઘે આપેલ સહકાર બદલ શ્રીસંઘનો આભાર માની પાઠશાળાના ભવન નિર્માણમાં ખૂટતા રૂા. ૪૦૦૦)ની રકમ આપવાની જાહેરાત કરી હતી. શ્રી બાપાલાલ મનસુખલાલ શાહે શાસનના કામો સંઘ એકતાથી થઈ શકે છે, અને બન્ને નિર્માણ થયેલા ભુવનનો ઇતિહાસ કહ્યો હતો. પૂ૦ પં૦શ્રી દોલતસાગરજી મહારાજે જ્ઞાનદાનના મહિમા અંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

બન્ને ઉદ્‌ઘાટકો અને અતિથિવિશેષ આ ત્રણેનો રૂા. ૨૫૦૧–૨૫૦૧ મુજબ અને આમંત્રિત સંઘના ભાઈઓએ આ પ્રસંગે દાનની જાહેરાત કરતાં રૂા. ૨૫૦૦૦ જેવી રકમ એકત્ર થઈ હતી. અંતમાં શ્રી છોટાલાલ કેવલદાસ શાહ, મહેમાનો તથા સ્થાનકવાસી અને દીગંબર સંઘના પ્રમુખશ્રીઓને હારતોરા કરવામાં આવ્યા હતા. મુંબઈથી શ્રી શાંતિલાલ એમ. શાહ, શ્રી ચંદુલાલ એમ. શાહ, શ્રી ન્યાલચંદ કસ્તુરચંદ વોરા, શ્રી રસીકલાલ અમૃતલાલ મણીયાર, શ્રી ચીનુભાઈ હિંમતલાલ વગેરે આ પ્રસંગે ખાસ પધાર્યા હતા. સભાનું સંચાલન યુવાન કાર્યકર શ્રી પુષ્કર ડી. વોરાએ કર્યું હતું.

---

ચંદનબાળાના અઠ્ઠમો, ગૌતમસ્વામી છઠ્ઠતપ, સિંહાસન તપ, ચત્તારી અઠ્ઠદસ દોય તપ આદિ થયા હતા; અને ચાલુ છે. દરેક તપોની પારણાં, શ્રીફળ, ચરવાળા, કટાસણા આદિની પ્રભાવના આદિથી ઉજવણી પુરાઈ હતી. પંન્યાસજી પુણ્યવિજયજી ગણિને એકાંતરા ૫૦૦ આયંબીલ મુનિશ્રી વારિષેણ વિ.ને ૫૦મી વર્ધમાનતપ ઓળી, મુ.શ્રી વીરસેન વિ.ને દોઢમાસી, મુ૦ શ્રી વજ્રસેન વિ. તથા મુ૦શ્રી વિક્રમસેન વિ.ને વર્ષીતપ, વિનયસેન વિ.ને અવારનવાર અઠ્ઠમોની તપશ્ચર્યા પૂ૦આ૦ ભગવંતની નિશ્રામાં ચાલે છે. પૂ૦આ૦ ભગવંતનો પહેલી જ વાર ચાતુર્માસનો યોગ મળવાથી સંઘ સુંદર લાભ ઉઠાવી રહ્યો છે. ધર્મના મહાન કાર્યો કરવાની પણ ભાવના સેવી રહ્યા છે. તપમ માટે આયંબીલખાતુ ચાલે છે. સુપાર્શ્વનાથ જૈન પાઠશાળા પણ ચાલતી હોવાથી બાલક-બાલિકા સારો લાભ ઉઠાવે છે. ભાઈ–બહેનોમાં વર્ધમાનતપની ઓળીઓ પણ ઠીક ચાલુ છે.


## વટવા જૈન આશ્રમ

મુ. વટવા (અમદાવાદ)

આ આશ્રમમાં કોઈપણ નિરાધાર, અશક્ત બાળકો તથા સ્ત્રી–પુરુષોને મફત રહેવાનું, જમવાનું અને બાળકોને કેળવણી આપવાનું કાર્ય થાય છે. અહીં સુંદર મંદિર છે. આશ્રમની મુલાકાત લેવા ભલામણ છે. આશ્રમમાં દાખલ થવા માટે લખો—

મંત્રી: કાંતિલાલ જેશંગભાઈ દલાલ
રાયપુર, શામળની પોળ, અમદાવાદ

॥ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી તીર્થ નાગેશ્વર ભેટીએ, સુખ–સાશ્વતી દાતાર; દુઃખ હણે દારિદ્ર કટે, વર્તે જયજયકાર.
નવહસ્ત કાયા તણી, પ્રત્યક્ષ દર્શન સદા; નીલવર્ણ પ્રભુ શોભતાં, વાંછીત ફલ દાતાર.

## શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થમાં શ્રધ્ધાળુ સેંકડો લોકોનું આગમન.

સૃષ્ટીની અનેરી લીલા સમાન અત્રે એક પ્રસંગ તાજેતરમાં બની ગયો. અષાડ વદિ ૧૪ તા. ૬–૮–૭૫ના ધીરી ધીરી વર્ષામાં, પાણીવાળા રસ્તાઓની પરવા કર્યા વીના એક વ્યક્તિ આ જિનાલયના દર્શને ૧૧ વાગે આવેલ. સ્ટાફને આ ભક્તહૃદયની શ્રધ્ધાનો ખ્યાલ તો ખરો. આ વ્યક્તિએ જિનાલયના પાછળના ભાગમાં ચાલી રહેલા મંડારોને જોડવાનું કાર્ય કરી રહેલ મીસ્ત્રી પાસે ઉભા રહી જે પત્થર સરખો કરાતો હતો, તેને અનુલક્ષીને જણાવ્યું કે આ પથ્થર જે સ્થળે જોડો ત્યાં એક ગોંખલો મૂકી દેજો. મીસ્ત્રીએ વાત સાંભળી ન સાંભળી કરતા તેણે કહ્યું કે મારી વાત કોઇ સાંભળતું નથી. પછી મીસ્ત્રીએ જવાબમાં કહ્યું કે દહેરાસરનું કામ છે, ઘરનું નથી કે જ્યાં ત્યાં ગોંખલા મુકીએ. પેલી વ્યક્તિએ વાત ત્રીજી વખત દોહરાવીઃ ' આ ઘર પ્રભુનું છે, અને તમે પણ પ્રભુની આજ્ઞાથી કાર્ય કરો છો. શ્રધ્ધા રાખો અને આ બાબત વિચાર કરશો તેમ કહી રવાના થયેલ. આ બીના મીસ્ત્રીના લક્ષમાંથી જતી રહી.

શ્રાવણ શુદિ ૨ તા. ૯–૮–૭૫ના સવારે ૮ વાગે જિનાલયના મંડારોની જગ્યાનો પથ્થર ચોડવા ઉભો કરી લાગ મેળવતા હતા, ત્યાં તે પથ્થર અચાનક બે ઇંચ ખસી બહાર આવી ગયો. ફરી સીધો કર્યો, પણ બહાર આવ્યો. પાછળ કોઈ પથ્થર અથડાયાની શંકા જતા, ૭"×૬"નો નાનો પથ્થર સરળતાથી બહાર આવી ગયો. તેની પાછળ સફેદ વર્ણનો લગભગ સવા હાથ લાંબો અને સવા બે ઇંચની ફણાવાળો ખૂબ જ રૂપાળો ધરણેન્દ્ર તે સ્થાને સુસ્થાપીત થયેલ દેખાયા. આ જોતાં જ મિસ્ત્રી વગેરે અવાક રહી ગયા! આ શું પથ્થરની પાકી દિવાલમાં (જેનું ચણતર કેમ ચુના અને સિમેંટથી સારી રીતે કરેલ છે) કેમ હોઇ શકે? વિચારતાં યાદ આવ્યું કે ચાર દિવસ પહેલા એક વ્યક્તિએ સૂચના આપી હતી. આમ આ બીના એક અટૂટ શ્રધ્ધારૂપ બની જત આજુબાજુના ગામવાળાઓ નમસ્કાર કરવા આવવા લાગ્યા.

સવા ઘડી બાદ ધરણેન્દ્રદેવ ધીમી ગતિએ દહેરાસરના ગભારાનાં ઉપરના ભાગમાં ચઢી ગયા. પેઢીના અગ્રણી દીપચન્દભાઇને આ સમાચાર પ્રાપ્ત થતાં જ જરૂરી કાર્ય બાજુ પર મૂકી ઉમળકાભર્યા દર્શન માટે આવી પહોંચ્યા. તુરંત ઘીનો દીપક અને ધુપ કરી નમસ્કાર કરીને પ્રભુ પાર્શ્વનાથની જય બોલાવી. જયજયકાર સાંભળી ધરણેન્દ્ર ક્ષણભરમાં અદશ્ય થઇ ગયાં. બીજા દીવસે શ્રા. શુદિ ૩ રવિવારના સવારમાં તે સ્થાને જોતાં સવા હાથ લાંબી નાનકડી સુશોભીત કુંચીકા મળી તે દર્શનીય છે. તેને જોવા માટે પેઢીમાં સુરક્ષિત રીતે રાખી છે જિનાલયના પાછળના ભાગમાં જે સ્થળે ગોંખલો મૂકવા જે વ્યક્તિએ સંકેત કરેલ તે જગ્યાએ નાનું સ્મારક કાયમ માટે ઉભું કરવા વિચારેલ છે.

તા. ક. : ત્રણ વર્ષ પહેલા અત્રે શેઠ વાડીલાલ ચત્રભુજ ગાંધી–ઘાટકોપર (મુંબઇ)થી શ્રધ્ધા સાથેના દર્શને આવ્યા હતા, ત્યારે રાણીગાવાળા શેઠ બસંતીલાલજી ડાંગીની હાજરીમાં વહેલી સવારમાં પ્રભુના ચરણમાં અહિંના અધિષ્ટાયકદેવ ધરણેન્દ્રની સવા હાથની કુંચીકા મળી હતી.

સેક્રેટરી : શ્રી જૈન શ્વે૦ નાગેશ્વર તીર્થ પેઢી પો૦ ઉન્હેલ ( જિ. ઝાલાવાડ ) રાજસ્થાન.

## અહમદનગરમાં

# અઠ્ઠમ આદિની અનેરી આરાધના

પ્રભાવક વ્યાખ્યાનકાર આ૦ શ્રી વિજયસુદર્શન-સૂરીશ્વરજી મ૦ આદિ ઠા. ૩ની નિશ્રામાં અનેક શાસન પ્રભાવક આરાધના સાનંદ થઈ રહી છે. વ્યાખ્યાનમાં ઉપદેશમાળા તથા જૈન રામાયણ વંચાય છે.

કવિકુલકિરીટ આ૦દેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦ની ૧૪મી સ્વર્ગારોહણ તિથિ તથા સાધ્વીશ્રી ચંદ્રલેખા-શ્રીજી મ૦ના સ્વર્ગવાસ નિમિત્તે તેમ જ વર્ધમાનતપના પાયા, અઠ્ઠમતપ, મીરના એકાસણા વગેરે આરાધના નિમિત્તે શ્રા. સુદ ૩થી સુદ ૮ સુધીનો પંચાહ્નિકા મહોત્સવ ઉજવવામાં આવેલ છે. અત્રે સાધ્વીશ્રી ચંદ્ર-યશાશ્રીજી આદિ ઠા. ૬ની નિશ્રાથી બહેનોમાં સારો એવો ઉત્સાહ પ્રવર્તે છે.

શ્રાવણ સુદ ૨ ચંદનબાળાના અઠ્ઠમ અને ૩થી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના સાડી બાર હજાર જાપપૂર્વક અઠ્ઠમ થયેલ. એમ નાની ઉંમરવાળા બાલક–બાલીકા સાથે ૧૫૨ની સંખ્યા જોડાયેલ. ત્રણે દિવસે આંગી, પૂજા આદિ થયેલ અને પંચાહ્નિકા મહોત્સવ પણ ઘણા ઠાઠથી ઉજવાયો હતો. શ્રાવણ સુદ ૬ના વ્યાખ્યાન પછી બેન્ડ સાથે ચતુર્વિધ સંઘ ચંદનબાળાના અઠ્ઠમના બાકુલાના પારણા હોવાથી પટવા ધર્મશાળામાં આવેલ. ત્યાં અનેકવિધ રચનાત્મક ગહુંલીઓ થએલ અને પૂજ્ય સાધ્વીજીશ્રી શ્રી ચંદ્રયશાશ્રીની શુભ પ્રેરણાથી ઉપરનો હોલ શણગારવામાં આવ્યો હતો. પૂજ્યશ્રીએ માંગલીક સંભળાવ્યું. ચંદનબાળાના અઠ્ઠમવાળાના બેનોએ જ્ઞાન-પુજન, ગુરુપુજન કરી અડદના બાકુલા વોરાવ્યા. માનવ-મેદીની નવસોથી હજારની હતી. તપસ્વીઓ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

શા. પાર્શ્વનાથના અઠ્ઠમના પારણા શા ભબુતમલ સાકરચંદજી તરફથી થયેલ. તેઓ તરફથી વ્યાખ્યાન બાદ પૂજ્યપાદ આચાર્ય વિજયસુદર્શનસૂરીશ્વરજી મહા-રાજ આદી તથા પૂજ્ય સાધ્વીજી આદી ચતુર્વિધસંઘ બેન્ડ સાથે પટવા ધર્મશાળામાં પધારતા ત્યાં માંગલિક જ્ઞાનપૂજન, ગુરુપૂજન થયેલ. દરેક તપસ્વીઓની ભબુત-મલ તરફથી કંકુનો–ચાંદલો એક એક રૂ.ની પ્રભાવના


શ્રી સિદ્ધક્ષેત્ર જૈન

**ફ્રી ઔષધાલય**

(સંસ્થાનો પબ્લીક ટ્રસ્ટ નં. A ૨૨૭૨, અમદાવાદ છે.)

આરીસાભુવન સામે, પાલિતાણા (સૌરાષ્ટ્ર)

પૂ. સાધુ–સાધ્વીજી તેમ જ યાત્રાળુની ભક્તિ ફ્રી થાય છે. બહારગામના તપસ્વીઓને માત્ર પોસ્ટનો ખર્ચ લઈને અણાહારી દવાઓ ફ્રી મોકલવામાં આવશે.

ઉપરોક્ત સંસ્થામાં વૈદરાજ

શ્રી પ્રભાશંકરભાઈને રોકેલા છે.

યોજના : રૂા. ૧૦૦૧) આપનારનો ઓઈલ પેઈન્ટ ફોટો મૂકાશે. રૂા. ૧૫૧)માં અનામત તિથિ.

લિ૦ સેક્રેટરીઓ, ભાનુભાઈ વાડીલાલ (અમદાવાદ),

રતિલાલ સાંકળચંદ (અમદાવાદ),

લાલચંદ તીલાલ જૈન (પાલિતાણા)

હેડ ઓફિસ–અમદાવાદ.

શા લલ્લુભાઈ ડાહ્યાભાઈ ( ખજાનચી )

શામળાની પોળ, અમદાવાદ.



અનેક પૂજ્ય આચાર્ય ભગવંતો, અખબાર નવેશો, તથા લાખો સંગીતપ્રેમીઓએ જેમની મુક્તકંઠે પ્રશંસા કરી છે, એવા લોકપ્રિય સંગીતકાર–ગીતકાર રેડીયોસ્ટારના સરનામાનો ઉપયોગ કરી આપના આંગણે આવેલા અવસરને દીપાવો.

–: સરનામું :–

**અંબાલાલ એચ. પાટણવાળા**

" સંગીત કલા–કોવિદ "

હસમુખ " દિવાન "

સાહિત્ય કલા મંદિર, માણેકજી પદમશીની વાડી, સેનેટરિયમલેન, સ્ટેશન સામે, બ્લોક નં ૨૬, પહેલે માળે, ઘાટકોપર (વેસ્ટ) મુંબઈ ૪૦૦૦૮૬

ફોન–ઘર : ૫૮૩૬૩૧

ફોન ઓફિસ : ૩૨૧૩૪૪ સમય : સ. ૮થી ૧૧

તા. ક. " ભક્તિ મસ્તી " પુસ્તિકા પ્રગટ થઈ ચુકી છે.

કરેલ. આવેલા સંઘને પતાસાની પ્રભાવના થયેલ. કરાડથી સુશ્રાવક હિરુભાઈ તથા પદમશિભાઈ આદિ આવેલ. પૂજ્યશ્રીને વ્યાખ્યાનમાં કરાડ તરફ પધારવા આગ્રહભરી વિનંતી કરેલ, અને તેઓ તરફ તપસ્વી ભાઈ-બેનોને રૂપિયા રૂપિયાની પેરામણી કરેલ. ખીરના એકાસણા સાથેના અઠ્ઠમો ૨૫૦ની સંખ્યામાં થવા તે અત્રેનો એક યાદગાર પ્રસંગ રહેશે.

શ્રી જૈન શ્વે. સુવિધિનાથ પ્રભુની પેઢી રાજનગરની

# અપીલ

મેવાડના ઐતિહાસિક સ્થળ રાજનગર (મેવાડ)માં ૧૭ મી શતાબ્દિમાં બનેલ પ્રાચીન જિનાલય-ઉપાશ્રય છે, જે જિર્ણ-શીર્ણ થવાથી તેનો પુનરોદ્ધાર (જિર્ણોદ્ધાર) પૂજ્ય આચાર્યો અને મુનિરાજોની પ્રેરણાથી કરાવાઈ રહ્યો છે. સં. ૨૦૨૭ના શીલાસ્થાપન કરી આ કાર્ય શરૂ કરેલ, પરંતુ આર્થિકતાને લઈ સ્થગીત થયું. પુનઃ ૨૦૨૯માં આસો માસથી શરૂ થયું; જે સંતોષજનક છે. નિર્માણકાર્યમાં રૂા. એક લાખનો ખર્ચ થયેલ છે. કાર્ય આ મુજબ થયેલ છે: (૧) મુખ્ય જિનાલયની દીવાલના પાયા ૧૬x૧૬, ૧૫ ફુટ ઉંડા બનાવી તેના ઉપર સફેદ પાષાણના ૧૪ ફુટ ઉંચા છજા પણ તૈયાર થતાં હવે શીખરનું કાર્ય ચાલુ છે (૨) જિનાલયની આગળનો મંડપ અને ચોકી મંડપ તૈયાર થયેલ છે. સભામંડપ ૧૬x૨૦નાનું કાર્ય ચાલુ છે. તેની નીચે ૧૮x૧૫ના તલઘર-મુવારા બનાવેલ છે. (૩) ૧૧x૧૫ની ૧૫૦ ફુટ અને પ્રાકટની ૪૦૦ ફુટની દીવાલો લગભગ બનેલ છે.

મોંઘવારી ખૂબ જ થવાથી માલની કીંમત તથા મજુરી વધતી જતી હોઇ આ કાર્ય પૂર્ણ કરવા માટે બે લાખ રૂપિયાની જરૂર રહેશે. ત્યારે આ કાર્ય સંપૂર્ણ થાય તેવી આશા છે. સમાજના આગેવાનો તેમ જ ૫૦ પૂ૦ ગુરુવર્યોને અપીલ કરીએ છીએ કે શ્રી સંઘ પાસેથી આ મહાન-મહત્વપુર્ણ ધાર્મિક કામને વધુમાં વધુ રકમ મેળવી અપાવી પુર્ણ ઉપાર્જનનો લાભ ઉઠાવવા વિનંતી કરીએ છીએ.

: નિવેદક :

**મનોહરલાલ ચતુર** — અધ્યક્ષ
**ભંવરલાલ સિંઘટવાડિયા** — મંત્રી

**શ્રી જૈન શ્વે સુવિધિનાથ પ્રભુની પેઢી-રાજનગર**
ઉદયપુર કાર્યાલય, ઠેકાણું : શા ઓઘડજી રૂપાલાલ કાપડના વેપારી, ઉદયપુર ૩૧૩૦૦૧ ( રાજસ્થાન )

સ્થાનકમાં નવ ઉપવાસની તપસ્યા હોવાથી પૂજ્યશ્રીને ત્યાંના સંઘનો આગ્રહ હોવાથી ત્યાં ગયેલ, અને 'જિનાજ્ઞા' એ વિષય ઉપર રોચક અને અસરકારક વ્યાખ્યાન કરેલ. તેમાં લોકોનો ઘણો સારો રસ રહ્યો હતો. શા કનકમલજીની ધર્મપત્ની રતનબેનના નવઉપવાસનું પારણું હોવાથી આચાર્ય ભગવંત શ્રીસંઘ બેન્ડ સહીત એમના ઘેર પધાર્યા. અનેક ગહુંલીવા થયેલ. ત્યાં આગળ જ્ઞાનપૂજન, ગુરુપુજન માંગલિક સંભળાવવામાં આવ્યું હતું. આવેલ સંઘને તેઓ તરફથી પ્રભાવના કરવામાં આવી હતી.

શ્રાવણ સુદ ૧૧ના ખીરના એકાસણાં શાહ પનાલાલભાઈ તરફથી કરાવવામાં આવ્યા હતા. તેમાં ૨૫૦ ઉપરાંત લોકો જોડાયા હતા. સવા કરોડ અરિહંતના જાપ કરવામાં આવ્યા હતા. પ્રતિક્રમણમાં શ્રી ભાઇલાલભાઈ તરફથી ચાર-ચાર આનાની પ્રભાવના કરેલ.

અહીંની પાઠશાળા (શ્રી સંભવજિન જૈન )ની પરીક્ષા પૂજ્યપાદ આચાર્ય વિજય સુદર્શનસૂરીશ્વરજીએ અહીંના ટ્રસ્ટી મંડળની હાજરીમાં લેતા તેનું પરીણામ સારું આવ્યું, અને શ્રીસંઘ તરફથી બાલક, બાલીકા અને શિક્ષકોનો સત્કાર કરવામાં આવ્યો. આચાર્ય ભગવંતની શુભ પ્રેરણાથી લગભગ ૩૦૦ રૂપિયાના ઈનામો આપવામાં આવ્યા. પાઠશાળાનો અભ્યાસ સારા પ્રમાણમાં ચાલી રહ્યો છે.

જવેરચંદ કાસવા તથા તેમના ધર્મપત્ની શાંન્તાબેને વર્ધમાનતપની ઓળીના પાયા નખાયા બાદ બન્નેના શરીર અસ્વસ્થ થવા છતાં પૂજ્ય આચાર્યશ્રીની કૃપાથી નિર્વિઘ્ન સમાપ્ત થયાનું જણાવાથી તપસ્વી ભાઈ-બેનોને પોતાના તરફથી પૂજ્યશ્રીના જીવન ઝરમરની પુસ્તિકા વેચી હતી, જીવનમાં કદી પણ આયંબીલ કર્યું ન હતું, અને અઠ્ઠમ પણ ૨ ડીગ્રી તાવ આવવા છતાં દૃઢ ભાવના અને પૂર્ણ શ્રદ્ધાથી ખૂબ આનંદપૂર્વક કર્યું.

પર્યુષણપર્વ પ્રસંગે ૬૪ પહોરી પૌષધ કરાવવા માટેની શ્રીસંઘને પધારવા માટેની જાણ કરતી આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી છે. તા. ૨-૯-૭૫થી જુદી જુદી ત્રણ દિવસ પૂજાઓ જુદીજુદી વ્યક્તિઓ તરફથી ભણાવાશે. તા. ૧૦ના ભવ્ય વરઘોડો નીકળશે.

॥ શ્રી સિદ્ધાચલ શણગાર ઋષભદેવાય નમો નમઃ ॥

શ્રી વર્ધમાન સત્ય-નીતિ-હર્ષ-
મંગલ ભદ્રસૂરીશ્વરજી સદ્ગુરુભ્યો નમઃ

# અપૂર્વ લાભ

પરમપૂજ્ય આચાર્ય શ્રીવિજય અરિહંતસિદ્ધ-સૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણાથી " શ્રી ઘેટી પગલાં "ની પવિત્ર તીર્થભૂમિ ઉપર ( શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ) કે જ્યાં શ્રી આદિનાથસ્વામી પૂર્વ નવ્વાણું વાર પધારેલ છે, અને દર વર્ષે લગભગ એક લાખ યાત્રિઓ દર્શન-અર્ચનનો અલભ્ય લાભ લઈ રહ્યા છે. ત્યાં શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ તરફથી " શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટૂંક "ના ભવ્ય અને મનોરમ્ય જિનાલયનું નિર્માણ કાર્ય પૂરજોશથી ચાલી રહ્યું છે. લગભગ રૂપિયા સાત લાખના ખર્ચે પહેલો માળ તૈયાર થઈ ગયો છે, તેમાં ૩૧ ઈંચના પાતાળમાંથી પ્રગટ થયેલા ૨૨૦૦ વર્ષના પ્રાચીન શ્રી ઋષભદેવ પ્રભુની ભવ્ય અને ચમત્કારિક પ્રતિમાજીનો ભવ્ય રીતે સંવત ૨૦૩૧ના વૈશાખ શુદિ ૧૧ના મંગલદિને પ્રવેશ કરાવ્યો છે.

આ ટૂંકના નવનિર્માણ કાર્યમાં લગભગ ત્રીશ લાખ રૂપિયાનો અંદાજી ખર્ચ છે. દર મહિને રૂપિયા એક લાખનો ખર્ચ ચાલી રહ્યો છે. આવાં ભવ્ય, અમૂલ્ય અને અતિ પવિત્ર એવાં મંગલ કાર્યને શ્રીસંઘો દેવદ્રવ્યની અને હરેક જૈન વ્યક્તિગતરૂપે યથાશક્તિ મદદ-સહકાર આપે એ અતિ અગત્યનું હોઈ આપને ઉદાર ફાળો ફુલ કે ફુલપાંખડીરૂપે મોકલવા નમ્ર વિનંતી છે. રૂ. ૫૦૦) થી વધુ રકમ આપનારનું શુભ નામ શિલાલેખમાં આવશે.

— નાણાં મોકલનાનું સ્થળ :—

**શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ**

ઠે. સાંડેરાવ જીનેન્દ્ર ભુવન, પાલિતાણા (સૌરાષ્ટ્ર)

## અમારા સૌ વાંચકો-ગ્રાહકોને

આ વિશેષાંક માટે અમોને પ્રાપ્ત થયેલ લેખ, જાહેરાતોની સામગ્રી સમય અને સ્થળના અભાવે રજુ કરી શક્યા નથી.

ગત વર્ષ દરમ્યાન આપ સૌ વાંચકો-ગ્રાહકોને અમારાથી કોઈપણ પ્રકારે મનદુઃખ થયું હોય તે બદલ અમો અંતઃકરણપૂર્વક ખમાવીએ છીએ.

આ અંકમાં આવેલ જીવદયા, જીર્ણોધ્ધાર આદિ જાહેરાતોવાળી અને અન્ય આવી સંસ્થાઓને દાન આપી સહભાગી બનવા દાતાઓનું આ તકે ધ્યાન દોરીએ છીએ.

અમારો આવતો અંક ૩૨મો તા ૧૩-૯-૭૫ ના રોજ બહાર પડશે, તેની સૌ નોંધ લેશો.

—વ્યવસ્થાપક " જૈન "

## ચીકાગો-અમેરિકામાં પર્યુષણ પર્વ

અત્રેની જૈન સોસાયટીના ઉપક્રમે આઠ દિવસનો પર્યુષણ અંગેનો કાર્યક્રમ યોજનાર છે. સાતે દિવસ રાત્રીના ૭-૩૦ થી ૯ વાગ્યા સુધી ચીકાગોના જુદા જુદા વિસ્તારોમાં ભાવના યોજાશે. તા. ૨ના ડૉ. અરવિંદ અને ડૉ. કીરણ શાહ, તા. ૩ના વસંત અને મંજુ શાહ, તા. ૪ના દીપક અને પ્રીતિ કાપડીયા, તા. ૫ના કીશોર અને રશ્મી શાહ, તા. ૬ના ચંદ્રકાન્ત અને હસુ શાહ તા. ૭ના રમેશ અને નયના સોલંકી, તા. ૮ના નવનીત અને નયના શાહ ભાવના ભાવશે. આ ઉપરાંત સ્નાત્ર પૂજા, ભ૦ મહાવીર- જન્મ વાચન, સંવત્સરી પ્રતિક્રમણના કાર્યક્રમો પણ રાખવામાં આવેલ છે.

**ઉપદ્રવો અનુભવતા પૂજ્ય સાધુ-સાધ્વીઓને**

તેના નિવારણ માટે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પાંચ ગાથાનું કામ કરે છે. પ્રભુ પાર્શ્વનાથનો ફોટો રાખી સાથે પીવાના પાણીની વાટકી રાખી આખી માળા ૧૦૮ ઉવસગ્ગહરંનો પાઠ ગણતાની સાથે પાણીમાં ફુંક મારી એ પાણી તેમને ત્રણ દિવસ સુધી ત્રણ માળા ગણી પીવરાવવાથી ફાયદો થાય છે. વધુ સ્પષ્ટતા જોવે તો લખોઃ—

**શ્રી મગનલાલ પોપટલાલ શાહ**

બી-૪ સુલભ ફ્લેટ, રંગનીલમ સોસાયટી,
મીરાંબિક હાઈસ્કુલ પાસે, નારણપુરા, અમદાવાદ-૧૩

ફક્ત ટુંક સમયમાં જૈન યાત્રાઓ યોજવામાં પ્રથમ સ્થાન મેળવનાર

**શ્રી કાંતિભાઈ પટણી સંચાલીત**

# શ્રી સમેતશીખરજી - પાવાપુરી

| દીવાળી પાવાપુરીમાં | **સ્પેશ્યલ ટ્રેન** | કાર્તીકી પૂર્ણિમાં કલકત્તામાં |
|---|---|---|

૪૭ દિવસ માટે બોમ્બે સેન્ટ્રલથી તા. ૧૨-૧૦-૭૫ના ઉપડશે.
વ્યવસ્થાપકો :-શ્રી કાંતિભાઈ પટણી, શ્રીમતિ સુશીલાબહેન પટણી

શ્રી પાવાપુરીમાં ૨૫૦૦માં વીરનિર્વાણ મહોત્સવની પૂર્ણાહૂતિની ભવ્ય ઉજવણી જોવાની આ અજોડ, અપૂર્વ અને અમૂલ્ય તક ગુમાવશો નહીં.

વધુ વિગત માટે પુછો :- **શ્રી કાંતિભાઈ પટણી** Gram : PATANITOUR
જૂની ઓફીસ :- ૨૦૨, સેમ્યુઅલ સ્ટ્રીટ, માંડવી, મુંબઈ-૩
નવી ઓફીસ :- ( પત્રવ્યવહાર માટે ) ૭, ચકલા સ્ટ્રીટ, માંડવી. મુંબઈ-૩
ઘર :- ૧૯, બ્રાહ્મણવાડા રોડ, માટુંગા, મુંબઈ-૧૯

તા. ક. ૧૭ દિવસ માટેની શીખરજી યાત્રા તા. ૨૦-૧૦-૭૫ના ઉપડશે.

## ધી માસ્ટર સીલ્ક મીલ્સ પ્રાઇવેટ લીમીટેડ

**ભા વ ન ગ ર**

—: સૌરાષ્ટ્રની અગ્રગણ્ય મીલની સુંદર, આકર્ષક અને રંગબેરંગી જાતો :—

**ટાફેટા, બ્રોકેડઝ, ગોલ્ડસીલ્વર, સાટીન, પ્યાસ, પરમેટા**
**એસોર્ટેડ સાટીન ફલાવર વગેરે.**

**માસ્ટર ફેબ્રીકસ વાપરો, તે વાપરવામાં ટકાઉ છે.**

માસ્ટર મીલની ઉપરની જાતો માસ્ટર મીલની રીટેઈલ શોપમાંથી મળશે.
સ્થળ : માસ્ટર મીલ્સ પાસે,

**રમણીકલાલ ભોગીલાલ શાહ**
મેનેજીંગ ડીરેકટર.

તાર : MASTERMILL [ ફોન નં. ૩૨૪૩

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પ્રકાશનો

### શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા

卐 અધ્યાત્મકલ્પદ્રુમ [ કિંમત રૂ. ૮ ]

ભાષાંતર તથા વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

卐 જૈન દૃષ્ટિએ યોગ [ કિંમત રૂ. ૪ ]

લેખક : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

卐 આનંદઘનજીના પદો ભાગ-૨ જો [ કિંમત રૂ. ૧૦ ]

વિવેચક : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા. સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

卐 આનંદઘન ચોવીશી [ કિંમત રૂ. ૮ ]

વિવેચક : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

### જૈન આગમ ગ્રંથમાળા

卐 નંદીસુત્તં [ કિંમત રૂ. ૪૦ ]

卐 પણ્ણવણાસુત્તં ભાગ-૧ [ કિંમત રૂ. ૩૦ ]

卐 પણ્ણવણાસુત્તં ભાગ-૨ [ કિંમત રૂ. ૪૦ ]

આ ત્રણેય આગમગ્રંથોના સંપાદકો :- પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબ

પંડિત શ્રી દલસુખભાઈ માલવણીઆ પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ

卐 વિયાહપણ્ણત્તિ સુત્તં [ કિંમત રૂ. ૪૦ ]

સંપાદક : પંડિત શ્રી બેચરદાસ દોશી

### અન્ય ઉપયોગી પ્રકાશનો

卐 કાવ્યાનુશાસન [ કિંમત રૂ. ૧૫ ]

卐 યોગશાસ્ત્ર [ કિંમત રૂ. ૧-૨૫ ]

(બંને) રચયિતા કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય મ૦

卐 અષ્ટપ્રકરણ [ કિંમત રૂ. ૦-૨૫ ] રચયિતા : આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મ૦

卐 સુવર્ણ મહોત્સવગ્રંથ ( ભાગ ૧-૨ ) [ કિંમત રૂ. ૫૦ ]

[ વિદ્યાલયના સભ્યો અને સંસ્થાઓ માટે કિંમત રૂ. ૨૫ ]

卐 SYSTEMS OF INDIAN PHILOSOPHY

Late Shri Virchand R. Gandhi [ કિંમત રૂ. ૫ ]

IN PRESS

卐 NEW DOCUMENTS OF JAINA PAINTINGS

DR. MOTICHANDRA & DR. U. P. SHAH

—ઃપ્રાપ્તિસ્થાનઃ—

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય** ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ- ૪૦૦૦૩૬

## બાકી રહેલ ચાતુર્માસ યાદી અંગે

અમોએ અમારા ગતાંકમાં જે ચાતુર્માસ યાદી મુંબઈ, અમદાવાદ, પાલીતાણા તેમજ અલગ અલગ સ્થળોની આપી હતી, તેમાં રહી જવા પામેલ યાદી નીચે રજૂ કરેલ છે. હજુ પણ કોઈ કોઈ રહી જવા પામેલ હોય તો તેને અમો સ્થાન આપી શકીશું નહીં.

અમોએ ગતાંકમાં અમદાવાદની યાદીમાં પૂજ્ય સાધુ મહારાજની સંખ્યા ૧૬૦ની સંખ્યા દર્શાવી હતી, પરંતુ તેને સ્થાને **૧૯૬** છે. બીજુ સાધ્વીજીઓની સંખ્યા ૩૨૨ દર્શાવી હતી, પણ તેને સ્થાને **૬૮૯** સમજવા પૂજ્ય સાધુ–સાધ્વીઓના ગામ અને ઠેકાણા સાથેની યાદી પૂરેપૂરી અમોને મોડી મળવાથી આમ થવા પામેલ છે. હવે તેને સ્થળાભાવને લઈને સ્થાન આપી શકતા નથી. આ સ્થળે જણાવીએ છીએ કે અમદાવાદમાં રહી ગયેલ સાધ્વીજીઓની યાદીમાં મુખ્યત્વે નીચે મુજબની સંખ્યા રહી જવા પામી છે.

(૧) આચાર્યશ્રી સિદ્ધિસૂરીશ્વરજી સમુદાય—૨૩૮
(૨) વાગડવાળા આ૦શ્રી કનકચંદ્રસૂરિજી ,, ૮૯
(૩) આચાર્યશ્રી દાનસૂરીશ્વરજી સમુદાય—૪૬
(૪) અલગ અલગ સમુદાયોના મળીને ૩૧

આમ ખાસ કરીને ત્રણ સમુદાયોની યાદી આવી નથી. આ ઉપરાંત પાછળથી પ્રાપ્ત થયેલ ત્રીસ્તુતી સમુદાયની અને રહી જવા પામેલ અલગ સમુદાયના જુદા જુદા ગામોની યાદી નીચે આપી, તેને પૂરી કરીએ છીએ. આ યાદી રજુ કરવામાં અમારાથી કંઈ ભૂલ–ચૂક રહી જવા પામી હોય તો તે બદલ ક્ષમા પ્રાર્થીએ છીએ.

### ત્રીસ્તુતી સમુદાય

રાજગઢ (માળવા) આ૦શ્રી વિદ્યાચંદ્રસૂરીશ્વરજી ઠા. ૨
બામણવાડજી (સીરોહી) ,, લબ્ધિચંદ્રસૂરિ ઠા. ૨
રીંગણોદ (માળવા) મુનિરાજશ્રી જયંતવિજયજી ઠા. ૩
આહોર (મારવાડ) ,, પુષ્પવિજયજી ઠા. ૪
ભીનમાલ ( ,, ) ,, ભુવનવિજયજી ઠા. ૨
મહીદપુર (માળવા) ,, લક્ષ્મણવિજયજી ઠા. ૨
હરજી (મારવાડ) ,, રામચંદ્રવિજયજી ઠા. ૨
ખાચરોદ સાધ્વીજી મગનશ્રીજી ઠા. ૭
આહોર ,, હેતશ્રીજી ઠા. ૮
ભૂતિ ,, હીરશ્રીજી ઠા. ૪
રતલામ ,, સુંદરશ્રીજી ઠા. ૩

આપની
સેવા
માટે
તત્પર

સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડ ઓફિસ : ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૩૨૭૧ : ૬ લાઈનો

રીંગણોદ ,, ભક્તિશ્રીજી ઠા. ૧
થરાદ ,, મુક્તિશ્રીજી ઠા. ૪
મંદસોર ,, મહાપ્રભાશ્રીજી ઠા. ૩
સીયાણા ,, મહેન્દ્રશ્રીજી ઠા ૫
ઇન્દોર ,, સ્વયંપ્રભાશ્રીજી ઠા. ૪
બડનગર ,, રત્નપ્રભશ્રીજી ઠા. ૧
વાગરા (મારવાડ) ,, તીલકપ્રભાશ્રીજી ઠા. ૩
ભીનમાલ ,, પીયુષશ્રીજી ઠા. ૨

## અલગ અલગ સમુદાયના સાધુ–સાધ્વીઓ

માલવાડા (રાજ૦) વયોવૃદ્ધ - ૧૦૩ વર્ષીય આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી તથા આ. શ્રી ઓંકારસૂરીશ્વરજી ઠા. ૬
શંખલપુર (ઉ. ગુ.) આ. શ્રી રમણીકચંદ્રસૂરીશ્વરજી ઠા. ૨
હુબલી પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિ

( બુદ્ધિ-તિલક-શાંતિચંદ્રસૂરિ સમુદાય )

પાલીતાણા પંન્યાસશ્રી ભગવંતવિજયજી ઠા.૩ (વલ્લભસૂરિ)
નાકોડી(જાલોર) મુનિરાજશ્રી વીરવિજયજી (નીતિસૂરિ)
જાલોર ,, સૌભાગ્યવિજયજી ( શ્રી સિદ્ધિસૂરિ )
નીકુમ(રાજ.) ,, ભળભદ્રવિજયજી ઠા. ૨
ગારીયાધાર ,, વિશુદ્ધવિજયજી ઠા. ૨
સિંધનુર(રાયચુર) ,, કેવળવિજયજી ઠા. ૧
ભાવનગર(કૃષ્ણ.) ,, રામચંદ્રવિજયજી ઠા.૨(કપૂરવિજય)
,, (દાદાસાહેબ) સ્થવીર મુનિશ્રી મેરૂવિજયજી
પેસુઆ(રાજ.) મુનિરાજશ્રી પદ્મવિજયજી ઠા. ૫
વીસનગર ઉદાસી મુનિશ્રી ચંપકસાગરજી આદિ
અમદાવાદ આ.શ્રી માનતુંગસૂરિજી ઠા. ૨ (નિતિસૂરિ)
,, મુનિશ્રી દેવચંદ્રવિજય ઠા. ૮ ( વાગડવાળા )
,, ,, જીનેન્દ્રસાગરજી ઠા. ૨ સાબરમતી
,, ,, દયામુનિ ઠા. ૨ આશ્રમરોડ
,, ,, રત્નપ્રભવિજયજી ઠા. ૧ ,,
સાવરકુંડલા સાધ્વીશ્રી ચંદ્રપ્રભાશ્રીજી ઠા. ૨(અચળગચ્છ)
,, ,, કુમુદશ્રીજી ઠા. ૪ (બાપજી)
ગોધરા ,, સુધર્માશ્રીજી ઠા. ૫ ( આ. વલ્લભસૂરિ )
પાલેજ ,, કાન્તાશ્રીજી ઠા. ૨૧ ,,
વડોદરા ,, કપુરશ્રીજી ઠા. ૨૧ (ઘડીયાળીપોળ) ,,
[ગતાંકમાં ભુલથી ૐકારશ્રીજી મુખ્યમાં નામ લેવાયું હતું]
ભાવનગર(વડવા) ,, કીરણપ્રભાશ્રીજી ઠા.૫(કપૂરવિજયજી)


Gram : KAMDAR Phone : 20543

**LOYAL PEN COMPANY**

Manufacturers of Quality Pens
also
Dealers in pens & spares
No. 23, Errabalu Chett, Street
MADRAS. 1

N. B:
We distribute SEEKING, SUNKRIST, LOYAL Pens Trade inquircs solicited.



FOR SAFETY AND FIRE PROTECTION EQUIPENTS

**"ZENITH" BRAND**

FIRE PROTECTION PRODUCTS
AWARD WINNERS FOR BEST
PERFORMANCE DURING 1973-74

*PLEASE CONTACT*

ZENITH FIRE SERVICE

-: Head & Sales Office :-

VADHAI INDUSTRIAL ESTATE

L. B. Shastri Marg, Ghatkopar,
BOMBAY - 400 086 Phone : 583805

Export Office :
127/129, Modi Street, Fort,
BOMBAY - 400 001
Phone : 265416,
Telex : 011-4062 Gram : ZENITHFIRE

ભૂલ સુધાર : અમારા આ અંકમાં શરૂઆતના પૃષ્ટ નંબર ૬૧૯ હોવા જોઈએ. તેને બદલે પ્રારંભ પૃષ્ટ ૧ થી ૮ કરવા પડયા છે, તેને વાચકો વચ્ચેના આઠ પૃષ્ટ ૬૩૫ થી ૬૪૨ જે નથી આપ્યા તે તેની જગ્યાએ ગણતરીમાં લઈ લે તેવી વિનંતી છે.

## ઉત્તમ સાહિત્ય ! ઉત્તમ તક !

જૈન જ્ઞાનભંડારોને અને પૂજ્ય સાધુ-સાધ્વીજી ભ૦ને, સુપ્રસિદ્ધ પ્રવચનકાર, સિદ્ધહસ્ત લેખક, મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજીના નીચેનાં પુસ્તકો, શ્રી જૈન શ્વે. મૂ. સંઘ ભીંવડી તરફથી ભેટ આપવાના છે. નીચેના સરનામે ૭૫ પૈસાની ટીકીટો મોકલી સરનામું સ્પષ્ટ અક્ષરોમાં લખીને મોકલવું.

પુસ્તકોનાં નામ : (૧) હૃદયકમલ મેં ધ્યાન ધરત હૂં. (નવપદજી ઉપરનાં પ્રવચનો (૨) રામાયણમાં જીવન-દૃષ્ટિ ( રામાયણ પર જાહેર વ્યાખ્યાનો ), (૩) પાંચ પ્રવચન (પાંચ વિષયો પર જાહેર વ્યાખ્યાનો) લખો :— **નેમિચન્દ્ર જૈન**, શ્રી સુપાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, નવી ચાલ, મુ. પો. ભીવંડી ૪૨૧૩૦૨

### અમદાવાદ

જૈન સમાજના જાણીતા બુકસેલર્સ શ્રી જશવંતલાલ ગિરધરલાલના સુપુત્ર હરિન્દ્ર, પ્રીન્ટીંગ ટેકનોલોજી સર જે. જે. આર્ટ્સ કોલેજ મુંબઈમાંથી સારા માર્કસ સાથે પાસ કરી, મુંબઈમાં ઓફસેટ, ફોટોગ્રાફી તથા પ્લેટ મેકીંગ વગેરેમાં આધુનિક પદ્ધતિઓ શીખી તથા મેટલ બોક્સ અને કે, એલ. ભારગંવ પ્રેસોમા સારો અનુભવ મેળવી હાલમાં અમદાવાદમાં એમ. વાડીલાલ ઓફસેટમાં સ્થાયી થયા છે. એક વર્ષના ટૂંકા ગાળામાં શીખેલું તેમનું ભણતર ખરેખર પ્રશંસા માગી લે છે.

## પ્રતિમાજી આપવાના છે

અતિ પ્રાચીન શ્રી સુમતિનાથ ભગવાનના પ્રતિમાજી ( સાડા અગ્યાર ઈંચના ) મૂળનાયક તરીકે આપવાના છે. તુર્ત જ જણાવો.

શ્રી નથમલ પીત્તલીયા
૧૧૯, ચાંદની ચોક, રતલામ (મ૦પ્ર૦)

જયપુરમાં જૈન યાત્રિકોને ઉતરવાની સગવડ

અત્રે આવનાર યાત્રિકોને, જૈન મંદિર પાસે ટોંક ધર્મશાલા, ઘીવાલોકા રાસ્તા, ઝવેરી બજારમાં ઉતરવાની વ્યવસ્થા છે. —: સંપર્ક સાધો :—
રાજરુપ ટાંક, ( ટેલીફોન નં. ૭૨૯૨૧ )

## મહેતાજીની જરૂર છે.

દાદર શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરમાં દેશી નામુ-પાકુ નામુ તેમજ સારી રીતે વહીવટ કરી શકે તેવા મહેતાજીની જરૂર છે. લાયકાત પ્રમાણે સારો પગાર આપવામાં આવશે. થોડું અંગ્રેજી જ્ઞાન પણ હોવું જરૂરી છે. લખો અથવા પૂછો: —
શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર
૬, જ્ઞાનમંદિર રોડ, દાદર BB, મુંબઈ—૨૮

દાદાના દર્શને પધારવા **શંખેશ્વર જૈન ભોજનશાળા** આપને વિનતિ કરે છે

ભોજનશાળાનો વાર્ષિક તૂટો મોંઘવારીના કારણે રૂા. ૧૫૦૦૦૦) દોઢ લાખથી વધુ આવે છે.
લગભગ અઢી લાખ પુન્યશાલી યાત્રીકો તીર્થદર્શનનો લાભ લે છે.
પૂજ્ય ત્યાગી ભગવંતો આ મહાતીર્થના દર્શનનો લાભ લે છે.
છઠ્ઠ-અઠ્ઠમના પારણાં, આયંબીલ તથા ઉકાળેલા મીઠા પાણીનો સંસ્થા સારી રીતે લાભ લે છે.
**શ્રેષ્ઠ સેવા, સ્વચ્છ તથા પૌષ્ટીક ખોરાક અને ચતુર્વિધ સંઘની ભકિત**
**...............એ અમારા પુન્યનું ભાથું છે...............**

ભગવાન મહાવીર ના પચીસસોમા નિર્વાણ કલ્યાણક નિમિત્તે

# જૈન

સાપ્તાહિક પૂર્તિ

સંપાદક :- રતિલાલ દીપચંદ દેસાઇ

પ્રેરક :- શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઇ.

## સાચો વીર : ક્ષમાવાન્

લીમડો વાવ્યાં પછી કેરીની આશા રાખવી, અસ્થાને છે;

એમ વેર બાંધ્યા પછી પ્રીતિની ઇચ્છા કરવી, વ્યર્થ છે.

વેરથી વેર વધે છે, પ્રીતિથી પ્રીત.

ભગવાન મહાવીર કહે છે: પ્રીતની રીતને પ્રીછજો. પર્યુષણોના પવિત્ર પર્વ દિને વેરના ઝેરને વમજો, ક્રોધને ઉચ્છેદજો.

બગલીમાંથી ઇંડું જન્મે, ને ઇંડામાંથી બગલી પેદા થાય, એમ ક્રોધમાંથી કાયરતા જન્મે છે, કાયરતાથી ક્રોધ.

ક્રોધ કાયરતાનું લક્ષણ છે, ક્ષમા વીરતાનું.

વીરનો અનુયાયી વીર બને, કાયર નહિ.

"ખમાવું સહુ જીવોને, સર્વ જીવો ખમો મને,
મિત્ર હું સહુ જીવોનો કોઇથી વેર ના મને."

—સાચાં વીરનો આ સાંવત્સરિક મંત્ર છે.

—પૂ. મુ. શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

અહિંસા · અપરિગ્રહ · અસ્તેય · અપરિગ્રહ · દર્શન · જ્ઞાન · ચારિત્ર · આગમ

પ્રભુ! આ વર્ષ અમારે દિવાળી

ગતાંકથી ચાલુ

[લેખાંક ૨૧]



# શ્રમણ ભગવાન મહાવીર

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

## દિક્કુમારિકાઓનું આગમન

ચૈત્ર શુદિ ૧૩ મધ્યરાત્રિએ જે અવસરે સાતે ય ગ્રહો ઉચ્ચ સ્થાને હતા તે અવસરે ત્રિશલામાતાએ કોઈપણ પ્રકારની પીડા વિના ભગવાન મહાવીરરૂપી પુત્રનો જન્મ આપ્યો. આ જન્મકલ્યાણકને અનુલક્ષીને તીર્થંકર નામ કર્મના પ્રદેશોદયની પણ કેવી વિચિત્રતા હોય છે? આ વિષય પરત્વે સંક્ષેપમાં વિવેચન કરવામાં આવ્યું. જે ક્ષણે પરમાત્મા મહાવીર પ્રભુનો જન્મ થયો તે ક્ષણે દશેય દિશામાં પોતપોતાના દિવ્ય સ્થાનમાં આનંદ કિલ્લોલ કરતી છપ્પન દિક્કુમારિકાઓના આસન ચલિત થયા. દિક્કુમારિકાઓએ અવધિજ્ઞાનનો ઉપયોગ મુક્યો અને જાણી લીધું કે અનંત ઉપકારી પરમાત્મા તીર્થંકર ભગવંતનો ભરતક્ષેત્રના ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થરાજાને ત્યાં ત્રિશલા પટરાણીની કુક્ષિથી જન્મ થયો છે. તુર્ત જ પોતાના આચાર પ્રમાણે સર્વ સામગ્રી સાથે એ દિક્કુમારિકાઓ દિવ્ય ગતિથી ભગવંતના જન્મસ્થાને આવી પહોંચી, અને પોતાને યોગ્ય ભગવંત અને માતાનું સૂતિકર્મ કરવા માટે તત્પર બની ગઈ.

## પ્રભુના જન્મ પ્રસંગે સૂતિકર્મ માટે દિક્કુમારિકાઓનો અધિકાર

સામાન્ય વ્યક્તિને ત્યાં પુત્ર-પુત્રીનો જન્મ થાય ત્યારે તેનું સૂતિકર્મ કરનાર તેને લાયક વ્યક્તિઓ હોય, શ્રીમંત અને મહારાજાને ત્યાં જન્મ પ્રસંગ હોય ત્યારે સૂતિકર્મ કરનાર વ્યક્તિઓ રાજા-મહારાજાને યોગ્ય હોય, અને તીર્થંકર ભગવંતના જન્મ પ્રસંગે સૂતિકર્મ કરનાર માનવ સ્ત્રી વર્ગના સ્થાને ભુવનપતિનિકાયમાં વસનારી ઉપર જણાવ્યા પ્રમાણે દિક્કુમારિકાઓ હોય છે.

## દરેક દિક્કુમારિકાઓ સમકિતવંત હોય

ભગવાન તીર્થંકરદેવના જન્મ પ્રસંગે વ્યક્તિઓના જન્મ પ્રસંગ જેવી જરાપણ અશુચિ નથી હોતી, એમ છતાં પોતાના આચારનું પરિપાલન અને એ નિમિત્તે જિનેશ્વરદેવની ભક્તિનો અપૂર્વ લાભ પ્રાપ્ત થતો હોવાથી સૂતિકર્મનો સંપૂર્ણ વિધિ આ દિક્કુમારિકાઓ જ કરે છે. ભુવનપતિ-વ્યંતર-જ્યોતિષી અને વૈમાનિકાયના સર્વ ઈન્દ્રો-અનુત્તર વિમાનના સર્વ દેવો અને નવ લોકાન્તિક દેવો જેમ અવશ્ય સમકિતવંત હોય છે તે જ પ્રમાણે આ છપ્પન દિક્કુમારિકાઓ પણ અવશ્ય સમકિતવંત હોય છે, અને તેથી જ તીર્થંકર પરમાત્માનો જન્મ થયા પછી એ દેવાધિદેવની ભક્તિનો સર્વથી પ્રથમ લાભ આ પુન્યાનુબંધિ-પુન્યના ઉદયવાળી દિક્કુમારિકાઓને મળે છે. આ દિક્કુમારિકાઓ પરમાત્માના જન્મ સ્થળે આવી પહોંચવાની સાથે જ ભગવંત અને ભગવંતની માતાના દર્શન કરવા ઉપરાંત ત્રિકરણ યોગે માતા અને પુત્રને પ્રણામ કરે છે. અને પ્રથમ પરમાત્માની સ્તુતિ-સ્તવના કર્યા બાદ માતાની પણ ગુણગર્ભિત સ્તુતિ શરૂ કરે છે.

## પ્રભુ અને પ્રભુની માતાની આ દિક્કુમારિકાઓએ કરેલ સ્તુતિ

"હે પરમાત્મા તમોને અમારો નમસ્કાર થાઓ. વિશ્વના ઉધ્ધાર માટે આ પૃથ્વીતલ ઉપર આપ પરમકૃપાળુનું અવતરણ થયેલ છે. ચારગતિમય આ સંસારરૂપી જેલમાં જકડાયેલા ભવ્ય જીવોના કર્મબંધનનો આપ સર્વથા ઉચ્છેદ કરનારા છો. જગજ્જંતુઓના મનોવાંછિત પૂર્ણ કરવામાં આપ કલ્પવૃક્ષ સમાન છો. આ વર્તમાન અવસર્પિણી કાળ દરમ્યાન લોકાલોકમાં

સૂર્યસમાન તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુનું નિર્વાણ થયા બાદ નાથવિહોણા આ ભરતક્ષેત્રમાં આપ સર્વ કોઈના નાથ તરીકે ઉત્પન્ન થયા છો. અનાથ એવું આ ભરતક્ષેત્ર આજથી આપના જન્મ કારણે સનાથ બનેલ છે. ભગવાન મહાવીરદેવની આ પ્રમાણે સ્તુતિ કર્યા બાદ દિક્કુમારિકાઓ હવે ભગવંતની માતા ત્રિશલાક્ષત્રિયાણીની આ પ્રમાણે સ્તુતિ કરે છે. "હે સર્વાંગસુંદર ત્રિશલાદેવી! તમોને અમારો નમસ્કાર થાઓ. તમો સર્વ પ્રકારે જય પામો, વિજય પામો. જગતમાં દીપક સમાન તીર્થંકર ભગવંતરૂપી પુત્રરત્નનો આપે આજે જન્મ આપ્યો તેથી આપ રત્નકુક્ષિ બન્યા છો. માતા તરીકે વિશ્વમાં આપનું સ્થાન અદ્વિતીય છે. વિશ્વના ઉદ્ધારક પુત્રરત્નનો જન્મ આપી હે માતાજી! આપે આપનું જીવન સંપૂર્ણપણે કૃતાર્થ કરેલ છે."

## સૂતિકર્મનો પ્રારંભ

આ પ્રમાણે સ્તુતિ કરીને દિક્કુમારિકાઓ માતા ત્રિશલાને જણાવે છે કે "અમો જુદી જુદી દિશા-વિદિશામાં અમારે યોગ્ય દિવ્યસ્થાનોમાં રહેવાવાળી દિક્કુમારિકા દેવીઓ છીયે. કોઈપણ તીર્થંકર પરમાત્માના જન્મ પ્રસંગે સૂતિકર્મ કરવાનો અમારો આચાર છે. અને એ માટે જ અમારું અહિં આવાગમન થયેલ છે. માટે આપની અનુમતિપૂર્વક અમારે ઉચિત કાર્યનો અમો પ્રારંભ કરીએ છીએ. આ પ્રમાણે માતાજીને જણાવી સર્વપ્રથમ આઠ દિશાકુમારિકાઓ વાયુની વિકુર્વણા કરી ભૂમિ શુદ્ધ કરે છે આઠ દિક્કુમારિકાઓ શુદ્ધ થયેલ આ ભૂમિ ઉપર મેઘની વિકુર્વણા કરી નિર્મળ સુગંધી જળનું સિંચન કરે છે, અને જાનુ પ્રમાણ પુષ્પવૃષ્ટિ કરે છે. આઠ દિક્કુમારિકાઓ હાથમાં આદર્શ–આરિસો ધારણ કરી પ્રભુ સન્મુખ ઉભી રહે છે.

આઠ–આઠ દિક્કુમારિકાઓ ચંગેરી અને વીંઝણો હાથમાં લઈને પોતાનું કર્તવ્ય બજાવે છે. આઠ દિક્કુમારિકાઓ હાથમાં ચામર ધારણ કરી એ ચામર ભગવંતને વીંઝે છે. બીજી ચાર ચાર દિક્કુમારિકાઓ નાલચ્છેદ કરી ખાડો ખોદી રત્ન વગેરે ઉત્તમ સામગ્રીવડે ખાડાને પુરી તેના ઉપર પીઠિકા બનાવે છે. તૈયાર કરેલા કેળના ઘરમાં પુત્ર સહિત માતાજીને લઈ તૈલ મર્દન અને સ્નાન વગેરે ક્રિયાઓ દિક્કુમારિકાઓ પોતાના આચાર/પ્રમાણે વ્યવસ્થિત રીતે કરે છે અને માતાને તેમજ પુત્રને ઉત્તમવસ્ત્રાલંકાર પહેરાવે છે. ત્યારબાદ અરણિના કાષ્ઠ વડે અગ્નિ ઉત્પન્ન કરી હોમ વિધિ થયા બાદ રક્ષા પોટલી તૈયાર કરી માતા અને પુત્રના હાથ ઉપર આ રક્ષા પોટલી બાંધવામાં આવે છે.

[ક્રમશઃ]

# વીર દર્શન મહિમા

(રાગઃ– મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું)

કર્તા : પૂ૦ આચાર્યશ્રી વિ. નંદનસૂરિજી મ૦ના શિષ્ય મુનિરાજશ્રી વાચસ્પતિવિજયજી

વીર તમારાં દર્શન કરતાં...
મુઝ જીવન આ ધન્ય બને;
ધન્ય બને ને કૃતકૃત્ય બને–
ભવો ભવનાં પાતક શૂન્ય બને.
વીર તમારાં૦ ૧

દુઃખી જનોના દુઃખ હરે ને,
જનમ જનમના પાપ હરે...
મન મંદિરમાં જ્યોત જલે ને,
અંતરના કૈંક તિમિર હરે.
વીર તમારાં૦ ૨

ભવ અટવીમાં ભમી ભમીને,
આવ્યો છું તારા શરણે....
માંગું સેવા ભવો ભવ તારી,
રહું હું તારા ચરણે...
વીર તમારાં૦ ૩

તમે વિરાગી ને હું રાગી,
કેમ બનું હું અનુરાગી;
તારી સેવા કરતાં કરતાં,
બનીશ હું વીતરાગી....
વીર તમારાં૦ ૪

# વીર વર્ધમાન (દિવ્યસંદેશો)

લે૦ પૂ. મુનિરાજ શ્રી નિરંજનસાગર મહારાજ

(ગતાંકથી ચાલુ)

આફતને ઉપસર્ગની ફોજની ફોજ એને પડકારતી'તી,
આંધી તોફાનને વીજ કડાકે કુદરત પણ લલકારતી'તી,
દેવને દાનવ, ને વળી માનવ, પશુપંખી કંઈ ડંખી રહ્યાં,
હસતે મુખડે તોય મહાવીર સહુનું મંગલ ઝંખી રહ્યાં....

પ્રભુ વીરના ગુણો ગાવા એટલે નાના મોઢે મોટી વાત કરવા જેવી ખરી ! કયાં ગુણોના ભંડાર ભગવાન ! અજ્ઞાની, નિર્ગુણી એવો હું કયાં ? છતાં પણ ભગવાન તરફના અનહદ પ્રેમ–ભક્તિને કારણે જ કંઇક પ્રેરણા મળે છે. અરે ! ઈન્દ્રો–મહેન્દ્રો પણ થાકી ગયા કે મ્હારે લાખો, ક્રોડો મોઢા હોય તો પણ પરમાત્મા વીરના સમસ્ત ગુણો ગાવા શક્તિમાન નથી. છતાં પણ આજે હું અને તમે સર્વે મહાપુરૂષોનું જીવન–ચરિત્ર હૃદય પટ પર લાવીને જીવનમાં કાંઈ પણ ઉતારીશું તો સઘળીએ મહેનત સફળ–સારો એ સમય સાર્થક !

શાસનપતિ ભગવાન મહાવીરના જીવનથી કોણ અજાણ્યું છે ? તેઓના પંચકલ્યાણક પ્રસંગો, સત્યાવીશ ભવોની પરોપકાર પરાયણતા – સંસારરૂપી કાદવમાં જ કમળ જેમ ઉત્પન્ન થઈને સર્વેના રાગોમાં રંગાયા વિના નિરાગી દૃઢધર્મી બનીને એકાકી જ સાધના પંથે પ્રયાણ કરનારા, પ્રાણીમાત્ર ઉપર દયાના સદ્‌ભાવવાળા, પોતે દુઃખો સહન કરી બીજાને સન્માર્ગે દોરવાવાળા, ભયંકર જંગલમાં પણ આત્મકલ્યાણની ઝંખનાવાળા એવા શ્રમણ ભગવાન મહાવીરની જીવન જ્યોત જીવનમાં કોણ ઝગ-મગાવે નહિ ? તેમાં પણ તીર્થંકર વીર જેવી ધીરતા જો આપણા જીવનમાં આવી જાય તો બેડો પાર. એકાદ પ્રસંગથી તેની સહનશક્તિનો મહાન આદર્શ નજર સન્મુખ સરકાવીએ.

મહા માસની કડકડતી ઠંડી... પવનના સુસવાટાથી કાયા તો થરથરે. છતાં પણ ધ્યાનમાં તત્પર વસ્ત્રરહિત પ્રભુવીર કુદરત સામે યુદ્ધ રમી રહ્યા હતા. ત્યાં તો ભવ-ભવાંતરની વૈરી કટપૂતવ્યંતરી દોડી આવી. જે પૂર્વ-ભવમાં ભગવાનની અણમાનિતી રાણી હોવાથી પ્રભુના જીવે અન્યાયોના સિતમઝડી વરસાવીને ઘોર કર્મ ઉપાર્જન કરેલું. તેનું વૈર વાળવા તેણી દોડી આવી. વ્યં-તરીએ પ્રભુની કાયા પર હીમ જેવા શીતળજળની વર્ષા વરસાવી. સુકુમાલ કાયા પર પવનના સુસવાટા અને પાણીનો ધોધ વહેતાં કેવી હાલત થાય ? અગ્નિનો ઉપ-સર્ગ હોય તો ઠારી શકાય. અચાનક પાણીના પ્રવાહને દૂર કરવા શું ઉપાય કરી શકાય ? ઠંડા પાણીના ઘોર ઉપસર્ગમાં પણ ધ્યાનમગ્ન રહેનાર પ્રભુની શક્તિ કેવી ગજબની ? પ્રતિકૂળતામાં પણ સમાધિમાં લીન બનવું કેટલું કઠણ ?. શ્રી વીરની મક્કમતા અને ધીરજ સામે કર્મો ધ્રુજી ઉઠયાં.

સોળે આની શુદ્ધ સોના સામે અગ્નિની જ્વાળાઓ શું કરી શકે ? પ્રભુના ધીરજ બળે કર્મો ખપતા તો પરમાવધિજ્ઞાન ઉત્પન્ન થયું. (જે જ્ઞાન આવ્યા પછી જાય જ નહિ) પ્રભુવીર કેવા બાહોશ વેપારી કે નુક-શાનીને પણ નફામાં ફેરવી નાંખ્યું. આપણે પણ પ્રભુની પૂજા કરીએ – દર્શન કરીએ, પરંતુ વાતવાતમાં ક્રોધ કરીને બીજાનું પણ ડોળી નાખીએ તે શું પ્રભુભકત કહેવાશું ? બધા જ સાથે વાતવાતમાં લડીએ તો કોણ સામું જુએ ? સગોભાઈ પણ હાથ ન ઝાલે. કલેશથી તો ઘરના ઘડાનું પાણી પણ સુકાઈ જાય અને ધન તો પલાયન જ થઈ જાય. માટે આજથી નક્કી કરો કે–ક્રોધ આવે ત્યારે નવકાર ગણવા, મેંઢામાં પાણી રાખવું રે ! ક્રોધના કડવા ફળ નજરે જોવા – મોંઢાની આકૃતિ કાચમાં નીરખો તો ખબર પડે કે હું કેવો લાગું છું ? વિ. ઉપાયો ગોઠવીને ક્ષમાને ધરતાં શીખો તો પ્રભુમાર્ગ સહેલાઈથી મળી જશે. કાંટાના કારમાં ઘા સહન કરીને ગુલાબ ખીલે છે, તો જ ચારે તરફ તેની સુગંધ પ્રસરે છે. સૌ હોંશે-હોંશે ગ્રહણ કરે છે. તેમ આપણું જીવન ગુલાબ જેવું ક્ષમાશીલ–સહનશીલ બનાવી દો તો સૌ સાથે રહે અને હરકોઈ બોલાવે.

# ભગવાન મહાવીરનો નયવાદ

: લેખક :
ડૉ. અમૃતલાલ સવચંદ ગોપાણી

ધર્મની ઈમારતના પાયાના સિદ્ધાંતો જેની ઉપર એ ઈમારત ઊભી કરવામાં આવી હોય, તે જગતના બીજા જીવંત ધર્મોની જેમ, જૈન ધર્મમાં પણ સારા એવા પ્રમાણમાં છે આ બધા સિદ્ધાંતોમાંથી અમુક યુગે અમુકને તો વળી બીજે સમયે બીજાને ધર્મ-સંશોધકોએ પ્રાધાન્ય આપ્યું હોય એ સ્વાભાવિક છે. જમાનાની તાસીર ધ્યાનમાં રાખી એક બીજા ઉપર પડેલ અનિષ્ટકારી પ્રભાવને કારણે ધર્મ અને સમાજના કલેવરમાં પેસી ગયેલ પ્રાણઘાતક સડાને નાબુદ કરવા ધર્મધુરંધરો માટે આમ કરવું ખાસ જરૂરનું પણ હતું. ભગવાન મહાવીરના સમય પહેલાં ચાતુર્માસ ધર્મ હતો પણ બ્રહ્મચર્યને જુદું પાડી એમને પાંચ વ્રતો બનાવવાની ફરજ પડી એ હકીકતના મૂળ આપણને ભગવાન મહાવીરના સમયની પરિસ્થિતિમાંથી મળે છે. આમ જ અહિંસા કર્મવાદ અને અનેકાંતવાદના સંબંધમાં પણ સમજવું જૈન ધર્મના આ ત્રણેય સિદ્ધાંતો નવાં છે એમ માનવું એ ખોટું છે. એ પહેલેથી જ હતા પણ ભગવાન મહાવીરે પોતાના યુગના પડકારને ઝીલવા એ સિદ્ધાંતોની ધારને તીક્ષ્ણ બનાવી તત્કાલીન બદીઓને નાબુદ કરી. એ વખતના હિંસાના વાતાવરણને અહિંસાના પ્રચાર અને પ્રસારથી શુદ્ધ બનાવ્યું. ઈશ્વરકર્તૃત્વવાદે વધારી મૂકેલી માણસની બેજવાબદારીનો રોગ ભગવાન મહાવીરે કર્મવાદના સિદ્ધાંતરૂપી ઓસડ દ્વારા ટાળ્યો. દાર્શનિક અને વૈચારિક ક્ષેત્રે વાદવિવાદોના વાદળોએ ક્ષિતિજને આવરી લીધી હતી અને સત્યના સૂર્યને ઢાંકી દીધો હતો તે અનેકાંતવાદના પવન દ્વારા વિખેરી નાખી આકાશને નિર્મળ બનાવ્યું, જેથી સત્યના સૂર્યને જોવાનું સરળ બને. ભગવાન મહાવીરના આ ત્રિવિધ યોગદાનનું મૂલ્ય જેવું તેવું નથી. જગત અત્યારે ભૂલભૂલામણીમાં અટવાઈ પડ્યું છે, પણ હવે એને લાગવા માંડ્યું છે કે આમાંથી છૂટવું હોય તો ભગવાન મહાવીરે ચીંધેલા રાહે જગતને ચાલવું પડશે. ભગવાન મહાવીરે વિશેષ રૂપે પ્રરૂપેલા આ ત્રણે સિદ્ધાંતોની—અહિંસા, કર્મવાદ અને અનેકાંતની—અમોઘતા આથી સિદ્ધ થાય છે.

આટલું પ્રસ્તાવિકરૂપે કહ્યા પછી આપણે આજના વિષય નયવાદ તરફ વળીએ. શરૂઆતમાં એ સ્પષ્ટ કરી દઉં કે નયવાદ, સ્યાદ્વાદ અને અનેકાંતવાદ એકજ અર્થ ધરાવનારા શબ્દો છે અનેકાંતવાદ વધારે પ્રચલિત શબ્દ છે જ્યારે નયવાદ વધારે પારિભાષિક શબ્દ છે અને સ્યાદ્વાદ પ્રવાચિત વક્તવ્યને વ્યક્ત કરવા માટેનું શાબ્દિક સાધન છે. ત્રણેયનું કેન્દ્ર છે અપેક્ષાવાદ. આટલું સમજી લીધા પછી નયવાદને સમજવો સહેલો પડશે.

નયવાદને પહેલાં તાત્ત્વિક અને પછી વ્યવહારિક એમ બે બાજુએથી આપણે તપાસીએ.

ભગવાન મહાવીરના વખતમાં તત્ત્વજ્ઞાન વિષયક ઝઘડાઓ ખૂબ વધી પડ્યા હતા. જીવ અને જગત સંબંધે દરેક દર્શનકારે પોતાનું મંતવ્ય અફર અને અકાટ્ય ગણ્યું અને ગણાવ્યું. કોઈએ આત્માને સર્વથા નિત્ય કહ્યો તો બીજાએ સર્વથા અનિત્ય કહ્યો. આમ વિશ્વના પદાર્થોના સંબંધમાં પણ દરેકે દઢ વલણ બતાવ્યું. પરિણામ એ આવ્યું કે બધી વિચારસરણીઓ એક બીજાની શત્રુ થઈ પડી અને મનમેળ રહ્યો નહિ.

ભગવાન મહાવીરને આ વૈચારિક હિંસામાં માનવના અધઃપતનના મૂળ જણાયા એટલે એ ઉખેડી નાખવા ભગવાને નયવાદને તે સમયને અનુલક્ષીને નવા સ્વરૂપમાં રજૂ કર્યો અર્થાત એના મૂળ સ્વરૂપને યથાવત રાખી એ વખતની પરિસ્થિતિના સંદર્ભમાં, ગંભીર રોગને ડામવા ઉપાય જલદ હોવો જોઈએ એ ન્યાયે, એની યોજના ખૂબ જોરશોરથી કરી.

ભગવાને કહ્યું 'દેવાનુપ્રિયો! તમારી એકાંતી બનેલી દૃષ્ટિને અનેકાંતી બનાવો. એમ કરશો તોજ તમારી દૃષ્ટિને ઢાંકી દેતો 'સર્વથા' શબ્દનો બનેલો કદાગ્રહરૂપી પડદો હટી જશે અને પછી તરત જ તમને શુદ્ધ સત્યનું સ્પષ્ટ અને સુરેખ દર્શન થશે.'

'વસ્તુને જુદા જુદા દૃષ્ટિકોણથી જોવી એનું' નામ જૈન પરિભાષામાં નય. વસ્તુમાં અને પદાર્થમાં અનેક ધર્મો છે એટલે કે અનેક ગુણો છે. અનેક ગુણોને

એક સાથે કહી શકાતા નથી. જે દષ્ટિબિંદુથી તમે વસ્તુને, દ્રવ્યને, પદાર્થને જુઓ તે દષ્ટિબિંદુ તત્કાળ પૂરતું સાચું પણ એનો અર્થ એમ નહિ કે બીજા દષ્ટિબિંદુઓ ખોટા છે. આ સિદ્ધાંતાનુસાર આત્મા સર્વથા નિત્ય નથી અને સર્વથા અનિત્ય પણ નથી. એક દ્રષ્ટિએ આત્મા નિત્ય છે. જ્યારે બીજી દષ્ટિએ આત્મા અનિત્ય પણ છે. આવી રીતે ભગવાન મહાવીરે નયવાદ દ્વારા મતમતાંતરો વચ્ચે સહિષ્ણુતા સ્થાપી અને પારસ્પરિક વૈમનસ્યને દૂર કર્યું. ભગવાનની આ સર્વોપરી સેવાની આંકણી થઈ શકે તેમ નથી. વર્તમાનમાં વિચારોનું યુદ્ધ ભીષણ રૂપમાં ચાલી રહ્યું છે. કોઈ પણ વાદ, વિચારસરણી, મત, માન્યતાનો એક જ અભિગમ છે કે અમે સાચા અને તમે ખોટા. આથી સંઘર્ષના કાતિલ ઝેર રેડાઈ રહ્યા છે. જેને નહિવત કરવાની કામગીરી ભગવાન મહાવીરે પ્રરૂપેલ નયવાદના અમૃતવારિનું સિંચન જ કરી શકે એમ છે. વાણીના અને વર્તનના યુદ્ધની ભીતરમાં વિચારનું યુદ્ધ જ કામ કરી રહ્યું હોય છે. આ વિચારયુદ્ધને ખાળવા નયવાદ સિવાયનું કોઈ હથિયાર કામ આપે એમ નથી.

નયવાદના વક્તવ્યને હજી પણ સ્થુલ દષ્ટાંત દ્વારા જરા વિશદતાથી અને વિસ્તારથી સમજવા એક વધુ પ્રયાસ કરીએ.

ઉત્પાદવ્યય, ધ્રૌવ્યયુક્તં સત્, એ સૂત્રાનુસાર દરેક પદાર્થને ઉત્પતિ, નાશ અને સ્થિતિ વળગેલાં છે. એટલે પદાર્થને ત્રણ દષ્ટિથી જોવા જોઈએ. સોનાની એક કંઠીને મનમાં ધારો. એને ભાંગીને દોરો બનાવ્યો ત્યારે કંઠીનો નાશ થયો અને દોરો ઉત્પન્ન થયો એ આપણે જોયું. કંઠી ભાંગીને તે તમામ સોનાનો બનાવેલો દોરો તદ્દન નવી જ વસ્તુ ઉત્પન્ન થઈ એમ નહિ જ કહી શકાય. દોરાને તદ્દન નવો ઉત્પન્ન થયેલો ત્યારે જ માની શકાય કે કંઠીની કોઈપણ વસ્તુ તે દોરામાં આવી ન હોય, પરંતુ જ્યારે કંઠીનું તમામ સોનું દોરામાં આવી ગયું છે, માત્ર કંઠીનો આકાર જ બદલાયો છે તો પછી દોરાને સર્વથા નવીન ઉત્પન્ન થયેલો કેમ કહેવાય? કંઠીનો સર્વથા નાશ ત્યારે જ માની શકાય કે જ્યારે કંઠીની કોઈ પણ ચીજ નાશથી બચી ન હોય, પરંતુ જ્યારે કંઠીનું તમામ સોનું યથાવત દોરામાં ઉતર્યું છે તો પછી કંઠીનો સર્વથા નાશ કયાંથી માની શકાય? આ ચર્ચાથી એટલું તો તમને સૌને સ્પષ્ટ થયું હશે કે કંઠીનો નાશ આકાર પૂરતો જરૂર થયો અને દોરાની ઉત્પતિ દોરાના આકાર પૂરતી જરૂર થઈ, પરંતુ બન્નેનો સમૂળો નાશ નથી થયો; કારણ કે સોનું તો બન્નેમાં રહેલું છે અને એ એક જ સુવર્ણ છે. આ રીતે કંઠી અને દોરો બન્ને સુવર્ણના આકાર ભેદો સિવાઈ કાંઈ નથી.

આ પ્રમાણે આપણે એક પુરૂષનો દાખલો લઈએ. એક પુરૂષ પિતા, પુત્ર, પતિ, સસરો, સેવક, મિત્ર–બંધુ જ છે. એનામાં આ બધા અંશો રહેલા છે. કોઈ એક સમયે એ પિતા છે–પુત્ર માટે તો જ્યારે એ પુરૂષનો પિતા એને બોલાવતો હોય ત્યારે તે એના પિતાનો પુત્ર છે. પત્નીના સંબંધ પૂરતો એ પતિ પણ છે. આમ દરેક અંશ, ધર્મ, ગુણ એનામાં રહેલા છે. એ કોઈ એકલો પિતા જ છે એવું નથી. આ નયવાદ જ થયો. હાથીનો જ દાખલો લ્યો. હાથી એ કાંઈ એકલું પુંછડું નથી, તેમજ એ કંઈ એકલા પગ પણ નથી તથા એકલી સૂંઢ પણ નથી. આ બધાનો સમુચ્ચય એનું નામ હાથી. આ હકીકત પણ અનેકાંતવાદનું જ પુરસ્કરણ કરે છે.

નયવાદ આપણને સમન્વય કરવાનું શીખવે છે. કોઈ એક અંશ પકડીને એ એક અંશ જ સાચા અને બીજા બધા ખોટા એવું એ કહેતો નથી. વસ્તુને અનેક પાસા છે. અનેક ધર્મો છે, અનેક ગુણો છે. અનેક દષ્ટિબિંદુઓથી એ જોઈ શકાય છે. કોઈ એક જ દષ્ટિબિંદુ સાચો અને બીજા બધા દષ્ટિબિંદુઓ ખોટા આમ કહેવું, આમ માનવું એ કદાગ્રહ છે. સ્યાદસ્તિ, સ્યાન્નાસ્તિ, સ્યાદવક્તવ્ય જેવા કથનો દ્વારા આ બાબત વ્યક્ત કરાય છે.

હું સાચો છું, તું પણ સાચો છું અને તે પણ સાચો છે. એમ કહી નયવાદ આપણને સંશયની જાળમાં ફસાવે છે એવો આક્ષેપ કરી ભૂતકાળમાં જૈનેતર પંડિતોએ અને વિદ્વાનોએ તથા વર્તમાનમાં વૈજ્ઞાનિકોએ પણ એની મજાક ઉડાવી હતી, પરંતુ જૈનધર્મના ઈતર સિદ્ધાંતોની સદ્ધરતા વિજ્ઞાને જેમ પાછળથી સિદ્ધ કરી

છે. તેમ નયવાદના સિદ્ધાંતની પણ આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિક શિરોમણીએ સાપેક્ષવાદથી "Theory of Relativity"થી સમર્થન કરી ત્યારે જૈનધર્મ અને દર્શનનો વિજય જગતને સ્વીકારવો પડ્યો.

નયવાદનો આપણે વ્યવહારમાં ઉપયોગ કરશું તો આપણા હંમેશના કલહો શાંત થઇ જશે. કોઈ પણ એક માણસને આપણે સર્વથા અને સર્વદા દુષ્ટ છે એમ નહિ કહીએ. આપણને નયવાદ યાદ આવશે. આપણને લાગશે કે, ના, ભાઈ! આ માણસ તદ્દન દુષ્ટ નથી, સારો પણ છે. આવી સહિષ્ણુતા આવશે. એના તરફ આપણને જે દુર્ભાવ હતો તે દૂર થશે. આપણે પહેલાં એને ધિક્કારતા હતા તે બંધ થઇ જશે. આપણે એની ઉજળી બાજુ દેખતાં થઈ જશું અને એક પ્રકારનું શાંતિનું વાતાવરણ આપણે ઉભું કરી શકશું.

વિશ્વમાં આજે અનેક સિદ્ધાંતો, વાદો કે માન્યતાઓ પ્રવર્તી રહ્યાં છે. આ બધા ઓછે-વત્તે અંશે એકાંતવાદના રંગથી રંગાયેલા અને મોટે ભાગે સંકુચિતતાના વિષથી ભરપૂર છે. એથી તેઓ પોતાના વાદના આગ્રહી રહે છે. એ કારણે કલહો, કંકાસો, વિરોધો અને શત્રુવટોનું વાયુમંડળ ઉભું થાય છે. છેવટે એનું પરિણામ જાગતિક યુદ્ધમાં આવે. આ વૈચારિક હિંસાની રામબાણ દવા ભગવાન મહાવીરે પ્રરૂપેલ નયવાદમાંથી આપણને જડે છે.

નયના પારિભાષિક સ્વરૂપના સંબંધમાં કહેવાનું કે નય અર્થાત દૃષ્ટિબિંદુ. દ્રવ્યને જ મુખ્યત્વે સ્પર્શતું હોય ત્યારે એ દ્રવ્યાર્થિક અને પર્યાયને જ ધ્યાનમાં લેતો હોય એ ત્યારે એ પર્યાયાર્થિક કહેવાય. બીજી રીતે કહીએ તો વસ્તુના મૂળ સ્વરૂપને ધ્યાનમાં લેનારી દૃષ્ટિ તે નિશ્ચય નય અને જે બાહ્ય સ્વરૂપને લેતી હોય તે વ્યવહાર નય—પ્રકારાંતરે નયોને સાત પણ કહેવામાં આવ્યા છે: જેમ કે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. વળી એક બીજી રીતે ગણાવતાં જ્ઞાનથી સિદ્ધિ બતાવનાર નય તે જ્ઞાનનય અને ક્રિયાથી કહે તે ક્રિયાનય. ટૂંકામાં નયોની ગણના થઈ શકે નહિ. અભિપ્રાયો અને વચન પ્રયોગો ગણનાથી બહાર છે તેમ નયો પણ ગણનાથી બહાર છે. માટે જ સિદ્ધસેન દિવાકરે કહ્યું છે: 'જાવઈયા વયણપહા તાવઈયા ચેવ હુંતિ નયવાયા.' આ બધાનો કેવળ અછડતો ઉલ્લેખ કરતાં વધારે કશું જ દસ મિનિટના પ્રસ્તુત વાર્તાલાપમાં કહી શકાય તેમ નથી.

આજના વાર્તાલાપની ફળશ્રુતિ રૂપે જો મારે કહેવું હોય તો એટલું કહું, 'એકાંતી ન બનો. સામાના દૃષ્ટિબિંદુને પોતાના દૃષ્ટિબિંદુ જેટલું જ આવકારો. સહિષ્ણુ બનો. અનેકાંતી બનો. કદાગ્રહી નહિ પણ ઉદાર બનો.' નયવાદ દ્વારા વહેવડાવેલો ભગવાન મહાવીરનો આ પાવનકારી સંદેશ છે. એ સંદેશને આપણે ચરિતાર્થ કર્યો ત્યારે જ કહેવાય, જ્યારે સમગ્ર વિશ્વની પ્રજા પ્રજા વચ્ચે સહાનુભૂતિ સમજુતી, મૈત્રી અને પ્રેમનો સેતુ ખડો કરવા એકાંત કે એકાંગીપણાને છોડી જીવન અને જગતનું વિશાળ દર્શન કરવા આપણે સૌ અનેકાંતવાદી બનીએ. અંગત જીવનથી માંડી વિશ્વપર્યંત ચિરસ્થાયી શાંતિ સ્થાપવા આપણે આપણાથી બને તેટલો ફાળો આપીએ અને જગદ્દોદ્ધારક પરમ અહિંસક ભગવાન મહાવીરના પચ્ચીસોમા નિ૦ મહોત્સવને સાર્થક બનાવીએ.

(આકાશવાણી, મુંબઇના સૌજન્યથી તા. ૯-૬-૭૫)

—"જૈન પ્રકાશ"માંથી સાભાર

## પ્રભુ કો અદ્‌ભુત અતિશય છાજે

(રાગ: તિલંગ)

—પૂ. મુ. શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

પ્રભુકો અદ્‌ભુત અતિશય છાજે....
વૃક્ષ અશોક નિહાળી ભવિકો, શોક સકલ દૂર ભાંજે ....
વિધવિધ કુસુમકી વૃષ્ટિ કરત સુર, ઉરમેં આનંદ-ઘન ગાજે.... પ્રભુ કો૦
નભમેં ભવિજન મન-સુખ કારન, દિવ્ય મધુર સ્વર બાજે....
ઉજ્જવલ ચામર, રત્નસિંહાસન, છત્રત્રય શુભ રાજે.... પ્રભુ કો૦
હાર્યો મેઘ ભયો મુખ શ્યામલ, દુંદુભિ ધીર-અવાજે....
મેરે પ્રભુકે મુખમંડલ પર, ભામામંડલ રાજે.... પ્રભુ કો૦
યું અડ-પ્રાતિહાર જ શોભાયુત, સમવસરનમેં બિરાજે....
વીર જિણંદ મુખચંદ દરશ કરી, પાયો આનંદ આજે.... પ્રભુ કો૦

Regd No. G. BV. 20
JAIN OFFICE-BHAVNAGAR

# માનવતાનો ધર્મ

પર (પ્રાણીમાત્ર)ને પીડા નહિ કરવાનો, પણ પર ઉપર ઉપકાર કરવાનો એવો મહાન દયાધર્મ (અહિંસા પરમોધર્મ:) જૈનધર્મ જે વિશ્વધર્મ બનવાને લાયક છે તે ધર્મના બંધુઓની તેમના પોતાનાં જ સાધર્મિકો પ્રત્યેની સેવાભાવના શું મરી પરવારી છે? સાચે જ અને સચોટ અભ્યુદયની ભાવના જીવતી-જાગતી, ફુલતી-ફાલતી હોય તો આજે જ કરો :

(૧) ૮૨ વર્ષની જુની અનેકવિધ સેવાઓ કરી ચૂકેલ સરકારી માન્યતા ધરાવતી એવી "શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ"ના આજે જ પેટ્રન, આજીવન સભ્ય, શુભેચ્છક બનો અને એક એક રૂપીયાવાળા સો સભ્યો બનાવી આપો.

(૨) કોન્ફરન્સ પ્રેરિત સ્થાપિત "શ્રી વર્ધમાન કો-ઓપરેટીવ બેન્ક લીમીટેડ-મુંબઈ નં. હવે સદ્ધર સ્થિતિમાં અને વેલ મેનેજડ છે. તે બેંકમાં આપના ઘરનાં તમામ બાળબચ્ચાંઓના રૂ. ૧૦૦)થી રૂ. ૫૦૦)ના સેવીંગ્સ ખાતાં ખોલો અને મોટેરાઓ દરેક રૂ. ૧૦૦૦)નો ફીક્સ્ટ ડીપોઝીટ એકાઉન્ટ ખોલાવો. આવી રીતે બેંકની આવક વધશે અને આપણા બેરોજગાર દીન-હીન-પીડીત-દુ:ખી સાધર્મિક ભાઈઓને 'રોજી મારફતે રોટી' આપવા આપણી જૈન બેંક મદદરૂપ બનશે.

પર્યુષણમાં ઉપરનો માનવતાનો ધર્મ બજાવી-બજાવી પુરતું પુણ્ય ઉપાર્જન કરો એજ અભ્યર્થના.

લી૦ સેવક હીરાલાલ એલ. શાહ M.Sc. (U.S.A.)

## પૂર્તિના સહાયકો

શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી
શ્રી દેવચંદભાઈ સી. શાહ
શ્રી મોતીલાલ વીરચંદ શાહ
શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
શ્રી નારાણજી શામજી મોમાયા
શ્રી કેશવલાલ બુલાખીદાસ
શ્રી જયંતભાઈ એમ. શાહ
શ્રી રસીકલાલ સી. શાહ
શ્રી જગદીશચંદ્ર બાબુભાઈ
શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રી રાયચંદ ગુલાબચંદ
શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી
શ્રી રમણલાલ નગીનદાસ પરિખ
શ્રી કુંજીલાલ સુંદરમલ જૈન
શ્રી રસિકલાલ નાથાલાલ કોરા
શ્રી બાબુ અ૦ ૫૦ આદીશ્વર મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ
શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
શ્રી મોહનલાલ સી. શાહ
શ્રી સારાભાઈ લક્ષ્મીચંદ ઝવેરી
શ્રી ઉમેદમલજી હજારીમલજી
શ્રી રવજી ખીમજી છેડા
શ્રી પાનાચંદ ડુંગરશી તુરખીયા
શ્રી દેવચંદભાઈ જેઠાલાલ શાહ
શ્રી રતીલાલભાઈ એમ. નાણાવટી
શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ શાહ
શ્રી હીરાલાલભાઈ એલ. શાહ
શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી
શ્રી પ્રતાપરાય ભોગીલાલ
શ્રી વૃજલાલ કપૂરચંદ મહેતા
એક સદ્‌ગૃહસ્થ-મુંબઈ
શ્રી કાંતીલાલ ચુનીલાલ ચોકસી
શ્રી જેસીંગલાલ લલ્લુભાઈ ઝવેરી
શ્રી ચિત્તરંજન દામોદર શાહ
શ્રી રસિકલાલ અમૃતલાલ મણીઆર
શ્રી રસિકલાલ ચમનલાલ
શ્રી રમણીકલાલ મણીલાલ
શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ
શ્રી ચંસેન જીવણલાલ ઝવેરી
શ્રી લાલજીભાઈ છગનલાલ
શ્રી પોપટલાલ છગનલાલ
શ્રી નેમજીભાઈ છગનલાલ
શ્રી હર્ષદભાઈ કે. શાહ
શ્રી વસનજી લખમશી
શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા
શ્રી મણિલાલ વીરચંદ શાહ
શ્રી જયંતિલાલ મણિલાલ
શ્રી ધરણીધર ખીમચંદ શાહ

[ અનુસંધાન ટાઈટલ પૃષ્ટ છેલ્લા-ચોથાથી ચાલુ ]

卐 આ ઐતિહાસિક મહોત્સવ નિમિત્તે આપના ગામ-શહેરમાં જિનભક્તિના નાના-મોટા જે અનુષ્ઠાનો, આરાધનાઓ કે તપશ્ચર્યા થયા હોય.

卐 નૂતન જિનમંદિરો નિર્માણ થયા હોય, જિર્ણોદ્ધાર થયા હોય, નવી પાઠશાળાએ, ધર્મશાળાએ થયેલ હોય

卐 અભયદાન અને સાધર્મિકભક્તિના ફંડો કે તેવા કોઇ કામો થયા હોય

卐 મકાનો, માર્ગો, ચોક વગેરેને ભગવાન મહાવીરનું નામ આપ્યું હોય.

卐 સ્મરિકાએ, જીવનચરિત્રો, અધ્યયન ગ્રંથો આદિ સાહિત્ય પ્રકાશન કર્યું હોય.

卐 ગુણાનુવાદની સરકારી કે બિનસરકારી ધોરણે સભાએ, સેમિનાર, વાર્તાલાપ વગેરેનું આયોજન કર્યું હોય.

卐 તે તમામ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓની માહિતી ફોટાઓ સાથે મોકલી આપો.

આ ભગીરથ પ્રકાશન કાર્યમાં આપ સૌનો સહકાર આપવા વિનંતી. આ વિશેષાંકમાં જાહેરાત આપીને, ભગવાન મહાવીરસ્વામીને 'વંદના' આપીને તેમજ આ ઐતિહાસિક ગ્રંથની અગાઉથી નકલ નોંધાવીને આપ આપનો સહકાર આપશો જ એવી આશા રાખીએ છીએ.

: જાહેરાતના દર :

આખું પાનું રૂા. ૫૦૦ : અર્ધું પાનું રૂા. ૩૦૦

વિશેષાંકની કિંમત રૂા. ૧૫

卐 વિશેષ માહિતી માટે લખો 卐

## " જૈન " માહિતી વિશેષાંક "

c/o શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, શ્રી ગોડીજી જૈન બિલ્ડીંગ, બીજે માળે,
૧૯-એ ગુલાલવાડી, મુંબઇ ૪૦૦૦૦૨. [ફોનઃ ૩૩૩૨૭૩]

# "જૈન" સાપ્તાહિકની અભિનવ યોજના

ભાવનગર

: તંત્રી :

ગુલાબચંદ દેવચંદ શેઠ

## શ્રમણ ભગવાન મહાવીર
## ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ

# માહિતી વિશેષાંક

■ જગદુપકારી, વિશ્વવત્સલ શ્રમણ ભગવાન મહાવીરદેવના મહાનિર્વાણ કાળે બારંભાયેલ ભસ્મગ્રહની માઠી અસરના અંત સાથે ૨૫૦૦ વર્ષ પછી જૈનશાસનનો ઉદય આજ આપણે અક્ષરશઃ સત્ય અનુભવીએ છીએ.

■ ભારતના ગામડે ગામડે જ નહિ પરંતુ વિદેશોમાં પણ ભગવાન મહાવીર ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવની ઉજવણી દ્વારા જૈન ધર્મનો જયનાદ સંપૂર્ણ વર્ષ માટે ગલી ગલી ગૂંજતો થયો છે.

■ જૈન શાસનના પ્રકાશમય ભાવિનો અતિ ઉજ્જ્વળ પ્રારંભ જૈન સમાજ જ નહિ, જૈનેતરો તેમજ ભારત સરકાર અને રાજ્ય સરકારોએ પણ જૈન ધર્મની ઉદય પતાકા ફરકાવવામાં જે ઉમંગ અને ઉત્સાહ બતાવ્યા છે તે પ્રત્યેક જૈન માટે ગર્વ અને ગૌરવની ઘટના છે.

■ સમસ્ત જૈન સમાજ ભગવાન મહાવીર ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ નિમિત્તે નિર્વાણ મહોત્સવ વર્ષ દરમિયાન ક્ષેત્ર, સંપ્રદાય-પંથ કે ફિરકાના ભેદભાવ વિના જે કંઈ [ચિ]રસ્મરણીય કાર્ય થયું છે તેની કડીબદ્ધ હકીકત શક્ય તેટલી સંપૂર્ણ વિગતો અને ચિત્રો સાથે આજની અને ભાવિ પેઢી માટે સ્મરણીય બની રહે તેવો "જૈન સાપ્તાહિક"નો "માહિતી વિશેષાંક"

પરમપૂજ્ય આચાર્ય ભગવંત ૧૦૦૮

પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબ
પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને
પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના
પ્રેરણા અને આશીર્વાદથી શરૂ કર્યું છે.

-: સંપાદન :-

રતિલાલ દીપચંદ દેસાઈ : કાન્તીલાલ ડી. કોરા : કુમારપાળ વિ. શાહ
ધીરેન્દ્ર દોશી : મહેન્દ્ર ગુલાબચંદ શેઠ

[ અનુસંધાન ટાઇટલ પૃષ્ટ-અંદર-ત્રીજા ઉપર જુઓ ]

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલીકઃ શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાન : જૈન પ્રિન્ટરી-પાનવાડી, ભાવનગર.

REGD No. G. BV. 20




## વીર શાસનની

જ્યોત ઝળહળાવતા....

પ્રભાવના પ્રસરાવતા....

ભ૦ મહાવીર પરમાત્માના
૨૫૦૦મા નિર્વાણકલ્યાણકને
અનુલક્ષીને યોજાયેલ
ઉત્સવો,
આયોજનો અને
ચિરસ્થાયી કાર્યો-પ્રસંગો
નીચેના સરનામે મોકલવા
અને એ ગ્રન્થસ્થ કરવાના
કાર્યને સાકાર બનાવવા
સૌકોઈને નમ્ર વિનંતી છે.

## માહિતી વિશેષાંક

૨૧૯એ, કંકા સ્ટ્રીટ, ગોડીજી
બિલ્ડીંગ, ૭ મે માળે, મુંબઈ-૨



"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)

વા. લવાજમ
રૂા. ૧૫

# જૈન

વીર સંવત
૨૫૦૨
વિક્રમ સંવત
૨૦૩૨
કારતક શુદિ ૧૨
તારીખ
૧૫-૧૧-૭૫
શનિવાર

વર્ષ ૭૨

સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ

અંક ૪૦


## વિધિ કરાવનારાઓની અછત

ધાર્મિક શિક્ષકોની માગણી અનેક સ્થાનોમાંથી અવારનવાર થતી જ રહે છે; અને એ માગણીને અત્યારે આપણે પૂરી કરી શકતા નથી, એ એક શ્રીસંઘે ચિંતા અને વિચાર કરવા જેવી હકીકત છે. પણ આ અછતનું કારણ સ્પષ્ટ છે : આપણી જરૂરને પૂરી કરી શકે એટલા ધાર્મિક શિક્ષકો આપણી પાસે છે નહીં, અને ધાર્મિક શિક્ષકોની આ અછતને પૂરી કરવા માટે નવા ધાર્મિક શિક્ષકો તૈયાર કરવા માટે આપણે પ્રયત્ન પણ કરતા નથી; આ દિશામાં આપણે ઠીક ઠીક પ્રમાણમાં નિષ્ક્રિય અને ઉદાસીન હોઈએ એવી સ્થિતિ દેખાય છે.

આથી ઊલટું, છેલ્લા એકેક દાયકા દરમ્યાન, શાંતિસ્નાત્ર તથા જુદાં જુદાં પૂજનોના વિધિને જાણનારાઓની સંખ્યામાં સારા પ્રમાણમાં વધારો થયો છે, જે સંખ્યાબંધ સ્થાનોમાં અવારનવાર ભણાવવામાં આવતાં શાંતિસ્નાત્રો કે અષ્ટોત્તરી-સ્નાત્રો તથા વિવિધ પ્રકારનાં પૂજનો ઉપરથી સ્પષ્ટરૂપે જાણી શકાય છે.

જૈનધર્મની સાધનાનું લક્ષ્ય સંસારવાસથી સદાને માટે મુક્તિ એટલે મુક્તિની પ્રાપ્તિ એ છે; અને એના ઇષ્ટદેવ વીતરાગ પરમાત્મા ભગવાન તીર્થંકર દેવ છે. તીર્થંકર દેવોએ નિર્મળ આત્મસાધના દ્વારા જે અપૂર્વ સિદ્ધિ મેળવી એનો લાભ વિશ્વના જીવોને મળી શકે એ માટે એમણે ધર્મતીર્થની સ્થાપના અને ધર્મમાર્ગની પ્રરૂપણા કરી હતી, તે સુવિદિત છે. અને જે ધર્મનું ધ્યેય વીતરાગપણાની એટલે કે સમતા-સમભાવની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ હોય એનાં ધર્મારાધનનાં સાધનો પણ એને અનુરૂપ જ હોય, એ કહેવાની જરૂર નથી. આટલા માટે જ

: મણકો :

જ્ઞાની પુરુષ સર્વ પરભાવોને પર જાણીને તેમનો ત્યાગ કરે છે. તેથી 'જાણવું' એટલે ત્યાગવું', એમ નિયમથી સમજવું. જેમ લૌકિક વ્યવહારમાં કોઈ વસ્તુને પારકાની જાણી, માણસ તેનો ત્યાગ કરે છે, તેમ જ્ઞાની પણ સર્વ પરભાવોને પર જાણી, તેમનો ત્યાગ કરે છે. તે જાણે છે કે, મોહ વગેરે આંતરિક ભાવો કે આકાશ વગેરે બાહ્ય ભાવો મારા કોઇ પ્રકારે સંબંધી નથી. હું તો કેવળ એક, શુદ્ધ તથા હંમેશાં અરૂપી છું; અન્ય પરમાણુમાત્ર પણ મારું નથી.

—શ્રી કુંદકુંદાચાર્ય ( પ્રવચસાર )

જૈન દર્શને અહિંસા, સંયમ અને તપમય ધર્મને ઉત્કૃષ્ટ મંગલરૂપ કહેલ છે.

આજે ધાર્મિક વિધિવિધાનો, અનુષ્ઠાનો તથા ક્રિયાકાંડોની સંખ્યા એટલા મોટા પ્રમાણમાં વધી ગઈ છે કે એથી કંઈક એમ જ લાગી જાય છે કે જાણે આપણે આપણા પોતાના હાથે એનો મહિમા ઓછો કરી રહ્યા છીએ! મોટાં શહેરોમાં ભણાવવામાં આવતાં આવાં પૂજનો કે વિધિ-વિધાનોમાં હાજરી આપનાર વર્ગમાં જેમ ધર્મભક્તિ અને પ્રભુભક્તિથી પ્રેરાયેલ વર્ગને સમાવેશ થાય છે, તેમ આવાં પૂજનો ભણાવનાર વ્યક્તિ સાથેના પોતાના સંબંધનો વિચાર કરીને વ્યવહાર સાચવવાની મનોવૃત્તિ ધરાવનાર વર્ગનો પણ સમાવેશ થાય છે. ધાર્મિક અનુષ્ઠાનોમાં હાજર રહેવા પાછળ રહેલી આવી પ્રભુ પ્રત્યેની અંતરની ભક્તિ અને વ્યવહાર સાચવવાની વૃત્તિ એ કંઇ આજકાલની કે નવી વાત નથી; છેક જૂના વખતથી આવાં બે પ્રકારનાં વલણો ચાલતાં આવ્યાં છે, કારણ કે એ માનવીની પોતાની પ્રકૃતિમાંથી ઉદ્ભવેલાં છે અને એની સાથે જડાયેલાં છે. આમ છતાં, અત્યારની પરિસ્થિતિનું અવલોકન કરતાં, એટલું તો લાગે છે કે, આવાં ધાર્મિક ક્રિયાકાંડોમાં હાજરી આપ-નારાઓમાં આંતરિક ધર્મભક્તિથી પ્રેરાયેલ વ્યક્તિઓની સંખ્યા કરતાં વ્યવહાર સાચવવાની દૃષ્ટિથી પ્રેરાયેલ વ્યક્તિઓની સંખ્યાનું પ્રમાણ ઘણું વધી જવા પામ્યું છે. અને આ હકીકત ગંભીર વિચારણા અને સત્વર સુધારણા માગી લે એવી છે.

અને આથી પણ વધારે વિચારણા માગી લે અને ચિંતા ઉપજાવે એવી વાત તો એ છે કે વીતરાગ તીર્થંકર પરમાત્માને કેન્દ્રમાં રાખીને ભણાવવામાં આવતાં આવા વિધિવિધાનો અને પૈજનોમાં વીતરાગ પરમાત્માની જેટલી સ્તુતિ અને પ્રાર્થના કરવામાં આવે છે, તેના કરતાં સરાગ દેવ-દેવીઓ અને યક્ષ-યક્ષણીઓની કરવામાં આવતી સ્તુતી-પ્રાર્થના અને એમની પાસે કરવામાં આવતી યાચનાનું પ્રમાણ અનેકગણું વધી ગયું છે! આવા વિધિવિધાનો જો વીતરાગ પરમાત્માની ઉપાસના અને વીતરાગદેવે પ્રરૂપેલ ધર્મની આરાધનાની દિશામાં દોરી જવાને બદલે આપણને રાગદૃષ્ટિ કે સરાગભાવ તરફ દોરી જાય તો પછી મોક્ષમાર્ગની આરાધના આપણાથી દૂર ચાલી જાય તો એમાં શી નવાઈ? આજે જાણે આપણે વીતરાગદેવ અને મોક્ષમાર્ગી ધર્મને ભૂલીને કોઈ માયા-જાળ કે ભ્રમજાળમાં વધારે પડતા અટવાઈ ગયા હોઈએ એવું જ લાગે છે! આપણા ધર્મ અને સંઘ, એ બન્નેના યોગક્ષેમની દૃષ્ટિએ આ વાત આપણે અને વિશેષ કરીને આપણા સંઘનાયકોએ ગંભીરપણે ધ્યાન આપવા જેવી અને છણાવટ કરવા જેવી છે. અમે ઇચ્છીએ છીએ કે આ બાબ-તની તટસ્થ, મર્મગ્રાહી અને સર્વસ્પર્શી વિચારણા કરવામાં આવે, જેથી શ્રીસંઘને ધર્મનો સાચો માર્ગ મળે. પણ આ અંગેની વર્તમાન પરિસ્થિતિની છણાવટ એ અમારી આ નોંધનો ઉદ્દેશ ન હોવાથી એનો આટલો સામાન્ય નિર્દેશ કરવાની સાથે આ બાબતમાં વિચારકો અને સંઘહિતચિંતકો પોતાના વિચારો દર્શાવે એવું આમંત્રણ આપીને સંતોષ માનીએ છીએ, આ વિચારોને અમે

સહર્ષ આવકારીશું.

હવે જેને માટે અમને આ નોંધ લખવાની જરૂર લાગી છે, તે મુખ્ય વાત સંક્ષેપમાં કરીએ. આ મુખ્ય વાત છે, અત્યારે ધાર્મિક અનુષ્ઠાનો અથવા વિધિવિધાનો કરાવનાર વિધિકારકોની વરતાતી અછત અને એ અછતની એમનાં વાણી અને વર્તનમાં કયારેક કયારેક જોવા મળતી અનિચ્છનીય અને માઠી અસર.

આ બાબતની છણાવટ કરતાં અગાઉ અમે એટલો ખુલાસો કરવાની રજા માગીએ છીએ કે આમ કરવામાં વિધિ કરાવનાર કોઈપણ મહાનુભાવની વ્યક્તિગત ટીકા કરવાનો, એમની મહેનત તથા કારીગીરીનું મૂલ્ય ઓછું આંકવાનો અથવા તો બિનજરૂરી રીતે એમને નારાજ–નાખુશ કરવાનો અમારો મુદ્દલ ઇરાદો નથી; પણ અત્યારે પરિસ્થિતિ જ કંઈક એવી શોચનીય બની ગઈ છે કે એમાં વધારે દોષનો પ્રવેશ થતો રોકવા માટે કંઈક પણ કહ્યા અને કર્યા વગર ચાલે એમ નથી.

કોઈ પણ વસ્તુની અછત ઊભી થાય એટલે એના ભાવ વધી જાય અને એને મેળવવાનું કામ પણ મુશ્કેલ બની જાય : દુનિયાનો આ સામાન્ય અને સહજ ક્રમ છે પણ આ ક્રમ ધર્મ જેવા પવિત્ર ક્ષેત્રમાં પણ પ્રવેશી જાય તો તો, અનિષ્ટથી ઉગરી જવાની માનવજાતની રહી–સહી આશા પણ આથમી જાય અને ધર્મ અને સંસાર વચ્ચેની ભેદરેખા જ ભૂંસાઈ જવા પામે. આવું બનવા ન પામે એ માટે ધર્મક્ષેત્રના રખેવાળ ગણાતા આપણા ધર્મગુરુઓએ અને વિધિવિધાનના જાણકાર વિધિકારકોએ—એ બન્નેએ ધર્મક્ષેત્રની પવિત્રતાને અબાધિત રાખવા માટે જાગ્રત રહેવાની ખાસ જરૂર છે.

હમણાં હમણાં આપણા વિધિકારકોમાંના કોઈ કોઈ મહાનુભાવોએ, એમની આવડતનો ઉપયોગ કરવાની માગણી કરનાર ભાઈઓ કે સંઘો પ્રત્યે વાણીનો સંયમ અને વર્તનનો વિવેક વિસારી મૂકયાનું જાણવા મળે છે ત્યારે મનમાં ભારે ગ્લાનિ થઈ આવે છે; અને સહજપણે સવાલ થઈ આવે છે કે શું, આવા વખતે આ બધું કામ ધર્મનું અને ભગવાનનું જ પાવનકારી કાર્ય છે એ પાયાની વાત જ વીસરાઈ જતી હશે અને એનું સ્થાન ગરજ વરતવાની કે જાણે કોઈ સોદાબાજી કરી લેવાની તક આવી મળી હોય, એની નબળી અને હલકી મનોવૃત્તિ લેતી હશે ?

આવાં અનુષ્ઠાનો અને વિધિવિધાનો ખર્ચાળ હોય છે, એ વાત તો આવું કોઈપણ પૂજન કે અનુષ્ઠાન કરાવનાર પણ સમજતા હોય છે; સાથે સાથે તેઓ એ વાત પણ જાણતા હોય છે કે આ માટે વિધિકારકોને મેળવવામાં, બોલાવવામાં અને સાચવવામાં ઠીક ઠીક ખર્ચ થતું હોય છે. અને જે સંઘ કે વ્યક્તિની આવું મોટું ખર્ચ ઉઠાવવાની તૈયારી હોય તેઓ જ આવું અનુષ્ઠાન કરાવવાનો વિચાર કરી શકે છે. વળી, જે સંઘ કે વ્યકિત આવું ધર્માનુષ્ઠાન કરાવવા ઇચ્છતા હોય એમને વિધિ કરાવનાર મહાનુભાવો એમાં થનાર ખર્ચના અંદાજનો ખ્યાલ આપે એ પણ સમજી શકાય એવી જરૂરી વાત છે. પણ આ બધાના કેન્દ્રમાં ભગવાન તીર્થંકર અને એમનો ધર્મ બિરાજે છે અને ભગવાનને પ્રિય અને ધર્મના પ્રાણરૂપ મુખ્ય વાત છે ભાવના; અને ધર્મના દરબારમાં ખરું મૂલ્ય બાહ્ય આડંબરી દેખાવો કરતાં આંતરિક ભાવનાનું જ છે, એ વાત વીસરાઈ જાય અથવા ગૌણ બની જાય એ હિતાવહ નથી. આ ભાવનાનું જેટલું વધારે જતન થાય તેટલું વધારે ધર્મનું જતન થયું સમજવું.

અંતે, બહુ જ અદબ સાથે અને ટૂંકમાં, ધાર્મિક વિધિવિધાનોના જાણકાર મહાનુભાવોને એટલું સૂચવવા ઇચ્છીએ છીએ કે શ્રીસંઘમાં તેઓની અંગત જરૂરિયાતો સંબંધી, એમના વચન–વર્તન–

વ્યવહાર સંબંધી અને અનુષ્ઠાનોના ખર્ચના અંદાજો સંબંધી દંતકથાઓ જેવી જે વાતો વહેતી થઈ છે, તે જાણવાનો અને એના ઉપરથી કંઈ બોધ લેવા જેવો લાગે તો તે લેવાનો તેઓ પ્રયત્ન કરે. સંઘમાં આવી કંઈ કંઈ વાતો સાંભળવા મળે છે.

અમારા આ કહેવાનો અર્થ એવો હરગિજ નથી કે વિધિ કરાવનાર મહાનુભાવો, પોતાની મુસાફરી સુખરૂપ થાય અને પોતાની તથા પોતાના સાથીઓની તંદુરસ્તી સચવાય એવી સગવડો ભોગવે નહીં કે માગે નહીં; આવી પૂરેપૂરી સગવડો તો એમને મળવી જ જોઈએ. પણ આવાં અનુષ્ઠાનો અને વિધિવિધાનો વખતે સતત એ વાતનો ખ્યાલ રાખવામાં આવે કે આ તો ભગવાનનું જ કામ છે તો વાણી અને વર્તન બન્ને વિવેક અને વિનમ્રતાથી પવિત્ર બની જાય અને કોઈને પણ નારાજ થવાનો વખત ન આવે.

આ લખીએ છીએ ત્યારે વળાદ નિવાસી સ્વનામધન્ય સ્વર્ગસ્થ ફૂલચંદભાઈ ખીમચંદ શાહનું ( અને એમની સાથે સાથે એવા જ ધર્મના રંગાયેલા વિધિકારક મહાનુભાવોનું પણ ) સ્મરણ થઈ આવે છે. આપણા વિધિકારક મહાનુભાવો આવા આદર્શને પોતાના આદર્શ તરીકે અપનાવે એ જ આ કથનનો સાર છે.

---

## સામયિક સ્ફુરણ

### દિલ્હીમાં રચાનાર જૈન વિદ્યા અને કળાનું કેન્દ્ર

જૈન સાહિત્ય અને કળાનો જેટલો પ્રચાર થાય તેટલો ઇચ્છવા જેવો છે; કારણ કે એમ થવાથી જેમ જૈન શાસન વિશેષ ગૌરવશાળી બને છે તેમ તેથી વિદ્યા અને કળાના પ્રેમીઓ તથા અભ્યાસીઓને પણ વિશેષ લાભ થાય છે. જૈન સાહિત્ય અને કળાનો ઉત્કર્ષ ઇચ્છનારાઓને એ જાણીને આનંદ થશે કે ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના એક કાયમી સ્મારક તરીકે, કેન્દ્ર સરકારના સહકારથી, જૈન સાહિત્ય અને કળાનું એક કેન્દ્ર દિલ્હીમાં રચાવાનું છે.

દિલ્હીની નિર્વાણ મહોત્સવ મહાસમિતિના હિંદી ભાષામાં પ્રગટ થતા માસિક મુખપત્ર "વીર પરિનિર્વાણ" ના ગત સપ્ટેમ્બર–ઓક્ટોબર માસના સંયુક્ત અંકમાં, આ મહાસમિતિના કાર્યાધ્યક્ષ (ચેરમેન) સાહુ શ્રી શાંતિપ્રસાદજી જૈન તરફથી જે નિવેદન પ્રગટ કરવામાં આવ્યું છે, એમાં આ વિદ્યાકેન્દ્ર અંગે જણાવવામાં આવ્યું છે કે—

"આપને એ જાણીને આનંદ થશે કે નવી દિલ્હીમાં ભગવાન મહાવીર વનસ્થલીથી લગભગ એક કિલો.મીટરની દૂરી પર આવેલ ધોળા કૂવાની નજીકમાં તથા સરદાર પટેલ માર્ગ ઉપર ભગવાન મહાવીર સ્મારક ( મેમોરિયલ ) બનાવવા માટે ભારત સરકારે ચાર એકર જમીનનો પ્લોટ કાઢી આપ્યો છે. રાષ્ટ્રીય સમિતિએ કરેલ નિર્ણય અનુસાર આ જમીન ઉપર ત્રીસ લાખ રૂપીયાના ખર્ચે એક ભવ્ય ભવન ઊભું કરવાના કામની શરૂઆત તરત જ કરવામાં આવનાર છે. આ મેમોરિયલની રચના અને એના સંચાલન માટે શ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે "ભગવાન મહાવીર મેમોરિયલ સમિતિ" નામે સંસ્થાનું રજિસ્ટ્રેશન કરી લેવામાં આવ્યું છે. ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ મહોત્સવ નિમિત્તે તૈયાર થનાર આ મેમોરિયલમાં જૈન કલા–કૃતિઓ અને ચિત્રોના સંગ્રહ તથા જૈનસાહિત્ય સંબંધી પુસ્તકોના સંગ્રહ ઉપરાંત અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવશે. મને ખાતરી છે કે રાજધાનીમાં ભગવાન મહાવીર વનસ્થલી તેમ જ ભગવાન મહાવીર મેમોરિયલ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી પ્રવૃત્તિઓ બની રહેશે."

જૈનધર્મના અનુયાયીઓની વસતી દેશના જુદાજુદા ભાગોમાં ફેલાયેલી છે; અને દિલ્હીમાં પણ જૈનોની વસતી

.RIGD No. G. BV. 20





વીર શાસનની

જ્યોત જળહળાવતા....

પ્રભાવના પ્રસરાવતા....

ભ૦ મહાવીર પરમાત્માના ૨૫૦૦મા નિર્વાણકલ્યાણકને લક્ષીને યોજાયેલ ઉત્સવો, આયોજનો અને ચિરસ્થાયી કાર્યો-પ્રસંગો નીચેના સરનામે મોકલવા અને એ ગ્રન્થસ્થ કરવાના કાર્યને સાકાર બનાવવા સૌકોઈને નમ્ર વિનંતી છે.

માહિતી વિશેષાંક

૨૧૯એ, કીકા સ્ટ્રીટ, ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે, મુંબઈ-૨



"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)

વા. લવાજમ
રૂા. ૧૫

# જૈન

વીર સંવત
૨૫૦૨
વિક્રમ સંવત
૨૦૩૨
કારતક વદિ ૪
તારીખ
૨૨-૧૧-૭૫
શનિવાર

વર્ષ ૭૨ ] સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ [ અંક ૪૧


## એ માગણી કાને નહીં ધરીએ ?

વિક્રમ સંવત ૧૯૩૦–૩૧નું વર્ષ ગુજરાત રાજ્યના ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એ ત્રણે મુખ્ય ભાગોના ઘણા વિભાગોને આવરી લેતા વ્યાપક દુષ્કાળને કારણે ગુજરાતની સાધનહીન, સામાન્ય અને ગરીબ પ્રજાને માટે તેમ જ કેવળ ગુજરાતની જ નહીં, પણ દેશની પણ અમૂલ્ય સંપત્તિરૂપ ઢોર-પશુઓ માટે ભારે કપરું અને અસહ્ય સંકટોથી ભરેલું વર્ષ બની ગયું હતું, અને આ દુષ્કાળ વર્ષની પહેલાં પણ ગુજરાત રાજ્યના અમુક વિભાગમાં એક વર્ષ માટે તો કોઈક વિભાગમાં બે વર્ષ માટે પણ દુષ્કાળનું કાળચક્ર ફરી ચૂક્યું હતું, તેથી સંવત ૧૯૩૦–૩૧નો દુષ્કાળ વધારે વસમો બની ગયો હતો—ગરીબ પ્રજા અને પશુધનને માટે તો જાણે કાળનું મોં જ ઊઘડી ગયું હતું !

પણ ગુજરાત રાજ્યની સરકારે, ગુજરાતની સુખી અને બગદાર પ્રજાએ, ગુજરાતની જીવદયાપ્રેમી તેમ જ માનવતાપ્રેમી સંસ્થાઓએ, ગુજરાત બહાર વસતા ( મહાગુજરાતના ) ગુજરાતના શક્તિશાળી અને ભાવનાશીલ પ્રજાજનો તથા મહાજનોએ, ગુજરાત બહારની જીવદયાપ્રેમી સંસ્થાઓ તેમ જ કેન્દ્ર સરકારે—આમ બધાંએ સાથે મળીને આ દુષ્કાળના સંકટને તરી જવાનો એવો સંયુક્ત અને સમર્થ પ્રયાસ કર્યો હતો કે જેથી માનવસમાજ ઉપરનું આ સંકટ ઠીકઠીક હળવું બની ગયું હતું અને પશુધન પણ સારા પ્રમાણમાં ઊગરી જવા પામ્યું હતું.

ગુજરાતના પશુધનને ઉગારી લેવા માટે જે સંસ્થાઓએ મન દઈને અને આર્થિક જોખમ ખેડીને પણ કામ કર્યું હતું, એમાં મુંબઈની બે સંસ્થાઓએ—જીવદયા મંડળીએ તથા

: મણકો :

દેવ-ગંધર્વ સર્વને આયુષ્ય પુરું થયે, ન ગમતું હોવા છતાં, પોતાના પ્રિય સંજોગો અને સંબંધો છોડીને, અવશ્ય જવું પડે છે. તથા પોતપોતાનાં કર્મનાં ફળ જાતે એકલા ભોગવવાં પડે છે. તે વખતે રાજ-વૈભવ, ધનસંપત્તિ, શાસ્ત્રજ્ઞાન, ધર્મજ્ઞાન, બ્રાહ્મણપણું કે ભિક્ષુપણું કોઇને પોતાનાં પાપકર્મનાં ફળમાંથી બચાવી શકતાં નથી. માટે વખત છે ત્યાં સુધી, એ ક્ષુદ્ર તથા દુઃખરૂપ કામભોગોમાંથી નિવૃત્ત થઇ, સાચું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો; જેથી, કર્મો તેમ જ કર્મોના હેતુઓનો નાશ કરી, તમે આ દુઃખચક્રમાંથી મુક્ત થઈ શકો.

—શ્રી સૂત્રકૃતાંગ

ગોગ્રાસ ગોજીવનદાન મંડળે—વ્યવસ્થિત, ઘણો કીમતી અને ફળદાયી ફાળો આપ્યો હતો. અને આ માટે એ સંસ્થાઓએ પાંચ લાખની રકમ જેટલું મોટું દેવું સુદ્ધાં કર્યું હતું. આ દેવાની રકમ પૂરી કરી આપવા માટે, મુંબઈની જીવદયા મંડળીના માસિક મુખપત્ર "શ્રી જીવદયા"ના ગત જૂન મહિનાના અંકમાં, એક અપીલ પ્રગટ કરવામાં આવી હતી. અને અમે અમારા "જૈન" પત્રના તા. ૨૬-૭-૭૫ના અંકમાં "સત્વર પૂરી કરવા જેવી માગણી" એ નામે અગ્રલેખ લખીને આ ટહેલ તરત જ પૂરી કરી આપવાની જૈન સંઘને, જીવદયાપ્રેમી જનતાને તેમ જ જીવદયાનું કામ કરતી સંસ્થાઓને ભારપૂર્વક ભલામણ કરી હતી.

પણ "શ્રી જીવદયા" માસિકના ગત ઓક્ટોબર માસના અંકમાં, પ્રાણીમિત્ર અને શ્રી જીવદયા મંડળીના મંત્રી શ્રી જયંતીલાલભાઈ માન્કરની સહીથી છપાયેલ "ગુજરાતનું સંકટ ગયું પણ જીવદયા મંડળી સંકટમાં" શીર્ષક નોંધ ઉપરથી જાણી શકાય છે કે આ માગણી હજી સુધી પૂરી થઈ નથી અને આ સંસ્થાએ દુષ્કાળના વખતમાં પશુધનને બચાવી લેવા માટે કરેલ ચાર-પાંચ લાખ રૂપિયાનું દેવું ભરપાઈ કરી દેવાની જવાબદારી હજી ઊભી જ છે. આ હકીકત જેમ દુઃખ ઉપજાવે એવી છે, તેમ શરમ ઉપજાવે એવી પણ છે. અહિંસાધર્મી જૈન સંઘો અને જીવદયાની હિમાયતી જનતાનું આવી મહત્ત્વની બાબત તરફ ફરી ધ્યાન દોરાય એ માટે શ્રી માન્કરનું આ નિવેદન અમે અહીં રજૂ કરીએ. પોતાના નિવેદનમાં શ્રી માન્કર કહે છે કે—

"સદ્‌ભાગ્યે ગુજરાત સરકાર, રીલીફ કમીટીઓ, ગૌશાળા, પાંજરાપોળો, સ્વૈચ્છિક સંસ્થાઓ, મહાજનો અને દયાળુ ધનવાનોના માનવતાભર્યા પ્રયાસો, ત્યાગ અને દાનશૂરતાથી તેમજ સંકટપીડીત જનતાની સહિષ્ણુતાથી ગુજરાતના ભીષણ દુષ્કાળનાં વાદળો વીખરાયાં અને પુન્યે પાપ ઠેલાય તેમ પારમાર્થિક પ્રવૃત્તિના પુન્યે મેઘરાજાએ મ્હેર કરી. ગુજરાતના અનેક પશુધનના મડદાથી અને ગરીબોની ભૂખમરાથી તલસતી ભૂમિ ફરીથી લીલીછમ બની ચમકદાર પાકની આશાના કીરણો ફેંકી રહી છે. કુદરત જેમ વિફરે છે તેમ ઉદાર પણ બને છે.

"આમ ગુજરાત પરનું દુષ્કાળનું સંકટ તો ગયું, પણ મુંબઈ જીવદયા મંડળી અને ગોગ્રાસ ગોજીવદાન મંડળ તેમના દૈનિક અભયદાનના કાર્યની રૂા. એક લાખની રકમ, અને તેટલી સંસ્થાઓ અને તેનાં ૫૦૦૦૦ જેટલાં પશુધનને બચાવવાની ધૂનમાં, ખર્ચી નાખ્યા છતાં હજુ રૂા. ૪થી ૫ લાખનો બોજો મંડળી પર રહ્યો છે. જો કે ભગવાન મહાવીરની ૨૫ સોમી નિર્વાણ શતાબ્દિ વર્ષમાં ૫૦,૦૦૦ જીવોને અભયદાન મળ્યાં અને સંસ્થાઓની પ્રતિષ્ઠા જળવાઈ તેની સરખામણીમાં રૂા. પાંચ લાખની ઘટ તુચ્છ ગણાય, પણ એ તો દાનવીરોએ સમજવાનું રહ્યું. મંડળીએ તો તેની પાસે હતું એ ખર્ચી નાખ્યું અને પ્રથમથી ફંડ માટે તજવીજ કર્યા વગર અભયદાનનો આ યજ્ઞ કર્યો. પણ હવે જો દાનવીરો અભયદાનના યજ્ઞેય મહાન કાર્ય

અને આર્થિક દૃષ્ટિએ ખેડૂતો અને જનતાને થયેલા લાભની કદર કરી ઉદાર સહાયતા મોકલી ઘટ પૂરી ન કરે તો મંડળીનું ચાલુ અભયદાનનું કાર્ય અટકી પડે. મંડળીએ મુંબઈ અને અમદાવાદ ખાતે ડબામાં પુરાતા, બીનવારસી જાનવરોને લીલામમાં કસાઈ ખાને જતાં તે અટકાવી તેનો ખોરાકી ખર્ચ આપી દર વરસે ૧૦૦૦ કરતાં વધારે જાનવરો બચાવવાની વર્ષોથી સરકાર અને મ્યુનીસીપાલીટી સાથે ગોઠવણ કરી છે. પણ ઉપરોક્ત સંજોગોમાં તે જાનવરો છોડાવી શકાય તેવી આર્થિક સગવડો રહી નથી. એટલે આમ ગુજરાતના પશુધનને સંકટમાંથી બચાવવા પણ મંડળી ઉપરોક્ત ધર્મસંકટમાં સપડાએલી છે. વર્ષોથી ચાલતી ગોઠવણ મુજબ અભયદાનની આશાએ બારણે આવેલા જીવોને પૈસાને અભાવે ઠેકઠેકાણે જવા દેવા એ ધર્મની દૃષ્ટિએ અધર્મ છે. ગોગ્રાસ ગોજીવદાન મંડળ દર વરસે મહેસાણા બજાર અને કલ્યાણ બજાર પરથી ૧૦૦૦ જાનવરો છોડાવે છે. તેની પણ તેવી જ સ્થિતિ થઈ છે.

"જૈન પત્રના અધિપતિ સાહેબે અગ્રલેખ દ્વારા અહિંસા પ્રેમીઓને આ ઘટ પૂરી કરવા આગ્રહપૂર્વક અનુરોધ કર્યો છે, પણ "પડી ગરજ મન ઓર છે સરી ગરજ મન ઓર" તે મુજબ હવે સંકટ ટળી ગયું એટલે થએલા કાર્યના પ્રત્યાઘાતોને પડતા મૂકવા એ સમજણ પૂર્વકની દાનશૂરતા ન ગણાય. "અર્થ સર્યો અને વૈદ્ય વેરીની" કહેવત મુજબ આવા સંકટ નીવારણ કાર્ય માટે પણ ન બને તોજ ભવિષ્યમાં સંસ્થાઓ સંકટ વખતે જોખમ વેઠીને પણ અન્યને સહાયભૂત થવાની હિંમત કરે, જે સંસ્થાઓ સંકટમુક્ત બની છે અને જેને મંડળીએ કોઈની પણ મદદ વગર અરધે ભાવે ઘાસ આપ્યું છે તે સંસ્થાઓને સરકાર તરફથી જાનવર નિભાવની લાખો રૂપીયાની સબસીડી તથા મંડળી તરફથી રેલ્વે નૂરની સબસીડી મળી છે. તેમણે પણ મંડળી પરના આ સંકટ અંગે સહૃદયતાથી વિચાર કરવો ઘટે છે. તેવી જ રીતે જે રાહત કમિટીઓએ લાખોના ફંડ કર્યાં અને હજી જેમની પાસે બચત હોય તેમણે પણ મંડળીની ઘટ પૂરી કરવા માટે ઉદારતા બતાવવી જોઈએ."

શ્રી માન્કરનું આ નિવેદન જેમ આ બન્ને સંસ્થાઓ ઉપર આવી પડેલ આર્થિક ભીંસનો ખ્યાલ આપે છે, તેમ આવી પરિસ્થિતિ સર્જાવાને કારણે એમના અંતરમાં ચિંતા અને વેદનાની જે લાગણી ઊભી થઈ છે એને પણ વ્યક્ત કરે છે. વળી, આ આર્થિક જવાબદારીનું સત્વર નિવારણ ન થાય તે જીવોને બચાવવાના કામોમાં પણ ઢીલાશ આવી જવાનો સંભવ છે, એનો પણ એમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. એટલે આવી માગણી બહેરા કાને અથડાય એમાં ધર્મની, સંઘની કે, સંપત્તિશાળી મહાનુભાવોની શી શોભા? વધારે શું કહીએ? શ્રી માન્કરે દર્શાવેલ પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ કરીને તેમ જ એમની વેદનાની કદર કરીને, આ બે સંસ્થાઓનું પ્રાણીરક્ષાનું કામ અસ્ખલિતરૂપે ચાલુ રહે એ માટે સૌ ઉદારતાથી સત્વર સહાય આપે, એ જ અમારા આ કથનનો હેતુ છે

---

## સામયિક સ્ફુરણ

### માનતા અને સાધના વચ્ચેનો વિવેક

પ્રાણીમાત્રનું જીવન જેમ સુખ-દુઃખના દ્વંદ્વથી ભરેલું હોય છે, તેમ એ કામનાઓ, વાસનાઓ અને કષાયોથી પણ ઊભરાતું હોય છે. તેમાંય માનવદેહમાં જેમ આ કમજોરીઓ વધારે વ્યાપક અને ઉગ્રરૂપમાં પ્રગટ થાય છે, તેમ એ કમજોરીઓને નાથવાની શક્તિ પણ માનવદેહમાં જ પ્રગટ થાય છે. આ કમજોરીઓને નાથવાનો એકમાત્ર માર્ગ છે જીવનસાધના કે આત્મસાધના. ચિત્તની કે આત્માની અર્થાત્, જીવનની શુદ્ધિ આવી સાધના દ્વારા જ થઈ શકે છે, એટલે આત્મસાધનાનું ધ્યેય પણ એ જ લેખાય છે.

પણ જ્યારે માનવી દુઃખમુક્તિ કે સુખ-લાભ-

બીની પ્રાપ્તિ જેવી સામાન્ય લાગણીથી પ્રેરાઈને ધર્મ અને દેવને નામે—વીતરાગના ધર્મ અને વીતરાગ દેવને નામે—બાધા—માનતાનો માર્ગ અપનાવે છે ત્યારે વસ્તુ-સ્થિતિ સાવ બદલાઈ જાય છે અને સંસારમુક્તિના—બંધનમુક્તિના ધર્મના પાયાના હેતુનું સ્થાન વાસના અને કામના પૂર્તિ જેવી સંસારની વૃદ્ધિ કરનારી વૃત્તિઓ તથા પ્રવૃત્તિઓ લઈ લે છે. પરિણામે માનવ-જીવનનો સાર જ હારી જવામાં આવતો હોય એવી શોચનીય દશા ઊભી થાય છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (કે બીજા કોઈ પણ જિનેશ્વર)ની ભક્તિ—પૂજા—ઉપાસનાની પાછળ કામના—વાસના પ્રેરિત બાધા—માનતાની વૃત્તિ કામ કરતી હોય, એ ઈચ્છવા જેવું નથી; વીતરાગદેવોની સ્તવના ઉપાસના તો વીતરાગભાવની પ્રાપ્તિ માટે જ હોવી ઘટે. પણ માનવી આ પાયાની વાતને ઘણી વાર વીસરી જાય છે, અને અત્યારે તો આ વાત સારા પ્રમાણમાં વીસરાઈ ગઈ છે.

સારા માર્ગને ભુલાવી દેતી આ કમજોરીનો ખ્યાલ "દિવ્ય દર્શન" સાપ્તાહિકના તા. ૨૧-૬-૭૫ના અંકમાં "શંખેશ્વર મહાતીર્થની યાત્રા માટે" એ નામે મુખ્ય લેખમાં આપવામાં આવ્યો છે. આ લેખ સૌએ વાંચવા—વિચારવા જેવો હોવાથી એમાંથી કેટલોક ભાગ અમે અહીં સાભાર ઉદ્ધૃત કરીએ છીએ. એ લેખ કહે છે કે—

"શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ સેવવાના મળે, એ શા પ્રયોજને સેવવાના હોય? આજે પ્રભુનો મહિમા એમ વધી ગયો છે કે આ તીર્થની યાત્રાએ હજારો યાત્રિક આવે છે, રોજ ને રોજ યાત્રિકો આવતા જ રહે છે. પરંતુ એમાં નિર્મળ ઉદ્દેશથી યાત્રા કરનારા કેટલા?

"દુનિયાના રંગી માણસો જાણે એમ સમજે છે કે 'ચાલો શંખેશ્વર તીર્થની યાત્રા કરીએ, દાદાની સેવા—પૂજા કરીએ, એટલે ધંધો સારો ચાલે, પૈસા સારા મળે, દુન્યવી સુખ સમૃદ્ધિ—પરિવારે સુખી રહીએ'. આ શું કર્યું? દુનિયાના વિશ્વાસઘાતી અને મારણહાર જડ—ચેતન પદાર્થોથી ત્રાસી જઈને ભગવાનનું શરણું પકડ્યું? કે એવા જડ—ચેતન પદાર્થોનું શરણું? મનને માન્યું કે 'મને આ બધા વિષયસુખ—સમૃદ્ધિ—પરિવાર મળે એટલે મારે નિરાંત, એ બધાથી મારે પૂરી સલામતિ, પૂરું રક્ષણ' પછી ત્યાં મોઢેથી ભલે બોલે, "દાદા! મારે તમારું શરણું છે", પરંતુ હૈયે આ સુખ—સમૃદ્ધિ આદિનું શરણું એવું બોલે છે કે 'તમે મને સુખ—સમૃદ્ધિ પરિવાર—પ્રતિષ્ઠા આપો એટલે બસ. પછી મારે બીજું કાંઈ જોઈતું નથી'. કેમ જાણે મોત આવવાનું નથી, પરલોકે કર્માનુસાર જવાનું નથી! જાણે સંપત્તિ—પરિવાર એ કાયમી રક્ષક!

અમેરિકાના પ્રમુખે ન્યુયોર્ક જેવા શહેરના બજારોમાંથી અલ્પ સમયમાં કંઈ લેવે તે માલ મફત મેળવી લેવાની કોઈને ભલામણની ચિઠ્ઠી આપી હોય તો એવી ચિઠ્ઠીથી એ કયો માલ મેળવી લે? ઘઉં—બાજરી કે સોનું—ઝવેરાત? આ દૃષ્ટાંતથી સમજાય એવું છે કે શંખેશ્વર પાર્શ્વપ્રભુ મળવાના અતિ-મહાન ભાગ્યોદયરૂપી ચિઠ્ઠીથી આત્માની મહાન ઉન્નતિરૂપ (૧) રાગાદિ પાપોનો નાશ, (૨) ક્રોધાદિ કષાયોનો ઉપશમ, (૩) આહાર—વિષય—પરિગ્રહાદિની વાસનાનો ક્ષય, (૪) હિંસા—અસત્ય—અનીતિ વગેરે દુષ્કૃત્યોમાંથી મુક્તિ, (૫) જિનવચનની યથાર્થ અતૂટ શ્રદ્ધા, (૬) અખૂટ ઊભરાતી જિનભક્તિ, (૭) દાન—ત્યાગ—વૈરાગ્ય, (૮) બ્રહ્મચર્ય—સદાચાર—સહિષ્ણુતા, (૯) ક્ષમા—નિસ્પૃહા—નિરહંકાર, (૧૦) મૈત્રી—કરુણા—પ્રમોદ—પરદોષોપેક્ષા અને (૧૧) તપ—સંયમ—સ્વાધ્યાય—ધ્યાન વગેરે જ માગવાનું હોય.

"ભગવાનને તારક માનીને આ જો ભજીએ છીએ તો પછી એ વિચારવું ઘટે કે ભગવાન આપણામાં શું લાવીને તારક બને? મનગમતા વૈભવ—વિષયો અને એના રંગરાગ લાવીને? કે એ બધા પર પાકી નફરત—વૈરાગ્ય જગાડી એનો ત્યાગ લાવીને?

"પ્રભુને વીતરાગ હોવાથી તો માનીએ—પૂજીએ છીએ, એનો અર્થ એ કે વીતરાગતા સારી છે, ને સરાગતા ભુંડી છે એવી આપણી માન્યતા છે. આ માન્યતા પર એવા પ્રભુ પાસેથી શું માગવાનું હોય? શેની આશા રાખવાની હોય?

"શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રશાંત મુદ્રા જ કહી

રહી છે કે 'નાશવંતનો મોહ છોડ, અવિનાશી તારા આત્માની સામે જો; એની અનંત અનંત કાળથી ચાલી આવેલી દુર્દશા જોઈ એની દયા ખા. એની અનંત સમૃદ્ધિ પ્રગટ કરવાના માર્ગની આરાધના માટે મળેલી આ મહાન તકને એળે ન જવા દે. સફળ કરી દે' શ્રી શંખેશ્વર મહાતીર્થની યાત્રા આ પામવાના પ્રયોજનથી જ હોય."

આસક્તિમુક્તિ, વાસના તથા કામનાથી મુક્તિ કષાયમુક્તિ, નિર્મોહવૃત્તિ, વીતરાગતા, વગેરે આંતરિક ગુણો અને શક્તિઓની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ એ જ માનવભવ મળ્યાનો સાર અને ધર્મ પામ્યાનો મહિમા છે. એ સાર અને મહિમાને પામવાનો માર્ગ બાધા-માનતા નહીં આત્મસાધના જ છે એ આપણે સમજીએ એ જ અભ્યર્થના.

# શ્રીયુત રતિલાલ દીપચંદ દેસાઈનું બહુમાન

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે (મુંબઈ) શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને તેમના વિદ્વત્તાભર્યા સાહિત્ય સર્જન માટે "શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સ્મારક સુવર્ણ ચન્દ્રક" અર્પણ કરવાનો એક સમારોહ ૩૦મી નવેમ્બર ૧૯૭૫ના રોજ મુંબઈમાં યોજવામાં આવ્યો છે.

"જૈન" માટે મંડળનો આ નિર્ણય અને તે માટે યોજાયેલો સમારોહ સવિશેષ આનંદ અને ગૌરવનો પ્રસંગ છે. કારણ, છેલ્લા ત્રણ દાયકાથી શ્રી રતિભાઈ અને "જૈન" એકબીજાના અવિભાજ્ય અંગ બની રહ્યા છે. તેમના વિના "જૈન"ની કલ્પના થઈ શકે તેમ નથી. "જૈન"ના તે જીવંત ધબકાર છે.

અણુહક્કનું ભૂલથી પણ કંઈ ન લેવાઈ જાય તેની સતત કાળજી અને જાગૃતિ રાખતા તેમ જ એ માટે આગ્રહ સેવતા. શ્રી રતિભાઈ "જૈન"ની વરસોથી જે એકનિષ્ઠાથી સેવા બજાવી રહ્યા છે તે માટે "જૈન" તરફથી તેમનો પરિચય આપી તેમને પુરસ્કૃત કરવાની અમારી અંતરનાય અંતરની ભાવના કેટલાય લાંબા સમયથી અંતરમાં જ રહેતી આવી હતી. અને આજે પણ એ ભાવના પૂરી તે ચરિતાર્થ થતી નથી. "મારા પરિશ્રમથી એક પણ પૈસો વધુ મને ન ખપે" એવા તેમના સિદ્ધાંત પરાયણ સ્વભાવના લીધે અમે તેમની સેવાઓનું અમારી ભાવના મુજબ બહુમાન કરી શકતા નથી તેનું દુઃખ છે. હાલના તબક્કે તો એ દુઃખ નિવારણનો કોઈ ઉપાય પણ નથી.

## જીવન પરિચય

શ્રીયુત્ રતિલાલ દીપચંદ દેસાઈનો પરિચય એક વાક્યમાં આપવાનો હોય તો કહેવું જોઈએ કે તેઓશ્રી સમ્યક્પ્રવૃત્તિ પૂજક છે. "*Work is Workship*" એ તેમના જીવનનું સૌથી વધુ પ્રિય પ્રેરક સૂત્ર છે. અને કામમાં પણ તેમનું વધુ મનગમતું કામ સાહિત્યનું છે, પછી તે સંશોધન હોય કે સાહિત્ય સર્જન; સંકલનનું હોય કે સંપાદનનું; સાહિત્યનું કામ તે અંતરના પૂરેપૂરા પ્રેમ અને ભક્તિભાવથી કરે છે. એ સાહિત્યના જીવ છે, મા શારદાના સાધક છે. આ જ અડસઠ વરસની પ્રૌઢ વયે પણ તેમની સાહિત્યની સાધના અસ્ખલિત ચાલુ જ છે.

જૈન સમાજનો પ્રબુદ્ધ વર્ગ તેમને પત્રકાર અને લેખક તરીકે સુપેરે ઓળખે છે. તેજતણખા વેરતા વક્તા તરીકે પણ તે જાણીતા છે. આમ તેમનું વ્યક્તિત્વ દ્વિરંગી છે. શ્રી રતિભાઈ લેખક છે અને વક્તા પણ છે. તેમના આ ઓજસ્વી વ્યક્તિત્વ પાછળ જીવનના ૭–૭ દાયકાના તડકા–છાંયડા ઢંકાયેલા છે.

તેમનો જન્મ એક સામાન્ય કુટુંબમાં થયો છે. તેમના પિતાશ્રી દીપચંદભાઈ ભદ્રિક પુરુષ હતા. સ્વભાવના સરળ અને જીવ તેમનો ધર્મપરાયણ, આથી "દીપચંદ ભગત" તરીકે તે લોક હૈયે વસ્યા હતા. મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આવેલા યેવલા ગામમાં તે નોકરી કરતા. તેમનું મૂળ વતન સાયલા [સૌરાષ્ટ્ર],

પરંતુ શ્રી રતિભાઈનું જન્મસ્થાન ખેરાળી [ જિલ્લા સુરેન્દ્રનગર ] ૧૨ મી સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ મોસાળમાં તેમનો જન્મ થયો. સૌને યાદ રહી જાય તેવો જન્મ દિવસ વિક્રમ સંવત ૧૯૬૩ની ભાદરવા સુદ પાંચમ, ગુરુવાર. તેમની માતાનું નામ શિવકોરબેન.

### મોતના મુખમાંથી ઉગારો

શ્રી રતિભાઈનો જન્મ ખેરાળીમાં પણ તેમનો ઉછેર અને વિકાસ વિવિધ સ્થળોએ થયો. એક તબક્કે–પાંચ વરસની ઉંમરે તો એમણે મૃત્યુનો ભયાવહ ચહેરો પણ જોયો. વાત એમ બની કે તેમના પિતાના શેઠને ત્યાં લગ્ન પ્રસંગ હતો. જાન યેવલાથી પૂના પાસે આવેલા તળેગામ–ઢમઢેરા જવાની હતી. આ જાનમાં માતા-પિતા અને પોતાની બહેન ચંપા સાથે રતિભાઈ પણ ગયા હતા.

પૂનાથી તળેગામ જાન ગાડામાં ઉરપી નદી ઓળંગી રહી હતી. ત્રણ ચાર ગાડા તો સામે કિનારે જાનૈયા સાથે પહોંચી ગયા. પણ રતિભાઈવાળા ગાડા સહિત બીજા ગાડાઓ નદી ઓળંગતા હતા ત્યાં નદીએ રૌદ્ર રૂપ ધારણ કર્યું. નદીના ભાડાપૂરની વચમાં જળ તરબોળ બની ઉછળતું ગાડું જોઈ સામે કિનારે પહોંચી ગયેલા માત–પિતાનો જીવ અદ્ધર થઈ ગયો. બંને કિનારા મોતના ભયથી ત્રસ્ત રહ્યા હતા. પરંતુ વિધાતાને રતિભાઈ પાસેથી યશસ્વી અનેક કામો કરાવવાના અરમાન હતા. આથી ખરે વખતે એક હોડી મદદે આવી પહોંચી અને બધા જ મોતના મુખમાંથી હેમખેમ ઉગરી ગયા. આમ રતિભાઈ નાની ઉંમરમાં મોતના દરવાજામાંથી પસાર થયા એટલે જ શું તે જીવનભર નીડર, નિર્ભિક અને સ્પષ્ટ વક્તા રહ્યા હશે? પ્રશ્નને કોઈ અવકાશ જ નથી. એમ જ અમે માનીએ છીએ.

### નમૂનારો અભ્યાસ

અભ્યાસનો પહેલો એકડો તેમણે યેવલામાં ઘૂંટયો. બાળપોથી અને પહેલું ધોરણ અહીં ભણ્યા. ત્યાંથી પિતાશ્રી સાથે સ્થળાંતર કરી ધૂળિયા જવું પડ્યું. ત્યાં ફરીથી મરાઠીમાં પ્રથમ ધોરણ ઉત્તીર્ણ કર્યું હોવા છતાંય વઢવાણની શાળામાં બીજીવાર ઉત્તીર્ણ કર્યું. બબ્બેવાર પ્રથમ ધોરણ ઉત્તીર્ણ કર્યું હોવા છતાંય વઢવાણની શાળામાં દાખલ થવું પડ્યું ત્યારે પણ તેમને પ્રવેશ પ્રથમ ધોરણમાં જ મળ્યો!!!

શ્રી રતિભાઈનો અભ્યાસ તો માત્ર મેટ્રીક સુધીનો જ છે. પરંતુ આ અભ્યાસ તેમને ધૂળિયા, સુરેન્દ્રનગર, વિલેપાર્લા–મુંબઈ અને ઠેઠ બનારસ વગેરે વિવિધ સ્થળોએ જઈ કરવો પડયો. આ અભ્યાસકાળ દરમિયાન વિ. સં. ૧૯૭૭ ના ચૈત્ર સુદ ચોથના દિવસે તેમને માતા શિવકોરબેનનો ચિર વિયોગ થયો! ભગવદ્‌ભક્ત શ્રી દીપચંદભાઈએ પત્ની ના શોકને બીજે જ દિવસે અળગો કરી દીધો અને કાશીવાળા તરીકે લોકપ્રિય અને લોકપૂજ્ય આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ પાસે ચતુર્થવ્રતની બાધા લીધી.

### ‘ન્યાયતીર્થ’ રતિભાઈ

પિતાએ પુત્રના ઉછેર અને વિકાસની બેવડી જવાબદારી ઉપાડી. આચાર્યશ્રીની સૂચનાથી રતિભાઈને, બનારસની જૈન પાઠશાળામાં ભણવા મૂકયા. આ પાઠશાળા પણ ત્રણ સ્થળે બદલાઈ. વિલેપાર્લા–મુંબઈથી બનારસ ગઈ. ત્યાંથી આગ્રા ગને ૧૯૮૦–૮૧ માં તે શિવપુરીમાં સ્થિર થઈ. આ સાથે જ રતિભાઈના જીવનનો વિકાસ પણ ચોક્કસ ગતિએ અત્રેથી વિકસતો ગયો. શિવપુરીની પાઠશાળામાં અભ્યાસ કરતાં ઈ. સ. ૧૯૨૮ માં તેમણે કલકત્તા સંસ્કૃત એસોસીએશનની “ન્યાયતીર્થ” ની પદવી મેળવી. પાઠશાળા તરફથી આવી પદવી મેળવનાર રતિભાઈ પ્રથમ વિદ્યાર્થી હોવાથી પાઠશાળાએ “તેમને તાર્કિક શિરોમણી” પદવી આપવાનું નક્કી કર્યું. પરંતુ અનાસક્ત રતિભાઈને લાગ્યું કે પોતે આવી મોટી પદવી મેળવવા જેટલી અભ્યાસની સજ્જતા કેળવી નથી. આથી પોતાના ગુરુ પૂજ્ય વિદ્યાવિજયજી પાસે જઈને એ રડી પડયા અને આવી મોટી પદવી લેવાની એમણે ના પાડી! છેવટે તેમને “તર્કભૂષણ” ની પદવી આપવાનું પાઠશાળાએ નક્કી કર્યું. અને આ પાઠશાળામાંથી ઈ. સ. ૧૯૩૦ માં તેમણે મેટ્રીકની પરીક્ષા પસાર કરી. આ જ વરસમાં ટીકર પરમાર ગામમાં મૃગાવતીબેન સાથે તેમણે પ્રભુતામાં પગલાં પાડયા.

જામનગરથી શેઠ શ્રી પોપટલાલ ધારશીભાઈ તરફથી નીકળેલ ચિરસ્મરણીય છ'રી પાળતો સંઘ

જ્યારે શત્રુંજય મહા તીર્થે પહોંચ્યો. ત્યારે શ્રી રતિભાઈના પિતાશ્રી દીપચંદભાઈએ પોતાનું શેષ જીવન ધર્મધ્યાનમાં ગાળવાનું નક્કી કરી મુનિશ્રી દીપવિજયજી મહારાજના નામે દીક્ષા અંગીકાર કરી હતી. અને અન્ત સમય સુધી ધર્મારાધના કરી જીવન ઉજ્જવળ બનાવ્યું હતું.

શિવપુરી પાઠશાળામાં રતિભાઈ અને શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ (જયભિખ્ખુ) સાથે ભણતા હતા. તેઓ કુટુંબી ભાઈ હોય, એટલું જ નહીં, રતિભાઈના પિતાશ્રીના સ્વર્ગવાસ બાદ વીરચંદભાઈના વાલીપણા નીચે સૌને સાથે જ ઉછેર થયો હોય તેઓ બન્નેમાં ગાઢ આત્મિયભાવ છેવટ સુધી રહ્યો હતો.

### મનની મનમાં રહી.

પાઠશાળામાંથી મેટ્રીક કર્યા પછી રતિભાઈએ વિશાળ દુનિયામાં પ્રદાર્પણ કર્યું. આગ્રાની "શ્રી વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિર"માં કયુરેટર તરીકે અઢી વર્ષ નોકરી કરી. અહીં તેમને પૂજ્ય દર્શનવિજયજી ત્રિપુટી મહારાજનો પરિચય થયો. કયુરેટરની નોકરી કરતાં તેમને સંસ્કૃત સાથે એમ. એ. થવાની મહત્વાકાંક્ષા જાગી. ત્યાંથી અમદાવાદ આવી ગુજરાત કોલેજનાં પગથિયા પણ ચડયાં, પરંતુ આર્થિક સંજોગોએ સાથ ન આપ્યો અને મહત્વાકાંક્ષા મનમાં જ રહી ગઈ. કોલેજનુ એક વર્ષ કરીને અભ્યાસ અધવચ્ચે છોડી દેવો પડયો.

### સટ્ટાના મૃગજળથી દૂર-સુદૂર

સાહિત્યના ક્ષેત્રે રતિભાઈએ સૌ પ્રથમ પ્રવેશ પત્રકાર તરીકે કર્યો. મુનિસંમેલનના માસિક મુખપત્ર 'જૈન સત્યપ્રકાશ'ના સંપાદન મંડળમાં જોડાયા અને તેર વરસ સુધી લાગલગાટ તેનું સંપાદન કર્યું. આ સંપાદનકાળ દરમિયાન પૂજ્ય આ.શ્રી નેમિસૂરીશ્વરજી મ૦, પૂજ્ય આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ૦, પૂજ્ય આ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ૦ તેમજ તેઓના શિષ્યો સાથે ગાઢ સંપર્ક થયો. અને દરેક શ્રી રતિભાઈની તટસ્થતા અને કાર્યનિષ્ઠા માટે માન ધરાવતા થયા. ત્યારબાદ આથી વધુય દીર્ઘ સમય ૧૪ વર્ષ સુધી

## સુવર્ણચંદ્રક અર્પણ સમારંભ

જૈન અઠવાડીકના અગ્રલેખના લેખક અને વિચારક તેમજ સાહિત્યક્ષેત્રે બહુમુખી પ્રતિભા ધરાવનાર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને સંશોધનાત્મક ચરિત્ર કથા "ગુરુ ગૌતમસ્વામી" અને તેમની જૈન સાહિત્યની ચિરસ્મરણીય સેવા બદલ 'સુવર્ણ ચંદ્રક' અર્પણ કરવાનો સમારંભ પરમપૂજ્ય ગણિવર્યશ્રી પદ્મસાગરજી મહારાજની શુભનિશ્રામાં શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ (મુંબઈ) રવિવાર, તા. ૩૦-૧૧-૭૫ના રોજ સવારે ૯-૩૦ વાગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના શ્રી મિશ્રિમલ નવાજી સભાગૃહમાં (ઓગસ્ટ ક્રાંતિમાર્ગ મુંબઈ-૩૬માં) યોજેલ છે.

શ્રી રતિભાઈના આ સન્માનના સમાચારની જાણ થતાં પૂ૦ આચાર્ય ભગવંતો, પદસ્થ મુનિવર્યો, નામાંકિત આગેવાનો કાર્યકરો અને સ્નેહિવર્ગ તરફથી શુભેચ્છા પાઠવતા અનેક સંદેશાઓ મળી રહ્યા છે, આ તેમના કાર્યની વિરલ સિદ્ધિના દર્શન કરાવે છે.

અમદાવાદ સીડ્ઝ ટ્રેડર્સ એસોસીએશન સંસ્થામાં કામ કર્યું. સટ્ટાની આ સંસ્થા છતાંય ૧૪ વરસમાં કયારેય તેમણે સટ્ટો ન કર્યો અને આ મૃગજળની દુનિયા તરફ સહેજ પણ લેભાયા વિના ત્યાંથી બહાર નીકળી વિ. સં. ૨૦૧૪માં સનોદય ટ્રસ્ટના તેઓ સેક્રેટરી બન્યા.

તેમની સેવાઓનો લાભ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી આત્માનંદ જૈન પ્રકાશ, વગેરે સંસ્થાઓને પણ મળ્યો છે. અને જે સંસ્થામાં સવેતન કામ કર્યું છે ત્યાં તેમણે "કર્મણ્યેવાધિકારસ્તે-કર્મ કરવું એ જ મારો અધિકાર"ના ભાવથી કામ કર્યું છે. પૈસાના ત્રાજવે કોઈપણ કામને તેમણે તોલ્યું નથી. અને જે કોઈ સંસ્થામાં તે જોડાયા ત્યાં તેમણે સંસ્થાના નિયત ધોરણથી, સ્વેચ્છાએ થોડું ઓછું વેતન લઈને જ કામ કર્યું છે.

આ કામ એટલે સાહિત્ય સાધના. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આગમપ્રકાશન વિભાગમાં સંપાદનનું કામ કર્યું. શ્રી આત્માનંદ જૈન સભામાં તેના મુખપત્ર "આત્માનંદ"નો આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજનો શ્રદ્ધાંજલિ વિશેષાંક સંપાદિત કર્યો. તેમની સાહિત્યકૃતિઓની અલગ નોંધ આ લેખ સાથે આપી છે તેથી તે વિષે વિશેષ લખતા નથી. એમાં માત્ર આટલો જ ઉમેરો કરવાનો છે કે વિ. સંવત ૨૦૦૩માં રતિભાઈ અણધાર્યા જ "જૈન"ના આત્મીય પરિવારના સભ્ય બન્યા. તે વરસોમાં "જૈન"નું સંપાદન શ્રી ભીમજીભાઈ હરજીવનદાસ સુશીલ કરતા. તેમની તબિયત ત્યારે નાદુરસ્ત હતી. તબીબોએ તેમને લખવા–વાંચવાનું થોડો સમય માટે છોડી દેવાની આગ્રહપૂર્વક સલાહ આપી હતી.

રતિભાઈને 'સુશીલ' માટે ભારે આદર અને પ્રેમ. પંડિત શ્રી સુખલાલજીને "વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક" એનાયત કરવાનો સમારોહ ત્યારે ભાવનગરમાં યોજાયો હતો. આ પ્રસંગે રતિભાઈ પણ ભાવનગર આવ્યા હતા. 'સુશીલ'ની તબિયત જોઈને તેમણે કહ્યું કે છ–સાત મહિનાનો જ પ્રશ્ન છે ને? 'જૈન માટે લેખો લખવાનું તમારું કામ હું સંભાળી લઈશ. એની ચિંતા ન કરશો. અને આ પછી સુશીલની તબિયતે કલમ પકડવામાં ક્યારેય સાથ ન આપ્યો. રતિભાઈ તો કર્મનિષ્ઠ! તેમણે એ જવાબદારી જેવા ઉમળકાથી સંભાળી તેથીય વધુ ઉમળકા અને ઉલ્લાસથી આજ સુધી "જૈન"ના પ્રથમના ચાર પાનાની જવાબદારી સંભાળતા આવ્યા છે. આ જ લગભગ ત્રણ દાયકાથી રતિભાઈ "જૈન" માટે લખે છે. આ ગાળામાં તેમનો લેખ ક્યારેય મોડો નથી પડયો કે ક્યારેય બે અંકના એક સાથે લેખો નથી મોકલ્યા!

"જૈન" માટે તેમને કદી પ્રવાસનો અવરોધ નથી નડયો કે નથી ક્યારેય તેમને માંદગી નડી! પ્રવાસ અને માંદગીના સમયમાં પણ "જૈન" માટેની સાપ્તાહિક નિયમિતતા ધર્મ ફરજ સમજીને સાચવી છે.

'જૈન'ના લેખો હોય કે અન્ય ગંભીર સંપાદન. એ વાંચનાર વાચક તેનાથી જરૂર પ્રભાવિત થયો છે. તેમાંય તેમની તાજેતરમાં પ્રગટ થયેલ "ગુરુ ગૌતમ સ્વામી"ની ચરિત્ર કથા તો તેમની સાહિત્યક કારકિર્દીની યશકલગી બની રહેશે. આ ચરિત્ર કથા લખીને રતિભાઈએ સમગ્ર ગુજરાતી જીવનચરિત્ર સાહિત્યને વધુ યશોજ્જવળ બનાવ્યું છે.

રતિભાઈની આ અને અન્ય સાહિત્યિક કૃતિઓમાં ભાષાની સરળતા, શૈલીની પ્રાસાદિકતા અને વસ્તુ નિરૂપણની કલાત્મકતા માણવા મળે છે. તે તેમના જીવનનું જ પ્રતિબિંબ છે. તેમનું જીવન સાદુ અને સરળ છે. ન કોઈ બાહ્ય ઠાઠ કે દમામ ઝભ્ભો, ધોતિયું અને ટોપી, તે પણ ખાદીના જાડા અને બરછટ. આ તેમનો નિત્યનું પરિધાન. તદ્દન નિર્વ્યસની જીવન અને સંગ સહાય પુસ્તકોનો. પરિચય વધુ સંતો અને સાહિત્યકારોનો. ટૂંકમાં કહી શકાય કે રતિભાઈ એટલે વિદ્યાવ્યાસંગી જીવ.

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે "ગુરુ ગૌતમ સ્વામી" ચરિત્ર કથા તેમ જ અન્ય સાહિત્ય સર્જન માટે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને "શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સ્મારક સુવર્ણ ચન્દ્રક" આપીને એક નિષ્કામ કર્મયોગી અને સંનિષ્ઠ સાહિત્યકાર અને સેવાભાવી સજ્જનનું બહુમાન કર્યું છે. આ માટે મંડળને 'જૈન'ના હાર્દિક અભિનંદન અને શ્રી રતિભાઈ પોતાની સાહિત્ય સાધના નિર્વિઘ્ન અવિરત ચાલુ રાખે તે માટે શાસનદેવતાઓ તેમને બધી રીતે સહાય કરો તેવી અંતરની પ્રાર્થના!

શ્રી રતિભાઈ સાથેના આત્મીય સંબંધમાં તેમના ધર્મપત્ની મૃગાવતીબહેનની મમતા, તેમના પુત્રો નીરૂભાઈ, નીતિનભાઈ તથા પુત્રીઓ માલતીબહેન અને પ્રજ્ઞાબેનનો સ્નેહ તેમ જ ભાઈઓ શ્રી કાંતિભાઈ અને ધરમચંદનો સહકાર જે મળ્યો છે અને મળી રહ્યો છે એ માટે અમે કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

卐

**કલકત્તા :** આચાર્યશ્રી ભુવનસૂરીશ્વરજી, મુનિરાજશ્રી જિનચંદ્રવિજયજી આદિની નિશ્રામાં પર્યુષણમાં થયેલ વિશિષ્ટ આરાધના તેમજ અભૂતપૂર્વ તપશ્ચર્યાની અનુમોદનાર્થે આસો શુદિ ૩ થી શુદિ ૧૦ સુધીનો અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્રાદિ કાર્યોથી ઉજવવામાં આવ્યો.

પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાનતપની આરાધના તા. તા. ૨૧-૧૧-૭૫ના પ્રથમ પ્રવેશના મુહૂર્તથી શરૂ થયેલ છે. બીજુ મુહૂર્ત ૨૩-૧૧-૭૫નું છે.

મુલુંડ—પ્રવર્તક મુનિશ્રી નિરંજનવિજયજી આદિ ઠા. ૩ની નિશ્રામાં ઓળી આરાધન તથા પારણા શ્રી ગણેશમલ રતનચંદે કરાવેલ. શ્રીપાલ મહારાજાના ૧૦૦ જેટલા હસ્તચિત્રિત ચિત્રોનું પ્રદર્શન થતાં ઘણી મોટી સંખ્યાએ દર્શનનો લાભ લીધો હતો. બાલી નિવાસી દેવીચંદ ગુપ્તાજીનું ૧૫૫૭મા આયંબિલ સાથે નવકાર મંત્રના ધ્યાનપૂર્વક સમાધિમરણ થતાં, તેમના કુટુંબી તરફથી સિદ્ધચક્રપૂજન આસો શુદિ ૧૫ન પ્રવર્તકશ્રીની નિશ્રામાં થાણામાં ઉલ્લાસથી ભણાવ્યું હતું. દિવાળીના પાવાપુરીની રચના તથા પાંચે કલ્યાણકોના ચિત્રોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જ્ઞાનપંચમીના જ્ઞાનને સુંદર રીતે શણગારેલ. સાતમના જ્ઞાનની પૂજા ભણાવાયેલ.

ભદીવાડામાં શં. પાર્શ્વનાથને અમી ઝરતા શ્રીસંઘ વિનંતીથી ભા૦ શુ. ૧૪ ના ભાંડુપ પધારતા વ્યાખ્યાન સમયે જિનાલય બનાવવાનો નિર્ણય થયો. વિરાડવાળા ભૂરાજીએ પ્રવર્તકશ્રીના પગલા કરાવી સંઘપૂજન કર્યું હતું.

## મજેરા નગરમાં ઉપધાન તપ

પંન્યાસ શ્રી રત્નાકરવિજયજી મ૦ આદિની નિશ્રામાં સ્વ૦ શ્રી ભીમરાજજી મહેતાના સુપુત્ર ડાલચંદ મહેતા તરફથી ઉપધાન તપ થનાર છે. પ્રથમ પ્રવેશ તા. ૧૪-૧૨-૭૫ અને બીજો પ્રવેશ ૧૭-૧૨-૭૫ નક્કી છે. તા. ૫ ડીસેમ્બર સુધીમાં ઉપધાન તપ સમિતિ૦ જૈન શ્વે. સંઘ પેઢી, મું. મજેરા, વાયા-કેસવાડ (ઉદેપુર) સરનામે નામ લખી જણાવવા.

## ગુડાબાલોતરામાં ગણિપદવી અને અઠ્ઠાઈ મહોત્સવ

અત્રે છેલ્લા ૧૪ વર્ષથી જૈન સમાજમાં બે પક્ષો વચ્ચે કુસંપ હતો તે આચાર્યશ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજી મ૦ સા૦ અને આ૦ હ્રીંકારસૂરીશ્વરજી મ૦ના પ્રયત્નોથી ધર્મકાર્યો અને સ્વામીવાત્સલ્યાદિ કાર્યોમાં આવવા જવાનું શરૂ થયેલ છે. પૂજ્યોશ્રીની નિશ્રામાં શાહ ઓટરમલજી સરુપચંદજીના શ્રેયાર્થે તેમજ પર્વાધિરાજમાં અ૦ સૌ૦ લાધીબાઈ બાબુલાલજીએ પ્રથમ વખત કરેલ અઠ્ઠાઈ તપના અને મુનિરાજશ્રી પુરન્દરવિજયજી મ૦ને ગણિપદવી આપવા અંગેનો અઠ્ઠાઈ મહોત્સવ તા. ૧૩ નવેમ્બરના કુંભસ્થાપનાના શુભ મુહૂર્તથી પ્રારંભ થયો. વદિ ૩ ના બૃહત શાંતિસ્નાત્ર અષ્ટોત્તરી ભણાવવામાં આવેલ.

## ૪૮મો વાર્ષિક મહોત્સવ

શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ—અમદાવાદનો ૪૮મો વાર્ષિક મહોત્સવ તા. ૧૬-૧૧-૭૫ના આ૦ શ્રી જયંતસૂરીશ્વરજી મ૦, આ૦ શ્રી વિક્રમસૂરીશ્વરજી મ૦ તેમજ આ૦ શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ૦ આદિની શુભ નિશ્રામાં આદોની નિવાસી શ્રી ઇન્દિરચંદજી ગુલાબચંદજી ધોકાના પ્રમુખપદે ઉજવવામાં આવ્યો. મુનિશ્રી રાજયશવિજયજી મ૦એ 'સેવાનું સૌંદર્ય' પર જાહેર પ્રવચન આપ્યુ હતું. સમારંભના કાર્યક્રમમાં હાજરી સારા પ્રમાણમાં રહી હતી.

## બાડમેરમાં સમાપન સમારોહ

ભ૦ મહાવીરના નિર્વાણ વર્ષનો સમાપન સમારોહ તા. ૩-૧૧-૭૫ ના ઉજવાતા, ચારે સંપ્રદાયોની વિશાળ હાજરી વચ્ચે ભવ્ય વરઘોડો નીકળેલ. પ્રદર્શન યોજવામાં આવેલ. નગરપાલિકા દ્વારા મહાવીર માર્કેટની શિલાસ્થાપન વિધિ શ્રી અનિલ વૈશ્યના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે જે જે જૈન સંસ્થાઓએ કાર્યક્રમોમાં સુંદર લાભ લીધો હતો તેઓને શ્રી ભગવાનદાસ શેઠીયા, શ્રી માણેકલાલ હજારીમલ બોથરા તરફથી રૂા. ૫૦૦/- ના રોકડ ઇનામો આપવામાં આવ્યા હતા. માર્કેટના શિલાસ્થાપન પ્રસંગનું આયોજન શ્રી વૃદ્ધિચન્દ્ર જૈન વિદ્યાલયે કરેલ. અનેકના ભાવપૂર્ણ પ્રવચનો થયા હતા.

# ગુરુદેવો સમક્ષ કીર્તિસ્થંભ અંગે ખુશાલી વ્યક્ત કરતા શહેરના અગ્રણીઓ



મુંબઈ-મલબાર હીલમાં ‘ ભ૦ મહાવીર કીર્તિસ્થંભ ’ માટે મ્યુની૦ કોરપોરેશને જગ્યા આપવાનું મંજુર કર્યા બાદ વાલકેશ્વર બિરાજમાન પૂ૦ આ૦ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦, મુનિવર્યશ્રી યશોવિજયજી મ૦ પાસે પધારેલા શહેરના નામાંકિત આગેવાનો—મેયર શ્રી નાનાભાલભાઈ મહેતા, શ્રી અંકલેશ્વરીયા, શ્રી શાંતિભાઈ ગુંદરવાળા, શ્રી મુક્તિલાલ વીરવાડિયા, શ્રી દીપચંદભાઈ ગાર્ડી, શ્રી કાંતીભાઈ, શ્રી નારાણજી શામજી મોમાયા તથા મલબાર હીલ નાગરીક સંઘના કાર્યકરો વગેરે.

# ભગવાન મહાવીર કીર્તિસ્થંભનું

## મુંબઈમાં વિજયધર્મસુરિજી મ૦ની નિશ્રામાં થયેલ ભુમિપુજન

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણકલ્યાણક મહોત્સવ વર્ષ સમાપનની પૂર્વ સંધ્યાએ, યુગદીવાકર આચાર્ય ભગવંત શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ તથા પૂ૦ મુનિરાજ શ્રી યશોવિજયજી મ૦ આદિની નિશ્રામાં, અત્રેના મલબારહીલ પર ઊભા કરાનાર ભગવાન મહાવીરદેવના "કીર્તિસ્થંભ" માટેનું ભૂમિપૂજન કરીને ભગવાન શ્રી મહાવીર કીર્તિસ્થંભ સ્મારક સમિતિ–મુંબઈએ નિર્વાણ વર્ષની યાદને અમર બનાવી છે.

આસો સુદ સાતમ ને સોમવાર તા. ૨૭મી ઓકટોબરના સવારે દિવ્ય વાતાવરણ અને પવિત્ર મંત્ર ચ્ચાર વચ્ચે મુંબઈ નગરપાલિકાના નગરપતિ શ્રી નાનાલાલ ડી. મહેતા અને તેમના ધર્મપત્ની શ્રીમતી ચંપકબહેને આ કીર્તિસ્થંભનું ભૂમિપૂજન કર્યું હતું.

આ પ્રસંગે હેન્ગીંગ ગાર્ડન પાસે, મલબારહીલમાં ખાસ ઊભા કરાયેલ મંડપમાં આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦, મુનિશ્રી યશોવિજયજી મ૦, મુનિશ્રી વાચસ્પતિવિજયજી, મુનિશ્રી સૂર્યોદયવિજયજી આદિ શ્રમણ ભગવંતોની નિશ્રામાં ભૂમિપૂજનનો સમારોહ ભવ્ય રીતે ઉજવાયો હતો.

પૂજ્ય આચાર્યશ્રીના મંગલાચરણ બાદ મલબાર હીલ નાગરિક સંઘના સક્રિય કાર્યકર શ્રી કાંતિલાલ શાહે મહેમાનોનું સ્વાગત કરતું પ્રવચન કર્યું હતું.

સુધરાઈ સભ્ય શ્રી રમણીકલાલ અંકલેશ્વરીઆએ પૂર્વ ભૂમિકા રજૂ કરતાં જણાવ્યું કે—પૂજ્ય યશોવિજયજી મહારાજે મને એક વરસ પહેલા બોલાવી પોતાના મંગળ સંકલ્પની વાત કરેલ કે, ભારતની આ મહાનગરીમાં હેંગીંગ ગાર્ડન સામે મલબાર હીલની ટેકરી ઉપર કીર્તિ સ્થંભ ઊભો થાય તો ભગવાન મહાવીરની અમર યાદ બની રહેશે; અને હેંગીંગ ગાર્ડન જોવા માટે વિશ્વના ખૂણે ખૂણેથી લાખો લોકો આવે છે, તેઓને અનાયાસે શ્રમણ ભગવાન મહાવીરની પુનિત યાદ આ કીર્તિસ્થંભના દર્શનથી પ્રાપ્ત બને. એવા કરોડો લોકો છે કે જેમને 'જૈનધર્મ' જેવો ધર્મ ભારતમાં છે, તેનો ખ્યાલ પણ નથી, જે આ સ્તુપ થતાં જૈનધર્મની પુનિત યાદ લઈ જનારામાંથી કંઈક પુણ્યવાન આત્માઓ કોઈ પણ પામી જશે. આ પછી કીર્તિસ્થંભ માટે જગ્યા મેળવવા માટે સક્રિય પ્રયત્ન કરવા મને પ્રેરણા આપી હતી. પણ, સંજોગો અને સમયની કેટલીક પ્રતિકુળતાને લઈ આ દિશામાં કંઈ ન બન્યું, જેથી પુનઃ મહારાજશ્રીએ યાદ આપી હતી. આ દરમ્યાન મેયરપદે ધર્મપ્રેમી શ્રી નાનાલાલ મહેતા ચૂંટાઈ આવતા, અને તેમનું આ કાર્ય તરફ સતત ધ્યાન દોરવામાં આવતાં આ કાર્યને વેગ મળવા સાથે સરળ બન્યું હતું. દરેક કોર્પોરેટરો પાસે પણ આ વતનની રજૂઆત કરી અને સૌએ દીલથી સહકાર આપ્યો. તેમજ મ્યુ. કમીશ્નર શ્રી દેશમુખે પણ સાથ આપેલ. આમ, આ કાર્ય એક વરસ પછી પાર પડયું છે, જેનો મને આનંદ છે. પૂજ્ય ગુરુદેવોના આશીર્વાદ સાથે પૂજ્ય મુનિવર્યશ્રીનું સ્વપ્ન સાકાર બનેલ છે, એટલું જ નહિ, ભગવાન મહાવીર ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણક વર્ષના સમાપન સમયમાં જૈનશાસનનો જયજયકાર થયો છે. મુંબઈને ગૌરવ અપાવે તેવું સ્મારક બને તેમ આપણે ઈચ્છીએ. સાથી મિત્રો શ્રી કાંતિભાઈ, શ્રી મુક્તિભાઈ, શ્રી શાંતિભાઈએ જે મહેનત લીધી તે બધાયને ધન્યવાદ ઘટે છે.

નવભારત ટાઈમ્સના તંત્રીશ્રી મહાવીર અધિકારી અને શ્રી હસુ યાડવાણીએ કીર્તિસ્થંભની યોજનાને "ઐતિહાસિક ઘટના" તરીકે ઓળખાવી હતી અને તેના પ્રેરક અને આયોજકોને અભિનંદન આપ્યા હતા. સ્તુપ સુંદર બનાવવા પાછળ લક્ષ દેવા ગુરુદેવોને અનુરોધ કર્યો હતો.

કીર્તિસ્થંભના ભૂમિપૂજનના સુઅવસરે
હેંગીંગ ગાર્ડનની જમીન પર
વાસક્ષેપ કરતા પૂજ્ય ગુરુદેવો



ત્યારબાદ નગરપતિ શ્રી નાનાલાલ મહેતાએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે આ કાર્યનો ખરો યશ તો કોર્પોરેશનના દરેક પક્ષોના સભ્યને ફાળે જાય છે. તેઓના સાથ સહકારથી આ કાર્ય શકય બન્યું છે. સાથે સાથે પૂજ્ય ગુરુદેવશ્રી વિજયધર્મસૂરીશ્વરજી અને પૂજ્ય મુનિરાજ શ્રી યશોવિજયજીના આશીર્વાદ હતા. અને શ્રધ્ધા છે કે તેઓશ્રીની પ્રેરણા તથા આશીર્વાદથી આ કામ સફળ થશે જ. હવે આ કાર્યની જવાબદારી માત્ર જૈનોની નથી પણ અહિંસા અને અનેકાંતવાદમાં માનનાર દરેક વ્યક્તિની છે. અને આશા છે કે સૌ પોતાની ફરજ બજાવશે.

મુનિરાજશ્રી યશોવિજયજીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે, "અહિંસા અને ક્ષમાની મૂર્તિ ભગવાન મહાવીરે ૨૫૦૦ વરસ ઉપર પ્રગટાવેલી અહિંસા, અપરિગ્રહ અને સંયમની જ્યોત આ વિશ્વને યુગ યુગ સુધી અજવાળતી અને પાવક પ્રેરણા આપતી રહેશે. આ જ્યોતની યાદ સમગ્ર માનવજાતને સતત રહે એ માટે સેવેલું મારું સ્વપ્ન, દેવગુરુ વગેરેની કૃપા અને મુંબઈ મેયર શ્રી નાનાલાલભાઈ ડી. મહેતા, શ્રી અંકલેશ્વરીઆ, શ્રી કાંતિભાઈ, શ્રી શાંતિભાઈ અને વિવિધ પક્ષના નેતાઓના સહકારથી સાકાર બન્યું તે બદલ પ્રસન્નતા અનુભવવા સાથે કાર્ય કરવામાં સાથ આપનારાઓને ધન્યવાદ આપું છું.

"પ્રભુ શ્રી મહાવીરસ્વામીને કોઈ પોતાની મિલકત રખે માને! આ મહાવિભૂતિએ અમુક કોમ કે જાતને લક્ષ્યમાં રાખી ઉપદેશ આપ્યો ન હતો, પ્રાણીમાત્ર માટે એમનો ઉપદેશ હતો. ભગવાન કોઈ વર્તુળના



કીર્તિસ્થંભની જગ્યા પર ભૂમિપૂજન પહેલા
પાટલાપૂજનની મંગલક્રિયા કરી રહેલા
શ્રીયુત શાંતિભાઈ ગુંદરવાળા અને તેમના ધર્મપત્ની
તથા
શ્રીયુત બાબુ સીતાબચંદજી અને તેમના ધર્મપત્ની.

ન હતા, સહુના અને સહુ માટે હતા. કરુણાસાગરની કરુણા સહુ માટે હતી. એટલે ભગવાન મહાવીરની વાણી અને ધર્મના પ્રચાર માટે જે કંઇ કરીએ તે સહુ કોઇના કલ્યાણ માટે જ કરીએ છીએ.

વધુમાં તેઓશ્રીએ જણાવેલ કે, "મહાનગરી મુંબઇ એક નાનું ભારત છે. આ સ્મારક થશે તે ભારતનું જ ગણાશે અને અહીં સૌકોઈનું ધ્યાન ખેંચાશે. આ મહાનગરીમાં ભગવાનની પુનિત યાદ રહે તેવું સ્મારક ઊભું કરવાની મારી ભાવનાને સહકાર આપીને સાકાર બનાવેલ છે તેથી સૌને અભિનંદન આપું છું. કીર્તિસ્થંભને સુંદર બનાવવા માટે પુરોગામી વક્તાઓએ અનુરોધ કરેલ છે. અમારી પણ ભાવના મુંબઈની શાન અને ગૌરવ વધારે તેવો સ્તુપ બનાવવાની ઈચ્છા છે, પરંતુ આ જગ્યા ૨૦×૨૦ ફુટની જગ્યા છે, જેથી વિશેષ પ્રકારનું આયોજન શી રીતે થઇ શકે તે એક મોટી સમસ્યા છે.



કીર્તિસ્થંભની જગ્યા પર ભૂમિપૂજન પહેલા અષ્ટમંગલની પાટલીનું પૂજન કરી રહેલા શ્રી ચંદ્રસેનભાઈ ઝવેરી અને તેમના ધર્મપત્ની.

કીર્તિસ્થંભની જમીનનું ભૂમિપૂજન કરી રહેલા મુંબઈના મેયર શ્રી નાનાલાલ મહેતા સાથે છે શ્રી કાંતીભાઈ શાહ, શ્રી ચંદ્રસેનભાઈ વગેરે.



"આ જગ્યા માટે મ્યુનિસીપાલીટી વધુ ઉદાર થાય તો જ વધુ સારૂં કામ થશે. વિવિધ પક્ષના નેતાઓ મારા આ જાહેર સૂચન ઉપર ગંભીરતાથી વિચારી યોગ્ય કરશે એવી અપેક્ષા રાખું છું." ઐતિહાસિક યાદ આપતા મુનિશ્રીએ વધુમાં કહ્યું કે "જૈન આગમો 'મરહઠી' એટલે મરાઠી લીપીમાં લખવામાં આવેલ છે. જૈન આગમો લખવાનું માન આ લીપીને મળ્યું અને આ કીર્તિસ્થંભ ઊભો કરવાનું માન પણ મહારાષ્ટ્રને મળે તે સુયોગરૂપ બની રહ્યું છે.

કીર્તિસ્થંભના ભૂમિપૂજન સમારોહ પ્રસંગે મુંબઈના મેયરશ્રી નાનાલાલભાઈ મહેતા કીર્તિસ્થંભના નિર્માણકાર્યને ઉત્સાહપૂર્વક ઉપાડી લઈ સફળ બનાવવાનો અનુરોધ કરી રહ્યા છે.



કીર્તિસ્થંભની યોજનાનું ઘડતર કરનાર
મુનિવર્યશ્રી યશોવિજયજી મહારાજ
નિર્માણ અંગે માર્ગદર્શન આપી રહ્યા છે.



કીર્તિસ્થંભની જગ્યાનું નક્કી થતાં વાલકેશ્વર પધારેલા મુંબઈના મેયર શ્રી નાનાલાલભાઈ મહેતા તથા શ્રી અંકલેશ્વરીઆને ભ૦ મહાવીરનું ચિત્રસંપૂટ દર્શનાર્થે આપતા મુનિવર્યશ્રી યશોવિજયજી મ૦



"મહારાષ્ટ્ર શાસને જે સહાનુભૂતિ વ્યક્ત કરી છે, તે બદલ તેમને પણ ધન્યવાદ ઘટે છે.

અંતમાં મુનિશ્રીએ કીર્તિસ્થંભથીની રૂપરેખ રજૂ કરી ઉદારતાથી નિધી આપવા અનુરોધ કર્યો હતો.

યુગદિવાકર આચાર્યભગવંત શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ની તબીયત આ સમયે અસ્વસ્થ બની હોવા છતાં આશીર્વાદ આપવા પૂર્વક સંક્ષેપમાં જણાવેલ કે મહાવીરસ્વામિના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણક વર્ષની ઉજવણીના સમાપન સમયે એક ભવ્ય અને મંગલ કાર્યના મંગલાચરણ થયા છે. આ કિર્તિસ્તંભ વિશિષ્ટ કોટિનો અને સુંદર થાય એવી અમારી ભાવના છે જેથી ભગવાન મહાવીરની પવિત્ર યાદ સહુને આવે અને તેનો મંગલ સંદેશ પ્રસારણ પામે. આ કાર્ય માટે ઉદારતાથી ફાળો આપશો. નાગરિક સંઘના શ્રી કાંતિભાઈએ આભાર દર્શન કર્યું હતું. હારતોરા થયા બાદ "જૈનમ્ જયતિ શાસનં"ની જય બોલાવી સૌ આનંદભર્યા વાતાવરણ વચ્ચે વિખરાયા હતાં.

પૂજ્ય મુનિભગવંતો, પૂજ્ય સાધ્વીજી મહારાજો તથા રાજકીય અને સામાજિક કાર્યકરો, જૈન અગ્રણીઓ તથા ભાઈઓ-બહેનોની વિશાળ હાજરી વચ્ચે આ સમારોહ થયો હતો.


મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

## યાત્રાએ પધારી જીવન સાર્થક કરો

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર, મુંબઈ-૮૬

શ્રી ઈશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ, અમદાવાદ

**૫૦ વર્ષના ચારિત્રપર્યાયની અનુમોદનાર્થે ઉજવણી**

પૂ૦ આચાર્યશ્રી મોતીપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ને પોષ શુદિ ૨ના ચારિત્રપર્યાયના ૫૦ વર્ષ પૂર્ણ થતા હોઈ, તે પ્રસંગને અનુલક્ષીને મોરબીમાં શ્રી જૈન તપગચ્છ સંઘ તરફથી તા. ૩-૧૦-૭૫થી ૧૨-૧૦-૭૫ સુધીનો દશાહ્નિકા મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ સમયે ૨૭ છોડનું ઉજમણું અને વિશસ્થાનક મહાપૂજન, બૃહત અષ્ટોત્તરી સ્નાત્ર, પૂજાઓ, આંગી આદિ કાર્યક્રમો ઉલ્લાસપૂર્વક ઉજવાયા હતા.

**વલસાડ**—પં. શ્રી વિમળસાગરજી મ૦ના જેઠ શુદિ ૧૩ના સ્વાગત સાથે પ્રવેશ બાદ ચાતુર્માસ દરમ્યાન ઉત્તરાધ્યયન સૂત્ર વાચન, ગચ્છાધિપતિ માણિક્યસાગરસૂરિજી મ૦ના સ્વર્ગવાસ અંગેના ૯૯ અભિષેક સાથેનો પાંચ દિવસનો મહોત્સવ ૧ મહિના સુધી આયંબિલખાતું ચાલુ, આગમોદ્ધારકશ્રીની જન્મશતાબ્દીની ઉજવણી, દર રવિવારે નવકાર મહામંત્ર આરાધના, પર્વમાં સમયાનુસાર તપસ્યા, ભવ્ય વરઘોડો આદિ કાર્યો થયા હતા.

---

ભેટ મળશે: સં. ૨૦૩૧ અને ૩૨ના કાર્તિક પૂર્ણિમા સુધીના જેમણે વર્ધમાનતપના પાયા નાખ્યા હોય તેઓને 'તપના તેજ' પુસ્તક અને ૬૦ ઓળી પૂર્ણ કરનારને પાંચ પુસ્તકો ભેટ મળશે. લખો: કમલેશ ચીમનલાલ શાહ, પૂર્ણ જ્યોત, દિગંબર મંદિર સામે, સુરેન્દ્રનગર.

---


## જેસલમેર પંચતીર્થીની યાત્રા કરી દુર્લભ માનવજીવન સફળ કરો

**પંચતીર્થી :** જેસલમેર પંચતીર્થીમાં જેસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર તથા પોકરણના જિનાલય છે. તેમાં ૬૦૦૦ પ્રતિમાજી બિરાજમાન છે. આ અંગે શ્રી સમયસુંદરજી મ૦ કહે છે : 'જેસલમેર જુહારીયે દુઃખ વારીયે એ, અરહંત બિંબ અનેક, તીર્થ તે નમુ એ '

જૈન જગતમાં જેસલમેર અનેક વિશેષતાઓથી પ્રસિદ્ધ છે. વિશેષતાઓ : (૧) પ્રાચીન ભવ્યકલાત્મક જિનાલય તથા પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડાર, તાડપત્રીય ગ્રંથ (૩) પ્રથમ દાદાગુરુ આ. શ્રી જિનદત્તસૂરિજી મ૦ની પછેડી, ચોલપટ્ટો અને મુહપત્તિ; જે અગ્નિ-સંસ્કાર પછી અક્ષુણ્ણ રહ્યા છે. (૪) ચૌદમી સદીમાં મંત્રિત કરાએલ અને ત્રાંબાની શૈલી લગાડેલ શ્રી જિનવર્ધનસૂરિજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ જિનપ્રતિમાજી તથા ભૈરવજીની મૂર્તિ. (૫) દાદાવાડી ઉપાશ્રય, અધિષ્ઠાયકદેવના દેવસ્થાનો તથા પટવાની હવેલીઓ. (૬) લોદ્રવપુરના અધિષ્ઠાયક દેવ બહુ ચમત્કારિક છે. ભાગ્યશાળીઓને કોઈ કોઈવાર દર્શન આપે છે.

**સુવિધાઓ :** યાત્રિકો તથા શ્રીસંઘોને રહેવાની તેમ જ પાણી અને લાઈટની પૂર્ણ વ્યવસ્થા છે. ઉપરાંત, શ્રદ્ધાળુ દાનવીરો દ્વારા કાયમી તથીના સહયોગથી પ્રતિદિન ભોજનશાળા ચાલે છે

**જવા-આવવાના સાધનો :** જેસલમેર પહોંચવા જોધપુરથી દિવસના બે બસ જાય છે અને રાત્રે ૧૦ વાગે ઉપડતી ટ્રેઈન સવારે ૮ વાગે જેસલમેર પહોંચાડે છે. અમરસાગર, લોદ્રવપુર તથા બ્રહ્મસર જવા નિયમિત બસ મળે છે.

**નોંધ :** જીર્ણોદ્ધાર સમિતિના પ્રયાસોના ફળસ્વરૂપે જેસલમેર પંચતીર્થીમાં આવેલા દરેક જિનાલયોનાં જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ કરવાના ઠરાવ મુજબ શ્રી જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર દહેરાસર ટ્રસ્ટ દ્વારા નક્કી થયેલ છે. વર્તમાનમાં લોદ્રવપુરના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલે છે.

આ પુન્યક્ષેત્રની પંચતીર્થીની યાત્રા કરી અને ભંડારોના દર્શન કરી દુર્લભ માનવજીવન સફળ કરો

નિવેદક : નેમચંદ જૈન (પ્રચારમંત્રી, જૈન ટ્રસ્ટ) C/O મે. જૈન્સ એન્ડ કું.
૧૦૧, યશવંત પ્લેસ, ચાણક્યપુરી, નવી દિલ્હી-૧૧ (ફોન : ઘર-૨૬૨૦૩૬, દુકાન-૬૭૧૦૭૬.)
નિવેદક : માનમલ ચોરડીયા (વ્યવસ્થાપક) શ્રી જેસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન દેરાસર

# ૨૫૦૦મા નિર્વાણોત્સવનો મુંબઇમાં સમાપન સમારોહ
# સ્મારક માટે જમીન આપવાની રાજ્ય સરકારે કરેલ જાહેરાત
# અનેરી શાસનપ્રભાવના કરતો નીકળેલ ભવ્ય વરઘોડો

ભગવાન મહાવીર પરમાત્માના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ વર્ષની પૂર્ણાહુતી પ્રસંગે કચ્છી વિશા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન અને તેની અન્ય સંસ્થાઓ તેમ જ શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ અને બીજી ચારેય ફીરકાની સંસ્થાઓના ઉપક્રમે શ્રી નારાણજી શામજી મોમાયા, શ્રી દીપચંદભાઇ ગાર્ડી વી.ના પ્રયત્નોથી તા. ૯-૧૧-૭૫ ના રોજ બપોરે ૧-૩૦ કલાકે ભાતબજારથી ભવ્ય વરઘોડો ચડયો હતો. જેમાં યુગદીવાકર આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, આ૦ શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ૦, આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦, શતાવધાની આ૦શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મ૦, ઉપા૦શ્રી હેમચંદ્રવિજયજી મ૦, પૂ. મુનિશ્રી યશોવિજયજી મ૦ આદિ વિશાળ શ્રમણ સમુદાય શામેલ થયો હતો. શણગારેલા ત્રણ રથ, ઈન્દ્રધ્વજ, ઘોડાઓ, ટ્રકો, મહિલા મંડળો, બેન્ડો, જુદા જુદા બેનરો, જૈનધ્વજ અને સાજન-માજન સાથે શોભાયાત્રા ભવ્ય બની હતી. આ વરઘોડો મસ્જીદબંદર, વિજયવલ્લભચોક, ઝવેરીબજાર, પ્રિન્સેસસ્ટ્રીટ અને ધોબીતળાવ થઈને રાજ્યકક્ષાએ યોજેલ સમારંભ સ્થળ ચર્ચગેટ પાસેના આઝાદ મેદાનમાં ૪-૩૦ કલાકે ઉતરી ત્યાં જ સભાના રૂપમાં ફેરવાઈ ગયો હતો.

રસ્તામાં ઠેર-ઠેર માનવ મહેરામણ આ વરઘોડાને નિહાળવા ઉમટયું હતું. ઠંડા-મીઠા પાણીની સગવડ પણ રસ્તાઓમાં ભાવિકોએ પોતાના તરફથી રાખી હતી. આ વરઘોડાને વધુ દેદીપ્યમાન કરવા માટે શ્રી નારાણજી શામજી મોમાયા અને તેના સહકાર્યકરોએ સારી મહેનત લીધી હતી.

**વિરાટ જાહેર સભા**

મહારાષ્ટ્ર સરકારના ઉપક્રમે રાજ્યકક્ષાની સમિતિએ આઝાદ મેદાનમાં ખાસ સમિયાણો બાંધીને, મુખ્યમંત્રીશ્રી શંકરરાવ ચૌહાણના પ્રમુખસ્થાને આ વિરાટ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અતિથિવિશેષ તરીકે રાજ્યપાલ અલિયાવર જંગ પધાર્યા હતા.

સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી પિનાકીન શાહના મંગલ સ્તવનો થયા બાદ ભગવાન મહાવીરસ્વામીની છબીને મુખ્યમંત્રીશ્રીએ પુષ્પહાર ચઢાવ્યા હતા. પુષ્પહાર અર્પણ થયા બાદ પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજે ખાસ તયાર કરાવેલ ભગવાન મહાવીરની પ્રતિમા રાજ્યપાલશ્રીને શ્રી દીપચંદ ગાર્ડીએ, મુખ્યમંત્રીશ્રીને શ્રી વાડીલાલ સી. ગાંધીએ અને શિક્ષણ મંત્રી શ્રીમતી પ્રભારાવને શ્રી ચંદ્રસેન ઝવેરી તથા શ્રી રસીકલાલ કોલસાવાળાના વરદ હસ્તે અર્પણ કરવામાં આવી હતી.

પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજનો આ પ્રસંગે આવેલ સંદેશો શ્રી ચીમનલાલ સી. શાહે વાંચી સંભળાવ્યો હતો. શ્રીમતી પ્રભારાવે સ્વાગત પ્રવચન કર્યા બાદ વિધાન પરિષદના અધ્યક્ષ શ્રી વિ. એસ. પાગેએ જૈનધર્મ અને ભગવાન મહાવીરના સંદેશાનો પ્રચાર કરવાની જરૂર સાથે તેને જીવનમાં ઉતારવા ઉપર ભાર મૂકયો હતો.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવેલ કે–ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણક વર્ષમાં લોકહિત અને લોકકલ્યાણના ઘણાં કામો થયા છે. ભગવાનનો ઉપદેશ અને જીવન અંગે ખૂબ સારા પુસ્તકો પ્રગટ થયા છે. માત્ર જૈનોએ જ નહિ પણ રાજ્યો અને કેન્દ્ર સરકારે ઠેર ઠેર ઉજવણી કરી છે. ભારત રાજ્ય ધર્મ નિરપેક્ષ રાજ્ય છે, ધર્મવિમૂખ નથી. ધર્મને તજી દેતાં રાજ્યનું પતન થાય છે. ભગવાન મહાવીરે અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત પ્રવર્તાવેલ, તે આજે પણ ચાલી રહેલ છે.

વધુમાં શ્રી શાહે જણાવેલ કે–દિલ્હીમાં ભગવાન મહાવીરના સ્મારક માટે કેન્દ્ર સરકારે ચાર એકર જમીન આપેલ છે, તે રીતે મહારાષ્ટ્ર રાજ્ય પણ જમીન આપે તેવી વિનંતી છે. પ્રો. તિવારી તથા ડૉ. રમણલાલ સી. શાહે ભગવાન મહાવીરના સિદ્ધાંતો અને જીવન ઉપર પ્રકાશ પાડયો હતો.

મુખ્યમંત્રીશ્રી ચવ્હાણે જણાવ્યું હતું કે—ભગવાન મહાવીરના ઉપદેશ મુજબ લોકો જો બીજાઓના મંતવ્યોના સત્યને સમજે અને તેનો આદર કરે તો ઘર્ષણો અને અથડામણો નિવારી શકાય. આ આખુ વર્ષ સરકારે તાલુકાથી શહેર કક્ષા સુધી સર્વત્ર ભગવાન મહાવીરનું ૨૫૦૦મુ નિર્વાણ કલ્યાણક વર્ષ તરીકે ઉજવ્યું છે.

ભગવાન મહાવીરના સાર્વત્રિક ઉપદેશના પ્રચાર અર્થે શહેરમાં એક ઈન્સ્ટીટયુટની સ્થાપના કરવા અને તે માટે જમીનનો પ્લોટ આપવાની જાહેરાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે–જૈનોની અધિકૃત સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે મંત્રણા કર્યા પછી હું આ બાબત અંગે વિગતવાર યોજના ઘડી કાઢીશ.

રાજ્યપાલશ્રી અલિયાવર જંગે કહ્યુ હતું કે ભગવાન મહાવીર પરમાત્માનો વારસો ચિરંજીવ છે, માત્ર અંગત જ નહિ પણ જાહેર જીવનમાં પણ એનો વિનિયોગ કરી શકાય તેમ છે. તેમના ઉપદેશો માત્ર જૈનો પૂરતા જ મર્યાદિત નથી, એ આખાય વિશ્વને સ્પર્શે છે. હિંસા અને હત્યાથી ઘવાયેલા આજના વિશ્વમાં ભ૦ મહાવીરનો અહિંસાનો સંદેશ શાશ્વત છે.

છેલ્લે મુંબઈના કલેકટર શ્રી દેવરાયસે આભારદર્શન કર્યું હતું. રાષ્ટ્રગીત ગવાયા પછી સૌ વિખરાયા હતાં.

શિક્ષણ ખાતાના રાજ્યપ્રધાન ડૉ. રામનાથ પાંડે તેમજ બીજા અધિકારીઓ, ઉદ્યોગપતિશ્રી શ્રેયાંસપ્રસાદજી જૈન વગેરે આગેવાનોની આ સમાપન સમારંભમાં ઘણી મોટી હાજરી હતી. શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ તથા શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી મંડળોએ વ્યવસ્થા જાળવી હતી.

રાત્રે સમારંભનો કાર્યક્રમ ટી. વી. ઉપર પ્રસારિત કરવામાં આવ્યો હતો.


## श्री जैन श्वेताम्बर एज्युकेशन बोर्ड–बम्बई
## धार्मिक शिक्षाकी ६८वीं पारितोषिक परीक्षाऐं

परीक्षा दिनांक : ११ वीं जानेवारी १९७६ : ईतवार, संवत २०३२ पोष सुद ९

सुज्ञश्री

यह संस्था भारतभरमें ६७ वर्षोसे पारितोषिक परीक्षाऐं ले रही है। भारतवासीओके जैन–जैनेतर सबको हार्दिक निमंत्रण है कि आगामी ६८वीं परीक्षामें केन्द्र खुलवाकर धार्मिक शिक्षणको प्रोत्साहन दें।

पाठशाला एवं बोर्डिंग के सभी व्यवस्थापक महोदयको हमारा हार्दिक अनुरोध है कि आप यह परीक्षामें अधिक से अधिक संख्यामें अपने परीक्षार्थी भेजे। हिन्दी भाषी परीक्षार्थीके लिये भी सुविधाऐं है। प्रवेश निःशुल्क है। प्रवेशपत्र एवम् अभ्यासक्रम की माहिती के लिए ईस पते पर लिखें।

**श्री जैन श्वेताम्बर एज्युकेशन बोर्ड**

२०, गोडीजी बिल्डींग, दूसरामाला, विजयवल्लभ चोक, बम्बई–४००००२

# લુધિયાણામાં આચાર્યશ્રી વિજયસમુદ્રસુરિજી મ૦ની નિશ્રામાં

## સાધર્મિક ઉત્કર્ષનું થયેલ ફંડ ● અનેક શીખ–સરદારોએ દારૂ–માંસનો કરેલ ત્યાગ

# આ૦શ્રી વિજયેન્દ્રદિન્નસુરિજીમ૦ની આજ્ઞામાં રહેવાનો અનુરોધ

જિનશાસનરત્ન આ૦ શ્રીમદ્ વિજયસમુદ્રસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦શ્રી વિજયેન્દ્રદિન્નસૂરિજી મ૦, મધુરવક્તા પંન્યાસશ્રી જયવિજયજી ગણી આદિ ઠાણાં ૧૫એ લુધિયાણામાં ચાતુર્માસ દરમ્યાન જૈનધર્મનો જયજયકાર પ્રવર્તાવ્યો છે.

### ૧૦૫મો જન્મદિવસ

યુગદૃષ્ટિ સ્વ૦ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦નો ૧૦૫મો જન્મદિન કારતક સુદ ૨ના હોઈ, આચાર્યશ્રીની નિશ્રામાં સ્કુલના પટાંગણમાં તા. ૫–૧૧–૭૫ બુધવારે સમારોહ પુર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સાધર્મિક બંધુઓના ઉત્કર્ષ માટે બાબુ રામજી પટ્ટીવાલાએ એકાવન હજારની રકમ આચાર્યશ્રીની પ્રેરણાથી આપવા જાહેર કર્યા હતા. આચાર્યશ્રીને ૧૦૫મો જન્મદિવસ હોઈ એક લાખ પાંચ હજારની રકમ સાધર્મિકોના ઉત્કર્ષ માટે એકત્ર કરવાની ભાવના આચાર્યશ્રીએ વ્યકત કરી હતી. આ માટે પાંચ આગેવાનોની એક કમિટી રચવામાં આવી છે.

પંડિત ગોવીંદરામ શર્માની વિદ્વત્તાનું બહુમાન કરી, તેમને રા. ૫૦૧ તથા શાલ અર્પણ કરવામાં આવી હતી.

ઉચ્ચ ગુણાંક મેળવી ઉતીર્ણ થયેલા સ્કુલના બાળકોને ઇનામો આપવાનો એક મેલાવડો યોજવામાં આવેલ આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખેલ હતો.

### મુસ્લિમો ઉપર ગુરુદેવની ઊંડી અસર

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સ્થાપિત સ્કુલોમાં સૌ કોઈ ધર્મના વિદ્યાર્થીઓ ભણે છે. તેમાંના એક વિદ્યાર્થીએ જણાવેલ કે—અત્રેની સ્કુલના શુભ સંસ્કારો મેળવી મુસલમાન વિદ્યાર્થીઓ પાકિસ્તાનમાં ગયા છે, તેઓના પત્રો આવે છે અને તેઓ પૂર્ણ શાકાહારી રહ્યા છે. જૈનધર્મની અસર તેઓના માનસમાં કાયમ માટે રહી છે. જુદા જુદા વકતાઓએ ગુરુદેવના જીવનકવન ઉપર સારો પ્રકાશ પાડેલ હતો.

### કતલખાના બંધ

દિવાળીના ત્રણ દિવસ કતલખાના બંધ રાખવામાં આવ્યા હતા. આચાર્યશ્રીના સંપર્કથી અનેક શીખ-સરદારો આદિ જૈનતરો દારૂ, માંસ વગેરે અભક્ષ્ય ચીજોનો ત્યાગ કરી રહ્યા છે. કેટલાકે જૈનધર્મને જીવનમાં વણી લીધો છે; અને પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ કરતા થયા છે.

### ધર્મારાધના

જ્ઞાનપંચમી, રોહીણીતપ આદિ પર્વતિથિની વિશિષ્ટ ધર્મારાધનામાં અનેક ભાઈ–બહેનો જોડાયા હતા.

### સમાપન–સમારોહ

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ વર્ષની આખરે એક સમાપન સમારોહ રવિવાર, તા. ૯–૧૧–૭૫ના હજુરી રોડના વિશાળ મેદાનમાં યોજવામાં આવ્યો હતો. પંજાબ પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીશ્રી સતપાલજી મિતલને સમારોહનું ઉદ્ઘાટન કર્યું હતું. રાજ્યમંત્રીશ્રી જોગેન્દરપાલજીએ પ્રમુખસ્થાન શોભાવ્યું હતું.

આચાર્યશ્રી તુલસીજીનો ૬૨મો જન્મદિવસ પણ આ પ્રસંગે અણુવ્રત મૈત્રી દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો.

ધ્વજારોપણ, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા આધ્યાત્મિક પ્રવચનોનો વિશિષ્ટ કાર્યક્રમ રાખી સમાપન સમારોહ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. પૂ૦ આ૦શ્રી વિજયેન્દ્રદિન્નસૂરિજી મ૦ પટ્ટધર બને છે.

વિ. સં. ૨૦૨૮માં પૂજ્ય આચાર્યશ્રીજીનું પુના શહેરમાં ચાતુર્માસ હતું તે સમયે, આચાર્યશ્રીજીનું સ્વાસ્થ્ય વધારે નરમ થતાં યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સમુદાયના દરેક સાધુ-સાધ્વીજીને પોતાની પછી વિજયેન્દ્રદિન્નસૂરિજી મહારાજની આજ્ઞા લેવાનું જણાવ્યું હતું. આ વાતનો તા. ૩-૧૧-૭૫ના પુનરોચ્ચાર કરતાં આચાર્યશ્રીએ નિવેદન રૂપે એક લેખિત પરિપત્ર દ્વારા આચાર્ય શ્રી વિજયેન્દ્રદિન્નસૂરિજીની આજ્ઞામાં રહેવા અને ગુરુદેવનું નામ રોશન કરવા અનુરોધ કર્યો છે. પંજાબ શ્રીસંઘને પણ આ પરિપત્ર દ્વારા સંગઠન બળ મજબૂત કરી પંજાબકેશરી ગુરુદેવના કાર્યોને અનુરૂપ ધર્મકાર્યો કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

## શ્રી સમ્મેતશિખર ભોમીયાજી મંદિરના

# જીર્ણોદ્ધાર માટે અપીલ

કલકત્તા જૈન શ્વેતાંબર મૂર્તિપુજક સંઘ દ્વારા નિયુક્ત કમિટી દ્વારા શ્રી સમ્મેતશિખર ભોમિયાજી મહારાજના મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ છે. મંદિરને કલાત્મક તથા સુવ્યવસ્થિત રાખવાના હેતુએ સહાયતા યા ભેટ સ્વરૂપ ચીજો નીચેના સરનામે જ મોકલવાની કૃપા કરશો.

: ભવદીય :

| | |
|---|---|
| વિમલચંદ્ર શ્રીમાલ | ચાંદમલ કોચર |
| સભાપતિ | માનદ્ મંત્રી |

-: સહાયતા મોકલવાના સ્થળો :-

૧. મેનેજર, જીર્ણોદ્ધાર ફન્ડ કમેટી<br>
ભોમયાજી કા મંદિર, મધુવન,<br>
જિ. ગિરીડીહ (બિહાર) પો. શિખરજી

૨. જીર્ણોદ્ધાર ફન્ડ કમેટી<br>
મેસર્સ દીપચંદ પ્રકાશચંદ<br>
૪, મીર બાહાર ઘાટ સ્ટ્રીટ, કલકત્તા-૭

ચેક યા ડ્રાફ્ટ નીચેના નામે મોકલશો-

SHRI SAMMET SIKHARJI BHOMIYAJI MAHARAJ JIRNODHAR SPECIAL FUND COMMITTEE

---

### હુબલી

પંન્યાસશ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર્યની નિશ્રામાં પર્યુષણામાં ૫૧, ૪૯, ૨૧ તેમજ ચાર માસક્ષમણ અને ૧૨૫ અઠ્ઠાઈ થઈ હતી. શાંતિસ્નાત્ર, ઋષિમંડળ પૂજન, સિદ્ધચક્ર પૂજન, અર્હદ્ અભિષેક આદિના અનેક મહોત્સવો ઉજવાયા હતા. પૂજ્યશ્રીની નિશ્રામાં ચાલી રહેલા ઉપધાનતપમાં ૧૦૫ આરાધકો જોડાયા છે. અત્રે જિનાલય તૈયાર થયું હોય તેની અંજનશલાકાની તૈયારી ચાલી રહેલ છે. માગશર શુદિ ૧૧ના માલારોપણની ઉજવણી થશે.

### ભ૦ મહાવીર દર્શન

તા. ૧૩-૧૦-૭૫ના કર્ણાટકના રાજ્યપાલ શ્રી સુખડીયાએ રાજસમંદમાં ભગવાન મહાવીર દર્શન સમારંભનું ઉદ્ઘાટન કર્યું હતું. શ્રી સંઘવટિયાની પ્રેરણાથી ત્રણ લાખના ખર્ચે તૈયાર થઈ રહેલ જિનાલયના નિર્માણ કાર્યને પણ નિહાળ્યું હતું.

### મિયાગામ

આ૦શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં પર્વ પ્રસંગે વહોરાવવા, પારણા, સ્વપ્ન વગેરેની ઉપજ સારી થઈ હતી. કદી ઉપવાસ ન કરનારાઓ, ૧૨ વર્ષની કુ. પ્રતિભા જેઠાલાલ, પણ અઠ્ઠાઈ તપમાં જોડાયેલ. વરઘોડો, તપસ્વીઓના પારણા, નવકારશી જમણ વિ૦ કાર્યો સુંદર થયા હતા. સિદ્ધચક્ર પૂજન અને શાંતિસ્નાત્ર, પાવાપુરીની રચનાદિ કાર્યક્રમો પૂર્વક પંચાહ્નિકા મહોત્સવ ઠાઠથી ઉજવાયો હતો.

### મહાપૂજનો માટે વિનંતી

પાલિતાણા-બુદ્ધિસિંહજી જૈન પાઠશાળાના મુખ્ય અધ્યાપક શ્રી જયંતીલાલ એમ. શાહ નવેના મહાપૂજનો ભણાવે છે, તો સકલ સંઘને લાભ લેવા વિનંતી છે.

શાંતિસ્નાત્ર-સિદ્ધચક્ર - ઋષીમંડલ- વિસસ્થાનક-નમીઉણ-પાર્શ્વ પદ્માવતી-ભક્તામર-અર્હંત આદિ પૂજન -મહાપૂજનો તેમ જ અંજનશલાકા-પ્રતિષ્ઠા-અભિષેક આદિ.

પાલીતાણા: સાધ્વીશ્રી મોહજીતાશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી વિરક્તાશ્રીજી મ૦ના માસક્ષમણની તપશ્ચર્યા નિમિત્તે શત્રુંજયવિહાર ધર્મશાળામાં પંચાહ્નિકા મહોત્સવ ઉજવવામાં આવેલ છે.

### પાવાપુરીમાં સમાપન સમારોહ

ખાસ ઉભા કરાયેલા વીર શમીયાણામાં ૩-૧૧-૭૫ના ભ૦ મહાવીરના ૨૫૦૦મા નીર્વાણ વર્ષ મહોત્સવનો સમાપન સમારોહ બિહાર રાજ્ય કમીટિના ઉપક્રમે બિહાર ધારાસભાના અધ્યક્ષ શ્રી હરિનાથજી મિશ્રાની અધ્યક્ષતામાં ઉજવવામાં આવ્યો. ઉદ્ઘાટક શ્રી લોકશુકલ ડૅાક્ટર. બી. સોહાની સાહેબે ભ૦ મહાવીરના જીવનના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોને રજુ કરી, પાવાપુરીની પવિત્રતા અને મહાનતાનું ગૌરવ જણાવેલ. નાલંદાથી આવેલા ચીન, જાપાન, વિયેતનામ, શ્રી લંકા, થાઈલેન્ડ વગેરેના ભિક્ષુઓ અને વિદ્વાનોએ પણ પોત-પોતાની ભાષામાં પ્રભુ મહાવીર પ્રતિ શ્રદ્ધાંજલિ અર્પણ કરી. મહાસતી શ્રી ચંદનાજીએ જૈન સમાજને રચનાત્મક કાર્યો કરવા માટેની પ્રેરણા આપી હતી. અધ્યક્ષશ્રીએ અહિંસા અને સ્યાદ્વાદને ઉંડાણથી સમજવા તથા શુદ્ધ અને સાદુ જીવન બનાવવા અનુરોધ કર્યો હતો.

બોરસદ: પૂ. શ્રી ચંદનવિજયજી ગણિવર્યની નિશ્રામાં ઓળી આરાધના ૪૦૦ની સંખ્યાએ કરેલ. શ્રીપાળરાસ વાંચી નવે દિવસ કરતા લાભ સારો લેવાયો હતો.




# ઉમ્મેદપુરમાં ઉપધાનતપ

અત્રે પૂ૦ આચાર્યશ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી, આચાર્યશ્રી હ્રીંકારસૂરીશ્વરજી આદિની શુભ નિશ્રામાં શ્રી પાર્શ્વનાથ ઉમ્મેદ જૈન બાલાશ્રમ ઓડતાલીસ પટ્ટી શ્રી સંઘ ઉપાધાન તપ કમિટી તરફથી ઉપધાનતપનું આરાધન પ્રથમ ૨૫-૧૧-૭૫ અને દ્વિતીય ૨૮-૧૧-૭૫ના મુહૂર્તે પ્રારંભ થનાર છે.

સુવર્ણ જયંતિ—જયપુરના શ્રી વીર બાલિકા (મહા) વિદ્યાલયનો સુવર્ણજયંતિ મહોત્સવ તા. ૯, ૧૦, ૧૧ નવેમ્બરના પ્રદર્શન, પ્રવચનો, વાર્તાલાપ, હરીફાઈ, વિદ્વાનોનું સમ્મેલન, 'મહિલા' સંમેલન વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમોથી યોજાયો હતો.

શોકસભા: પાટણમાં શ્રી નગીનભાઈ પૌષધશાળામાં રાજકોટ મુકામે શ્રી પ્રભુદાસ પંડિતના થયેલ અવસાન અંગે શોક સભા ભરી ઠરાવ કરવામાં આવેલ.

બીલીમોરા—અત્રે થયેલ વિવિધ તપ આરાધના અંગે મુનિરાજ શ્રી ગુણસાગરજી મ૦ અને સાધ્વીશ્રી મુગેન્દ્રશ્રીજી આદિની નિશ્રામાં ભા૦ શુ૦ ૬થી ભા૦ વદિ ૩ સુધીનો અઠ્ઠાઈ મહોત્સવ પૂજા, આંગી, પ્રભાવનાદિથી ઉજવવામાં આવ્યો હતો.

### ડંડાલીમાં વિવિધ તપ-આરાધના

અત્રે મુનિરાજશ્રી લક્ષ્મીવિજયજીની નિશ્રામાં અષ્ટ મહાનિધિ તપ આરાધન બાદ પર્યુષણમાં પારણા શ્રી થાનાજી નથાજીએ ઘરે લઈ જઈ રાત્રીજગો આપેલ. બારસાસુત્ર વહોરાવવાનો લાભ મુળજી મેરાજીએ લીધો હતો.

ભા. શુ. ૫ના પારણા કિસનાજી ખુશાલજીએ કરાવ્યા હતા. આજુબાજુના ગામોએથી આરાધના કરવા માટે ઘણી સંખ્યા આવી હતી.

આ. શ્રી હીરસુરીશ્વરજીની જયંતી પ્રભાતફેરી, ગુણાનુવાદન વગેરે કાર્યોથી ઉજવાયેલ.

ઓળી આરાધન સમયે પ્રવચન, પૂજા, પ્રભાવના, આંગી, રોશની, ભજનમંડળીઓના કાર્યક્રમો દસે દિવસ રૂડી રીતે થયા હતા. ઓળી આરાધન શા ભીશ્રીમલ પીથાજી તરફથી થતાં ૭૦ની સંખ્યાએ લાભ લીધો હતો. વદ ૧ના પારણા તથા જમણ શા થાનમલજી નથાજી તરફથી થયેલ. પૂજ્યશ્રીને પગલા કરાવી રૂા. ૧ આપવા સાથે સંઘપૂજનનો લાભ શા કીશનલાલ ખુશાલજી, શા ઉદેરાજજી શેરગઢવાળાએ લીધો હતો.

# સકળ સંઘને વિનંતી

પવિત્ર શત્રુંજય ગીરીરાજ ઉપર શ્રી દાદાની ટૂંકમાં નૂતન બાવન જિનાલયનું બાંધકામ પૂરું થવા આવ્યુ છે અને ઉત્થાપન કરવામાં આવેલ શ્રી જિનેશ્વર ભગવંતોના પ્રતિમાજીઓને નૂતન બાવન જિનાલયમાં દાદાની ટૂંકમાંના બીજા દેરાસરોમાં, ગાદીનશીન કરવાનું શુભ-મુહુર્ત વિ. સં. ૨૦૩૨ના મહા સુદી ૭ શનિવાર, તારીખ ૭–૨–૧૯૭૬ના રોજ રાખ્યું છે.

## મુખ્ય દેરાસર

આ નૂતન બાવન જિનાલયના મુખ્ય દેરાસરજીમાં મૂળનાયક તરીકે શ્રી રૂષભદેવ ભગવંતની પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવનાર છે.

આ મૂળનાયક ભગવાનની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવાની જે ભાઈ–બહેનની ભાવના હોય, તેમણે, પોતાની બોલીની રકમ તા. ૩૧–૧૨–૭૫ સુધીમાં આ પેઢીના સરનામે લખી મોકલવી.

આવી રીતે લખાઈ આવેલી બોલીઓ પૈકી સૌથી વધુ રકમની બોલી, ૧૯૭૬ના જાનેવારીના બીજા અઠવાડીયામાં જાણ કરવામાં આવશે અને છેલ્લી ઉછામણી પાલીતાણા મુકામે સં. ૨૦૩૨ના મહા સુદી ૨ને સોમવાર, તા. ૨–૨–૭૬ના રોજ કરવામાં આવશે અને તેજ દિવસે આદેશ આપવામાં આવશે.

આ મુખ્ય દેરાસરમાં મૂળનાયક ઉપરાંત બીજા ૬ જિનેશ્વર ભગવંતોનાં પ્રતિમાજીઓ બિરાજમાન કરવામાં આવનાર છે. તેની ઉછામણી પણ ઉપર સૂચવેલ સ્થળે અને સમયે કરવામાં આવશે.

આ સિવાયના પ્રતિમાજીઓને બિરાજમાન કરવા માટે નીચે પ્રમાણેના ચાર વિભાગ કરવામાં આવ્યા છે.

વિભાગ-૧

નૂતન જિનાલયની દેવકુલિકાઓમાં બિરાજમાન કરવાના ૫૧ મૂળનાયકની પ્રતિમાજીઓનો નકરો રૂા. ૨૫૦૧, અંકે રૂપીયા પચીસો ને એક અને દેવકુલિકા ઉપર ધ્વજાદંડ અને કળશ ચઢાવવાનો નકરો રૂા. ૧૦૦૧, એક હજાર ને એક રાખવામાં આવ્યો છે. જેને મૂળનાયક


## 'રાહી'ના પુસ્તકો ભેટ મેળવો

રચયિતા : જયંતકુમાર 'રાહી'

'લબ્ધિકૃપા' માસિક ( હિન્દી, ગુજરાતી )ના નવા ગ્રાહક થનારને પાંચ વર્ષના રૂા. ૨૭ કે તે ઉપરનાને 'મુક્તિની પગથારે' અને બે વર્ષના રૂા. ૨૧ ગ્રાહક થનારને 'લબ્ધિ ગીત ગુંજન' ભેટ મળશે.

લબ્ધિકૃપામાં જાહેરાત લેવાય છે.

લખો : 'લબ્ધિકૃપા' માસિક

૬૦, કૃષ્ણપ્પા નાયકન સ્ટ્રીટ, મદ્રાસ-૧

## શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ

સંસ્થામાં ભણી ગયેલી ભુતપૂર્વ વિદ્યાર્થિની બહેનોને

સંસ્થાએ પચાસ વર્ષ પૂર્ણ કર્યા હોઇ એક ભવ્ય 'સુવર્ણ–મહોત્સવ' ઉજવવાનો નિર્ણય કર્યો છે. તો તમારું ચાલુ એડ્રેસ સંસ્થાને તુરત જ મોકલી આપશો.

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવકાશ્રમ–પાલિતાણા. (સૌ.)

બિરાજમાન કરવાનો આદેશ પ્રાપ્ત થશે તેમણે ધ્વજાદંડ અને કળશ ચઢાવવાનો છે.

વિભાગ-૨

દેવકુલિકાઓમાં મૂળનાયક ભગવાનની આસપાસ બિરાજમાન કરવાના ૨૪૭ પ્રતિમાઓનો, દરેક પ્રતિમાજીઓનો નકરો રૂ. ૧૫૦૧, અંકે રૂપીયા પંદરસો ને એક રાખવામાં આવ્યો છે.

વિભાગ-૩

શ્રી નવા આદીશ્વર, શ્રી સીમંધરસ્વામીજી, શ્રી પુંડરીકસ્વામીજી, અને શ્રી ગંધારિયાજીના દેરાસરોમાં તૈયાર કરેલા ૧૮ ચૌમુખજીઓમાં ૭૨ પ્રતિમાજીઓ બિરાજમાન કરવામાં આવનાર છે. આ પ્રતિમાજીઓ બિરાજમાન કરવાનો દરેક પ્રતિમાજીનો નકરો રૂા. ૧૦૦૧ અંકે રૂપીયા એક હજાર ને એક રાખવામાં આવ્યો છે.

વિભાગ-૪

શ્રી આદીશ્વર ભગવાનના (દાદાના મુખ્ય દેરાસરના) ઉપરના ગોખલાઓમાં ૧૦૦, શ્રી ગંધારિયાજીના દેરાસરના ગોખલાઓમાં ૨૩ અને જુની ભમતીમાં ૧-એક એમ કુલ ૧૨૪ પ્રતિમાજીઓ બિરાજમાન કરવામાં આવનાર છે. આ દરેક પ્રતિમાજીનો નકરો રૂા. ૨૫૧-૦૦ અંકે રૂપીયા બસો એકાવન રાખવામાં આવ્યો છે.

જે ભાઇ-બહેનને જે વિભાગમાં પ્રતિમાજી બિરાજમાન કરવાની ભાવના હોય તેમણે તે વિભાગ માટે નિયત કરેલ ફોર્મ મંગાવી ભરીને સં. ૨૦૩૨ના માગસર સુદી ૨ને ગુરૂવાર, તા. ૪-૧૨-૭૫ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવું.

<u>ત્યારબાદ આવેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.</u>

એક ફોર્મમાં એક પ્રતિમાજી પધરાવવાની માગણી કરવી.

આવેલ માગણીઓ પૈકી પ્રતિષ્ઠા કરાવવાનો લાભ કોને પ્રાપ્ત થશે તે વિભાગવાર અલગ અલગ ચીઠ્ઠીઓ નાખી નક્કી કરવામાં આવશે અને જે ભાગ્યશાળી ભાઇ-બહેનને જે વિભાગના જે ભગવાન બિરાજમાન કરવાનો આદેશ મળશે તેઓએ તે ભગવાનની પ્રતિષ્ઠા કરાવવાની રહેશે

માગણીના ફોર્મ નીચેના ઠેકાણેથી મળી શકશેઃ—

(૧) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, ઝવેરીવાડ, પો. બો. નં. ૫૧, અમદાવાદ-૧

(૨) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

શેઠ આણંદજી કલ્યાણજી ઝવેરીવાડ, પટણીની ખડકી, પો. બો. નં. ૫૧, અમદાવાદ પી. કો. નં. ૩૮૦૦૦૧


## આહિતી વિશેષાંક

● ડીસેમ્બર ૧૯૭૫માં બહાર પડશે.

● ૨૫ નવેમ્બર સુધીમાં ૨૫૦૦મા નિર્વાણ વર્ષની દરેક પ્રકારે થયેલ ઉજવણીના કાર્યો-પ્રસંગોનું લખાણ ગ્રન્થસ્થ કરવા મોકલો.

● સિરસ્થાયી, સર્વ સંપ્રદાયોના કાર્યોને આવરી લેતા, દેશ-વિદેશમાં વધુને વધુ પ્રસારની યોજનાવાળા આ ગ્રંથમાં પ્રભુ મહાવીરને વંદના કરવા રૂપે જાહેરાત સત્વેળા મોકલી આપવા શ્રીસંઘ, સંસ્થા, તીર્થો, વ્યાપારી પેઢીઓને નમ્ર વિનંતી છે.

"જૈન" આહિતી વિશેષાંક: ૩૧૯ એ, કીકા સ્ટ્રીટ, ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે, મુંબઈ-૨

# અહમદનગરમાં આચાર્યશ્રી વિજયસુદર્શનસુરીશ્વરજીની નિશ્રામાં થયેલ અનેરી આરાધનાઓ

શ્રી માલવદેશે સદ્ધર્મ સંરક્ષક પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયસુદર્શનસૂરીશ્વરજી મ૦ સા૦ ની નિશ્રામાં શ્રી પર્યુષણ પર્વની આરાધના તથા ચોસઠપહોરી પૌષધ માટે શ્રી સંઘ તરફથી આમંત્રણ પત્રિકાઓ મોકલતા પૂના, કરાડ, તલેગામ, માલેગામ, બારામતી, ઔરંગાબાદથી આરાધન કરવા માટે મોટી સંખ્યા આવી હતી. શ્રી સંઘે તેમની ભક્તિ ઉલ્લાસપુર્વક કરી હતી. આ સમયે પંચાહ્નિકા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

પુજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં પર્યુષણના પ્રથમ ત્રણ દિવસ મોટી પુજાઓ પ્રથમ વખત જ ભણાવવામાં આવી હતી. ૧૬, ૯, ૮, ૭, ૬, ૫, ૪ અઠ્ઠમ અને છઠ્ઠની અનેક તપશ્ચર્યાઓ મોટી સંખ્યામાં થઇ હતી. પારણા કરાવવાનો લાભ શેઠ ખીમરાજજી સુરજીભાઈએ કંકુનો ચાંદલો કરી રૂા. ૧ ની પ્રભાવના આપવા સાથે લીધો હતો. અન્ય અનેક પ્રભાવનાઓ થઇ હતી, જેનો લાભ જુદી જુદી વ્યક્તિઓએ લીધો હતો. ચોસઠપહોરી પૌષધ તથા વર્ધમાન તપવાળા તપસ્વીઓને પુજાની પેટી, ગ્લાસ, ચાંદીની વાટકી વિ. ની પ્રભાવનાઓ કરેલ.

શ્રી પન્નાલાલ તેજકરણ ગાંધીના કુટુંબી સૌ૦ નીરૂપમાબેન લોકપાળભાઇએ ક્ષીરસમુદ્ર તપનું આરાધન કરતા પુજ્ય આચાર્યશ્રીને વિનંતી થતાં બેન્ડ-વાજા સાથે ચતુર્વિધ સંઘ તેમના ઘરે આવેલ. જ્ઞાનપુજન, ગુરુપુજનનો લાભ લીધા બાદ સકળ સંઘને ચાંદલો કરી રૂપિયો ૧ આપવા પુર્વક સંઘપુજન કરી સારો લાભ લીધો હતો.

શ્રીરામપુરવાળા જયંતીભાઇના ધર્મપત્નિએ પણ ક્ષીરસમુદ્રનું તપ કરી જ્ઞાનપુજન, ગુરુપુજન, કરેલ. બે જિનાલયોએ આંગી, રોશની ઉત્તમ પ્રકારે થતા લોકોમાં ભારે ભાવોલ્લાસ જાગૃત કરેલ. ઉપાશ્રયને પણ સુંદર શણગારેલ.

કરાડવાળા પદમશીભાઇએ સોનાની ગીની મૂકીને ગુરુપુજન, સંઘપુજન ભાવપુર્વક કર્યું હતું. આમ ત્રણ સંઘપુજનો થયા હતા. દેવદ્રવ્ય, અષ્ટપ્રકારી પુજાના ચઢાવા તથા ગુરુદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને જીવદયાની ઉપજ સારા પ્રમાણમાં થઇ હતી.

નવલાખ મંત્રના જાપ, એકાસણા સાથે થતાં સંખ્યા સારા પ્રમાણમાં જોવા મળતી હતી. જુદા જુદા ગૃહસ્થોએ એકાસણા કરાવવાનો લાભ લીધો હતો. ભા૦ શુદિ ૫ ના પુનાથી ચાંદીનો રથ મંગાવી ભવ્ય શોભાયમાન વરઘોડો પાંચ બેન્ડ સાથે કાઢવામાં આવ્યો હતો. ચતુર્વિધ સંઘની વિપુલ હાજરીથી વરઘોડાની રોનક ઓર વધી હતી.

નવપદજી ઓળીનું આરાધન રૂડી રીતે થયું હતું. તેની આમંત્રણ પત્રિકા બહાર પાડી હોય અનેક સ્થળોએથી અનેક મહાનુભાવે એ પધારી આરાધનાનો અને અન્ય લાભો સારા લીધા હતા. આસો શુદિ ૧૪ ના જલયાત્રાનો વરઘોડો, ૧૫ ના બૃહત શાંતિસ્નાત્ર વદિ ૧ ના સિદ્ધચક્ર પુજનના કાર્યક્રમો ખૂબજ ઉલ્લાસપુર્વક ઉજવાયા હતા.

સંઘપૂજા—પાટણ સાગરગચ્છ ઉપાશ્રયે અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજીના કૈવલ્ય દિનની ઉજવણી પ્રસંગે મુનિરાજ શ્રી અમિતવિજયજી મ૦ની નિશ્રામાં માંગલિક બાદ સ્વ. મોતીલાલ સ્વરૂપચંદ ગાંધીના કુટુંબીજનો તરફથી લગભગ ૭૨૫ મહાનુભાવોનું રૂા. ૧ આપી સંઘપૂજન કરવામાં આવેલ. ગાંઠે પેંડાની પ્રભાવના કરી હતી.

સુરત : સ્વ. સંગીતરત્ન મોહનલાલ પાનાચંદ કાપડિયાની ૨૧મી પુણ્યતિથિ નિમિત્તે વડાચૌટામાં પૂજા, ઝવેરાતની ભવ્ય આંગી, ભાવનાના કાર્યક્રમો યોજાયા હતા. સંગીતકાર હીરાભાઈ ઠાકુર, દીનાનાથ, તથા મુંબઈના મહાવીર જૈન સંયુક્ત મંડળે લોકોને એકતાન કર્યા હતા. ત્રણેક હજાર લોકોએ આંગીના દર્શન કર્યા હતા.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલીક: શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાન : જૈન પ્રિન્ટીંગ પ્રેસ-ખારગેટ, ભાવનગર.

.ABGD No. G. BV. 20

" જૈન "
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)

વા. લવાજમ
રૂા. ૧૫

વીર સંવત
૨૫૦૨
વિક્રમ સંવત
૨૦૩૨
કારતક વદિ ૧૧
તારીખ
૨૯-૧૧-૭૫
શનિવાર

વર્ષ ૭૨

સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ

અંક ૪૨




વીર શાસનની
જ્યોત ઝળહળાવતા....
પ્રભાવના પ્રસરાવતા....
ભ૦ મહાવીર પરમાત્માના
૨૫૦૦મા નિર્વાણકલ્યાણકને
અનુલક્ષીને યોજાયેલ
ઉત્સવો,
આયોજનો અને
ચિરસ્થાયી કાર્યો-પ્રસંગો
નીચેના સરનામે મોકલવા
અને એ ગ્રન્થસ્થ કરવાના
કાર્યને સાકાર બનાવવા
સૌ કોઈને નમ્ર વિનંતી છે.
માહિતી વિશેષાંક
૨૧૯એ, કીકા સ્ટ્રીટ, ગોડીજી
બિલ્ડીંગ, બીજે માળે, મુંબઈ-૨

# વિદ્યાલયનું કીમતી પ્રકાશન

ત્રણ અઠવાડિયાં પહેલાં, તા. ૯-૧૧-૭૫, રવિવારના રોજ, મુંબઈમાં, શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી તૈયાર કરવામાં આવેલ એક કળાના ગ્રંથનો પ્રકાશન-વિધિ થયો, એની નોંધ લેવી ઉચિત હોવાથી અમે આ નોંધ લખવા પ્રેરાયા છીએ.

અંગ્રેજી ભાષામાં પ્રગટ થયેલ આ ગ્રંથનું નામ "New Documents of Jaina Painting" (જૈન ચિત્રકળાના નવા નમૂના) છે. આ ગ્રંથનું સંપાદન ભારતીય વિદ્યા અને જૈનાશ્રિત કળાના વિશ્વ વિશ્રુત બે વિદ્વાનો સ્વ૦ ડો. મોતીચંદ્ર અને ડો. ઉમાકાંત શાહે કર્યું છે. આ ગ્રંથનું પ્રકાશન જૈન સંઘની સુપ્રસિદ્ધ શિક્ષણ-સંસ્થા, મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે કર્યું છે. ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ-કલ્યાણક મહોત્સવની ઉજવણીના વર્ષમાં આ ગ્રંથનું પ્રકાશન કરીને એમાં પોતાનો અદનો ફાળો આપવાની વિદ્યાલયના સંચાલકોની ભાવના, ગ્રંથમાં નોંધાવવામાં આવેલ વિ.સં. ૨૦૩૧ના ભગવાન મહાવીરના જન્મકલ્યાણક દિનની તિથિ તથા તા. ૨૩-૪-૧૯૭૫ની તારીખ ઉપરથી જાણી શકાય છે. પુસ્તકનું મૂલ્ય સવાસો રૂપિયા રાખવામાં આવ્યું છે.

જેમ જૈન સંઘ આશ્રિત શિલ્પ-સ્થાપત્ય-મૂર્તિ-કળાની સમૃદ્ધિ ઘણી વિપુલ અને દેશના મોટા ભાગના પ્રદેશોમાં ફેલાયેલી છે, તેમ જૈન સંઘ આશ્રિત ચિત્રકળાની સામગ્રી પણ પુષ્કળ છે અને તે જૈન સંઘ હસ્તકના સંખ્યાબંધ જ્ઞાન-ભંડારોમાં સચવાયેલી છે. આ ચિત્રકળા ગ્રંથસ્થ રૂપમાં તેમ જ યંત્રપટો, વિજ્ઞપ્તિપત્રો વગેરે રૂપે પણ ઉપલબ્ધ થાય છે. જૈન સાહિત્યના તેમ જ જુદા જુદા ધર્મો તથા વિદ્યાની વિવિધ

: મણકો :

જૈનધર્મની દૃષ્ટિ હંમેશા અનેકાંતવાદી રહી છે. એટલે તાત્ત્વિક કે આચારને લગતી કોઈ પણ બાબતમાં એકાંત આગ્રહ ધરાવવો એ જૈનધર્મની દૃષ્ટિથી વિરુદ્ધ છે. આ જ વાત સાધુજીવનના આચાર માટે પણ નક્કી કરવામાં આવેલ વિધિ-નિષેધોની ઉપયોગિતા કે અનુપયોગિતાનો કે એના સારાસારપણાનો વિવેક કરતી વખતે પણ ખ્યાલમાં રાખવાની હોય છે; કારણ કે એમ થાય તો જ એનાથી સંયમયાત્રાને નિરાકુલપણે આગળ વધારવામાં, ધર્મની પ્રભાવના કરવામાં અને શ્રીસંઘનો અભ્યુદય સાધવામાં સાચો લાભ મેળવી શકાય. આજે જે વિધિ-નિષેધો કાર્યસાધક અને લાભકારક લાગતા હોય, તે પલટાયેલા દેશ-કાળમાં લાભકારક બનતાં અટકી જાય એવું પણ બને; અને તેથી એમાં વિવેકપૂર્વક ફેરફાર કરવાનું પણ જરૂરી થઈ પડે. જૈનદર્શનની અનેકાંત-દૃષ્ટિનો આ જ સાર અને ઉપયોગ છે

—આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી.

શાખાઓના હસ્તલિખિત ગ્રંથો તેમ જ આવી ચિત્રસામગ્રીને લીધે જૈન ગ્રંથભંડારોની નામના, અંગ્રેજોના આગમન બાદ, દેશ-વિદેશમાં ખૂબ વિસ્તરવા પામી છે; તેમ જ આ સાહિત્ય-સામગ્રી તથા ચિત્ર સામગ્રીનું મહત્ત્વ અને મૂલ્ય પણ સર્વત્ર અંકાવા લાગ્યું છે.

જૈન ગ્રંથ-ભંડારોની આવી નામના અને મહત્તાની પાછળ જૈન સંઘને વરેલી નિર્મળ જ્ઞાનભક્તિની બિનસાંપ્રદાયિક દૃષ્ટિ છે. એવા પણ દાખલાઓ મળે છે કે અન્ય ધર્મ કે દર્શનના બીજે ક્યાંયથી પણ ઉપલબ્ધ નહીં થતાં કેટલાંક ગ્રંથરત્નો જૈન ગ્રંથભંડારોમાંથી મળી આવ્યા છે. અને ન્યાય, વ્યાકરણ, કાવ્ય, કોષ, છંદ, અલંકાર, જ્યોતિષ અને વૈદક જેવા સાર્વજનિક અને વ્યાપક પ્રચાર ધરાવતા વિષયોના ગ્રંથો તો હજારોની સંખ્યામાં આ ગ્રંથભંડારોમાં સેંકડો વર્ષોથી સચવાઈ રહેલા છે. ધીરે ધીરે જૈન ગ્રંથભંડારોની આ વિશેષતા સર્વમાન્ય બની ગઈ છે તેનું કારણ એ છે કે આપણા દેશમાં મુદ્રણકળાની શરૂઆત થઈ ત્યાર પછી જુદા જુદા વિષયના જે હજારો ગ્રંથો અત્યાર સુધીમાં મુદ્રિત થયા છે તેમાં જૈન હસ્તલિખિત ગ્રંથભંડારોમાંથી મળેલ ગ્રંથોની સંખ્યા ઘણી મોટી છે. ઉપરાંત ભારતીય વિદ્યા તથા જૈન વિદ્યાના સંશોધન-સંપાદન-પ્રકાશનના ક્ષેત્રે વિદેશમાં પણ જે કંઈ કામ થયું છે તેમાં પણ જૈનાશ્રિત ગ્રંથભંડારોમાંથી ઉપલબ્ધ થતી સામગ્રીનો કંઈ નાનોસૂનો ફાળો નથી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે શરૂઆતથી જ પોતાના કાર્યક્ષેત્ર માટે જે ઉદ્દેશોનો સ્વીકાર કરેલો છે તેમાં ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવાની વાત અગ્રસ્થાને હોવા છતાં એમાં જૈન સાહિત્યના જુદા જુદા વિષયને લગતાં ઉચ્ચકોટિના ગ્રંથોના પ્રકાશનને પણ સ્થાન આપવામાં આવ્યું છે તે વિદ્યાલયની નોંધપાત્ર વિશેષતા છે અને તે એના પ્રેરક આચાર્યશ્રીની તેમ જ એના સંચાલકોની દીર્ઘદૃષ્ટિનું સૂચન કરે છે. વિશેષ આનંદ ઉપજાવે એવી વાત તો એ છે કે પોતાના બંધારણમાં સાહિત્ય પ્રકાશનને પણ એક ઉદ્દેશ તરીકે સ્થાન આપીને જ સંતોષ માનવાને બદલે વિદ્યાલય છેક જૂના વખતથી જ આ દિશામાં પણ સક્રિય રહ્યું છે. અને અવારનવાર કંઈક ને કંઈક ઉપયોગી સાહિત્યનું પ્રકાશન કરતું રહે છે. સાહિત્ય-પ્રકાશનના ક્ષેત્રમાં પણ વિદ્યાલયે જે ખર્ચ કરવાનું સાહસ કર્યું છે તે સમાજ ઉપરના એના વિશ્વાસનું દ્યોતક છે, અર્થાત્ કોઈપણ પુસ્તકનું પ્રકાશન કરવામાં વિદ્યાલયે ક્યારે ય ખર્ચની ચિંતાથી પ્રેરાઈને એને નગુણું થવા દીધું નથી એ વાતની સાક્ષી વિદ્યાલયનું એકેએક પ્રકાશન પૂરે છે.

સંખ્યાની દૃષ્ટિએ આ પ્રકાશનો ભલે ઓછાં હોય પણ ગુણવત્તાની દૃષ્ટિએ તો એ એક એકથી ચડિયાતા છે અને કેટલાંક પ્રકાશનોએ તો વિદેશમાં પણ નામના મેળવી છે. આ દિશામાં વિદ્યાલયે હાથ ધરેલી અને પાંચ-સાત લાખ રૂપિયા જેટલા જંગી ખર્ચની જોગવાઈની અપેક્ષા રાખતી આગમ-પ્રકાશનની યોજનાએ તો વિદ્યાલયને ઘણી વિખ્યાત બનાવવાની સાથે ખૂબ લોકપ્રિય પણ બનાવી દીધી છે, એમ કહેવું જોઈએ અને તાજેતરમાં બહાર પડેલ 'ન્યુ ડોક્યુમેન્ટસ ઓફ જૈન પેઈન્ટિંગ' નામે ગ્રંથરત્નનું પ્રકાશન કરવાની હામ ભીડીને તો વિદ્યાલયે પોતાની સાહિત્ય-પ્રકાશનની કારકીર્દિ પર સુવર્ણકળશ ચઢાવ્યો છે એમ એ ગ્રંથનું અવલોકન કરનાર કોઈને પણ લાગ્યા વિના નહીં રહે.

જૈન ગ્રંથસ્થ ચિત્રકળાનું આહ્લાદકારી અને સુભગ દર્શન કરાવતાં આ ગ્રંથમણિમાં પ્રાચીન હસ્તપ્રતોમાં દોરવામાં આવેલા ચિત્રોમાંથી બત્રીસ તો બહુરંગી ચિત્રો અને એકસો એક એકરંગી ચિત્રો જેટલો વિપુલ ખજાનો આપવામાં આવ્યો છે. આ બધા ચિત્રોની પસંદગી જુદા જુદા સ્થાનોના ગ્રંથભંડારોમાંથી કરવામાં આવી છે એ તો ખરૂં જ, ઉપરાંત એના કળા કોવિદ સંપાદક મહાનુભાવોએ એની વિશેષતા દર્શાવતું મૂલ્યાંકન પણ રજૂ કર્યું છે. આ ગ્રંથમાં સંગ્રહવામાં આવેલ ચિત્ર સામગ્રીમાં કેવળ જૈન વિષયોને જ સ્પર્શતા ચિત્રો આપવામાં આવ્યા છે એવું નથી; પણ એમાં કવિ કાલિદાસકૃત મેઘદૂત અને કુમારસંભવ જેવી સાર્વજનિક સાહિત્ય કૃતિઓને લગતાં ચિત્રો પણ આપવામાં આવ્યા છે એ પણ એની નોંધપાત્ર વિશેષતા છે.

એ કહેવાની જરૂર નથી કે વિદ્યાલય પોતાના આ ગ્રંથમાં જૈનાશ્રિત ચિત્રકલાની આટલી વિપુલ સામગ્રી આપી શક્યું તે સ્વર્ગસ્થ પરમપૂજ્ય આગમપ્રભાકર મુનિવર્યશ્રી પુણ્યવિજયજીની સહાય અને લાગણીના પ્રતાપે જ આવો ગ્રંથ એક સ્વતંત્ર રૂપમાં પ્રગટ કરવાનો વિચાર વિદ્યાલયના સંચાલકોને એ વખતે આવ્યો હતો કે જ્યારે ૮-૧૦ વર્ષ પહેલાં વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ નિમિત્તે એક સાહિત્ય અને કળાની સામગ્રીથી ખૂબ સમૃદ્ધ સુવર્ણ મહોત્સવ ગ્રંથ બે ભાગમાં પ્રકાશિત કરવાની યોજના ઘડવામાં આવી હતી. જ્યારે આ યોજનાનો આકાર-પ્રકાર નક્કી થતો હતો તે વખતે જ એમાં પ્રાચીન હસ્તપ્રતોનાં તેમ જ નામાંકિત જૈન શિલ્પ-સ્થાપત્યોના ચિત્રો સારા પ્રમાણમાં આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આમાં શિલ્પ-સ્થાપત્યોની ચિત્ર સામગ્રી મેળવવામાં તો મુશ્કેલી પડે એમ ન હતું કારણ કે એની છબીઓ જે તે લેખના લેખક તરફથી પૂરી પડી શકે એમ હતું, પણ જુદા જુદા ગ્રંથભંડારોમાં સચવાયેલી સચિત્ર અને અમૂલ્ય હસ્ત-પ્રતોને મેળવવાનું કામ અતિ દુષ્કર હતું. અને તે મુનિરત્ન શ્રી પુણ્યવિજયજી મહારાજની લાગણી વગર કોઈ પણ રીતે સુલભ થઈ શકે એવું હતું જ નહીં. એ વખતે એમની સાધુતાભરી ભલામણથી વિદ્યાલય જે મૂળ ચિત્ર સામગ્રી મેળવી શક્યું હતું. તેમાંની અમુક સામગ્રી વિદ્યાલયના સુવર્ણ-મહોત્સવ ગ્રંથમાં આપવામાં આવી હતી અને એ સામગ્રી સહિત બાકીની બધી સામગ્રી આ ગ્રંથમાં આપવામાં આવી છે. એટલે વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ ગ્રંથમાં જે અમૂલ્ય ચિત્ર સામગ્રી રજૂ થઈ શકી છે તે કેવળ શ્રમણશ્રેષ્ઠ મુનિવર્ય શ્રી પુણ્યવિજયજીને પ્રતાપે જ. આ બાબતમાં વિદ્યાલયના માનદ્ મંત્રીઓએ આ ગ્રંથના પોતાના નિવેદનમાં આગમપ્રભાકરજી મહારાજ પ્રત્યે જે કૃતજ્ઞતાની લાગણી દર્શાવી છે તે અમે અમારા આજના અંકના સામાયિક સ્ફુરણની નોંધરૂપે જુદી રજૂ કરી છે.

વિદ્યાલયના અત્યાર પૂર્વેના પ્રકાશનોની જેમ આ પ્રકાશન પણ કાગળ, છપાઈ, બંધાઈ, સુઘડતા

અને સફાઈ એ બધી દૃષ્ટિએ ચિત્તને વશ કરી લે એવું મનોહર, સુંદર અને શ્રેષ્ઠ કોટિનું બન્યું છે. આ ગ્રંથમાં સંગ્રહવામાં આવેલી કલા-સામગ્રીનું મૂલ્યાંકન તો આ વિષયના જાણકારો જ કરી શકે. અમારો એ વિષય નહીં હોવાથી એ મુદ્દાને અમે સ્પર્શ ન કરીએ એ જ ઉચિત છે. બાકી તો આ પુસ્તકનું મહત્ત્વ અને કળાગૌરવ વર્ણનથી સમજવાનો પ્રયત્ન કરવાને બદલે એનું અવલોકન કરીને જ સાચી રીતે કરી શકાય એ કહેવાની જરૂર નથી. કોઈપણ પુસ્તકાલય કળા-શાળા કે ઘરની શોભારૂપ બની રહે એવું આવું મધુર-સુંદર પ્રકાશન કરવા બદલ ગ્રંથના સંપાદક મહાનુભાવોને તેમ જ વિદ્યાલયના સંચાલક મિત્રોને અમે ખૂબ ખૂબ હાર્દિક ધન્યવાદ આપીએ છીએ અને વિદ્યાલયની વિદ્યા પ્રવૃત્તિની સાથે સાથે એની સાહિત્ય-પ્રકાશનની પ્રવૃત્તિ પણ એને ઉત્તરોત્તર વધુ યશ અપાવનારી બનતી રહે એવી હાર્દિક શુભેચ્છા દર્શાવવા સાથે આ પ્રકાશનને ઉલ્લાસભર્યો આવકાર આપીએ છીએ.

---

## સામયિક સ્ફુરણ

### જેમના આપણે સદાના ઋણી છીએ

જૈન વિદ્યા, જૈનકળા અને ભારતીય વિદ્યાના અમુક વિષયોના સંશોધન, સંપાદનનો જ્યારે પણ વિચાર આવે છે ત્યારે સદ્‌ગત આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજીનું નામ અને કામ અચૂક યાદ આવી જાય છે. આ મહાપુરુષે શાંત, એકાંત ખૂણામાં મૂકપણે બેઠાબેઠા સ્વયં જૈન આગમ તેમજ ઇતર સાહિત્યના સંશોધન ક્ષેત્રે કેટલું બધું કામ કર્યું હતું અને દેશ-વિદેશના સંખ્યાબંધ વિદ્વાનોને કેટલી સહાય કરી હતી એનો વિચાર કરીએ છીએ ત્યારે તો આવા ધ્યેયને વરેલી કોઈ મોટી સંસ્થાની કાર્યવાહી પણ એની આગળ નાની લાગે છે. વિદ્યા તથા કળાના સંશોધનને ક્ષેત્રે તેઓના જવાથી એવી મોટી ખોટ પડી છે કે જે ક્યારે પૂરી થશે એ કળી શકાતું નથી.

તાજેતરમાં મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે "ન્યુ ડોક્યુમેન્ટસ ઓફ જૈન પેઈન્ટિંગ" નામે જે કળાનો ગ્રંથ પ્રકાશિત કર્યો છે તેના પ્રકાશક તરીકેના નિવેદનમાં વિદ્યાલયના માનદ્ મંત્રીઓએ પરમપૂજ્ય પુણ્યવિજયજી મહારાજ પ્રત્યે લાગણીભીના શબ્દોમાં, આભારની લાગણી પ્રદર્શિત કરી છે તે તેઓની પોતાની લાગણીની સાથેસાથે અનેક વિદ્વાનોની મહારાજશ્રી પ્રત્યેની કૃતજ્ઞતાની લાગણીને વ્યક્ત કરે છે એ સ્પષ્ટ છે અને તેથી આ ગ્રંથમાંના એ ઉદ્‌ગારો અહીં રજૂ કરવા અમે સમુચિત માનીએ છીએ. મહારાજશ્રી પ્રત્યેની આભારની લાગણી વ્યક્ત કરતાં વિદ્યાલયના માનદ્ મંત્રીઓએ ઠીક જ કહ્યું છે કે —

"આમ બની શક્યું (આ ગ્રંથ આ રીતે તૈયાર થઈ શક્યો) તે ઘણે મોટે ભાગે તો સ્વર્ગસ્થ આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ તરફથી પ્રકાશકો તથા સંપાદકોને જે નિઃસ્વાર્થ સહકાર અને સહાય મળેલ છે તેને લીધે જ. તેઓ આ ગ્રંથના માર્ગદર્શક અને જૈન આગમ ગ્રંથમાળાના સર્જક હતા. પવિત્ર આગમોનું સંપાદન એ એમને માટે જીવનભરનું સાચું ધ્યેય હતું. ભારતીય વિદ્યાની જુદી જુદી શાખાઓ તેમ જ જૈન વિદ્યાને એમનું જીવન સમર્પિત થયેલું હોવા છતાં એમણે જ્ઞાનના સાચા ભંડાર સમા રાજસ્થાન અને ગુજરાતના સૈકાઓ જૂના જ્ઞાનભંડારોના સાચવણી તથા સુવ્યવસ્થા માટે પણ પોતાનો સમય આપ્યો. તેઓના અવિશ્રાંત પ્રયત્નો વગર સંખ્યાબંધ હસ્તપ્રતો નષ્ટ થઈ ગઈ હોત અથવા કાળના ગર્ભમાં સમાઈ ગઈ હોત અને એમ થયું હોત તો એ ભારતીય સંસ્કૃતિની ન પૂરી શકાય એવી ખોટ બની રહેત. કોઈ એક મોટી સંસ્થા દાવો કરી શકે તેના કરતાં પણ વધારે મોટા પ્રમાણમાં ભારતના અને ભારત બહારના વિદ્વાનોના સમૂહને તેમણે સહાય કરી હતી. આગમ-સંશોધન, કળા અને સ્થાપત્યની રક્ષા માટેની જે તેમની સેવાઓ હજુ સુધી પણ અજોડ છે એવા સ્વર્ગસ્થ પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજીની ભક્તિ અને સમર્પણના

ભાવનાને અમે અમારી હાર્દિક અંજલિ આપીએ છીએ.

"શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પોતાના ઉદ્દેશોમાં જૈન સાહિત્યના સંશોધન અને પ્રકાશનને પણ સ્થાન આપેલ છે કેટલાક વર્ષોથી વિદ્યાલયને એમ લાગ્યાં કરતું હતું કે જૈન મૂળ આગમોની સંશોધિત આવૃત્તિઓ ન હોય એ એક ખામી ગણાય. આ માટેની દેશનાં તેમ જ વિદેશના વિદ્વાનોની વધતી જતી માગણીને પૂર્ણ કરવા માટે પ્રાકૃત ભાષા અને સાહિત્યના ક્ષેત્રમાં એ સંત અને વિદ્યા–વિશારદ તરીકે કામ કરી રહેલ પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી પાસે આ માટેની એક નક્કર યોજના રજૂ કરી હતી. સંશોધનને તો તેઓએ પોતાના જીવનનું ધ્યેય જ માન્યું હતું, તેથી એ મહાન વિદ્વાન પુરુષે અમારી માંગણીનો સ્વીકાર કર્યો હતો."

વિદ્યાલયના માનદ્ મંત્રી મહાનુભાવોએ સદ્ગત પુણ્યવિજયજી મહારાજ પ્રત્યે જે ઉપકારની લાગણી દર્શાવી છે તેમાં અમે અમારો સૂર પુરાવીએ છીએ અને તેમનું આ કાર્ય નાના કે મોટા રૂપમાં પણ ચાલુ રહે એવો શ્રીસંઘને વિનંતી કરીએ છીએ.

## ભણે તેનું જ્ઞાન : એક જાણવા જેવો પ્રસંગ

જેમ જે ગોળ ખાય તે ગળપણનો અનુભવ કરે અને જે ધર્મનું પાલન કરે તે જીવનશુદ્ધિનો લાભ મેળવે, તેમ જે જાણવા–ભણવાનો પ્રયત્ન કરે તે જ્ઞાનનો લાભ મેળવી શકે છે. પવન, પાણી અને પ્રકાશની જેમ ધર્મક્ષેત્રને તથા વિદ્યાક્ષેત્રને કોઈ અવરોધો રોકી શકતા નથી, પણ જે કોઈ એની ઉપાસના કરે તે એનો લાભ સહેજે મેળવી શકે છે.

ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ કલ્યાણક નિમિત્તે યોજવામાં આવેલ સંખ્યાબંધ કાર્યક્રમોમાં જૈન ઉપરાંત ઇતર જનતાએ જે ઉલ્લાસભર્યો ભાગ લીધો છે અને જે લાભ મેળવ્યો છે એ સૌ કોઈએ ધ્યાનમાં લેવા જેવો અને આ વાતની સાક્ષી આપે એવો છે. અહીં આવો જ એક દાખલો રજૂ કરતાં આનંદ થાય છે. અમદાવાદની પાસે સાબરમતીમાં 'શ્રી સાબરમતી કેળવણી ટ્રસ્ટ' નામે એક વિદ્યાસંસ્થા કામ કરી રહેલ છે. એણે વર્ષોક માસના પહેલા ભગવાન મહાવીરના જીવનને અનુલક્ષીને એક નિબંધસ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાની યોજના કરી હતી. આ વક્તૃત્વ–સ્પર્ધાનું પરિણામ છએક અઠવાડિયા પહેલાં બહાર પડયું હતું તે ખાસ જાણવા જેવું છે. "ગુજરાત સમાચાર" દૈનિકના તા. ૨૧–૧૦–૭૫ના અંકમાં પ્રગટ થયેલ આ પરિણામથી જાણવા મળે છે કે—

"સાબરમતી કેળવણી ટ્રસ્ટ તરફથી "શ્રમણ ભગવાન મહાવીર જીવન અને ઉપદેશ" અંગે વક્તૃત્વ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રેણીવાર નીચે મુજબના વક્તાઓ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઇનામો પ્રાપ્ત કરે છે.

"શ્રેણી–૧ : પ્રથમઃ બ્રહ્મભટ્ટ આશાબેન વ્રજલાલ–(નારણપુરા શાળા નં. ૩) દ્વિતીય : શાહ શીલ્પા ધીરજલાલ (મંગાબેન જૈન કન્યાશાળા) તૃતિયઃ વ્યાસ ગીતાબેન દિનેશકુમાર (સાબરમતી શાળા નં. ૧૦).

"શ્રેણી નં. ૨ઃ પ્રથમઃ ભટ્ટ કલ્પના બાબુભાઈ (જી. સી. ગર્લ્સ હાઈસ્કૂલ) દ્વિતીય : ઉપાધ્યાય રવીશંકર (દિવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા–કાંકરીયા) તૃતિય : શાહ કુસુમ ચીનુભાઈ (સી. એન. વિદ્યાલય, આંબાવાડી)

"શ્રેણી–૩ : પ્રથમ : હેમંતકુમાર દ શાહ (મહાદેવભાઈ સમાજસેવા મહાવિદ્યાલય) દ્વિતીય : એસ. એ. ગોલકિરઝા (એમ. એસ. યુનિ૦ આર્ટ્સ ફેકલ્ટી) તૃતીય : દવે મીનાબેન કે. (સાબરમતી કન્યા વિદ્યાલય.)

"શ્રેણી–૩અ પ્રથમ : દેસાઈ મુકુન્દરાય (પાવર હાઉસ પ્રા. શાળા) દ્વિતીય : શ્રીમાળી મંગળદાસ નરસિંહભાઈ (અસારવા મ્યુનિસીપાલીટી શાળા–૪) તૃતીય : ત્રવાડી અરવિંદાબેન પ્રાણજીવનભાઈ (ખાડીયા શા. નં.૧૦)

"શ્રેણી–૩બ : પ્રથમ શાહ વિનોદચંદ્ર મફતલાલ (સાબરમતી) દ્વિતીય : શાહ મથુરભાઈ ગણેશભાઈ (રાણીપ) તૃતીય : ડૉ. જગદીશભાઈ પટેલ (સાબરમતી)"

આ ઉપરથી જોઈ શકાય છે કે ભગવાન મહાવીરના જીવન અંગે બોલવું હોય કે બીજા કોઈ વિષયનું જ્ઞાન મેળવવું હોય એમાં નાતજાતના કોઈ સીમાડા આડે આવી શકતા નથી. આ હકીકત ભગવાન મહાવીરે કહેલી સારું કામ કરનાર સારો કહેવાય અને ખોટું કામ કરનાર ખોટો કહેવાય એ પાયાની વાતનું સમર્થન કરે છે, અને ધર્મક્ષેત્રમાં પૂરેપૂરી ઉદારતા દાખવવાનો બોધપાઠ આપી જાય છે.

## નિર્વાણ કલ્યાણકની પચીસોમી શતાબ્દીની યાદમાં

વૈયાવચ્ચ એટલે દીન-દુઃખી-રોગી માનવબંધુઓની સેવા-ચાકરી અને એમના દુઃખનું નિવારણ કરવાનો પ્રયત્ન એ પણ આત્માને ધર્મના માર્ગે દોરી જવાનો અર્થાત્ આત્મામાં પરમાત્મભાવની અગ્નિ પ્રગટ કરવાનો એક ઉપાય છે—અને કદાચ આ ઉપાય આ માટેના બીજા ઉપાયો કરતા કંઈક સહેલો હોય એવું પણ બને. એટલે દીન-દુઃખી-રોગી માનવીઓની સેવાને પણ ધર્મસાધનામાં મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.

ભગવાન મહાવીરના પચીસસોમાં નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીય, પ્રજાકીય તેમ જ જૈન સંઘના ધોરણે કરવામાં આવેલી ઉજવણી નિમિત્તે જે અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા, તેમાં જેમ તાત્કાલિક કાર્યક્રમોનો સમાવેશ થતો હતો, તેમ કેટલીક કાયમી યોજનાઓનો પણ સમાવેશ થાય છે. આવી કાયમી યોજનાઓમાં ક્યાંક ક્યાંક હૉસ્પિટલ જેવી સત્પ્રવૃત્તિ શરૂ કરવાનો પણ નિર્ણય લેવામાં આવેલ છે.

આ ઉજવણીની કાયમી સ્મૃતિરૂપે રાજસ્થાનમાં પાલી, સિરોહી તથા જાલોર જિલ્લાની જનતા લાભ લઈ શકે એ માટે સુમેરપુરની પાસે એક મેડિકલ હૉસ્પિટલ બે કરોડ રૂપિયાના ખર્ચે ઊભું કરવાની યોજના તૈયાર કરવામાં આવી હતી; અને એ કામની શરૂઆત ગત બીજી ઑક્ટોબરના મહાત્મા ગાંધીજીના જન્મદિને કરવામાં આવી છે.

જીવદયા અને માનવસેવાના કાર્યો કોઈ પણ નિમિત્તે થાય, તે આવકારદાયક જ લેખાય.

અમે આ યોજનાનું સ્વાગત કરીએ છીએ.

---

## ભાયખલા ( મુંબઈ ) માં ચાતુર્માસ પરિવર્તન

આગમપ્રજ્ઞ આચાર્ય શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી ઠાણા ૮નું ચાતુર્માસ નિર્વિઘ્ને પરિપૂર્ણ થતાં સકલ સંઘ વાજતે-ગાજતે શ્રી ધરણેન્દ્રભાઈના નિવાસસ્થાને મોતીશા જૈન પાર્કમાં પધાર્યો હતો. ત્યાં જ્ઞાનપૂજન-ગુરુપૂજનાદિ કરવાપૂર્વક શ્રી ધરણેન્દ્રભાઈના માતુશ્રીએ 'રજોહરણ-ઓઘો' તથા કામળી વગેરે વહોરાવેલ. તેઓશ્રીના વડીલબંધુ શ્રી તારાચંદભાઈ તથા જસીભાઈ આદિ કુટુંબ પરિવારે પૂ. આચાર્યો, ગણિવરાદિ સાધુ ભગવંતોના ગુરુપૂજનાદિ કરવા પૂર્વક કામળીઓ વહોરાવી હતી. માંગલિક સંભળાવ્યા બાદ શ્રીફળની પ્રભાવના થઈ હતી. વ્યાખ્યાન મંડપમાં પૂજ્યશ્રીના વ્યાખ્યાન બાદ પણ ૧૦-૧૦ પૈસાની પ્રભાવના થઈ હતી.

'સકલસંઘે વહેલી સવારે શ્રી આદિનાથ જિનમંદિરમાં ચૈત્યવંદનાદિ કરી દેરાસરના વિશાળ મંડપમાં બાંધેલા બે વિશાળ મોટા શ્રી સિદ્ધગિરિજી પટોના દર્શન, ચૈત્યવંદન, ૨૧ ખમાસમણાદિ દેવાપૂર્વક ઉલ્લાસથી પટજુહારી યાત્રાનો અપૂર્વ આનંદ અનુભવ્યો હતો. આખો દિવસ હજારો ભાવિકો પટ જુહારવા આવતા હતા. આજે શ્રી રૂપચંદજી તરફથી મૂળનાયક ભગવંતને ઝવેરાતની આંગી રચવામાં આવી હતી.

કા. સુદ ૫ ને શ્રી સૂરિમંત્ર કરાવ્યા બાદ વદ ૬ઠે પૂ. આચાર્ય આદિ શ્રી કૈલાસપ્રભ વિ. મ૦ના કાળધર્મ નિમિત્તે વદ ૮થી થનાર મહોત્સવ પ્રસંગે લલવાણી પરિવારની વિનંતીથી વડાલા પધાર્યા છે.

### ઉપધાનતપ-દાવણગિરિ

પૂ૦ આ૦ શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ૦ના પટ્ટધર પૂ૦ આ૦ શ્રી વિજયભદ્રંકરસૂરિજી મ૦ની નિશ્રામાં ૩૮ આગપ્રશાળીઓ તરફથી ઉપધાનતપ શરૂ થનાર છે. તેનું પ્રથમ મુહૂર્ત મા. સુદ ૧૦ તા. ૧૩-૧૨-૭૫ અને બીજું મુહૂર્ત મા. સુદ ૧૪ તા. ૧૭-૧૨-૭૫નું છે.

પૂજ્યશ્રીની નિશ્રામાં મા. સુદ ૧૦ના અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવવા માટે મદ્રાસ આફ્રમનો શ્રીસંઘ વિનંતી કરવા આવેલ. અત્રે પણ પૂજ્ય ગુરુદેવના સમાધિમંદિરમાં ચરણપાદુકાની પ્રતિષ્ઠાની તૈયારી ચાલી રહી છે.

## ગુડાબાલોતરામાં ગણીપદવી

પૂ. આચાર્ય શ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજી મ૦સા૦ની નિશ્રામાં પૂ૦ આચાર્યશ્રી હીંકારસૂરીશ્વરજીએ પોતાના શિષ્યરત્ન મુનિશ્રી પુરંદરવિજયજી મ૦ને કા. વદિ ૨ ના ગણિપદવી આપી ગણિ શ્રી ઋષભસેનવિજયજીના શુભ નામથી વિભૂષિત કરેલ છે. આ પ્રસંગનો મહોત્સવ ખુબ ઉમંગથી ઉજવાયો. પૂજ્ય આચાર્યશ્રી અત્રેથી વિહાર કરી ઉપધાન પ્રસંગે ઉમેદપુર પધાર્યા છે.

# અમદાવાદ–શાંતિનગર

પૂ. આચાર્ય શ્રી વિજયજયંતસૂરીશ્વરજી મ૦, તીર્થપ્રભાવક પૂ૦ આચાર્યદેવશ્રી વિજયમાનતુંગસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં દીપોત્સવી પર્વની સુંદર આરાધના થઈ હતી. દિવાળીના બે દિવસ તીર્થપ્રભાવક પૂજ્ય ગુરુદેવે 'દ્રુમપત્રક' અને 'શિગોયમિજ્જં' અધ્યયનની અનુપમ દેશના આપી હતી. તેમ જ મુનિશ્રી રાજયશવિજયજી મ.શ્રીએ તે અધ્યયનનું શાસ્ત્રીય તલસ્પર્શી વીવેચન કરી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

નૂતન વર્ષના મંગલ પ્રભાતે ચૈત્યવંદન, ભક્તામર સ્તોત્ર દ્વારા પ્રભુ પ્રાર્થના, મંગલાચરણ શ્રવણ, તીર્થપ્રભાવક ગુરુદેવના મુખેથી ગુરુ ગૌતમસ્વામીના રાસનું શાસ્ત્રીય સંગીતમાં શ્રવણ, મુનિશ્રી રાજયશવિજયજીનું 'જૈનં જયતિ શાસનં' વિષેનું મનનીય પ્રવચન શ્રવણ આદિનો અનુપમ લહાવો ચતુર્વિધ સંઘે લીધો હતો. અનેક ભવ્યાત્માઓએ વિવિધ અભિગ્રહો પણ લીધેલા.

કલકત્તથી ગુરુવંદનાર્થે આવેલ સંઘપતિશ્રી ખુશાલભાઈ તથા હિંમતભાઈએ કા. શુ ૧૧ના પ્રવચન સમયે સંઘપૂજનો લાભ લીધો હતો.

કા. સુદ ૧૩ના શ્રી શાંતિચંદ્ર સેવા સમાજનો ૪૮મો વાર્ષિક મહોત્સવ પૂજ્યોની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો. આ પ્રસંગે મુનિશ્રી રાજયશવિજયજીએ સાધર્મિક ભક્તિ બાબત અને અમદાવાદના જૈન ભાઈ–બહેનોની માહિતી સભર ડીરેકટરી બનાવવા બાબત મનનીય અને અનુસરણીય એવું પ્રવચન આપેલ. પૂ. આ૦ શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મહારાજે પણ સાધર્મિકભક્તિની મુનિરાજશ્રીની યોજનાને વધાવી આ કાર્ય માટે ભારપૂર્વક પ્રેરણા આપેલ. રાત્રે શ્રી ઈન્દ્રચંદજી ઘોડા (માદોની નિવાસી)ના પ્રમુખપદે એક જાહેર સમારંભ યોજાએલ.

૭૭ ૭૭ જેવી વિશાળ સંખ્યામાં પૂજ્યોનુ ચાતુર્માસ પરિવર્તનનો આદેશ લાલભાઈ હિંમતલાલ શાહને મળતા આ દંપતીએ તેની તયારીમાં લાગી જઈ ગૃહાંગણે વિશાળ મંડપ બાંધેલ તેમ જ શ્રી સિદ્ધાચલજીની અનુપમ રચના કરી હતી.

કાર્તિક પૂર્ણિમાના સામૈયાનો પ્રારંભ થતાં રાજકુમારના વેશમાં સુસજ્જત ઘોડેસ્વારો, વિશાળ સ્વજન તથા સુશોભિત બગીમાં શ્રીમતી સરોજબેન તથા લાલભાઈ વર્ધાપન દેતા હતા. સમૈયુ ગૃહાંગણે આવતાં ત્યાં નવપદજીના વર્ણની વિશિષ્ટ ગહુંલીઓ દ્વારા ગુરુજનોને વધાવ્યા. પૂ. ગુરુદેવની નિશ્રામાં ચાતુર્માસ પરિવર્તન પ્રસંગ તથા કાર્તિકી પૂર્ણિમાની યાત્રાનું અનુપમ પ્રવચન મુનિશ્રી રાજયશવિજયજી મ૦શ્રીએ આપ્યું. ત્યારબાદ શાહ પરિવારે પૂજ્ય ગુરુદેવોનું પૂજન કરી સાધુના અનેક ઉપકરણો કામળી–કંબલ વગેરે વહોરાવ્યા. સમસ્ત સંઘનું રૂ. રૂ. દ્વારા સંઘપૂજન કર્યું. ઉપસ્થિતિ લગભગ અઢી હજાર આસપાસ હતી.

બપોરે ગુરુભગવંતની નિશ્રામાં શ્રી સિદ્ધાચલની રચના સમક્ષ પાંચ પાંચ ભાવવાહી સ્તવનો સાથે ચૈત્યવંદન અને ૨૧ ખમાસમણાની આરાધના કરાવી. શ્રી લાલભાઈએ સમસ્ત સંઘની ભક્તિ દ્વારા ભક્તિ કરી. અત્રે આવો પ્રસંગ પ્રથમ જ હતો, સાંજે પ્રતિક્રમણમાં ઉપસ્થિત રહેલી વિશાળ સંખ્યાને બે પ્રભાવના થઈ. રાત્રે ભાવનામાં સંગીતકાર રસીકલાલ મુનસી પાર્ટીએ ભક્તિગીતોની રમઝટ જમાવેલ. સવારે સમુહ ચૈત્યવંદન બાદ ભક્તામરની પ્રાર્થના અને ૪–૪ આનાની પ્રભાવના થયેલ.

કા. વ. ૭થી ઉપધાન તપની શરૂઆત થઈ છે. શેરીસા સંઘની વિચારણા ચાલી રહી છે. ત્યાં કુ. ઝવેરીની દીક્ષા કા. વ. ૧૦ના પૂજ્યશ્રીની નિશ્રામાં થવાની છે. મા. સુદ ૪ના ઝવેરીપાર્કમાં દીક્ષા મહોત્સવ છે. શાસનપ્રેમીઓ શાસનપ્રભાવક ગુરુદેવના સાનિધ્યમાં અનેક શાસનકાર્યોની વિચારણા કરી રહ્યા છે.

---


## સચિત્ર કલ્પસૂત્ર (બારસાસૂત્ર)

સંપાદક : મુનિશ્રી શ્રેયાંસવિજયજી મ૦

બાળબોધ, ૨૦ પોઈંટ ટાઈપ ને આર્ટપેપર

નકલ દીઠ રૂ. ૧૯–૦૦ આજે જ મોકલો. વી. પી. કરાશે નહીં. કાર્તિક વદિ ૦)) સુધીમાં પાંચ કે તેથી વધુ નકલ નોંધાવનારનું નામ તેમાં છપાશે. માગશર વદમાં પ્રાયે બહાર પડશે.

લખો : શા પોપટલાલ કેશવલાલ

સરસપુર મીલ સામે, સરસપુર, અમદાવાદ–૨

## આબુરેડમાં શાસનપ્રભાવના

પ્રવચનકાર પૂ૦ સાધ્વીશ્રી નિર્મળાશ્રીજી મ૦ M A ની પાવન નિશ્રામાં ઓળી અને વર્ધમાનતપની આરાધના તથા પારણા સુંદર થયેલ. નવ દિવસનો ઓચ્છવ રાખતા બહારથી ગવૈયા આવેલ.

દીવાળીમાં અઠ્ઠમની આરાધના કરેલ. નૂતન વર્ષે સામૂહિક માંગલિક શ્રવણ કરી બેન્ડવાજા સાથે બધા પાસ કીધેલ. તો નિત્ય લાડુ મુંબઈથી વંદનાર્થે આવેલ શ્રી રોહિતકુમારભાઈ તથા તેમની પત્નીએ અને રતનાજીની ધર્મપત્નીએ ચઢાવેલ. આરતી ઉતાર્યા પછી મુંબઈવાળા તરફથી પેંડાની પ્રભાવના થયેલ.

શ્રી ભભૂતમલજીને ત્યાં બેન્ડવાજા યુક્ત શ્રીસંઘ સાથે ચતુર્માસ પરિવર્તન થતાં મંગલિક પ્રવચન પછી પ્રભાવના થયેલ બપોરે માનપુરમાં શ્રી સિધ્ધાચળની પટયાત્રા પૂ૦ સાધ્વીજીની સાથે શ્રી સંઘે કરી. શ્રી મિશ્રીમલજી શાન્તિલાલભાઈ તરફથી પૂજા ભણાવી લાડવા-ગાંઠિયાનું યાત્રીઓને ભાથુ આપેલ.

### પ્રભાવના . પ્રભાવના....અને પ્રભાવના

કોટ ( મુંબઈ )—મુનિશ્રી માનતુંગવિજયજીની નિશ્રામાં ઓળીના વ્યાખ્યાન તથા પ્રતિક્રમણમાં પ્રભાવના તથા તપસ્વીઓના પારણા ૧) રૂ.ની પ્રભાવના સાથે થયેલ. ધનતેરસે વ્યાખ્યાનમાં સંઘપૂજા, શ્રીફળની તથા પેંડાની અને પાઠશાળામાં પેંડાની પ્રભાવના થયેલ. ગરીબોને દાન આપેલ, ૪૦ જીવોને છોડાવવામા આવેલ. પૂજા, આંગી, પ્રભાવના થયેલ.

પ્રતિક્રમણમાં ૧) રૂ. શ્રીફળ, પેંડા આદિ, ૭૫ પ્રભાવના થયેલ.

આ. વ. ૧૪ના પૌષધવાળાને ૧૦) રૂ., દીવાળીના છઠ્ઠવાળાને ૧૦) રૂ. અને દીવાળીના સામુદાયિક દેવવંદન કરનાર ભાવુકોને ૫) રૂ.ની પ્રભાવના થયેલ.

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના નિર્વાણકલ્યાણક તથા શાસનસમ્રાટ પૂ૦ આ૦ વિજયનેમિસૂરીશ્વરજીની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે ત્રણ દિવસનો મહોત્સવ ગુણાનુવાદ, પૂજા, આંગી, પ્રભાવના, છપ્પન દિગ્કુમારીકાનો ભવ્ય મહોત્સવ, વ્યાખ્યાનમાં સંઘપૂજા તથા શ્રીફળની પ્રભાવના થતાં પંચાસીઓ ભાવુકોની હાજરી હતી. પ્રતિક્રમણમાં ૧) રૂ., શ્રીફળ, પેંડા આદિ ૩૨ પ્રભાવના થતાં પચાસ ભાવુકોની સંખ્યા હતી. એમનાં ૧ પૂ૦ શાસનસમ્રાટશ્રીજીના જન્મદિને સ્નાત્રમાં ૧) રૂ.ની અને પ્રતિક્રમણમાં ૧૧૧ પ્રભાવના રેકર્ડરૂપ થયેલ. ચારે દિવસમાં લગભગ ૧૫૦ જીવોને છોડાવવામાં આવેલ. એકંદરે સંઘમાં ઉત્સાહ અનેરો છે.

મલાડ(મુંબઈ)—આચાર્ય શ્રી ધર્મસૂરિજી મ.ના આજ્ઞાવર્તી સાધ્વીશ્રી યશોધરાશ્રીજી તથા મુનિરાજ શ્રી મહાનંદવિજયજી આદિની નિશ્રામાં પર્યુષણ દરમ્યાન થયેલ અનેકવિધ તપશ્ચર્યા અંગે તેમજ ૨૫૦૦મા નિ. વર્ષની ઉજવણી અંગે અને ઓળીની આરાધના અંગે મુનિરાજ શ્રી કનકવિજયજી આદિ, મુનિરાજશ્રી મહાબલવિજયજી આદિની શુભ નિશ્રામાં આસો શુદિ ૮થી વદિ ૧ સુધીનો દશ દિવસ મહોત્સવ સાનંદ ઉજવવામાં આવ્યો છે.

આ સમયે અઢાર અભિષેક, શાંતિસ્નાત્ર, સિદ્ધચક્ર યંત્ર મહાપૂજન અને વિવિધ પૂજાઓ, આંગી, રોશની પ્રભાવનાઓથી મહોત્સવની ઉજવણી ઉમંગભેર થઈ હતી. આ સમયે જાણીતા અનેક સંગીતકારોએ પોતાના કાર્યક્રમો રજુ કર્યા હતા.

રાજકોટથી વિહાર—ગણિવર્ય શ્રી લબ્ધિવિજયજી આદિનું ચતુર્માસ પરિવર્તન જાગનાથ પ્લોટમાં ધામધુમથી થયેલ. સ્વામીભક્તિ અને પ્રભાવના થઈ હતી. કા. વદિ ૫ના શ્રી સિદ્ધચક્ર પૂજનનો કાર્યક્રમ યોજી ૬ઠ્ઠના વિહાર થતાં સંઘ બેડી ગામ સુધી વળાવવા ગયેલ. ત્યાં આવેલાઓની સ્વામીભક્તિ થઈ હતી. પુજ્ય શ્રી મોરબી, ધ્રાંગધ્રા થઈ શંખેશ્વર માગશર શુદ ૧૫ કરશે.

## પુ સાધુ—સાધ્વીઓ સાવધ રહે

બાડેક [ તાલુકો : રાપર ( કચ્છ ) ] થી શ્રી કસ્તુરચંદ ભાઈચંદ લખી જણાવે છે કે " તેમના સુપુત્ર ભાઈ કાંતીલાલ દીક્ષાને નામે સાધુ સાધ્વીજીઓ દ્વારા પૈસા મેળવે છે. તો તેનાથી સાવધ રહેશો. તે અંગેની જવાબદારી મારી રહેશે નહી. "

**સમાપન સમારોહ :** ભ૦ મહાવીરના નિ૦ ક૦નો સમાપન સમારોહ આગ્રામાં તા. ૨થી૧૦ નવેમ્બર સુધીનો નિ. મ સમિતિના ઉપક્રમે યોજાયો હતો. તા. ૨ અને ૩ના માંસ અને મદ્યને તિલાંજલી આપવાનો પ્રચાર કરેલ. તા. ૩ના સરકારી આદેશથી "સ્લાટર હાઉસો" બંધ રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તા. ૨ના વિચાર ગોષ્ઠી સમયે ભ. મહાવીરના ઉપદેશોની આજના યુગને જરૂરિયાત અંગે અનેક વિદ્વાનોએ વિચારો પ્રકટ કરેલ. તા. ૩ના રોજ, જિનાલયોમાં પૂજન, નિર્વાણના લાડુને ચઢાવવાના કાર્યક્રમો યોજાયેલ. તા. ૪ દિગમ્બર જૈન મંદિર બેલનગંજમાં સભા થતાં જૈન ધર્મ અને તીર્થંકર પરંપરા અંગે પ્રવચનો થયા હતા. તા. ૫ના આત્મવલ્લભ જૈન ભવનમાં 'ભારતીય સંસ્કૃતિમાં 'જૈન ધર્મનું યોગદાન' વિષય અંગેના પ્રવચનો ડૉ. સત્ય-નારાયણ દુબેની અધ્યક્ષતામાં યોજાયા હતા. તા. ૬ના સતી અંજના નાટક, તા. ૭ના વિશ્વમૈત્રી અંગે વિદ્વાનોના વિચારો રજૂ થયેલ. તા. ૮મીએ શેઠ અચલસિંહજી એમ. પી.ની અધ્યક્ષતામાં સાર્વજનિક સભા અને ૯મીના અનેક બેન્ડો સાથેની ધર્મયાત્રા નીકળી હતી.

**સોલાપુર**—પૂ૦આ૦ શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં, મહાવીર પ્રભુના નિર્વાણ કલ્યાણકની, જ્ઞાન પંચમીની અને ચોમાસીની આરાધના સારી રીતે થઈ હતી. પં૦ પ્રવર શ્રી તિલકવિજયજી ગણિવરની સ્વર્ગારોહણ તીથી નિમિત્તે ગુણોનું વર્ણન, બપોરે સ્થાનકવાસી અમોલખચંદજી તરફથી પુજા, સુદ ૬ના મોતીલાલ ગુલાબચંદ તરફથી પૂજા તથા સુદ ૭ના સંઘ તરફથી અભિષેક અર્હદ્ પૂજન એમ ત્રણ દિવસનો મહોત્સવ પૂજા, પ્રભાવના, અંગરચના સાથે થયેલ.

ચાતુર્માસ પરિવર્તન શા રમણિકલાલ ચુનીલાલ તરફથી થતાં બે પ્રભાવના થયેલ. બપોરે સંઘ વરઘોડા સાથે પટ દર્શને જતાં લાડુ તથા સેવની પ્રભાવના સુમેરમલ નેમાણી તરફથી થયેલ.

**સુરત :** ભ૦ મહાવીરના નિ. ક.ની પુર્ણાહુતિ અંગે તા. ૯-૧૧-૭૫ના પુ. સુખલાલજીના અવધાનના ૧૧ પ્રયોગો અને પ્રો. શ્રી જયંત વી. શેઠનું "ભગવાન મહાવીરના ઉપદેશોની આજના યુગમાં સાર્થકતા" એ વિષયનું વ્યાખ્યાન અત્રેની ભારત જૈન મહામંડળની શાખાએ યોજેલ.


ચલો ખિવાન્દી ! ॥ શ્રી વર્ધમાન સ્વામિને નમઃ ॥ પધારો ખિવાન્દી !!

॥ શ્રી સાગરાનંદસૂરીશ્વરેભ્યો નમઃ ॥

પ્રશાન્તમૂર્તિ ઉપાધ્યાય શ્રી દર્શનસાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં

ખિવાન્દી નગરે

# 卐 ઉપધાન તપ કરવા પધારો 卐

પ્રથમ મુહૂર્ત માગશર સુદ ૧૦ શનિવાર તારીખ ૧૩-૧૨-૭૫

દ્વિતીય મુહૂર્ત માગશર સુદ ૧૪ બુધવાર તારીખ ૧૭-૧૨-૭૫

● <u>પ્રવેશ મેળવનારે પોતાનું નામ જલ્દી નોંધાવવા પત્ર-વ્યવહાર તુરત જ કરવો.</u> ●

નિમંત્રક : લિ.

શાહ ઉમેદમલ કપુરચંદજી ખિવાન્દી જૈન સંઘ

સ્ટે. જવાઈ બાન્ધ, ખિવાન્દી (રાજ૦) ઉપધાન તપ સમિતિ.

## જુગ જુગ સુધી ભગવાન શ્રી મહાવીરની અમર યાદ રહે એ માટે તૈયાર થનારા કીર્તિસ્તંભના ભુમિપૂજન થઇ ગયાં છે,

## હવે જૈન સમાજ પરમપિતાના ઉભા થનારા આ ભવ્ય સ્મારક માટે પ્રચંડ ઉદારતાથી ફાળો આપવા તૈયાર થાય

રા લાખ નકલનો ફેલાવો ધરાવતા

# નવભારત ટાઇમ્સનો અગ્રલેખ

નોંધ : હીન્દી દૈનિક નવભારત ટાઇમ્સના વિદ્વાન તંત્રી શ્રી મહાવીર અધિકારી જેઓ જૈનધર્મ પ્રત્યે ઉંડી આસ્થા ધરાવે છે અને જૈનધર્મના અભ્યાસી પણ છે તેઓએ પ્રસ્તુત પત્રના તા. ૩૦-૧૦-૭૫ના અંકમાં કીર્તિસ્તંભ એ હેડીંગ નીચે એક મહત્વપૂર્ણ અગ્રલેખ ( તંત્રી લેખ ) લખ્યો છે. આ અગ્રલેખમાં તેઓએ કેવી ઉદાત્તભાવના વ્યક્ત કરી છે, આ કાર્ય પાછળ કેવી અપેક્ષા રાખે છે ? તેનો જૈન સમાજને ખ્યાલ મળે એ હેતુથી પ્રસ્તુત અગ્રલેખનું ગુજરાતી ભાષાંતર અહીં રજૂ કરવામાં આવ્યું છે. પ્રત્યેક જૈન વાંચે અને થોડા સમય બાદ આ કાર્ય માટે શરૂ થનારી આર્થિક ઝુંબેશમાં પ્રત્યેક જૈન ઉદારતાથી પોતાનો ફાળો આપે.

—મલબાર હીલ નાગરીક સંઘ

ભગવાન મહાવીરના આ ૨૫૦૦માં નિર્વાણ વર્ષના ઉપલક્ષમાં–સમારંભોમાં અનેક ઉલ્લેખનીય કાર્યક્રમ પરિપૂર્ણ થયા. ભગવાનના ઉપદેશને આમ જનતા સુધી પહોંચાડવા માટે અનેક સંકલ્પો કરવામાં આવ્યા, પરંતુ, મહાનગરી મુંબઇ તરફથી એમની સ્મૃતિ સ્વરૂપ જે કીર્તિસ્તંભના નિર્માણનો સંકલ્પ થયો છે તે અત્યંત ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્વપૂર્ણ સંકલ્પ માનવામાં આવશે. આ સંકલ્પની મહત્વતા અનેકગણી વધી જાય છે. કારણ કે, તેની પાછળ મલબાર હીલ આમ જનતાની શ્રદ્ધા તેમજ નિષ્ઠાનાં દર્શન થાય છે જેમાં બધાજ ધર્મો તેમજ ધર્મને માનવાવાળા મહાજુ નાગરિકો સંમિલિત છે.

શ્રી કાંતિભાઈ શાહ, શ્રી મુક્તિલાલ વીરવાડીયા અને શ્રી શાંતિલાલ ગુંદરવાળા તેમજ અન્ય મહનીય ભાઈઓમાં ભગવાન મહાવીર પ્રત્યે આ દેશના ઋણને ચૂકવવાનો ભાવ ઉત્પન્ન થયો, બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારથી કીર્તિસ્તંભના સ્થળે ભૂમિપૂજનની ક્રિયા પરિપૂર્ણ થઈ ચૂકી છે. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી તથા મુનિશ્રી યશોવિજયજી મહારાજના આશીર્વાદ આ કાર્યને મળેલા છે.

જૈન સ્થાપત્ય કલાને આ કિર્તિસ્તંભમાં પ્રતિબિંબિત કરવા માટે મુનિશ્રી યશોવિજયજી મહારાજે માત્ર જૈન સ્થાપત્ય કલાનો જ વિશાળ તથા ગંભીર અભ્યાસ કર્યો છે એમ નથી, પરંતુ, એમણે સંપૂર્ણ ભારતીય સ્થાપત્ય કલાની સાથે એનો સમન્વય કરીને ભગવાનના ઉપદેશને આ સ્થળ પર મૂર્તિમંત કરવામાં પણ સહાયતા આપી છે. એઓશ્રીએ અનેક શતાબ્દિયોની સ્થાપત્ય-કલાની સિદ્ધિઓને પણ એક સ્થાને કેન્દ્રિત કરવા માટે નેતૃત્વ આપ્યું છે. મુંબઈના આ કીર્તિ-સ્તંભના નિર્માણનું કાર્ય લગભગ દોઢ વર્ષની અંદર સંપૂર્ણ થઈ જશે. આ કીર્તિસ્તંભના મથાળે ભગવાન શ્રી મહાવીરની ચૌમુખી પ્રતિમાની સ્થાપના થશે. અને એમના જીવનપ્રસંગ, ઉપદેશ તથા જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો લાલ પથ્થર પર કોતરવામાં આવશે. આ સ્તંભની ઊંચાઈ જો કે ૬૫ ફૂટ હશે પણ હીલ-પહાડ પર આવેલ હોવાના કારણે મુંબઈનગરીનો એવો કોઈ ખૂણો નહીં હોય કે જ્યાંથી આ કીર્તિસ્તંભને જોઈ ન શકાય.

ભગવાન મહાવીરનો ઉપદેશ કોઈ ખાસ ધર્મ કે સંપ્રદાયને ઉદ્દેશીને ન હતો. ભારતીય સમાજની એક વિશેષતા છે કે તે પોતાના ધાર્મિક વ્યક્તિત્વને પ્રકાશિત કરવા માટે જે જે મહા-પુરુષોનું માર્ગદર્શન ગ્રહણ કરે છે તેને મહાપુરુષોને એટલા બધા પોતાના માની લે છે કે બીજાઓ આશ્ચર્ય કરતા જ રહી જાય છે. કદાચ ભગવાન મહાવીરના ઉપદેશને વિશ્વવ્યાપી બનાવવા માટે આ ૨૫૦૦મા નિર્વાણ વર્ષ દરમિયાન એવા કાર્યો કરવામાં આવી રહ્યાં છે કે જેના સહારે ભારતની સંપૂર્ણ પ્રજા તેમના ઉદ્દેશોને પોતાના સમજી શકે અને તેઓશ્રીનું ગંભીર ચિંતન-મનન ને મહા-પૂર્વક પાલન કરી શકે. જો કે મુંબઈનો આ કીર્તિસ્તંભ નિર્માણની દૃષ્ટિએ કદાચ ભારતમાં સર્વ પ્રથમ કીર્તિસ્તંભ હશે, પણ આશા છે કે ગુજરાત, મધ્ય પ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં કુલ્લે મળીને ૫૦ કીર્તિસ્તંભો જરૂર સ્થાપિત થશે. મધ્યસ્થ સરકારે પણ દિલ્લીની નજીક એક એવી વનસ્થલીના નિર્માણની યોજના બનાવી છે જેમાં ભગવાન મહાવીરના ઉપદેશોને ભારતીય સંસ્કૃતિની મહાન સિદ્ધિના રૂપમાં રજૂ કરવામાં આવશે.

મુનિશ્રી યશોવિજયજી મહારાજ માટે એ હર્ષની વાત છે કે એમની દેખરેખમાં બનનારો મુંબઈનો આ કીર્તિસ્તંભ અન્ય કીર્તિસ્તંભોના નિર્માણમાં માર્ગદર્શકનું કામ કરી શકશે. અને મુંબઈ મહાનગર પોતાની પંચરંગી સામાજિકતાને વાચા આપવામાં અગ્રગણ્ય બની શકશે. જૈન સમુદાય સિવાયના લોકો પણ આ કીર્તિસ્તંભના નિર્માણમાં જે રીતે સાથ આપી રહ્યા છે તેનાથી એ જાહેર થાય છે કે ભારતમાં ધાર્મિક સહ-અસ્તિત્વની ભાવના નતો કેવળ સિદ્ધાંતના રૂપમાં પ્રતિષ્ઠિત છે પણ એનું વ્યવહારિક સ્વરૂપ પણ ઘણી ઝડપથી એક સામાજિક સત્યરૂપે બદલાઈ રહ્યું છે.

—મહા. નિર્વાણ મહોત્સવ સમિતિ.

( મુંબઈ અને દીલ્હીથી પ્રગટ થતાં હીન્દી દૈનિક-'નવ ભારત ટાઇમ્સ' તા. ૩૦-૧૦-૭૫ કા. વદિ આઠમ ગુરુવાર )

## કૃષ્ણનગર—અમદાવાદ

અત્રે પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવનશેખરસૂરીશ્વરજી મ૦ તથા મુનિરાજશ્રી મહિમાવિજયજી મ૦ના સાનિધ્યમાં પર્યુષણમાં થયેલ મંગલ તપશ્ચર્યા નિમિત્તે ભા૦ શુદિ ૫ થી અઠ્ઠાઈ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થયો હતો. ભા૦ શુ૦ ૯ના પરીખ રાજેન્દ્રભાઈ તરફથી તેમના પત્નીએ કરેલ ૧૧ ઉપવાસ અંગે શ્રી ઋષિમંડલ મહાપૂજન રાખવામાં આવ્યું હતું. પૂજનોમાં સુવર્ણ-મુદ્રિકા ચાંદી વિ૦ મુકેલ૦ ચઢાવા ઘણા થયા હતા. ભાવિકો મોટી સંખ્યામાં દર્શને આવેલ. જીવદયાનો ફાળો સારો થયો હતો. શ્રી રાજેન્દ્રભાઈએ સાધર્મિકભક્તિનો લાભ સારો લીધો હતો. શુદિ ૧૦ના શા કાંતિલાલભાઈ તરફથી તેમના પત્નીએ કરેલ અઠ્ઠાઈ અંગે શ્રી સિદ્ધચક્રમહાપૂજન ભણાવેલ પૂજન સુવર્ણ તથા ચાંદી મૂકી ઘણાએ કરેલ. સ્વામીભક્તિનો લાભ સારો લેવાયો હતો. હંમેશા પૂજા, ભાવના અને પૂજા-વિ૦ સમયે વિશાળ સંખ્યાએ ઉત્સાહપૂર્વક લાભ લીધો.

સેળ ઉપવાસના તપસ્વી શા ચીનુભાઈ જેમાઈએ પારણાના દિવસે શ્રીસંઘને પગલા કરાવી જ્ઞાનપૂજન, ગુરુપૂજન અને ગુરુભક્તિનો લાભ સારો લીધો હતો. શા ભીખાભાઈએ ૧૦૮ અઠ્ઠમો પૂર્ણ કર્યા અને તેમના પત્ની કંચનબહેને કરેલ તપશ્ચર્યા અંગે પૂજા, પ્રભાવના અને ભવ્ય આંગી રચવામાં આવી હતી.

અત્રે બાપુનગર વિસ્તારમાં રહેતા ભાઈઓના "શ્રી બાપુનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના બોર્ડ"ની સ્થાપના આચાર્યશ્રીના નિશ્રામાં ભા૦ શુદિ ૧૦ના વિધિપૂર્વક કરવામાં આવી હતી. અત્રે પૂજ્યશ્રી પધારતા તેમનું ભવ્ય સામૈયું થયું હતું. અત્રે થનારા નૂતન જિનાલય તથા ઉપાશ્રયની જગ્યા પર મંડપ ઉભો કરી, તે સ્થળે, સામૈયું આવતા પ્રવચનાદિ થયેલ. ટુંક સમયમાં જ પંદર હજારને ફાળો થયો હતો. બાદ પતાશાની પ્રભાવના થઈ હતી.

પૂજ્યશ્રીની નિશ્રામાં ઓળી આરાધન કરનારાની સંખ્યા સારી થવા ઉપરાંત ૧૫ બહેનોએ વર્ધમાન-તપના પાયા નાખ્યા હતા. શા વાડીલાલ દેવશીની કુ.એ ઓળી આરાધનનો અને શુદિ ૧૪ના પૂજા, પ્રભાવના, આંગીનો લાભ લીધો હતો ૧૫ના ઓળી કરનાર બહેનો તરફથી સિદ્ધચક્રનું માંડલું, આલેખી પૂજા ભણાવી પ્રભાવના કરી હતી. વ્યાખ્યાનનો લાભ નવે દિવસ સારી સંખ્યામાં લેવાયો હતો. વદિ ૧ના શા ગણેશમલજી સાગરમલજીએ પારણું કરાવી રૂા. ૧ની પ્રભાવના કરી હતી. અન્ય ભાઈઓ તરફથી અનેક જાતની પ્રભાવનાઓ કરવામાં આવી હતી. આમ કૃષ્ણ-નગર જૈન સંઘ દરેક પ્રકારના આયોજનો વ્યવસ્થા પૂર્વક પૂર્ણ કરે છે.


**શ્રી સમ્મેતશિખર ભોમીયાજી મંદિરના**

**જીર્ણોદ્ધાર માટે અપીલ**

કલકત્તા જૈન શ્વેતાંબર મૂર્તિપુજક સંઘ દ્વારા નિયુક્ત કમિટી દ્વારા શ્રી સમ્મેતશિખર ભોમિયાજી મહારાજના મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ છે. મંદિરને કલાત્મક તથા સુવ્યવસ્થિત રાખવાના હેતુએ સહાયતા યા ભેટ સ્વરૂપ ચીજો નીચેના સરનામે જ મોકલવાની કૃપા કરશો.

: ભવદીય :

| | |
|---|---|
| **વિમલચંદ શ્રીમાલ** | **ચાંદમલ કોચર** |
| સભાપતિ | માનદ મંત્રી |

—: સહાયતા મોકલવાના સ્થળો :—

૧. મેનેજર, જીર્ણોદ્ધાર ફન્ડ કમેટી
ભોમયાજી કા મંદિર, મધુવન,
જિ. ગિરીડીહ (બિહાર) પો. શિખરજી

૨. જીર્ણોદ્ધાર ફન્ડ કમેટી
મેસર્સ દીપચંદ પ્રકાશચંદ
૪, મીર બાહાર ઘાટ સ્ટ્રીટ, કલકત્તા—૭

ચેક યા ડ્રાફ્ટ નીચેના નામે મોકલશો—

SHRI SAMMET SIKHARJI BHOMIYAJI MAHARAJ JIRNODHAR SPECIAL FUND COMMITTEE



**અવશ્ય વાંચો "જૈન" સાપ્તાહિક**

નવી દિલ્હી : તેરાપંથી મુનિશ્રી કિશનલાલજીએ "આધુનિક સમસ્યાઓના સંદર્ભમાં ભગવાન મહાવીરનો સંદેશ" એ વિષય પર દક્ષિણ દિલ્હી નીર્વાણ મ. સમિતિ અને જૈનસભા લોધીરોડના ઉપક્રમે યોજાયેલ ચર્ચા વિચારણાના કાર્યક્રમમાં સુંદર ઉદ્બોધન આપ્યું હતું. યુવામુનિશ્રી સુમન્તભદ્ર, જાણીતા પત્રકાર શ્રી અક્ષય કુમાર જૈન, ડૉ. વિમલકુમાર જૈન તથા પ્રજ્ઞાચક્ષુ, ડૉ. એસ. કે. જૈન અને કાર્યક્રમના સંયોજક, શ્રી સ્વરૂપચંદ્ર જૈને પ્રાસંગિક ગોષ્ઠીમાં ભાગ લઈ પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને અમલમાં મૂકવા લોકોને ભારપૂર્વક જણાવ્યું હતું.

અમદાવાદ—પગથીયાના ઉપાશ્રયેથી મુનિશ્રી ધર્માનંદવિજયજી ઠા. પનું ધર્મપ્રભાવના–આરાધનયુક્ત ચાતુર્માસ પૂર્ણ થતાં ચાતુર્માસ પરિવર્તન વાજતે–ગાજતે શાંતિનાથની પોળમાં કરવામાં આવેલ. કા૦ સુદ ૧૫ના શાંઠયાને વર્ણવતું દીલસ્પર્શી અને યાત્રામાં જેમ પૂરતું મંગળ પ્રવચન બાદ પ્રભાવના થઈ. બેન્ડવાજા સાથે પૂજ્યશ્રી અને સંઘ જમાલપુર પટના દર્શને ગયેલ. સાંજે શ્રી વાડીભાઈને ત્યાં પ્રતિક્રમણ રાખતા પ્રભાવનાદિ થયેલ. પૂજ્યશ્રીને શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહન ચાલુ હોવાથી પગથીયાના ઉપાશ્રયે કાલ રોકાવવાની વિનંતિ થયેલ છે.

## तीर्थ यात्रार्थ अवश्य पधारें

सम्मेतशिखरजी जानेवाले यात्रियों को सूचित किया जाता है कि निम्न तीर्थों पर भी अवश्य पधारें।

(१) कम्पिलाजी–यह भारत के उत्तर प्रदेश का एक ऐतिहासिक प्राचीन तीर्थ है। यहां पर तेरहवे तीर्थंकर श्री विमलनाथ भ० के चार कल्याणक (च्यवन, जन्म, दीक्षा और केवलज्ञान) हुए हैं। प्राचीन समय में इसका नाम द्रुपदनगर था। यहां का राजा द्रुपद था, जिसके यहां महासती द्रौपदी (पांडव पत्नी का जन्म हुआ था। कायमगंज स्टेशन से मील ८ कम्पिलाजी तीर्थ है। यहां से तांगा व बसे मिलती है। मन्दिरजी में अभी एक लाख की लागत का कार्य है।

(२) फरूखाबाद–यहां श्री धर्मनाथ भ० का प्राचीन मंदिर व धर्मशाला हैं।

(३) लखनऊ–शहादतगंज में पसरहा गली में सुबाहुनाथ भ० का प्राचीन मंदिर है।

(४) इलाहाबाद (पुरमताल)–१२० बाईका बाग, जहां श्री ऋषभदेव भ० का प्राचीन मंदिर है। यहां पर श्री आदीश्वर भ० को केवलज्ञान प्राप्त हुआ था। इस अवसर्पिणी काल का प्राचीन तीर्थ है। यहां पर मन्दिर के मन्डप का कार्य बकाया रहता है जिस के लिये ढाई लाख रू. लागत की जरुरत है।

(५) कौसम्बी– यह इलाहाबाद से ३५ मील की दूरी पर है, यहां चंदनबालाने भ० महावीरस्वामी को बाकले से पालना कराया था। यहां भी चैत्यालय बना हुआ है धर्मशाला और मंदिर बनाने है, इसके लिये पांच लाख रू. की आवश्यकता है।

उपर लिखे तीर्थो का उद्धार श्री जैन श्वेताम्बर महासभा–उत्तरप्रदेश ने कराया है। दानी सज्जनों से प्रार्थना है कि अधिक से अधिक दान देने की कृपा करें।

अतः आप सर्व यात्री भाईयों से प्रार्थना है कि उपरोक्त तीर्थों पर दर्शन कर पुण्य के भागी बनें।

निवेदक :— रतनलाल एडवोकेट (प्रधान), जुगमंदरदास जैन (संयोजक)

२२०७, कुचा आलमचंद, किनारी बाजार, दिल्ली–११०००६

श्री जैन श्वे० महासभा–उत्तरप्रदेश तीर्थोद्धारक सबकमिटी : हस्तिनापुर (जी० मेरठ–यू. पी.)

## પારલા વેસ્ટ–આરાધનાભુવન

મુનિરાજશ્રી પૂર્ણવિજયજીની નિશ્રામાં સુરતવાળા શા વજેચંદ છગનલાલના સુપુત્રો કુમારપાળભાઈ ઝવેરી તરફથી શ્રી નમિઉણ મહાપૂજન અપૂર્વ ભક્તિ પૂર્વક સરોજ નિવાસમાં ધામધૂમપૂર્વક ભણાવાયું હતું. અંતે લાડવાની પ્રભાવના થઈ હતી.

પર્યુષણમાં કલ્પસૂત્ર વહોરાવવાનો ચઢાવો શા બાબુલાલ કેશવલાલ ગવાડાવાળા બોલ્યા હતા. પાંચ જ્ઞાન તથા ગુરુપૂજનના ચઢાવાનો લાભ શા બાલચંદ કપુરચંદે લીધો હતો. બારસા શા સુરેશકુમાર ઝવેરીએ ચઢાવો બોલી વહોરાવેલ. પાર્લામાં કુલ માસક્ષમણ–૪, ૧૬–૨૦ અને ૧૦, ૮ તેમ જ અઠ્ઠાઈઓ ઘણી જ થઈ હતી. પારણાનો લાભ જયસુખલાલ મોહનલાલે લીધો હતો. પ્રભાવનાઓ અનેક થઈ હતી.

શેઠશ્રી જયસુખલાલ નાગરદાસભાઈના પરિવારમાં થયેલ તપશ્ચર્યા નિમિત્તે આરાધકોને માટે ભા૦ શુદ ૧૪, ૧૫ને વદિ ૧ ત્રણ દિવસની ચૈત્ય પરિપાટીનો કાર્યક્રમ તેમના તરફથી યોજવામાં આવ્યો હતો. તેમણે શ્રીફળની પ્રભાવના, નવકારશી, સ્વામીભક્તિ વગેરેનો લાભ લીધો હતો. ત્રણે દિવસે જુદા જુદા જિનાલયોના દર્શન દરમ્યાન ત્રણેક સંઘપૂજનો રૂા. ૧ આપીને થયા હતા.

પર્યુષણના કર્તવ્યરૂપે પૂજ્યશ્રીની નિશ્રામાં ભાદરવા વદિ ૨ થી દશાહ્નિકા મહોત્સવનું સુંદર આયોજન શ્રી ચંદ્રરાજ આરાધક ટ્રસ્ટે કર્યું હતું. આ સમયે જુદા જુદા પૂજનનોનો જુદી જુદી વ્યક્તિઓએ લાભ લીધો હતો. અનેક ભાઈઓ–બહેનોના મંડળોએ પૂજા આદિમાં સારો હિસ્સો લીધો હતો. વદિ ૮ના વરઘોડો વિશાળ નિકળ્યો હતો. લઘુ શાંતિસ્નાત્ર બાદ લાડવાની પ્રભાવના થઈ હતી.

## કાળધર્મ પામ્યા

આ૦ શ્રી કેશરસૂરિજીના આજ્ઞાવર્તીની સાધ્વી શ્રી મનોહરશ્રીજીના શિષ્યા સાધ્વી શાન્તિશ્રીજી એકતાલીશ વર્ષનો ચારિત્રપર્યાય પાળી એકોતેર વર્ષની ઉમરે સુરેન્દ્રનગરમાં કા૦ વદિ ૧૩ ના બપોરે ત્રણ કલાક પાંત્રીશ મીનીટે ચતુર્વિધ શ્રી સંઘના મુખેથી નવકાર મંત્રનું શ્રવણ કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. સ્મશાનયાત્રામાં સેંકડો ભાઈઓ જોડાયા હતાં. અગ્નિસંસ્કાર શાહ ગીરધરલાલ હરજીવને કરી ગુરુભક્તિનો લાભ લીધો હતો. તેમજ જરીવાન પાલખી પણ તેમના તરફથી કાઢવામાં આવી હતી.

### રાંદેર (સુરત)નો ભવ્ય ભક્તિ મહોત્સવ

પૂ૦આ૦ શ્રી વિજયકુમુદચંદ્રસૂરિ મ૦ સા૦ની પૂનિત નિશ્રામાં શેઠશ્રી છોટાલાલ લલ્લુભાઈના શ્રેયાર્થે પંચાહ્નિકા મહોત્સવ ખુબ ઉત્સાહભેર ઉજવાયો. લોકલાડીલા શ્રી જયંતકુમાર રાહીની પૂજા–પ્રભાવનાની ભવ્ય રમઝટે અનેક ગામોના જૈન–જૈનેતરોના મન ડોલી ઉઠ્યા હતા. યુવક મંડળે શ્રી રાહીના હાથે મંડળની ઈનામી યોજનાનો ડ્રો કરાવી વિજેતાઓને ઈનામો અપાવ્યા હતા.

ઉત્સવ નિયોજકોએ શ્રી રાહીને ફુલહાર અને કિંમતી ભેટો અર્પણ કરી, આમંત્રણ સ્વીકારવા બદલ આભાર માન્યો હતો.


મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવાળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રીકો દર્શને પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચૌમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર, મુંબઈ–૮૬

શ્રી ઈશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩. આણંદજી ક. પેઢી, જવેરીવાડ, અમદાવાદ

## તળાજામાં ચાતુર્માસ પરિવર્તન

આચાર્ય શ્રી વિજયરૂચકચંદ્રસૂરિજી તથા સાધ્વી શ્રી પ્રમોદશ્રીજી આદિ ઠાણા પંદરનું ચાતુર્માસ પરિવર્તન-વોરેયા જયંતિલાલ ગોપાળજી ત્રાપજવાળાને બંગલે સફળ સંઘ સાથે વાજતે-ગાજતે થયું હતું. માંગલીક બાદ શ્રી અમરચંદ માવજી શાહે ભાવવાહી શૈલીમાં સ્વરચીત સ્વાગત કાવ્ય રજુ કર્યું હતું. બપોરે બંગલે અ.સૌ. શ લાવંતીબેનની ૯૯ યાત્રા નિમિત્તે ૯૯ પ્રકારી પૂજા ભણા વી પ્રભાવના થઈ.

ચૌદશ નો પૌષધ કરી રહેલ મણીલાલ મોહનલાલ ઉમડીવાળા રાત્રે નબળાઈના કારણે પ્રતિક્રમણમાં પડી ગયેલ, જરા પ્રતિક્રમણ પૂર્ણ કરી ઉપર જઈ સૂતા. તેણે એકાએકપણે નશ્વરદેહનો વૃત્તપચ્ચખાણ સાથે વિલય થયે. સકલસંઘે તેની અંતિમવિધિ કરી. તે અંગે વ્યાખ્યાન વખતે શ્રી અમરચંદભાઈએ 'ધન્ય મૃત્યુ ! અને ધર્મના ફળ' ઉપર વિવેચન કરી તેના આત્મશ્રેયાર્થે આજના તળાટી ખાતાના અનામત ફંડમાં રૂ. ૧૦૧ નોંધાવતા સંઘમાં બીજા નામો લખાતા રૂ. ૯૩૦ થઈ ગયા હતા. આચાર્યશ્રીએ પણ આ અંગે સુંદર-બોધક શૈલીમાં વ્યાખ્યાનમાં જણાવ્યું હતું. પૂજ્ય-આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં તળાજા સંઘોમાં જે ઉલ્લાસ ઉત્સાહપૂર્ણ ચાતુર્માસ થયું. મહાન તપશ્ચર્યાનો જેમાં ૯ માસક્ષમણ હતા. આખા ચાતુર્માસમાં અનેક પ્રકારની તપસ્યા થઈ હતી, અનેક પ્રભાવનાઓ થઈ હતી અને સાધર્મીભાઈઓને માટે સારૂં રાહત ફંડ થયું હતું. એકાદશાહ્નિકા મહોત્સવ ઉજવાયો હતો.

ભગવતી સૂત્રની પૂર્ણાહુતી થતી હોઈ, અને સાધ્વીજી મહારાજોના ૫૦૦-૫૦૦ આયંબીલની પૂર્ણતા તથા સાધ્વીજી નીરૂપમાશ્રીજીની ૭પની ઓળીના પારણા નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ વદ ૩ થી ૧૦નો ઉજવાયો. વદ ૫ રવીવારે ભગવતી સૂત્રના બહુમાન અંગે ભવ્ય વરઘોડો સંઘ તરફથી રાખેલ હતો.

કાવ્યગ્રંથ : 'શ્રી પ્રકાશ શ્રમણ' રચિત "મહાવીરાયણ" કાવ્યગ્રંથનો ઉદ્ઘાટન સમારંભ જ્ઞાન પંચમીના આચાર્યશ્રી પ્રકાશચંદ્રસૂરિજી મ૦ની દેખરેખમાં મહિલા સમાજની આગેવાન કાર્યકર શ્રીમતી દયાવન્તીના શુભહસ્તે અંબાલા શહેરમાં યોજવામાં આવેલ. પ્રાસંગિક પ્રવચનો થયા હતા. સરલ હીન્દી ભાષા અને કાવ્યમય આ ગ્રંથમાં ભ૦ મહાવીરના ૨૬ ભવેનું વર્ણન આપવામાં આવેલ છે. કીંમત રૂ. ૬/- શ્રી વર્ધમાન જ્ઞાનપીઠ, ૩૪૦, ઢોલકી મહોલ્લા, સદર મેરઠ નં. ૧ (યુ. પી.) જેના પ્રકાશક છે.

અવશ્ય વાંચો "જૈન" સાપ્તાહિક



દરાજ, ખસ, ખરજવા, પગની
ચીરાડ વિ. ઉપર અસરકારક
કપડાને ડાઘ પડતા નથી
જમરસંકટર
• ઉત્પાદક: જમરસંકટર સ્ટોર્સ •

સાધન સામગ્રી
• ચાંદી-ઠવણી • વાસક્ષેપ
• કેશર • ધૂપ
• સાપડા • ચરવળા
• ઓઘારીયા • કટાસણા
ચાંદીના વરખ, પરવાળા-કેરબા-સાકર બેર-સ્ફટિકની માળાઓ-મોરપીછી-ઉપકરણો-પુંજણીઓ તેમજ
રેડીયમ અને પ્લાસ્ટીકની
માળાઓ-ઠવણીઓ-સાપડા-વગેરે-
કુંકુમપત્રિકા તેમજ દિવાળીની કાર્ડ-ફોલ્ડર્સ વગેરે માટે
મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
મુંબઈ-૨

### કોઈમ્બતુરમાં અપૂર્વ રીતે ગોઠવાયેલ જ્ઞાનની રચના

મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી તથા મુ. શ્રી હરીશભદ્રવિજયજી મ૦ની નિશ્રામાં તેઓશ્રીના માર્ગદર્શન અનુસાર સંઘના ઉપક્રમે જ્ઞાનની વિશાળ પાયા ઉપર ગાંધી મેમોરીયલ હોલમાં રચના–પ્રદર્શન રૂપે ગોઠવાયેલ.

આ પ્રસંગે પત્થરના મણી, ચોખા, જુવાર, ચોક અને રંગોળી દ્વારા ૬ વિશાળ આકર્ષક ઉપદેશક–પ્રેરણાત્મક ચિત્રો કોઈમ્બતુર અને કોચીનના ઉત્સાહી કાર્યકરોએ કાઢી પ્રદર્શનની શોભા વધારી હતી.

પ્રદર્શનમાં મુખ્યત્વે જૈનધર્મના સાહિત્યને જૂદા જૂદા ૩૦ વિષયોમાં છૂટું મૂકવામાં આવેલ. તેમજ પ્રસંગના પરિચય આપતાં બોર્ડ–ચિત્રો–ફોટાઓ પણ ગોઠવવામાં આવેલ. ખાસ જયપુરની કારીગરી અને સચિત્રકલ્પસૂત્રની સ્લાઈડનું પણ વ્યવસ્થિત રીતે આયોજન થએલ.

જ્ઞાન રચનાનું ઉદ્‌ઘાટન ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી રતિલાલભાઈ સુતરીઆના શુભહસ્તે થએલ. તેઓશ્રીએ આ પ્રસંગે સેવાભાવથી ચિત્રો કરનારા ૨૦ ભાઈ–બેનોનું સંઘવતી બહુમાન કરેલ, તથા રૂ. ૫૦૧ની સખાવત પણ જાહેર કરી હતી.

જ્ઞાનપંચમીના ૩૦ પૌષાતી ભાઈ બેનોએ કરેલા અતિથિસંવિભાગના એકાસણા કરાવવાનો લાભ શ્રી લલિતભાઈ અભેચંદે લીધેલ સુદ ૬ના શ્રી ચુનીલાલભાઈએ સજોડે ચોથા વ્રતની અને બીજા ૩૨ ભાઈ–બેનોએ બારવ્રત તથા પતસ્યા નાણુ સમક્ષ ઉચ્ચારેલ. જૂદા જૂદા સદ્‌ગૃહસ્થો તરફથી દરેકને રૂ. ૧૫ની પ્રભાવના થએલ.

પૂજ્ય મહારાજશ્રી અત્રે પ્રાયઃ મૌન અગીયારસ સુધી રોકાશે. બાદ કલીકટ–મેંગલોરની વિનંતીથી તે તરફ પધારશે.

ધ્યાન શિબિર : મુનિશ્રી કિશનલાલજીના નેતૃત્વમાં દીલ્હીની કેટલિક સાંસ્કૃતિક સંસ્થાઓના ઉપક્રમે તા. ૧૫ અને ૧૬ નવેમ્બરના નવી દીલ્હી, દીનદયાલ ઉપાધ્યાય માર્ગમાં ધ્યાન પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવતા લગભગ પાંત્રીસેક પ્રવેશકોએ ભાગ લીધો હતો. આવા કાર્યક્રમોને આગળ ઉપર યોજવા નક્કી થયેલ છે.

### સુરેન્દ્રનગરમાં શ્રી ઉપધાને માળારોપણ મહોત્સવ

પ૦પૂ૦ પં. શ્રી દેવેન્દ્રસાગરજી ગણિવર્યશ્રીની શુભ નિશ્રામાં નવ (૯) વરસથી લઈને ૬૦થી ૬૧ વર્ષના ઉંમરના નાના–મોટા કુલ ૩૨૫ આરાધકો ઉપધાનમાં જોડાયા છે. જેની વ્યવસ્થા શ્રી ઉપધાનતપ સમિતિ સુંદર કરી રહી છે.

મા૦ શુદ ૨ના ઉપધાનતપના માળારોપણ નિમિત્તે અત્રે ૧૮ દિવસનો શ્રી અષ્ટાદશ દિકા મહોત્સવ ઉજવવાનું નક્કી થયેલ છે જેમાં બે વખત શ્રી સિદ્ધચક્રજી બૃહત પૂજન, શ્રી અર્હંત્ મહાપૂજન તેમજ શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર મહોત્સવ ભણાવવામાં આવનાર છે. પોષ વદ ... ગજરાજ યુક્ત રથયાત્રાનો ભવ્ય વરઘોડો ... સુદ ૧ ના નિકળનાર છે. સાધર્મિક વાત્સલ્યનું પણ ભવ્ય આયોજન થયેલ છે.

વાગરા–શ્રી સંઘે નવા આરસના પ્રતિમાજી સાવી સાબરમતી અંજનશલાકા કરાવતા મુકતા ... વર્તેલ છે. સાહેબજીનું ચાતુર્માસ પરિવર્તન શ્રી ફુલચંદભાઈના ઘરે રૂડી રીતે બદલ્યુ હતું.


## 'રાહી'ના પુસ્તકો ભેટ મેળવો

રચયિતા : જયંતકુમાર 'રાહી'

'લબ્ધિકૃપા' માસિક (હિન્દી, ગુજરાતી)ના નવા ગ્રાહક થનારને પાંચ વર્ષના રૂા. ૭ કે તે ઉપરનાને 'મુક્તિની મંગલારે' અને ... વર્ષના રૂા. ૧૧ ગ્રાહક થનારને 'લબ્ધિ ગીત ગુંજન' ભેટ મળશે.

લબ્ધિકૃપામાં જાહેરાત લેવાય છે.

લખો : 'લબ્ધિકૃપા' માસિક

૬૦, કૃષ્ણપ્પા નાયકન સ્ટ્રીટ, મદ્રાસ-૧

## સધવા–વિધવા બેનોને આશીર્વાદરૂપ
## શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થા

ધાર્મિક અભ્યાસ, ભરત–ગુંથણ અને સીલાઈના શિક્ષણ સાથે સંસ્કાર ઘડતરનું કાર્ય ચાલુ થાય છે. સંસ્થા સધવા–વિધવાબેનોને ગમે તે સમયે દાખલ કરે છે. દાખલ થવા માટે પ્રવેશફોર્મ રૂા. ૧–૦૦ મોકલી મંગાવો

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ–પાલિતાણા (સૌ.)

## પાઠશાળા-બોર્ડીંગોના વ્યવસ્થાપકોને

# નમ્ર અપીલ

સમગ્ર ભારતમાં ધાર્મિક શિક્ષણના પ્રચારાર્થે ૬૦ વર્ષથી યુનિવર્સીટીના ધોરણે પ્રતિવર્ષે જુદાં જુદાં ધોરણોની પરીક્ષાઓ આ સંસ્થા લે છે. યોગ્યતા પ્રમાણે ઈનામો તથા પ્રમાણપત્રો અપાય છે. પાઠશાળા તથા બોર્ડીંગોના પરીક્ષાર્થીઓ માટે છ ધોરણ સુધીનો અભ્યાસક્રમ નિયત કરેલ છે. તે ઉપરાંત પુખ્ત ઉંમરના પુરુષો, બહેનો તથા સાધુઓ, સાધ્વીજીઓના ધાર્મિક અભ્યાસ માટે વિનીત, વિશારદ અને ભૂષણની ઉચ્ચ પરીક્ષાઓ પણ લે છે. સાથે વિશિષ્ટ ઈનામોનું પણ આયોજન કરેલ છે.

દરેક ગામની પાઠશાળાના તથા બોર્ડીંગોના શિક્ષક ભાઈ-બહેનોને નમ્ર અપીલ છે કે આગામી ૬૮મી પરીક્ષામાં વધુમાં વધુ પરીક્ષાર્થીઓને બેસાડશો.

આપના ગામમાં આ પરીક્ષા માટે સેન્ટર ન હોય તો માત્ર એક પત્ર લખો: દરેક માહિતી મોકલી અપાશે. પરીક્ષા ફી નથી. પ્રવેશફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૧૫-૧૨-૧૯૭૫ છે. પરીક્ષા ભારતભરના સર્વ કેન્દ્રોમાં બપોરના સ્ટા. ટાઈમ ૧ થી ૪ વચ્ચે રવિવાર તા. ૧૧મી જાન્યુઆરી ૧૯૭૫માં લેવાશે. વધુ માટે સંપર્ક સાધો:

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ
૨૦, ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે
વિજયવલ્લભ ચોક, મુંબઈ-૪૦૦૦૦૨
ફોન: ૩૩૩૨૭૩ : ગ્રામ : HINDSANGHAR

## સુવર્ણચંદ્રક અર્પણ સમારંભ

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ સંચાલિત શ્રી પંજાબ કાશ્મીર જૈન સ્પેશ્યલ ટ્રેનના યાત્રિકો તરફથી તા. ૧૬-૧૧-૭૫ના શ્રી જે. આર. શાહના પ્રમુખસ્થાને સન્માન સમારંભ રાખવામાં આવેલ.

પ્રારંભમાં શ્રી શાંતિલાલ એમ. શાહે યાત્રાસમિતિ તરફથી મહેમાનોનું સ્વાગત કરી શ્રી જે. આર. શાહનો પરિચય આપ્યો હતો.

શ્રી શાંતિલાલ કેશવલાલ ઝવેરીએ યાત્રિકો વતી મંડળના કેપ્ટનને સુવર્ણચંદ્રક એનાયત કર્યો હતો.

શ્રી રતનચંદ ચોથડભાઈ, શ્રી દીપચંદભાઈ ગાડી, શ્રી મુક્તિલાલ વીરવાડીયા, શ્રી રતિલાલ કોઠારી, શ્રી રજનીકાન્તભાઈ, શ્રી નટવરભાઈ, શ્રી નવીનચંદ ઝવેરી વિ.એ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

મંડળના પ્રમુખ શ્રી હિંમતલાલ કેશવલાલ શાહે પ્રવાસમાં અગવડ પડી હોય તો તે બદલ ક્ષમા યાચી હતી. મંડળના મંત્રી શ્રી રવીન્દ્રભાઈ મોહનલાલ શાહે મંડળની કારકીર્દિ વધુ ઉજ્જવળ બને તે માટે સૌની શુભેચ્છા ઈચ્છી આભાર દર્શન કર્યું હતું.

મુંબઈ: પૂ. આચાર્યશ્રી મેરૂપ્રભસૂરીશ્વરજી મ૦ સાની શુભનિશ્રામાં ઓળી દરમ્યાન વ્યાખ્યાનમાં હમેશા પ્રભાવના થઈ હતી. આસો વદિ ૬, ૭ના પ્રતિક્રમણમાં અને ધનતેરસે લાડવાની પ્રભાવના થઈ હતી. ૧૩ના બે સંઘપુજા અને આંગી, પુજા આદિ વિવિધ કાર્યો પણ થયેલ. ગરીબોને લાડવા આપવામાં આવ્યા અને ૮૧ જીવોને છોડાવવામાં આવેલ. પ્રતિક્રમણમાં ૪૫ની સંખ્યાને રૂા. ૪, શ્રીફળ-૩ સાકર, બદામ, લાડવા પાવલી, દસ પૈસા વગેરેની ૮૧ પ્રભાવના રેકર્ડરૂપ થઈ હતી. વદિ ૧૪ના પૌષધ અને છઠ્ઠવાળાઓને પણ રૂા. ૪ની પ્રભાવના થઈ હતી. દિવાળીના સામુદાયિક ગણણું તથા દેવવંદન થયેલ.

પ્રભુ મહાવીરના નિર્વાણ કલ્યાણક અને શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિજીની સ્વર્ગવાસ તીથી નિમિત્તે અને જન્મદિને રૂા. ૧, શ્રીફળ, બદામ, પતાસા આદિ પાંચ-પાંચ પ્રભાવનાઓ થઈ હતી. કા. શુ. ૭ના સંઘપુજા થઈ હતી. અત્રેના ઉપાશ્રયના બે હોલનો આદેશ આપવામાં આવ્યો હતો. જ્ઞાનપંચમીના ૧૦૦ પૌષધવાળાઓને રૂા. બેની પ્રભાવના થઈ હતી. અંજનશલાકા મહા મહીને ભવ્ય રીતે થનાર છે.

હારીજ: સાધ્વીશ્રી રત્નરેખાશ્રીજીનું ચા. પરિવર્તન શેઠ શાંતિલાલ લાલચંદભાઈના ઘરે ધામધૂમથી થતા પેંડાની પ્રભાવના કરી હતી. બાદ સકળ સંઘ પદના દર્શને ગયેલ. વિહાર સાંજે ૪ વાગે થતા પ્રથમ મુકામ જાસ્કા ગામે રાખેલ. ત્યાંથી મુંજપુર થઈ શંખેશ્વર આવી અમદાવાદ તરફ પધાર્યા છે.

## શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની

**ધાર્મિક પરીક્ષાનો પારિતોષક વિતરણ સમારંભ**

ધાર્મિક શિક્ષણક્ષેત્રમાં ૬૭ વર્ષથી કાર્ય કરી રહેલ શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ-મુંબઈનો પારિતોષક વિતરણ કરવાનો ૬૭મો સમારંભ શ્રી નમિનાથજી જૈન ઉપાશ્રય (વિજયવલ્લભ ચોક)માં શતાવધાની, કલિકુલતિલક પુજ્યપાદ આચાર્યશ્રી વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજની શુભનિશ્રામાં રવિવાર તા. ૧૬-૧૧-૭૫ના સવારના ૯-૧૫ વાગે યોજવામાં આવેલ હતો. અતિથિવિશેષ તરીકે ડોંગરવાનિવાસી (હાલ વડોદરા) શ્રીમતી સુભદ્રાબેન સુમતિલાલ શાહ પધાર્યા હતા અને તેઓના શુભ હસ્તે બૃહદ મુંબઈના પરીક્ષાર્થીઓને પ્રમાણપત્રો તથા ઈનામો આપવામાં આવ્યા હતાં.

સંસ્થાના મંત્રી શ્રી શાંતિલાલ એમ. શાહે સૌનું સ્વાગત કરવા સાથે આચાર્યશ્રીને તથા અતિથિવિશેષનો પરિચય આપ્યો હતો. બીજા મંત્રીશ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ સંસ્થાની કાર્યવાહીનો અહેવાલ આપી ધાર્મિક શિક્ષણને પ્રોત્સાહન આપવા ૬૭ વર્ષની જૂની સંસ્થાને પગભર કરવા નિધી આપવા અનુરોધ કર્યો હતો.

---

શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

શ્રી ગૌતમસ્વામિને નમઃ ] [ નમો નમઃ શ્રી ગુરૂ નેમિસૂરયે

## શ્રી અમદાવાદ સાબરમતી મધ્યે

શ્રી પાર્શ્વનાથાય ભગવંતાદિ ૩૦૦ શ્રી જિનેશ્વર ભગવંતની અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠા તથા નૂતન બે જિનમંદિરમાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજી તથા શ્રી ગોડીજી પાર્શ્વનાથજી વિગેરે જિનબિમ્બોની પ્રતિષ્ઠા, ધ્વજાદંડ કળશ પ્રતિષ્ઠા અંગે

## શ્રી જિનેન્દ્રભકિત મહા-મહોત્સવે

# શ્રી સંઘ આમંત્રણ-પત્રિકા

સુજ્ઞ મહાશય,

સહર્ષ જણાવવાનું કે અમો શ્રી સંઘે સાબરમતીના પૂર્વ તેમ ઉત્તર વિભાગમાં બે નૂતન જિનમંદિર તૈયાર કરાવ્યા છે. પૂણ્યોદયે મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી તથા શ્રી ગોડીજી પાર્શ્વનાથજી ભગવંતાદિના પ્રાચીન જિનબિમ્બો પ્રાપ્ત થયા છે. જ્યારે પ્રતિષ્ઠિત કરવા અન્ય બીજા જિનબિમ્બોની આવશ્યકતા હોવાથી ચાતુર્માસ બિરાજમાન પં૦પૂ૦ ધર્મરાજા આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ તથા તેઓશ્રીના પટ્ટધર પ૦પૂ૦ આચાર્ય મહારાજ શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજશ્રીના સદૂઉપદેશથી શ્રી કદંબગિરિ તીર્થથી ૫૭-૫૧-૩૬ અને ૩૧ ઇંચના ૬ ભવ્ય નૂતન પ્રતિમાજી તથા અન્ય પ્રતિમાજીઓ ભરાવી લાવવાવાં આવ્યા છે. તેમ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, બનાસકાંઠા, મારવાડ, મેવાડ, ઉત્તર પ્રદેશ, બીહાર, તામીલનાડુ, કર્ણાટક, દીલ્હી પ્રદેશ વિ. અનેક ગામોથી અંજન માટે લગભગ ૩૦૦ જિનબિમ્બો આવ્યા છે. તે સર્વે જિનબિમ્બોની અંજનશલાકા-પ્રાણ પ્રતિષ્ઠાના મહાન વિધાનો મહા-મહોત્સવ પૂર્વક ઉજવવા નક્કી કર્યું છે.

કોન્ફરન્સના મંત્રીઓ શ્રી રસીકલાલ સી. શાહ, શ્રી જયંતભાઈ એમ. શાહ તથા શ્રી શાંતિલાલ લાલચંદ, ડૉ. જે. એમ. બહામી વિ. એ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

પૂજ્ય આચાર્ય શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજે બાળકોમાં ધર્મના ઉચ્ચ સંસ્કાર રોપવા સંસ્થાને વધુ વિકસાવી કાર્ય કરવા રોચક શૈલીએ પ્રવચન કરી ઉત્સાહ પ્રગટાવ્યો હતો.

નવી કમિટી :

આ સંસ્થાની જનરલ સભા રવિવારના દિવસે યોજી હતી. જેમાં નવી મેનેજિંગ કમિટીની ચૂંટણી થતાં સર્વશ્રી ડૉ. જે. એસ. બહામી–પ્રમુખ, શ્રી શાંતિલાલ એમ. શાહ, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, મંત્રીઓ તરીકે ચૂંટાયા છે. મેનેજિંગ કમિટીમાં શ્રી–દીપચંદભાઈ એસ. ગાર્ડી, શ્રી રસીકલાલ સી. શાહ, શ્રી જયંતભાઈ એમ. શાહ, શ્રી ધીરજલાલ મોહનલાલ, શ્રી નારાણજીભાઈ શામજીભાઈ મોમાયા, શ્રી કાંતિલાલ ડી. કોરા, શ્રી ચિતરંજનભાઈ ડી. શાહ, શ્રી ખાંતિલાલ લાલચંદ, શ્રી કાંતિલાલ બી પારેખ, શ્રી ડૉ. નરેન્દ્રભાઈ આર. ભાઉ, શ્રી રવીન્દ્રભાઈ એમ. શાહ તથા શ્રી નવીનચંદ્ર ઝવેરી ચૂંટાયા છે.

---

આ પરમ પવિત્ર પ્રસંગે

પ૦પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ, પ૦પૂ૦ આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ, પ૦પૂ૦ આચાર્યશ્રી વિજય યશોભદ્રસૂરિજી મ૦, પ૦પૂ૦ આચાર્યશ્રી વિજયપ્રિયંકરસૂરિજી મ૦, પ૦પૂ૦ આચાર્ય શ્રી વિજયમહિમાપ્રભસૂરિજી મ૦, પ૦પુ૦ આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ૦, પ૦પુ૦ આચાર્યશ્રી વિજયસૂર્યોદયસૂરિજી, પ૦પુ૦ પંન્યાસ શ્રી અશોકચંદ્રવિજયજી મ૦, પુ૦ ગણિ શ્રી અજીતચંદ્રવિજયજી મ૦, પુ૦ ગણી શ્રી દેવચંદ્રવિજયજી મ૦ આદિની નિશ્રામાં ઉજવાશે.

## 卐 શ્રી અંજનશલાકા મહા–મહોત્સવનો કાર્યક્રમ 卐

વિ. સંવત ૨૦૩૨ કારતક વદ ૧૦ તા. ૨૮–૧૧–૭૫ શુક્રવારથી મહોત્સવ પ્રારંભ

કારતક વદ ૧૨થી માગશર શુદી ૩ સુધી શ્રી પંચકલ્યાણકોની ભવ્ય ઉજવણી

અંજનશલાકા—માગશર શુદ ૩ તા. ૫-૧૨–૭૫ શુક્રવાર

મધ્યરાત્રીએ અધિવાસના તેમ નૂતન બન્ને જિન મંદિરોમાં શ્રી અંજનશલાકા.

* પ્રભુપ્રતિષ્ઠા કાર્યક્રમ *

માગશર શુદ ૬ તા. ૮–૧૨–૭૫ સોમવાર પ્રતિષ્ઠા મહોત્સવ પ્રારંભ.

માગશર શુદ ૧૦ તા. ૧૩–૧૨–૭૫ શનીવાર બન્ને જીનમંદિરોમાં પ્રભુપ્રતિષ્ઠા અને ધ્વજાદંડ કળશની પ્રતિષ્ઠા.

માગશર શુદ ૧૧ તા. ૧૪–૧૨–૭૫ રવીવાર નૂતન બન્ને જીનમંદિરોનું દ્વારોદ્ઘાટન.

ક્રિયાકારક :—અમદાવાદ ડોશીવડાની પોળ વિદ્યાશાળાની મંડળી

સંગીતકાર :—શ્રી ગજાનન દેવીદાસ ઠાકુર તેમ શ્રી શાન્તીલાલ બી. શાહ આવશે.

ઉપરોક્ત આ પ્રસંગે આપશ્રી સર્વને પધારવા વિનંતી છે.

**લી. શ્રી સાબરમતી રામનગર જૈન શ્વે. મૂ. પુજક સંઘ**

શ્રી ગૌતમસ્વામીને નમઃ ]      શ્રી વાસુપૂજ્યસ્વામીને નમઃ      [ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે

## યાત્રાધામ શ્રી સરખેજ મધ્યે

**શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવંતના પ્રાસાદમાં–તેમજ ચતુર્મુખ પ્રાસાદમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવંતાદિ જીનબિમ્બોની પ્રતિષ્ઠા તેમ ધ્વજાદંડ કળશારોપણ પ્રસંગે શ્રી શાન્તિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ પ્રસંગે શ્રી સંઘ આમંત્રણ**

સુજ્ઞ મહાશય !

સહર્ષ જણાવવાનું જે પ્રાચીન શ્રી વાસુપુજ્યસ્વામી ભગવંતના પ્રાસાદનો જિર્ણોદ્ધાર કરાવતાં તેમજ આગળના ભાગમાં શિલ્પસ્થાપત્યના બેનમૂન શ્રી કુંથુનાથ ભગવંતનું ચતુર્મુખપ્રાસાદ તૈયાર કરાવવામાં આવતાં; તે બન્ને પ્રાસાદમાં પ. પુ. આ. શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ. પુ. આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં પ્રાચીન પાંચ જિનબિમ્બોનો તેમ જ ચતુર્મુખપ્રાસાદમાં બીરાજમાન કરવા માટે શ્રી કુંથુનાથ ભગવંતાદિ તેમજ શ્રી ધરણેન્દ્ર પદ્માવતી સહિત શ્રી પાર્શ્વનાથ ભગવંતાદિ ૧૦ જિનબિમ્બોની સાબરમતીમાં માગશર શુદ ૩ના અંજનશલાકા કરાવી સર્વ જિનબિમ્બોને પ્રતિષ્ઠા કરાવવા નક્કી કર્યું છે.

### 卐 卐 卐 પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ 卐 卐 卐

વિ. સં. ૨૦૩૨ કારતક વદ ૧૪ તા. ૧–૧૨–૭૫ સોમવાર : કુંભસ્થાપના આદિ, મહોત્સવ પ્રારંભ,
માગશર શુદ ૫ તા. ૭–૧૨–૭૫ રવિવાર નવગ્રહ પૂજન–અઢાર અભિષેક–બપોરે રથયાત્રાનો વરઘોડો.
માગશર શુદ ૬ તા. ૮–૧૨–૭૫ સોમવાર : સવારે ૭–૩૦ મિનિટે નૂતન જિનબિમ્બોનો પ્રવેશ.
સવારે ૧૧-૨૭-૧૮ સેકંડે પ્રભુ પ્રતિષ્ઠા ● વિજયમુહૂર્તે શ્રી શાંતિસ્નાત્ર પ્રારંભ

ઉપરોકત મહોત્સવ પ્રસંગે સર્વને પધારવા વિનંતી છે.

લી૦ શ્રી સરખેજ જૈન સંઘ

## શ્રી હથુંડી રાતા મહાવીરસ્વામી તીર્થમાં : ઉપધાનતપની આરાધના

પુજ્ય પંન્યાસજી શ્રીભદ્રંકરવિજયજી ગણિવર્ય તથા પુજ્ય આચાર્યશ્રી વિજયકલાપુર્ણસૂરિજી મ. આદિની શુભ નિશ્રામાં માગસર સુદ ૫ તા. ૭–૧૨–૭૫થી મહામંગલકારી ઉપધાનતપની આરાધનાનો પ્રારંભ થનાર છે. ઉપધાન તપમાં પ્રવેશ કરવાવાળા ભાવિકો માગસર સુદ ૧ સુધીમાં પોતાના નામો નીચેના સ્થળે લખાવે તેવી વિનંતી છે.

પ્રથમ મુહૂર્ત : માગશર સુદ ૫ તા. ૭–૧૨–૧૯૭૫
દ્વિતીય મુહૂર્ત : માગસર સુદ ૭ તા. ૯–૧૨–૧૯૭૫

લી. શ્રી હથુંડી રાતા મહાવીરસ્વામી તીર્થ ઉપધાનતપ સમિતિ

વાયા : ફાલના, મું. બીજાપુર ( રાજસ્થાન )

## નાગપુર શહેરમાં શાન્તિસ્નાત્ર મહોત્સવ પરિવર્તન તેમ જ ગ્રંથલેખનનું કાર્ય

પૂ. ગણીવર્ય શ્રી ભુવનવિજયજી મ૦ તથા મુનિશ્રી યશોવિજયજી મ૦ની નિશ્રામાં પર્યુષણાદિ મહાન પર્વોમાં થયેલી મહાન તપશ્ચર્યાના ઉદ્યાપન નિમિત્તે આસો શુદમાં પંચાહ્નિકા સહીત શાન્તિસ્નાત્ર મહોત્સવ અનેરા ઉલ્લાસથી ઉજવાયો છે.

કાર્તિક સુદી પના જ્ઞાનપંચમીની આરાધના અનેરા ઉલ્લાસથી થયેલ. તેજ દિવસે સવારનાં સાડાસાત વાગે નૂતન જિનમંદિરના બારસાખનું મુહૂર્ત અનેરા આનંદમય વાતાવરણ વચ્ચે થયેલ. બારસાખ વિધિનો લાભ અત્રેના રહીશ શેઠ પ્રેમચંદ મગનલાલ શાહ તેમજ શેઠ કેશરીમલજી તાતેડે લીધેલ.

કાર્તિક સુદી પૂર્ણિમાનાં શેઠ માણેકજીભાઈ કચ્છીની વિનંતીથી તેમને ત્યાં પૂ૦ મહારાજશ્રીનું સકલસંઘ સમુદાયની સાથે વાજતે ગાજતે ચાતુર્માસ પરિવર્તન કરાવેલ. લગભગ છસો ભાઈ–બહેનો તેમના નિવાસસ્થાને પધાર્યા હતા. વ્યાખ્યાન બાદ સૌને પાકો નાસ્તો કરાવેલ. ગુરુપૂજન કરી પૂ૦ મહારાજશ્રીને કપડાં કામળી વહોરાવેલ. અત્રે બિરાજતાં સાધ્વીજીશ્રી પદ્મપ્રભાશ્રીજીને માણેકજીભાઈ તરફથી સુશ્રાવિકા કેશરબેન હીરજીભાઈને ત્યાં ચા૦ પરિવર્તન કરાવતા, તેમને કામળી વહોરાવેલ

પૂજ્યશ્રીના ઉપદેશથી અત્રે નૂતન જિનમંદિરનું કાર્ય ધમધોકાર ચાલે છે. પ્રાયઃ ફાગણ મહીને પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના નિશ્રામાં થશે. માગશર વદમાં પ્રાયઃ અત્રેથી ૮૦ માઈલ પર આવેલા ભાંડકજી તીર્થનો છ'રી પાળતો સંઘ નીકળશે, જે કાર્ય અત્રેના ચાતુર્માસમાં ઐતિહાસિક બનશે.

કટક, કલકત્તા, રાયપુર, રાજનાંદગાંવ, દુર્ગ, મુંબઈ, શીરપુર, ખાનદેશ વગેરે ગામોથી સંઘો પૂજ્યશ્રીના દર્શનાર્થે આવતા આવનાર સંઘોએ સંઘપૂજન વગેરેનો અપૂર્વ લાભ લીધેલ. અત્રે ચાતુર્માસ દરમ્યાન પચ્ચીસથી ત્રીસ જેટલા સંઘપૂજનો થયા છે. અત્રેના રહીશ દોશી ભોગીલાલ રાયચંદભાઈએ અને અત્રેના શ્રીસંઘે તેમજ અન્ય શ્રાવકભાઈઓએ આવનારા સંઘોની ભક્તિનો અપૂર્વ લાભ લીધો હતો.

અત્રે ચાતુર્માસમાં શ્રી યોગશાસ્ત્રની વાચનામાં માર્ગાનુસારીનાં પાંત્રીસ ગુણ ઉપર પૂજ્યશ્રીએ અતિ સુંદર શૈલીમાં પોતાનું વિવેચન લખેલ છે. તે વિવેચન પુસ્તકાકારે છપાવવા શ્રીસંઘે નિર્ણય કરેલ છે. પુસ્તકનું નામ "મંગલાચરણ" રહેશે. લગભગ ત્રણસો પાના જેટલો દળદાર ગ્રંથ થશે, જે છપાતા સમય લાગશે.

પૂજ્યશ્રીના કટક ચાતુર્માસમાં "મહાવીર દર્શન" નામનાં પુસ્તકની છપાયેલ પહેલી આવૃત્તિ ખલાસ થતાં અત્રેના સંઘે તેની બીજી આવૃત્તિ બહાર પાડવાનો નિર્ણય કરેલ છે. તેમાં પૂજ્યશ્રીએ લખેલા કેટલાક નવા સાહિત્યના ઉમેરા સાથે તે પુસ્તક થોડા જ સમયમાં બહાર પડશે. "મહાવીર દર્શન" પુસ્તિકા જૈન જૈનેત્તરોને વાંચવી સરળ પડે તે માટે પુજ્યશ્રીએ હિન્દી ભાષામાં લખેલ છે. જે કોઈ ભાવિકોને ૧૫ દિવસ બાદ નીચેના સ્થળે મળશે. આમ નાગપુરનું ચાતુર્માસ અનેક પ્રકારે સફલ નિવડેલ છે.

પુસ્તક માટે : જૈન શ્વેતામ્બર તપાગચ્છ ઉપાશ્રય C/o ગુલાબશાવ ગલી, ઈતવારી, મુ. નાગપુર નં. ૨ (મહારાષ્ટ્ર). 'મંગળાચરણ' પુસ્તકને છપાતા ઠીક સમય લાગશે, જેથી તે વિલંબથી મળશે.


પધારો ! અવશ્ય પધારો ! !

### ભાવભર્યું આમંત્રણ

બરલુટ (રાજસ્થાન) નગરે ઉપધાન–તપ

પરમપૂજ્ય મુનિરાજ શ્રી જિનપ્રભવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં શા રીખવચંદજી ઝવેરચંદજી તરફથી ઉપધાન–તપ કરાવવામાં આવશે.

પ્રથમ મુહૂર્ત : માગશર શુદિ ૧૦ શનિવાર
તા. ૧૪–૧૨–૭૫

બીજું મુહૂર્ત : માગશર શુદિ ૧૪ બુધવાર
તા. ૧૭–૧૨–૭૫

તો આ મહામંગલકારી તપમાં જોડાવવા અને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

# મુંબઈ સાઇનમાં ચાતુર્માસ પરિવર્તન અને

# ૩૧ છોડનો ભવ્ય ઉદ્યાપન મહોત્સવ

સાઇનમાં ચાતુર્માસ બિરાજમાન પૂ૦ શતાવધાની ગણિવર્ય શ્રી જયાનન્દવિજયજી મહારાજ તથા પૂ૦ મુનિરાજ શ્રી જયશેખરવિજયજી આદિ ઠાણાને ચાતુર્માસ પરિવર્તન માટે અનેક મહાનુભાવોની ભાવભરી વિનંતીઓ થતાં છેવટે શ્રીયુત માણેકલાલ ઝવેરચંદ વસાને ત્યાં ચાતુર્માસ પરિવર્તન માટે જય બોલાઈ, તેથી તેઓશ્રીએ પણ ચાતુર્માસ પરિવર્તન ખૂબ જ ઉલ્લાસથી ઉજવવા પોતાના આંગણે ગીતા બિલ્ડીંગના પટાંગણમાં વિશાળ મંડપ બનાવ્યો અને તેને ખૂબ સુંદર રીતે સજાવટ કરી. શત્રુંજય ગિરીરાજનો પટ પણ અગાસીના ભવ્ય મંડપમાં બંધાવ્યો.

પૂ૦ મહારાજશ્રીએ પૂર્ણિમાના દિવસે સવારે ૮-૩૦ કલાકે સકલ સંઘ સાથે પ્રયાણ કરતાં તેઓશ્રીના સામૈયામાં પ્રારંભથી જ વિશાળ મેદની જોડાઈ હતી. સામૈયું શ્રી વસાને ત્યાં આવી પહોંચતા સંપૂર્ણ મંડપ ભાવિકજનોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. પ્રારંભમાં શ્રી સિદ્ધાચલજીના પટની યાત્રા સકલસંઘ સાથે કરીને દર્શન ચૈત્યવંદન-ખમાસમણ વિધિ ખૂબ ઉલ્લાસથી કરવામાં આવેલ. બાદ પ્રવચનમંડપમાં પૂ. ગુરુદેવે મંગલાચરણ કર્યાં બાદ શ્રીયુત માણેકલાલ વસા તેમ જ તેમના ભાઈ રમણીકલાલ વસાએ સુવર્ણમુદ્રાથી ગુરુપૂજન કરેલ અને પૂ૦ ગુરુદેવોને કામળ વહોરાવેલ.

બાદ પૂ. મહારાજશ્રીએ પોતાની ભાવવાહી અને જોશીલી શૈલીથી પ્રસંગિક પ્રવચન આપેલ. પ્રાંતે પૂ. જયશેખરવિજયજી મહારાજે પણ મનનીય પ્રવચન આપેલ. જુદા જુદા સંઘના કાર્યકર્તાઓએ પણ પોતાનું વક્તવ્ય રજુ કરેલ. શ્રીયુત માણેકલાલભાઈએ સૌનો આભાર માનેલ. બાદ વિશાળ મંડપમાં ઉપસ્થિત લગભગ ૨ હજાર ઉપરાંત અર્પણ કરવા પૂર્વક સંઘપૂજન કરાયેલ, અને શ્રીફળની પ્રભાવના આપવામાં આવેલ.

શ્રીયુત માણેકભાઈ વસા અને શ્રી રમણીકભાઈ, શ્રી ભોગીભાઈ, શ્રી વિનુભાઈ વગેરે મિલનસાર પ્રકૃતિવાળા અને ભક્તિભાવોવાળા હોવાથી સારોએ પ્રસંગ ખડેપગે ઉભા રહી દીપાવ્યો હતો અને શ્રી સંઘે પણ પૂર્ણ સહકાર આપ્યો હતો.

સાયનના ઈતિહાસમાં આ રીતના જાહોજલાલીભર્યો અને ઉત્સાહભર્યો ચાતુર્માસ પરિવર્તનનો પ્રસંગ પ્રથમવાર જ હતો. પૂ૦ મહારાજશ્રી એકમના દિવસે શ્રીસંઘના દેરાસર ઉપાશ્રયે રંગોળીની રચનાઓ સહિત ૩૧ છોડનો ભવ્ય ઉદ્યાપન મહોત્સવ ચાલતો હોવાથી ઉપાશ્રયે પધારી ગયા હતા.

આ ઉદ્યાપન મહોત્સવ પ્રસંગે પધારવાની શ્રીસંઘની અત્યાગ્રહભરી વિનંતીથી, ઘાટકોપરથી પ. પૂ૦ પરમોપકારી આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ તેમજ વાલકેશ્વરથી પ. પૂ૦ યુગદિવાકર આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, પૂ૦ મુનિરાજ શ્રી સુર્યોદયવિજયજી મહારાજ વગેરે વિશાલ મુનિમંડળ અને પૂ૦ સાધ્વી શ્રી પ્રિયંવદાશ્રીજી, પૂ૦ સાધ્વીશ્રી મૃગેન્દ્રશ્રીજી આદિ સાધ્વી સમુદાય વદ ત્રીજના રોજ પધારતા શેઠ શ્રી શાન્તિલાલ બેચરદાસના ગૃહાંગણેથી ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. સામૈયામાં ઠેરઠેર ગહુંલીઓથી પૂ૦ ગુરુદેવોને વધાવવામાં આવેલ. સામૈયું, જિનમંદિરે દર્શન કર્યાં બાદ ઉપાશ્રયે આવ્યા બાદ પૂ૦ આચાર્યદેવશ્રીએ સમયાનુસાર ભાવવાહી પ્રવચન આપેલ.

કાર્તક શુદ ૧૨થી શરૂ થયેલ. આ ઉદ્યાપન મહોત્સવમાં પ્રથમ દિને ભવ્ય રીતે ૫૬ દિક્કુમારિકા સહિત સ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવેલ. લગભગ ત્રણ કલાક સુધી આ સ્નાત્ર મહોત્સવમાં ભાવિક જનતાએ ખૂબ જ લાભ લીધો હતો. આજરોજ સવારે કુંભસ્થાપના, નવગ્રહાદિ પૂજનવિધિ થયેલ. મહોત્સવ દરમિયાન હંમેશા જુદા જુદા ભાવિકો તરફથી જુદી જુદી પૂજાઓ ભિન્ન ભિન્ન સંગીતકારો અને મહિલા મંડળો ભણાવતા હતા. રાત્રે ભાવનાઓમાં અપૂર્વ ભક્તિરસ જામતો હતો. દેરાસર અને ઉપાશ્રયને અને ઉપાશ્રયના નીચેના ખંડમાં ઉજમણા-રચના મંડપને ખૂબ આકર્ષક લાઈટ રોશનીથી શણગારવામાં આવેલ. ઉજમણામાં જુદી જુદી ડીઝાઈનો

અને ધાર્મિક પ્રસંગોથી શોભતા ૩૧ છોડ ગોઠવવામાં આવેલ. કલાકાર રમણીક શાહે શ્રી પાવાપુરી જલમંદિર, સ્વ. ન્યા. ન્યા. મહે. શ્રી યશોવિજયજી મહારાજની ગંગ કિનારે કાશીમાં મંત્રસાધના તથા સરસ્વતી દ્વારા વરદાન અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની રંગોળીની રચના બનાવેલ જે દર્શકોને અતિ આકર્ષક બનતી હતી.

વદ ત્રીજના રોજ નવગ્રહાદિ પૂજન થયેલ. વદ ૪ના રોજ શેઠશ્રી શાન્તિલાલ ચુનીલાલ તરફથી શ્રી સિદ્ધચક્રપૂજન ધામધૂમથી કરાવાયેલ. વિધિકાર શ્રી ઈન્દ્રચન્દ્રજી પંડિતજીએ પૂજા–આરાધનાનું રહસ્ય સુંદર રીતે સમજાવેલ.

વદ ૫ ના રોજ શ્રીસંઘ તરફથી અષ્ટોત્તરી શાન્તિસ્નાત્ર ભારે ઉલ્લાસથી કરાવવામાં આવેલ. દેરાસરજીનું પટાંગણ અને મંડપમાં ક્યાંય જરાપણ જગ્યા ન હતી કે વધુ માણસ સમાઈ શકે. બધા જ વિસ્તારો ચીક્કાર ભરાઈ ગયા હતા વિધિકાર શ્રી પંડિતજી વસંતભાઈ અને શ્રી રતિલાલભાઈની મંડળીએ રંગ જમાવેલ. પૂ૦ સાધ્વીજી શ્રી કમલાશ્રીજી, પૂ૦ સાધ્વીજી શ્રી કુમુદપ્રભાશ્રીજી આદિ ઠાણા પણ આજરોજ પધાર્યા હતા. પ્રતિ પ્રભાવના કરવામાં આવેલ.

આ ઉદ્યાપન મહોત્સવ માટે એક સમિતિ બનાવવામાં આવેલ. તે સમિતિના સભ્યો શ્રી વ્રજલાલભાઈ, શ્રી છબીલભાઈ, શ્રી ફતેચંદભાઈ, શ્રી બાબુભાઈ વગેરે ટ્રસ્ટીમંડળના સભ્યો શ્રી હરસુખલાલભાઈ, શ્રી ચીમનભાઈ, શ્રી મનુભાઈ, શ્રી રસિકભાઈ, શ્રી ગિરધરભાઈ, શ્રી વાડીભાઈ વગેરે તેમ જ શ્રી ઉત્તમભાઈ, શ્રી શાંતિભાઈ, શ્રી ઇશ્વરાજભાઈ, શ્રી ભાવચંદભાઈ, શ્રી માણેકલાલભાઈ વગેરેએ ખડે પગે સેવા આપીને આ મહોત્સવને યાદગાર અને ચિરંજીવ બનાવ્યો હતો.

અમદાવાદ : પાર્શ્વચંદ્રગચ્છીય મુનીશ્રી સુયશચંદ્રવિજયજી ઠા ૩ તથા પ્રવર્તિની સાધ્વીશ્રી ખાંતીશ્રીજી ઠા. ૭નું શામળાની પોળ ઉપાશ્રયથી બેન્ડવાજા સાથે શ્રાવિકા ગજરાબેનના ઘેર ચાતુર્માસ પ. સહ સત્કાર થયું હતું. દર્શન, ધર્મશાળામાં પ્રેરક પ્રવચન અને લગભગ એક હજારની સંખ્યાનું સંઘપૂજન કરવામાં આવ્યું હતું. બપોરે પુજા ભણાવી બધાને રૂપિયાની પ્રભાવના કરી. પ્રવર્તિનીશ્રીજીની સ્થિરતા સાગર પુર્ણિમાં સુધી છે.

મદ્રાસ:—મુનિરાજશ્રી પદ્મવિજયજી સરાક જાતિના ઉધ્ધાર માટે ખાસ રસ લઇ રહ્યા છે. તેઓશ્રીની પ્રેરણાથી ચાતુર્માસમાં નાની–મોટી ૭૦૦ તપશ્ચર્યા અને દેવ, ગુરુ તેમ જ જ્ઞાનદ્રવ્યની સારી ઉપજ થઇ હતી. ભા૦ વદિ ૧૧ના ૧૦૨ ભાવિકોએ વર્ધમાન તપના પાયા નાખ્યા છે. ભારતના અનેક ગામોમાં આ તપશ્ચર્યા શરૂ થઇ અને અખંડ રીતે પૂર્ણ થઇ રહી છે. આ શુભ અવસરે વર્ધમાન તપની અનુમોદનાર્થે ૨૫૦૨ના કારતક શુદિ ૧૫ સુધીમાં નવા પાયા નખાયા હોય તે પ્રત્યેક તપસ્વીઓને રૂા. ૧૧) અને જે સ્થળે આયંબીલ શાળાની વ્યવસ્થા નથી ત્યાં રૂા. ૨૧)ની રોકડ પ્રભાવના મોકલવાનું નક્કી કરેલ છે. તો તપસ્વીઓના નામોનું લીસ્ટ તથા પ્રભાવના મોકલવાની જગ્યા તથા રકમ કેવી રીતે મોકલવી તેની વિગતે જણાવો:—
શ્રી ભક્તિ વિનય મંડળ, પો. બો. નં. ૫૧૮, મદ્રાસ–૩ ( ફોન નં. ૩૨૦૨૦–૩૯૪૩૮ )

વિગત નીચેના સ્થળેથી પણ મળશે. મુંબઈ–૧૬ પો. બો. નં. ૧૬૪૬૦ ( ફોન નં. ૪૫૧૮૩૨–૪૫૭૧૭૩) તેમ જ કલકત્તા–૭ પો. બો. નં. ૨૭૫૯ ( ફોન નં. ૩૪૪૭૨૭ ને ૨૩૧૩૯૪ ).

## શંખલપુર

પૂ૦ આ૦શ્રી વિજયરમણીકચંદ્રસૂરિજી મ૦ આદિ ઠા. ૨ની નિશ્રામાં પર્યુષણા નિમિત્તે કલ્પસૂત્ર, બારસાસૂત્ર, સુપનો, ઘોડીયાપારણા વગેરેના ચઢાવા; વ્યાખ્યાનમાં નિત્ય પ્રભાવના, આંગી, ભાવના, ત્રણ પુજા, નાની–મોટી તપસ્યા આદિ કાર્યો શાસનપ્રભાવના પુર્વક થયા હતા. ચાતુર્માસ દરમ્યાન પણ અનેકવિધ આરાધના ઉમંગભેર થઈ હતી.

## પોષદશમીની ઉજવણી અંગે અનામત ભંડોળનો નિર્ણય

ઘોઘા ( ભાવનગર )ની શેઠ કાળા મીઠા પેઢીએ પ્રભુ પાર્શ્વનાથના જન્મકલ્યાણકની દર વર્ષની ઉજવણી પ્રસંગે થતા પ્રવચન, પ્રભાવના, પુજા, રથયાત્રા, સાધર્મિભક્તિના કાર્યની દર વર્ષે થતી ટીપને બદલે કાયમી અનામત ભંડોળ રૂા. ૨૫૧) લઇ તેના વ્યાજમાંથી ઉજવવા નિર્ણય કરેલ છે. દાતાનું નામ બોર્ડ ઉપર કાયમ રહેશે.

## ધાનેરામાં સંપ-સંગઠન સાથે આરાધના

પૂ. આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં ઉપધાનની ક્રિયા આનંદપૂર્વક થઈ રહેલ છે. ઘણા ભાઈ-બહેનો ચતુર્થવ્રત લેવા ઉત્સુક બનવાથી કા. સુદ ૫ના ખાસ નાણુ મંડાવેલ, જેમાં ૨૧ ભાઈ-બહેનોએ ચતુર્થવ્રત, કેટલાકોએ અણુવ્રતો ને વિવિધતપો ત્રણે ગચ્છના સેંકડો ભાઈ-બહેનોએ પુર્વભવ પુદ્દગલ વોસિરણ વિધિ કરેલ. રૂપીઆની પ્રભાવના થયેલ. ક્રિયાની અનુમોદના કરેલ. સાધર્મિક ભક્તિ સારા પ્રમાણમાં થઈ રહેલ છે. કા.શુ. ૧૫ના શા નેમચંદ પ્રેમચંદ અજબાણીને ત્યાં પુ. આચાર્યશ્રી તથા સાધ્વીજી મ૦નું ચાતુર્માસ પરિવર્તન ખૂબ ઠાઠથી પ્રભાવનાદિ સહ થયેલ છે. કામળીઓ વહોરાવવામાં આવેલ.

પુજ્ય આચાર્યશ્રીએ ઉપધાનના પ્રારંભમાં અને કા. વદ ૧૦થી ઉપધાન-તપના ઉજવાનારા માળારોપણ પ્રસંગને શ્રીસંઘ આમંત્રણ પત્રિકામાં અત્રે બિરાજમાન સ્થાનકવાસી મુનિરાજો શ્રી શિવચંદજી તથા મુનિશ્રી રેખચંદજીના નામો જણાવી પોતાના દિલની વિશાળતાને રજુ કરી છે, જે આવકારવા યોગ્ય છે. પુજ્યશ્રીએ સમયને જોઈ સાધર્મિકભક્તિ અંગે ખાસ ટીપ પણ કરી છે, અને તેનું વિતરણ યોગ્ય સ્થળે થઈ રહ્યું છે. ઉપરાંત જીવદયા અને સાધારણની ટીપ તો ખરી જ. ઉપધાનમાં જોડાયેલા સ્થાનકવાસીઓ અને સમકીત ગચ્છી ભાઈ-બહેનો બધી ક્રીયા આનંદથી કરી રહ્યા છે. શાંતિસ્નાત્ર તા. ૩જી ડીસેમ્બરના છે. માળારોપણ તા. ૫-૧૨-૭૫ના થનાર છે. તેની ઉજવણીની પુર્વ તૈયારીઓ થઈ ચુકી છે.

સીકંદ્રાબાદ : પ૦પુ૦આ૦ શ્રી લબ્ધિસૂરિજી મ૦ની ૨૪મી સ્વર્ગારોહણ તીથી શ્રીમતી શોભનાબહેન તરફથી પુજા, આંગી વગેરે કાર્યક્રમોથી ઉજવવામાં આવી હતી.

જયપુર ( ઓરિસ્સા ) : આ૦ શ્રી ઉદયસાગરજીની નિશ્રામાં શેઠ પુખરાજજી પારખ તરફથી ઓળી આરાધન થતાં ૨૬ ભાગ્યશાળીઓ જોડાયા હતાં. તેઓશ્રી તરફથી દરેકને કટાસણા-મુહપત્તીની પ્રભાવના અને બીજા ભાવિકોએ પણ પ્રભાવનાનો લાભ લીધો હતો. પુજા, પ્રભાવના, આંગી આદિ અનુક્રમે દનીવ થયા હતા.

જુના ડીસા—મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજીની શુભ નિશ્રામાં સમોવા સાથે ચાતુર્માસાર્થે ધર્મરત્ન પ્રકરણ અને મલયસુંદરી ચરિત્રનાં પુર્ણ થયેલ વાચનો બાદ વિક્રમચરિત્રનું વાચન પ્રારંભ કરેલ.

શં૦ પાર્શ્વનાથના અઠ્ઠમ, પુજા, ભાવના, પ્રભાવના, ભવ્ય આંગી, પારણા આદિથી થયા. 'નમો જિણાણં, જીયભયાણં'ના સતત ચોવીશ કલાકના જાપ આયંબીલ સાથે સારી સંખ્યામાં કરેલ. મોક્ષતપ, અરિહંતના જાપ, આદિમાં સીમંધરસ્વામીની આરાધનામાં આરાધકો સારી સંખ્યામાં જોડાયેલ.

ભા૦ સુદ ૧૪ના શાસનશિરતાજ શ્રી ધર્મસૂરિજી મ૦ની સ્વ. તીથી અને આસો સુદ ૮ના દાદાગુરુ ભક્તિસૂરિજી મ૦ની જન્મજયંતી ગુણાનુવાદ, પુજા, ભાવનાદિ ભાવપુર્વકના કાર્યક્રમોથી ઉજવાઈ હતી.

ઓળીની આરાધનામાં સારો લાભ લેવાયો હતો. વેકેશન દરમ્યાન પ્રશ્નોત્તર સ્પર્ધા યોજી મેળાવડો યોજેલ. પુજ્યશ્રીને ૩૨મી ઓળીનું પારણું શાતાથી થયેલ છે. ચાતુર્માસ પરિવર્તન શ્રી ચીમનલાલ સંઘરાજને ત્યાં ધામધૂમથી થયેલ છે. મૌન એકાદશી સુધી સ્થિરતા થનાર છે.

અમરેલી : મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજીની નિશ્રામાં નેમિનાથ જૈન સંઘમાં પર્યુષણમાં પુજા, પ્રભાવના, આંગી, તપશ્ચર્યાદિ સારા થયેલા દેવદ્રવ્યની ઉપજ રેકર્ડ થઈ હતી. મહેતા રજનીકાંત ગોરગોવિંદદાસના નવા મકાનના વાસ્તુ અંગે આસો સુદ ૨ના સંઘ સાથે પધારી પુજા ભણાવી સંઘપુજા અને પેંડાની પ્રભાવના કરી હતી.

બોડીગામા છોટા ( ડુંગરપુર )—માં પ્રથમ જ વખત ઓળી આરાધન ૩૦ તપસ્વીઓએ નવા ઉપાશ્રયમાં સવિધિ કર્યું હતું.

દેવલી:—ભ૦ મહાવીરના ૨૫૦૦મો નિર્વાણ દિવસ ઝંડારોપણ, વરઘોડો, પૂજા, તપશ્ચર્યા આદિ આરાધનથી સમયાનુસાર ઉજવાયો હતો.

વિહાર—પં. શ્રી સ્વયંપ્રભવિજયજી ગણીવર્ય સીરોહીથી વિહાર કરી મીરપુરની યાત્રાર્થે પધારતા પુજા, આંગી, સ્વામીવાત્સલ્ય વગેરે થયેલ. અત્રેથી ઉણુ દગા થઈ પાલનપુર પધારશે

તંત્રી, મુદ્રક,પ્રકાશક, માલીક: શેઠ ગુલાબચંદ દેવચંદ, મુદ્રણસ્થાન : જૈન પ્રિન્ટરી—પાનવાડી, ભાવનગર

BGD No. G. BV. 20





"જૈન"
સાપ્તાહિક
ભાવનગર
(ગુજરાત)
વા. લવાજમ
રૂા. ૧૫

વીર સંવત
૨૫૦૨
વિક્રમ સંવત
૨૦૩૨
માગશર શુદિ ૧૦
તારીખ
૧૩-૧૨-૭૫
શનિવાર

વર્ષ ૭૨

સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ

અંક ૪૪


# જીર્ણોદ્ધાર માટે વિશેષ ધ્યાન આપીએ

આપણા ધર્મશાસ્ત્રોએ નવું જિનમંદિર ચણાવવામાં થતાં પુણ્ય કરતાં પણ જીર્ણ બનતાં તીર્થ કે જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવવામાં વધારે પુણ્ય થતું હોવાની જે વાત કરી છે તે બહુ જ મહત્ત્વની, અનુભવયુક્ત અને ધ્યાન આપવા જેવી છે. પ્રાચીન જિનમંદિરોને કાળપ્રવાહને કારણે કે કોઈ આક્રમણ જેવી ઘટનાને કારણે અથવા તો આપણી પોતાની ઉપેક્ષાવૃત્તિને કારણે જે કંઈ નુકસાન કે ઘસારો પહોંચ્યો હોય તે દૂર કરીને એની સાચવણી કરવા માટે એનો સમુચિત જીર્ણોદ્ધાર થતો રહે એવો ઉદાત્ત ભાવ આપણા ધર્મશાસ્ત્રોના આ પ્રતિપાદનની પાછળ રહેલો છે અને તે જૈન સંઘની એક અનિવાર્ય ફરજનું સતત ભાન કરાવતું રહે છે.

જો આપણે અણગમતા સત્યનો અને કડવી હકીકતનો સ્વીકાર કરવા તૈયાર હોઈએ તો આપણને એ સમજતાં જરાય વાર કે સંકોચ ન થવા જોઈએ કે જૈન સંઘની પોતાની ઉદાસીનતા કે ઉપેક્ષાવૃત્તિને કારણે કેટલાંય સ્થાનોના જાજરમાન તીર્થ જેવા વિશાળ જિનમંદિરો કેવળ બિસ્માર હાલતમાં જ મૂકાઈ ગયાં છે, એટલું જ નહીં પણ એ ઘેટાં-બકરાંને બેસવાનાં આશ્રયરૂપ કે ઉકરડાની જગ્યા જેવા બની ગયાં છે. મેવાડમાં, મારવાડમાં એટલે કે રાજસ્થાનમાં તેમ જ ઉત્તરપ્રદેશમાં અને મધ્યપ્રદેશમાં પણ આવા સંખ્યાબંધ જિનમંદિરોના ભગ્નાવશેષો જૈનસંઘમાં વિસ્તરેલી ઉપેક્ષાવૃત્તિની સાક્ષી પૂરી રહ્યાં છે. કેવા નયન મનોહર અને વિશાળ જિનમંદિરો, એના બંધાવનારાઓએ કેવી કેવી ધર્મભાવનાથી પ્રેરાઈને બંધાવ્યાં હતાં! અને આપણો સંઘ એનું જતન પણ ન કરી શક્યો.


## વીર શાસનની

જ્યોત જગમગાવતા....
પ્રભાવના પ્રસરાવતા....
ભ૦ મહાવીર પરમાત્માના
૨૫૦૦મા નિર્વાણકલ્યાણકને
અનુલક્ષીને યોજાયેલ
ઉત્સવો,
આયોજનો અને
ચિરસ્થાયી કાર્યો-પ્રસંગો
નીચેના સરનામે મોકલવા
અને એ ગ્રંથસ્થ કરવાના
કાર્યને સાકાર બનાવવા
સૌકોઈને નમ્ર વિનંતી છે.

## માહિતી વિશેષાંક

૨૧૯એ, કીકા સ્ટ્રીટ, ગોડીજી
બિલ્ડીંગ, બીજે માળે, મુંબઈ-૨

: મણકો :

વિવેક જલદી પ્રાપ્ત કરી શકાતો નથી; અને વારંવાર લોભાવતા ભોગો ભોગવનારમાં મંદતા આણી વધારે પ્રબળ બનતા જાય છે. માટે યત્નપૂર્વક કામભોગોમાંથી મનને રોકી, તેમનો ત્યાગ કરી, લોકો પ્રત્યે સમદર્શી બની, અપ્રમત્તપણે આત્માનું રક્ષણ કરતા વિચરવું. કેળવાયેલો અને બખ્તરવાળો ઘોડો જેમ સ્વેચ્છાચારનો ત્યાગ કરી, પોતાના સવારની મરજી મુજબ ચાલવાથી રણ-સંગ્રામમાંથી સહીસલામતમાં સ્વચ્છંદપણે વર્તવાનું તજી તથા ગુરુની આજ્ઞામાં રહી, અપ્રમત્તપણે કામભોગોમાંથી પોતાનું રક્ષણ કરનારો મનુષ્ય સહીસલામતીથી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

—ઉત્તરાધ્યયન સૂત્ર

આમ બનવાનું એક કારણ એ પણ ખરું કે આવાં ધર્મતીર્થોની સ્થાપના કરનાર તેમ જ એની સાચવણીની જવાબદારીને સફળતાપૂર્વક નભાવી જાણનાર શ્રાવક સંઘની સાચવણી માટે આપણા સંઘનાયકોએ ન તો જોઈએ તેવી ચિંતા સેવી છે કે ન એ માટે કારગર કહી શકાય એવી પ્રેરણા આપી છે. અને જ્યારે કોઈપણ ધર્મના અનુયાયીઓનું અસ્તિત્વ જ જોખમમાં મુકાઈ જાય છે ત્યારે એ ધર્મનાં ગૌરવરૂપ તીર્થસ્થાનો અને દેવમંદિરોની હાલત શોચનીય બની જાય એમાં શી નવાઈ? પણ સાધર્મિકોનું રક્ષણ એ પણ એક ધર્મ અને સંઘનાં યોગક્ષેમની દૃષ્ટિએ ગંભીર વિચાર માંગી લે એવી બાબત છે. પણ અહીં આ નોંધનો ઉદ્દેશ એની વિશેષ ચર્ચા કરવાનો નથી એટલે એ અંગે આટલો નિર્દેશ જ પુરતો માનીએ.

અહીં અમારે જે મુખ્ય વાત કહેવાની છે તે જૈન સંઘની જીર્ણોદ્ધાર પ્રવૃત્તિને વધુ વેગવાન અને વધુ વ્યાપક બનાવવાને લગતી છે. આ લખીએ છીએ ત્યારે એ વાત અમારા ધ્યાનબહાર નથી કે જેમ અત્યારે નાનાં–મોટાં સંખ્યાબંધ નવીન જિનમંદિરો ઉભાં કરવાની પ્રવૃત્તિનો વિકાસ થયો છે તેમ જીર્ણોદ્ધારની બાબતમાં પણ આપણો સંઘ વિશેષ પ્રયત્નશીલ બન્યો છે અને એને લીધે પ્રાચીન અનેક જિનમંદિરો સુરક્ષિત બની શકયા છે. આમ છતાં આ દિશામાં હજી પણ ઘણું ઘણું કરવાનું બાકી છે અને એ તરફ આપણો સંઘ વિશેષ ધ્યાન આપે એ જરૂરી છે. અને તેથી જ અમે આ નોંધ લખવા પ્રેરાયા છીએ.

આ લખવાનું ખાસ નિમિત્ત તો એ છે કે અત્યારે પ્રતિષ્ઠાઓ, અંજનશલાકાઓ વગેરે મહોત્સવોને કારણે દેવદ્રવ્યમાં પહેલાંની આવકની સરખામણીમાં અસાધારણ કહી શકાય એવો મોટો વધારો થવા લાગ્યો છે. આ આવકોનો ઉપયોગ જિનમંદિર અને જિનબિંબો માટે જ થઈ શકે છે એ દેખીતું છે. જ્યાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હોય ત્યાં જિનમંદિર ન હોય તો એ માટે આવી રકમમાંથી નવું જિનમંદિર ઉભું કરવામાં આવે એ તો સારું છે જ, પણ જે આપણા પૂર્વજોની ધર્મભાવનાની સાક્ષી આપતાં અને જૈન સંઘની ગૌરવગાથા સંભળાવતાં પ્રાચીન જિન-મંદિરો કે તીર્થો ધ્વસ્ત હાલતમાં મૂકાઈ ગયા છે એનો જીર્ણોદ્ધાર કરવાનું કામ પણ ધર્મ અને સંસ્કૃતિને ટકાવી રાખવા જેવું મહત્વનું કામ છે એ વાત આપણે બરાબર સમજી રાખવી ઘટે છે

એક બીજી રીતે પણ જીર્ણોદ્ધારની પ્રવૃત્તિને વેગ મળે એ જરૂરી છે. આપણી શક્તિ હોવા છતાં આપણે કોઈ સત્કાર્યનાં સહભાગી ન થઈએ તો તેથી આપણે વીર્યાતિચાર નામના દોષના ભાગીદાર થઈએ છીએ એમ ધર્મશાસ્ત્રો આપણને સ્પષ્ટપણે જણાવે છે. આ જ વિચારને જરાક વ્યાપક બનાવીને કહેવું હોય તો કહી શકાય કે કોઈ પણ તીર્થમાં કે જિનમંદિરમાં દેવદ્રવ્યનો વધારો હોય અને એમ છતાં એનો ઉપયોગ બીજા જીર્ણ થતાં તીર્થ કે દેરાસરના ઉદ્ધાર માટે

કરવામાં ન આવે તો તેથી એ દ્રવ્યનો વહીવટ કરનાર સંચાલકો વીર્યાતિચારને મળતાં દોષના ભાગીદાર થયા વગર કેવી રીતે રહી શકે ? મતલબ કે શરીરનું એક અંગ જેમ શરીરના કોઈ પણ અંગમાં વ્યાપેલ સુખદુઃખનું સહભાગી બને છે એ જ રીતે જૈન સંસ્કૃતિના આધારરૂપ કોઈપણ તીર્થધામ કે જિનમંદિરના રક્ષણ માટે અન્ય ધર્મસ્થાનોના સંચાલકોએ ઉદારતાપૂર્વક સહાય આપવા તત્પર રહેવું જ જોઈએ. પ્રાચીન જિનમંદિરો અને તીર્થોની રક્ષાનો આ જ સાચો માર્ગ છે. એ માર્ગને આપણે અપનાવીએ અને જીર્ણોદ્ધારની પ્રવૃત્તિને વેગ આપીએ એ જ અભ્યર્થના.

---

# સામયિક સ્ફુરણ

## વિદ્વદ્ જગતની અસાધારણ ખોટ

ડૉ. પ્રબોધભાઈ પંડિતના, તા. ૨૮-૧૧-૭૫ના રોજ, ૫૩ વર્ષની વયે, દિલ્હીમાં થયેલ સ્વર્ગવાસની નોંધ લેતાં અમે ઊંડા શોક અને દુઃખની લાગણી અનુભવીએ છીએ.

ડૉ. પ્રબોધભાઈ ભાષા વિજ્ઞાનના અસાધારણ વિદ્વાન હતા અને આ વિષયના આપણા દેશના ગણ્યા ગાંઠ્યા વિદ્વાનોમાં એમનું સ્થાન આગળ પડતું હતું; અને તેથી ભારતીય વિદ્યા અને ભાષા વિજ્ઞાનના ક્ષેત્રે વિદેશમાં પણ એમની ઘણી નામના હતી. અને એમણે પોતાની નિર્ભેળ, સત્યશોધક અને મર્મગ્રાહી વિદ્યાસાધના દ્વારા અમેરિકા વગેરે વિદેશોમાં પણ ભારતદેશ, ભારતીય વિદ્યા અને ભારતીય વિદ્વત્તાનું ગૌરવ વધાર્યું હતું.

સંસ્કૃત-પ્રાકૃત ભાષાના વ્યાકરણના પ્રકાંડ પંડિત અને જૈન આગમસૂત્રોના અધિકારી જ્ઞાતા તરીકે વિખ્યાત પંડિતવર્ય શ્રી બેચરદાસ જીવરાજ દોશીના તેઓ પુત્ર હતા. એમના માતુશ્રીનું નામ અજવાળીબહેન સૌરાષ્ટ્રમાં આવેલ એમના વતન વળા (પ્રાચીન વલભીપુર)માં તા. ૨૩-૬-૧૯૨૩ના રોજ એમનો જન્મ. એમનો ઉછેર અને અભ્યાસ અમદાવાદમાં થયો હતો.

પિતાના વિદ્યાના વારસામાં તેજસ્વી બુદ્ધિ, વિદ્યાવૃત્તિ અને ધ્યેયનિષ્ઠાનું તેજ ભળ્યું અને શ્રી પ્રબોધભાઈ વિદ્યા વિકાસના એક પછી એક સીમાડા સર કરતા ગતા. બી. એ. સુધીનો અભ્યાસ એમણે અમદાવાદમાં રહીને કર્યો. મુખ્ય વિષય સંસ્કૃત અને ગૌણ વિષય અર્ધમાગધી લઈને એમણે પ્રથમ વર્ગમાં બી. એ. ની ડિગ્રી મેળવી. મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં રહીને તેઓ એમ. એ. થયા. એમ.એ. માં એમનો મુખ્ય વિષય સંસ્કૃત અને ગૌણ વિષય ભાષા વિજ્ઞાન હતો. એમ લાગે છે કે ડૉ. પ્રબોધભાઈને ભાષા વિજ્ઞાનના મર્મજ્ઞ વિદ્વાન તરીકે જે નામના મળી તેનાં બીજ અહીં રોપાયાં એમ. એ. પછી પી. એચ. ડી.ની ડિગ્રી માટેનો મહાનિબંધ તૈયાર કરવા માટે તેઓ લંડનની સ્કૂલ ઓફ ઓરિયેન્ટલ અને આફ્રિકન સ્ટડીઝ નામે વિદ્યાસંસ્થામાં દાખલ થયા. એમણે ભારતીય વિદ્યા અને ભાષાના નામાંકિત વિદ્વાન ડૉ. ટર્નરના માર્ગદર્શન નીચે વિક્રમની પંદરમી સદીના પ્રાચીન ગુજરાતી ભાષાના જૈન ગ્રંથ શ્રી તરુણપ્રભ વિરચિત "ષડ્ આવશ્યક બાલાવબોધ" ઉપર મહાનિબંધ લખીને પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી.

શ્રી પ્રબોધભાઈ લંડનમાં અભ્યાસ કરતા હતા તે દરમ્યાન ભાવનગરના શ્રી ધીરુબહેન પારેખ પણ ત્યાં અભ્યાસ કરતાં હતાં, એમની સાથે લગ્નગ્રંથિથી જોડાઈને સને ૧૯૫૦માં ડૉ. પ્રબોધભાઈ પંડિત હિંદુસ્થાન પાછા ફર્યા, અને ૨૭ વર્ષની ઉંમરે સંસ્કૃત-પ્રાકૃત ભાષાના અને ભાષા વિજ્ઞાનના એક પીઢ અને નિપુણ અધ્યાપક તરીકેની એમની યશોજ્જ્વલ કારકિર્દીનો પ્રારંભ થયો. વિદ્યોપાર્જનના ક્ષેત્રે જેમ તેઓ ઉત્તરોત્તર વધુને વધુ વિકાસ સાધતા ગયા હતા, તેમ અધ્યાપનના ક્ષેત્રમાં પણ તેઓની કારકિર્દી ઘણી વિકાસશીલ અને યશનામી બનતી ગઈ હતી. ભાષાવિજ્ઞાનના એક સિદ્ધહસ્ત જ્ઞાતા તરીકે દર વર્ષે, અમુક મહિના માટે તો, તેઓને પરદેશમાં જવું જ પડતું હતું. છેલ્લા દસેક વર્ષથી તેઓએ સંશોધનની

દિલ્હી યુનિવર્સિટીને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું હતું અને ભાષાવિજ્ઞાનના અધ્યયન સંશોધનની બાબતમાં પોતાની જાતને નીચોવીને એ વિષયમાં એ યુનિવર્સિટીને ખૂબ નામના અપાવી હતી.

વળી, પોતાના રાષ્ટ્રભક્ત પિતાની જેમ, શ્રી પ્રબોધભાઈ પણ રાષ્ટ્રીયતાની ભાવનાના રંગે રંગાયેલા હતા અને સ્વતંત્રતાની અહિંસક લડત દરમ્યાન એમણે જેલવાસ પણ અપનાવી લીધો હતો.

ભાષા વિજ્ઞાનના આવા એક વિશ્વવિશ્રુત વિદ્વાનના સાવ અણધાર્યા અને અકાળ અવસાનથી વિદ્વદ્ જગતને સહેલાઈથી ન પૂરી શકાય એવી અસાધારણ ખોટ પડી છે. અમે ડૉ. પ્રબોધભાઈ પંડિતની નિર્મળ અને નિષ્ઠાભરી વિદ્યાસાધનાને અમારી હાર્દિક અંજલિ આપીએ છીએ અને તેઓનાં માતા–પિતા, પત્ની–પુત્રો અને સ્વજનોના દુઃખ અને શોકમાં અમારી અંતરની સહાનુભૂતિ અને સમવેદના દર્શાવીએ છીએ.

## મોટી આફત સહેલાઈથી દૂર થઈ

તા. ૧૦–૧૨–૭૫ ને બુધવારનાં વર્તમાનપત્રો, જૈનધર્મના બધા સંઘો, હિંદુધર્મના અનુયાયીઓ અને ઈસ્લામ વગેરે ધર્મોના અનુયાયીઓ માટે ભારે રાહતના સમાચાર લઈને પ્રગટ થયાં, એ વાતની નોંધ લેતાં ખૂબ આનંદ થાય છે.

હજી થોડાક દિવસ પહેલાં જ એવા ભારે ચિંતાજનક સમાચાર મળ્યા હતા, અને અમે એની નોંધ અમારા પત્રના છેલ્લા તા. ૬–૧૨–૭૫ના અંકમાં જ લીધી હતી કે, બિહાર સરકારે બધા ધર્માદા ટ્રસ્ટોનો વહીવટ પોતાના હસ્તક લઈ લેવા માટે, ટૂંક સમયમાં જ, ખાસ કાયદો ઘડવાનો નિર્ણય કર્યો છે. દેશભરમાં બધા ધર્મોના અનુયાયી વર્ગમાં ભારે ચિંતા, બેચેની અને નારાજીની લાગણી જન્માવે એવા આ સમાચાર હતા; અને એની સાથે વિરોધનો સૂર ગાજતો કરવાની હિલચાલ પણ શરૂ થઈ હતી.

પણ, આ વાત આગળ વધે અને વધારે મોટા વિરોધના વંટોળનું રૂપ લે એ પહેલાં જ ગયા બુધવારનાં અમદાવાદનાં "ગુજરાત સમાચાર", "સંદેશ" વગેરે પત્રોમાં છપાયેલ સમાચારો ઉપરથી જાણવા મળે છે કે ધર્માદા ટ્રસ્ટોનો વહીવટ પોતાના હસ્તક લઈ લેવા માટે ખાસ કાયદો ઘડવાનો વિચાર બિહાર સરકારે પડતો મૂક્યો છે. ભારે રાહતરૂપ આ સમાચાર છે. એની વિગત આ પ્રમાણે છે.

જૈન સંઘના મુખ્ય અગ્રણી શ્રેષ્ઠીવર્ય કસ્તુરભાઈ લાલભાઈએ આ અંગે લાગતાવળગતાનો સંપર્ક સાધ્યા બાદ અમદાવાદમાં બિરાજતા આચાર્ય મહારાજ શ્રી વિજયવિક્રમસૂરિજી મહારાજને આવા શુભ અને રાહતકારક સમાચાર આપ્યા હતા અને એમની મારફત એ જનતાએ જાણવા મળ્યા છે.

આ અંગે શેઠશ્રી કસ્તુરભાઈ તથા બીજા જે મહાનુભાવોએ વિનાવિલંબે આવો સફળ પ્રયત્ન કર્યો તેમનો આપણે અને બધા ધર્મોના અનુયાયીઓએ ખૂબ ખૂબ આભાર માનવો ઘટે. આને લીધે જેમ સંખ્યાબંધ ધર્માદા ટ્રસ્ટો મુસીબતમાંથી ઊગરી જવા પામ્યાં છે, તેમ બિહાર સરકાર પણ મોટી અશાંતિ અને આફતમાંથી ઊગરી ગઈ છે, એમ કહેવું જોઈએ.

---

રતલામ : મુનિશ્રી અશોકસાગરજીની નિશ્રામાં ઉપધાનની માળ તા. ૧૪–૧૨–૭૫ ના પહેરાનાર છે. તપસ્વી મુનિશ્રી નિત્યવર્ધનસાગરજીને ૫૦–૫૧–૫૨ મી ઓળીનું પારણું કા. વદિ ૭ ના થતાં કુંદનમલજી તરફથી પૂજા ભણાવાઈ. ઋષિમંડળ પૂજા ભણાવવાનું હતું, પરંતુ વિધિવાળા ન આવતા માળ પ્રસંગે રાખવામાં આવેલ. તપસ્વી મુનિશ્રી તથા સાધ્વી શ્રી ઇન્દ્રશ્રીજીનો પ્રવેશ મહિદપુરમાં થયો.

અત્રે મુનિશ્રીની નિશ્રામાં જુહારમલજીની સુપુત્રી કુ. મધુબાલાની ભાગવતી દીક્ષા અંગે મા. શુદ ૩ના વીસસ્થાપકપૂજન અને દીક્ષાર્થીને સન્માન સમારંભ યોજાયેલ. વિધિ માટે બીલીમોરાથી મગનલાલ મોહનલાલ આવ્યા હતા; મા. શુદ ૫ ના દીક્ષા થતાં સાધ્વીશ્રી હેમપ્રભાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરાયા હતા. બાદ તપસ્વીશ્રી રતલામ પુનઃ પધાર્યા છે.

—બોરસદથી પં. શ્રી ચંદ્રવિજયજી આદિનો વિહાર કા. વ. ૫ ના થતાં શ્રી સંઘ બનાવવા ગયેલ. વદિ ૧૦ના વડોદરા જાનીશેરીએ પ્રવેશ બાદ માંગલિક અને રૂા. ૧ની પ્રભાવના શ્રાવિકા હ. પ્રમુખબહેન ઝવેરીએ કરી હતી.

# ધાર્મિક શિક્ષણ અને પ્રાકૃતના અધ્યયન માટે ધ્યાન આપવાની જરૂર

[ મુંબઈના શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી, તા. ૩૦–૧૧–૭૫ના રોજ, "ગુરુ ગૌતમસ્વામી" પુસ્તક માટે, રતિલાલ દીપચંદ દેસાઈને સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો તે પ્રસંગે રતિલાલ દેસાઈએ કરેલ વક્તવ્યનો સાર અહીં આપવામાં આવે છે. —તંત્રી ]

પરમપૂજ્ય પદ્મસાગરજી મહારાજ, પૂજ્ય મુનિરાજો, પૂજ્ય સાધ્વીજી મહારાજો, બહેનો અને ભાઈઓ!

આજનો પ્રસંગ મારા માટે નમ્ર બનવાનો અને આત્મખોજ કરવાનો છે. અહીં મારા માટે જે કંઈ કહેવામાં આવ્યું છે તેની પાછળ રહેલા સ્નેહ અને વાત્સલ્યનું મૂલ્ય મારે મન ઘણું જ અને એની કિંમત આંકી શકાય એમ નથી. અને હું આવો છું, અને તેવો છું એ અંગે જે કહેવામાં આવ્યું છે તેનો અર્થ હું એવો કરું છું કે મારે એવા થવાનો, મારો પોતાનો વિકાસ કરવાનો અને આપ સૌના સ્નેહને યોગ્ય થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આ પ્રસંગ નિમિત્તે અહીં આવવામાં હું ઝડપાઈ ગયો એમ કહું તો તે ખોટું નથી. મેં શ્રી મનસુખભાઈને વિનંતી કરી હતી કે સુવર્ણચંદ્રક આપવાની જાહેરાત થઈ ગઈ છે, તો તે મને અહીં (અમદાવાદમાં) જ આપી દો તો ચાલે, આ માટે મને મુંબઈ બોલાવવો અને આ બધો ખર્ચ કરવો એ મારા મન સાથે બંધ બેસતું નથી. પણ હું ઘણી બાબતોનો ઈનકાર કરી શકું છું, પણ મહોબ્બતનો ઈનકાર કરી શકાતો નથી; મહોબ્બતનો હું ગુલામ (દાસ) છું. એટલે મંડળના સંચાલકોના અને શ્રી મનસુખભાઈ તથા શ્રી રમણભાઈના કહેવાથી અહીં હાજર થયો છું.

## "ગુરુ ગૌતમસ્વામી" પુસ્તક લખવાનો યશ

હું "ગુરુ ગૌતમસ્વામી" પુસ્તક લખી શક્યો તેનો ખરો યશ મારા મિત્ર શ્રી મનસુખભાઈ તારાચંદ મહેતા અને તેમના વેવાઈ ભાવનગરના ટી. સી. બ્રધર્સવાળા શ્રીયુત ચીમનભાઈ ચુનીલાલ પરીખને ઘટે છે. મારી અનેક જંજાળોથી ભરેલી જિંદગીમાં આ પુસ્તક લખી આપવાની જવાબદારી લેવા હું તૈયાર ન હતો, પણ શ્રી મનસુખભાઈએ એ કામ આગ્રહ કરીને સોંપ્યું અને એમાં અણધાર્યો વિલંબ થવા છતાં એમણે અપાર ધીરજ દાખવી, એટલે જ હું આ પુસ્તક લખી શક્યો. આ માટે હું એ બન્નેનો અંતઃકરણથી આભાર માનું છું. આ પુસ્તક સુંદર રૂપ–રંગમાં પ્રકાશિત થઈ શક્યું તે સુપ્રસિદ્ધ જીવન–મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટના સંચાલક શ્રી લાલભાઈ મણિલાલ શાહની મારા તરફની ભલી લાગણીને કારણે જ. છાપકામના ભાવ વધારાને કારણે આ પુસ્તક કોણ છપાવે અને ક્યારે પ્રગટ થાય, એની મૂંઝવણ હતી એવે વખતે આ ટ્રસ્ટે આ કામની જવાબદારી સ્વીકારી હતી. આ માટે હું આ ટ્રસ્ટનો ખૂબ ઋણી છું.

આવું પુસ્તક લખવાની હથોટી હું કેવી રીતે કેળવી શક્યો એનો વિચાર કરું છું ત્યારે મારું ધ્યાન ભાવનગરના "જૈન" સાપ્તાહિકના સંપાદકીય લખાણોની મેં ૨૮–૨૯ વર્ષ પહેલાં સ્વીકારેલી જવાબદારી તરફ જાય છે. ત્રણેક દાયકા પહેલાં મને કોઈ લખવાનું કહેતું તો એ કામ માથાના દુઃખાવા જેવું આકરું લાગતું; અને જ્યારે પણ બોલવાનો પ્રસંગ મળતો તો મન ઉલ્લાસનો અનુભવ કરતું. મારા ભાઈ શ્રી જયભિખ્ખુ અને મારી વચ્ચે જાણે કંઈક એવી સમજૂતી પ્રવર્તતી હતી કે લખવાનું કામ શ્રી જયભિખ્ખુનું અને બોલવાનું કામ મારું. આવી સ્થિતિમાં અમારા આદર–ભક્તિના પાત્ર શ્રી "સુશીલ" ભાઈની વતી "જૈન"માં લખવાનું કામ મેં માથે લીધું, તેના શરૂઆતનાં વર્ષોની મારી લેખક તરીકેની મૂંઝવણ અને મથામણનો વિચાર કરું છું તો લાગે છે કે એ સમય મારા માટે ખૂબ કપરો અને કસોટીનો હતો, પણ પછી ધીમે ધીમે લખવાની ફાવટ આવતી ગઈ અને વિચારોની સ્પષ્ટતા થવાની સાથે એને બને તેટલા યથાસ્થિત રૂપમાં રજૂ કરવાની હથોટી પણ કેળવાતી ગઈ. મારા "જૈન" પત્ર સાથેના ત્રણેક

દાયકા જેટલા લાંબા સંબંધમાં સૌથી મહત્ત્વની વાત એ પત્રના સંચાલકોએ અને એના સહૃદય તંત્રીભાઈ શ્રી ગુલાબચંદભાઈએ દાખવેલ ઉદાર વલણની છે. આટલા લાંબા સમય દરમ્યાન એકવાર પણ એવું નથી બનવા પામ્યું કે એમણે મારા લખાણમાં કાનો-માત્રા જેટલો પણ સુધારો કર્યો હોય. આવી ધાર્મિક-સામાજિક ઢબના પત્રના સંચાલકોને મારા જેવાના લખાણોમાં સુધારો કરવાનું સ્વાભાવિક મન થાય, પણ એમણે તો મેં જે કંઈ લખી મોકલ્યું તે વિના સંકોચે છાપ્યું છે, અને એ રીતે મને મારી રીતે લખવાની મોકળાશ હમેશાં કરી આપી છે. આવા સતત લખવાના મહાવરાને લીધે જ હું આ પુસ્તક લખી શક્યો છું. આ માટે હું "જૈન" કાર્યાલયનો આભાર માનું છું.

## ધાર્મિક શિક્ષણના સંસ્કાર

થોડા વખત પહેલાં એક વૃદ્ધ આચાર્ય મહારાજે [ પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તુર-સૂરીશ્વરજી મહારાજે ] મને કહ્યું કે ક્યાં "જૈન" પત્રમાંના તારા લખાણો અને ક્યાં શ્રદ્ધાથી ભરેલું "ગુરુ ગૌતમસ્વામી" પુસ્તક ! અમને તો એ વાતની નવાઈ લાગે છે કે સમાજ સુધારાની વાત કરનાર અને અમારી ( સાધુ સમુદાયની ) ટીકા કરનાર તું આવું પુસ્તક કેવી રીતે લખી શક્યો એની જ નવાઈ લાગે છે. આચાર્ય મહારાજની વાત સાંભળીને મને સંતોષ થયો; મેં ધન્યતા અનુભવી.

આચાર્ય મહારાજની વાતનો વિચાર કરતાં મારામાં ધર્મશિક્ષણ અને ધર્મસંસ્કારનું સિંચન કરનાર ત્રણ બાબતોનો મને ખ્યાલ આવે છે.

આવું પુસ્તક કેવી રીતે લખાયું એનો વિચાર કરું છું ત્યારે મારું ધ્યાન શિવપુરીની મારી માતૃ-સંસ્થા ( સ્વ. આ૦ શ્રી વિજયધર્મસૂરિજી મહારાજે સ્થાપેલી શ્રી વીરતત્ત્વ પ્રકાશ મંડળ તરફ જાય છે. ત્યાં જે ધર્મશિક્ષણ મળ્યું અને ધર્મસંસ્કારોનું જે પોષણ થયું, તેથી જીવનનું કેટલુંક ઘડતર થયું. એ સાચું છે કે ન ગમતાં વિચારો અને કામો જોઈને મારું મન અકળાઈ જાય છે, અને મારું જીવન કંઈક નાસ્તિક અને કંઈક સુધારક જેવું છે, અને છતાં શ્રદ્ધાનો તંતુ જળવાઈ રહ્યો છે તે શિવપુરીની પાઠ-શાળાના પ્રતાપે. સરસ્વતીની ઉપાસનાના માર્ગે મસ્તીથી અને ઓછા દોષથી જીવી શકાય એ સંસ્કારો ત્યાં જ રોપાયા હતા.

ચૈત્રલાના બચપણના દિવસો પણ આ પ્રસંગે યાદ આવે છે. ત્યાં મારા પૂજ્ય પિતાશ્રી દીપચંદભગત તરીકે ઓળખાતા હતા. ( અને છેવટે એમણે પૂજ્ય મુનિરાજ શ્રી દીપવિજયજીના નામે દીક્ષા પણ લીધી હતી.) તેઓ ધર્મપર્વોનું અને ધર્મક્રિયાઓનું આરા-ધન પણ પૂરેપૂરું કરતા અને રાતના ઉજાગરા વેઠીને શેઠની નોકરી પણ બરાબર ખડે પગે કરતા. હું ચાર-પાંચ વર્ષનો હતો ત્યારે મોટી પર્વતિથિના દિવસે તેઓ મને પરોઢિયે પાંચેક વાગે ઉઠાડીને ઉપાશ્રયે લઈ જતા. તેઓ ત્યાં પ્રતિક્રમણ કરતા અને હું ઝોકાં ખાતાં ખાતાં સામાયિક કરતો; ક્યારેક ઊંઘી પણ જતો. સાવ નાની-ઊગતી ઉંમરમાં પિતાજીએ આ ધર્મસંસ્કાર આપ્યા હતા.

મારા વતન સાયલામાં હું ભણવા માટે થોડોક વખત રહ્યો હતો. ત્યારે મારી ઉંમર દસ-અગિયાર વર્ષની હશે. રાત્રે શ્રી શિવાભાઈ પુજારી દેરાસરના ચોકમાં ફાનસ લઈને બેસતા અને ગામના છોકરાને ધર્મનાં સૂત્રો ભણાવતા. એક ગાથા મુખપાઠ કરવા માટે પીપરમીંટની નાની સરખી ગોળી, જેને એ વખ-તમાં ગુલાબ ચકરડી કહેતા, તે આપવામાં આવતી આ લાલચે અમે એ ઉંમરમાં જે ગાથાઓ-ગોખી હતી એ જીવનને માટે સંસ્કારનું ભાતું બની ગઈ. પાછળથી લાગ્યું કે શ્રી શિવાભાઈએ શીખવેલી ગાથા-ઓમાં ક્યાંક ક્યાંક અશુદ્ધિ હતી, પણ એમનું જીવન શુદ્ધ અને એમનો વ્યવહાર પવિત્ર હતો અને એની ઊંડી છાપ અમારા મન ઉપર પડી હતી. તેઓ સાયલાના જ વતની અને જૈન ધર્માત્મા હતા અને પાછલી અવસ્થામાં દીક્ષા લઈને એમણે પોતાના જીવનને ઉજાળ્યું હતું.

"ગુરુ ગૌતમસ્વામી" પુસ્તકમાં જે શ્રદ્ધાનો તંતુ વણાયેલો દેખાય છે, તે બચપણમાં મળેલ ધર્મ-

## એક દાખલો

એક બનેલો દુઃખદ પ્રસંગ કહું. એક ધાર્મિક શિક્ષક રોજ દેઢેક કલાક ભણાવે. પગાર માસિક રૂા. ૩૦) જેટલો. એક વાર શિક્ષક દસ દિવસ માંદા પડ્યા. પગાર વખતે સંચાલકોએ ૧૦ દિવસના ૧૦) રૂપિયા કાપી લઈને બાકીના રૂા. ૨૦) એમને આપ્યા! આવું છે આપણું ધાર્મિક શિક્ષકો તરફનું વલણ—અહિંસા, દયા અને માનવતાની ભાવના વગરનું!

શિક્ષણ અને ધર્મસંસ્કારને કારણે છે, એમ હું માનું છું.

### ધાર્મિક શિક્ષણની જરૂર

આ બધું કહેવાની સાથે મારે અહીં જે મુખ્ય વાત કહેવાની છે તે ધાર્મિક શિક્ષણની અત્યારની શોચનીય સ્થિતિ અંગે છે. આજે આપણી પાઠશાળાઓ વેરાન બનતી જાય છે; અને જાણે એનો કોઈ ધણી-ધોરી ન હોય એવી દશા થઈ ગઈ છે. વળી, આપણી ઊગતી પેઢીને એમાં રસ પણ પડતો નથી અને એની જિજ્ઞાસાને સંતોષી શકે અને એમનામાં ધર્મભાવના જગાડી શકે એવા કુશળ ધાર્મિક શિક્ષકોની વાત તો દૂર રહી, અત્યારે તો ચાલુ પરંપરાના શિક્ષકો પણ પૂરતા પ્રમાણમાં મળતા નથી; અને અત્યારે જે થોડાઘણા શિક્ષકો છે એમાંથી પણ કાબેલ કહી શકાય એવી વ્યક્તિઓ બીજા-ત્રીજા વ્યવસાયમાં ચાલી જાય છે. આનું કારણ એ છે કે, કોઈને "માસ્તર" તરીકે સન્માન વગરની કામગીરીમાં જીવવું ગમતું નથી, તેમ જ ન તો નોકરીની સલામતી છે કે ન પ્રોવિડન્ટ ફંડ કે ગ્રેચ્યુઈટીની કોઈ યોજના છે. આપણી યુવાન પેઢી આજે ક્યાં જઈ રહી છે અને એમને વ્યવહારિક શિક્ષણ સાથે ધર્મનું કે નીતિ-સદાચારનું શિક્ષણ નહીં મળે તો એમનું તેમ જ આપણા સંઘ અને સમાજનું ભાવી કેવું થશે અને આપણી સંસ્થાઓની સંભાળ કેવી રીતે રાખી શકાશે, એનો ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે. એ તો સારું થજો મહેસાણાની પાઠશાળાનું કે એણે શિક્ષકો પૂરા પાડ્યા છે અને અત્યારે પણ ધાર્મિક શિક્ષકો તૈયાર કરી રહેલ છે પણ હવે કોઈક મોટી કેન્દ્રસ્થ સંસ્થા દ્વારા ધાર્મિક શિક્ષકો તૈયાર થાય એવી યોજના કરવી જોઈએ. આ સંસ્થા એવા શિક્ષકો તૈયાર કરે કે જેઓ વિજ્ઞાનના યુગમાં ઊછરતી આપણી નવી પેઢીને સંતોષ આપી શકે અને સાથે સાથે આ સંસ્થા શિક્ષકોની પણ દરેક જાતની સંભાળ રાખીને અને એમને માટે પ્રોવીડન્ટ ફંડ વગેરેની યોજના કરીને શિક્ષકો નિશ્ચિંતપણે અને ઉત્સાહથી નવી પેઢીનું સંસ્કારઘડતર કરી શકે એવી વ્યવસ્થા કરે. ધાર્મિક શિક્ષણના અભ્યાસક્રમમાં મારી સમજ મુજબ આપણા સંઘના હિતની દૃષ્ટિએ આ કામ પાયાનું કામ છે અને એ આપણે નહીં કરીએ તો એ કામ કોણ, મારો બાપ કરવાનો છે? મુંબઈ શહેર આ બાબતમાં ઘણું ઘણું કરી શકે એમ છે.

### પ્રાકૃત ભાષાનું અધ્યયન

ધાર્મિક શિક્ષણની જરૂરના વિચારને જરા આગળ લઈ જઈએ એટલે પ્રાકૃતભાષા અને સાહિત્યના અધ્યયનનો વિચાર કરવાનું સહજપણે પ્રાપ્ત થાય છે. અર્ધમાગધી-પ્રાકૃત ભાષા એ તો આપણાં મૂળ ધર્મસૂત્રોની પાયાની ભાષા છે. પણ અત્યારે એના અધ્યયન-અધ્યાપનની ઘણી ઉપેક્ષા થવા લાગી છે; આપણા શ્રમણ સમુદાયમાં પણ આનો અભ્યાસ બહુ ઓછો થઈ ગયો છે. બીજી બાજુ સંસ્કૃતના અધ્યાપકો તથા વિદ્વાનોએ જાણે પ્રાકૃતના અધ્યયન-અધ્યાપનને થંભાવી દેવા જેવી જેહાદ હાથ ધરી છે. આ સ્થિતિમાં પ્રાકૃતનું અધ્યયન-અધ્યાપન-સંશોધન ચાલુ રહે એ માટે જૈન સંઘે સમર્થ પ્રયત્ન કરવાની જરૂર છે. અમદાવાદમાં અમે પ્રાકૃત વિદ્યા મંડળ દ્વારા આવું કામ કરવા પ્રયત્ન કરીએ છીએ. એમાં પૂજ્ય પં. બેચરદાસજી દોશી, શ્રી દલસુખભાઈ માલવણિયા વગેરે મુખ્ય છે. આ સંસ્થા એકાદ ખૂણામાં, નાના કોડિયાની જેમ,

ઝવેરાતનું પાથરવાનું કામ કરે છે, અને એની આર્થિક સ્થિતિ સામાન્ય છે; તેમાંય પૂજ્યપાદ આગમ પ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજના સ્વર્ગવાસ પછી અમારી પૈસાની ભીડ ઘણી વધી ગઈ છે. આ માટે અમે મુંબઈમાં પ્રયત્ન કર્યો નથી, પણ પ્રયત્ન કરીશું તો એમાં અમને સફળતા મળશે એની ખાતરી છે.

**ઉપસંહાર**

પૂજ્ય કેસરીબાપા મારા શરીરની જે સંભાળ રાખે છે અને મારા પ્રત્યે જે હેત ધરાવે છે તે માટે હું એમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. પૂજ્ય પદ્મસાગરજી ગણિજી મહારાજ સાથે તો થોડા પરિચયે પણ ગાઢ પરિચય બંધાઈ ગયો છે અને એમની અસીમ મમતા મને મળતી રહે છે–લાગે છે કે કોઈ પૂર્વનો ઋણાનુબંધ જાગી ઊઠ્યો છે. એમનો ઉપકાર હું કયા શબ્દોમાં માનું ?

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે આ પ્રસંગ યોજ્યો છે તે બદલ મંડળનો તથા એના સંચાલક મિત્રોનો હું ખૂબ હાર્દિક આભાર માનું છું. આપ સૌએ મારા પર જે ભાવ વરસાવ્યો છે એ જ મારી મોટી મૂડી છે. આપ સૌની આવી મહોબ્બત મને હંમેશા મળ્યા કરે તેમજ તેને હું મેળવવાને લાયક રહું અને માથે લીધેલી જાહેરકામોની જવાબદારીને પૂરી કરી શકું એવી અંતરથી પ્રાર્થના સાથે આપ સૌનો આભાર માનું છું. (વક્તાએ કરેલ કેટલાક ફેરફાર સાથે)


# तीर्थ यात्रार्थ अवश्य पधारें

सम्मेतशिखरजी जानेवाले यात्रियों को सूचित किया जाता है कि निम्न तीर्थों पर भी अवश्य पधारें ।

(१) कम्पिलाजी–यह भारत के उत्तर प्रदेश का एक ऐतिहासिक प्राचीन तीर्थ है। यहां पर तेरहवें तीर्थंकर श्री विमलनाथ भ० के चार कल्याणक ( च्यवन, जन्म, दीक्षा और केवलज्ञान ) हुए है ! प्राचीन समय में इसका नाम द्रुपदनगर था । यहां का राजा द्रुपद था, जिस के यहां महासती द्रौपदी ( पांडव पत्नी का जन्म हुआ था । कायमगंज स्टेशन से भाल ८ कम्पिलाजी तीर्थ हैं । यहां से तांगा व बसें मिलती है । मन्दिरजी में अभी एक लाख की लागत का कार्य है ।

(२) फरूखाबाद–यहां श्री धर्मनाथ भ० का प्राचीन मंदिर व धर्मशाला हैं ।

(३) लखनऊ–शहादतगंज में पसरहा गली में सुबाहुनाथ भ० का प्राचीन मंदिर है ।

(४) इलाहाबाद (पुरमताल)–१२० बाईका बाग, जहां श्री ऋषभदेव भ० का प्राचीन मंदिर है । यहांपर श्री आदीश्वर भ०को केवलज्ञान प्राप्त हुआ था । इस अवसर्पिणी काल का प्राचीन तीर्थ है । यहां पर मन्दिर के मन्डप का कार्य बकाया रहता है जिस के लिये ढाई लाख रु. लागत की जरुरत है ।

(५) कौशम्बी– यह इलाहाबाद से ३५ मील की दूरी पर है, यहां चंदनबालाने भ० महावीरस्वामी को बाकले से पालना कराया था । यहां भी चेतशालय बना हुआ है धर्मशाला और मंदिर बनाने हैं, इनके लिये पांच लाख रू. की आवश्यकता है ।

उपर लिखे तीर्थों का उद्धार श्री जैन श्वेताम्बर महासभा–उत्तरप्रदेश ने करा। है। दानी सज्जनों से प्रार्थना है कि अधिक से अधिक दान देने की कृपा करें ।

अतः आप सर्व यात्री भाईयों से प्रार्थना है कि उपरोक्त तीर्थों पर दर्शन कर पुण्य के भागी बनें ।

निवेदक :— रतनलाल एडवोकेट ( प्रधान ), जुगमंदरदास जैन (संयोजक)

२२०७, कुचा आलमचंद, किनारी बाजार, दिल्ली–११०००६

श्री जैन श्वे० महासभा–उत्तरप्रदेश तीर्थोद्धारक सबकमिटी : हस्तिनापुर ( जी० मेरठ-यू. पी. )

## સુવર્ણચંદ્રક સમારંભ સમયે સાહિત્યની સાધનાને સન્માનતા સંદેશાઓ

જૈન સંઘની અને જૈન સાહિત્યની વિશિષ્ટ કહી શકાય એવી સેવા શ્રી રતિભાઈએ ગુરુ ગૌતમસ્વામી એ નામે, અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી ગણધર ભગવંતના જીવન ચરિત્રનો વિસ્તૃત હૃદયંગમ અને બોધપ્રદ ગ્રંથ લખીને કરી છે. એ રીતે વિચારીએ તો જેને માટે તેઓ સર્વથા યોગ્ય છે, તેવું આ તેમનું બહુમાન થાય એ ખૂબ ઉચિત છે. આ સમારોહની સફળતા થાઓ, એવાં અમારો શુભ આશીર્વાદ છે.

—આચાર્યદેવ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી-અમદાવાદ

ધર્મશ્રદ્ધાળુ જૈન સંઘ અને સાહિત્યની વિવિધ રીતે ઉદાત્ત સેવા કરનાર શ્રી રતીભાઈનું જે સન્માન થઈ રહ્યું છે તે યોગ્ય છે. અને તે યાદગાર રહી જાય એવી ફરજો લેખો દ્વારા બજાવી છે, તે બદલ તેઓ ધન્યવાદ યોગ્ય છે.

તેઓ હજુ પણ વિવિધ રીતે સેવા કરી શકે એ રીતે શાસનદેવ સહાય કરે તેજ શુભકામના.

—મુનિ યશોવિજયજીના ધર્મલાભ (મુંબઈ)

## 卐 સુવર્ણચંદ્રક સમારોહ સમયના દશ્યો 卐



ઉપસ્થિત સાહિત્યપ્રેમીઓ અને શુભેચ્છકો

પ્રમાણિકતા અને સત્યના સાહિત્યોપાસક શ્રી રતિભાઈને શાસનદેવ દીર્ઘાયુ બક્ષી નિરોગી રાખે અને 'ગુરુ ગૌતમસ્વામી' જેવા બીજા અનેક ગ્રંથોના થાય તેવી અમારી શુભેચ્છા છે.

—મૃગાવતીશ્રીજી મહારાજ (મોરઠ)

શ્રી રતિભાઈ દેસાઈની સાહિત્ય-સેવા અનુલક્ષીને મંડળે જે સન્માન સમારંભનું આયોજન કરેલ છે તે અવસરોચિત છે અને અનુમોદનીય છે. તમારો આ પ્રયત્ન સફળ બનો.

પં. શ્રી રતિભાઈ દેસાઈ એક અનુભવી અને જનોપયોગી સાહિત્યના સર્જક છે. તેમનું 'ગુરુ ગૌતમસ્વામી' નામક પુસ્તક ગુરુ ગૌતમસ્વામીજી સંબંધમાં સુંદર પ્રકાશ પાડે છે. આ પુસ્તકની પ્રથમાવૃત્તિ જનપ્રિય બનવાથી શીઘ્ર સમાપ્ત થઈ ગઈ.

સંસ્કાર આ અધ્યયન સત્ર (કન્યાશિબિર) સબંધમાં તેમની સલાહ દીર્ઘદૃષ્ટિ યુક્ત અને ઉપયોગી બનેલ છે. પં. શ્રી રતિભાઈને મારા હાર્દિક ધર્મલાભ.

—સાધ્વી નિર્મળાશ્રીજી (આબુરોડ)

*



આજીવન સાહિત્યોપાસક અને 'ગુરુ ગૌતમ' ચરિત્રકથાના સર્જક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ બહુમાનનો પ્રત્યુત્તર આપે છે.

*



નિરોગી રહી દીર્ઘાયું ભોગવી સાહિત્યસાધના સતત ચાલુ રહે તેવી મંગળ કામના સાથે શ્રી રતિલાલ દેસાઈને પૂ. ગણિવર્ય શ્રી પદ્મસાગરજી મહારાજ વાસક્ષેપ આપે છે.



卐

યતિશ્રી કેશરીબાપા આ પ્રસંગે ઉપસ્થિત થઈ શ્રેયાર્થી શ્રી રતિભાઈની સત્યનિષ્ઠા અને સાહિત્ય સાધનાની પ્રશંશા કરી રહ્યા છે.

卐

## તળાજામાં મેડીકલ સેંટર મકાનનું ખાતમુહૂર્ત

શાહ નારણદાસ રામજી તથા શાહ પરશોતમદાસ માવજી સગાળુવાળા મેડીકલ સેંટરના મકાનનું ખાતમુહૂર્ત શ્રી વૃજલાલ રતીલાલ શાહ પીયલપરવાળાના શુભહસ્તે તા. ૧૩-૧૨-૭૫ના કરવામાં આવ્યું. સમારંભનું પ્રમુખસ્થાન શ્રી પ્રફુલ્લ ભાઈ ભોગીલાલ શાહે અને અતિથીવિશેષ તરીકેનું સ્થાન ભાવનગર જીલ્લા કલેકટર શ્રી આર. ામચંદ્રને સંભાળેલ.

## શ્રી સમ્મેતશિખર ભોમીયાજી મંદિરના
# જીર્ણોદ્ધાર માટે અપીલ

કલકત્તા જૈન શ્વેતાંબર મૂર્તિપુજક સંઘ દ્વારા નિયુક્ત કમેટી દ્વારા શ્રી સમ્મેતશિખર ભોમિયાજી મહારાજના મંદિરના જીર્ણોદ્ધારનું વધ કાર્ય ચાલુ છે. મંદિરને કલાત્મક તથા સુ૦ સ્થિત રાખવાના હેતુએ સહાયતા યા ભેટ સ્વરૂપ ચીજો નીચેના સરનામે જ મોકલવાની કૃપા કરશો.

: ભવદીય :

વિમલચંદ શ્રીમાલ — ચાંદમલ કોચર

સભાપતિ — માનદ મંત્રી

—: સહાયતા મોકલવાના સ્થળો :—

૧. મેનેજર, જીર્ણોદ્ધાર ફન્ડ કમેટી
ભોમયાજી કા મંદિર, મધુવન,
જિ. ગેરીડીહ (બિહાર) પો. શિખરજી

૨. જીર્ણોદ્ધાર ફન્ડ કમેટી
મેસર્સ દીપચંદ પ્રકાશચંદ
૪, મીર બાહાર ઘાટ સ્ટ્રીટ, કલકત્તા–૭

ચેક યા ડ્રાફ્ટ નીચેના નામે મોકલશો—

SHRI SAMMET SIKHARJI BHOMIYAJI MAHARA. JIRNODHAR SPECIAL FUND COMMITTEE

## રાજગૃહિ—વીરાયતનને ત્રીજો હીસ્સે દાન

પ્રભુ મહાવીરના નિર્વાણ દિવસના સમાપન સમારોહના અવસરે જૈન કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી—મન્દસોર નિવાસી શ્રી પ્રેમચંદજી લોઢાએ પોતાની સંપત્તિમાંથી ત્રીજો હિસ્સો ઉપા૦ શ્રી અમરચંદજી મ૦ ના નેતૃત્વમાં શરૂ થયેલ વીરાયતન યોજનામાં, આગમમંદિરના નિર્માણ કાર્ય માટે પોતાની સ્વ. પત્નીની સ્મૃતિ અર્થે દાન આપેલ છે. વધુમાં શ્રી લોઢાજીએ સંકલ્પ કરેલ છે કે ભવિષ્યમાં મળતા વેતનમાંથી ચોથો હિસ્સો પરમાર્થના કાર્યોમાં ખર્ચવો. હાલમાં તેઓ પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી મહેતાબચંદજી હરિશચંદજી ગોલેચ્છાના આયોજનમાં કામ કરી રહ્યા છે.

## વડોદરાથી કાવીનો છ'રી પાળતો સંઘ

અત્રે આત્માનંદ જૈન ઉપાશ્રયેથી મુનિરાજ શ્રી રત્નપ્રભવિજયજી મ૦ સા.ની શુભ નિશ્રામાં ૨૩-૧૧-૭૫ના છ'રી પાળતો સંઘ પ્રયાણ થતાં સાડાત્રણ હજારનો માનવસમુહ વળાવવા આવેલ. ૨૭૫ ની સંખ્યાવાળો સંઘ કાવી તા. ૨૮મીના પહોંચતા આજુ–બાજુથી ૧૨૦૦ લોકો આવ્યા હતા. સંઘના ભવ્ય સ્વાગત, માંગલિક, પૂજા, સંઘજમણ આદિ કાર્યો થયા હતા. પૂજ્યશ્રીના પ્રેરક પ્રવચનથી પાંચહજારની ટીપ સાધારણખાતાની થઈ હતી. ગાંધી પ્રતાપચંદજી વકતાજીએ સંઘપૂજા, કપડાં–કામળ વહોરાવીને લાભ લીધો હતો. મૌનએકાદશી વડોદરા કરાવી અમદાવાદ તરફ વીહાર કરાશે.

પાટણ : મુનિશ્રી માણિભદ્રવિજયજીની નિશ્રામાં આસો વદિ ૭ના શાસન સમ્રાટ વિજયનેમીસૂરીશ્વરજીની સ્વ. તીથીની ઉજવણી થઈ. એસતેવર્ષે સાતસોથી આઠસોની મેદનીનું રૂપિયો આપવા પુર્વક સંઘપુજન થયેલ. ચાતુર્માસ પરાવર્તન રાજકાવાડા ઉપાશ્રયે વાજતે–ગાજતે થયું. પ્રભાવના, આંગી, પુજા, પ્રભાવનાદિ થયા. વદિ ૧ ના વિહાર કરવા પાલનપુર ચાર દિવસ રોકાઈ જલોત્રા પધાર્યા. અત્રે પંચાહ્નિકા મહોત્સવ પુજા, આંગી, પ્રભાવનાદિનીથી શાસન પ્રભાવના પુર્વક ઉજવ્યો હતો. બાદ કુંભારીયાજી પધાર્યા છે.

# મુંબઈ—શ્રી નમિનાથજી ઉપાશ્રયમાં ઉજવાઇ રહેલ ધર્મ મહોત્સવો

શતાવધાની પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજય કીર્તિચંદ્રસૂરિજી મ૦ના અત્રેના ચાતુર્માસ દરમ્યાન યાદગાર ધર્મપ્રભાવના થઈ અને થઈ રહી છે. ચાતુર્માસ પરિવર્તન અંગે-૪-૫ સ્થળની વિનંતીમાં સૌ પ્રથમ તેમના કાકા શ્રી મણીલાલ વજેચંદની વિનંતીનો સ્વીકાર કરી પૂનમના દિવસે ફુલ બેન્ડ અને ઘણી મોટી જનમેદની સાથે-લુહારચાલમાં પધાર્યા. ઠેર-ઠેર ગહુંલીઓ થઈ. કેશવબાગમાં ૧ાા કલાક સુધી તેઓશ્રીનું મંગળ પ્રવચન થયું હતું. શેઠશ્રી શાંતિલાલ શ્રોફ, શેઠ ચંપકલાલ શ્રોફ, રતિલાલ મુળચંદ, શેઠશ્રી ધરમદાસભાઈ, શેઠ રસીકલાલ ચુ૦, શેઠ પ્રવીણભાઈ ચુ૦ ચુ૦, શેઠ ચુનાલાલ તથા શેઠ રમણલાલ દલસુખભાઈ વિ. અનેક આગેવાનો અને ૧૫૦૦ ભાઈ-બ્હેનોની ભવ્ય મેદની જમા થઈ હતી. છેલ્લે લાડુની-પ્રભાવના થઈ હતી. બીજે દિવસે સ્થિરતા થતાં પૂ૦ આચાર્યશ્રીની સંસારી બ્હેનો તરફથી સંઘપૂજન થયું હતુ. શ્રી નટવરલાલ પાટીલે પૂ૦ આચાર્યશ્રીના પાવધૂની પર થયેલા ચાતુર્માસથી કેવું અદ્‌ભૂત અને ધર્મપ્રભાવનામય સુંદર વાતાવરણ સર્જાયું છે. આ રીતે જો આ એરીયામાં બીજું ચાતુર્માસ થાય તો ઘણો જ લાભ થવા સંભવ છે વિ. વર્ણન કર્યું હતું.

વદ ર ની સવારે શેઠ કાંતિલાલ કોદરલાલની વિનંતી સ્વીકારી વાજતે-ગાજતે ગુલાબવાડીમાં તેઓશ્રીનું મંગળ પ્રવચન અને છેલ્લે પ્રભાવના થઈ હતી. શેઠશ્રીના નિવાસસ્થાને પૂ. ગુરુદેવની પધરામણી અને પ્રભાવના થઈ હતી. કા. વદ ૫ રવિવારે નવી બજારમાં હુસેન-ભાઈ બીલ્ડીંગના ભાઈઓ તરફથી નમિનાથજીથી વાજતે-ગાજતે ત્યાં પધાર્યા હતા. ઠેર-ઠેર ગહુંલીઓ થઈ હતી. મળેલ દોઢથી બે હજાર જૈન-જૈનેતરોની મેદની વચ્ચે એકધારું પ્રવચન આપી સૌને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. સંઘપૂજન થયું હતું. પાલીતાણાના વિહાર દરમ્યાન-નાગેશ્વરમાં ઉપાશ્રયની જરૂરીયાત અંગે ત્રણેક હજારની ટીપ થઈ હતી.

શેઠશ્રી મોહનલાલજી તરફથી, રોહીડાવાળા ભાઈ તરફથી બે દિવસ વ્યાખ્યાનમાં સંઘપૂજન થયું હતું.

શ્રી સિદ્ધચક્રપૂજનઃ—પૂ૦ ગુરુદેવની શુભ નિશ્રામાં પંદર દિવસનો મહોત્સવ અને બબ્બે પૂજનો થયા પછી ત્રીજું શ્રી સિદ્ધચક્રપૂજન ખંભાતવાળા સ્વ૦ શ્રી પરશોત્તમદાસ મનસુખલાલના આત્મશ્રેયાર્થે તેમના કુટુંબીજનો તરફથી, કા. વદ ૧૨ના ભવ્ય રીતે ભણાવાયું. છેલ્લે પતાસાની પ્રભાવના થઈ. પૂ. આ૦ શ્રી મેરૂપ્રભસૂરીશ્વરજી મ૦, પૂ. આ૦ શ્રી દેવસૂરીશ્વરજી મ૦, પૂ. ઉપાધ્યાયજી આદિ પરિવારે પુજનમાં પધારી શોભા વધારી હતી. અહીંની જનતાનો- સ્થિરતા માટે અત્યંત આગ્રહ થતાં તેઓશ્રી માગશર સુદ ૧૦ સુધી સ્થિરતા કરશે. મૌનએકાદશીના અત્રેના જિનમંદિરની વર્ષગાંઠ હોઈ તે નિમિત્તે શ્રી સિદ્ધચક્રપૂજન ભણાવવાનું નક્કી થયું છે. મા૦ વદ ૬ ના બીજું શ્રી સિદ્ધચક્રપૂજન અત્રેના ટ્રસ્ટી શ્રી નેમચંદભાઈ તરફથી નક્કી થયું છે.

એજ્યુકેશન બોર્ડ તરફથી ૬૭ મો વાર્ષિક પારિતોષિકનો ભવ્ય સમારંભ સૂરિજીની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાઈ ગયો. શેઠ શ્રી રસીકલાલ કેસરવાળા કે જેઓ અત્રેના ટ્રસ્ટી છે તેમણે પૂ. આચાર્યશ્રીને અત્રે બીજુ ચાતુર્માસ કરવા આગ્રહ કર્યો હતો. હજી તો આપે ભગવતીજીનું મંગળાચરણ સંભળાવ્યું છે, વધુ સ્થિરતા થાય તો જ સંતોષ થાય.

માગશર સુદ ૧૪ના નાણ સમક્ષ ભવોભવના પુદ્‌ગલ વોસિરાવવાની મંગળક્રિયા તેઓશ્રીની શુભ નિશ્રામાં થનાર છે.

શીવડીના સંઘ આગામી ચાતુર્માસ માટે ર-૩ વાર આવી ગયો છે. અન્ય ક્ષેત્રોની વિનંતીઓ ચાલુ થઈ ગઈ છે. સૂરિજીએ પાયધૂની એરિયામાં ખૂબ જ મૈત્રીભર્યું વાતાવરણ સર્જી જનતાના હૃદયને જીતી લીધાં છે. દરરોજ વ્યાખ્યાન ચાલુ છે. શ્રોતાજનો ઉલટભેર સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

卐

# આગમપ્રજ્ઞ આ૦ દેવશ્રી વિજયજંબુસુરીશ્વરજી મ૦નો કાળધર્મ

આગમપ્રજ્ઞ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયજંબૂ-સૂરીશ્વરજી મહારાજ તા. ૧૦-૧૨-૭૫ બુધવારે રાત્રે ૯-૫૫ મિનિટે મુંબઈ-ભાયખલાના જૈન ઉપાશ્રયમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં છે. ૭૮ વર્ષની ઉંમરના અને ૫૪ વર્ષના ચારિત્રપર્યાયવાળા આચાર્યદેવનો સ્વર્ગવાસ થયો છે.

તેઓશ્રી સિદ્ધાન્તમહોદધિ સ્વ૦ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર શિષ્યરત્ન હતા. સમગ્ર જૈનસંઘમાં તેઓશ્રીનું આગવું સ્થાન હતું.

તેઓનો જન્મ ડભોઈમાં વિ. સં. ૧૯૫૫માં થયેલો. ખાનદાન અને તેજસ્વી બુદ્ધિ અને ખંતથી તેમણે વ્યવહારિક મેટ્રીક સુધીનું અધ્યયન કર્યું હતું. અને ધાર્મિક પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ આદિનું અધ્યયન કર્યું હતું. સદ્‌ગુરુઓના સંપર્કથી તેઓ ત્યાગ-વૈરાગ્ય તરફ ઢળતા જતા હતા, છતાં પરિવારના આગ્રહથી તેઓને લગ્ન કરવાં પડેલાં. પરંતુ વૈરાગ્યભાવ પ્રબળ બનતાં તેઓએ વિ. સં. ૧૯૭૮માં, સિદ્ધાન્તમહોદધિ પૂ૦ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના ચરણોમાં સંયમધર્મ અંગીકાર કર્યો.

ગુરુકુલવાસમાં રહીને તેઓશ્રીએ સંયમધર્મની સુંદર આરાધના કરી અને જૈનાગમોનું તલસ્પર્શી અધ્યયન કર્યું; ષડ્‌દર્શનનું ગંભીર અવગાહન કર્યું. કર્મફિલોસોફીની ઊંડી સમજ પ્રાપ્ત કરી.

તેઓ જેમ સમર્થ વિદ્વાન હતા તેમ સારા પ્રવક્તા પણ હતા. જેમ તેઓ સંયમ આરાધક હતા તેમ શાસન પ્રભાવક પણ હતા. ત્યાગી, તપસ્વી, વિદ્વાન અને નિખાલસ હતા. સંઘ અને શાસનના અનેક મહાન કાર્યો તેઓએ કરેલા છે.

તેઓના પુણ્યપ્રભાવથી આકર્ષાઈને-પ્રભાવિત થઈને ત્રેવીસ (૨૩) પુરુષોએ એમના ચરણે ચારિત્રગ્રહણ કરેલું છે. તેમાં પૂજ્ય આચાર્યશ્રી વર્ધમાનસૂરિજી મ૦. પ. પૂ. આચાર્યશ્રી ચિદાનન્દસૂરિજી મ૦, પૂ. આચાર્યશ્રી જયંતશેખરસૂરિજી મ૦ તથા પૂ. આ.શ્રી રૈવતસૂરિજી મ૦ મુખ્ય અને કુલ સતર મુનિવરોમાંથી બાદ હયાત છે. પાંચ મુનિવરોનો કાળધર્મ થયો છે.

છેલ્લા કેટલાક વર્ષોથી તેઓનું સ્વાસ્થ્ય નરમ-ગરમ રહ્યા કરતું હતું. છતાં તેઓ સમતાભાવે એ સહન કરતા હતા અને પોતાની આરાધના અને શાસનપ્રભાવના કરતા હતા. તેઓશ્રીએ વિ. સં. ૨૦૩૧નું ચાતુર્માસ મુંબઈ-ભાયખલામાં, મોતીશા લેન જૈન ઉપાશ્રયમાં વ્યતીત કર્યું હતું. ત્યારબાદ તેઓ વડાલા અને ઘાટકોપર ધર્મ-મહોત્સવ પ્રસંગે પધાર્યા હતા; એ વખતે તેઓનું સ્વાસ્થ્ય બગડવા માંડ્યું હતું. તેઓશ્રી માગસર સુદ ૬ સવારે ભાયખલા આવી ગયા હતા. દેરાસરની સાલગિરિ નિમિત્તના શાન્તિસ્નાત્રમાં લાભ લીધો અને સાંજે તેઓશ્રીની તબિયત લથડી. ડૉ. મોદી

મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની

**યાત્રાએ પધારી જીવન સાર્થક કરો**

ભારતભરમાં એક માત્ર અહીં જ શ્રી પાર્શ્વપ્રભુની કાયા સમાન નવ હાથ ૧૪ ફુટની લીલવર્ણની સાત ફણાવળી પ્રતિમા બીરાજે છે. હજારો યાત્રિકો પધારે છે. બધી વ્યવસ્થા છે. બસ સર્વીસ નિયમત ચાલુ છે. બીજા વાહનોથી પણ આવી શકાય છે.

—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતિ છે :—

શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ તીર્થ પેઢી (જિ. ઝાલાવાડ) સ્ટે. ચોમહલા, મુ. પો. ઉન્હેલ. (રાજ.

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, પ્રદીપ નિવાસ, નવરોજ ક્રોસલેન, ઘાટકોપર, મુંબઈ-૮૬

ઈશ્વરલાલ વાડીલાલ ૧૦૧/૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. આણંદજી ક. પેઢી, ઝવેરીવાડ અમદાવાદ

આવ્યા. અને વારંવાર આપી સાતમે સ્વસ્થ્યમાં સુધારો જણાયો, પરંતુ મા. શુ. આઠમે વહેલી સવારથી તબિયત પાછી બગડી. બોલવાનું સાવ બંધ થયું. ડૉ. મોદી અને ડૉ. શૈલેશ મહેતા તથા ડૉ. શિતલ મહેતાએ સારવાર આરંભી દીધી. તબિયત ગંભીર બનતી ચાલી. બૃહદ્ મુંબઈમાં બિરાજમાન મુનિવરોને સમાચાર આપવામાં આવ્યા. ભૂલેશ્વર, લાલબાગથી, શ્રીપાલ નગરથી અને વાયનથી સાધુમહારાજો આવી ગયા. સવારથી નિર્યામણા ચાલુ જ હતી. આખો દિવસ શ્રાવક–શ્રાવિકા વર્ગની અવર–જવર ચાલુ હતી. મોતીશા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ સેવામાં હાજર હતા. રાત્રે તબિયત વધુ ગંભીર બની. ડૉકટરો તનતોડ પ્રયત્નો કરી રહ્યા હતા પરંતુ આયુષ્ય પૂર્ણ થતા કોઈનું કંઈ ચાલતું નથી, રાત્રે ૯–૫૫ મિનિટે પૂજ્ય આચાર્યદેવનો આત્મા નશ્વરદેહને છોડી ગયો.

નિરંતર ગુરુસેવામાં રહેલા પૂ. આચાર્યશ્રી વર્ધમાનસૂરિજી તથા પૂ. આચાર્યશ્રી રૈવતસૂરિજી આદિ મુનિવરોએ ભારે આઘાત અનુભવ્યો. સંઘે આચાર્યદેવના દેહને ઉપાશ્રયના નીચેના હોલમાં દર્શનાર્થે પધરાવ્યો. માગસર સુદ આઠમે સવારે ૧૧ વાગે ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. જૈન સ્વયંસેવક મંડળ મુંબઈના બેંડ સાથે સ્મશાનયાત્રા મુંબઈના રાજમાર્ગો પર ફરી બાણગંગાકિનારે આચાર્યદેવના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. શ્રદ્ધાળુ ભાવિકોએ સારી બોલી બોલીને લાભ લીધો.

ઉપાશ્રયમાં, પૂ. આચાર્યદેવશ્રી વર્ધમાનસૂરિજી મ૦ની નિશ્રામાં ચતુર્વિધ સંઘે દેવવંદન કર્યું. દેવવંદન પછી પૂ. આચાર્યદેવે સ્વર્ગસ્થનો પરિચય આપ્યો અને મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે સ્વર્ગસ્થને ભવ્ય શ્રદ્ધાંજલી આપી.

જિનશાસનને એક તેજસ્વી આચાર્યની ખોટ પડી છે. તેઓએ પોતાના જીવનમાં કરેલી સંયમઆરાધના અને ધર્મપ્રભાવનાની અનુમોદના નિમિત્તે એક ભવ્ય મહોત્સવ ઉજવવાનો સંઘે અને મોતીશા ટ્રસ્ટ નિર્ણય કર્યો છે.

સ્વર્ગસ્થ સુરિદેવના આત્માને પરમશાન્તિ પ્રાપ્ત થાઓ.

---

उपधान-तप करने पधारिये ॥ श्री महावीरस्वामिने नमः ॥ खिवान्दी नगरे अवश्य पधारिये

## *श्री उपधानतप की आराधना निमित्ते श्रीसंघको हार्दिक आमन्त्रण*

श्री खिवान्दी (राजस्थान)नगरे श्री शत्रुंजय तीर्थाधिपति श्री आदिनाथ भगवान की छत्रछाया में।

परम पूज्यपाद उन्नीसवें वार्षिकतप के तपोभोधि शासनप्रभावक आचार्यदेव श्री १००८ श्रीमद् विजय ह्रींकारसूरीश्वरजी म. सा. आदि की शुभनिश्रा में महामंगलकारी उपधान तप होगा।

प्रथम् प्रवेश मुहूर्त :– संवत २०३२ फाल्गुण वदी १ सोमवार दिनांक १६–२–१९७६

द्वितीय मूहूर्त :– संवत २०३२ फाल्गूण वदी ३ बुधवार दिनांक १८–२–७६

तृतीय मूहूर्त :– संवत २०३२ फाल्गून वदी ५ शुक्रवार दिनांक २०–२–१९७६

प्रवेश लेने वाले भाग्यवंत नीचे लिखे पते पर पत्र–व्यवहार करें।

| | | |
|---|---|---|
| निमन्त्रक, | फोन नं. २५४०८६ | फोन नं. ४६३२६० |
| १ शा वजेराज मन्नाजी शोभावत | २ सूरेशकुमार इन्दरमल | ३ एम. शान्तिलाल शोभावत |
| मू. पो. खिवान्दी | मूकेशकुमार शान्तिलाल | एन्ड कुं. |
| जिला : पाली (राज०) | ६/८ जुनो हनुमान गली | एन. सी. शेलकर रोड, कमल |
| स्टेसन–जवाईबांध | क्रोसलेन, ३रा माला, बम्बई नं. २ | निवास, दादर, मुम्बई नं. २८ |

नोट :–खिवान्दी आने के लिये जवाईबांध स्टेशन से सीधी बस सेवा प्राप्त है।

जिन भाग्यवत आत्माओ को प्रवेश होना हो, वे भाग्यशाली अपना नाम माह शुद १० तक नोंध करावे।

કુકરવાડા : મુનિશ્રી માનતુંગવિજયજી ( સેવક )ની નિશ્રામાં અત્રે બાગ ઉપયોગી અનેક પ્રવૃતિઓ થઈ. બાદ ટીંટોદણુ ઓળી આરાધન, ઉપાશ્રયનું અવિધિસર ઉદ્ઘાટન મેળાવડો યોજી થયેલ. કુકરવાડામાં દીપાવલી, જ્ઞાનપંચમી અને સ્વર્ગસ્વતિક તપની આરાધના સુંદર થઇ. ચાતુર્માસ પરિવર્તન ધામધૂમથી થયું.

પાલીતાણા— મોટીટોળીના ઉપાશ્રયે આ૦શ્રી કમળસૂરિજી તથા શ્રી ગુળચંદજીના ફોટાની અનાવરણ વિધિ પૂ૦આ૦શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી તથા પૂ૦આ૦શ્રી પ્રભાવચંદ્રસૂરીશ્વરજીની નિશ્રામાં થતાં શ્રી ખુબચંદભાઈ, શ્રી પ્રાગજીભાઈ, શ્રી વજુભાઈ વોરા અને શ્રી જયંતીલાલ શાહના પ્રવચનો થયા હતા.

તાજેતરમાં શાંતીનગર—અમદાવાદ અને વીરમગામ ખાતે શ્રી જયંતીલાલ એમ. શાહ—અધ્યાપકે શ્રી પાર્શ્વપ્રભુનું પૂજન ભણાવેલ છે. બાદ રાજકોટમાં વીસસ્થાનક પૂજન ભણાવેલ છે.

નવી દિલ્હીમાં નૃત્ય નાટિકાનો કાર્યક્રમ

અત્રે અહિંસા ઈન્ટરનેશનલ સંસ્થાના ઉપક્રમે શ્રીમતી કુન્થા જૈનનું લખેલ ભ૦ મહાવીરના જીવન પર આધારિત સંગીતનૃત્ય નાગરિકોનો પ્રારંભ તા. ૨૭–૧૧–૭૫ના ઉપરાષ્ટ્રપતિશ્રી બી. ડી. જત્તીના હસ્તે કરવામાં આવ્યો. નાટિકા ભારતીય કલા કેન્દ્રના કલાકારોના સહયોગથી ત્રણ દિવસ સુધી ચાલી હતી. આ સમયે સંસ્થાના મહામંત્રીશ્રી સતીશકુમાર જૈનના લખેલા ગ્રંથ ભારત કે પ્રગતિશીલ 'જૈન'ને ઉપરાષ્ટ્રપતિ દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો.


# -:સોનેરી તક:-

**શ્રી સુવિધીનાથજી જૈન પાઠશાળા રાનેબેન્નૂર**

અત્રે શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મ–કલ્યાણક ઉપર આરાધનાનું અદ્ભુત આયોજન રાખેલ છે. તેમાં પોષ વદ ૧૦ના શ્રી ચિંતામણીયંત્ર મંડલ પૂજન પૂર્વક ઊવસગ્ગ હરં સહ સવાલાખ ચિંતામણી મંત્રની અટ્ટમ સાથે આરાધના પ્રારંભ થશે. બીજા પણ આરાધકોને ઉપયોગમાં આવે તે આશયથી શ્રી પાર્શ્વનાથ પ્રભુના અત્યંત પ્રભાવીક મંત્રોમાં શિરોમણી કલીકલ્પતરુ તુલ્ય શ્રી ચિન્તામણી રત્નયંત્ર તામ્રપત્ર પર વધારાના તૈયાર કરાવેલ છે. આ યંત્ર અભિષેક પૂજન કરી આરાધકોને જુજ કીંમતે આપવામાં આવશે. આ યંત્ર અનેક ચમત્કાર સર્જે છે, અનેક વિઘ્નોનું નિવારણ કરી આધીને હરે છે, અને સંપત્તિ તેને વરે છે. તેની ભક્તિભાવથી આરાધન કરવાથી આ ભવ અને પરભવ બન્નેમાં કલ્યાણ થાય છે. જેઓને શ્રદ્ધા હોય તેમને ફક્ત રૂા. ૫૧) નીચેના સરનામે મનીઓર્ડરથી મોકલી સમયસર યંત્ર પ્રાપ્ત કરવા ભાવભરી વિનંતી.

**સિદ્ધદારિદ્ર દુઃખ નિવારક લક્ષ્મી યંત્ર**

શ્રી દીવાળીના દીવસે જૈનશાસ્ત્ર પરંપરા મુજબ તૈયાર કરી તે દીવસે શ્રી મહાલક્ષ્મીનું મંડલ પૂર્વકનું પૂજન, વધારે અભિષેક કરેલા યંત્રો છે. તે જુજ હોયને બધાયને મલી શકે તેમ નથી. તેથી જેઓ શ્રી ચિન્તામણી યંત્ર પ્રાપ્ત કરવા ઈચ્છે તેમને જ ફક્ત રૂા. ૨૫)ની નજીવી કિંમતે આપી શકાશે.

**પૂજ્ય મુનિરાજો માટે સ્થાપનાચાર્યની વ્યવસ્થા થશે**

પૂ૦ સાધુ–સાધ્વીજી મહારાજને ખપમાં આવતા સ્થાપનાચાર્યજીની સખ્ત તંગીને લઈને અમારા ઉપર અનેક ભલામણો આવેલ છે. તેને લક્ષમાં લઈ અમે અમારી જાત દેખરેખથી કટીંગ અને સરસ ચકચકીત પાલીસ કરાવી જોડા તૈયાર કરાવી મોકલશું. જેમને જરૂર હોય તેમને નીચેના સરનામે મનીઓર્ડરથી પૈસા મોકલાવી મંગાવવા વિનંતી છે.

| | |
|---|---|
| સુન્દર લક્ષણ યુક્ત મોટી સાઇઝ | રૂા. ૫૧ |
| મધ્યમ સાઈઝ | રૂા. ૩૫ |

**શ્રી સુવિધીનાથજી જૈન પાઠશાલા**

પી આર. શાહ ( ધર્માધ્યાપક )

ઠે. સુભાષચોક, મુ. પો. રાનેબેન્નૂર, Ranebennur

જી. ધારવાડ, ( કર્નાટક સ્ટેટ )

### વેરાવળમાં નવનિર્મિત ઉપાશ્રયનું ઉદ્ઘાટન

અત્રે લાંબી શેરીમાંના પ્રાચીન જૈન ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર કરી નવનિર્મિત કરવામાં આવતા તેનું ઉદ્ઘાટન તા. ૧૩-૧૨-૭૫ના આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજીની શુભનિશ્રામાં થનાર છે. ઉપાશ્રયના મુખ્ય દરવાજે શ્રી રાજકોરબેન વર્ધમાન ટોકરશી અને વ્યાખ્યાન હોલ ઉપર શેઠ પ્રેમજી ભીમજી, ઉપરના હોલને શેઠ વર્ધમાન ટોકરશી અને રૂમોને જુદી જુદી વ્યક્તિના નામે આદેશો આપવામાં આવ્યા છે. આ સમયે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, પાંચ છોડનું ઉજમણું સાથેનો અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાશે.

### પેશુઆ (રાજસ્થાન) નો છ'રી પાળતો સંઘ

અત્રેથી મુનિરાજશ્રી પદ્મવિજયજી મ૦ સા૦ ની નિશ્રામાં ૪૦૦ યાત્રિકોનો છ'રી પાળતા સંઘ દીયાણુજી થઈને તા. ૨૫-૧૧-૭૫ના દેલવાડા આવતા વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવેલ. ૨૭મીના અચલગઢની યાત્રા કરી તા.૨૮મીના સંઘપતિ સીરોહી નિવાસી શ્રી હિમ્મતમલજી લાંગેતા ચૌહાને તેમના ધર્મપત્નિ અને પુત્ર-પુત્રવધુઓ સાથે રૂા. ૧૯૮૧૧ ની બોલીથી સંઘમાળ પહેરી હતી. શેઠ કલ્યાણજી પરમાનંદજી પેઢીના મેનેજર શ્રી જોધસિંહ મહેતાએ અભિનંદન પત્ર વાંચતા પેઢીના ટ્રસ્ટીઓએ સમર્પણ કરેલ.

---


# सुपार्श्वनाथ जैन श्वेतांबर मन्दिर अम्बाला शहर

## *जीर्णोद्धार–देहली (उमरा) स्थापन मुहूर्त*
## *अधिक से अधिक बोली देकर पुण्योपार्जन करे*

वि सं. १९५२ में श्रीमद् विजयानन्दसूरीश्वर प्रतिष्ठा सम्पन्न इस मन्दिर का जीर्णोद्धार व विस्तार कार्य आनन्दजी कल्याणजी पेठी के सहयोग एवं मार्गदर्शन में हो रहा है। देहली स्थापन मुहूर्त माघ वदि १ तदनुसार २१ फरवरी १९७६ को है। तीन देहली (उमरा) की स्थापना की जाएगी। पोष व माघ की सक्रान्ति पर बोलियां चालू रखते हुए फाल्गुन की सक्रान्ति १३ फरवरी को जिनशासनरत्न शान्तमूर्ति १००८ आचार्य श्री विजयसमुद्रसूरिजी की निश्रामें अन्तिम रुप से निर्णीत की जाएगी। उदार हृदय धर्मप्रिय महानुभाव इस पुनीत अवसर का लाभ उठाऐ। बोलियां प्रारम्भ हो चुकी हैं। उन का विवरण इस प्रकार है :—

मूलनायक श्री सुपार्श्वनाथ के गंभारे के द्वार की देहली (उमरा) १०१/- रुपऐ
श्री ठाकुरदास पन्नालाल जैन अम्बाला शहर।

दक्षिन (दाई ओर) श्री पार्श्वनाथ की पेठी के द्वार की देहली ५०१/- रुपए
श्री ताराचन्द निरंजनलाल जैन सराया अम्बाला शहर

३ वायव्य (बाई ओर) श्री विमलनाथ की वेदी के द्वार की देहली ५०१/- रुपए श्री गणेशदास प्यारालाल जैन बरड़ अम्बाला शहर।

उत्सुक सहधर्मी भाई बहेन निम्नलिखित पते पर पत्र-व्यवहार करे। वे अपना नाम व पता स्पष्ट पत्र द्वारा भी सूचना भेजी जा सके।

शीतलदास जैन-मंत्री श्री सुपार्श्वनाथ जैन श्वेताम्बर मन्दिर जीर्णोद्धार समिति
C/o जिनदत्त प्रिंटिंग प्रेस, जैन बाजार, अम्बाला शहर
निवेदक- श्री विनोदलाल दलाल प्रधान

# પુજય આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનસુરીશ્વરજી મ.સા.ની સુરમ્ય છત્રછાયામાં શ્રી કલકત્તા મહાનગરે શાસન પ્રભાવનાથી ભરપુર ચાતુર્માસમાં જૈન શાસનનો અભુતપુર્વ જય જયકાર

**નગરપ્રવેશ :**

પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ સાહેબ પોતાના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજશ્રી જિનચન્દ્રવિજયજી મહારાજ, પૂજ્ય મુનિરાજશ્રી પ્રસન્નચન્દ્રવિજયજી મહારાજ, પૂજ્ય મુનિરાજશ્રી શરદચન્દ્રવિજયજી મહારાજ આદિ મુનિ પરિવાર સાથે અત્રેના સંઘની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરીને વૈસાખ સુદ ૧૩ના મંગલ પ્રભાતે બેન્ડ સાથે સંઘના અદમ્ય ઉત્સાહ વચ્ચે ચાતુર્માસાર્થે પ્રવેશ કરેલો. ધર્મદેશનાના અંતે પ્રભાવના થયેલી.

**સામુહિક સ્નાત્ર :**

જેઠ સુદ ૬ના ઐતિહાસિક દાદાવાડીમાં શ્રી જિનેન્દ્ર સ્નાત્ર મંડળ તરફથી સ્નાત્ર મહોત્સવ ઉજવાયેલ. બપોરે રસપુરીથી સ્વામીવાત્સલ્ય થયેલ.

**વર્ષગાંઠની ઉજવણી :**

જેઠ સુદ ૧૦ના વર્ષગાંઠ હોવાથી ધ્વજારોપણ, સત્તરભેદી પૂજા આદિ થયા બાદ મોદકની પ્રભાવના થયેલી.

**નવલાખનો જાપ :**

જેઠ સુદ ૧૪ના નવ લાખ મંત્રના જાપમાં ૫૦૦ શ્રાવિકા જોડાયેલ. તેમની ભક્તિ શેઠ મદનચન્દજીએ કરેલી. તે દિવસે પ્રવચન સમયે શેઠ બાપાલાલ કેશવજી તરફથી સંઘપૂજન થયેલ.

**સવા ક્રોડ જાપ :**

જેઠ વદી ૧૨ના સવા ક્રોડ અરિહંત પદનો જાપ થતાં ૫૦૦–શ્રાવિકા જોડાયેલા. તેમની ભક્તિ શેઠ ખુશાલચંદ વનેચંદભાઈએ કરેલી. તે દિવસે પ્રવચન સમયે શેઠ મદનીચન્દજીએ સંઘપૂજન કરેલ.

**સૂત્ર વાંચના :**

અષાડ સુદ ૧થી પ્રવચનમાં શ્રી જ્ઞાતાસૂત્ર અને મહાબલ મલયાસુંદરી ચરિત્રનો શુભારંભ હોવાથી આગલા દિવસે શેઠ ભીકમચન્દજી રામપુરીયાએ ચઢાવો બોલીને ગૃહાંગણે લઈ જઈને રાત્રી જાગરણ કરી પ્રભાવના કરેલી.

બીજે દિવસે સૂત્ર વહોરાવવા આદિની વિધિ બાદ સૂત્ર વાંચના શરૂ થઈ. અંતે મોદકની પ્રભાવના થયેલી.

**ચ્યવનકલ્યાણકની ઉજવણી :**

ભગવાન મહાવીરદેવના ચ્યવનકલ્યાણકની ઉજવણી નિમિત્તે શેઠ શ્રી ચંદુલાલ દામોદરદાસ વોરા તરફથી જિનભક્તિ મહોત્સવ અષાડ સુદ ૪–૫–૬ના ઉજવાયેલ. તેમાં સુદ પાંચમના સિદ્ધચક્રપૂજન ઠાઠમાઠથી ભણાવાયેલ. અંતે મોદકની પ્રભાવના થયેલી.

**જાહેર વ્યાખ્યાનમાળા :**

અષાડ સુદ ૧૨ રવીવારથી દર રવીવારે પૂજ્ય મુનિરાજ શ્રી જિનચન્દ્રવિજયજી મ૦ની જાહેર વ્યાખ્યાનમાળા શરૂ થયેલી. તેમાં ભિન્ન ભિન્ન વિષયોને અવલંબીને પ્રવચનો થતા હોવાથી જનતા મોટા પ્રમાણમાં લાભ લેતી હતી.

**અઠ્ઠમ તપ :**

અષાડ વદ ૮–૯–૧૦ના પાર્શ્વનાથ પ્રભુના અને ચંદનબાળાના અઠ્ઠમની આરાધના થતાં ૧૫૦ જેટલા ભાવિકો જોડાયેલા તે સૌના પારણાનો લાભ શેઠ રાયચન્દભાઈ બબાઈએ લીધેલ.

**પગલા વધ :**

શ્રાવણ સુદ ૩ સવારે શેઠ રસીકભાઈને ત્યાં તેમ જ શેઠ અમૃતલાલ દોશીને ત્યાં તેમ જ શ્રાવણ સુદ ૧૦ના શેઠ સોમચંદભાઈને ત્યાં પૂજ્ય આચાર્યશ્રીના વાજતે–ગાજતે પગલા થયેલ. ગુરૂપૂજન, જ્ઞાનપૂજન થયા બાદ પ્રભાવના થયેલી.

**સર્વ પ્રથમવાર શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ મહાપૂજન**

શ્રાવણ સુદ ૯ શુક્રવારે કલકત્તામાં સર્વ પ્રથમવાર શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ મહાપૂજન શેઠ જયન્તિલાલ કપુરચંદ વસા તરફથી ખુબ જ ઠાઠથી ભણાવાયેલ.

આ પૂજન અહિં ખાતે પ્રથમવાર થતું હોવાથી ૨ થી ૩ હજાર ભાવિકોની ભારે ભીડ જામેલી. અંતે પ્રભાવના અને રાત્રે ભાવના થયેલી.

**ઉદ્દ્ઘાટન :** શ્રાવણ વદ ૩ રવીવારે નૂતન ઉપાશ્રય હોલના ઉદ્દ્ઘાટન માટે ચઢાવો થતા શેઠ પ્રવીણભાઈએ લાભ લીધેલ. તે અવસરે શ્રી કંચનબહેનને ૪૮મી ઓળી પૂર્ણ થતી હોવાથી શેઠ ખીમચન્દ ઉજમસી તરફથી સંઘપૂજન થયેલ. શ્રાવણ વદ ૮ સવારે સંઘના ભારે ઉમંગમય વાતાવરણમાં ઉપાશ્રયનો ઉદ્દ્ઘાટન વિધિ થયેલ. પ્રવચનના અંતે મોદકની પ્રભાવના થયેલી.

**રથયાત્રા :**

શ્રાવણ વદ ૭ ના શ્રીમતી સવિતાબહેને કરેલ ૧૬ ઉપવાસની તપસ્યા નિમિત્તે તેમના તરફથી રથયાત્રાનો વરઘોડો નીકળેલ.

**મહાપૂજન :**

શ્રાવણ વદ ૯ના શેઠ શ્રી વિઠ્ઠલદાસ વોરાના સુપુત્રો તરફથી કલિકાલ કલ્પતરૂ સમાન શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ મહાપૂજન ભણાવતા શ્રી પાર્શ્વનાથ પ્રભુની સુવર્ણપૂજાના અવસરે પૂજ્ય મુનિરાજ શ્રી જિનચન્દ્રવિજયજીની મધુર પ્રેરણાથી સુવર્ણનો ઢગલો થઈ ગયેલો. આ મહાપૂજન કલકત્તાના ઈતિહાસમાં રેકર્ડ-બ્રેક બની ગયું. સૌ કોઈ પૂજનના મંત્રાક્ષરોની ભુરી ભુરી અનુમોદના કરતા હતા. અંતે પ્રભાવના થયેલી.

**પર્વાધિરાજની અજોડ આરાધના :**

રૂડા પર્યુષણ પર્વ પધારતા લોકોનો ઉત્સાહ હિલોળે ચઢેલો. પ્રથમના ત્રણ દિવસોમાં અઠ્ઠાઈ વ્યાખ્યાન થયેલ. બપોરે મોટી પૂજા શેઠ છોટાલાલભાઈ વોરા, પુખરાજજી આદિ તરફથી ભણાવાયેલ. શ્રાવણ વદ ૧૩ સવારે શેઠ ચન્દુલાલ વોરાની ચિ. કુ. વર્ષાબહેનની અઠ્ઠાઈ નિમિત્તે રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ, તેમજ અમાસ સવારે પૂજ્ય આચાર્યદેવાદિ સંઘના પગલા વિધિ બેન્ડ સાથે થયેલ. સંઘપૂજન થયેલ.

**જન્મવાંચન :** ભાદરવા સુદ ૧ના સ્વપ્નાઓની ઉછામણી અહિંના ૨૧ વર્ષના ઈતિહાસમાં અજોડ થયેલી. આજે પાંચથી ૭ હજાર વિરાટ માનવમેદનીમાં જન્મવાંચના થયેલી. અંતે મોદકની પ્રભાવના થયેલી. ભાદરવા સુદ ૪ના બારસાસૂત્રનું વાંચન ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે થયેલ. ભાદરવા સુદ પાંચમના શેઠ જુગરાજ તેજરાજજી તરફથી છઠ્ઠ-અઠ્ઠમથી માંડીને ૫૦૦ તપસ્વીઓના પારણા થયેલા. બપોરે અક્ષયનિધિ તપ અંગે વરઘોડો ઠાઠથી ચઢેલ. ૧૫૦ ભાવિકોએ અક્ષયનિધિ તપ કરેલ. ૧૦૦ જેટલા ભાવિકોએ ચોસઠ પ્રહરી પૌષધ કરેલા. તે બધાની ભક્તિ શેઠ ચીમનલાલ મોહનલાલ આદિ અનેક પુન્યશાલીઓ તરફથી થયેલી.

**તપશ્ચર્યાનો વિક્રમ :**

માસક્ષમણ-૫, ૧૬-૭, ૧૫-૨, ૧૧-૪, ૧૦-૪, ૯-૧૦, ૮-૫૫, ૭-૫, ઉપવાસ તેમ જ ૩૦૦થી વધુ અઠ્ઠમો, ૨૦૦થી વધુ છઠ્ઠ આદિ અનેકવિધ તપશ્ચર્યાનો વિક્રમ નોંધાયેલો.

પર્યુષણ પર્વના બધાજ વ્યાખ્યાનો પૂજ્ય આચાર્યશ્રી તથા પૂજ્ય મુનિરાજ શ્રી જિનચન્દ્રવિજયજી મહારાજે ખૂબજ સુંદર રીતે વાંચેલા હોવાથી જનતા ભારે પ્રભાવિત બનેલી.

**અજોડ ઉપજ :** દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય આદિ સાતક્ષેત્રોમાં અજોડ ઉપજ થયેલી.

**કચ્છી ભુવન :**

કચ્છી ભુવન જૈન સંઘની વિનંતીથી પર્યુષણ પર્વની આરાધના આદિ માટે મુનિવરો ગયેલા. તેમના સદ્‌ઉપદેશથી ભાદરવા સુદ ૧૦ ને રવીવારના કચ્છી ભુવનમાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન કચ્છી જૈન સંઘ તરફથી ઠઠમાઠથી ભણાવી સંઘની પ્રભાવના થયેલી.

**ચૈત્યપરિપાટી :**

ભાદરવા સુદ ૯-૧૦ના શુભ દિવસે કલકત્તાના જૈન મંદિરોની ચૈત્યપરિપાટીનું આયોજન તીરેટી બજારના સાધર્મિકો તરફથી ૩૨ માણસોના વિશાલ બેન્ડ સહિત, બે હજારથી વધુ ભાવિકો સાથે થયેલ. તેમાં ૯ના કાંકરીયા એસ્ટેટમાં પધારતાં શેઠ હરખચંદજી કાંકરીયા તરફથી સંઘપૂજન આદિ થયેલ. ૧૦ના દાદાવાડીમાં પેકેટની પ્રભાવના થયેલી. આવી ચૈત્યપરિપાટી અહીં ખાતે તો વિશેષ સુંદર નીકળી છે એમ સૌ કોઈ બોલતા હતા. ભાદરવા વદ ૧ના વૃદ્ધિચન્દજીના ધર્મપત્નિને માસક્ષમણની તપસ્યા નિમિત્તે રથયાત્રાનો વરઘોડો નીકળેલ. ભાદરવા વદ ૬-૭-૮ના શેઠ લક્ષ્મીચન્દજી તરફથી ત્રણ દિવસનો મહોત્સવ ઉજવાયેલ.

**સિદ્ધચક્ર પૂજન :**

શેઠ ધીરજલાલ પાનાચંદ તરફથી ભાદરવા વદ ૧૪ અમાસ અને આસો સુદ ૧નો જિનભક્તિ મહોત્સવ ઉજવાતા અમાસના સિદ્ધચક્રપૂજન ઠાઠથી ભણાવાયેલ.

**અષ્ટાહ્નિકા મહોત્સવ :**

શ્રીસંઘમાં થયેલી વિવિધ તપોની અનુમોદનાર્થે શ્રીસંઘ તરફથી આસો સુદ ૨થી ૯ સુધીનો અઠ્ઠાઈ મહોત્સવ ઠાઠથી ઉજવાયેલ. તેમાં સુદ ૮ના શાંતિસ્નાત્ર ભણાવાયેલ. અમદાવાદથી સંગીતકારો આવેલા હોવાથી ભક્તિનો રંગ જામેલ.

**યોગની આરાધના :**

પૂજ્ય મુનિરાજશ્રી જિનચન્દ્રવિજયજી મહારાજને ઠાણાંગસૂત્રના જોગ તેમજ પૂ૦ મુનિરાજશ્રી પ્રસન્નચન્દ્રવિજયજી મહારાજને નંદિસૂત્ર અનુયોગદ્વાર સૂત્ર અને મહાનિશીથ સૂત્રના જોગ તેમજ પૂ૦ મુનિરાજશ્રી શરદચન્દ્રવિજયજી મહારાજને આચારંગસૂત્રના યોગની આરાધના રંગેચંગે રીતે પૂર્ણ થયેલ.

**ઓળીની ભવ્ય આરાધના :**

આસોમાસની ઓળીની આરાધનામાં ૩૦૦ જેટલા ભાવિકો જોડાયેલા. તેમના તરફથી નવ દિવસનો મહોત્સવ ઉજવાયેલ. તેમજ પુનમના આરાધકો તરફથી સિદ્ધચક્રમહાપૂજન ભણાવાયેલ. મુંબઈથી વંદનાર્થે આવેલા નેહરાજ ગગિજીભાઈએ સંઘપૂજનનો લાભ લીધેલ.

**નૂતન વર્ષ :**

કારતક સુદ ૧ના વહેલી સવારે સામુદાયિક ચૈત્યવંદનાદિ કરીને પૂજ્ય આચાર્ય ભગવંતે નવસ્મરણ અને ગૌતમસ્વામિનો રાસ સંભળાવેલ. શેઠ બાપાલાલ કેશવજી તરફથી પ્રભાવના થયેલી. જ્ઞાનપંચમીની આરાધના સુંદર પ્રકારે થયેલી. અમદાવાદથી દર્શનાર્થે આવેલા શેઠ ખોડીદાસ પ્રેમચન્દભાઈએ સંઘપૂજન કરેલ.

**સિદ્ધચક્રપૂજન :**

શેઠ પોપટલાલ ભાઈચંદ તરફથી કારતક સુદ ૪-૫-૬ આ ત્રણ દિવસનો જિનભક્તિ મહોત્સવ ઉજવાયેલ. કારતક સુદ ૬ ના સિદ્ધચક્રપૂજન ભણાવાયેલ.

**પગલાવિધિ :**

…તક સુદ ૮ ના વાજતે-ગાજતે શેઠ વિજયસિંહજી…ને ત્યાં પધારેલા. વ્યાખ્યાન બાદ શેઠ દિપચંદજી કોઠારીયાને ત્યાં તેમજ શેઠ રતીલાલ નાથાલાલને ત્યાં પધારતા જ્ઞાનપૂજન, ગુરુપૂજન થયા બાદ સંઘ પૂજનની વિધિ થયેલી.

**ચાતુર્માસ પરાવર્તન :**

કારતક સુદ ૧૫ના વહેલી સવારે શત્રુંજય પટ્ટ જુહાર્યા બાદ ૨૪ ચાબુસોના બેન્ડ સાથે વિશાલ સંઘના ભારે ઉત્સાહ વચ્ચે તીરેટી બજારમાં ચાતુર્માસ પરાવર્તન વિધિ થયેલ. મંડપમાં વ્યાખ્યાનના અવસરે રોકડા રૂપિયાથી સંઘપૂજન આદિ થયેલ. ત્યારબાદ ૧૦-૩૦ કલાકે અહિંનો ઐતિહાસિક વરઘોડો નીકળેલો તેમાં ચતુર્વિધ સંઘ સાથે પૂજ્યશ્રી પધારેલા.

**ઐતિહાસીક શ્રી ઉપધાનતપની ભવ્ય આરાધના :**

ચાતુર્માસના શિખરરૂપ શ્રી સંઘ તરફથી શ્રી ઉપધાનતપની મહાન આરાધના કારતક વદ ત્રીજ અને પાંચમથી શરૂ થતાં ૧૨૫ ભાવિકોએ પ્રવેશ કર્યો છે. આખા ઉપાશ્રયને ભવ્ય રીતે શણગારવામાં આવ્યો. સંઘનો ઉત્સાહ અમાપ છે. પોષ સુદમાં આરાધકોની મોક્ષમાળા પરિધાન નિમિત્તે ભવ્યાતિભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ અને અષ્ટોત્તરિ શાંતિ સ્નાત્ર ઉજવાશે. માગસર સુદમાં અને માગસર વદમાં શેઠ જુગરાજ તેજરાજજી તરફથી અને શેઠ છોટાલાલ જેચન્દ વોરા તરફથી મહાપ્રભાવશાળી મહાપૂજન ભણાવવાનો નિર્ણય થયો હોવાથી તે અંગે તૈયારીઓ ચાલી રહી છે. આ રીતે પૂજ્ય આચાર્યદેવશ્રીના પાવન પગલે કલકત્તા શહેરમાં જૈન શાસનનો જય જયકાર થઈ રહ્યો છે. ૨૧ વર્ષમાં આવું અજોડ ચોમાસું થયું નથી, એમ સૌ કોઈ બોલે છે. હજુ અનેકવિધ કાર્યોની વિચારણા ચાલુ છે. પ્રાયઃ રાંચી શહેરમાં પ્રભુ પ્રતિષ્ઠા મહોત્સવ ઉપર પધારવા વકી છે.

॥ જૈનં જયતિ શાસનમ્ ॥

**શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી-મુંબઈની**

**૧૧મી વાર્ષિક પરીક્ષાનું મુંબઈનું સ્થળ**

મુંબઈમાં પરીક્ષાનું સ્થળ બાબુ પનાલાલ હાઈસ્કૂલ પાયધુની રાખવામાં આવેલ છે. મુંબઈની પાઠશાળાઓની ધો. ૪થી પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષાની તારીખ ૨૫-૧-૧૯૭૬, પોષ શુદિ ૯ રવિવારની છે.

## મંત્રમુગ્ધ વકતા પૂજ્ય ગણિવર્ય શ્રી પદ્મસાગરજી મ.સા. ની પ્રેરણાથી વર્ધમાન સેવા કેન્દ્રને રૂપિયા અર્ધો લાખનું દાન

કારતક પુનમ એટલે કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મદિવસ. આ દિવસે પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો ચાતુર્માસ પરિવર્તન કરે. મુંબઈ, ચોપાટી, જૈન ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન પૂજ્ય ગણિવર્ય શ્રી પદ્મસાગરજી મહારાજ સાહેબે વાલકેશ્વરમાં આમેલ-નિવાસી શ્રી સુખાલાલ બબલદાસના નિવાસસ્થાને ચાતુર્માસ પરિવર્તન કર્યું. આ મંગળ પ્રસંગે પૂજ્ય મહારાજશ્રીએ કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજનો ગુણાનુવાદ કર્યો.

પૂજ્ય મહારાજશ્રીએ કલિકાળસર્વજ્ઞ અને પરમાર્હત કુમારપાળના સંબંધોનો, તેઓ બન્નેએ કરેલ શ્રુતજ્ઞાનભક્તિ, સાધર્મિકભક્તિ તેમ જ જિનશાસન પ્રભાવનાના ઉજ્જવળ કાર્યોનો ઉપસ્થિત મેદનીને પ્રેરક પરિચય કરાવ્યો અને તે ઉજ્જવળ અતિતમાંથી પ્રેરણા લઈને આજે વધુ ને વધુ શ્રુતજ્ઞાનભક્તિ અને સાધર્મિકભક્તિ કરવાની જરૂર છે તે વિષે ભાર મૂકયો.

વર્ધમાન સેવાકેન્દ્રની આ બે તેમજ માનવતા રાહત વગેરે પ્રવૃત્તિઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરીને તેઓશ્રીએ પ્રેરણા કરી કે કેન્દ્ર દ્વારા ચાલતી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરની, પલ્લીવાલ ક્ષેત્રમાં ચાલતી શ્રુતજ્ઞાન પ્રસારની, કુદરતી આફતોમાં સપડાયેલ તેમ જ સીદાતાં સાધર્મિકો માટે કરાતી ભક્તિ વગેરે પ્રવૃત્તિ માટે સૌએ ઉદાર દિલે સહયોગ આપવો જોઈએ.

પૂજ્યશ્રીની સહૃદય પ્રેરણાથી તે જ સમયે સખી દાતાઓએ યથાશક્તિ રકમ લખાવવા માંડી. ત્યારથી તે અત્યાર સુધીમાં લગભગ અર્ધો લાખ રૂપયાની રકમ કેન્દ્રને આપવા માટે નોંધાઈ છે.

વર્ધમાન સેવા કેન્દ્રના સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહની કોઈ પણ જાતની વિનંતી વિના પૂજ્ય મહારાજશ્રીએ કેન્દ્રની સમ્યક્ પ્રવૃત્તિ પ્રત્યેના પ્રમોદભાવથી પ્રેરાઈને આ માતબર સહયોગ મેળવી આપ્યો તે માટે કેન્દ્ર પૂજ્ય મહારાજશ્રીનો ઉપકાર ગણે છે. શ્રી સુધાકરભાઈ દલાલે પણ ઉત્સાહજનક રસ લીધો હતો. કેન્દ્ર માટે તેઓશ્રીએ બતાવેલ મમતા માટે કેન્દ્ર તેઓશ્રીનો આભાર વ્યક્ત કરે છે.


અવશ્ય વાંચો "જૈન" સાપ્તાહિક



દરાજ, ખસ, ખરજવા, પગની ચીરાડ વિ. ઉપર અસરકારક

કપડાંને ડાઘ પડતા નથી

જમસંકટર

• નવું ઉત્પાદન: જમસંકટર સ્ટ્રોંગ •



સાધન સામગ્રી

• વાસક્ષેપ
• કેશર
• દશાંગી ધૂપ
• વાળા કૂંચી
• ચરવળા
• સાપડા
• ઓઘારીયા
• ધાબળી

ચાંદીના વરખ, ચરવાળો-ડેરબા-આકડા બેર-સ્ફટિકની માળાઓ-મોરપીંછી-ઉપકરણો-પુસ્તકો તેમજ

રેડીયમ અને પ્લાસ્ટીકની ... -ઠવણીઓ-સાપડા-વગેરે-

ફ્રેમ્સ તેમજ ટિપોયો તથા કાર્ડ-ફોલ્ડર્સ વગેરે માટે

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર



તંત્રી. મુદ્રક.પ્રકાશક. માલીક: શેઠ ગુલાબચંદ દેવચંદ. મુદ્રણસ્થાન : જૈન પ્રિન્ટરી—પાનવાડી, ભાવનગર